Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૧-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

નવો લોકાદેશ

❖ રમણલાલ ચી. શાહ

આપણી આઠમી લોકસભાની ચૂંટણીનાં પરિણામોએ ફરી એક વખત પ્રજાને, રાજદ્વારી નેતાઓને અને દુનિયાભરના રાજદ્વારી નિરીક્ષકોને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધાં છે. ભારતની પ્રચંડ બહુમતીએ કોંગ્રેસ પક્ષને, વડા પ્રધાન રાજીવ ગાંધીને સત્તારૂઢ કર્યા છે. રાજીવ ગાંધીની લોકપ્રિયતાનું નવેસરથી માપ નીકળ્યું છે. નવો લોકાદેશ રાજીવ ગાંધીના પક્ષને ઉત્સાહ અને આવેગથી મળ્યો છે.

કોંગ્રેસ પક્ષે આ ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મેળવી છે. કેટલાક રાજદ્વારી નિરીક્ષકોએ કોંગ્રેસની તરફેણ માટે કરેલી અટકળ કરતાં પણ ઘણી વધુ સંખ્યામાં બેઠકો એ પક્ષે મેળવી છે. મિશ્ર સરકાર સિવાય હવે બીજો કોઇ વિકલ્પ જ નથી એવી આગાહી કરનાર બોટા પડયા છે.

કોંગ્રેસે અગાઉની કોઇ ચૂંટણીમાં મેળવ્યા હોય એથી વધુ મત આ વખતની ચૂંટણીમાં મેળવ્યા છે. અલબત્ત, જે રાજ્યોમાં કોંગ્રેસ પક્ષે કે ભૂતપૂર્વ વડા પ્રધાને સત્તાની ઉથલ-પાથલ માટે જાણી જોઇને હસ્તક્ષેપ કરવાના પ્રયત્નો કર્યા હતા ત્યાં કોંગ્રેસને સારો આવકાર મળ્યો નથી.

સમગ્ર દુનિયામાં મોટામાં મોટી લોકશાહી ભારતની છે. લોકસભાની ચૂંટણી ચોખ્ખી એ જ દર્શાવે છે કે ભારતમાં હજી પાંચ, દસ કે એથી વધુ વર્ષ સુધી સરમુખત્યારશાહીનો ભય નથી. દુનિયામાંથી સમયે સમયે સાચી લોકશાહીવાળા દેશો ઓછા થતા જાય છે અને લશ્કરી કે બિનલશ્કરી સરમુખત્યારશાહીવાળા અથવા કહેવાતી લોકશાહીવાળા સામ્ય-વાદી દેશોનું પ્રમાણ વધતું જાય છે. ભારતમાં લોકશાહી ટકે નહિ અને સરમુખત્યારશાહી આવે તો મનથી રાજી થનારા દેશો પણ દુનિયામાં કેટલાય છે. પરંતુ ભારતીય પ્રજાનું ખમીર હજી એવું છે કે લોકશાહીને જલદી ખતમ થવા નહિ દે.

શ્રીમતી ગાંધી સત્તા પર હોત તો આટલી વહેલી ચૂંટણી તેમણે આપી હોત કે કેમ અને આટલી બહુમતી તેમણે મેળવી હોત કે કેમ તે પ્રશ્ન છે. શ્રીમતી ગાંધીની હત્યા પછી એમના પુત્ર વડા પ્રધાન રાજીવ ગાંધીએ ચૂંટણી ધાર્યા કરતાં ઘણી વહેલી જાહેર કરી દીધી. એની પાછળનો એક આશય તો પ્રજાની સહાનુભૂતિનો લાભ લેવાનો પણ હતો. છેલ્લા એક બે વર્ષમાં શ્રીમતી ગાંધીએ દેશમાં ઝપાટા-બંધ દોઢસોથી અધિક ટી. વી. કેન્દ્રો ચાલુ કરાવી દીધાં એની પાછળનો એક આશય ચૂંટણી પ્રચાર માટે આ માધ્યમનો ઉપયોગ કરવાનો હતો. શ્રીમતી ઇન્દિરા ગાંધીની હત્યા પછી અંતિમ દર્શનનો અને અગ્નિસંસ્કારનો પ્રસંગ ભારતના કરોડો પ્રેક્ષકોએ કેટલાય કલાકો સુધી ટી. વી. ઉપર સતત નિહાળ્યા કર્યો. રાજીવ ગાંધી ઉપર પણ એ કેમેરા સતત ફરતો રહ્યો. આથી ભારતના એકંદરે લાગણીશીલ ગણાતા લોકોની લાગણી ઇન્દિરા ગાંધીની હત્યાના નિમિત્તે રાજીવ ગાંધી તરફ વહે એ દેખીતું હતું. તો પણ ચૂંટણી પ્રચાર નિમિત્તે સરકારે અન્ય પક્ષોને પણ કેટલોક સમય ટી. વી. અને રેડિયો પર આપ્યો એ ખરેખર તંદુરસ્ત અને પ્રશસ્ય પગલું ગણાય. આમ છતાં કોઇ પણ ચૂંટણીમાં સત્તારૂઢ પક્ષને બીજા પક્ષો કરતાં કેટલાક દેખીતા લાભ થતા હોય છે.–પ્રચાર અને મત–ખરીદી માટેનાં નાણાં પણ એમાં ઘણો ભાગ ભજવે છે.

રાજીવ ગાંધી રાજકારણમાં માતૃપ્રેમને વશ થઇ દાખલ થયા છે. એમ છતાં સંજય ગાંધી કરતાં એમનું વ્યક્તિત્વ નિરાળું છે. એમની મુદ્રા ખરડાયેલી નથી. સ્વભાવે તેઓ સરળ અને મિતભાષી છે. લોકહિતની દાઝ તેમના હૈયે છે. તેઓ યુવાન ને સ્વપ્નશીલ છે. ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીમાં એમણે યથાશક્ય સાવધાની રાખી છે, એટલે જ પ્રજાએ તેમના હાથમાં દેશનું સુકાન સોંપવાનું યોગ્ય ધાર્યું છે.

ભારતમાં વિરોધ પક્ષો એકંદરે નબળા અને ઊંડા મૂળ વગરના છે. કોંગ્રેસનાં મૂળ આઝાદી પૂર્વે જ ઊંડાં રોપાયાં હતાં. (આ વર્ષ કોંગ્રેસની શતાબ્દીનું વર્ષ છે.) આઝાદી પછી કોંગ્રેસના વખતોવખત નાનામોટા ટુકડા થતા રહ્યા. તેમ છતાં પ્રજાને એકંદરે કોંગ્રેસ પ્રત્યે આદર રહ્યા કર્યો છે. ઇ. સ. ૧૯૭૭માં કટોકટી દરમિયાન થયેલા અત્યાચારો વખતે પ્રજાએ વિરોધ પક્ષોને એક સોનેરી તક પૂરી પાડી હતી. પરંતુ વિરોધ પક્ષોની એ એકતા હૃદયની એકતા ન હતી. સત્તા મેળવવા માટેની સ્વાર્થી એકતા હતી. પરિણામે કેટલાક નેતાઓની હુંસાતુંસીને કારણે, આવેલી સત્તા હાથમાંથી સરી પડી. વર્તમાન ચૂંટણી–પ્રચારમાં વિરોધ પક્ષો એક ન થઇ શક્યા. જ્યાં બેઠકોની સમજૂતી થઇ તેમાં પણ કેટલેક સ્થળે ગઠબંધનના પ્રસંગો બન્યા, જેમનાં નામ બગડ્યાં છે એવા પક્ષ કે એવી વ્યક્તિઓને જાહેરમાં ટેકો અપાયો. ચિહ્નાંત કરતાં સત્તા, સ્વાર્થ મોખરે રહ્યાં તો

મતદાને ચૂંટણીમાં એના પ્રત્યે પોતાનો અણગમો સ્પષ્ટ દર્શાવી આપ્યો. દર વખતે ચૂંટણીમાં કેટલાક મોટા માથાંઓનો પરાજય થાય છે. આ વખતે ચંદ્રશેખર, વાજપેયી, ફર્નાન્ડીઝ, બહુગુણા, જેઠમલાણી વગેરે નેતાઓ પરાજિત થયા. એમની પ્રતિષ્ઠાને ઠીક ઠીક હાનિ પહોંચી છે. એટલે જ તેઓએ આંતરખોજ કરવાની જરૂર ઊભી થઈ છે. પોતાના પક્ષને ફરીથી સુદૃઢ કરવા માટે તેઓએ ભગીરથ પ્રયાસો કરવા પડશે.

ભારતમાં લોકશાહી છે, પરંતુ તે પૂરેપૂરી સાચી અને ઉત્તમ કહી શકાય એવા પ્રકારની નથી. કરોડો લોકોના મત હજુ ખરીદાય છે. ધરવખરીની લહાણી, ભેટસોગાદોની વહેંચણી કે રોકડા રૂપિયા આપવા સુધીની પ્રવૃત્તિઓ મત મેળવવા માટે થાય છે. અભણ વિસ્તારમાં જે નેતાઓનું તાલુકાની કક્ષાએ મોટું વર્ચસ્વ હોય છે તેને મોંમાગ્યા દામ આપીને ખરીદી લેવાય છે, જેથી આખા તાલુકાનું મતદાન પોતાના પક્ષને મળે. જ્યાં કરોડો લોકો હજુ નિશાનીને મત આપે છે, વ્યક્તિને નહિ, ત્યાં લોકશાહી પૂર્ણપણે વિકસી છે એમ કેમ કહી શકાય? ચૂંટણીની પ્રચાર-ઝુંબેશમાં સ્થાનિક ઉમેદવારોને બદલે રાજીવ ગાંધી અને ઇન્દિરા ગાંધીની છબીઓ સાથેનાં પોસ્ટરો મૂકવાં પડ્યાં એ શું દર્શાવે છે? કેટલાક બીજા પક્ષોએ પણ એવું કર્યા નથી કર્યું? ચૂંટણી-પ્રચાર દરમિયાન થયેલી અથડામણો કે મતદાન વખતે થયેલી અથડામણો કે મતદાન વખતે થયેલી મારામારીમાં ડઝનબંધ માણસો મૃત્યુ પામ્યા છે. કેટલાય મતદાર વિભાગોમાં ફરી મતગણતરી કરવી પડી છે, કેટલાય મતદાર વિભાગોમાં દબાણનો ઉપયોગ થયો છે. લોકશાહીની આવી કેટલીક મર્યાદાઓ, ભારતની પ્રજાનો કેટલોક વર્ગ જ્યાં સુધી અશિક્ષિત રહેશે અને પ્રજામાં ગરીબી રહેશે ત્યાં સુધી રહેવાની. ભારતનો મતદાર સુશિક્ષિત અને સારી આર્થિક સ્થિતિવાળો જ્યારે થશે અને મતપત્રકોમાં માત્ર ઉમેદવારોનાં નામો જ હશે અને નિશાનીઓ તેમાંથી નીકળી ગઈ હશે તે દિવસે જે મતદાન થશે તે આજના મતદાન કરતાં વધુ સાચું અને પ્રામાણિક ગણાશે.

આઝાદીની ચળવળમાં ગાંધીજીએ ગામેગામ સાચા સંનિષ્ઠ કાર્યકર્તાઓની મોટી ફોજ તૈયાર કરી હતી. છેલ્લા બે દાયકાઓમાં ભાડૂતી કાર્યકર્તાઓની જમાતો વધી છે. તેઓને જેટલા પ્રમાણમાં ખરીદી શકાય તેટલા પ્રમાણમાં વધુ મત મેળવી શકાય. તેમને ખરીદવા માટે જેટલા પ્રમાણમાં પક્ષ પાસે બિનહિસાબી વધુ પૈસા તેટલા પ્રમાણમાં વધુ મત મળવાની શક્યતા. ચૂંટણીમાં ખર્ચાતાં અઢળક નાણાંની અસર આપણા અર્થતંત્ર ઉપર મોટી થાય છે અને ખર્ચેલાં નાણાં ખોટે માર્ગે પાછા મેળવી લેવાની પાપી પ્રવૃત્તિ તો બીજી ચૂંટણી સુધી ચાલ્યા કરે છે. ભારતનું આ મોટામાં મોટું દુર્ભાગ્ય છે.

શ્રી રાજીવ ગાંધીના પક્ષને ત્રણ ચતુર્થાંશ જેટલી સારી બહુમતી મળી છે એટલે એમની સરકાર પાંચ વર્ષ સુધી નિશ્ચિંત રીતે સ્થિર રહી શકશે. પક્ષાન્તર કે તેની ધમકીનું દૂષણ ઓછું રહેશે. સ્થિર સરકાર દ્વારા તેઓ ઇચ્છશે તો ઘણું સારું કાર્ય કરી શકશે. પોતાના પ્રધાનમંડળમાં તેઓ નવા, ઉત્સાહી, પ્રામાણિક ને સંનિષ્ઠ ઉમેદવારોને કેટલી પસંદગી આપે છે, પ્રધાનમંડળમાં વિભિન્ન ક્ષેત્રના નિષ્ણાતોને કેટલું સ્થાન આપે છે અને તેઓ કેવી નીતિરીતિ અપનાવે છે તેના ઉપર તેમની સફળતાનો આધાર રહે છે. તેઓ શક્તિશાળી છે, પરંતુ તેમના બિનઅનુભવીપણાનો લાભ તેમના કેટલાક લુચ્ચા અને સ્વાર્થી સાથી કાર્યકરો કેવો ને કેટલો ઉઠાવી જાય છે તથા વધુ પડતી મળેલી બહુમતીનો તેઓ કેવો દુરુપયોગ કરે છે તે પણ જોવાનું રહે છે. ગરીબી, ભ્રષ્ટાચાર અને તુમારશાહીને કેટલે અંશે તેઓ દૂર કરી શકે છે અને દેશની મોટી મોટી સમસ્યાઓને કેવી કુનેહથી હલ કરે છે તે જોવાનું રહે છે. ભારત દેશ ઘણો મોટો છે. ભાષા, ધર્મ ને પ્રાંતીય સંકુચિતતા સમયે સમયે નાની મોટી સમસ્યાઓ ઊભી કર્યા કરે છે. નહેરુના વખતમાં આસામ કે પંજાબની સમસ્યાનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. ભવિષ્યમાં કેવી નવી સમસ્યાઓ ઊભી થશે અથવા દેશના અને દેશ બહારના લાગતાવળગતાઓ કેવી સમસ્યાઓ ઊભી કરાવશે તે કહી શકાય નહીં. એવી સમસ્યાઓ જ્યારે ઊભી થાય ત્યારે રાજીવ ગાંધીની ભારે કસોટી થશે.

ભારતના રાજકારણમાં ફિલ્મી અભિનેતાઓનો પ્રવેશ વધતો જાય છે એને આપણે સારી નિશાની ગણીશું? ફિલ્મી અભિનેતાઓ સારા રાજદ્વારી નેતાઓ ન જ થઈ શકે એમ કેમ કહી શકાય? ભારતમાં ને ભારત બહાર કેટલાક ફિલ્મી અભિનેતાઓએ રાજદ્વારી ક્ષેત્રે સારું કાર્ય કરી બતાવ્યું છે. અભિનેતાઓ પાસે લોકમાનસને સમજવાની સારી સૂઝ હોય છે. ભારતની સુશિક્ષિત પ્રજા કરતાં અલ્પશિક્ષિત અને અશિક્ષિત પ્રજાને ફિલ્મી અભિનેતાઓ માટે વધુ ઘેલછા છે. ફિલ્મી અભિનેતાઓને લોકમત મળતો હોય તો તે તેમની ચલચિત્રોમાંની લોકપ્રિય કામગીરીને કારણે, નહિ કે રાજદ્વારી નિપુણતાને કારણે. એમાં કલાની કદરનો પ્રશ્ન બહુ સ્થાન પામતો હશે કે કેમ તે પણ એક સવાલ છે. નાયકને બદલે ખલનાયકનો અભિનય કરવામાં કુશળ એવા અભિનેતાને એની કલાની કદર તરીકે ચૂંટીને પ્રજા રાજદ્વારી ક્ષેત્રે મોકલે ત્યારે પ્રજાના માનસને આપણે વધારે સારી રીતે સમજી શકશે. ફિલ્મી અભિનેતાઓને પૈસો ને કીર્તિ વરેલાં હોય છે. તેમની પૈસાની કમાણી પણ બહુ શુદ્ધ ને પ્રામાણિક હોવાનું ઓછું મનાય છે. તેમ છતાં તેમની પાસે પુષ્કળ ધન હોવાથી પૈસાની લાંચ દ્વારા તેઓ ઓછા ભ્રષ્ટ થશે એમ માની શકાય. પરંતુ પક્ષપાત રહિત તટસ્થ નિર્ણય લેવાનું લોકપ્રિયતાના મદમાં તેઓ કેટલી સફળ રીતે કરી શકશે તે જોવાનું રહે છે. સારા અભિનેતા રાજકારણમાં માત્ર અભિનય ન કરતાં સારા રાજનેતા બની રહે તો એના જેવું રૂડું શું?

ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી રાષ્ટ્રીય સ્તરની હિતચિંતાને બદલે પ્રાંતીય હિતચિંતા અને સંકુચિતતા વધતાં જાય છે. રાજ્ય કક્ષાના સ્થાનિક પક્ષોનું જોર વધતું જાય છે. આ બહુ સારી નિશાની નથી. લોકસભામાં મોટા વિરોધ પક્ષ તરીકે આંધ્રનો તેલુગુ દેશમ્ પક્ષ આવ્યો છે. તે રાષ્ટ્રીય સ્તરની વિચારણામાં રસ ધરાવે એ ઇષ્ટ અને અપેક્ષિત રહે છે.

આઠમી લોકસભા દેશના સંગઠનની બાબતમાં કાર્ય કરે, રાજીવ ગાંધી અને એમનું પ્રધાનમંડળ ત્વરિત નિર્ણયો લઈ રાષ્ટ્રને પ્રગતિના પંથે દોરી જાય અને પ્રજાએ આદેશ આપી એમનામાં જે વિશ્વાસ મૂક્યો છે તેને સાર્થક કરી બતાવે એવી આપણે આશા રાખીએ.

એટલે પરમેશ્વરને ઠગવો–એટલું તમે યાદ રાખો તો તમે પાર ઊતરી ગયા' (મહાદેવભાઈની ડાયરી ગ્રંથ ૮ પૃ. ૩૭૯–૩૮૧માંથી)

'सत्यं वद, धर्मं चर' જેવા ઉપનિષદ મંત્રો વિષે કહેવામાં આવ્યું છે કે'આ ઋષિવાણી વડે સૂકા વૃક્ષનું ઠૂંઠું યે નવપલ્લવિત થાય એમ છે.' એવી પ્રાચીન ઋષિવાણીને તોલે આવનારા બાપુજીના હૃદયના ઉદ્‌ગારો છે કે: 'મલિનતાથી દૂર રહેવાનો સતત પ્રયત્ન કરવો અને જૂઠું જરાય ન બોલવું.' આ સાવ સાદા ક્રાંતિમંત્રો સૂકાઈને ક્ષીણ થઈ ગયેલા માનવજીવનમાં નવી કુંપળ અંકુરિત કરી શકે પણ એ ત્યારે બને જ્યારે સાધક વ્યક્તિમાં પોતાનું મોળાપણું ઢીલા-પોચાપણું ખંખેરી નાખવા જેટલું તેજ હોયે. ઊધઈથી ખવાઈ ગયેલા પોલા થડને નવા અંકુર ન આવે; નક્કર-સાબદું થડ સૂકું હોય તોયે અનુકૂળ ખાતર, પાણી, મોસમથી એને અંકુર આવે. એટલે સંતકવિ બ્રહ્માનંદ સ્વામી કહે છે કે:

ભેટ કટારી રે આંધીને સન્મુખ ચાલ્યા;
પાછા ન વળે રે, રહે નહીં કોઈના તે ઝાલ્યા–ભેટ૦

* * *

એણી પેરે રે હરિજન પણ જોઈએ તીખા
અંતર શત્રુને રે લાગે અતિ વજ્ર સરીખા–ભેટ૦
માથું જાતાં રે મુખનું પાણી નવ જાવે
બ્રહ્માનંદ કહે રે, એવા સંત હરિમન ભાવે–ભેટ૦

બાપુજીએ પોતાની પાસે રહેનારાઓને તપાવ્યા પણ એના કરતાં સો ગણા વધારે તેમણે પોતાને જ તપાવ્યા. ડગલે ડગલે પોતાની પ્રચંડ કસોટી એમણે કરી, અને કસોટીઓ દ્વારા ગીતામાં ભગવાને ઉપદેશેલું સ્થિર બુદ્ધિપણું પોતાના વ્યક્તિત્વના અણુએ અણુમાં સાકાર કરી બતાવ્યું; ચેતનવંતુ કરી બતાવ્યું.

આશ્રમની સંધ્યા પ્રાર્થના માટે સ્થિતપ્રજ્ઞના સંસ્કૃત શ્લોકોનો જે નિત્યપાઠ ફીનિક્સમાં બાપુજીએ સન ૧૯૧૪માં શરૂ કરાયેલો તેનો અર્થ આશ્રમના વિદ્યાર્થીઓ બરાબર સમજી શકે એટલા સારુ એનો ગુજરાતી અનુવાદ પોતાની કલમે તેમણે ચૌદ વર્ષ પછી સન ૧૯૨૮માં કર્યો. તે અનુવાદમાં સ્થિતપ્રજ્ઞવાળા લક્ષણો અંગેની નોંધમાં તેમણે ખુલાસો કર્યો કે :–

'આત્માનો આનંદ અંદરથી શોધવો, સુખદુઃખ દેનારી બહારની વસ્તુઓ ઉપર આનંદનો આધાર ન રાખવો. આનંદ એ સુખથી નોખી વસ્તુ છે, એ ધ્યાનમાં રાખવું ઘટે. મને ચૈસા મળે તેમાં હું સુખ માનું એ મોહ. હું ભિખારી હોઉં, ભૂખનું દુઃખ હોય, છતાં હું ચોરીની કે બીજી લાલચમાં ન પડું તેમાં જે વસ્તુ રહેલ છે તે આનંદ આપે છે, અને તે આત્મ સંતોષ છે. (અનાસક્તિયોગ અ. ૨. શ્લો. ૫૫ ની નોંધ)

'વિષયોને શાંત કરવા સારુ ઉપવાસાદિ આવશ્યક છે પણ તેની જડ એટલે તેને વિષે રહેલો રસ તો કેવળ ઈશ્વરની ઝાંખી થયે જ શમે. ઈશ્વર–સાક્ષાત્કારનો જેને રસ લાગે તે બીજા રસોને ભૂલી જ જાય.' (અધ્યાય૨, શ્લોક ૫૯ ની નોંધ)

'કામનાવાળાને ક્રોધ અનિવાર્ય છે, કેમકે કામ ક્રોધ દિવસે તૃપ્ત થતો જ નથી.' (અધ્યાય ૨ શ્લોક ૬૨ ની નોંધ).

'ભોગી સંસારનો પ્રપંચ વધારે છે ને ઈશ્વરને ભૂલે છે, ત્યારે સંયમી સંસારી પ્રપંચથી અળગોઅળગો રહે છે ને ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે એમ જેના પંથ ન્યારા છે એમ ભગવાને સૂચવ્યું છે.' (અધ્યાય ૨ શ્લોક ૬૯ ની નોંધ.)

આગ્રહ–દુરાગ્રહ

રમણલાલ જોશી

આગ્રહ હોવો એ કાંઈ ખરાબ વસ્તુ નથી. પણ પ્રશ્ન એ છે કે શાનો આગ્રહ ? જે બાબતોમાં પોતાને પ્રતીતિ હોય, પોતાના સિદ્ધાન્તોમાં નિષ્ઠા હોય એનો આગ્રહ તો રાખવો જ જોઈએ. જે માણસોને પોતાનો કોઈ સિદ્ધાંત જ નથી, પોતાની કોઈ વિચારણા નથી એ માણસો જીવનના પ્રવાહમાં આમ તેમ ફંગોળાય છે. તેઓ કશું સિદ્ધ કરી શકતા નથી. પોતાના વિચારોને વળગી રહેવું એટલું જ પૂરતું નથી, પણ એને આચરણમાં મૂકવા એ પણ એટલું જ જરૂરી હોય છે. એ રીતે આગ્રહમાં નિશ્ચયાત્મકતાની જરૂર રહે છે. જીવનનું સ્વરૂપ એવું છે કે પોતાના વિચારોને અમલમાં મૂકતાં કેટલીકવાર માણસને સહન કરવાનું આવે છે, પણ સિદ્ધાંત ખાતર એ હસતેમુખે સહન કરે છે. છેવટે તો એને પોતાના સિદ્ધાંતોમાં અતૂટ શ્રદ્ધા હોય છે. બધા ધર્મશાસ્ત્રોમાં પાયાની એક બાબત સર્વસામાન્ય છે કે આખરે સત્યનો જય થાય છે. આ સત્યમાં સાધકને શ્રદ્ધા હોવી જોઈએ.

સમાજમાં એવાં કેટલાંય મનુષ્યો હોય છે જે નાની અમથી બાબતમાં પણ પોતાનું ધાર્યું કરવાનાં આગ્રહી હોય છે. એટલે આગ્રહનું સ્વરૂપ સમજવું જોઈએ. આવા આગ્રહોની પાછળ પોતાનો અહંકાર તો રહ્યો નથી ને એ તપાસવું જોઈએ. આવા અહંકારી મનુષ્યો પોતે જે કહે તે જ સાચું એવું વલણ અપનાવતા હોય છે. સત્ય એ જાણે તેમનો વ્યક્તિગત ઇજારો ન હોય ! સત્ય સામી વ્યક્તિમાં પણ હોઈ શકે એ વાતનો તેઓ સ્વીકાર કરતા નથી. એટલે સત્યના આગ્રહીમાં મનનું ખુલ્લાપણું ખૂબ જરૂરી બને છે. શ્રી અરવિંદ જેને પ્લાસ્ટિસીટી ઑફ માઇન્ડ–મનની નમનીયતા કહેતા એની આવશ્યકતા રહે છે. માણસ જ્યાં સુધી પોતાની વૃત્તિઓનો ગુલામ હોય, રાગદ્વેષથી ભરેલો હોય, વ્યક્તિગત અહમહમિકામાં અટવાતો હોય ત્યાં સુધી એને નિરપેક્ષ સત્યની ઝાંખી ન થાય. આથી આવો માણસ બધી બાબતોમાં આગ્રહી બને તો ગૂંચવાડો થાય. બધી વખતે એનાં દૃષ્ટિબિંદુ ન સ્વીકારાય. પરિણામે એ હતાશા અનુભવે અને જગત પ્રત્યે એક નિષેધાત્મક વલણ ધરાવતો થઈ જાય. એથી એની પોતાની શાંતિ તો જોખમાય જ પણ એની આજુબાજુના માણસોમાં પણ એ અશાંતિનાં વમળો ઊભાં કરે. માણસમાં વૃત્તિઓ, લાગણી, સંવેગો, ઊર્મિ ઘણું બધું રહેલું છે. આ સૌને નિયંત્રિત કરવાની પણ આવશ્યકતા છે. એટલે સદાગ્રહી માણસમાં સમયના ગુણની સહજપણે આવશ્યકતા રહે છે. આગ્રહ ને મમતામાં ફેર છે. મમતામાં જડ બનીને કોઈ વસ્તુને વળગી રહેવાનું થાય છે. જીદ પકડવાથી પણ કંઈ સિદ્ધ થતું નથી. આગ્રહીપણામાં એક નિષ્કામપણું ગર્ભિત રહેલું જ છે. પોતાના સિદ્ધાન્તમાં, વિચારમાં કે પ્રતીતિમાં શ્રદ્ધા હોવી અને અંતે વળગી રહેવું એક વસ્તુ છે, અને હઠ પકડી બીજાઓ પાસે એનો અમલ કરાવવો એ બીજી વસ્તુ છે. આપણને જેમ આપણા ખ્યાલો કે માન્યતાઓ હોય છે. તેમ બીજા માણસને પણ હોય. આગ્રહી માણસમાં પરમતસહિષ્ણુતાનો ગુણ હોવો જોઈએ. આગ્રહનું સ્વરૂપ બરાબર ન સમજવાને કારણે

જોઈએ તીખાં અતિ વજ્ર સરીખાં

* પ્રભુદાસ ગાંધી

(ગતાંકથી પૂરું)

સાધના, ઉપાસના, ચિંતન-મનન અને તપ કરવા માટે ઋષિ-મહર્ષિની જેમ કોઇ અગાધ અરણ્યમાં કે પર્વતની ગુફામાં જવાને બદલે ફીનિક્સની શાન્ત ઝૂંપડીઓ વચ્ચે બાપુજીએ કંઇક અજ્ઞાતવાસ સેવ્યો, ત્યાં એક પખવાડિયાની ખૂબ જ તીવ્ર સાધના પછી જરૂરી વિસામો લીધા વિના બાપુજી જે કામ માટે બહાર નીકળ્યા તે વિશ્વ-ઇતિહાસનું અણમોલું સોનેરી પ્રકરણ બન્યું. વેર-ઝેર વિનાની અહિંસક લડતની સફળતા ક્ષિતિજ ઉપર આવી રહી હતી. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહને અન્તે ગાંધી-સ્મટ્સ વચ્ચેના સુખદાયી સમાધાનનું પગરણ મંડાયું હતું. તેની વાટાઘાટમાં એક દિવસનોયે વિલંબ બાપુજીએ પોતાને કારણે થવા ન દીધો. ૧૫ મેના રોજ ઉપવાસ છૂટ્યા, ૧૯ મી એ ગોરા મિત્ર મિ. કેલનબેકનું સ્વાગત કરવા આઠ કિલોમિટર ચાલ્યા અને તે જ દિવસે કેપટાઉન તાર કરી ગૃહમંત્રાલયને સમાધાન અંગેનો કાર્યક્રમ પુછાવ્યો. ૨૦ મીએ ત્યાંથી જવાબનો તાર આવ્યો કે 'આવતા અઠવાડિયાની શરૂઆતમાં મુલાકાત ગોઠવી શકાય.' ૨૨ મી મે એ કેપટાઉન ગૃહમંત્રાલયને બાપુજીએ તાર કર્યો કે: 'આજે સાંજે કેપ આવવા નીકળું છું અને બુધવારે તા. ૨૭ મેએ ત્યાં પહોંચીને મળવાની આશા રાખું છું.' (અક્ષરદેહ ગ્રંથ ૧૨ પાનું ૩૫૮ અને ૩૫૯)

જે ઘટનાઓ ઇ. સ. ૧૯૧૪માં બનેલી તેની વાત અત્યારે ઇ. સ. ૧૯૮૪માં હું લખી રહ્યો છું. વીતેલાં સિતેર વર્ષના ગાળામાં વિસ્મરણનું ધુમ્મસ આડે આવે, સ્મૃતિની ચોકસાઇ ન રહે એવું બને, એટલે મારા સંભારણાને સારુ સ્પષ્ટ આધાર જરૂરી લેખાય. અક્ષર દેહના બારમા ગ્રંથમા આવો આધાર મળ્યો તેનો થોડો અંશ ઉપર પ્રમાણે અહીં જણાવ્યો.

'જીવનનું પરોઢ' પૃ. ૬૦૬માં નોંધ છે કે '૨૨મી મેની સાંજની પ્રાર્થનામાં પોતાના ઉપવાસોના પારણા પછીનું સાતમા દિવસનું ઘણું ગંભીર પ્રવચન કર્યું', અને એમાં વિદ્યાર્થીઓને મનનો મેલ ધોઇ નાખવાની તથા પોતાના જીવનને ચોખ્ખું રાખવાની શિખામણ આપી.' રાવજીભાઇએ બાપુજીના એ પ્રવચનનો સારાંશ નીચે પ્રમાણે લખી જણાવ્યો છે:

'તમે ગીતાજીના શ્લોક પાઠે કરી જશો તેથી હું રાજી નહીં થાઉં. તમે ઇતિહાસ વાંચો કે નહીં, ગણિત ગણો કે નહીં, સંસ્કૃત ભણો કે નહીં, તેની મને કંઇ પણ ચિંતા નથી, પણ તમે સંયમવૃત્તિ ધારણ કરો એ જરૂરનું છે. એ મારે જોઇએ છે. હું માણસનો ગુલામ થવાને ઇચ્છીશ, પણ મારા મનનો ગુલામ થવા નહીં ઇચ્છું. મનના ગુલામ જેવું અધમ પાપ નથી. માટે તમે સમજીને મનને નિયમમાં રાખતાં શીખો, આવી સ્થિતિમાં તમે મારી પાસે રહી શકશો, નહીં તો મારે કોઇની જરૂર નથી.

'હું તમને શીખવવાનું અભિમાન પણ રાખતો નથી. મારી પાસે એક શિષ્ય છે, જેને શીખવવું એ ભારેમાં ભારે કામ છે. એને શિક્ષણ આપવાથી જ હું તમારું કે હિંદનું કે માનવજાતનું ભલું કરી શકીશ અને તે હું પોતે જ છું, જેને હું મારું મન કહું છું. આમ બધા પોતાને પોતાના શિષ્યો બનાવશે. તેઓ જ અહીં રહેવાને લાયક છે. આ જિંદગી જેનાથી ન જીરવાય તે અહીં ન રહે એ બહેતર છે. જે અહીંથી છૂટો થાય તો તેણે ઠીક કર્યું કહેવાય. પણ સમજ્યા સિવાય કરવું એ પાપ છે. એવું હું નથી ઇચ્છતો.' (ગાંધીજીની સાધના, પૃ. ૨૧૦-૨૧૧, લેખક-રાવજીભાઇ મણિભાઇ પટેલ)

પોતપોતાની અંદરનો મનનો મેલ ધોઇ કાઢી સત્યને વળગી રહેવાનું શિક્ષણ બાપુજીએ નિરંતર આપ્યા જ કર્યું. અને પોતાની આસપાસનાં તરુણ-તરુણીઓ એ તેજસ્વીપણું ઊગતી જુવાનીમાં જ ઝળકાવે એ બાપુજીની અંતરતરની ઘણી જ ઊંડી અભિલાષા હતી. ફીનિક્સવાળા અત્યંત તીખા તપનો તંતુ આગળ વધારી બાપુજીએ સત્યાગ્રહાશ્રમની રચના કરી. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતનો વિજયધ્વજ ફરકાવી પોતે ભારત પાછા આવ્યા ત્યારે પોતાની પાસે રહેનારાઓ મૂળ લક્ષને ઘડીભર પણ ન વિસરે એટલા સારુ બાપુજીએ પોતાની સંસ્થાનું નામ સત્યાગ્રહાશ્રમ રાખ્યું. જે પ્રાર્થના પ્રવચન ફીનિક્સમાં ૨૨ મી મે ૧૯૧૪માં બાપુજીએ કરેલું તેનો જ તંતુ જાળવી રાખનારે પ્રાર્થના પ્રવચન સાબરમતી કાંઠે બાપુજીએ પહેલી ડિસેમ્બર, ૧૯૨૫માં વિદ્યાર્થીઓ સમક્ષ કર્યું. તે વિષે મહાદેવભાઇએ લખ્યું છે :-

'આ વર્ષમાં વિદ્યાર્થીજગતમાં બનેલી એક ચિરસ્મરણીય ઘટના તે ગાંધીજીના પોતાના પ્રાણસમા પ્રિય વિદ્યાર્થીઓ માટે કરેલા સાત દિવસના ઉપવાસ. ઉપવાસ છોડવાને દિવસે પ્રભાતે બાળકોને સોડમાં બોલાવી ધીમે, ગદ્‌ગદ કંઠે એમણે ઉદ્‌ગારો કાઢ્યા :-

'આ સાત દિવસોમાં મેં દુઃખ ભોગવ્યું નથી એમ નહીં; પણ એ ન ભોગવ્યું હોત તો આથી ય વધારે ભોગવવું પડત એમ મને ભાસે છે. આ ઉપવાસ કરવામાં મારી ભૂલ નથી થઇ. મને ઠર ઘડી થાય છે કે ઇશ્વરને કૂદીને પહોંચાતું હોય તો પહોંચી જાઉં. ઇશ્વરને-એટલે સત્યને-પહોંચીને એમાં જ સમાઇ જાઉં. મલિનતાથી દૂર રહેવાનો મેં સતત પ્રયત્ન કર્યો છે.

'મેં આશ્રમની કેમ આટલી મોટી આશા રાખેલી છે? કારણ, મને ભટકતાં ભટકતાં અહીં જ કામ કરવાનું સ્થાન મળ્યું છે. આખું જગત હારી જાય પણ આપણે ન હારીએ એમ કહેલું છે. અને જે ફીનિક્સે આફ્રિકામાં કર્યું તે આશ્રમ અહીં કરે એવી મારી અભિલાષા છે.

'પણ એવી શક્તિ મેળવવા માટે શુદ્ધિ અને ચારિત્ર્યની જરૂર છે. અને એને માટે આ સાત ઉપવાસ છે. એ તો ઓછામાં ઓછા છે. એ શુદ્ધિને માટે હતા. એ સાત દિવસની પ્રતિજ્ઞા આજે પૂરી થાય છે. મેં તો આ દિવસોમાં ઘણુંય લીધું. તમે શું લીધું? ભૂલ ન કરવાની ચાવી તો તમે જાણી લીધી ને? જૂઠું જરા ય ન બોલવું, એકેય વાત ન છુપાવવી. જે દોષ કે ભૂલ થઇ હોય તે વડીલ અને શિક્ષક પાસે મૂકી દેવી-એટલું કરતાં તમે ન ચૂકશો તો બચી જશો. એટલું તમે શીખો તો હું સમજીશ કે મેં ઉપવાસ ભલે કર્યા. ટૂંકી વસ્તુ એક છે કે સત્ય એ જ પરમેશ્વર છે. સત્યનો ભંગ કરવો

કેટલીકવાર માણસ દુરાગ્રહી બને છે. દુરાગ્રહ એ બિલકુલ ઇચ્છવા યોગ્ય નથી. સારી વસ્તુનો આગ્રહ હોય પણ દુરાગ્રહ તો ન જ હોવો જોઇએ જીવનમાં એક જાતની સમાધાનવૃત્તિ પણ જરૂરી છે. સિદ્ધાન્તો સાથે બાંધછોડ કર્યા વગર અહીંતહીં સમાધાન કરવાનું વલણ સામાજિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે. વેપાર-જગતમાં એક શબ્દ પ્રચલિત છેઃ કડદો કરવો! સાચું સમાધાન અને કડદો કરવો એ બે જુદી વસ્તુઓ છે. સારી વસ્તુના આગ્રહનું યોગ્ય રીતે પાલન થાય તો તે માણસનો ઉત્કર્ષ જ કરે છે.

યોગશાસ્ત્ર, જ્ઞાન અથવા ઋતંભરા પ્રજ્ઞા

તનસુખ ભટ્ટ

(સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનની ભગવદ્ ગીતાની અંગ્રેજી પ્રસ્તાવનાનાં આધારે)

ભગવદ્ગીતા આપણને માત્ર બ્રહ્મવિદ્યા જ નહિ પરંતુ યોગશાસ્ત્ર પણ આપે છે. યુજ્ (સાથે બાંધવું) નામના ધાતુમાંથી તે શબ્દ ઘડાયો હોઇને યોગનો અર્થ માનવની ચિત્તવિષયક શક્તિનો નિરોધ, સમતુલા અને સંવર્ધન એવો થાય છે. આપણા વ્યક્તિત્વને ઘડનારા ચિત્તની અતિ તીવ્ર એકાગ્રતા વડે આપણી શક્તિઓને એકાગ્ર કરી તેને વશ કરી સંકુચિત અહંભાવમાંથી સર્વાતીત વ્યક્તિત્વ સુધીના પ્રદેશ ઉપર આપણે કેડી પાડીએ છીએ. આ વડે જીવાત્મા કેદખાનામાંથી પોતાને છોડાવીને બહાર નીકળે છે તથા પોતાના અંતરાત્મા સુધી પહોંચે છે.

ગીતા આપણને આવશ્યકતા અનુસાર સ્થિતિસ્થાપકશીલ, પરિવર્તનસહિષ્ણુ, સુવિશાળ, સર્વગ્રાહી અને અનેક પાર્શ્વમય યોગશાસ્ત્ર આપે છે. આ યોગશાસ્ત્ર પોતાનામાં આત્મવિકાસની અનેક ભૂમિકાઓને તથા આરોહણોને સમાવનારું છે. માનવતાની એકતા અને સાર્વકતા વિષે નવીન જ્ઞાનનું પ્રદાન કરનાર, જીવાત્માને મુક્તિ પ્રતિ દોરનાર, તથા આંતરિક અનુશાસનોનો વિશિષ્ટ પ્રકારનો વિનિયોગ એવો વિવિધ યોગોનો અર્થ થાય છે. આવા અનુશાસન સાથે સંબંધ હોય તેવી દરેક વસ્તુ યોગ કહેવાય છે. ઉદાહરણ તરીકે જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ ઇત્યાદિ.

પૂર્ણત્વનું લક્ષ્ય કઇ રીતે સિદ્ધ કરવું? આ સંસાર એટલે પ્રતિક્રાસ વડે સ્થાપિત એવો લખચોરાશીનો ફેરો. સંસાર એટલે એક દશામાંથી અન્ય દશામાં થતા દ્રુત્યવી વાગફેરા કરતી મુસાફરી. સંસારને ચાલુ રાખનાર કોઇ હોય તો તે કર્મ છે. જો સંસાર એટલે ભરતી-ઓટ અને લખચોરાશીનો ફેરો હોય, તેના સિવાય બીજું કંઇ જ ન હોય, તો તેનું કારણ કર્મ છે. માનવીય ભૂમિકામાં કર્મની ઉત્પત્તિ તૃષ્ણા અર્થાત્ આસક્તિ અર્થાત કામમાંથી થાય છે. તૃષ્ણા કે આસક્તિનું મૂળ કારણ અવિદ્યા અર્થાત્ વસ્તુનું અજ્ઞાન છે. માનવી પોતે સ્વયંપર્યાપ્ત છે, અસત્યને સ્થાને માનવીને સત્ય દેખાય છે તથા આ સમગ્ર દ્રશ્યમાન જગત શાશ્વત છે એવી તેની ભૂલ ભરેલી માન્યતામાં તૃષ્ણા કે આસક્તિનાં મૂળિયાં પડ્યાં છે. જ્યાં સુધી અજ્ઞાન ચાલુ રહે છે, ત્યાં સુધી લખચોરાશીના ત્રાસદાયક ફેરામાંથી છૂટકો થવો અસંભવ છે. આપણે તૃષ્ણાને નવી નવી તૃષ્ણાઓ વડે નિર્મૂળ નાંહ કરી શકીએ. આપણે કર્મને અધિકાધિક કર્મો વડે નાંહ છેદી શકીએ, આપણે અનંત પરબ્રહ્મને ભૌતિક, પાર્થિવ, ક્ષણભંગુર સાધનો વડે નહિ મેળવી શકીએ. આપણે શુભ કામનાઓ વડે બંધાઇએ કે અશુભ કામનાઓ વડે-બંનેમાં બંધનનો પ્રશ્ન તો રહે જ છે, આપણને જકડી રાખતી સાંકળ સોનાની હોય કે લોઢાની હોય તે વાતથી બંધનમાં કોઇ ફેર પડતો નથી. બંધનમાંથી મુક્ત થવા માટે આપણે અજ્ઞાનમાંથી મુક્ત થવું જોઇએ. અજ્ઞાન ભ્રમભરેલી તૃષ્ણાનું, આસક્તિનું જનક છે. અને તેથી તે ભ્રમભરેલાં કર્મોનું પણ જનક બને છે. અવિદ્યા કામ કર્મની શૃંખલામાંથી મુક્તિ મેળવવા કાજે વિદ્યા જ એકમાત્ર ઉપાય છે.

વિદ્યાને પોથીના અક્ષરજ્ઞાન સાથે અર્થાત્ સાચી માન્યતાઓની સાથે સેળભેળ કરી નાખવાની ભૂલ ન કરવી જોઇએ; કારણ કે અજ્ઞાન કોઇ બૌદ્ધિક સ્ખલન નથી. અજ્ઞાન આધ્યાત્મિક આંધળાપણું છે. તે દૂર કરવા માટે આપણે આત્મશુદ્ધિ કરવી જોઇએ તથા આધ્યાત્મિક દૃષ્ટિ પ્રકટાવવી જોઇએ, તૃષ્ણાના દાવાનળને ઠારવો જોઇએ, કામનાઓના બળવાને કચડી નાખવો જોઇએ. ચંચળ અસ્થિર ચિત્તને સુસ્થિર બનાવવું જોઇએ, જેથી તે ઉપરથી આવતા પ્રકાશનું પ્રતિબિંબ ઝીલી શકે. આપણે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો જોઇએ. બૌદ્ધિક શંકાકુશંકા રજમાત્ર હલાવી ન શકે એવી દૃઢ શ્રદ્ધા હોવી જોઇએ. આપણે બુદ્ધિને કેળવવી જોઇએ.

જ્ઞાન એટલે પ્રત્યક્ષ અનુભૂતિ. તેના સાક્ષાત્કારમાં નડતાં વિઘ્નો દૂર થતાં જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. આ વિઘ્નોને વીણી વીણીને કાઢી નાખવાના કાર્યમાં, અવિદ્યાની આવરણશક્તિને હઠાવવાના કામમાં, મુમુક્ષુએ પ્રયત્નો કરવાના રહે છે. અદ્વૈત વેદાંત અનુસાર આ જ્ઞાન સદૈવ વિદ્યમાન હોય છે, તેને બહારથી આયાત કરવાનું નથી હોતું. તેની માત્ર ઝાંખી મેળવવાની હોય છે. આપણી કામનાઓ વડે કુટિલ થયેલી, પૂર્વગ્રહો વડે પુષ્ટ થયેલી, પ્રસંગાનુસાર પરિવર્તન પામતી માનવબુદ્ધિ આ પરમ સત્યની ઝાંખી કરાવી શકતી નથી. મનની તથા સંકલ્પની સંપૂર્ણ મૌનદશા તથા જીવભાવનું પૂર્ણ વિસર્જન ઝિલમિલ જ્યોતિનું, પરમ પ્રજ્ઞાનું દર્શન કરાવે છે. એ જ્યોતિ વડે આપણે આપણા સત્ય સ્વરૂપમાં વિકાસ પામીએ છીએ. આ શાશ્વત જીવન છે. પ્રેમ તથા જ્ઞાન કાજેની આપણી ક્ષમતાની પૂર્ણ તૃપ્તિ છે. ખોયિયસના શબ્દોમાં 'એક જ પળમાં અનંત જીવનની અચાનક પૂર્ણ પ્રાપ્તિ છે.'

પ્રકાશ અને અંધકારની પેઠે, જ્ઞાન અને અજ્ઞાન પણ પરસ્પર વિરુદ્ધ છે. જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાનનો લય થાય છે. પાપ સમૂળું ઊખડી જાય છે. મુક્ત આત્મા સંસારને જીતે છે, પછી કંઇ જ જીતવાનું કે સરજવાનું રહેતું નથી. કર્મ હવે બાંધી શકતાં નથી. જે પળે આ જ્ઞાનમાં, ઋતંભરા પ્રજ્ઞામાં, આપણે નિમગ્ન, પરિપ્લુત (તરબતર) થઇએ છીએ તે પળે આપણે બ્રહ્મમય બનીએ છીએ. આ પ્રજ્ઞા કોઇ અમૂર્ત કલ્પના નથી. તે એ છે કે જેના વડે 'આ વિશ્વને નિરપવાદ રીતે પ્રથમ તું તારામાં અને પછી મારામાં નિહાળીશ,' પ્રેમીજન પોતાની પ્રેયસી પ્રત્યે જે ભક્તિભાવ ધરાવે છે તેના ભક્તિભાવથી સાચો માનવી પૂર્ણતાના આ લક્ષ્યની સિદ્ધિ માટે મથે છે.

આપણને કોરી રહેલી ઉદાસીનતાની ઊધઈ

● મનોજ્ઞા દેસાઈ

હમણાં એક ફલાચિત્ર ચાલે છે : 'મોહન જોશી હાજિર હો.'

'આકાશદીપ' મકાન પડયું અને ટ્રેઇનો અટકી પડી, ત્યારે આપણને ખ્યાલ આવ્યો કે મકાનો આમ પડે છે! તે અરસામાં ઘણાં મકાનો પડયાં. એટલે સહેજ ઉહાપોહ થયો, એકાદ બે તંત્રીલેખ પણ આવી ગયા. ટ્રેઇનો પાછી સમયસર ચાલવા માંડી. એટલે આપણે એ દુર્ઘટના ભૂલી ગયાં. મુંબઈમાં અનેક મકાનો 'આજે પડું, કાલે પડું, પરમદહાડે તો નક્કી પડું'ની સ્થિતિમાં છે. બીજા કોઇએ નહિ તોય એમાં રહેનારાઓએ આ ચિત્ર વિશેષ જોવા જેવું છે. મૃણાલ સેનના 'ખંડહર'ની જેમ સરકારે આ ચલચિત્રને પણ મોડી મોડી કરમુકિત આપી છે. જૂનાં ભાડૂતોને પોસાય તે માટે કદાચ!

મોહન જોશી ચાલમાં રહેતા મધ્યમ વર્ગના નિવૃત્ત સદ્‌ગૃહસ્થ છે. પોતે, પત્ની, બે દીકરા, એક પુત્રવધૂ અને એક પૌત્ર એમ છ જણાનું સુખી કહી શકાય તેવું કુટુંબ છે. એમની ત્રણ માળની ચાલની પરિસ્થિતિ અતિશય કંગાળ છે. દૂધની કતારમાં એ કોઇકની વાત સાંભળે છે અને જો ઘરધણી ન માને તો પોતાની ચાલીના સમારકામ માટે કોર્ટે જવાનો વિચાર કરે છે. પત્ની સિવાય ઘરનાં બધાં જ એને એ 'લફરા'માં પડવાની ના પાડે છે. ચાલમાં રહેતો કરીમ એ વિચારને જોરશોરથી વધાવી લે છે.

કોર્ટે' જતાં પહેલાં ઘરધણી સાથે તે વાટાઘાટ કરે છે. પણ શ્રીમંત ઘરધણી જરાય દાદ દેતો નથી. અને રીપેર બોર્ડમાં જવાનું સૂચન કરે છે. રીપેર બોર્ડનું દૃશ્ય વાસ્તવિક છે. ત્યાંનો માણસ કહે છે કે કેટલો સમય લાગે તે કંઈ કહી શકાય નહિ. ત્રણ વર્ષમાં પડવાની શકયતા ધરાવતાં મકાનોનો આઠ વર્ષે પણ વારો આવે. અંતે મોહન જોશી અદાલતમાં જાય છે.

અદાલતની આંટીઘૂંટીથી તદ્દન અજાણ્યું યુગલ વકીલ રોકવાથી માંડીને પોતાનું કામ શરૂ કરે છે તે જ ઘડીથી એના પર અન્યાયોની પરંપરા શરૂ થાય છે. એ મુકદ્દમો પડતો મૂકે એ માટે ઘરધણી અને એનો વકીલ સબળા પ્રયત્નો કરે છે.

એના પૌત્રને શાળામાંથી ઉપાડી જવાની ધમકીથી માંડીને એને બેઘર કરવાના, બીજાને ઘજા કર્યાના ખોટા આક્ષેપો મૂકી સમન્સ કાઢવા સુધીના અનેક પ્રયત્નો થાય છે. એને પોતાની પત્નીનો પૂરો ટેકો છે. પોતાનાં ઘરેણાં વેંચવા સુધી એને વાંધો નથી, ઊલટો આનંદ છે.

આમ મુદ્દત પર મુદ્દત પડતાં એકલે હાથે એ બંને છ વર્ષ સુધી ખરા અર્થમાં ઝઝુમે છે. પુત્રવધૂ પણ પોતાનાં કેટલાંક ઘરેણામાંથી પૈસા લઇ આવે છે અને મદદ કરવાનો પ્રયત્ન કરે છે. છ વર્ષના અંતે ન્યાયાધીશ પોતે ચાલની હાલત જોવા આવવાનું નકકી કરે છે. એ આવવાના છે એવી ખબર પડતાં જ ઘરધણી મકાનને બહારથી સુંદર દેખાડવાના પ્રયત્નો કરે છે તેને ચાલવાસીઓ બિલકુલ સફળ થવા દેતા નથી. એ ઘડી બધા જ ચાલવાસીઓ માટે દેવદર્શન જેવી છે. અત્યાર સુધી જે મોહન જોશીને અદાલતમાં જવાનું 'અવિચારી' અથવા 'અવ્યાવહારિક' પગલું લેવા માટે ચાલના અનેક ભાડૂતો વખોડતા હતા અને તેના પ્રત્યેક પ્રયત્નો પર ઠંડું પાણી રેડતા હતા એ જ ચાલવાસીઓ માટે મોહન જોશી જયજયકાર બોલાવવા જેવા લોકપ્રિય નેતા બની ગયા. આ હકીકત લોકમાનસની લાક્ષણિક તાસીર છે.

ન્યાયાધીશ જ્યારે 'સમય લાગશે' એમ કહે છે ત્યારે મોહન જોશી ખરેખર હારી જાય છે. હતાશાવશ તે ચાલનો એક થાંભલો હલાવીને એ છતનો જર્જરિત ભાગ પોતાના પર પડવા દે છે અને મૃત્યુ પામે છે. ચાલના લોકો અને ન્યાયાધીશને સ્તબ્ધ હાલતમાં મૂકીને ચિત્ર પૂરું થાય છે.

આ ચિત્રના એક દૃશ્યમાં સુંદર વિરોધાભાસ છે. અદાલતની તારીખે થોડો સમય હોવાથી આ યુગલ કયાંક મેદાનમાં બેઠું છે. ત્યારે એક મોટા કામદાર યુનિયનનો મોરચો નીકળે છે. તે જોઇને શ્રીમતી જોશી બોલી ઊઠે છે : 'કેટલું સારું લાગે છે, આ લોકો બધાં સાથે મળીને લડે છે તે!' એ વાત ખરેખર સ્પર્શી જાય તેવી છે. મોહન જોશી આખી ચાલના હિત માટે લડે છે. બધાં સાથે મળીને કેમ ન લડી શકે? 'ન્યાયાલયમાં જવાથી કંઇ વળતું નથી,' 'એ લફરામાં કોણ પડે?' એમ માનનારા ભલે પોતે એમાં ન પડે પરંતુ ન્યાય ખાતર આટઆટલું ઝઝુમનારને પેંલા કરીમની માફક નૈતિક ટેકો પણ ન આપી શકે?!

આવી ઉદાસીનતા સમાજમાં દરેક પ્રશ્ને અને દરેક સ્તરે વ્યાપેલી છે. આપણી રગેરગમાં એ જાણે વણાઇ ગઇ છે. વ્યાવહારિક બનવાના એક સગવડિયા ખ્યાલને આપણે આપણો જીવનમંત્ર બનાવી મૂકયો છે. નિષેધાત્મક વલણ દાખવનાર કોઇ 'વ્યાવહારિક' આ ચિત્રમાંથી એવો પણ બોધ લઇ શકે કે 'બહુ ન્યાયનું પૂંછડું થવા ગયો તે આખરે તો મરણને શરણ જ થયોને!' આપણા એકથી શું વળે? એમ વિચારી અકબર-બિરબલની પેલી વાર્તાની માફક આપણે બધાં જ હોજમાં દૂધ ને બદલે પાણીનો ઘડો ઠાલવીએ છીએ. એથી આગળ (કે પાછળ?) જઇને જો કોઇ પ્રામાણિકતાથી હોજમાં દૂધનો ઘડો ઠાલવે તો આપણે એને 'મૂર્ખ', 'અવ્યાવહારિક' જેવાં વિશેષણોથી નવાજીએ છીએ.

આવી સખત ઉદાસીનતામાંથી ઉદ્‌ભવતું એક સામાન્ય વાકય છે: 'આપણને શો ફેર પડે છે?' પંજાબ કે આસામ ભડકે બળે છે એ આપણને ખળભળાવી મૂકતું નથી. કદાચ એવી ઘટના જો આપણને હચમચાવે તો 'એ વિષે આપણે શું કરી શકવાના?' એવો પ્રતિભાવ આપી આપણે તદ્દન નિષ્ક્રિય રહેવાના. આવો પ્રતિભાવ જો પૂરેપૂરો સાચો હોય તોય 'સ્વજનના મૃત્યુ વિષે આપણે શું કરી શકીએ છીએ?' એ વિચારવું જોઇએ. એ જેમ આપણા ચિત્તને હજુ સુધી તો સ્પર્શે છે એમ બીજી રાષ્ટ્રીય કે વૈશ્વિક ઘટનાઓ આપણને કેમ ઢંઢોળતી નથી?!

અરે, બીજાની વાત તો દૂર રહી, આપણા પોતાના અધિકારો માટે પણ આપણે કેટલા ઉદાસીન છીએ તે આ ચિત્ર દર્શાવે છે. આપણે પશ્ચિમના દેશોની પ્રજાની, ખાસ કરીને અમેરિકન પ્રજાની, મુકત કંઠે

પ્રશંસા કરીએ છીએ. 'વોટરગેઇટ'ના પ્રકરણ પછી પ્રમુખ નિક્સનને જવું પડ્યું. એને સમાંતર બનાવો રાજકીય-રાષ્ટ્રીય સ્તરે આપણાં દેશમાં પણ બન્યા છે. ઇંદિરાની અપવાદરૂપ ઘટનામાં એન. ટી. રામારાવ મુખ્ય પ્રધાનપદે પુનઃ આરૂઢ થયા. પરંતુ વ્યક્તિગત ધોરણે પશ્ચિમની પ્રજા પોતાના અધિકારો વિષે માત્ર જાગૃત જ નહિ, અતિ જાગૃત છે. 'ચલાવી લેવાની' વૃત્તિ એ પ્રજામાં જરા પણ જોવા મળતી નથી. એવી જાગૃત વૃત્તિની પણ કેટલીક સમસ્યાઓ જરૂર હશે; પરંતુ આપણે આપણા અધિકારો વિષે સજાગ બનીને આપણને થતાં અન્યાયો સામે લડી લેવાની વૃત્તિ, શક્તિ અને હિંમત કેળવવાની જરૂર છે. એ ન કેળવી શકીએ તો આપણામાંના જે કોઇ એવી હિંમત કેળવે એમને 'મૂર્ખા' ન ગણીએ અને ઓછામાં ઓછું એમને નૈતિક ટેકો આપવાની ખૂબ જ જરૂર છે.

લિંકને કહ્યું હતું કે 'એમ ન પૂછો કે તમે દેશને માટે શું શું કરી શકશો. એમ પૂછો કે તમે દેશને માટે શું કરી શકશો.' અત્યારે આપણે જે મનઃસ્થિતિ ધરાવીએ છીએ એ જોતાં એટલું પણ કહીશું કે 'દેશ અમારા માટે જે કરવા બંધાયેલો છે તે નહિ કરે તો અન્યાય અમે સહન નહિ કરીએ.' તો એ પણ દેશને માટે કંઇક કર્યું ગણાશે.

આપણા માનસની સ્થિતિ 'મોહન જોશી હાજિર હો'ની ચાલ જેવી છે. જો દેશની સ્થિતિ સુધારવી હશે તો આ ચાલની સ્થિતિ સુધારવી પડશે. ઉદાસીનતાની ઊધઇ આ ચાલના પાયાને કોરી રહી છે. જો અનેક મોહન જોશીઓનાં બલિદાનો અટકાવવાં હોય તો આ ઉદાસીનતા દૂર કરવા 'પેરટ કન્ટ્રોલ'ની તાકીદની જરૂર છે. કદાચ આ એક જ પેરટ કન્ટ્રોલ એવું હશે જે વિના મૂલ્યે મળવા છતાં આપણા સર્વાંગી વિકાસ માટે અણમૂલુ અને અનિવાર્ય છે.

કુંડલિની

✠ શ્રીમતી નિરુબેન સુબોધભાઈ શાહ

મનુષ્ય, ઇશ્વરની સર્વોત્તમ રચના છે, બ્રહ્માનું જ સૂક્ષ્મ રૂપ છે. જે કાંઇ બ્રહ્માંડમાં છે તે પિંડમાં છે. સંપૂર્ણ બ્રહ્માંડની સૂક્ષ્મતમ શક્તિઓને ઇશ્વરે મનુષ્યમાં નિહિત કરેલી છે. ઇંદ્રિયોનાં સંયમ અને તપશ્ચર્યા દ્વારા મનુષ્ય આ શક્તિને જગાડીને ઇશ્વરીય શક્તિ પ્રાપ્ત કરી શકે છે. એને કુંડલિની શક્તિ કહે છે.

આ શક્તિને જ્ઞનેન્દ્રિય તથા ઉપેન્દ્રિય વચ્ચે સાડાત્રણ વળ ખાઇને સુષુપ્ત અવસ્થામાં પડી રહેલી કલ્પવામાં આવી છે. મનુષ્ય પોતાના ચિત્તને એકાગ્ર કરીને તથા પ્રાણવાયુના કઠોર પ્રહાર વડે આ શક્તિને સ્પંદિત કરી શકે છે. ધીરે ધીરે તે પોતાના મૂળ સ્થાનથી ઉર્ધ્વગમન કરતી, બ્રહ્મરંધ્રમાં રહેલા સહસ્ત્રાર સુધી જઇને ઇશ્વરીય શક્તિનો સાક્ષાત્કાર કરી શકે છે. સદ્‌ગુરુની કૃપાથી અથવા કોઇ દૈવી પ્રેરણાથી લાખોમાં કોઇક એકાદ માણસ આ સ્થિતિ સુધી પહોંચી શકે છે. કેટલાક સાધકો માર્ગમાં જ નાની મોટી સિદ્ધિઓ પ્રાપ્ત થવાથી અટવાઇ જઇને મૂળ ધ્યેય ભૂલી જાય છે જે યોગી મહાત્મા કુંડલિની શક્તિ પર સંપૂર્ણ કાબૂ પામે છે તે સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરીને દૂર દૂર રહેલી વસ્તુઓ જોઇ-સાંભળી શકે છે તેમ જ સદેહે બીજાં સ્થાને પ્રગટ થવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે.

શરીરમાં મેરુદંડની નજીક અલગ અલગ જગા પર આ નાડીપુંજોની સ્થિતિ બતાવવામાં આવી છે, જેને ચક્ર કહેવામાં આવે છે. ચક્રનો અર્થ છે ગતિશીલતા. જ્ઞનેન્દ્રિય તથા ઉપેન્દ્રિયના મધ્યમાં મૂલાધાર ચક્ર છે. તંત્રશાસ્ત્રમાં આને ચાર દળવાળું કમલ જેવું કહેવામાં આવ્યું છે. પૃથ્વી-તત્ત્વવાળા આ ચક્ર પર ધ્યાન કરવાથી કયારેક પીળા રંગનો સર્પ, કયારેક દીપશિખા અથવા લાલપીળી જ્વાળાઓ દેખાય છે. આ ચક્ર પર કાબૂ પ્રાપ્ત કરવાથી પૃથ્વીના પેટાળમાં છૂપાયેલા ખનિજ પદાર્થોને જોઇ શકાય છે અથવા પ્રાપ્ત કરી શકાય છે.

મૂલાધાર ચક્રથી ચાર આંગળ ઉપર સ્વાધિષ્ઠાન ચક્ર છે જેમાં ૬ નાડીપુંજોનો સમૂહ છે. આ ચક્ર પર ધ્યાન કરવાથી તથા જલતત્ત્વ પ્રધાન હોવાથી જલતત્ત્વને સંબંધિત વિકારો પર કાબૂ પામી શકાય છે, તેમ જ સાધક કામવિજયી બની શકે છે.

ત્યારબાદ મણિપુર ચક્રમાં ૧૦ નાડીપુંજોનો સમૂહ છે, જેમાં અગ્નિતત્ત્વનું પ્રાધાન્ય હોવાથી સાધક સંપૂર્ણ શરીર સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે છે. પાચનના વિકારો તથા નેત્રરોગ પર કાબૂ મેળવી શકાય છે.

ત્યાર બાદ અનાહત ચક્ર ૧૨ નાડીપુંજોનો સમૂહ છે, અને વાયુ તત્ત્વનું પ્રાધાન્ય હોવાથી ધ્યાનની અવસ્થામાં બ્રહ્મનાદ સંભળાય છે. ચામડીના રોગો અનાહત ચક્રની સાધનાથી સારા થાય છે.

વિશુદ્ધિ ચક્ર થાયરોઇડ ગ્રંથિની પાસે ગળામાં સ્વરપેટીમાં આવેલું છે. ૧૬ પાંખડીવાળું કમળનાં જેવું આકાશ તત્ત્વની પ્રધાનતાવાળું છે. ધ્યાનાવસ્થામાં એ પૂર્ણ ચંદ્ર જેવું દેખાય છે. સંગીતના સાત સૂરો અહીંથી નીકળે છે. સાધક ભૂખ-તરસથી પર બનીને મનની સ્થિરતા પ્રાપ્ત કરે છે

આજ્ઞાચક્ર ભ્રૂમધ્યમાં આવેલું છે ધ્યાનાવસ્થામાં તીવ્ર પ્રકાશ કયારેક ચક્રાકાર અથવા કયારેક દીપશિખા જેવો દેખાય છે. આજ્ઞાચક્ર પર કાબૂ મેળવવાથી કોઇ પણ સંકલ્પ પૂર્ણ થયા વિના રહેતો નથી. આ ભ્રૂમધ્યમાં ઇડા, પિંગળા ને સુષુમ્ણા નાડીનું મિલન થાય છે. યોગીઓનું આ ત્રિવેણીતીર્થ છે. આજ્ઞાચક્ર પર વિજય મેળવ્યા સિવાય સહસ્ત્રારમાં પ્રવેશ મળતો નથી.

સહસ્ત્રાર ચક્ર કાનથી બે ઇંચ ઉપર તથા ભ્રૂકુટિથી ત્રણ ઇંચ અંદર મસ્તકમાં બરોબર વચ્ચે આવેલું છે, જેની કલ્પના સહસ્ત્રદલકમલ સાથે કરવામાં આવી છે. મૂલાધારથી ઉપર ઊઠેલી શક્તિનું શિવ સાથેનું મિલનસ્થળ અહીં છે. આ ચક્રને અમૃતકળશ પણ કહેવાયું છે, જેના સક્રિય થવાથી આશ્ચર્યજનક પ્રાપ્તિ થઇ શકે છે. આ એ જ પ્રાણઊર્જા છે, જેને પ્રાપ્ત કરીને યોગીઓ મહિનાઓ સુધી સમાધિ અવસ્થામાં રહે છે.

વાસના, તૃષ્ણા ને અહંકારમાં ડૂબેલો માનવી સાડાત્રણ વળ ખાઇને પડેલી સુષુપ્ત મહાસર્પિણી શક્તિને ઓળખ્યા વિના જ સારું જીવન પૂરું કરે છે. પરંતુ પ્રસુપ્ત અવસ્થાનો ત્યાગ કરીને અષ્ટાંગ યોગ દ્વારા જો પોતાની પ્રાણશક્તિને ઉર્ધ્વગમન કરાવે તો કામમાંજરું જ્ઞાનમાંજરું પરિવર્તન કરીને આત્મિક ઉત્થાન દ્વારા ઇશ્વર તત્ત્વને પ્રાપ્ત કરી શકે છે.

કુંડલિની શક્તિની આ ઉપલબ્ધિ છે.

વાંક પોતાનો અને દોષ બીજાને

© સૂર્યકાન્ત પરીખ

રાજકારણમાં આપણે રોજ રોજ અનુભવ કરીએ છીએ કે દરેક પક્ષવાળા પોતે જે કામો નથી કરી શકયા તેના દોષનો ટોપલો બીજાને માથે ઓઢાડે છે. આપણાં અખબારોને પાને એવી સેંકડો વાતો આવ્યા કરે છે કે લોકોના કલ્યાણ માટેની ચોકકસ યોજના ના થઇ શકી, કારણ કે તે વખતના સત્તાધારી પક્ષે તે વખતે કશું જ ધ્યાન નહોતું આપ્યું. ચૂંટણીને ટાણે આવા દોષારોપણ વધુ પ્રમાણમાં રોજ ને રોજ આપણે વાંચીએ છીએ, અને તેની અસર આપણાં મન પર થાય છે. એટલે આપણી ભૂલોને બીજાને માથે કેમ ઓઢાડી દેવી તે માટે તે તૈયાર થઇ જાય છે.

વેપારઉદ્યોગમાં પણ આવી જ મનોદશા જોવા મળે છે. અમે શું કરીએ? અમારે કાળા બજાર કરવા જ પડે છે, કારણ કે સરકારના અધિકારીઓ જ ભ્રષ્ટાચારી થઇ ગયા છે. અમારે ઉદ્યોગને કે વેપારને બચાવવો હોય તો નાછૂટકે અમારે એવું કરવું જ પડે છે. આવાં વાકયો અનેક ઉદ્યોગપતિઓ અને વેપારીઓ રોજેરોજ વાપરતા હોય છે. પોતે સાવ સ્વચ્છ અને પ્રામાણિક રહેવા માંગે છે, છતાં પરિસ્થિતિવશ તેમ રહી શકતા નથી એવી વાતો ચારે તરફ સાંભળવા મળે છે. પોતાનો વાંક છે જ નહિ, બીજાનો જ વાંક છે તેમ ઠસાવવાનો પ્રયત્ન જ થતો હોય છે. તેનું એક મોટું વાયુમંડળ ઊભું થાય છે.

શિક્ષણક્ષેત્રમાં પણ આવા જ સૂરો સાંભળવા મળે છે: અમે શું કરીએ, જોર-જુલમથી વિદ્યાર્થીઓ ચોરી કરે છે, માર્કસ વધારે મેળવવા ભ્રષ્ટાચાર કરે છે, તેને અમે કેવી રીતે રોકી શકીએ? મહાવિદ્યાલયોની આસપાસ આવું પણ સાંભળવા મળે છે.

આમ આપણા દેશમાં બે જાતનાં કે તેથી વધુ ત્રણ-ચાર જાતનાં મહોરાંવાળી જીવનપદ્ધતિ લગભગ દરેક ક્ષેત્રે ફૂલીફાલી છે, અને તેમાં દરેક વ્યકિત બીજાનો દોષ કાઢીને પોતે કશા જ વાંકગુના વગરનું જીવન જીવે છે તેમ બતાવીને સમગ્ર સમાજને છેતરવાનો પ્રયત્ન કરે છે. બુદ્ધિશાળી અને સૂજ્ઞ વાચકો મનમાં તો આ બધી વાતો સમજે છે, પરંતુ તેઓ પણ એ જ પરિપાટીમાં કયાંક ને કયાંક હોંશ સુપકારી સેવે છે.

જયારે સમાજની આ દશા હોય ત્યારે ખોટાં કામો સામે માથું ઊંચકવાની શકિત આપણામાં કેવી રીતે આવે? સ્વાભાવિક છે કે ન જ આવે અને બંધ બંડની ચાર દીવાલો વચ્ચે જ આપણે આ ખોટું થયું અને તે ખોટું થયું તેમ ચર્ચા કરીને સંતોષ માણીએ. પરંતુ ખોટાને કાઢી મૂકવા માટેનો જાહેર પ્રયત્ન કરી ન શકતાં હોવાથી આપણું સુંવાળાપણું વધતું જ જાય છે.

ગાંધીજીએ જયારે કહેલું કે 'મારી આ ભૂલને હું હિમાલય જેવી મોટી ભૂલ ગણું છું' ત્યારે તેમાં ભૂલ-સ્વીકારની જે મોટી હિંમત હતી તે તેમને જાહેરજીવનમાં પોતાને ઘણું બળ આપનાર તો હતી જ, પરંતુ રાષ્ટ્રના જાહેરજીવનમાં એ પરિપાટી જળવાઇ રહે તેવી તેમની ઇચ્છા હતી. ભૂલ-સ્વીકાર પાછળ ત્યાગ કરવાની તત્પરતા પણ હતી. જો આપણે આ શરૂઆત પોતાના કૌટુંબિક જીવનમાં પણ પોતાની ભૂલનો સ્વીકાર કરતાં શીખીએ તો તેમાંથી બીજાનો દોષ કાઢવાની વૃત્તિ ઓછી થતી જશે અને ઇશ્વરકૃપા હશે તો તેમાંથી કાંઇક કર્તવ્ય માટેનું બળ ઊભું થશે. ચારે તરફ ફેલાઇ રહેલા આ રાજકારણના મહારોગમાંથી આપણે વહેલા છૂટીએ એ સૌના હિતમાં છે; નહીંતર આ મનોદશા દેશને ધીરે ધીરે અધોગતિ તરફ લઇ જશે તેમાં કોઇ શંકા નથી. આપણું રાજકારણ બીજાનો દોષ કાઢનારું બની ગયું છે, તેની સાથે ધર્મભાવના જોડવાની ગાંધીજીની વાત તો સાવ હવામાં ઓગળી ગઇ છે.

જે જે દેશોએ આર્થિક દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, તેવા દેશોમાં જર્મની અને જાપાનનો દાખલો એટલા માટે મળેલ છે કે ત્યાં પ્રજાજીવનમાં બીજાનો દોષ કાઢવાની વૃત્તિ ભાગ્યે જ જોવા મળે છે. એ દેશો ત્રીસ વર્ષ પહેલાં તો સાવ ખંડિયેર જેવા થઇ ગયા હતા, તેમાંથી તેઓ આર્થિક વિકાસના શિખરે પહોંચ્યા છે. તેનો અર્થ એ છે કે તેઓમાં એક રાષ્ટ્રીય ચારિત્ર્યનો વિકાસ થયો છે. આપણી સામે આવા જવલંત દાખલા આજે મોજૂદ હોવા છતાં આપણે વધુ ને વધુ અંધકાર તરફ જતા હોઇએ એવો ભાસ થયા કરે છે.

આપણું જાહેરજીવન પોતાના દોષનો સ્વીકાર કરનારાઓથી ઉભરાય એવી હવા આપણે સૌ કરીએ.

★ સંઘ સમાચાર ★

રમકડા ઘર

'સંઘ'ના ઉપક્રમે બાળકો માટે ટોયઝ લાયબ્રેરી શરૂ કરવા રૂા. ૨૫,૦૦૦/- નું દાન આપવાની શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહની દરખાસ્ત આવી હતી, જેનો સંઘની કારોબારી સમિતિએ સાભાર સ્વીકાર કર્યો છે. આ લાયબ્રેરીના આયોજનની જવાબદારી ડો. અમૂલ શાહને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ : વ્યકિતત્વદર્શનની વીડિયો

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના વ્યકિતત્વનો જીવંત પરિચય અપાય એવી વીડિયો ફિલ્મ તૈયાર કરાવવા માટે શ્રી મહાવીર સેવા સંઘના શ્રી ચંદ્રકુમાર જે. શાહે સંઘને રૂા. ૨૫,૦૦૦/- નું દાન આપવાની ભાવના સાથે દરખાસ્ત મૂકી હતી, જેનો સંઘે સાભાર સ્વીકાર કર્યો છે. આ માટે ડો. ધનવંત ટી. શાહ, શ્રી વસનજી લખમશી શાહ, શ્રી ગંભુપતભાઇ મ. ઝવેરી, શ્રી હરીન્દ્રભાઇ દવે, શ્રી ચન્દ્રકુમાર જે. શાહ (કન્વીનર) શ્રી પન્નાલાલ ર. શાહ શ્રી ગુલાબ દેઢીયા શ્રી સુબોધભાઇ એમ. શાહ શ્રી મહીપતભાઇ જાદવજી શાહ, પ્રો. તારાબેન ર. શાહ, શ્રી મનસુખલાલ ચીમનલાલ ચકુભાઇ શાહની ઉપસમિતિની નિમણૂંક કરવામાં આવી છે.

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના જીવનને આવરી લેતી કેસેટ્સ, વીડિયો ફિલ્મ, ફિલ્મ ફોટોગ્રાફ આદિ જેમની પાસે ઉપલબ્ધ હોય તેમને સંઘના કાર્યાલયમાં જણાવવા વિનંતી.

(પૃષ્ઠ ૧૭૨ થી ચાલુ)

વગેરે એમનો સત્સંગ શોધતા (આવતા. એમને આ બધા 'બાપુ' કહી સંબોધતા).

'ગાંધીજી તો જેણે છાતીમાં લાત ખાધી હતી તે છે.'

(અર્થાત્ સાક્ષાત વિષ્ણુ ભગવાન કે એમના અવતાર).

પૂજ્ય મોટા (૧૮૯૮-૧૯૭૬)

(૧) આધ્યાત્મિક ભાવનાને ખેડી રહેલા...માસિકમાં પૂજ્ય મહાત્માજી વિષે જે લખેલું છે તે યથાર્થ લાગતું નથી. અથવા સત્ત્વશીલ સાધુ સંત પુરુષો મહાત્માજીની જીવનશક્તિને કેમ નહિ સમજી શકતા હોય તે કલ્પનામાંથી આવી શકતું નથી (૧-૨-૪૪ નો પત્ર)

(૨) આજકાલ તો પૂજ્ય ગાંધીજીની બાબતમાં સાધુ સંન્યાસીઓમાં અવળો પ્રચાર ચાલે છે પણ ગાંધીજી તો આત્માની ઝાંખી અર્થે જ સર્વ કર્મ કરે છે. પ્રત્યેક કર્મની અંતરમાં એમની જીવંત ધારણા રહે છે. એમની ભગવાન પરની શ્રદ્ધા જીવતી જાગતી છે...ગાંધીજી ઈશ્વરને શ્વાસોચ્છ્વાસનો સ્વામી' 'નિમકનો દેનારો,' 'દીવાદાંડી' ગણે છે. તેઓ કહે છે કે, 'એ સર્વનો પેદા કરનારો છે, તે ન હોય તો આપણી નથી.' આ અવિચળ દૃઢ ઈશ્વરશ્રદ્ધાએ એમનામાં નવું જ વ્યક્તિત્વ પેદા કર્યું છે; અને એ વ્યક્તિત્વનો પ્રભાવ, એની ધગશ ને એનો પ્રેમ આપણે સૌ અનુભવીએ છીએ. એમને અનુભવ થયેલો છે કે આધ્યાત્મિક તત્ત્વ એમની સમીપ ને અંતરતર છે. એનાથી નિકટ અને પ્રિય બીજું કશું નથી (એજન જુઓ જીવન સંદેશ, ૧૯૪૪, પાનાં ૧૯-૨૪).

(૩) ફરકસરથી કેમ જીવવું તે હું મહાત્મા ગાંધી પાસે શીખ્યો છું. પેન્સિલ ખોવાઈ જાય તો કેટલું મંથતા તે જાતે જોયું છે. એવા મહાત્મા મળ્યા નથી (મૌન એકાંતની કેડીએ પાનું ૨૮, ૧૯૮૨).

(૪) મહાત્મા ગાંધીજીએ પણ લખ્યું છે કે નાનપણમાં અંધારે બીક લાગતી. પણ તે એવી પ્રચંડ વ્યક્તિ થઈ ગયા કે આવી મોટી સ્વતંત્રતાને પણ કાઢી. નવજીવન મંના લેખો વાંચો. 'લોહાના ચણા' (નામનો લેખ) વાંચો તો રોમ રોમમાં ખમીર પ્રકટે. એ પણ સામાન્ય માનવી હતા...ભગવાનના નામમાં વિશ્વાસ હતો. તેઓ સત્યનો પ્રયોગ કરનાર હતા. કોઈ પણ બાબત પ્રયોગ વિના સ્વીકારી નથી...મહાત્મા ગાંધીજીનું જીવન બતાવે છે. કે એમનામાં નિરાસક્તિ, નિરહંકાર, નિર્મમત્વ, નિર્લોભની ભાવના સદ્ભાવ, ઉદારતા, નિષ્કામતા, મતસહિષ્ણુતા એવા પ્રચંડ ગુણો હતા કે જેમાંથી ઘણું શીખી શકીએ...એમણે આટલું બધું શક્તિબળ કયાંથી અનુભવ્યું ? ભગવાનના સ્મરણમાંથી (એજન પૃષ્ઠ ૪૮-૪૯).

(૫) મહાત્મા ગાંધીજીનો આખો પાયો નામસ્મરણ ઉપર હતો. આપણે તે છોડી દીધું છે...આપણે બધા ગાંધીજીની અહિંસાનું હાર્દ સમજ્યા હોત તો આપણી આ સ્થિતિ ન હોત. મહાત્મા ગાંધીજીએ તો આગળ વધીને કહ્યું છે, રોગમાત્ર પણ નામસ્મરણથી મટી જાય છે. (એજન પાનું ૫૫).

પૂજ્ય દાસાનુદાસજી

આ સંતપુરુષ હાલ હયાત છે. તેઓ રમતારામ છે. પોતાના શિષ્યો, મિત્રો, પ્રશંસકોને ત્યાં સંસારમાં જ રહે છે. મૂળ ખંભાતના. માતાના આગ્રહથી લગ્ન કરેલું પણ થોડા વખતમાં છૂટી ગયા. ખંભાતમાં જ એક ફકીરના સત્સંગમાં આવેલા ત્યાર બાદ આણુ જઈ સાધના કરેલી! સ્વામી રામતીર્થનાં પુસ્તકોની એમના પર ભારે અસર પડી હતી. દાસાનુદાસજી પોતાના મિત્રોને જે પત્રો લખતા તેમાંથી વીણેલાં એમનાં વચનામૃત 'વીણેલાં ફૂલ' એ નામથી મહાજન મુક રેપો તરફથી બે ભાગમાં બહાર પડયાં છે. પૂજ્યશ્રીને અમે બધાં 'બાપજી' કહીએ છીએ. એમણે થોડા વખત પર આ લેખકને જે હકીકત કહી તે એમના જ શબ્દોમાં નીચે આપી છે :-

૧૯૪૮ ના જાન્યુઆરીની ત્રીસમી તારીખે હું આબુરોડ હતો. સંધ્યાકાળની આરતી સમયે બધાં દર્શનાર્થીઓ સાથે મંદિરમાં ઊભો હતો, ત્યાં જાણે કોઈ મોટા અવાજે બોલ્યું, 'ગાંધીજીને ગોળી મારી.' આરતી પૂરી થતાં કોણ બોલ્યું એની તપાસ કરતાં જેને પૂછું એ બધા ના જ પાડે. બધાંને નવાઈ પણ લાગી. થોડી જ વારમાં સમાચાર મળ્યા કે વાત તદ્દન ખરી છે. મેં તો કદી ગાંધીજીને જોયા નહોતા. મારા સ્થાન પર પહોંચી વિચારવા લાગ્યો, 'બાપુ, તમને જીવતાં તો કદી મળાયું નથી, પણ હવે તો મળો.' ને ધ્યાનમાં બેઠો. સવાર-સાંજ મારા નિયમિત ધ્યાન સાથે સાથે ગાંધીજીનું પણ ધ્યાન કરતો. કેટલાક દિવસ બાદ મને અવાજ સંભળાયો કે, 'મારી સમાધિ પર આવ.' હું બેઠો હતો ત્યાંથી સીધો ઊઠીને સ્ટેશને ગયો ને ટ્રેઇનમાં બેસી દિલ્હી પહોંચ્યો. ત્યાં ઊતર્યો એવો સ્ટેશનેથી સીધો રાજઘાટ પહોંચ્યો, સમાધિના દર્શન કર્યા. મારે ત્યાં જ રાત ગાળવી હતી પણ પહેરેગીર રજા આપતો નહોતો. મેં એને કહ્યું, 'ભાઈ હું સીધો સ્ટેશનેથી અહીં આવ્યો છું. અહીં રાત ગાળીને સીધો સ્ટેશને જઈ, ગાડીમાં બેસી જ્યાંથી આવ્યો છું ત્યાં જ સીધો પાછો જવાનો છું. મારે દિલ્હીમાં બીજું કંઈ જ કામ નથી.' પહેરેગીરના અંતરમાં રામ વસ્યા ને મને ત્યાં રાત્રિ ગાળવા દીધી.

મહાત્મા યોગેશ્વરજી (૧૯૨૧-૧૯૮૪)

'છેલ્લાં કેટલાંક વરસોમાં તો લગભગ એવું થઈ ગયેલું કે ગાંધીજી એટલે ભારત અને ભારત એટલે ગાંધીજી. એમના ભાવ, વિચાર અને વર્તનમાં ભારતનું હૃદય ધબકતું. એમની વાણીમાં ભારતીય સંસ્કૃતિના આત્માનો અલૌકિક રણકાર હતો. દેશને માટેનો એમનો પ્રેમ, સેવાભાવ, ત્યાગ, ભોગ આપવાની અને સહેવાની એમની શક્તિ. સઘળું અજોડ હતું. ભારતના આત્માની આઝાદી, આબાદી અને અભ્યુત્થાન માટે અવતીર્ણ થયેલા એ એક અસાધારણ દિવ્ય દેવતા હતા...જ્યાં સુધી જગત રહેશે ત્યાં સુધી અને એ પછી પણ એ મહાપુરુષ કાયમ રહેશે' (પ્રકાશના પંથે, પાનું ૬૮૯).

(૨) 'મને તેમના પૂર્વજન્મનું જે જ્ઞાન થયું છે તે આપોઆપ જ મળ્યું છે...તા. ૨૬ ઓગસ્ટ ૧૯૫૭ ને સોમવારે રાત્રે એક વાગે મને એ અનુભવની પ્રાપ્તિ થઈ. તે વખતે હું ઋષિકેશમાં હતો. રાતે ધ્યાનાવસ્થામાં બેઠેલો ત્યારે મારા ચિત્તનો લય થઈ ગયો ને તે દશામાં મને એક આકસ્મિક દર્શન થયું. એક નાની સરખી છતાં સુંદર નદી હતી. તેને કિનારે નાની સરખી મઢૂલી. તેમાં એક સુંદર આસન પર ગાંધીજી બેઠેલા. તેમને જોઈને મને અત્યંત આનંદ થયો. તેમના મુખ પર ઊંડી શાંતિ છવાયેલી. તે વખતે બહારથી કોઈએ મીઠા સ્વરે ગાવા માંડયું :

નરસૈયો આ જન્મ લઈને મોહનદાસ થયો,
નરસૈયો આ વેશ લઈને મોહનદાસ થયો.

સ્વ. યોગેશ્વરજીનાં મુંબઈ અને ગુજરાતમાં ઘણાં વ્યાખ્યાનો, શિબિરો વગેરે તાજેતરમાં જ થઈ ગયાં છે. એમનાં પુસ્તકો પણ ઘણાં છે. 'પ્રકાશના પંથે' આત્મકથા પણ છે. તેથી અહીં ખાસ નોંધ મૂકી નથી.

સ્વ. અશોક મહેતા

✠ રમણલાલ ચી. શાહ

આપણા એક વિદ્વાન, તેજસ્વી અને લોકહિતચિંતક રાજદ્વારી નેતા શ્રી અશોક મહેતાનું ૭૩ વર્ષની વયે દિલ્હીમાં અવસાન થયું. એમના જવાથી ભારતમાતાએ પોતાનો એક ઉત્તમ સપૂત ગુમાવ્યો છે.

સ્વ. અશોક મહેતા સાથે થોડાક સમય માટે મારે પરિચય થયો હતો ઈ. સ. ૧૯૫૦માં મુંબઈમાં શરૂ થયેલાં 'જનશક્તિ' નામના સવારના દૈનિકના તેઓ તંત્રી નિમાયા હતા. એ વર્ષે એમ. એ.ની પરીક્ષા આપીને હું 'જનશક્તિ' ના તંત્રી-વિભાગમાં જોડાયો હતો. શ્રી અશોક મહેતા રોજેરોજ પોતાનો તંત્રીલેખ ઘરેથી લખીને મોકલી આપતા. ક્યારેક કાર્યાલયમાં આવીને ત્યાં બેસીને લખતા. તેમના તંત્રી – લેખ અંગ્રેજીમાં લખીને આપતા. અને તેના ગુજરાતી અનુવાદ અમારા તંત્રી વિભાગે કરવાનો રહેતો. ક્યારેક તંત્રીલેખનો અનુવાદ કરવાનું મારે માથે આવતું. આ નિમિત્તે અશોક મહેતાને મળવાનું થતું. પરંતુ તેમણે થોડા સમયમાં જ 'જનશક્તિ'નું તંત્રીપદ છોડી દીધું. ગુજરાતી છાપાના ઑફિસમાં બેસી રોજેરોજ છાપાનું લેખનકાર્ય કરવું તે એમની પ્રકૃતિને અનુકૂળ ન હોય એમ લાગ્યું.

શ્રી અશોક મહેતા સાથે આ રીતે મારે થોડા દિવસનો પરિચય. તેઓ સ્વભાવે શાંત અને મિતભાષી. તેમની વિચાર-શક્તિ બહુ ઉદાર અને ઉદાત્ત હતી. મને તે સમયના યુવાન રાજદ્વારી નેતાઓમાં શ્રી અશોક મહેતા પ્રત્યે પહેલેથી સાવશેષ આદર હતો. અને તે તેમના સંપર્કમાં આવતાં વધ્યો હતો. બી. એ. અને એમ. એ. માં મેં ગુજરાતી વિષય લીધો હતો. એટલે ગુજરાતી સાહિત્યના પોષણ અને સંવર્ધન માટે, ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના માટે તથા બીજા અનેક ક્ષેત્રોનાં કાર્ય માટે સ્વ.પ્નસેવી સ્વ. રણજિતરામ વાવાભાઈ મહેતાએ જે કાર્ય કરેલું છે તેનાથી હું પરિચિત. એટલે રણજિતરામ મહેતાના આ તેજસ્વી પુત્ર અશોક મહેતા પ્રત્યે પણ મને ખૂબ આદર હતો. કોઈક વખત એમની સાથે રણજિત-રામ વિશે વાતચીત પણ થઈ હતી. શ્રી અશોક મહેતા સાથે 'જનશક્તિ'નું તંત્રીપદ છોડ્યા પછી સંપર્ક બહુ રહ્યો નહિ, પરંતુ અશોક મહેતા માટે મારા અંતરમાં આદરની એક લાગણી સતત રહ્યા કરી હતી.

આઝાદી પછીનાં થોડાંક વર્ષોમાં આપણા કેટલાય રાજદ્વારી નેતાઓની તાસીર બદલવા લાગી હતી. સત્તા-લોલુપતા અને ખટપટ વધવા માંડ્યાં હતાં અને પછીથી તો સિદ્ધાંતવિહીનતાએ અને ભ્રષ્ટાચારે ઘણા નેતાઓને મહાત કર્યા હતા. પરંતુ એ બધામાં જે થોડાક નેતાઓ જીવનના અંત સુધી એકસરખા પ્રામાણિક અને ઉદાત્ત રહી શક્યા તેમાં અશોક મહેતાને ગણાવી શકાય. પિતા તરફથી મળેલો સાંસ્કારિક વારસો એમણે દીપાવ્યો હતો.

ભાવનગરમાં ઈ. સ. ૧૯૧૧માં જન્મેલા અશોક મહેતાએ મુંબઈની વિલ્સન કૉલેજમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો. આઝાદીની ચળવળ વખતે અભ્યાસ છોડી તેમણે ત્રણ વર્ષ કારાવાસ સેવ્યો હતો. નાસિકની જેલમાં તેઓ જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા, અચ્યુત પટવર્ધન, એસ. એમ. જોશી વગેરે નેતાઓના સંપર્કમાં આવ્યા હતા અને જેલમાંથી છૂટ્યા પછી સમાજવાદી પક્ષની સ્થાપના તેમણે કરી હતી.

૧૯૫૪માં તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. એ સમયે લોકસભાની જુદી જુદી સમિતિમાં એમણે જે કામ કર્યું તેની ઘણી ઊંડી માનભરી છાપ તે સમયના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના ચિત્ત પર પડી હતી. એથી જ, વિચારસરણીમાં મતભેદ હોવા છતાં જવાહરલાલ એમની શક્તિનો ઉપયોગ કરવા હંમેશા તત્પર રહેતા. આયોજન પંચના ઉપાધ્યક્ષ તરીકે જ્યારે એમને સ્થાન અપાયું ત્યારે આધિકારપૂર્વક મળતા વાહનનો અશોક મહેતાએ અસ્વીકાર કર્યો હતો. ત્યાર પછી કેન્દ્રના પ્રધાનમંડળમાં આયોજન ખાતાના અને પછીથી પેટ્રોલિયમ અને રસાયણ ખાતાના પ્રધાન તરીકે તેમણે પોતાની સેવા આપી ત્યારે પગાર તરીકે સરકારમાંથી તેઓ પ્રતીકરૂપે માત્ર એક રૂપિયો લેતા. સરકારી પદ દ્વારા વધુ ને વધુ આર્થિક લાભ મેળવી લેવાની વૃત્તિવાળા આપણા વર્તમાન રાજદ્વારી નેતાઓની સરખામણીમાં સ્વ. અશોક મહેતાની એક જુદી જ છાપ આપણા મનમાં ઉપસે છે. એમની સિદ્ધાંતનિષ્ઠા પણ એટલી કે ૧૯૬૮માં સોવિયેટ યુનિયને ચેકોસ્લોવેકિયા ઉપર આક્રમણ કર્યું અને વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ તેનો વિરોધ કરતું નિવેદન ન કર્યું તો અશોક મહેતાએ પ્રધાનમંડળમાંથી રાજીનામું આપી દીધું.

સ્વ. અશોક મહેતા પ્રામાણિક અને પારદર્શક હતા. ભાષણબાજી કરીને અનેક લોકોને આંજી દઈને મોટા લોકનેતા બનવાની વાસના તેમનામાં નહોતી. કદાચ એવી પ્રકૃતિ કે આવડત પણ નહિ હોય. પરંતુ પોતાની સરળ, સહૃદય, નિર્દોષ, નિખાલસ, પ્રકૃતિને કારણે તેમના નિકટના સંપર્કમાં આવેલ દરેક વ્યક્તિ તેમનાથી પ્રભાવિત થયા વિના રહેતી નહિ.

ગાંધીજી વિષે તત્કાલીન સંતો

✠ ડૉ. કાન્તિલાલ શાહ

પૂજ્ય પ્રેમરાય બાપુ (૧૮૮૮–૧૯૫૦)

(નોંધ :– શ્રી પ્રેમરાય મૂળરાય પંડ્યા એક ગૃહસ્થ અને છૂપા સંત હતા. મૂળ રાજપીપળાના વતની, અમદાવાદમાં સ્થાયી થયેલા. સ્વ. મણિલાલ કોઠારી તથા સરદાર વલ્લભભાઈના પરિચયમાં આવ્યા હતા. ટપાલ ખાતામાં સૉર્ટરની નોકરી કરતા. અખિલ હિંદુસ્તાનના ટપાલ ખાતાના સરકારી કર્મ-ચારીઓની પહેલવહેલી હડતાળ એમણે પડાવેલી. હડતાળ તો સફળ થઈ હતી, પણ એમને ઘેર બેસવું પડેલું. એમના સંતત્વની સુવાસ ધીમે ધીમે પ્રસરી હતી. પાછળથી સ્વ. સરલાદેવી સારાભાઈ, શ્રીમતી ભારતીબહેન સારાભાઈ, શ્રીમતી પ્રભાવતી રાજે, સ્વ. રતિલાલ તેલી, સ્વ. મુકુંદરાય ઠાકોર

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૧)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

રાજકારણમાં નિવૃત્તિ

રમણલાલ ચી. શાહ

લોકસભાની ચૂંટણીમાં પરાજિત થયેલા એક ઉમેદવારે જૂનવાણી વયોવૃદ્ધ નેતાઓ સામે પોતાનો રોષ વ્યક્ત કરતાં કહ્યું કે જ્યાં સુધી ઘરડાંઓ રાજકારણમાંથી નિવૃત્ત નહીં થાય ત્યાં સુધી દેશનો ઉદ્ધાર થવાનો નથી.

રાજકારણમાં પણ નિવૃત્તિની વય ફરજિયાત રીતે દાખલ થવી જોઇએ એવો પણ કેટલાકનો અભિપ્રાય છે. મુખ્ય પ્રધાન કે વડા પ્રધાનના પદ ઉપર માણસે દસ વર્ષથી વધુ ન રહેવું જોઇએ એવું વલણ પણ કેટલાક ધરાવે છે.

સરકારી કે અર્ધસરકારી નોકરીમાં નિવૃત્તની વય અઠ્ઠાવન કે સાઠ વર્ષની રાખવામાં આવી છે. એ નિયમ રાજકારણમાં પડેલાને પણ લાગુ પડવો જોઇએ એવું કેટલાકને લાગે છે, તો બીજી બાજુ એ ઉંમર પછી જ ખરી રાજદ્વારી કારકિર્દી શરૂ થાય છે એવો પણ કેટલાકનો મત છે.

આપણી ભારતીય પરંપરામાં પચાસ વર્ષ પછી વાનપ્રસ્થાશ્રમ અને સાઠ વર્ષ પછી સંન્યાસનો ઉપદેશ અપાયો છે. જેમણે પોતાનું વ્યક્તિગત જીવન સારી રીતે જીવવું છે તેમને માટે આપણી પ્રાચીન વર્ણાશ્રમની પ્રથા આદર્શરૂપ છે. જીવનનાં અહોળા અનુભવો અને અવલોકનો પછી આવી વ્યવસ્થા વિચારાઇ છે, પરંતુ બહુ ઓછા લોકો એ નિયમને જીવનમાં ઉતારે છે.

પચાસ કે સાઠની ઉંમર પછી સામાન્ય રીતે માણસની ગ્રહણશક્તિ, વિચારશક્તિ, ચાતુર્ય, સ્મરણશક્તિ, વગેરે ક્ષીણ થવા લાગે છે. શરીરમાં કોઇ રોગ ઉત્પન્ન ન થયો હોય તો પણ શારીરિક તાકાત ઘટવા લાગે છે. એટલા માટે લશ્કરમાં ભરતી થયેલા યુવાનો પોતાની રેન્ક પ્રમાણે ૪૨ ની ઉંમર આસપાસ નિવૃત્ત થઇ જતા હોય છે. જેમને યુદ્ધમોરચે લડવાનું નથી હોતું એવા ઊંચા હોદ્દો ધરાવતા ઓફિસરો પણ લગભગ પચાસની ઉંમરે નિવૃત્ત થતા હોય છે ૪૫ ની ઉંમર પછી માણસની શારીરિક તાકાત ઘટે છે, તે દુનિયાના તમામ લશ્કરી નિષ્ણાતોનો સર્વસ્વીકૃત અભિપ્રાય છે.

જેમ ઉંમર વધે તેમ ડહાપણ અને અનુભવ વધે. એટલે જે વ્યવસાયોમાં માણસને એક જ સ્થળે શાંતિથી બેસીને કામ કરવાનું હોય ત્યાં માણસ ૭૦-૮૦ની ઉંમર સુધી પણ સારું કામ કરી શકે. વકીલો, દાક્તરો, અધ્યાપકો, અર્થશાસ્ત્રીઓ, ચિત્રાનિકો, સાહિત્યકારો વગેરેનાં ક્ષેત્રોમાં માણસની તેજસ્વિતાની સાથે અનુભવ-સમૃદ્ધિ ભળતાં મોટી ઉંમરે તેઓની કામગીરી દીપી ઉઠે છે.

દુનિયાના બીજા કેટલાક દેશો કરતાં ભારતની પરિસ્થિતિ જુદી છે. ભારતમાં વસ્તિ પુષ્કળ છે અને આર્થિક પછાતપણું પણ ઘણું છે. એટલે રાજદ્વારી ક્ષેત્રે સત્તાકાંક્ષી ઉમેદવારો ઘણા હોય છે, કારણ કે સરેરાશ ભારતીય નાગરિકની મીટ પોતાના તારણહાર રાજદ્વારી નેતા ઉપર મંડાયેલી રહે છે. આથી જ ભારતના રાજદ્વારી નેતાઓને છાપાંઓમાં ઘણી પ્રસિદ્ધિ મળે છે. પ્રજા પણ એટલા માટે રાજકારણમાં વધુ રસ લે છે. અમેરિકા, રશિયા, ચીન, સ્વિટ્ઝરલેન્ડ જેવા દેશોમાં સરેરાશ નાગરિક રાજકારણમાં જેટલો રસ લે છે તેથી વધુ રસ ભારતનો સરેરાશ નાગરિક લે છે, સમૃદ્ધ દેશોમાં પ્રજાના આર્થિક પ્રશ્નો બહુ મોટા હોતા નથી. પ્રજા ખાધેપીધે સુખી હોય છે અને રહેવા ઘર હોય છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાયેલી હોય છે એટલે રાજકારણમાં રસ લેવાની વૃત્તિ ઊંડે ઊંડે ઓછી હોય છે. ભારતનો નાગરિક રાજકારણમાં રસ લે છે કારણ કે એને આવતી કાલની ચિંતા છે. સત્તા પર આવેલી વ્યક્તિ તેને માટે શું કરી શકશે તે માટે તે આતુરતાથી રાહ જોઇને બેઠો હોય છે. તેને રાજકારણમાં રસ ન લેવો હોય તો પણ રાજદ્વારી ક્ષેત્રે પડેલી વ્યક્તિઓ તેને આજ્ઞાનાં વચનો આપીને રસ લેતો કરે છે.

સક્રિય રાજકારણમાં પડેલા માણસ માટે તેમાંથી જલદી નિવૃત્ત થવું સરળ નથી. ભારત જેવા વિશાળ દેશમાં ગ્રામપંચાયતના પ્રમુખસ્થાનથી વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ સુધીનાં ઘણાં બધાં સત્તાસ્થાનો હોવાથી, રાજકીય વ્યક્તિઓની જલદી વાસના-મોક્ષ થતો નથી. રાજકારણના પ્રવાહો વેગથી વહે છે. એથી માણસનો રાજકીય રસ જીવનના અંત સુધી સતત જીવંત રહે છે. સ્ટ્રેચરમાં જતાં જતાં કે હોસ્પિટલના બિછાનેથી પણ સતત રાજકીય સંપર્કમાં રહેવાના પ્રયાસો થાય છે. ચૂંટણીજંગમાં ઝુકાવનારા કોઇક ચૂંટણીમાં વિજય મેળવે છે, પરંતુ પરિશ્રમ એટલો પડે છે કે તબિયત લથડી જાય છે. કોઇક મૃત્યુના મુખમાં ધકેલાઇ જાય છે.

રાજકારણમાં હાજા, પીઢ, અનુભવી અને સ્વસ્થ માણસ વધુ સારું કામ કરી શકે છે. આ બધાં લક્ષણો મોટી ઉંમરે

વિશેષ પ્રાપ્ત થાય છે. એટલે દુનિયાના ઘણા દેશોમાં રાજકારણમાં યુવાનો કરતાં પ્રૌઢ કે વૃદ્ધ માણસો ટોચના સ્થાને બિરાજે છે. આપણે ત્યાં ગાંધીજી, જવાહર, સરદાર, રાજેન્દ્રબાબુ, રાધાકૃષ્ણન્ વગેરેએ સિત્તેરની ઉંમર વટાવ્યા પછી પણ ઘણું સંગીન કાર્ય કર્યું હતું. ચર્ચીલ, સ્ટેલિન, રૂઝવેલ્ટ, માઓ ત્સે તુંગ વગેરે ઘણા વયોવૃદ્ધોનાં નામો સાંભળવા મળશે. ઘરડા માણસો રાજકારણમાં સારું કામ ન કરી શકે એવો કોઇ નિયમ નથી, અને વૃદ્ધ રાજકીય વ્યક્તિઓ જલદી રાજકારણ છોડી દે એવી એમની પ્રકૃતિ હોતી નથી.

રશિયા, ચીન, યુરોપના કેટલાક દેશોમાં અત્યારે પણ ૭૫–૮૦ ની ઉંમર વટાવી ચૂકેલા રાજદ્વારી પુરુષો સત્તાસ્થાને બિરાજતા હોય છે. ત્યાં રૂપર્ધા ઓછી હોય છે અને ચૂંટણીની પદ્ધતિ એવી હોય છે કે જેમાં વયોવૃદ્ધ માણસો જ આવાં સ્થાન પર આવી શકે. અપવાદરૂપ કયારેક નવા માણસો પણ એવું સ્થાન મેળવી જાય છે. પરંતુ એકંદરે આદરણીય સ્થાન આદરણીય વ્યક્તિને અપાતું હોવાથી વિવાદ ઓછો થાય છે. એવા નેતાઓને બહુ દોડધામ કરવાની હોતી નથી. ભારતમાં જેમ છાશવારે સમારંભોમાં હાજરી અપાય છે તેવી હાજરી આપવાની હોતી નથી કે ભારત જેવી જબ્બર અમલ્યાઓ હોતી નથી કે સત્તાના દાવપેચ બહુ ખેલાતા નથી. એટલે અનુભવસમૃદ્ધ વયોવૃદ્ધ રાજદ્વારી નેતા એવા સ્થાનને સારી રીતે શોભાવી શકે છે.

આમ છતાં વયોવૃદ્ધ નેતાઓ સત્તાના સ્થાન પરથી સ્વેચ્છાએ જલદી નિવૃત્ત થઇ રાજદ્વારી ક્ષેત્રે યુવાનોને વહેલું સ્થાન મેળવવા દે અને પોતે નિરીક્ષક, માર્ગદર્શક કે સલાહકાર તરીકે કામ કરે તો યુવાનોમાં નિરાશા કે નિર્વેદ બહુ વ્યાપે નહિ. ભારતમાં એની વિશેષ જરૂર છે.

રાજશાહીમાં રાજા નેવું વર્ષનો થયો હોય અને તેનો મોટો પુત્ર પાંસઠ-સિત્તેરની ઉંમરે પહોંચવા આવ્યો હોય તો પણ તે રાજકુમાર કહેવાય ને રાજગાદી પર તેને બેસવા મળે નહિ. આવું જ્યારે થાય ત્યારે દીકરો એમ ઇચ્છે કે બાપ જલદી મરે તો સારું, જેથી પોતાને મરતાં પહેલાં રાજગાદી ભોગવવા મળે. પ્રાચીન સમયમાં કેટલાક આદર્શવાદી રાજાઓ સમય થતાં રાજકુમારને ગાદીએ બેસાડી પોતે સંન્યસ્ત લઇ લેતા. પરંતુ આવું બનેદરે બનતું. ઇંગ્લંડમાં હમણાં એવો લોકમત થયો છે કે રાણી એલિઝાબેથે ગાદી છોડી પ્રિન્સ ચાર્લ્સને ગાદીએ બેસાડવો જોઇએ.

સત્તા ભોગવ્યા પછી માણસને સત્તારહિત રહેવું ગમતું નથી. માણસને સત્તાનું પણ વ્યસન થઇ જાય છે. એટલે સત્તાસ્થાન પર વધુ સમય ચીટકી રહેવા માટે તે જબરો પુરુષાર્થ કરે છે.

વળી ભારતમાં તો સત્તાધીશોને ટૂંકટૂંક ખૂબ માનપાન મળે છે અને છાપાં, રેડિયો, ટી. વી. વગેરે પ્રચારનાં માધ્યમો દ્વારા ખૂબ પ્રસિદ્ધિ મળે છે એનો અનુભવ કર્યા પછી સામાન્ય માણસ બનવું તેને ગમતું નથી. સત્તા પર હોય ત્યારે બે-પાંચ મિનિટની મુલાકાત માટે પણ કેટલાય લોકોની લાઇન લાગતી હોય અને સત્તા પરથી ઊતરી ગયા પછી મળવા માટે કોઇ ચકલું ફરકતું ન હોય ત્યારે તેને વસમું લાગે છે. એટલા માટે સત્તાસ્થાન પર બેસી રહેવાની તેમની લાલસા ઘણી પ્રબળ હોય છે.

રાજકારણમાં પડેલા બધા જ માણસોને હૈયે ઊંડી દેશદાઝ હોય છે એમ નહીં કહી શકાય. કેટલાક માણસોનું ધ્યેય ઊંચામાં ઊંચું પદ મેળવીને પોતાની અંગત કારકિર્દીને સફળ બનાવવાનું હોય છે. એ પદ દ્વારા પછી લોકકલ્યાણ થાય તો પણ ભલે અને ન થાય તો પણ ભલે. વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા જ એમને મન સર્વોપરી હોય છે.

કેટલાક નેતાઓના હૈયામાં લોકકલ્યાણની ઉત્કટ ભાવના પડેલી હોય છે, અને તેઓ લોકોની વચ્ચે રહીને પોતાનું કામ કરતા હોય છે. તે માટે પોતાને કોઇ સત્તાનું સ્થાન મળ્યું તો ય ઠીક ને ન મળ્યું તો ય ઠીક.

કેટલાકમાં લોકકલ્યાણની ભાવના અને અંગત મહત્ત્વાકાંક્ષા બંને સાથે સાથે ચાલે છે, પરંતુ અંગત મહત્ત્વાકાંક્ષાને તેઓ ઓછી પ્રગટ થવા દે છે. અને લોકસેવક હોવાનો દેખાવ સારો કરી શકે છે. માત્ર અંગત મહત્ત્વાકાંક્ષાવાળા નેતાઓ કરતાં તેઓ વધુ શ્રેષ્ઠ છે.

પદ અને સત્તા દ્વારા પ્રજાકલ્યાણનાં કાર્યો ત્વરિત અને મોટા પાયા પર થઇ શકે છે એ સાચું, પરંતુ પ્રજાકલ્યાણનાં કાર્યો કરવા માટે સત્તાસ્થાન અનિવાર્ય નથી. ગાંધીજી, વિનોબા, જયપ્રકાશ, રવિશંકર મહારાજ વગેરે એનાં જ્વલંત ઉદાહરણો છે. આપણા દેશનેતાઓએ પ્રજાકલ્યાણની સાચી ભાવનાથી કાર્ય કરવું જોઇએ. આપણા વયોવૃદ્ધ રાજદ્વારી નેતાઓએ–મોરારજી દેસાઇ, જગજીવનરામ, ચરણસિંહ વગેરેએ સત્તાસ્થાનથી દૂર રહી, કોઇ સંસ્થા દ્વારા કે વૈયક્તિક ધોરણે લોકકલ્યાણનાં કાર્યો પાછળ પોતાની શક્તિ ખર્ચવી જોઇએ.

રાજીવ ગાંધી દ્વારા દેશને યુવાન નેતાગીરી ધાર્યા કરતાં વહેલી સાંપડી છે. આપણા રાજકારણમાં યુવાનોને વહેલું અને વધુ સ્થાન મળે એ જરૂરી છે, અને યુવાનોએ વયોવૃદ્ધ નેતાઓને ન ધિક્કારતાં વારંવાર તેમની પાસે સલાહ અને માર્ગદર્શન માટે જવું જોઇએ. યૌવનનાં સ્ફુર્તિ, ઉત્સાહ, તરવરાટ, તમન્ના વગેરેની સાથે વૃદ્ધોનાં અનુભવ, ડહાપણ અને સ્વસ્થતાનો સમન્વય થાય તો પરસ્પર પ્રેમભર્યા સહકાર દ્વારા ઘણું સિદ્ધ કરી શકે.

(પાના નં. ૧૮૨ થી ચાલુ)

તો પતિ કે સાસુસસરાના વાંકને માફ કરી, જાતને વાળી લે છે.

સ્ત્રીની ક્ષમા અને પ્રેમની લાગણી શેકસપીઅરનાં ઘણાં નાટકોમાં ઉત્તમ રીતે વ્યક્ત થઇ છે.

ગાંધીજીના પ્રેમધર્મની વાત કરીએ તો, ગાંધીજી ઉપર પૂર્વ અને પશ્ચિમના સંસ્કાર પડ્યા હતા. ગાંધીજી સંપૂર્ણ પુરુષ ન હતા. ગાંધીજી અને રામ માનવ હતા. તેમની મર્યાદાઓ સમજવી જોઇએ. ગાંધીજીનો પ્રેમ સેવા રૂપે પ્રગટ થયો. ગાંધીજીના જીવનનાં પાછલાં વર્ષો તપ, સંયમ અને તિતિક્ષામાં ગયાં. એનો ભય એ છે કે, એથી વ્યક્તિ કઠોર થઇ જાય. ગાંધીજીની કડક શિક્ષા સામે એમના પુત્ર હરિલાલે બળવો કર્યો હતો. ગાંધીજીને પોતાના આગ્રહોની ભૂલ પણ સમજાઇ હતી. એમણે પત્રોમાં હરિલાલની માફી પણ માગી છે.

ગાંધીજીમાં આપણને કરુણાવતાર બુદ્ધનું દર્શન થાય છે. રામસ્મરણનો તો એમને મોટો આધાર હતો.

આપણા સૌમાં પ્રેમશક્તિ જીવંત રહો.

ત્રણે વ્યાખ્યાનોનું સુંદર વિશ્લેષણ કરી અધ્યક્ષ શ્રી રમણલાલ શાહે સમાપન કરતાં કહ્યું હતું કે આવા ગહન અને વિસ્તૃત વિષયમાં સમય ઓછો પડે છે. પ્રેમનાં વિવિધ સ્વરૂપો છે જેનો પ્રા. ચી. ના. પટેલે સુંદર આસ્વાદ આપણને કરાવ્યો છે.

આમ વિદ્યાસત્રનું આ જ્ઞાનપર્વ પ્રેમધર્મની વિશદ ચર્ચાથી પ્રેમમય બની ગયું હતું.

બદાણિયા અને નર્તકો

● જયેન્દ્ર ત્રિવેદી

સ્વ. ઇન્દિરાજીની રશિયાની એક મુલાકાત સમયે તેમને કેટલીક મંડળીઓનાં લોકનૃત્યો દેખાડવામાં આવેલાં. આ નૃત્યોથી પ્રભાવિત થઇને તેમણે એ જ સમયે નેપથ્યમાં જઇને એ મંડળીઓને ભારત આવવાનું નિમંત્રણ આપેલું. સંજોગ એવો બન્યો કે એ નર્તકો ભારત આવે તે પહેલાં ઇન્દિરાજીની હત્યા થઇ. એટલે નૃત્યોનો એ આખો કાર્યક્રમ ઇન્દિરાજીની સ્મૃતિમાં દિલ્હીમાં પ્રસ્તુત કરવામાં આવ્યો, જે દૂરદર્શન પરથી તે જ સમયે પ્રદર્શિત થયો!

એ કાર્યક્રમ આંખની ઉજાણી સમો હતો. નેત્રેન્દ્રિય અને શ્રવણેન્દ્રિય વચ્ચે સ્પર્ધા ચાલેલી કે ચિત્તને કોણ વધારે પ્રસન્ન કરી શકે છે! આવું અનેક વાર બને છે એ મનુષ્ય-જાતિનું સદ્‌ભાગ્ય છે! સ્વયંવર પહેલાં પુષ્પવાટિકામાં ગૌરીપૂજન માટે સીતાજી ગયેલાં ત્યાં દૈવસંયોગે રામ-લક્ષ્મણ વિશ્વામિત્ર માટે ફૂલ વીણવા આવેલા. સીતાજીની એક સખી તેમને જોઇ ગઇ અને મુગ્ધ બની ગઇ. તેની દશા જોઇ સીતાજીએ કારણ પૂછ્યું તો બન્ને રાજકુમારોના સૌન્દર્યથી પોતે અભિભૂત છે તેમ જણાવ્યું. સીતાજીએ એ સૌન્દર્યનું વર્ણન કરવા કહ્યું તો પેલી કહે :

'સ્યામ ગૌર કિમિ કહૌં બખાની, ગિરા અનયન, નયન બિનુ બાની!' અર્થાત્ એ સ્યામ અને ગૌર વર્ણના બન્ને રાજકુમારોના સૌન્દર્યનું વર્ણન કરવા હું સર્વથા અસમર્થ છું. કારણ જીભને આંખો નથી અને આંખોને વાણી નથી! જુઓ એક ઇન્દ્રિય અને વર્ણન કરે બીજી ઇન્દ્રિય તો એમાં શું ભલીવાર હોય! આઇસક્રીમ આલિયો ખાય અને માલિયાને આપણે એના સ્વાદનું વર્ણન કરવા કહીએ એવો ઘાટ થાય!

પણ આ નૃત્યો માણતી વખતે બન્ને ઇન્દ્રિયો સંપીને સ્પર્ધા કરતી હતી! કર્ણમધુર સંગીતના તાલે તાલે નર્તકોની, ખાસ કરીને મુખ્ય નર્તકીની-સફેદ પરી જેવી એ નૃત્યાંગના જ્યારે સરોવર મધ્યે હંસીના સ્વરૂપે ડોલતી ડોલાવતી હતી ત્યારે એની અદ્‌ભુત નૃત્યકળાની નયનરમ્ય લીલાઓની-વિચિત્રવિચિત્ર ભંગિમાઓ અને છટાઓ દર્શકોના ચિત્તને અવર્ણનીય આનંદથી પરિતૃપ્ત કરતી હતી ત્યારે નેત્રેન્દ્રિય અમુખ હતી છતાં શ્રવણેન્દ્રિય એનાથી તસુભારે ય ઓછી ઊતરતી ન હતી! સંગીત અને નૃત્યની અજબગજબની જુગલ-બંધી ચાલતી હતી!

કળાઓમાં નૃત્યકળા ઉત્તમ છે કારણ બધી કળાઓનો એમાં સુભગ સમન્વય રચાય છે અને એથી જ માણસ જાતને નાચવું ગમે છે. પૃથ્વીના પટ પર એવી પ્રજા ભાગ્યે જ મળી આવશે જેને નૃત્યનું આકર્ષણ ન હોય! ગુજરાતણોના રાસ-ગરબા જગતભરની પ્રજાઓને તૃપ્ત કરી શકે એમ છે. નૃત્યમાં શક્તિ સૌન્દર્યની સંગિની બને છે! અને એટલે જ નર્તકો ઓલિમ્પિક સ્પર્ધાના ઉત્તમ ખેલાડીઓ કરતાં વેંત એક ઊંચા દુરે છે. ગયા દાયકામાં રુમાનિયાની પેલી અદ્‌ભુત કુમારિકા નાદિયાએ પોતાની વ્યાયામપટુતાથી આખા સંસારને પ્રભા-વિત કરેલ. ચન્દ્રકો તો તેણે જીતેલા જ, પણ દર્શકોનાં ચિત્ત પણ તેણે જીતેલાં. ૧૯૮૪ની ઓલિમ્પિક રમતોમાં એ કોચ થઇને આવેલી. આ ખેલાડીઓનું સ્પર્ધા-આયુષ્ય સાધારણ રીતે અલ્પજીવી હોય છે.

અને મને અચાનક યાદ આવ્યા બદાણિયા! પૈસા બે પૈસામાં સામાન્ય જનતાનું મનોરંજન કરી પેટ ભરતા બદાણિયાની પણ એક ખાસ કોમ હોય છે! આ નટો પણ અજબગજબની સ્ફુર્તિ, શક્તિ અને આવડત ધરાવતા હોય છે. સામસામી ત્રણ વળીઓ પર બાંધેલી દોરી પર હાથમાં વાંસ લઇને સમતુલા સાચવતા ચાલતા, દોડતા, કૂદતા બદાણિયા-ઓએ મને હંમેશાં આકર્ષ્યો છે. સરકસની પેપર-એક આવૃત્તિ જેવા આ બદાણિયા ગ્રામ-પ્રજાને પોતાના હૈરતભર્યા ખેલોથી આંજી દઇ રોટલા રળે છે!

મારા દેશના આ બદાણિયાઓને નર્તકોની તાલીમ મળે એવી વ્યવસ્થા કયારે ઊભી થશે! કોઇ પંચવર્ષીય યોજનામાં આવી તાલીમશાળાની કલ્પના પણ કોઇને કયારેય આવશે ખરી? બદાણિયાનાં બાળકો દોરી પર સમતુલા જાળવવાનો ખેલ જ કર્યા કરશે? એમની શક્તિને સૌન્દર્યની સાધનામાં વાળવાનું શકય નહીં બને? મને ભય છે કે એવું કોઇને સૂઝે એ પહેલાં જ બદાણિયાના ખેલ બંધ થઇ જશે! આમેય એ કોમ બીજે કામધંધે વળી ગઇ લાગે છે. આપણે સમયસર કોઇ કામ કરી શકતા જ નથી! નહીં તો ભારતના વિશાળ સાગરકાંઠે રહેતા ગરીબ ખારવાના છોકરાઓ તાલીમ પામીને ભારતીય નૌકાદળના મોટા અફસરો બન્યા હોત! જંગલોની વનસ્પતિઓથી જાતભાતના રોગ મટાડનારા આદિવાસીઓ આયુર્વેદ કોલેજોના આચાર્ય બન્યા હોત! નવી ટેકનોલોજીની છૂટથી આયાત કરીએ પણ દિનપ્રતિદિન નષ્ટ થતી રહેતી ભારતની પરંપરાગત વિદ્યાઓને વિકસાવવાની મૂળભૂત જરૂરિયાતો તરફ શાસનનું ધ્યાન કયારે ખેંચાશે? ભારતની પ્રજાએ હવે પોતાની આશા-આકાંક્ષા રાજીવ ઇન્દિરા ગાંધીને સોંપી છે ત્યારે પેલા બદાણિયાની જેમ રાજીવે આધુનિકતા અને પરંપરાની સમતુલા જાળવવી પડશે અને આ સમતુલનનું કાર્ય એક કુશળ નર્તકની અદાથી સૌન્દર્યથી રસેલું રાખવું પડશે! પરંપરાના પુષ્પ જોડે આધુનિકતાના અંકુરનું સહઅસ્તિત્વ કુદરત રાખે જ છે એટલે એકવીસમી સદીને દાયકા વહેલી અવતારવાનું કાર્ય આવકાર્ય છે જ, પરંતુ સાથે સાથે ગત શતાબ્દીઓનો આપણો વારસો અને વૈભવ જાળવવાનો છે એટલું જ નહીં, એનું યુગાનુરૂપ મૂડીરોકાણ કરવાનું છે, જેથી એકવીસમી સદી નરી માનવતા-હીન ટેકનોલોજીને બદલે માનવીય નવ્ય જીવનનું વરદાન વળતર રૂપે, ડિવિડન્ડ રૂપે, બોનસ રૂપે ભારતના બદના આદમીને આપે!

ઇન્દિરાજીએ રશિયાના નર્તકોને ભલે નિમંત્રણ આપ્યું, આપણા બદાણિયા ઉત્તમ તાલીમના અંતે શ્રેષ્ઠ નર્તકો બનીને પૃથ્વીના પટ ઉપર યત્ર તત્ર સર્વત્ર માનવકુળની કળાભૂખને તૃપ્ત, પરિતૃપ્ત કરી શકે એ દિશામાં રાજીવ પ્રયત્ન કરશે? તથાસ્તુ!

ઊઠાં ભણાવવાની વિદ્યા

● 'પ્રાત્ય'

જૂની ઘૂડી નિશાળોના ભણતરમાં આંક-લેખાને બહુ જ મહત્ત્વ અપાતું. અમારા મારતરોને ઓકડે એકથી ચાળીસાં સુધીના આંક મોઢે હતા. અમને ત્રીસાં સુધીના આંક ચાલતા. ત્યાર પછીના દસકામાં વીસાં સુધીની મેપાઢ નકકી થઇ. અમારા વખતમાં વીસાનો અભ્યાસક્રમ કન્યાશાળા માટે હતો તે હવે કુમારશાળામાં આવ્યો. આમ સરલીકરણની પ્રક્રિયા ચાલુ રહી. અમેરિકામાં આપણા હિંદી યુવાનો આંકની મેપાઢના બળે કડકડાટ દાખલા કરે છે તે જોઇને અમેરિકન છોકરાઓ મોંમાં આંગળાં નાખી જાય છે. તેઓ હિસાબ વખતે મણકાવાળી વાપરીને મણકા ખસેડયા કરે છે.

આંકમાં એકડેએકથી ચાલીસાં પછી પા, અરધું, પોણું, સવા, દોઢ, અને અઢી સુધીના આંક અમને ગોખાવતા. અમારા મારતરો સાડાત્રણ સુધીના આંક શીખેલા, જે અમારા વખતમાં બાળકનો બોજો ઓછો કરવા કાઢી નાખવામાં આવેલા. આ સાડા ત્રણના આંકને ઊઠાં કહે છે. અખા-ભગત કહે છે :–

"ઊંઠ હાથનો હું જે ધડયો, તે તે કયાં અળગો જઇ પડયો ?
ઊંઠ હાથમાં સૌ કો રમે. જગજોગ એટલામાં ભમે.
ઊંઠ હાથનું ગણતા આપ, તે નર જાણે નહીં અમાપ
ઊંઠ હાથ તરુ ચંદન તણો, ઊગે વણ વાવ્યો નહિ ઘણો."

દસે પા અઢી થાય પણ દસે ઊંઠે પાંત્રીસ થાય. બીજા આંક વિમાનની ગતિએ ચાલે તો ઊંઠાં રોકેટની ગતિએ ઊડે ! બીજા આંકની ગતિ કાચબાની તો ઊઠાંની ગતિ ઊંટની. એકવાર ઊપડે એટલે લાંબી ફલાંગે જાય વાળેવાજ ! આની ઉપરથી ઊઠ્ઠા એટલે મોટી મોટી વાતો કે બડી બડી બાતાં. બીજા અર્થમાં કહીએ તો ઊઠાં એટલે ગપ્પાં. સાચુંખોટું, ઊંધુંચત્તું, આડુંઅવળું કોઇ બીજાને ખેલકૂદ બનાવે તો કહેવાય કે ભાઇને ઊઠાં ભણાવ્યાં !

ઊઠાંનો ઇતિહાસ લાંબી ફલાંગે બહુ જૂના જમાનાથી ચાલ્યો આવે છે. કવિ કહે છે : 'વર્ષો સહસ્ર ફૂદતાં મૃગલાની ફાળે' આ ઇતિહાસ મહાભારત સુધીનો મળે છે.

એક અસુરે મહાદેવને પ્રસન્ન કરીને વજ્રપેટી માગી જેથી શ્રી કૃષ્ણને તેમાં પૂરી મારી નખાય. શ્રી કૃષ્ણ વૃદ્ધ વિપ્રનો વેશ લઇને ત્યાં આવ્યા અને પેલાને કહ્યું : 'તારો બાપ મારો યજમાન હતો. તેથી તારા ભલા માટે હું તને કહું છું કે આ વજ્રપેટીને ચમત્કારી માનીશ મા. મહાદેવ ભંગેરી કહેવાય. ભાંગના કેફમાં ફાવે તેમ બકે. આ પેટીમાં પૂરેલાનું મરણ નીપજે તેની કોઇ ખાતરી ખરી કે ? તું માત્ર આ પેટીમાં બેસી જો અને જાતે ખાતરી કરી લે કે તારું નામ લેનાર કોણ છે ?' પેલો અસુર પેટીમાં બેઠો એટલે શ્રીકૃષ્ણે ઢાંકણું કર્યું બંધ ! આમ શ્રીકૃષ્ણે પોતાને મારવા આવનારને ઊઠાં ભણાવ્યાં.

ભસ્માસુરે તપ કરી મહાદેવને રીઝવ્યા. મહાદેવ કહે કે 'માગ માગ.' પેલાએ કહ્યું : 'જેને માથે હાથ મૂકું તે ભસ્મ થાય.' ભોળાનાથ કહે કે 'તથાસ્તુ.' ભસ્માસુરને ત્યાં ઊભેલાં પાર્વતીને જોઇ દુષ્ટબુદ્ધિ સૂઝી અને વરદાતાના માથા પર હાથ મૂકવા દોડયો. મહાદેવે જાણ્યું કે માર્યા ! એટલે ત્રિશૂળનો ખોજો નાખતાકને નાઠા ! આગળ મહાદેવ અને પાછળ ભસ્માસુર ! વિષ્ણુએ વૃદ્ધ વિપ્રનું રૂપ લઇને જોગેર જજમાનનો સંબંધ કાઢયો ને પૂછયું : 'કેમ દોડે છે ?' પેલાએ વાત કહી. વિષ્ણુ કહે, 'ગંજેરીના બોલનો તોલ ન હોય !', કેફીના બકવાદને ન મનાય, મૂક તારે માથે હાથ જો કે તને ઊની આંચ પણ આવે છે ?' પેલાએ પોતાને માથે જ હાથ મૂકયો અને ભસ્મનું પૂતળું બની ગયો. આ ઊઠાંવિદ્યા.

સમુદ્રમંથનમાં અમૃત નીકળ્યું. દેવદાનવોમાં ઝગડો થયો કે પહેલાં અમૃત કોણ પીએ ? વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કરીને અસુરોને ઊઠાં ભણાવી દેવોને અમૃત પાયું.

મહાભારતના યુદ્ધમાં દ્રોણાચાર્યે મહાસંહાર આદર્યો. ભીમે જોયું કે વત્સલ પિતા અશ્વત્થામાના મૃત્યુના સમાચાર વિના અટકશે નહિ. તેણે અશ્વત્થામા નામનો હાથી મારીને દ્રોણાચાર્ય પાસે જઇને કહ્યું : 'અશ્વત્થામા હણાયો.' દ્રોણાચાર્યની છાતી બેસી ગઇ. પણ ભીમડાનો વિશ્વાસ શો ? ધર્મરાજા સાચું બોલશે એમ માની તેમને પૂછયું. સત્યવાદી યુધિષ્ઠિરને અસત્યકથનનું ટયુશન આપવામાં આવ્યું હોવાથી તેઓ બોલ્યા : 'હા, અશ્વત્થામા હણાયો,' પછી ધીમેથી ઓચર્યા : 'નરો વા કુંજરો વા,' દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને ધનુ-વિદ્યા ભણાવી, યુધિષ્ઠિરે ગુરુને ઊઠાં ભણાવ્યાં.

મોટે હરખે બેન દેવકીને પરણાવીને જાન ઊપડી ત્યારે કંસ ઊંઘ ઉપર રથ હાંકવા બેઠો, એટલામાં આકાશવાણી થઇ : 'હે રાજા ! આ દેવકીનો આઠમો બાળક તને મારશે.' કંસે વિચાર્યું : 'બાર પંદર વરસની બળતરા હું અત્યારથી જ શા માટે માંડું ? નારદે પ્રકટ થઇ કહ્યું, 'હે રાજન ! આઠનો આંકડો આદિથી ગણાય તેમ મધ્યથી કે અંતથી પણ ગણાય. માટે કયો બાળક આઠમો હશે તે કેમ જાણવું ? માટે પાણી પહેલાં પાળ બાંધ ને ચેતતો રહેજે' ! નારદજીએ દેવકાય માટે કંસને અહીં ઊઠાં ભણાવેલાં.

કોઇ પરદેશી બાદશાહે ભારત પર આક્રમણ કર્યું. અજાણ્યા મુલકમાં ભોમિયા વિના કેમ લાવલશ્કર લઇને જવું ? તિલક નામનો એક હજામ લાલચનો માર્યો ભોમિયો બન્યો. બાદશાહે પણ તેને શિરપાવ અને કદરદાનીની મોટી લાલચ આપી. બાદશાહે રાજ જીતતાં તિલકે જ્યારે બક્ષિસ માગી ત્યારે બાદશાહે કહ્યું : 'તું તારા પોતાના દેશના રાજનો વફાદાર ન રહ્યો તો મને શું વફાદાર રહીશ ?' આમ કહી તેણે પેલાને મરાવી નાખ્યો. બાદશાહે લાલચુને ઊઠાં ભણાવ્યાં.

અંગ્રેજ વાઇસરોય હેસ્ટિંગ્સે આવી જ લાલચ આપી કોઇ હિંદીને ફોડયો, કામ પત્યા પછી પેલાએ બક્ષિસ માગી ત્યારે હેસ્ટિંગ્સે કહ્યું : 'મેં તો લાલ કાગળ પર કરાર કરેલા. લાલ કાગળના કરાર અદાલતમાં ન ચાલે.' હેસ્ટિંગ્સે તેને ઊઠાં ભણાવ્યાં.

હું નાનો હતો ત્યારે અમારા ગામમાં એક આવો આવ્યો અને અડિંગો નાખીને પડયો તે જાય જ નહિ. ગામમાં આવેલાને ભૂખ્યો ન રખાય તેથી ગામ તેને પરાણે ખવરાવે. અંતે કોઇકને કાળ ચડયો, તેણે કહ્યું : 'ભાવાજી આ ગામમાંથી

હવે જાવું છે કે નહિ?' આવે કહ્યું: 'સૌ રૂપૈયા દેદ્યો તો અમી ચલા જઉં.' પેલાએ કહ્યું: 'ભલે, પણ પહેલાં ગામ છોડીને મારી સાથે પરગામ આવો પછી રૂપૈયા પરખાવું.' લાલચનો માર્યો આવો હોડીમાં બેઠો ને પેલાની સાથે પરગામ ગયો. બાવાએ કહ્યું: 'અભી સો રૂપૈયા ધર દો.' પેલા બેલાડીએ કહ્યું: 'લ્યો રૂપૈયા ને ગણતા જાઓ. આ એક, આ બે, આ ત્રણ, આ ચ્યાર, આ પાંસ ને આ સો', એમ કહી છ રૂપિયા દઈને ચાલતો થયો. બાવાએ ઘૂમ પાડી: 'યે તો છે રૂપૈયા હૈ, સૌ કહાં હૈ?' પેલા બેલાડીએ કહ્યું: 'અમારા મલકમાં પાંસ પસેં સો આવે સે તે તમને દૂધે ધોઈને દીધા સે.' આમ કહી દોટ દઈ ઉપડતી હોડીમાં બેસી રવાના થયો. ઘાટ ઘાટના પાણી પીધેલા બાવાને વાણિયાએ ઊંધાં ભણાવ્યાં.

દૂર જા માટે જઈએ? ગાંધીજીની સમાધિ આગળ સેવા, સંપ અને સુમેળની ભીષ્મપ્રતિજ્ઞા લઈને પછી ભારતના મોટા ગણાતા મુત્સદ્દીઓને ઊંઠા ભણાવનારા કયાં નથી પડયા? શેરને માથે સવાશેર!

કોઈ માણસે શંકર ભગવાનનું તપ કરીને વરદાનમાં એક નાની શંખલી મેળવી. આ શંખલી રોજ સવા તોલો સોનું આપતી. તે જોઈને તેના પાડોશીએ વનમાં જઈને વિષ્ણુનું તપ કર્યું. વિષ્ણુ ભગવાને જોયું કે આ આસુરી બુદ્ધિનો જીવ અદેખાઈનો માર્યો તપ કરી વરદાન લે છે. જગતમાં જઈને દ્રવ્યબળે કોણ જાણે જગતનું કેવું સત્યાનાશ વાળશે. તેમણે વરદાનમાં પેલાને એક પ્રચંડ શંખ આપ્યો અને કહ્યું: 'આની પાસે જે જોઈએ તે માગજે.' પેલાએ ઘેર આવીને શંખનું યથાવિધિ પૂજન કર્યું અને આરતીને અંતે બે હાથ જોડીને ભાવપૂર્વક માગ્યું: 'શંખદેવતા! લાખ રૂપિયા આપો.' શંખે કહ્યું: 'લે સવા લાખ.' પરંતુ સવા-લાખ કયાંય દેખાયા નહિ તેથી પેલાએ પૂછ્યું: 'ક્યાં છે સવાલાખ?' શંખે કહ્યું: 'લે અઢી લાખ', રકમ વધતાં પેલાનો ક્રોધ ઊતર્યો, શંખને ઊંચો કરીને જોતાં સવા તોલો રાખ પણ પડી ન હતી. પેલાએ પૂછ્યું; 'ક્યાં છે અઢી લાખ?' શંખે કહ્યું: 'લે પાંચ લાખ,' આમ વાદ વધતાં છેવટે માણસ હાર્યો પણ શંખ હાર્યો નહિ. પેલાએ પ્રચંડ ક્રોધથી ગર્જના કરી પૂછ્યું; 'ગપોડ શંખ!, ક્યાં છે તમારું ધન?' શંખે કહ્યું: 'લે કુબેરભંડારીનું ધન,' ગપોડ શંખે આસુરી જીવને ઊંઠાં ભણાવ્યાં.

અમે નાના હતા ત્યારે પાઠશાળામાં એક શાસ્ત્રીજી ભણાવતા. ક્યારેક મોટા વિદ્યાર્થીઓના વર્ગ પછી અમારો વર્ગ હોય અને અમે વહેલા પહોંચીએ ત્યારે આ વેદાંતના વર્ગના વિદ્યાર્થીઓને શાસ્ત્રીજી કહેતા: 'બ્રહ્મ જીવનું ઉપાદાન કારણ છે અને પ્રકૃતિ તેનું નિમિત્ત કારણ છે. નિમિત્ત કારણ આવે ને જાય. ઉપાદાન કારણ સર્વદા અચળ ને નિત્ય રહે છે. જીવ બ્રહ્મ છે ને બ્રહ્મ રહેવાનો. વચ્ચે થોડી ગડબડ થઈ ગઈ છે. વચ્ચે પ્રકૃતિએ આવીને ખેલ રચ્યો છે. ને ખેલ બગાડયો પણ છે. હું ને મારી ઘરવાળી, હું ને મારાં જનકજનની, હું ને મારાં કનકકામિની, એવી ભ્રમણા પ્રકૃતિએ જીવને વળગાડી. પરિણામે તે ચૈતન્યમાંથી ચાંચડ, મહેશ્વરમાંથી માંકડ, વિષ્ણુમાંથી વાનર, દેવીમાંથી દેડકી અને જગદીશ્વરમાં જીવડો બની ગયો. આ વળગેલું વળગણ કે વળગાડ જીવ છોડે ત્યારે જ તેને મુક્તિ મળે', શાસ્ત્રીજીનું કથયિતવ્ય એવું હતું કે પ્રકૃતિએ પુરુષને ઊંઠાં ભણાવ્યાં છે.


મહિલા વકૃત્વ તાલીમ–કેન્દ્ર
ઉદ્‌ઘાટન સમારોહ

✠ ચીમનલાલ 'કલાધર'

'સંધ'ના ઉપક્રમે શુક્રવાર, તા. ૪–૧–'૮૫ના રોજ સાંજના ૬–૧૫ કલાકે પરમ.નંદ કાપડિયા સભાગૃહમાં ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને મહિલા વકૃત્વ તાલીમ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ સુધા મલ્હોત્રાની 'ચિદાનંદ રૂપમ શિવોઽહમ્'ની મધુર કેસેટથી થયો હતો. 'સંધ'ના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે વકૃત્વશક્તિ એ માનવીના વિકાસની પગદંડી છે. વકૃત્વકલા દ્વારા માનવી સર્વાંગી વિકાસ સાધી શકે છે.' તેમ જણાવી આ વકૃત્વ તાલીમ. વર્ગનાં ઉદ્‌ઘાટક શ્રીમતી જયોત્સનાબેન શેઠ અને આ વર્ગના સંચાલક પ્રા. ધીરેન્દ્ર રેલિયાનો પરિચય આપ્યો હતો.

શ્રીમતી જયોત્સનાબેન શેઠે દીપક પ્રગટાવી તાલીમ-વર્ગનું ઉદ્‌ઘાટન કર્યા બાદ જણાવ્યું હતું કે વકૃત્વ અંગે ચર્ચીલ કહેતા કે તમારે જો લોકશાહી ટકાવી રાખવી હોય તો તમારે બોલવાની કલા સાધ્ય કરવી જરૂરી છે. વકૃત્વકલા એ જીવનનું અમૃત છે. કોઈના મન સુધી પહોંચવાની તાકાત વકૃત્વકલામાં છે.



મહિલા વકૃત્વ તાલીમ-કેન્દ્રનું દીપક પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલાં શ્રીમતી જયોત્સનાબેન શેઠ. તસ્વીરમાં ઉભેલા 'સંધ'ના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહ અને 'સંધ'ના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ જણાય છે.

આ વર્ગનાં સંયોજક પ્રા. તારાબેન શાહે જણાવ્યું હતું કે વકતૃત્વકલામાં ભાષા અને શબ્દની કસોટી થાય છે. સંસ્કૃતમાં કહ્યું છે કે દસ હજાર વકતામાં એક સારો વકતા મળી આવે છે. વકતૃત્વકલાએ સરળ અને સહજ રીતે સાધ્ય નથી. તેના માટે તો ભારે સાધના કરવી પડે. મોહક વ્યકિતત્વ, સુઘડ વસ્ત્રો, ભાષા પરનો કાબૂ, સ્પષ્ટ ઉચ્ચારણ, અવાજનું સાતત્ય અને બોલતી વેળાની અભિનય-ક્ષમતા એ વકતૃત્વકલાના મહત્વનાં અંગો છે.'

આ વર્ગના સંચાલક પ્રા. ધીરેન્દ્ર રેલિયાએ જણાવ્યું હતું કે 'સંઘ' ના સ્વ. પરમાનંદ કાપડિયા પાયાના પથ્થર હતા અને સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સંઘની પ્રત્યેક પ્રવૃત્તિમાં કલગીરૂપ હતા. ડો. રમણભાઇ ચી. શાહના નેતૃત્વ હેઠળ સંઘભાવનાથી આપ સૌ સંઘની વિશેષ પ્રગતિ સાધી રહ્યાં છો તેનો મને આનંદ છે. બહેનોની સુષુપ્ત વકતૃત્વ-શકિત ખીલવવાની પ્રવૃત્તિ હાથ ધરવા બદલ 'સંઘ' ને હું અભિનંદન આપું છું.

એ પછી ગાંધી સ્મારકનિધિ અને આંતરકોલેજ વકતૃત્વમાં પ્રથમ આવનાર કુ. જિગીશા પંચમિયા, કુ. બીના પારેખ અને કુ. ચેતના શાહે પોતાની આગવી વકતૃત્વકલાનો સૌને પરિચય કરાવ્યો હતો.

પ્રમુખસ્થાનેથી ડો. રમણભાઇ ચી. શાહે જણાવ્યું કે બહેનો એકંદરે ઓછું બોલે છે. આજે જમાનો બદલાયો છે. પ્રસારણનાં માધ્યમો વધ્યાં છે. એટલે બહેનોએ વકતૃત્વકલામાં પાવરધા થવાની જરૂર છે. વકતૃત્વ એક કલા છે. પોતાના વિચારો સારી રીતે પ્રદર્શિત કરવાનું વકતૃત્વ તાલીમ પામેલી વ્યકિતને માટે સહજ અને સરળ છે. ડો. રાધાકૃષ્ણન્ અદ્‌ભુત વકતા હતા. આચાર્ય રજનીશની વકતૃત્વશકિતની પણ પ્રશંસા કરી શકાય. પરંતુ માત્ર વકતૃત્વકલાથી અંજાઇ જવાની જરૂર નથી. વકતૃત્વકલાની સાથે તમારા વિચારો અને વર્તન પણ પવિત્ર રાખો. એનાથી વકતૃત્વકલા ઓર ખીલી ઊઠશે. મહાત્મા ગાંધી અસાધારણ વકતા ન હતા તો પણ એની પ્રજા પર અસર થતી. તેનું કારણ તેમનું શુદ્ધ, સાત્ત્વિક આચરણ હતું.

વર્ગનાં સંયોજક શ્રીમતી મીરાબેન મહેતાએ આભારવિધિ કરી હતી.

ટોયઝ લાયબ્રેરી

શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહના આર્થિક સહયોગથી સંઘ દ્વારા શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં દર રવિવારે સાંજના ૩ થી ૫ વાગ્યા સુધીના સમય માટે 'ટોયઝ લાયબ્રેરી' શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું છે. તેની વ્યવસ્થામાં સેવાભાવથી સહયોગ આપી શકે એવાં ભાઇ – બહેનોની તાત્કાલીક જરૂર છે.

દર રવિવારે બપોરના ૩ થી ૫ સેવા આપવા તત્પર હોય એવાં ભાઇ-બહેનોને સંઘના કાર્યાલયમાં પોતાનું નામ-સરનામું જણાવવા નમ્ર વિજ્ઞપ્તિ. ફોન : ૩૫૦૨૯૬

ડો. અમુલ શાહ
સંયોજક

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

સંઘના સભ્યોનું સ્નેહ-સંમેલન

● ચીમનલાલ 'કલાધર'

'સંઘ'ના પેટ્રનો, આજીવન અને સામાન્ય સભ્યોનું વાર્ષિક સ્નેહ સંમેલન શનિવાર, તા. ૫-૧-'૮૫ ના બપોરના ૩-૦૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યું હતું.

પ્રારંભમાં શ્રીમતી શારદાબેન ઠક્કરે ભાવવાહી સ્વરે પ્રાર્થના રજૂ કરી હતી અને તેમણે 'રાધા રોયે મોર-પીંછ ને શ્યામ રોયતા ઝાંઝરીયા' ગીત દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. શ્રી મનમોહન સાયગલે પણ સુંદર ભજનો પીરસ્યાં હતાં. એસ. કે. ગ્રુપની બહેનોએ ગરબા અને ભાતુભાઇ વોરાએ લોકસાહિત્યના ડાયરા'નો કાર્યક્રમ રજૂ કર્યો તેને સૌએ ભારે હર્ષથી વધાવ્યો હતો. કુ. સોનલ ઝવેરીએ ભરતનાટ્યમના 'પશુપતિલ્લાના' નૃત્ય અને 'માધવ કર્યાય નથી' એ ગીત દ્વારા સૌને મુગ્ધ કર્યા હતાં. એસ. કે ગ્રુપના નવયુવાન શ્રી રવિ શાહે વાદ્ય – સંગીત પરના એમના પ્રભુત્વની પ્રતીતિ કરાવી હતી. એસ. કે. ગ્રુપની બહેનોમાં કુ. ચારુબેન, રૂપાબેન, ટીનાબેન, અને પ્રફુલ્લાબેનનો સમાવેશ થાય છે. શ્રી જતીન શાહે ફિલ્મી ગીતા, ગઝલો અને કવ્વાલી અને સ્નેહ સંમેલનના શ્રેષ્ઠ કાર્યક્રમ 'ભવાઇ' માં શ્રી બિપિન શાહ, શ્રીમતી ભારતીબેન અને શ્રીમતી પ્રફુલ્લાબેન શાહે અનુક્રમે રંગલા અને રંગલીઓનાં પાત્રમાં સુંદર અભિનય આપી સ્નેહ સંમેલનને પરાકાષ્ઠાએ પહોંચાડયું હતું.

'સંઘ'ના પ્રમુખ ડો. રમણભાઇ ચી. શાહ, મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે અને અને આ સ્નેહ – સંમેલનના સંયોજક શ્રી જે. પી. શાહે ટૂંકા વકતવ્ય દ્વારા આ કાર્યક્રમની મહત્તા સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી શ્રીદેવીબેને ઝવેરીએ કર્યું હતું. સ્નેહ સંમેલનના સંયોજક શ્રી જે. પી શાહે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ બાદ અલ્પાહાર લઇને આ યાદગાર કાર્યક્રમને વાગોળતાં સૌ વિખરાયાં હતાં.

સાભાર-સ્વીકાર

૧ માનવ ! ભોરભયો ઉઠ જાગો પુસ્તક-૨: મુનિશ્રી રત્નસુંદર-વિજયજી, કિં. રૂા. ૧૨-૦૦ જૈન મિત્ર મંડળ પાલનપુર ૨ મહાસતી ઋષિદત્તા ભાગ-૧ વિજયભુવનભાતુસૂરીશ્વરજી મહારાજ, મુંબઇ-૪ કિં. રૂા. ૭-૦૦ દિવ્યદર્શન ટ્રસ્ટ. ૩ મહાસતી ઋષિદત્તા ભાગ-૨ વિજયભુવનભાતુસૂરીશ્વરજી મહારાજ, મુંબઇ-૪ કિં. રૂા. ૯-૦૦. ૪ યશોધર મુનિચરિત્ર વિજયભુવનભાતુસૂરીશ્વરજી મહારાજ, રૂા. ૧૨-૦૦ દિવ્યદર્શન સાહિત્ય પ્રકાશન સમિતિ અમદાવાદ. ૫ ભકતામર યંત્ર મંત્ર, તંત્ર માનતુંગસૂરીશ્વર મહારાજ રૂા. ૧૦-૦૦ બાલગોવિંદ પ્રકાશન, અનુ-યતિ રતનચંદ્રજી મહારાજ અમદાવાદ. ૬ ઋષિવાણી: અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ રૂા. ૧૦-૦૦, અમદાવાદ ૭ દાદાસાહેબ માવળંકર ઇશ્વરભાઇ પટેલ રૂા. ૩-૫૦, અમદાવાદ. ૮ બબલભાઇ દાદાસાહેબ માવળંકર રૂા. ૩-૫૦ અમદાવાદ. ૯ સહજ સમાધિ ભલી, વિમળા ઠકાર, અ : ભાગીરથી મહેતા રૂા. ૧૩-૫૦ અમદાવાદ. ૧૦ મનની ક્ષિતિજ, વિમળા ઠકાર અ : કિશનસિંહ ચાવડા રૂા. ૪-૨૫ અમદાવાદ. ૧૧ છેલવેલ્લું: નટવરલાલ પ્રભુલાલ ભુચ રૂા. ૧૫-૦૦, અમદાવાદ.

વાલ્મીકિ, શેક્સપીઅર અને ગાંધીજીનો પ્રેમધર્મ

• સં. ગુલાબ દેઢિયા

'પ્રેમ એ માત્ર કામ, શૃંગાર, વિરહ કે સંવેદન જ નથી, એ ધર્મ પણ છે. પ્રેમ આત્માનો ધર્મ છે. પ્રેમ આત્માનો સ્વભાવ છે. જૂની પેઢી અને નવી પેઢી વચ્ચેના વિસંવાદનો મુખ્ય મુદ્દો પ્રેમધર્મનો છે. નવી પેઢી પ્રેમને બે દૃષ્ટિએ જુએ છે. એક જે સિનિકલ છે તે તો નિરાશાવાદી સૂરે કહે છે કે પ્રેમ જેવી કોઇ વસ્તુ જ નથી, માત્ર ભ્રમણા છે. બીજી દૃષ્ટિએ જોનારા કહે છે કે પ્રેમ તો મુક્ત વિહારની વસ્તુ છે, એમાં બંધન શા માટે? જ્યારે જેની સાથે પ્રેમ થાય ત્યારે માણી લેવો, પછી ભૂલી જવું.'

કોઇ પણ વ્યક્તિ કે વસ્તુ આત્માના પ્રેમને કારણે પ્રિય બને છે. જૈન ધર્મનો આત્મા સમભાવમાં છે. બીજાનો આત્મા મારા જેવો જ છે, જેમ મને સુખ ગમે છે તેમ અન્યને પણ ગમે છે. બીજામાં પોતાના જેવા જ આત્માનું દર્શન કરવું એ પ્રેમધર્મ છે. આપણે આપણા જ આત્માના કલ્યાણ માટે બીજાને પ્રેમ કરીએ છીએ. બધાં જ દર્શનો સ્વીકારે છે કે પ્રેમ એ આત્માનો સ્વભાવ છે.'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત 'વિદ્યાસત્ર'ના નવમા વર્ષે પ્રથમ દિવસે (સોમવાર તા. ૭-૧-૮૫) ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના હોલમાં પ્રાધ્યાપક ચી. ના. પટેલે 'વાલ્મીકિ, શેક્સપીઅર અને ગાંધીજીનો પ્રેમધર્મ' એ વિષય ઉપર બોલતાં ઉપરોક્ત ઉદ્‌ગાર કાઢ્યા હતા.

પ્રા. ચી. ના પટેલનો પરિચય આપતાં વિદ્યાસત્રનાં સંયોજક પ્રા. તારાબેન ર. શાહે કહ્યું હતું કે પટેલસાહેબ ગુજરાત વિદ્યાપીઠમાં અંગ્રેજીના પ્રાધ્યાપક હતા. શેક્સપીઅરના સાહિત્યનો અભ્યાસ એમના રસનો વિષય છે. વાલ્મીકિ રામાયણનો એમણે ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. ઉપરાંત એમણે ગાંધીજીનાં પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. તેઓ ગાંધીરસમાં ડૂબ્યા છે અને ન્યાલ થઇ ગયા છે. સંગીતના પણ શોખીન છે. આ અગાઉ સૌનું સ્વાગત કરતાં તારાબેને કહ્યું હતું કે સંઘની ત્રણ વ્યાખ્યાનમાળાઓ છે. એક, પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ધાર્મિક, આધ્યાત્મિક અને સંસ્કારલક્ષી વિષયો પર વ્યાખ્યાન યોજાય છે. વસંત વ્યાખ્યાનમાળામાં રાજકીય, આર્થિક અને દેશ-વિદેશના વર્તમાન પ્રવાહો-બનાવો વિશે વ્યાખ્યાન યોજાય છે, તો આ વિદ્યાસત્રમાં સાહિત્ય અને શિક્ષણ વિશે વ્યાખ્યાનો યોજાય છે. ઉપરાંત અભ્યાસ વર્તુળમાં નિયમિત રીતે પ્રવચનો ચર્ચાઓ ગોઠવાય છે. લોકોમાં વૈચારિક જાગૃતિ આવે અને માનવ મૂલ્યોનું પુનઃસ્થાપન થાય એ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો હેતુ છે.

કાર્યક્રમના આરંભે કોકિલાબહેન વકાણીએ વાલ્મીકિ રામાયણમાંથી શ્લોક-પઠન કર્યું હતું. અને અવધ ભાષામાં તુલસીદાસકૃત ભજન ગાયું હતું.

પોતાના વ્યાખ્યાનની ભૂમિકા બાંધ્યા પૂર્વે ચી. ના. પટેલે કહ્યું હતું કે આપની સંસ્થા માટે મને વિશેષ આદર છે. આપ 'પ્રબુદ્ધ જીવન'માં અમારા જેવા જિંદગીને આરે ઊભેલા વૃદ્ધોનું પણ પ્રતિનિધિત્વ સ્વીકારો છો અને આવાં પ્રવચનો માટે નિમંત્રો છો તે ખુશીની વાત છે. જૂની પેઢી પાસે પણ જે સારું છે તે એમની સાથે જ જાય તે પહેલાં તમે જાળવી લેવા પ્રયત્નશીલ છો એ વિશેષ આનંદની વાત છે.

'પ્રબુદ્ધ જીવન'નાં બે લખાણોની પસંદગીમાં આપની વિશિષ્ટ દૃષ્ટિનાં દર્શન થાય છે.

વાલ્મીકિના પ્રેમધર્મ વિશે બોલતાં એમણે કહ્યું હતું કે વાલ્મીકિએ રામને એક સુંદર પ્રેમમૂર્તિ તરીકે જોયા છે. રામ એવા છે કે જેમને કોઇ વ્યક્તિ પરત્વે ઇર્ષ્યા નથી, દ્વેષ નથી. તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં અનગળ પ્રેમ પામે છે. જનમાં અને વનમાં આદર પામે છે.

પ્રેમ વિશેનાં દૃષ્ટિભેદ પૂરા સમજવા હોય તો પૂર્વ અને પશ્ચિમ, ભારતીય અને યુરોપીય બન્ને પરંપરાઓ વિશે જાણવું જોઇએ.

ભારતીય પરંપરામાં અદ્વૈત દર્શન આ બધાને મિથ્યા કહે છે. વ્યક્તિ માટે રાગ કે પ્રેમ ન હોય, કરુણા હોવી જોઇએ. મૈત્રી હોય, મુદિતા હોય-સુખીને જોઇ આનંદ થાય-પાપીને જોઇ તિરસ્કાર નહિ ઉપેક્ષા હોય. વૈષ્ણવ ધર્મે આ સૃષ્ટિને માયાનું સર્જન માન્યું છે. પણ તે વિષ્ણુની શ્રી છે. મનુષ્ય-પ્રેમનો પણ કંઇક અર્થ છે. એ ઇશ્વર-પ્રેમનો પ્રસાદ છે.

પશ્ચિમમાં ત્રણ પ્રવાહ છે: ગ્રીક ઇરોસ (કામદેવનો અવતાર) શરીરનું આકર્ષણ સૂચવે છે. તત્ત્વચિંતક પ્લેટોના શિષ્યોએ કહ્યું કે માનવદેહનું આકર્ષણ છે તે દિવ્યપ્રેમ સુધી પહોંચવાનું પ્રથમ સોપાન છે. ખ્રિસ્તી દર્શને ઇરોસનો ત્યાગ કર્યો. ચેરિટી એટલે વિશ્વભાવ-વિશ્વપ્રેમની વાત આવી. ચેરિટી શબ્દ હવે તો દાન આપવાની વાતમાં જ સીમિત થઇ ગયો છે. ચેરિટીની વાતનો સ્વીકાર ખ્રિસ્તી દર્શને કર્યો હતો.

૧૦મી સદીમાં ફ્રાન્સમાં રોમેન્ટિક દર્શન આવ્યું. વ્યક્તિ-પ્રેમને દૈવી દર્શન તરીકે સ્વીકારવામાં આવ્યું. અમીર વર્ગમાં એનો વિશેષ પ્રચાર-પ્રસાર થયો. રોમેન્ટિક દર્શનનો છેલ્લો કવિ ટેનિસન હતો. બર્નાડ શોએ એની ટેકડી ઉડાવી. તેથી ટી. એસ. એલિયેટના 'વેસ્ટ લેન્ડ'-ઉષરભૂમિની વાત આવી.

વાલ્મીકિનું દર્શન એક ઋષિનું દર્શન છે. તેમણે બાહ્ય-નજર કરીને નહિ પણ અંતરદર્શન કરીને સત્યો રજૂ કર્યાં છે. તેથી ચિરકાલીન બન્યાં છે.

વાલ્મીકિ અને શેક્સપીઅર એક જ કવિનાં બે રૂપ છે. ભારતીય રૂપ તે વાલ્મીકિ અને યુરોપીય રૂપ તે શેક્સપીઅર. એ બન્ને મનીષીઓની વાતને જીવનમાં ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ ગાંધીજીએ કર્યો હતો.

બીજા દિવસના વ્યાખ્યાનના આરંભે કુ. નેહા વકાણીએ શેક્સપીઅરના નાટક 'જુલિયસ સીઝર'ના એક અંશનું પઠન કર્યું હતું. શ્રીમતી કોકિલા વકાણીએ, કવિ ઉમાશંકર જોશીએ શેક્સપીઅરને આપેલ કાવ્યાંજલિનું ભાવવાહી પઠન કર્યું હતું.

કવિ ઉમાશંકર જોશીના શબ્દ છે:

'નાટ્ય તારાં માનવાની આત્મકથા, કવિ !
મૃત્યુશીલ સંસારની અમૃતાભિષિક્ત છવી.'

પ્રા. ચી. ના. પટેલે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે વાલ્મીકિએ રામમાં એવા પાત્રની કલ્પના કરી છે કે જેમાં રાગ-દ્વેષની ગ્રંથિ શિથિલ થઇ ગઇ હોય. હૃદયમાં જ્યારે એ

ગ્રંથિ શિથિલ થઈ જાય ત્યારે પ્રેમશક્તિ પૂરા પેટે વહેવા માંડે છે.

રામમાં પ્રયત્નપૂર્વકનો કેળવેલ સદ્‌ગુણ નથી પણ સહજ સદ્‌ગુણ છે. સાહજિક વિનમ્રતા છે. રામ પોતાને મનુષ્ય તરીકે, દશરથ પુત્ર તરીકે જ ઓળખાવે છે.

ન્યૂટન અને આઇન્સ્ટાઇન જેવા મહાપુરુષો કયારેક જ પ્રગટે છે. આંબાના ઝાડ પર જે મંજરી આવે છે, તે ગોટલામાં જોઈ શકાતી નથી. છતાં એનો અંશ તો ત્યાં રહેલો જ છે. તેમ મનુષ્ય સ્વભાવમાં પણ દૈવી અંશ તો રહેલો જ છે. ભગવાન બુદ્ધ, જિસસ, મહાવીર, રામ અને કૃષ્ણમાં આ શક્તિ પ્રગટ થઈ હતી.

વાલ્મીકિએ રામને શ્રેષ્ઠતમ મનુષ્ય તરીકે આલેખ્યા છે. એમનામાં દૈવી અંશ છે છતાં તેઓ મનુષ્ય છે. રામના સ્વાભાવમાં માનવસહજ નિર્બળતાઓ પણ છે. મૂળ વાલ્મીકિ રામાયણ વાંચવા જેવું છે. ક્ષણોનો પ્રક્ષાભ અને ઋષિની આર્ષવાણીની અસર જરૂર જોવા મળશે.

મનુષ્ય પ્રેમધર્મ આચારવા પ્રયત્ન કરે છે ત્યારે મુશ્કેલીઓ તો આવે જ છે. એક તરફ દૈવી અંશ છે, બીજી તરફ દેહનું બંધન છે. તેથી સંઘર્ષ થાય છે.

મને થાય છે કે આ મહાપુરુષોને પણ કયારેક ક્રોધ તો આવ્યો હશે. આપણે એમને પ્રત્યક્ષ જોયા નથી, માત્ર કથા રૂપે જાણ્યા છે.

વનમાં જતી વખતે રામ સીતાને કહે છે કે 'તારું હૃદય ન જાણતો હોઉં તો તને કેમ કંઈ કહી શકું?' એકમેક પ્રત્યે અપાર પ્રેમ છે છતાં રામ કશું લાદતા નથી.

બિહામણા અરણ્યમાં પ્રથમ દિવસની સાંજે જ રામ રડી પડે છે. પણ બીજે દિવસે 'વિમલ સૂર્યોદય' જોઈને નિરાશાને ખંખેરી નાંખે છે. અહીં વિમલ સૂર્યોદય પ્રતીક રૂપે જોવાનું છે. એ સૂર્યોદય તે જ્ઞાનનો પ્રકાશ, અંતરનો પ્રકાશ કે આધ્યાત્મિકતાનો પ્રકાશ કહી શકાય. ચિત્રકૂટનું નૈસર્ગિક સૌન્દર્ય જોઈને રામ સીતાને કહે છે, તારી સંગતમાં મારે જો અહીં આખી જિંદગી ગાળવી હોય તો પણ મને ગમે. મને અયોધ્યાનો કોઈ મોહ નથી. આપણા કવિ કલાપીએ પણ કાશ્મીરના પ્રવાસમાં પોતાની રાણી રમાબાને લખ્યું હતું કે રાજપાટ છોડી તમારી સાથે અહીં રહેવાનું ગમે એવું અહીંનું વાતાવરણ છે.

લોકસંગ્રહ માટે રામે ક્ષત્રિયધર્મ સ્વીકાર્યો.

ત્રીજા અને અંતિમ દિવસના પ્રારંભે સભાના મંત્રી શ્રી કે. પી. શાહે વક્તા અને શ્રોતાઓનો આભાર માન્યો હતો. કોકિલાબહેન વકાણીએ કવિ શંકર જી. કુરૂપ રચિત અને ચુનીલાલ મડિયા અનુદિત ગાંધીજીને અર્પાયેલ કાવ્યનું પઠન કર્યું હતું. અને ભજન ગાયાં હતાં.

પ્રા. ચી. ના. પટેલે આગળ જણાવ્યું હતું કે ભારતીય પ્રેમધર્મ પતિ – પત્નીને એક જ આત્માનાં બે રૂપ માને છે. એમાં સ્ત્રી વિક્ષેપ સહન કરી લે છે. સહન કરી લેવું જોઈએ એમ વાલ્મીકિએ નથી કહ્યું. ગાંધીજી કહેતા કે અહિંસાના આચરણમાં સ્ત્રી વધુ શક્તિશાળી હોય છે.

શેક્સપીઅરે પ્રેમ, સ્વાર્પણ, સહનશક્તિ અને ક્ષમાવૃત્તિ– એ બધામાં પુરુષ કરતાં સ્ત્રીને ઊંચે સ્થાને મૂકી છે, અને તે માટે સ્ત્રીએ મોટી કિંમત પણ ચૂકવવી પડે છે.

'રોમિયો જુલીએટ' શેક્સપીઅરનું પ્રખ્યાત નાટક છે. કવિ કહે છે કે જે પ્રેમને બદલાની જવાનું કારણ હોય તે પ્રેમ જ નથી. હૃદય આપ્યું તે કંઈ પાછું મેળવી શકાતું નથી. પુરુષ કરતાં સ્ત્રી પ્રેમ વધુ જાળવે છે. અહીં કોઈ બંધન લાદવાની વાત નથી. વ્યક્તિ–વ્યક્તિના સ્વભાવ, સંજોગ અને પ્રેમમાં અનેક ભયસ્થાનો તો આવે જ છે. જે પ્રેમ સાચો છે તેની કથા કદી સુખમય નથી હોતી.

સમાજધર્મ અને સમાજભાવના નિમિત્તે સંઘર્ષો આવે જ છે. લગ્નમાં માબાપની સંમતિ હોવી જ જોઈએ એ તે વખતે બધે પ્રથા હતી.

રોમિયો સાથે પ્રથમ મિલને જ પ્રેમ થઈ જતાં જુલીએટ કહે છે, 'જીવનભર સાથે રહેવાની પ્રતિજ્ઞા કરી છે, છતાં તેનો મને ઉત્સાહ નથી. બે કુટુંબો વચ્ચે દુશ્મનાવટ હોવા છતાં આપણે પ્રેમનું વચન આપી બેઠા છીએ. આ બધું વીજળીના ચમકારા જેટલા સમયમાં જ બની ગયું છે. પ્રેમ એવો તો નહિ નીવડેને? છતાં પાછા નથી વળવું. સમુદ્રની જેમ હૃદયનો પ્રેમ પણ અમર્યાદ અને અતલ છે. હું જેટલો પ્રેમ આપું છું એટલો વધુ પામું છું. એ અનંત પ્રેમ છે, તે કયારે ય ખૂટવાનો નથી.'

છેલ્લે મારામારી અને ગેરસમજનો ભોગ બની બન્ને પ્રેમીઓ–રોમિયો અને જુલીએટ મૃત્યુને ભેટે છે. ત્યારે બન્ને કુટુંબો દુશ્મનાવટ ભૂલે છે.

આ નાટકમાં એક ખામી દેખાઈ આવે અને તે એ કે, પ્રેમ એ જીવનનું મહામૂલ્ય છે છતાં બીજાં મૂલ્યોનો છેદ તો ન જ ઉડાડી શકે ને? અહીં અસત્યાયરણ થયું છે, છૂપી રીતે લગ્ન થયાં છે, જે પ્રેમના સૌન્દર્યને થોડું નીચે લાવે છે.

ત્યાર બાદ પટેલસાહેબે, પોતે એક કોલેજના આચાર્ય હતા ત્યારનો એક પ્રસંગ ટાંકી કહ્યું કે પુત્રી એ પારકું ધન છે. પુત્રીને માબાપ બાંધી ન શકે, આશ્વસ્ત ન રાખે. પુત્રી પર અધિકાર માતાપિતાનો નથી, એના પતિનો છે. ગાંધીજીએ કહ્યું છે કે સ્ત્રીઓએ નિર્ભયતા કેળવવાની છે. માબાપના દુઃખનો પણ વિચાર તો કરવાનો જ છે. છતાં સત્ય સ્થિતિ જણાવી, મક્કમ રહી શિક્ષા થાય તે ભોગવવાની તૈયારી સાથે વાત કરવી જોઈએ.

'ઓથેલો' નાટકમાં પુરુષ વધુ નિષ્ફળ જાય છે. ડેસ્ડેમોના જુલીએટ જેટલી જ સુંદર છે પણ એનાથી વધારે સ્વસ્થ છે.

શેક્સપીઅર આ નાટકમાં જણાવે છે, રોમેન્ટિક પ્રેમનો જે ઊભરો પ્રથમ આવે છે તે હંમેશાં એવો ટકી રહેતો નથી. આપણે ત્યાં નાસીને લગ્ન કરનારાં પણ કયારેક, થોડા સમયમાં જ આવેગ શાંત થઈ જતાં પ્રેમને ઠુકરાવી દે છે. ઉભળકો સ્થિર થાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ. ગાંધીજીએ તો એવા પ્રેમીઓને પાંચ વર્ષ સુધી લગ્ન ન કરી રાહ જોવા કહ્યું હતું.

ડેસ્ડેમોનાને ઓથેલો ગળે ટૂંપો દઈ મારી નાખે છે. છતાં મરતાં મરતાં ડેસ્ડેમોના તો કહે છે કે મેં જાતે આપઘાત કર્યો છે. મારા પ્રેમી અને પતિને મારા નમસ્કાર હજો. આપણે ત્યાં પણ બાળી મુકાતી કેટલીય સ્ત્રીઓ ડાર્કરૂમ ડેકલરેશનમાં

(અનુસંધાન પાના ૧૭૪)

હમ ખુલ્લખુલ્લે હૈં ઇસકી....

● મનોજ્ઞા દેસાઇ

૨૬મી જાન્યુઆરી હવે બહુ દૂર નથી.

આપણા દેશનાં બાળકોને આપણા તહેવારો ગણાવવાનું કહેશો તો તેઓ દિવાળી, હોળી, નાતાલ, ઇદ, પટેટી વગેરે અનેક ગણાવશે પણ બહુ જ ઓછાં બાળકો ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીને આપણો તહેવાર ગણાવશે. પણ એમાં બાળકોનો વાંક નથી, આપણો વાંક છે. દિવાળી-હોળીમાં આપણે પણ જેટલો આનંદ કરીએ-કરાવીએ છીએ, એટલો આનંદ આપણને આ રાષ્ટ્રીય તહેવારોએ નથી થતો એ હકીકત છે. આપણે એને તહેવારોમાં ગણાવીએ તો 'એ કંઇ તહેવાર કહેવાય?' એમ કોઇ બાળક બિચારું પૂછી બેસે તો એનો શો વાંક?

'મમ્મી, કાલે અમારે સવારે સાત વાગ્યે સ્કૂલમાં પહોંચી જવાનું છે.'

'મને એટલા વહેલા આવવાનો ટાઇમ નથી.'

'પણ પપ્પાને તો 'હોલીડે' છે ને!'

'તે પપ્પા બિચારા સૂએ કે તને દેશભક્તિ શીખવવા આવે!'

હા, બહુ સહેલું નથી. કોઇક વાર રજા મળતી હોય. ઘણાં કામ હોય. સમય ઓછો ને મુશ્કેલીઓ વધુ. પણ બાળકને રાષ્ટ્રભક્તિ શીખવવી હશે તો થોડો તો ભોગ આપવો પડશે ને! એ જ બાળકને માટે જો વધારે સુંદર દેશ વારસામાં મૂકી જવો હશે તો અત્યારથી એ બાળકને આ દેશ 'પોતાનો' તો લાગવો જોઇશે ને! બધાં જ બાળકોને તો અમેરિકા-ઇંગ્લંડ એકસપોર્ટ નહીં કરી દેવાય! અરે એકસપોર્ટ કરેલાંને પણ પાછાં ઇમ્પોર્ટ કરવાની ત્યાંની સરકારો ભવિષ્યમાં ફરજ નહીં જ પાડે એમ કોણે જાણ્યું?

ટૂંકમાં બાળકને અને આપણને સૌને આ દેશ 'પોતાનો' લાગવો જોઇએ. આ દેશની માટી, આ દેશની હવા, આ દેશનો પવન બધું 'આપણું' લાગવું જોઇએ. બાળકોને તો લાગે છે પણ આપણું-મોટાંનું વલણ એ લોકોમાં પરિવર્તન લાવે છે.

'દેશ તો છે તેવો છે, કંઇ ઝંડાવંદન કરવાથી સુધરી જવાનો છે? રાષ્ટ્રગીત ગાવાથી કંઇ દેશ સુધરવાનો છે?' આવી દલીલો વારંવાર સાંભળવા મળે છે. આનું કારણ આપણામાં રાષ્ટ્રીય ભાવનાનો સદંતર અભાવ છે. જો બાળકને ધ્વજવંદનમાં મોકલી શકાય એમ ન જ હોય તોય, 'જવું તો જોઇએ હોં! પણ આ વખતે બની શકે એમ નથી.' એવો વિચાર પોતે કરવો અને બાળકને સમજાવવો એ કદાચ બાળકની કેળવણી અને એના ભવિષ્ય માટે વધારે ફાયદાકારક અને પ્રેરક છે.

મારા પપ્પાના એક અંગ્રેજ મિત્ર છે. તે હંમેશાં ૧૫ મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ શુભેચ્છાઓ મોકલતા કાગળો લખે છે. ત્યારે મને ઘણીવાર એમ થાય છે કે આપણે અંદર-અંદર શા માટે ગ્રીટિંગકાર્ડસ મોકલતા નથી? આ પ્રથા ખરેખર સુંદર નથી?

વળી ધ્વજવંદન એ લગભગ માત્ર શાળાઓ પૂરતું સીમિત રહે છે. શાળા છોડયા પછી આપણામાંના કેટલાંને ધ્વજવંદનમાં ગયાનું યાદ હશે!

તો આવતી ૨૬ મી જાન્યુઆરીએ આપણે 'સારે જહાં સે અચ્છા...' એ ટી. વી. પર કૂચગીત તરીકે સાંભળવા પૂરતું સીમિત રાખવાને બદલે આપણા દેશની બુલબુલ બનીને એક-બે મધુર ટહુકા પણ કરી લઇએ તો કેવું?

બાળકમાં રાષ્ટ્રીયભાવના આપણાં કરતાં વધારે હોય છે. કદાચ એને વાસ્તવિકતાઓનો પરિચય નથી-કે ઓછો છે-માટે. પણ એ રાષ્ટ્રીયતાના અંકુરને આપણે વ્યવસ્થિત રીતે સિંચીશું તો કદાચ પોતાની રાષ્ટ્રીયતા જાળવીને પણ આ જ વાસ્તવિકતાઓનો સામનો આપણાથી પણ વધારે સારી રીતે કરી શકશે.

'આજકાલનાં છોકરાં બહુ સ્માર્ટ હોય છે.'

'હવેની જનરેશન જ ઇંટેલિજંટ હોય છે.'

આવાં વાકયો ઘણીવાર સાંભળવા મળે છે. પણ એ 'સ્માર્ટનેસ' અને 'ઇન્ટેલિજન્સ' ને વળાંકની જરૂર છે. તે માટે વીંઝયો બનવું નથી પણ ધ્વજવંદન જરૂરી છે.

ગાંધીજી અને દેશની સ્વતંત્રતા એકબીજાં સાથે એટલી ગાઢ રીતે સંકળાયેલાં છે કે અહીં એ વિશે લખવું પણ અસ્થાને નહીં ગણાય.

હું નાની હતી ત્યારે આપણે જેમ ગણપતિ અને માતાજી 'માંડીએ' એમ બીજી ઓકટોબરે મેં ગાંધીજી 'માંડેલા'. ગાંધીજીનો ફોટો મૂકીને આજુબાજુ શણગાર કરેલો. આજુબાજુથી બધાંને 'દર્શન' કરવા બોલાવી લાવેલી.

આ પ્રસંગ ટાંકવાનું તાત્પર્ય એટલું જ કે બાળકોને પ્રોત્સાહન આપીશું તો એ પોતાના આગવા વિચારો અને સતેજ કલ્પનાશકિતને અનેક રીતે અભિવ્યકિત આપી શકશે.

મારાં ફોઇ જે પોતે સ્વાતંત્ર્ય સૈનિક હતાં, તે કહેતાં કે ૨૬મી જાન્યારીએ એ લોકો કોઇ વાર સાથિયા-રંગોળી પણ કરતાં, આ વાત સાંભળીને મેં પણ એક-બે વાર ૨૬મી જાન્યુઆરીએ આંગણામાં સાથિયો કરેલો. મોટાં થતાં આ પ્રકારના ઉત્સાહમાં ઓટ આવી શકે પણ કદાચ આ પ્રકારના ઉત્સાહનું રૂપાંતર બીજા રચનાત્મક ઉત્સાહમાં પણ થઇ શકે.

અમારે ત્યાં ખારમાં લક્ષ્મીનગર હોલમાં વર્ષના આ બંને દિવસે પહેલાં ધ્વજવંદન થતું અને મુખ્યત્વે સ્કૂલનાં વિદ્યાર્થીઓથી હોલ ભરાઇ જતો. કેટલાંક કારણોસર એ બંધ થઇ ગયું. ત્યાર પછી મારા પપ્પાની ઇચ્છાથી અમે ખારના જાહેર બગીચામાં ધ્વજવંદન શરૂ કર્યું. ઘણું ખરું એક શાળાના વિદ્યાર્થીઓ બગીચામાં આવતા. એક-બે વાર એ પણ આવ્યા નહિ. એક વખત તો ગણીને આઠ જણ હતાં અમે ધ્વજવંદનમાં! 'આનો શો અર્થ!' એવી નિરાશા છતાં પ્રથા ચાલુ રાખી. હવે પાછી સંખ્યા પ્રમાણમાં વધી છે. જો કે એમાં પણ મુખ્યત્વે વિદ્યાર્થીઓ જ હોય છે- નાગરિકો બહુ જ ઓછા હોય છે. પણ કંઇક આશાનાં કિરણ દેખાય છે.

વળી એક અનોખો અનુભવ પણ થયો. બગીચામાં જ્યારે હું ધ્વજ બાંધતી હતી ત્યારે જાહેર જગ્યા હોવાને કારણે આજુબાજુ ફરવા આવેલા લોકોને પણ એમાં રસ જાગ્યો. ધ્વજવંદન શરૂ થઇને પૂરું થયું ત્યાં સુધી બગીચામાં ફરવા આવવાવાળા લોકોએ પણ એક-બેવાર હાજરી આપી.

આપણે ધીરે ધીરે પણ વર્ષના આ બે દિવસને પર્વ તરીકે ઉજવીશું તો આપણામાં અને આપણાં બાળકોમાં એ વિશે જાગૃતિ આવશે, રાષ્ટ્રીયતાની ભાવના કેળવાશે અને એક પ્રકારનો આનંદ તો મળશે જ!

यस्मात् क्रिया प्रतिफलंति न भावशून्यः ।

પન્નાલાલ ૨. શાહ

આપણાં પૂર્વસૂરિઓ અને ઋષિ મહર્ષિઓને લાધવકળા હસ્તગત હતી. અધ્યાત્મ અને આત્મસાક્ષાત્કાર, તત્ત્વજ્ઞાન અને જીવનવ્યવહારની ખૂબીઓ એમણે આપણને સૂત્રો દ્વારા આપી છે. એમાં સહજ રીતે ગાગરમાં સાગર ભર્યો છે. એમાં જ્ઞાનાનું ડહાપણ છે, અનુભવ છે. એ અનુભવના નીચોડરૂપે, નવનીતરૂપે આપણને આવો સંસ્કાર–સમૃદ્ધ વારસો મળ્યો છે. ઉપનિષદ અને પુરાણો, આગમ અને પિટક ગ્રંથોમાં આપણને આવાં ઘણાં સૂત્રો મળે છે. આ ગ્રંથો બહુધા સૂત્રો રૂપે જ રચાયા છે. એવું એક સૂત્ર જેવું, આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરરચિત કલ્યાણમંદિર સ્તોત્રના આઠત્રીસમા શ્લોકનું ચોથું ચરણ આ લેખને મથાળે મૂકયું છે: 'यस्मात् क्रिया प्रतिफलन्ति न भावशून्याः। અંતરના ભાવ વિના ભક્તિ ફળતી નથી.'

એ શ્લોકનો ભાવાર્થ કાંઈક આવો છે: 'પૂર્વ ભવમાં ભગવાનની વાણીનું કયારેક, કયાંક શ્રવણ કર્યું હશે; કોઈ વખત એમને પૂજ્યા પણ હશે; વળી કોઈ વખત નિરખ્યા પણ હશે, પરંતુ એ ક્ષણે ભગવાનને ભક્તિપૂર્વક, ભાવપૂર્વક ચિત્તમાં ધાર્યા નહિ હોય એટલે દુઃખપાત્ર આ સંસારમાં આપણું પરિભ્રમણ ચાલુ રહ્યું છે. કારણ, ભાવશૂન્ય આચારથી ભક્તિ ફળતી નથી.' કહેવાનું તદ્દન સરળ છે.

આધુનિક કેળવણીના પ્રસાર સાથે જાગૃતિ આવી છે. સમજ્યા વિના, અર્થની જાણકારી વિના આપાં સૂત્રોનો પોપટપાઠ ભણવાની કે ક્રિયા અને ભક્તિ કરવાની આપણું મન ના પાડે છે. અર્થ ન સમજાય, કથયિતવ્યનો હેતુ ન સમજાય તોય પ્રભુનામ-સ્મરણથી માંડીને ભક્તિપૂર્વક સમર્પણ કરવાની વાત ઝટ દઈને ગળે ઊતરતી નથી; પરંતુ અર્થ સમજાય કે નહિ તો પણ પ્રભુના સ્મરણમાં લાભ છે, નુકસાન નથી, એ સમજવું જરૂરી છે. ભાવ હોય અને અર્થ સમજાય તો વધારે સારું. બુદ્ધિથી અર્થ સમજાય અને વ્યવહાર સરખો, સરળ ચાલે એ ખરું. પરંતુ એ વાણીનો અર્થ થયો, અર્થ શબ્દોમાં, વાકયોમાં કે વાણી માત્રમાં નથી. પણ એ બોલનારના, સ્તુતિ કરનારના મનમાં છે. એ વિશેષ મહત્ત્વનો છે. સ્તુતિ કરનાર જે ભાવથી, જે હેતુથી બોલે છે તે જ તેનો સાચો અર્થ, એટલે જે મહત્ત્વનું છે તે ભકતના અંતરના ભાવોનું મહત્ત્વ છે.

ચૈતન્ય મહાપ્રભુના જીવનનો એક પ્રસંગ છે.

એકવાર તેઓ યાત્રાર્થે જઈ રહ્યા હતા. રસ્તામાં એમણે એક વૃદ્ધ બ્રાહ્મણને આસન લગાવી ભગવદ્ગીતાનો પાઠ કરતો જોયો. સામે શ્રીકૃષ્ણની મૂર્તિ પધરાવી હતી. એ વૃદ્ધની આંખમાંથી એકધારાં આંસુ વહી રહ્યાં હતાં. એ જોઈને ચૈતન્ય મહાપ્રભુ ત્યાં જ બેસી ગયા. પાઠ પૂરો થયો. વૃદ્ધ બ્રાહ્મણ રડતાં રડતાં મૂર્તિને પગે લાગ્યા. એ સ્વસ્થ થયા ત્યારે ચૈતન્ય મહાપ્રભુએ તેમને પૂછયું: 'મહારાજ! આપ ગીતાનું ઊંડું રહસ્ય જાણતા લાગો છો. તો આપ ગીતાનો શો અર્થ કરો છો તે સમજાવો.'

'ભાઈ! હું તો કાંઈ સમજતો નથી,' પેલા વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું, 'હું તો સંસ્કૃત પણ જાણતો નથી.'

'આપનો ભાવાવેશ એવો હતો', ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું.

'એની મને ખબર નથી!' પેલા વૃદ્ધ બ્રાહ્મણે આગળ ચલાવ્યું, 'હું જ્યારે જ્યારે ગીતાનો પાઠ કરું છું, ત્યારે ત્યારે મને લાગ્યું છે કે અર્જુન જીવનમાં ખૂબ મૂંઝાયો છે. પરમ કલ્યાણનો માર્ગ સ્વબુદ્ધિથી સૂઝતો ન હતો. એટલે ભગવાનને શરણે ગયો, ઉદ્ધાર માટે. ભગવાન કરુણા કરી ઉપદેશ આપે છે અને અર્જુન એ ઉપદેશ આતુરતાથી ઝીલે છે. એ ઉપદેશ શો છે એની મને ખબર નથી. ફકત ભગવાનની કૃપાથી જ ઉદ્ધાર છે એમ હું સમજું છું. બીજું કાંઈ હું સમજતો નથી.'

લાગે છે કે વ્યાકરણાચાર્ય અને ભલભલા પંડિતો જે નથી સમજ્યા એ ખરું તત્ત્વ આ વૃદ્ધ બ્રાહ્મણ સમજ્યો છે. સમર્પણની વાત મુખ્ય છે, અને એ એમણે બરાબર ગ્રહણ કરી છે, યથાર્થ પકડી છે.

એક બીજું દૃશ્ય જોઈએ.

નાનું બાળક હોય, ઘોડિયે હીંચકવા જેવડું. અર્થ સમજવાની એની ક્ષમતા બિલકુલ નથી. એને સૂવડાવવા એની માતા એને હીંચકે ઝુલાવે છે, હાલરડું પણ ગાય છે. એનો કંઠ જરાય મીઠો નથી. કદાચ બાળક હઠે ચડે અને ઊંઘે નહિ તો શરૂઆતમાં એને પટાવે, ધમકાવે અને અંતે હાલરડાં ગાયને સૂવડાવી દે. માને આશરે એ સફળ જાય, મીઠી નીંદર માણે અને જાગે ત્યારે હસતું, કિલ્લોલ કરતું હોય સ્ફૂર્તિવાળું હોય. હવે એની માતાને બદલે બીજું કોઈ એ બાળકને હીંચકાવે. સૂતું ન હોય અને ન સૂવાની રઢ લીધી હોય એવું લાગે. એટલે હીંચકાવનાર એને પ્રારંભમાં ધમકાવે, બીવરાવે અને અંતે એના મધુર કંઠે હાલરડું ગાય તો બાળક એના સમયે નિદ્રાધીન તો થશે જ. પરંતુ એ ઊંઘમાં વારંવાર ઝબકી જશે, ઠિજરાયા કરશે, ઊંઘ પૂરી થતાં એ ઊઠશે પણ ખરું, પરંતુ એ હસતું–રમતું, ખીલખીલ કરતું નહિ હોય. એનામાં સ્ફૂર્તિ પણ નહિ હોય. આ દૃશ્યમાં આપણે જોઈ શકીએ છીએ કે બાળકમાં અર્થ સમજવાની ક્ષમતા નથી તેમ કંઠના માધુર્યનો પણ એને સમજણ નથી. હાલરડાના ભાવ પણ મીઠાં હોય. છતાં ફરક પડે છે. એનું કારણ માતૃવાત્સલ્ય છે. માતાનાં હેત અને વહાલની એને અનુભૂતિ છે, પ્રતીતિ છે, એમાં એને પૂરો વિશ્વાસ છે. એ વિશ્વાસ અને શ્રદ્ધાની ઓથે એ નિરાંતે મીઠી નીંદર માણે છે. પરિણામે બાળક હસતું–હસતું, મરકતું–મરકતું જાગે છે.

આપણું પણ આ બાળક જેવું છે. જેમ બાળકને માતાના હેતની સમજણ છે તેમ આપણને અંદરથી એટલું સમજાય કે ભગવાન પરમ દયાળુ છે, અંતર્યામી છે અને એ સમજણ પર અંતરનો ખરો વિશ્વાસ બેસે, એવી શ્રદ્ધા જાગે તો પછી ભલેને અર્થ ન સમજાય, તો પણ એવી સ્તુતિ સાંભળવા મન અધીરું થશે. એમ કરવાથી પ્રભુપરાયણ થવાય. એથી શાંતિ અને પ્રસન્નતા પણ થશે. સ્તુતિ અને પ્રાર્થના અને તેનો હેતુ પ્રભુ–પરાયણ થવાનો છે. એ અંતરના ભાવ હોય તો જ થવાય, એમાં અર્થ અને કંઠની મધુરતા ભળે તો એ ભાવને પુષ્ટિ જરૂર મળે, પરંતુ એ ન હોય તો અંતરના ભાવ ઓછા જતા નથી. એથી ઊલટું અર્થની સમજણ હોય, મીઠા લહેકા અને મીઠી ઝલક સાથે કંઠમાંથી ભજન વહેતું હોય, પરંતુ ભાવોલ્લાસ ન હોય તો એ યંત્રવત્ ભક્તિ કેટલી ફળે એ એક પ્રશ્ન છે. મુખ્ય વાત અંતરનાં ભાવની છે. એના વિના ભક્તિ ફળતી નથી. કલ્યાણમંદિર સ્તોત્રના એ શ્લોકના ચોથા ચરણમાં પણ આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર એ જ કહેવા માંગે છે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૨૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૨-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સંકલ્પી હિંસા

● રમણલાલ ચી. શાહ

દિનપ્રતિદિન મનુષ્યની વસતિ વધતી જાય છે. તેની સાથે સાથે દિનપ્રતિદિન પ્રાણીઓની કતલ પણ વધતી જાય છે. મનુષ્યના આહાર માટે પશુપક્ષીઓની કતલ થવા ઉપરાંત ખોજશોખ માટે અને ક્યારેક તો માત્ર આર્થિક કારણોને લીધે વ્યાવસાયિક ધોરણે પણ પુષ્કળ કતલ થવા લાગી છે. એમાં દયાની વાતને કોઇ અવકાશ નથી.

હિંસા વગર મનુષ્યજીવન ટકી શકે નહિ. માટી, પાણી, હવા વગેરેમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓની હિંસાની વાત બાજુ પર રાખીએ તો પણ મનુષ્યજીવન ટકાવી રાખવા માટે અનાજ, શાકભાજી, ફળફૂલ વગેરેમાં રહેલા એકેન્દ્રિય જીવોની હિંસા અનિવાર્ય બને છે.

હિંસા કરવી એ પાપ છે એમ દુનિયાના બધા લોકો માનતા નથી. મનુષ્યની હિંસા એ પાપ છે અથવા ખૂરું કાર્ય છે એમ સુશિક્ષિત અને અશિક્ષિત, શહેરી અને જંગલી, તમામ માણસો માને છે. પરંતુ પ્રાણીઓની હિંસા કરવામાં પાપ છે એવું જેઓ માનતા નથી તેવા ઘણા માણસો પોતાના આહાર માટે પ્રાણીઓના માંસનો ઉપયોગ કરે છે.

કેટલાક તો એમ માને છે કે ભગવાને પશુસૃષ્ટિનું સર્જન માણસના ભરણપોષણ માટે જ કર્યું છે. કેટલાક એવો પણ તર્ક દોડાવે છે કે પશુઓને મારીને ખાઇએ નહિ તો આખી દુનિયામાં એટલાં બધાં પશુઓ વધી જાય કે માણસને રહેવા માટે જગ્યા જ ન રહે. કેટલાક એવો તર્ક કરે છે કે દુનિયાના બધા માણસો જો શાકાહારી થઇ જાય તો એટલું અનાજ ઉગાડવા માટે જમીન ક્યાં છે ? અલબત્ત, આ તર્કનો રદિયો આંકડાઓ સાથે આપાયો છે કે પશુઓને ચરવા માટે જેટલી જમીન જોઇએ તેથી ઓછી જમીનમાં સમગ્ર માનવજાત માટે પૂરતું અનાજ ઊગાડી શકાય.

દુનિયાની પોણા ભાગથી વધુ વસતિ માંસાહારી છે. એમના આહાર માટે દુનિયામાં રોજ લાખો-કરોડો પ્રાણીઓની કતલ થયા કરે છે. બીજા ઉપયોગો ઉપરાંત આહાર માટે પ્રાણીઓનો ઉપયોગ થાય છે એટલે પ્રાણીઓની કિંમત અંકાય છે. માણસે જીવવા માટે રોજ બે-ત્રણ ટંક આહાર લેવો પડે છે અને એ આહારની એને કિંમત ચૂકવવી પડે છે. કિંમત ચૂકવવા માટે એને પુરુષાર્થ કરવો પડે છે; કમાણી કરવી પડે છે. જીવનના બીજા વ્યવહારો માટે કરવી પડતી કમાણી લે તો વળી જુદી. ગયા સૈકા સુધી પ્રાણીઓનો વધ જરૂરિયાત પૂરતો કરાતો. હવે દુનિયાની જરૂરિયાત પણ વધી છે અને પશુપક્ષીઓના ભાવ પણ વધ્યા છે. ઝડપી હેરફેર માટે અને વાતાનુકૂલિત સાધનોને કારણે દુનિયાના ઘણા દેશો વચ્ચે માંસનાં પેકેટોની હેરફેર વધી રહી છે. ઓસ્ટ્રેલિયાનાં ઘેટાંઓનું માંસ જપાન અને બીજા દેશોમાં જવા લાગ્યું છે. જપાનની ઓશ્કટર માછલીઓ દુનિયાના ઘણા દેશોમાં જાય છે. ભારતની ગાયોનું માંસ મધ્ય પૂર્વના દેશોમાં જવા લાગ્યું છે. ભારતના દેડકાઓના પગની નિકાસ બીજા દેશોના લોકોના આહાર માટે પુષ્કળ થવા લાગી છે. છેલ્લા ત્રણેક દાયકામાં દુનિયાભરમાં ગાય, ઘેટાં, ડુક્કર, જુદી જુદી જાતની માછલીઓ વગેરેની હિંસાનું પ્રમાણ ઘણું બધું વધી ગયું છે. દુનિયાના અર્થકારણમાં હવે પ્રાણીઓ પણ ઘણો મોટો ભાગ ભજવવા લાગ્યાં છે. ઘેટાંની કતલ ન હોય તો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનું અર્થતંત્ર ભાંગી પડે ! માછલી ન હોય તો જપાન અને બીજા કેટલાક દેશોનાં અર્થતંત્ર ઉપર અસર પહોંચે.

પૈસા કમાવા માટે માણસ ગમે તેવો વ્યવસાય અપનાવવા તૈયાર થઇ જાય છે. ભારતમાં સામાજિક અને રાજકીય સ્તરે કેટલીક હિંસાત્મક પ્રવૃત્તિઓને સમર્થન મળતું જાય છે.

જેમ જેમ વિજ્ઞાન આગળ વધતું જાય છે તેમ તેમ પ્રાણીઓનાં માંસ, હાડકાં, ચરબી, લોહી વગેરેનો ઉપયોગ જુદા જુદા ઉદ્યોગોમાં કરવાથી કેટલો આર્થિક ફાયદો થશે તેના આંકડાઓ બહાર પડતા જાય છે અને ઉદ્યોગપતિઓ તેમ કરવા લલચાય છે. ભવિષ્યમાં એક બાજુ પ્રાણીઓની ઉત્પત્તિ કેવી રીતે વધુ થાય, અને બીજી બાજુ તેની હિંસા કેમ વધુ લાભકારક રીતે કરાય તેની નવી નવી પદ્ધતિઓ અમલમાં આવતી જશે. અત્યારે જેટલી પ્રાણીઓની હિંસા થાય છે તેથી વધુ હિંસા બીજાં પાંચ-પચીસ વર્ષમાં થવા લાગશે.

માત્ર આહાર માટે જ નહિ, માણસના વસ્ત્ર-પરિધાન અને બીજા જાતજાતના મોજશોખોને માટે પણ અનેક પ્રાણીઓની હિંસા થઇ રહી છે. માત્ર મનોરંજનાર્થે પશુપક્ષીઓના શિકારની પ્રવૃત્તિ તો આદિકાળથી ચાલી આવી છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓના પ્રસાધન માટે બનાવાતાં લિપસ્ટિક અને નેઇલપોલિશમાં ચમક લાવવા માટે માછલીનું તેલ અને રસાયણ વપરાય છે. એ માટે દુનિયામાં રોજની અબજો માછલીઓ મારવામાં આવે છે. મોતી અને રેશમી કાપડ માટે પણ મોટા પાયા પર હિંસા થાય છે. સ્ત્રીઓની પર્સ માટે

સાપ ને અજગરની ચામડી મેળવવા માટે પણ હિંસા વધતી ચાલી છે. આવી બીજી કેટલાય પ્રકારની હિંસા થઇ રહી છે.

દુનિયાનું અર્થકારણ હવે વધુ વળાંકો લેવા લાગ્યું છે. ભાવ ટકાવી રાખવા માટે વધારાના માલનો નાશ કરવો જોઇએ, એ અર્થશાસ્ત્રનો સિદ્ધાંત છે. એટલા માટે અમેરિકા અને કેનેડામાં કયારેક ટનબંધ ઘઉં દરિયામાં ફેંકી દેવામાં આવે છે. બંદરમાં પણ ઢોરોને ઘઉં ખવડાવી દેવામાં આવે છે. આ વાત હવે જૂની થઇ; પરંતુ ભાવ ટકાવી રાખવાને માટે, વધારે પડતાં પ્રાણીઓ હોય તો તેની કતલ કરી નાખવાની પદ્ધતિ પણ હવે દુનિયાનાં બજારો અપનાવવા લાગ્યાં છે. એક બાજુ લોકોપયોગી ઢોરોની ઓલાદ કેમ સારી થાય અને તેની વસતિ કેમ વધે તેના પ્રયોગો થઇ રહ્યા છે, ત્યારે બીજી બાજુ સારાં પ્રાણીઓની પણ ઓછા ખર્ચે સામુદાયિક કતલ કરવા માટેના પ્રયોગો બજારવાદ રહ્યા છે. તાજેતરમાં જ પશ્ચિમ જર્મનીમાં દૂધણી ગાયોનો વધારો થઇ જતાં બે લાખથી વધુ તંદુરસ્ત ગાયોની કતલ કરી નાખવામાં આવી હતી! માણસ પોતાની ગરજ અનુસાર માત્ર આર્થિક દૃષ્ટિએ જ વિચાર કરીને નિર્દોષ લાચાર પશુઓની નિર્દય કતલ કરવા લાગ્યો છે. એક દેશમાં લોકો ભૂખે મરતા હોય અને બીજા દેશમાં અનાજનો નાશ કરાતો હોય, એક દેશમાં દુધાળાં ઢોરની ઘણી અછત હોય અને બીજા દેશમાં લાખોની સંખ્યામાં તેની કતલ થતી હોય એવી વિષમ પરિસ્થિતિ વર્તમાન જગતમાં છે. હેરફેરનો ખર્ચ અને કસ્ટમ્સના કાયદાઓ વગેરેના જટિલ પ્રશ્નોને કારણે અને દયા કે માનવતાના અભાવને કારણે આવી સમસ્યાઓનો જલદી ઉકેલ આવતો નથી. પરંતુ દુનિયામાં યુનાઇટેડ નેશન્સ દ્વારા કે સ્વતંત્ર રીતે એવું એક સમવાયતંત્ર ઊભું કરવાની જરૂર છે કે જે બજારભાવ અને અર્થકારણને સાચવવાની સાથે સાથે નિર્દોષ પશુઓને બચાવે અને જરૂરિયાતવાળાને તે પહોંચાડે.

માણસની સુખાકારી માટે, દવાઓ વગેરેના સંશોધનના પ્રયોગો કરવા માટે સસલાં, વાંદરા વગેરેની નિકાસ પણ ભારત જેવા દયાભાવનાવાળા દેશમાંથી પુષ્કળ થાય છે. પૈસા કમાવા નીકળેલા માણસો એમાં પણ ઘણી ગેરરીતિઓ કરે છે. ખેતરોમાં અનાજનો પાક અને ફળફળાદિ બચાવવા માટે વાંદરાઓ, ઉંદરો અને પક્ષીઓનો શિકાર કેવી રીતે કરવો તેની પણ નવી નવી રીતો ને આધુનિક તુક્કાઓનો પ્રચાર થાય છે. સાંસ્કારિક સામયિકોમાં તેની જાહેર ચર્ચા થાય છે. આવો પ્રચાર માનવતાના નામે જ્યારે થાય છે ત્યારે તે વધુ ખેદજનક લાગે છે. જીવનની જરૂરિયાતો દિવસે દિવસે વધતી જવાથી માનવજાત પશુઓ પ્રત્યે દિનપ્રતિદિન આહાર, ઔષધ, મોજશોખ, અર્થકારણ વગેરેને માટે વધુને વધુ નિર્દય થતી જાય છે એ દુઃખદ પરિસ્થિતિ છે. માખી, મચ્છર, કીડી, ઊધઇ માંકડ, વાંદા વગેરેના નાશને માટે કેટલા બધા વ્યાપક પ્રમાણમાં દવાઓનો ઉપયોગ દુનિયાભરમાં થઇ રહ્યો છે! છાપાંઓ, રેડિયો, ટી.વી.ની જાહેરખબરો દ્વારા પુષ્કળ પ્રચાર થઇ રહ્યો છે.

આ બધી હિંસામાં કશું પાપ નથી એવું માનનારા લોકો પ્રત્યે તો કરુણા અને માધ્યસ્થની દૃષ્ટિ રાખ્યા સિવાય છૂટકો નથી. કારખાનાંઓમાંનાં સ્થાપિત હિતો ડાહ્યા માણસોને પણ આંધળો બનાવી દે છે. તેમને સદ્‌બુદ્ધિ મળે એવી જ પ્રાર્થના કરવી રહી.

પરંતુ વધારે અફસોસની વાત તો એ છે કે આ બધી હિંસામાં પાપ છે તેવું માનવાવાળો વર્ગ પણ દિનપ્રતિદિન આ હિંસાત્મક પ્રવૃત્તિઓના જુવાળમાં ધસડાય છે, સપડાય છે અને બચાવ માટે લૂલી દલીલો કરે છે. જૈનો પણ તેમાં અપવાદ નથી.

જેના હૃદયમાં જીવો પ્રત્યે દયા રહેલી છે તેવા જૈનો માટે શક્ય તેટલી નિર્દોષ આજીવિકા મેળવવાનું શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે. જેમાં સ્થૂળ-સૂક્ષ્મ જીવોની પુષ્કળ હિંસા થતી હોય એવા પંદર પ્રકારના વ્યવસાય-કર્માદાનનો નિષેધ ગૃહસ્થ જૈનો માટે દર્શાવવામાં આવ્યો છે. એ વ્યવસાયોમાં વર્તમાન સમયના નવા કેટલાક વ્યવસાયોને પણ ઉમેરી શકાય.

દુનિયામાં હિંસા તો એક ક્ષણ પણ અટકવાની નથી. અટકાવવા માટે શક્ય તેટલો સદ્‌પ્રચાર કરવો જોઇએ, પરંતુ સમજુ માણસે તો પોતે જ પોતાની મર્યાદા આંકી લઇને તેમાંથી ખસી જવું જોઇએ. પોતાનું જીવન સારી રીતે નિભાવવા માટે વધુમાં વધુ કેટલી જરૂર છે તેનું માપ કાઢી બાકીની હિંસામાંથી બચવું જોઇએ.

માત્ર જીવજંતુઓ અને પશુપક્ષીઓની હિંસાથી માણસ ખરાબ થયો છે એમ નહિ કહી શકાય. વ્યક્તિગત કે સામુદાયિક માનવહત્યાની ઘટનાઓ પણ વખતોવખત બનતી રહે છે. રાજકીય, ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ઝનૂનને કારણે વખતોવખત માનવહિંસા થતી રહે છે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનાં યુદ્ધો હવે માત્ર સૈનિકો પૂરતાં મર્યાદિત રહ્યાં નથી; નગરજનોનો પણ ધરાદાપૂર્વક સંહાર થાય છે. ધાર્મિક વેરભાવમાંથી અચાનક હિંસાત્મક વેરભાવ સળગી ઊઠે છે અને અનેક માણસો માર્યા જાય છે. યહૂદીઓ માનવ તરીકે હલકી કોટિના છે અને બીજાને બગાડે છે માટે તેમને પૃથ્વી પરથી નિર્મૂળ કરવા જોઇએ એવો મત, લાખો યહૂદીઓની કતલ કરનાર સરમુખત્યાર હિટલરનો હતો. રાજદ્વારી સરમુખત્યારો કે ઝનૂની ધર્માચાર્યો મોટી માનવહત્યાને માટે સમયે સમયે નિમિત્ત બને છે, પરંતુ હવે ભવિષ્યમાં વૈજ્ઞાનિક ને આર્થિક કારણોસર પણ મોટી સંખ્યામાં માનવહત્યા થવા લાગે તો નવાઇ નહિ. દુનિયાનાં બજારોમાં ઓપરેશન માટે કિડની, હૃદય, આંખો કે શરીરના બીજા અવયવોના ભાવો જેમ જેમ વધુ ઊંચે જતા જશે તેમ તેમ ગુપ્ત માનવહત્યાના બનાવો પણ બનતા જશે.

જૈનો અહિંસાને વરેલા છે. પંચમહાવ્રતધારી શ્રમણ સમુદાયને તો મન, વચન ને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રિવિધેત્રિવિધ હિંસા ન કરવાની પ્રતિજ્ઞા હોય છે. ગૃહસ્થ લોકોને ઘરમાં રહેવાને માટે પાણી, અનાજ, શાકભાજી વગેરે નિમિત્તે કેટલીક હિંસા કરવી પડે છે. આ હિંસાને 'આરંભી' હિંસા કહેવામાં આવે છે અને તે શક્ય તેટલી ઓછી કરવાની હોય છે. પરંતુ હેતુપૂર્વક મોજશોખ, મનોરંજન કે અર્થપ્રાપ્તિને માટે સંકલ્પપૂર્વક, કરાતી પશુપક્ષીઓ કે જીવજંતુઓની નિર્દય હિંસાને 'સંકલ્પી' હિંસા

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૨ પર)

જ્ઞાન, સંસ્કાર અને સંસ્કૃતિને અજવાળતું જ્ઞાનસત્ર

✡ બલદેવ મોલિયા

છેલ્લાં ચારેક વર્ષથી સુરતના શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે સુરતમાં એક જ્ઞાનસત્રનું પ્રતિ વર્ષ આયોજન કરવામાં આવે છે. જ્ઞાનજ્યોત સમા આ જ્ઞાનસત્રમાં વિદ્વાન વ્યાખ્યાતાઓ સમાજને સ્પર્શતા મનનીય વિષયો પર પ્રવચનો આપી આપણી લોકસંસ્કૃતિને જાગૃત અને ચેતનવંતી રાખે છે. આ વર્ષે પણ તા. ૮ અને ૯ ડીસેમ્બર, ૧૯૮૫ના રોજ સુરતના જીવનભારતી હોલમાં આ જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન લેફ્‌ટનન્ટ કર્નલ ડૉ. માનવેન્દ્ર વશીએ દીપ પ્રગટાવી કર્યું હતું. બે દિવસના આ જ્ઞાનસત્રમાં વિદ્વાન વ્યાખ્યાતાઓનાં મનનીય વ્યાખ્યાનો થયાં હતાં તે સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

ધર્મ અને સમાજ

ઉપરોક્ત વિષય પર બોલતાં પ્રથમ વ્યાખ્યાતા શ્રીમતી ન. ચ. ગાંધી મહિલા કોલેજ, ભાવનગરના આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે ફિરસ્તા થવું સહેલું છે, પણ માનવ થવાનું અઘરું છે. માનવજીવન આજે તો જાણે ખારાપાટની જમીન જેવું બન્યું છે. એમાં કરુણા, સહાનુભૂતિ જેવું કંઈ ઊગતું નથી, ઊપજતું નથી, જાણે છેક જ રેતી. આપણે એ રેતીમાં આર્દ્રતા લાવવાની છે, ભીનાશ લાવવાની છે. રેતીને માટી બનાવવાની છે. ધર્મ અને સમાજ વચ્ચેનો સેતુ કંઈક ઢીલો પડતો જાય છે. ધર્મ એક ચાલક બળ છે. ધર્મને વિવેકપૂર્ણ ધારણ કરીએ તો માનવ અવનતિના માર્ગે જતો અટકે, અને ઉન્નત માર્ગે જઈ શકે.

ધર્મ એ એક જીવનપદ્ધતિ છે. અને વિવેકપૂર્ણ રીતે વ્યક્તિને, સમાજને દેશને ધારણ કરી શકે. આપણા દેશમાં ધર્મના અનેક સંપ્રદાયો છે. એ ધર્મને સ્પષ્ટ કરતા હોય છે. પરંતુ સાથે સાથે એ પણ સંકોચતા હોય છે. કોઈ ટૂંકાણે એ સીમિત કરે છે. આજની નવી પેઢીને, ઊગતી પેઢીને ધર્મ સાથે જાણે સંબંધ ન હોય એમ લાગે છે. આ પેઢીને ધર્મ પ્રત્યે આસક્તિ નથી. ઘણીવાર આત્મપ્રતિની જ વ્યક્તિને થતી નથી. અસલામતી કે ભયની ગ્રંથિ પણ વ્યક્તિને ધર્મ તરફ વાળે છે.

સોક્રેટીસ અને લોકશાહી

પ્રથમ દિવસના બીજા વ્યાખ્યાતા હતા ગુજરાતના લબ્ધ-પ્રતિષ્ઠિત સાહિત્યકાર અને ચિંતક શ્રી મનુભાઈ પંચોળી-'દર્શક'. ઉપરોક્ત વિષય પર બોલતાં તેમણે જણાવ્યું હતું કે જો અભ્યાસ નહિ હોય, જ્ઞાન નહિ હોય તો આ ગૂંચવાયેલા સમાજમાં, જગતમાં સારો એવો સમાજ પણ ચાલી શકશે નહિ. જ્ઞાન આવશ્યક છે. ત્યાગ કર્યો, ખાદી પહેરી, કાંતવા બેઠ્યા એ જ્ઞાન નથી. લોકશાહીમાં જ્ઞાનાભ્યાસ જરૂરી છે. આજના રાજદ્વારીઓ વાંચતા નથી. તેમણે વાંચવાનું, અભ્યાસ કરવાનું છોડી દીધું છે. સત્તા જોઈતી હોય અને જોઈએ છે તેમણે અભ્યાસ કરવો જ જોઈએ.

સોક્રેટીસ વિષે બોલતાં તેમણે કહ્યું કે તેઓ એક ધર્મ-પુરુષ હતા, કાળની ભીંત પરથી સોક્રેટીસની છબી કયારેય ભૂંસી શકાય તેમ નથી. આખી યુરોપિયન સંસ્કૃતિ, ગ્રીકોનું મુક્તિ-ચિંતન, રોમનોનો કાયદો અને ઇશુના બંધુભાવ પર ટકેલી છે. એમાંથી ગ્રીકોનું મુક્તિ-ચિંતન તે સોક્રેટીસનો વિચાર છે. સોક્રેટીસમાં લોકશાહીના શાશ્વત ચિંતનનો અર્ક પડેલો છે. સોક્રેટીસ વ્યવસ્થાની સાથે વ્યક્તિઓનું સ્તર ઊંચું આણવા પર ભાર મૂકે છે, નવા માનવીઓ વિના નવો સમાજ શક્ય નથી તેમ કહે છે.

પ્લેટો અને લોકશાહી

બીજા દિવસના પ્રથમ વ્યાખ્યાતા શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ઉપરોક્ત વિષય પર બોલતાં જણાવ્યું હતું કે સોક્રેટીસને એથેન્સની ટોળાશાહીએ સજા કરી એથી પ્લેટો લોકશાહી અંગે વિચારતો થયો. એટલે એણે ગમે તેને ગાદીએ ન બેસાડાય, સમાન અધિકાર હોઈ જ ન શકે, એવો નિષ્કર્ષ તારવીને કહ્યું કે ત્રણ પ્રકારના લોકો હોઈ શકે. એક તો વાસનાભૂખ્યા, બીજા કીર્તિભૂખ્યા અને ત્રીજા સત્યના ભૂખ્યાઓ, સત્યના ઉપાસકો. પહેલા વર્ગના લોકો છો પડી રહે. એશઆરામ કરે. બીજો વર્ગ કીર્તિ-ભૂખ્યાઓનો, એમને લોકપ્રિય થવું ગમે. એ ભલે એમાં રાચે. પણ જે ત્રીજો વર્ગ છે તે સત્યનિષ્ઠ છે. એ જ શાસન કરે, કારણ કે એ એના મૂળનું નહિ પણ બધાના મૂળનું વિચારશે. એને વેરઝેર નહિ હોય. કુટુંબની કે માલમિલકતની ચિંતા નહિ હોય.

પ્લેટોના આ નિષ્કર્ષને પણ એક મર્યાદા છે, એમ શ્રી દર્શકે જણાવી ઉમેર્યું હતું કે પ્લેટોએ કલ્પેલા ત્રણ પ્રકારના વર્ગના લોકો અલગ અલગ અસ્તિત્વમાં સંભવી શકે નહિ. દરેક પૃથક પૃથક વ્યક્તિમાં આ ત્રણ અંશોનું મિશ્રણ છે, જેમ શરીરમાં વાયુ, કફ અને પિત્ત હોય છે તેમ.

ક્રોધ અને કરુણા

બીજા દિવસના બીજા વ્યાખ્યાનમાં ઉપરોક્ત વિષય પર બોલતાં શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે ક્રોધ માનવીના જીવનની ભીતરમાં જ પડેલો હોય છે. ઘણીવાર માણસ દુઃખી થાય ત્યારે ક્રોધ બહાર કાઢે છે. ક્રોધ એ મનોવિકાર છે. ક્રોધનું મારણ છે સ્નેહ.

માનવીને ક્રોધ કરવો પડે છે. અને તેમાંય જો ક્રોધને સંધરી રાખ્યો હોય તો એ સંધરાયેલો ક્રોધ વેર બને છે. ક્રોધ વત્તા સમય એટલે વેર. દુર્વાસા મુનિ વાત વાતમાં ક્રોધ કરતા. એ ક્રોધ કરતા ત્યારે શાપ આપતા. ક્ષમા જ્યારે શીલવિહીન બની જાય ત્યારે ક્રોધનું સ્વરૂપ ઊપડે છે. માનવ-મનમાં જ્યાં સુધી કરુણા છે ત્યાં સુધી તો માનવ જીવન સામે બીજો કોઈ પ્રશ્ન નથી. કરુણાનો વિચાર કરતો થાય તો બધા માટે સંસાર રહેવા જેવો થાય.

સુખમાંથી સુખ ઊપજે છે, કરુણા નથી ઊપજતી. કોઈના સુખમાંથી આપણને પોતાને સુખ થતું નથી. દુઃખ જોઈને, જાણીને ગમે તે વ્યક્તિને સહાનુભૂતિ થાય તેવું માનવીનું મન છે, સ્વભાવ છે.

કાઉસગ્ગ :-

બીજા દિવસના છેલ્લા વ્યાખ્યાનમાં ઉપરોક્ત વિષય પર બોલતાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે જૈન ધર્મમાં મહત્ત્વની એવી 'કાઉસગ્ગ' નામની યોગ

પ્રક્રિયા છે. કર્મની નિર્જરા માટે કરવામાં આવતી આ ક્રિયા એ દેહ પરનો આસક્તિ ભાવ છે. એ એક યોગ ક્રિયા છે અને ચિત્તને આત્મામાં કેન્દ્રિત કરવાની પ્રક્રિયા છે.

શરીરને લગભગ હલનચલન રહિત બનાવી મૌન રાખી, ચિત્તને કેન્દ્રિત કરી શ્વાસ-ક્રિયાને શિથિલ કરી અનાપાન ધ્યાન કરવાથી મનોવિકાર દૂર થાય છે એટલું જ નહિ પણ સ્વાસ્થ્ય સારું રહે છે.

મનુષ્યજીવનમાં કાયા, શ્વોસોચ્છવાસ, વાણી અને મન –એ ચારે ચંચલતાથી, પ્રકંપનથી ભરેલાં છે. એને સ્થિર કરવાની ક્રિયાને જો ધ્યાન કહેવામાં આવે તો કેવલ કાયાની સ્થિરતાને કાયિક ધ્યાન, શ્વાસોચ્છવાસની મંદતા અથવા સ્થિરતાને અનાપાન ધ્યાન, વાણીની સ્થિરતાને વાચિક ધ્યાન અને મનની સ્થિરતાને માનસિક ધ્યાન કહી શકાય. આ ચારેનો સમન્વય થાય તો ઉત્તમ કાઉસગ્ગ ધ્યાન બને.

બે દિવસના આ જ્ઞાનસત્રમાં પ્રથમ પ્રવચનમાં શ્રી આર. એસ. ઝુનઝુનવાળા, બીજા પ્રવચનમાં શ્રી એ. આર. દેસાઈ, ત્રીજા પ્રવચનમાં શ્રીમતી મૃદુલાબેન વકીલ, ત્રીજા પ્રવચનમાં ન્યાયાધીશ શ્રી ધ્રુવસાહેબ પ્રમુખસ્થાને પધાર્યા હતાં. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઈ જરીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રી અમર જરીવાલાએ મુખ્ય મહેમાનોનો તથા પ્રા. તારાબેન શાહે શ્રી જયેન્દ્ર ત્રિવેદીનો પરિચય આપ્યો હતો. શ્રી રતનચંદ નાણાવટીએ આભારવિધિ કરી હતી. અન્ય ટ્રસ્ટીઓ શ્રી સૌભાગ્યચંદ્ર લાકડાવાળા, શ્રી નેમચંદભાઈ મદ્રાસી વગેરે પણ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. શ્રીમતી દામિનીબેન જરીવાળાના સુમધુર કંઠે ગવાયેલ પ્રાર્થનાથી આ વિશિષ્ઠ જ્ઞાનસત્રનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી અશ્વિન સંઘવીએ તથા શ્રી નિલેશ જરીવાલાએ કર્યું હતું.

° ° ° °

જ્ઞાનમાર્ગ

❖ તનસુખ ભટ્ટ

(ડો. રાધાકૃષ્ણન્‌કૃત ગીતાની અંગ્રેજી પ્રસ્તાવનાના આધારે)

ગીતાએ થોડાક મૂળભૂત ફેરફારો સાથે સાંખ્ય તત્ત્વજ્ઞાનને પોતાના આધ્યાત્મિક દર્શનશાસ્ત્ર તરીકે સ્વીકારેલું છે. ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધા તથા મોક્ષની માન્યતાનો સ્વીકાર, આ બે વસ્તુઓ આપણને ત્રણ પદાર્થોનો સ્વીકાર કરવા પ્રેરે છે. આ ત્રણ પદાર્થો છે : મોક્ષાર્થી જીવ, જે બંધનો વડે તે બંધાયો છે તે બંધનો, તથા આ બંધનોમાંથી મુક્ત કરનાર ઈશ્વર. સાંખ્યદર્શન પુરુષ તથા પ્રકૃતિ વચ્ચેના દ્વંદ્વને વિસ્તારથી ચર્ચે છે. માત્ર ગીતા જ તે બંનેને ઈશ્વરથી નીચલા દરજ્જાનાં ઠરાવે છે. પુરુષો અનેક છે અને સદાય તેઓ ભિન્ન રહે છે. આ સભાન જગતમાં અનુભવાતા બધા ય ફેરફારોની પાછળ પુરુષ એક શાશ્વત પદાર્થ છે. સામાન્ય અર્થમાં આ પુરુષ આત્મા નથી પરંતુ વિશુદ્ધ, પ્રશાંત, સ્વયંપ્રકાશતત્ત્વ છે. આ તત્ત્વ જગતમાંથી ઊછીનું લેવાયું નથી, તેમાંથી તારવવામાં આવ્યું નથી, જગતને તે આધીન નથી કે જગતના શાસન વડે તે કોઈ રીતે નિર્ણીત થતું નથી, તે અનોખું અને પરિપૂર્ણ છે. માનવી પુરુષ નથી પણ તેમાં પુરુષ વસે છે, તથા તે પુરુષમય થઈ શકે છે. પ્રકૃતિ બીજું છેવટનું તત્ત્વ છે. તેના બધાંય ઘટકો અપંચીકૃત અવસ્થામાં રહેલ પ્રથમ પદાર્થ છે, આમ હોવાથી તે દૃશ્ય, અવિષ્કૃત અવ્યક્ત છે. બધાંયે માનસિક અને ભૌતિક દૃશ્યો પ્રકૃતિની ઉત્ક્રાન્તિનાં પરિણામો લેખાયાં છે. પ્રકૃતિને ત્રણ ગુણો (બીજા અર્થમાં દોરડાં અર્થાત્ બંધનો) છે. તેઓ વિવિધ પ્રમાણમાં એકત્ર થતાં વિવિધ રીતે પ્રત્યક્ષ થાય છે, અસ્તિત્વમાં આવેલા ગણાય છે. પદાર્થના સંદર્ભમાં તે સત્ત્વ (હળવાશ) રજસ (ગતિ) અને તમસ (ભારેખમપણું) તરીકે પ્રવર્તે છે. માનસિક જગતમાં આ ગુણો ભલાઈ કે પરોપકારિતા, રાગ કે આસક્તિ, અને જડતા કે મંદતા તરીકે અનુભવાય છે. જીવાત્માને જ્યારે પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે કે પોતે પ્રકૃતિના સંપર્કથી સાવ અસ્પૃષ્ટ છે ત્યારે તે મુક્તિ પામે છે. પુરુષ-પ્રકૃતિનું આ સાંખ્યકથિત દ્વંદ્વ તો ઈશ્વરનો અર્થાત્ પરમાત્માનો સ્વભાવ છે એટલા મૂળભૂત ફેરફાર સાથે ગીતા સાંખ્યના આ સિદ્ધાંતને સ્વીકારે છે.

ગુણોના બંધનમાંથી પાપ સરજાય છે. પાપની ઉત્પત્તિનું કારણ એ છે કે પુરુષ અથવા જીવનનું અસલ, જીવાનુભૂતિ તત્ત્વ પ્રકૃતિમાં સમાવિષ્ટ અનુવિદ્ધ, અનુસ્યૂત હોઈને, ગુણો વડે પુરુષ બંધનમાં આવે છે, એક કે બીજા ગુણની અધિકતા પ્રમાણે પુરુષ ઉન્નતિ કે અવનતિ પામે છે. પુરુષ ત્રિગુણાત્મક પ્રકૃતિથી સાવ જુદો અને છૂટો છે એટલું જ્યારે આપણને જ્ઞાન થાય છે ત્યારે આપણને મોક્ષ મળે છે.

યોગથી અર્થાત્ ધ્યાનની પદ્ધતિ વડે અધ્યાત્મજ્ઞાન સાક્ષાત્કારમાં પરિણમે છે, પ્રાચીન કાળથી અમુક વિશિષ્ટ પ્રકારના અનુભવોને તથા અનુષ્ઠાનોને વર્ણવવા માટે યોગનો ઉપયોગ થયો છે. આગળ જતાં જ્ઞાન, ભક્તિ અને કર્મના માર્ગોમાં તેનો સ્વીકાર તથા વિનિયોગ થયો છે. આ ત્રણેમાંનો દરેક માર્ગ ધ્યાનયોગની પદ્ધતિનો ઉપયોગ કરે છે, પતંજલિના મત અનુસાર ચિત્તની વૃત્તિઓના નિરોધને યોગ કહેવામાં આવે છે. ચિત્તના સંકલ્પ-વિકલ્પોના ઘોંઘાટને તથા તૃષ્ણાઓના ઉચ્છૃંખલ સમૂહને પ્રચંડ ઇચ્છાશક્તિના પ્રયોગ વડે આપણે દબાવી શકીએ છીએ. અવિરત, દીર્ઘ પરિશ્રમ, અભ્યાસ વડે યોગી આવો અંકુશ ખરાવી શકે છે.

દેહના ભોગો અને દેહદમન એવી બે આત્યંતિક સ્થિતિનો ત્યાગ કરીને મુમુક્ષુ યોગી બાહ્ય વિક્ષેપોથી સાવ અસ્પૃષ્ટ એવા સ્થાનમાં જાય છે, અનુકૂળ આસન પસંદ કરે છે. શ્વાસોચ્છવાસનું નિયમન કરે છે, એક બિંદુની ઉપર સ્વચિત્તને એકાગ્ર કરે છે તથા કર્મફળની સહુ તૃષ્ણાઓ વિષે અનાસક્ત બની તે યુક્ત બને છે, તેનું વર્ણન ભગવદ્‌ગીતા આપે છે. યોગી જ્યારે આમ આત્મૈક્ય પામે છે ત્યારે તે સમસ્ત માનવો સાથે સમભાવ અને પ્રેમ વડે (અને નહિ કે માત્ર કર્તવ્યના ભાનને કારણે) સંપૂર્ણ આત્મીયતા અનુભવે છે. સત્યનો સાક્ષાત્કાર થવો તેનો અર્થ આપણા હૃદયને પરમાત્મા સુધી સમુન્નત કરી તેમની આરાધના કરવી એવો થાય છે. જ્ઞાની પણ ભક્ત છે અને ભક્તોમાં શ્રેષ્ઠ પણ છે. ભગવદ્‌ગીતામાં પુરાણ પુરુષને તાત્ત્વિક વિચારણાને અંતે પ્રાપ્ત થતા ઈશ્વર તરીકે નહિ પરંતુ જીવાત્માનો

ભોપાળની ગેસ દુર્ઘટના : સ્વરોજગારી દ્વારા સહાય

ઉષાબહેન મહેતા

આજના વિજ્ઞાનના યુગમાં ઘણી શોધો થઇ છે. જગતની મહાસત્તાઓએ તો એવો ગેસ બનાવ્યો છે કે જે દુશ્મન દેશના લશ્કરમાં ફેલાવવામાં આવે તો ત્યાંનું સૈન્ય કાં તો ઊંધું જાય, નહિ તો સાફ થઈ જાય !

એ લોકો તો જ્યારે વિશ્વયુદ્ધ થશે ત્યારે તેનો ઉપયોગ કરશે, પરંતુ ભોપાલની પ્રજાએ તો તેનો પ્રત્યક્ષ અનુભવ કરી લીધો. ઘણાએ પોતાનું જીવન ગુમાવ્યું, ઘણાએ પોતાની કુટુંબની વ્યક્તિઓ ગુમાવી તો, કેટલાંય લોકોએ શારીરિક સ્વાસ્થ્ય ગુમાવ્યું તેનો અનુભવ મુંબઇ જૈન યુવક સંઘના આપણા પ્રતિનિધિઓએ કર્યો. સમિતિના આ સભ્યોએ ભોપાળ જઇને જોયું કે ભોપાળની પ્રજા માટે હિન્દુસ્તાનના ખૂણે ખૂણેથી લોકોએ સહાય કરી છે. કોઇએ કામળા વહેંચ્યા છે, કોઇએ કપડાં વહેંચ્યાં છે. અને સરકાર તરફથી પણ ત્રણ મહિનાનું રેશન મફત આપવામાં આવ્યું છે. સવારસાંજ દૂધ પણ અપાય છે. સરકાર તરફથી દવાઓ પણ ઘણી મળી છે. અને ભોપાળના રહેવાસીઓ પણ ખૂબ મદદ કરી રહ્યા છે. જેમને આ ગેસની ખાસ અસર નથી થઇ તે લોકો પણ ખૂબ મદદ કરી રહ્યા છે. અને ખાસ કરીને ડોકટરો અને મેડિકલ લાઇનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તો ખૂબ જ મદદ કરી રહ્યા છે. આ જોઇને અમને વિચાર આવ્યો કે અત્યારે તો આ બધી મદદ તેમને મળી રહી છે. પરંતુ જે વર્ગ પોતાની રોજ-રોટી મજૂરી કરીને કમાતો હતો, તે વર્ગને માટે અત્યારે સૌથી વધુ મુશ્કેલી તેમના સ્વાસ્થ્યની છે. અને હકીકતમાં તે લોકો શકિત ગુમાવી બેઠલા છે. તો તેમને જો હળવી મજૂરી કરવી પડે તેવાં સાધનો અપાવીએ તો તેમનો અને તેમનાં કુટુંબીઓના જીવનનિર્વાહનો પ્રશ્ન ઉકેલી શકાય અને એમના પુનર્વસવાટનું ઉપયોગી કાર્ય થઇ શકે.

આમ વિચારીને અમે યુનિયન કાર્બાઇડની સામેની ઝુંપડપટ્ટીમાં વસતા માણસોને મળ્યા અને તેમને તેમની આવડત માટે પૂછ્યું. શરૂઆતમાં ચાર વ્યક્તિને અમે સિલાઇ મશીન, સાઇકલ, અને બે રેંકડીઓ-હાથલારીઓ અપાવી. સિલાઇના મશીનથી ઘરે બેસીને તે સિલાઇકામ મેળવી ગુજરાન ચલાવશે. સાઇકલની સહાય લેનાર વ્યકિત સવારના પાઉં અને ત્યાર બાદ બેળ વેચીને પોતાનું ગુજરાન ચલાવશે. અને રેંકડીઓની સહાય કરી છે તેઓ શાકભાજી વેચીને પોતાનું ગુજરાન ચલાવશે.

ત્યાર પછી ભોપાલના ઉદ્યોગપતિ શ્રી અગરવાલને પણ મળ્યા. તેઓ પોતે લાયન્સ કલબ ઓફ ભોપાલમાં અગ્રપદે કામ કરી રહ્યા છે. તેઓ જોડે વિચારવિનિમય કર્યો કે સિલાઇના મશીન આપવા અને ખાસ કરીને વિધવા બહેનોને સિલાઇકામ શીખવી પછી તેમને સિલાઇકામ અપાવવું. તેવી જ રીતે હમિદિયા હોસ્પિટલના ડો. ભંડારીને મળ્યા. તેમને પણ ઉપરોકત વિચાર બહુ ગમ્યો અને મેડિકલ કોલેજમાં જેઓ સામાજિક કાર્યકર છે તેવા તેમના વડા ડો. ગર્મા અને તેમના સહાયક રીડર ડો. તિવારીએ પણ આ વિચાર અપનાવ્યો અને જ્યાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર છે તેમાં બે રૂમ કાઢી આપવાની તૈયારી બતાવી, જેથી ત્યાંના ડોકટરો પણ થોડી ઘણી દેખરેખ રાખી શકે અને સ્થાનિક સંસ્થા દ્વારા આ કાર્ય હાથ ધરી શકાય. એક રૂમમાં થોડાં સિલાઇના મશીનો રાખવા અને બીજા રૂમમાં અંબર ચરખા રાખવા, જેથી બહેનો અને વૃદ્ધો બંનેને રોજીરોટી મળે. પાછળ થોડી જગ્યા છે તેમાં બાળવાડી કરવી. જે બહેનો સિલાઇકામ કરવા આવે તેમનાં અને એ વિસ્તારનાં બાળકોને આ બાલવાડીનો લાભ મળે.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને વિનંતી છે કે જેઓ આ સેવાકાર્યમાં રસ ધરાવતા હોય તેઓ થોડો સમય ફાળવી શકે તો ભોપાળના સેવાકાર્યને વધુ મજબૂત બનાવી શકાય. શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ભોપાળમાં ગેસની દુર્ઘટનાને અનુલક્ષી સંચિત કરેલ 'માનવ રાહત નિધિ'માંથી આવી પ્રવૃત્તિની આ રીતે શરૂઆત પણ કરવામાં આવી છે.

વિલે પાર્લામાં નવું અસ્થિ સારવાર કેન્દ્ર

'હાડકાનાં દરદોથી પીડિત માનવોનો સાદ પડે ત્યાં અમારા કાર્યકરોની મંડળી યોગ્ય પ્રતિસાદ આપવા તત્પર રહેશે અને સેવાભાવે સારવાર આપવા અમે હંમેશાં ખડે પગે રહીશું,' એમ મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે વિલે પાર્લામાં અસ્થિ સારવાર કેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે બોલતાં હાડકાંનાં દરદોના નિષ્ણાત ડો. જે. પી. પીઠાવાળાએ કહ્યું હતું.

ડો. પીઠાવાળા હાડકાનાં દરદો, જેવા કે સ્લીપ ડિસ્ક, ખભાનું જામ થવું કે વારંવાર ઊતરી જવું, ગોઠણનો સોજો, સ્પોન્ડિલેસિસ, શરૂઆતનો પોલિયો, હાડકાનો ટી. બી. વગેરે દરદોની સેવાભાવે મુંબઇનાં ૭ કેન્દ્રો દ્વારા સારવાર કરે છે. વિલેપાર્લામાં આ તેમનું સાતમું ચરણ છે.

ધોબારી વીસા શ્રીમાળી જૈન સમાજના અગ્રણી શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ શેઠે કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું અને કહ્યું હતું કે 'સારા કામમાં સહભાગી થવાની તક મળે ત્યારે તત્પરતા દાખવવી અને ઢાલા વિવેક તરીકે પણ ના ન પાડવી એવી ભૂમિકા સાથે હું અહીં ઉપસ્થિત થયો છું.' તેમણે વધુમાં કહ્યું હતું કે 'મુંબઇ જૈન યુવક સંઘ વૈચારિક ક્ષેત્રે બેનમૂન કાર્ય કરે છે તેમાં મને કોઇ શંકા નથી.' સંઘના સહમંત્રી શ્રી પન્નાલાલ ૨. શાહે શ્રી કાંતિલાલ લ. શેઠનો સૌને પરિચય કરાવ્યો હતો.

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે ડો. જે. પી. પીઠાવાળાની સેવાપ્રવૃત્તિને બિરદાવતાં એ વાતનો ખાસ ઉલ્લેખ કર્યો હતો કે 'ડો. પીઠાવાળા નવસારી પાસેના ધકાન ગામેથી દર શનિવાર અને રવિવારે મુંબઇ આવે છે. છતાં રેલવે ભાડું પણ અમારી સંસ્થા પાસેથી લેતા નથી.'

આ પ્રસંગે સંઘ તરફથી સાંતાકુઝની અહલ્યાબાઇ વિદ્યાર્થિનીઓને દત્તક લઇ એમનો એક વર્ષનો શૈક્ષણિક ખર્ચ આપવાની સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે જાહેરાત કરી હતી.

પ્રારંભમાં 'પ્રેમળ જ્યોતિ'ની વિલે પાર્લા શાખાનાં સંયોજક શ્રીમતી રમિતા કામદારની પ્રાર્થના બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપી ડો. જે. પી. પીઠાવાળાની સેવાભાવનાને બિરદાવી હતી અને મંત્રી શ્રી કે. પી. શાહે તેમાં સૂર પુરાવ્યો હતો. આભારવિધિ સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે કરી હતી.

વડીલ વિશ્રાંતિગૃહ—પાલનપુર

❖ શૈલેશ હિંમતલાલ કોઠારી

વ્યક્તિ સમૃદ્ધ હોય, સાધારણ હોય કે પછી ગરીબ હોય, માનવશરીરની અંતિમ અવસ્થા—વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે તે પ્રત્યેક જણ માટે ખૂબ કાળજી માગી લે છે. જીવનની શરૂઆતની અને છેવટની એમ બે અવસ્થાઓ—બાળપણ અને ઘડપણ મોટે ભાગે પરાવલંબી હોય છે.

એક લોકકવિની વાણીમાં બાપ પોતાના બાળકને ઉદ્દેશીને કહે છે કે 'આમા અંતર એક રહી જેથી તું ને લડાવું લાડ, તું ય લડાવીશ લાડ રે જે દિ' ચાલશે મારા ન હાડ' આમ વૃદ્ધ વ્યક્તિ-સ્ત્રી યા પુરુષ-પોતાના જીવનનાં શેષ વર્ષોના અંતિમ તબક્કામાં સુખશાંતિ અને નિરાંતની ઝંખના રાખે જ છે. સમગ્ર જીવનને કુટુંબ-પરિવાર અને સમાજ માટે ખર્ચી નાખ્યા પછી બાકી રહેલી વર્ષ—મૂડી પ્રભુસ્મરણમાં વિતાવવાની ઇચ્છા રહે તે સ્વભાવિક છે. એ માટે વ્યક્તિનું મન સ્થળ શોધે છે. વૈરાગ્યના બળે સંસારથી અલગ થનારી વ્યક્તિઓને તો નિશ્ચિંત સ્થળની અપેક્ષા રહેતી નથી. તેઓ તો પર્વત, ગુફાઓ, વન, નદીતટે કે તીર્થસ્થળમાં વિહાર કરતા રહે છે અને પ્રભુને પામવાની નેમ રાખે છે. ઘણા લોકકલ્યાણની પ્રવૃત્તિમાં પણ રસ લે છે. પણ સાંસારિક જીવનથી વિષાદ પામેલી વ્યક્તિઓમાં વૈરાગ્યની માયા નહિવત્ હોય છે એટલે તેઓ માટે તેમનું શેષ જીવન ગૃહમાં જ ગાળવાની ઇચ્છા રાખે છે અને એ વ્યવસ્થા જરૂરી છે એ હેતુને લક્ષ્યમાં રાખી આ 'વડીલ વિશ્રાંતિગૃહ'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

વયોવૃદ્ધ માનવીને, લોકભાષામાં ઘરડા કહેવામાં આવે છે. ઘડપણ એ શરીરની અવસ્થા છે પણ દરેક ઘરડી વ્યક્તિનું મન ઘરડું હોતું નથી. તેઓનું મન સમૃદ્ધ હોય છે, અને જો એ જાગૃત મનની વયોવૃદ્ધ વ્યક્તિને આપણે ઘરડા તરીકે ગણીએ તો તેમના પ્રત્યેનો આદર જળવાતો નથી. શરીર ઘરડું બને એ તો કુદરતનો નિયમ છે, પણ જેનું મન સ્વસ્થ હોય તે વ્યક્તિ સૌ અનુજો માટે વડીલ જ ગણાય એ રીતે વૃદ્ધજનો તરફની આદરભાવના સદૈવ જાગૃત રહે તે હેતુને લક્ષ્યમાં રાખીને આ સંસ્થાને 'વડીલ વિશ્રાંતિગૃહ' નામ આપવાનું ઉચિત ગણ્યું છે માત્ર નામથી જ નહિ પણ તેમની શક્ય તેટલી સારસંભાળ રાખવાના ધ્યેયથી જ આ સંસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે.

આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરામાં કુટુંબ માટે જે પરિભાષા છે તેમાં માત્ર મનુષ્યો જ નહિ, પણ પાળેલાં પશુપંખીઓનો પણ સમાવેશ થાય છે. પ્રત્યેકનું જીવન પર્યંત લાલનપાલન કરવું અને અંતિમ વિદાય પણ સમુચિત રીતે આપવી એ આપણી સંસ્કૃતિના મૂળમાં છે. આ નિર્મળ ભાવનાને લક્ષ્યમાં રાખી, જિંદગીનો છેવટનો તબક્કો સુખશાંતિમય રહે એ હેતુથી થોડાક સ્નેહી-મિત્રોએ મળી આ સંસ્થાની સ્થાપના કરી છે. હમણાં નાની શરૂઆત છે પણ આવા પુણ્યકાર્યના શુભ પરિણામને જોઈને સંસ્થાને વધુ માતબર અને અતિ કાર્યક્ષમ બનાવવાની મહેચ્છા દાનવીરો અને સજ્જનોને થશે જ અને એક દિવસ 'વડીલ વિશ્રાંતિગૃહ' એક વિશાળ સંકુલ તરીકે વિકસિત થશે એવી આશા જ નહિ, શ્રદ્ધા પણ છે જ. હાલમાં આ સંસ્થાનું જે સ્વરૂપ છે, તેનું વિવરણ આ પ્રમાણે છે:

પાલનપુરમાં રેલવે સ્ટેશનથી નજીક ગઢામણ દરવાજાની બહાર શહેરમાં આ સંસ્થાનું મકાન છે. મકાનમાં એક નાનો બગીચો પણ છે. ગૃહમાં હાલમાં ૪૫ વડીલો—સ્ત્રીઓ અને પુરુષો—માટેની વ્યવસ્થા છે. દરેક વડીલને માટે પલંગ-બિછાનું, પડદાની સગવડ છે અને બિછાના ઉપરાંત એક ટેબલ, એક ખુરશી અને અંગત લોખંડનું કબાટ અપાય છે. વયમર્યાદા ૫૮ની ઉપરની છે. જૈનધર્મીઓ પૂરતી જ હાલની વ્યવસ્થા છે. દાખલ થતી વખતે સંપૂર્ણ શારીરિક તપાસ (Complete Medical Check-up) કરાવવામાં આવે છે અને તેમના ફોટા સાથેના રીપોર્ટની એક ફાઇલ પાલનપુર ખાતે તેમ જ બીજી ફાઇલ '૪૧૫, પંચરત્ન, ઓપેરા હાઉસ, મુંબઈ' ખાતે રાખવામાં આવે છે. બને સમય ભોજન અને નાસ્તાની વ્યવસ્થા છે. જૈન ભોજનશાળા પણ માત્ર એક મિનિટના અંતરે જ છે. હાલમાં આ સંસ્થામાં ૧૩ પુરુષ-વડીલો તથા ૬ સ્ત્રી-વડીલોને સ્થાન મળ્યું છે. ગઇ તા. ૭-૧-૮૫ને દિવસે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ તથા જાણીતા જૈન સખાવતી શ્રી દીપચંદભાઈ ગાર્ડી તથા મુંબઈ જૈન સમાજના સુપ્રસિદ્ધ અગ્રણ્ય કાર્યકર શ્રી જે. આર. શાહે આ સંસ્થાની મુલાકાત લઈ દરેક વડીલ સાથે લગભગ ૧૦ મિનિટ સુધી વિગતવાર પ્રશ્નો પૂછી તેમનો સંસ્થા માટેનો અભિપ્રાય જાણ્યો હતો. અને સમાજના એ બંને અગ્રણીઓ ખૂબ પ્રભાવિત થયા હતા. જે વડીલોએ સંતોષ વ્યકત કરતાં, ગદ્‌ગદ્ બનીને આ સંસ્થા માટે પ્રભુના આશીર્વાદ આપ્યા એ જ આ સંસ્થાની ફલશ્રુતિ છે.

(સંપર્ક: મંત્રી, વડીલ વિશ્રાંતિગૃહ, ગઢામણ દરવાજા બહાર, પાલનપુર—૩૮૫૦૦૧.)

સંકલ્પી હિંસા

(પૃષ્ઠ ૧૮૪ પરથી ચાલુ)

કહેવામાં આવે છે. આવી સંકલ્પી હિંસાનું પ્રમાણ દિવસે દિવસે દુનિયામાં વધતું જાય છે. એકવીસમી સદીમાં, કહેવાય છે કે માનવવસતિ છ અબજથી પણ વધુ થઇ જશે. વળી સસ્તી અને આર્થિક લાભકારક હિંસા માટે જ્યારે અનેક વૈજ્ઞાનિક સંશોધનો થયાં હશે ત્યારે તો આ સંકલ્પી હિંસાનું પ્રમાણ કેટલું બધું વધી ગયું હશે!

આ સમગ્ર વિશ્વનું નિયંત્રણ કોઇ સૂક્ષ્મ સિદ્ધાંતને આધારે થઇ રહ્યું છે અને દરેક પાપ પ્રવૃત્તિની ભારે કિંમત મોડી વહેલી ચૂકવવી જ પડે છે તેવી દૃઢ આંતરપ્રતીતિ અને શ્રદ્ધા જેના હૈયામાં હશે તે આવા પ્રશ્નોનો વધુ ગંભીરતાથી વિચાર કરી સંકલ્પી હિંસામાંથી બચવાનો પ્રયત્ન કરશે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જમનાદાસ કાંકર રોડ, સિરામ, મુંબઈ — ૪૦૦૦૦૪.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૨-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

અધ્યાપકોની સમસ્યા

મહારાષ્ટ્રની કોલેજોના અધ્યાપકોના મંડળે પોતાની જાયજ માગણીઓના અનુસંધાનમાં હડતાળ પર જવાનું વિચાર્યું હતું. આ માગણીઓમાંની એક માગણી એ હતી કે કોલેજના અધ્યાપકોના અઠવાડિયાના ૨૭ પીરિયડ કામ કરવાની સરકારની જે દરખાસ્ત છે તે પાછી ખેંચી લેવામાં આવે. મહારાષ્ટ્રની કોલેજોમાં કેટલાય સમયથી કેટલાય અધ્યાપકો પાર્ટટાઇમ કામ કરે છે અને એમાં કેટલાય અધ્યાપકો તો દાડિયા (કલાકિયા) તરીકે કામ કરે છે અને જેટલા પીરિયડ તેઓએ કામ કર્યું હોય તે પ્રમાણે પીરિયડ દીઠ દસ રૂપિયાનો પગાર તેઓને મળે છે. જેઓ ફુલટાઇમ અધ્યાપકો છે તેઓને માથે પીરિયડનો વધુ બોજ નાખીને નવી નિમણૂંકનો પગાર સરકાર બચાવવા માગે છે. ઉચ્ચ શિક્ષણના ધોરણનું જે થવાનું હોય તે થાય સરકાર તો પૈસા બચાવવામાં માને છે.

ભારતને આઝાદી મળ્યા પછી જેમાં બહુ સંતોષકારક પ્રગતિ ન થઇ હોય તેવું એક ક્ષેત્ર તે શિક્ષણનું છે. આ ક્ષેત્રમાં વ્યાપક પ્રમાણમાં દુર્દશા પ્રવર્તે છે.

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ એ ત્રણેયની બાબતમાં, વસતિસંખ્યા, ભાષાઓ અને નાણાંની અપૂરતી જોગવાઇને કારણે અનેક પ્રશ્નો છે અને અનેક મુશ્કેલીઓ છે. એ તમામનો વિચાર કરવાનો અહીં એક સાથે અવકાશ નથી. આપણે માત્ર ઉચ્ચ શિક્ષણના બે-ત્રણ મહત્ત્વના મુદ્દાઓની અહીં છણાવટ કરીશું.

આઝાદી મળ્યા પછી ભારતમાં કોલેજો અને યુનિવર્સિટીઓની સંખ્યા ઘણી વધી ગઇ. એથી ઉચ્ચ શિક્ષણ વ્યાપક પ્રમાણમાં નાનાં નાનાં શહેરો સુધી પહોંચતું કરી શકાયું. ડિગ્રીધારી માણસોની ટકાવારી દેશમાં ઘણી વધી ગઇ. પરંતુ એથી એકંદરે એટલા પ્રમાણમાં સમાજ સુશિક્ષિત થયો એમ નહીં કહી શકાય.

સરકારને પક્ષે મોટો પ્રશ્ન નાણાંનો છે. દેશ એટલો મોટો છે અને વસતિ એટલી બધી છે કે બધા લોકોની ઉચ્ચ કેળવણીની ભૂખ સંતોષવાનું કાર્ય સરળ નથી. જેમ જેમ કોલેજો અને યુનિવર્સિટીઓ વધતી ગઇ તેમ તેમ સરકારની આર્થિક જવાબદારી પણ વધતી ગઇ. બીજી બાજુ વારંવાર બદલાતી શિક્ષણ-નીતિ અને પદ્ધતિ, સરકારી સુસ્ત નિયમો, અને માત્ર લખેલું જ વાંચવાની સરકારી અમલદારોની દૃષ્ટિહીન જડતા, યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશનમાં ચાલતાં નાણાંનાં કોઝાડિા, ચર્ચાઓમાંથી જ ઊંચી ન આવતી બુદ્ધિવાદીઓની સરકારી સમિતિઓ અને સમિતિઓની વખતોવખત મળતી બેઠકો માટેના પ્રવાસભથ્થાંના ધૂમાડા અને માત્ર પ્રવાસભથ્થા માટે જ સમિતિઓમાં હાજર રહેતા સદસ્યો, કામ કર્યા વગર માત્ર કાગજી અહેવાલો રજૂ કરીને પડાવી લેવાતા પૈસા વગેરેને કારણે સરકારે ખર્ચેલાં નાણાં જેટલાં ઊગવા જોઇએ તેટલાં ઊગતાં નથી. પરિણામે શિક્ષણના ક્ષેત્રે સમગ્ર ભારતમાં ઠીક ઠીક અસંતોષ પ્રવર્તે છે.

ઊંચે જતા મોંઘવારીના આંકની સરખામણીમાં કોલેજો અને યુનિવર્સિટીઓના અધ્યાપકોના પગાર ઘણા પાછળ રહી જાય છે. પગારસુધારા માટે પંચો નેમાય છે, સુધારા સૂચવાય છે, પરંતુ કેન્દ્ર અને રાજ્યની સરકાર તેનો ગરતી સ્વીકાર કરીને અમલમાં મૂકે તેટલામાં તો સહેજે ૫-૭ વર્ષ વીતી જાય છે. એટલે નવા પગારો જ્યારે અમલમાં આવે છે ત્યારે અધ્યાપકોને તેનો હર્ષ નથી હોતો, કારણ કે જીવન-નિર્વાહ અને મોંઘવારીનો આંક એટલાં વર્ષ દરમિયાન ફરી પાછો ઘણો ઊંચે ચઢી ગયો હોય છે.

આ વિષમ પરિસ્થિતિને કારણે શિક્ષણના વ્યવસાયને કેટલીક માઠી અસર થઇ છે, તેમાં મહત્ત્વની એ છે કે સારા, તેજસ્વી, બુદ્ધિશાળી અને ઊંચી લાયકાતવાળા માણસો શિક્ષણના ક્ષેત્ર તરફ આકર્ષાતા નથી. બેન્કો, વીમા કંપનીઓ, ઉદ્યોગો અને બીજા સારા વ્યવસાયોમાં તેઓ ચાલ્યા જાય છે. અધ્યાપન ક્ષેત્રમાં જે આવે છે એમાંના કેટલાય તો માત્ર આજીવિકા અર્થે કશીક નોકરી કરવા માટે આવ્યા હોય છે; અધ્યાપન કાર્યમાં એમને જીવંત રસ હોતો નથી. પુરુષવર્ગ અધ્યાપન ક્ષેત્રમાંથી ઓછો થતો જાય છે. કુટુંબની પૂરક કમાણી મેળવવા માટે નીકળેલો એવો ગરજવાન સ્ત્રીવર્ગ અધ્યાપન ક્ષેત્રમાં વધતો જાય છે. ઘર, કુટુંબ અને બાળકોની જવાબદારી-વાળી મહિલાઓ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે અધ્યાપન માટે એટલી સજ્જ હોતી નથી. પરિણામે અધ્યાપનનું ધોરણ કથળતું જાય છે.

ઘણાં બધાં શહેરોમાં કોલેજો કરતાં કોચિંગ ક્લાસોની સંખ્યા વધતી જાય છે. એમાં પ્રવેશની મુશ્કેલી, મોંઘી ફી, કડક નિયમિત હાજરી અને અધ્યાપકોના પાંચ-દસ ગણા વધારે પગારો, છતાં દિનપ્રતિદિન કોચિંગ ક્લાસની સંખ્યા અને પ્રતિષ્ઠા સમાજમાં વધતી જાય છે એ દર્શાવે છે કે કોલેજના શિક્ષણનું ધોરણ કેટલું નીચે

ઊતરી ગયું છે. મોટાં શહેરોની કૉલેજોમાં કામ કરતા અધ્યાપકોમાંથી પચાસ ટકાથી વધુ અધ્યાપકો વધારાની કમાણી માટે ટ્યૂશન, ગાઇડ, કોચિંગ ક્લાસ, જમીન કે મકાનોની દલાલી, જીવન વીમાની કે નેશનલ સેવિંગ સર્ટિફિકેટની એજન્સી, શેરબજાર કે બીજા બજારોમાં પાર્ટટાઇમ અવરજવર વગેરે દ્વારા વધુ કમાણી કરવાનો પ્રયત્ન કરે છે. એ બતાવે છે કે કેટલાયે અધ્યાપકો અધ્યાપનના ક્ષેત્રને પૂરો સમય વરેલા નથી. તેમ કરવું તેમને પરવડે તેમ નથી, કારણ કે કૉલેજ કે યુનિવર્સિટીના અધ્યાપક તરીકેના તેમના પગારમાંથી કુટુંબનું સારી રીતે ભરણપોષણ થઇ શકે તેમ નથી.

ઉચ્ચ શિક્ષણમાં બધા જ વિદ્યાર્થીઓએ જવાની આવશ્યકતા નથી. બધાંની તે માટે પાત્રતા પણ હોતી નથી. પરંતુ સમાજનું માળખું એવું છે અને બેકારીનું પ્રમાણ એટલું મોટું છે કે વિદ્યાર્થીઓ જાણ્યે-અજાણ્યે ઉચ્ચ શિક્ષણના પ્રવાહ તરફ ધસડાય છે. ચપરાસીની એક-બે જગ્યા માટે બી.એસ. સી.ની લાયકાત ઠરાવવામાં આવી હોય, પરંતુ તે માટે આવેલી દોઢસો-બસો અરજીઓમાં કેટલીક તો બી. એ. અને એમ. એ. થયેલાઓની હોય છે. અને પસંદગી વખતે વધુ ઊંચી ડિગ્રી ધરાવનારને પ્રથમ પસંદગી અપાય છે. આવી સ્પર્ધામય પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની મનોદશા જેમ તેમ કરીને પણ વધુ ઊંચી ડિગ્રી મેળવવા તરફ રહે તે સ્વાભાવિક છે. સગાઇ કે લગ્નની બાબતમાં પણ સામાન્ય રીતે વધુ ઊંચી ડિગ્રી ધરાવનારને વધુ અવકાશ રહેતો હોવાને કારણે ઇચ્છા હોય કે ન હોય તો પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની ઉચ્ચ શિક્ષણ તરફ ધસડાય છે.

ઉચ્ચ શિક્ષણ માટે દાખલ થયા પછી અધૂરા અભ્યાસે છૂટા થનાર, નપાસ થનાર કે ઓછા માર્કસે પાસ થનાર વિદ્યાર્થીની ટકાવારી ઘણી જ મોટી હોય છે, પરંતુ એટલી બેહદ્દ માટેના નિભાવખર્ચની જવાબદારી કૉલેજો કે સરકારની હોવાથી એટલાં નાણાંનો દુર્વ્યય થાય છે.

પ્રતિ વર્ષ કેળવણી પાછળ વધુ ને વધુ નાણાં ફાળવવા પડતાં હોવાથી સરકારની દૃષ્ટિ પણ વધુ ને વધુ કરકસરની અને કડક કાયદાઓ કરવાની રહે છે અને એ કાયદાઓ કરનાર ઘણું ખરું સરકારી અમલદારો હોય છે કે જેમાંના કેટલાકની પાસે શિક્ષણ ક્ષેત્ર માટે જેવી દૃષ્ટિ હોવી જોઇએ તેવી હોતી નથી. પરિણામે કૉલેજના શિક્ષકો એટલે માત્ર નોકરિયાત માણસ કે મજૂર, એવી સમજ તેમનામાં પ્રવર્તે છે. મહારાષ્ટ્રમાં કેટલાય એવા કૉલેજના અધ્યાપકો છે જેમને બાંધેલો પગાર હોતો નથી, પરંતુ એક પીરિયડ લેવાના દસ રૂપિયા અપાય છે, અને જેટલા પીરિયડ લેવાયા હોય તે પ્રમાણે બિલ બનાવાય છે. તેઓ અધ્યાપક નહિ, પરંતુ રોજગારી રળનારા મજૂરો જેવા સરકારી દૃષ્ટિએ ગણાય છે. એથી સારા માણસો બસતા જાય છે અને બધેથી રખડેલા અપાત્ર ડિગ્રીધારીઓ અધ્યાપક તરીકેની દાઢિયા નોકરી સ્વીકારી લે છે. એમની કથળતી કામગીરી જોઇને સરકાર વધુ કડક કાયદાઓ કરે છે, જેને પરિણામે વધુ શિથિલ માણસો આ ક્ષેત્રમાં ભરાય છે. કૉલેજના ફુલ ટાઇમ અધ્યાપકોને અઠવાડિયામાં ૨૨ પીરિયડ જેટલું ભણાવવાનું આવે છે અને તે સંખ્યા વધારીને ૨૭ પીરિયડ જેટલું કરવાનું મહારાષ્ટ્ર સરકાર વિચારી રહી છે. શાળાના શિક્ષક અને કૉલેજના અધ્યાપક વચ્ચે મહત્ત્વનો ફરક એ છે કે કૉલેજના અધ્યાપકો ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવાને માટે વધુ સજ્જ થવાનું રહે છે. અધ્યાપક કૉલેજ કે યુનિવર્સિટીમાં જેટલા કલાક કામ કરે છે, એટલા કલાક જ એની નોકરી હોય છે એવું નથી. કારખાનાના મજૂરના કે ઑફિસના કારકૂનના કામના કલાક સાથે અધ્યાપકના કલાક સરખાવી શકાય નહિ. જેમણે સારા અધ્યાપક થવું હોય તેમણે કૉલેજમાં કે ઘરે પોતાના વિષયોનું સતત અધ્યયન કરતા રહેવું જોઇએ; તો જ તે પોતાના વિષયની અદ્યતન માહિતીથી સજ્જ થઇ વર્ગમાં તે પ્રમાણે સંતોષકારક રીતે અધ્યાપનકાર્ય કરી શકે. પરંતુ વર્ગનો બોજો જેમ જેમ વધતો જાય તેમ તેમ પોતાના અધ્યયન માટે અધ્યાપક તેટલો સમય ફાળવી ન શકે અને માનસિક થાકને કારણે વર્ગમાં એટલો જ તાજગીસભર ન રહી શકે. એના પ્રત્યાઘાત વિદ્યાર્થીઓ પર પણ પડે. અને વર્ગમાં હાજરી ઓછી રહે. માત્ર પીરિયડ લીધા એટલું ક્રાયદેસર કહેવાય, પરંતુ ખરેખર સરસ અધ્યાપનનું કાર્ય થયું કે નહિ તે તો જાણનાર જાણે. યુરોપ-અમેરિકાની યુનિવર્સિટીઓમાં અધ્યાપકોને માથે આટલેા બોજો હોતો નથી. આપણે ત્યાં સ્વતંત્રતા મળી ત્યાં સુધી, અંગ્રેજ અમલ દરમિયાન અધ્યાપકોને માથે આટલો બોજો નહોતો. અઠવાડિયાના દસ-બાર પીરિયડ ભણાવવા તે ઘણું બધું કહેવાતું. અને એથી એકંદરે અધ્યયન-અધ્યાપનકાર્ય તેજસ્વી રહેતું. અલબત્ત ત્યારે પણ કેટલાક અધ્યાપકો માત્ર વેઠ ઉતારતા હોય એવું બન્યું હશે, તો પણ એકંદરે ઘણાખરા અધ્યાપકો મળેલા ફાજલ સમયનો ઉપયોગ પોતાના અધ્યયન-અધ્યાપનને સુસજ્જ અને તેજસ્વી બનાવવામાં વાપરતા.

આપણા દેશમાં શાળા અને કૉલેજનાં પગારધોરણો યુ.જી.સી. કે સરકાર દ્વારા નિશ્ચિત થાય છે. શાળાઓની બાબતમાં એટલી છૂટ છે કે જે શાળાઓને સરકારની ગ્રાંટ ન લેવી હોય તે શાળાઓ પોતાની મરજી મુજબ વિદ્યાર્થીઓ પાસેથી ફી લઇ શકે છે અને શિક્ષકોને મરજી મુજબ સારો પગાર પણ આપી શકે છે. એવી શાળાઓનું શિક્ષણકાર્ય ઘણી સારી રીતે ચાલતું હોય છે. તેમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓની પડાપડી રહે છે. સારા પગારને કારણે સારામાં સારા શિક્ષકો શાળાને મળી રહે છે. આ છૂટ કૉલેજની કક્ષાએ પણ આપવા જેવી છે, જેથી કૉલેજો મરજી મુજબ ફી લઇને સારામાં સારા અધ્યાપકોને સારા પગારે રોકીને સારું શિક્ષણ આપી શકે. એમ થશે તો કોચિંગ ક્લાસોનું મહત્ત્વ ઘટશે. કોઇક કદાચ એવી દલીલ કરે કે આમાં તો પૈસાવાળો વર્ગ જ ફાવી જાય. એમાં સમાનતાની, સમાન તકની વાત ક્યાં આવી? એ દલીલ એક અપેક્ષાએ સાચી છે. પરંતુ બીજી બાજુ વિચારીએ તો બધાનું બગડે છે તેના કરતાં થોડાકનું સુધરે છે એ દેશને માટે ઇષ્ટ ગણાય કે ન ગણાય? વળી પાત્રતાવાળા સાધારણ સ્થિતિના વિદ્યાર્થીઓને તેવી કૉલેજોમાં પ્રવેશ અપાવવાની વ્યવસ્થા પણ વિચારી શકાય. જો આમ કરવામાં નહીં આવે તો કોચિંગ ક્લાસ અને ગાઇડ લખનારાઓની દિવસે દિવસે વધતી જતી પ્રતિષ્ઠાને રોકી શકાશે નહિ.

ભારતમાં જેમ જેમ શિક્ષણ વધતું જાય છે તેમ તેમ સર-

(વધુ માટે પાનું ૨૦૧)

કાઠાં ભેરવવાની કલા

'વ્રાત્ય'

કોઇ માણસ સ્વરક્ષણ માટે ચાતુરી વાપરે પરંતુ તેનો ચોરી થે તેવી જ ચાલાકી રમીને પેલાનો હેતુ વિફળ કરે ત્યારે આપણામાં કહેવાય છે કે 'ઊંટે કર્યા ઢેકા ને માણસે કર્યા કાઠાં' માણસને હાથીઘોડા ઉપર સવારી કરતો જોઇને ઊંટને થયું કે એવી યુક્તિ લડાવું કે માણસ મારી પીઠ પર બેસી જ ન શકે. આ માટે તેણે પીઠ પર ખૂંધ ઊભી કરી. આ ખૂંધ સપાટ હોત તો પણ તેની ઉપર એક જ માણસ બેસી શકત. પરંતુ માણસે એકને બદલે બેની સવારીની ગોઠવણ કરી ખૂંધ રચવાનો હેતુ નિષ્ફળ બનાવ્યો.

દેવોના વૈદ્યને અશ્વિનીકુમાર કહેવાયા છે. તેઓ બે છે. આ જોડીને એક વાર સ્વર્ગના ભોગોનો કંટાળો આવતાં બ્રહ્મજ્ઞાનની ઇચ્છા થઇ. તેઓએ આથર્વણ ગોત્રના દધ્યડ. નામના બ્રહ્મજ્ઞાની ઋષિ પાસે જઇને જ્ઞાન મેળવવાની પ્રાર્થના કરી. ઋષિએ તેમની ઇચ્છા તરંગમાત્ર છે કે ગંભીર છે તે જાણવા માટે થોડા દિવસ રહીને ફરી આવવા કહ્યું. ઇન્દ્રને આ વાતની ખબર પડતાં તે ઋષિ પાસે આવીને બોલ્યો : 'મહારાજ! જેમ ચાલે છે તેમ ચાલવા દો. કર્મભૂમિમાં રહેનારા મનુષ્યોને તમે બધે બ્રહ્મજ્ઞાન આપો. પણ ભોગભૂમિમાં રહેનારા દેવોને વળી તમારા બ્રહ્મજ્ઞાનનો શો ખપ છે? માટે જો પેલા વૈદ્યોઓને બ્રહ્મજ્ઞાન આપ્યું છે તો તમારું માથું ધડથી જુદું કરી નાખીશ' ઋષિને તો 'यहां यूं भी वाहवा है और यूं भी वाहवा है.' નિર્ભય ઋષિએ અશ્વિનીકુમારો આવ્યા ત્યારે તેમની આગળ ધમકીની વાત ઉચ્ચારી અને ખડખડ હસ્યા. અશ્વિનીકુમારોએ કહ્યું: 'ફિકર નહિ, અમે દેવોના વૈદ્ય છીએ. શલ્યચિકિત્સાના નિષ્ણાત છીએ. અમે પ્રથમ તમારું મસ્તક કાપીને ધડ ઉપર ઘોડાનું મસ્તક બેસાડીશું. તમે અશ્વમુખે અમને ઉપદેશ કરજો. પછી ઇન્દ્ર અશ્વશિરને છેદી નાખશે ત્યારે અમે તમારું મૂળ મસ્તક પાછું બેસાડી દઇશું. અમારું કામ સરશે અને તમને ઊની આંચ નહિ આવે.' પછી ઋષિએ તેમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો, ઇન્દ્રને આ વાતની ખબર પડતાં જ તેણે ઋષિનું મસ્તક છેદી નાખ્યું. ઇન્દ્ર ગયો એટલે અશ્વિની-કુમારોએ ઋષિનું મૂળ મસ્તક ધડ ઉપર બેસાડી દીધું. ભારતના સાહિત્યમાં સર્જરીનો આ પહેલો દાખલો છે. અહીં ઇન્દ્રે ઢેકા ઊભો કરતાં વૈદ્યોએ તેમાં કાઠું ભરાવી દીધું અને ઇન્દ્રને મહાત કર્યો.

હિરણ્યકશિપુએ તપ કરીને બ્રહ્માને પ્રસન્ન કર્યા. બ્રહ્માએ કહ્યું, 'માગ, માગ,' દાનવને થયું કે મારા વેરી વિષ્ણુને એવા આટપટા બંધનમાં ફસાવું કે તેની બધી ચાલાકી ધૂળમાં મળે. તેણે હાથ જોડી માગ્યું, 'હે વિધાતા! હું દિવસે ન મરું કે રાતે ન મરું, ઘરમાં ન મરું કે બહાર ન મરું, પૃથ્વીતળ પર ન મરું કે આકાશમાં ન મરું, લોઢાથી ન મરું કે લાકડાથી ન મરું, માણસથી ન મરું કે પશુથી ન મરું તેવું વરદાન આપો.' બ્રહ્માએ કહ્યું, 'તથાસ્તુ.'

હિરણ્યકશિપુએ એક નહિ, અનેક ઢેકા ઊભા કર્યા, તો વિષ્ણુએ તેટલાં જ કાઠાં ભેરવીને તેનો સંહાર કર્યો. વિષ્ણુ જાણવા સંધ્યાકાળે ઊમરા ઉપર પોતાના બોળામાં આંગળીના નખ વડે, અર્ધમાનવ અને અર્ધપશુરૂપ નરસિંહ સ્વરૂપ ધરી તેને ચીરી નાખ્યો.

બટુક વામને બલિ રાજા પાસે માત્ર ત્રણ ડગલાં પૃથ્વીનું દાન માગ્યું. પુરોહિત શુક્રાચાર્યે જજમાનને ચેતવ્યો કે આ કોઇ સાધારણ 'ભરામણ-બોમણ' નથી પણ દૈવી સત્ત્વ છે. માટે દાન દઇશ મા. બલિએ ઉત્તર આપ્યો, 'મારી પ્રતિજ્ઞા તૂટે નહિ. તેણે જળ ભરેલી ઝારી હાથને સંકલ્પ કરી પાણી મૂકવા નાળયું નમાવ્યું શુક્રાચાર્ય જોયું કે શિષ્ય દાનના અભિમાનમાં તણાય છે. તેથી તેમણે સૂક્ષ્મ સ્વરૂપ ધરી, ઝારીના નાળચામાં પ્રવેશી, જળને જમીન ઉપર પડતું રોકી રાખ્યું. ભગવાન વામન પામી ગયા કે ગુરુજીને ચેલા ઉપર ખૂબ આસક્તિ છે. તેમણે દર્ભની સળી લઇ, નાળચામાં સરકાવતાં કહ્યું: 'નાળચામાં કંઇક ભરાયું છે તેથી ઝારીમાંથી જળ પડતું નથી.' દર્ભની સળી શુક્રાચાર્યની એક આંખમાં વાગતાં તે ફૂટી ગઇ અને ત્યારથી શુક્રાચાર્ય કાણા કહેવાયા. આજે કોઇને માનમાં કે ઉપહાસમાં કાણો કહેવો હોય તો તેને શુક્રાચાર્ય કહે છે. વામન ભગવાને કાઠું તો ભેરવ્યું પણ ગુરુજીને પાઠ પણ દીધો.

શ્રીકૃષ્ણ શિશુપાળને મારશે એવી જાણ તેની માતાને થતાં તે શ્રીકૃષ્ણ પાસે આવીને બોલી : 'મેં સાંભળ્યું છે કે શિશુ-પાળને મારવાને તેં જન્મ લીધો છે. માટે માગું છું કે મારા પુત્રને તું ન મારીશ,' શ્રીકૃષ્ણે ઉત્તર વાળ્યો : 'જાઓ માતા! શિશુપાળ મને સો ગાળો દેશે ત્યાં સુધી હું આંગળી પણ ઊંચી નહિ કરું.'

રાજસૂય યજ્ઞમાં યુધિષ્ઠિરે જાહેર કર્યું કે અતિથિ રાજા-ઓમાં સર્વપ્રથમ પૂજા શ્રીકૃષ્ણની થશે,' અદેખાઇ અને ક્રોધથી શિશુપાળનો પિત્તો ઊછળ્યો તે ગરજીને બોલ્યો : 'આવા ભરવાડ, માખણચોર, ગોપીનાં વસ્ત્રો હરનારા, રાજકન્યાનું બળાત્કારે અપહરણ કરનારા, મામાને મારનારા, માસીને મારનારા, વૃંદાવનના બ્યભિચારીને સર્વપ્રથમ પૂજાનું માન હોય?' 'કાળયવનથી નાસનારા કાયરને ક્ષત્રિયોમાં પરમપૂજ્ય ગણાય?' તેના બોઢાની ડાબલી બંધ થાય નહિ ને ગાળો પર ગાળો વરસે. શ્રીકૃષ્ણે એકડેએકથી સો સુધીની મોંપાઠ લેવા માંડી. માણસ ઊભો ને ઊભો સળગી જાય એવી સો ગાળો સુધી તેઓ સ્થિતપ્રજ્ઞ રહ્યા, એકસો એકમી ગાળ ઉચ્ચારાતાં જ તેમણે અવતારકૃત્ય કરવા સુદર્શનચક્ર છોડયું, શિશુપાળની માતાએ રચેલી ખૂબ પર શ્રીકૃષ્ણે કાઠું ભેરવ્યું ને ભેરવ્યું જ.

લક્ષ્મણને લંકાના યુદ્ધમાં મૂર્ચ્છા આવી. વૈદ્ય સુષેણે કહ્યું: 'હિમાલયમાં અમુક સ્થળે અમુક વનસ્પતિ છે, તે લાવો તો મૂર્ચ્છા વળે. વનસ્પતિની ઓળખ એ કે રાતે અંધારામાં તે ઝગમગે છે.' હનુમાન ઉપડ્યા અને પહાડ શોધી કાઢયો. પણ એકને બદલે આખા પહાડની વનસ્પતિઓ રાક્ષસી માયાથી ઝગમગવા લાગી. આમાં સાચી બોટીનું પારખું કેમ થાય? પણ બુદ્ધિ કોઇના બાપની છે? હનુમાને સાકરકોળાની જેમ આખો પહાડ જ એક હથેળીમાં ઉઠાવ્યો અને થયા હાજર! સુષેણે માયા નિવારી અસલ વનસ્પતિ ઉપયોગમાં લીધી. હનુમાને રાક્ષસી માયાને કાઠું ભેરવ્યું તેથી તો તેમની સ્તુતિમાં તેમને 'બુદ્ધિમાનોમાં વરિષ્ઠ' કહેવામાં આવે છે.

રાજા જનમેજયને થયું કે મારા બાપને મારનાર તક્ષક નાગને યજ્ઞમાં જીવતો જ બાળું. તેણે વિપ્રો પાસે યજ્ઞ કરાવી

નાગનાં નવ કુળો બાળ્યાં. પણ તક્ષક હાથમાં આવ્યો નહિ. ક્રોધથી તેણે આનું કારણ પૂછતાં બ્રાહ્મણોએ કહ્યું : 'તક્ષકને ઇન્દ્રનું રક્ષણ મળ્યું છે તેથી તે યજ્ઞમાં પડતો નથી. 'રાજાએ આંખો લાલ કરી કહ્યું,' તો ઇન્દ્રને પણ તમે તક્ષકની સાથે કેમ યજ્ઞમાં હોમતા નથી?' વિપ્રોએ મંત્રોચ્ચાર કરતાં કહ્યું : 'ઇન્દ્રેણ સહ તક્ષકાય સ્વાહા। સ્વર્ગમાં ભૂકંપ થયો અને ઇન્દ્રાસન ઊડી પડી યજ્ઞની ઉપર અંતરિક્ષમાં લટકવા લાગ્યું. ઉપર ઇન્દ્ર બેઠા છે ને પોલાણમાં તક્ષક ભરાયો છે, પછી તો ગ્રાણ્યા સજ્જનોએ આ ગજબ થતો અટકાવ્યો તે જુદી વાત. પણ એક વાર તો તક્ષક અને ઇન્દ્ર બંનેને જનમેજયે પાઠ ભણાવ્યો.

બાળવાર્તામાં એક વાત આવે છે. એક હતો દરજી ને એક હતી. દરજણ બંને જણાં લોભી. એક વાર તેમને ત્યાં મહેમાનો આવ્યા. પતિ-પત્નીને થયું કે મહેમાનગતી માટે વાણિયાને ત્યાંથી ઘી, ગોળ, આટો વગેરે લાવવાં પડશે, અને ખરચના ખાડામાં ઊતરવું પડશે. માટે કોઇક તુક્કો અજમાવવો જોઇએ. દરજીએ કહ્યું : 'આપણે વઢવાડનું નાટક કરવું જોઇશે. હું તને ગાળો દઇને, ગજ લઇને મારવા દોડીશ એટલે તું ઘરમાંથી નાસી જજે. આથી ઝગડો જાણી મહેમાનો પણ નાસીપાસ થઇ રવાના થશે,' દરજણ કહે : 'ભલે.'

દરજીએ વિના કારણ ઝગડવા માંડ્યું. દરજણનાં પિયરિયાંને સાત પેઢીની સંભળાવી, દરજણે છણકા ને ભાણકા કર્યા અને છેવટે લોટની માટલી લઇને બહાર બજારમાં દોડી ગઇ. દરજી તેને મારવા ગજ લઇને દોડ્યો. મહેમાનો તેના જ જ્ઞાતભાઇ હતા. આથી તેઓ ઘરના મેડા ઉપર ચડીને નિરાંતે સૂતા.

બે ઘડી પછી ધણી-ધણિયાણી ઘરમાં આવ્યાં. જુએ તો મહેમાનો ન મળે. હાશ, બલા ટળી એમ માનીને ફૂલાતો દરજી બોલ્યો :

'હું કેવો ડાહ્યો કે ગજ લઇને ધાયો!' ફરખાતી દરજણ બોલી :

'હું કેવી ગતીલી કે માટલી લઇને જતી રહી'. મેડેથી મહેમાનોએ ટહુકો કર્યો :

'અમે કેવા ફૂતાં કે મેડે ચડીને સૂતા'!

ચમકીને બંનેએ ઉપર જોયું તો મહેમાનો હસતા હતા, ભેઠા પડીને મિષ્ટાન્ન કરવું પડ્યું ને મૂરખમાં ખપ્યા તે નફામાં! મહેમાનો ફાહું ભેરવવાની કળા જાણતા હતા.

અને છેલ્લે છેલ્લે જોઇએ તો અંગ્રેજોએ ભારતીય પ્રજાનાં હથિયારો છિનવીને તેને નિઃશસ્ત્ર કરી શસ્ત્રાસ્ત્રહીન પ્રજા જેવું સમીકરણ અંગ્રેજોએ માંડ્યું. પરંતુ કાઠિયાવાડી વાણિયો, દીવાનનો દીકરો, બેરિસ્ટરની સનંદ બગલમાં મારેલો અને પાછો મહાત્માગીરી કરનારો એક મરદ જેવો પાક્યો કે તેણે વજ્ર હથિયારે ત્રાડ મારી કે ભારત છોડો અને ભાગવા માંડ્યા. વાદીના કરંડિયામાં વાસંગી નાગ ભરાઇ જાય એમ આગબોટમાં ભરાઇને બધા ભાગ્યા. આ થઇ ફાંકાં નાખવાની કરામત!

અને ગુરુ પરચો બતાડે ત્યારે ચેલો કેમ મૂંગો રહે? સરદાર વલ્લભભાઇએ પાઘડીમાં છોગું ખોસ્યું. ઇ. સ. ૧૯૧૨-માં, ઇંગ્લેંડના રાજા અને ભારતના સમ્રાટ પંચમ જ્યોર્જ ભારતમાં પધારે ત્યારે તેમને ભારતમાં પ્રવેશ કરવા માટે એક ખાસ નવો દરવાજો ચણી તેને 'ગેટ વે ઓફ ઇન્ડિયા' (ભારતપ્રવેશ દ્વાર) નું નામ અપાયું. ઇ. સ. ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે ભારત સ્વતંત્ર થયું ત્યારે ગોરા લશ્કરની ટુકડીઓ એક પછી એક ભારત છોડવા લાગી. છેલ્લી ટુકડીને ગેટ વે ઓફ ઇન્ડિયામાંથી સરદાર વલ્લભભાઇ પટેલે વિદાય કરી અને ભારત-પ્રવેશદ્વારને ભારત-વિદાયદ્વાર બનાવ્યું. આટલું બાકી ન હોય તેમ તેમણે આ છેલ્લી ગોરી લશ્કરી ટુકડીને ગેટવે ઓફ ઇન્ડિયાની ચાંદીની એક પ્રતિકૃતિ ભેટ આપી, જેથી 'ભારત છોડો'ની મહાત્માજીની ઇ. સ. ૧૯૪૨ ની હાકલનું અંગ્રેજોને સુખદ સ્મરણ રહે! કોઇકને લાગે કે આમાં વિવેક નથી, સૌજન્ય નથી, આભિજાત્ય નથી. પણ મદ્રાસમાં એક પૂતળું અંગ્રેજ સેનાપતિનું હતું. તેની નીચે અંગ્રેજીમાં કોતરેલું કે 'હું તમારી ઉપર કલમથી રાજ કરું કે સમશેરથી?' આવા ઉદ્ધત પ્રશ્નોરૂપી ઢેકા ઊંચા કરનાર આંગ્લઊંટને ગેટ વે ઓફ ઇન્ડિયાની ચાંદીની પ્રતિકૃતિ આપણે ખર્ચે આપણે ભેટ આપીએ તો તેમાં ફાહું ભેરવવા સિવાય વધારે અવિવેક, અવિનય કે અસંસ્કારિતા ગણાય ખરી?

સંઘ સમાચાર

★

'શ્રેમળ જ્યોતિ'ને નીચેની વિગતે ભેટ મળી છે તે માટે સૌનો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.

અને શ્રીમતી મૃદુલાબેન જે. શાહ તરફથી કોટનના ૧૨૦ ધાબળા સપ્રેમ મળ્યા છે.

રૂા. ૩૫૦૧-૦૦ શ્રી હીરાલાલ માધવજી શાહ
(રટોલ તેમ જ મશીન માટે)
રૂા. ૩૦૦૦-૦૦ શ્રી બી. કે. ફાર્મથ-કેળવણી ખાતે
રૂા. ૧૦૫૦-૦૦ ત્રણ અંધ દત્તક બાળકો માટે
રૂા. ૧૦૦૦-૦૦ શ્રી સુખલાલ મનસુખલાલ મહેતા. મહિલા વકૃત્વ સ્પર્ધા માટે

ભોપાળ રાહત ફંડ

રૂા. ૧૦૦૦-૦૦ શ્રીમતી ગાંગબાઇ જેસંગભાઇ શાહ
રૂા. ૧૦૦૦-૦૦ શ્રીમતી મીરાબેન રમેશભાઇ મહેતા
રૂા. ૫૦૦-૦૦ શ્રીમતી મીઠાંબાઇ મૂરજી

કારોબારી સમિતિમાં નવા નિમંત્રિત સભ્યો

તા. ૫-૨-૮૫ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ નીચેના સભ્યોની કાર્યવાહક સમિતિના નિમંત્રિત સભ્યો તરીકે નિમણૂંક કરી છે.

(૧) શ્રી હેમાંગ અમરભાઇ જરીવાળા
(૨) શ્રીમતી જ્યોત્સનાબહેન શેઠ
(૩) શ્રી શિરીષભાઇ કામદાર
(૪) શ્રી અનિલભાઇ હીરાણી
(૫) શ્રીમતી પુષ્પાબહેન પરીખ

સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક

૧૯૮૨-૮૩ ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી જયંત પંડ્યાને, એમના પુસ્તક 'શબ્દવેધ' માટે આપવાનો નિર્ણય ગુજરાતી સાહિત્ય પરિષદે કર્યો છે. શ્રી જયંત પંડ્યાને હાર્દિક અભિનંદન.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ગાંધીયુગની અનોખી પ્રતિભા: ડૉ. રાજેન્દ્રપ્રસાદ

ચેતન આચાર્ય

ડિસેંબર ૩, ૧૯૭૪ રાજેન્દ્રબાબુની જન્મ શતાબ્દિનો દિવસ હતો. ઇંદિરાજીનાં મૃત્યુનાં અવસાદમાં અને ચૂંટણીઓના ધોંધાટમાં આ વાતની મહત્તા પાછળ ધકેલાઇ ગઇ હતી. રાજેન્દ્રબાબુને તેમનો કોઇ બૅકગ્રાઉંડ ન હતો કે જે તેમના ગુણો, તેમની સાદાઇ અને તેમનાં કાર્યોની ગાથાને ઇતિહાસ માટેની સામગ્રી આપી શકે. વળી રાજેન્દ્રબાબુ પોતે પણ સ્વભાવથી સરળ અને અહંકારની ભાવનાથી પર એટલે પોતાની મહત્તાનો આંક તો કયાંથી જ આપે? તેમની આત્મકથામાં પણ આ વાત સ્પષ્ટ તરી આવે છે. રાજેન્દ્રબાબુ અને તેમના જેવા માણસોની ખરી મુશ્કેલી એ જ છે કે પોતે તો પોતાનાં વિષે સૌજન્યપૂર્વક સારુ ન લખે, અને બીજાને પોતાની ગૌરવગાથા. લખવામાં નિરુત્સાહી કરે. તેને લઇને તેમનાં વ્યક્તિત્વ અને કાર્ય વિષે ઇતિહાસ લગભગ અજાણ રહે. અથવા તો અધકચરું જાણવાનો દોષ વહોરી લે. ગમે તે હોય પણ એક વાત સ્પષ્ટ છે કે ગાંધીજીના નેતૃત્વ હેઠળ ભારતની સ્વતંત્રતા માટે જે ઐતિહાસિક આંદોલન થયું તેમાં રાજેન્દ્રબાબુ એક મહત્વના સેનાની હતા, અને આઝાદ ભારતમાં સર્વોચ્ચ હોદ્દો બેસનાર પ્રથમ ભારતીય હતા. આમ તેમની મહત્તા ઓછી આંકી શકાય તેમ નથી.

રાજેન્દ્રબાબુનો જન્મ ૩, ડિસેંબર, ૧૮૮૪ ના રોજ બિહારના એક નાનકડા ગામડામાં (જેરાદેઇ) થયો હતો. તદ્દન સાધારણ કુટુંબમાં જન્મ થયો હોવા છતાં પણ ભણતર પ્રત્યેની તીવ્ર ઉત્કટતાને લઇને તેઓ હંમેશા ઉચ્ચ ક્રમે આવી દીપી ઊઠ્યા હતા. થોડો વખત પ્રાધ્યાપક તરીકે કામ કરીને, તેમણે વકીલાત શરૂ કરી હતી, અને તે માટે કલકત્તાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. કુશાગ્ર બુદ્ધિ, સખત કામ કરવાની ટેવ અને ધ્યેયનિષ્ઠાને લઇને ટૂંક સમયમાં જ તેઓ નામાંકિત વકીલ બની શકયા હતા. ૧૯૧૬માં પટણામાં હાઇકોર્ટની સ્થાપના થતાં તેઓ ત્યાં આવી સ્થિર થયા હતા. તેઓ ઉત્તમ વકીલ તરીકે ચાલુ રહી શકયા હોત, પણ વિધિએ તેમના માટે બીજો જ માર્ગ નિર્માણ કર્યો હતો. મહાત્મા ગાંધીને તેઓ ૧૯૧૬ માં લખનૌ ખાતે મળ્યા હતા, પણ ૧૯૧૭ માં જ્યારે ગાંધીજી ચંપારણના ખેડૂતોની પરિસ્થિતિનો તાગ લેવા બિહાર ગયા, અને સત્યાગ્રહ આદર્યો, ત્યારથી બન્ને વચ્ચે અતૂટ ગાંઠ બંધાઇ. ગાંધીજીને તેઓ પૂર્ણપણે સમર્પિત થયા. ગાંધીજીનાં વિચારો, વાણી, વર્તન, રહેણીકરણી અને વ્યવહારનો તેમનાં જીવન પર એવો પ્રભાવ પડ્યો કે જીવનભર તેઓ તે સિદ્ધાંતોને વળગી રહ્યા. મોતીલાલ નેહરુના શબ્દોમાં કહીએ તો રાજેન્દ્રબાબુ ગાંધીજીના પૂર્ણ ચેલા બની રહ્યા.

ગાંધીજીના નેતૃત્વ તળે ચાલતા રાષ્ટ્રીય આંદોલનમાં તેઓ એવાં તો ગળાડૂબ ઊતર્યા કે તેમણે તેમની વકીલાત તો છોડી, પણ કુટુંબ અને અંગત જીવનને પણ ઓગાળી દીધું. તેઓ કોંગ્રેસમાં ઉચ્ચ કક્ષાના નેતા બન્યા. તેમનામાં રહેલી નિઃસ્વાર્થ ભાવના અને પૂર્ણ ધ્યેયાનિષ્ઠાને લઇને કોંગ્રેસમાં તેમનાં અવાજનું વજન પડવા માંડ્યું. તેમની સાદગી અને સરળતા તો લગભગ તમામને સ્પર્શી ગઇ. ૧૯૩૨માં તેઓ કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા પણ જેલવાસ થતાં કોંગ્રેસની સભા રણછોડલાલ શેઠના પ્રમુખપદે મળી. રાજેન્દ્રબાબુ ૧૯૩૪માં અને ત્યાર પછી ૧૯૪૭-૪૮માં કોંગ્રેસનાં પ્રમુખ થયા. આંદોલન દરમ્યાન અનેકવાર જેલની યાતના ભોગવી. માંદગી છતાં પણ દૃઢ ઇચ્છા શક્તિને વળગી રહ્યા. તેમણે ખાસ કરીને બિહારના ગ્રામ્યલોકોને રાષ્ટ્રીય જીવન સાથે સાંકળીને રાજકારણના પાયાને જોરદાર અને વિસ્તૃત કર્યો. સ્વાતંત્ર્ય આંદોલનને તેઓ એક રાજકીય સંદર્ભમાં જ જોતા ન હતા. રાજકીય મુક્તિની સાથે સામાજિક અને આર્થિક મુક્તિની પણ તેમને એટલી જ ખેવના હતી. ગાંધીજીએ ગામડાની પ્રજાના ઉત્થાન માટે જે રચનાત્મક કાર્યક્રમોનો આરંભ કર્યો હતો. તેમાં તેમને પૂર્ણ શ્રદ્ધા હતી, કારણ તેઓ ગામડાના માણસ હતા અને ગ્રામ્ય પ્રજાનાં મૂળભૂત પ્રશ્નો વિષે પૂર્ણપણે વાકેફ હતા. ૧૯૩૪ માં બિહારના ધરતીકંપ વખતે તેમણે ચલાવેલા રાહતકાર્યો હંમેશ સ્મરણમાં રહે તેવી ઘટના ગણાય છે. રાહતકાર્યો માટે જે જાહેર ભંડોળ ઊભું થાય તેના પ્રામાણિક ઉપયોગ માટે તેમનો દૃઢ આગ્રહ રહેતો. જાહેર ભંડોળ વાપરતી વેળાએ પાઇ પાઇનો હિસાબ રહેવો જ જોઇએ તેવી તેમની માન્યતા હતી.

આઝાદ ભારતના ઇતિહાસમાં પણ રાજેન્દ્રબાબુએ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ બંધારણ સભા (૧૯૪૬-૪૯) ના પ્રમુખ હતા. બંધારણસભાના સંચાલનમાં અને બંધારણના ઘડતરમાં તેમનો ફાળો અનન્ય ગણાય છે. બંધારણસભાને તેમણે મોભો, ચોકકસ દિશા અને ચોકકસ ધ્યેયો આપ્યા. ૧૯૪૯માં બંધારણ તૈયાર થયા બાદ જ્યારે તેના અમલીકરણનો પ્રશ્ન આવ્યો ત્યારે રાજેન્દ્રબાબુને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરાયા (જાન્યુઆરી, ૨૬, ૧૯૫૦). ૧૯૫૨ અને ૧૯૫૭ માં તેઓ ફરીને રાષ્ટ્રપતિપદે આવ્યાં. આમ ૧૯૫૨ થી ૧૯૬૨ સુધી તેઓ ભારતમાં સર્વોચ્ચ સ્થાને રહ્યા. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૬૩ ના રોજ પટણા ખાતે તેમનું અવસાન થયું.

રાજેન્દ્રબાબુનો દૃષ્ટિકોણ જૂનવાણી અને રૂઢિવાદી હતો તેવી છાપ તેમના ટીકાકારોએ ઊભી કરી છે. કોઇ પણ વ્યકિત વિષે કોઇ અંતિમવાદી વિધાન કરતાં પહેલાં તે વ્યકિતની પાર્શ્વભૂમિ અને ઉછેરની તપાસ થવી જોઇએ તો જ તેમના વ્યકિતત્વનો સાચો પરિચય મળી શકે. જેમ તમામ આધુનિકતાઓ સ્વીકારવા યોગ્ય હોતી નથી. તેમ તમામ જૂના ખ્યાલો તરછોડવા જેવા પણ હોતા નથી. ગામડાનું સંતાન હોવાથી રાજેન્દ્રબાબુ તેમનાં વલણો અને કાર્યોમાં હંમેશ વ્યવહારુ રહ્યાં છે, અને આ સંદર્ભમાં જ તેઓ કેટલાક અંશે તેમનાં સાથી જવાહરલાલ નેહરુથી ભિન્ન રહ્યાં છે. રાષ્ટ્રપતિ તરીકે તેમણે માત્ર બંધારણીય વડા તરીકે રહેવાનું સ્વીકાર્યું ન હતું, અને અનેકવાર વડા પ્રધાન જવાહરલાલ નેહરુની ઉપરવટ જઇને પોતાના હકો અને અધિકારોને પ્રસ્થાપિત કરવાની કોશિષ કરી હતી. વચગાળાની સંસદમાં હિંદુ કોડ બિલ લાવવા બાબત તેમને નેહરુ સાથે તીવ્ર મતભેદ ઊભો થયો હતો. તેમણે એટલે સુધી કહ્યું હતું કે જો 'આ બિલ પર સહી કરાવવા માગતા હો તો બીજાને રાષ્ટ્રપતિ ચૂંટી લો.' તેમણે દલીલ કરી હતી કે બંધારણ હેઠળ લોકો દ્વારા સીધી ચૂંટાયેલી સંસદને જ આ

પ્રકારના વ્યાપક કાયદા ઘડવાનો અધિકાર છે. તેમની સ્પષ્ટ માન્યતા હતી કે ભારતના રાષ્ટ્રપતિ બ્રિટનનાં તાજની માફક માત્ર નામના જ કે કહેવાં પૂરતા વડા નથી. સ્વયં બંધારણવિદ હોવાથી તેઓ જાણતા હતા કે ભારતમાં રાષ્ટ્રપતિને કેટલાંક હકો અને અધિકારો બંધારણે બક્ષ્યા છે, અને જે કંઈ મર્યાદાઓ છે તે બંધારણીય નહીં. પણ અંગત વલણ પર મદાર રાખે છે. નેહરુ સાથે તેમણે આ બાબતો અંગે પણ લાંબો પત્રવ્યવહાર કર્યો હતો, અને એક વાર જાહેરમાં પણ કહ્યું હતું કે કાયદા-શાસ્ત્રીઓએ બંધારણમાં રાષ્ટ્રપતિના સ્થાનનું પરીક્ષણ પણ કરવું જોઈએ. આવી અને ભવિષ્યમાં ઊભી થનારી આવી અનેક બાબતો પર તેઓ ચિંતિત હતો. ભવિષ્યમાં રાષ્ટ્રપતિને સ્થાને આવનાર વ્યક્તિ કોઈ વિમાસણમાં ન પડે તે પ્રકારનું તેમનું વલણ હંમેશનું રહેતું. આ પ્રકારના ચોક્કસ સૈદ્ધાંતિક મતભેદોને બાદ કરતાં રાજેન્દ્રબાબુ અને જવાહરલાલજી બન્ને એકબીજા માટે પ્રેમ અને આદર સેવતા હતા. બન્ને સ્વતંત્રતા આંદોલન અને આઝાદ ભારતના આરંભકાળના સેનાની અને સાથીઓ હતા, અને બન્નેએ નવા રાષ્ટ્રને સ્થિરતા અને એકતા આપવામાં મહત્ત્વની કામગીરી બજાવી હતી. રાજેન્દ્રબાબુની જન્મશતાબ્દીનાં આ વર્ષ દરમ્યાન તેમના જીવન અને કાર્ય વિષે વધુ લખાણ થાય તે ઇચ્છનીય છે, કારણ તેમની સરળતા, સાદગી, વિચારો અને ધ્યેયનિષ્ઠામાંથી ઘણી બોધપ્રદ સામગ્રી મળી રહે તેમ છે.

कालो न यातो वयमेव याता

© મનોજ્ઞા દેસાઇ

'રીડર્સ' ડાઇજેસ્ટ'ના એક પુસ્તક પરના એક વાક્યનો પૂર્વાર્ધ છે-How to grow old- આપણને નવાઇ લાગે. સામાન્ય રીતે જુવાન કેવી રીતે દેખાવું એ વિષે લખાતું હોય. છે તેમાં મોટા અથવા ઘરડા કેવી રીતે થવું એ વિષે લખાય તે જરા જુદું લાગે પણ પછી એનો ઉત્તરાર્ધ વાંચીએ તો સમજાય-Without minding it.

નાનાં જુવાન રહેવું તો કોને ન ગમે! પણ 'ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે...' એવું ન કરી શકીએ તો ય કુદરતની અનેક પ્રક્રિયાઓને સાહજિક રીતે સ્વીકારી શકીએ તોય જીવનના ઘણા પ્રશ્નોનો ઉકેલ આવી જાય.

વિજ્ઞાને યુવાન રહેવાના-કે દેખાવાના અનેક માર્ગો શોધી આપ્યા છે. એ માર્ગોનો ઉપયોગ કેટલી હદે કરવો એ વ્યક્તિગત મન પર આધાર રાખે છે. વાળ સફેદ થાય તો કલપ લગાડવો એ સામાન્ય છે પણ ચહેરા પરની કરચલીનું શું? એને માટે શસ્ત્રક્રિયાઓ કરાવવી કેટલે અંશે હિતાવહ ગણી શકાય? મેદકતા-અપથી કેટલાં વર્ષ પાછાં ઠેલી શકાય?

'ફ્રેડોરા' નામે એક અમેરિકન ચિત્ર આવ્યું હતું ફ્રેડોરા નામે એક સુંદર અને સુવિખ્યાત અભિનેત્રી હતી એને માટે એમ મનાતું હતું કે કાળ એને સ્પર્શી નથી. વર્ષોથી એવીને એવી જ છે.

હકીકતમાં ચહેરા પરની થોડી કરચલીઓ દૂર કરવા માટે કાયાકલ્પ કરવાનો ઉપચાર ફ્રેડોરાએ અપનાવ્યો. એ ઉપચારમાં કંઈ ભૂલ થતાં જેને દૂર કરવા એ મથતી'તી એ જ નાગ એને બેવડા જોરથી અને બેવડી ઝડપે ગ્રસ્યો. દર્પણમાં જોઇને એક કારમી ચીસ નાંખી ઊઠે એવો જરાનો ભાસ એના ચહેરા પર છવાઇ ગયો.

જે થોડીક કરચલીઓ પણ દુનિયાને બતાવવા તૈયાર ન હોય એ સ્ત્રી સ્વાભાવિક રીતે આવે ચહેરે પોતાના વિશ્વમાં પાછી જવા તૈયાર ન હતી. એ એક ટાપુ પર રહેવા ચાલી ગઈ અને અનેક બહાને લોકોને મળવાનું ટાળતી રહી.

એના જીવનનો આ તીવ્ર આઘાત એ જરવી રહી હતી. એને એક દીકરી પણ હતી જેની દુનિયાને જાણ ન હતી. ધીરે ધીરે એની દીકરીએ નવયૌવનમાં પ્રવેશ કર્યો. આ તરવરતી યુવતીને દોડી જતી જોઇને એક કુવિચારે એના મનનો કબજો લીધો. આ દીકરી ખૂબ પોતાના જેવી લાગતી હતી. વળી એને વિશે દુનિયા અજ્ઞાત હતી. સોળ-સત્તરની દીકરીને જો થોડી મોટી દેખાતી બનાવી દેવાય તો દુનિયાની સામે એને 'ફ્રેડોરા' તરીકે રજૂ કરી શકાય. દુનિયા જરૂર માને કે 'જેનામાં યૌવન શાશ્વત રહ્યું એ આ ફ્રેડોરા.'

સ્વાભાવિક રીતે દીકરીએ આનો પ્રખર વિરોધ કર્યો. માતાના આવા તરંગને ખાતર એને કેટલું ખોવું પડે! પોતાનું મત્ત યૌવન, પોતાનાં પંદરેક વર્ષનું રૂપ અને મુખ્ય તો પોતાનું વ્યક્તિત્વ અને પોતાનું સ્વત્વ!

પણ ફ્રેડોરાને કીર્તિની ભૂખ હતી. ફ્રેડોરાને કાળ સ્પર્શ્યો નથી એવી દુનિયાની આભાસી માન્યતા ચાલુ રાખવાની તેને તીવ્ર તરસ હતી. નગ્ન સત્ય સહન કરવાની તાકાત ન હતી. માતાના મોહને કારણે પુત્રી પર જુલમોની પરંપરા ચાલુ થઇ. શારીરિક રીતે એ થોડી મોટી લાગે એવી બનાવાઇ. માનસિક જુલમો પણ શરૂ થયા. જોરજુલમથી એને નોટબુકો ભરીને અનેકવાર લખાવ્યું, 'હું ફ્રેડોરા છું'-જેથી એ એમ ખરેખર માનતી થઇ જાય કે 'હું ફ્રેડોરા છું.'

આવી રીતે યુવાન 'ફ્રેડોરા' દુનિયા સમક્ષ આવી. પત્રકારોને મુલાકાતો આપવા લાગી, અસંખ્ય લોકોને મળવા લાગી. 'ડીનર' 'ડાન્સ'ની અનેક પાર્ટીઓમાં જવા લાગી. દુનિયા ખરેખર માની બેઠી કે અખંડ યુવાનીનું ફ્રેડોરાને વરદાન છે. સાચી વાત અત્યંત સીમિત વર્તુળમાં સમાવેલી રાખવામાં આવી.

પણ દુર્ભાગ્યે નવી ફ્રેડોરા આ અસત્યનો અંચળો ઝાઝી વાર ઓઢેલો રાખી શકી નહીં. એ એક યુવાન સાથે પ્રેમમાં પડી. એ રહસ્ય સાચવી શકશે નહીં એવી ભીતિથી ફ્રેડોરાએ પોતાની પુત્રીના પ્રેમના તંતુ તોડવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ એ નિષ્ફળ ગઇ. માતાના અને નજીકના લોકોના કેરથી ત્રાસીને પણ મુગ્ધા પુત્રી કોઇ સબળ બળવો ન કરી શકી. અનિસ્તારે નીકળેલી એ મુગ્ધાએ અંતે ટ્રેન નીચે ઝંપલાવીને આત્મહત્યા કરી.

પણ સંસારની નજરે એ આત્મહત્યા 'ફ્રેડોરા'ની હતી. એને એક પ્રખ્યાત અભિનેત્રીને મૃત્યુ પછી મળે એવાં માન-પાન મળ્યાં, જે ફ્રેડોરાએ સાક્ષી રૂપે નિહાળ્યાં. બહુ થોડા લોકો જાણી શકયા કે આ મૃત ફ્રેડોરા કોણ હતી.

ચલચિત્ર તરીકે એ પ્રશંસનીય હતું. રહસ્ય લાંબો વખત જળવાઇ રહેવાને કારણે અને સુંદર અભિનય-દિગ્દર્શનને કારણે ખૂબ રસપ્રદ બન્યું'તું.

આવું ચિત્ર હિંદીમાં બને તો આપણો સમાજ એને 'સારા' ચિત્ર તરીકે સ્વીકારી શકે કે કેમ એ શંકા છે. આપણાં મૂલ્યો પશ્ચિમનાં મૂલ્યો કરતાં જુદાં છે અને આ બાબતમાં કદાચ આપણાં મૂલ્યો વધારે ઉચ્ચ છે.

આપણે ત્યાં પોતાના સ્વાર્થને ખાતર પોતાના ઔરસ કે અનૌરસ (Legitimate or Illegitimate) બાળક પર જુલમ કરે એવી માતા સ્વીકૃત નથી. સંતાનને ખાતર પોતાનું સર્વસ્વ ત્યાગી દેનાર માતા આપણે ત્યાં સારામાં સારી ગણાય છે, એ ત્યાગ આપણી ફિલ્મોમાં કેટલીકવાર અવાસ્તવિકતા સુધી પણ પહોંચે છે-છતાં ત્યાગ કરવાનો માણસને હક છે-બીજાને ભોગે મેળવવાનો હક નથી

માતાના પ્રેમ-નિર્વ્યાજ પ્રેમની વાત બાજુએ મૂકીએ તો ય 'ફ્રેડેરા'ના વલણમાં નીડરતાનો સદંતર અભાવ છે. આજુબાજુની દુનિયાને ઉતરી શકવાની એનામાં શક્તિ અને બુદ્ધિમત્તા છે. આટલી શક્તિ હોવા છતાં જગત સમક્ષ પોતાના સાચા રૂપમાં પ્રકટ થવાની એનામાં તાકાત નથી. એને જ કારણે એ કાયાકલ્પ કરાવે છે. કાયાકલ્પનાં વિપરીત પરિણામો એને એથી પણ વધારે ભીરુ બનાવે છે. દીકરી પર જબને એ દુનિયાનો સામનો કરવાનું વધારે ટાળે છે, તેથી પુત્રી પર થતા જુલમમાં પણ એની મમતાનો અભાવ તો છે જ પણ એથી યે વધુ સત્યનો સામનો કરવામાં રહેલા એના ભયના પડધા છે પુત્રી કોઈને રહસ્ય કહી દેશે એવા એક સતત ડરના ભારે દબાણ નીચે એ જીવે છે.

અંતે ફ્રેડેરાએ શું મેળવ્યું? 'ફ્રેડેરાના યૌવન પર સમયની કરચલી પડી નથી...એવી આભાસી માન્યતાની પ્રીતિ'! દુનિયાને છેતરવાનો આનંદ! પોતાની પ્રીતિ જાળવી રાખ્યાનો સંતોષ! મૃત્યુ પછી પોતાને કેટલી ચાહના મળી હોત એ જીવતેજીવત જોયાનો પરિતોષ?

અને જો આ આનંદ, સંતોષ, પ્રીતિ...મળ્યાં પણ હોય તો એ મેળવવાં કેટલાં પ્રત્યુપાયોગ્ય ગણાય? એમાં આપવો પડેલો ભોગ પણ કેવો મોટો!

આ તો એની જ પુત્રી હતી, પણ એ પુત્રી ન હોત અને બીજું કોઈ હોત તોય એના વ્યક્તિત્વને અને સ્વત્વને છીનવી લેવાનો કોઈને શો અધિકાર છે? પુત્રીને બદલે બીજું કોઈ પૈસા ખાતર કે બીજા કોઈ કારણે આવી શરતો સ્વીકારી લે તોય અસત્યનું મહોરું દુનિયાને બતાવવું યોગ્ય ગણાય?

એના કરતાં પ્રથમ તો 'ફ્રેડેરા'એ ઉપચાર જ ન કરાવ્યો હોત અથવા ઉપચારનું આવું પરિણામ આવતાં, ધીરે ધીરે એની કળ વળે પછી-પણ દુનિયાને સત્યની જાણ થવા દીધી હોત તો શરૂઆતનો આંચકો જીરવવો જરૂર અઘરો બનત. એની સ્વૈરવિહારી પુત્રી વિશે પણ દુનિયા જાણત. પણ ધીરે ધીરે એની સુંદર પુત્રી પણ કદાચ પોતાની સુંદર માતાને પગલે જાત. પુત્રીની પ્રગતિમાં એ આનંદ માણત. આમ પણ અકાળે આવેલા આ વાર્ધક્યને કારણે અભિનેત્રી તરીકે તો કામ કરવું એને માટે અશક્ય જ હતું. તો-પુત્રીનું યૌવન-સૌંદર્ય જોઈને.

ન ઉકાયે પોતાથી.

તો' પ્રિયની વિમાનગતિ જોઈ...' રાચી ન શકત? એમાં એ પોતે અને અન્ય સહુ સાચી રીતે વધારે સુખી ન થાત?

આ પરથી 'યયાતિ'ની વાતો પણ યાદ આવે એવી છે. પોતાના જ દીકરાનું યૌવન માંગી લીધું હતું એણે! ઘણાં વર્ષોને અંતે પાછું આપ્યું'તું.

પણ આ ભીરુતા 'ઓછેવત્તે' અંશે આપણા સૌમાં છે-જનસામાન્યમાં છે. સત્ય ક્યાં સુધી છુપાવી શકાય? અને જ્યારે સમાજમાં સત્યની જાણ થાય ત્યારે અસત્યનો વ્યાજ સાથે બદલો મળે એવું યે બને છે.

ભર્તૃહરિએ કહ્યું છે કે 'કાલો ન યાતો વયમેવ યાતા'-

યૌવન અને સૌંદર્ય કોનાં ટક્યાં છે? એનું જીવનમાં મહત્ત્વ કેટલું? 'Process of Aging' 'વધવાની પ્રક્રિયા' કોણ અટકાવી શક્યું છે? વિજ્ઞાન એ અટકાવવામાં સફળ બને તો ય કેટલે અંશે ને કષ્ટ કિંમતે અપનાવવું? મનથી યુવાન હોય તે યુવાન નથી? હૃદયનું સૌંદર્ય વધારે મહત્ત્વનું નહીં?

આપણાં કર્મ મૂલ્યો ટકાવી રાખવાં અને કર્મનું અવ-મૂલ્યન થવા દેવું?

'ફ્રેડેરા' ફિલ્મ આવાં અનેક મંથન-ચિંતન માંગી લે એવા પ્રશ્નોની પરંપરા મૂકતી ગઈ

રવિની ક્રાન્તિ અને શંકરની શાન્તિ

● ડૉ. હરીશ વ્યાસ

છેલ્લાં સો વર્ષથી જેણે ગુજરાત અને સમસ્ત ભારતને પોતાનાં તેજ, તપસ્યા અને સેવાથી આલોકિત કર્યાં છે તે મહાન લોકસેવક શ્રી રવિશંકર મહારાજ ઉર્ફે રવિશંકર ગિરજાશંકર વ્યાસ,જેમણે જીવતી જાગતી રવિની ક્રાન્તિ અને શંકરની શાન્તિની પ્રતિમૂર્તિ હતા-સૂર્યનો ઉદય થતાંની સાથે જ આળોટવા, પ્રકૃતિ અને સમસ્ત સૃષ્ટિમાં પરિવર્તનની ઝડપી પ્રક્રિયા શરૂ થઈ જાય છે, એ ક્રાન્તિકારિતા એમનામાં હતી. અને એની સાથોસાથ શંકરની શાન્તિ અને કલ્યાણની ભાવનાઓ યે સતત વહેતી રહી છે. એ રીતે જોઈએ તો ક્રાન્તિમય શાન્તિ અને શાન્તિમય ક્રાન્તિનું પૂજ્ય મહારાજ જીવન્ત સ્વરૂપ હતા. આપણા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીની એ વિખ્યાત ઉક્તિ પૂજ્ય મહારાજને ચોકસ લાગુ પાડી શકાય તેવી છે.

'ઝંઝાની પુત્રી છો હોય ક્રાન્તિ,
હૈયે લહેરે ખેતરો કેરી શાન્તિ!'

એમના હૃદય-મનમાં એક સાથે ઝંઝાની પુત્રી-ક્રાન્તિ અને ખેતરોની શાન્તિ સમન્વિત થઈને લહેરતાં હતાં. બહારથી ઉપલબ્ધિયા દૃષ્ટિએ જોનારને મહારાજ કદાચ સુધારાવાદી કે રાહતવાદી લાગે, પરન્તુ એ ભૂલવા જેવું નથી કે એમનું એકેએક સેવાકાર્ય, કે રાહતકાર્ય અહિંસક સર્વોદયી ક્રાન્તિની દૃષ્ટિથી પ્રકાશિત હતું. અનેક રાહતકાર્યો અને સેવાકાર્યોમાંથી એ સમાજક્રાન્તિની અખૂટ શક્તિ પ્રગટાવતા હતા અને ક્રાન્તિ-કાર્યોને સેવા અને રાહતનાં કાર્યોથી ઓજસ્વન્તાં બનાવતા હતા. ક્રાન્તિનું એક નવું પરિમાણ-dimension પૂજ્ય મહારાજના જીવનમાંથી પ્રગટ થાય છે, જે છે સેવામય ક્રાન્તિ અને ક્રાન્તિમય સેવા. ઘણા યે લોકો

લોકરાહત અને સેવાકાર્યોમાં ડૂબી જાય છે, પણ સમાજ-ક્રાન્તની શક્તિ પ્રગટાવી શકતા નથી. અને કેટલાક સમાજપરિવર્તન સાધે છે પણ માનવતાનો મહિમા કરતાં સેવા અને રાહતકાર્યો ચૂકી જાય છે, જેથી ક્રાન્તિ શુષ્ક, કઠોર અને કલુષિત થઈ જાય છે. માનવતાના પ્રેમરસાયણથી આર્દ્ર થયેલી ક્રાન્તિ જ સર્વમંગલકારી અને 'માનવીય ક્રાન્તિ' થાય છે, જે સર્વતોભદ્ર હોય છે.

મહાકવિ ભવભૂતિએ 'ઉત્તર રામચરિત' ગ્રન્થમાં જે શબ્દો રામ માટે પ્રયોજ્યા છે તે મહારાજશ્રીને પણ લાગુ પડે તેવા છે.

"વજ્રાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ ।
લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતું અર્હતિ ॥"

'લોકોત્તર અર્થાત્ મૂઠી ઊંચેરા માનવીઓનાં હૃદય વજ્રથી યે કઠોર અને પુષ્પથી યે કોમળ હોય છે, જેને જાણવાને, અલબત્ત! કોણ યોગ્ય છે? બલકે કોક જ આવા લોકોત્તર મહાનુભાવોની મહત્તાને પામી શકે છે. આ વજ્રની કઠોરતા અને પુષ્પની કોમળતાનો મધુર સમન્વય મહારાજના વિશાળ વ્યક્તિત્વમાં થયેલો હતો.

આજથી સોએક વર્ષ પહેલાં માતર તાલુકાના રઢુ ગામમાં, મોસાળમાં જન્મેલો અને વાત્રક કાંઠે મહેમદાવાદ તાલુકામાં સરસવણી ગામે વતન ધરાવતો ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણોના કુટુંબમાં જન્મેલો એક સામાન્ય છોકરો આટઆટલાં પરાક્રમો, સાહસો અને સત્કાર્યો કરીને ગુજરીમૈયા અને ભારતીમૈયાને ધન્ય કરી દેશે એવી કોને ખબર હતી? એક સામાન્ય ઘરમાં જન્મેલા બાળકે પોતાનાં તેજ, તપસ્યા, ચિન્તન અને સાધનાથી ગુજરાત અને સમસ્ત દેશને દીપાવ્યો છે. સંસ્કૃતમાં કહેવાયું છે તેમ, "કુલં પવિત્રં જનની કૃતાર્થા ।' જેમના જન્મવાથી સમસ્ત કુટુંબ અને જન્મદાત્રી માતા તથા ભારતમાતા કૃતાર્થ થયાં છે, એવા આ મહાનુભાવનું સ્મરણ પ્રાતઃસ્મરણીય બની જાય છે.

પ્રાથમિક શાળાનું શિક્ષણ પોતાના વતનમાં જ લીધેલું. પરન્તુ નાનપણથી સ્વામી દયાનન્દ સરસ્વતીના 'આર્યસમાજ'ના સંસ્કારો, લાલ, પાલ અને બાલની સ્વરાજ્ય, સ્વદેશી અને ગુલામીમાંથી મુક્ત થવાની વાતોએ, સ્વામી વિવેકાનંદની દરિદ્રનારાયણ, જનસેવા અને સર્વધર્મ સહિષ્ણુતાની ભાવના-ઓએ, તેમ જ મહાત્મા ગાંધીની દક્ષિણ આફ્રિકાની રંગદ્વેષ સામેની સત્યાગ્રહી લડતો અને ભારતમાં સત્યાગ્રહાશ્રમ ગુજરાત વિદ્યાપીઠ અને 'નવજીવન' તથા 'હરિજન' પત્રોના ક્રાન્તિકારી વિચારોએ મહારાજને ભીતરથી હચમચાવી મૂકેલા અને દેશ માટે ત્યાગ, સેવા અને સમર્પણ-બલિદાનની ભાવનાઓથી છલકાવી મૂકેલા. આ ઉપરથી ખ્યાલ આવશે કે સંવેદનશીલ હૃદયો ઉપર વિચારનો કેવો પ્રભાવશાળી જાદુ ફેલાયો હોય છે; જે જીવનપરિવર્તનકારી અને સમાજપરિવર્તનકારી યે થાય છે.

સામાન્ય રીતે બ્રાહ્મણોની સાથે યજમાનવૃત્તિ, કર્મકાંડ, જ્યોતિષ, વૈદક અને બ્રહ્મવિદ્યા સંકળાયેલાં છે. આ તાજ વિનાના રાજ એવા રવિશંકર મહારાજે પ્રજામાં વેઠ, ગુલામી, પરાધીનતા, ગરીબી, બેકારી, નિરક્ષરતા, અસ્વચ્છતા, અસંસ્કારિતા વગેરે ધૂમીધૂમીને જોયાં. અને એના દિલમાં ચોટ લાગતાં, આ બધામાંથી દેશને ઉગારવા માટે મચી પડવાનો નિશ્ચય કર્યો. બાળવયે જ લગ્ન થઈ ચૂકેલું હતું. સંતતિ પણ હતી. તોયે મહારાજનું મન પ્રેય (કુટુંબકલ્યાણ) થી યે આગળ જઈને શ્રેય (વિશ્વકલ્યાણ) માં વિચરતું હતું. પત્નીને દેશસેવાકાર્યમાં સાથે લેવાની તીવ્ર ઇચ્છા હતી, પણ પત્નીએ ઘરસંસાર અને બાળકોને સંભાળવાનો નિર્ણય જાહેર કરતાં, મહારાજ ભરજુવાનીમાં પત્નીને દરબાર, માલમિલકત અને બાળકો સોંપી દઈને એકલે હાથે દેશસેવા માટે નીકળી પડ્યા. ખેર! આ એક પ્રકારનું મહાભિનિષ્ક્રમણ જ હતું, જે મહારાજે જીવનભર પ્રસન્નતાથી, વિરાટના ચરણોમાં સમર્પિત બનીને ઉજવ્યું છે, એમ જરૂર કહી શકાય.

ખેડા જિલ્લામાં ઘૂમીને વેઠપ્રથા, હાજરીપ્રથા ગુલામી, સ્ત્રીઓ ઉપર થતો ત્રાસ, અમલદારોની જોહુકમી, શાહુકારોનો ત્રાસ બહારવટિયાઓનો વિદ્રોહ વગેરે બાળતો પરત્વે લોકશિક્ષણ દ્વારા લોકજાગૃતિ અને લોકસંગઠનો જમાવીને અહિંસક રીતે અન્યાયો અને અનિષ્ટોનો જબરદસ્ત તાકાતથી પ્રતિકાર કર્યો અને પ્રજાને નીતિ, ધર્મ અને સદાચારને માર્ગે વળવા માટે ભારે કોશિશ કરી. ધારિયાંવાળા આ ખેડા જિલ્લાના બારૈયા અને પાટણવાડિયાઓને તથા મહેસાણા જિલ્લાના ઠાકરડાઓને ચોરી, ડકૈતી, ખૂન, લૂટફાટનો મારગ છોડીને માનવતાને માર્ગે-સદાચાર પ્રત્યે પ્રેર્યા અને કેટલાકને તો ગાંધીજીની અહિંસક લડતો પ્રત્યે આકર્ષિત કર્યા.

બારડોલી સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને ગાંધીજીએ એમને પ્રથમ સત્યાગ્રહી તરીકે જાહેર કરીને, એમની સત્યનિષ્ઠા અને અહિંસાનિષ્ઠાને કસોટીએ ચડાવ્યાં. ખેડા જિલ્લામાં બોરસદના સત્યાગ્રહે સરદાર વલ્લભભાઈ પટેલ, દરબાર ગોપાળદાસ દેસાઈ, અબ્બાસ તૈયબજી, મોહનલાલ પંડ્યાની સાથે મહારાજને પણ પ્રથમ હરોળમાં મૂકી દીધા. બોરસદ-બોચાસણની સત્યાગ્રહી છાવણીઓએ આશ્રમજીવનના સંસ્કારોથી આલોકિત કરેલાં અનેક યુવક-યુવતીઓને સ્વાતંત્ર્ય સંગ્રામ પ્રત્યે ઝુકાવવા માટે બળ, પ્રેરણા અને ઉત્સાહ પૂરો પાડેલો.

સને ૧૯૨૦-'૨૨નું અસહકાર આન્દોલન, ૧૯૩૦-'૩૨નું સવિનય કાનૂનભંગનું આન્દોલન અને ૧૯૪૦-'૪૨ની 'હિન્દ છોડો' લડત-આ તમામ સત્યાગ્રહોમાં પૂજ્ય મહારાજ દેશભક્ત, સત્યાગ્રહી અને સ્વાતંત્ર્ય-સેનાની તરીકે ઝુઝયા, અનેક કારા-વાસો વેઠીને દેશને આઝાદ કરવા સતત મથ્યા.

આઝાદી આવ્યા બાદ, ગાંધીજીનું અવસાન થતાં મહારાજ લેશ પણ મૂંઝાયા-ગૂંચાયા વગર કોમીય રમખાણોમાં હિન્દુ-મુસ્લિમ એકતા, રાષ્ટ્રીય એકતા, નઈ તાલીમ, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, વ્યસનમુક્તિ, ખાદી, ગ્રામોદ્યોગો વગેરે રચનાત્મક કાર્યક્રમોમાં મસ્તીથી વ્યસ્ત બન્યા હતા. શ્રી ઉમાશંકર જોશી, શ્રી યશવંત શુક્લ સાથે મહારાજ પણ ચીનના ક્રાન્તિનું દર્શન કરવા માટે ચીનનો પ્રવાસ ખેડી આવ્યા. અને એનાથી ભારે પ્રભાવિત થયેલા. બોચાસણ આશ્રમમાં વાતો કરતાં કહે, 'આ બધી ગરીબી-બેકારી મારાથી સહન થતાં નથી. યજ્ઞ જાય છે કે ભલે થોડા જમીનવાળાઓ ના માને તો ચીનની જેમ થોડાનો ખાત્મો થઈ જાય...પણ કરોડો રોજી-રોટી મેળવી તો થશે ને? આઝાદી આવી તો યે ગરીબની ગરીબી ન ટળે કે અમીરની અમીરી યે ન ટળે તો એનો અર્થ શો?...' ગરીબો પ્રત્યેની આ હમદર્દી અને વિષમતાનું ભીષણ દર્શન મહારાજને હિંસક ક્રાન્તિ પ્રત્યે ખેંચી જાય એ

પહેલાં જ, સંત વિનોબાજીએ આંધ્ર રાજ્યમાં તેલંગાણામાં, પોચમપલ્લી ગામેથી ૧૦૦ એકર જમીનનું ભૂદાન માગીને તથા ગરીબોને જમીન વહેંચી આપીને અહિંસક આર્થિક ક્રાંતિનો સૂત્રપાત કર્યો. ચાંડિલ સર્વોદય અધિવેશનમાં મહારાજ, વિનોબાજીને મળ્યા અને ભૂમિદાનયજ્ઞનો મંત્ર લઈને, મહારાજે ગુજરાતમાં ઘૂમવાનું શરૂ કર્યું, જેમાંથી તેમને સાડા હજાર એકર જમીન, લાખો રૂપિયાનાં સંપત્તિદાન, હળ-બળદ -સાધનો કૂવાઓ માટે લાખોનાં સાધન દાનો મળ્યાં. અને ગ્રામદાનો દ્વારા ગ્રામસ્વરાજ્યનો મંત્ર પણ ક્રાંતિયાળ બન્યો. વડોદરા જિલ્લાના રંગપુર વિસ્તારના 'ગજલાવાંટ' ગામે ગ્રામદાન જાહેર કરીને, જમીનનો નવમો હિસ્સો આપીને, સૌને ભૂમિવાન બનાવીને, તથા જમીનને સાર્વજનિક માલિકીની કરીને ગ્રામસ્વરાજ્યનો પાયો નાખ્યો જેથી મહારાજના આનન્દનો પાર ન રહ્યો. અહિંસક ક્રાન્તિના અશ્વમેધ યજ્ઞનો અશ્વ જોરશોરથી ગુજરાતમાં ઘૂમવા લાગ્યો. (ક્રમશ:)

(પાના ૧૯૪ થી ચાલુ)

કારનો આર્થિક બોજો વધતો જાય છે એ સાચું, પરંતુ અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું ધોરણ પણ ઘણું નીચું જાય છે એ પણ એટલોજ શોચનીય સ્થિતિ છે કેટલાંક રાજ્યનાં બજેટમાં લશ્કર પછી બીજે નંબરે સૌથી વધુ રકમ કેળવણી માટે ફાળવામાં આવે છે. આપણા દેશે સર્વાંગીણ વિકાસ કરવાનો છે એટલે એટલા મોટા બજેટની અપેક્ષા તો ન રહે, તો પણ શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ કરવાથી પ્રજા તેજહીન બની જાય છે અને તેજહીન પ્રજામાં અપ્રામાણિકતા, નિષ્ઠાનો અભાવ, છેતરપિંડી, લુચ્ચાઈ, કલહ, વ્યસનો, રાષ્ટ્રદ્રોહ વગેરે જાતજાતનાં દૂષણો પ્રવેશે છે અને પછી તેનું વિષચક્ર ચાલે છે તે ન ભૂલવું જોઈએ. અત્યાર સુધી નબળાં પગારધોરણોને કારણે સારા માણસો ન મળતા. અનેક ખોટા માણસો શિક્ષણક્ષેત્રમાં ઘસાયા છે. એથી સમગ્ર શિક્ષકજાતની વગોવણી થાય છે. સરકાર એમનું કાર્ય નિહાળી વધુ કડક કાયદાઓ કરે છે, પરંતુ એથી સરવાળે તો પરિસ્થિતિ વધુ બગડતી જશે. શિક્ષણ પ્રત્યે લાંબા સમય સુધી દુર્લક્ષ સેવાતાં સમગ્ર પ્રજા નિર્માલ્ય બની જાય છે એ ભયસ્થાન જેવું તેવું નથી. એ દુર્લક્ષનાં પરિણામ તરત નજરે દેખાતાં નથી. પરંતુ લાંબે ગાળે એની અસર વરતાયા વગર રહેતી નથી.

ઈ રમણલાલ ચી. શાહ

સંઘ સમાચાર

'સંઘ' દ્વારા નેત્રયજ્ઞ

શ્રી ભાલ નળકાંઠા પ્રાદેશિક સંઘ સંચાલિત સર્વોદય આશ્રમ, ગુંદીના સહકારથી 'સંઘ'ના ઉપક્રમે **રાણપુર** (સૌરાષ્ટ્ર) મુકામે આગામી તા. ૧૦-૩-૮૫ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે.

પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
ઉદ્‌ઘાટક : શ્રી વસનજી લખમશી શાહ
અતિથિવિશેષ : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
સમય : તા. ૧૦-૩-૮૫ સવારના ૧૦ કલાકે

સંઘના આ પ્રસ્થાનમાં સૌને ભાગ લેવા વિનંતિ.

— મંત્રીઓ

(પૃષ્ઠ ૧૦૨ થી ચાલુ)

જાગૃત આધ્યાત્મિક ભૂમિકા મનમાં ન હોય તો પણ) એમ લેખી શકાય. સમૂહ-કર્મના આ તત્ત્વજ્ઞાનને લીધે કર્મ તત્ત્વજ્ઞાનને વ્યાપકપણે સામાજિક સ્વરૂપ આપી શકાય તેમ છે. આ Theory ના વિકાસની ખૂબ શક્યતાઓ છે.

ગાંધીજીએ બિહારના ધરતીકંપનું આપેલ કારણ પ્રતીતિકર લાગ્યું નથી, એટલા માટે કે અસ્પૃશ્યતાના કારણે આપત્તિ આવી એમ લેખીએ તો નીચે મુજબના પ્રશ્નોનું સમાધાન થતું નથી. (૧) અસ્પૃશ્યતાના કારણે આપત્તિ આવી હોય તો જેમને અન્યાય થયો છે એવો વર્ગ પણ આ વિસ્તારમાં વસે છે. એમને પણ કુદરતની આ ઘટનાથી સહન કરવું જ પડે છે. આપણે જાણીએ છીએ કે આવી આપત્તિમાં આવા નિમ્ન સ્તરના વર્ગને સૌથી વધુ સહન કરવાનું આવે છે. આવી પરિસ્થિતિમાં અસ્પૃશ્યતાને કારણભૂત કેવી રીતે લેખી શકાય ? (૨) જ્યાં ભૂકંપ થયો નથી એવા વિસ્તારમાં રહેનારો વર્ગ પણ આવા અન્યાયનું આચરણ કરે છે. આમ છતાં એવા વર્ગ પર આપત્તિ આવી નથી. એટલે અસ્પૃશ્યતા કારણભૂત સમજવામાં આ બાબતનું સમાધાન થતું નથી. (૩) અસ્પૃશ્યતાનું કલંક તો સદીઓ જૂનું લેખાય છે. એ કલંકના કારણે તો તો ચોક્કસ સમયના અંતરે આવી કુદરતના કોપની ઘટના બનવી જોઈએ. પરંતુ એવું નિયમિતપણે બન્યું નથી. પૂ. ગાંધીજીની શ્રદ્ધાના રહસ્યનો તાગ અને તાળો અહીં મળતો નથી. સમૂહ-કર્મનું તત્ત્વજ્ઞાન આ બધા પ્રશ્નોનું સમાધાન કરે છે. સમૂહમાં બાંધેલાં કર્મનો ઉદય થતાં એનો ભોગવટો એવા કર્મબંધનના ભાગીદારો એકસાથે કરે છે એમાં કુદરતી કોપની ઘટનાઓ, જેવી કે આગ, અકરમાત, વિસ્ફોટ, જળપ્રલય, વાવાઝોડું, ધરતીકંપ કે માનવસર્જિત આપત્તિ વગેરે સંહારક તત્ત્વો નિમિત્ત બને છે. બિહારના ધરતીકંપની કે અન્ય કુદરતી કોપની ઘટનાનું અર્થઘટન આ રીતે કરી શકાય. બૌદ્ધિક સીમાડાની પેલે પારની ઘટના ન સમજાય. ત્યાં આપણી શ્રદ્ધા માટે ગમે તેવું ઘોતક પણ અતાર્કિક એવું અનુમાન આપણે જરૂર કરી શકીએ અને એ વ્યક્તિગત કક્ષાએ આત્મશુદ્ધિ માટે ઉપકારક પણ બને, પરંતુ એ વ્યક્તિગત સૃષ્ટિમાંથી સમષ્ટિગત સિદ્ધાંતનું પરિમાણ ન પામી શકે.

સમૂહ-કર્મની આ છણાવટથી હવે એક પ્રશ્ન તો રહે જ છે. ગાંધીજીની શ્રદ્ધા અને પ્રતીતિનું શું ? ગાંધીજીના નિવેદન પાછળ આપણે એટલું તો અવશ્ય જોઈ શકીએ છીએ કે એમના મનમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન કેન્દ્રસ્થાને હતો. એ પ્રશ્ન અંગે તીવ્ર સંવેદના અને સતત વિચારણા એમના મનમાં ચાલતી હતી. કુદરતની ન સમજાય એવી ઘટનાનું મૂળ આપણા વર્તનમાં કયાંક રહ્યું હોવાના કે આપણા વર્તનના પ્રત્યાઘાત આવી ઘટનામાં જોવાના આપણા સંસ્કાર છે. એ સામાન્ય સંસ્કારને, આપણા મનમાં રમી રહેલા પ્રશ્નનું અગ્રતાક્રમે આવી ઘટના સાથે સંકલન કરવામાં તાર્કિક ન્યાય નથી એ સ્પષ્ટ છે. પરંતુ એ પ્રશ્ન પરત્વે આપણે કેવી સંવેદના અનુભવીએ છીએ એની અભિવ્યક્તિ આવા અર્થઘટનમાં જોઈ શકાય. એટલું જ એનું મહત્ત્વ છે. જ્યાં સુધી ઘટનાનો પાર પામી શકાય એમ ન હોય ત્યાં સુધી આવી ઘટનાને આપણાં કૃત્યો સાથે સાંકળવામાં આવી સ્થિતિ રહેવાની જ. ગાંધીજી જેવી વિભૂતિ અને કવિવર ટાગોર જેવાની તાત્ત્વિક ચર્ચાથી કે નિવેદનથી માનવજાત અટકવાની નથી એની શોધ, પ્રતીતિ, આત્મનિરીક્ષણ અને આત્મદર્શનથી થાય. સમૂહ-કર્મનું તત્ત્વજ્ઞાન એમાં કેટલું ઉપયોગી અને ઉપકારક થઈ શકે એ તરફ અંગુલિનિર્દેશ કરવાનો આ છણાવટનો હેતુ છે.

ગાંધીજી અને કર્મ તત્ત્વજ્ઞાનનું સામાજિક સ્વરૂપ

● પન્નાલાલ ૨. શાહ

ઈ. સ. ૧૯૩૪ માં બિહારમાં ધરતીકંપ થયો. રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીએ આ ઘટનાને હિન્દુ સમાજના કલંકરૂપ અસ્પૃશ્યતાના અન્યાયી વલણ સાથે સાંકળી, કુદરતની આ ઘટનાને અસ્પૃશ્યતાના ફળ સ્વરૂપ લેખાવી હતી. તેમણે કહ્યું: 'આપણામાંથી જેમને ઈશ્વર પર શ્રદ્ધા હોય તેમણે માનવું જોઈએ કે આ અવર્ણનીય આપત્તિની પાછળ પણ મનુષ્યનું કલ્યાણ કરનાર ઈશ્વરી હેતુ રહેતો હશે. તમારે મને વહેમી કહેવો હોય તો ભલે કહેજો; પણ મારા જેવા માણસથી એમ માન્યા વિના રહેવાતું નથી કે આ ધરતીકંપ એ ઈશ્વરે આપણા પાપને માટે મોકલેલી સજા છે, હડહડતા નાસ્તિકોને પણ એટલું ચોખ્ખું દેખાવું જોઈએ કે આવા ઉત્પાતનું કારણ ઈશ્વરી ઇચ્છા સિવાય બીજું હોઈ શકે નહિ. × × × મારે મન બિહારની આફત અને અસ્પૃશ્યતા નિવારણ કરવા માગનાર સુધારકો આ ધરતીકંપને અસ્પૃશ્યતાના પાપની સજારૂપ ગણે.'

કોઈ પણ ભૌગોલિક હકીકત કે સચરાચર સૃષ્ટિની ઘટનાને વૈજ્ઞાનિક ઢબે સમજવી-સમજાવવી જોઈએ. એને બદલે ગાંધીજી જેવી વિભૂતિ આ ભૂકંપને અસ્પૃશ્યતાના પાપની સજારૂપ ગણે એ હકીકત વિસ્મયજનક લાગે. આવું અતાર્કિક કારણ આપવામાં પ્રજાના વહેમોને પોષણ આપવા જેવું પં. જવાહરલાલ નહેરુ અને કવિવર ટાગોરને લાગ્યું હતું. કવિવર ટાગોરે પોતાના આવા પ્રતિભાવની અભિવ્યક્તિ જાહેર નિવેદન દ્વારા કરી પણ ખરી. પૂ. ગાંધીજીએ એનો શ્રદ્ધાયુક્ત પ્રત્યુત્તર પણ આપ્યો. પૂ. કાકાસાહેબ કાલેલકરને પણ ગાંધીજીના આ 'અસાધારણ ન્યાય'ની વાત જચી ન હતી. એમણે પૂ. ગાંધીજી સાથે આ બાબત વિચારવિનિમય પણ કર્યો. અલબત્ત, પૂ. ગાંધીજીની શ્રદ્ધા અને તર્કનો એમની પાસે કોઈ પ્રત્યુત્તર ન હતો. એમને એમ પણ લાગ્યું હતું કે ગાંધીજીની શ્રદ્ધા સંપૂર્ણ હતી, દોષરહિત હતી; પરંતુ એનું ચોકકસ ઘટના સાથેનું સંકલન ન્યાયયુક્ત ન હતું. Truth called them differently ની પ્રસ્તાવનામાં પૂ. કાકાસાહેબે લખ્યું: 'His Faith was unerring, but its application unjustifiable'.

પ્રકૃતિ અને સૃષ્ટિના નિયમો અને કેટલીક ઘટનાઓ બૌદ્ધિક રીતે સમજવી-સમજાવવી કયારેક મુશ્કેલ અને અશકય પણ છે. આમ છતાં એવી ઘટનાને સમજવા-સમજાવવા માનવી અનુમાન કરે છે. એવું અનુમાન-તારણ દ્વિ-પરિમાણી છે: (૧) તાર્કિક રીતે સમજી-સમજાવી ન શકાય એવું અનુમાન, એમાં ગમે તેટલી શ્રદ્ધા હોય તો પણ, સમૂહની દૃષ્ટિએ અંધશ્રદ્ધામાં ખપે; અંધશ્રદ્ધાને પોષનારું ગણાય. (૨) બૌદ્ધિક સીમાડાની પેલે પારની બાબતો કે ઘટના અંગે ઈશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા રાખવી, એટલું જ નહિ પરંતુ આપણા જીવન સાથે, આપણા સારાં-નરસાં, ખાસ કરીને નઠારાં કૃત્યો સાથે, આપણા સમૂહજીવન સાથે અવિનાભાવ સંબંધ છે એમ સમજવું. આપણા જીવનમાં જે કાંઈ અન્યાયયુક્ત હોય તે અંગે આવી ઘટના ચેતવણીરૂપ સમજી આત્મનિરીક્ષણ કરવું અને આંતરશુદ્ધિ તેમ જ સમાજ-શુદ્ધિ માટે એ અંગે જાગૃતિ દાખવવી. કુદરતની કૃપા અને કોપને આપણે આ રીતે સમજીએ છીએ. એમાં ય કુદરતી કોપ અને અભિશાપમાં પણ આશીર્વાદ છૂપાયેલાં આપણે સમજીએ છીએ એની આ ભૂમિકા છે.

જૈન ધર્મમાં સમૂહ-કર્મનું તત્ત્વજ્ઞાન છે. સમૂહકર્મ કરેલાં કર્મનું પરિણામ ઉદયમાં આવતાં સમૂહમાં-સાથે-ભોગવવું પડે. એમાં એવા કર્મની પ્રેરણા અને અનુમોદન આપનારનો પણ એવા ભોગવટામાં સમાવેશ થાય છે. સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોના એકીસાથે થયેલાં મરણના મૂળમાં સમૂહ કર્મ હતું. એ ઉદાહરણ સમૂહ-કર્મનું તત્ત્વજ્ઞાન સમજાવવા માટે અવારનવાર અપાય છે. મુંબઈ જેવા શહેરમાં બિસ્માર હાલતનાં મકાનો તૂટી પડતાં ચોકકસ વ્યકિતઓ કે સમૂહ ઘજા પામે, મરણ પામે કે ઓછીવત્તી મુશ્કેલીમાં મૂકાય, એને સમૂહ કર્મનો ઉદય અને એનું પરિણામ લેખી શકાય. આગ, અકસ્માત કે વિસ્ફોટનો પણ એમાં સમાવેશ કરી શકાય. એમાં કર્મબંધન વખતે વ્યકિતમાં રહેલી તીવ્રતા કે મંદતાનો ભાવ એટલે કે તરતમભાવ ઉપર એનો આધાર રહે છે. લૂંટ, અત્યાચાર કે બળાત્કારના સમૂહ કર્મનો ભોગવટો એકી સાથે, સમૂહમાં કરવો પડે. લોકશાહી રાજ્યવ્યવસ્થા કે સંસ્થાકીય માળખામાં અન્યાય થાય, ભ્રષ્ટાચાર હોય, નિર્ણયમાં સર્વસંમતિ હોય, સહ્યો શાંત હોય અને અન્યાયનો પ્રતીકાર કર્યા વિના અન્યાય કે ભ્રષ્ટાચાર ચાલુ રહે અમાં મૌન એ સૂચક સંમતિ લેખાય અને એથી સમુહ-કર્મનું બંધન થાય. એમાં સહ્યો કેટલીકવાર પ્રગટ રીતે તો કેટલીકવાર પ્રચ્છન્નપણે આવા કર્મબંધનમાં ભાગીદાર હોય. પૂ. ગાંધીજીએ અહિંસક સત્યાગ્રહ દ્વારા અહિંસાને જેમ સામાજિક પરિમાણ આપ્યું તેમ કર્મ તત્ત્વજ્ઞાનનું આ સામાજિક સ્વરૂપ થયું. સરમુખત્યારશાહી કે રાજાશાહીના યુગમાં પણ નોકરિયાત વર્ગ ચિઠ્ઠીનો ચાકર હોવા છતાં સાચી વાત સત્તાધીશોનો લક્ષ પર ન લાવે કે સત્યનિષ્ઠ રહીને મક્કમતાપૂર્વક સત્તાધીશોના આદેશોનો અમલ કરવાનો ઇન્કાર ન કરે તો તેવો નોકરિયાત વર્ગ પણ સમૂહ કર્મના બંધનમાં ભાગીદાર બને. પૂ. ગાંધીજીએ કરેલી સવિનય કાનૂન ભંગ અને અસહકારની હિમાયત કે લોકનાયક જયપ્રકાશ નારાયણે અન્યાયી હુકમોના વિરોધની સુરક્ષા દળને કરેલી હિમાયત આ સંદર્ભમાં મૂલવી શકાય. અલબત્ત, જાગૃતપણે એમના મનમાં આવી આધ્યાત્મિક ભૂમિકા હોવાનું આપણે ન કરી શકાય. આપણે ત્યાં ઉત્તમ વહીવટકર્તાઓએ અને ન્યાયધીશોએ સત્તાધીશોની પરવા કર્યા વિના આવું વલણ દાખવ્યું છે એની નોંધ ઇતિહાસમાં અને લોકમાનસમાં કાયમ રહી છે. સાથોસાથ એવી જાગૃતિના કારણે તેઓ સમૂહ-કર્મના બંધનમાં ભાગીદાર થયા નથી, (એવી

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૧ ઉપર)

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૩-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

જાસૂસી અને રાષ્ટ્રદ્રોહ

કોઈ પણ દેશ જાસૂસી કર્યા વગર, ગુપ્તચરો દ્વારા બીજા દેશોની માહિતી મેળવ્યા વગર પોતાના રાષ્ટ્રની સરહદોનું સંરક્ષણ કરી ન શકે. ભારતના જાસૂસો દુનિયાના બીજા દેશોમાં નથી એમ નહીં કહી શકાય. તે જ પ્રમાણે દુનિયાના બીજા દેશોના જાસૂસો ભારતમાં નથી અથવા હવે નહિ આવે એમ પણ માની ન શકાય. પોતાના ગુપ્તચરો વધુમાં વધુ માહિતી મેળવી લાવે અને બીજા દેશોના ગુપ્તચરો ઓછામાં ઓછી માહિતી મેળવી જાય એ ધ્યેય દરેક દેશનું હોય છે.

યુરોપ-અમેરિકાના ગુપ્તચરો પચીસ વર્ષથી ભારતમાંથી કેટલાક ભારતીય નાગરિકો દ્વારા સંરક્ષણને લગતી ગુપ્ત માહિતી મેળવી જતા હતા એ ઘટના ભારતના ગુપ્તચર ખાતા માટે ઘણી શરમજનક ગણાય. ગંદા રાજકારણને લીધે અને વારંવાર બદલાતા પ્રધાનો અને અમલદારોને કારણે તથા સ્વાર્થાંધ વ્યક્તિઓની બેપરવાઈને કારણે સરકારી ખાતાઓમાં ઘણો કેટલો વ્યાપી ગયો છે તે જાસૂસીના આરોપસર પકડાયેલાઓના નિવેદન પરથી જોઈ શકાય છે.

નવાં નવાં સાધનો અને નવી નવી તરકીબો દ્વારા દુનિયા-ભરમાં જાસૂસીની જાળ પથરાયેલી રહ્યા કરે છે. જેમ જેમ કેટલીક તરકીબો જૂની અને જાણીતી થઇ જાય તેમ તે છોડી દેવાય અને ફળદ્રુપ ભેજાંઓ નવી તરકીબો શોધી કાઢે. માત્ર રાજદ્વારી ક્ષેત્રમાં જ નહીં, વેપાર, શિક્ષણ, ધર્મ વગેરે ક્ષેત્રોમાં પણ એવી સ્થિતિ પ્રવર્તે છે. આપણે કોઇક દેશની અજાણી પેઢી સાથે વેપાર કરવો હોય તો તે પેઢીની અંદરખાનેથી આર્થિક સ્થિતિ કેવી હોય છે તેનો બેન્કોના બેલેન્સશીટ સાથેનો, ગુપ્ત અહેવાલ મેળવી આપનારી સંસ્થાઓ દુનિયાના ઘણા દેશોમાં છે. આપણને ખબર પણ ન પડે એવી ગુપ્ત રીતે આપણા વ્યવસાય વિશે, જીવન વ્યવહાર વિશે, વિગતવાર માહિતી મેળવી લઇને બીજાને પહોંચાડવાનું કામ કરનારા માણસો, એજન્ટો, દુનિયામાં ઘણા છે.

અમેરિકા, સોવિયેટ યુનિયન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની જેવાં મોટાં રાષ્ટ્રો પોતાના દેશમાં કોઇ વિદેશના રાષ્ટ્રના વડા કે ઉચ્ચ પદાધિકારીઓને પોતાને ત્યાં મહેમાન તરીકે નિમંત્રણ આપે છે ત્યારે તેને વિશેની બધી જ ગુપ્ત માહિતી પોતાના ગુપ્તચરો દ્વારા મેળવી લે છે અને તે વ્યક્તિનું જાણું પારખું કરે છે તે પણ જાણી લઇ વાટાઘાટો દરમિયાન તે દ્વારા લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરે છે. તેના શોખની વસ્તુઓ, તેના ફરવાફરવાની પસંદગી, ભાવતી વાનગીઓ, ઊઠવા-બેસવાની રીતભાત, ટેવો, વ્યસનો, અથવા કોની સાથે કયા વિષય પર વાતચીત કરવામાં વધુ ખીલે છે ઇત્યાદિ વિશેની માહિતી મેળવી લેવાય છે. અને તેનો સમય માનસ-શાસ્ત્રીઓ દ્વારા અભ્યાસ કરાવી એ બાબતોનો વધુમાં વધુ લાભ ઉઠાવાય છે.

વર્તમાન સમયમાં જાસૂસી માટેનાં સાધનો વધતાં જાય છે. ટેપરેકોર્ડર અને નાનાં ટ્રાન્સમીટરો દ્વારા ઘણી ગુપ્ત માહિતી મેળવી લેવાય છે. એમ કહેવાય છે કે નિક્સન અને કિસિંજરને સોવિયેટ યુનિયનની મુલાકાતનું જ્યારે નિમંત્રણ મળ્યું હતું ત્યારે તેમના ઉતારા માટેના બંગલાના ઉદ્યાનનાં વૃક્ષો ઉપર નાનાં નાનાં ટ્રાન્સમીટરો ગોઠવાઇ ગયાં હતાં, કે જેથી ફરતાં ફરતાં તેઓ જે કંઇ ખાનગી વાત કરે તે નોંધાઇ જાય. એનો વહેમ પડતાં તેઓ બંને કેટલીક વાતો મોઢેથી કરવાને બદલે કાગળ પર લખીને કરતા અને તરત એ કાગળો બાળી નાખતા. હવે શક્તિશાળી ટ્રાન્સ-મીટરો અંગૂઠાના ટેરવાં જેટલાં નાનાં નીકળ્યાં છે. આપણા ઘરે મહેમાન તરીકે આવેલો કોઇક માણસ ઘરના કોઇ અજાણ્યા ખૂણામાં એવું ટ્રાન્સમીટર મૂકી જાય તો જ્યાં સુધી એ આપણી નજરે ન પડે અને એ ટ્રાન્સમીટર છે એવી ખબર ન પડે ત્યાં સુધી દૂર બેઠાં આપણા ઘરમાં આપેલ વખત ચાલતી વાતો સાંભળી શકે કે રેકોર્ડ કરી શકે. મોટા રાજદ્વારી પુરુષોએ તો અજાણી જગ્યાએ પોતાના માણસો સાથે ખાનગી વાતચીત કરતાં અત્યંત સાવધ રહેવું પડે એવી સ્થિતિ સર્જાતી જાય છે.

વિમાનો દ્વારા બીજા રાજ્યની સરહદમાં ઘૂસી જઇને ફોટાઓ લેવાની વાત હવે જૂની થઇ ગઇ. ઉપગ્રહોમાં ગોઠવેલા મોટા કેમેરાઓ દ્વારા દુશ્મનના રાજ્યની ઝીણામાં ઝીણી હિલચાલની બધી જ માહિતી તત્ક્ષણ મેળવી શકાય છે. સોવિયેટ યુનિયને તો બારે માસ અવકાશમાં અવકાશયાત્રીઓની કોઇ ને કોઇ ટુકડી ફર્યા કરતી રહે અને ત્યાંથી ફોટાઓ લીધા કરે એવી વ્યવસ્થા કરી છે. અને પૃથ્વી પર પાછા ફર્યા વિના અવકાશમાં લગભગ બાર મહિના અવકાશયાત્રીઓ રહ્યા કરે એવા વિક્રમો સ્થાપવા માંડ્યા છે. ઉપગ્રહોના કેમેરાઓ દ્વારા બધી માહિતી ઝડપાઇ ન જાય એટલા માટે તો અમેરિકાએ અને વિશેષત: સોવિયેટ યુનિયને કેટલાંક ભૂગર્ભ સ્ટેશનો, ભૂગર્ભ લશ્કરી મથકો, ઊભાં કર્યાં છે.

જે દેશોમાં સરમુખત્યારશાહી છે, વાણી-સ્વાતંત્ર્ય નથી અને જાસૂસી ઘણી છે એ દેશોની પ્રજા પોતાનું જીવન ભયમાં વિતાવે છે. અજાણ્યાની સાથે વાત કરતાં ડરે છે એટલું જ નહિં, ઘરનાં સ્વજનો સામે પણ વાત કરતાં ગભરાય છે. દીવાલોને પણ કાન છે એ રૂઢ-પ્રયોગથી આગળ વધીને હવાને પણ કાન છે ત્યાં સુધી દુનિયા પહોંચી છે.

રાજકીય અત્યાચારનો ભોગ બનેલા માણસો આવાં સરમુખત્યારશાહીવાળાં રાષ્ટ્રોમાંથી જાન બચાવીને ભાગી છૂટે છે ત્યારે તે પોતાને આશ્રય આપનાર રાષ્ટ્રને ઘણી બધી ગુપ્ત માહિતી પૂરી પાડે છે.

ગુપ્તચરો દ્વારા મેળવેલી માહિતી હંમેશાં સાચી હોય એવું નથી. કેટલીક વખત તો ધરાદાપૂર્વક ગેરમાર્ગે દોરવનારી માહિતી પૂરી પડાય છે. અને એવી માહિતીને પ્રમાણભૂત માનનારા માણસો ગોથું ખાઈ જાય છે, સપડાઈ પણ જાય છે.

ગુપ્ત માહિતી મેળવવા માટે સારા માણસને પણ વશ કરનારી જે બાબતો છે તેમાં ધનપ્રાપ્તિ, વ્યસન અનુસાર મોટા મોજશોખ, રૂપાળી સ્ત્રીઓ સાથેના ભોગવિલાસ વગેરેને ગણાવી શકાય. શરૂઆત એકદમ મોટી બાબતથી થતી નથી. આરંભમાં માત્ર દોસ્તી કેળવાય છે, ભેટસોગાદો અપાય છે, પાર્ટીઓ થાય છે અને બદલામાં માત્ર નકામી ક્ષુદ્ર માહિતી મેળવવા અંગે વાતચીત થાય છે. પછી માણસ જો લપટાય છે, ફસાય છે તો મોટી ગુપ્ત માહિતી ક્રમે ક્રમે ગણતરીપૂર્વક મેળવાય છે. મોટા ગુપ્તચરો એટલા હોશિયાર છે કે તમે એના પાંજરામાં ક્યારે પુરાઈ ગયા છો તેની ઘણા લાંબા વખત સુધી તમને ખબર પડતી નથી અને ખબર પડે છે ત્યારે તેમાંથી બહાર નીકળવા માટે કાં તો માર્ગ હોતો નથી, કાં તો હિંમત હોતી નથી. તરત હત્યા કરી નાખવા સુધીની નિર્દયતા દાખવતાં ગુપ્તચરો જરા પણ અચકાતા નથી.

કેટલાક બદમાશ માણસો જેમ ધર્મ આચરતા હોવાનો વધુ પડતો દેખાવ કરે છે તેમ જાસૂસીનું કામ કરનાર કેટલાક માણસો રાષ્ટ્રભક્ત હોવાનો વધુ પડતો દેખાવ કરે છે. એમ કહેવાય છે કે થોડા સમય પહેલાં સોવિયેટ યુનિયનને માહિતી પૂરી પાડવા માટે પકડાયેલા કેટલાક અમેરિકનોએ પોતપોતાના વિસ્તારના લોકોમાં સૌથી મોટા વફાદાર રાષ્ટ્રભક્ત હોવાની છાપ ઊભી કરી હતી.

પોતાના રાજ્યમાં અન્યાય પામેલી કે સત્તાધીશો દ્વારા જાહેરમાં અપમાનિત થયેલી વ્યક્તિની પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી ઘટી જાય છે. એવા માણસો વેરનો બદલો લેવા મોટું અપકૃત્ય કરતાં પણ અચકાતા નથી. દુઃખમાં દાઝેલા માણસોને આશ્રય આપવા પાડોશી રાષ્ટ્રો હંમેશાં તત્પર હોય છે અને આવી પરિસ્થિતિમાં સૌથી વધુ લાભ ઉઠાવાય છે. ભારત બહાર વસતા કેટલાક શીખોને ત્યાંની સરકારો એટલા જ માટે પંપાળે છે.

પોતાના રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ અને વફાદારી જેટલે અંશે વધુ કેળવી શકાય એટલે અંશે ગુપ્ત માહિતી બહાર જવાનો ભય ઓછો. જે રાષ્ટ્રના તમામ નાગરિકો પૂરેપૂરા વફાદાર હોય એ રાષ્ટ્રમાં ગમે તેટલા જાસૂસો આવે તો પણ ફાવી ન શકે પરંતુ આવી સ્થિતિ સામાન્ય રીતે ઓછી સંભવિત છે, કારણ કે મનુષ્યનું મન ચંચલ છે અને કયા પ્રલોભનથી તે ખેંચાઈ જશે તે પહેલેથી કહી શકાય નહીં.

કોઈ પણ દેશમાં સરકારી અમલદારો દ્વારા કે અન્ય ઉચ્ચ સત્તાધીશો દ્વારા પ્રજાની કનડગત વધુ પડતી થવા લાગે ત્યારે લોકોને પ્રથમ સરકારી વર્ગ પ્રત્યે અભાવ થવા લાગે. એવી પરિસ્થિતિમાં કંઈક તક મળતાં દેશદ્રોહનાં બીજ વવાય છે. વિરોધી સત્તાઓ આવી સ્થિતિમાં લાભ ઉઠાવે છે. તેઓ સરકારથી ત્રાસેલી વ્યક્તિઓનાં હૃદય ધન દ્વારા કે આશ્રય આપવાનાં વચન દ્વારા જીતી લે છે. તેમની એ મોહજાળમાં આવા દાઝેલા નાગરિકો ફસાય છે.

જૂના વખતમાં જાસૂસીની પ્રવૃત્તિ ઘણું ખરું પડોશી રાજ્ય પૂરતી મર્યાદિત રહેતી. પરંતુ બીજા વિશ્વયુદ્ધ પછી ઝડપી વિમાની વ્યવહારને કારણે એક દેશમાંથી બીજા દેશમાં માણસોની અવરજવર પુષ્કળ વધી જતાં આવી પ્રવૃત્તિનો વ્યાપ વધી રહ્યો છે. વિદ્યાભ્યાસ, વેપાર, આરોગ્ય, પ્રવાસ, નોકરી વગેરેને કારણે પોતાના દેશની બહાર જવાની, સરહદ ઓળંગવાની પ્રવૃત્તિ પ્રતિદિન વધતી ચાલી છે. સરકારી કે મલ્ટિનેશનલ કંપનીઓની નોકરી, વેપાર-ઉદ્યોગ કે અન્ય કારણે બીજાં રાષ્ટ્રોમાં લાંબા વર્ષોનો વસવાટ પણ પુષ્કળ વધી ગયો છે. એવા વસવાટને કારણે પણ પોતાની માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ ક્રમે ક્રમે ઓસરતો જાય એવી સંભાવના રહે છે. ઇંગ્લેન્ડ, અમેરિકા, જાપાન, આફ્રિકા અથવા યુરોપમાં જઈને ઘણા ભારતીય લોકો વસેલા છે. સમય જતાં કેટલાકે ત્યાંનું નાગરિકત્વ પણ સ્વીકાર્યું છે. આવા લોકોની વફાદારી બે રાષ્ટ્રો વચ્ચે વહેંચાઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં તો કોઈનાય પ્રત્યે વફાદારીનો ભાવ તેમનામાં જણાતો નથી. ભારતની જેમ બીજા દેશોના નાગરિકોની બાબતમાં પણ બની રહ્યું છે. પોતાની જન્મભૂમિ-માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ અને વફાદારીનું પ્રમાણ દુનિયાના આવા ઘણા લોકોમાં પહેલાંના જેવું રહ્યું નથી.

રાષ્ટ્રની સર્વોચ્ચ વ્યક્તિઓ વચ્ચે સત્તા માટે જ્યારે મોટું ધર્ષણ જન્મે છે ત્યારે ન ફાવેલી વ્યક્તિને પોતાના જાનનો ભય રહે છે. છેલ્લાં કેટલાક વર્ષોથી વિરોધી વ્યક્તિને ખતમ કરી નાખવાની કુટિલ રાજનીતિ દુનિયાના ઘણા દેશોમાં, વિશેષતઃ સરમુખત્યારી દેશોમાં પ્રવર્તે છે. આથી એક વખત સર્વોચ્ચ સ્થાને બેઠેલી પરંતુ પછીથી પરાજિત થયેલી વ્યક્તિઓ પોતાનો દેશ છોડી બીજા કોઈ દેશનો આશ્રય લઈ ત્યાં કાયમનો વસવાટ કરે છે. પોતાના મોભા અનુસાર વસવાટ કરવા માટે પુષ્કળ નાણાં જોઈએ એટલે દુનિયાના ઘણા સત્તાધીશો એની પહેલેથી જોગવાઈ કરી રાખે છે. આ એક પ્રકારની રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિ છે.

કેટલીક એજન્સી અને સરકારો તરફથી બીજા દેશોની આવી રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિને પ્રોત્સાહન મળતું હોવાનું કહેવાય છે.

સ્વાર્થાંધ બનેલો માણસ પોતાના રાષ્ટ્રને કેટલું નુકસાન પહોંચે છે તેનું નહીં પરંતુ પોતાને અંગત રીતે કેટલો લાભ થાય છે તેનો જ વિચાર કરે છે. વેપારધંધામાં આવી મનોવૃત્તિ ઘણા દેશોમાં સામાન્ય બનતી જાય છે. આ એક પ્રકારનો રાષ્ટ્રદ્રોહ છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૧ ઉપર)

સમાજ અને અંધજનો

કે. પી. શાહ

ધૃતરાષ્ટ્રના જમાનાથી અંધજન રાજ્ય ન જ કરી શકે એવી માન્યતા છે. બહુ જ લાંબો સમય આમ ચાલ્યું. સત્તાના અને એવા મહત્ત્વના સ્થાને અંધજનને ન જ મુકાય એવી પ્રણાલી જ પડી ગઇ હતી આ હકીકત તદ્દન ભૂંસાઇ નથી, પરંતુ હવે તેમાં ધીરે ધીરે ઘણો ફરક પડતો જાય છે.

એક આગેવાન મહિલા વાર્તાકારે એક સુંદર નવલકથા લખી છે. એક સ્થળે હત્યા થાય છે. હત્યારો જે સ્થળેથી આવજા કરે છે ત્યાં એક અંધ કિશોર છે. એ અંધ છે એટલે હત્યારાને તેની બહુ ચિંતા નથી. હત્યારો ત્યાં જ થાય છે. એ કિશોરને ચક્ષુ ન હતાં, પરંતુ, એનું અંતર-દર્શન સાબૂત હતું. આંતરિક પ્રકાશની એ શક્તિથી આ અંધ કિશોર હત્યારાને પકડવામાં પોલીસને મદદ કરે છે. હત્યારાનો પગરવ એણે બરાબર યાદ રાખી લીધો હતો અને આમ બાહ્યદૃષ્ટિ વિહોણો એ કિશોર એક અપરાધીને પકડાવવામાં પોલીસ અને કાયદાને મદદ કરે છે. અંધજનોને સમાજ શી રીતે મદદ કરી શકે એ વિશે વિચારતાં મને આ નવલકથા યાદ આવી ગઇ, જેમાં એક અંધજન, આંખોવાળા અને દેખતા સમાજને મદદ કરે છે. નવલકથાનું આ પાત્ર લેખિકાએ શી રીતે મેળવ્યું એ હું જાણતો નથી, પરંતુ અંતરનાં અજવાળામાંથી ઘણા પ્રજ્ઞાચક્ષુઓ સમાજને ઘણું બધું આપતા હોય છે. પંડિત સુખલાલજી, પૂજ્ય સ્વામી ગંગેશ્વરાનંદજી જેવાં અનેક દૃષ્ટાંતો, આપણી સમક્ષ મોજુદ છે. આ વિભૂતિઓએ ચક્ષુ ગુમાવ્યાં હતાં, પરંતુ તેમનાં આંતરચક્ષુ અનેકગણા તેજથી પ્રકાશતાં હતાં. આ વિભૂતિઓનું આંતરતેજ, ભલભલા દેખાતા લોકોને નમન કરાવે તેવું હતું. તેમનું સત્ત્વશીલ, તેજોમય ધર્મચિંતન પણ આ આંતરતેજમાંથી જ પ્રગટયું હોય છે.

કેટલાયે પ્રજ્ઞાચક્ષુ ગુજરાતીઓએ વાદ્ય સંગીત, કંઠ્ય સંગીતનાં વિધવિધ ક્ષેત્રોમાં નામના મેળવી છે અને હજારો સંગીતપ્રેમીઓને કલાકો સુધી ડોલાવ્યા છે. સંગીતનું શિક્ષણ આપવામાં પણ અનેક પ્રજ્ઞાચક્ષુ સંગીતજ્ઞોનો ફાળો ઘણો મોટો અને નોંધનીય છે.

આ બધા પ્રસંગો અને અંધજનોની વાત કરું છું ત્યારે, કવિશ્રી ભાનુપ્રસાદ પંડયાની એક કાવ્યપંક્તિ યાદ આવી જાય છે:

'દેખ્યાનો દેશ ભલે લઇ લીધો નાથ,
પણ કલરવની દુનિયા અમારી
વાટે રખડયાની મોજ છીનવી લીધી છે
તોય પગરવની દુનિયા અમારી'

હું, તમે અને આપણો સમાજ, દૃષ્ટિહીનોને શી રીતે મદદ કરી શકીએ એનો અડધો જવાબ આ કાવ્યના મુખડામાંથી મળી જાય છે–એમ મને લાગે છે. દેખ્યાનો દેશ ભલે લઇ લીધો પણ કલરવની દુનિયા નથી લઇ લીધી. ઇશ્વર એક ઇન્દ્રિયની શક્તિ ઘટાડે અથવા એ ઇન્દ્રિય છીનવાઇ જાય ત્યારે બીજી જ્ઞાનેન્દ્રિયો અનેકગણી શક્તિશાળી થઇ જાય છે.

અંધ, અપંગોની સેવામાં રત રહેતા શ્રી વિજયભાઇ મરચન્ટે એક વખત સરસ વાત કહી હતી કે દેખતા લોકો કામમાં વધુ ભૂલ કરે છે. અંધજનો-ભાગ્યે જ ભૂલ કરે છે! એ જ રીતે દેખતા લોકો જ વધુ અકસ્માતો કરે છે. દૃષ્ટિવિહોણા ભાગ્યે જ અકસ્માતનો ભોગ બને છે. કારણ? કારણ એ જ કે, તેમની આંતરદૃષ્ટિ વધુ સતેજ હોય છે. આ નિરીક્ષણ સાચું અને સચોટ છે. દેખતી વ્યક્તિ કોઇ કામ કે અભ્યાસ કરે છે ત્યારે જાણ્યે-અજાણ્યે, તેનું ધ્યાન આજુ-બાજુની અવર જવર પર જાય છે પરંતુ અંધજન તો પોતાના કામમાં જ ઓતપ્રોત હોય છે. પક્ષીની આંખ વીંધવા તૈયાર થયેલા અર્જુનની જેમ જ અંધજન સમગ્ર ધ્યાન, પોતાના કામ અને લક્ષ્ય ઉપર જ કેન્દ્રિત કરે છે. દૃષ્ટિ વિહોણાનું કામ આ જ કારણે સરસ અને ઘણી વખત તો સર્વાંગ સુંદર બની જાય છે.

અકસ્માત બાબત પણ આમ જ છે. સામાજિક સંસ્થા-ઓએ જે નેત્રહીનોને પરણાવ્યા છે, તેમાંની કોઇ નેત્રહીન ગૃહિણીના રસોડામાં એકાદ આંટો મારી જોજો. તે પણ ગેસનો ચૂલો વાપરે છે, રાંધે છે છતાં એને કદી અકસ્માત થયાનું સાંભળ્યું છે? દેખતા માણસો કરતાં, અંધજનોની જ્ઞાનેન્દ્રિયો વધુ શક્તિશાળી હોય છે. તેમના કાન કે તેમની આંગળીઓનાં ઓલતાં ટેરવાની શક્તિ કદી જાણી જોઇ છે? તેમની શ્રવણશક્તિ ગજબની હોય છે. તે જ રીતે, તેમનો સ્પર્શ પણ પારસમણી જેવો હોય છે. તમે કશું બોલો નહિ છતાં, તમને સ્પર્શીને એ ઓળખી જશે કે તમે કોણ છો! કવિ સુરેશ દલાલના જેવા શબ્દો વાપરું તો તેવી પળે, નેત્રહીનની સમગ્ર દૃષ્ટિ, તેની આંગળીના ટેરવે...ફૂટે છે આંખ!

અંધજનોને લગતી ઘણી અંગ્રેજી તથા ક્વચિત સુંદર હિન્દી ફિલ્મો પણ આવતી હોય છે. અંધોના માનસને સ્પર્શતા અનેક મુદ્દાઓ આવી ફિલ્મોમાં છુપાયા હોય છે. આમાં ઘણા મુદ્દાઓ તો એકદમ મર્માળુ હોય છે. માત્ર અંધ જ નહિ, શારીરિક ઊણપ ધરાવતી મોટા ભાગની વ્યક્તિઓને આ મુદ્દાઓ લાગુ પડે છે. આવી કોઇ પણ વ્યક્તિને, કોઇ તેમના પ્રત્યે દયા બતાવે તે ગમતું નથી. કોઇની સહાનુભૂતિનું નિમિત્ત બનવાનું તેમને મુદ્દલ ગમતું નથી. આવી વ્યક્તિ ખૂબ સંવેદનશીલ હોય છે. એક તો શારીરિક ઊણપ અને ઉપરથી કોઇ એને 'બિચારો' કહે અગર ગણાવે તે તેના નાજુક હૃદયને ઠેસ પહોંચાડે છે. અંધજનોને મદદ કરવાની વાત આવી છે ત્યારે સૌ પ્રથમ મારે આપણા સમાજ સમક્ષ એક લાલબત્તી ધરવી છે. આપણા આવાં દૃષ્ટિહીન ભાઇબહેનોને બિચારા કે બાપડા ગણવાની ભૂલ કદી કરશો નહિ. તમારા પોતાના સ્વમાન જેટલો જ આદર તેમના સ્વમાનને આપો. એમને એક વખત આત્મગૌરવ મળ્યા પછી જુઓ કે તે કેવી કમાલ કરી શકે છે. અગાઉ કહ્યું તેમ, માત્ર એક ઇન્દ્રિયની ગેરહાજરી, બીજી ઇન્દ્રિયની શક્તિ અનેકગણી વધારી મૂકે છે. જે ઇન્દ્રિયોની શક્તિ વધી છે તેનો પૂરેપૂરો ઉપયોગ થઇ શકે તેવો આત્મવિશ્વાસ તેમનામાં જગાડવો, એ આપણા સૌનું અને સમાજનું પ્રથમ કર્તવ્ય છે. અંધજનોનું સ્વમાન સાચવવો, સહાનુભૂતિની નજરે જોવાને બદલે, સમાન ગણવાની ઉદાર દૃષ્ટિ કેળવો. અરે, બીજી બધી રીતે તંદુરસ્ત દેખાતા મોટા ભાગના માણસોમાં એક યા બીજી રીતે ઊણપ હોય જ છે, સર્વાંગ સંપૂર્ણ કોઇ નથી, આ દૃષ્ટિએ વિચારશો તો, અંધજનો પ્રત્યે

સમાનતા કેળવવાનો અને જાળવવાનો મારો આગ્રહ સમજાય જશે.

આ રીતે આત્મગૌરવથી ટટ્ટાર બનેલા અંધજનને તેની રુચિ અનુસાર-મદદ કરો. મને એક અંધ યુવાનનો કિસ્સો યાદ આવે છે. આ અંધ યુવાન મુંબઇમાં એક રેલવે સ્ટેશનમાં અગરબત્તી વેચતો હતો. પરંતુ એની રુચિ ખરેખર તો સંગીતમાં હતી. શહેરના એક સહૃદયી સમાજ-સેવકને આ બાબતની જાણ થતાં, એને માટે બંસીવાદનની તાલીમની વ્યવસ્થા કરી. પૂરતી સાધના અને રિયાઝ પછી આજે એ અંધજન કુશળ બંસરીવાદક બની ગયો છે. હવે એને અગરબત્તી વેચવાની જરૂર રહી નથી.

અંધજનની રુચિ પારખવા ધીરજ અને કુશળતા જોઇએ. કઈ વ્યક્તિ સુતારી કામ સારું કરશે, કે સંગીતની દિશામાં સારી રીતે આગળ વધશે, એ આખી બાબત ઝીણવટથી ચકાસીને, તેની શક્તિને યોગ્ય દિશામાં વાળવી જોઇએ.

અંધજનોની જ્ઞાનભૂખ જબરજસ્ત હોય છે. મુંબઇમાં અને ગુજરાતમાં ઘણા અંધજનો જુદાં જુદાં ક્ષેત્રોમાં અગ્રીમ સ્થાન ધરાવે છે.

રુચિ પ્રમાણે કામ ન મળવાથી, વ્યક્તિનો વિકાસ અટકે છે એ તો આધુનિક મનોવિજ્ઞાને સ્વીકારેલી હકીકત છે-એટલે જ્યાં જ્યાં નેત્રહીનોના કલ્યાણની પ્રવૃત્તિઓ થાય છે તે બધાં કેન્દ્રોના સંચાલકોએ, આ બાબત ઉપર પૂરેપૂરું ધ્યાન આપવું જોઇએ. છેલ્લાં થોડાં વરસોમાં તો, આ ક્ષેત્રમાં, વિવિધ દિશાઓમાં ઉત્તમ પ્રકારનું કામ થઇ રહ્યું છે. ખેતીવાડી ઉપરાંત વ્યાવસાયિક તાલીમ લઇને અનેક અંધ ભાઇબહેનો બહાર પડે છે, આમાંનાં મોટા ભાગના ખરેખર પગભર પણ થઇ જાય છે. રુચિ પ્રમાણે કામની વાત નીકળી ત્યારે મુંબઇ, તેના ઉપનગરો અને ગુજરાતનાં અનેક શહેરોની અંધ સંસ્થાઓ આંખ સમક્ષ ખડી થઇ જાય છે. અનેક નેત્રહીનોને આ બધી સંસ્થાઓ, વળતરદાયક કામ પણ પૂરું પાડે છે. ઘણી જગ્યાએ તો તેઓ રોજના સરેરાશ બાર, પંદર કે વીસથી પચીસ રૂપિયા પણ કમાઇ લે છે.

મુંબઇ, મદ્રાસ, દિલ્હી કે કલકત્તા અને આવાં બીજાં વીસેક મહાનગરોમાં કામનો તોટો નથી. કામ ખૂટે તેમ નથી. પરંતુ યોગ્ય વ્યક્તિને યોગ્ય કામ મેળવી આપવું એ પણ એક ઉત્તમ પ્રકારની સમાજસેવા છે.

ટેલિફોન ઓપરેટરની સેવા તો અંધજન ઘણી જ સરસ રીતે અને કુશળતાથી કરી શકે છે.

માત્ર ટ્રેન કે બસના ફ્રી પાસથી અંધજનનું પેટ ભરાતું નથી. આર્થિક સ્વાવલંબન એ મુખ્ય વાત છે અને તે માટે સતત પ્રયત્નો ચાલુ જ રહેવા જોઇએ.

ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ, પેકિંગના અનેક પ્રકારના ઉદ્યોગો તેમ જ નાનાં નાનાં મશીનોના સ્પેરપાર્ટો બનાવતા અનેક ઉદ્યોગોના માલિકોએ અને આ ક્ષેત્રના અગ્રણીઓએ સાથે બેસી, તાલીમ પામેલા અંધજનોને-વિગતવાર, સંતોષ-જનક કામ શી રીતે આપી શકાય તેની યોજનાઓ ઘડી કાઢી તેનો અમલ ધર્મપૂર્વક કરવો જોઇએ. પ્રવૃત્તિ પર હિતાય એ તો ભારતીય સંસ્કૃતિનું મૂળ અંગ છે. આ દિશામાં શુભ નિષ્ઠાવાળા-પ્રયત્નોના સતત હલેસાં ચાલુ જ રાખવા જોઇએ.

તાલીમ પામેલો એક પણ અંધજન કામ વગર બેકાર ન રહે તે જોવાની સમાજની, સરકારની અને સાચું કહું તો આપણા સૌની પવિત્ર ફરજ છે.

વિદ્યાદાન પણ એટલું જ મહત્ત્વનું છે. બ્રેઇલ લિપિનાં પુસ્તકો દ્વારા અનેક નેત્રહીનોની આંતરજ્યોતિ વધુ દેદીપ્યમાન બની છે. વાંચન અને અભ્યાસથી અશક્ત વ્યક્તિમાં પણ આત્મ-ગૌરવ પ્રગટે છે. નવું વિચારવા-સમજવાની એની શક્તિ પણ વધે છે. ખપપૂરતું પણ વાંચતાં લખતાં એ શીખે તો ઘરવાળે સમાજને ફાયદો જ છે. નીરક્ષરતા ઘટે એ તો ખરું જ પરંતુ અહીં તો એક અશક્ત વ્યક્તિને જ્ઞાન દ્વારા નવજીવન મળે છે. બ્રેઇલ લિપિના ગ્રન્થો વધુ ને વધુ પ્રગટ થાય અને નેત્ર-હીનો સુધી પહોંચે એ જરૂરી છે.

આધુનિક વિજ્ઞાને, મૃત વ્યક્તિની આંખ નેત્રહીનોમાં રોપવાની અનોખી સિદ્ધિ મેળવી છે. મૃત્યુ પામતા લોકોના સ્વજનોને સમજાવીને, મૃત વ્યક્તિની આંખો દ્વારા, અંધજનોના અંધારા ઉલેચી શકો.

સુખી અને સંપન્ન કુટુંબોએ તો જાતે જ દોડી જઇને, દર વરસે, અંધજનો માટે વિવિધ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા-ઓને આર્થિક મદદ આપ્યા જ કરવી જોઇએ. આ ભગીરથ કાર્ય છે અને ભગીરથ પુરુષાર્થ માગી લે તેવું આ ક્ષેત્ર છે...પણ પુરુષાર્થની પગદંડી ઉપર આપણે સતત ચાલ્યા કરીશું તો મંઝીલ જરૂર મળી જવાની...આ પુરુષાર્થની યાત્રાનો આનંદ પણ સાચે જ અનેરો છે.

અંધજનોની આ વાત સમજાય તેઓએ નીચે પ્રમાણે સંકલ્પ કરવાની ભાવના સેવવી જોઇએ:

(૧) હું નેત્રહીનોને બીમાર નહિ ગણું.

(૨) નેત્રહીનને તેની રુચિ પ્રમાણે કામ મેળવી આપીશ.

(૩) નેત્રહીનના અંતરનો દીવો પ્રગટાવવા હું તેને ઉત્તમ ગ્રન્થો (બ્રેઇલ લિપિના) ભેટ આપીશ.

(૪) મારી આજુબાજુ કોઇનું મરણ થાય તેની આંખો હું અંધ વ્યક્તિને અપાવીને એના અંધારા ઉલેચવામાં મદદ કરીશ.

(૫) અંધો માટે કામ કરતી, યોગ્ય સંસ્થા શોધી કાઢી, તેના સંચાલકો સાથે મૈત્રીભર્યા સંબંધો બાંધી, સંસ્થાને આર્થિક મદદ ઉપરાંત પણ દરેક રીતે ઉપયોગી બનીશ.

(૬) તાલીમ પામેલા અંધજનોને નોકરી કે વ્યવસાય મેળવી આપવા. પૂરેપૂરી જહેમત લઇને, તે બરાબર ઠેકાણાસર ગોઠવાય નહિ ત્યાં સુધી હું તેને પુત્ર સમાન ગણી તેના માટે સતત ઝઝુમતો રહીશ.

આ સંકલ્પો સતત પ્રયત્નોથી જરૂર સિદ્ધ થશે અને અંધજનોને નવજીવન આપ્યાની તૃપ્તિ અને ગૌરવ તમે જરૂર અનુભવશો.

(આકાશવાણી, મુંબઇના સૌજન્યથી)

[અંધજનોના સ્વ-રોજગાર કાર્યક્રમમાં તો શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો અને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોનો અપૂર્વ સહકાર અમારું મળ્યો છે. અંદાજે સાડા પાંચ લાખ જેવી રકમ એકત્ર થઇ છે, જેમાંથી બસો જેટલા અંધજનો પગભર થઇ રહ્યા છે.

આ ઉપરાંત પણ અંધજનો માટેની મુંબઇની સંસ્થા ધનેશ્વતલ એસોસીએશન ઓફ બ્લાઇન્ડ તરફથી બીજા ઘણા કાર્યક્રમો (જેવાં કે ખંડાલામાં 'ઘરઆંગણ ઘર,'-અંબરનાથમાં મોટી હોસ્ટેલ) છે જે માટે નાણાંની ખૂબ જરૂર છે. આપ સૌ ઉદાર હાથે આમાં અમને સહાયરૂપ થાઓ એવી નમ્ર વિનંતી-

મંત્રીઓ]

ચેક Shri Bombay Jain Yuvak Sangh ના નામનો લખવો.

રવિની ક્રાન્તિ અને શંકરની શાન્તિ

ડૉ. હરીશ વ્યાસ

(ગતાંકથી પૂરું)

યાદ આવે છે વચ્ચે મહારાજ માંદા પડતાં એમને વાડીલાલ હૉસ્પિટલમાં અમદાવાદમાં દાખલ કરેલા, જ્યાં ભાઈશ્રી હરિહર અંબોળાજ, પ્રબોધ રાવળ વગેરેની સાથે જઈને, વલ્લભવિદ્યાનગરમાં યનાર 'શ્રમશિબિર'માં ઉદ્‌ઘાટન કરવા આવવા માટે અમે વચન લીધેલું. મહારાજ કહે, 'મે વેકેશનની વાત છે ને? ત્યાં સુધીમાં તો જરૂર સાજો થઈશ. અને શ્રમ શિબિરમાં આવીશ એ વાત નક્કી.'

શ્રમશિબિરને આગલે દિવસે, વલ્લભવિદ્યાનગરમાં વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ આવી ગયા. પણ મહારાજને યાદ આપવા જવા માટે મને પસંદ કરવામાં આવ્યો. રાત્રે બોચાસણ આશ્રમમાં પહોંચ્યો ત્યારે સૌ સૂઈ ગયેલાં. એટલે સવારે પ્રાર્થના બાદ મહારાજને મળવાનું નક્કી થયેલું. પ્રાર્થના કરી આવ્યા બાદ હું પૂજ્ય મહારાજને જઈને મળ્યો. અને શ્રમશિબિરના ઉદ્‌ઘાટન માટે આપેલા વચનની યાદ દેવડાવી. એમના સાથીઓ શ્રી બબલભાઈ મહેતા અને શ્રી શિવાભાઈ પટેલે ઘણી બધી દલીલો કરી અને નાજુક તબિયત હોવાથી આરામ કરવાની સલાહ આપી. મહારાજ આ બધી ચર્ચા દરમ્યાન મૌન જ હતા. એ બધા ગયા એટલે મને કહ્યું, 'પેલી બારી ઘેલીમાં રેંટિયો, ધોતી વગેરે ગોઠવી દો. અને કાંડપથી મને સ્ટેશને લઈ જાઓ, ચૂપચાપ હોં કે! નહિ તો આ લોકો મને નહિ જવા દે.' મેં કહ્યું, 'પણ મહારાજ, આપની તબિયત? નાક ઉપર આંગળી મુકીને કહે, 'ચૂપ! તબિયત બબિયત બધું પછી, વચન પહેલું. સમજો છોને? એ તો સૌ સારું થઈ જશે!' અને મારા બબે હાથ ચૂમીને એ તો હાલ્યા. સ્ટેશન નજીક અમે પહોંચ્યા, ત્યાં તો ફરવા નીકળેલા બબલભાઈ મહેતા અને શિવાભાઈ પટેલે અમને પકડી પાડ્યા : 'અરે, હરીશભાઈ! ના પાડી તો યે શા માટે મહારાજને શિબિરમાં ખેંચી જાઓ છો?' બન્ને મને લડવા લાગ્યા. પાછી એ જ દલીલો ચાલી. પેલા બન્ને થાકયા, એટલે મહારાજ કહે, 'હવે હું એક વાત પૂછી લઉં? બોલો વચન મોટું કે તબિયત? મેં આ લોકોને શિબિરના ઉદ્‌ઘાટન માટે આવવાનું વચન આપ્યું છે, તે વાળીને જ હું રહીશ. તમે ચિન્તા નહિ કરશો. મને કશું યે નહિ થાય. બલકે વચન પાળવાના આનન્દથી તબિયત સરસ થઈ જશે!' બબલભાઈ મહેતા કહે, 'હવે તમે જિદ્દ જ પકડી છે ત્યારે હું તમારી સાથે આવું છું.' મહારાજ કહે, 'મને સંભાળવા નહિ, પણ વચન-પાલનથી તબિયત કેવી સરસ થઈ જાય છે તેનો ચમત્કાર જોવા આવજો!' આમ ગાડી આવે તે પહેલાં અમે બોચાસણ સ્ટેશને પહોંચી ગયા મારતે ઘોડે દોડતા આવેલા બબલભાઈ પણ ગાડીમાં સામેલ થઈ ગયા ગાડીમાં બેઠેબેઠે વાતો ચાલી. મહારાજ કહે, 'જુઓ બબલભાઈ તુલસીદાસજીએ કહ્યું છે-રઘુકુલરીતિ સદા ચલી આઈ, પ્રાણ જાય અરુ બચન ન જાઈ।' પ્રાણ જાય તો બેહતર પણ વચન ફોક નં જ થવું જોઈએ. શબ્દનું મૂલ્ય ખતમ થઈ જશે તો, સમાજ ખતમ થઈ જશે, ખાલી બોખું રહેશે. વચનપાલન એ જ મનુષ્યની પ્રાણશક્તિ છે. જોજોને, આ તબિયત સરસ થઈ જાય છે કે નહિ!' બબલભાઈ કહે, 'મહારાજ, તમે તો ગાંડા અને ઘેલા જ રહ્યા. દેશભક્તિ અને દેશસેવામાં તમે શરીરની-તબિયતની યે લેશ દરકાર રાખતા નથી. આવું બધું ગાંડપણ કેમ ચાલે?' મહારાજ કહે, 'બબલભાઈ, ડાહ્યા માણસોએ તો જાતને અને સ્વાર્થને સંભાળ્યા કર્યા છે, જ્યારે ગાંડાઘેલા માણસોએ ત્યાગ, સમર્પણ અને બલિદાનો આપી આપીને આ દેશને આઝાદીથી ઊજળો કર્યો છે...બોર! તબિયત અને સારવારનો ખ્યાલ ચોકકસ મેં રાખ્યો છે. પણ એમ તબિયત તબિયત કર્યા કરવાથી ચાલે કેમ? વચનપાલનનું તબિયતથી યે મોટું મૂલ્ય છે.' આણંદથી અમે ગાડી છોડી દીધી.

આમ કરતાં કરતાં અમે વલ્લભવિદ્યાનગર, બસ દ્વારા પહોંચી ગયા, અને બરાબર સમયસર હાજર રહીને મહારાજે શ્રમશિબિરનું ઉદ્‌ઘાટન કર્યું. જાતે જમીન બોદી, તગારું ઉઠાવ્યું અને રસ્તા ઉપર લેવલિંગ કર્યું. ભાઈલાલભાઈ પટેલ કહે, 'બસ મહારાજ!' ત્યારે જ તેમણે બોદવાનું, ઊંચકવાનું અને માટી નાખવાનું છોડ્યું. પાછા વળતાં આણંદ સ્ટેશને ગાડીએ બેસાડવા માટે ગયેલો ત્યારે ખુશીથી ઊભરાતા મહારાજે કહ્યું, 'જુઓ, બબલભાઈ, તબિયત કેવી ફુલપાવર થઈ ગઈ કે નહિ! સંકલ્પ શકિતથી શું નથી થઈ શકતું?' બબલભાઈ કહે 'તમારા ઉપર તો ઈશ્વરના હજાર હાથ છે!' મહારાજ કહે, 'એનું જ કામ કરું છું, તો એના સેવકની ઉપર જો એ હજાર હાથ નહિ રાખે તો, કયાં રાખશે?'

વડોદરા પાસે પાદરામાં શ્રી ધીરેન્દ્ર મજમુદાર જેવા પ્રખર ગાંધીવિચારકના સાન્નિધ્યમાં સર્વોદય સંમેલન યોજાયેલું. ત્યાં આવીને મને પૂછયાગાછયા વગર જ મારા નાનાભાઈ-સુમન્તભાઈ વ્યાસે વડોદરા કૉલેજમાંથી બી. એ. ની પરીક્ષા છોડીને મહારાજને ચરણે સર્વોદયી ક્રાન્તિ માટે 'જીવનદાન' જાહેર કર્યું. બધા એમની ચિઠ્ઠી જોઈ જ રહ્યા. એમને ડગાવવા-ચળાવવા ઘણાએ લોકોએ પ્રયાસો કર્યા. પણ તેઓ તો મકકમ જ હતા. મહારાજ આ બધું દૂરથી જોતા હતા, તેમણે સુમન્તભાઈનો ખભો થાબડયો, 'કાંઈ વાંધો નહિ, તમે સર્વોદયી ક્રાન્તિ માટે જે જીવનદાનનો સંકલ્પ કર્યો છે તે માટે તમને ખૂબ ખૂબ ધન્યવાદ!' સુમન્તભાઈ કહે, 'મહારાજ, આપ આશીર્વાદ આપો!' મહારાજ કહે, 'હું તમને બન્ને ય ભાઈઓને ઓળખું છું. તમે અશ્વમેધયજ્ઞના ઘોડાઓ જેવા છો. ખૂબ મકકમ, નિર્ભય અને બહાદૂર! જીવનભર તમે સર્વોદય સમાજ બનાવવા મથજો. મારા શું ઈશ્વરના યે તમારા ઉપર ખૂબ ખૂબ આશીર્વાદ છે.' કાર્યકર્તાઓને કહે, 'સૂતેલાને જગાડો, જાગેલાને બેઠા કરો. બેઠેલાને ચાલતા કરો. અને ચાલતાને સતત આગે બઢવાનું બળ આપો, બલકે કોઈ

પણ સત્સંકલ્પ કરનારને તોડી પાડો મા! કોઇનો સંકલ્પ તોડાવવો એ જબરી હિંસા તો છે જ, પણ ભયંકર પાપ છે. કોઇના યે સંકલ્પને હમેશાં દૃઢ કરો, મજબૂત કરો. એમાંથી જ આપણો સમાજ આગેકૂચ કરી શકશે.'

વિનોબાજી સાડા ત્રણ માસના ગુજરાતના પ્રવાસે–પદયાત્રાએ આવ્યા ત્યારે પૂ. મહારાજ અને શ્રી નારાયણ દેસાઇ એમના સળંગ પ્રવાસમાં સાથે રહ્યા. શ્રી બબલભાઇ મહેતા અને મને એમની પદયાત્રાની પૂર્વતૈયારી કરવાની જવાબદારી સોંપાઇ હતી. જામનગર જિલ્લાની પૂર્વતૈયારી કરીને હું મહારાજના આદેશથી વિનોબાજી સાથે સાતેક દિવસ રહેવા માટે માલપરા આશ્રમમાં આવ્યો હતો. સાથે બબલભાઇ પણ ભેગા થઇ ગયા હતા.

કાર્યકર્તાઓ સાથે ચર્ચા ચાલી કે વિનોબાજીની અમદાવાદ શહેરની પદયાત્રાની પૂર્વતૈયારી કોને સોંપવી. ત્યારે દ્વિભાષી રાજ્ય સામે પૂરજોશમાં અમદાવાદમાં વિરોધ હતો. વળી વિનોબાજી દ્વિભાષી રાજ્યના પક્ષમાં હતા, અને મહાગુજરાત આન્દોલન શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની સરદારીમાં ખૂબ તીવ્રતાથી ચાલતું હતું. ઘણા યે કાર્યકર્તાઓનાં નામોનાં સૂચનો થયાં, પણ જવાબદારી લેવા કોઇ આગળ ન આવ્યું. વિરોધી પરિસ્થિતિ વચ્ચે જઇને વિનોબા–વિચાર સમજાવવો અને અનુકૂળ વાતાવરણ બનાવવું એ કપરી બાબત હતી. છેવટે મહારાજ થાકયા. કહે, 'અમદાવાદનું વાતાવરણ વિષમ તો છે જ અને કામ કપરું છે. શું કોઇ પૂર્વતૈયારીની જવાબદારી નહિ લે?' ફરીવાર સોપો પડી ગયો. છેવટે મેં આંગળી ઊંચી કરી. એકાએક જાણે બોલ્યા યે ખરા, 'જેમાં ને તેમાં હરીશભાઇ, તમે હાથ ઊંચો કરીને જવાબદારી લો છો. પણ આ તો બારે કપરું કામ છે...ત્યાં શિયાળભાઇનાં સાસરિયાં નથી હોંકે!' તરત જ મહારાજ ચર્ચામાં કૂદી પડયા, 'અરે ત્યાં શિયાળભાઇનાં સાસરિયાં નહિ હોય તો પિયેરિયાં તો છે જ ને! તમે એમને ટોકો છો શું કામ? એ ખૂબ નિર્ભય, બહાદૂર અને મક્કમ મનના માણસ છે. ધારેલું કામ એ પાર પાડીને જ રહેશે. તમે સૌ એમને સહકાર આપજો એટલે ઘણું થયું.' આમ એમણે બધાને ચૂપ કરી દીધા. પદયાત્રામાંથી વિદાય લેતી વખતે પ્રણામ કરવા ગયો ત્યારે કહે, 'તમને જોઇને મને મારી જુવાની યાદ આવે છે. વિષમતા વચ્ચે કામ કરવાની તમારી હિંમત જોઇને મને પોરસ ચડે છે. ઇશ્વર તમને જરૂર મદદ કરશે.' આમ એક માસ સુધી પૂર્વતૈયારી માટે અમદાવાદમાં રહીને શાળાઓ–કોલેજો તથા વોડ'વોડ' સભાઓ કરીને સર્વોદય વિચાર માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કર્યું.

વિનોબાજીની પદયાત્રા આવી ત્યારે લાખો લોકોએ અમદાવાદમાં એમને ઉમળકાભેર આવકાર્યા અને સત્કાર્યા. પાંચ લાખ માણસની જાહેરસભા અને ત્રણ મિનિટની વિનોબાજીની મૌનપ્રાર્થના વખતે લોકોએ જાળવેલી શાન્તિ, પચાસ હજાર બાળકોએ કરેલું ઇશોપનિષદનું ગાન–એ અદ્‌ભુત દૃશ્યો હતાં. અમદાવાદ શહેરની પદયાત્રા પૂરી કરીને મહારાજ, વિનોબા સાથે આગળ વધ્યા. આગળની પૂર્વતૈયારી માટે હું મહારાજ અને વિનોબાને પ્રણામ કરવા ગયો. મહારાજ, વિનોબાજીને કહે, 'અમદાવાદની આપની પદયાત્રાની સફળતા માટે આ માણસે જબરી મહેનત કરેલી છે. વિરોધની વચ્ચે એણે સર્વોદયની જ્યોત પ્રગટાવવા પ્રયાસ કર્યો છે. એને આશીર્વાદ આપો!' વિનોબાજી કહે, 'જે વિષમતા અને વિરોધ વચ્ચે પ્રકાશ પેટાવે છે તે જ સાચા પુરુષાર્થીઓ છે. એમના ઉપર તો મારા અને ઇશ્વરના યે આશીર્વાદ છે જ.' બે ઘડી માટે મહારાજ મને વહાલથી ભેટી પડયા અને માથે–પીઠે હાથ ફેરવતાં વહાલ કરતા જ રહ્યા. 'કપરાં કામ તમે હિંમતથી હાથમાં લો છો એ બારે વાત છે...એમાંથી જ વ્યકિતમાંથી વિરાટ જાગશે.'

ગુજરાતની નગર પદયાત્રા માટે પાદરા સર્વોદય સંમેલનમાં નિર્ણય થયો. અને તેની જવાબદારી સર્વશ્રી નારાયણ દેસાઇ, સૂર્યકાન્ત પરીખ અને મને સોંપાઇ. બેએક મુકામ પછી સૂર્યકાન્તભાઇને કેટલીક જવાબદારીઓ આવતાં પદયાત્રા છોડવી પડી, અને નારાયણભાઇ તો ઊડતું પંખી! એ એક સ્થાને બંધાય જ નહિ! એટલે અવારનવાર આવી જાય અને ટેકો કરે. આકી નગરયાત્રાની સળંગ જવાબદારી મારે માથે આવેલી. અને પ્રભુની કૃપાથી એ પાર પડેલી. વલસાડથી પાલનપુર સુધીની પંદર હજારથી વધુ વસતિવાળાં નગરોની સર્વોદય પદયાત્રાએ સારાયે દેશનું ધ્યાન ખેંચ્યું હતું. એની પૂર્ણાહુતિ પછી પૂજ્ય મહારાજને શ્રી ભાઇદાસ પરીખને ઘેર અમદાવાદમાં મળવા ગયેલો ત્યારે તેમણે કરેલાં કેટલાંક સૂચનો હૃદયને સ્પર્શી ગયાં હતાં: 'જુઓ હરીશભાઇ, ક્રાન્તિનો આરંભ વ્યકિતથી થાય છે અને સમાજમાં એ વ્યાપી જાય છે. એટલા માટે વ્યકિતનું જીવનપરિવર્તન થવું જરૂરી છે. આપણે બદલાશું તો જ આપણે સમાજને ય બદલી શકીશું. બીજું, ક્રાન્તિની સાથે માનવીય મૂલ્યોનો વિકાસ સમાજમાં થવો જોઇએ, નહિતર એ ક્રાન્તિ શુષ્ક, લુખ્ખી અને કઠોર બની જશે. ત્રીજું, મલમપટ્ટા કરવાથી સમાજ નહિ બદલાય, બદલે સમૂળી ક્રાન્તિ કરવી જોઇશે. ચોથું, ગામડાં સાથે શહેરોમાં એ તમામ ક્ષેત્રે ક્રાન્તિ થવી જોઇશે. એટલા માટે શહેરોની સમસ્યાઓનો યે અભ્યાસ થવો જોઇએ અને એના અહિંસક ઉકેલ શોધવા જોઇશે. પાંચમું, દરેક પ્રાન્તે પ્રાન્તે, જિલ્લે જિલ્લે, તાલુકે તાલુકે અને શહેરે શહેરે એક કાર્યકર્તા જરૂર એવો હોવો જોઇએ જેને એ ક્ષેત્રના લોકો ઓળખતા હોય. બે આંખોને પરિચય એ અહિંસક ક્રાન્તિ માટે ખૂબ જરૂરી બાબત છે. છઠું, કાર્યકર્તાઓ ભલે ગમે તે આન્દોલનમાં હોય, પણ એ બધા માણસો જ છે. એમનેય રાગદ્વેષ, ઇર્ષા–અસૂયા હોવાનાં જ. આપણે એનાથી અલિપ્ત રહીએ. એમની તક મળે સેવાસારવાર કરીએ. અને આપણા ક્રાન્તિકાર્યમાં, મક્કમતાથી, આ બધાની પરવા કર્યા વગર આગળ વધીશું તો ચોક્કસ બેડો પાર થશે જ થશે.'

ચાલો ગરીબાઇ જોવા જઇએ

સૂર્યકાન્ત પરીખ

કોઇ પૂછે કે ગરીબાઇ જોવા કઈ રીતે જવાતું હશે? તે તો ચારે તરફ દેખાય છે. શા માટે તે જોવાનો પ્રયત્ન કરવાની જરૂરત છે? મને તે વખતે યાદ આવે છે કે, મહાત્મા ગાંધી જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારતમાં પાછા ફર્યા ત્યારે ગોખલેજીને મળ્યા, અને ગોખલેજીએ કહ્યું કે દેશમાં બધે ફરી આવો, દેશનું દર્શન કરો અને પછી નક્કી કરો કે તમારે શું કરવું છે? ગાંધીજી દેશમાં બધે ફર્યા, અને બિહાર-ઓરિસ્સામાં ગયા ત્યારે આપણા દેશની ગરીબાઇ શું છે તેની તેમને જાણ થઇ, અને હૃદય સોંસરી એક વાત ઊતરી ગઇ કે આટલી બધી ગરીબાઇમાં સડતા દેશને ઊંચો લાવવા માટે દેશ સ્વતંત્ર હોય તે બહુ જરૂરી છે. પછીનો ઇતિહાસ તો સહુ કોઇ જાણે છે.

આજે સ્વતંત્રતાનાં સાડત્રીસ વર્ષ પછી પણ દેશમાં કેટલી ગરીબાઇ છે, અને ગરીબ લોકોની શું તકલીફો છે તે વાતની જાણ શહેરમાં વસતા લાખો લોકોમાં બહુ ઓછાને છે. ગરીબાઇ અંગે આજકાલ લેખો અને વાર્તાઓ આવે છે, ફિલ્મો પણ ઊતરે છે. તે છતાં ગરીબાઇનું જ્યાં સુધી જાતે દર્શન નથી કરતાં ત્યાં સુધી તેઓને તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

આ પરિવર્તનની વચ્ચે દુનિયાની સૌથી મોટી બેંક-વર્લ્ડ બેંક-તરફથી ગરીબ દેશોની ગરીબાઇ માપવા, સમજવા અને તે દૂર કરવા માટેની યોજનાઓ ઘડાય છે, અને તે યોજનાઓ નીચે સંશોધનો કરનારા લોકો પ્રત્યક્ષ રીતે ગરીબ દેશોની મુલાકાત લે છે અને પૂરતો સમય આપીને પોતાના અહેવાલો તૈયાર કરે છે. તે અહેવાલોના આધારે વર્લ્ડ બેંક, ગરીબાઇ દૂર કરવા માટેની યોજનાઓ તૈયાર કરે છે, અને તે યોજનાઓ જે તે દેશોની સરકારો કે સંસ્થાઓ મારફતે અમલમાં મૂકે છે, તથા તે યોજનાઓ અમલમાં આવે તે માટે જરૂરી મદદ કરવા તૈયાર થાય છે. ઘણા બુદ્ધિશાળી એન્જિનિયરો, અર્થશાસ્ત્રીઓ, ડાક્તરો, સમાજશાસ્ત્રીઓ આવી યોજનાઓમાં કામ કરવા આવે છે, અને પોતપોતાની બુદ્ધિશક્તિ અનુસાર તેઓ કામ કરે છે.

આપણા દેશમાં પણ આવી યોજનાઓ અમલમાં આવે તે માટે સરકારી અને બિન-સરકારી લોકો કામ કરે છે છેલ્લા બે દાયકાથી શરૂ થયેલી આ એક નવી દિશાની પ્રવૃત્તિ છે, અને તેમાં કામ કરવા માટે ઘણી વિશાળ તકો ઊભી થઇ છે, અને ઊભી થઇ રહી છે.

તે છતાં કેટલાય સુખી લોકોને આ બધી નવી હવાની જાણ નથી. તેઓ જ્યારે જાતે ગામડામાં સ્વેચ્છાથી જાય છે અને ગરીબ લોકોના પ્રશ્નો સમજવા પ્રયત્નો કરે છે, તે એક પ્રશંસનીય પગલું છે. તેમના ગામડાઓમાં જવાથી તેઓને એક વાતની ખાતરી થયા વગર રહેતી નથી કે દેશની કેટલી બધી સંપત્તિ શહેરના લોકોના સુખસમવડ માટે વાપરવામાં આવે છે, અને ગામડાના લોકો તેનાથી વંચિત રહે છે. અને એ રીતે આપણા દેશની આર્થિક નીતિમાં ન્યાયની ભાવના કયાં કર્યા નથી તેની પણ માપણી તેમના મનમાં જાણે-અજાણે થાય છે.

આ દૃષ્ટિએ મુંબઇ જૈન યુવક સંઘે એક ઘણું જ પ્રશંસનીય પગલું ભર્યું છે. હમણાં મુંબઇ જૈન યુવક સંઘના જાગૃત સભ્યો વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ગ્રામ-વિકાસનું કામ જોવા અને તે સાથે સંબંધ બાંધવાનું અને સ્થળ પર જઇને તે ગામને અને તેની ગરીબાઇની સમસ્યાઓ નજરે જોવાનું કાર્ય શરૂ કર્યું છે તે બધી રીતે લાભદાયી નિવડવાનું છે. ધરમપુર એ ગુજરાતના પછાત ગણાતા આદિવાસી વિસ્તારોમાંનો એક છે, અને ત્યાંની વસતિનો મોટો ભાગ આદિવાસી લોકોનો છે. તે વિભાગમાં ભરપૂર વરસાદ હોવા છતાં ત્યાં ખેતીનો વિકાસ લગભગ નહિવત્ છે, અને મોટાભાગની વસતિ ગરીબ છે.

મુંબઇ જૈન યુવક સંઘનાં સુખી કુટુંબો જ્યારે ધરમપુર વિસ્તારમાં જાય છે ત્યારે ગરીબાઇ કોને કહેવાય એનો ખ્યાલ તેમને આવે તે સ્વાભાવિક છે. તેઓ તે અંગે વધુ વિચારણા કરે અને આ ગરીબાઇ દૂર કરવા માટે વૈજ્ઞાનિક, છતાં લોકો અપનાવી શકે તેવા કયા ઉપાયો હોઇ શકે તેની ચર્ચાવિચારણા કરીને અને જેને માનવીય ટેકનોલોજી કે એપ્રોપ્રીએટ ટેકનોલોજી કહેવાય છે તેવી ગ્રામીણ ટેકનોલોજીનો શું ઉપયોગ હોઇ શકે તથા તેનો ઉપયોગ કયાં કયાં કરી શકાય તેની સક્રિય વિચારણામાં તેઓ સહયોગ આપે તે જરૂરી છે, તો જ તેમનું જવાનું સાર્થક ગણાશે.

ગરીબાઇ જોવા જવાથી એક બીજો લાભ એ થશે કે ગરીબ લોકો પ્રત્યેની ઘૃણા ઓછી થશે, અને તેમના આર્થિક સામાજિક વિકાસમાં બુદ્ધિશાળી લોકો શું કરી શકે તે દિશામાં ચિંતન ચાલશે અને મારે મન આઝાદ ભારતમાં એ ઘણું મોટું પગલું છે. ગાંધીજીએ જ્યારે 'ગામડામાં જાઓ' એવો સંદેશો બુદ્ધિશાળી વર્ગને આપ્યો ત્યારે તેમના મનમાં બે ભાવના હતી, એક તો એ કે ભારત શું છે તેનું દર્શન બુદ્ધિશાળી લોકો કરે તો તેના પ્રશ્નો સમજે અને તેનો ઉકેલ કેમ લાવવો તે વિચારે અને બીજો હેતુ હતો, ગામડાં અને શહેરો વચ્ચે ભાવાત્મક ઐક્ય સાધવાનો. આઝાદીની લડતમાં આપણે વર્ષો સુધી આવા ભાવાત્મક ઐક્યનો અનુભવ કર્યો, ત્યાર પછી તે અનુભવ ઓછો થતો ગયો છે.

નવા વડા પ્રધાનના મનમાં પણ દેશની ગરીબાઇને દૂર કરવા માટેની ઘણી ઇચ્છાઓ છે, તેમની સાથે પણ મુંબઇ જૈન યુવક સંઘ પોતાના ધરમપુરના અનુભવોના આધારે એક અહેવાલ તૈયાર કરીને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે એક મેમોરેન્ડમ રજૂ કરે એવી મારી વિનંતિ છે.

મુંબઇ જૈન યુવક સંઘે શરૂ કરેલ આ પ્રવૃત્તિ અન્ય શહેરોના સંઘો અપનાવે તે માટેની હવા ઊભી થાય તેમ હું ઇચ્છું છું. કદાચ સમગ્ર દેશમાં મુંબઇ જૈન યુવક સંઘની આ પ્રવૃત્તિ સૌ પ્રથમ હશે તેમ હું માનું છું. અને એવી પ્રવૃત્તિનો વિકાસ થાય તેમાં આપણે સૌ સહભાગી બનીએ.

છઠ્ઠો જૈન સાહિત્ય સમારોહ

સંકલન : પન્નાલાલ ૨. શાહ

પ્રાચીન, ઐતિહાસિક, રળિયામણું તીર્થ તરીકે વિખ્યાત નગરી ખંભાતમાં તા. ૧૫, ૧૬ અને ૧૭, ફેબ્રુઆરી, ૧૯૮૫ના એ ત્રણ દિવસો જૈન સાહિત્યના પ્રકાંડ પંડિતો, અભ્યાસીઓ અને રસજ્ઞોએ છઠ્ઠા જૈન સાહિત્ય સમારોહ નિમિત્તે વિદ્યાભ્યાસંગમાં ગાળ્યા. જૈન સાહિત્ય એટલું બધું વિશાળ અને ઊંડાણભર્યું છે કે એનું નિયમિત પરિશીલન-પરિમાર્જન થતું રહેવું જોઇએ. એ દૃષ્ટિથી પ્રતિ વર્ષ જૈન સાહિત્ય સમારોહ જુદાં જુદાં સ્થળે યોજાય છે. એમાં સંકુચિતતા કે સાંપ્રદાયિકતાને સ્થાન હોય નહીં, હોઇ શકે પણ નહિ. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે યોજનારો જૈન સાહિત્ય સમારોહ ખંભાતમાં યોજવા માટે શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ તરફથી નિમંત્રણ મળતાં ખંભાતમાં છઠ્ઠો જૈન સાહિત્ય સમારોહ યોજાયો. નિમંત્રક સંસ્થા સાર્વજનિક છે. અને એ સંસ્થાએ આપેલું નિમંત્રણ ઉપરોક્ત દૃષ્ટિનું દ્યોતક ગણાય. આ સમારોહના અધ્યક્ષપદે શ્રી ભંવરલાલ નાહટા હતા. પંડિત દલસુખભાઇ માલવણિયા અને ડો. જે. પી. અમીન અનુક્રમે તત્ત્વજ્ઞાન અને જૈન સાહિત્ય, ઇતિહાસ, કલા, સ્થાપત્ય શિલ્પની વિભાગીય બેઠકના પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

જૈન સાહિત્ય સમારોહનું શ્રી અશોકભાઇ પરીખે ઉદ્‌ઘાટન કર્યા બાદ જૈન સાહિત્ય સમારોહના સંયોજક ડો. રમણલાલ ચી. શાહે શ્રી ભંવરલાલ નાહટા અને અતિથિ-વિશેષ શ્રી દીપચંદભાઇ ગાડીનો પરિચય આપ્યા બાદ જૈન સાહિત્ય સમારોહના ઉદ્દેશો સમજાવતાં કહ્યું હતું કે સમારોહ નિમિત્તે અભ્યાસલેખો તૈયાર કરવાની પ્રેરણા રહે છે અને વિદ્વદ્‌જનો અને રસજ્ઞો વચ્ચે પરસ્પર સંપર્ક થતાં આ પ્રવૃત્તિનો વિકાસ થાય તેમજ સામાન્ય પ્રજામાં જૈન સાહિત્ય અંગે જાગૃતિ આવે એ દૃષ્ટિએ 'જૈન સાહિત્ય સમારોહ યોજાય છે.

તેમણે વિશેષમાં કહ્યું : જૈન સાહિત્ય અતિ વિશાળ છે. છેલ્લાં ૮૦૦ વર્ષનો વિચાર કરીએ તો ૨૦ લાખ જેટલી કે તેથી વધુ હસ્તપ્રતો મળી આવે છે. આ હસ્તપ્રતોનું લેખન અને તેની જાળવણીમાં ગુજરાતનાં જુદાં જુદાં નગરોનું પ્રદાન રહ્યું છે, તેમાં ખંભાતનો સવિશેષ ફાળો છે. ખંભાતની આ તીર્થ-ભૂમિને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આચાર્યશ્રી હીરવિજય-સૂરિજી, દેવેન્દ્રસૂરિ અને ઓમતિલકસૂરિ જેવા પૂર્વાચાર્યોની શુભાશિષ મળી છે. વળી આ નગરીના ગૃહસ્થ કવિ ઋષભદાસને જૈન કવિઓમાં શ્રેષ્ઠ સ્થાન મળ્યું છે. એમનાં હિતશિક્ષાના રાસમાં તેમના પોતાના જીવનનો થોડોક પરિચય મળે છે. આવી આ પવિત્ર ભૂમિમાં છઠ્ઠો જૈન સાહિત્ય સમારોહ યોજાયો છે તે અત્યંત આનંદદાયક ઘટના છે.

તેમણે વિશેષમાં કહ્યું કે કૃતિની રચના કરવી અને જીવવું એમાં ઘણો મોટો તફાવત છે. જ્ઞાન વિના મુક્તિ નથી એમ જણાવી એમણે ઉમેર્યું હતું કે નવપૂર્વનું જ્ઞાન હોય પણ તે જીવનમાં પરિણમ્યું ન હોય તો તે જ્ઞાની જીવ પણ અભવ્ય જીવ હોઇ શકે છે. અત્યારે અભ્યાસભૂખ, જ્ઞાનપિપાસા અને સંશોધન તરફ દૃષ્ટિ ઓછી છે. ત્યારે આવા સમારોહ દ્વારા સાહિત્યનું સર્જન, સંરક્ષણ, સંવર્ધન અને પરિશીલન નિયમિત થાય એ જરૂરી છે.

અતિથિવિશેષ શ્રી દીપચંદભાઇ ગાડીએ જણાવ્યું હતું કે જૈન સાહિત્ય એટલું વ્યાપક અને મર્મભર્યું છે. છતાં જૈન સાહિત્યના ક્ષેત્રે વર્તમાનમાં જોઇએ તેવું અપેક્ષિત કાર્ય થયું નથી. તેમણે વિશેષમાં ઉમેર્યું હતું કે વિદેશમાં પણ જૈન સાહિત્ય અંગે જાગૃતિ આવી છે, પરંતુ ભાષાની મુશ્કેલીના કારણે આપણું સાહિત્ય વિદેશના જિજ્ઞાસુઓ સુધી પહોંચ્યું નથી. એ બાબતનો રંજ વ્યક્ત કરી, જૈન સાહિત્ય અંગ્રેજીમાં તૈયાર કરાવવાનું એમણે સૂચન કર્યું હતું.

આધુનિક ખંભાતના ઘડવૈયા શ્રી રણજિતરામ શાસ્ત્રીએ શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના પચીસ વર્ષના વિકાસની ઝાંખી કરાવી હતી. ચોરાસી એકર જમીનમાં વિસ્તરેલા અહીંના વિદ્યાસંકુલમાં ૧૧ હજાર વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરે છે, એમ જણાવી ખંભાતનાં ૧૧૯ મહાદેવનાં મંદિરો, ૧૩૧ માતાનાં મંદિરો. ૬૮ જિનાલયો અને ૬૭ મસ્જિદો આવી છે, એમ એમણે ઉમેર્યું હતું. ખંભાતનો આ રીતે મહિમા કર્યા બાદ એમણે સૌનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી પ્રવીણભાઇ પરીખે નાગાર્જુન અને નવાંગી ટીકાકાર અભયદેવસૂરિને યાદ કરી ખંભાતને સાહિત્ય અને વિદ્યાના ધામ તરીકે ઓળખાવ્યું હતું. ઉજવણી સમિતિના મંત્રી શ્રી ભદ્રિકભાઇ કાપડિયાએ આ પ્રસંગને ગૌરવ લેવા જેવા પ્રસંગ તરીકે ઓળખાવ્યો હતો. ખંભાત નગરપાલિકાના પ્રમુખ શ્રી બાબુભાઇ શાહે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સમારોહના પ્રમુખ શ્રી. ભંવરલાલ નાહટાએ જયતિહુઅણ સ્તોત્રના શ્લોકોના પઠનથી મંગળાચરણ કરી અભયદેવસૂરિ અને દેવચંદ્રજીને યાદ કરી એમના ગુજરાત-વાસને યાદ કર્યો હતો.

જુદી જુદી સંસ્થાના મહાનુભાવોએ સમારોહના પ્રમુખ અતિથાવિશેષ, વિભાગીય બેઠકોના પ્રમુખ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીશ્રી જગજીવન પી. શાહ અને ડિરેક્ટર શ્રી કાંતિલાલ ડી. કોરાનું પુષ્પહારથી અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે અગાઉના પાંચ જૈન સાહિત્ય સમારોહમાં રજૂ થયેલા નિબંધોમાંથી ચૂંટેલા પ્રતિનિધિરૂપ નિબંધોનું પુસ્તક-'જૈન સાહિત્ય સમારોહ-ગુચ્છ ૧'નું પ્રકાશન શ્રી ડાહ્યાભાઇ રાવના વરદ હસ્તે કર્યું હતું. આ પુસ્તકનું સંપાદન ડો. રમણલાલ ચી. શાહ, શ્રી કાંતિલાલ ડાહ્યાભાઇ કોરા, શ્રી પન્નાલાલ ૨. શાહ અને પ્રા. ગુલાબ દેઢિયાએ કર્યું છે.

(ક્રમશ :)

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૩ થી ચાલુ)

સંપ્રજ્ઞાત અને પરિષ્કૃત સ્વરૂપ છે. શ્રદ્ધાનું તત્ત્વ બહારથી દીધેલું નથી; અંદરથી ઊગેલું છે. સ્વરક્ષણવૃત્તિ, પ્રણય વગેરેની જેમ સંયમયુકત શ્રદ્ધા, શ્રદ્ધા અને ધ્યેય એ વડે યોગ પ્રાપ્ત થાય, જ્ઞાન પ્રાપ્ત થાય, બ્રહ્મનિર્વાણ પણ થાય.'

શ્રી રાજાજીને અંજલિ આપતાં શ્રી વિષ્ણુપ્રસાદે કહ્યું હતું : 'રાજાજી જેવા મહાપુરુષ, મહાન દેશભકત, વિચક્ષણ રાજપુરુષ અને ઉદાર સંસ્કૃતિરક્ષકની પુણ્યસ્મૃતિની સુવાસ મારા ગ્રન્થને મળે તો આ 'દ્રુમપર્ણ' તુલસીપત્ર થઇ જાય.' રાષ્ટ્ર-ભકિતને પણ અતિક્રમતી રાજાજીની માનવ ભકિતનો નિર્દેશ કરતાં શ્રી વિષ્ણુપ્રસાદે કહ્યું હતું: 'છેવટે તો માનવે અનેકાનેક ઇતિહાસપ્રાપ્ત મર્યાદાઓને ઓળંગીને વૈશ્વિક માનવબન્ધુતાને વાસ્તવિક બનાવવાની છે. 'દ્રુમપર્ણ'માં મેં સાહિત્ય વિશે લખ્યું છે, તેમ ભારતીય સંસ્કૃતિનાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો મહિમા કર્યો છે. મારી એવી શ્રદ્ધા છે કે આપણા જીવનનાં બે મુખ્ય પાસાં પ્રેમ અને ભાવ, એકમેકમાં ભળતાં, સંવાદી અને પૂરક થતાં, પરસ્પર સંસ્કારોનાં વેગ લેતાં ધ્યેય તરફ ગતિ કરી શકે. ધ્યેય નિશ્ચિત હોય અને સંસ્કારબળ હોય તો ધ્યેયને પહોંચાય. એક પાસું પ્રેમનું છે, તો બીજું પાસું તે ભાવમય છે. સરલ અને વ્યાપક તથા તરત સમજાય એવું પાસું તે ભાવ-મય છે. એક રીતે આ જ ખરું જીવન છે. બૌદ્ધિક મંથનોનો નિષ્કર્ષ પણ છેવટે ભાવસ્વરૂપ જ હોવાનો. પરમાત્મા સત્યનો, સત્યનાં બધાં રૂપોનો દેવ છે. પણ સત્ય તરફ જવાનો રસ્તો પ્રેમ છે, પ્રિયજનનો પ્રેમ છે, માનવબન્ધુતા છે, મૈત્રી છે, મૈત્રીનો અનુભવ કરાવતી સેવા છે. ભદ્ર અભદ્રનો વિવેક પ્રેમ શીખવે છે. આ દૃષ્ટિએ વિચારતાં મારી એવી પ્રતીતિ છે કે માનવબંધુત્વ વિના આપણું જીવન ટકી શકે નહિ. પરિપૂર્ણતાનો સ્વર્લોક છે જ પણ ત્યાં બૌદ્ધિક ગતિ સરસ નથી. એ એકાંગી પણ થાય. ત્યાં સકલ ચેતનાને લઇ જવાની છે. હૃદયચેતનાને પરમાત્માનું રૂપ આપવાનું છે. એમાં ભાવવિશ્વ અવરોધક નહિ, પણ પૂરક અને સહાયક નીવડે. હું કેવો ને કેવડો છું તે તમે ભકિતથી, પ્રીતિમય ભાવન અને કર્મથી, ભૂતમાત્રની સેવાથી જોઇ શકો. ચારુતાદર્શન, પ્રયત્ક્ષ સૌન્દર્ય, આહ્લાદ, ઉપભોગવૃત્તિ, આસ્વાદ, પ્રીતિ, રતિ, આ સર્વસહિત એ બધા ભાવક્રમમાંથી આપણે પસાર થઇએ છીએ અને એ બધી અનુભૂતિઓમાંથી વિવેક કરી શુદ્ધ પ્રેમનું સ્વરૂપ ઓળખીએ છીએ. શ્રદ્ધાની આ પ્રથમ ભૂમિકા છે. માનવબન્ધુતા અને શુદ્ધ ભકિત તથા તેનાં બધાં ફલિતોનો સ્વીકાર એ શ્રદ્ધાનું મુખ્ય અધિષ્ઠાન છે. વૈશ્વિક અભીપ્સાએ આપેલું બીજું અધિષ્ઠાન તે તાત્ત્વિક સમજણ કે મીમાંસા કે દર્શન આપે છે. ભૌતિક જીવનમાં અને ભાવમય જીવનમાં જે વિવર્ત, પ્રગતિ, નવાં નવાં અને ઉચ્ચતર એકમો રચવાની ક્ષમતા દેખાય છે તે અંતિમ પૂર્ણતાની આગાહી છે. અભીપ્સા વ્યકિતગત નથી, વૈશ્વિક છે. કેવળ લાગણી, બુદ્ધિ અને કલ્પનાને સ્પર્શતી નથી. પણ સાર્વત્રિક છે. 'એ કાર ઓફ' પણ 'ડિવાઇન ઇવેન્ટ' માત્ર મિથ્યા સ્વપ્નવિહાર નથી. એ શમણું વ્યકિતમાં ને વિશ્વમાં સાચું પડે તેમ છે.'

પોતાના વકતવ્યના આરંભમાં ભારતીય વિદ્યાભવને છેક સુરત સુધી આવી પોતાનું સન્માન કર્યું તે બદલ ડો. વિષ્ણુ-પ્રસાદે આભારની લાગણી વ્યકત કરી હતી અને આ શહેરમાં ભારતીય વિદ્યા ભવન ભારતીય સંસ્કૃતિના હાર્દસમું કેન્દ્ર સ્થાપે એવી અપેક્ષા વ્યકત કરી હતી.

ડો. ગાડગિલે પોતાના ગ્રન્થનો પરિચય આપ્યો હતો તથા ડો. દેવસ્થલેએ આભાર માન્યો હતો.

પ્રમુખસ્થાનેથી ડો. ઉપેન્દ્ર બક્ષીએ આ સમારંભને સુરત શહેરના સાંસ્કૃતિક ઇતિહાસના એક મહાન અવસરરૂપે ઓળખાવીને, ભારતીય વિદ્યાભવને છેક અહીં સુધી આવી એવોર્ડ વિજેતાઓનું સન્માન કર્યું તે વસ્તુને બિરદાવી હતી. તેમણે ડો. વિષ્ણુપ્રસાદને 'વોકિંગ એન્સાયકલોપીડિયા' તરીકે ઓળખાવીને કહ્યું હતું કે આપણાં શાસ્ત્રોમાં જે કંઇ જાણવા જેવું છે તે બધું તેઓ જાણે છે. વર્ષોના યુનિવર્સિટીથી શિક્ષણથી જે મળે તેવું જ્ઞાન તેમના થોડીક ક્ષણોના સાન્નિધ્યમાંથી મળી રહે છે.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી વી. ટી. ગાંધીએ શ્રી વિષ્ણુપ્રસાદ, શ્રી સી. સુબ્રહ્મણ્યમ્, શ્રી એસ. રામકૃષ્ણન્, શ્રી સુબ્બારાવ વગેરેને પુષ્પહારથી સન્માની આભારવિધિ કર્યો હતો.

(પૃષ્ઠ ૨૦૪ થી ચાલુ)

એથી પોતાના દેશને જે આર્થિક નુકસાન થાય છે તેની તેને પરવા હોતી નથી. દુનિયાના ઘણા દેશો, ખાસ કરીને અવિકસિત દેશોમાં દાણચોરી કે વિદેશી હૂંડિયામણની ચોરીની પ્રવૃત્તિ વધતી જાય છે. એવી પ્રવૃત્તિમાં કેટલાય દેશોની વિદેશ-કચેરીઓના અને એરલાઇન્સના કર્મચારીઓ પણ સંડોવાયેલા હોય છે. પોતાના દેશને અન્ય દેશ દ્વારા પહોંચતું આર્થિક નુકસાન માણસોને બહુ કઠતું નથી તે શોચનીય સ્થિતિ છે. એમાંથી જ ધીમે ધીમે માણસ વધુ મોટી રાષ્ટ્ર-દ્રોહી પ્રવૃત્તિઓમાં સંડોવાય છે.

પોતાના રાષ્ટ્રની સલામતી જોખમમાં મુકાય એવી સંર-ક્ષણને લગતી લશ્કરી ગુપ્ત માહિતી બીજા દેશોને પહોંચાડી દેવી એ મોટામાં મોટો રાષ્ટ્રદ્રોહ ગણાય છે. એની સજા પણ બહુ આકરી હોય છે. આવા રાષ્ટ્રદ્રોહ માટે ફાંસીની સજા જેમ પ્રાચીન સમયમાં એમ વર્તમાન સમયમાં પણ કરાતી રહી છે. આવી કડક સજાના ભય વિના ગંભીર રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિને દબાવી શકાય નહિ. લાખો કરોડો લોકોમાં કોઇક તો એવા નીકળવાના કે જેને પોતાના રાષ્ટ્રની કશી જ પડી ન હોય.

રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રભકિત એ નિરંતર પોષવાલાયક બાબત છે અને રાજ્યકર્તાઓ દ્વારા એની શરૂઆત થવી જોઇએ. જે દેશમાં રાજ્યકર્તાઓ માત્ર સત્તાશોખીન હોય અને પ્રતિકૂળ સંજોગો ઊભા થતાં તેઓ જ બીજા રાષ્ટ્રમાં ભાગી જવાની વૃત્તિ ધરાવતા હોય, તેવા રાજ્યકર્તાઓ પ્રજામાં રાષ્ટ્રીય ભાવના જાગી જગાવી શકતા નથી. જે પ્રજાવત્સલ રાજ્યકર્તાઓ રાષ્ટ્રને કાજે પ્રાણાર્પણ કરવા તૈયાર હોય તે જ પ્રજામાં રાષ્ટ્રભકિતની ભાવનાને પોષી શકે છે. આપણા ભારતમાં સ્વતંત્રતાના આંદોલન વખતે પ્રજામાં જેટલી રાષ્ટ્ર-ભકિત દેખાતી હતી એટલી વર્તમાન સમયમાં દેખાતી નથી એ સ્પષ્ટ છે. ભારતે એ બાબતમાં વધુ સજાગ થવાની જરૂર છે.

—રમણલાલ ચી. શાહ

કળશ

-પ્રા. અરુણ જોષી

ભારતીય સંસ્કૃતિમાં કળશને એક ગૌરવપૂર્ણ પાત્ર તરીકે સ્વીકારવામાં આવેલ છે. પંચ દિવ્ય પદાર્થોમાં તેની ગણના થાય છે. મંગળતાના પ્રતીક સમા કળશને મંદિરના શિખર ઉપર કોણે નિહાળ્યો નહીં હોય! પૂજનવિધિ પ્રસંગે લીલાં પર્ણોના સંપુટમાં શ્રીફળધારી કળશનાં દર્શન કોણે નહીં કર્યાં હોય! સ્વાગત સમારંભોમાં કન્યાઓના મસ્તક ઉપર બિરાજતા શુકનવંતા કળશને આપણે બધાંએ જોયો છે. આપણી એવી દૃઢ માન્યતા છે કે કાર્યની શરૂઆતમાં જો મંગળ પદાર્થોનું સ્મરણ કરવામાં આવે તો કાર્યની નિર્વિઘ્ને સમાપ્તિ થાય છે. તેથી સંસ્કૃત નાટકોમાં જેમ નાન્દી શ્લોક દ્વારા મંગળ પદાર્થોને યાદ કરવામાં આવે છે તેમ આપણાં સાંસારિક કાર્યોમાં કળશને અગ્રતા આપવામાં આવે છે. આ કારણે જ નવા નિવાસમાં પ્રવેશ કરતી વખતે સર્વ પ્રથમ કળશનું સ્થાપન હજી પણ આદરપૂર્વકનો વિધિ ગણાય છે. જૈનોમાં આઠ મંગલ વસ્તુઓ – અષ્ટમંગલમાં કળશને પણ સ્થાન આપવામાં આવ્યું છે અને અનેક શુભ પ્રસંગે અષ્ટ મંગલની પૂજા થાય છે.

મંદિરોની ટોચ ઉપર ઝળહળતો ગગનચૂંબી કળશ પોતાના ઘંડા જેવા આકારથી બ્રહ્માંડનો ખ્યાલ આપે છે અને દૂરથી જ મંગલાયતનનો ખ્યાલ આપે છે. મંદિરના શિખર ઉપર આરૂઢ થવાનું ગૌરવ કળશને કેમ પ્રાપ્ત થયું હશે? આવો પ્રશ્ન આપણું જિજ્ઞાસુ મન ઉપસ્થિત કરે એ સ્વાભાવિક છે. વિશ્વકર્મા પ્રણિત 'દીપાર્ણવ' નામના ગ્રંથમાંથી આ પ્રશ્નનો જવાબ મળી રહે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે :

ક્ષીરાર્ણવે સમુત્પન્નઃ પ્રાસાદસ્યાગ્રજાતકઃ ।
સાંગલ્યેષુ ચ સર્વેષુ કલશં સ્થાપયેદ બુધઃ ॥

એટલે કે ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન થયેલ અને મંદિરની ટોચ પર બિરાજતા કળશને જ્ઞાની માનવે બધાં મંગળકાર્યોમાં અગ્રીમતા આપવી. ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન થયેલો કળશ એ દેવો તથા દાનવોએ કરેલ સમુદ્રમંથનના પ્રસંગનો સ્મારક છે. તે સમયે જે ચૌદ રત્નો સંભળ્યાં તેમાં એક અમૃતપૂર્ણ કળશ પણ હતો. અને એ જ કારણે પૌરાણિક ગૌરવને અતુલક્ષીને કળશે પોતાનું અનેરું સ્થાન જાળવી રાખેલ છે.

મધ્ય રાત્રિની શાંતિમાં ભગવાન મહાવીર સ્વામીની જનેતાએ સ્વપ્નામાં જે ચતુર્દશ પદાર્થો જોયેલાં તેમાં પણ કળશને સ્થાન પ્રાપ્ત થયેલું છે.

અમૃતપૂર્ણ કળશ અથવા કુંભના નામ સાથે સંકળાયેલ કુંભમેળાઓ સ્થૂળ રીતે માત્ર પવિત્ર નદીઓમાં કરવામાં આવતા સ્નાનનો મહિમા વ્યક્ત કરે છે પણ ખરેખર તો ભારતની સર્વાંગી સાધનાનો ખ્યાલ આપે છે. આ મેળાઓ નાસિક, ઉજ્જૈન, હરદ્વાર અને પ્રયાગ–એ ચાર સ્થળોએ ભરાય છે અને તે સ્થળો ઇન્દ્રપુત્ર જયંતે અમૃતનું રક્ષણ કરવા માટે ભગીરથ પુરુષાર્થ કરતી વખતે જ્યાં વિરામ કરેલો તે બાબતનું સ્મરણ કરાવે છે.

પૂજનવિધિ વખતે પવિત્ર નદીઓનાં જળનું આવાહન કળશમાં કરવામાં આવે છે અને દિવ્ય તત્વો પણ કળશમાં ઉપસ્થિત થાય છે. એવી ધાર્મિક માન્યતાને લીધે પણ કળશને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયેલ છે.

અગસ્ત્ય મુનિના ઉદ્ભવસ્થાન તરીકે જાણીતો થયેલ કળશ યોગીની અવસ્થાનો ખ્યાલ પણ આપે છે. 'હઠયોગ પ્રદીપિકા'માં કહેવામાં આવ્યું છે કે જેમ આકાશમાં રહેલો કળશ અંદરથી અને બહારથી શૂન્ય હોય છે, તેમ નિર્વિકલ્પ સમાધિ પામેલો યોગી સર્વ વાસનાથી શૂન્ય હોય છે, અને જેમ સમુદ્રમાં રહેલો કળશ અંદરથી અને બહારથી જળપૂર્ણ હોય છે તેમ સચ્ચિદાનંદ યોગી બ્રહ્મથી ભરપૂર અને સર્વથા પરિપૂર્ણ હોય છે.

પૂર્ણતાના પ્રતીક એવા કળશને આપણી ભાષામાં કેટલાક લાક્ષણિક પ્રયોગોમાં પણ સ્થાન પ્રાપ્ત થયું છે. સુપેરે કાર્ય પૂરું કરનાર વ્યક્તિએ પોતાના કાર્યને કળશ ચડાવ્યો એવો પ્રયોગ જાણીતો છે, તો 'ભર્યો કુંભ' માતૃત્વનો પરિચાયક છે અને સંપૂર્ણ કુંભો ન કરોતિ શબ્દમ્ એવાં કહેવતરૂપ બનેલ વાક્યો ઉપયોગી શિખામણ આપે છે.

આમ, અમૃતને ધારણ કરનાર આ પવિત્ર પાત્ર આપણને માંગલ્યનું પ્રદાન કરે છે, પૂર્ણતા પ્રાપ્ત કરવા સંકેત કરે છે અને એ રીતે જીવનોપયોગી દિશાસૂચન પણ આપે છે.

સંઘ સમાચાર

'સંઘ' દ્વારા નેત્રયજ્ઞ

શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત સર્વોદય આશ્રમ, ગુંદીના સહકારથી 'સંઘ'ના ઉપક્રમે **રાણપુર** (સૌરાષ્ટ્ર) મુકામે આગામી તા. ૧૦-૩-૮૫ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે.

પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
ઉદ્ઘાટક : શ્રી વસનજી લખમશી શાહ
અતિથિવિશેષ : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
સમય : તા. ૧૦-૩-૮૫ સવારના ૧૦ કલાકે

સંઘના આ પ્રસ્થાનમાં સૌને ભાગ લેવા વિનંતિ

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સાભાર સ્વીકાર

વ્યસન મુક્તિ : સં. શ્રીમતી એન. એસ. વરતે ૭-૦૦ પ્રકા. આરોગ્ય પ્રકાશન, કાળાનાળા, ભાવનગર ગુજરાત

વિચારધારા : સં. કનૈયાલાલ જોશી : મુકુન્દ શાહ, પ્રકા. મુકુન્દ પી. શાહ : કુસુમ પ્રકાશન, નવચેતન કાર્યાલય, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૭

ચાલો મોક્ષે ન કરીએ : મુનિ રત્નસુંદરવિજય કિં. રૂા. ૧૫-૦૦ પ્રકાશક દિવ્ય દર્શન ટ્રસ્ટ, ૬૮, ગુલાલવાડી, મુંબઇ-૪૦૦૦૦૪

(પૃષ્ઠ ૨૧૪ થી ચાલુ)

પણ શ્રદ્ધેય નીવડે એવું સત્ત્વવાળું છે. પોતે ભગવદ્‌ગીતાને આત્મસાત્ કરી છે. એટલે જ તેઓ કહી શકે છે: 'પ્રજ્ઞાના પ્રકાશમાં, ઉપાસના, ભક્તિ, ધ્યાન દ્વારા ભગવાનને પામી શકાય છે. ભગવાનમાં ભળી જવાય છે. ગીતા–ઉપનિષદનું સત્ય પોતાનું સત્ય બની રહે અને જીવનની ગતિવિધિના નિયામક તત્ત્વ તરીકે પ્રતિષ્ઠિત પણ બની શકે એ જીવનની મહત્ત્વની સંસિદ્ધિ છે. વિષ્ણુભાઈનું જીવન એ સંદર્ભમાં સિદ્ધિવન્ત જ નહિ, સિદ્ધિવન્ત પણ છે. ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ આ સર્વને શ્રી વિષ્ણુભાઈ વ્યાવહારિક જીવનથી અલગ રીતે જોતા વિચારતા નથી. પોતાના જીવનને પણ એવી વ્યાવર્તક દૃષ્ટિથી એમણે ક્યારેય નથી વિકસાવ્યું. સત્ય, શિવતત્ત્વ અને સૌન્દર્ય આ ત્રણેયને સતત કેન્દ્રમાં રાખીને જ ત્રણેયની પ્રતિષ્ઠા વધારતાં વધારતાં જ જીવનનો પ્રત્યેક વ્યવહાર થવો જોઈએ. અને એમ થાય તો જ મનુષ્યનું અંતઃસત્ત્વ સંપૂર્ણપણે ખીલવાનો અવકાશ છે એમ હરકોઈ સાચા અધ્યાત્મવાદીની જેમ જ શ્રી વિષ્ણુભાઈ પણ માને છે અને તે તેઓ પૂરી આસ્થાથી માને છે. તેઓ સત્ત્વશુદ્ધિનો આ દૃષ્ટિથી જ મહિમા કરે છે અને કહે છે: 'સત્ત્વસંશુદ્ધિ અભય વિના શક્ય નથી, પણ આ યુગ સામૂહિક જીવનના સંસારના સહકાર–સંઘર્ષમાં જ ખીલે છે. મૈત્રી, પ્રેમ, કરુણા, સમતા, સંયમ, જીવનની અનેકવિધ અવસ્થાઓ દ્વારા જ સિદ્ધ થાય એટલે સામાજિક કર્તવ્યોનો અનાદર કરીને વ્યક્તિનો વિકાસ થઈ શકતો હોય તો પણ તે અધૂરો અને અસ્થિર હોવાનો.' વ્યક્તિનિષ્ઠા ઉપર ભાર મૂકતાં શ્રી વિષ્ણુભાઈના મનમાં જ્ઞાન, પ્રજ્ઞા, વિમર્શ, શ્રદ્ધા, ધર્મ, આ સર્વ વિશે બહુ જ સ્પષ્ટ અને સમ્યક્ એવી સમજ છે. તેમના અધ્યાત્મિક ચિંતનમાં આ સર્વ પૂરી સમજથી વણાયેલાં ગૂંથાયેલાં છે. એક સ્થળે તેઓ કહે છે: સમત્વ, સદ્‌વૃત્તિ વગેરે સિદ્ધ કરવાનું ક્ષેત્ર કયું? સંસાર જ. આ કાર્યક્ષેત્ર કહો, કુરુક્ષેત્ર કહો એને જ ધર્મક્ષેત્ર બનાવવાનું છે. પુનઃ પુનઃ સત્કર્મ દ્વારા, સતત સદાચાર દ્વારા જ સદ્‌વૃત્તિ સધાય છે.' શ્રી વિષ્ણુભાઈની એક શ્રદ્ધા છે કે 'કશુંક આપણી અંદર છે જે સત્યને, સુંદરને, સામંજસ્યને, શુભ અને મંગલને સાક્ષાત્ ઓળખે છે.' તેમની આ શ્રદ્ધા આગળ આ રીતે વિસ્તરે છે: 'વસ્તુમાત્રનું' વ્યવહારમાત્રનું જીવન બ્રહ્મ છે. પદાર્થનો ઉદ્‌ભવ અને વિલય બ્રહ્મ જ છે. સર્વ લાગણીઓ એને લીધે જ સંચરે છે અને એ સર્વમાં છે, તે જ પૂર્ણપણે માનવીની અંદર ગૂઢ છે. એને ઓળખવું, એનું ચિંતન કરવું, એને પામવું, બ્રહ્મ સાથે તન્મય તદ્‌રૂપ થવું એ મનુષ્યનો પરમ પુરુષાર્થ હોઈ શકે. એ જ્ઞાન દ્વારા જ જગતને, સંસારને, લાગણીઓને તેના સાચા સ્વરૂપમાં ચૈતનામય આનન્દમય બનાવશે. એ જ અમૃતત્ત્વની પ્રાપ્તિ.' અધ્યાત્મમાર્ગના યાત્રી તરીકેનું વિષ્ણુભાઈનું ચિંતન 'દ્રુમપણું' માંના ઘણા લેખોમાં પારદર્શી અને હૃદયસ્પર્શી રીતે વહેતું રહ્યું છે. 'યન્ત્રારુઢાનિ માયયા?' 'માયા અને અવિદ્યા' 'આનન્દલોકની ઝંખના અને ઝાંખી' 'ઉત્તિષ્ઠત જાગ્રત' 'અચરજ નજરોમેં આયા.' 'ધર્મશોધનની એક દિશા', 'ધર્મશોધનનું એક અંગ', અને ત્યાંથી માંડીને તે 'આત્મનિવિન્દતિ' સુધીના તમામ લેખોમાં જે રીતે પ્રગટ થયું છે તે સ્થિરદ્યુતિ દીપકના નિર્માળ પ્રકાશ સમું છે. તેમાં તેમની પ્રજ્ઞાનું તેજ છે. તેમની ગૌરવકારી વાણીમાં ચિંતનની પ્રૌઢિ તો હોય જ, તે સાથે તેમની પ્રકૃતિગત ઋજુતા અને સૌમ્યતા પણ છે. તેમના પોતાના સંપ્રત્યયથી તે સમગ્ર ચિંતન અનુપ્રાણિત છે. આ અધ્યાત્મચિંતનના લેખો 'દ્રુમપણું'નો સહુથી વિશેષ મૂલ્યવાન ખંડ છે. તેમના વ્યક્તિત્વનું અધ્યાત્મવાદી પાસું તેની સમગ્રતામાં આટલું દ્યુતિમય તેમ જ આવા કાવ્યમય ગદ્યમાં આ પૂર્વે ક્યારેય પ્રગટ થયું હોવાનું જાણ્યું નથી.

એવોર્ડ અર્પણ સમારંભ

શ્રી વિષ્ણુભાઈને 'દ્રુમપણું' માટે શ્રી રાજાજી લિટરરી એવોર્ડ અર્પણ કરવા યોજાયેલા સમારંભની એક વિશેષતા એ હતી કે ભારતીય વિદ્યાભવને ખુદ જાતે સુરત આવીને વિષ્ણુભાઈનું સન્માન કર્યું. સૂરતની સંસ્થા 'સપ્તક સ્વર વૃન્દ'ની પ્રાર્થના અને 'જય જય ગરવી ગુજરાત'ના ગાનથી સમારંભનો આરંભ થયો. આ પ્રસંગે ડો. ઉમાશંકર જોશી, શ્રી પુરુષોત્તમ માવળંકર, શ્રી જયન્ત પાઠક, ડો. આર. કે. દેસાઈ વગેરેએ પાઠવેલા શુભેચ્છાના સંદેશાઓનું પ્રો. રમેશ ઓઝાએ વાચન કર્યા બાદ, ભારતીય વિદ્યાભવનના ઉપપ્રમુખ અને કેન્દ્ર સરકારના ભૂતપૂર્વ નાણાપ્રધાન શ્રી સી. સુબ્રહ્મણ્યમે સ્વાગત પ્રવચન કર્યું હતું, જેમાં તેમણે 'ભવન'ની પ્રવૃત્તિ અને વિકાસયાત્રાનો ખ્યાલ આપ્યો હતો તથા 'સૂરતમાં પણ અમે ભારતીય વિદ્યાભવનનું એક કેન્દ્ર કદાચ સ્થાપીશું' એમ જાહેર કર્યું હતું.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ઉપેન્દ્ર બક્ષીના પ્રમુખપદે યોજાયેલા આ સમારંભમાં મરાઠી ભાષાના બે લેખકો ડો. એસ. આર. ગાડગિળ તથા સદ્‌ગત શ્રીમતી સુમતિ દેવસ્થળે ને (મરણોત્તર) પણ શ્રી રાજાજી લિટરરી એવોર્ડ અર્પણ થયા હતા.

ભવનના કુલાદરાબાદ કેન્દ્રના ઉપાધ્યક્ષ શ્રી સુબ્બારાવે રાજાજી લિટરરી એવોર્ડની વિગત આપી હતી તથા એવોર્ડ વિજેતા લેખકોનો તથા તેમની કૃતિઓનો પરિચય આપ્યો હતો. ડો. ગાડગિળના એવોર્ડવિજેતા ગ્રન્થનું નામ છે: 'વૈદિક યજ્ઞ, મધ્યયુગીન તંત્રસાધના આણી જ્ઞાનેશ્વર પ્રણીત ભક્તિયોગ'. સ્વ. શ્રીમતી દેવસ્થલેના ગ્રન્થનું નામ છે: 'ડો. આલ્બર્ટ સ્વાઇત્ઝર.'

ભવનના કાર્યવાહક મંત્રી શ્રી એસ. રામકૃષ્ણને પ્રાસંગિક પ્રવચનમાં શ્રી વિષ્ણુપ્રસાદને 'ગુજરાતી સાહિત્યના વિદ્યમાન ભીષ્મપિતામહ તરીકે ઓળખાવ્યા હતા.

ડો. ઉપેન્દ્ર બક્ષીએ તે પછી શ્રી વિષ્ણુપ્રસાદને, ડો. ગાડગિળને તથા સ્વ. શ્રી સુમતિના પતિ ડો. દેવસ્થલેને શ્રી રાજાજી એવોર્ડ, તામ્રપત્ર તથા પુષ્પહાર અર્પણ કર્યાં હતા, એવોર્ડમાં રૂા. દશ હજાર રોકડા તથા રાજાજીની મુખમુદ્રા અને સન્માનદર્શક પંક્તિઓ અંકિત તામ્રપત્ર બે વસ્તુ હતી.

'મારી શ્રદ્ધા'

આ પ્રસંગે સન્માનના પ્રત્યુત્તરરૂપે શ્રી વિષ્ણુભાઈએ 'આ સ્પેક્ટસ ઓફ ધ મેડિનેટિવ ક્રિયેટિવિટી ધેન પોયેટ્રી' એ પોતાનું અંગ્રેજીમાં લખેલું વ્યાખ્યાન ન વાંચતાં થોડું કંઈક મૌલિક વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે ખાસ કરીને શ્રદ્ધા વિષે પોતાના વિચારો દર્શાવ્યા હતા. તેમણે કહ્યું: 'શ્રદ્ધા. એ હરકોઈ ધ્યેયની અભીપ્સાનું સ્વરૂપ છે. સુખી ઉન્નત, લોકોત્તર કે પરિપૂર્ણ થવાની અભીપ્સા તે જ શ્રદ્ધા. અભીપ્સા કહેવા શ્રદ્ધા દેવદત્ત વાસનાનું જાગ્રત, સજ્ઞાન,

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૧ ઉપર)

શ્રી રાજાજી લિટરરી એવૉર્ડ દ્વારા વિદ્યાપુરુષ વિષ્ણુપ્રસાદનું સન્માન

● કૃષ્ણવીર દીક્ષિત

ઉપનિષદ્‌કાળના મહાજ્ઞાની ઋષિની કોટિના પ્રજ્ઞાશાલી અને પ્રકાણ્ડ વિદ્વાન સાક્ષર ડૉ. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી (ઉ. વ. ૮૭) ને, તેમના ૮૪મા વર્ષમાં પ્રસિદ્ધ થયેલા તેમના લેખસંગ્રહ 'દ્રુમપર્ણ' માટે ગઇ તા. ૧૦ મી ફેબ્રુઆરી ૧૯૮૫ ને રોજ સાંજે, સુરતમાં ત્યાની પી. ટી. સાયન્સ કૉલેજના મધ્યસ્થ ખણ્ડમાં ભારતીય વિદ્યાભવન-મુંબઇ અને ચુનીલાલ ગાંધી વિદ્યાભવન-સુરતના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલા એક ખાસ સમારંભમાં ભારતીય વિદ્યાભવન તરફથી શ્રી રાજાજી લિટરરી એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રની અને સૂરત શહેરના સાંસ્કૃતિક ઇતિહાસની એ એક મહત્ત્વની ગૌરવપૂર્ણ ઘટના લેખાય. 'કર્મણ્યેવાધિકારસ્તે' ('ફળની સ્પૃહા રાખ્યા વગર કેવળ કર્મ કરવાનો જ તારો અધિકાર છે') એ ગીતાબોધને આચારસ્થ કરી જાણનાર ડૉ. વિષ્ણુપ્રસાદને આ પૂર્વે પણ બે મોટાં પારિતોષિક અર્પણ થયાં છે. તેમના 'ઉપાયન' (વિવેચન ગ્રન્થ) માટે તેમને કેન્દ્રની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર અર્પણ થયો હતો. તે પછી તેમના 'સાહિત્ય સંસ્પર્શ' માટે તેમને કલકત્તાની એક સાંસ્કૃતિક સંસ્થા તરફથી 'ભુવાલકા પારિતોષિક' અર્પણ થયું હતું. 'ઉપાયન' 'સાહિત્ય સંસ્પર્શ' અને 'દ્રુમપર્ણ' આ ગ્રન્થત્રયીમાં ડૉ. વિષ્ણુપ્રસાદની એક ઘણા મોટા ગજાના વિવેચક, અધ્યાત્મરાગી ચિંતક અને સંસ્કારપુરુષ તરીકેની 'ધ્રુમેયૂજ' ઊપસે છે, તેનો વિશેષ એ છે કે તેમની એ ધ્રુમેયૂજ તેની સમગ્રતામાં અપૂર્વ તેજથી, અત્યંત યશસ્વી રીતે અને બૃહદ્ પરિમાણમાં ઊપસી છે. વર્ષો પૂર્વે પ્રસિદ્ધ થયેલી તેમની કૃતિઓ 'વિવેચના', 'પરિશીલન', 'અર્વાચીન ચિન્તનાત્મક ગદ્ય' તથા 'ગોવર્ધનરામ: ચિંતક અને સર્જક' પણ એટલી જ મહત્ત્વની ને મૂલ્યવાન છે.

'દ્રુમપર્ણ'ની વિશેષતા

'દ્રુમપર્ણ'ની ખાસ ધ્યાનાર્હ વિશેષતા એ છે કે ડૉ. વિષ્ણુપ્રસાદ તત્ત્વમીમાંસકની કોટિના વિવેચક, ઉપરાંત એક અધ્યાત્મવાદી ચિંતક તરીકે તેની અભિલાષમાં પ્રગટ થાય છે; 'દ્રુમપર્ણ'માં ૮૬ લેખો છે. તેમાંના કેટલાક આકાશભાષિત છે, કેટલાક વ્યાખ્યાન તથા પ્રવચન રૂપે છે. કેટલાક સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખ વિવેચન છે, કેટલાક લેખો ગ્રન્થોના આમુખ, ઉપોદ્‌ઘાત, પ્રવેશક, પ્રસ્તાવના, પરિચય, પુરોવચન તથા વિમર્શ એમ વિવિધ નિમિત્તો લખાયેલાં વિવેચનો છે. મહત્ત્વ એ વાતનું છે કે સન ૧૯૩૬ થી સન ૧૯૮૨ સુધીના સમયખણ્ડ દરમિયાન કલાખત – ભાષિત આ નિબંધ – પ્રવચનોમાં એક સમર્થ અધ્યાત્મચિંતક, ધર્મ તથા કેળવણી વિશે વિમલમતિથી વિચારતા ધર્મજ્ઞ અને શિક્ષણજ્ઞ વિદ્વાન તથા જેટલા રસજ્ઞ તેટલા જ મર્મજ્ઞ, એવા જ્ઞાનપ્રદેશના નિષ્ઠાવાન યાત્રી એવા વિષ્ણુભાઇ પ્રગટ થાય છે. સાહિત્ય, સંસ્કૃતિ, ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કાર, શિક્ષણ, શિક્ષણની બોધભાષા, જ્ઞાતિ, સમાજ તથા દેશની રાજકીય, સામાજિક પરિસ્થિતિ, એમ અનેક વિષયોને આવરી લેતા આ લેખસંગ્રહમાં એક ખરા શ્રદ્ધાવાન, ભાવનાશીલ, અધ્યાત્મરાગી, ધર્માનુરાગી અને જેટલા વિદગ્ધ વિદ્વાન તેટલા જ વિનમ્ર સંસ્કારપુરુષ એવા વિષ્ણુભાઇનું દ્વિજત્વસંપન્ન વ્યક્તિત્વ તેની સમગ્રતામાં વિલસી રહ્યું છે. અત્યુક્તિદોષ વહોર્યા વગર એમ કહી શકાય કે આ લેખોમાં વિષ્ણુભાઇનું અધ્યાત્મશીલ વ્યક્તિત્વ અપૂર્વ દ્યુતિથી પ્રકાશી રહ્યું છે.

વિદ્વાન જ નહિ, તત્ત્વજ્ઞાની પણ ખરા

શ્રી વિષ્ણુભાઇના જીવનવૃક્ષનાં મૂળિયાં અધ્યાત્મ અને ઉદાત્ત ભાવનાઓની ભૂમિમાં ઊંડે સુધી વિસ્તરેલાં છે. જુઓ, કેવી નિખાલસતાથી તેઓ કહે છે: 'મને થોડાક શબ્દો બહુ પ્રિય છે. ગજવામાં રાખું છું અને કૃપણની માફક વારંવાર તેને ગણ્યા કરું છું. પરમ અભીષ્ટ (ધ સુપ્રીમ ગુડ) રમણીય, મુદા અને આનન્દ, સૌમનસ્ય અને મૈત્રી, ભાવન અને અનુભાવન એ બધું જ આધ્યાત્મિક છે. એ પુરુષોત્તમનું જ્ઞાન, એની ઓળખ, પ્રત્યભિજ્ઞા માનવમાત્રનો પરમ પુરુષાર્થ હોઇ શકે એને માટે બીજા જીવની વાટ શું કામ જોવી ઘટે? જાણીએ છીએ કે કાલપ્રવાહમાં આપણી પાસે અલ્પતમ ક્ષણો છે. આ વિરાટ વિશ્વમાં રજની રજ કલ્પી તેની રજથી યે લઘુ આપણે છીએ.' અહીં જોઇ શકાશે કે શ્રી વિષ્ણુભાઇ માત્ર વિદગ્ધ વિદ્વાન જ નથી, ખરા જ્ઞાની, તત્ત્વજ્ઞાની પણ છે. તેઓ માને છે કે 'આ ચિત્ત લૌકિક છે, ક્ષણિક છે પણ એ જ ચિત્તનું સત્ત્વ લોકોત્તરનો, અલૌકિકનો અણસાર અને અદિષ્ટનો નિર્દેશ કરે છે. તેને ભાવનવિષય બનાવે છે. આવા ભણકારા કેવળ નિમંત્રણ નથી. અનુભવ છે તેથી ભૂતાર્થ છે. આટલું પણ અગોચર થયું એ મિથ્યા નથી. એ આનન્દ અલિનવ છે. એના સાતત્યની કલ્પના પણ મિથ્યા નથી. પરમ અભીષ્ટનું ભાવન–આત્મિક જ્ઞાન–તેનો સતત અભેદાનુભવ માનવસત્ત્વને શક્ય છે!' વાણીનો આ સ્રોત વિષ્ણુભાઇના કવિહૃદયના રસાતલમાંથી અને ચિત્તના ગહનતમ પ્રદેશમાંથી ફુવારાની જેમ ફૂટયો છે. તે સાથે તેમાં એક સાચા અધ્યાત્મવાદીનો પ્રત્યય પણ છે. 'આત્મનિ વિન્દતિ' એ આ ગ્રન્થમાંના લેખમાંના ઉકત ગદ્યખંડમાં વિષ્ણુભાઇની શ્રદ્ધાનું પણ ઉદ્‌ગાન છે. તેમની આ શ્રદ્ધાની ગંગોત્રી, આ આરાધ્યાબંધનું મૂળ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં છે, ઇશોપનિષદમાં છે, ભાગવત, રામાયણ અને મહાભારતમાં છે, ગાંધી અને શ્રી અરવિન્દની વિચારધારામાં છે. અને આપણા દાર્શનિક ગ્રન્થોમાં પણ છે. આ સર્વ દ્વારા ભારતીય તત્ત્વજ્ઞાનનો જે અસીમ પટ વિસ્તર્યો છે તેના ઉપર વિષ્ણુભાઇનાં પગલાં તેમની અધ્યાત્મયાત્રા દરમિયાન પડી ચૂકયાં છે. તેનો અવબોધ તેમની ચેતનામાં અને તેમના ચિત્તમાં ઘૂંટાઇ ઘૂંટાઇ તેમના સમગ્ર સંવિત્‌માં રસાયનરૂપ બનતાં તેમ જ શ્રદ્ધામાં પરિણત થતાં તેમના જીવનના સમગ્ર વ્યવહારનો નિયામક પણ બન્યો છે. આથી તેમની વાણી તેમની શ્રદ્ધાનું ઉદ્‌ગાન છે. તે આપણને

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૧ ઉપર)

આજીવક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ભિરમામ, મુંબઇ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૩-૮૫ | છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

ગત શતકના સ્વ. પૂ. ચારિત્રવિજયજી મહારાજ

સ્વ. પૂ. મુનિ મહારાજશ્રી ચારિત્રવિજયજીની જન્મ-શતાબ્દી હમણા ઊજવાઇ ગઇ.

એમના નામથી ઘણા કદાચ અપરિચિત હશે, પરંતુ પાલિતાણામાં એમણે સ્થાપેલી સુખ્યાત વિદ્યાસંસ્થાઓ 'શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ' અને 'શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા'નો પરિચય ઘણાને હશે. ચોત્રીસ વર્ષની યુવાન વયે તેઓ કાળધર્મ પામ્યા, પરંતુ પંદર-સત્તર વર્ષના દીક્ષાપર્યાયમાં એમણે જે ભગીરથ કાર્ય કર્યું તે અવિસ્મરણીય રહેશે.

ગત શતકમાં જે કેટલાક મહાન જૈન આચાર્ય ભગવંત કે સાધુ ભગવંત થઇ ગયા તેમાં પૂ. બુટેરાયજી મહારાજ, પૂ. આત્મારામજી મહારાજ, પૂ. બુદ્ધિસાગરજી મહારાજ, પૂ. વિજયનેમિસૂરિ મહારાજ, પૂ. વિજયધર્મસૂરિ મહારાજ કાશી-વાળા, પૂ. વિજયવલ્લભ સૂરિ મહારાજ, પૂ. સાગરાનંદસૂરિ મહારાજ વગેરેની સાથે સ્વર્ગસ્થ પૂજ્ય ચારિત્રવિજયજી મહારાજને પણ અવશ્ય યાદ કરવા જોઇએ.

પૂ. ચારિત્રવિજયજી મહારાજ કચ્છના વતની હતા. તેમનો જન્મ વિ. સં. ૧૯૪૦ માં કાળી ચૌદશની રાતે ગામ પત્રીમાં જેઠા કુટુંબમાં થયો હતો. એમ પિતાનું નામ ધેલાશા હતું અને માતાનું નામ સુભદ્રાબાઇ હતું. ધેલાશાએ પોતાના આ સંતાનનું નામ ધારશી પાડયું હતું.

બાલ ધારશી સશક્ત બાંધાનો અને કઠણ સ્વભાવનો હતો. પિતા ધેલાશા ખેતી કરતા. બાળક ધારશી ચાર-પાંચ વર્ષનો થયો ત્યારથી પિતાની સાથે ખેતરે જવા લાગ્યો. સાતેક વર્ષનો થતાં ગામની શાળામાં તે ભણવા લાગ્યો હતો અને ફાજલ સમયમાં ખેતરે પણ જતો. વાવણી અને કાપણીના દિવસોમાં કોઇ કોઇ વખત એકલા આખી રાત ખેતરમાં રહેવાનો એટલી નાની ઉંમરે એને મહાવરો પડયો હતો. અંધારી રાતે એકલા રાતવાસો કરવાથી એની હિંમત ઘણી વધી ગઇ હતી. નાનાં બાળકોને એ જમાનામાં ઘોર અંધારામાં ભૂતપ્રેતની બીક લાગે એ સ્વાભાવિક હતું, પરંતુ ધારશીને એવી કશી બીક કયારેય લાગતી નહિ. કોઇક ભૂતની વાત કરે તો ધારશી તેની સાથે શરત લગાવે. એવી કોઇક અંધારી જગ્યામાં કલાકો સુધી હિંમતભેર એકલો બેસી રહેતો. એની એ હિંમતની ચારે બાજુ પ્રશંસા થતી.

પત્રી ગામને પાદર એક બાવળ હતો. એ બાવળમાં ભૂતનો વાસ છે એવી માન્યતા હતી. એટલે ત્યાંથી જતાં આવતાં લોકો ડરતા. ગામના પટેલને થયું કે એ બાવળ કપાવી નાખીએ તો લોકોની બીક જાય. દિવસે કપાવતાં વહેમી લોકોનો ઉહાપોહ થાય. એટલે એણે અંધારી રાતે કપાવવાનું વિચાર્યું અને એ કામ એણે કિશોર ધારશીને સોંપ્યું. ધારશીએ અંધારી રાતે એકલે હાથે ભૂતના વાસ સમું બાવળનું એ વૃક્ષ કાપી નાખ્યું. એની આ મર્દાનગી માટે ગામના પટેલે એને સવા કોરીનું ઇનામ આપ્યું હતું.

કિશોર ધારશીમાં વિચારેલું કામ પાર પાડવાની તમન્ના હતી. પત્રી ગામને પાદર ઢોરોને પાણી પીવા માટે એક હવાડો હતો પરં વિસામો લેવા માટે કોઇ વૃક્ષ નહોતું. ત્યાં વૃક્ષ ઉગાડવા માટે ઘણા લોકોએ પ્રયત્ન કરેલા, પરંતુ સખત ગરમી અને લૂને કારણે કોઇ વૃક્ષ ઊગી શકતું નહોતું. ધારશીએ નક્કી કર્યું કે ગામને પાદર વડલો વાવવો. શરૂઆતમાં એના પ્રયત્નો નિષ્ફળ ગયા, પરંતુ રાતદિવસની શ્રમભરેલી સતત કાળજીથી ગામને પાદર એણે વડલો ઉગાડયો. ધીરજ, દૃઢ નિશ્ચય અને પુરુષાર્થના સદ્‌ગુણોએ ધારશીના વ્યક્તિત્વને ઘડયું.

ધારશી ચૌદેક વર્ષનો થયો. કચ્છમાં પિતાના ખેતીના વ્યવસાયમાં બહુ કસ નહોતો. એ દિવસોમાં સ્ટીમર મારફત કચ્છી ભાઇઓ મુંબઇ આવતા અને અનાજનો વેપાર કરી સારું કમાતા. ધારશીને કમાવા માટે પિતાએ મુંબઇ મોકલ્યો. મુંબઇમાં તુવેરની દાળના એક કારખાનામાં ધારશી નોકરીએ રહ્યો. સારું કામ કર્યું. શેઠે રાજી થઇ ધારશીને ભાગીદાર બનાવ્યો. રહેવા માટે ધારશીએ પોતાની જુદી ઓરડી લીધી. કચ્છમાંથી માતા તથા નાનાં ભાઇ-બહેનને પણ મુંબઇ બોલાવ્યાં. ઘર, જમીન, ખેતી વગેરેને કારણે પિતા હજી કચ્છમાં રોકાયા.

ધારશી વેપારમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતો જતો હતો ત્યાં વિ. સં. ૧૯૫૬ માં મુંબઇમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો. ધારશીની માતા સુભદ્રાબાઇ અને બહેન રતન પ્લેગમાં મૃત્યુ પામ્યા. એમની સેવા ચાકરી કરતા ધારશીને પણ પ્લેગની ત્રણ ગાંઠ નીકળી. બચવાનો કોઇ ઉપાય નહોતો. થોડા દિવસમાં મૃત્યુ હવે નિશ્ચિત હતું. ધારશી મરણપથારીએ

પડયો. એવામાં એનો એક મિત્ર વેલશી મળવા આવ્યો. નજર સામે અનેક લોકોને મૃત્યુ પામતા જોઇને સંસારની અનિત્યતા અને અસારતા ધારશીને દેખાઇ આવી. વેલશી ધર્મનો જાણકાર હતો. તેણે ધારશીને કહ્યું કે 'તારું મૃત્યુ પ્લેગની ગાંઠોને કારણે હવે નિશ્ચિત જણાય છે. પણ એક પ્રતિજ્ઞા કર કે કદાચ જીવી જાય તો ધર્મના માર્ગે વળીને, સાધુ થઇને જીવન કૃતાર્થ કરીશ. અનેક લોકોને ધર્મના માર્ગે વાળીશ.' કેટલાક સમયથી ધારશીના મનમાં ધર્મમંથન ચાલતું હતું. તેમાં મિત્રની શિખામણ ગમી ગઇ. એણે સત્તર વર્ષની વયે પ્રતિજ્ઞા લીધી કે જીવી જાઉં તો સાધુ થઇને સેવા કરીશ.

અને ખરેખર એમ જ બન્યું. મિત્રે લાવી આપેલી દવાથી ધારશીની ગાંઠો ફૂટી ગઇ. તાવ ઊતરી ગયો. અને પ્લેગથી મૃત્યુના મુખમાં ધકેલાઇ ગયેલો ધારશી બચી ગયો.

સંકલ્પો તો ઘણા માણસો કરે છે; કેટલાક પ્રતિજ્ઞા પણ લે છે. પરંતુ આપત્તિ ટળી ગયા પછી, લીધેલી આકરી પ્રતિજ્ઞા નિષ્ઠાપૂર્વક પાર પાડવાનું કામ તો કોઇક વિરલ વ્યક્તિઓ દ્વારા જ થાય છે. ધારશી પોતાની પ્રતિજ્ઞામાં અડગ રહ્યો. વેપાર છોડી દઇ દીક્ષા લેવા માટે મુંબઇથી રાજમરમાં બેસી તે કચ્છ ગયો. માંડવી બંદરે ઊતરી, પિતાને મળવા ન જતાં બંદર પાસે જ રસ્તામાં મળેલા કાનજી સ્વામી નામના એક સ્થાનકમાર્ગી સાધુ પાસે તેણે દીક્ષા લેવાની ભાવના દર્શાવી. કાનજી સ્વામી પોતાના ગુરુ વ્રજપાળ સ્વામી પાસે લઇ ગયા. ગુરુએ માતા–પિતા કે સંઘની આજ્ઞા વગર તરત દીક્ષા આપવાની ના પાડી. પરંતુ સાથે રહીને વિદ્યાભ્યાસ કરવા જણાવ્યું.

દરમિયાન સ્ટીમર પર મોડા પહોંચેલા પિતા બેલાશા નિરાશ થઇ પાછા ઘરે ફર્યા. પાછળથી ધારશીની ભાળ મળતાં તેને લેવા માટે વ્રજપાળ સ્વામી પાસે આવ્યા. પરંતુ ધારશી મક્કમ હતો. તેથી પિતા ક્રોધે ભરાયા. પોતાની પાસેની ચલમના અંગારા ધારશીના મોઢા પર નાખ્યા, પરંતુ ધારશી સ્વસ્થ અને શાંત રહ્યો. છેવટે પિતાનું હૃદય પરિવર્તન થયું. ધારશીને વ્રજપાળ સ્વામીના હાથે દીક્ષા અપાઇ. કાનજી સ્વામીના શિષ્ય તરીકે તે જાહેર થયા. ધારશીમાંથી તે 'ધર્મસિંહ સ્વામી' બન્યા.

મુનિ ધર્મસિંહ સ્વામીએ શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. તેમની બુદ્ધિપ્રતિભા તેજસ્વી હતી અને ધર્મતત્ત્વની ઝંખના ઊંડી અને અદમ્ય હતી. ક્રમે ક્રમે પોતાની મેળે વધુ શાસ્ત્રાભ્યાસ કરી શકે ચકિત તેમનામાં પ્રગટ થઇ. શાસ્ત્રાભ્યાસ માટે ભાષાજ્ઞાન, વ્યાકરણ, ન્યાય વગેરેનો અભ્યાસ આવશ્યક ગણાય. ધર્મસિંહ સ્વામીએ પોતાની હૈયાસૂઝથી કેટલુંક જ્ઞાન મેળવ્યું. પરંતુ જોયું કે આગમોના તથા વ્યાકરણ અને ન્યાયના સ્વતંત્ર અભ્યાસને ગુરુમહારાજ તરફથી બહુ પ્રોત્સાહન મળતું નહિ, તેનાં કેટલાંક કારણો હતાં.

સંપ્રદાયને અમાન્ય એવા મૂર્તિપૂજાના સંદર્ભવાળા ગ્રંથો વાંચવાની શિષ્યોને અનુજ્ઞા ન મળે. માન્ય ગ્રંથોને આધારે વ્યાખ્યાન વંચાય. સં. ૧૯૫૮ માં ભુજના ચાતુર્માસ દરમિયાન 'સુયગડાંગ' નું વાંચન ચાલતું હતું. કાનજીસ્વામી એ વાંચતા હતા. જિન પ્રતિમા દ્વારા આર્દ્રકુમારના પ્રતિબોધનો પ્રસંગ હતો. એમાં પોથી અને ગુરુ મહારાજના વ્યાખ્યાનમાં ધર્મ સિંહસ્વામીને ફરક જણાયો. શંકા થતાં ચિત્ત મનોમંથને ચડયું. એવામાં એક દિવસ સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પોતાને મુંબઇના ગોડીજી મંદિરના પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનાં દર્શન થયાં. તેથી એમનું મનોમંથન વધુ તીવ્ર બન્યું. છેવટે ગુરુ વ્રજપાળ સ્વામીને વાત કરી. વ્રજપાળ સ્વામીએ એમની વાતનો સ્વીકાર કર્યો, પરંતુ પોતાની વૃદ્ધાવસ્થામાં જાહેરમાં કશો સ્વીકાર કે ફેરફાર શક્ય નથી એમ સ્પષ્ટ જણાવ્યું. પરંતુ સત્યશોધક તીવ્રાભિલાષી ધર્મસિંહસ્વામીનું મનોમંથન વધુ વેગ પકડતું ગયું. એ પછીના અંજારના ચાતુર્માસ દરમિયાન તેમણે મંદિરમાં દર્શન કરવા જવાનું ચાલુ કર્યું. એથી સમાજમાં ચકચાર થઇ. મોત સુધીની ધમકીઓ વારંવાર મળવા લાગી. પરિસ્થિતિ અસહ્ય થતાં ધર્મસિંહસ્વામી પોતાનો સમુદાય છોડી એકલા ચાલી નીકળ્યા. ભચાઉ જઇ જામનગર પહોંચ્યા અને ત્યાં ૧૯૬૦ માં કમલવિજયજી મહારાજના શિષ્ય વિનયવિજયજી પાસે ફરીથી સંવેગી દીક્ષા લીધી. એમનું નામ હવે 'ચારિત્ર્યવિજય' રાખવામાં આવ્યું.

મુનિશ્રી ચારિત્ર્યવિજયજી પોતાના ગુરુમહારાજ સાથે સૌરાષ્ટ્રમાં વિહાર કરવા લાગ્યા. વિ. સં. ૧૯૬૦ માં મુનિશ્રી પાલિતાણામાં આવ્યા ત્યારે એ દિવસોમાં શત્રુંજય તીર્થ ઉપર લાગો ધરાવનાર બારોટો તરફથી ગૃહસ્થ અને સાધુઓ–યાત્રાળુઓને ઘણી કનડગત થતી. બારોટોનો સામનો કરનાર સાધુઓને ક્યારેક મારવામાં પણ આવતા. એ દિવસોમાં એકવીસ વર્ષના યુવાન, સશક્ત ચારિત્ર્યવિજયજીએ એક દિવસ પોતાને મારવા આવતા નશામાં ચકચૂર બનેલા પચાસેક જેટલા બારોટોના જુથનો હાથમાં દાંડો લઇ હિંમતભેર સામનો કરી તેઓ બધાને ભગાડ્યા હતા. ત્યારથી બારોટોનું જોર નરમ પડયું હતું.

પોતાનો વિદ્યાભ્યાસ બધતાં ચારિત્ર્યવિજયજીને કાશી જઇ વધુ વિદ્યાભ્યાસ કરવાની ઇચ્છા થઇ. ગુરુમહારાજની આજ્ઞા મળી. એ દિવસોમાં જંગલોમાં થઇ કાશી સુધીનો વિહાર કરવો એ ઘણી કપરી વાત હતી. તો પણ અડગ મનના ચારિત્ર્યવિજયજીએ કાશી પહોંચી ત્યાં તે સમયે યશોવિજયજી જૈન પાઠશાળાની પ્રવૃત્તિથી પ્રખ્યાત બનેલા પૂજ્ય શ્રી વિજયધર્મસૂરિ સાથે રહી વિદ્યાભ્યાસ કર્યો અને એમની સાથે સમેતશિખરની અને આસપાસનાં બીજાં તીર્થોની યાત્રા પણ કરી.

ગુજરાતમાં પાછા ફરતાં ચારિત્ર્યવિજયનું એક જ સ્વપ્ન હતું : કાશી જેવી વિદ્યા સંસ્થા પાલિતાણામાં ઊભી કરવી. એ માટે એમણે વિ. સં. ૧૯૬૮ ના જ્ઞાન પંચમીના દિવસે પાલિતાણામાં 'યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળાનું' ઉદ્‌ઘાટન કર્યું. ત્યાર પછી આ સંસ્થાનું એમણે 'યશોવિજય જૈન ગુરુકુળ'માં રૂપાંતર કર્યું. આ સંસ્થા એમણે ભાડૂતી મકાનમાં થોડાક વિદ્યાર્થીઓ સાથે શરૂ કરાવી હતી, અને આ સંસ્થાના નિભાવ અને વિકાસ માટે એ કપરા દિવસોમાં એમણે ઘણાં વર્ષો સુધી તનતોડ મહેનત કરી. ચારિત્ર્યવિજયજીએ સ્થાપેલા યશોવિજય જૈન ગુરુકુળ દ્વારા અનેક વિદ્યાર્થીઓને જીવન ઘડતરની ઉત્તમ તક સાંપડી છે. જૈનસમાજની કેટલીક ઉત્તમ સંસ્થાઓમાં આજે પણ યશોવિજય જૈન ગુરુકુળની ગણના થાય છે. એ જ ચારિત્ર્ય વિજયજીનો જૈન સમાજ ઉપર કેટલો મોટો ઉપકાર છે તે દર્શાવે છે.

પૂ. ચારિત્ર્યવિજયજી મહારાજને યાદ રાખવા માટે એક જ પ્રસંગ બસ થશે. જીવદયાના ક્ષેત્રે જૈન સાધુઓ પોતાના

(વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૨૩)

વિરલ પ્રતિભા : શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

(છઠ્ઠા જૈન સાહિત્ય સમારોહમાં રજૂ થયેલો નિબંધ)

ડૉ. કુમારપાળ દેસાઈ

કાળનું સતત ફરતું ચક્ર પણ કેટલીક ઘટના અને વિભૂતિઓને લોપી શકતું નથી. વર્ષોના કેટલાય વંટોળ પસાર થઈ જાય તેમ છતાં સમયની રેતી પર પડેલાં એ પગલાં ભૂંસાઈ શકતાં નથી. આજથી બાણું વર્ષ પહેલાં અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં, પહેલીવાર અમેરિકાના નૂતન વિશ્વને, ભારતીય દર્શન અને ભારતીય સંસ્કૃતિનો દૃઢ અને તેજસ્વી ટંકાર અને રણકાર સંભળાયો. આ પરિષદમાં આવેલા ભારતના બે પ્રતિનિધિઓએ સ્વદેશના આધ્યાત્મિક વારસા પ્રત્યે જગતને જાગતું કર્યું. આમાં એક હતા સ્વામી વિવેકાનંદ, કે જેમની શિકાગો વિશ્વધર્મ પરિષદની કામયાબી આજેય સહુના હોઠે રમે છે. પરંતુ એથીય આધક સિદ્ધિ મેળવનારા જૈન ધર્મના પ્રતિનિધિ શ્રી વીરચંદભાઈ રાઘવજી ગાંધી હતા, પરંતુ ધરતીવડાઓને ભૂલી જનારો આપણો સમાજ વીરચંદભાઈનાં સિદ્ધિ અને સામર્થ્યને વિસરી ગયા છે. જે પ્રજા પોતાના ચેતનગ્રંથો જેવા સત્ત્વશીલ પુરુષોને વિસરી જાય છે એ પ્રજાની ચેતના કુંઠિત બની જતી હોય છે.

પણ ખેર! આજથી બાણું વર્ષ પહેલાની એ ઘટના પર પડેલો કાળનો પડદો હટાવીને નજર કરીએ. અમેરિકાના શિકાગો શહેરમાં મળેલી એ ધર્મ પરિષદમાં જુદા જુદા દેશના અને જુદા જુદા ધર્મના ત્રણ હજારથી વધુ પ્રતિનિધિઓ એકત્ર થયા હતા. એમાં એક હજારથી વધુ નિબંધોનું વાચન થયું. દસેક હજાર શ્રોતાજનોએ ભાગ લીધો. ઈ. સ. ૧૮૯૩ની ૧૧મી સપ્ટેમ્બર એનું ઉદ્‌ઘાટન થયું. વીરચંદ ગાંધી, સ્વામી વિવેકાનંદ, પા. સી. મજમુદાર જેવા વિદ્વાનો ભારતમાંથી ભાગ લેવા માટે આવ્યા હતા. આ ઐતિહાસિક ધર્મ પરિષદનો હેતુ હતો જગતને જુદા જુદા ધર્મોનું જ્ઞાન આપવાનો, સર્વધર્મના અનુયાયીઓ વચ્ચે માતૃભાવ પ્રગટાવવાનો અને એ રીતે એની નેમ હતી વિશ્વશાંતિ સ્થાપવાની.

ઓગણત્રીસ વર્ષના યુવાન વીરચંદ ગાંધીની વિદ્વત્તા અને વાકધારાએ સહુને સ્તબ્ધ કરી દીધા. માથે સોનેરી કિનારવાળી કાઠિયાવાડી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે ધોળી શાલ અને દેશી આકારવાળા જોડાં. એમના પહેરવેશમાં ભારતીયતાની છાપ હતી. આ યુવાનની વિદ્વત્તા, અભ્યાસશીલતા, તાટસ્થ્યવૃત્તિ અને વાકચાતુર્યથી વિશ્વ ધર્મ-પરિષદ મોહિત થઈ ગઈ. એક અમેરિકન અખબારે લખ્યું, 'પૂર્વના વિદ્વાનોમાં જે રોચકતા સાથે જૈન યુવકનું જૈનદર્શન અને ચારિત્ર સંબંધી વ્યાખ્યાન જેટલા રસથી શ્રોતાઓએ સાંભળ્યું એટલા રસથી તેઓએ બીજા કોઈ પૌર્વાત્ય વિદ્વાનનું સાંભળ્યું ન હતું.' વીરચંદભાઈએ જૈન ધર્મના સિદ્ધાંતોની અવા વિદ્વત્તાથી વાત કરી કે કેટલાક વર્તમાનપત્રોએ એમનું પ્રવચન અક્ષરશઃ પ્રગટ કર્યું. જૈન ધર્મની પારિભાષા સરળતાથી સમજાવવાની અનેરી ખૂબી એમની પાસે હતી. વાતને કે વિગતને તાર્કિક માંડણીથી સ્પષ્ટ કરવાની એમનામાં અનોખી ક્ષમતા હતી. એક બાજુ પોતાની વાતને સમજાવતા જાય અને બીજી બાજુ એ વિશેનું પોતાનું આગવું અર્થઘટન આપતા જાય. ભારતીય દર્શન સમજવા માટે સંસ્કૃત અને પ્રાકૃતનો અભ્યાસ જે પૂરતો ન હતો, પરંતુ ભારતની ગતકાલીન સંસ્કૃતિના સંદર્ભને આત્મસાત્ કરવાની જરૂર હતી. વીરચંદભાઈએ આ આત્મસાત્ કર્યું હતું. આથી જ કર્યાક એ જૈન લાગે છે કર્યાક હિંદુઓની તરફદારી કરે છે, પણ બધે જ, એ ભારતીય લાગે છે.

એમની વાણીમાં પોથીપંડિતનું શુષ્ક પાંડિત્ય નહોતું, પરંતુ ઊંડા અભ્યાસની સાથે ફૂંફાળી લાગણી અને ભાવનાઓનો સ્પર્શ હતો. વિવેકાનંદ અને વીરચંદ રાઘવજી ગાંધીની વિચારસરણીમાં અનેકાન્તના ઉપાસકની વ્યાપકતા અને સર્વગ્રાહી દૃષ્ટિ જોવા મળે છે, અમેરિકામાં એમણે માત્ર જૈનદર્શન પર જ પ્રવચનો આપ્યાં નથી, પરંતુ સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વેદાંતદર્શન અને બૌદ્ધ દર્શન વિશે પ્રવચનો આપ્યાં છે, જ્યારે સ્વામી વિવેકાનંદનાં એ સમયના પ્રવચનોમાં હિંદુ ધર્મ તરફ વિશેષ ઝોક જોવા મળે છે, અને બૌદ્ધ ધર્મની આકરી ટીકા પણ મળે છે, આમ છતાં આ બંને સમર્થ પુરુષોએ એકબીજાના પૂરક બનીને, વિદેશમાં ભારતીય દર્શનોની મહત્તા બતાવી છે.

વીરચંદ રાઘવજી ગાંધીએ સદાય સત્યનો પક્ષ લીધો. એમની નિખાલસતા, પ્રામાણિકતા અને જીવનવ્યવહારની પવિત્રતા સહુને સ્પર્શી જતા હતા. આ ધર્મ પરિષદમાં રેવરન્ડ જ્યોર્જ એફ. પેન્ટેકોસ્ટ નામના લંડનના પ્રતિનિધિએ ભારતની દેવદાસીની પ્રથાની ટીકા કરીને હિંદુ ધર્મને ઉતારી પાડ્યો હતો. હિંદુ ધર્મની આ ટીકાનો બચાવ કરનાર એકમાત્ર વીરચંદ ગાંધી હતા. એમણે કહ્યું કે મારા ધર્મની ટીકા કરવાની હિંમત કોઈએ કરી નથી તેથી હું આનંદ અનુભવું છું. પણ મારા સમાજની જે ટીકા થઈ તેનો મારે જવાબ આપવો જ રહ્યો. વીરચંદ ગાંધીએ પડકાર ફેંકતાં કહ્યું 'આ એ હિંદુ ધર્મ છે જેને માટે ગ્રીસના ઇતિહાસકારોએ નોંધ્યું છે કે કોઈ હિંદુ કયારેય અસત્ય બોલતો જાણ્યો નથી. અને કોઈ હિંદુ સ્ત્રીને કયારેય અપવિત્ર જાણી નથી.'

આટલું કહ્યા બાદ વીરચંદ ગાંધી સભાને સામો પ્રશ્ન કરે છે–'Even in the present day, where is the chaster woman or milder man than in India ?'

નોંધપાત્ર બાબત એ છે કે વીરચંદ ગાંધીને અમેરિકા અને ઇંગ્લેન્ડના અનેક ખ્રિસ્તી સજ્જનો સાથે ગાઢ મૈત્રી હતી, આમ છતાં એમણે ભારતમાં વકરાળ પ્રવૃત્તિ કરતા ખ્રિસ્તી મિશનરીઓની નિર્ભિકતાથી ટીકા પણ કરી. 'India's Message to America' અને 'Impressions of America' જેવા લેખોમાં એમણે અમેરિકાના લોકો પ્રત્યે પોતાનો ફૂંફાળો પ્રતિભાવ આપ્યો છે, પણ બીજી બાજુ 'Have christian Missions to India been Succesful જેવા લેખોમાં પાદરીઓની વકરાળ પ્રવૃત્તિની કડક આલોચના કરી છે. એમણે કહ્યું કે તમે તમારા મિશનરીઓ પાસેથી સાંભળ્યું હશે કે ભારતના લોકો કેટલા ગંદા, ચારિત્ર્યહીન અને લુચ્ચા છે. પણ તમે કયારેય એ મિશનરીઓ પાસેથી, જેઓ માનવજાતને પ્રભુનો સંદેશો આપનારા કહેવાય છે એમની પાસેથી, ભારતમાં હિંદુઓ પર થતા જુલમની વાત સાંભળી છે ? ભારતમાં સારું અનાજ મળી રહે તે માટે લિવરપુલ અને મેંચેસ્ટરના માલ પર સરકારે કોઈ જકાત નાંખી નથી, જ્યારે બીજી બાજુ ખર્ચાળ સરકાર ચલાવવા માટે મીઠા પર બસો

ટકા વેરો નાખ્યો છે તે વાત તમારા મિશનરીઓએ તમને કહી છે ખરી? એ પછી શ્રી વીરચંદ ગાંધી આકરો પ્રહાર કરતા કહે છે–

If they have not, whose messengers you will call these people who always side with tyranny, who throw their cloak of hypocritical religion over murders and all sorts of criminals who happen to belong to their religion or to their country?'

શિકાગોની આ વિશ્વધર્મ પરિષદમાં વીરચંદભાઈએ જૈન ધર્મની સંક્ષિપ્ત પણ સચોટ રજુઆત કરી. એમણે જૈન ધર્મને બે ભાગમાં સમજાવ્યો. એક જૈન તત્ત્વજ્ઞાન અને બીજો ભાગ તે જૈન નીતિ, નવતત્ત્વ, છ પ્રકારના જીવો, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયસાપેક્ષ જૈનદર્શનની સૂક્ષ્મ વિચારસરણી, સ્યાદ્વાદ વગેરે તત્ત્વજ્ઞાનની બાબતો રજૂ કરીને સહુને મુગ્ધ કર્યા. જૈનાચારની વિશેષતા સમજાવી જૈન નીતિની ચર્ચા કરી. વિશ્વના અસ્તિત્વને લગતા પ્રશ્નની તુલનાત્મક ચર્ચા કરતી વખતે એમણે બૌદ્ધ ધર્મ અને અન્ય ધર્મો સાથે તુલનાત્મક અવેષણા કરી. જૈન ધર્મ બૌદ્ધ ધર્મથી પ્રાચીન છે એ તથ્યનું પ્રતિપાદન કર્યું. આ બધાને પરિણામે જૈન ધર્મ એ એક પ્રમાણયુક્ત અને બુદ્ધિવાદી ધર્મપ્રણાલી છે એવું સત્ય સહુને લાગ્યું. આ નવીન સમજ અંગેનો આનંદ પ્રગટ કરતાં એક અમેરિકને વીરચંદભાઈ વિશે એવો અભિપ્રાય આપ્યો કે 'ધર્મોની લોકસભામાં અનેક તત્ત્વચિંતકો, ધર્મોપદેશકો અને વિદ્વાનો હિંદુસ્તાનથી આવીને બોલી ગયા અને તે દરેકે કાંઈ ને કાંઈ નવી દૃષ્ટિ રજૂ કરી; ધર્મોના આ મિલનમાં નવું તત્ત્વ ઉમેરતા ગયા, જેથી તે દરેકનો ધર્મ જગતના મોટા ધર્મોની હરોળમાંનો એક છે એવું લાગ્યા વગર રહે નહિ. ઉપરાંત એમના વાકછટા અને ભક્તિભાવ પણ વિશિષ્ટ પ્રકારનાં માલુમ પડ્યાં. એમાંથી ભારોભાર પંડિત્ય અને ચિંતન-મનન સાંપડ્યાં, તેમ છતાં એ બધામાંથી તરી આવતા જૈન ધર્મના એક યુવાન ગૃહસ્થને સાંભળવાથી નીતિ અને ફિલસૂફીની નવા પ્રકારની ભાળ લાગી. આમ તો તેઓ માત્ર ગૃહસ્થ કુટુંબના સજ્જન છે, કોઈ સાધુ-મુનિ કે ધર્માચાર્ય નથી, છતાં આટલું સરસ પ્રતિપાદન કરી શકે છે ત્યારે એમના ગુરુઓ કેવા હશે? એમની સાદી પણ સચોટ જીવનધર્મ ફિલસૂફી જરૂર સમજવા–જાણવા જેવી છે.'

શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનાં જૈન ધર્મ વિષયક પ્રવચનોની એક બીજી વિશેષતા એ છે કે એમણે પરધર્મની ટીકાનો આશરો લીધો નથી. જીવનમાં અહિંસા અને વિચારમાં અનેકાન્તની ભાવના ધરાવનાર સાચા જૈનને જોઈ આપે તેવી, સાંપ્રદાયિક આગ્રહો અને પૂર્વગ્રહોથી મુક્ત એવી તટસ્થ એમની વિચારસરણી છે. શુદ્ધ અંગ્રેજી ભાષા, સ્વાભાવિક રજૂઆત અને તલસ્પર્શી અભ્યાસનો ત્રિવેણી સંગમ એમનાં પ્રવચનોમાંથી પ્રગટે છે. એમનામાં ધર્મપ્રચારકની ખગશ છે. પણ એ ખગશ આડંબર કે સપાટી પરની બની રહી નથી. ધર્મપ્રચારના ઉત્સાહની સાથે અભ્યાસશીલતાનું સમીકરણ થતાં એમનાં વકતવ્યો, સુશિક્ષિત અમેરિકન સમાજને સ્પર્શી ગયા હતા. એમણે 'The yoga Philosophy', 'The Jain Philosophy' જેવા પુસ્તકો આપ્યાં છે, પરંતુ એમનું ઉત્તમ પ્રદાન તો, 'The Karma Philosophy' ગણાશે. જેમાં જૈન ધર્મની કર્મ ભાવનાની છણાવટ કરતી વખતે એમની ઊંડી અભ્યાસ-નિષ્ઠા અને જાગૃત ધર્મભાવનાનો માર્મિક પરિચય મળે છે.

(ક્રમશ:)

પ્રતિનિધિત્વ અંગે વિચારણા

❖ ડા. કાંતિલાલ શાહ

આપણી ચૂંટણીઓમાં જે પ્રતિનિધિઓને આપણે ચૂંટીએ છીએ તેમના પ્રતિનિધિત્વ બાબત મારી ફરિયાદ એવી છે કે આપણું બંધારણ ઘડનારાઓએ 'પ્રતિનિધિ' ની વ્યાખ્યા આપી નથી. માનો કે એક મત-વિસ્તારમાં હજાર મતદાર છે, ને એમના તરફથી એક પ્રતિનિધિ લોકસભામાં મોકલવાનો છે, તો આ હજાર મતદારોનું પ્રતિનિધિત્વ કરવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા કેટલા મત મેળવવા જોઈએ? સાચો લોકપ્રતિનિધિ બનવા માટે એણે ઓછામાં ઓછા અઢીસો કે બસો મત મેળવવા જ જોઈએ. આટલા લોકો પણ એને મોકલવા ઇચ્છે નહિ તો એ પ્રતિનિધિ બની શકે જ નહિ એવું કાયદામાં હોવું જોઈએ. વર્તમાન ચૂંટણીધારામાં આવું નથી તે મોટામાં મોટી ખામી છે એવો મારો નમ્ર મત છે. હું આપણા બંધારણનો અભ્યાસી નથી. દેશવિદેશના બંધારણનું મને કંઈ જ જ્ઞાન નથી. માત્ર એક સામાન્ય નાગરિકની હેસિયતથી હું આ સૂચન કરું છું અને આપણા નિષ્ણાતોને નમ્ર વિનંતિ કરું છું કે તેઓ આ બાબત વિચારે અને આ પ્રશ્ન પર પ્રકાશ પાડે.

શ્રી રાજીવ ગાંધી વડા પ્રધાનપદે આવ્યા પછી પક્ષપલટા વિરોધી બિલ પસાર થઈ ગયું. તેઓ ચૂંટણી સુધારાની પણ વાતો કરે છે, તો અતિ મહત્ત્વની આ બાબત પર આપણે બધા વિચાર કરીએ એવી મારી નમ્ર વિનંતી છે. વર્તમાન ધારા મુજબ કોઈ ઉમેદવારની ડિપોઝિટ જપ્ત થાય એવી જે જોગવાઈ છે તે વર્તમાન સંદર્ભમાં હાસ્યાસ્પદ લાગે છે. ચૂંટણી પાછળ અબજો લાખો રૂપિયાના હિસાબે આ ડિપોઝિટની રકમની કિંમત કાનખજૂરાના પગ જેટલી પણ નથી. ઉમેદવારને સાચો પાઠ ભણાવવો હોય તો એણે ઓછામાં ઓછા કેટલા મત મેળવવા પડે તે સંખ્યા અગર તેની ટકાવારી નિશ્ચિત હોવી જ જોઈએ. આ ટકાવારી પચીસ હોય કે વીસ હોય, કે પંચ હોય તે સંસદ નક્કી કરે.

આપણે છાપામાં કેટલીકવાર વાંચીએ છીએ કે અમુક ગામોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો અથવા બહિષ્કારની ધમકી આપી હતી (દા. ત. 'રસ્તો નહિ તો વોટ નહિ' ઇત્યાદિ). આવો બહિષ્કાર વર્તમાન નિયમો નીચે વાજિબી રહે છે અને હાસ્યાસ્પદ નીવડે છે. ઉમેદવારો મૂછમાં હસતા હોય છે. બહિષ્કાર રૂપી શસ્ત્ર સફળ ત્યારે જ થઈ શકે જ્યારે ઉમેદવારે મેળવવાની ઓછામાં ઓછી મતસંખ્યા નિશ્ચિત થયેલી હોય. પ્રજાના હાથમાંથી જાણ્યે અજાણ્યે આ શસ્ત્ર ઝૂંટવી લેનાર વર્તમાન ચૂંટણી ધારાના ઘડનારાઓની હું આ મર્યાદા સમજું છું. આપણી આઝાદી મેળવી આપનાર સાધનોમાં બહિષ્કાર એ અત્યંત સબળ સાધન હતું. આ સાધન નિષ્ક્રિયતાને બનાવે એવા બંધારણને આઝાદ ભારતે કેવી રીતે આટલાં વરસ ચલાવી લીધું છે તે મારે મન આશ્ચર્યની બલકે ખેદની વાત લાગે છે.

માતૃત્વ અને મમતાને જગાડતું હાલરડું

મનોજ્ઞા દેસાઈ

'ગોળ વિના મોળો કંસાર
બાળ વિના સૂનો સંસાર.'

માતા વિના જેમ બાળકને માટે–તેમ બાળ વિના માતાને માટે–બાળ વિના એક સ્ત્રીને માટે.

અત્યાર સુધી ઘણાં ચલચિત્રો આવી ગયાં છે આ જ વિષય પર. 'લોરી'માં પણ વિષયવસ્તુ એ જ છે, પણ એની માવજત સુંદર છે.

માતૃત્વની પ્રાપ્તિ વિના એક સ્ત્રીનું જીવન અધૂરું કહેવાય કે નહીં એ પ્રશ્નને એના તાર્કિક સીમાડાઓમાં જ રાખીએ તો બાળક ન હોવાથી એક અધૂરપનો અનુભવ તો સ્વાભાવિક ગણી શકાય, ખાસ કરીને આપણા સમાજમાં. પરદેશમાં–ખાસ કરીને પશ્ચિમના દેશોમાં પણ અનેક બાળકો દત્તક લેવાય છે, જેના પરથી બાળક પ્રત્યેની તેઓની ઉત્કંઠા જણાય છે. બાળક એટલે બાળક! એના વિનાનું ઘર સૂનું લાગે, પછી એ ઘર દુનિયાના કોઈ પણ ભાગમાં હોય!

'લોરી'ની નાયિકા છે ગીતા. એને શરૂઆતથી જ બાળકો ખૂબ જ ગમે છે. એ શાળામાં શિક્ષિકા છે. પિકનિક પર એક બાળકને અકસ્માતમાંથી, જાનનું જોખમ ખેડીને બચાવનાર યુવક સાથે એ લગ્ન કરે છે.

પહેલી વાર જ્યારે એ માતા બનવાની હોય છે ત્યારે અકરમાત પડી જાય છે. અને એ બાળક અને ફરી મા બનવાની ક્ષમતા ગુમાવે છે. પોતાની આ સ્થિતિ એને માટે સહ્ય નથી. બાળક એના જીવનની અનિવાર્યતા છે. એ હતાશ થઈ જાય છે અને જીવનમાંથી એનો રસ બાળક ન પામી શકવાની નિરાશાથી શોષાતો જાય છે.

એનો પ્રેમાળ પતિ એના મનને શાંતા આપવાના અને પ્રસન્ન કરવાના અનેક ઉપાયો કરે છે. એને ફરવા લઈ જાય છે પણ વ્યર્થ. ગીતાની માનસિક સ્વસ્થતા પર આની અસર થશે એમ માનીને માનસ ચિકિત્સકની પણ સલાહ લે છે.

બાળક દત્તક લેવાના ઉપાયો વિચારે છે. સંજોગવશાત્ એ પ્રયત્નો પણ નિષ્ફળ જાય છે.

ગીતા એક વખત બસમાં જતી હોય છે ત્યારે એક દંપતી બસમાં ચડે છે, જેમને બાર સંતાનો છે. બારેબાર બસમાં ચડે તો છે પણ છેલ્લે સૌથી નાનો 'લડ્ડુ' ઊંધતો હોવાથી બસમાં રહી જાય

ગીતા 'લડ્ડુ'ને પોતાને ઘેર લઈ જાય છે. એને પોતાની જ પાસે રાખવાનો નિર્ણય કરે છે. એનો પતિ એને આ ગુનો ન કરવા સમજાવે છે પણ ગીતાનું માતૃત્વ હવે કાયદાના નિયમોને ઓળખતું નથી. એ અજ્ઞાન છે. એ જાણે છે કે કોઈના બાળકને પોતાની પાસે આમ રાખવું એ ગુનો છે. એ જાણે છે કે આ બાળક હંમેશ માટે પોતાનું નથી પણ એ ગુનાહિત બનીને પણ પોતાના માતૃત્વના પૂરના ટીપેટીપામાં લડ્ડુને તરબોળ કરી દેવા ઇચ્છે છે. વર્ષોથી પાણીની તરસ હતી–આમ અનાયાસે મળી ગયેલા અમૃતકુંભને આમને આમ જવા દેવા એ તૈયાર નથી. 'એ લોકોને તો બીજાં અગિયાર છોકરાં છે.' એવી દલીલ સામે જ્યારે એનો પતિ એને સમજાવે છે કે, 'એનો અર્થ તો એમ કે જે માને ઘણાં બાળકો હોય એને દરેક માટે લાગણી જ ન હોય.' –ત્યારે એ 'લડ્ડુ'ના ઘરની પરિસ્થિતિ જોવા જાય છે.

એનાં માતા–પિતા અને ભાઈ–બહેન એના વિના દુઃખી છે. પણ એ ઘરની ગરીબી જોઈને લડ્ડુને પોતાની પાસે રાખવાનો નિશ્ચય એ દૃઢ કરે છે. જેટલા દિવસ લડ્ડુ એની પાસે છે એટલા એના દિવસ સોનાના બની જાય છે. એનું જીવન લડ્ડુમય બની જાય છે. એનો પતિ આ સુખની ક્ષણભંગુરતા સમજે છે પણ એનું આ સુખ ખૂંચવી લેવાની એનામાં પણ હિંમત નથી. એને સ્વપ્નોની દુનિયામાં રાચવાનું મળ્યું છે, એમાંથી વાસ્તવિકતાની ભૂમિ પર એને ખેંચી લાવતાં એનો જીવ પણ નથી ચાલતો. એ માનસિક સ્વસ્થતા ખોઈ બેસે એવો પણ એને ભય લાગે છે.

'લડ્ડુ' ને માટે શોધખોળ ચાલુ છે. પોલીસમાં પણ ફરિયાદ ગઈ છે. છાપામાં, ટી. વી. પર બધે જ જાહેરાતો અપાઈ છે. હવે આડોશી–પાડોશીને 'આ કોણ છે?' એ પ્રશ્નનો જવાબ દેવાનું બહુ અઘરું બન્યું છે. જૂહુ ફરવા જતાં લડ્ડુનું મૂળ કુટુંબ લડ્ડુને જ દેખાય છે. એ મોટીબેનને સ્વાભાવિક રીતે બૂમ પાડે છે અને દોડાદોડી શરૂ થાય.

પોલીસ પણ ગીતાની પાછળ પડે છે. પોતાને મા મળેલી આ મહામૂલી ચીજ પોતાની છાતીથી વિખૂટી ન પડે એ જોવા માટે ગીતા મરણિયા પ્રયત્નો કરે છે.

અંતે એ પકડાય છે. લડ્ડુ પાછો એનાં મૂળ માતા-પિતાને સોંપાય છે અને ગીતા પર કેસ ચાલે છે. 'માસ મીડિયા'ને કારણે આ કિસ્સો જાણીતો બને છે અને શહેરમાં પણ ચકચાર જાગે છે.

ગીતા ગુનેગાર ગણાય કે નહીં? એ પ્રશ્ન મુખ્ય છે. આ ચકચારના પરિણામે ગીતા પર અનેક પત્રો આવે છે. પત્ર–લેખકો પોતાનાં બાળકને ગીતાને સોંપી દેવા માટે ગીતાને માતા બનાવવા માટે તત્પરતા દાખવે છે. કેસ ચાલે છે એ દરમિયાન લડ્ડુના માતાપિતાને પણ આખી વાતની જાણ થાય છે. ગીતા નિર્દોષ છૂટે છે અને લડ્ડુનાં માતા–પિતા આવીને 'લડ્ડુ'ને આપી છે. લડ્ડુ ગીતાને 'મા' કહીને બોલાવે છે. ગીતાના આ પરમ સંતોષ અને આનંદની ક્ષણે 'લોરી' સમાપ્ત થાય છે.

આ ચિત્રમાં ગીતાએ જે કર્યું" એ યોગ્ય તો નહોતું જ. જીવનમાં કોઈ પણ વસ્તુ માટે આટલી બધી તીવ્ર અભીપ્સા યોગ્ય લેખાય? અનેક લોકો બાળકો વિના પણ આનંદથી નથી રહી શકતાં? આ ફિલ્મમાં જ ગીતાના પતિનો મિત્ર અને તેની પત્ની બાળક વિના ખૂબ આનંદથી જીવે છે. બાળક જીવનની અનિવાર્યતા ગણાય?

સંયુક્ત કુટુંબોમાં કદાચ આ સમસ્યા આટલી ઉગ્ર ન બને. શરદબાબુની વાર્તાઓમાં આવતું'તું એ પ્રમાણે સ્ત્રીને પોતાને બાળક ન હોય તો કુટુંબમાં કોઈના બાળક પર પોતાનો મમતાકળશ સીધી કે આડકતરી રીતે ઢોળવાની તક–છૂટ એને મળે. આપણે ત્યાં માતું સ્થાન કાકી, માસી, ફોઈએ લીધાંના ઘણાં દાખલા જોવા મળશે.

'લોરી' એટલે હાલરડું. મા સુંદર રીતે ગાય અને બાળક નિર્ભય બનીને શાં...તિથી સૂઈ જાય. બન્નેને માટે આ એક અનુભૂતિ છે, નકરી અનુભૂતિ. એમાં હાલરડાના શબ્દથી બાળક ઊંઘી ગયું કે તાલથી–એનું કોઈ પક્ષે વિશ્લેષણ નથી. એ જ રીતે આ માતૃત્વની ઝંખના એ પણ એક અનુભૂતિ છે–સ્ત્રીની. ગમે એટલા વિશ્લેષણો છતાં એ સ્ત્રીના અસ્તિત્વની સાથે જ જન્મી છે અને એના અસ્તિત્વ સુધી એમાં જ વણાયેલી રહેશે.

જૈન ચિત્રકળા વિશે 'માર્ગ'નો વિશેષાંક

— ગુલામ દેઢિયા

તાતા ગ્રુપ તરફથી અંગ્રેજીમાં 'માર્ગ' નામે કળા વિષે ખ્યાતનામ ત્રૈમાસિક-સામયિક પ્રસિદ્ધ થાય છે. જેનો વૉલ્યુમ ૩૬ નંબર : ૩નો વિશેષાંક 'ધી આઇકૉનિક એન્ડ ધી નેરેટિવ ઇન જૈન પેઇન્ટીંગ' (જૈન ચિત્રકળામાં પ્રતિમાવિધાન અને વર્ણન) નામે પ્રકાશિત થયો છે.

'માર્ગ'ના આ વિશેષાંકમાં ઘણાં બહુરંગી અને સાદા ચિત્રો છે. ઇ. સ ૧૪૫૦ નું ચિત્ર છે. તીર્થંકર અને આઠ પવિત્ર પ્રતીકો, મરુદેવીમાતાએ જોયેલાં ચૌદ સ્વપ્નો, ઇન્દ્રે મોકલાવેલ ૫૬ દિક્કુમારીઓ, ઋષભદેવનો જન્મ, તે નિમિત્તે નગરમાં ઉત્સવ, આઠ દિશાઓની પૂજા, સમોવસરણ વગેરેના ચિત્રો પુસ્તકમાં આગળ પાછળ આપવામાં આવેલ છે.

પુસ્તકના પ્રવેશકમાં મહાવીર સ્વામી અને તેમનો ઉપદેશ, શ્વેતામ્બર અને દિગંબર પરંપરા, શાસ્ત્રો લખાયાની શરૂઆત વગેરેનો પરિચય આપવામાં આવ્યો છે.

પ્રવેશક પછી પ્રથમ પ્રકરણ હસ્તપ્રત પરંપરા વિશે છે. પાટલીપુત્ર, મથુરા અને વલ્લભીમાં મળેલી સાધુ પરિષદો અને શાસ્ત્રોનું લેખન કઇ રીતે શરૂ થયું તેની વાત છે. આ પ્રકરણમાં હસ્તપ્રતો કેવી હોય, કઇ રીતે લખાય, તેની શાહી અને કલમ લખવાની રીત, અક્ષરોના મરોડ વગેરે ચિત્રો આપી સમજાવવામાં આવેલ છે.

બીજું પ્રકરણ લઘુ ચિત્રકૃતિઓ વિશેનું છે. આઠમી સદીમાં લખાયેલ 'કુવલયમાલા' નામના પ્રાકૃત ગ્રંથમાં સુંદર ચિત્રો આલેખાયેલાં જોવા મળે છે. 'માર્ગ'ના આ લેખમાં નોંધવામાં આવ્યું છે કે માત્ર પશ્ચિમ ભારતની જૈન પરંપરાએ ઇ. સ. ૧૦૫૦ થી ઇ. સ. ૧૭૫૦ સુધી અખંડિત રીતે ચિત્રકળાને જીવંત રાખી છે, જે પૂર્વ ભારતની શુદ્ધ પરંપરા ન જાળવી શકી. આ પ્રકરણની સાથે આઠ પાનાં ભરીને ૨૧ જેટલાં બહુરંગી ચિત્રો આપવામાં આવેલ છે. જે જૈન ટ્રસ્ટ-જેસલમેર, મ્યુઝિયમ અને પિક્ચર ગૅલેરી-વડોદરા, લાલભાઇ દલપતભાઇ પ્રાચ્ય વિદ્યામંદિર-અમદાવાદની હસ્તપ્રતોમાંથી લેવામાં આવ્યાં છે, જેમાં ઋષભદેવ, જૈન પ્રતીકો, શ્રી અને કામદેવ, સરસ્વતીદેવી, ગજલક્ષ્મી, સમોવસરણ, ભરત અને બાહુબલિ વચ્ચેની લડાઇ, નેમિકુમારનું જીવન, પાર્શ્વનાથનું જીવન વગેરેની લઘુ ચિત્રકૃતિઓ છે.

આ ચિત્રો ગુજરાત-રાજસ્થાનની પશ્ચિમ ભારતીય પદ્ધતિએ ઇ. સ ૧૦૬૦થી ઇ. સ. ૧૪૦૦ની વચ્ચે તાડપત્ર અને ભોજપત્ર ઉપર હસ્તપત્રોમાં આલેખાયેલા છે.

ઇ. સ. ૧૩૫૦ પછી ગુજરાત-રાજસ્થાન શૈલી ઉપરાંત દિલ્હી અને ગ્વાલિયર શૈલીનાં ચિત્રો પણ આ વિશેષાંકમાં મૂકવામાં આવ્યાં છે. આ બન્ને શૈલીનાં ચિત્રો જોતાં ચિત્ર ક્રમનો ભેદ તરત નજરે ચડે છે.

ઇ. સ. ૧૩૫૦ની આસપાસ કલ્પસૂત્ર અને કાલકાચાર્ય-કથાની ચિત્રમય હસ્તપ્રતો તાડપત્ર અને કાગળ ઉપર મળી આવે છે. ઇ. સ. ૧૪૫૦ થી ઇ. સ. ૧૫૫૦ માં જે પ્રાદેશિક અસર જોવા મળે છે, તેની વાત આ પ્રકરણમાં વિગતવાર કરવામાં આવે છે. તે વખતના મુસ્લિમ સામ્રાજ્યની અસર, તે સમયની ચિત્રશૈલી, તે વખતે વપરાતી શાહી, રંગ, લેખનનો મરોડ વગેરેની વાત કરવામાં આવી છે. અહીં રાષ્ટ્રીય મ્યુઝિયમ-નવી દિલ્હી, ડેલાનો ઉપાશ્રય-અમદાવાદ, પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ-મુંબઇ અને દિગંબર જૈન નયા મંદિર-જૂની દિલ્હીમાં સંગ્રહાયેલી હસ્તપ્રતોમાંના ચિત્રો આપવામાં આવ્યાં છે.

એક આખું પ્રકરણ 'કલ્પસૂત્ર' વિશે છે. કલ્પસૂત્રના કથાવસ્તુની વિગતે વાત તો કરવામાં આવી જ છે, સાથોસાથ કલ્પસૂત્રનાં ૨૯ જેટલાં ચિત્રો આપવામાં આવ્યાં છે. પુસ્તકને અંતે જૈન પારિભાષિક શબ્દોના અર્થ આપવામાં આવ્યા છે.

ડૉ. સરયૂ દોશી 'માર્ગ'નાં તંત્રી છે. આ અંકની કિંમત ૬૫ રૂપિયા છે. ('માર્ગ' પબ્લિકેશન્સ, આર્મી એન્ડ નેવી બિલ્ડીંગ, ત્રીજે માળે, ૧૪૮; મહાત્મા ગાંધી રોડ, મુંબઇ-૪૦૦ ૦૨૩).

સાચવી રાખવાનું મન થાય એવો માતબર વિશેષાંક છે. જૈન ચિત્રકળામાં રસ લેનાર દરેકને પસંદ પડશે. 'માર્ગ' અને તેના તંત્રી અભિનંદનને પાત્ર છે.

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ ના અનુસંધાને)

(ફૉર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧.	પ્રસિદ્ધિનું સ્થળ	: રસધારા કો. ઓ. હા. સોસાયટી,
		: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૨.	પ્રસિદ્ધિનો ક્રમ	: દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩.	મુદ્રકનું નામ	: ચીમનલાલ જે. શાહ
	કયા દેશના	: ભારતીય
૪.	ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૪.	પ્રકાશકનું નામ	: ચીમનલાલ જે. શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી,
		: ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઇ-૪
૫.	તંત્રીનું નામ	: ડૉ. રમણલાલ ચી. શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૬.	માલિકનું નામ અને	: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ,
	સરનામું	: ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ-૪

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૩-'૮૫ રમણલાલ ચી. શાહ

કર્મ માર્ગ

તનસુખ ભટ્ટ

(સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન્ કૃત ગીતાની અંગ્રેજીમાં પ્રસ્તાવનાના આધારે)

કોઇ પણ ગ્રંથના હેતૂનો નિર્ણય કરતાં પહેલાં તેના ઉપક્રમ (આરંભ) તથા ઉપસંહાર (અંત) નો પ્રશ્ન આપણે જોવો જોઇએ. ગીતાનો આરંભ એક સમસ્યા વડે થાય છે. અર્જુનનો ચિત્તપલટો કરાવવાનો ગીતાનો આશય છે. કર્મ બહેતર છે કે કર્મત્યાગ એવો પ્રશ્ન અર્જુન ઉઠાવે છે અને આખરે કર્મ બહેતર છે એવા નિર્ણય ઉપર તે આવે છે. આ કારણે ગીતા કર્મ કાજે અનુશાસન છે, પ્રવૃત્તિ કાજેનો પરવાનો છે. માત્ર સામાજિક માનવી તરીકે નહિ પણ આધ્યાત્મિક વ્યકિત તરીકે મનુષ્યે કેવું આચરણ કરવું જોઇએ તે વાતની સમજણ ગીતા આપે છે. સ્મૃતિઓમાં વર્ણવાયેલી વિધિવિધાનયુકત ધાર્મિક ક્રિયાઓની તેમજ ત્યાગના તત્ત્વની તે ઠીક ઠીક પ્રમાણમાં છણાવટ કરે છે. હિંદુ તત્ત્વજ્ઞાને અગમ અગોચર પાછળ હદ બહારની લાંબી લાંબી ચર્ચાઓ કરી છે તથા સંસારની સળગતી સમસ્યાઓ તરફ બેદરકારી દાખવવા બદલ તે ગુનેગાર છે એમ માની લેવું તે ચોખ્ખી ભૂલ છે. આપણા આંગણમાં જ્યારે ગરીબો ભૂખ્યા, તરસ્યા, વસ્ત્રવિહોણા મરતા હોય ત્યારે વ્યકિતનિષ્ઠ ધર્મના આંતરિક ગહન પ્રદેશમાં ખોવાઇ જવાનું આપણને પાલવે નહિ, ગીતા આપણને સંસારમાં રહેવાનું અને તેનું રક્ષણ કરવાનું શિક્ષણ આપે છે.

કર્મની સમસ્યાની અતિ સૂક્ષ્મતા દર્શાવતાં ગીતાકાર કહે છે ગહના કર્મણો ગતિઃ । કર્મથી અળગા રહેવું આપણે માટે શકય નથી. પ્રકૃતિ સદાય ઊર્ધ્વમશીલ છે. તેની પ્રક્રિયાને રોકી શકાય છે એમ જો આપણે માની બેસીએ તો મૂઢ જ ઠરીએ. તે જ રીતે કર્મમાંથી ઉપરામ પણ ઇચ્છવા જેવો નથી. જડતા તે સ્વતંત્રતા નથી. વળી કર્મની બંધનકારકતા તેના આચરણમાં જ આવી જતી નથી પરંતુ જે ઇચ્છાથી કે હેતુ વડે કર્મ આચરાય છે તેમાં તે સમાયેલી હોય છે. સાક્ષાત કર્મનો ત્યાગ અભિપ્રેત નથી પણ કર્મની પ્રેરક મનોદશા વિષે તે ઉદ્દિષ્ટ છે. ત્યાગ એટલે તૃષ્ણાનો અભાવ. કર્મ જ્યાં સુધી તે જીવને જકડે છે. આપણું વર્તન ચાહે તેટલું પરમાર્થી કેમ ન હોય પરંતુ જો આપણું જીવન અજ્ઞાન પર આધારિત હોય તો આપણું વર્તન આપણને બંધનમાં જ નાખશે. ગીતા તૃષ્ણાને સ્થાને અનાસકિત શિખવે છે, નહિ કે કર્મનો ત્યાગ.

ગીતાએ લોકસંગ્રહ ઉપર આપેલો ભાર આપણા જીવનના આખા યે માળખાને બદલવા ચાહે છે. ગીતા આપણને માનવબંધુતા ઉપર ભાર દેવા કહે છે. જો આપણે ગીતાબોધ્યા આદર્શ પ્રમાણે અનાસકિતપૂર્વક, સમર્પણમય અને શ્રદ્ધે પ્રતિ યે પ્રેમાળ આચરણ કરીએ તો જગતને બખેડામાંથી બચવામાં અને સંગ્રામોમાંથી સહીસલામત રહેવામાં આપણે સહાયતા કરી શકીએ.

ભગવદ્ગીતા આપણને એવો ધર્મ આપે છે જે વડે કર્મના નિયમની તથા કર્મ-કર્મફળના વ્યવસ્થાતંત્રની પેલે પાર પહોંચી શકાય. આ વિશ્વની વ્યવસ્થામાં વિશ્વાતીત હેતુનો કોઇ વૈર હસ્તક્ષેપ નથી કે તેના તરંગીપણાનો કોઇ અંશ નથી. ગીતાના ઉપદેશક એવા વાસ્તવિક જગતનો સ્વીકાર કરે છે જ્યાં કર્મનો કાયદો પ્રવર્તતો નથી. આપણે જો તે જગત સાથે સંબંધ જોડી શકીએ તો આપણો અંતરાત્મા સંપૂર્ણ સ્વાધીન બની શકે. તે ઉપરાંત આ પ્રયોગાત્મક સંસારના રોગિષ્ઠ અધ્યક્ષયમાં કર્મશૃંખલાને અહીં ને આ ઘડીએ જ તોડી શકીએ. પ્રભુમાં શ્રધ્ધા તથા અનાસકિતની વૃદ્ધિ કરીને આપણે કર્મના દાસ નહિ પણ સ્વામી થઇ શકીએ.

દુન્યવી માણસ દુનિયાદારીની ભાત ભાતની પ્રવૃત્તિઓમાં મશગૂલ છે. તેણે પોતાને ક્ષરજગતમાં ધકેલી દીધો છે. એકાંતપ્રિય સાધક અક્ષરના મૌનમાં ચાલ્યો જાય છે. પરંતુ ગીતાનો આદર્શ માનવી આ બંને અંતિમોની પાર પહોંચે છે અને જગતની જંજાળમાં ફસાયા વિના પુરુષોત્તમની પેઠે બધી જ શકયતાઓનો સમન્વય કરે છે. તે કર્મ કરતો છતો અકર્તા છે, ઇશ્વર પોતે અવિશ્રાન્ત પ્રવૃત્તિપરાયણ કર્મઠનો નમૂનો છે, તે પોતાની કર્મણ્યતા છતાં આત્માની અખંડિતતા ગુમાવતો નથી. મુકત આત્મા કૃષ્ણ અને જનકની જેમ ત્રણે કાળમાં સ્વતંત્ર છે.

શુદ્ધ ધર્મની વિચારણા ધ્યાનમય જીવનનો મહિમા ગાય ત્યારે ગીતા કર્મની અને સાહસની અભિરુચિ ધરાવતા બધા જીવોને આકર્ષે છે. કર્મ આત્મતૃપ્તિ અર્થે છે. આપણા પોતાના સર્વોત્તમ અને અંતરતમ જીવનનું સત્ય આપણે ખોળી કાઢવું જોઇએ. તે પ્રમાણે જીવવું જોઇએ અને અન્ય આદર્શોની પાછળ ફાંફાં મારવાનું તજી દેવું જોઇએ.

ગીતા અનુસાર કર્મયોગ જીવનના લક્ષ્ય પ્રત્યેના અભિગમની એક વૈકલ્પિક પદ્ધતિ છે, તથા તે પ્રજ્ઞામાં પરિણત થાય છે. આ અર્થમાં શંકરાચાર્યનું કથન યથાર્થ છે કે કર્મ અને ભકિત આધ્યાત્મિક મુકિતનાં સાધનો છે. પરંતુ આધ્યાત્મિક મુકિત પ્રવૃત્તિ સાથે અસંગત નથી. તેમાં કર્તવ્ય-કર્મનો લોપ થાય છે ખરો પણ પ્રવૃત્તિપત્રનો લોપ થતો નથી.

પોતાના યુગમાં પ્રવર્તતા અને એક બીજાને પરાજિત કરીને સ્વપ્રભાવ સ્થાપવા મથતાં વિવિધ સંપ્રદાયો, મતમતાંતરો, સિદ્ધાન્તસમૂહો અને નિયમાવલીની મીમાંસા કરીને વધારે મુકત, સૂક્ષ્મ તથા પ્રોજ્જ્વલ પ્રકાશિત એવા અંતર્મુખ ધર્મના પહેલદાર પાસામાં ગીતા તેમનું પરિવર્તન સાધે છે. પ્રજ્ઞામાં પૂજાતાં દેવદેવીઓની પૂજા કરવી હોય તો એટલી વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે તે તે સ્વરૂપો એક જ પરબ્રહ્મનાં વિવિધ પ્રાકટયો છે. જો યજ્ઞો કરવા હોય તો તે તેમના હેતુરૂપ મૂળ અર્થમાં કરવા જોઇએ; નહિ કે દ્રવ્યો વડે, આત્મસંયમમય કે નિષ્કામ કર્મમય જીવન જાતે જ એક યજ્ઞ છે. વેદોનો ઉપયોગ છે ખરો પણ ગીતાના ઉપદેશના સર્વવ્યાપી જળપૂર આગળ તે ઉપયોગ અવેડા જેવો અને જેટલો છે, ઉપનિષદના અનુયાયીઓ જે બ્રહ્મને, જે આત્માને ખોળે છે અને જેની ઉદ્ઘોષણા કરે છે તે.

'સંઘ' દ્વારા રાણપુરમાં નેત્રયજ્ઞ

'માનવી ઉત્સવપ્રિય છે અને એ આવકાર્ય છે પરંતુ એ ઘેલછાનું સ્વરૂપ પકડે ત્યારે એ ઉત્સવ વિકૃત થાય છે. લગ્નાદિ કૌટુંબિક સંસ્કાર નિમિત્તે જમણવાર પાછળ થતાં અફળક દ્રવ્યરાશિને કર્તવ્યબુદ્ધિથી નેત્રયજ્ઞ જેવી માનવ કલ્યાણની પ્રવૃત્તિ તરફ વાળવામાં આવે તો એનું કેવું સુંદર પરિણામ આવી શકે એનો વિચાર કરવાની જરૂર છે' તેમ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહે આજે અત્રે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત શ્રી વિશ્વવાત્સલ્ય ઔષધાલયના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા નેત્રયજ્ઞ નિમિત્તેના સમારંભમાં પ્રમુખપદના વક્તવ્યમાં કહ્યું હતું. એમણે વિશેષમાં કહ્યું હતું કે 'એક વિદ્વાનને કોહીનૂર હીરા દર્શાવી એનાથી વધારે મૂલ્યવાન બીજું શું હોઈ શકે એવો પ્રશ્ન કરવામાં આવ્યો. પ્રત્યુત્તરમાં એ વિદ્વાને કહ્યું કે આંખ એથી પણ વધુ મૂલ્યવાન ચીજ છે. એ ન હોય તો કોહીનૂર હીરો જોઈ ન શકાય અને એનું મૂલ્ય પણ આંકી ન શકાય.'

ભારતમાં ૯૦ લાખ અંધજનો છે, એમ જણાવી એમણે ઉમેર્યું હતું કે પુરતા પોષણના અભાવે અને સારવાર માટે જરૂરી સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી ભારતમાં કેટલાય લોકોની નેત્રજ્યોતિ બુઝાઈ જાય છે. આ સંજોગોમાં નેત્રયજ્ઞ કેટલો આવશ્યક છે તે સહેજે સમજી શકાય તેમ છે, એમ એમણે ઉમેર્યું હતું.

પ્રારંભમાં પ્રાર્થના બાદ શ્રી વિશ્વ વાત્સલ્ય ઔષધાલયના મંત્રી શ્રી કાશીબેન મહેતાએ કહ્યું હતું કે અમારી આ પ્રવૃત્તિને પૂ. મુનીશ્રી સંતબાલજીના આશીર્વાદ મળતા રહ્યા છે. દર્દીઓને એમના નેત્રની જ્યોતિ પાછી મળે ત્યારે અમને થતો આનંદ એમના ચહેરા પર જોઈ શકાય છે. અને એમના તરફથી મળતી દુઆ આ કાર્યમાં અમારી શ્રદ્ધાને બળવત્તર કરે છે. વધુમાં એમણે કહ્યું હતું કે આ પ્રવૃત્તિની આર્થિક જવાબદારી વહન કરે એવા દાતાઓ પણ અમારી શ્રદ્ધાનું પ્રેરક બળ છે. અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ હવે આ પ્રવૃત્તિમાં સામેલ થયો છે એનો અમને આનંદ છે. આવા ત્રિપરિમાણી પ્રેરક બળોથી અમે ઉત્તરોત્તર વધુને વધુ સારી રીતે કાર્ય કરી શકીશું એમ એમણે ઉમેર્યું હતું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આ નેત્રયજ્ઞ નિમિત્તે રાણપુર ઉપસ્થિત રહેવાની અને સ્વ. પૂ. મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિવિધ ઉદ્યમલક્ષી પ્રવૃત્તિઓ નજરોનજર નિહાળવાનો આનંદ વ્યક્ત કરતા કહ્યું હતું કે હવે પછી આ સંસ્થા તરફથી યોજાનાર ત્રણ નેત્રયજ્ઞની આર્થિક જવાબદારી અમારા શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ઉપાડી લેવાનું નક્કી કર્યું છે.

'વિશ્વ વાત્સલ્ય'ના તંત્રી અને શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના મંત્રીશ્રી અંબુભાઈ શાહે સ્વ. પૂ. મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિવિધ ઉદ્યમલક્ષી પ્રવૃત્તિઓનો વિગતે ખ્યાલ આપ્યો હતો અને રાણપુર ઉપરાંત ચુંદી, અને ધંધુકામાં આવી પ્રવૃત્તિઓ કેવી રીતે વિકસી તેનો વિગતે ઇતિહાસ રજુ કર્યો હતો.

શ્રી અંબુભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે નેત્રયજ્ઞ પહેલાં દર્દીઓની પ્રાથમિક તપાસ કર્યા બાદ એમને ઓપરેશન કે સારવાર માટે પ્રવેશ આપવામાં આવે છે. દર્દીની સાથે રહેતા એક સંબંધીને રહેવા-જમવાની આઠ દિવસ સુધી સગવડતા આપવામાં આવે છે. સપ્તાહ બાદ દર્દીને ગોગલ્સ આપી ચેકઅપ તારીખે: પુનઃ તપાસ માટે બોલાવવામાં આવે છે. અને એકાદ માસ પછી નંબર કાઢી આપી ચશ્મા પણ આપવામાં આવે છે. નેત્રયજ્ઞની સફળતાનો આધાર આવી ઓપરેશન બાદની સારવાર પર ઘણો રહે છે.

જૈન સોશ્યલ ગ્રુપ મહારાષ્ટ્ર પ્રદેશના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહે દીપક પ્રગટાવી આ નેત્રયજ્ઞનું ઉદ્ઘાટન કર્યું હતું. અને આ નિમિતે પ્રાસંગિક વક્તવ્યમાં અહીં ઉપસ્થિત રહેવાની અને નેત્રયજ્ઞનું ઉદ્ઘાટન કરવાની અનાયાસે તક મળી એ માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ, સહમંત્રીશ્રી પન્નાલાલ ર. શાહ ઉદ્ઘાટક શ્રી રસિકલાલ લ. શાહ, પ્રેમળ જ્યોતિના સંયોજક શ્રીમતી નિરુબેન શાહ અને શ્રીમતી જયાબેન વીરાનું સૂતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સાભાર-સ્વીકાર

૧ શ્રાવક ધર્મ की प्रासंगिकताका प्रश्न : डॉ. सागरमल जैन पार्श्वनाथ विद्याश्रम शोध संस्थान वाराणसी

૨ લીનું અંતર, લીના નયન : મુનિ રત્નસુંદરવિજય કિં. રૂ. ૧૮-૦૦ પ્રકાશક રત્નત્રયી ટ્રસ્ટ. ૩૬ હસમુખ કોલોની વિજય નગર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩

Is Marriage Less Stable to-day ?

A Penal Discussion organised by Sangh

The Bombay Jain Yuvak Sangh, wedded as it is to the objective of creating an awareness in the community is once again taking a lead in planning an exclusive platform for women. On Saturday, April 6 at 4 p. m. a penel discussion has been arranged at the Indian Merchants' Chamber on a subject of great relevance in these fast-changing times, 'Is marriage less stable today ?' The lecture has been organised in English for the benefit of non-Gujrati speaking audience. The speakers, the chief guest and the moderator will all be women, but males are most welcome to come and attend.

Chimanlal J. Shah
K. P. Shah
Hon. Secretaries

Jyotsna Sheth
Convenor

(પૃષ્ઠ ૨૨૪ થી ચાલુ)

(૧) જૈન ધર્મ અને મૂળ તત્ત્વો એટલે નવ તત્ત્વોનું દોહન, પ્રા. જયંતીલાલ એમ. શાહ (પાલિતાણા),

(૨) જૈનદર્શનના નવ તત્ત્વમાં સ્યાદ્વાદ, પૂ. સાધ્વીશ્રી પૂણ્યભદ્રાશ્રીજી (ખંભાત)

(૩) જૈનદર્શનની વિશિષ્ઠતા, શ્રીમતી સરોજ ચં. લાલકા (કારંજા લાડ-મહારાષ્ટ્ર)

(૪) જૈનોલોજી, પ્રા. અંસીધર ભટ્ટ પતિયાળા

(૫) The Soul, Karma Particles and Ghostly Particles–Neutrinos Etc. શ્રી નિરંજન વખારિયા (ફ્લીંટ, યુ. એસ, એ.)

પં દલસુખભાઇ માલવણિયાએ આ બેઠકનું સમાપન કરતા કહ્યું હતું કે પ્રસ્તુત થયેલા નિબંધોનું તારણ કરી તે તે નિબંધોની કક્ષા પ્રમાણે હવે પછીના સમારોહમાં સમયની ફાળવણી થાય તો નિબંધોની રજુઆત વધુ વ્યવસ્થિત રીતે થઇ શકે.

આચારાંગ સૂત્રમાં સમ્યકત્વની ચર્ચા થઇ છે એમ જણાવી એમણે કહ્યું કે સમ્યકત્વ એટલે ચારિત્ર, સમ્યકદૃષ્ટિ એટલે શ્રદ્ધા અને સમ્યક્ શ્રદ્ધા સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની જ છે. એમણે સ્યાદ્વાદનો મહિમા કરતા કહ્યું કે બધા વાદોનો સરવાળો એટલે સ્યાદ્વાદ કોઇ પણ વાદને મિથ્યા કહેવો એ જૈન દર્શનની માન્યતા નથી.

ત્યાર બાદ શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના ઉપપ્રમુખ અને છઠ્ઠા જૈન સાહિત્ય સમારોહની સમિતિના સભ્ય શ્રી નટવરલાલ એસ. શાહે આભાર માન્યો હતો. (ક્રમશઃ)

સંઘ સમાચાર

શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ

રમકડાં ઘરનું ઉદ્ઘાટન

'સંઘ'ના ઉપક્રમે શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ પ્રેરિત રમકડાં ઘરનું ઉદ્ઘાટન રવિવાર, તા. ૭-૪-૧૯૮૫ના રોજ 'સંઘ'ના પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ. હા. સોસાયટી લિ. બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪ એ સરનામે બપોરના ૩-૩૦ કલાકે રાખેલ છે.

'સંઘ'ના શુભેચ્છકો, પેટ્રનો, આજીવન સભ્યો અને સામાન્ય સભ્યોને આ ઉદ્ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

અમ્બૂલ શાહ — ચીમનલાલ જે. શાહ
સંયોજક — કે. પી. શાહ મંત્રીઓ

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક

વસંત વ્યાખ્યાનમાળા

'સંઘ'ના ઉપક્રમે સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવાર તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮, એપ્રિલ–૧૯૮૫ સુધી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળાનું શ્રી વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી આપવામાં આવશે.

અમર જરીવાલા ચીમનલાલ જે. શાહ
સંયોજક — કે. પી. શાહ } મંત્રીઓ

(પૃષ્ઠ ૨૧૬ થી ચાલુ)

પ્રાણના ભોગે પણ કેવું અપ્રતિમ કાર્ય કરી શકે છે એના એક ઉત્તમ ઉદાહરણ તરીકે ચારિત્ર્યવિજયજીનો એ પ્રસંગ અવશ્ય ટાંકી શકાય. વિ. સં. ૧૯૬૮ માં મહારાજશ્રી પાલિતાણામાં હતા ત્યારે એક રાતે થોડાક કલાકોમાં વરસાદ એટલો બધો તૂટી પડ્યો કે આખા ગામમાં પાણીનાં ધસમસતાં પૂર આવ્યાં. ઢોર અને માણસો તણાવા લાગ્યાં. એ વખતે યુવાન ચારિત્ર્યવિજયજીએ પોતાની બુદ્ધિ, સૂઝ, કુનેહ અને શક્તિ વાપરી, પોતાના વિદ્યાર્થીઓની સહાય લઇ પાઠશાળાથી સામેના દવાખાના સુધી જાડું મોટું દોરડું બાંધી દીધું અને ધસમસતા પૂરમાં પોતે અને પોતાના વિદ્યાર્થીઓ દોરડું પકડીને પાણીમાં ઊભા રહી ગયા અને પાણીમાં તણાઇ આવતા માણસો અને ઢોરને પકડી લઇ દોરડાને સહારે સહીસલામત ઊતારી બચાવી લેવા લાગ્યા. આ રીતે લગભગ ચારસો માણસોને અને કેટલાંય પશુઓને એમણે ઊગારી લીધાં હતાં. નગ્ન કે અર્ધનગ્ન દશામાં ધસડાઇ આવેલા કેટલાય માણસોને તરત વસ્ત્ર આપવામાં આવ્યાં. પાણીમાં થીજી ગયેલાને દવાઓ અને ખોરાક આપવાની વ્યવસ્થા કરી. એમના આ સાહસની તારીફ તે સમયે મુંબઇના અંગ્રેજી દૈનિક 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'માં પણ આવી અને બ્રિટિશ અમલદારોએ એમની મુલાકાત લીધી હતી. ચારિત્ર્યવિજયજી કહેતા કે પોતાને જાણે કોઇ દૈવી સહાય થઇ હતી. તણાઇ જતા એક બાળકને તેઓ ન બચાવી શક્યા એ દૃશ્યને નજર સામે જ્યારે તેઓ યાદ કરતા ત્યારે એમની આંખમાંથી આંસુ વહેતાં.

જીવનનાં અંતિમ વર્ષોમાં ચારિત્ર્યવિજયજીએ પોતાના વતન કચ્છમાં ગામેગામ વિહાર કરી અનેક લોકોને બોધ આપ્યો. કેટલાંય ગામોમાં કુટુંબો વચ્ચે, સંઘના સભ્યો વચ્ચે કે હિંદુ-મુસલમાનો વચ્ચેના વેરઝેરને દૂર કરાવી સુલેહ સંપ કરાવ્યાં. કચ્છમાં ઠેર ઠેર એમનું ઉમળકાભેર સ્વાગત થયું. પોતાના સ્થાનકમાર્ગી ગુરુમહારાજ અને દાદા ગુરુને મળીને એમનું પણ હૃદયપરિવર્તન કરાવ્યું.

સિત્તેર વર્ષ પહેલાંના એ દિવસોમાં વારંવાર રોગચાળા ફાટી નીકળતા. પ્લેગ, કોલેરા, ઇન્ફ્લૂએન્ઝા જેવા જીવલેણ રોગો જ્યારે અચાનક ફાટી નીકળતા ત્યારે અનેક લોકો મૃત્યુ પામતા. ચારિત્ર્યવિજયજી મહારાજ પ્લેગની ગાંઠ નીકળવા છતાં બચી ગયા પરંતુ વિ. સં. ૧૯૭૪ માં કચ્છમાં તેઓ અંજિયા નામના ગામમાં ચાતુર્માસ હતા, ત્યારે તેઓ ઇન્ફ્લૂએન્ઝામાં પટકાઇ પડ્યા. બચી ન શક્યા. ચોત્રીસ વર્ષની ભરયુવાન વયે તેઓ કાળધર્મ પામ્યા.

સ્વ. પૂ. શ્રી ચારિત્ર્ય વિજયજી મહારાજે સત્તર વર્ષના દીક્ષાપર્યાયમાં અજોડ કાર્યો કર્યાં. એ વિશે શ્રી જયભિખ્ખુએ લખેલા એમના ચરિત્રમાં સવિગત રસિક વર્ણન વાંચવા મળે છે. અંતરથી વિરકત, શરીરે સશકત, બ્રહ્મચર્યના તેજથી દીપ્તિવંત, આત્મકલ્યાણની સાથે જનકલ્યાણનાં વિવિધ પ્રકારનાં કાર્યો કરવાનાં સ્વપ્ન સેવનાર સ્વ. પૂ. ચારિત્ર્યવિજયજી મહારાજનું સાધુજીવન વિરલ અને અનેકને માટે પ્રેરક બને એવું છે.

–રમણલાલ ચી. શાહ

જૈન સાહિત્ય સમારોહ

સંકલન : પન્નાલાલ ૨. શાહ

શનિવાર, તા. ૧૫-૨-'૮૫ ના રોજ સવારના ૯-૦૦ કલાકે ફામ'સી કૉલેજ, ખંભાતના સભાગૃહમાં પં. દલસુખભાઇ માલવણિયાના પ્રમુખસ્થાને જૈન તત્ત્વજ્ઞાનની વિભાગીય બેઠક યોજવામાં આવી હતી. પ્રારંભમાં જૈન સાહિત્ય સમારોહ સમિતિના સભ્ય શ્રી અમર જરીવાલાએ પં. દલસુખભાઇનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તત્ત્વજ્ઞાન વિભાગની બેઠક માટે આવેલા નિબંધોનું વાચન શરૂ થયું હતું.

શક્રસ્તવ

પ્રા. તારાબેન શાહે શક્રસ્તવ યાને નમુત્થુણં સ્તોત્ર વિષે પોતાનો નિબંધ રજૂ કરતા કહ્યું કે તીર્થંકર જ્યારે માતાના ગર્ભમાં હોય છે ત્યારે ઇન્દ્ર તે માતાની દિશા સન્મુખ તીર્થંકરની સ્તુતિકરે છે. તે પ્રભુ સ્તુતિ એટલે જ આ સ્તોત્ર.

ભગવંતાણં શબ્દમાં જ ભાવ રહ્યા છે એમ જણાવી એમણે કહ્યું કે ભગવાન પોતે તર્યા અને આપણને તરવાનો ઉપદેશ આપ્યો. તીર્થંકર એટલે તીર્થ પ્રવર્તન અને ધર્મ પ્રવર્તન એમનો ઉપદેશ ચતુર્વિધ સંઘ પોતાની સૂઝ અને શક્તિ પ્રમાણે ગ્રહણ કરે છે. નમુત્થુણં માં 'નમુ' એટલે અહમ્‌નું વિસર્જન, 'ત્થુ' એટલે થવું. પ્રભુને આજંલભાવે વિનવવાના છે કે પ્રભુ આપને નમસ્કાર કરી શકવાની મને પાત્રતા પ્રાપ્ત થાઓ.

પરીષહ અને ઉપસર્ગ

જૈન ધર્મના પારિભાષિક શબ્દ 'પરીષહ અને ઉપસર્ગ' વિષે રજુઆત કરતા ડો રમણલાલ ચી. શાહે કહ્યું કે વિશેષપણે સમતાભાવથી સહન કરવું એટલે પરીષહ–વિષમ પરિસ્થિતિથી અજ્ઞાતા અનુભવાય. તડકો, વરસાદ, ઠંડી આદિ વિષમ પરિસ્થિતિમાં સામાન્ય રીતે મન અસ્વસ્થ થાય એવું ન થાય અને એવી પરિસ્થિતિ સમતાભાવથી સહન કરી લઇએ તેને પરીષહ કહેવાય.

ક્રાયક્લેશ એ તપશ્ચર્યાનો એક પ્રકાર છે અને તે આપણે જાણેલી ઘટના છે. એટલે ક્રાયક્લેશ અને પરીષહ વચ્ચે તાત્ત્વિક ભેદ સમજવાનો છે. ઉપસર્ગ એ બીજાએ આપણા માટે ઉત્પન્ન કરેલી ઘટના છે. તે દેવકૃત, મનુષ્યકૃત અને તિર્યંચકૃત હોય શકે છે. કર્મોદય ભયંકર હોય તો રોગ દ્વારા અજ્ઞાતા અનુભવીએ. તેને આત્મ સંવેદનીય ઉપસર્ગ કહી શકાય. કૉલેરા, મરકી, વગેરે ઉપદ્રવ મોટા ભય રૂપે આવે તે ઉપસર્ગ. આત્માને કોઇ પણ પ્રકારે ચલિત કરનાર ભય તે ઉપસર્ગ.

પં. સુખલાલજી

પં. સુખલાલજી વિષે બે નિબંધો રજૂ થયા હતા. શ્રી પ્રીતિબેન શાહે 'પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીની આત્મકથા : મારું આત્મવૃત્તાંત' અને પ્રા. ચુલાબ દેદિયાએ 'પં. સુખલાલજી' એ શિર્ષક હેઠળ નિબંધની રજુઆત કરી હતી. શ્રી પ્રીતિબેન શાહે શીતળાના રોગમાં આંખ ગુમાવીને પણ સ્વાધ્યાસ કરીને પં. સુખલાલજી કેવી રીતે સમર્થ તત્ત્વવેત્તા બન્યા તેની પ્રચંડ અને ભવ્ય પુરુષાર્થ ગાથા રજૂ કરી હતી, જ્યારે પ્રા. ચુલાબ દેદિયાએ પં સુખલાલજીના 'દર્શન અને ચિંતન' ગ્રન્થના આધારે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પં. સુખલાલજીનું પ્રદાન કેવું રહ્યું તેનું મૂલ્યાંકન કર્યું હતું.

અન્ય નિબંધો

આ બેઠકમાં ઉપરોક્ત નિબંધોની રજુઆત ઉપરાંત અન્ય વિદ્વાનો અને અભ્યાસીઓએ પણ જુદાં જુદાં વિષયો પર નિબંધો રજૂ કર્યા હતા તેની વિગત આ પ્રમાણે છે :

(૧) શ્રદ્ધાપ્રધાન અધ્યયન : એક અવલોકન, પ્રા. અરુણા જોશી (ભાવનગર).

(૨) જૈન દર્શનમાં મનનું સ્વરૂપ, પ્રા. નાનક કામદાર (ભાવનગર).

(૩) જૈન દર્શન અને નમસ્કાર મહામંત્ર, પ્રા. કોકિલાબેન શાહ (મુંબઇ).

(૪) દુર્લભ માનવ ભવ, કુ. વર્ષા મોદી (મુંબઇ).

(૫) સિદ્ધિનો ક્રમ : સંયમનો ધર્મ, શ્રી રોહિત શાહ (અમદાવાદ).

(૬) વિરલ પ્રતિભા : શ્રી વીરચંદ રાઘવજી ગાંધી, ડો. કુમારપાળ દેસાઇ (અમદાવાદ) આ નિબંધ આ અંકમાં અન્યત્ર પ્રગટ થયેલ છે.

(૭) શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી, પ્રા. મલુકચંદ ૨. શાહ (અમદાવાદ)

(૮) જૈન દર્શનનું વિશ્વ આચાર, વિચાર ને પ્રદાન, શ્રી નાનાલાલ બક્ષા (મુંબઇ)

(૯) અહિંસાના પરિમાણ, શ્રી નેમચંદ ગાલા (મુંબઇ)

(૧૦) ગાંધીજી અને કર્મતત્ત્વજ્ઞાનનું સામાજિક સ્વરૂપ, શ્રી પન્નાલાલ ૨. શાહ (મુંબઇ) આ નિબંધ તા. ૧૬-૨-૮૫ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પ્રગટ થયેલ છે.

(૧૧) The state of a Living Being on the Fourth 'Gunasthanak', શ્રી નિલેશ દલાલ (મુંબઇ).

(૧૨) પ્રત્યાખ્યાન અથવા પચ્ચકૂખાણની મહત્તા, પ્રા. ઉત્પલા મોદી (મુંબઇ).

(૧૩) અનેકાન્તવાદ અને આપણે, શ્રીમતી સુધા પી. ઝવેરી (ભૂજ).

(૧૪) શાશ્વત સુખ માટેની આવશ્યક ક્રિયાઓ, શ્રી હસમુખ શાહ (અમદાવાદ).

(૧૫) સ્યાદ્વાદ : જૈન ધર્મની જગતને અમૂલ્ય ભેટ, શ્રી હરેન્દ્ર અ. જોશી (ભાવનગર)

(૧૬) જૈન દર્શનમાં સ્યાદ્વાદ; ડો. ભક્તિનાથ જી. શુક્લ (વલ્લભવિદ્યાનગર)

આ ઉપરાંત કેટલાક વિદ્વાનોના સંશોધનાત્મક કે અભ્યાસપૂર્ણ નિબંધો આવ્યા હતા પરંતુ તે તે વિદ્વાનો હાજર રહ્યા ન હોવાથી તેના નિબંધો રજૂ થયા ન હતા. એવા નિબંધોની યાદી આ પ્રમાણે છે:

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૩)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૪-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સંયમની સહચરી ગોચરી

ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૦૦ થી વધુ વર્ષ થઇ ગયાં. એમના જીવન અને સંદેશનો વિચાર કરીએ છીએ ત્યારે તીર્થંકર પરમાત્માની વાણી કેવી ત્રિકાલાબાધિત હોય છે તેની પ્રતીતિ થાય છે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. એ સંઘમાં ત્યાગી સાધુ-સાધ્વીઓના આચારના નિયમ એવા ચુસ્ત અને કડક હોય છે કે તેનું આજીવન સંપૂર્ણ પાલન કરવાનું બધાને માટે સહેલું નથી. આમ છતાં અઢી હજાર વર્ષથી ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું શાસન અખંડિત પરંપરાથી ચાલ્યા કરે છે એ આપણે નજરે જોઈ શકીએ છીએ. આજે પણ જૈન મુનિઓને પોતાનું પવિત્ર જીવન જીવતા અને એક સ્થળેથી બીજા સ્થળે વિહાર કરતા આપણે જોઇએ છીએ ત્યારે ભગવાન મહાવીર કેવી રીતે વિચરતા હશે તેની પ્રતીતિ આપણને થાય છે; દિગંબર સાધુઓને જોતાં તેની સવિશેષ પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે.

દિવસમાં માત્ર એક જ વખત ઊભા ઊભા હાથમાં લઇને આહાર-પાણી કરી લેવાં અને પછી બીજા દિવસ સુધી અન્નનો દાણો કે પાણીનું ટીપું મોઢામાં ન મૂકવું, સખત શિયાળો હોય કે ભર ઉનાળો હોય, શરીર ઉપર એક પણ વસ્ત્ર ધારણ ન કરવું-એવી રીતે સમગ્ર જીવન વિતાવવું એ સરળ વાત નથી. દેહભાવ ઓછો થાય અને આત્મ-રમણતા વધવા લાગે તેને માટે જ આવું કપરું તપસ્વી જીવન શક્ય છે.

અઢી હજાર વર્ષથી જૈન સાધુ-સાધ્વીઓની પરંપરા પ્રતિકૂળ કે વિપરીત સંજોગોમાં પણ ટકી શકી તેનાં ઘણાં કારણોમાંનું એક કારણ તે જૈન સાધુઓની ગોચરી અને પાદ-વિહારની આચારસંહિતા છે. રાગદ્વેષ રહિત સંયમી જીવન માટે ભગવાને પ્રબોધેલી અનોખી પરંપરા છે.

ભગવાન મહાવીર રાજકુમાર હતા. રાજવૈભવમાં તો ઉત્તમ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક એવો વિવિધ પ્રકારનો આહાર, ખાદ્ય શકાય તે કરતાં પણ વિપુલ પ્રમાણમાં સ્વાધીનપણે મળે, પરંતુ એવા રાજવૈભવનો ત્યાગ કરી ભગવાન મહાવીરે સ્વેચ્છાએ સંન્યસ્ત સ્વીકારી એક ઘરેથી બીજા ઘરે ફરી લુખ્ખો સુકકો આહાર ગ્રહણ કરવાનું ચાલુ કર્યું તે ઉપરથી જ દેહભાવ કરતાં તેમનો આત્મભાવ કેટલો ઊંચો હશે તેની પ્રતીતિ થાય છે.

ભગવાન મહાવીરે લગભગ સાડા બાર વર્ષ આવું કઠિન તપસ્વી જીવન વિતાવ્યું. સંનિષ્ઠ અહિંસામય સંયમી જીવન જીવવા માટે આહારની જરૂર ઘણી ઓછી રહે છે એ ભગવાન મહાવીરે પોતાના જીવનમાં સિદ્ધ કરી બતાવ્યું. લગભગ સાડાબાર વર્ષના તપશ્ચર્યામય જીવનમાં એમણે કુલ જેટલા ટંક આહાર કર્યો એનો જો સરવાળો કરીએ તો લગભગ એક વર્ષ જેટલો સમય થાય. એટલે કે જુદા જુદા દિવસો મળીને કુલ ૧૧ વર્ષ જેટલો સમય એમણે આહાર વગર ચલાવ્યો એમ કહી શકાય. આ વિરલ કહી શકાય એવી સિદ્ધિ છે.

માણસનો સૌથી મોટો ઉદ્યમ ઉદરભરણને કાજે હોય છે. ઉદરપોષણ અટકે તો જીવન અટકે. એટલે જ ઉદરપોષણ અર્થે કરાતી કમાણી માટે 'આજીવિકા' શબ્દ વપરાય છે. કેટલાક એમ માને છે કે માણસને જો પેટ ન હોત તો આ સંસારમાં ઘણી શાંતિ હોત, કારણ કે પેટ માટે માણસને જે ધાંધલ-ધમાલ કે દોડધામ કરવા પડે છે તે કરવા ન પડત. બીજા કેટલાક એમ માને છે કે માણસને જો પેટ ન હોત તો કદાચ સંસારમાં બહુ કલેશ, કંકાસ, કલહ અને અશાંતિ હોત, કદાચ યુદ્ધો પણ બંધ થતાં હોત, કારણ કે પેટ માટેના ઉદ્યમમાંથી નવરો પડેલો નિશ્ચિંત માણસ ખોટી દિશામાં પોતાની બધી શક્તિ વાપરતો થયો હોત. મનુષ્યને પેટ છે માટે જ તે આટલો બધો રોકાયલો રહે છે. એટલે જ સંસારમાં ઠીક ઠીક શાંતિ છે. વસ્તુતઃ પોતાને પેટ છે અને છતાં પેટ નથી એમ સમજીને આહારનો જે વ્યવહાર કરે છે તેવા સંયમી માણસો સાચી શાંતિ અનુભવી શકે છે. આજીવિકા માટે શું બધાએ જ ઉદ્યમ કરવાની જરૂર છે? જો થોડા માણસો વધુ ઉદ્યમ કરે તો બીજા થોડા માણસોને ઘણી રાહત રહે. બાળકો, વૃદ્ધો, અશક્ત અને માંદાઓ, કેટલેક અંશે સ્ત્રીઓ પણ આજીવિકા માટે ઉદ્યમ કરતાં નથી.

કુટુંબના અન્ય સભ્યો પ્રેમ કે ફરજરૂપે તેમની દેખભાળ રાખે છે. બદલામાં તેઓ કુટુંબ માટે યથાશક્તિ અન્ય કામો કરે છે.

જે વ્યક્તિ પ્રત્યે આપણને આદર કે પૂજ્યભાવ હોય તેવી વ્યક્તિને જમાડતાં આપણને આનંદ થાય છે. સાધુ-સંતોના આહારની જવાબદારી એટલા માટે જ સમાજ સહર્ષ ઉપાડી લે છે. જે પવિત્ર આત્મા પરહિતાર્થે જીવન સમર્પિત કરી દે છે તેના નિભાવની જવાબદારી ઉપાડી લેવી

એ સમાજનું પરમ કર્તવ્ય બને છે. સાધુસંતો મફતનું ખાઈને, સમાજના પેરેસાઈટ બનીને જીવે છે, એવી ટીકા કોઈ કરતું નથી. સાધુ સંન્યાસીઓના સમુદાયમાં કોઈ બેટા માણસો ભરાઈ બેઠાં હોય તો તે જરૂર ટીકાને પાત્ર છે, પરંતુ તેથી સમગ્ર સમુદાયને વગોવી ન શકાય.

સાધુઓ, સંન્યાસીઓ, બાવાઓ, ફકીરો, વિદ્યાર્થીઓ લોકસેવકો, અતિથિઓ, યાત્રાળુઓ, નિર્ધન માણસો વગેરેને આવાપીવાની સગવડ પૂરી પાડવા માટે ભારતમાં બહુ પ્રાચીન કાળથી અન્નક્ષેત્રો, સદાવ્રતો, ભોજનશાળાઓ વગેરેની વ્યવસ્થા વખતોવખત થતી આવી છે. સમાજ એ જવાબદારી હર્ષપૂર્વક ઉઠાવતો રહ્યો છે. આ બધામાં સાધુ-સંન્યાસીને સમાજ સવિશેષ પ્રેમાદરપૂર્વક ભોજન આપતો રહ્યો છે. બીજી બાજુ સાધુ-સંન્યાસીઓ પણ કોઈ વ્યક્તિ કે સંસ્થા ઉપર બહુ બોજો ન પડે એ રીતે જુદા જુદા ઘરેથી ભિક્ષાન્ન ગ્રહણ કરતા રહે છે. 'માધુકરી', 'ભક્ષાચરી', 'ગોચરી' જેવા શબ્દો આ પ્રથા માટે વપરાય છે. કોઈ અન્નક્ષેત્ર કે સદાવ્રતમાં જઈ જમી લેવું, રોજ જુદા જુદા ઘરે જઈ ભોજન કરી લેવું, જુદા જુદા ઘરેથી અનાજ-લોટ વગેરે માંગી લાવી પોતાને માટે રાંધી લેવું, કે જુદા જુદા ઘરેથી થોડો થોડો આહાર મેળવી લાવી વાપરવો એવી પોતપોતાના ધર્મ કે સંપ્રદાય અનુસાર પરંપરા ચાલી આવે છે. આ બધી પરંપરાઓમાં ભગવાન મહાવીરે પોતાના વર્ષોના સ્વાનુભવના આધારે જૈન સાધુઓ માટે 'ગોચરી'ની દોષરહિત પરંપરાની જે હિમાયત કરી તે ઘણી કડક અને વિશિષ્ટ કોટિની છે.

જૈન સાધુઓ કોઈના ઘરે જઈ ભોજન લેતા નથી કે સંઘના કોઈ રસોડે જઈ જમવા બેસતા નથી. પરંતુ પ્રત્યેક ટંકે જુદા જુદા ઘરે જઈ આહાર વહોરી લાવી, પોતાના સ્થાનમાં આવી કોઈ ગૃહસ્થ ન દેખે તેમ તે આહાર વાપરે છે. આહાર મેળવવાની તેમની પદ્ધતિને 'ગોચરી' કહેવામાં આવે છે. ગાય જેમ એક જ જગ્યાએથી મૂળ સુધીનું બધું ઘાસ ન ખાતાં જુદી જુદી જગ્યાએથી ઉપર ઉપરથી થોડું થોડું ઘાસ ખાય છે, તેવી રીતે સાધુઓ કોઈને પણ બોજો ન પડે તે રીતે જુદી જુદી જગ્યાએથી થોડું થોડું લાવીને પોતાનો આહાર કરી લે છે.

ગોચરીની જેમ 'માધુકરી' શબ્દ વપરાય છે. દશવૈકાલિક સૂત્રમાં લખ્યું છે કે જેવી રીતે ભ્રમર પુષ્પને જરા પણ ઇજા પહોંચાડ્યા વગર કે પીડા કર્યા વગર રસ ચૂસે છે તેવી રીતે સાધુએ દાતાને જરા પણ કષ્ટ ન પડે તે રીતે આહાર ગ્રહણ કરવો જોઈએ. આ પ્રકારની સાધુની ચર્યાને 'એષણા સમિતિ' કહેવામાં આવે છે. જુઓ:

જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં ।
ણ ય પુપ્ફં કિલામેઇ, સો ય પીણેઇ અપ્પયં ॥
એમએ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો ।
વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણેરયા ॥

એષણા સમિતિની વ્યાખ્યા આપતાં કહેવાયું છે: કૃત, કારિત અને સમર્થન રહિત તથા પ્રાસુક, પ્રશસ્ત અને બીજા દ્વારા અપાયેલો આહાર સાધુએ સમભાવપૂર્વક ગ્રહણ કરવો એ એષણા સમિતિ છે.

સાધુએ અપ્રાસુક (સચિત્ત), ક્રીત (પોતાના માટે ખરીદાયેલો) ઔદ્દેશિક (પોતાના માટે ખાસ બનાવાયેલો) અને આહૃત (સાધુ માટે સામેથી લવાયેલો) આહાર ગ્રહણ ન કરવો જોઈએ. ભૂલથી ગ્રહણ થઈ ગયો હોય તો તેનો ઉપયોગ ન કરવો જોઈએ. ભૂલથી ઉપયોગ થઈ ગયો હોય તો તે માટે પ્રાયશ્ચિત લઈ લેવું જોઈએ.

નિઃસ્વાર્થ બુદ્ધિથી, કોઈ પણ પ્રકારના લોભ કે લાલચના પ્રયોજન વગર ભિક્ષા વગેરેનું દાન જે આપે છે તેને 'મુધાદાયી' કહેવામાં આવે છે. તેવી જ રીતે કોઈ પણ પ્રકારના લોભ કે લાલચના પ્રયોજન વગર માત્ર પોતાના સાધુજીવનના નિર્વાહ અર્થે જે ભિક્ષાન્ન ગ્રહણ કરે છે તેને 'મુધાજીવી' કહેવામાં આવે છે. સાચા 'મુધાદાયી' અને સાચા મુધાજીવી બન્ને દુર્લભ મનાય છે. એવા દુર્લભ જીવો જલદી સુગતિ પામે છે. કહ્યું છે:

દુલ્લહા તુ મુહાદાઈ, મુહાજીવી વિ દુલ્લહા ।
મુહાદાઈ મુહાજીવી, દોવિ ગચ્છંતિ સોગ્ગઇં ।।

સાધુઓએ ગૃહસ્થના ઘરેથી આહાર ગ્રહણ કરતી વખતે ઘણો સૂક્ષ્મ વિચાર કરવો જોઈએ. આહાર બનાવવાની પૂર્વ તૈયારી રૂપે હિંસાદિ જે દોષ થાય તેને 'ઉદ્ગમના દોષ' કહે છે, આહાર બનાવતી વખતે થતાં દોષને 'ઉત્પાદના દોષ' કહેવામાં આવે છે, અને ભોજન કરતી વખતે જે દોષો થવાનો સંભવ હોય તેને 'અશન દોષ' કહેવામાં આવે છે. જે આહારની બાબતમાં ઉદ્ગમ ઉત્પાદન અને અશનના પ્રકારના હિંસાદિ બહુ દોષ રહેલા હોય તેવો આહાર સાધુએ ગૃહસ્થના ઘરેથી ગ્રહણ ન કરવો જોઈએ. અભક્ષ્ય કે અગ્રાહ્ય ખાદ્યપદાર્થોની સવિસ્તર યાદી શાસ્ત્રગ્રંથોમાં આપવામાં આવી છે.

જૈન સાધુઓએ શક્ય હોય ત્યાં સુધી દિવસમાં કુલ કેટલી વાર આહાર લેવો જોઈએ. બીજી વાર આહાર લેવાની જરૂર પડે તો તે અત્યંત અલ્પ પ્રમાણમાં લેવો જોઈએ. તેઓને બેતાલીસ પ્રકારના દોષથી રહિત એવો આહાર માત્ર દેહને ટકાવવા ખાતર જ લેવાનો હોય છે, સ્વાદેન્દ્રિયને સંતોષવા કે દેહને હૃષ્ટપુષ્ટ બનાવવા માટે નહિ. શરીર કે મનમાં વિકારો જન્માવે એવો આહાર વર્જ્ય ગણાયો છે. એથી જ તેઓ બ્રહ્મચર્યનું પાલન સારી રીતે કરી શકે છે અને અન્ય ધાર્મિક ક્રિયાઓમાં ચિત્ત સારી રીતે પરોવી શકે છે. મિતાહારી, કૃશકાય સાધુ ધાર્મિક સંપ્રદાયની શોભારૂપ મનાય છે.

સાધુએ ભિક્ષા માગવા ક્યારે જવું અને ક્યારે ન જવું, ક્યાં ક્યાં જવું અને ક્યાં ક્યાં ન જવું, કેવી રીતે જવું અને કેવી રીતે ન જવું, કેવો આહાર ગ્રહણ કરવો અને કેવો ગ્રહણ ન કરવો, ભિક્ષાન્ન તરીકે પોતાને અપાતો આહાર જોઈને મનમાં કેવા કેવા ભાવો ન આણવા, કેવા કેવા માયાચાર ન કરવા.-ઇત્યાદિને લગતી વિગતવાર છણાવટ આચારાંગ સૂત્રના બીજા ખંડમાં કરવામાં આવી છે. સાધુએ સાત પ્રકારની પિંડૈષણા અને સાત પ્રકારની પાનૈષણાનું પાલન યથાશક્તિ કરવા ઉપર પણ બહુ ભાર મૂકવામાં આવ્યો છે.

પોતાનું સંયમી જીવન આત્મસાધનાર્થે ટકાવી રાખવા માટે જ આહારની જરૂર હોવાથી પારકા ઘરેથી ભિક્ષા ગ્રહણ કરતી વખતે સાધુના મનમાં દીનતાનો કે લાચારીનો ભાવ કયારેય આવવો ન જોઈએ. પોતાને યોગ્ય (સૂઝતો-કલ્પનીય) આહાર ન મળે તો સાધુએ શોક કે ખેદ ન કરવો જોઈએ. કયારેક ભૂખ્યા રહેવાનો વખત આવી પડે તો ક્ષુધાને, પરીષહ

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૫ પર)

આવા હતા અમારા જુગતરામકાકા !

યોગેન્દ્ર પરીખ

અનાગ્રહી અને ઉદાર

અમે સાબરમતી આશ્રમમાં રહેતાં હતાં. મારું વૃક્ષકપાસ સંશોધનનું કામ પૂરું થયું હતું. પૂ. જુ. કાકાને ખબર પડી એટલે ખાસ ઘરે આવ્યા. નીલમબહેન અને મને પાસે બેસાડીને કહે, 'તમે બન્ને હવે સુરત જિલ્લામાં આવો. નીલમબહેન શિક્ષણનું કામ સંભાળે અને તમે ખેતમજૂરોની સામુદાયિક સહકારી ખેતી મંડળીની ખેતીની સંભાળ રાખો.' અમે વાતોની વિગતમાંથી પરવાર્યા એટલામાં નીલમબેન એમના સ્વાગત માટે ચામનું દૂધ લઈ આવ્યાં.

'ખાંડ નાખી છે ?' એમણે પૂછ્યું.

'હા.'

'તો તો આ દૂધ નહિ પીવાય.'

નીલમબહેનના ચહેરા પર ક્ષોભ તરી આવ્યો. એટલે કહે, 'ઘરમાં બીજું દૂધ લાગતું નથી ! લાવો, પી જઉં !'

પોતાના આગ્રહોથી કોઇનું મન દુભાય તે એમને ન ગમે. અનાગ્રહી અને ઉદાર જુ. કાકા અમને સુરત જિલ્લામાં લઈ ગયા.

સૌના દાદાજી

પહેલી જ વાર અમે એમને ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલયના ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપ્યું. આખો દિવસ અમારી સાથે રહ્યા. ચિ. સમીર હજુ હમણાં જ બોલતાં શીખ્યો હતો. એણે માગણી કરી,

'દાદાજી ! વાર્તા કહો.'

સમીરની આંગળી પકડીને પૂછ્યું,

'કઈ વાર્તા સાંભળવી છે ?'

શું જવાબ આપવો તે સમીરને ન સમજાયું.

એની મૂંઝવણ કળી જઈને કહે,

'ચાલ. તને 'ધનિયા હજામ'ની વાર્તા કહું.'

જુ. કાકાએ સમીરને અભિનય સાથે વાર્તા કહી. શરૂઆતમાં વાર્તા સાંભળનાર એ એકલો હતો. કુતૂહલવશ વિદ્યાલયની બધી બહેનો પણ ગોઠવાઇ ગઇ. સૌને ખૂબ હસાવ્યાં. સમીરના દાદાજી ઘડીભરમાં સૌના દાદાજી બની ગયા.

'ઘૂમ પાડજો, દાઢી આવીશ'

ચીનનું આક્રમણ ભારત પર થયું તે અરસામાં વેડછીમાં ગ્રામોદ્યોગ સંમેલન ભરાયું હતું. દક્ષિણ ગુજરાતની બધી સંસ્થાઓએ જુ. કાકાના માર્ગદર્શન તળે જવાબદારી ઉપાડી લીધી. રસોડાની જવાબદારી લેનાર હજુ કોઇ મળ્યું ન હતું. અમને બધા શિક્ષકોને બોલાવીને બેસાડ્યા, 'આ જવાબદારી કોણ લેશે ?' એમણે પૂછ્યું. ત્યારે અમે સૌ સ્તબ્ધ બની ગયા. હું ઓડે દૂર છેલ્લી લાઇનમાં બેઠો હતો.

'હું લઇશ.' એમ કહીને મેં હાથ ઊંચો કર્યો. 'પેલા ચશ્માવાળા ભાઇ કે ? સારું, ચાલો, કબૂલ છે. તમે તમારા સાથીદાર શોધી કાઢો.

કામ ઝડપથી ગોઠવાતું હતું. રસોડું ચાલુ થયું અને હું તેની જવાબદારી લેવા છીંડિયાથી વેડછી ૧૨ કિલોમીટર ચાલીને પહોંચ્યો. જુ. કાકાને પ્રણામ કર્યાં એટલે મને પૂછ્યું,

'કામ કેવું ચાલે છે ?'

'શરૂઆત છે એટલે તકલીફ પડે છે. પણ ગોઠવાતું જાય છે.

'હું કોઇને આમ પૂછતો જ નથી.' એમણે કહ્યું.

'કેમ ?'

'જરૂર પડે અને કોઇ જુવાનિયો આવે ત્યારે એને ઊંચકીને ફેંકું–જંગલમાં કહી રાખું કે જો ડૂબતો હોય તો ઘૂમ પાડજે. હું દોડી આવીશ. તારા કાંઇ સમાચાર નહિ આવે તો એમ માનીશ કે બધું સરસ ચાલે છે. અવારનવાર કાગળ લખતો રહેજે એમ કહું અને એ બોલાવે ત્યારે જાઉં.'

'લો. પેંડા ખાઓ'

વાતનો દોર થોડી વારે સાંધતાં કહે, 'તમે બસમાં આવ્યા હશો ?'

'ના. બસ તો નવ વાગે આવે છે.'

'તો ટ્રેઇનમાં આવ્યા હશો.'

'એ તો હજુ એનાથીય મોડી આવે.'

'તો કેવી રીતે આવ્યા ?'

'છીંડિયાથી કપૂરા–બારપુર થઇને ચાલતો આવ્યો.'

જુ. કાકાએ ઘૂમ પાડીને એક વિદ્યાર્થીને બોલાવ્યો. એને કહે,

'જાઓ. નાતુભાઇને કહો કે ૧૦૦ ગ્રામ પેંડા આપો.

હું કાંઇ સમજ્યો નહિ. પેંડા આવ્યા એટલે મારા હાથમાં મૂકીને કહે, 'લો. ખાઓ.' મેં પૂછ્યું 'પેંડા કેમ મંગાવ્યા ?'

તેઓ કહે, 'તમે ચાલીને આવ્યા એટલે.'

મેં કહ્યું, 'તો હવે હું રોજ ચાલીને આવીશ.'

જુ. કાકા ખડખડાટ હસ્યા. પેંડાના સ્વાદ કરતાં એમના મુક્ત હાસ્યનો મને વધુચસકો લાગ્યો.

વિવાદ નહિ પણ હુકમ

ચીનના આક્રમણને લીધે સરકારને નાણાંકીય તકલીફ હોવાથી કન્યા વિદ્યાલયની ગ્રાન્ટ ન આવી તેથી તે બંધ કરવાનો નિર્ણય અમારી જાણ બહાર લેવાયો અને તેની જાહેરાત થઇ. અમને બે વરસથી નિયમિત વેતન મળતું ન હતું. આવી પરિસ્થિતિમાં અમારા વિષે પૂછપરછ કરવાને બદલે વિદ્યાલય બંધ કર્યું તેના આઘાતથી અમે રાજીનામું આપ્યું. મુ. બબલભાઇ મહેતાએ અમારી લાગણી જુ. કાકાને પહોંચાડી. બે–ત્રણ વડીલો સાથે તેઓ અમને મળવા આવ્યા. તૂટક–છૂટક વાત કરતાં વડીલોએ સ્વીકાર્યું કે કાર્યકર્તાઓને અંધારામાં રાખીને આવો નિર્ણય લેવાવો ન જોઇએ. પરંતુ કાકા કોઇ સીધી ચર્ચામાં ન જ ઊતર્યા. સાંજ પડી. છૂટા પડવાની તૈયારી થઇ. સૌ જીપમાં બેઠા. ત્યાં જ જુ. કાકાએ હુકમ કર્યો.

'તમે અમારી સાથે ચાલો.'

'ક્યાં જવાનું છે ?' મેં પૂછ્યું.

મારા પ્રશ્નનો ઉત્તર આપ્યા વિના એમણે ફરી વાર હુકમ છોડ્યો.

'જીપમાં બેસી જાઓ.'

હું દલીલ કર્યા વિના મૂંગો મૂંગો બેસી ગયો. મને ઉત્તર બારાના બેડ દૂરના દૂર ગામે લઇ ગયા. પછી કહે.

'આ સૌથી જૂનો આશ્રમ છે. ૧૨ એકર જમીન છે. તેને સંભાળો અને વિકસાવો. ચાલો. જમીન જોવા.'

જમીન જોતાં જ હું બોલી પડ્યો, 'આ તો ફળઝાડ માટેની જમીન છે ! અહીં કૂવો છે ?'

'તમે બેઠનો ! અહીં સ્મશાન હતું ! તમે બન્ને અહીં બેસો.'

કોઈ દલીલ નહિ, કોઈ વિવાદ નહિ માત્ર વિશ્વાસસભર મૌન રાખીને તેઓ વિદાય થયા. અમે બેડકૂવાદૂરમાં વસીને નવસર્જનનો આરંભ કર્યો. શ્રમયજ્ઞ ગોઠવ્યો. ૧૨ એકર જમીનને સમતળ કરી કૂવો પણ બોદાવ્યો. એમાં ટેકનિકલ ટ્રેઇનિંગ સેન્ટર કાકરાપારના વિદ્યાર્થીઓ ને અધ્યાપકોનો સહકાર મેળવ્યો અને બે માઇલ લાંબો ગામ સુધીનો રસ્તો તૈયાર થઈ ગયો.

પ્રેમનું પ્રદર્શન નહિ

આ મહેનત તરફ 'રિવસ બેઇડ' નું ધ્યાન ખેંચાયું. એમણે રૂા. ૪,૦૦,૦૦૦/–ની મદદ કરી વિદ્યાલયના મકાનના ઉદ્ઘાટન માટે જુ કાકા આવ્યા. ગામ લોકોને ઉદ્દેશીને એમણે કહ્યું.

'તમે સદ્ભાગી છો કે ગાંધી પરિવારનાં દીકરી નીલમબહેન અહીં આવીને બેઠાં છે અને યોગેન્દ્રભાઈની નસોમાં તો ગાંધી વિચારનું લોહી વહે છે !'

પ્રસંગ આવ્યો એટલે એમણે સદ્ભાવ વ્યક્ત કર્યો. પણ પ્રેમનું પ્રદર્શન કરવાનો અને વિવાદમાં ઉતરવાનો એમનો સ્વભાવ નહિ એટલે મૌન રાખે અને હુકમ છોડીને અપેક્ષા વ્યક્ત કરે.

'વ્યસનની જાહેરાત ન લેશો.'

જુ. કાકા કદી કોઈની પાસે દાન માગવા ન ગયા. સરદાર પટેલ એમની કાળજી પહેલેથી લેતા હતા પરંતુ એમણે તૈયાર કરેલા કાર્યકર્તાઓને માટે દાન કોણ માંગે ? કાર્યકર્તાઓ જાતે જ દાન મેળવી લાવે એ વાત સાથે તેઓ સંમત થયા, મેં પણ દાન માગવા જવા માટે એમની પાસે સંમતિ માંગી. મને પૂછે,

'શું કરશો ?'

'સ્મરણિકા માટે જાહેરાત મેળવીશ.'

એટલે સલાહ આપી,

'દારૂ બીડીનો વેપાર કરતા હોય એમની જાહેરાત ન લેશો.'

'સંસ્થા અને વિસ્તાર છોડી દો'

જુ. કાકા અમારી સંસ્થાના પ્રમુખ હતા. 'રિવસ બેઇડ'નું બારસું મોટું દાન અમે લક્ષ આવ્યા. પણ સતત બોટમાં જીવતી સંસ્થાના વહીવટકર્તાઓથી આ દાનમાંથી થોડી રકમ ચાલુ ખર્ચ માટે અને અન્ય કામોમાં વપરાઈ ગઈ, તેનો કોઈ જવાબ દેતું ન હતું. મેં જુ. કાકાનું ધ્યાન ખેંચ્યું અને કહ્યું, 'દાન મારે લાવવાનું હતું. વહીવટ બીજા લોકોએ કર્યો છે. પણ તેનો હિસાબ મારે આપવાનો છે ! હું શું કરું ? ઉપવાસ કરું ? છાપામાં નિવેદન આપું ? ચેરિટી કમિશ્નરને ફરિયાદ કરું ?'

તેઓ કહે, 'આવડી નાની સંસ્થામાં આવી ખેંચતાણ થાય તો સંસ્થા તૂટી પડે, તમે સંસ્થા છોડી દો. વિસ્તાર પણ છોડી દો. !'

હું સ્તબ્ધ થઈ ગયો. કળ વળતાં મેં કહ્યું : સંસ્થા છોડવાની વાત મને સમજાય છે. પણ વિસ્તાર છોડવાની વાત મારે ગળે ઊતરતી નથી. મને લાગે છે કે તમે મને પલાયનવાદ શીખવી રહ્યા છો !"

જુ. કાકાએ કહ્યું, 'હા, એવું થાય છે બધું !'

મેં ઊઠતાં ઊઠતાં કહ્યું, 'હું વિસ્તાર નહિ છોડું.'

તેઓ શાંત રહ્યા.

'તમને ભેટાય ?!'

હું ગંભીર માંદગીમાંથી બે ઓપરેશન બાદ ઘણે વખતે પાછો આવ્યો અને રાનીપરજ સેવા સભાના વાર્ષિક સંમેલનમાં એમને મળવા ગયો. પગે લાગ્યો. મને ખૂબ નબળાઈ લાગતી હતી. મારા સમાચાર તેઓ મેળવતા હતા. પણ મળવા આવી શકયા ન હતા. પ્રેમ નીતરતી આંખે એમણે મને પૂછ્યું.

'તમને ભેટાય ?!'

હું ગદ્ગદિત થઈ ગયો. પછી બાળસહજ કુતૂહલથી મને કહે,

'મારે તમારું ઓપરેશન જોવું છે. મોટું આંતરડું કાઢી નાખ્યા પછી તમારું જીવન કેવું કે ગોઠવાયું છે ?'

મેં બધું વિગતે સમજાવ્યું એટલે કહે,

'મને 'વટવૃક્ષ' માસિક ચલાવવામાં મદદ કરજો. દર મહિને ગ્રંથાવલોકન, એક રચનાત્મક કાર્યકર્તાનો પરિચયલેખ અને બીજું 'તમને જે ગમે તે લખજો અને પ્રેસમાં બધું છપાય તેની જવાબદારી લેજો.'

સંપૂર્ણ વિશ્વાસ

મને બીક હતી કે એમની કડક નજરમાંથી મારા લેખો સલામત રીતે બહાર નહિ નીકળી શકે. પ્રથમ બે માસ મારું બધું લખાણ તેઓ જોઈ ગયા. પછી ત્રીજે મહિને મને બોલાવીને કહે, 'તમારા લેખો બરાબર છે. પણ ગીતામાં ચમત્કૃતિ જોઈએ. હવે પ્રેસમાં કેટલું આપવું, શું આપવું એ બધું તમે જોજો. ૩૨ પાનાથી વધવાનું નહિ. મારા લેખમાં પણ કાપકૂપ કરવાની છૂટ.

આવા હતા અમારા જુ. કાકા ! અનાગ્રહી અને ઉદાર. બાળકો સાથે બાળક જેવા અને કાર્યકર્તાઓ સાથે સેનાપતિ જેવા. વિશ્વાસપૂર્વક જવાબદારી સોંપે અને કચકચાવીને કામ લે. હુકમ છોડે ત્યારે કડક અને મળવા જઈએ ત્યારે માબાપ જેવા પોચા. પ્રેમથી પંડા ખવડાવે અને મન મૂકીને હસે. વિવાદમાં ન ઊતરે પણ ઘણું બધું મૌનથી જ સમજાવી દે. તપ કરવાની જગ્યા દેખાડે અને કાર્યકર્તાને તાવીને તૈયાર કરે. કાર્યકર્તા દુભાઈને છૂટો પડે તો તેમ થવા દે. છતાં એની તરફ નજર રાખે અને બોલાવે ત્યારે જાય. ફરીથી બધું એને જ સોંપે. અરે ! પોતાની જાતને પણ સોંપી દે.

સત્તાણુ વરસે આણું

કોણ કહે છે કે યુવાન કાર્યકર્તાઓ મળતા નથી ? કાર્યકર્તાઓ કંઈ રસ્તામાં રેઢા નથી પડયા. એમને તો તૈયાર કરવા પડે છે. પૂ. જુ. કાકા એવા કસબી હતા. એમણે એવી ઘીગી વડવાઓ તૈયાર કરી કે મૂળ થડને ઓળખવું મુશ્કેલ બની ગયું ! ઘણા ગાંધીજનો સંસ્થાઓ ચલાવે છે. પણ સંસ્થાની ચાવીનો ઝૂડો જુવાન માણસને સોંપી શકતા નથી, પણ અમારા જુ. કાકાએ ઝૂડો પોતાની પાસે પહેલેથી રાખ્યો જ નહિ એટલે એમને કદી સંસ્થાની માયાની આસક્તિ વળગી નહિ. એમણે સંસ્થાઓ ઊભી કરી. પણ જાતે એના દૈનંદિન કામોથી વેગળા રહ્યા. એમણે નીતિ ઘડીને ગાંધી વિચારને નાતે બાંધ્યા અને વિકસાવ્યા. સત્તાણું વર્ષની ઉંમરે ગયા ત્યારે દક્ષિણ ગુજરાતની આદિવાસી પ્રજાનાં આણાંમાં ઘણી સંસ્થાઓ આપતા ગયા.

નવી સરકારનું પ્રથમ અંદાજપત્ર

વેપારઉદ્યોગ માટે રાહતોવાળું; સામાન્ય માનવી માટે વસમું

જીતેન્દ્ર સંઘવી

રાજીવ ગાંધીની સરકારે અર્થતંત્રના વિવિધ વર્ગોમાં જગાડેલી અપેક્ષાઓ ૧૯૮૫-૮૬ના અંદાજપત્રમાં મહદ્અંશે ફળીભૂત થતી લાગે છે. લોકોએ તાજેતરની ચૂંટણીઓમાં કૉંગ્રેસ પક્ષ પર મતોનો વરસાદ વરસાવ્યો તેના પ્રતિસાદરૂપે સરકારે તેના પ્રથમ અંદાજપત્રમાં વેપારઉદ્યોગ માટે રાહતોનો વરસાદ વરસાવ્યો. આવકવેરાની અનેક પ્રકારની રાહતોને પેટ્રોલ અને રેલવેનૂરના આકરા વધારા દ્વારા જીવન જરૂરિયાતની ચીજોમાં થનારો ભાવવધારો ભરખી જશે. આમ સામાન્ય માનવી નવી સરકારના આયોજનમાંથી દૂર ફંગોળાયો છે એટલે અંશે આ અંદાજપત્ર તેને માટે વસમું બની રહે તો નવાઈ નહીં.

કંપની પર આવતા એક-બે વરસમાં આવનારા કરવેરાના ફેરફારો (જેવા કે કરવેરામાં ઘટાડો અને સરચાર્જ અને સરટેક્ષની નાબૂદી) નો અણસાર આપી નાણાપ્રધાને લાંબા ગાળાની સ્થિર આર્થિક નીતિ ઘડવાની છાપ ઊભી કરી છે. વેપારઉદ્યોગને અસર કરતા ફેરફારો તેની સાથેના વિચાર વિનિમય બાદ કરવાનો નવો પ્રયોગ ઉદ્યોગક્ષેત્ર અને સરકાર વચ્ચેના સતત ઘર્ષણને બદલે સંવાદિતામાં પરિણમશે. ઘસારાફંડ અને નવા મૂડીરોકાણ પરની છૂટછાટો (ઇન્વેસ્ટમેન્ટ એલાવન્સ) ચાલુ રાખવા છે કે તે ક્રમશ: દૂર કરી કંપની પરના કરવેરાનો બોજ ઘટાડવો એ પણ ચર્ચા દ્વારા નક્કી કરવાનો સરકારનો નવતર પ્રયોગ સમગ્ર વિરોધ-પક્ષને સાથે રાખી મહત્ત્વના નિર્ણયોમાં રાષ્ટ્રીય સર્વાનુમતિ સાધવાનો જે નવો ચીલો પક્ષાંતર વિરોધી ખરડો પસાર કરતી વેળા પાડયો છે તેને મજબૂત કરશે. સરકારના આ રચનાત્મક અભિગમને ચોમેરથી આવકાર મળશે એ નિઃશંક છે.

અંદાજપત્રના જમા અને ઉધાર પાસાની ચર્ચા કરતા પહેલા આવક અને ખર્ચના આંકડાઓ પર અછડતી નજર કરી લઈએ. ૧૯૮૫-૮૬ ના વરસ માટે સરકારી ખરચ રૂા. ૫૧,૨૯૫ કરોડનો અને આવક રૂા. ૪૭,૬૩૫ કરોડની અંદાજવામાં આવી છે. નવા કરવેરા દ્વારા રૂપિયા ૩૧૧ કરોડ ઊભા કર્યા બાદ ૩,૩૪૯ કરોડની ખાધ વણપૂરાયેલી રહેશે. ચાલુ વરસે આ ખાધ રૂપિયા ૩,૬૮૫ કરોડની છે. ૫૧,૦૦૦ કરોડના કુલ ખર્ચમાંથી રૂપિયા ૨૬,૩૫૮ કરોડ વિકાસખર્ચ માટે ફાળવાયા છે. બીજા શબ્દોમાં, દર એક રૂપિયાના ખર્ચમાંથી ૫૭ પૈસા વિકાસકામો પાછળ ખર્ચાશે. ચાલુ વરસે આ ખર્ચ ૬૦ પૈસાનો છે.

સાધનોની અછતના બહાના નીચે વિકાસ ખર્ચ મર્યાદિત કરતી સરકાર સંરક્ષણ, સરકારી સહાય અને વ્યાજની ચૂકવણી જેવા બિનવિકાસ ખર્ચમાં કોઈ કાપ મૂકવા ધારતી નથી. આવતા વરસે સંરક્ષણ ખર્ચ રૂપિયા ૫૦૦ કરોડ વધીને ૭,૬૮૬ કરોડ થશે. આ ખર્ચને કાર્યક્ષમ બનાવાય તો કોઈ પણ યોજનાના કાપ સિવાય તેમાં જરૂર ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો કરી શકાય. અનાજ કે ખાતર પરની સરકારી સહાયનો લાભ ખેતમજૂરો કે નાના ખેડૂતોને મળતો નથી એ વાત સુવિદિત છે. આ ખર્ચ ૨૯૦૦ કરોડ જેટલો થવા જાય છે. સંરક્ષણ અને સરકારી સહાયના ખર્ચમાં કાપ મૂકી અંદાજપત્રની ખાધ ઘટાડી શકાય હોત.

કંપનીઓને અપાયેલ રાહતોની જરા વિગતે વાત કરીએ. ઇજારાશાહી કંપનીઓ માટે અરક્યામતની મર્યાદા ૨૦ કરોડથી વધારીને રૂપિયા ૧૦૦ કરોડની કરવામાં આવી છે. ખાનગી ક્ષેત્રે આ મર્યાદા વધારીને ૫૦ કરોડની કરાશે એવો આશાવાદ હતો. દેખીતી રીતે, સરકારે ધારણા કરતાં વધુ છૂટ આપી છે. ૧૯૬૯માં આ મર્યાદા નક્કી થયેલી એટલે તે પછીનાં ૧૫ વરસમાં થયેલા લગભગ ચારગણા ભાવવધારાને લક્ષમાં લેતા આ છૂટ ખરા અર્થમાં થોડી જ વધી ગણાય. કંપનીઓ પરના આવકવેરામાં પાંચ ટકાનો ઘટાડો પણ અનેક વર્ષો પછી ભારતું આ દિશાનું આવકારદાયી પગલું છે. કંપનીઓ હવે પછી ચોપડે નોંધીને રાજકીય પક્ષોને ફાળો આપી શકે એ માટેની જોગવાઈ આ અંદાજપત્રમાં છે. પણ આ એકમાત્ર પગલું કાળા નાણાં અને તે દ્વારા ચાલતા સમાંતર અર્થતંત્રને નાથવામાં કેટલે અંશે કામિયાબ નીવડશે તે કહેવું મુશ્કેલ છે.

વધુ ૨૫ ઉદ્યોગો જેવા કે ઇલેક્ટ્રોનિક્સ કંપોનન્ટ્સ, સાયકલ, મશીન ટુલ્સ, ખેતી માટેના ઓજારો, માઇક્રોફિલ્મ્સ, કાગળ, છાપકામ, ખાદ્યતેલો, સાબુ વગેરેને પરવાના પદ્ધતિની ચુંગાલમાંથી મુક્ત કરી છૂટછાટવાળી ઔદ્યોગિક નીતિને આગળ ધપાવવાની સરકારે ધગશ બતાવી છે.

વ્યક્તિગત આવકવેરાનો મહત્તમ દર ઘટાડી ને ૫૦ ટકા કરવામાં આવ્યો છે. આજથી બાર વર્ષ પહેલાં (૧૯૭૩-૭૪) આ દર ૯૭.૭૫ ટકા જેટલો હતો. ચાલુ વર્ષે આ દર ૬૨ ટકા છે. આમ આવકવેરાના દરના ઘટાડાથી કરચોરી અને કાળા નાણાંની ઉત્પત્તિ અટકશે એવી ધારણા છે. એક લાખ રૂપિયા કમાઈને ૬૭ હજાર સરકારને આપવાનાર હોય તો કોઈ માણસ મોટી પીંજણમાં શું કામ પડે એ વાત છેલ્લા થોડા વરસોમાં સરકારને ગળે ઉતરી છે એ આનંદની વાત છે.

વ્યક્તિગત આવકવેરાની છૂટની મર્યાદામાં વધારો, આવકવેરાના મહત્તમ દરમાં ઘટાડો, સરચાર્જ નાબૂદી, સંપત્તિવેરાની છૂટની મર્યાદામાં વધારો અને વેરામાં ઘટાડો અને ફરજિયાત બચત યોજનાને તિલાંજલીથી મધ્યમ વર્ગને માનવી રાહતનો દમ ખેંચશે. ઉપરાંત રેડિયો, ટી. વી. પરની પરવાના ફી નાબૂદી, સામાજિક સુરક્ષા, પાકવીમા યોજના, પેન્શનરોને રાહત, બોનસની ટોચમર્યાદામાં વધારા-જેવાં પગલાંથી કામદારો તથા બીજો સામાન્ય વર્ગ રાજી થયો છે. પણ સરકારે એક હાથે જે આપ્યું છે તે બીજા હાથે પાછું આંચકી લીધું છે.

પેટ્રોલની પેદાશોના આકરા ભાવવધારાથી અને બધી ચીજવસ્તુઓ (અનાજ અને ભીડા સહિત) ની હેરફેર પરના રેલવેનૂરના દરમાં ૧૦ ટકાના ભારે વધારાથી રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજો મોંઘી બનશે. બસ-ટેક્ષીના ભાડાં વધશે. રેલવેનો પ્રવાસ તો કમર ભાંગી નાખે તેટલો બોજિલ

થયો જ છે. કેરોસીન, રાંધણ ગેસના ભાવ વધી ગયા છે. અનેક ચીજવસ્તુઓ જેવી કે વનસ્પતિ, સાબુ, પેપર, સિમેન્ટ, બીડી, પાનમસાલા પરની જકાત વધારવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટેની નોટબુકો ૭ થી ૮ ટકા મોંઘી થવાની ધારણા છે. આમ સામાન્ય માનવી માટે તો બાર સાંધે ત્યાં તેર તૂટે વાળો ઘાટ થયો છે.

ચાલુ વરસની જંગી ખાધે ભાવોને ભડકાવ્યા નથી એ કારણે સરકાર આવતા વરસે વિક્રમ ખાધ રાખવાનો ગણતરીપૂર્વકનો જુગાર ખેલવા પ્રેરાઇ હોય એમ લાગે છે. બે વરસના અનુકૂળ ચોમાસાને પરિણામે અનાજનો ૨.૩ કરોડ ટન જેટલો અનામત જથ્થો અને વિદેશી હૂંડિયામણની ૬,૩૦૦ કરોડ રૂપિયાની ધરખમ પુરાંત આપણા અર્થતંત્રની ઊંડીને આંખે વળગે તેવી સિદ્ધિઓ છે. આવતા વરસની આવી મોટી ખાધ રાખવાના હિંમતભર્યા પગલામાં આ બે પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. આમ કેઇન્સના ખાધપૂરક પદ્ધતિના જૂના ખ્યાલો નવા નાણુપ્રધાને ફગાવી દીધા લાગે છે. દુનિયા આખી જ્યારે મોટી અંદાજપત્રીય ખાધને જોખમી માને છે ત્યારે ભારતમાં હળવા કરવેરા અને ભારે આધવાળા નવા રાજકીય યુગનો ઉદય થતો જણાય છે.

આની અસર ભાવો પર કેવી અને કેટલી પડશે એનો મોટો આધાર આવતા વરસે મેઘરાજાની કેવી મહેર આપણા પર ઊતરે છે તેના પર રહેશે. ચોમાસું સારું જાય તો જુગારમાં સરકારની જીત પણ થાય. અત્યારે તે વિષે અટકળ કરવી શક્ય નથી. પણ એટલું ચોક્કસ કહી શકાય કે ભાવ વધારાની ખુલ્લી તલવાર માથે લટકી રહી છે.

સાધનોની અછત નવા કરવેરા લાદીને પૂરવી કે નાસિક પ્રિન્ટિંગ પ્રેસ ધમધમતું રાખીને પૂરવી: એ બે વચ્ચેની પસંદગી મુશ્કેલ છે. આનો કાયમી ઉકેલ તો વરસો વરસ આપણે જે મૂડીરોકાણ કરીએ છીએ તેમાંથી પૂરતું વળતર મેળવવાનો જ છે. કરેલા મૂડીરોકાણ ખર્ચે જવાનું ડહાપણ ભર્યું નથી. આ બાબતમાં આપણાં જાહેર સાહસોની કામગીરી ચિંતા પ્રેરે તેવી છે. કેંદ્ર સરકારનાં જાહેર સાહસોમાં કરેલા રૂપિયા ૩૦,૦૦૦ કરોડના મૂડીરોકાણ પર ૩૦૦ કરોડનું વળતર (નફો) પણ જો ન થાય તો આ એકમો ચલાવવા તે પ્રજાના પૈસાનો નર્યો દુર્વ્યય નહીં તો બીજું શું કહેવાય?

આપણાં વીજળીઘરો ૫૦ ટકા ઉત્પાદનક્ષમતા પણ ન ધરાવતાં હોય તો આપણે કાયમ વીજળીની તંગી જ ભોગવીએ તેમાં આશ્ચર્ય જેવું શું કહેવાય? એટલું જ નહીં, બાકી વીજળીનું ઉત્પાદનખર્ચ વધશે, જે બીજા ઉદ્યોગોના ઉત્પાદનખર્ચને વધારશે. આ વિષચક્રમાંથી બહાર આવવું હોય તો ખેતીવાડી સહિત ઉત્પાદનનાં દરેક ક્ષેત્રે ઉત્પાદનક્ષમતા વધારવાના અસરકારક પગલાં લેવા પડશે.

સાધનોની અછતવાળા દેશમાં મૂડીનો દુર્વ્યય પણ અટકાવવો જોઇએ. રેલવેખાતાએ વિશ્વબેંકમાંથી રૂપિયા ૬૦૦ કરોડની લોનના કરારો કર્યાના લગભગ બેકાદ વરસ પછી પણ તેનો અસરકારક ઉપયોગ કરવાની કોઈ નક્કર યોજના તેની પાસે નથી, આ સમય દરમ્યાન કમિટમેન્ટ ચાર્જ સ્વરૂપે સરકારે લગભગ અઢી કરોડ રૂપિયા વિશ્વબેંકને ચૂકવવા પડશે. આમ રોજના ૭૦,૦૦૦ રૂપિયા વાજબી આયોજનના અભાવે વેડફાશે. સરકાર આવો વ્યય અટકાવવા અને કાર્યક્ષમતા વધારવા કેવાં નક્કર પગલાં લે છે તે પર દેશની આર્થિક સદ્ધરતાનો અને આપણી બેકારીસમી સદી ભણીની કૂચનો આધાર રહેશે.

ગ્રામ વિકાસને રૂંધતી અંદાજપત્રની જોગવાઇ

❖ પન્નાલાલ ૨. શાહ

કેન્દ્ર સરકારનું ૧૯૮૫-૮૬નું અંદાજપત્ર ગામડાંના વિકાસ કાર્યોને રુંધનારું નીવડશે. કારણ કે આવક વેરા ધારાની કલમ ૩૫ (સી) (સી) અનુસાર કોઇ કંપની કે કો-ઓપરેટિવ સોસાયટી ગામડાના વિકાસનો સવિગત કાર્યક્રમ સત્તાધીશો સમક્ષ રજૂ કરે અને એને મંજૂરી આપવામાં આવે તો એ કાર્યક્રમ હેઠળ થતાં ખર્ચને કરપાત્ર કુલ આવકમાં સો ટકા મંજરે આપવામાં આવતો હતો. પરંતુ સંસદમાં રજૂ થયેલ નાણા ખરડા અનુસાર તા. ૧૬-૩-૧૯૮૫ બાદ આવા ગામડાંના વિકાસ કાર્યોને મંજૂરી નહિ આપવાની નીતિ અખત્યાર કરવામાં આવી છે. કોઇ સંસ્થા આવી પ્રવૃત્તિ કલમ-૩૫ (સી) (સી) (એ) અનુસાર હાથ ધરે અને દાતાઓ એ પ્રવૃત્તિ માટે દાન આપે તો તેવું દાન કરપાત્ર કુલ આવકમાં સો ટકા મંજરે આપવામાં આવતું હતું. તેના પર ગત વર્ષના એટલે કે ૧૯૮૪-૮૫ ના અંદાજપત્રની જોગવાઇથી પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું હતું.

આવકવેરાના ઊંચા દરમાં ઘટાડો કરવામાં આવ્યો તે આવકાર્ય છે. પરંતુ એથી કોઇ કંપની કે કો-ઓપરેટિવ સોસાયટી ગામડાંના વિકાસ કાર્યો હાથ ધરે તેને મંજૂરી આપવાનું ટાળવાથી એની દ્વિપરિમાણી અસર થશે. એક તો ગામડાંના વિકાસ માટે ખર્ચની રકમ મંજરે ન મળે એટલે એના પર વેરો લાગે. ગ્રામવિકાસની પ્રવૃત્તિ હાથ ધરતી સંસ્થાને દાન આપવામાં આવે તો આવકવેરા ધારાની કલમ ૮૦ (જી) અનુસાર દાનની રકમના ૫૦ % જેટલી જ રકમ કરપાત્ર કુલ આવકમાં મંજરે મળે અને બાકીની દાનની રકમ પર પ્રવર્તમાન આવકવેરાના દરે દાતાઓ કર ભરવો પડે. સ્વાભાવિક છે કે સમાજહિતમાં વ્યક્તિને દાન આપવાનું મન થાય પરંતુ આપેલ દાનની રકમ પર કર ભરવાનો હોય તો દાન આપવાનું મન ન થાય.

અગાઉ આવકવેરા ધારાની કલમ ૩૫ (સી) (સી) (એ) હેઠળ સંસ્થાને અપાતા દાન અને કલમ ૩૫ (સી) (સી) હેઠળ કંપની કે કો-ઓપરેટિવ સોસાયટી ગામડાંના વિકાસના કાર્યક્રમો હાથ ધરે તો આપણે ઉપર જોઇ ગયા તેમ આવી રકમ કરપાત્ર આવકમાં પૂરેપૂરી મંજરે મળતી હતી અને આવકવેરાના દર એટલા ઊંચા હતા કે આ રીતે દાન અપાય કે ગામડાંના વિકાસ માટે ખર્ચ કરવામાં આવે તો તેમાં ૭૦ % જેટલી રકમ પ્રચ્છન્ન રીતે વેરાની રકમ રહેતી અને ૩૦ % જેટલી રકમનું દાતાનું પ્રદાન રહેતું. પરિણામે ગામડાંના વિકાસને પ્રોત્સાહન મળ્યું હતું. વળી આવકવેરા ધારાની કલમ ૮૦ (જી) હેઠળ અપાતું દાન કરપાત્ર કુલ આવકના દસ ટકાની મર્યાદામાં જ મંજરે મળે છે. એટલે ગામડાંના વિકાસ પાછળ ખર્ચાતી મોટી રકમ કે જંગી રકમના દાન માટે હવે અવકાશ રહેતો નથી. બીજી બાજુ આવકવેરાના ઊંચા દરમાં ઘટાડો થવાથી સ્વાભાવિક રીતે જ વ્યાપારીઓ અને ઉદ્યોગગૃહોનું વલણ, કર ભરીને પણ કાયદેસર મૂડી ઊભી કરવાનું રહે.

આપણા દેશમાં જ્ઞાતિ, વતન, ધર્મ, ભાષા, આદિ મર્યાદા અને સંવેદનશીલતાના ધોરણે સામાજિક કાર્યો હાથ ધરાય છે અને દાન પણ એ જ ધોરણે મુખ્યત્વે અપાય છે. એવા સંજોગોમાં ગામડાંના વિકાસ પરત્વે સવિશેષ ધ્યાન આપવાની જરૂર છે, ત્યારે ગામડાંના વિકાસને મદદરૂપ એવી મહત્ત્વની જોગવાઈ રદ કરવામાં આવી તે આ અંદાજપત્રની કમનસીબ ઘટના લેખાય.

એ સાચું કે કોઈ કંપની કે કો-ઓપરેટિવ સોસાયટીએ કલમ ૩૫ (સી) (સી) હેઠળ ખર્ચેલી રકમ ખરેખર ખર્ચવામાં આવી છે કે કેમ તેની ચકાસણી કરવાનું મુશ્કેલ છે. કલમ ૩૫ (સી) (સી) હેઠળ ગામડાંના વિકાસ માટે મંજૂરી આપવાનું બંધ કરવામાં નાણાપ્રધાને વાજબી રીતે આ કારણ આપ્યું છે. પરંતુ આવકવેરા ધારાની અગાઉની જોગવાઈનો દુરુપયોગ થયો હશે તેમ આવી જોગવાઈ હેઠળ સારાં કાર્યો થયાના અનેક ઉદાહરણો આપણી સમક્ષ પડ્યાં છે.

વિરલ પ્રતિભા : શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

ડૉ. કુમારપાળ દેસાઈ

(ગતાંકથી પૂણ)

શ્રી વીરચંદ રાઘવજી ગાંધી માત્ર તત્ત્વચિંતક નહોતા પણ દેશહિતની ચિંતા પણ એમના હૈયે વસેલી હતી. અમેરિકામાં હિંદુસ્તાનને વિશે એવી માન્યતા હતી કે એ વાઘ, સાપ અને રાજાઓનો દેશ છે. ખ્રિસ્તી પ્રચારકોએ પણ હિંદુસ્તાનની પ્રજાનું હીણું ચિત્ર વિદેશમાં રજૂ કર્યું હતું. વીરચંદ ગાંધીએ ભારતની સાચી સમજ વિદેશીઓમાં જાગે તે માટે વિવેકાનંદ જેટલો જ પ્રયાસ કર્યો. એમણે ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ બતાવતા વિદેશીઓને કહ્યું, 'આશ્ચર્યની વાત તો એ છે કે ભારત ઉપર વિદેશીઓ સતત હુમલાઓ કરતા રહ્યા છે અને એ બધાં આક્રમણોની આફતો આવ્યા છતાં ભારતનો આત્મા જીવંત રહ્યો છે, જાગૃત રહ્યો છે. એનાં આચાર અને ધર્મ સાબૂત છે અને સારાયે વિશ્વને ભારત તરફ મીટ માંડીને જોવું પડે છે. સંસ્કૃતિનાં લક્ષણ, ખેતી, કલાકારીગરી સાહિત્ય, સદાચાર અને જ્ઞાનવિજ્ઞાનનાં સાધનો, આતિથ્ય સત્કાર, નારીપૂજા, પ્રેમ અને આદર બધું જ ભારતમાં કોઈ જુદા જ સ્વરૂપ જોવા મળે છે. ખરીદી શકાય એવી એ સંસ્કૃતિ હોત તો ઇંગ્લેન્ડ આ દેશમાંથી એને ખરીદી લઈ શકત, પોતાની બનાવી શકત, પણ એવું નથી બન્યું, નહિ બની શકે.'

છેક, ઈ. સ. ૧૮૯૩ માં વીરચંદ રાઘવજી ગાંધીએ દેશના આર્થિક અને રાજકીય સ્વાતંત્ર્યની વાત કરી. એકવાર એમણે અમેરિકન લોકોને કહ્યું કે ભારત અત્યારે પરદેશી એડી નીચે કચડાયેલું છે. એ માત્ર ધાર્મિક ક્ષેત્રમાં સ્વાતંત્ર્ય ધરાવે છે, પણ ભારત સ્વતંત્ર થશે ત્યારે તે હિંસક માર્ગે કોઈપણ દેશ પર આક્રમણ નહીં કરે.

૧૮૯૩માં ગાંધીજી માત્ર બેરિસ્ટર હતા, તે સમયે વીરચંદભાઈએ આ ભવિષ્યકથન કર્યું હતું. એમની એ કલ્પના કેટલી બધી વાસ્તવિક સાબિત થઈ!

પણ હું તો એથીય આગળ વધીને કહીશ કે આ ધર્મજ્ઞાતા અનેખા ક્રાંતદ્રષ્ટા હતા. આ જગતની પેલે પારનું જોઈ શકે તે ક્રાંતદ્રષ્ટા, વર્તમાનને વીંધીને ભવિષ્યને જાણી શકે તે ક્રાંતદ્રષ્ટા. જ્યારે ભારતના રાજકીય સ્વાતંત્ર્યની ઉષાનું પહેલું કિરણ પણ ફૂટ્યું નહોતું ત્યારે વીરચંદભાઈએ એમ કહ્યું કે હિન્દુસ્તાન આઝાદ થશે તો બધા દેશો સાથે શાંતિમય સહ-અસ્તિત્વથી જીવશે. દેશને આઝાદી મળી તે અગાઉ પાંચ-પાંચ દાયકા પૂર્વે પેલે પારનું દર્શન કરતા વીરચંદભાઈ, 'The Jain Philosophy' વિશેના એમના પ્રવચનમાં કહે છે 'You know my brothers and sisters, that we are not an independent nation; We are subjects of Her Gracious Majesty Queen Victoria the 'defender of the faith', but if we were a nation in all that, name implies with our own government and our own rulers, with our laws and institutions controlled by us free and independent, I affirm that we should seek to establish and forever maintain peaceful relations with all the nations of the world."

શ્રી વીરચંદભાઈનો એટલો પ્રભાવ પડ્યો કે વિશ્વધર્મ પરિષદના આયોજકો અને વિદ્વાનોએ એમને રૌપ્યચંદ્રક એનાયત કર્યો હતો. એ પછી ૧૮૯૪ની ૮મી ઑગષ્ટે કાસાડોગા શહેરના નાગરિકોએ એમને સુવર્ણચંદ્રક આપ્યો હતો. એમણે આ શહેરમાં 'Some mistake corrected' અંગે પ્રવચન આપ્યું હતું. અને એ પ્રવચન પૂરું થયા પછી ફરી ફરી પ્રવચન કરવાનું કહેવામાં આવ્યું એમ 'અફેલો કોરીયર' નામનું અખબાર નોંધે છે. અમેરિકામાં એમણે 'The Gandhi Philosophical Society' અને 'The school of Oriental Philosophy નામની બે સંસ્થાની સ્થાપના કરી. શિકાગોમાં Society for the Education of women of India' નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થાના મંત્રી શ્રીમતી હાવર્ડ હતા કે જેમણે વીરચંદ-ભાઈની પ્રેરણાથી શુદ્ધ શાકાહાર અને ચુસ્ત જૈનધર્મ અપનાવ્યો હતો. સ્વામી વિવેકાનંદનાં શિષ્યા ભાગેની નિવેદીતાની જેમ શ્રીમતી હાવર્ડ વીરચંદભાઈના શિષ્યા બની ગયા અને તેઓ જૈનોની જેમ વિધિસર સામાયિક પણ કરતા હતા.

આ પછી શ્રી વીરચંદભાઈ ગાંધી ઇંગ્લેન્ડ આવ્યા. અહીં એમણે બેરિસ્ટર થવાની ઇચ્છા પૂરી કરી, પરંતુ આ જ્ઞાનનો ઉપયોગ એમણે અર્થોપાર્જન માટે ભાગ્યે જ કર્યો. ઇંગ્લેંડમાં જૈન ધર્મની જિજ્ઞાસા જોઈને એમણે શિક્ષણવર્ગ ખોલ્યો. આગળ જતાં લંડનમાં 'જૈન લિટરેચર સોસાયટી'ની સ્થાપના કરી, એક ધર્મજિજ્ઞાસુ હર્બર્ટ વોરને માંસાહારનો ત્યાગ કરીને જૈન ધર્મનો સ્વીકાર કર્યો. એમણે વીરચંદભાઈના ભાષણોની નોંધ રાખી. તેમજ અંગ્રેજીમાં જૈન ધર્મ વિશે એક પુસ્તક લખ્યું. આ ઉપરાંત વિશ્વધર્મ પરિષદના પ્રમુખ ચાર્લ્સ સી. બોની એમનાથી પ્રભાવિત થયા હતા. અને વીરચંદભાઈએ ભારતમાં ૧૮૯૬-૯૭ માં દુષ્કાળ પડ્યો ત્યારે અમેરિકામાં સ્થાપેલી દુષ્કાળ રાહત સમિતિના બોની પ્રમુખ હતા. આ સમિતિએ તત્કાળ ચાલીસ હજાર રૂપિયા અને

અનાજ ભરેલી સ્ટીમર ભારત મોકલ્યા હતા. શ્રી વીરચંદભાઇ ગાંધીએ આ પ્રવાસ દરમ્યાન પડપ જેટલા વ્યાખ્યાનો આપ્યા. તેઓ ગુજરાતી, હિંદી, બંગાળી, અંગ્રેજી, સંસ્કૃત, ફ્રેન્ચ જેવી ચૌદ ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા.

આમ ઓગણત્રીસ વર્ષનો એક યુવક પરદેશગમનની બંદગી વહોરીને વિદેશમાં ધર્મપ્રચાર કરે અને એક વાર નહીં બલ્કે ત્રણ ત્રણ વખત વિદેશની સફર કરી માત્ર જૈનદર્શનનો જ નહીં બલ્કે ભારતીય દર્શનનો પ્રચાર કરે તે તેવી વિરલ ઘટના કહેવાય !

શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું અલ્પ આયુષ્ય પણ અનેકવિધ યશસ્વી સિદ્ધિઓથી ભરેલું છે. ૧૮૮૪માં ઓનર્સ સાથે બી. એ. થનારા જૈન સમાજના એ પ્રથમ સ્નાતક હતા. ૧૮૯૯માં પિતાનું અવસાન થતાં રોવા-કૂટવા જેવી કુરૂઢિઓને એમણે એ જમાનામાં તિલાંજલી આપી હતી તે જેવીતેવી વાત ન કહેવાય. એકવીસ વર્ષની ઉંમરે 'શ્રી જૈન ઓસોસિએશન ઓફ ઇન્ડિયા'ના મંત્રી તરીકે પાલિતાણા આવતા યાત્રીઓનો મૂંડકાવેરો નાબૂદ કરવાનું કામ કર્યું. મૂંડકાવેરો અને બીજી રંજાડથી પરેશાન થઇને આણંદજી કલ્યાણજીની પેઢીએ પાલિતાણાના ઠાકોર સામે કેસ કર્યો હતો. પરંતુ પાલિતાણાના ઠાકોર સુરસિંહજી પર પોલિટિકલ એજન્ટના ચાર હાથ હતા. પોલિટિકલ એજન્ટે શુદ્ધ ન્યાય ન આપ્યો. વીરચંદભાઇએ આ પ્રશ્ન હાથમાં લીધો. એ વખતે રજવાડા સામે માથું ઊંચકવું એ સામે ચાલીને મોતને બાથ ભીડવા જેવું હતું. પણ એમણે મહુવા અને પાલિતાણા વચ્ચે અવારનવાર ઘોડા પર મજલ કાપીને સમાધાનનું વાતાવરણ ઊભું કર્યું મુંબઇના ગવર્નર લોર્ડ રે અને પોલિટિકલ એજન્ટ કર્નલ વોરસનને મળી સમર્થ રજુઆત કરી મૂંડકાવેરો નાબૂદ કર્યો. અંગ્રેજ બેઉમ સાહેબે સમેતશિખર પર ડુક્કરોની ચરબી કાઢવાનું કારખાનું નાખ્યું હતું. તે દૂર કરવા માટે વીરચંદભાઇ કલકત્તા ગયા. દસ્તાવેજોની જાણકારી માટે કલકત્તામાં છ માસ રહી બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો અને આખરે 'સમેતશિખર જૈનોનું તીર્થસ્થાન છે, બીજા કોઇને ત્યાં ડખલ કરવાનો અધિકાર નથી' એવો ચુકાદો મેળવીને તેમજ કારખાનું દૂર કરીને જ જંપ્યા. કાવીના દેરાસર અંગેના વિખવાદનો સુંદર ઉકેલ લાવ્યા. આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં સમગ્ર એશિયાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી. ૧૮૯૫માં પૂનામાં ભરાયેલી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસમાં મુંબઇના પ્રતિનિધિ તરીકે હાજરી આપી તેઓ રાષ્ટ્રીય મહાસભાના ચુસ્ત હિમાયતી હતા. તેમજ મહાત્મા ગાંધી સાથે એમણે ખોરાકના અખતરા કર્યા હતા. તેઓ ગાંધીજીના સંપર્કમાં પણ સારી રીતે આવ્યા હોય તેમ લાગે છે, કારણ કે વીરચંદભાઇના પુત્ર ઉપર લખેલા એક પત્રમાં ગાંધીજી આશીર્વાદ સાથે પૂછે છે કે, 'પિતાજીના આદર્શોમાંથી કંઇ જાળવી રાખ્યાં છે ખરા ?'

આવા વીરચંદ રાઘવજી ગાંધીનું સાડત્રીસ વર્ષની વયે ઇ. સ. ૧૯૦૧માં મુંબઇમાં અવસાન થયું. માત્ર સાડત્રીસ વર્ષની આયુમાં કેવી અપૂર્વ સિદ્ધિ મેળવી છે વીરચંદભાઇ ગાંધીએ ! આ સિદ્ધિને અંજલિ આપવા મારી પાસે કોઇ શબ્દો નથી. માત્ર રાષ્ટ્રકવિ બકુભાલનો એક શેર છે–

હજારો સાલ નરગીસ અપની બેનૂરીપે રોતી હૈ,
બડી મુશ્કિલ સે હોતા હૈ ચમનમેં દીદાવર પૈદા.'

–સુંદર આંખને માટે નરગીસના ફૂલની ઉપમા આપવામાં આવે છે. આ નરગીસનું પુષ્પ હજારો વર્ષથી પોતાની જ્યોતિહીનતા માટે-બેનૂરી માટે-રડતું રહે છે. ઘણાં વર્ષો પછી બાગમાં એને જોનારો (દીદાવર) પેદા થાય છે અને તે ખીલી ઊઠે છે.

વીરચંદ રાઘવજી ગાંધીએ આ ચમનમાં પેદા થયેલા આવા એક દીદાવર હતા !

(છઠ્ઠા જૈન સાહિત્ય સમારોહમાં સંક્ષિપ્ત નોંધરૂપે શ્રી વીરચંદ રાઘવજી ગાંધી વિશે આપેલા વક્તવ્ય પરથી તૈયાર કરેલો વિસ્તૃત લેખ)

'પ્રબુદ્ધ જીવન'ના શ્રેષ્ઠ લખાણ માટે પ્રતિવર્ષ રૂા. ૧૦૦૦/–નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણ (એક અથવા વધુ લેખો) માટે રૂા. ૧૦૦૦/– નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

(૨) પારિતોષિક માટેનું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણાશે. ૧૯૮૫ના વર્ષથી આ યોજના અમલમાં આવે છે. ૧૯૮૫ નું પારિતોષિક ૧૯૮૬ માં અપાશે.

(૩) અનુવાદ, સંકલન, અહેવાલ કે ઉતારાને આ પારિતોષિક અંગે નિર્ણય કરતી વેળા લક્ષમાં લેવાશે નહિ.

(૪) 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીનું લખાણ એમની ઇચ્છાનુસાર આ પ્રતિયોગિતામાંથી મુકત ગણાશે.

(૫) એક જ લેખકને ઉપરાઉપરી બે વર્ષ પારિતોષિક અપાશે નહિ.

લિ. મંત્રીઓ.

શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર

'સંઘ'ના ઉપક્રમે 'શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર'નું ઉદ્‌ઘાટન રવિવાર, તા. ૭-૪-૧૯૮૫ના રોજ 'સંઘ'ના પરમાનંદ કાપડિયા સભાગૃહ બપોરના ૩-૩૦ કલાકે રાખવામાં આવ્યું હતું તે અનિવાર્ય સંજોગોના કારણે મુલતવી રાખવામાં આવ્યું છે.

ઉદ્‌ઘાટન સમારંભ જ્યારે રાખવામાં આવશે ત્યારે તેનો સવિગત કાર્યક્રમ યોગ્ય સમયે જણાવવામાં આવશે.

અમૂલ શાહ
સંયોજક

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

સ્વ. ઈન્દુમતીબહેન

યશવંત દોશી

માર્ચની ૧૧ મીએ ઇન્દુમતીબહેનનું અવસાન થયું. ૭૮ વર્ષની વયે અવસાન પામેલા કુ. ઇન્દુમતી ચીમનલાલ અમદાવાદના એક અગ્રણી જૈન કુટુંબમાં જન્મેલાં. ઓગણીસમી સદીના ચોથા ચરણમાં અમદાવાદના ત્રણ જૈન અગ્રણીઓ લાલભાઇ દલપતભાઇ, મનસુખભાઇ ભગુભાઇ અને ચીમનલાલ નગીનદાસ. ઇન્દુમતીબહેનનો જન્મ ચીમનભાઇને ત્યાં ૧૯૬૦માં થયો હતો. ચીમનભાઇ ૧૯૦૮માં ૪૦ વર્ષની નાની વયે અવસાન પામ્યા ત્યારે ઇન્દુબહેન બે વર્ષનાં.

ચીમનલાલ નગીનદાસ એક અસાધારણ વ્યક્તિત્વવાળા સંસ્કારપુરુષ હતા. સત્તાવીસ વર્ષની ઉંમરે પાંચ વર્ષના ભત્રીજા અંબાલાલ સારાભાઇનો ઉછેર અને તેની વિશાળ મિલકતનો વહીવટ પોતાને માથે લઇ તેમણે નિઃસ્વાર્થ કાર્યકુશળતા દર્શાવી. તે વખતના સમાજને ક્રાંતિકારી લાગે તેવા સામાજિક-ધાર્મિક ફેરફારો કરાવ્યા. ગરીબ ઘરના તેજસ્વી છોકરાઓને પોતાને ઘેર ભણવા રાખી ઘરમાં જ નાનું સરખું છાત્રાલય ઊભું કરી દીધું. પોતાના વસિયતનામામાં મિલકતનો મોટો ભાગ શિક્ષણ માટે મુકરર કરી ગયા. તેમાંથી ૧૯૧૨ માં ચીમનલાલ નગીનદાસ છાત્રાલય સ્થપાયું અને એનો વિકાસ થતાં આજનું વિદ્યાવિહાર થયું.

ઇન્દુમતીબહેન અભ્યાસમાં અત્યંત તેજસ્વી હતાં. મુંબઇ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં બહેનોમાં સૌથી પહેલાં આવવા માટે ચેટફીલ્ડ પ્રાઇઝ મળેલું. પણ પછી રાષ્ટ્રીય શિક્ષણ તરફ વળ્યાં. ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયાં. ત્યાંની સ્નાતકની પદવીની પરીક્ષામાં એમના વિષયમાં પ્રથમ આવ્યાં.

ગાંધીજીની પ્રવૃત્તિઓથી આકર્ષાયેલાં અને તેમાં સક્રિય ભાગ લેનારાં અગ્રણી કુટુંબોમાં આ કુટુંબ પણ ખરું. તેમાં પણ બહેનો ઉપર ગાંધીજીનું વશીકરણ વધુ કામ કરી ગયું. અનસૂયાબહેન, મૃદુલાબહેન અને ઇન્દુમતીબહેન એ ત્રણેએ જીવનભર દેશ અને સમાજનાં વિવિધ કાર્યો કર્યાં. એક નોંધવા જેવી હકીકત છે કે ૧૯૪૨ માં આ કુટુંબની ૬ બહેનો જેલમાં હતી. નિર્મળાબહેન અને ઇન્દુમતીબહેન એ બે બહેનો અને અંબાલાલની ચાર દીકરીઓ મૃદુલાબહેન, ભારતીબહેન, ગીતા અને ગિરા.

૧૯૨૯-૩૦નાં વર્ષો ઇન્દુમતીબહેનના જીવનનાં નિર્ણાયક વર્ષો બની રહેલાં જણાય છે. ત્યારથી એમની પ્રવૃત્તિ બે ક્ષેત્રે સમાંતર ચાલી : શિક્ષણક્ષેત્રે અને રાષ્ટ્રીય રચનાત્મક પ્રવૃત્તિઓને ક્ષેત્રે. ૧૯૨૯માં તેવીસ વર્ષની વયે એ ચી. ન. છાત્રાલયના ટ્રસ્ટી તરીકે સામેલ થયાં ત્યારથી એ સંસ્થા એમની પ્રવૃત્તિઓમાં સૌથી પહેલે સ્થાને રહી. એમનાં માતુશ્રી માણેકબા જીવંત હતાં ત્યાં સુધી એમની મદદમાં રહીને અને પછી ટ્રસ્ટનાં અધ્યક્ષ તરીકે સ્વતંત્ર રીતે એમણે આ સંસ્થાને વત્સલતાથી વિકસાવી.

૧૯૩૦નું વર્ષ વિદેશી કાપડ બહિષ્કાર, ખાદીપ્રચાર, દારૂબંધી વગેરે પ્રવૃત્તિઓના પ્રચંડ જુવાળનું વર્ષ હતું. ઇન્દુમતીબહેન આ સર્વ પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઈ ગયાં. એમાંથી અમદાવાદનું ખાદી મંદિર ઊભું થયું તે આજે પણ ચાલે છે.

એમના રાષ્ટ્રપ્રેમનું એક અત્યંત ઉજ્જ્વળ દૃષ્ટાંત ૧૯૪૧ માં મળ્યું. તે વર્ષે મે મહિનાના એક શુક્રવારે અમદાવાદની જુમા મસ્જિદમાં લોહિયાળ હથિયારો લઇને ભેગા થયા છે અને શહેરમાં કોમી હુલ્લડ થવાનું છે એવી અફવાઓ પ્રસરી હતી. ઇન્દુમતીબહેન જાતે જુમા મસ્જિદ પહોંચી લોકોને સમજાવવા લાગ્યાં. ચારે તરફ ઝનૂની અને ઉશ્કેરાયેલા લોકોની વચ્ચે આ નાજુક બાંધાની મહિલા પોતાની વાત સમજાવવા મથે, પણ કોણ સાંભળે?

તેમ, પોતાની વાત આ લોકો ન સાંભળે તો ઇન્દુબહેન ત્યાંથી ખસે પણ શાનાં? ઘણું કરીને પોલીસે એમની ધરપકડ કરીને એમને ત્યાંથી ખસેડ્યાં હતાં. ઝવેરચંદ મેઘાણીએ 'કૂલછાબ'માં એમની આ હિંમત અને નિષ્ઠાને ભવ્ય અંજલિ આપી હતી. એ જ અંકમાં જે અંકના 'મુખડા કયા દેખે દરપનમેં' કટાર માટે મેઘાણી ઉપર એક પ્રખ્યાત કેસ થયેલો.

ઇન્દુમતીબહેન સક્રિય રાજકારણમાં પણ ગયેલાં, સત્તારથને બેઠેલાં, પણ રાજકારણ કે સત્તાનો નશો એમનામાં નહિ. ૧૯૪૬માં મુંબઇ રાજ્યમાં શ્રી બી. જી. ખેરનું પ્રધાનમંડળ રચાયું ત્યારે મુખ્ય પ્રધાને શિક્ષણખાતું પોતે રાખેલું. વિધાન-સભામાં પહેલી વાર આવેલાં ઇન્દુમતીબહેનને એમણે પોતાનાં પાર્લામેન્ટરી સેક્રેટરી બનાવ્યાં. તે પછી ઇન્દુબહેન ઉત્તરોત્તર નાયબ શિક્ષણ પ્રધાન અને સમાજકલ્યાણ ખાતાનાં પ્રધાન બન્યાં ગુજરાત રાજ્યમાં પણ શિક્ષણ પ્રધાન તરીકે એક મુદત કામ કર્યું.

મૂળભૂત રીતે એમનો જીવન કેળવણીકારનો. શિક્ષણ પ્રત્યેનો પ્રેમ એમની રગેરગમાં પ્રસરી ગયેલો. વિદ્યાર્થીઓ પ્રત્યેનું વાત્સલ્ય અને શિક્ષણ અંગેની સૂઝ-સમજ બન્ને ઘણાં ઊંડાં. એટલે ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના વિકાસને ચોક્કસ દિશા આપવામાં એમનો ફાળો માણેકબા જેવો જ સંગીન છે.

૧૯૩૭ માં મુંબઇ રાજ્યમાં પહેલીવાર કૉંગ્રેસી સરકાર આવી ત્યાં સુધી ચી. ન. વિદ્યાલય સરકારી ગ્રાન્ટ લેતું નહિ, મુંબઇ યુનિવર્સિટી સાથે મેટ્રિક માટે જોડાયેલું નહિ અને અભ્યાસ-ક્રમ તથા પાઠ્યપુસ્તકો પોતે જ નક્કી કરતું. દક્ષિણામૂર્તિ અને વિદ્યાપીઠનાં પ્રકાશનો તથા સાહિત્યની કેટલીક સરસ કૃતિઓને અભ્યાસક્રમમાં સ્થાન અપાતું. દાખલા તરીકે દસમી સુધીમાં અમે 'મારી કમલા' અને બીજી વાતો,' 'દર્પણનાં ટુકડા' અને 'રાજાધિરાજ' જેવી કૃતિઓ ભણેલા.

વર્ધા ખાતેની પરિષદ પછી ડૉ. ઝાકીરહુસેને પાયાની કેળવણી વિષે જે અહેવાલ પ્રગટ કર્યો તે વર્ધા યોજના ઉપર એ જ વર્ષે નાનાભાઇ ભટ્ટના પ્રમુખપદે વિદ્યાવિહારમાં નિષ્ણાતોની જાહેર ચર્ચા ગોઠવવામાં આવી. થોડાંક વર્ષ પછી પાયાની તાલીમની પ્રાથમિક શાળા અને એ પ્રકારના શિક્ષકો માટે તાલીમી શાળા પણ શરૂ કરાઇ. શિક્ષણક્ષેત્રે રાષ્ટ્રીય દૃષ્ટિ ઇન્દુમતીબહેનના અભ્યાસકાળથી છેક છેલ્લે સુધી એમનામાં રહી.

એક વ્યક્તિ તરીકે ઇન્દુમતીબહેનનો વિચાર કરીએ ત્યારે એમનો વિદ્યાર્થીઓ પ્રત્યેનો અથાગ પ્રેમ, એક અત્યંત સંસ્કારી વ્યક્તિની સામાજિક ટેવો, અને અનેક બાબતોની સૂક્ષ્મ સૂઝ યાદ આવે.

વિદ્યાવિહારમાં કાકાસાહેબ કાલેલકરનું વ્યાખ્યાન રાખેલું. વ્યાખ્યાન પછી પ્રશ્નોતરી. છોકરાઓએ પોતપોતાની આવડત પ્રમાણે પ્રશ્નો પૂછ્યા. કાકાસાહેબની સાથે જતાં જતાં ઇન્દુબહેનની નજર કોઇકને શોધે. છેવટે મોટરમાં બેસતાં પહેલાં ત્યાં ભેગા થયેલા છોકરાઓને કહે, 'સુશીલને કહેજોને–આજે એણે બહુ સારા પ્રશ્નો પૂછ્યા.'

એકવાર દસમીના છોકરાઓના વાર્ષિક પરીક્ષાના ગુજરાતીના ઉત્તરપત્રો જોવા મંગાવ્યા. વાંચી ગયાં. સંખ્યા પંદરેક જેટલી હશે. વાંચીને શિક્ષકને કહે : 'અનિલનું ગદ્ય બહુ વિચારવંત છે.' શિક્ષકે અભિપ્રાય અનિલને પહોંચાડ્યો. વર્ષ પછી મેટ્રિકમાં સારા માર્ક પાસ થઇ અનિલ મળવા ગયો. કહે ઓન્જિનિયરિંગમાં જવું છે માટે સાયંસ કોલેજમાં જાઉં. બહેન કહે, તમારું તો ગુજરાતી પણ બહુ સારું છે. આ વર્ષે નવી કોલેજ ખૂલે છે. પાઠકસાહેબ ગુજરાતીના પ્રોફેસર થાય છે. એમાં જાઓ તો?' અનિલ એમાં જોડાયો અને 'આજે વિચારવંત લેખો લખનાર તરીકે છાપાંની દુનિયામાં નામ કમાયો છે.

ઇન્દુમતીબહેનના અવસાનથી દેશને અને તેમાંયે ગુજરાતને તો ખાસ ખોટ પડશે જ. પણ ખરી ખોટ તો ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના જૂના, નવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પડશે. એમને આટલો અનગળ પ્રેમ આપનાર વડીલ ક્યાં મળશે?

SHRI BOMBAY JAIN YUVAK SANGH

385, Sardar V. P. Road, Bombay – 400 004.

We are very pleased to invite you to a Panel discussion on :

'IS MARRIAGE LESS STABLE TODAY?'

The detailed Programme is as under :

Speakers : **Vimla Patil, Editor, 'Femina'**
Amina Nakavi, an eminent Lawyer.

Moderater : **Dr. Usha Mehta**

Chief Guest : **Bakul Patel**

Date : **Saturday, 6th April, 1985**
Time : **4-00 p. m.**

Place : **Walchand Hirachand Sabhagrah, Indian Merchants, Chamber, Churchgate, Bombay – 400 020.**

The entire Proceeding will be conducted by women but males are most welcome to come and attend.

Jyotsna Sheth
Convenor

Chimanlal J. Shah
K. P. Shah
Hon. Secretaries

★ સંઘ સમાચાર ★

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા

'સંઘ'ના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા સોમવારથી ગુરુવાર તા. ૧૫-૪-'૮૫થી તા. ૧૮-૪-'૮૫ સુધી યોજવામાં આવેલ છે, જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે :

વિષય : 'Has Socialistic Pattern helped the Groth of our country?'

તારીખ	વ્યાખ્યાતાઓ
૦ સોમવાર,	સાંસદ સભ્ય
તા. ૧૫-૪-'૮૫	પ્રા. મધુ દંડવતે,
૦ મંગળવાર,	નહેરુ યુનિવર્સિટી દિલ્હીના
તા. ૧૬-૪-'૮૫	જાણીતા અર્થશાસ્ત્રી
	પ્રા. એમ. એલ. સોંધી
૦ બુધવાર,	મુંબઇ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર
તા. ૧૭-૪-'૮૫	વિભાગના અધ્યક્ષ
	પ્રા. પી. આર. બ્રહ્માનંદ
૦ ગુરુવાર,	ડી. એ. વી. કોલેજ, દિલ્હીના
તા. ૧૮-૪-'૮૫	ઉપાચાર્ય ડૉ. ભાઈ મહાવીર

પ્રથમ દિવસે પ્રા. મધુ દંડવતે આ વર્ષની વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન કરશે.

સમય : દરરોજ સાંજના ૬-૩૫ કલાકે

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ ૪૦૦ ૦૨૦

પ્રમુખ : શ્રી અમર જરીવાલા

સૌને સમયસર પધારવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

* * *

કેળવણી કહે છે

'કેળવણી કહે છે : 'હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે, નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારા ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા ચૈતન્ય છે. આવી હું જગદંબા છું, જગદ્‌ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કોઇનો ઓશિયાળો નહીં રહે. એની સર્વ કામના મારી મારફતે તૃપ્ત થઇ રહે એમ છે.'

('જીવન વિકાસ'માંથી) –કાકા કાલેલકર

(પૃષ્ઠ ૨૭૬ થી ચાલુ)

અને ધર્મ પ્રવચન એ પણ તીર્થ છે.' સ્મરત વિશ્વની વ્યવસ્થા, આત્માનું સ્વરૂપ, જીવ-અજીવ, પુણ્ય-પાપ, બંધ-મોક્ષ વગેરે નવ તત્ત્વો, પંચ મહાવ્રતો, પાપસ્થાનકો, તપશ્ચર્યાના પ્રકારો વગેરેની જેમાં વિચારણા થઈ છે એવું આ પ્રવચન તીર્થ માનવજીવનના આધ્યાત્મિક વિકાસ માટે અત્યંત ઉપકારક છે.

આનંદપ્રદ, પ્રેરક અને સૂચક હકીકત તો એ છે કે તીર્થંકર ભગવંત પોતે જ્યારે ધર્મોપદેશ માટે સમોવસરણમાં (પર્ષદામાં) પધારે ત્યારે નમો તીથસ્સ (તીર્થને નમસ્કાર હજો) એમ બોલીને પોતાની દેશના શરૂ કરે છે. તેમનું આ કાર્ય વિશ્વના સમગ્ર જીવો પ્રત્યેના સમભાવનું દ્યોતક છે.

તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન એટલે કે સંપૂર્ણ જ્ઞાન પામ્યા પછી જ ધર્મોપદેશ આપે છે. આ ધર્મોપદેશની વિશેષતા એ છે કે ભગવાન સંક્ષેપમાં જે ઉપદેશ આપે તેને તેમના મુખ્ય શિષ્યો-ગણધરો સૂત્રોમાં ગૂંથી લઈ દ્વાદશાંગીની રચના કરે છે.

તીર્થંકર જ્યારે સમવસરણમાં પધારે ત્યારે દેવો ત્યાં ભગવાનના અસાધારણ ગુણો અને શક્તિનો મહિમા દર્શાવવા પ્રતીકરૂપે અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, સિંહાસન, દિવ્યધ્વનિ, છત્ર, ચામર, દેવદુંદુભિ, ભામંડળ-એમ આઠ પ્રકારના પ્રાતિહાર્યની રચના કરે છે. એ દરેકનું સૂક્ષ્મ રહસ્ય છે. સમોવસરણમાં દેવો, મનુષ્યો, પશુપંખીઓ વગેરે સર્વ જીવો પરસ્પર કુદરતી વેરભાવ ભૂલીને પોતપોતાની વાણીમાં ભગવાનનો ઉપદેશ સાંભળે છે.

તીર્થંકરના અલૌકિક, પવિત્ર જીવનનો પ્રભાવ અને મહિમા એટલો મોટો છે કે તેઓ જ્યાં વિચરતા હોય ત્યાં સત્તાસો યોજનના વિસ્તારમાં વેરવૃત્તિ, રોગ, મરકી, અતિવૃષ્ટિ, અવૃષ્ટિ, દુકાળ, યુદ્ધનો ભય ઇત્યાદિ હોતાં નથી; હોય તો તરત શમી જાય છે.

તીર્થંકર પદનો મહિમા આવો મોટો છે. આઇન્સ્ટાઇને ગાંધીજી માટે કહ્યું હતું તેથી વિશેષપણે ભગવાન મહાવીર વિશે કહી શકાય કે એમના પછીના ભાવિ સમયમાં એમની કેટલીક વાતો તર્કથી માનવાનો બુદ્ધિવાદી માણસ કદાચ ઇન્કાર કરે એટલે જ એ માનવા માટે શ્રદ્ધાની આવશ્યકતા રહે.

(પૃષ્ઠ ૨૨૬ થી ચાલુ)

સમજીને ક્રમ નિર્જરાનું નિમિત્ત સમજીને સમભાવપૂર્વક સહન કરી લેવી જોઇએ. સારો આહાર મળતાં સાધુએ હર્ષિત ન થવું જોઇએ કે મળેલા વિવિધ પ્રકારના આ આહાર વિશે બીજા સાધુઓ પાસે પ્રશંસા, છણાવટ, ટીકા કે નિંદા ન કરવી જોઇએ.

જૈન સાધુઓની આહાર મેળવવાની આ કડક પરંપરા દુનિયાના બીજા કોઇ પણ ધર્મમાં જોવા મળતી નથી. સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી જૈન સાધુઓ આહાર તો નહિ જ પણ પાણી પણ પીતા નથી. તેઓ ભિક્ષા વહોરી લાવે છે તે પણ આખા દિવસની સામટી વહોરતા નથી. એક ટંકનું વધેલું ભોજન બીજા ટંક માટે રાખવાની તેમને છૂટ હોતી નથી, બલકે પોતાની જરૂરિયાત કરતાં હંમેશા થોડું ઓછું જ વહોરી લાવે છે, જેથી અન્ન ફેંકી દેવાનો દોષ ન લાગે. ગોચરી વહોરતી વખતે પણ જૈન સાધુઓએ વિશુદ્ધ, યોગ્ય (સૂઝતો) આહાર મેળવવા માટે ઘણી જ કાળજી રાખવી પડે છે. 'આચારાંગ સૂત્ર' અને બીજા ગ્રંથોમાં ગોચરીના ઘણા બધા કડક નિયમો દર્શાવવામાં આવ્યા છે, અલબત્ત કેટલાક નિયમો વર્તમાન સમયમાં કેટલાક સાધુઓ બરાબર ન પાળતા હોય તો તે જુદી વાત છે, પરંતુ એકંદરે તો ગોચરીની પ્રથા અખંડિત જળવાઇ રહી છે. આ પ્રથાને કારણે જ જૈન સાધુ સાધ્વીઓનું ત્યાગમય જીવન હંમેશાં આદરને પાત્ર રહ્યું છે. એટલા માટે જ હજારો જૈન સાધુ-સાધ્વીઓના નિર્વાહની જવાબદારી જૈન સમાજ પ્રાચીન સમયથી બહુમાનપૂર્વક ઉઠાવતો રહ્યો છે. એટલા માટે જૈન ગૃહસ્થોને સાધુ-સાધ્વીનાં માતાપિતા તરીકે ઓળખવામાં આવે છે. માટે જ સાધુ-સાધ્વી પોતાને આંગણે ગોચરી વહોરવા આવે એને શ્રદ્ધાળુ જૈનો પોતાનું પરમ સદ્ભાગ્ય સમજે છે.

સાધુ-સાધ્વીઓ માટે સંયમની સહચરી જેવી ગોચરીનો આટલો મોટો બધો મહિમા છે!

-રમણલાલ ચી. શાહ

સાભાર-સ્વીકાર

અબીલ ગુલાલ — સંપાદક : હીરાલાલ મુ. મુનિ
પ્રકાશક : હીરાલાલ મૂળજી મુનિ
૭૭, શેખ મેમણ સ્ટ્રીટ
ઝવેરી બજાર મું-૪૦૦ ૦૦૨.

શ્રી શત્રુંજય મહાતીર્થની ગૌરવ ગાથા : આ વિજયસદ્‌ગુણસૂરીશ્વરજી
કિંમત-૮-૦૦, પ્રાપ્તિસ્થાન : મગનલાલ દુર્લભજી મહેતા, કસ્તુરબા ટોકીઝ કંપાઉન્ડ, સ્ટેશન રોડ, મલાડ-વેસ્ટ, મું બઇ-૪૦૦ ૦૬૪.

શત્રુંજય-ગિરિરાજ દર્શન : સં. પં. કપૂરચંદ રણછોડદાસ વારૈયા
કિ. : ૫-૫૦, શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર
તલાટી રોડ, પાલિતાણા, ગુજરાત.

સુવર્ણ કેસુડાં-એકાંકી : સંપા. વિનોદ અધ્વર્યુ
કિં ૨૯, ગુજરાતી સાહિત્ય મંડળ
સુવર્ણ મહોત્સવ સમિતિ,
૧૫, એવનડન રોડ,
કલકત્તા-૭૦૦ ૦૨૦.

,, નવલિકા : સં. રઘુવીર ચૌધરી, જ્યોતિલાલ મહેતા કિં : ૪૦-૦૦.
પ્રાપ્તિ સ્થાન ઉપર મુજબ

,, કવિતા : સં. ધીરૂ પરીખ
કિં : ૨૫-૦૦.
પ્રાપ્તિ સ્થાન ઉપર મુજબ

તીર્થંકર પદનો મહિમા

★ પ્રો. તારાબહેન ર. શાહ

ભગવાન મહાવીર જૈનોના ચોવીસમાં તીર્થંકર તરીકે જુજાય છે. જૈન માન્યતા પ્રમાણે અબજોથી પણ વધુ વર્ષનાં એક કાળચક્રમાં ચોવીસ તીર્થંકરો થાય છે. એવા વર્તમાન કાળચક્રના–અવસર્પિણીના પ્રથમ તીર્થંકર તે ભગવાન ઋષભ–દેવ છે. ચોવીસમા તીર્થંકર તે ભગવાન મહાવીર સ્વામી છે. તેમના નિર્વાણને પચીસસોથી વધુ વર્ષ થઇ ગયાં. તેઓ આપણા સૌથી નજીકના તીર્થંકર હોવાથી તેમનો આપણા જીવન ઉપર સૌથી વધુ પ્રભાવ પડે તે સ્વાભાવિક છે. વળી ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો પહેલા ત્રેવીસ તીર્થંકરોના જીવન અને ઉપદેશની ઘણી બધી વિગતો કાળના પ્રવાહમાં લુપ્ત થઇ ગઇ છે. એની સરખામણીમાં ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશની ઠીક ઠીક વાતો સચવાયેલી આજે પણ આપણને સાંપડે છે એ આપણું પરમ સદ્‌ભાગ્ય છે.

ભગવાન મહાવીરને તીર્થંકર અથવા અરિહંત કહેવામાં આવે છે. આ તીર્થંકર એટલે શું? આ પદની પ્રાપ્તિ કેવી રીતે થાય અને એનો મહિમા કેવો છે તેનો આપણે સંક્ષેપમાં અહીં વિચાર કરીશું.

તીર્થંકર પદ એટલે કે અરિહંત પદ પ્રાપ્ત કરવા માટે ઉપરી સાધના કરવી પડે છે, અને તે પણ એક ભવની નહિ પણ ઘણા ભવ પૂર્વેથી શરૂ કરવી પડે છે. પૂર્વના જે ભવમાં સમ્યગ્ દર્શન-સમકિત પ્રાપ્ત થાય તે ભવથી તેની ગણના થાય છે. સમકિત એટલે શુદ્ધ, સાચી, સારી શ્રદ્ધાયુકત દૃષ્ટિ. આ દર્શનના આધારે ઉત્તમ ભાવના સેવતાં સેવતાં, ઉત્તમ કાર્યો કરતાં કરતાં જીવ ઉત્તરોત્તર નિર્મળ અને પાપરહિત બનતો રહે છે. જેમ સાધના વધારે તીવ્ર, સૂક્ષ્મ અને ત્વરિત તેમ પદની પ્રાપ્તિ વહેલી થાય.

અરિહંત પદ પ્રાપ્ત થવાનું હોય એ તીર્થંકરને પોતાના પૂર્વના ત્રીજા ભવે જગતના સર્વ જીવો પ્રત્યે અપૂર્વ કરુણાનો, દયાનો અને મૈત્રીનો ભાવ જન્મે. તેમને 'સવિ જીવ કરું શાસન રસી' ની ભાવના એટલે કે પ્રાણીમાત્રને ધર્મ પમાડવાની પ્રબળ ઇચ્છા થાય. આ ઉપરાંત તેઓ વીસ સ્થાનકની એટલે કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પદ ઉપરાંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દાન, સંયમ વગેરે વીસ તત્ત્વોની ઉગ્રપણે આરાધના કરે.

આવી સફળ આરાધનાને અંતે છેલ્લા ભવમાં એટલે કે મોક્ષ પ્રાપ્તિ થવાની હોય તે ભવમાં તીર્થંકરનો જીવ માતાના ઉદરમાં ગર્ભરૂપે અવતરણ કરે. એને ચ્યવન કહેવામાં આવે છે. આ અલૌકિક ઘટના સમયે અનેક જીવોનું કલ્યાણ થતું હોવાથી તે 'કલ્યાણક' તરીકે ઓળખાય છે. આ ઘટનાની જાણ અવધિ જ્ઞાનને કારણ દેવલોકમાં ઇન્દ્રને થાય છે, ઇંદ્ર પોતાના ઇંદ્રાસન પરથી નીચે ઊતરી, પગની મોજડી ઉતારી, સાત ડગલાં આગળ ચાલી, તીર્થંકરની માતાનું મુખ જે દિશામાં હોય તે દિશા તરફ પોતાનું મુખ રાખી તીર્થંકર ભગવાનની સ્તુતિ કરે છે. આ સ્તુતિને શક્રસ્તવ (નમુત્થુણં) કહેવામાં આવે છે. તીર્થંકરનો આવો મોટો મહિમા છે.

તીર્થંકર એટલે જે પોતે તરે અને બીજાઓને તારે અથવા તો બીજાને તરવામાં પ્રેરક બને. તેઓ ધર્મતીર્થને સ્થાપે. તીર્થનો સામાન્ય અર્થ થાય છે નદીને કિનારે, પર્વત ઉપર કે જંગલમાં આવેલું કોઇ પવિત્ર સ્થળ. એનો વિશિષ્ટ અર્થ એ છે કે કોઇ મહાન પુણ્યશાળી આત્મા સાધના દ્વારા તીર્થંકર નામ-કર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જિત કરીને તીર્થ પ્રવર્તાવે. એટલે કે જગતને મોક્ષ માર્ગ માટે માર્ગદર્શન આપે.

આ ધર્મતીર્થનો મહિમા સમજવા નદી અને ઘાટનું રૂપક અપાય છે. કોઇ નદીમાં મોટું પૂર આવ્યું હોય તે વખતે તે પાર ઊતરવા માટે ઘણું કઠિન હોય. સામાન્ય માનવી તો હિંમત જ ન કરી શકે. પરંતુ કોઇ કુશળ, સાહસિક અનુભવી તરવૈયો પાણીનો વેગ, વમળો, નદીમાં આવેલા ખાડા અને ખડકો, મગરમચ્છ જેવા ભયંકર જલચરો વગેરેનો ખ્યાલ કરી, પાણીનું ઊંડાણ, પ્રવાહ વગેરેનો વિચાર કરી નદીમાં ઝંપલાવે અને સારી રીતે પાર ઊતરે અને પોતાના અનુભવના આધારે બીજા અનેક લોકોને નદી પાર કરવા માટે સાચો માર્ગ બતાવે. એ માર્ગ એટલે નદી પરનો ઘાટ. આ ઘાટ તે તીર્થ કહેવાય. એવી જ રીતે આ ભયંકર સંસારસાગરમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયો, અનેક દુર્ગુણો-દુર્ભાવો રૂપી જલચરો, વિષયવાસનાઓરૂપી ખાડાઓ, વિકારોરૂપી વમળો છે. આ બધાં ઉપર વિજય મેળવી તીર્થંકર ભગવાન પોતે સંસાર-સાગર તરે અને બીજાને તારે, તરવા માટે જે ઉપદેશ આપે, આ ઉપદેશરૂપી ધર્મપ્રવચન એ પણ તીર્થ કહેવાય છે. તેને પ્રવર્તાવનાર અરિહંત ભગવાન તે તીર્થંકર કહેવાય છે.

તીર્થંકરો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના બનેલા ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. ધર્મ આચરવાની દરેકની સૂઝ અને શક્તિ સરખી નથી હોતી. મન, વચન અને કાયા એ ત્રણેથી થતા ધર્માચરણમાં પણ તરતમતા રહે છે. તેથી મનુષ્યની શક્તિ અને નિર્બળતાને ધ્યાનમાં રાખીને તેઓ ધર્મના માર્ગદર્શક સિદ્ધાંતો, નિયમો આપે છે. આ સિદ્ધાંતોમાં, ધર્મબોધમાં શ્રદ્ધા રાખી ધર્મનું શરણ સ્વીકારવાથી ચારિત્ર્ય ઉત્તરોત્તર નિર્મળ થાય છે. આ અર્થમાં જોઇએ તો ધર્મપ્રવચન એ તીર્થ છે અને ચતુર્વિધ સંઘ એ પણ તીર્થ છે, કારણ કે બન્ને પરસ્પર આધારિત છે. બન્ને એકબીજાને માટે ઉપકારક છે. તીર્થંકરે ભાખેલ ધર્મ એ સ્વતઃ સ્થિત નથી, પરંતુ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા શ્રદ્ધાપૂર્વક તેનું પાલન કરે તેથી ચતુર્વિધ સંઘ એ પ્રવચનનો આધાર છે અને પ્રવચનના ઉપદેશના આધારે સંઘ ચારિત્ર્યશીલ બને છે. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પ્રશ્ન પૂછ્યો હતો કે ભગવંત! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર એ તીર્થ છે? ભગવાને જવાબ આપ્યો હતો કે 'હે ગૌતમ! અરિહંત એ તીર્થંકર છે, તીર્થને સ્થાપ-નાર છે. તેઓ જાતે તીર્થ નથી. ચતુર્વિધ સંઘ એ તીર્થ છે

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૫)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ફ્રેન્ડ્સ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૪-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. પરમાનંદભાઈ કાપડિયા

આ ૧૭ મી એપ્રિલે સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાના સ્વર્ગવાસને ૧૪ વર્ષ પૂરાં થાય છે.

એમની આ પુણ્યતિથિ નિમિત્તે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના વર્ષો સુધીના સૂત્રધાર એવા પરમાનંદભાઇનું સહજ સ્મરણ થતાં જ નજર સામે ખિલખિલાટ હસતો એક પ્રસન્ન, પ્રફુલ્લિત ચહેરો તરવરે છે. પરમાનંદભાઇનું વ્યક્તિત્વ જ એટલું બધું તેજસ્વી અને પ્રભાવશાળી હતું કે એમના સંપર્કમાં આવનાર વ્યક્તિ તેમને ભૂલી ન શકે.

પરમાનંદભાઇ એટલે આજીવન સૌંદર્યોપાસક, જીવનમાં અને પ્રકૃતિમાં જ્યાં જ્યાં સુંદરતા દેખાય ત્યાં ત્યાં પરમાનંદ ભાઇ તેની કદર કર્યા વગર રહી ન શકે. પ્રકૃતિનાં વિવિધ સૌંદર્યસ્થળો નજરે નિહાળવાનો તેમને ભારે શોખ હતો. બીજી બાજુ જીવનમાં પણ નાના બાળકથી માંડીને કોઇમાં પણ સદ્‌ગુણની સુંદરતા જણાય ત્યાં પરમાનંદભાઇ તેના સ્વીકાર-પ્રશંસા માટે હંમેશા અત્યંત ઉત્સુક હોય.

પરમાનંદભાઇ પોતાની યુવાનીના દિવસોમાં જ મહાત્મા ગાંધીજીના નિકટના સંપર્કમાં આવેલા. એટલે એમના સમગ્ર જીવન ઉપર ગાંધીજીની પ્રબળ અસર પડેલી. ગાંધીજી સાથે ક્યારેક તેમને પત્ર-વ્યવહાર પણ થયેલો. ગાંધીજી ઉપરાંત કાકા કાલેલકર, અને પંડિત સુખલાલજી સાથે પણ તેમને ઘનિષ્ઠ સંબંધ હતો અને એ બંને તત્ત્વચિંતકોની જીવનલક્ષી વિચારસરણીની પ્રબળ અસર પણ પરમાનંદભાઇનાં જીવન અને કાર્ય ઉપર પડેલી. કાકા કાલેલકરના સૂચનથી જ પરમાનંદભાઇએ જૈન યુવક સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જૈન'નું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' રાખેલું અને જૈન યુવક સંઘ સામ્પ્રદાયિક, સંકુચિત ઢાંચામાં ન રહે અને વ્યાપક ઉદાર દૃષ્ટિવાળો બની રહે તે માટે 'સંઘ'નું સભ્યપદ જૈનેતરો માટે પણ તેમણે ખૂલ્લું મૂક્યું. પરમાનંદભાઇએ આમ તે સમયની યુવક સંઘની મુખ્ય બે પ્રવૃત્તિ 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા આપણા સંસ્કાર ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું.

હું કોલેજમાં અભ્યાસ કરતો ત્યારે એમના સંપર્કમાં આવેલો. સેંટ ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપક થયો ત્યાર પછી યુવક સંઘની કાર્યવાહક સમિતિનો સભ્ય થયા પછી એમના વિશેષ ગાઢ પરિચયમાં આવવાનું બન્યું. પરમાનંદભાઇનો મારા પ્રત્યે સ્નેહપૂર્વક પક્ષપાત રહેતો. જો કે મારી બધી જ વાત સાથે તેઓ સંમત થતા નહિં. ઇ. સ. ૧૯૫૫માં સ્વ. પૂ. પુણ્યવિજયજી મહારાજના સંપર્કમાં આવ્યા પછી એમની પ્રેરણાથી મેં મંદિરે દર્શન-પૂજા કરવા માટે જવાનું ચાલુ કર્યું. વળી ત્યારથી સાધુ - મહાત્માઓ પાસે ઉપાશ્રયમાં જવાનું પણ ચાલુ થયું. પરમાનંદભાઇને ક્રિયાકાંડ પ્રત્યે થોડી અરુચિ હતી, તો પણ મારી તે પ્રત્યેની રુચિ તરફ આદર દર્શાવતા હતા. ક્યારેક વળી એ વિશે મારી સાથે વિચારવિનિમય પણ કરતા. કોઇક વખત અમે સાથે ક્યાંક જતા હોઇએ અને રસ્તામાં મંદિર આવે તો તેઓ મંદિરમાં જવા માટે મને આગ્રહ કરતા અને એટલો વખત પોતે બહાર ઊભા રહેતા. કોઇક સુંદર કલાત્મક મંદિર હોય તો તેમાં જવાનું તેમને મન થતું, પરંતુ જ્યાં ભીડ અને ઘોંઘાટ હોય ત્યાં તેઓ જતા નહિં. સાધારણ ક્રિયાકાંડી સાધુઓ પાસે જવાનું તેમને ગમતું નહિં. પરંતુ કોઇ તેજસ્વી, વિચારશીલ, વક્તૃત્વ છટાવાળા સાધુ પાસે ઉપાશ્રયમાં જવું હોય તો તેઓ મને સાથે લઇ જતા. પરમાનંદભાઇને પ્રતિમાનો વિરોધ ન હતો. પોતાના ઘરમાં દર્શનને માટે એક સુંદર પ્રતિમા તેમણે રાખી હતી. પરંતુ જડ, અંધ, ગતાનુગતિક રૂઢાચાર પ્રત્યે તેમને ભારે અણગમો હતો.

જૈન યુવક સંઘે બાળદીક્ષાનો વિરોધ કર્યો હતો. 'સંઘ'ની સ્થાપનાના મૂળમાં પણ બાળદીક્ષાની વાત રહેલી હતી. પરંતુ એ દિવસોમાં ખાદી ન પહેરતા જૈન સાધુઓ પ્રત્યે ગાંધીજીના રંગે રંગાયેલા એવા કેટલાંક કાર્યકર્તાઓને પૂર્વગ્રહ બંધાઇ ગયો હતો. આ પરિસ્થિતિમાં, આઝાદી પછીના સમયમાં મારા જેવો કોઇ સભ્ય સાધુઓના સંપર્કમાં રહે એ કેટલાંક વડીલ સભ્યોને ન ગમે તેવી બાબત હતી. હવે તો પરિસ્થિતિ ઘણી બદલાઇ ગઇ છે. ખુદ પરમાનંદભાઇના સમયથી તેમાં પરિવર્તન આવવું ચાલુ થઇ ગયેલું. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પૂ. પુણ્યવિજયજી મહારાજ, પૂ. નગરાજજી મહારાજ, પૂ. ઉજ્જવળકુમારીજી જેવાં વિદ્વાન સાધુ - સાધ્વીઓને વ્યાખ્યાન માટે તેમણે નિમંત્રણ આપેલાં.

પરમાનંદભાઇની એક ખાસિયત તે વહેલી સવારે ફરવા નીકળ્યા પછી કોઇક મિત્ર કે સંબંધીના ઘરની મુલાકાત લેવાની હતી. ઘણાય મિત્રોને કહેતાં સાંભળ્યા છે કે પરમાનંદભાઇ સવારે પોણા સાત વાગે અચાનક તેમના ઘરે જઇ ચડ્યા હોય. અનેક વખત અમને પણ એમની મુલાકાતનો અનુભવ થયો છે. વહેલી સવારે જવાથી

માણસ અચૂક મળે જ. અને સવારનો સમય હોવાથી ઝાઝું બેસવાનું ન હોય. એ રીતે પરમાનંદભાઇ સવારના સમયે પોતાના સામાજિક સંબંધો વિનમ્ર ભાવે સાચવતા. એમનામાં કોઇ મોટાઇ ન હતી, પોતે જાય છે માટે સામી વ્યક્તિએ પોતાના ઘરે આવવું જ જોઇએ એવી બદલાની કોઇ અપેક્ષા પણ તેઓ રાખતા નહીં. મારે અને મારાં પત્નીએ કોલેજમાં ભણાવવા માટે આઠ વાગે ઘરેથી નીકળી જવાનું હોય, પરંતુ પરમાનંદભાઇ અમારા ઘરે આવે તે અમને બહુ જ ગમતું અને એમની સાથે એક કલાકનો જે સમય મળે તેમાં ઘણી વાતચીત થતી. એક રીતે જોઇએ તો પરમાનંદભાઇએ જુદી જુદી પ્રવૃત્તિઓ વિષે અને બાબતો વિષે પ્રત્યક્ષ વિનિમય કરવા માટે આ એક સારી રસમ અપનાવી હતી

એક દિવસ સવારમાં પરમાનંદભાઇ અમારા ઘરે આવી ચડ્યા. તે દિવસે એમના ચહેરા પર સ્મિત ન હતું. જોતાં જ અમે પૂછ્યું, 'આજે કેમ બહુ પ્રફુલ્લિત જણાતા નથી ?

તરત એમણે કહ્યું, 'તમારી વાત સાચી છે. ગઇ કાલથી હું બહુ ચિંતામાં છું મારી મોટી દીકરી મધુરીની તબિયત સારી નથી. માથામાં કંઇ ગાંઠ હોય તેમ જણાય છે. ડોક્ટરે કહ્યું કે ઓપરેશન કરાવવું પડશે. તેવા ભારે જોખમકારક ઓપરેશન માટે ભારતમાં સગવડ કે દાકતરો નથી. લંડન જવું પડશે. મધુરી મારી સૌથી મોટી દીકરી છે. મને એના માટે વિશેષ લાગણી છે. એટલે મને બહુ ચિંતા રહે છે.' બોલતાં બોલતાં તેઓ ગળગળા થઇ ગયા.

ત્યાર પછી થોડા દિવસમાં જ મધુરીબેનને લંડન લઇ જવામાં આવ્યાં. ઓપરેશન થયું. સફળ નીવડ્યું પરંતુ એટલા દિવસોમાં દર બીજે ત્રીજે દિવસે સવારે પરમાનંદભાઇ અમારા ઘરે આવી પોતાની ચિંતા વ્યકત કરતા. એમના વત્સલ પિતૃહૃદયની ત્યારે સવિશેષ પ્રતીતિ થયેલી.

ઇ. સ. ૧૯૫૪ની સાલ હશે. 'પ્રબુદ્ધ જીવન'ને ૨૫ વર્ષ પૂરાં થયાં હતાં. યુવક સંઘ તરફથી બહુ મોટા પાયા ઉપર આ પ્રસંગ ઊજવવાનું નકકી થયું હતું. તે દિવસોમાં મારા સસરા સ્વ. દીપચંદભાઇ નાદુરસ્ત તબિયતના કારણે હરકિસનદાસ હોસ્પિટલમાં હતા. દીપચંદભાઇ યુવક સંઘના સાત વર્ષ સુધી મંત્રી રહ્યા હતા. પરમાનંદભાઇના તે જૂના સાથીદાર. પરમાનંદભાઇ હોસ્પિટલમાં થોડે થોડે દિવસે એમની ખબર જોવા આવતા. એક દિવસ પરમાનંદભાઇએ કહ્યું, 'દીપચંદભાઇ, "પ્રબુદ્ધ જીવન"ને ૨૫ વર્ષ પૂરાં થયાં એની રજત જયંતીના કાર્યક્રમનું સરસ આયોજન આપણે કર્યું છે. આ પ્રસંગે બીજી પણ એક આનંદની વાત ચાલે છે. કેટલાક મિત્રો મારી પાસે આવ્યા હતા. તેઓએ એવો વિચાર વ્યકત કર્યો છે કે રૂપિયા પચીસ હજાર એકઠા કરવા અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે મેં જે કાર્ય કર્યું છે તેની કદરરૂપે એ થેલી મને અર્પણ કરવી. હું એ થેલી સંઘને અર્પણ કરી દઇશ. તમને આ વિચાર કેમ લાગે છે ?'

દીપચંદભાઇએ કહ્યું, 'પરમાનંદભાઇ! મને આ વિચાર બરાબર લાગતો નથી. યુવક સંઘની પરંપરામાં હોદ્દા પરની વ્યકિતને બદલે થેલી અર્પણ કરે એવી ઘટના હજુ બની નથી. એક વખત જો એમ બનશે તો ખોટી અને ટીકાપાત્ર પરંપરા ચાલુ થશે.'

પરમાનંદભાઇએ કહ્યું, 'આ થેલીની રકમ મારે પોતાને તો લેવાની છે જ નહિ. એ રકમ હું 'સંઘ'ને અર્પણ કરી દેવા ઇચ્છું છું. મિત્રોને એ માટે મેં સંમતિ પણ આપી દીધી છે. સમિતિના બીજા કેટલાક સભ્યોએ પણ એ માટે પોતાની અનુમતિ જણાવી છે. પરંતુ તમે પ્રામાણિકપણે તમારો જુદો વિચાર દર્શાવ્યો તેથી આનંદ થયો. મારે એ બાબતમાં ફરીથી વિચાર કરવો જ જોઇએ.'

દીપચંદભાઇએ કહ્યું, 'તમે તો નિખાલસતાથી બધાને સાચી વાત કરી શકો તેમ છો. તમે થેલી ન લો. એ તમારા અને સંસ્થાના હિતમાં છે એમ મને લાગે છે. પછી તો તમને બધાને જેમ યોગ્ય લાગે તેમ કરો.'

બીજે દિવસે સાંજે પરમાનંદભાઇ હોસ્પિટલમાં ફરી પાછા આવ્યા અને દીપચંદભાઇને કહ્યું : 'ગઇકાલની વાતનું મેં બહુ મનન કર્યું છે. મને એમ લાગ્યું છે કે તમારો અભિપ્રાય સાચો છે. મેં બધા મિત્રોને જણાવી દીધું છે કે હું કોઇ સ્વીકારવાનો નથી માટે થેલીની વાત હવે પડતી મૂકી દેવી જોઇએ. જેમને રકમ આપવી હોય તે સીધી યુવક સંઘના રજત જયંતી ફંડમાં આપે'

પરમાનંદભાઇએ આ રીતે બહુ જ નિખાલસતાથી સભ્યોને આગ્રહ કરીને થેલી અર્પણ કરવાનો વિચાર માંડી વાળ્યો હતો.

પરમાનંદભાઇને નવી નવી વ્યકિતઓને મળવાનો ભારે શોખ હતો. દૈનિક છાપાંઓમાં કે કોઇ સામયિકમાં કોઇ નવી વ્યકિતનો પરિચય આવ્યો હોય તો પરમાનંદભાઇ કોઇકનો સંપર્ક કરી તે વ્યકિત વિષે તપાસ કરાવી તેને મળવા પહોંચી જતાં. અધ્યાપક હોય કે વિજ્ઞાની હોય, અર્થશાસ્ત્રી હોય કે રાજનેતા હોય, સમાજસેવક હોય કે સાધુ-સંન્યાસી હોય, પરમાનંદભાઇ તેને મળવા પહોંચી જતાં. સાથે મિત્રોને પણ લઇ જતાં. મળવા જવામાં તેઓ પોતે વિનમ્ર અને ગુણગ્રાહી હતા. તેમ છતાં દંભી કે અભિમાની વ્યકિતથી અંજાઇ જાય તેવા તેઓ નહોતા. વ્યકિત સત્ત્વશીલ લાગે તો 'સંઘ'ના કાર્યાલયમાં તેનો વાર્તાલાપ ગોઠવે. વાર્તાલાપ સારો લાગે તો પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પણ તેનું વ્યાખ્યાન ગોઠવે. એક દિવસ ઋષભદાસ રાંકાનો ફોન આવ્યો: 'જબલપુરથી એક પ્રોફેસર આવ્યા છે. મળવા જેવા છે.' કોલેજમાં પ્રોફેસર તરીકે હું ભણાવતો હતો એટલે પરમાનંદભાઇએ મને સાથે લઇ જવાનું વિચાર્યું. એમનો સંદેશો આવ્યો. એમની સાથે ઋષભદાસ રાંકાને ઘેર અમે પહોંચ્યા. ઊંચા, આછા શ્યામવર્ણા, દાઢીવાળા, મસ્તકે સહેજ ટાલવાળા, ખાદીનાં કફની અને પાયજામો પહેરેલાં. બહુ તેજસ્વી મુખમુદ્રાવાળા એ પ્રોફેસરનો પરિચય કરાવતાં રાંકાજીએ કહ્યું, 'આ પ્રોફેસર રજનીશ છે. જબલપુરમાં ફિલોસોફીના પ્રોફેસર છે. ભગવાન મહાવીર વિષે સારું બોલે છે. આપણે ત્યાં બોલાવવા જેવાં છે.' પ્રો. રજનીશ સાથે જુદા જુદા વિષયો ઉપર કલાકેક વાતચીત થઇ. બહાર નીકળી પરમાનંદભાઇએ કહ્યું, 'માણસ જાણકાર અને મૌલિક વિચારવાળા લાગે છે. ભારત જૈન મહામંડળે વ્યાખ્યાન ગોઠવ્યું છે. એમને સાંભળવાની ઇચ્છા છે. સાથે તમે આવજો.' અમે રજનીશને સાંભળવા ગયા. એમની મૌલિક વાકધારાથી પ્રભાવિત થઇ પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે પરમાનંદભાઇએ એમને નિમંત્રણ આપ્યું અને પછી તો દર વર્ષે પ્રો. રજનીશનું વ્યાખ્યાન

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૦ ઉપર)

ધર્મના નામે થતી હિંસા

● વિજયગુપ્ત મૌર્ય

યુરોપી આર્થિક બજારે જાહેર કર્યું છે કે અમારી પાસે દૂધ અને દૂધની ચીજો (રબડી, માખણ, ચીઝ વગેરે)નો ભરાવો એટલો બધો થઇ ગયો છે કે તેમના ભાવ ગગડી ન જાય અને ઉત્પાદકોને યોગ્ય ઉપજ મળે તે માટે આશરે બે લાખ ગાયોને કાપી નાખવામાં આવશે. આપણા હિન્દુ ધર્મના એક નેતાએ તેનો વિરોધ કરીને એવી માગણી કરી છે કે વધારાની ગાયો કાપી નાખવાના બદલે ભારતમાં મોકલી દેવી. યુરોપ અને અમેરિકામાં ગોસંવર્ધન બે હેતુથી થાય છે: એક હેતુ ગાય પાસેથી વધુમાં વધુ દૂધ મેળવવાનો હોય છે. તે માટે એ પ્રમાણે ગાયને ખોરાક અને માવજત આપવામાં આવે છે. બીજો હેતુ ગાય પાસેથી વધુમાં વધુ માંસ મેળવવાનો હોય છે. તે માટે ગાય હૃષ્ટપુષ્ટ થાય એવું પોષણ આપવામાં આવે છે. યુરોપ અમેરિકાની દૂધ આપતી ગાયો આપણને અતિશયોક્તિ લાગે એટલું બધું દૂધ આપે છે. તેઓ દૂધની જીવતી ટાંકી હોય એવું લાગે. દૂધથી ભરેલા તેમના આઉ એવડા મોટા હોય છે કે તેમને ઊઠતા તકલીફ પડે. યુરોપી અને યુરોપવંશી પ્રજાઓમાં ગોમાંસ ખોરાકની એક મુખ્ય વાનગી હોય છે. વધુમાં વધુ માંસાહારી રશિયન પ્રજા છે. તેની પ્રજા આપણી પ્રજાના લગભગ ત્રીજા ભાગની છે અને ત્યાં અનાજનું ઉત્પાદન આપણા ઉત્પાદન કરતાં લગભગ બમણું છે છતાં દર વર્ષે તે લાખો ટન અનાજ આયાત કરે છે અને ઢોરને ખવડાવે છે, જેથી તેમનું શરીર માંસલ બને. મૂડીવાદી વિચારસરણી એવી છે કે જીવનની જરૂરિયાતોના ભાવ પણ ઊંચા રાખવા, જેથી ખેડૂતોને અને વેપારીઓને વધુ કમાણી થાય. તેથી જો ઉત્પાદન વધુ થયું હોય અને માલ સોંઘો થવાની બીક હોય તો કેટલાક માલનો નાશ કરવો, જેથી ઊંચા ભાવ ટકી રહે. અમેરિકામાં જે માલનું ઉત્પાદન વધી જતું હતું. તે ખેતીના ઉત્પાદનમાંથી વધારાના માલનો નાશ કરી નાંખવામાં આવતો હતો. હવે નાશ કરવાને બદલે તેનો ઉપયોગ રાજકીય શસ્ત્ર તરીકે થાય છે.

ખોરાક માટે હિંસા કરવામાં આવે તે સમજી શકાય એવી વાત છે, પરંતુ ખોરાકના ભાવ ઊંચા રાખવા માટે બે-ત્રણ લાખ ગાયોની કતલ કરી નાંખવામાં આવે એવા માનસને વખોડવું અને તિરસ્કારવું જોઇએ. ત્રીજા વિશ્વના દેશોમાં ગરીબી અને અછત છે. તેમાંનાં ઘણાં આફ્રિકી દેશોમાં ઉપરાઉપરી દુકાળ પણ છે, કરોડો માણસો દુકાળમાં સપડાયા છે. અને ધીમા મૃત્યુના મુખમાં હડસાયેલા છે. એક તરફ દૂધ જોયું પણ ન હોય એવાં બાળકો આફ્રિકામાં છે, ત્યારે યુરોપમાં વધુ દૂધ આપવાના 'અપરાધ' માટે નિર્દોષ ગાયોની કતલ થઇ રહી છે.

મનુષ્યના પોષણ માટે કે સ્વાદ માટે બીજા જીવની હિંસા કરવામાં આવે તે સમજી શકાય એવી વાત છે. તિબેટીઓ અહિંસામાં માનનારા બૌદ્ધ ધર્મી હોય છે. તેમ છતાં તેઓ માંસાહાર કરે છે, કારણ કે તે અતિ ઊંચા, અતિ ઠંડા પ્રદેશમાં અનાજ દુર્લભ હોય છે. તેથી ખાદ્ય પશુની હિંસા કરતા પહેલાં પોતાને આશ્વાસન આપવા તે પ્રાણીને આશીર્વાદ આપે છે કે તારા આત્માનું કલ્યાણ થજો! માંસાહારને હવામાન અને પર્યાવરણ સાથે પણ સંબંધ છે. કાશ્મીર જેવો ઠંડો પ્રદેશ છે કે ત્યાં બ્રાહ્મણો પણ માંસાહાર કરે છે. ઉત્તર ગોળાર્ધમાં ધ્રુવ અક્ષાંસની બંને બાજુ એવી બરફમય ઠંડી હોય છે કે ત્યાં કોઇ વનસ્પતિ ઉગાડી શકાય નહિ. તેથી ત્યાં વસતા લોકો માંસ અને માછલાં પર જ નભે છે. આ હિંસા અનિવાર્ય કહેવાય. કેટલીક હિંસા ધર્મના નામે થાય છે, તેનો બચાવ ન થઇ શકે. ભારતમાં આવી વસેલી કેટલીક આર્ય જાતિઓ માંસાહારી હતી, એટલું જ નહિ, પરંતુ યજ્ઞોમાં પણ પશુઓ હોમાતાં હતાં. જેમ વધુ પશુઓનો ભોગ દેવાય તેમ દેવતાઓ વધુ પ્રસન્ન થાય એવી માન્યતા હતી. અગ્નિને ઇશ્વરનું મુખ માનવામાં આવતું હતું, જેથી અગ્નિમાં બલિનો ભોગ નાખવામાં આવતો હતો. બધા ધર્મોમાં અંધશ્રદ્ધામાં બુદ્ધિનો ત્યાગ થાય છે અને તેનું સ્થાન રૂઢિ લે છે. તેથી ઘણા અનર્થો અને અત્યાચાર પણ થાય છે. આપણા દેશમાં ધર્મના નામે હિંસાનો અતિરેક થવા લાગ્યો ત્યારે ધર્મની સુધારણા માટે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ પ્રગટ થયા અને તેમણે હિન્દુ ધર્મની સુધારણા કરી. આમ જૈન અને બૌદ્ધ ધર્મે સમાજના અને ધર્મના ક્ષેત્રે ક્રાંતિ કરી. જૈન ધર્મ મુખ્યત્વે ભારતખંડની સીમામાં જ રહ્યો અને પાંગર્યો, ત્યારે બૌદ્ધ ધર્મ દક્ષિણ એશિયા, અગ્નિ એશિયા અને પૂર્વ એશિયામાં મંચૂરિયા તથા જાપાન સુધી પહોંચ્યો. મધ્ય એશિયામાં બલુચિસ્તાન, અફઘાનિસ્તાન અને અત્યારે એશિયાઇ રશિયાની અંદર અને બહાર જે મુસ્લિમ પ્રદેશો છે ત્યાં સુધી ફેલાયો હતો. અફઘાનિસ્તાનમાં ભગવાન બુદ્ધની એક કદાવર અને સુંદર પ્રતિમા છે. તેનો નાશ કરવા એક મુસ્લિમ બાદશાહે તેની ઉપર તોપમારો કર્યો હતો! પરંતુ અર્વાચીન અફઘાનિસ્તાનની સરકારે ભારતમાંથી નિષ્ણાત કળાકારોને બોલાવીને ભગવાન બુદ્ધની આ મૂર્તિને પાછી તેના અસલ સ્વરૂપે લાવી દીધી. ઇન્ડોનેશિયાની બુદ્ધની સૌથી મોટી મૂર્તિ છે. આરબોએ ઇન્ડોનેશિયનોએ એ મૂર્તિની ભાંગફોડ કરી નથી.

આપણે પાછા હિંસાની વાત ઉપર આવીએ. ધર્મના નામે હિંસા કરવા આરંભમાં ખ્રિસ્તીઓ ઢળ્યા હતા. કારણ કે યહૂદી ધર્મમાં બલિદાન દેવાની પ્રથા છે. ઇસુ 'ખ્રિસ્તી' બન્યા, પણ જન્મથી તેઓ યહૂદી જ હતા. ખ્રિસ્તી શબ્દ તો તેમના નામનું વિશેષણ છે. મુસ્લેમો, ખ્રિસ્તીઓ અને યહૂદીઓના આદ્યપુરુષ અબ્રાહમ (ઇબ્રાહિમ) હતા. તેમને તેમની ઉપપત્ની હગર વડે ઇસ્માયલ નામનો એક પુત્ર થયો હતો. અને સારાહ અથવા સારાય નામની પત્ની વડે સો વર્ષની વયે ઇસાક નામનો પુત્ર થયો હતો. તેમને પ્રેરણા થઇ કે ઇશ્વરને પ્રસન્ન કરવા આપણું જે સૌથી વધુ વહાલું હોય તેનો ભોગ આપવો જોઇએ. તેથી પુત્રને લઇને તેનો ભોગ આપવા વગડાના એકાંતમાં ગયા, પરંતુ બલિદાન માટે પુત્રને જેવો છરો મારવા ગયા કે ત્યાં બલિદાન માટે પુત્રને બદલે એક ઘેટું આવી ગયું. ઇશ્વરે પ્રસન્ન થઇને તેના પુત્રને

બચાવી લીધો અને તેના સ્થાને ઘેટાનું બલિદાન સ્વીકાર્યું. અબ્રાહમે ૧૭૫ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું.

આ તો પૌરાણિક વાત થઈ અને પૌરાણિક વાતોમાં અતિશયોક્તિ અને કલ્પનાવિહાર હોય. પરંતુ યહુદી અને મુસ્લિમ ધર્મમાં બલિદાન દેવાની પ્રથા આ રીતે શરૂ થઈ. મુસ્લિમ તહેવારો અને શુભ પ્રસંગોમાં પશુઓનું બલિદાન દેવાય છે. દા. ત. ઈદના પ્રસંગે મુંબઈ અને કલકત્તા જેવાં શહેરોમાં મુસ્લિમો હજારો પશુઓનું બલિદાન આપે છે. તે પ્રસંગો માટે હજારો પશુઓ લાવવામાં આવે છે. એક સમયે એક એવો મોટો બકરો લાવવામાં આવ્યો હતો કે આવો કદાવર બકરો કયાંય જોવા ન મળે. ભાવિકો અને અંધશ્રદ્ધાળુઓ તેને ખરીદી લઈને પોતાના તરફથી બલિદાન આપી પુણ્ય મેળવવા માગતા હતા. તેથી રસાકસીમાં તેના દસ હજાર રૂપિયા ઉપજ્યા અને દસ હજારનો બકરો ભોગ આપનારને શું પુણ્ય મળ્યું તે આપણે જાણતા નથી. ખરેખર તો આવા અજોડ બકરાને બકરીની ઓલાદ સુધારવા માટે વાપરવો જોઈતો હતો.

મુસ્લિમો હજ કરવા જાય છે ત્યારે લાખો ભાવિકો મક્કા શરીફમાં એકઠા થાય છે. તે બધાને પુણ્ય અપાવવા આરબો દેશમાંથી તથા દરિયાપારથી ઘેટા, બકરા, ગાયો વગેરે લાવે છે અને ભાવિકોને બલિદાન માટે આ પશુઓ શકય એટલા ઊંચા ભાવે વહેંચીને કમાણી કરે છે. આપણે ત્યાં શુભ પ્રસંગો હોય અથવા યાત્રાધામમાં પૂજા કે દર્શન માટે ગયા હોઈએ ત્યારે નારિયેળ વધેરીને દેવ કે દેવી સમક્ષ ભોગ ધરીએ તેમ મુસ્લિમ ભાઈઓ પશુઓનો ભોગ આપે છે. વેદકાળમાં અને તે પછી ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના જમાના સુધી પ્રાણીઓનો ભોગ અપાતો હતો. એ પ્રથા બંધ કરીને પ્રાણીના સ્થાને શ્રીફળનો ભોગ અપાતો હોય એમ લાગે છે. હિંદુ ધર્મમાં પણ હજી શાકિત માર્ગમાં (દેવી સંપ્રદાયમાં) પશુનો ભોગ અપાય છે. દેશી રજવાડા હતાં ત્યારે કેટલાક ઇષ્ટિપુરત હિંદુ રજવાડામાં રાજા તરફથી પાડાનો ભોગ અપાતો હતો. ધર્મના નામે કોઈ પણ પાપ થઈ શકે, એટલું જ નહિ પણ તે પવિત્ર કાર્ય ગણાય. પશ્ચિમ એશિયાની અને ઉત્તર આફ્રિકાની મુસ્લિમ પ્રજાઓમાં કોઈ પણ શુભ કાર્યમાં શુકન રૂપે પશુનો ભોગ અપાય છે. દા. ત. લબનાનમાં ફસાઈ પડેલા પેલેસ્ટાઈની મુકિત મોરચાના સૈનિકોને હેમખેમ નીકળી જવાની સગવડ થઈ ત્યારે તેમની વિદાય વેળાએ બંદરના કુરજા ઉપર ઘેટા-બકરા વધેરવામાં આવ્યા હતા.

કોઈવાર, પણ જવલ્લેજ માનવબલિ પણ અપાય છે. કોઈ શુભકાર્ય આરંભવું હોય કે દેવદેવીને પ્રસન્ન કરીને કોઈ ઝંખના સિદ્ધ કરવી હોય ત્યારે કોઈના બાળકને ગુપ્ત રીતે ઝડપી લઈને તેનું બલિદાન અપાયાના બનાવો પણ બન્યા છે. એક કિસ્સામાં રાજસ્થાનમાં એક માણસને બંધિકામનો મોટો કોન્ટ્રેકટ મળ્યો હતો. એ કામ નિર્વિઘ્ને સફળ થાય એ માટે પારકા બાળકનું બલિદાન આપીને કોન્ટ્રેકટરે બહુ ગંભીર વિઘ્ન વહોરી લીધું હતું.

સંઘ સમાચાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪૦૦૦૦૪.

વાર્ષિક સામાન્ય સભા

'સંઘ'ની વાર્ષિક સામાન્ય સભા, મંગળવાર, તા. ૩૦-૪-૮૫ના રોજ ૫-૩૦ કલાકે શ્રી પરમાનંદ કાપડિયા ભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજૂર કરવા.

(૨) નવા વર્ષનાં અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) 'સંઘ' ના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) 'સંઘ' તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટરોની નિમણૂક કરવા.

(૫) બંધારણની કલમ ૯ (ગ) અનુસાર નિવૃત્ત થતી કારોબારી સમિતિએ 'સંઘ'ના બંધારણમાં ફેરફાર કરવા નીચે મુજબ ભલામણ કરી છે તેના પર વિચારણા કરી નિર્ણય કરવા.

(અ) આજીવન સભ્યનું લવાજમ રૂ. ૩૫૧/- છે તે વધારીને રૂ. ૫૦૧/- કરવું.

(આ) પેટ્રન સભ્યનું લવાજમ રૂ. ૨૫૦૦/- છે તે વધારીને રૂ. ૩૦૦૦/- કરવું.

(ઇ) વાર્ષિક સભ્યનું લવાજમ રૂ. ૨૫/- છે તે વધારીને રૂ. ૫૦/- કરવું.

(ઈ) 'પ્રબુદ્ધ જીવન'ના કાયમી ગ્રાહકના હાલ રૂ. ૨૦૦/- છે, તે વધારીને રૂ. ૩૦૦/- કરવા.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે 'સંઘ'નો વૃત્તાંત તથા 'સંઘ' તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો 'સંઘ'ના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૬-૪-'૮૫ થી તા. ૨૯-૪-'૮૫ સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ વાગ્યા સુધીમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ સંઘના કાર્યાલયમાં લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે ઉપસ્થિત થવા વિનંતી.

લિ. ભવદીય,

પન્નાલાલ ર. શાહ	ચીમનલાલ જે. શાહ
ધનવંત તિ. શાહ	કે. પી. શાહ
સહ મંત્રીઓ	મંત્રીઓ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : તા. ૩૧-૧૨-૮૪ ના દિવસનું સરવૈયું.

૧૯૮૩ રૂ.	પૈ.	ફંડો અને દેવું	રૂ.	પૈ.	૧૯૮૪ રૂ.	પૈ.
		રીઝર્વ ફંડ (ટ્રસ્ટ ફંડ)				
૯૦૮૭૮૦	૧૮	ગયા સરવૈયા મુજબ	૯૩૭૭૩૫	૧૮		
		ઉમેરો વર્ષ દરમિયાન				
૧૮૯૫૪	૦૦	આજીવન સભ્યોના ૪૭૩૮૫				
		લવાજમના				
૧૦૦૦૧	૦૦	પેટ્રન મેમ્બરના ૪૭૫૦				
		ભેટના ૨૨૦૦૦				
૯૩૭૭૩૫	૧૮		૭૪૧૩૫	૦૦		
					૧૦,૧૧,૮૭૦	૧૮
૧૧૪૬૦૩૦	૭૬	અન્ય અંકિત કરેલાં ફંડો. પરિશિષ્ટ ચ પ્રમાણે			૧૫,૦૬,૫૫૬	૭૬
		દેવું				
૧૫૩૮૨	૧૩	સ્ટાફ પ્રોવીડન્ડ ફંડના	૨૦૨૩૨	૧૩		
૧૩૧૫	૦૦	અગાઉથી આવેલ લવાજમો	૧૬૨૦	૦૦		
૧૩૪૨૪	૬૭	પરચુરણ દેવું પરિશિષ્ઠ બ મુજબ	૭૪૧૧૨	૩૭		
૩૦૧૨૨	૧૦				૬૫,૬૬૪	૫૦
		શ્રી જનરલ ફંડ (આવક-ખર્ચ ખાતું)				
૧૬૨૭૩	૬૧	ગયા સરવૈયા મુજબ	૨૦૩૬૬	૬૬		
૫૬૭૭૮	૬૬	ઉમેરો : વર્ષ દરમિયાન ખર્ચ				
૭૩૦૧૨	૫૭	કરતા આવકનો વધારો	૭૧૪૩૦	૧૧		
			૬૧૮૩૦	૧૦		
૫૨૬૧૨	૫૮	બાદ : 'પ્રબુદ્ધ જીવન'ની આવક				
૨૦૩૬૬	૬૬	કરતાં ખર્ચમાં વધારો.	૬૫૫૪૦	૨૦		
					૨૬,૨૮૬	૬૦

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ
તા. ૨૩-૩-૧૯૮૫

૧૯૮૩ રૂ.	પૈ.	મિલકત અને લેણું	રૂ.	પૈ.	૧૯૮૪ રૂ.	પૈ.
		ઇ-લોક (કરાર મુજબ)				
૫૧૨૩૦	૪૦	રસધારા કો. ઓ. હા. સો. લિ. માં			૫૧,૨૩૦	૪૦
		ગયા સરવૈયા મુજબ				
૧૪૬૪૩૫૦	૪૦	ઇન્વેસ્ટમેન્ટસ (ચોપડા મુજબ)				
		પરિશિષ્ટ ક મુજબ			૨૨,૬૦,૩૫૦	૦૦
		ફરનીચર અને ફિક્સ્ચર્સ				
૧૦૧૬૦	૨૪	(ચોપડા મુજબ) ગયા સરવૈયા પ્રમાણે	૧૦,૧૬૦	૨૪		
૫૦૬૪	૨૪	બાદ ઘસારાના કુલ	૫,૫૭૩	૨૪		
૫૦૬	૦૦	ચાલુ વર્ષના	૪૫૬	૦૦		
૪૫૮૭	૦૦		૬,૦૩૨	૨૪		
					૪,૧૨૮	૦૦
		ડિપોઝીટ				
૧૨૫	૦૦	પોસ્ટ ઓફિસમાં (પ્રબુદ્ધ જીવન અંગે)	૧૨૫	૦૦		
૬૩૦	૦૦	બી. ઇ. એસ. ટી.	૬૩૦	૦૦		
૩૬૦	૦૦	ટેલીફોન અંગે	૩૬૦	૦૦		
૧૧૧૫	૦૦				૧,૧૧૫	૦૦
		(લેણું સદ્ધર)				
૮૦૪૩૬	૦૬	શ્રી મ. મો. શાહ સાર્વજનિક	૧,૧૨,૨૩૫	૬૬		
		વાચનાલય-પુસ્તકાલય				
૧૩૬૩૧	૧૬	ઇન્કમટેક્ષ રિફંડ	૨૬,૦૫૬	૧૬		
૪૬૨૧૮	૧૮	લેણું થયેલું વ્યાજ	૭૬,૬૩૦	૦૫		
૪૫૬૭	૦૦	ખર્ચ અંગે અને પરચુરણ લેણું	૧,૦૬૫	૦૦		
૧૧૦૧૬	૧૫	સ્ટાફ પાસે	૨૦,૪૬૩	૪૫	૨,૩૬,૪૫૦	૧૫
૧૫૮૬૦૧	૫૮					
		રોકડ તથા બેંકબાકી				
૬૩૬૪	૬૧	બેંક ઓફ ઇ. ના ચાલુ ખાતે	૬,૬૭૪	૭૬		
૪૪૭૫૬૮	૪૬	,, ,, ,, બચત ખાતે	૪૭,૦૫૨.૮૫			
૧૪૦	૬૮	રોકડ પુરાંત	૬૭૬	૧૫		
૪૧૭૧૦૪	૦૮				૫૭,૪૦૭	૨૬
૨૧૩૭૨૮૮	૦૬				૨૬૪૩૬૮૧	૩૪

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇ

તા. ૩૧ મી ડીસેમ્બર ના રોજ પૂરા થતાં વર્ષના આવક ખર્ચના હિસાબ

૧૯૮૩	આવક :		૧૯૮૪
રૂા. પૈ.			રૂા. પૈ.
	ભેટના		
૧૫,૬૫૫-૦૦	ચાલુ	૬,૦૮૨-૦૦	
૫,૦૦૦-૦૦	પરિસંવાદ	૧૫,૦૦૦-૦૦	
૨,૨૫૨-૦૦	પર્યુષણ વ્યાખ્યાનમાળા	૧૫,૬૧૪-૦૦	
૨૨,૯૦૭-૦૦			૩૬,૬૬૬-૦૦
૪,૬૪૫-૦૦	લવાજમ		
	બાદ : શ્રી મુંબઇ જૈન યુવક સંઘના	૪,૨૦૦-૦૦	
	સભ્યોને પ્ર. જીવનની પ્રત ફ્રી.		
૧,૭૧૦-૦૦	મોકલી તેનાં	૧,૯૦૦-૦૦	
૨,૯૩૫-૦૦			૨,૩૦૦-૦૦
	વ્યાજનાં :		
૬,૩૨૧-૭૫	ડીબેન્ચરો અને બોન્ડનાં	૬,૩૮૬-૧૬	
૬૮,૬૧૨-૬૨	બેંક ખાતાઓનાં	૬૧,૨૬૧-૬૧	
૧,૦૩,૬૦૭-૭૩	કાં. ડીપોઝીટ પર	૧,૩૮,૪૪૧-૭૮	
–	યુનિટ ટ્રસ્ટનાં યુનિટ પર	૧૩,૦૦૦-૦૦	
૧,૭૮,૮૪૨-૪૦		૨,૪૬,૧૧૬-૫૫	
	બાદ : લાઇફ મેમ્બરશિપ ફંડને		
૧૬,૦૦૦-૦૦	સભ્યોને પ્ર. જીવન પ્રત મફત		
	મોકલવાનાં ૧૭૩૭૦		
૮,૫૬૩-૦૦	અન્ય અંકિત ફંડોને		
	૮% પ્રમાણે ૧૦૩૦૦		
૨૪,૫૬૩-૦૦		૨૭,૬૭૦-૦૦	
			૨,૨૧,૪૪૬-૫૫
	ટેહકાનાં બોનસ શેરો વેચતાં		૫,૨૧૪-૦૦
૩,૩૭૨-૦૦	પરમાનંદ કાપડિયા સભાગૃહ લવાજમ		૨,૩૬૬-૦૦
૪-૭૧	સરવૈયા ફરકના		–
૧૮૩૪૬૮-૧૧		કુલ	રૂા. ૨,૬૮,૩૦૮-૫૫

૧૯૮૩	ખર્ચ :		૧૯૮૪
	વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ :-		
૧૫,૬૩૦-૫૦	પગાર બોનસ વગેરે	૨૨,૬૧૮-૦૦	
૫૧૬૬-૦૦	બ્લોક મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ	૫,૭૪૬-૦૪	
૨૦૬૫-૬૫	પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી	૪,૩૮૮-૨૫	
૩૨૦૭-૬૦	ટેલીફોન ખર્ચ	૪,૩૩૭-૨૦	
૧૪૪૧-૬૦	પોસ્ટેજ	૬૧૦-૦૦	
૧૫૦૦-૦૦	ઓડિટરોને ઓનેરેરીયમને	૧,૦૦૦-૦૦	
૧૬૮૮-૫૦	સ્ટાફ પ્રો. ફંડના ફાળામાં	૧,૫૬૭-૦૦	
૧૭૩૩૬-૫૦	ગાડીભાડું સ્ટાફપાસ, ઇન્સ્યોરન્સ		
	માપક રીપેરીંગ તથા પરચુરણ ખર્ચ	૧૮,૨૧૫-૬૫	
૫૬-૬૫	બેંક કમિશન	૩૬-૨૦	
૩૬૦-૦૦	પરમાનંદ કાપડીયા સભાગૃહ ખર્ચ	૧૭૫-૦૦	
૧૪૨૨-૦૦	ફેસેટ ખર્ચ	૨,૧૫૬-૦૦	
	મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ.		
	ફંડ ને ફાળાનાં	૬,૪૬૩-૦૦	૭૦,૬૮૧-૬૪
	પ્રવૃત્તિ અંગે ખર્ચ :-		
૬૧૫૮-૦૦	સામાજિક સંસ્થાઓને સહાય	૩૬,૦૦૦-૦૦	
૧૮૫૭૬-૪૦	પરિસંવાદ અંગે	૨૨,૪૩૮-૮૦	
	આ. વિજયવલ્લભ સૂરિસ્મારક	૫,૬૦૫-૦૦	
૫૧૮-૨૦	અભ્યાસ વર્તુળ ખર્ચ	૧,૦૬૧-૨૦	
	જ્ઞાન શિબિર ખર્ચ	૪૩૨-૦૦	
૧૨૨૬૬-૭૫	વસંત વ્યાખ્યાનમાળા ખર્ચ	૬,૬૨૨-૫૦	
	ટેલીફોન મુંબ ખર્ચ	૬,૬૮૫-૫૦	
૩૮૩૮-૮૦	પર્યુષણ વ્યાખ્યાનમાળા ખર્ચ	૪૩,૫૬૨-૮૦	૧,૨૫,૭૩૭-૮૦
૫૦૬-૦૦	ફર્નીચર પર ઘસારો		૪૫૬-૦૦
૫૬૭૭૮-૬૬	વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો		૭૧૪૩૦-૧૧
૧૮૩૪૬૮-૧૧		કુલ	રૂા. ૨,૬૮,૩૦૮-૫૫

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

શાહ ભહેતા એન્ડ કું.,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ
૨૩-૪-૧૯૮૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ

તા. ૩૧-૧૨-૮૪ નાં રોજના સરવૈયામાં બતાવ્યા મુજબ અન્ય ફંડોની વિગત દર્શાવતું પરિશિષ્ટ 'ચ'

ક્રમાંક	ફંડની વિગત	તા. ૧-૧-૮૪ નાં રોજબાકી		વર્ષ દરમ્યાન લેટ હવાલા		વ્યાજના હવાલા		વર્ષ દરમ્યાન ખર્ચ હવાલા		તા. ૩૧-૧૨-૮૪ ના રોજ બાકી	
		રા.	પૈસા	રા.	પૈસા	રા.	પૈસા	રા.	પૈસા	રા.	પૈસા
૧	મકાન ફંડ	૨૪,૦૧૯-૧૯		–	–	–	–	–	–	૨૪,૦૧૯-૧૯	
૨	પુસ્તક પ્રકાશન ખાતું	૧૩,૦૦૩-૭૪		૮,૦૩૫.૦૦		–	–	૧૭,૮૫૮-૩૫		૩,૧૮૦-૩૯	
૩	આવજત ખાતું	૧૨૬-૪૮		–	–	–	–	–	–	૧૨૬-૪૮	
૪	પ્રેમળ જ્યોતિ રીઝર્વ ફંડ	૫૧,૧૧૪-૦૫		૧,૮૬૧,૭૬-૦૦		૫૧,૦૦૦-૦૦		૬૬,૯૮૫-૨૩		૨,૨૧,૩૦૪-૮૨	
૫	પ્ર. જીવન કાયમી ગ્રાહક ફંડ	૧,૬૦૦-૦૦		૪૦૦-૦૦		–	–	–	–	૨,૦૦૦-૦૦	
૬	દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ ફંડ	૫૪,૦૧૮-૨૮		૫,૦૦૦-૦૦		૫,૪૦૦-૦૦		–	–	૬૪,૪૧૮-૨૮	
૭	વિદ્યાસત્ર પ્રવૃતિ ખાતું	ઉ. ૧૬,૭૬૦-૮૦		–	–	૪,૫૦૦-૦૦		૩,૭૬૩-૫૦		ઉ ૧૬,૦૫૪-૩૦	
૮	જીવનધડતર લક્ષી પ્રવૃત્તિ ખાતું	૪,૧૧૫-૮૦		–	–	૪૦૦-૦૦		–	–	૪,૫૧૫-૮૦	
૯	વિદ્યાસત્ર પ્રવૃતિ ફંડ	૪૫,૦૦૫-૦૦		–	–	–	–	–	–	૪૫,૦૦૫-૦૦	
૧૦	ચી. ય. શાહ સ્મારક નિધિ ખાતું	૨,૫૭,૬૧૮-૦૫		૩,૩૦૩-૦૦		–	–	૫૨-૦૦		૨,૬૧,૧૬૯-૦૫	
૧૧	સ્ટોલ રીઝર્વ ફંડ	૫,૦૦,૭૦૦-૦૦		૪૬,૦૦૦-૦૦		–	–	૭૧,૫૧૦-૦૦	૫૧,૦૦૦-૦૦	૪,૨૭,૧૦૦-૦૦	
૧૨	દત્તક બાળક પ્રવૃતિ રીઝર્વ ફંડ	૪૭,૦૦૧-૦૦		૬,૦૦૦-૦૦		–	–	–	–	૫૩,૦૦૧-૦૦	
૧૩	સે. કા. ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડ	૧,૫૦,૦૦૦-૦૦		૧,૦૦,૦૦૦-૦૦		–	–	–	–	૨,૫૦,૦૦૦-૦૦	
૧૪	નેત્રયજ્ઞ ખાતું	૨૦,૨૦૦-૦૦		–	–	–	–	૨૦,૦૦૦-૦૦	–	૨૦૦-૦૦	
૧૫	ધરમપુર પ્રોજેક્ટ ખાતું	–	–	૧,૬૫,૧૧૩-૦૦		–	–	૬૩,૪૪૩-૫૫	–	૭૧,૬૬૯-૪૫	
૧૬	સી. સી. શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર ફંડ	–	–	૧૧,૦૦૦-૦૦		–	–	–	–	૧૧,૦૦૦-૦૦	
૧૭	વિજય વલ્લભ સૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી ખાતું	–	–	૭૫,૦૦૧-૦૦		–	–	–	–	૭૫,૦૦૧-૦૦	
૧૮	પ્ર. જીવન શ્રેષ્ઠ લેખક પારિતોષિક ફંડ	–	–	૧૧,૦૦૦-૦૦		–	–	–	–	૧૧,૦૦૦-૦૦	
૧૯	ટી. બી. દરદી ઍડોપ્ટેડ ખાતું	–	–	૫,૦૦૧-૦૦		–	–	૧,૪૪૫-૪૦	–	૩,૫૪૫-૬૦	
૨૦	મહિલા વકૃત્વ તાલીમ વર્ગ ખાતું	–	–	૩૦૦-૦૦		–	–	૩૫-૦૦	–	૨૬૫-૦૦	
	કુલ. રૂ.	૧૧,૪૯,૦૩૦-૭૯		૬,૨૫,૩૨૯-૦૦		૧૦,૩૦૦-૦૦		૨,૭૫,૧૦૩-૦૩	૫૧,૦૦૦-૦૦	૧૫,૦,૬,૫૫૬-૭૬	

દેવું			
લવાજમ :			
૧૯૮૫	૧૫૭૦-૦૦		
૧૯૮૬	૨૫-૦૦		
૧૯૮૭	૨૫-૦૦		
		૧,૬૨૦-૦૦	
અલ્પાહાર ખાતું	૧૬-૩૭		
પર્યુષણ વ્યાખ્યાનમાળા પુરસ્કાર અંગે	૧,૬૫૦-૦૦		
શાહ મહેતા એન્ડ કું.	૧,૦૦૦-૦૦		
સૌરાષ્ટ્ર રેલ રાહત ફંડ	૨,૬૮૭-૦૦		
દાદર સ્કૂલ અંધ બાળક ખાતું	૧૧,૬૪૬-૦૦		
શ્રમ મંદિર	૧૦,૨૫૩-૦૦		
લંડન સ્પોન્સર ખાતું	૩૦,૦૦૦-૦૦		
ભોપાલ રાહત ફંડ	૧૬,૫૫૭-૦૦	૭૪,૧૧૨-૩૭	

લેણું :		
બિરલા ક્રીડા કેન્દ્ર	૩૦૦-૦૦	
સુમન પ્રકાશન	૨૬૫-૦૦	
શ્રી ચિકિત્સક સમૂહ શિરોડકર હાઈસ્કૂલ	૫૦૦-૦૦	૧,૦૬૫-૦૦
સ્થાફ પાસે :		
શાંતિલાલ ટી. શેઠ	૫૦૦૩-૬૦	
દીપક એન. શાહ	૭૨૮૮-૫૫	
વિજય	૧૦૦૦-૦૦	
હરિચંદ્ર	૨૪૦૦-૦૦	
અશોક	૪૦૦-૦૦	
એલ. એન. મહેતા	૪૩૭૧-૩૦	૨૦,૪૬૩-૦૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇ

તા. ૩૧-૧૨-૧૯૮૪ નાં રોજ પુરાં થતાં વર્ષનો પ્ર. જીવનનો આવક ખર્ચનો હિસાબ

૧૯૮૩ રૂ.	આવક :		૧૯૮૪ રૂ.
૧૬,૧૪૩-૬૦	જવાજમ વસુલ તથા	૧૦,૪૬૧-૦૦	
૧,૭૧૦-૦૦	સભ્યોને પ્રબુદ્ધ જીવનની	૧૬,૦૦-૦૦	
૧૬,૦૦૦-૦૦	આજીવન સભ્યોને પ્રબુદ્ધ જીવનના પ્રત પરત મોકલી તેના.	૧૭,૩૭૦-૦૦	
			૨૬,૭૩૧-૦૦
૧૫૨-૦૦	ભેટ		૨૨,૮૮-૦૦
૫૨,૬૧૨-૫૮	વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો		૬૫,૫૪૦-૨૦
૮૬૬,૧૮-૧૮	કુલ રૂ.		૯૭,૫૫૬-૨૦

૧૯૮૩ રૂ.	ખર્ચ :		૧૯૮૪ રૂ.
૧૨,૮૦૭-૫૦	પગાર અને બોનસ	૨૩,૪૧૮-૦૦	
૩૧,૫૧૪-૪૬	પ્રિન્ટીંગ	૪૦,૭૨૫-૮૦	
૧૮,૮૬૬-૦૦	પેપર	૧૭,૨૪૧-૦૦	
૭,૮૬૪-૬૦	પોસ્ટેજ	૬૭,૨૫-૬૦	
૩,૩૧૦-૦૦	પુરસ્કાર	૭૩,૫૫-૫૦	
૧,૬૮૮-૫૦	પ્રો. ફંડને ફાળાને વ્યાજના	૧,૫૬૭-૦૦	
૭૩૦-૦૦	પરચુરણ ખર્ચ	૪૬૬-૦૦	
૬,૫૦૩-૭૬	અન્ય પ્રીન્ટીંગ		૬૭,૫૫૬-૨૦
૮૬,૬૧૮-૧૮	કુલ રૂ.		૬૭,૫૫૬-૨૦

૧૯૮૪ના હિસાબ તપાસ્યો છે. અને અમારાં શ્રી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદાં રીપોર્ટ આધીન બરાબર છે. તા. ૨૬-૩-૮૫

૩૧-૧૨-૮૪ તા.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

તા. ૩૧-૧૨-૮૪ ના દિવસનું સરવૈયું

૧૯૮૩	ફંડો અને દેવું	૧૯૮૪	૧૯૮૪
	કાયમી ફંડ		
૧૦૭૮૬૪-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૭૮૬૪-૦૦	
	શ્રી પુસ્તક ફંડ		
૫૫૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૫૫૦૦-૦૦	
	શ્રી ફરનીચર ફંડ		
૨૪૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૨૪૦૦-૦૦	
	શ્રી રીઝર્વ ફંડ		
૩૧૬૭૩-૪૨	ગયા સરવૈયા મુજબ બાકી	૩૧૬૭૩-૪૨	૧૪૭૪૬૭-૪૨
૧૪૭૪૬૭-૪૨	દેવું.		
૨૧૫૬૧-૦૦	પુસ્તકો અંગે ડીપોઝીટ	૨૩૪૬૬-૦૦	
૨૦૩૯૭-૬૨	સ્ટાફ પ્રોવીડન્ડ ફંડ	૧૯૮૪૭-૭૪	
૮૦૪૩૬-૦૬	શ્રી મુંબઇ જૈન યુવક સંઘના	૧૧૨૨૩૫-૬૬	
૧૦૦૦-૦૦	ખર્ચ અંગે	૧૦૦૦-૦૦	
૧૨૩૩૬૫-૦૧			૧૫૬૫૭૬-૭૩
૨૭૦૮૬૨-૪૩			૩૦૪૦૪૭-૧૫

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.
શાહ મહેતા એન્ડ કું.,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ
૨૪-૩-૧૯૮૫

૧૯૮૩	મિલકત અને લેણું		૧૯૮૪
રૂા. પૈ.		રૂા. પૈ.	રૂા. પૈ.
	ફિકસ્ડ ડિપોઝીટસ		
૩૦૦૦૦-૦૦	હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમી. લિ.		૫૦૦૦૦-૦૦
૩૦૦૦૦-૦૦	એચ. એમ. ટી.		
	ફર્નીચર (ખરીદ કીંમતે)		
૧૦૬૯૫-૬૩	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૬૯૫-૬૩	
૬૩૮૬-૬૩	બાદ : કુલ ઘસારાના	૬૮૧૭-૬૩	
૪૩૫-૦૦	બાદ ; વર્ષ દરમિયાન ઘસારાના	૩૮૮-૦૦	
૩૮૭૮-૦૦			૩૪૬૦-૦૦
	પુસ્તકો (ખરીદ કીંમતે)		
૧૨૮૮૨૧-૧૦	ગયા સરવૈયા મુજબ બાકી	૧૪૪૬૧૧-૪૫	
૧૫૭૬૦-૩૫	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી	૧૭૫૩૦-૩૫	
૧૪૪૬૧૧-૪૫	બાદ : ઘસારાના-જુના પુસ્તકો	૧૬૨૧૪૧-૮૦	
૫૮૫૩૬-૪૫	લખી વાળ્યા.	૭૪૧૪૧-૮૦	
૮૬૦૭૫-૦૦			૮૮૦૦૦-૦૦
	લેણું :		
૧૦૪-૦૦	ઇનકમટેક્ષ રીફંડના		૧૦૪-૦૦
૩૮૭-૭૪	સ્ટાફ પાસે		
૪૬૧-૭૪			
૭૧૦-૨૭	બેંક ઓફ બ. બચત ખાતે	૧૨૨૨૧-૬૫	
૫૬-૨૮	રોકડા પુરાંત	૩૫૬-૮૪	
૭૬૬-૫૫			૧૨૫૭૮-૭૬
	શ્રી આવક ખર્ચ ખાતું		
૧૦૩૧૩૧-૮૭	ગયા સરવૈયા મુજબ બાકી	૧૧૬૬૫૧-૧૪	
૧૫૦૦૦-૦૦	બાદ : મુનિસિપલ ગ્રાન્ટના	૧૫૦૦૦-૦૦	
૮૮૧૩૧-૮૭		૧૦૪૬૫૧-૧૪	
	ઉમેરો : વર્ષ દરમિયાન આવક		
૩૧૫૧૬-૨૭	કરતાં ખર્ચનો વધારો	૪૫૨૨૩-૨૨	
૧૧૬૬૫૧-૧૪			૧૪૬૮૭૪-૩૧
૨૭૦૮૬૨-૪૩			૩૦૪૦૪૭-૧૫

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય

૩૧-૧૨-૮૪ સુધીનો આવક-ખર્ચનો હિસાબ

૧૯૮૩ રૂ.	પૈ.	આવક	રૂ.	પૈ.	૧૯૮૪ રૂ.	પૈ.
		વ્યાજના				
૬૧–૫૦		બેંકના વ્યાજના	૮૩૩–૭૩			
૪૪૨૫–૨૦		મર્ચ. કો. ફીક્સ ડીપોઝીટનું	૧૮૦૪૧–૧૦			
૪૪૮૬–૭૦					૧૮૮૭૪–૮૩	
		ભેટ તથા લવાજમના.				
૬૫૩–૦૦		ભેટના	૧૫૫૪૧–૦૦			
૮૫૬૦–૦૦		પુસ્તક લવાજમના	૮૬૦૦–૦૦			
૧૮૦૪૫–૦૦		પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે જોગીના				
૨૭૫૮૮–૦૦					૨૪૧૪૧–૦૦	
		પરચુરણ આવક				
૫૭૦–૫૦		પરતી વેચાણના	૫૦૧–૭૦			
૧૩૮–૪૦		પાસબુક વેચાણ	૧૩૬–૨૦			
૧૩૧–૫૦		લેધર ફી.	૧૪૩–૨૫			
૮૪૦–૪૦					૭૮૪–૧૫	
		વર્ષ દરમિયાન આવક				
૩૧૫૧૬–૨૭		કરતાં ખર્ચનો વધારો			૪૫૨૨૩–૨૨	
૧૪૪૩૪–૩૭					૮૬૦૨૩–૨૦	

૧૯૮૩ રૂ.	પૈ.	ખર્ચ	રૂ.	પૈ.	૧૯૮૪ રૂ.	પૈ.
		વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ				
૩૮૩૩–૮૨		પેપર લવાજમના	૪૬૭૮–૨૦			
૪૧૫૬૪–૦૦		પગાર તથા બોનસ	૪૪૫૬૫–૦૦			
૨૧૮૪–૦૦		બુક બાઈન્ડીંગ	૧૫૩૨–૫૦			
૩૨૮૮–૭૦		પ્રોવિડન્ડ ફંડ ફાળા તથા વ્યાજના.	૩૩૧૦–૨૦			
૬૧૫–૦૦		વીમાના પ્રીમિયમના	૬૧૫–૦૦			
					૫૪૦૩૦–૬૦	
૧૫૦૦–૦૦		ઓડિટર્સ ઓનરેરિયમના અને ફીના	૧૪૫૦–૦૦			
૬૬૫૫–૨૦		માહુભાહુ, છત્રી, સ્ટાફને ચા	૧૪૪૭૭–૪૦			
		પરચુરણ ખર્ચના, સાફ સફાઈના				
૧૭૪–૩૦		પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી	૩૦૨૧–૫૦			
૫૦–૦૦		પ્રોફેશનલ ટેક્સ	૫૦–૦૦			
					૧૮૬૬૮–૬૦	
		બજારના				
૪૩૧–૦૦		ફરનીચર પર ૧૦% લેખે	૩૮૮–૦૦			
૧૧૦૮–૩૫		પુસ્તક પર ૧૫% લેખે	૧૫૬૦૫–૩૫			
		સરવૈયા ફેરના	–૦૫			
					૧૫૬૬૩–૪૦	
૧૪૪૩૪–૩૭					૮૬૦૨૩–૨૦	

ઇન્વેસ્ટમેન્ટસ-પરિશિષ્ટ "ક" મુજબ

૫૦૦-૦૦	રસધારા કો. ઓપ સોસાયટીના શેર ૧૦ શેર
૨૦૦૦૦-૦૦	તાતા ઓઇલ મિલ્સ લિ., ડીબેન્ચર ૨૦૦
૧૫૦૦૦-૦૦	બોમ્બે ડાઇંગ કું., ડીબેન્ચર ૧૫૦
૧૫૦૦૦-૦૦	વોલ્ટાસ રાઇસ ડીબેન્ચર ૧૫૦
૫૮૫૦-૦૦	તાતા લોકોમોટીવ (ટેલ્કો) ડીબેન્ચર ૧૩
૧૦૨૦૦૦-૦૦	યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડીયા
૨૦૦૦૦૦-૦૦	ભારત પેટ્રોલિયમ
૬૦૦૦૦-૦૦	રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટીલાઇઝર લિ.
૫૪૦૦૦૦-૦૦	ઇન્ડીયન ઓઇલ કોરપોરેશન
૮૦૦૦૦-૦૦	સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડીયા લિ.
૩૫૦૦૦-૦૦	હિન્દુસ્તાન ઝીંક
૫૦૦૦૦-૦૦	ઇન્ડીયન ટેલીફોન ઇન્ડસ્ટ્રીઝ લિ.
૧૫૦૦૦૦-૦૦	ભારત હેવી ઇલેકટ્રીક કું.
૪૫૨૦૦૦-૦૦	બેંક ઓફ ઇન્ડીયા ફિક્સ ડીપોઝીટ-સેન્ડહર્સ્ટ રોડ
૧૪૦૦૦૦-૦૦	બેંક ઓફ બરોડા
૧૨૫૦૦૦-૦૦	યુનિયન બેંક ઓફ ઇન્ડીયા
૩૦૦૦૦-૦૦	જૈન સહકારી બેંક લિ.
૬૦૦૦૦-૦૦	કપોળ કો. ઓપ. બેંક લિ.
૬૦૦૦૦-૦૦	માંડવી કો. ઓપ. બેંક લિ.
૬૦૦૦૦-૦૦	બોમ્બે મરકન્ટાઇલ કો. ઓપ. બેંક લિ.
૬૦૦૦૦-૦૦	સારસ્વત કો. ઓપ. બેંક લિ.
૨૨૬૦૩૫૦-૦૦	

'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને વાચકો, લેખક મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે-

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં કોઇપણ ધંધાદારી પેઢી કે કોઇ પણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઇ પણ જાહેર અખબર (Advertisement) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઇ સંસ્થાના કાર્યક્રમોની વિગતો કે સમાચાર (Announcement) લેવામાં આવતા નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘ' સિવાયની અન્ય કોઇ સંસ્થાઓના થઇ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી.

(૪) અન્ય કોઈ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઇ પણ વ્યક્તિની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઇ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક લેખો આપવામાં આવે છે, એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુદ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગશે તો જ સ્વીકારી શકાશે.

લિ. મંત્રીઓ.

—: ઉ પા સ ના :—

અનવર આગેવાન

આપણું સમગ્ર જીવન એક પ્રકારનો યોગ છે. એ યોગનો આરંભ પ્રાર્થના તથા ધ્યાનથી થાય છે. જો કે, પ્રાર્થના અને ધ્યાન પ્રારંભિક અવસ્થા છે, જેમ આપણે બારાખડી શીખીએ, પછી વાંચવા-લખવાનું શરૂ કરીએ, આ રીતે આપણો અભ્યાસ વધે છે તેવી જ રીતે ઉપાસનાનું પણ છે. જે ક્ષણે વ્યક્તિ ઉપાસના કરે છે, ત્યારે યોગના અધ્યાયનું પ્રથમ પૃષ્ઠ ખૂલે છે, અને એનો અભ્યાસ વધતો જાય છે. આ રીતે ઉપાસનાની ક્રિયા શુભ કર્મ માટે શક્તિ મેળવવાની ક્રિયા છે. પરંતુ ઉપાસના અને પ્રાર્થનાની આ ક્રિયાથી અજાણ લોકો એ કરવા છતાં પણ એનો કોઇ લાભ પામી શકતા નથી, કારણ કે ભાવના સાથે એનો કોઇ મેળ હોતો નથી.

ઉપાસના એટલે પ્રિયનું સાંનિધ્ય (ઉપ-આસન). મન-પ્રાણથી પ્રિયની નિકટતા જ સાધના છે, પૂજા છે. એ આપણા પર આધાર રાખે છે કે, આપણને કોણ પ્રિય છે. ખરેખર તો ઇશ્વર જ આપણને પ્રિય હોવો જોઇએ. ઉપાસનાનો અર્થ કેવળ ઇષ્ટની મૂર્તિ સામે બેસીને થોડીવાર સુધી કોઇ નામનો જાપ, હવન કે પાઠ-પૂજા જ નથી. જીવનમાં સંતોષ, શાંતિ સુખ અને ગૌરવ આપનાર બધાં જ શુભ કર્મો ઉપાસનાની શ્રેણીમાં આવે છે. નાસ્તિક પણ જો પોતાનું જીવન બીજાના કલ્યાણ અને દુઃખ દૂર કરવામાં વીતાવતો હોય તો એ પણ શ્રેષ્ઠ ઉપાસક છે.

કોઇ પણ ધર્મ હોય, ગમે તેટલા મત-મતાંતર હોય, કોઇ પણ આચાર વિચાર હોય, પરંતુ સર્વમાં એક જ ભાવને, એક જ ધ્યેયને પામવાનો પ્રયત્ન છે. પછી પ્રાર્થના હોય કે, નમાજ હોય, પૂજા હોય કે તપસ્યા-બધાનું એક જ લક્ષ્ય છે. આ લક્ષ્ય માટે સમર્પિત વ્યક્તિમાં સત્ય, પ્રેમ ન્યાય, સરળતા, નિષ્ઠા અને કર્મણ્ય સહજ ઉત્પન્ન થાય છે. શરૂઆતમાં વાતાવરણની સૌમ્યતા અને સાત્ત્વિકતા જરૂરી છે. આચાર વિચાર તેમ જ કાર્યની શુદ્ધતા એની પર જ નિર્ભર છે. એ વગર ઉપાસનાના નામે ઉપાસક જીવનભર પોતાની જાતને છેતરતો રહે છે. જે ઉપાસનામાં મનનો સાથ ન હોય તો એ શુભ કર્મ અને શુભ ફળ આપવામાં અસમર્થ બને છે. ઉપાસના કરવા છતાં પણ જો એનું પરિણામ લોકકલ્યાણની ભાવનામાં બદલાય નહિ તો આવી ઉપાસના નિરર્થક છે, છલના છે-પોતાની જાત સાથે અને અન્ય સાથે પણ.

ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, 'મનને વશમાં રાખીને મારામાં ચિત્ત લગાવ'. માત્ર આ જ સ્થિતિમાં ઉપાસક ઇશ્વર સાથે જોડાઇ શકે છે. આ રીતે જે યોગ કરે છે તે પરમાનંદ પામે છે. મન બારે ચંચળ છે. મનની એકાગ્રતા કોઇ પણ કાર્યની સફળતાની પ્રથમ શરત છે. એકવારમાં એ શક્ય બનતું નથી. એ માટે સાચી લગન જોઇએ. એ લગન જ આપણા આચરણ તેમ જ વ્યવહારને બદલી નાખવાની શક્તિ ધરાવે છે. મન દુશ્ચિંતાઓથી મુક્ત થાય નિર્મળ બને છે. મનની એકાગ્રતા પણ વધે છે. જેમ જેમ સમય વીતતો જાય છે તેમ આનંદની અનુભૂતિ ઘના લાગે છે. જીવન પ્રત્યે,

આસપાસના વાતાવરણ પ્રત્યે દૃષ્ટિ બદલાવા લાગે છે. દરેક સમસ્યાને ઉકેલવાનું સરળ બની જાય છે. દરેક મુશ્કેલીઓમાં વચ્ચે મન નિર્ભય બની જાય છે. અને તુચ્છ સ્વાર્થો અને મતભેદોથી વ્યક્તિ પર બની જાય છે. જાણે સોનું અગ્નિમાં તપીને શુદ્ધ બને છે. જે વાત શાસ્ત્રો વાંચી અને ઉપદેશો સાંભળીને નથી સમજી શકાતી, એ રોજિંદા શુદ્ધ આચાર-વિચાર અને સત્સંગથી શક્ય બની જાય છે.

દરેક માનવીમાં બળ, બુદ્ધિ તથા ભાવનામાંથી કોઇને કોઇ ગુણની વિશેષતા હોય છે. એ પ્રમાણે ઉપાસનાનો માર્ગ પસંદ કરી શકાય છે. બુદ્ધિપ્રધાન લોકો જ્ઞાન દ્વારા સૃષ્ટિ તેમ જ ઇશ્વરને જાણવાનો પ્રયત્ન કરે છે. શરીર અને મન પર સંયમ રાખીને યૌગિક ક્રિયાઓ દ્વારા ઇશ્વરને પામવાનો પ્રયત્ન કરે છે. કર્મઠ વ્યક્તિ, જેને પોતાના બાહુબળ પર ભરોસો છે, એ જીવનભર પોતાના પરિવાર, સમાજની જવાબદારીઓને પ્રસન્નતાપૂર્વક વહન કરે છે. પોતાના પ્રત્યેક શ્વાસનો ઉપયોગ બીજાના ભલા માટે કરે છે. અને બધી જ ચિંતાઓથી અલિપ્ત બની કમળવત્ જીવન જીવે છે. એને ચિંતા હોય તો પણ શું ? જે પોતાનું કર્મ કરે છે, પરિણામની આશા જેના મનમાં નથી, એ કર્મયોગી છે. ત્રીજો પ્રકાર ભાવુક લોકોનો છે, જે પોતાના નિર્મળ હૃદયથી પરમાત્માને પ્રેમ કરે છે. તે માત્ર એની નિકટતા, એનું અનુસંધાન ચાહે છે.

ઉપાસનાની પદ્ધતિ દેશ, કાળ અને સ્થિતિ પ્રમાણે રચાય છે. પરંતુ એ બધામાં મૂળ ભાવના તો એક જ છે. એની ભાષા, વંદનના પ્રકાર અને નામસ્મરણ માટે ભલે તે શબ્દો હોય, પરંતુ બધાનો અર્થ તો એક જ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં પ્રકાશનો

* **સત્યમ્, શીવમ્, સુંદરમ્**
  લે. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
  કિ.
* **ચિંતનયાત્રા**
  લે. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
  કિ.
* **અવગાહન**
  લે. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
  કિ. ૨૦/- હાલ અપ્રાપ્ય.
* **સમયચિંતન**
  લે. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
  કિ. રૂા. ૩૦/-

પુસ્તકો 'બુધ'ના કાર્યાલયમાંથી મળશે.

બિ. મંત્રીઓ

લગ્નજીવનની સ્થિરતા વિષે વાર્તાલાપ

રોહિણી ભટ્ટ

વિશ્વસંસ્થાએ ૧૯૭૫ના વર્ષથી એક દાયકો 'આંતર-રાષ્ટ્રીય મહિલા દશક' તરીકે ઉજવવાની ઘોષણા કરી હતી. ૧૯૮૫ના વર્ષમાં આ દાયકો સમાપ્ત થઇ રહ્યો છે. આ દાયકા દરમિયાન તેમ જ તે પૂર્વે પણ પુરુષપ્રધાન સમાજમાં નારીની પરિસ્થિતિ વિશે ગંભીર વિચારણાઓ થઇ છે. પુરુષ-પ્રધાન સમાજમાં નારીને દ્વિતીય દરજ્જાના ઢાંચામાં ગોઠવી દેવાઇ છે. સમાજમાં નારીના પ્રસ્તુત પરિસ્થિતિ પરત્વે જાગૃતિ કેળવવા ફેર ફેર-નારી મુક્તિ આંદોલન ચાલી રહ્યું છે. આપણા દેશમાં પણ નારી-મુક્તિ ચળવળનો જુવાળ પાશ્ચમના દેશોમાંથી જ આવ્યો છે. પશ્ચિમની મહિલાઓની જાગૃતિની ચળવળ સાથે જ ત્યાંની મહિલાઓ સામે બીજો એક ગંભીર પડકાર ઊભો છે: આધુનિક શોધો, મુક્ત સાહચર્ય વગેરે બાબતોને લઇને, સમાજના મહત્વના અંગ સમી લગ્નવ્યવસ્થાના પાયા હચમચી ગયા છે, તેને સ્થિર રાખવાનો.

આધુનિક શોધોના ફાયદાઓ સાથે તેની આડઅસરો પણ ઘણી થઇ રહી છે. માણસ માણસથી વિખૂટો પડી રહ્યો છે એકલતા, હતાશા, નિરાશા અનુભવી રહ્યો છે પરસ્પર ભેગાં રહેવાની વૃત્તિ અને ભાવનામાંથી જ સમાજરચના કુટુંબવ્યવસ્થા, લગ્ન સંસ્થાનું સર્જન થયું છે આ સંસ્થા જ માણસને એકલા પડતો બચાવી શકશે. તેની માનવીય સંવેદનાને કુંઠિત થતી અટકાવી શકશે. આ પાર્શ્વભૂમિકા સાથે 'આપણે ત્યાં લગ્ન વ્યવસ્થાની સ્થિરતા ક્ષીણ થઇ રહી છે?' એ વિશે વિચાર કરવાનો સમય પાકી ગયો છે. તાજેતરમાં જ મુંબઇ જૈન યુવક સંઘે ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરમાં શહેરની અગ્રણી મહિલાઓના આ વિશેના એક પરિસંવાદનું આયોજન કર્યું હતું. વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી અમીના નકવા, મહિલા સામાયક 'ફેમિના' ના તંત્રી વિમલા પાટિલ અને જાણીતા મેનેજમેન્ટ કન્સલટન્ટ શ્રીમતી બકુલ પટેલે ઉક્ત વિષયની વિસ્તૃત છણાવટ કરી હતી.

સૌ પ્રથમ શ્રીમતી પાટિલે સૌભાગ્યનું પ્રતીક ગણાતી બિન્દી આજની સ્ત્રીઓ શા માટે કરે છે તે વિશે કહ્યું હતું, ત્યાર બાદ લગ્ન સંસ્થાના આરંભ વિશે બોલતાં તેમણે કહ્યું કે માનવ સિવાય બીજા કોઇ પ્રાણીમાં આ વ્યવસ્થા પ્રવર્તતી નથી. લાખો વર્ષ પૂર્વ ભટકતા માનવીના જીવનમાં ત્રણ મહત્વનાં પરિવર્તન આવ્યાં. (૧) અકસ્માતે આગની શોધ થઇ. (૨) વરસાદ અને (૩) તેણે તેની ગુફાની સામેની જમીનનો ટુકડો સાફ કરી, ખેતી વિકસાવી, તેમાંથી માલિકી ભાવ જન્મ્યો કે મારી આ જમીન 'મારા જ વંશજો' ભોગવે. અને તેમાંથી જ લગ્નવ્યવસ્થા નિપજી. તેને ખાતરી જોઇતી હતી કે તેની સાથેની સ્ત્રી તથા બાળકો તેનાં જ છે અને રહેશે. આમ પુરુષે પોતાની જરૂરિયાત માટે આ આખી વ્યવસ્થા ઊભી કરી.

ત્યાર બાદ અન્ય પરિવર્તનોની સાથે આ વ્યવસ્થાની વિચારણામાં પણ અનેક પરિવર્તનો આવ્યાં: આપણે આઝાદ થયાં પછી, ખાસ કરીને છેલ્લાં ૪૦ વર્ષોમાં સ્ત્રીઓ વધુ ઝડપથી બદલાઇ રહી છે. પુરુષો આ પરિવર્તન પરત્વે જેટલા સજ્ઞાન

થયા નથી કે પછી સ્ત્રીના ત્વરિત પરિવર્તન સાથે તેઓ કદમ મિલાવી સાથે રહી શકયા નથી.

તેમણે પોતાના સમયની યુવતી અને આજની પેઢીની યુવતીની સરખામણી કરતાં કહ્યું કે આધુનિક મોજશોખ, ભૌતિક સુખ-સુવિધાઓ ભોગવતી આજની પેઢીની છોકરીઓનું વૈચારિક સ્તર વિશેષ પુખ્ત અને પરિપક્વ છે તેઓ પોતાની સ્થિતિ પરત્વે સભાન અને સજાગ છે. છતાં આપણા આર્થિક, સામાજિક, આંતરિક જીવનની અસ્થિરતાને કારણે કશીક ઊણપ સાલે છે. પુરુષ અને સ્ત્રીએ ભેગાં મળી આ ઊણપ પૂરી કરવાની છે.

ધારાશાસ્ત્રી અમીના નકવીએ કાનૂની પાસાની છણાવટ કરતાં કહ્યું કે આઝાદી પછી ભારતીય નારીમાં વૈચારિક અને શૈક્ષણિક પરિવર્તન આવ્યું છે. નારીની વિચારધારા બદલાઇ છે. લગ્નની પાલખી જે ઘરે ઊતરી હોય, ત્યાંથી જ છેલ્લી વિદાય થાય એવી વિચારણા આજે ક્ષીણ થઇ રહી છે. સ્ત્રીઓ વધુ સજાગ અને સમજદાર બની છે. એટલે જ ૪૦ વર્ષ અગાઉ પુરુષો સ્ત્રીઓ સાથે જેવો વ્યવહાર કરતાં તે હવે કરી શકતા નથી. પહેલાં ઘરની ચાર દીવાલ વચ્ચે વસતી નારીને બહારની દુનિયાની તસુભાર જાણ ન થતી. પરંતુ નારીએ સાધેલી શૈક્ષણિક પ્રગતિથી પોતાને મળતી કાનૂની સલામતી અને હકકથી તે વાકેફ થઇ છે, ૧૯૫૫ ના હિન્દુ ધારાથી પુરુષો પર આકરતરા નિયંત્રણો આવી ગયાં છે. અલબત્ત ધારાકીય સંરક્ષણથી સ્ત્રી પુરુષ કરતાં ચડિયાતી બની છે એમ નથી. પરંતુ મોંઘા અને ખર્ચાળ બનતાં જતા જીવનધોરણમાં ઘરના બે છેડા ભેગા કરવા, મધ્યમ વર્ગની સ્ત્રીને પણ રોજગારી રળવા બહાર નીકળવું પડયું છે. આ સ્ત્રી કૌટુંબિક જવાબદારી નિભાવવા સાથે બહારની જવાબદારી પણ બજાવે છે. ત્યારે સવારનું ગૃહકાર્ય પતાવી, નોકરીએથી સાંજે થાકીપાકી આવતી સ્ત્રીની માનસિક સ્થિતિ સ્વાભાવિક જ તંગ હોય. આ અતિ ગંભીર સ્થિતિ છે. આ કટોકટીભરી પળો પુરુષ સ્ત્રીને સાથ આપી જાળવી લે, સંભાળી લે તો લગ્નજીવનની સ્થિરતાને આંચ આવે નહીં, આ ક્ષણથી જ બંને વચ્ચેની સમજણનો આરંભ થાય છે.

શ્રીમતી બકુલ પટેલે પરિસંવાદનો ઉપસંહાર કરતાં કહ્યું કે બંને વિદુષીઓએ મહત્ત્વની વિચાર-પ્રક્રિયા દર્શાવી છે. વળી લગ્નજીવનની સ્થિરતા ક્ષીણ થઇ રહી છે એવા પ્રશ્નનો સીધેસીધો હા કે ના માં જવાબ આપી શકાય નહીં. લગ્ન-સંસ્થા બે વ્યકિતના પાયા પર નભે છે. પુરુષ અને સ્ત્રી બંનેની સમાન જવાબદારી છે. પુરુષે પણ અડધા રસ્તે આવવું જોઇએ. પણ પુરુષ આ સ્વીકારતો નથી. આ સમાન જવાબદારીનો સ્વીકાર કરી, પુરુષ સ્ત્રીને તેની ક્ષમતા – ક્ષતિ સહિત જેવી છે તેવી સ્વીકારે તેમ જ સ્ત્રી પણ પુરુષને જેવો છે તેવો જ સ્વીકારે તો લગ્નજીવનની સ્થિરતા પર કોઇ ખતરો નથી. પરન્તુ આ આદર્શ પરિસ્થિતિ છે. વળી બદલાતા સમયમાં સામાજિક સંદર્ભમાં લગ્નની સુસંગતતા કેટલી જળવાઇ રહી છે તે તપાસવું પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. સફળ સ્થિર લગ્નનું પ્રમાણ ઘટી રહ્યું છે. ઓછી સ્થિરતા પ્રતિની આ ગતિ આપણી પ્રગતિ છે કે પછી પતન છે તે એક પ્રશ્ન છે.

સમારંભના આરંભે ડો. આર. સી. શાહે તથા પ્રા. તારાબહેન આર. શાહે સંઘની પ્રવૃત્તિઓનો તથા પ્રસ્તુત પરિસંવાદના આયોજનના હેતુ વિશે કહ્યું હતું. રસપ્રદ પ્રશ્નોત્તરી અને શ્રીમતી જ્યોત્સ્નાના શેરની આભારવિધિ બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર
ઉદ્‌ઘાટન સમારંભ

'સંઘ' ના ઉપક્રમે શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર નું ઉદ્‌ઘાટન રવિવાર, તા. ૫-૫-૮૫ના રોજ રાખવામાં આવ્યું છે, જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે :

પ્રમુખ : કુ. પ્રાચી ધનવંતભાઇ શાહ (ઉ. વ. ૧૦)
ઉદ્‌ઘાટક : કુ. ગૌરી સુધીરભાઇ શાહ (ઉ. વ. ૮)
અતિથિ વિશેષ : કુ. નીશિતા નીતિનભાઇ શાહ (ઉ. વ. ૬)
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, રસધારા કો-ઓપરેટિવ સોસાયટી લિ., બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦ ૦૦૪, ફોન : ૩૫૦૨૯૬.
સમય : રવિવાર, તા. ૫-૫-૮૫ ના રોજ બપોરના ૪-૦૦ કલાકે. સૌને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

અમુલ શાહ
સંયોજક

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

સંઘ સમાચાર

ભકિત સંગીતનો કાર્યક્રમ

'સંઘ'ના ઉપક્રમે રવિવાર, તા. ૫-૫-૧૯૮૫ના રોજ સવારના ૯-૩૦ કલાકે ભારતીય વિદ્યા ભવનના સભાગૃહ ચોપાટીમાં ભકિત સંગીતનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

લિ. મંત્રીઓ

ભુલ સુધાર

'પ્રબુદ્ધ જીવન' ના આ અંકમાં 'સંઘ' ના પ્રકાશનોની વિગતો અન્યત્ર આપી છે. તેમાં સ્વ. પરમાનંદ કાપડિયા ના પુસ્તકોની કિંમત ભૂલથી જણાવેલ નથી. સત્યમ્, શીવમ્, સુંદરમ્ ની કિંમત રૂ. ૩-૦૦ અને ચિંતનયાત્રા ની કિંમત રૂ. ૭-૦૦ છે.

સાભાર સ્વીકાર

જૈન સાહિત્ય સમારોહ (ગુચ્છ-૧) સંપાદકો : ડો. રમણલાલ ચી. શાહ, શ્રી કાંતિલાલ ડાહ્યાભાઇ કોરા, શ્રી પન્નાલાલ ૨. શાહ અને પ્રા. ગુલાબ દેઢીઆ પ્રકા. મંત્રીઓ મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ મુંબઇ-૪૦૦૦૩૬ કીંમત રૂા. ૩૦-૦૦

લોકશાહી, જાહેર જીવન સામાન્ય ચૂંટણી: લે. પુરુષોત્તમ માવળંકર, સન્નિષ્ઠ પ્રકાશન, ૪ ગોપિકુંજ, મહારાષ્ટ્ર સોસાયટી, એલિસ બ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬ કિંમત રૂ. ૧૦-૦૦

પૃષ્ઠ ૨૩૮ થી ચાલુ

અચૂક ગોઠવાતું ગયું. પરમાનંદભાઇ રજનીશ પર આફરીન હતા. તેમની કેટલીક શિબિરોમાં પણ તેઓ ગયા હતા. તુલસી-શ્યામની શિબિરમાં મને પણ સાથે લેતા ગયા હતા. આવ્યા પછી એ શિબિરના પ્રતિભાવ રૂપે 'પ્રબુદ્ધ જીવન'માં એક લેખ મેં લખેલો. એમાં રજનીશજીના વિચારોમાં રહેલી કેટલી અસંગતિનો મેં નિર્દેશ કરેલો તે પરમાનંદભાઇને ગમેલું નહિ. ન પરંતુ ત્યાર પછી થોડા સમયમાં રજનીશે પર્યુષણ વ્યાયાનમાળામાં 'પ્રેમ' (સંભોગ-સમાધિ) વિષે વ્યાખ્યાન આપીને પરમાનંદભાઇ સહિત બધાને ચોંકાવી નાખેલા. અને ત્યારથી પરમાનંદભાઇએ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રજનીશનાં વ્યાખ્યાનો ઉપર પડદો પાડી દીધેલો. પરમાનંદભાઇમાં નિખાલસતાની સાથે નીડરતા પણ હતી. એમણે તરત જ 'પ્રબુદ્ધ જીવન'માં રજનીશ વિષે લેખ લખીને પોતાના ભ્રમનિરસનની વાત કરી હતી.

પરમાનંદભાઇના મુંબઇના જાહેર જીવનથી અનેક લોકો સુપરિચિત હતા. તેઓ જ્યાં જાય ત્યાં ઘણા બધા પરિચિત લોકો સાથે તેમની વાતચીત ચાલતી. એક દિવસ પરમાનંદભાઇનો ફોન આવ્યો. કહ્યું, 'એક ભાઇએ પોતાના કોઇ સામાજિક પ્રસંગે આવવા માટે મને બહુ જ આગ્રહ કર્યો છે. જવાની ઇચ્છા નથી, કારણ કે એમના વતુંળના કે એમની જ્ઞાતિના કોઇને હું ઓળખતો નથી પરંતુ આગ્રહ એટલો બધો છે કે ગયા વગર છૂટકો નથી. મારી ઇચ્છા છે કે તમે સાથે ચાલો.'

અમે બંને ગયા. પરિચિત યજમાને અમને સારો આવકાર આપ્યો. પરંતુ એમણે પોતાની જ્ઞાતિના જે જે આગેવાનો સાથે પરમાનંદભાઇનો પરિચય કરાવ્યો તે કોઇ પરમાનંદ-ભાઇને નામથી પણ ઓળખતા નહિ. એમની સાથે વાતનો દોર પરમાનંદભાઇ ચાલુ રાખે, પરંતુ પેલી અજાણી વ્યક્તિઓને કોઇ વાતમાં રસ પડે નહિ અને કોઇ વિષયની તેઓની જાણકારી પણ નહિ એટલે વાત ઘડીકમાં અટકી પડે. આથી યજમાનને પણ ક્ષોભ થતો, પરંતુ પરમાનંદભાઇએ કહ્યું, 'ભાઇ, તમે અમારી ચિંતા કરશો નહિ. અમે અમારી બધી જ વ્યવસ્થા કરી લઇશું.' પછી હું અને પરમાનંદભાઇ એક બાજુ બેસીને અમે અમારી વાતોએ વળગ્યા. પરમાનંદભાઇએ કહ્યું, 'હું તમને મારી સાથે એટલા માટે જ લાવ્યો, કારણ કે આ આપણું કોઇ પરિચિત વતુંળ નથી. અહીં આવનારા બધા માણસો અને આગેવાનો નોકરિયાત વર્ગના અને સામાન્ય કક્ષાના હશે. એમની સાથે આપણી વાત જામી ચાલી ન શકે.'

જમવાનું પત્યું એટલે અમે તરત ત્યાંથી વિદાય થયા.

કોઇ પણ કાર્યક્રમનું આયોજન સારામાં સારું કઇ રીતે કરવું તેની મૌલિક સૂઝ શ્રી પરમાનંદભાઇમાં હતી. જુદા જુદા ક્ષેત્રની પતિષ્ઠિત વ્યક્તિઓને સામેથી મળવા જઇને તેમની સાથે વિચારવિનિમય કરવાની ઉત્સુકતા તેમની રહેતી. તેવી રીતે વિભિન્ન સંસ્થાઓ તરફથી વખતોવખત યોજાતા જાહેર કાર્યક્રમોમાં હાજર રહીને તેના આયોજન અને રજૂઆતમાંથી પણ કશુંક ગ્રહણ કરવાની વૃત્તિ પણ તેમને હંમેશા રહેતી.

પરમાનંદભાઇના અનેક મિત્રો અને સાથીઓ હતા. અને કયાંક જવું હોય ત્યારે અથવા પોતાના ઘરે કોઇ વિશિષ્ટ મહેમાન પધારવાના હોય ત્યારે મિત્રો અને ભાભીઓને તેઓ આગ્રહપૂર્વક બોલાવતા. સારી વસ્તુનો આનંદ પોતે એકલા ન માણતાં બીજા ઘણાને તેમાં સહભાગી બનાવવા તેઓ હંમેશા તત્પર રહેતા.

પરમાનંદભાઇને પ્રવાસનો શોખ ઘણો હતો. યુવક સંઘ તરફથી વખતોવખત એકાદ નાનો-મોટો પ્રવાસ એમણે જરૂર ગોઠવ્યો હોય. પોતાના વિશાળ સંપર્કના કારણે પ્રવાસનું આયોજન પણ તેઓ સરસ, સગવડભર્યું, સભ્યને પોષાય તેવું કરતા. ચીંચવડ હોય કે કાશ્મિર, માથેરાન હોય કે કચ્છ, લોનાવાલા હોય કે વન્રેશ્વરી, પરમાનંદભાઇ સાથે પ્રવાસ કરવાની જુદી જ મજા આવે. એમના સરળ, નિખાલસ, નિર્દંભ વ્યક્તિત્વનો અનેરો પરિચય થાય. નાના-મોટા સૌની સાથે હળીમળીને તેઓ નિરાંતે વાતો કરે. પ્રવાસમાં પણ પ્રાસંગિક પ્રવચનો ઇત્યાદિ ગોઠવીને, ભારચક કાર્યક્રમો યોજીને પ્રવાસને મધુર સંસ્મરણીય બનાવતા. પછીના દિવસોમાં મોંઘવારીના કારણે પ્રવાસના કાર્યક્રમ જલદી ગોઠવાતાં નહિ, તેનો રંજ 'સંઘ'ની સમિતિમાં તેઓ વ્યકત કરતા.

પરમાનંદભાઇની સાથે એમનાં પત્ની વિજ્યાબેનનું અચૂક સ્મરણ થાય. પરમાનંદભાઇના જાહેર જીવનના કારણે ઘરે મહેમાનોનો ધસારો નિરંતર ચાલ્યા કરતો હોય. એ બધાની આગતાસ્વાગતા કરવામાં વિજ્યાબેન હંમેશાં તત્પર રહેતાં. તેઓ સુશિક્ષિત હતાં અને બધા જ વિષયોમાં રસ લેતાં. કયારેક એમના ઘરે ગયા હોઇએ અને પરમાનંદભાઇ ન મળે તો વિજ્યાબેનની સાથે વાતચીત કરતાં કલાક કયાં વીતી જાય તેની ખબર પડતી નહિ. વિજ્યાબેન વ્યવહારકુશળ અને દૃષ્ટિ-સંપન્ન હતાં. પરમાનંદભાઇના જીવન-વિકાસમાં વિજ્યાબેનનો ફાળો ઘણો મોટો હતો.

પરમાનંદભાઇ એટલે બહુમુખી વ્યકિતત્વ. પરમાનંદભાઇ એટલે સત્યના પૂજારી. પરમાનંદભાઇ એટલે પ્રસન્નતા, વિચારશીલતા ગુણગ્રાહકતા, સ્વસ્થતા, કલારસિકતા, સંતિષ્ઠા, ઉદારતા, મતાંતરક્ષમા, નિર્દંભતા, નિર્ભીકતા, વત્સલતા વગેરેથી ખબકતું જીવન.

એમની આ ચૌદમી પુણ્યતિથિ નિમિત્તે એમનું સ્મરણ સ્વાભાવિક રીતે થયું છે. એમનું વ્યકિતત્વ એવું ચેતનવંતું હતું કે હજીએ એમની સાથેના કેટકેટલાય પ્રસંગો જીવંત બનીને નજર સામે તરવરે છે.

–રમણલાલ ચી. શાહ

સાભાર–સ્વીકાર

આપણી આંખ સં. પ્રેમશંકર ન. ભટ્ટ ગિરિવિહાર, કૃષ્ણનગર ભાવનગર

યૌવનનો સાદ " " " "

વૃદ્ધ શા માટે બનો છો? અ : રત્નસિંહ ડી. પરમાર " "

પ્રસાદી સંજીવની ટ્રસ્ટ, વિકટોરિયા ગાર્ડન પાસે, અમદાવાદ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જમનાદાસ કાંકર શેઠ રોડ, શિવસદન, મુંબઇ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૫-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

અનામત વિરોધી આંદોલન

લગભગ બે માસથી ગુજરાતમાં ચાલતા અનામત વિરોધી આંદોલને ભયંકર હિંસક સ્વરૂપ ધારણ કર્યુ છે. પ્રજાની લાગણીઓ સાથે રમત રમવી એ કેટલી ભયંકર બાબત છે તેની પ્રતીતિ આ આંદોલને કરાવી છે. કોઇ પણ પ્રજાને ઉશ્કેરવાનું કામ સહેલું છે, પરંતુ એક વખત ઉશ્કેર્યા પછી ધાર્યા મુજબ કામ લેવાનું કામ ઘણું જ કપરું છે. ઉશ્કેરણી કરનારા ભ્રમમાં રહે છે અને ભૂલથાપ ખાઇ જાય છે. સરવાળે સમગ્ર પ્રજાને જાનમાલ સહિત બહુ મોટું નુકસાન વેઠવું પડે છે.

ભારતમાં આદિવાસીઓ, પછાત વર્ગો, અનુસૂચિત કોમો અર્થાત્ સમગ્રપણે ગરીબ લોકોની સંખ્યા ઘણી જ મોટી છે. પ્રજાનો એક વર્ગ અમનચમન કરે અને બીજો વર્ગ પેટનો ખાડો પણ ન પૂરી શકે એવી પરિસ્થિતિ લોકશાહીમાં ઝાઝો સમય ચલાવી શકાય નહિ, પછાત વર્ગના ઉદ્ધાર માટે અનેક ઉપાયો વિચારવા પડે, વિચારાયા પણ છે. કેટલાકનો અમલ પણ થાય છે. તો પણ આઝાદી મળ્યાને ૩૭ વર્ષ થયા છતાં દલિત શોષિત વર્ગનો બહુ ઉદ્ધાર થયા હોય એવું દેખાતું નથી. બે વર્ગ વચ્ચે અસમાનતાની ખાઇ હજુ પણ ઘણી ઊંડી અને વ્યાપક છે. એ દૂર કરવાને માટે સામાજિક અને રાજકીય સ્તરે ઘણી યોજનાઓ અમલમાં આવી છે. તો પણ હજુ એ દિશામાં ભગીરથ કાર્ય કરવાની જરૂર છે.

આવી બધી યોજનાઓમાંથી એક યોજના તે અનામત બેઠકોની છે. પછાત વર્ગ માટે સરકારી નોકરીઓમાં, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, શાળા-કોલેજોમાં કેટલીક નોકરી અનામત રખાય છે. એવી જ રીતે વિદ્યાભ્યાસના ક્ષેત્રે મેડિકલ, એન્જિનિયરિંગ વગેરે કોલેજોમાં કે આઇ. આઇ. ટી. વગેરે ઇન્સ્ટિટ્યૂટોમાં કેટલીક બેઠકો વિદ્યાર્થીઓ માટે અનામત રખાય છે. એથી નબળા વર્ગને કેટલોક લાભ જરૂર થયો છે. પરંતુ એથી કેટલાયે તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થયો છે. વળી જો અનામત બેઠકોનું સર્વેક્ષણ કરવામાં આવે તો જણાશે કે આવી કેટલીય મોંઘી બેઠકો કક્ષાહીન વિદ્યાર્થીને પ્રવેશ આપવાને કારણે વેડફાઇ ગઇ છે. આ બાબતમા સત્તાવાર તપાસ થાય અને દુર્વ્યય અટકાવવાનાં પગલાં લેવાય તે આવશ્યક છે.

નોકરીમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત બેઠકો રખાય એથી પ્રજામાં વર્ગભેદની રેખા વધુ ઘેરી બને છે, તે વર્ગદ્વેષમાં પરિણમે છે. આઝાદીની લડત દરમિયાન અંગ્રેજોએ જ્યારે પાર્લામેન્ટ અને એસેમ્બલીમાં પછાત વર્ગ માટે જુદી અનામત બેઠકો રાખવાનું વિચાર્યું ત્યારે ગાંધીજીએ એનો વિરોધ કરી ઉપવાસ પર ઊતરવાની ધમકી આપી, કારણ કે અનામત બેઠકો દ્વારા સંપથી રહેતી પ્રજામાં વર્ગદ્વેષ અને વર્ગવિગ્રહનાં બીજ રોપાય છે. પછાત વર્ગના ઉદ્ધાર માટે જો બુદ્ધિપૂર્વક વિચારવાની દાનત હોય તો તરત અમલમાં આવે એવી બીજી ઘણી યોજનાઓ થઇ શકે છે, જે દ્વારા પ્રજામાં પ્રેમ અને સદ્ભાવ સહિત વિકાસનાં ઘણાં કાર્યો કરી શકાય.

પ્રજાના નબળા વર્ગને કેટલીક દૃષ્ટિએ અન્યાય જરૂર થતો આવ્યો છે. પરંતુ તેનો ઉપાય એવો ન હોવો જોઇએ કે જેથી બીજા વર્ગને અન્યાય થાય. અન્યાયની ક્રિયા-પ્રતિક્રિયા જો વધુ ચાલે તો પ્રજાના વિભિન્ન વર્ગો વચ્ચે વેર અને વૈમનસ્ય વધે; હુલ્લડો થાય; અશાંતિ પ્રવર્તે. એક વખત બાજી હાથમાંથી ચાલી ગયા પછી પરિણામ ભયંકર આવે, જખમો જલદી રૂઝાય નહિ અને વેરની પરંપરા લાંબા ગાળા સુધી ચાલ્યા કરે.

ગુજરાતમાં અનામત વિરોધી આંદોલન અગાઉ પણ થયું હતું એ માત્ર મૂર્ખતાભર્યું હતું એમ કહેવાય? એમાંથી જ સરકારે શીખ લેવી જોઇતી હતી. તેને બદલે સત્તાનો દુરુપયોગ કરીને અનામત બેઠકોની ટકાવારી વધારીને ૪૯ ટકા સુધી લઇ જવાનું નક્કી કર્યું તથા રોસ્ટર અને કેરીફોરવર્ડની પદ્ધતિ પણ અખત્યાર કરવાનું વિચાર્યું એ. ગુજરાત સરકારનું સત્તાના મદમાં લેવાયેલું ઐરાવતપણાભર્યું આંધળું સાહસ હતું. આવું પગલું મનસ્વીપણે લેવાને બદલે પ્રજાના જુદા જુદા વર્ગના આગેવાનોની સાથે ચર્ચા-વિચારણા કરીને તેમના બહુમતી અભિપ્રાય અનુસાર લેવાયું હોત તો આટલો પ્રબળ વિરોધ ન થાત. પરંતુ જે પગલું સરકારે લીધું તે પછાત વર્ગના કલ્યાણની ભાવનાથી પ્રેરાઇને જેટલું લેવાયું તથા વિશેષ રાજદ્વારી લાભાલાભની ગણતરીને વિચાર કરીને લેવાયું હતું. આવા દંભી પગલાનો કુદરતી પ્રતિકાર થાય એ દેખીતું છે. યુવાન વિદ્યાર્થીઓનું જુસ્સાવાળું અસહિષ્ણુ માનસ ક્યારે વિફરે એ ભાખી શકાય નહિ.

ગુજરાતમાં વિદ્યાર્થીઓએ જે આંદોલન જગાવ્યું એને કેટલાક રાજદ્વારી પક્ષોનો સબળ ટેકો મળ્યા વગર રહે નહિ. આંદોલન હિંસાત્મક સ્વરૂપ પકડે એવું ઇચ્છનારા અને એમાં રાચનારા સ્વાર્થી રાજદ્વારી પુરુષો કે પક્ષો પણ હશે!

સરકારની નામોશી થાય એ કેટલાક વિરોધ પક્ષોને ગમતી વાત છે. શું સત્તાધારી પક્ષ કે શું વિરોધ પક્ષો, સૌને પ્રજાકલ્યાણ કરતાં સત્તા વધુ વહાલી છે, બલકે પ્રજાના ભોગે પણ તેઓને પોતાને સત્તા ધરાવવાની લાલસા છે. આ અત્યંત દુઃખદ, શોચનીય દૃશ્ય છે. ગાંધીજીના ગુજરાતમાં તો એ શરમજનક ગણાય.

આંદોલન થાય એટલે એને દબાવવા માટે પોલીસ દળનો ઉપયોગ કરવો પડે. પ્રજાના જે રક્ષકો તે જ પ્રજાના પ્રહારકો બને. પરસ્પર એથી વૈરવૃત્તિ વધે પોલિસ દળના બળના ઉપયોગની મર્યાદા જેટલી આકરી એ હંમેશાં મુશ્કેલ અને મતભેદની બાબત ગણાય. રમખાણોને શાંત કરવા માટે સહેજ વધુ બળ વપરાય તો તે દમન કે અત્યાચારમાં ગણાય. ગુજરાતના ન્યાયમૂર્તિઓએ પણ એની ટીકા કરી છે. પોલીસોને પોતાના ઉપર થતાં અંગત હુમલાઓના કારણે પ્રતિકારરૂપે વેરભાવપૂર્વક વધુ બળ વાપરવાનું મન કુદરતી રીતે થાય. એની સામે પ્રચંડ વિરોધ જાગે. પ્રજા અને પાલનહાર વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય. અનેકના જાન જાય. કરોડોની મિલકતને નુકસાન થાય. કેટલાકને અંગત વેર લેવાની તક મળે. કોમવાદી કે અસામાજિક તત્ત્વો ચોરી, લૂંટફાટ, ખૂન, આગ લગાડવી વગેરે અપકૃત્યો કરી રાચે. કેટલાય ધરબાર કે નોકરી વગરના થાય. ચારેબાજુ અશાંતિ પ્રવર્તે. વિરોધ પક્ષો એમ માને કે જ્યાં સુધી ભડકો ન થાય ત્યાં સુધી સરકારની આંખ ખૂલે નહિ; સરકારનું પતન કરાવવું પોતાને ફાવે નહિ. સરકાર પણ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી જલદી નમતું આપે નહિ. સત્તાનો દુરુપયોગ કરી સરકાર પ્રજાને રંજાડે અને ભડકો મોટો થઈ જાય તો ગભરાય. પછી ડાહી ડાહી વાતો કરે, વાટાઘાટોનાં દ્વાર ખુલ્લાં મૂકે, નિષ્ણાંતો મોકૂફ રાખે, પૂર્વવત્ પરિસ્થિતિ સ્થપાતાં કેટલોક સમય ચાલ્યો જાય અને પ્રજા વિકાસ અને પ્રગતિની દૃષ્ટિએ પાંચ-દસ વર્ષ પાછળ પડી જાય. વગર વિચારેલું એક ખોટું પગલું કેવાં ભયંકર પરિણામો સર્જે!

આમાં નિર્દોષ માણસોના મરણની વાત અત્યંત ગંભીર લેખાય. પરંતુ એ વાત બાજુ પર રાખીએ તો પણ જેટલું આર્થિક નુકસાન થાય છે તેના આંકડા પણ નાના નથી. લાખો વિદ્યાર્થીઓનો વિદ્યાભ્યાસ બગડે, લોકસેવકોને માર પડે, સમાચાર પત્રોની કચેરી પર હુમલા થાય ઇત્યાદિ ઘટનાઓ માત્ર ગુજરાત માટે જ નહિ, સમગ્ર દેશ માટે કલંકરૂપ ગણાય.

ગુજરાતમાં બે પાંચ વર્ષે એકાદ આંદોલન ઉભું થાય છે. ગુજરાતી પ્રજા શાહી અને વ્યવહારું ગણાય છે. પ્રસંગે તે પોતાનું ખમીર પણ બતાવી શકે છે. પરંતુ આવા આંદોલનમાં તો શાણપણને બદલે નર્યું ગાંડપણ દેખાય છે. સત્તાધારીઓની કુમતિના કારણે એ ગાંડપણ વકર્યું છે. પોતાના દુરાગ્રહને લીધે પ્રજાનો કેટલો બધો ભોગ લેવાય છે! પ્રજાનો વિશ્વાસ ગુમાવી દેતા તરત રાજીનામું આપવાની નૈતિક હિંમત આજના સત્તાધીશોમાં ક્યાં છે?

ગુજરાતના સત્તાધીશોમાં સાચું ડહાપણ ક્યારે આવશે? જે પ્રજાપાલકો પ્રજા સાથે વેરભાવથી વર્તે તેઓ પ્રજાનું કેટલું ભલું કરી શકે? બલકે, ભલું કરવાની સાચી ભાવના એમના હૃદયમાં કેટલી હશે તેવો પ્રશ્ન થાય.

ન્યાય પ્રવર્તવવાને માટે સરકારને અન્યાયી વર્તન કરવું પડે એ વર્તમાન સમયની કેટલી મોટી દુઃખદ વિસંગતિ ગણાય!

આસામ હોય કે પંજાબ, ઉત્તર પ્રદેશ હોય કે ગુજરાત–ભારતમાં વારંવાર જુદા જુદા નિમિત્તે રમખાણો ફાટી નીકળે છે. કેટલું મોટું બલિદાન લેવાય છે! ભારતના આ દુર્ભાગ્ય માટે કયા પાપ.ચરણને જવાબદાર ગણીશું?

ગુજરાત રાજ્યની સ્થાપનાની રજતજયંતીની ઉજવણી કેવી અમંગળ બનાવી દેવાઇ! સૌને સદ્‌બુદ્ધિ મળે એવું પ્રાર્થવું રહ્યું!

રમણલાલ ચી. શાહ

સ્વ. ઈન્દ્રજિત મોગલ

❖ રમણલાલ ચી. શાહ

તા. ૧૭ મી એપ્રિલે રાત્રે મારા શિક્ષકવર્ય શ્રી ઇન્દ્રજિત મોગલનું મુંબઇમાં અવસાન થયું.

તા. ૧૮ મી એ સવારે હું બહારગામ ગયો હતો. ત્યાં મોગલ સાહેબના ગુજરી ગયાના સમાચાર જાણી આઘાત અનુભવ્યો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ એપ્રિલે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના હોલમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. જૈન યુવક સંઘના ઘણા કાર્યક્રમોમાં મોગલસાહેબ ઉપસ્થિત રહેતા. કાર્યક્રમને અંતે મારે તેમને અચૂક મળવાનું થતું. અમે પરસ્પર હંમેશાં મળવા માટે રાહ જોતાં તેઓ તા. ૧૫ મીએ અને તા. ૧૬ મીએ એમ બંને દિવસ વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. કાર્યક્રમ શરૂ થતાં તેઓ આવી પહોંચતા. પાછળની એકાદ ખુરશીમાં ચૂપચાપ બેસી જતાં. મંચ પરથી મોગલસાહેબ પર મારી દૃષ્ટિ પડતી. તેઓ કંઇક થાકેલા અને નિરુત્સાહી જણાતા. કદાચ ઉંમરની અસર હશે એમ લાગ્યું. એમની સાથે રૂબરૂ વાત કરવી હતી, પરંતુ વ્યાખ્યાન પુરું થતાં તરત જ તેઓ ચાલ્યા જતા. એટલે એમની સાથે બંને દિવસ રૂબરૂ વાતચીત કરવાની તક મળી નહિ. વળી મારે એમને એક લખાણ પણ આપવાનું હતું, પરંતુ બંને દિવસ તેઓ વહેલા ચાલ્યા ગયા. એટલે આપી શકાયું નહિ. ત્રીજે દિવસે તા. ૧૭મી એ તેઓ હોલમાં પ્રવેશ કરે કે તરત તેમના હાથમાં લખાણ આપી દેવાની સૂચના કાર્યાલયના એક ભાઇને મેં આપી હતી, પરંતુ તે દિવસે તો મોગલસાહેબ વ્યાખ્યાનમાં આવ્યા જ નહિ. તે રાત્રે તેમનું અવસાન થયું. જાણે મોગલસાહેબને મળવાની તક કંઇક દૈવી સંકેતપૂર્વક ઝુંટવાઇ ગઇ ન હોય!

મોગલસાહેબના સંપર્કમાં હું છેલ્લાં ૪૫ વર્ષથી હતો. ઇ.સ. ૧૯૪૦ માં મુંબઇમાં ભાણુ પન્નાલાલ હાઇસ્કૂલમાં અંગ્રેજી ચોથા (હાલના આઠમાં) ધોરણમાં હું દાખલ થયો ત્યારે મારા વર્ગશિક્ષક મોગલસાહેબ હતા.

ભાણુ પન્નાલાલ હાઇસ્કૂલમાં મારો પ્રથમ દિવસ મોગલ–સાહેબના શિક્ષણથી થયો. તેઓ અમને અંગ્રેજી શીખવતા. રોજ સવારે પહેલો પિરિયડ મોગલ સાહેબનો હોય. ત્યારે એમની ઉંમર ત્રીશેક વર્ષની હશે! તેજસ્વી મુખમુદ્રા, સફેદ

(અનુસંધાન પૃષ્ઠ ૧૧ ઉપર)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓનું પ્રેરકબળ છે– વિચાર જાગૃતિ અને વિચાર પરિવર્તન. માનવીને વિચારવંત કરવો અને તેનામાં સારાસાર વિવેક જાગૃત કરવો એ તેનું લક્ષ રહ્યું છે. આ ધ્યેયને અનુલક્ષી હાથ ધરાતી પ્રવૃત્તિઓના કારણે, સાડા પાંચ દાયકાને અંતે, આ સંસ્થા વિચારલક્ષી પ્રવૃત્તિનું સમાજ માટે મુખ્ય પરિબળ બની રહી છે.

આ સંસ્થાનું એ સદ્‌નસીબ છે કે એને સમયે સમયે યોગ્ય નેતૃત્વ મળતું રહ્યું છે. પ્રારંભમાં સ્વનામધન્ય પરમાનંદ કાપડિયાનું નેતૃત્વ મળ્યું તો ત્યાર બાદ તત્ત્વચિંતક ચીમનલાલ ચકુભાઇ શાહે સંઘની પ્રવૃત્તિઓને નવું પરિમાણ આપ્યું. વર્તમાન પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના નેતૃત્વ હેઠળ સંસ્થાના કાર્યકલકનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

આજની સલૂણી સંધ્યાએ સંઘ એના ૫૬ મા વર્ષની યાત્રા પૂરી કરે છે, ત્યારે વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'માં અગાઉ પ્રગટ થયેલ છે. એટલે અહીં એ પ્રવૃત્તિઓ પર ઊડતી નજરે અવલોકન કરીશું.

વહીવટી અને આર્થિક દૃષ્ટિએ આ અહેવાલ તા. ૧-૧-'૮૪ થી તા. ૩૧-૧૨-'૮૪ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૫-૪-૧૯૮૪ના રોજ મળી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૩૦-૪-૧૯૮૫ સુધીનો છે.

સંઘના સભ્યો

સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે: પેટ્રન સભ્યો : ૧૨૧, આજીવન સભ્યો : ૧૬૩૫, સામાન્ય સભ્યો : ૨૦૬ અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો : ૪૫૦.

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જીવન એ એક વૈચારિક સામયિક છે. પ્રથમ હરોળનાં સામયિકોમાં આજે એનું સ્થાન છે. વાચકોમાં ઊંચી રુચિ કેળવવાનો યશ તેના પુરોગામી તંત્રીઓને ઘટે છે. 'પ્રબુદ્ધ જીવન'ના વર્તમાન તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહે એ પરંપરા જાળવી રાખી છે અને એમના નેતૃત્વ હેઠળ આ પાક્ષિક નિયમિત પ્રગટ થઇ રહ્યું છે.

'પ્રબુદ્ધ જીવન'ના હિસાબો પ્રગટ કર્યા છે, તે અનુસાર વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચનો વધારો રૂ. ૬૫,૫૪૦-૨૦ થયો છે. વહીવટી ખર્ચમાં વધારો અને વધતા જતા કાગળના અને છાપકામના ભાવો તેમાં કારણભૂત છે. આ બાબતને લક્ષમાં રાખી, પ્રબુદ્ધ જીવનનું લવાજમ રૂા. ૨૦/- હતું તે તા. ૧-૧-૧૯૮૫ થી વધારીને રૂ. ૩૦/- કરવામાં આવ્યું છે.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોને અન્ય દૈનિકો અને સામયિકો ઉદ્‌ધૃત કરે છે એ આપણા માટે ગૌરવની બાબત છે.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂ. ૧૭,૫૪૦-૩૫નાં પુસ્તકો ખરીદવામાં આવ્યાં. વર્ષ આખરે આશરે ૧૩૦૦૦ પુસ્તકો છે. પુસ્તકો વાંચવા માટે ઘેર લઇ જનાર પાસેથી રૂ. ૬૦/- ડીપોઝિટ, વાર્ષિક લવાજમના રૂ. ૨૦/- અને દાખલ ફીના રૂ. ૫/- લેવામાં આવે છે.

વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો રૂ. ૪૫,૨૨૩-૨૨ થયો. તેમાંથી બૃહદ મુંબઇ મહાનગરપાલિકા તરફથી મળેલ ગ્રાન્ટના રૂ. ૧૫,૦૦૦ બાદ જતાં એકંદર ખાધ રૂ. ૩૦,૨૨૩-૨૨ ની રહી છે.

વાચનાલયમાં ૧૫ દૈનિકો, ૩૦ સાપ્તાહિકો, ૧૪ પાક્ષિકો, ૪૧ માસિકો અને ૯ વાર્ષિક સહિત ૧૦૯ સામયિકો આવે છે. ભાષાકીય દૃષ્ટિએ ૬૧ ગુજરાતી, ૬ હિન્દી, ૭ અંગ્રેજી, અને ૨ મરાઠી સામયિકો આવે છે.

વાચનાલય અને પુસ્તકાલય સમિતિના સભ્યો અને મંત્રીશ્રી હરિભાઇ ગુલાબચંદ શાહનો અમે આભાર માનીએ છીએ. બૃહદ મુંબઇ મહાનગરપાલિકા તરફથી પુસ્તકાલયને અનુદાન મળે એ માટે શ્રી હરિભાઇ વિશેષ જહેમત લ્યે છે એનો અમને આનંદ છે.

'પ્રેમળ જ્યોતિ'

સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી શ્રી મહાસુખભાઈ પ્રેરિત આ પ્રવૃત્તિ ખાતામાં વર્ષના શરૂઆતમાં એટલે કે તા. ૧-૧-૧૯૮૪ના રોજ રૂ. ૫૧,૧૧૪-૦૫ જમા હતા. વર્ષ દરમિયાન રૂ ૨,૩૭,૧૭૬-૦૦ આ પ્રવૃત્તિ માટે ભેટ મળ્યા અને રૂ. ૧૬,૯૮૫-૨૬ ની સહાય કરવામાં આવી. એટલે વર્ષ આખરે આ ખાતામાં રૂ. ૨,૨૧,૩૦૪-૮૨ જમા રહે છે.

વર્ષ દરમિયાન 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે નીચે મુજબ કાર્યક્રમો યોજાયા હતા.

* તા. ૧૪-૪-'૮૪ : લોખંડવાલા કોમ્પ્લેક્સ, જે. પી. રોડ, ચાર બંગલા, અંધેરી (પશ્ચિમ)માં પ્રજ્ઞાચક્ષુઓને ટેલિફોન બૂથ અર્પણ કરવામાં આવ્યો.

* તા. ૮-૭-૮૪ : વિરલા માતુશ્રી સભાગૃહ, ચોપાટી પર એક સમારંભ યોજી, ૧૯ પ્રજ્ઞાચક્ષુઓને મશીનો-ટેલીફોન બૂથ અર્પણ કરવામાં આવ્યાં.

* તા. ૨૬-૯-૮૪ : દાદર રેલવે સ્ટેશન (પશ્ચિમ રેલ્વે)ના પ્લેટફૉર્મ નં. ૧ પર અને બાર રેલવે સ્ટેશન પર પ્રજ્ઞાચક્ષુઓને ટેલીફોન બૂથ અર્પણ કરવાનો એક સમારંભ યોજાયો હતો.

* તા. ૧૬-૬-૮૪ : ઉમરખાડી, મુંબઇમાં આવેલ ચિલ્ડ્રન્સ હોમની સંચાલક મંત્રીઓ અને 'પ્રેમળ જ્યોતિ'ની બહેનોએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે શ્રી નાનજીભાઇ (બચુભાઇ) ના સહયોગથી હોમનાં બાળકોને કેરી આપવામાં આવી હતી.

* તા. ૧૯-૬-૮૪ : સંઘના મંત્રીઓ અને 'પ્રેમળ જ્યોતિ'ના બહેનોએ દાદર સ્કૂલ ફૉર ધ બ્લાઇન્ડની મુલાકાત લીધી હતી. જુદા જુદા દાતાઓ તરફથી આ શાળાની પ્રજ્ઞાચક્ષુ બહેનોને દત્તક લેવા મળેલી રકમમાંથી રૂ. ૧૮,૦૦૦/- નો ચેક આપવામાં આવ્યો હતો અને રૂ. ૧૨,૦૦૦/- શ્રી માનવ સેવા સંઘ, સુરેન્દ્રનગરના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિ-વિદ્યાર્થીનીઓના કેળવણી વિષયક ખર્ચ માટે મોકલવામાં આવ્યા હતા.

* આ ઉપરાંત શ્રી. શ્રદ્ધાનંદ મહિલાશ્રમ-વૃદ્ધાશ્રમ, વસઇ, આશ્રયસદન વસઇ, સાયન વડાલા ચેમ્બુર મહિલા સમિતિ, કુમારિકા સ્ત્રી મંડળ, શેઠ વીડોઝ હોમ, ભાયખલા, એકવર્થ લેપ્રસી હોમ, વડાલા, શ્રીમતી નમંદાબેન ચેરિટેબલ ફાઉન્ડેશન સંચાલિત વૃદ્ધાશ્રમ, આ સંસ્થાઓને ન્યૂ બોમ્બે વગેરે સંસ્થાઓની જુદાજુદા સમયે પ્રેમળ જ્યોતિની બહેનોએ મુલાકાત લઇ કુલ રૂ. ૯,૫૦૧ ની સહાય કરી હતી.

* તદુપરાંત ફ્લેવોસ્પ્રિપ ઓફ ધ ફીઝિકલી હેન્ડિકેપ્ડને રૂા. ૧૫,૦૦૦/-, યુસુફ મહેરઅલી સેન્ટરને રૂા. ૧૧,૦૦૦/-, ઓગ્સ જર્યોજ મેમોરિયલને રૂા. ૫,૦૦૦/- અને એસ. પી. સાધના સ્કૂલને રૂા. ૫૦૦૦/- ની વર્ષ દરમયાન સહાય કરવામાં આવી છે.

* 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા શારીરિક રોગોની સારવાર કરવાની તાલીમ આપવાના વર્ગો છેલ્લા બે વર્ષથી નિયમિત ચાલે છે. તેમાં સારી એવી સંખ્યામાં બાઇઓ અને બહેનો ભાગ લઇ રહ્યાં છે. આ તાલીમ વર્ગના સંચાલક શ્રી ચીમનલાલ દવે અને શ્રી જમોહનભાઇ માનાણી સેવા આપે છે. તેમના અમે ઋણી છીએ.

'પ્રેમળ જ્યોતિ' ના સંયોજકો શ્રીમતી નિરુબેન શાહ અને શ્રીમતી કમલાબેન પિસપાટીની જાત દેખરેખ હેઠળ પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિઓ સુપેરે ચાલી રહી છે. એ માટે તેમના અને અન્ય કાર્યકર બહેનોના અમે આભારી છીએ.

વિલેપાર્લામાં 'પ્રેમળ જ્યોતિ'ની શાખા

'પ્રેમળ જ્યોતિ'ની વિલેપાર્લામાં શાખા શરૂ કરવાનો સંઘની કારોબારી સમિતિએ નિર્ણય કર્યો અને મંગળવાર તા. ૨-૧૦-૮૪ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે ભગિની સેવા મંડળ, વિલેપાર્લાના સભાગૃહમાં શ્રીમતી સુનીતાબેન શેઠના વરદ હસ્તે આ શાખાનું ઉદ્ઘાટન રાખવામાં આવ્યું હતું. 'પ્રેમળ જ્યોતિ'ની વિલેપાર્લા શાખાની બહેનો દર ગુરુવારે નાણાવટી હોસ્પિટલના દર્દીઓને આર્થિક સહાય આપે છે. નાણાવટી હોસ્પિટલની મેનેજમેન્ટ તરફથી જગ્યા વગેરે માટે સહકાર અને માર્ગદર્શન મળે છે એ માટે હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને ડો. એસ. સી. શેઠના અમો આભારી છીએ. આ શાખાના સંયોજકો તરીકે શ્રીમતી રિમતાબેન કામદાર અને શ્રીમતી સુલીબેન હીરાણી સેવા આપે છે તેની સાભાર નોંધ લઇએ છીએ.

અસ્થિ સારવાર કેન્દ્ર, મુંબઇ

સંઘના કાર્યાલયમાં તા. ૩૧-૭-૧૯૮૩ થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાંનાં દરદોના નિષ્ણાત ડો. જે. પી. પીઠાવાલા દર રવિવારે સવારના ૯-૦૦ થી ૧-૦૦ દરમિયાન સ્લીપ ડીસ્ક, મણકાની તકલીફ, ઘૂંટણનો સોજો, પગની એડી અને કોણીનો દુખાવો, બ્રભાનું જમ થઈ જવું કે વારંવાર ઉતરી જવું, બોન ટી. બી., શરૂઆતનો પોલિયો, સ્પોન્ડીલેસિસ આદિ રોગોની સેવાભાવે સારવાર કરે છે. દવાનો ખર્ચ દરદીઓએ આપવાનો રહે છે. તેમાં પણ યોગ્ય દરદીને રાહત આપવામાં આવે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે કારોબારી સમિતિના સભ્ય શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ દર રવિવારે અચૂક હાજર રહી સેવા આપી રહ્યા છે. એમના અમે ઋણી છીએ.

વિલેપાર્લામાં અસ્થિ સારવાર કેન્દ્ર

વિલેપાર્લામાં અસ્થિ સારવાર કેન્દ્રનું ઉદ્ઘાટન શનિવાર, તા. ૨૬-૧-૧૯૮૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને રાખવામાં આવ્યું હતું. સંઘના પેટ્રન શ્રી કાંતિલાલ લ. શેઠે આ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. ડો. જે. પી. પીઠાવાલા આ કેન્દ્રમાં દર મહિનાના છેલ્લા શનિવારે બપોરના ૩-૩૦ થી ૭-૦ દરમિયાન હાડકાંનાં દરદોની સેવાભાવે સારવાર આપે છે. આ કેન્દ્રના સંયોજકો તરીકે શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ અને શ્રીમતી પદ્મા લેખાબેન દોશી સેવા આપે છે. તેમનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળાનું સોમવારથી ગુરુવાર અનુક્રમે તા. ૯ થી ૧૨ એપ્રિલ, ૧૯૮૪-એમ ચાર દિવસ માટે 'મિશ્ર સરકાર : લોકશાહીમાં એક વિકલ્પ' એ વિષય પર શ્રી અમર જરીવાલાના પ્રમુખસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. જનતા પક્ષના અધ્યક્ષ શ્રી ચંદ્રશેખર, માર્કસવાદી સામ્યવાદી પક્ષના અધ્યક્ષ શ્રી ઇ. એમ. એસ. નામ્બુદ્રીપાદ, જાણીતા પત્રકાર શ્રી એમ. વી. કામથ અને ભારતીય જનતા પક્ષના સંસદસભ્ય શ્રી સતીશચંદ્ર અગરવાલ વ્યાખ્યાતા તરીકે પધાર્યા હતા. જનતા પક્ષના અધ્યક્ષ શ્રી ચંદ્રશેખરે આ વ્યાખ્યાનમાળાનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સુવર્ણ જયંતીનું વર્ષ હતું. તા. ૨૪-૮-૧૯૮૪ થી તા. ૩૦-૮-૮૪ સુધી એમ આઠ દિવસ માટે ચોપાટી પરના બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવેલી આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડો. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે પણ સભાગૃહની બહાર ફ્લોઝ સર્કીટ ટી. વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ વર્ષની વ્યાખ્યાનમાળાનો ખર્ચ રૂા. ૪૩,૫૬૨-૮૦ થયો છે.

વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને તેમના વિષયોની વિગતો આ પ્રમાણે છે :

વ્યાખ્યાતા	વિષય
શ્રી ઋષિકાન્ત મહેતા	આપણી આવશ્યક ક્રિયાઓ : શ્રેષ્ઠ અધ્યાત્મયોગ
પૂ. મહાસતી મુક્તિપ્રભાશ્રીજી	જ્ઞાનનો સાર ભક્તિ
ડો. રમણલાલ ચી. શાહ	કાઉસગ્ગ
પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ	ભવનો ભય
પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી	ક્ષમા-ધર્મનો સાર
ડો. સુરેશ દલાલ	વેલ્ટ વિઝડમ
ડો. ગુણવંત શાહ	સૌથી ઊંચી પ્રેમ સગાઇ
પ્રા. પુરુષોત્તમ માવળંકર	લોકમાન્ય ટિળક : રાજકીય ક્ષેત્રે તેમજ ધર્મ ક્ષેત્રે
પ્રા. અશ્વિન કાપડિયા	અતિમનસ : દિવ્યતાનું પરિમાણ
ડો. કુમારપાળ દેસાઇ	સત્યશોધક ભગવાન મહાવીર
શ્રી હરીન્દ્ર દવે	યોગ : કર્મસુ કૌશલમ્
પૂ. મોરારીબાપુ	વિદેશમાં ધર્મકથાનો અનુભવ
ડો. નરેન્દ્ર ભાણાવત	તપ રે મધુર મધુર મન
શ્રીમતી મૃણાલિની દેસાઇ	આર્યા વેદવતી
શ્રી મોરારજી દેસાઇ	શ્રીમદ્ ભગવદ્ગીતા
પ્રા. તારાબેન ર. શાહ	ઋગ્વેદસ્તવ (નમુત્યુણં)

ઈ. સ. ૧૯૮૨ માં પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચની ચિંતા ન રહે તે માટે મે સેવંતીલાલ ક્રાંતિલાલ ટ્રસ્ટ તરફથી રૂ. ૧,૫૦,૦૦૦/– નો આર્થિક સહયોગ મળ્યો. ત્યાર બાદ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ક્લોઝ ટી. વી. સર્કિટની વ્યવસ્થા કરવામાં આવે છે. પરિણામે પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ખર્ચ વધ્યો. આ રીતે વધેલા ખર્ચની જવાબદારી સંઘને ભોગવવી ન પડે એ રીતનું આર્થિક આયોજન મે. સેવંતીલાલ ક્રાંતિલાલ ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી જયંતીલાલ પી. શાહ અને ભાઇઓએ સ્વયંસ્ફુરણાથી કર્યું અને બીજા રૂ ૧,૦૦,૦૦૦/– નું દાન સંઘને આ વર્ષે નવેમ્બર માસમાં આપ્યું એ પહેલાં આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થયેલા વધારાના ખર્ચ માટે રૂ ૧૭,૦૦૦/–નો ચેક પણ તેઓએ સ્વયંસ્ફુરણાથી મોકલી આપ્યો. આવી ઉદાર ભાવના માટે અમે તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ

વિદ્યાસત્ર

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનું તા. ૭, ૮ અને ૯, જાન્યુઆરી, ૧૯૮૫ના રોજ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને આયોજન થયું હતું. વ્યાખ્યાતા પ્રા. ચી. ના. પટેલે 'વાલ્મીકિ, શેકસ્પીઅર અને ગાંધીજીનો પ્રેમ ધર્મ' એ વિષય પર ત્રણ વ્યાખ્યાનો આપ્યાં હતાં વિદ્યાસત્રના સંયોજક શ્રી તારાબેન ર. શાહનો અમે આભાર માનીએ છીએ.

પરિસંવાદ

સંઘના ઉપક્રમે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિના આર્થિક સહયોગથી શુક્રવાર, શનિવાર અને રવિવાર, અનુક્રમે તા. ૨૮, ૨૯ અને ૩૦, સપ્ટેમ્બર, ૧૯૮૪ના રોજ વાલચંદ હીરાચંદ સભાગૃહમાં 'કાલિદાસ. શેકસ્પીઅર અને ટાગોરની નારીસૃષ્ટિ' એ વિષય પર એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. વી. વેન્કટાચલમે કર્યું હતું, જ્યારે પ્રમુખસ્થાને ડો. રમણલાલ ચી. શાહ હતા. ઉદ્‌ઘાટક અને પ્રમુખશ્રી ઉપરાંત શ્રી ચંદ્રવદન ચી. મહેતા, શ્રીમતી દુર્ગા ભાગવત અને ડો. એન. એમ. પંડ્યાએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં

શનિવાર, તા. ૨૯-૬-૮૪ના રોજ પ્રથમ બેઠક પ્રા. ચી. ના પટેલના પ્રમુખપદે મળી હતી. વિષય હતો : 'કાલીદાસ. શેકસપીઅર અને ટાગોરનાં નારીપાત્રોમાં પ્રગટ થતો પ્રણય, વિરહ અને શૃંગાર'. વ્યાખ્યાતાઓ હતાં 'વિલોક' ના તંત્રી ડો. ધીરુ પરીખ, પ્રા. ઇલાબેન પાઠક અને 'પરબ'ના તંત્રી પ્રા. ભોળાભાઇ પટેલ.

શનિવારની બીજી બેઠકનો વિષય હતો : 'ત્રણે ય સર્જકોનાં નારી પાત્રો દ્વારા પ્રતિબિંબિત થતું તત્કાલીન સમાજ જીવન અને રાજ્ય-વ્યવસ્થા.' અધ્યક્ષસ્થાને હતા ડો. મધુસૂદન પારેખ, જ્યારે વ્યાખ્યાતાઓ તરીકે પ્રા. જયાનન્દ દવે, પ્રા. અનિલા દલાલ અને આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી પધાર્યા હતા.

રવિવારે તૃતીય બેઠકનો વિષય હતો : 'ત્રણેય સર્જકોનાં નારીપાત્રોનાં મનોવ્યાપાર અને સંવેદના દ્વારા પ્રગટ થતી સનાતન ખોજ, પ્રશ્નો અને સત્યો, આ બેઠકનું પ્રમુખસ્થાન ડો. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું, જ્યારે વ્યાખ્યાતાઓ હતા ડો. ગૌતમ પટેલ, ડો. રાજેન્દ્ર નાણાવટી, ડો. સુરેશ ઉપાધ્યાય અને 'શબ્દસૃષ્ટિ' ના સંપાદક ડો. સુમન શાહ.

ચારેય બેઠકોના પ્રારંભ અને અંતમાં યોજાયેલ સંસ્કૃત શ્લોકો, શેકસપીઅરના સોનેટસ અને રવીન્દ્ર કવિતાના પઠનમાં સર્વશ્રી પ્રતાપ ઓઝા· મીનળ પટેલ, પ્રા. બકુલ રાવળ, નલિની અને બળવંત મઝગાંવકર અને શ્રીમતી વાસંતી દાણીએ ભાગ લીધો હતો.

આ પરિસંવાદના સંયોજકો શ્રી અમર જરીવાલા, ડો. ધનવંત શાહ અને શ્રી પન્નાલાલ ર. શાહનો આવો ઊંચી કોટિ અને રુચિનો પરિસંવાદ યોજવા બદલ અમે અત્રે આભાર માનીએ છીએ.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી

સંઘના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા, મુંબઇ પ્રેરિત આ વ્યાખ્યાનશ્રેણીનો આ વર્ષથી પ્રારંભ થયો છે. શુક્રવાર, તા. ૨૧-૬-૮૪ના રોજ સવારના ૯-૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્રમાં પૂ. આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિ અને પૂ. આચાર્ય શ્રી વિજયજનક ચંદ્રસૂરિની નિશ્રામાં શ્રી શશિકાન્ત મહેતાએ 'જપ સાધના' એ વિષય પર અને પૂ મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી મહારાજે 'આ. શ્રી વિજયવલ્લભસૂરિનો જીવન સંદેશ' એ વિષય પર મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં.

સાંસ્કૃતિક કાર્યક્રમો અને વાર્તાલાપો

સંઘના ઉપક્રમે વર્ષ દરમિયાન નીચે મુજબ સાંસ્કૃતિક કાર્યક્રમો અને વાર્તાલાપો યોજાયા હતા.

* 'ગુજરાતના રાજકીય પ્રવાહો' એ વિષય પર શુક્રવાર, તા. ૨૦-૪-૮૪ના રોજ ગુજરાત રાજ્યના એક વખતના મુખ્યમંત્રી **શ્રી બાબુભાઈ જશભાઈ પટેલનો** પરમાનંદ કાપડિયા સભાગૃહમાં વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

* **ભારતમાં અંધત્વ :** એક પડકાર એ વિષય પર શનિવાર, તા. ૨૮-૪-૧૯૮૪ના રોજ રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધ બ્લાઇન્ડ (યુ. કે.) ના ડિરેકટર **શ્રી એલન ડબ્લ્યુ. જોન્સ** અને એ જ સંસ્થાના એશિયાના ડિરેકટર **પ્રજ્ઞાચક્ષુ ડો. રાજેન્દ્ર વ્યાસનો** એક વાર્તાલાપ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રાખવામાં આવ્યો હતો.

* **મહારાષ્ટ્રના સાંપ્રત પ્રવાહો** વિષે લોકસત્તા (મરાઠી) ના તંત્રી **શ્રી માધવ ગડકરીનું** પ્રવચન શુક્રવાર, તા. ૧૧-૫-૮૪ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું.

* **મિશ્ર સરકાર : એક વિકલ્પ** એ વિષે 'અભ્યાસ વર્તુળ'ના ઉપક્રમે 'ગ્રંથ' (માસિક)ના તંત્રી **શ્રી યશવંત દોશીએ** શુક્રવાર, તા. ૧૫-૬-૮૪ના રોજ સંઘના સભાગૃહમાં એક વાર્તાલાપ આપ્યો હતો.

* **રકતપિત્ત કોને થયો છે-ભિક્ષુકને કે સમાજને ?** એ વિષય પર રકતપિત્તના દરદીઓની સારવાર અને એને પગભર કરતી સંસ્થા-શ્રમ મંદિર ટ્રસ્ટના સંચાલક **શ્રી સુરેશ સોનીનો** એક વાર્તાલાપ શનિવાર, તા. ૩૦-૬-૮૪ના રોજ

યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રમ મંદિરને આર્થિક સહાય માટે દાતાઓ તરફથી રૂા. ૧૦,૨૫૩/- ની રકમ મળી હતી, જે શ્રમ મંદિરને મોકલી આપવામાં આવી છે.

* **પંજાબમાં લશ્કરી પગલાં : હવે શું?** એ વિષય પર જનતા શાસન કાળના રેલવે મંત્રી અને સંસદસભ્ય પ્રા. મધુ દંડવતેનું એક પ્રવચન સોમવાર, તા. ૧૬-૭-૧૯૮૪ ના રોજ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં રાખવામાં આવ્યું હતું.

* **ઇંગ્લેન્ડના યાત્રા-પ્રવાસ** વિષે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ અને પ્રા. તારાબેન ર. શાહનો એક રસપ્રદ વાર્તાલાપ મંગળવાર, તા. ૨૪-૭-૮૪ ના રોજ સંઘના સભાગૃહમાં રાખવામાં આવ્યો હતો. તેઓ લંડન ગયા ત્યારે તા. ૩-૫-૮૫ના રોજ સંઘના સભાગૃહમાં એક શુભેચ્છા સમારંભ પણ યોજવામાં આવ્યો હતો.

* **ચૂંટણી, ૧૯૮૪ : એક વિશ્લેષણ** એ વિષે શ્રી અમર જરીવાલાના પ્રમુખસ્થાને સંઘના સભાગૃહમાં શનિવાર, તા. ૧૨-૧-'૮૫ના રોજ એક ચર્ચાસભા યોજવામાં આવી હતી, જેમાં પ્રા. નગીનદાસ સંઘવી, ડૉ. આલુ દસ્તુર અને રામુ પંડિતે ૧૯૮૪ની લોકસભાની ચૂંટણીનાં પરિણામોનું સરસ વિશ્લેષણ કર્યું હતું.

* **લગ્નજીવનની સ્થિરતા ક્ષીણ થઇ રહી છે?** એ વિષય પર શનિવાર તા. ૬-૪-૧૯૮૫ના રોજ સાંજના ૪-૦ કલાકે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરમાં એક ચર્ચાસભા રાખવામાં આવી હતી. 'ફેમિના'ના તંત્રી શ્રીમતી વિમલા પાટીલ અને જાણીતા ધારાશાસ્ત્રી શ્રી અમીન નકવિએ આ વિષયને સુંદર ન્યાય આપ્યો હતો. શ્રીમતી બકુલ પટેલ અતિથિવિશેષ હતાં.

* **સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહની** તૃતીય પુણ્યતિથિ નિમિત્તે મંગળવાર, તા. ૨૦-૧૧-૧૯૮૪ના રોજ સાંજના ૬-૧૫ કલાકે સંઘના સભાગૃહમાં શ્રી મનમોહન સાયગલના ભજનોનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* **'મેઘદૂતમ્'નો** દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ શ્રી ધીરજ ચાવડાએ તા. ૨૯-૧-૧૯૮૫ના રોજ બિરલા ક્રીડા કેન્દ્રમાં રજૂ કર્યો હતો. મહાકવિ કાલિદાસના સંસ્કૃત શ્લોકો શાસ્ત્રીય પદ્ધતિથી શ્રી રઘુનાથ શેઠે રજુ કર્યા હતા, અને તેનું અંગ્રેજીમાં વિવેચન શ્રી હરીશ ભિમાણીએ કર્યું હતું. તદુપરાંત ભારતની કલા, હુન્નર, ઉદ્યોગ અને વિજ્ઞાન વિષયક પ્રગતિને ફિલ્મમાં મઢીને Indian Hands ના નામે પ્રદર્શિત કરવામાં આવી હતી.

* **પર્યુષણ** વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ બાદ તા. ૧-૯-૮૪ના રોજ સીમિત ધોરણે એક સ્નેહ-મિલન સંઘની કારોબારી સમિતિના સભ્ય શ્રી જયંતીલાલ કુરચંદ શાહના નિવાસસ્થાને યોજવું હતું.

* **સંઘના ચેરમેન, આજીવન અને સાધારણ સભ્યોનું** વાર્ષિક સ્નેહ સંમેલન શનિવાર, તા. ૫-૧-૮૫ના રોજ બપોરના ૩-૦૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્રમાં રાખવામાં આવ્યું હતું.

* **એનાડે ફાઉન્ડેશનના સહયોગથી** તા. ૧૫ અને ૧૬મી ડિસેમ્બર, ૧૯૮૪ના રોજ ધરમપુરના આદિવાસી વિસ્તારના સેવાકાર્યમાં રસ ધરાવતી વ્યક્તિઓની તે વિસ્તારની એક મુલાકાત લક્ઝરી બસ દ્વારા ગોઠવવામાં આવી હતી.

અમણી પત્રકારોની તસવીરો અર્પણ કરવાનો સમારંભ :

૪. સ. ૧૯૮૩માં સંઘે પત્રકારત્વ વિષે એક પરિસંવાદ યોજ્યો હતો. ત્યારે એ પ્રસંગને અનુરૂપ ભારતના ચાર અગ્રીમ પત્રકારો-સૈયદ અબ્દુલ્લા, ઘેલવી સ્વામીનાથ સદાનંદ, મેન્જામિન હોર્નિમેન અને અમૃતલાલ શેઠની તસવીરો તૈયાર કરાવી હતી. એ તસવીરો મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘને અર્પણ કરવાનો એક સમારોહ ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટીરૂમમાં શનિવાર, તા. ૨૮-૭-૮૪ ના રોજ યોજાયો હતો. આ તસવીરો શ્રી મીનુ મસાણીના વરદ હસ્તે અર્પણ કરવામાં આવી હતી. શ્રી મીનુ મસાણી ઉપરાંત 'મુંબઇ સમાચાર'ના તંત્રી શ્રી જેહાન દારૂવાલા, શ્રી મોહનલાલ મહેતા 'સોપાન,' ફ્રી પ્રેસ જર્નલના સમાચાર તંત્રી શ્રી પી. આર. કે. મેનન, લોકસત્તા (મરાઠી) ના તંત્રીશ્રી માધવ ગડકરી, સંભારંભના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ અને શ્રી અમર જરીવાલાએ ઉપરોક્ત ચાર અગ્રીમ પત્રકારોના પત્રકારત્વના ક્ષેત્રે એમના પ્રદાન વિષે વક્તવ્યો કર્યા હતા.

નવી પ્રવૃત્તિઓ

(૧) ચીમનલાલ ચકુભાઈ શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર

અગ્રીમ પત્રકારોની તસવીરો મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘને અર્પણ કરવાના સમારોહમાં સંઘે રૂા. ૫,૦૦૦/-નો શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર પ્રતિવર્ષ મુંબઇના શ્રેષ્ઠ ગુજરાતી પત્રકારને એનાયત કરવાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ સંઘની કારોબારી સમિતિએ રૂા. ૫,૦૦૦ને બદલે રૂા. ૧૧,૦૦૦/નો અને મુંબઇના બદલે ભારતના શ્રેષ્ઠ ગુજરાતી પત્રકારને આ પુરસ્કાર સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના નામથી પ્રતિ વર્ષ આપવાનું ઠરાવ્યું છે. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના સુપુત્રોએ આ માટે રૂા. ૫૧,૦૦૦/-નું દાન સંઘને આપ્યું છે. અમે તેમની આ ઉદારતા માટે અમે આભાર માનીએ છીએ.

(૨) શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલ શ્રેષ્ઠ લખાણ (એક અથવા વધુ લેખો) માટે રૂ. ૧,૦૦૦/-નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક પ્રતિવર્ષ આપવાનું સંઘની કારોબારી સમિતિએ ઠરાવ્યું છે. આ માટે શ્રીમતી કમલાબેન સુતરિયા તરફથી સંઘને ૧૧,૦૦૦/-નું દાન મળેલ છે. આ માટે અમે તેઓનો ઋણસ્વીકાર કરીએ છીએ. આ પારિતોષિક માટેનું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણાશે અને ૧૯૮૫ના વર્ષનું પારિતોષિક ૧૯૮૬માં અપાશે.

(૩) સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ : વ્યક્તિત્વ દર્શનની વીડિયો

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના વ્યક્તિત્વનો જીવંત પરિચય થાય એવી વીડિયો ફિલ્મ કે કેસેટસ તૈયાર કરાવવાની સંઘની કારોબારી સમિતિના નિમંત્રિત સભ્ય શ્રી ચંદ્રકુમાર જે. શાહે રૂ. ૨૫,૦૦૦/-નું દાન આપવાની ભાવના સાથે દરખાસ્ત મૂકી, જેનો સંઘની કારોબારી સમિતિએ સાભાર સ્વીકાર કર્યો. અત્રે એ વાતની સાભાર નોંધ લેતાં આનંદ થાય છે કે આ રીતે વીડિયો ફિલ્મ કે કેસેટસ તૈયાર કરવામાં ઉપરોક્ત રૂ ૨૫,૦૦૦/-થી જેટલો વધારે ખર્ચ થાય તે પણ મેળવી આપવાની તેમણે જવાબદારી સ્વીકારી છે.

(૪) શ્રીમતી ધીરજબેન દીપચંદ રમકડાંઘર

શ્રીમતી ધીરજબેન દીપચંદ તરફથી સંઘને રૂ. ૨૫,૦૦૦/-નું દાન આપવાની સાથે એ રકમમાંથી સંઘના ઉપક્રમે એક રમકડાંઘર શરૂ કરવાની દરખાસ્ત આવી, જેનો સંઘે સાભાર સ્વીકાર કર્યો છે. રમકડાંઘરની યોજના તૈયાર થઇ ગઇ છે અને જરૂરી રમકડાં વસાવવામાં આવ્યાં છે. આ રમકડાં ઘરનું ઉદ્‌ઘાટન રવિવાર, તા. ૫-૫-૮૫ ના રોજ રાખવામાં આવ્યું છે.

(૫) રાજપુરમાં નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત શ્રી વિશ્વ વાત્સલ્ય ઔષધાલયના સહકારથી રાણપુર (સૌરાષ્ટ્ર)માં રવિવાર, તા. ૧૦-૩-૧૯૮૫ના રોજ એક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. નેત્રયજ્ઞના મુકરર દિવસ પહેલાં ૧૫ દિવસથી જુદાં જુદાં ગામડાંઓમાં દરદીઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી અને ત્યાર બાદ જ નેત્રયજ્ઞ માટે દરદીને પ્રવેશ આપવામાં આવતો હતો. આ રીતે નેત્રયજ્ઞમાં ૭૫ દરદીઓને મોતિયા આદિનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. સતત સાત દિવસ દરદીની સંભાળ અને તેની સાથે આવેલ એક સંબંધીને રહેવા તથા જમવા અને ચા-પાણીની સગવડ આપવામાં આવી હતી. દરદીની એક મહીના કે યોગ્ય સમયાંતરે તેની પુનઃ તપાસ, પ્રારંભમાં ગોગલ્સ અને ત્યારબાદ ચશ્માનો નંબર ફાઢી ચશ્મા આપવામાં આવ્યા હતા. આ નેત્રયજ્ઞ પ્રસંગે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહ, સહમંત્રીશ્રી પન્નાલાલ ૨. શાહ, કાર્યાલય મંત્રીશ્રી શાંતિલાલ ટી. શેઠ, 'પ્રેમળ જ્યોતિ'ના સંયોજક શ્રી નિરુબેન શાહ, શ્રીમતી જયાબેન વીરા અને શ્રી બચુભાઇ દોશી ખાસ હાજર રહ્યાં હતાં. નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન સંઘની કારોબારી સમિતિના સભ્ય શ્રી રસિકલાલ ઝવેરચંદ શાહે કર્યું હતું. આ પ્રસંગે સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આગામી ત્રણ નેત્રયજ્ઞોની જવાબદારી સંઘે સ્વીકારી હોવાનું જાહેર કર્યું હતું.

રાજગૃહીમાં (બિહાર) 'વીરાયતન' સંસ્થા દ્વારા પૂ. અમર-મુનિશ્રીની નિશ્રામાં પણ નિયમિત નેત્રયજ્ઞ યોજાય છે. આ રીતે યોજાતા નેત્રયજ્ઞને રૂા. ૧૦,૦૦૦/-ની સહાય સંઘ તરફથી મોકલી આપવામાં આવી છે.

(૬) મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

બહેનોને વકતૃત્વકલાની તાલીમ આપવા સંઘે પ્રા. ધીરેન્દ્ર રેલીયાના માર્ગદર્શન હેઠળ એક તાલીમ વર્ગ શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. સપ્તાહમાં એકવાર આ વર્ગ લેવાય અને એ રીતે આઠ સપ્તાહના કોર્સના આ તાલીમ વર્ગનું ઉદ્‌ઘાટન શુક્રવાર, તા. ૪-૧-૧૯૮૫ના રોજ સાંજે ૬-૧૫ કલાકે સંઘના સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને રાખવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન શ્રીમતી જ્યોત્સ્નાબેન શેઠે કર્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આ તાલીમવર્ગનો એક ભેચ પૂરો થયો છે અને અંતમાં તાલીમ લીધેલી બહેનોની એક વકતૃત્વ સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. હવે નવા વર્ગો આગામી જૂન માસમાં કે ત્યાર બાદ અનુકૂળતાએ શરૂ કરવામાં આવે એવી ધારણા છે.

નવાં પ્રકાશનો

(૧) શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટની ગ્રંથ માળામાં ડૉ. રમણલાલ ચી. શાહના મુખ્યત્વે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલાં તેમના લેખોનું એક પુસ્તક 'જિનતત્ત્વ'નું છાપકામ પૂરું થવામાં છે અને તે ટૂંક સમયમાં બહાર પડશે.

(૨) સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના ઇ. સ. ૧૯૩૯ થી 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા લેખોનું એક પુસ્તક 'તત્ત્વ વિચાર અને અભિવંદના'નું પ્રકાશન સંઘે હાથ ધર્યું છે, જેનું સંપાદન ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી પન્નાલાલ ૨. શાહ, અને શ્રી ચુલાબ દેઢિયાએ કર્યું છે. પ્રેસ કોપી છાપકામ માટે ટૂંક સમયમાં પ્રેસમાં જશે...

(૩) અર્ધી સદીના આરે-પર્યુષણ વ્યાખ્યાનમાળાના પચાસ વર્ષ એ પુસ્તકનું પ્રકાશન હાથ ધરવાનું સંઘે ઠરાવ્યું છે, જેમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પચાસ વર્ષ દરમિયાન આવેલા વ્યાખ્યાતાઓ, તેમના વિષયો, વ્યાખ્યાનમાળાની ભૂમિકા અને માહિતીના પૃથક્કરણ સાથેની હસ્તપ્રત તૈયાર થઇ ગઇ છે અને તે હવે ટૂંક સમયમાં પ્રેસમાં જશે. આ પુસ્તકના લેખન-સંપાદનની જવાબદારી શ્રી પન્નાલાલ ૨. શાહને સોંપવામાં આવી છે.

(૪) 'કાંતિલાલ, શેકસ્પીઅર અને ટાગોરની નારી-સૃષ્ટિ' વિષે સંઘે આ વર્ષ પરિસંવાદ યોજ્યો હતો. તેમાં રજુ થયેલા વકતવ્યો ગ્રંથસ્થ કરવાનું સંઘે નકકી કર્યું છે. અને મોટા ભાગના વ્યાખ્યાતાઓએ એમના વકતવ્યની પ્રેસ કોપી આપવાને મોકલી આપી છે. ટૂંક સમયમાં આ ગ્રંથ પણ છાપકામ માટે પ્રેસમાં જશે. આ ગ્રંથનું સંપાદન ડૉ. રમણલાલ ચી. શાહ, ડૉ. ધનવંત શાહ, શ્રી પન્નાલાલ ૨. શાહ અને શ્રી ચુલાબ દેઢિયાએ કર્યું છે.

ભગવાન મહાવીર વંદના અને સ્નેહ મિલન

પર્યુષણ બાદ ભગવાન મહાવીર વંદના અને ભોજનસહ સ્નેહ મિલનનો સીમિત આકારનો એક કાર્યક્રમ યોજવા માટે શ્રી વિદ્યાબેન મહાસુખભાઇ ખંભાતવાળા અને પરિવાર તેમ જ તેમના શુભેચ્છકો તરફથી રૂા. ૧,૫૦,૦૦૦/-નું દાન મળ્યું છે, જેનો સંઘની કારોબારી સમિતિએ સાભાર સ્વીકાર કર્યો છે. આ કાર્યક્રમમાં ભગવાન મહાવીર પ્રત્યેના ભકિત-ગીતો મુખ્યત્વે રાખવામાં આવશે. નવા વર્ષથી આ કાર્યક્રમ નિયમિત હાથ ધરાશે.

(અ) વિશ્વના ક્રાંતિકારીઓ (બ) ભારતના ક્રાંતિકારીઓ અને (ક) ગુજરાતના ક્રાંતિકારીઓ-એમ ત્રણ પ્રવચનોની એક શ્રેણી યોજવાની શ્રી અમર જરીવાલાએ મૂકેલી દરખાસ્તને કારોબારી સમિતિએ બહાલી આપી છે, આ કાર્યક્રમ પણ નવા વર્ષમાં યોજાશે.

માનવ રાહત ફંડ

ભોપાળમાં ગેસ દુર્ઘટનાના કારણે ૫૦૦૦ થી પણ વધુ માણસોના મૃત્યુ થયા હોવાનો નિર્દેશ હતો. આ દુર્ઘટનાથી નિરાધાર થયેલ કુટુંબોને સહાય કે પગભર કરવા સંઘે માનવ રાહત ફંડ શરૂ કર્યું હતું. આ ફંડમાં જુદા જુદા દાતાઓ તરફથી સંઘને રૂ. ૨૮,૦૦૮-૦૦ મળ્યા છે. સંઘે પણ રૂ. ૫,૦૦૦-૦૦ આ કાર્ય માટે ફાળવ્યા છે.

ભોપાળના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે સંઘનું એક પ્રતિનિધિમંડળ તા. ૨૦-૧-૧૯૮૫ના રોજ ભોપાળ ગયું હતું. જેમ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત બાદ આ પ્રતિનિધિ મંડળે નિરાધાર કુટુંબો પગભર થાય એ રીતે યોજના કરી સહાય આપી છે. કચ્છી-સમાજના ત્યાંના અગ્રણી શ્રી ઝવેરચંદભાઈ મારુ અને તેમનાં કુટુંબીજનોએ પ્રતિનિધિમંડળની આગતાસ્વાગતા કરી હતી અને મહાત્મા ગાંધી સ્મારક ચિકિત્સાલયના ડો. ભંડારી, મેડિકલ કોલેજના ડો. તિવારી વગેરેએ સારો સહકાર આપ્યો હતો. તે માટે અમે તેઓના ઋણી છીએ.

શ્રદ્ધાંજલિ

સંઘના સ્થાપક સભ્ય અને સંઘના વર્ષો સુધી કોષાધ્યક્ષ, મંત્રી અને ઉપપ્રમુખના હોદ્દા પર રહી સેવા આપનાર શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીનું તા. ૧૭-૧૦-૮૪ના રોજ નિધન થયું. એમના દેહાવસાનથી સંઘને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એવી પ્રાર્થના.

અભિનંદન

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહની શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી તે માટે અને તેમના પ્રવાસ-વર્ણનના પુસ્તક 'પાસપોર્ટની પાંખે' ને ગુજરાતી સાહિત્ય પરિષદે લલિત નિબંધો અને પ્રવાસવર્ણન માટેનું કાકાસાહેબ પારિતોષિક એનાયત કર્યું તે માટે તેમને હાર્દિક અભિનંદન.

આભાર

* વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની પંદર સભા મળી હતી. કારોબારી સમિતિ, સહયોગ સમિતિ અને કારોબારી સમિતિના નિમંત્રિત સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો અમને આનંદ છે.

* સંઘની પ્રવૃત્તિઓનો અમે વિસ્તાર કરી શકયા એનું કારણ એ છે કે જવાબદારીની પરસ્પર વહેંચણી થઈ શકી છે. આ માટે શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના મંત્રી, પ્રેમળ જ્યોતિ, વસંત અને પર્યુષણ વ્યાખ્યાનમાળા, વિદ્યાસત્ર, અરિહ સારવાર કેન્દ્ર, પરિસંવાદ વગેરેના સંયોજકો કે પ્રમુખો ઉપરાંત આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણીના સંયોજકો શ્રી શૈલેશ કોઠારી અને શ્રી પન્નાલાલ કે. છેડા, અભ્યાસ વર્તુળના અને ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્રના સં. સુબોધભાઈ એમ. શાહ અને શ્રી ઉષાબેન મહેતા, મહિલા ચર્ચાસભાના સં. શ્રીમતી જ્યોત્સનાબેન શેઠ, વાર્ષિક સ્નેહ સંમેલનના સં. શ્રી જયંતીલાલ પી. શાહ, ચીમનલાલ ચકુભાઈ શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કારના સં. શ્રી અમર જરીવાળા, શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિકના સં. શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ચીમનલાલ ચકુભાઈ શાહ વ્યક્તિત્વ દર્શન (વીડિયો)ના સં. શ્રી ચંદ્રકુમાર જે શાહ, શ્રીમતી ધીરજબેન દીપચંદ રમકડાંઘરના સં. ડો. અમૂલ શાહ અને શ્રી અરવિંદભાઈ ચોકસી, મહિલા વકતૃત્વ તાલીમ વર્ગના સં. શ્રીમતી મીરબેન મહેતા અને શ્રીમતી તારાબેન ર. શાહે અને જુદી જુદી ઉપસમિતિના સભ્યોએ પ્રેમાળ સહકાર આપ્યો છે. વર્ગની કામગીરીની સફળતાનો યશ આ સૌ મિત્રોને ઘટે છે.

* સંઘની પ્રવૃત્તિને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરના ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાનાં માતબર દૈનિકો અને સંચાલકોએ સંઘની દરેક પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે. દરેક વર્તમાનપત્રો કે સામયિકોનો અમે અત્રેથી આભાર માનીએ છીએ.

* ચોકકસ પ્રવૃત્તિ માટે મળેલા માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે કે વર્ષ દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થસિંચન કરનાર દાતાઓ તો કેમ ભૂલાય? આપણી પ્રવૃત્તિઓનો તેઓ તો આધારસ્થંભ છે.

* આપણી વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદ અને વ્યાખ્યાનશ્રેણી કે વાર્તાલાપના વિદ્વાન વકતાઓ તો આપણી પ્રવૃત્તિનું અંગ છે, એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાનો આભાર માનીએ છીએ.

* સંઘનો કર્મચારીગણ પણ આપણી પ્રવૃત્તિમાં ઓટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસ-યાત્રા ચાલુ રહેશે.

લિ. ભવદીય,

પન્નાલાલ ર. શાહ	ચીમનલાલ જે. શાહ
ધનવંત તિ. શાહ	કે. પી. શાહ
સહમંત્રીઓ	મંત્રીઓ

કારોબારી સમિતિએ મંજૂર કર્યો તા. ૯-૪-૮૫
વાર્ષિક સામાન્ય સભાએ મંજૂર કર્યો તા. ૩૦-૪-૮૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં પ્રકાશનો

* **સત્યમ્, શીવમ્ સુંદરમ્**
  લે. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
  કિ. ૪-૦૦

* **ચિંતનયાત્રા**
  લે. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
  કિ. ૭-૦૦

* **અવગાહન**
  લે. શ્રી ચીમલાલ ચકુભાઈ શાહ
  કિ. ૨૦/- હાલ અપ્રાપ્ય

* **સમયચિંતન**
  લે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
  કિ. રૂા. ૩૦/-

પુસ્તકો 'સંઘ'ના કાર્યાલયમાંથી મળશે.

લિ. મંત્રીઓ

પ્રજ્ઞાચક્ષુની પુરુષાર્થકથા: 'મારું જીવનવૃત્ત'

[ખંભાતમાં યોજાયેલ છઠ્ઠા જૈન સાહિત્ય સમારોહમાં રજૂ થયેલ નિબંધ]

પ્રીતિ શાહ

માત્ર જીવનકથા કે સ્મૃતિકથા આપવાથી આત્મકથા રચાતી નથી. આત્મકથા એ તો જીવનશોધનની પ્રક્રિયા બતાવતી આત્મખોજની કથા છે. આ અર્થમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીની આત્મકથા 'મારું જીવનવૃત્ત'માં જીવનની પ્રત્યેક ઘટનાનું નિરૂપણ મળે છે. તે વિશેનું તટસ્થ નિરીક્ષણ મળે છે અને એને પરિણામે એ ઘટનાએ એમના વિચારશીલ અને સંવેદનશીલ માનસ પર કયો ભાવ જગાડયો, તેનું આલેખન મળે છે. પરંતુ આ આત્મકથાની એક તરી આવે એવી લાક્ષણિકતા તો એ છે કે જીવનની આ ઘટનાઓમાંથી પં. સુખલાલજી એનો મર્મ તારવે છે અને એને આધારે પોતાનું જીવનઘડતર કરે છે. આમ આ આત્મકથામાં સતત જીવનની ઘટનાઓમાંથી યોગ્ય રહસ્ય તારવવાની પ્રક્રિયા ચાલે છે. હકીકતમાં તારવેલું એ રહસ્ય પંડિતજીની પારગામી બુદ્ધિ અને તત્ત્વગામી દૃષ્ટિ બનાવે છે.

પંડિતજી માત્ર જૈન સમાજના કે ગુજરાતના જ નહીં, પરંતુ ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરાના જ્યોતિર્ધર હતા. તેઓ આચાર્ય હેમચંદ્ર, યોગી આનંદઘન કે શ્રીમદ્ રાજચંદ્રની માફક સાંપ્રદાયિકતાથી પર બનીને ધર્મના મર્મને શાસ્ત્ર અને બુદ્ધિવિવેકની સહાયથી શુદ્ધ સ્વરૂપમાં પામ્યા હતા. માત્ર વેદાંતદર્શનથી જ નહીં, પરંતુ દુનિયાના બીજા અનેક ધર્મોના ચિંતન-મનનથી એમની ચેતના સભર હતી. એક અંધ વ્યક્તિ પોતાના નિશ્ચયથી, એકાગ્ર તપથી વિદ્યા-સાધનાની કઈ ચરમસીમાએ પહોંચી શકે, તેનું જીવંત દૃષ્ટાંત પં. સુખલાલજીએ પૂરું પાડયું છે. પં સુખલાલજીની 'મારું જીવનવૃત્ત' આત્મકથા પ્રતિકૂળતાઓ સામે પુરુષાર્થે મેળવેલા વિજયની રૂઢિચુસ્તતા સામે સત્યદર્શિતાની, પરંપરાબદ્ધતા સામે વ્યક્તિત્વવિકાસની અપ્રતિમ ગૌરવગાથા છે.

પોતાની 'ખરી જીવતી માતા' જેવા મમતાળુ ભાભીના વ્યક્તિત્વને આલેખીને તેઓ કહે છે: 'અનુભવે જે સિદ્ધાંત મેં તારવ્યો છે તે નવી પેઢીને કહી દેવો. તે સિદ્ધાંત એ કે જો કોઈ ખરા અને જીવનમાં સાક્ષાત્કાર કરવા યોગ્ય દેવદેવીઓ હોય તો તે જન્મ આપનાર, ઉછેરનાર અને સંસ્કાર નાખનાર માતા-પિતા તેમ જ એવા બીજા જે હોય તે જ છે. દેવદેવીઓની કલ્પિત સૃષ્ટિ અને ઉપાસના ઉપર એટલો બધો ભાર અપાયો છે કે માણસજાત જીવિત દેવતાઓને ભુલાવ્યા પછી જ તેમને યાદ કરે છે અને પૂજે છે.'

આવી જ રીતે પાંત્રીસેક વર્ષ બાદ પોતાના મારતરનો મેળાપ થયો ત્યારે પંડિતજીએ એમની ઓળખાણ પૂછી એમના હાથ નીચે ભણ્યાને પાંત્રીસ વર્ષ થઈ ગયા હોવાથી અને પંડિતજી અંધ હોવાથી એમણે મોટપથી જવાબ આપ્યો. પરંતુ જ્યારે એમણે જાણ્યું કે પંડિતજી ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક છે અને ખાસ શાસ્ત્રીય કામે જામનગર જાય છે ત્યારે મારતરનું વલણ સાવ બદલાઈ ગયું. પંડિતજી આ ઘટના પરથી તારણ કાઢે છે, 'જેઓ અતડા અને મોટપમાની હોય છે તેઓ પણ પોતાના કરતાં બીજાની ચડિયાતી અને માનમરતબાવાળી સ્થિતિ જુએ છે ત્યારે સ્વભાવ બદલી નાખે છે.

લીંબલી અને ખોલડીયાદના કુટુંબકલહ પરથી લેખકને હિંદુ અને મુસલમાન રાજ્યોના વિનિપાતનો ઇતિહાસ સમજવામાં કે કુરુપંચાલના યુદ્ધની કથા સમજવામાં મદદ મળે છે. આ બધા પ્રસંગોમાં પંડિતજીની જીવનજાગૃતિનો સતત અનુભવ થાય છે. જીવનની કેટલીક સામાન્ય ઘટનાઓમાંથી મળતું તારણ વ્યાપક જાગતિક સંદર્ભને સમજવામાં તેમને ઉપયોગી બને છે. એક પ્રગતિશીલ વ્યક્તિના વ્યક્તિત્વને પહેલ પાડવા માટે જેમ જુદા જુદા પાસા પાડવામાં આવે તે રીતે પંડિતજીના આગવા વ્યક્તિત્વનું નિર્માણ કઈ રીતે થયું, તેનો હૂબહૂ નકશો અહીં મળે છે.

ખુદ્દકપ્રાણ એ આત્મકથા લેખક માટે અનિવાર્ય શરત છે. પંડિતજીએ પોતાની સહજ વૃત્તિઓ અને ટેવોનું નિખાલસ આલેખન કર્યું છે. એમના જીવનમાં પહેલેથી જ જાતમહેનત, કરકસરપણું, રમતગમત, સાહસપ્રિયતા, જિજ્ઞાસા અને બૌદ્ધિક ભૂખ જેવી સહજ વૃત્તિઓ હતી. પોતાની આ વૃત્તિઓ વિશે તેઓ વિગતે વાત કરે છે. તરવાનું અને ઘોડેસવારી તેમનો મુખ્ય શોખ હતો. એકવાર કાશીમાં માંડ માંડ ડૂબી જતા બચ્યા. આમ પોતાની વૃત્તિના બંને પાસાં તેઓ જોઈ શકે છે. આ જ રીતે ધાર્મિક સંસ્કારોની અને એને અનુષંગે ધર્મવિચારણાની ઝાંખી આપે છે. સામાજિક નબળાઈઓને તરત પારખી શકે છે. એકવાર એને જાણ્યા પછી કોઈ પણ ભોગે એમનો સામનો કરવા તત્પર રહે છે. લગ્ન, મરણ કે બીજા એવા વરા અંગે એમણે જે નિર્ણય બાંધ્યા એનું જીવનભર પાલન કર્યું.

પિતાજીના મૃત્યુ પ્રસંગે એમણે હિંમતભેર કારજનો વિરોધ કર્યો. મોટાભાઈ લોકનિંદાથી ડરતા હતા અને બંને નાના ભાઈઓ કારજ કરવાનું વલણ રાખતા હતા તેમ છતાં એમણે પોતાની વાત સ્પષ્ટપણે કહી. શીતળા સાતમ વખતે છાનામાના દૂધ ઉકાળીને સાકર સાથે પીધું હતું અને આવી રીતે શીતળાદેવીની આમન્યા લોપ્યાથી અંધાપો આવ્યો એમ બધા કહેતા. પછી પોતે આવી માન્યતાને સત્યના પ્રકાશથી નાણીને, નક્કી કરે છે કે શીતળા માતાની કોઈ નારાજગીથી પોતાને અંધાપો આવ્યો નથી.

બાળપણમાં સુખલાલજી ખોરડા ઉપર નળિયાં ચડાવવાના હોય તો તે દોડી જાય, માટીની ભીંત કે વંડી ચણાતી હોય તો પિતાજીને કે ભાઈને ગારાના પિંડ આપે, ખેડૂતોને ત્યાંથી આવતી ગાંસડીઓને વખારમાં ફલવાવવી હોય કે ખૂંદી ખૂંદીને બધું થપ્પીબંધ કરવું ખૂબ ગમે. ગેડી દડો, હુતુતુતુ કે દોડાકૂદ જેવી રમતો ગમે. તરવામાં કે ઘોડેસવારીમાં પણ એટલા જ આગળ. જેનું બાળપણ આવી પ્રવૃત્તિ, સાહસ અને જાતમહેનતથી પસાર થયું હોય એ માત્ર સોળ વર્ષની વયે આંખો ગુમાવે ત્યારે કેવો અનુભવ કરે! આનું માર્મિક આલેખન આ આત્મકથામાં કરવામાં આવ્યું છે. 'અંધાપાનો કલિયુગ' કઈ રીતે બેઠો અને 'અચક્ષુયુગનો આરંભ' કઈ રીતે થયો એની માર્મિક આપવીતી તેઓ આપે છે.

'અંધાપાનો કલિયુગ' બેઠા પછીના જીવનને તેઓ 'નવા જન્મ' કહે છે. કદાચ શીતળાએ અંધાપો ન આણ્યો હોત તો લગ્ન અને દુકાનની સંભાળ એમના જીવનનું પૂર્ણવિરામ બની ગયા હોત. પરંતુ આ અંધાપાના કલિયુગમાં એમની જન્મજાત વિદ્યાપ્રીતિએ માયું ઊંચકી ભૌતિક પ્રકાશના સ્થાને વિદ્યાના પ્રકાશથી શેષજીવનને ભરી દેવાનો દૃઢસંકલ્પ કરાવ્યો. પોતાના અંધાપાથી જીવનમાં આવેલા પરિવર્તનને આલેખતા તેઓ કહે છે ;

'હવે બીજો જન્મ શરૂ થયો હતો. તે દર્શનકાળના પ્રથમ જન્મ કરતાં તદ્દન જુદી જ જાતનો હતો છતાં પરાધીનતાની બાબતમાં એનું પ્રથમ જન્મ સાથે કેટલેક અંશે સામ્ય હતું. પ્રથમ જન્મ વખતે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનો આવશ્યક વિકાસ ન હોવાને લીધે શૈશવાવસ્થાની સેવા સિવાયની સમગ્ર ક્રિયાઓ માતૃપરતંત્ર હોય છે. જ્યારે મારા આ બીજા જન્મ વખતે તો કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનો પુષ્ટ વિકાસ થયેલો હોવા છતાં પરતંત્રતા આવી હતી. પગમાં ચાલવા અને દોડવાની શક્તિ હતી. હાથમાં લેવા મૂકવા ઉઠાવવાની શક્તિ હતી પણ એને એ ક્રિયાઓ યોગ્ય રીતે કરવામાં એના સદાના સાથી પ્રકાશ વિના કોણ મદદ આપે ? દાંત અને જીભમાં પોતાનું કામ કરવાની પૂર્ણ શક્તિ હતી. પણ એને પોતાના જીવનસમો સાથી ખાદ્ય અને પેય સાથે સીધો સમાગમ કરાવનાર પ્રકાશ રહ્યો ન હતો. એટલે જે કાંઈ સ્વતંત્રતા બચી હતી તે વાણી, નાસિકા અને કર્ણેન્દ્રિય પૂરતી જ હતી. કેમ કે એમણે સૃષ્ટિની આદિથી જ પ્રકાશની મદદ વિના પોતપોતાનાં કામ કરવાનું ઠરાવેલું એટલે પ્રકાશનો વિયોગ એમની કાર્યશક્તિમાં ખલેલ પહોંચાડી શકે તેમ ન હતું.

હવેના નવા જન્મમાં કેવળ તમો-અદ્વૈતનું નવું જ વેદાન્ત પ્રગટયું હતું. એમાં પ્રકાશગમ્ય બધા જ ભેદો વિલય પામ્યાં હતાં. આ નવા વેદાન્તની વિશેષતા એ હતી કે તેમાં આનંદાનુભવના બદલે દુઃખાનુભવ જ થતો.'

અંધાપો આવતાં લગ્નવિચ્છેદ થયો, પણ તેની પંડિતજીના ચિત્ત પર કશી અસર ન થઈ. અસાધારણ પુરુષાર્થથી વિદ્યા-સાધનાનું એક નવું પર્વ આરંભાયું. ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો, સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોની શાસ્ત્રીય વાચનાઓ તૈયાર કરી, ભાષ્યો રચ્યાં. ગાંધીજી અને જિનવિજયજી સાથે મેળાપ થતાં નવી દૃષ્ટિ લાધી. ચર્મચક્ષુ ગુમાવનાર પંડિતજી પ્રજ્ઞાચક્ષુ બન્યા. અભ્યાસ માટેની પંડિતજીની તાલાવેલીના ઘણા પ્રસંગો આ આત્મચરિત્રમાં આલેખાયા છે. કાશી પાઠશાળામાં જઈને એમણે કરેલો અભ્યાસ, વ્રજલાલજી સાથેનો મેળાપ, વામાચરણજી પાસે અધ્યયન, મિથિલામાં અભ્યાસ માટે વેઠેલાં કષ્ટ વગેરે પ્રસંગો એમણે વિદ્યાયાત્રામાં અનુભવેલી મુશ્કેલીઓનો હૂબહૂ ચિતાર આપે છે.

વ્યક્તિ અને વાતાવરણનું શબ્દચિત્ર આલેખતી વખતે પંડિતજીનું ધ્યાન નિશાન પાડનારી રસસંતર્પક શૈલી પ્રગટ થાય છે. ગિરનારી હનુમાનદાસ, સ્નેહાળ ભાઈજી, ગાંધીજી જેવી વ્યક્તિઓના સુંદર વ્યક્તિચિત્રો મળે છે. એમની સાથેના મેળાપના પ્રસંગોનું આલેખન આ વ્યક્તિચિત્રોમાં પ્રાણ પૂરે છે. પંડિતજીની શૈલી એ વ્યક્તિના વ્યક્તિત્વના એકેએક રંગને ઉપસાવી આપે છે. ગિરનારી બાવાનું આ વ્યક્તિચિત્ર કેવું હૂબહૂ છે

'તેમણે લાંબી કફની પહેરેલી, ઊંચો ટોપ માથે નાખેલો, હાથમાં નાની માળા, શરીર ભરાવદાર અને પડછંદ, ચહેરો કાંઈક લાંબો તેમ જ શ્યામળો છતાં તેજસ્વી અને મૌન છતાં કાંઈક ઓષ્ઠસાંધી ચાલે. હનુમાનદાસજીની ગામના ઘણાં ઘરોમાં ગાજતેવાજતે પધરામણી થયેલી. તેઓ ચાલીને જતા. આ દૃશ્યની મન ઉપર છાપ તે વખતે પડેલી તે કરતાં ઊંડી છાપ તો એ બાબત બની પડેલી કે હનુમાનદાસજી ઢેઢવાડામાં પણ સમાનભાવે જાય છે અને ત્યાંથી પાછા ફરી નથી નહાતા કે નથી છાંટ લેતા. તે વખતે આ તત્ત્વ સમજવું મારે માટે તો શું પણ ભલભલા માટેય અઘરું હતું. પરંતુ એના ઉપર પાછળથી જ્યારે જ્યારે વિચાર આવ્યો છે ત્યારે એમ જ લાગ્યું છે કે નાતજાતના અને ઊંચનીચના ભેદ વિના સમગ્ર માનવતામાં માનનાર સંતોમાંના એ એક હોવા જોઈએ. નહિ તો એ જમાનામાં અને એ રૂઢ સમાજમાં એવી નિર્ભય હિંમત બીજો કોણ કરે ?'

ગિરનારી હનુમાનદાસજીનું દર્શન એ લેખકનું પ્રભાવ-શાળી અવધૂતનું પહેલું અને છેલ્લું દર્શન હતું. આ પછી ભવિષ્યમાં ઘણા સાધુઓનો મેળાપ થયો, પરંતુ એમના સાક્ષાત્ ચક્ષુદર્શન થયા નહીં. એમની વણનકલાની પેઠે શબ્દ પરથી દોરી પણ નોંધપાત્ર છે. આમાં એમનું શાસ્ત્રીય જ્ઞાન કે પાંડિત્ય કૃત્રિમ રીતે કે આયાસપૂર્વક નહીં, બલકે ખૂબ જ સાહજિકતાથી પ્રગટ થાય છે. એમના આવા પાંડિત્યપૂર્ણ લાક્ષણિકત્વનાં દૃષ્ટાંતો જોઈએ.

'વાઘિયાશાહી વાટાઘાટ વખતે શ્રી જિનવિજયજીની ક્ષત્રિય પ્રકૃતિ બહાર આવી...એમની રૂઆબી ધમકી સાંભળતાં જ બધા વાઘિયા ઠંડાગાર.'

'લીંબલી અને ખોલડીયાદના કુટુંબોના કૌરવ-પાંડવીય કલહે તેમની પ્રતિષ્ઠા અને જાહોજલાલી ઘણા અંશે છિન્નભિન્ન કરી.'

'શકુંતલા જેવી નિર્દોષ ભોળપણ ઉપર મારું દુર્વાસામન અકારણ કોપ કરી બેસે.'

આવી જ રીતે 'શેખવાપીર' ના સાચને પારખવાના પ્રસંગમાં પણ કાકતાલીય ન્યાય જુએ છે. તમાકુના વ્યસનનો અને એ પછી છીંકણીની મોહિનીનો પ્રસંગ પંડિતજીની સૂક્ષ્મ નર્મ-મર્મવૃત્તિનો પરિચય કરાવે છે.

'મારું જીવનવૃત્ત' એ એમના જન્મથી ૧૯૨૧ સુધીની આપવીતીનું આલેખન છે. (પંડિતજીનું અવસાન ૪. સ. ૧૯૭૮ ના માર્ચની બીજી તારીખે અમદાવાદમાં થયું. આ અગાઉ 'દર્શન અને ચિંતન' ના બીજા ભાગમાં એમણે ૧૯૫૭ સુધીના કેટલાક જીવનપ્રસંગો, પ્રવાસો અને મિત્રો વિશે લખ્યું છે. હકીકત તો એ છે કે 'મારું જીવનવૃત્ત' છેક ૧૯૪૬માં લખાયું, પરંતુ ડો. રાજેન્દ્ર પ્રસાદની આત્મકથા વાંચ્યા પછી પંડિતજીને પોતાની આત્મકથા જુદી રીતે લખવાનો વિચાર હતો. એ શક્ય બન્યું નહિ. અંતે ૧૯૭૮ના જાન્યુઆરીમાં પંડિતજીએ શ્રી દલસુખભાઈ માલવણિયાને આ આત્મકથા પ્રકાશિત કરવાની મંજૂરી આપી અને પરિણામે ગુજરાતી આત્મકથા-સાહિત્ય એક ચિંતકની આત્મકથાથી ન્યાલ થયું. પુસ્તકની બીજી આવૃત્તિમાં આપવામાં આવેલી પૂર્તિ એમના જીવનની વિગતો પૂરી પાડે છે. પરંતુ ૧૯૪૬ પછીના પંડિતજીના જીવનકાળની આત્મકથા મળી હોત

તો એમની પાસેથી ભારતીય દર્શનો વિશેની ઘણી ચિંતન-સામગ્રી પ્રાપ્ત થઈ હોત.

'મારું જીવનવૃત્ત' અનેક દૃષ્ટિએ હૃદયસંતર્પક બની રહે છે. જીવનના પ્રત્યેક પ્રસંગમાં પ્રગટતી પં. સુખલાલજીની સત્યશોધક વૃત્તિનો ડગલે ને પગલે આલેખ મળે છે. વિષમ પ્રતિકૂળતાના સામા પૂરે તરીને પુરુષાર્થથી જીવતા જાગતા જ્ઞાનકોશ અને જંગમ વિદ્યાપીઠ બનેલા પંડિતજીની માનવ-પ્રયત્નગાથા છે. એમની શૈલીમાંથી એમનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. 'સત્યના પ્રયોગો'માં ગાંધીજીએ સત્યની પ્રયોગશાળામાં પોતાના હૃદયની ગડમથલ કઈ રીતે કસોટીએ ચડાવી તેની વાત કરી છે તો 'મારું જીવનવૃત્ત'માં અપ્રમાદ ધરાવતી ચેતનામાં ચાલતી સત્યખોજની સાહસયાત્રા રજૂ થઈ છે અને એ દૃષ્ટિએ આ કૃતિ આપણા સાહિત્ય અને સંસ્કારજગતની એક વિરલ ઘટના ગણાય.

(પાના ૨ થી ચાલુ)

રંગના શર્ટ, પેન્ટ, કોટ અને ટાઈ, ચકચકિત બૂટ, સ્પષ્ટ ઉચ્ચાર, વાતચીત કરવાની છટા વગેરેનાં કારણે મોગલ સાહેબની પ્રથમથી જ અમારા મન ઉપર અનોખી છાપ પડી હતી. તે સમયે શાળાના ઘણાં શિક્ષકો હાફકોટ, ધોતિયું અને ટોપી પહેરતા. તેમાં સૂટ પહેરીને આવતા મોગલસાહેબનો રુઆબ જુદો જ પડતો. તેમનાં કપડાં ધોબીવાળાં રહેતાં. કપડામાં એક પણ કરચલી દેખાય નહિ. બારે માસ તેઓ અફેદ રંગનો જ સૂટ પહેરતા. વસ્તુતઃ આખી જિંદગી તેમણે એક જ પ્રકારનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેમણે ટાઈ પહેરવી છોડી દીધી હતી. આંખો નબળી થતાં ચશ્મા પહેરવાં ચાલુ થયાં હતાં. દાંત ગયા પછી એમણે ચોકઠું પહેરવાનું ચાલુ કર્યું નહોતું. એટલે વૃદ્ધ વધુ લાગતા હતા. એકાદ વર્ષથી સાંભળવાની તકલીફ થઈ હતી. એટલે ઝાઝી વાત કરતા નહિ.

મોગલસાહેબ અમને ભણાવતા તે સમયે અમારા પ્રિન્સિપાલ શ્રી તેલંગસાહેબ ઘણીવાર શાળામાં રાઉન્ડ મારવા નીકળે ત્યારે અમારા વર્ગમાંથી મોગલસાહેબને બહાર બોલાવી કંઈક વાત કરવા ઊભા રહે. એ ઉપરથી મોગલસાહેબનું શાળામાં ઘણું મોટું માન અને સ્થાન છે. એવી છાપ અમારા વિદ્યાર્થી મન ઉપર પડી હતી, અને તે સાચી હતી. શાળાના વહીવટમાં મોગલસાહેબનું સ્થાન ગૌરવભર્યું હતું. એમનો અભિપ્રાય મહત્ત્વનો ગણાતો.

મોગલસાહેબ ભણાવવામાં ખૂબ હોશિયાર અને શિસ્તમાં અત્યંત કડક હતા. અંગ્રેજી ભાષા અને કવિતા એમના પ્રિય વિષયો. કવિતા તેઓ એવી સરસ રીતે શીખવતા કે એના સંસ્કાર આજે પણ તાજા છે. શાળાના વિદ્યાર્થીઓ માટે તેમણે 'Popular Recitals' નામનો દળદાર કાવ્યગ્રંથ સંપાદિત કર્યો હતો. અંગ્રેજ કવિઓ વિષે એમણે અમારી પાસે એક સુંદર હસ્તલિખિત અંક તૈયાર કરાવ્યો હતો, જેમાં કવિ લોંગફેલો વિષે મારે લખવાનું આવ્યું હતું. તેનું સ્મરણ આજે પણ એટલું જ તાજું છે. મારા સહાધ્યાયી મિત્ર શ્રી રતનચંદ ઝવેરીના અક્ષર સરસ, મરોડદાર હતા. એટલે હસ્તલિખિત અંક તેમની પાસે લખાવ્યો હતો.

અંગ્રેજી ભાષા શીખવવા માટે તે દિવસોમાં લિંગવાફોનની મદદ અમારી શાળામાં લેવાતી હતી. અંગ્રેજી ભાષામાં શબ્દો, વાક્યો અંગ્રેજો કેવી રીતે ઉચ્ચારે છે, તેની લઢણ કેવા પ્રકારની છે તે વર્ગમાં ગ્રામોફોન રેકોર્ડ વગાડીને અમને સમજાવવામાં આવતું. મુંબઈની ઘણીખરી શાળાઓ કરતાં અમારી બાબુ પન્નાલાલ હાઈસ્કૂલ આધુનિક અને પ્રગતિશીલ છે એની અમને આવાં બધાં સાધનોને કારણે પ્રતીતિ થતી. મુંબઈ યુનિવર્સિટી તરફથી લેવાતી મેટ્રિકની પરીક્ષામાં પહેલા દસ વિદ્યાર્થીઓમાં બાબુ પન્નાલાલના વિદ્યાર્થીઓ વખતોવખત ઝળકતા. એથી અમારી શાળા બારે પ્રખ્યાત થઈ ગઈ હતી. એનું અમને ગૌરવ હતું.

મોગલસાહેબ અમને અંગ્રેજી તો સરસ ભણાવતા, પણ સાથે સાથે પોતાના વિદ્યાર્થીઓને સારી ટેવો પડે તથા તેમના પર સારા સંસ્કાર પડે તે માટે તેઓ ખૂબ ચીવટ રાખતા. દરેક વિદ્યાર્થીના અક્ષર સારા હોવા જોઈએ. તે માટે અમને મહાવરો કરાવતા. એમણે કોપી બુક કાઢેલી તે અમને ચાલતી, ગુજરાતી, અંગ્રેજી અને દેવનાગરી—એ ત્રણમાં એમના પોતાના અક્ષર પણ મોતીના દાણા જેવા હતા; કયારેક તો બરાબર છાપેલા જેવા લાગે.

શાળામાં વર્ષના પહેલા દિવસથી જ સાહેબે અમને કેટલીક સૂચનાઓ આપી દીધી હતી. જેમકે (૧) દરેક વિદ્યાર્થીના ખીસ્સામાં હાથ રૂમાલ હોવો જ જોઈએ. (૨) ખીસ્સામાં નાનકડી પોકેટ ડિક્ષનરી હોવી જ જોઈએ. (૩) દરેક પાસે પેન્સિલ, રબર અને સંચો હોવાં જોઈએ. (૪) હાથના અને પગના આંગળાઓના નખ બરાબર કાપેલા અને સ્વચ્છ હોવા જોઈએ. (૫) માથું તેલ નાખીને બરાબર ઓળેલું હોવું જોઈએ તથા ખીસ્સામાં દાંતિયો હોવો જોઈએ. (૬) યુનિફોર્મના શર્ટ અને પેન્ટ ઉપર એક પણ ડાઘ હોવો ન જોઈએ, તથા બૂટ-ચંપલ સ્વચ્છ અને ચકચકિત હોવાં જોઈએ. આ બધા નિયમો માટે જુદા માર્કસ હતા. અને રોજેરોજ વર્ગમાં પહેલી પાંચ મિનિટ આ નિયમો પ્રમાણે તપાસ કરી માર્કસ આપવા માટે રાખવામાં આવી હતી. મોગલસાહેબે પાડેલી એ સુટેવોનો લાભ વર્ષો સુધી ઘણા વિદ્યાર્થીઓનો મળ્યો છે.

પોતાના વિદ્યાર્થીઓ ભણવામાં તેમ જ સામાન્ય જ્ઞાનમાં બીજી શાળાના વિદ્યાર્થીઓ કરતાં ચડિયાતા બને તે માટે તેઓ બીજી ઘણી વસ્તુઓ પણ શીખવતા. અમને તાર કે મનીઓર્ડર કેમ કરવાં, પોસ્ટકાર્ડમાં સરનામું કેમ વ્યવસ્થિત લખવું, ટપાલની ટિકિટ કયાં કેટલા અંતરે ચોડવી, વગેરે નાની નાની વ્યવહારુ બાબતો વિશે પણ તેઓ ચીવટપૂર્વક શીખવતાં. અમારી એટલી નાની ઉંમરે દરેકની પોતાની સહી (Signature) કેવી હોવી જોઈએ તે બતાવી તેનો મહાવરો કરાવ્યો હતો. મુંબઈમાં વેપારશાળા, સરકારી ટંકશાળા, મ્યુઝિયમ, જનરલ પોસ્ટ ઓફિસ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પ્રેસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, બોરીબંદર રેલવે સ્ટેશન, પોર્ટ ટ્રસ્ટ, જીમખાનું, ટાઉન હોલ વગેરે સ્થળોની મુલાકાતે તેઓ લઈ જતા અને દરેકની કાર્યવાહી વિગતવાર સમજાવતા. આથી બાબુ પન્નાલાલ સ્કૂલનો ચોથા ધોરણનો વિદ્યાર્થી મુંબઈના સરેરાશ વિદ્યાર્થી કરતાં વધુ જાણકાર અને સુસજ્જ રહેતો.

મોગલસાહેબ વર્ગમાં બહુ જ કડક હતા, પરંતુ એટલા જ ભલા હતા. અંગ્રેજી ચોથા ધોરણમાં હું નવા વિદ્યાર્થી તરીકે દાખલ થયેલો એટલે સાહેબના કડક સ્વભાવની વાત સાંભળી ગભરાતો હતો શરૂઆતમાં એક દિવસ એમણે આપેલી કવિતા બરાબર પાકી નહિ થઈ શકી, મોઢે બોલવામાં ભૂલ પડી કે તરત જ કડક અવાજે એમણે ગુસ્સામાં કહ્યું 'બેન્ચ પર ઊભા થાઓ.' હું બેન્ચ પર ઊભો થયો. એમણે કહ્યું, 'આખું વર્ષ મારા પિરિયડમાં બેન્ચ પર ઊભા ઊભા ભણવું પડશે.'

આટલી બધી કડક શિક્ષાથી હું તો એકદમ ઢીલો થઇ ગયો. મારી જેમ બીજા પણ છ સાત વિદ્યાર્થીઓને એજ પ્રમાણે શિક્ષા થઇ. ભણાવતાં ભણાવતાં પાંચેક મિનિટ વીતી હશે ત્યાં તેમણે કહ્યું. બેસી જાવ. પણ હવે જો ભૂલ પડશે તો આખું વર્ષ બેન્ચ પર ઊભા રહેવું પડશે.' ત્યારથી અમે બધા મોગલસાહેબના પિરિયડમાં બહુ ચીવટથી અભ્યાસ કરતા થઇ ગયા હતા.

૧૯૪૪માં મે મેટ્રિકની પરીક્ષા આપી ત્યાં સુધી મોગલ સાહેબ સાથે વિદ્યાર્થી તરીકે ગાઢ પરિચય રહ્યો. કૉલેજમાં દાખલ થયા પછી શાળા સાથેનો સંપર્ક દિવસે દિવસે ઓછો થતો ગયો. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરીને બી. એ. અને એમ. એ. ની પરીક્ષા મેં આપી. અને એ જ કૉલેજમાં લેક્ચરર તરીકે હું જોડાયો ત્યારથી મોગલસાહેબ સાથેનો પરિચય ફરી પાછો તાજો થયો. શાળામાં હતો ત્યારે વર્ગના ઘણા વિદ્યાર્થીઓમાંના એક વિદ્યાર્થી તરીકે પરિચય હતો. હવે તેમણે મને એક વિદ્યાર્થીમિત્રનો દરજ્જો આપ્યો. અમારો સંબંધ ગાઢ થતો ગયો. ઘરે જવા આવવાનું ચાલુ થયું.

શાળામાંથી પસાર થઇ ગયેલા કોઇ કોઇ વિદ્યાર્થીઓ સાથે મોગલસાહેબ ઘરે જવા આવવાનો પ્રેમભર્યો નિઃસ્વાર્થ સંબંધ બાંધતા. તેઓ મારા ઘરે ઘણીવાર સહકુટુંબ આવવા લાગ્યા. અમારો ગુરુ-શિષ્યનો સંબંધ હવે ફૉર્મલ સંબંધમાં પરિણમ્યો. કયારેક સાહેબ બહારગામ હોય તો એમનાં પત્ની સુલોચનાબેન એટલા જ પ્રેમથી અમને બોલાવે કે સાહેબની ગેરહાજરી અમને લાગે નહિ. દિવાળીના દિવસે સાહેબ અચૂક અમારા ઘરે આવ્યા હોય. દર બેસતા વર્ષના દિવસે અમે તેમના ઘરે પગે લાગવા જઇએ. આ અમારો કાયમનો શિરસ્તો બની ગયો.

સાહેબ સાથે નિકટના પરિચયમાં આવવાનું નિમિત્ત તો એક ગ્રન્થનું લેખન-કાર્ય હતું. ૧૯૫૬માં એક દિવસ એમનો સંદેશો આવ્યો. હું ઘરે મળવા ગયો. એમણે કહ્યું, મુંબઇ સરકારના કેળવણી ખાતામાં વિશેષ વાચન તરીકે મંજૂર કરાવવા માટે પુસ્તકો સોંપવાનાં છે. અમારા પબ્લિશર્સ મેસર્સ કરસનદાસ એન્ડ સન્સ (સુરત) તરફથી એક પુસ્તક સુપ્રત કરવાનું છે. ઍવરેસ્ટ ઉપર પુસ્તક લખાવવાનો વિચાર કર્યો છે. એ પુસ્તક તમે લખી આપો.' પુસ્તક માટે એમણે ઘણી સામગ્રી એકઠી કરી આપી અને 'ઍવરેસ્ટનું આરોહણ' નામનું મારું પુસ્તક મુંબઇ સરકારના કેળવણી ખાતાએ મંજૂર કર્યું. ત્યારથી મોગલસાહેબના ઘરે જવાનું ઘણું વધી ગયું. એમના અંતરંગ સંબંધમાં આવવાનું થયું. તેઓ પોતાના પુત્રની જેમ મને ગણતા પોતાની અંગત વાતો કરતા અને મુંબઇના સાહિત્યિક જગત વિશે અંગત અભિપ્રાય પણ વ્યક્ત કરતા.

'ઍવરેસ્ટનું આરોહણ' લખતી વખતે મેં જોયું કે કરસનદાસ એન્ડ સન્સના અને એન. ડી. મહેતાની કંપનીનાં ઘણાં પુસ્તકોના મુદ્રણની જવાબદારી મોગલ સાહેબ સ્વીકારતા. કાગળ, ટાઇપ, લે-આઉટ, મથાળાં, ચિત્રોના બ્લોક ઇત્યાદિ બધી જ વસ્તુઓ તેઓ ઝીણી નજરે તપાસતા. એક પણ ભૂલ વગરનું, સરસ મુદ્રણવાળું, હાથમાં લેતાં જ ગમી જાય તેવું પુસ્તક તૈયાર કરવું એ મોગલ સાહેબની એક શોખની પ્રવૃત્તિ હતી. તેમની ચીવટ કેટલી બધી હતી તેની 'ઍવરેસ્ટનું આરોહણ'ના પ્રસંગે પ્રતીતિ થઇ હતી. 'ઍવરેસ્ટનું આરોહણ'નાં પ્રુફો જોઇ, સુધારીને હું સાહેબને આપતો. મારા તપાસેલાં પ્રુફ પછી સાહેબ પોતે જોઇ જતા અને એમાં લાલ પેનથી ભૂલો સુધારતા. એ વખતે મારા પ્રુફમાં ઘણાં જોડા લાલ સુધારા જોઇ હું તો ચમકી ગયેલો કે આટલી બધી ભૂલો કેવી રીતે રહી ગઇ હશે! પરંતુ એ ભૂલો જોડણીની ન હતી, કંપોઝિંગની હતી. કાનો કે માત્રા અવળા મૂકાઇ ગયા હોય, ટાઇપ ઘસાયેલો કે જરા તૂટેલો વપરાયો હોય, સરખો લાગે છતાં કોઇ રોંગ ફેસનો ટાઇપ હોય, બે ટાઇપ વચ્ચે કે બે શબ્દો વચ્ચે માપ કરતાં વધારે કે ઓછી જગા રખાઇ હોય, અનુસ્વાર બરાબર ઊઠયો ન હોય-ઇત્યાદિ એટલું બધું ઝીણી નજરે તેઓ જોતા કે પ્રથમ નજરે આપણને જે ભૂલ ન દેખાઇ હોય તે વર્ષોના મહાવરાથી તેઓ તરત પકડી પાડતા.

મોગલસાહેબે મન લેખનના ક્ષેત્રમાં પ્રવૃત્ત કરાવ્યો એટલા માટે 'ઍવરેસ્ટનું આરોહણ' પુસ્તક મેં અમને અર્પણ કર્યું હતું. પછીના તો મારા લેખન-કાર્યમાં તેઓ સતત રસ લેતા રહ્યા હતા. પાંચેક વર્ષ પહેલા 'Buddhism – An Introduction' નામનું મારું પુસ્તક તૈયાર થયું ત્યારે મોજ પ્રિન્ટિંગમાં મુદ્રણ-કાર્યની બધી જ જવાબદારી અમણે પ્રેમના સહર્ષ ઉઠાવી લીધા હતી.

મોગલસાહેબે શાળામાંથી નિવૃત્ત થયા પછી મુદ્રણ કાર્યને પોતાની એક શોખની મોટી પ્રવૃત્તિ બનાવી દીધી હતી. રોજ સવારે ગ્રાન્ટ રોડના ઘરેથી ચાલતા ચર્નિરોડ મોજ પ્રિન્ટિંગ બ્યૂરોમાં તેઓ પહોંચે. સવારના નવ યા દસ, સાડાદસસુધી તેઓ અચૂક ત્યાં બેઠા જ હોય. મેટર સુધાર, પ્રુફ તપાસે અને કામ વધ્યું હોય તો ઘર પણ લઇ જાય. જુદી જુદી સરયાઓ કે વ્યક્તિઓના પુસ્તકોના કામ. મહેનતાણાના કોઇ પણ અપેક્ષા વગર પ્રેમવા તેઓ કરી આપતા. મોગલ સાહેબને કોઇ કામ સોંપવા જાય અને એમણે ના પાડી હોય એવું ભાગ્યે જ બનતું. પ્રેમવા વિના મૂલ્યે તેઓ કામ કરી આપે, પણ ચોકસાઇ અને જવાબદારીનું ભાન એટલું જ. નિશ્ચિત સમયે એમનું કામ થયું જ હોય. ઉંમર વધવા સાથે અક્ષર બગડે, પણ પોતાની ઉંમરે પણ સાહેબના અક્ષર એવા જ પાણીદાર રહ્યા હતા.

ભાષા, જોડણી અને ટાઇપોગ્રાફી વગેરેની સૂઝ અને ચોકસાઇના કારણે મહારાષ્ટ્ર સરકારના અભ્યુકેશન બોર્ડના ગુજરાતી અને બીજા વિષયોના સમિતિ સાથે જીવનના અંત સુધી તેઓ સંકળાયેલા રહ્યા હતા. અભ્યુકેશન બોર્ડને તેમના કામમાં સંપૂર્ણ વિશ્વાસ હતો. એમની સલાહ મૂલ્યવાન ગણાતી.

થોડા વખત પહેલાં મોગલ સાહેબના ઘરેથી પુસ્તકોનું એક પેકેટ આવ્યું. ખોલીને જોયું તો એમાં મારાં જ લખેલાં પુસ્તકો હતાં. આજ દિવસ સુધી મેં એમને ભેટ આપેલાં એ પુસ્તકો હતાં. મને નવાઇ લાગી. કેમ પાછાં મોકલ્યા હશે? હું વિચારતો હતો ત્યાં એમનો ફોન આવ્યો. કહ્યું, 'બધા પુસ્તકો મેં વાંચી લીધેલાં છે. માર હવે એના જરૂર નથી. મેં મારો પરિગ્રહ ઓછો કરવા માંડયો છે. તમારા પુસ્તકો ગમે તેને આપી દઉં તેના કરતાં તમને જ પાછા મોકલ્યાં છે, જેથી તમને યોગ્ય લાગે તેમ ઉપયોગ કરી શકો. બીજા કેટલાક લેખકોને પણ એમનાં પુસ્તકો પાછાં મોકલ્યાં છે, એટલે માઠું ન લગાડશો. હું ધીમે ધીમે જીવનનો ભાર હળવો કરી રહ્યો છું.'

સ્વ. મોગલસાહેબ એટલે સ્વચ્છતા, શુદ્ધિ, ખંત, નિયમિતતા, ચીવટ, પ્રામાણિકતા, નિષ્ઠા, પરગજુપણું. એમના અવસાનથી આવા બધા સદ્‌ગુણોના સુમેળવાળી શાંત તેજસ્વી પ્રતિભાની ખોટ વરતાય છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો!

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, કાલબાદેવી રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૨. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ફ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૫-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

શીલવિઘાતક પરિબળો

ત્યાગ અને સંયમ સર્વત્ર પૂજ્ય, આદરણીય ગણાય છે. ભારતીય પરંપરામાં સાધુ-સંન્યાસી એવા ગુરુનો મહિમા ઘણો મોટો મનાયો છે. આપણા ધાર્મિક સાહિત્યમાં અનેક કવિઓ પોતાના ગુરુનો મહિમા ગાતાં થાકતા નથી.

'ગુરુ વિના જ્ઞાન નહિ' એ ઉક્તિ યથાર્થ જ છે. જ્ઞાનની આરાધના માટે ગુરુના જ્ઞાન કરતાં પણ ગુરુના આશીર્વાદનું મહત્ત્વ વિશેષ મનાયું છે, શિષ્યના પક્ષે ભાવપૂર્વક વિનય ન હોય તો જ્ઞાન પ્રાપ્ત થાય નહીં.

ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, સાક્ષાત્ પરબ્રહ્મ તરીકે ઓળખાવવામાં આવે છે. પરંતુ બધા જ સાધુ-સંન્યાસીઓ પોતાને પ્રગટ પરબ્રહ્મ માની લે તો ભારે અનર્થ થાય.

ત્યાગ અને સંયમનો માર્ગ ખાંડાની ધાર જેવો છે. દુનિયામાં જેટલા સાધુઓ, ભિક્ષુઓ, ફકીરો, પાદરીઓ હોય છે તે દરેક તીવ્ર વૈરાગ્ય અનુભવી સ્વેચ્છાએ સમજણપૂર્વક સંયમનો માર્ગ સ્વીકાર્યો હોય છે તેવું નથી હોતું. કેટલાક સંયોગવશાત્ એ માર્ગ ગ્રહણ કરેલો હોય છે. કેટલાક અજ્ઞાન કે લાચારીથી સંન્યસ્ત સ્વીકાર્યો હોય છે. કેટલાકને બાલ્યાવસ્થામાં કોઇ ભોળવીને, ઉપાડી જઇને બાવો બનાવી દેતાં હોય છે. કેટલાક અનાથ કે અનાશ્રિત હોવાના કારણે અથવા આજીવિકા મેળવવાને અસમર્થ અથવા પ્રકૃતિગત વિચિત્રતા કે મંદબુદ્ધિને કારણે આ માર્ગમાં આવી પડ્યા હોય છે. વેશથી તેઓ સાધુ હોય છે, પરંતુ તેમના હૃદયને વૈરાગ્યનો પાકો રંગ લાગેલ નથી હોતો.

સંસારનું નાશવંત સ્વરૂપ સમજાતાં કે તીવ્ર દુઃખનો અચાનક અનુભવ થતાં કેટલાકના હૃદયમાં વૈરાગ્ય જન્મે છે, પરંતુ જીવનના અંત સુધી એ વૈરાગ્ય એક સરખો ટકી રહેવો એ બહુ કઠિન વાત છે. વળી આંખ, નાક, જીભ વગેરે ઇન્દ્રિયોનો સ્વભાવ એવો છે કે જો તેનું પોષણ, ઉત્તેજન થયા કરે તો હૃદયમાં રહેલો સાચો વૈરાગ્યનો ભાવ પણ ઘડીકમાં અદ્રશ્ય થઇ જાય, અને ભોગવિલાસની ઝંખના થવા લાગે. એટલે એવા દાખલાઓમાં સાચી સમજણપૂર્વક સ્વેચ્છાએ દીક્ષા લીધી હોય તો પણ આત્મિક સુખ કરતા ઇન્દ્રિયાર્થ પદાર્થોના સુખની અભિલાષા વધારે જાગૃત રહે.

સાધુઓએ ઘર, સ્ત્રી, પુત્રાદિક, ધન વગેરેનો સંપૂર્ણ ત્યાગ કર્યો હોય, પરંતુ વાસનાઓ જાગતા પ્રકારાંતરે (By proxy) તે ભોગવવાની કોઇકને લાલસા જાગે. નળરાજાના ભાઇ પુષ્કરે રાજ્યસુખ છોડી વનમાં જઇ તાપસ તરીકે જીવન ચાલું કર્યું હતું પણ સમય જતાં ત્યાં તેનું માનસી રાજ્ય ચાલુ થયું હતું. વર્તમાન સમયમાં કેટલાક સાધુઓએ ઘર અને પૈસાનો ત્યાગ કર્યો હોય છે, પરંતુ જાહેર ઘરો અને જાહેર પૈસા ઉપર સ્વામિત્વનો ભાવ તેમનામાં આવી જાય છે.

ભલભલા મહાન સાધુઓને પણ પતનના માર્ગે લઇ જનારું એક મોટું વિઘાતક બળ તે લોકેષણા છે. માણસ સાધુ-સંન્યાસી થાય એટલે અનેક લોકો વંદન-દર્શન માટે આવે, પ્રશંસા થાય; વાહવાહ બોલાય; એમાંથી અહંકાર જન્મે વધુ મોટા થવાનું મન થાય. પ્રસિદ્ધિની આકાંક્ષા જન્મે. આજ્ઞા કરવાની ટેવ પડે બીજા મહાત્માઓ કરતાં આગળ નીકળી જવાનું અથવા અનેક લોકોને પોતાના તરફ વાળી લેવાનું મન થાય. આરંભમાં કરુણાનો ભાવ હોય. અનેક લોકોને સન્માર્ગે દોરી જવાની ભાવના હોય, પરંતુ સમય જતાં માત્ર સૂક્ષ્મ માનકષાયથી જ તે પ્રવૃત્તિ ચાલ્યા કરતી હોય લોકેષણા સાધુ જીવનને કયારે દગો દેશે તે કહી શકાય નહિ. જેઓ નિશ્ચય દૃષ્ટિ રાખે, આત્મધર્મમાં સ્થિર રહે છે તેઓ જ લોકેષણાના વમળમાં ડૂબતા નથી. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

'જિમ જિમ બહુ મત બહુ જન સમ્મત,
બહુ શિષ્યે પરવરિયો, તિમ તિમ જિન શાસનનો વૈરી;
જો નવી નિશ્ચય દરિયો...'

સાચી સાધુતા જગતમાં સહેલી અને સસ્તી નથી. સાધુ, ભિક્ષુ કે સંન્યાસી તરીકે દીક્ષા લેવી અને એનાં સમુદાયના બધા જ આચારો પાળવા એ ઘણી કઠિન બાબત છે. મનુષ્યનું ચિત્ત કયારે પ્રમાદશીલ બની જશે, કયારે ત્યાગ-સંયમને બદલે ઇન્દ્રિયોના ભોગવિલાસમાં રાચશે એ કહી શકાય નહિ. ગૃહસ્થો સાથે અતિ સંસર્ગ, વિજાતીય વર્ગ સાથે નર્મમર્મ યુક્ત વચનો, એકલવિહાર, ખાવાપીવામાં અસાવધાની ઇત્યાદિ સાધુ સંન્યાસીઓને પ્રમાદી બનાવી દે છે. મોટા શહેરોમાં એનાં પ્રલોભનો વધુ હોય છે.

સાધુનો વેશ ધારણ કરતી વખતે સાચી ભાવનાથી ધારણ કર્યો હોય, પરંતુ પછીથી વેશનાં માનપાન તથા ખાનપાનના લાભ એટલા બધા મળવા લાગે કે ત્યાગ સંયમની વાત બાજુ પર રહી જાય. આવા વેશધારી સાધુઓ સામે પ્રાચીન સમયથી પૂર્વાચાર્યો ચેતવણી આપતા આવ્યા છે. અવંદનીય સાધુઓની વાત કરતી વખતે પણ એમના હૃદયમાં તો તેઓ ફરી પાછા વંદનીય કેમ બને તે માટેની ચિંતાજનક કરુણા જ રહેલી હોય છે.

શું હિન્દુ ધર્મ હોય કે જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ હોય કે ઇસ્લામ, ધર્મ, ખ્રિસ્તી ધર્મ હોય કે યહૂદી ધર્મ, દરેક ધર્મમાં સાધુઓની કંઈકને કંઈક સમસ્યાઓ ચાલ્યા જ કરતી છે. સાધુનું સ્થાન સમાજમાં પરમ વંદનીય ગણાય છે. એટલે એમની માનવસહજ કોઈ નબળાઈઓની જાહેરમાં ટીકા, નિંદા કે ચર્ચા બહુ ઇષ્ટ ન ગણાય. પરંતુ તેમને તેમના હિતનો બોધ અંગત રીતે આનગીમાં વડીલ સાધુ કરે તે ઇષ્ટ ગણાય છે. સાધુ આદરને પાત્ર, અનુકરણીય છે. એટલે જાહેરમાં એની અવહેલના થાય એ સમાજ માટે ઇષ્ટ નથી. તેમ છતાં કોઈ દુષ્ટ વ્યક્તિ સાધુ થઈ બીજા સાધુઓને ન બગાડે તે માટે શિક્ષા અને પ્રાયશ્ચિતની વ્યવસ્થા દરેક ધર્મ અને સંપ્રદાયમાં રહેલી છે.

સાધુઓને પ્રલોભનો આપી બગાડવાનું કાર્ય ઘણીવાર ગૃહસ્થો જ કરતા હોય છે. જેટલે અંશે ગૃહસ્થો સાધુઓ પ્રત્યે પોતાના કર્તવ્યમાં સજાગ તેટલે અંશે સાધુ-સમુદાય સજાગ અને તેમની અવનતિનાં કારણો ઓછાં.

ભારતીય સંસ્કૃતિ એના સાધુ-સંન્યાસીઓની ગૌરવભરી પ્રાચીન પરંપરાથી શોભે છે. આપણા દાર્શનિક પૂર્વાચાર્યોએ માનવ મનના અતલ ઊંડાણ માપીને, નબળાઈઓનો ગંભીર વિચાર કરીને એવી ઝિણવટભરી સમાચારી દર્શાવી છે કે કોઈ સાધુને પતિત થવું હોય તો પણ ઠીક ઠીક વાર લાગે. આપણા પૂર્વસૂરિઓની ક્રાંત દૃષ્ટિની એ પ્રતીતિ કરાવે છે.

જૈન શાસ્ત્રગ્રન્થોમાં પાંચ પ્રકારના સાધુઓને અવંદનીય ગણવામાં આવ્યા છે. પૂ. દેવેન્દ્રસૂરિકૃત 'ગુરુવંદન ભાષ્ય'માં કહ્યું છે :

પાસત્થો ઓસન્નો, કુસીલ સંસત્તઓ અહાવંદો ।
દુગ – દુગ તિ-દુ-ણેગવિહા, અવંદણિજ્જા જિણમયંમિ । ૧૨ ।

આ પાંચ પ્રકાર તે (૧) પાર્શ્વસ્થ (૨) અવસન્ન (૩) કુશીલ (૪) સંસક્ત (૫) યથાછંદ. આ પાંચેના પેટા પ્રકાર પણ બતાવવામાં આવ્યા છે.

'પાસત્થા' શબ્દ સંસ્કૃત 'પાર્શ્વસ્થ' ઉપરથી આવ્યો છે. 'સ્થ' એટલે રહેવું. જેઓ આત્મામાં નહિ, પણ બહાર કે બાજુમાં રહે છે, જેઓ ધર્મમાં નહિ પરંતુ ધર્મની બહાર રહે છે, જેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીનું સેવન ન કરતાં તેનાથી દૂર રહે છે તેને 'પાર્શ્વસ્થ' કહેવામાં આવે છે.

'પાસત્થા' શબ્દ 'પાશસ્થ' ઉપરથી પણ આવી શકે, 'પાશ' એટલે ફાંસો અથવા જાળ. જેઓ મોહમાયાની જાળમાં લપટાઈ ગયા છે તેને પણ 'પાર્શ્વસ્થ' કહેવામાં આવે છે.

જે સાધુ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર્યથી સર્વથા રહિત હોય અને માત્ર વેશધારી હોય, જે મોટા અધિકારીઓના કે શ્રીમંતોના ઘરેથી આહાર મેળવે અથવા મંગાવે અથવા પોતે અગાઉથી નક્કી કરેલાં ઘરોમાંથી નક્કી કરેલો આહાર મેળવે, અથવા ગૃહસ્થોના જમણવાર વગેરેમાંથી સ્વાદિષ્ટ આહાર મેળવવાની લાલસા રાખે, ગૃહસ્થોની વારંવાર ખુશામત કર્યા કરે, તે સાધુને 'પાર્શ્વસ્થ' કહેવામાં આવે છે.

જે સાધુ પોતાની સાધુ તરીકેની સમાચારી પાળવામાં શિથિલ કે અનુત્સાહી હોય તેવા સાધુને 'અવસન્ન' કહેવામાં આવે છે. પ્રતિક્રમણ, પડિલેહણ, સ્વાધ્યાય, ભિક્ષાચર્ય, તપશ્ચર્યા, આગમન, નિર્ગમન, આસન, શયન, વગેરેને લગતી સમાચારી, વેઠ ઉતારતા હોય તેમ મન વગર કરે અને જેવી તેવી અરધીપરધી કરે તે સાધુને 'અવસન્ન' કહેવામાં આવે છે.

ખરાબ આચરણવાળા સાધુને કુશીલ કહેવામાં આવે છે. જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્રકુશીલ એવા એના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. મંત્ર, તંત્રના ચમત્કાર બતાવી ભક્તોને ભોળવે, લોભાવે, જ્યોતિષ કે સ્વપ્નનાં ફળ કહીને ભલચાવે, કામણ-વશીકરણ કરે, પોતાના શરીરને વિભૂષિત રાખવાનો પ્રયત્ન કરે તેને ચારિત્રકુશીલ કહેવામાં આવે છે.

કેટલાક સાધુઓમાં કેટલાક સારા ગુણ હોય, પરંતુ તેની સાથે સાથે કેટલાક મોટા દોષો પણ હોય તેવા સાધુને 'સંસક્ત' કહેવામાં આવે છે.

જે સાધુ સાંસારિક કર્યોમાં રસ લે, શાસ્ત્રગ્રંથોનો ખરાદા-પૂર્વક અનર્થ કરી પોતાની સ્વચ્છાનુસાર વર્તન કરે, ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, વારંવાર ક્રોધ-આક્રોશ કરે, એશઆરામનું જીવન વિતાવવામાં પ્રવૃત્ત રહે તેને યથાછંદ કહેવામાં આવે છે. આવા સાધુઓના ઘણા પ્રકાર જોવા મળે છે.

આપણા પૂર્વાચાર્યોએ પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત, અને યથાછંદ સાધુને અવંદનીય કહ્યા છે. એમને વંદન કરવાથી કર્મનિર્જરા થતી નથી, પરંતુ કાયક્લેશ અને કર્મબંધ થાય છે.

કોઈ સાધુ વંદનીય છે કે અવંદનીય એની પહેલેથી ખબર તો ન જ પડે. એટલે સાધુનો વેશ ધરાવનાર સર્વ વંદનને યોગ્ય જ છે એમ સમજી પ્રથમ તો વંદન કરવું જ જોઈએ; પરંતુ પરિચયે જો જણાય કે સાધુ પાસત્થાદિ છે તો તેવા સાધુઓ વંદનને પાત્ર નથી, અવંદનીય છે એમ સમજવું જોઈએ.

દુનિયાના બધા જ ધર્મોમાં શીલ ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. જૈન ધર્મે તો શીલના પાલનના અઢાર હજાર ભેદો (૩ યોગ × ૩ કરણ × ૪ સંજ્ઞા × ૫ ઇન્દ્રિયો × ૧૦ પૃથ્વીકાયાદિ × ૧૦ યતિધર્મ=૧૮૦૦૦) દર્શાવ્યા છે. 'સકલતીર્થ'માં કવિ કહે છે.

'અઢી દ્વીપમાં જે અણગાર,
અઢાર સહસ શીલાંગના ધાર;
પંચ મહાવ્રત સમિતિસાર,
પાળે પળાવે પંચાસાર;
બાહ્ય-અભ્યંતર તપ ઉજમાલ,
તે મુનિ વંદુ ગુણમણિમાલ.'

વર્તમાન સમયમાં શીલને વિઘાતક એવાં પરિબળો દુનિયાભરમાં વધવા લાગ્યાં છે. જીવને સુખશીલ થવાનાં ઉપકરણો વધતાં જાય છે. વિજ્ઞાન દ્વારા ભૌતિક સાધનોનો પ્રભાવ વધતો ચાલ્યો છે. ગૃહસ્થ જીવન અને સાધુજીવન વચ્ચે સુખ સગવડની દૃષ્ટિએ અંતર વધવા લાગ્યું છે. સાધુ જીવન માટે ભૌતિક પ્રલોભનો વધવા લાગ્યાં છે. યુરોપ અમેરિકા હોય કે એશિયાના દેશો હોય સાધુના (અને ગૃહસ્થના પણ) શીલને શિથિલ કરે એવું વાતાવરણ વધતું જાય છે. એટલે જ શીલસંપન્ન સાધુઓએ વધુ સજાગ રહેવું પડે એવી સ્થિતિ ખાસ કરીને મોટાં શહેરોની થતી જાય છે. અચલ રહેવા માટે મોટા ઉદ્યમની અપેક્ષા વધતી જાય છે.

જેઓ જાગે છે એમને જગાડવાની જરૂર ન જ હોય. તેઓ તો પરમ વંદનીય છે.

—રમણલાલ ચી. શાહ

વાણીનું મૂલ્ય કેટલું ?

પ. પૂ. આચાર્ય શ્રી વિજયઉંકારસૂરિ

એક સરસ સુભાષિત છે :

'વચન રતન મુખ કોટડી, બંધ કરી દીજે તાળ;
આહક હોય તો ખોલીએ, દીજે વયણું રસાળ...'

ભાષા બહુ મોટી ઉપલબ્ધિ છે : 'વચન રતન' રત્નોને તો સાચવીને રાખવાં જોઇએને ? 'મુખ કોટડી' મુખની દુકાનમાં શેના રૂમમાં સાચવીને રાખવાનાં, માનતું ખંભાતી તાળું લગાવીને

'આહક હોય તો ખોલીએ...' કેવો ગ્રાહક મળે તો ઝવેરી માલ બતાવે ? 'આહક' શબ્દ જ એનો જવાબ આપી દે છે. શ્રવણ કરનાર, વાણીને ઝીલનાર વ્યક્તિત્વ સામે હોય તો જ વાણીનો ઉપયોગ કરવો. અશબ્દમાંથી શબ્દમાં આવવું. નહિ તો અશબ્દ યાત્રા જ મજાની છે.

કંઈ પણ બોલતાં પહેલાં બે વાર વિચાર કરો. પહેલું તો એ કે, આ ન બોલું તો કંઈ નુકસાન તો થાય તેમ નથી ને ? જવાબ નકારમાં મળે તો ત્યાં જ અટકી જવું. પણ જવાબ હકારમાં મળે, એટલે કે, તમારા ન બોલવાથી કંઈ નુકસાન થાય એવું હોય તો બીજો વિચાર કરવાનો.

બીજો વિચાર એ આવે કે, આ વાત કોઇને અપ્રિય તો નહિ લાગે ? કોઈનું અહિત તો આનાથી નહિ થાય ?

આ વિચાર આવ્યા પછી, બોલવું પડે તોય તમે વાણીની કટુતાને ગાળીને બોલશો, જેથી તમારી વાણી સામાને મીઠી લાગે.

આખરે, કેવું બોલવું ?

હિત, મિત, પથ્ય, સત્યમ્ બોલવું.

સત્યને ત્રણ વિશેષણો આપ્યાં. આ ત્રણ વિશેષણોવાળું સત્ય વચન બોલવું.

પહેલી વાત : 'હિતમ્' હિતકારી વચન હોવું જોઇએ. સાંભળનારનું જે સાંભળ્યા પછી અહિત થાય એવી વાત સાંભળવાથી શો ફાયદો ?

'મિતમ્'. એ હિતકારી વચન પણ માપસરનું જોઇએ.

એક રવિવારે વરસાદ આવતો હતો. એટલે પાદરીએ વિચાર્યું કે આજે કોઇ શ્રોતા નહિ આવે. એટલે આજે પ્રવચનની રજા રાખીશું.

નવ વાગ્યે-પ્રવચન શરૂ થવાનો જે સમય હતો-એક સદ્‌ગૃહસ્થ આવ્યા. પાદરીએ કહ્યું : 'આજે પ્રવચન નહિ રાખીએ. કોઇ આવે તેમ લાગતું નથી.'

સદ્‌ગૃહસ્થે-જે બેઠુન હતા-કહ્યું : 'તમને ઠીક લાગે તેમ કરી શકો છો. પણ, મારી વાત કહું તો, મારી બધી ગાયો હોય ત્યારે બધીને હું ઘાસ નીરું છું અને એક-જે હોય કો'ક દિવસ તોય ઘાસ તો હું નીરું જ છું.....'

પાદરી મહાશયને લાગ્યું કે, વાત તો ખરી છે. 'ડયુટી ઇઝ ડયુટી એન્ડ વી હેવ ટુ પરફોર્મ ઇટ.' ફરજથી છટકી ન શકાય.

તેમણે રોજના નિયમ પ્રમાણે બે કલાક વ્યાસપીઠ ગજવ્યું અને વ્યાસપીઠ પરથી ઊતરતાં પેલા સદ્‌ગૃહસ્થનો આભાર માન્યો કે તેમણે પોતાને ફરજનું ભાન કરાવ્યું હતું...ગાય અને ઘાસના ઉદાહરણથી.

'પણ, એક બે ગાય હોય ત્યારે હું ઘાસની આખી ગંજી નીરી નાખતો નથી...' સદ્‌ગૃહસ્થે બે કલાકના ભાષણથી કંટાળી કહ્યું.

પાદરી મહાશયને લાગ્યું કે ફરજ બજાવવાના ઉત્સાહમાં એમણે થોડો અતિરેક કરી દીધો હતો.

સત્ય વચન હિતકારી હોય. બહુ વિવેકપૂર્વક, થોડા શબ્દોમાં કહેવાયેલું હોય અને પથ્ય હોય. ઘણી વખત હિતકારી વચન પણ શ્રોતાની કક્ષા સમજ્યા વગર. કહેવામાં આવે તો, અપથ્ય, નકામું બની જાય છે.

આજે વાણીનો આડેધડ ઉપયોગ ખૂબ વધી ગયો છે. આ દુરુપયોગે જ ઘણા બધા સંબંધોને કટુ બનાવી દીધા છે.

જમાઇ અને સસરો હળ ખેડતા' તા ત્યારે રસ્તા પરથી પસાર થઇ રહેલા એક વટેમાર્ગુએ પૂછ્યું : 'ભાઇ ! અહીંથી સ્ટેશન કેટલું દૂર ?'

સસરાએ કહ્યું : 'ચાર ગાઉ છે, ભાઇ !'

જમાઇએ સસરાની વાતને કાપતાં કહ્યું : ના, ના. ચાર ગાઉ કેવું ? ત્રણ ગાઉ છે...'

વટેમાર્ગુ તો રસ્તે પડ્યો.

પણ પછી સસરા-જમાઇમાં ચકમક ઝરી પડી.

'આ માગે' હાલી હાલીને તો મારા ટાંટિયા ધસાઇ ગયા. પૂરા ચાર ગાઉ છે. ઘોડાના કાન જેવા. પા ગાઉય ઓછો નહિ.'

'તમે ઘરડા થયા એટલે તમને લાંબુ લાગે, બાકી ત્રણ ગાઉથી એક તસુય વધારે નથી.'

ધૂળિયા રસ્તા કોણે માપેલા હોય ? આ બેઉ તો બાખડી પડ્યા. સસરાજી ચાર ગાઉમાંથી એક તસુ ઓછું કરવા તૈયાર નહિ; જમાઇરાજ ત્રણ ગાઉ ઉપર એક તસુ વધારવા તૈયાર નહિ.

ભાત લઇને આવેલ દીકરીએ જોયું કે, જો થોડી વધુ વાર થશે તો આ શબ્દોની મારામારી હાથોની મારામારીમાં ફેરવાશે. એકેય સમજવા તૈયાર નથી. છેવટે, ડાહી દીકરીએ બાપ પાસે એક ગાઉ માગ્યો. મને એક ગાઉ આપો ! અને એમ કરીને બાજી સંભાળી લીધી.

કેવું કર્યું 'તું વાતનું વતેસર ! સ્ટેશન ત્રણ ગાઉ હોય કે ચાર ગાઉ; ચાલનારને ચાલવું 'તું...આ બેઉને શો વાંધો હતો ? અહમ્નો. હું 'કહું તે જ સાચું...'

જગતમાં ઘણાં યુદ્ધો આ અહમ્ અને ધર્માંધે ખેલાવ્યાં છે... યુદ્ધ ચાલુ જ છે. તમે જોપ્રબુદ્ધ બની શકો તો યુદ્ધના મેદાનમાં પ્રેક્ષક દ્રષ્ટા બની શકો. સાક્ષીભાવ આવે.

અનંત જન્મથી આત્મા લડતો આવ્યો છે. 'કલાણો આમ કેમ બોલ્યો, ને ઢીંકણાએ આમ કેમ કર્યું' જેની નજીવી બાબતોને ઉખેળી કુરુક્ષેત્રો ખડાં કરતો જ આવ્યો છે.

તે વખતે જો પરમાત્માની વાણી પર મન ઠરી જાય... પરમાત્માએ કહ્યું ; યુદ્ધ તો કરવાનું જ છે. પણ આંતર શત્રુઓ જોડે. 'ખરા દુશ્મન તો દિલમાં છુપાયા છે.'

કામ, ક્રોધ મોહ ખરા દુશ્મનો છે. તપ, જ્ઞાનનાં શાસ્ત્રો વડે એમની સાથે યુદ્ધ કરવાનું છે.

ભાષા સમિતિ વાણીના મૂલ્યને ખરા સ્વરૂપમાં પ્રસ્તુત કરી શકે છે.

વચન પર નિયંત્રણ લાદતી બ્રેક છે.

બ્રેક વગરની ગાડી નકામી છે.

ભાષા સમિતિ વિનાની વાણી વ્યર્થ છે.

હાથી અંકુશથી શોભે.

વાણી ભાષા સમિતિથી શોભે.

સાચું-સાચું બોલો.

મીઠું મીઠું બોલો.

સંપત્તિના સર્જનની પરિશ્રમગાથા

કુમારપાળ દેસાઈ

આખો દેશ વિરાટકાય અજગરની પેઠે આળસ, દરિદ્રતા અને કુંઠિતતાનો ભરડો લઈને પડ્યો હતો. અંગ્રેજ સરકાર માત્ર ભારતનો શોષણના સાધન તરીકે ઉપયોગ કરી રહી હતી. એકસો બેટલાં કુપમંડૂક રજવાડાંઓ પોતાના રાજ્યને જ જગત માનીને જીવતાં હતાં. આવે સમયે ઈ. સ. ૧૮૬૮માં ૨૯ વર્ષની ઉંમરે માત્ર ૨૧,૦૦૦ રૂપિયાની મૂડીથી જમશેદજી તાતાએ આ સૂતેલા અજગરને ઢંઢોળવાનો અપ્રતિમ પુરુષાર્થ કર્યો.

પશ્ચિમની ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં ભારત વસ્ત્ર, પોલાદ, વાહન અને બીજી ચીજવસ્તુના ઉત્પાદનમાં ઘણું આગળ હતું પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ પછી યુરોપના દેશોએ વિકાસની છલાંગ ભરી ત્યારે ભારત ગુલામી અને ગતાનુગતિકતાના અંધકારમાં અટવાતું હતું. આ સમયે જમશેદજી તાતાએ દેશની ઔદ્યોગિક અને બૌદ્ધિક સ્થિતિ સુધારવા તેમ જ પરાધીનતામાં કચડાયેલી પ્રજાની રચનાત્મક અને ઉત્પાદક પ્રતિભા મહોરી ઊઠે તે માટે સાહસભર્યો પુરુષાર્થ કર્યો. દેશને આધુનિક વિજ્ઞાન અને ઉદ્યોગને માર્ગે વાળીને એને અગ્રણી ઉદ્યોગપ્રધાન દેશ બનાવવા માટેની અદમ્ય ધગશ જમશેદજી તાતામાં હતી. જમશેદજી તાતાએ જે બી વાવ્યું તેમાંથી વિશાળ તાતા ગૃહરૂપી વૃક્ષ થયું અને આ બીજમાંથી વિશાળ વટવૃક્ષની સાહસભરી વિકાસયાત્રાનો રસપ્રદ આલેખ એટલે શ્રી રસી લાલાનું 'સંપત્તિનું સર્જન' પુસ્તક. આમાં જમશેદજી તાતાની એ દૃષ્ટિવંત કેડી કઈ રીતે રાજમાર્ગ બની અને તે માટે કેવી કેવી મથામણો, નિષ્ફળતાઓ અને પડકારોનો સામનો કરવો પડ્યો તેનું આલેખન કર્યું છે.

સંપત્તિનો ત્રણ પ્રકારે ઉપયોગ થાય છે: એક સંપત્તિનું સર્જન, બીજો સંપત્તિનો ઉપભોગ અને ત્રીજો સંપત્તિ પર અંકુશ. એમાં સંપત્તિનું સર્જન કરવા માટે અથાગ પરિશ્રમ અને અખૂટ સાહસબળ દાખવવું પડે છે. જ્યારે બીજા પાસેથી મળેલી સંપત્તિનો ઉપભોગ કરનારાઓ કે અન્યની સંપત્તિ પર અંકુશ મેળવનારાઓને માટે કોઈ વિશેષ યોગ્યતાની જરૂર પડતી નથી. સંપત્તિના સર્જન માટે કોઈ મુશ્કેલીઓનો અવિરત સામનો કરવાનું મનોબળ, દૂરંદેશીપણું અને હૃદયની સચ્ચાઈની જરૂર પડે છે. એવા રાષ્ટ્ર માટે કરેલા સંપત્તિના સર્જનની પરિશ્રમગાથા આ પુસ્તકમાં આલેખાઈ છે.

તાતા ગૃહની પિસ્તાલીસથી પણ વધુ વિશાળ કંપનીઓના પાયામાં જમશેદજી તાતાનું ચારિત્ર્યબળ છે. તેઓ ભારતની ઔદ્યોગિક ક્રાંતિનું મહત્ત્વ પૂરેપૂરું સમજતા હતા અને તેથી જ આ માટેની પાયારૂપ બાબતો, જેવી કે પોલાદનો ઉદ્યોગ, સસ્તી જળવિદ્યુત તેમ જ યંત્રઉદ્યોગના શિક્ષણ સંશોધન પર તેમણે ભાર મૂક્યો. આખી દુનિયામાંથી જે કંઈ સારું જોતાં, તેનો લાભ પોતાના દેશને મળે તે માટે તત્પર રહેતા. ફ્રાંસમાં જઈને રેશમના કીડાના ઉછેરનો અભ્યાસ કર્યો 'તો જાપાનમાંથી રેશમની ખેતી અંગે પ્રયોગ કરવા માટે નિષ્ણાતોને બોલાવી લાવ્યા. પરિણામે મૈસૂરનો રેશમ-ઉદ્યોગ પુનર્જીવિત કર્યો. એમનામાં નવા નવા વિચારો કરવાની, દૂરનું જોવાની, અને તેને સાકાર કરવાની શક્તિ હતી. એમની આ દીર્ઘદૃષ્ટિનો દાખલો તો એમણે એ જમાનામાં સાયન્સ યુનિવર્સિટીની યોજના રજૂ કરી હતી. કરિયરે તાતાનુકૂલનની શોધ કરી તે અગાઉ વર્ષો પહેલાં એમણે પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમને સ્થાને ગેળાકાર ઇમારત બંધાવી અને તેમાં બરફનું કારખાનું નાખીને આખી ઇમારતને ઠંડક આપવાની યોજના વિચારી હતી.

દેશના ઔદ્યોગિક વિકાસ માટે જમશેદજી તાતા અને એમના અનુગામીઓને સતત સંઘર્ષ ખેલવો પડ્યો છે. જમશેદજી તાતાએ દેશના ઔદ્યોગિક વિકાસને નષ્ટપ્રાયઃ કરવા માટે બ્રિટિશ સામ્રાજ્યવાદે ઘડેલી યુક્તિ-પ્રયુક્તિઓનો સામનો કર્યો. દૂર પૂર્વમાં ભારતીય નિકાસની ચીજોનું ઊંચું ભાડું લેતી પી એન્ડ ઓ કંપની સામે લડત ચલાવી એ જ રીતે કોલસાથી ટેવાયેલી કાપડની મિલોને વીજળી પર જવાનું પ્રોત્સાહન આપવા માટે તાતા કંપનીને ઘણી મહેનત કરવી પડી, જ્યારે 'ધ તાતા ઓઇલ મિલ્સ કંપની'ને શરૂઆતમાં એક બહુરાષ્ટ્રીય કંપની સાથે તીવ્ર સ્પર્ધામાં ઊતરવું પડ્યું હતું. એ પછી શ્રી જે. આર. ડી. તાતાએ હવાઈ માર્ગે ટપાલ લાવવા-લઈ જવા માટે સરકાર પાસે થોડીક આર્થિક મદદ (સબસીડી) માંગી. બીજા દેશોમાં સામાન્ય રીતે તે આપવામાં આવતી હતી, પરંતુ સરકારે ચોખ્ખી ના પાડી. આ તબક્કે તાતાએ નક્કી કર્યું કે થોડો સરચાર્જ લઈને પણ દેશને સેવાઓ આપવાનું ચાલુ રાખીશ.

કેટલાક પ્રસંગોએ મુશ્કેલીના કાળમાં હિંમત રાખ્યાના ઉદાહરણો પણ મળે છે. જમશેદજી તાતાએ નાગપુરમાં એમ્પ્રેસ મિલ શરૂ કરવા માટે રેલવે સ્ટેશનની નજીકની નીચાણવાળી જમીનમાં પૂરાણ કરવાનું શરૂ કર્યું ત્યારે એક મારવાડી શરાફે શેર લેવાની ના પાડી અને કહ્યું કે તમે તો સોનું ધરબીને વેડફી રહ્યા છો. મારે એ ધંધો નથી કરવો. જો કે પાછળથી એમણે કબૂલ કર્યું કે જમશેદજીએ ધરતીમાં સોનું નહોતું ધરબ્યું પણ માટી જ ધરબીને સોનું કાઢ્યું હતું. આવી જ રીતે ૧૮૮૬ માં અનેક પેઢીઓની પ્રતિષ્ઠાને ભોંય ભેગી કરનાર અને ખખડી ગયેલું તંત્ર ધરાવનાર સ્વદેશી મિલ લઈને જમશેદજીએ ઉદ્યોગપતિ તરીકે પ્રતિષ્ઠા વધારી. એક વાર એના શેરના ભાવ ગગડીને ચોથા ભાગના થઈ ગયા બે વર્ષ પછી મિલ ડિવિડન્ડ આપી શકી નહીં ત્યારે જમશેદજીએ અવિરત પ્રયાસો કરીને આ મિલને દેશની અગ્રણી મિલોની હારમાં બેસાડી દીધી.

૧૯૨૪-૨૫ ની આસપાસ તાતા સ્ટીલ ભયંકર આર્થિક મુશ્કેલીમાં સપડાઈ ગઈ અને બેન્કે એ સમયે અગાઉ ધીરેલા પૈસા માટે બાંહેધરી માંગી ત્યારે સર દોરાબ તાતા અને આર. ડી. તાતાએ પોતાની અંગત પ્રોમિસરી નોટ પર બેન્કને જરૂરી બાંહેધરી આપી હતી. કંપની ટકશે કે નહીં તે વિશે મોટી શંકા સેવાતી હતી, ત્યારે સર દોરાબજીએ પોતાની ૧ કરોડની અંગત મિલકત અને પોતાની પત્નીનાં ઘરેણાં ઇમ્પીરિયલ બેંક ઓફ ઇંડિયામાં ગીરો મૂક્યાં હતાં. આવી જ રીતે એક વાર તાજ હોટેલની આવક એટલી ઓછી થઈ ગઈ કે બીજો કોઈ માલિક હોત તો તે વેચી નાખી હોત, પણ તાતા ગૃહે આવો કોઈ વિચાર ન કર્યો. ચોથી મોટી મુશ્કેલી તો તાતા કેમિકલ્સની સ્થાપના વખતે થઈ. આની યંત્ર-

સામગ્રીનો પહેલો હપ્તો દરિયામાં ડૂબી ગયો અને બીજો માલ મેળવવામાં ભારે મુશ્કેલી આવી.

મીઠાપુરમાં ઓછો વરસાદ પડતાં મીઠાપુર રાસાયણિક સંકુલ પર નવો ભય તોળાઈ રહ્યો. આ સમયે મીઠાપુરનાં બે જળાશયોનું પાણી બચાવવા માટે ભગીરથ પ્રયાસો કર્યા. કારખાનામાં વપરાતા મીઠા પાણીને બદલે શુદ્ધ કરેલા સમુદ્રના પાણીની વ્યવસ્થા ગોઠવી એક મહિનામાં તો શહેરનાં સંડાસોમાં સમુદ્રનાં પાણીનાં નળ જોડવી દીધા. એક અઠવાડિયામાં જ કેટલાક કૂવામાં સાડા પાંચ માપલ. લાંબી પાઇપલાઇન નાંખી, જેથી કારખાનાને અને શહેરને મીઠું પાણી મળી રહે. એનું એ પાણી ફરી વાપરવાની યુક્તિ શોધી કાઢી, અને પરિણામે પાણીનો વપરાશ બાવીસ લાખ ગેલન પરથી ઘટીને પાંચ લાખ ગેલન થયો! એટલું જ નહીં પણ શહેર અને કારખાનાંઓમાં 'જળાશય બચાવો' સપ્તાહની ઘોષણા કરી અને ૧૬ હજાર લોકોએ અને કારખાનાંઓએ એક અઠવાડિયું જળાશયના પાણી વિના ચલાવ્યું. આ ઘટનાને પરિણામે લોકોનો નૈતિક જુસ્સો વધી ગયો. પરિણામ એ આવ્યું કે સતત ત્રણ વર્ષ સુધી અનાવૃષ્ટિ રહી હોવા છતાં કારખાનાનું ઉત્પાદન વધતું જ રહ્યું!

સાહસિકને સંપત્તિ વરે, એ ઉક્તિ અહીં ચરિતાર્થ થતી જોવા મળે છે. જેમ કે 'પોલાદની કથા' એ બીજા પ્રકરણમાં કાચા લોખંડની શોધ માટે જમશેદજી તાતાએ કરેલા મહાભારત પ્રયાસની ગૌરવગાથા મળે છે. એની શોધ માટે બળદગાડામાં મુસાફરી કરવી પડતી અને બોરાક કે ચોખ્ખું પાણી મેળવવાની પણ મુશ્કેલી પડતી. આવી જ રીતે તાજને સહુ તાતાનો 'ધોળો હાથી' કહેતાં હતા અને તેમના સમકાલીનોમાંથી કોઇ તેનો માલિક થવા ઇચ્છતું નહોતું ત્યારે તાતાએ આ પડકાર ઝીલી લીધો. જે. આર. ડી. તાતાએ જ્યારે વિમાની સેવાની શરૂઆત કરી ત્યારે એ વિમાનોને જમીન પર કે આકાશમાં કોઇ સાધનોની મદદ ન હતી. દિશા કે ઉતરાણ બતાવનારાં કોઇ પણ સાધનો કે રેડિયો ન હતાં અને વિમાનીમથક તરીકે માત્ર જુહૂનું કાદવ-વાળું મેદાન હતું! અહીં ચોમાસામાં સમુદ્રનાં પાણી ફરી વળતાં વખતોવખત સ્થાળાંતર કરવું પડતું. ૧૯૪૭ના ઓક્ટોબરમાં દેશના ભાગલા પડ્યા ત્યારે,તાતાએ યુરોપ સુધી વિમાનો લઇ જવાની ભારત સરકાર સામે દરખાસ્ત મૂકી હતી. માત્ર દસ જ દિવસમાં એને મંજૂરી મળી, કારણ એ હતું કે એને વિશે સરકારમાં બેઠેલાઓને કશી વિશેષ જાણકારી ન હતી!

મીઠાપુરની રોજ ૮૦ ટન સોડા એશ ઉત્પાદન કરવાની ક્ષમતાને ૨૦૦ ટન સુધી પહોંચાડવા માટે તાતાની એક જર્મન કંપની સાથે વાટાઘાટ ચાલતી હતી ત્યારે ૩૬ વર્ષના યુવાન કેમિકલ એન્જિનિયર દરબારી શેઠે વહીવટી બોર્ડને કહ્યું કે આ માટે પરદેશી મદદની કોઇ જરૂર નથી. આપણે પણ તેમ કરી શકીએ. વળી હવે તો રોજના ૨૦૦ ટનને બદલે ૪૦૦ ટન ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવો જોઇએ. વહીવટી બોર્ડના સોળ સભ્યોમાંથી એક જ સભ્ય જે. આર. ડી. તાતા દરબારી શેઠનાં સૂચનો સાથે સંમત હતા અને અંતે મીઠાપુરના રાસાયણિક સંકુલને ફરી નવેસરથી તૈયાર કરવાની સઘળી જવાબદારી પૂરતી મોકળાશ સાથે દરબારી શેઠને સોંપવામાં આવી. આવી જ રીતે વાહન-ઉદ્યોગની કપરી પરિસ્થિતિ હોવા છતાં તાતાએ વેપારી વાહનો તૈયાર કરવાનું મોટું કારખાનું 'ટેલ્કો' સ્થાપ્યું અને તેમાં અભૂતપૂર્વ સફળતા મેળવી.

તાતા ગૃહના વિવિધ ઉદ્યોગોની સ્થાપના પાછળ જમશેદજી તાતાના દૂરદેશીપણાનું સાતત્ય જોવા મળે છે. પોલાદનગરને જમશેદજી તાતાનો ખ્યાલ દોરાબ તાતાએ સાકાર કર્યો છે. ૧૯૦૨ માં એમણે એમના પુત્રને પરદેશથી લખેલા પત્રમાં પોતાનો પોલાદનગરનો ખ્યાલ આપતાં લખ્યું–

'એ વાતનો ખ્યાલ રાખવો કે રસ્તાઓ પહોળા હોય, અને તેની બારે જલદીથી મોટાં થાય તેવાં ઝાડ રોપેલાં હોય. એ વાતનો ખ્યાલ રાખવો કે લીલ અને બગીચા માટે પુષ્કળ જગ્યા હોય. ફૂટબોલ, હોકી અને પાર્ક માટે મોટા વિસ્તારો અલાયદા રાખવા. હિંદુઓનાં મંદિરો, મુસ્લિમોની મસ્જિદો અને ખ્રિસ્તીઓનાં દેવળો માટે જગ્યાઓ અલગ રાખવી.'

આવા જ સ્વપ્નશિલ્પી જમશેદજી તાતાએ ૧૮૯૮ માં ૩૦ લાખ જેટલી માતબર રકમની ઓફર વિજ્ઞાન માટેની એક યુનિવર્સિટી સ્થાપવા માટે કરી. આ માટે જમશેદજી તાતાએ મુંબઇની પોતાની ૧૪ ઇમારત અને ૪ સ્થાવર મિલકતો જુદી કાઢી. આ દાનની રકમ એમણે અંગત મિલકતમાંથી આપી હતી. આ વિજ્ઞાન યુનિવર્સિટીની સ્થાપના કરીને તેઓ શિક્ષણની એક નવી રાષ્ટ્રીય પદ્ધતિ લાવવા માંગતા હતા, પરંતુ પરદેશી સરકારે એમની આ ઓફર પર ટાઢું પાણી રેડવા ઘણી કોશિશ કરી. આ અંગે ઉદ્ધત વાઇસરોય લોર્ડ કર્ઝન સાથે જમશેદજીએ સંઘર્ષ કર્યો પણ એમાં જ એમનું અપમાન થયું. એમના પુત્ર દોરાબ તાતાએ બેંગ્લોરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સની સ્થાપના કરી અને બાગળ જતાં એને આનુષંગિક બીજી ઘણી સંસ્થાઓની સ્થાપના થઇ. આ ઇન્સ્ટિટ્યૂટમાં જાહેર અને ખાનગી ક્ષેત્રોની સંશોધનને લગતી ઘણી સમસ્યાઓના ઉકેલ માટે સંશોધન કર્યું. આ જ રીતે ઊર્જા અંગે દૂરંદેશી દાખવીને મુંબઇના ઉદ્યોગો વીજળી વપરાશમાં લેશે કે નહીં તે વિશે શંકા હોવા છતાં જળવિદ્યુતની યોજના કરી. રાસાયણિક ઉદ્યોગમાં ક્ષાર ઉદ્યોગ એ સૌથી જટિલ, મુશ્કેલ અને ગુપ્ત વિભાગ મનાતો હતો. તાતાએ એ જ પડકાર ઝીલી લીધો. તાતાની દૂરંદેશિતા 'ટ્રોમ્બે' માં જોવા મળે છે. સામાન્ય રીતે ટ્રાન્સફોર્મરને કારણે વીજળીમાં ખરાબી થતી હોય છે તે અંગે અનેક પ્રયોગો કરીને ટ્રાન્સફોર્મરની ખામી પકડી વીજળી ઉત્પાદનમાં પોતાની ક્ષમતાના ૮૯% જેટલી ક્ષમતાનો ઉપયોગ કર્યો. કામદારોને લગતી કલ્યાણકારી ઘણી યોજનાઓ તાતાએ પહેલાં ઘડી છે અને સરકારે વર્ષો પછી તેને કાયદાનું રૂપ આપ્યું છે!

અત્યારે તાતાની ૩૨ જેટલી કંપનીઓમાં દોઢ લાખ જેટલા કર્મચારીઓ કામ કરે છે. જ્યારે તાતા સ્ટીલની કારખાનામાં ૪૩ હજાર કર્મચારીઓ છે અને બીજા ૨૦ હજાર કોલસાની ખાણોમાં કામ કરે છે, આમ છતાં કામદારોની સર્વાંગી સુખાકારી માટે કોક જમશેદજી તાતાના વખતથી સક્રિય છે. જમશેદજી જે વખતે પોતાની મિલનો જાળવી રાખવા જીવન-મરણનો જંગ ખેલી રહ્યા હતા ત્યારે પણ એમણે કામદારોના સ્વાસ્થ્યનો વિચાર કર્યો હતો. પ્રદૂષિત પાણીથી થતા રોગચાળાને અટકાવવા જળશુદ્ધિકરણનો એક પ્લાન્ટ નાંખ્યો. મજૂરો માટે સ્વચ્છ ચાલીઓની વ્યવસ્થા કરી, અનાજની દુકાન અને દવાખાનું ખોલ્યું, પ્રોવિડન્ટ ફંડ અને પેન્શનની યોજના દાખલ કરી. એ મજૂરો સાથેનો સમભાવભર્યો વર્તાવ અને એમની

સુખાકારીની ભાવનાના ઘણા કિસ્સાઓ 'સંપત્તિનું સર્જન' માં મળે છે. પુસ્તકમાં તાતા ટ્રસ્ટો અને એમની બહુવિધ સેવાઓની માહિતી પણ મળે છે. એક બાજુએ શીતળા નાબૂદી માટે પ્રયાસ કરે છે, તો બીજી બાજુ અદ્યતન કેન્સર હૉસ્પિટલની સ્થાપના કરે છે. પ્રજાકીય મુશ્કેલીઓ વખતે ગ્રાહકધર્મમાં મોટો ફાળો આપે છે અને સામાજિક સેવાઓ પણ મોટા પાયે કરે છે.

જમશેદપુરની નજીક વસતી કોલિંદી નામની જાતિ કે સાંતાલોમાં યા સૌરાષ્ટ્રના વાઘેરોને કારખાનામાં કામ આપવા ઉપરાંત મદદરૂપ યોજનાઓ ઘડે છે. મોરબીની મચ્છુબંધ કોનારત પછી મોરબી એન્જિનિયરીંગ કૉલેજની બધી સાધનસામગ્રી બચાવી તેને ફરી ચાલતા યોગ્ય કરી આપી હતી. મધ્ય પ્રદેશના પછાત વિસ્તારમાં આવેલા દેવાસ ગામમાં ચામડાનો ઉદ્યોગ વિકસાવ્યો. કારખાનામાં કામ કરતા લોકો ઉપરાંત ઘણા લોકો ઘેર બેસીને નિકાસ માટે ચામડાની બ્રીફ કેસ અને ટેનિસ બેગ બનાવે તેવી ગોઠવણ કરી ને પરિણામે ઘણા લોકો આત્મસન્માનથી આજીવિકા રળે છે. ગુજરાતના ૧૩૦ જેટલાં નાના એકમો. તાતા એક્સપોર્ટ્સ દ્વારા આયાત કરેલા અને બહેચેલા હીરાને પહેલ પાડવાનું અને પોલિશ કરવાનું કામ કરે છે આમ તાતાની સખાવતો એના ઉદ્યોગોની સાથોસાથ વિકાસ પામી.

જમશેદજી તાતાની રાષ્ટ્રીયતાની ઘગશ જાણીતી છે. એક વાર તેઓ પોતાના એક પરદેશી મિત્રને પર્કની એપોલો હોટલમાં ભોજન માટે લઇ ગયા. આ હોટલ માત્ર યુરોપિયનો માટે હોવાથી બારણે ઊભેલા સજ્જને જમશેદજીને કહ્યું, 'તમારા મહેમાનોનું અમે સ્વાગત કરીએ છીએ. પણ દિલગીર છું કે તમારું નહીં કરી શકીએ.' આ ઘટનાને પરિણામે જમશેદજીએ મુંબઇ શહેરને અનુરૂપ એવી અદ્યતન તાજમહાલ હોટલ ઊભી કરી આ હોટલ જે દિવસથી શરૂ થઈ ત્યારથી એની શ્રેષ્ઠ હોટલમાં ગણતરી થતી રહી છે,

તાતા ગૃહોની કેટલીક વિશિષ્ટતાઓ લેખક બતાવે છે. એમની લોકશાહી કાર્યપદ્ધતિ વિશે પણ વિગતે વાત કરે છે. આજે તાતાની બધી કંપનીઓ સ્વાયત્ત હોવા છતાં એમાં એક પ્રકારનો સંઘભાવ જોવા મળે છે. આમાં કાર્યની ચીવટ જોવા મળે છે. જે. આર. ડી. તાતા એર ઇન્ડિયાના સંચાલનમાં અત્યંત ચીવટ રાખતા અને તેને પરિણામે આ એરલાઇનને જગતભરમાં નામના મળી. જે આર. ડી. તાતાએ પોતાના કર્મચારીઓને એવો મંત્ર આપ્યો કે, "જે કરો તે ઉત્તમમાં ઉત્તમ કરવાનું ધ્યેય રાખો તો તમે ગુણવત્તા જાળવી શકશો". આ જ રીતે અત્યારે 'ટેલ્કો' માટે કહેવાય છે કે "ગુણવત્તા સિદ્ધ કરવા માટે યોજના ઘડાય છે અને ત્યાર પછી જ તેની ચકાસણી થાય છે".

સામાન્ય રીતે ધંધામાં મંદીનું મોજું હોય છતાં તાતા ઉદ્યોગને નવા ગ્રાહકોની ક્યારેય ખોટ પડતી નથી. લેખકના કહેવા મુજબ તાતા ગૃહોએ નીતિની સચ્ચાઇથી ચાલવાનું રાખ્યું છે. જો બીજી કંપનીઓની માફક સાંચરુસ્વત જેવી હીન પ્રવૃત્તિ કરી હોત તો તે છે તેનાથી ઘણણો કદની હોત, પરંતુ તાતા ગૃહો માને છે કે તેમનું બલિદાન એકસો ટકા વિકાસનું છે અને તેમને આ માટે બીજો કોઇ માંગ ખપતો નથી.

જમશેદજી તાતાના મૃત્યુ પછીનાં ૨૫ વર્ષોમાં સર દોરાબ તાતા, તેમના ભત્રીજા આર. ડી. તાતા, જ્યોર્જ પાંચમા અને બીજા લોકોએ તાતા ગૃહનો વિકાસ કર્યો, ૧૯૨૨માં જે. આર. ડી. ના પ્રવેશથી અને પછી ૧૯૩૦માં નવલ તાતાના પ્રવેશથી તાતાની નવી પેઢી શરૂ થઇ. ૧૯૮૨માં જે. આર. ડી. તાતા પ્રમુખ બન્યા ત્યારે એમણે ઉત્તમ પ્રતિભાવાન વ્યક્તિઓની સેવા પૂરા સમય માટે તાતાને એક જ રથળે મળવી જોઇએ તેવો આગ્રહ રાખ્યો અને પરિણામે દેશના વિખ્યાત અર્થશાસ્ત્રી ડો. જહોન મથાઇ, પ્રેક્ટિસિંગ સોલિસિટર જે. ડી ચોકસી અને શેરદલાલ એ. ડી. શ્રોફ જેવા તાતામાં જોડાયા અને તાતા ઉદ્યોગોનું કામ આ ટેકનોક્રેટોએ સંભાળ્યું. આમ તાતા ઉદ્યોગના વિકાસમાં પરિવર્તનને પારખવાની સૂઝ પણ કારણભૂત છે. એ જ રીતે કંપનીઓની રચના પાછળ પણ આવી સમજદારી જણાય છે. જેમ કે 'વોલ્ટાસ' દ્વારા વચગાળાની ટેકનોલોજીનો વિકાસ કર્યો. આધુનિક ટ્રેક્ટર અને પરંપરાગત હળ વચ્ચે એક મોટી ખાઇ હતી તે પૂરવા માટે વોલ્ટાસે પાંચ એકર જમીન હોય તેવા ખેડૂતને પરવડી શકે એવું ગાડું બનાવ્યું. એ જ રીતે કૂવામાંથી પાણી કાઢવા માટે સસ્તી પવનચક્કી બનાવી. જમશેદજી તાતાએ દેશના પાયાના ઉદ્યોગોનો વિચાર કર્યો અને પોલાદ અને જલવિદ્યુતના ક્ષેત્રમાં પહેલ કરી. એમના અનુગામીઓએ પહેલો રાસાયણિક ઉદ્યોગ, પહેલી એરલાઇન્સ કંપની અને ભારતનું સૌથી મોટું અને સૌથી અદ્યતન ઉદ્યોગ-સંકુલ 'ટેલ્કો' શરૂ કર્યાં. તાતાએ પાયાના ઉદ્યોગો સ્થાપીને એક ઔદ્યોગિક માળખું રચી આપ્યું છે, માળખાને આધારે બીજાં કેટલાય ઉદ્યોગો અન્ય લોકોએ શરૂ કર્યાં. આવા ઉદ્યોગોમાં ખાસ્સી મૂડી રોકાય, લાંબા સમયે એનું વળતર મળે, તેમ છતાં શેરહોલ્ડર અને મજૂરોના સદ્‌ભાવને કારણે તાતાએ પાયાના ઉદ્યોગોમાં સફળતા મેળવી.

આપણા દેશમાં એક સમયે રાષ્ટ્રીયકરણનો જુવાળ આવ્યો હતો. બૅન્કો અને વીમા કંપનીઓના રાષ્ટ્રીયકરણના કડવાં ફળ આજે આપણે ચાખી રહ્યાં છીએ. ૧૯૭૨ માં કોલસાની ખાણોનું રાષ્ટ્રીયકરણ થયું ત્યારે તે વખતના ખાણપ્રધાન શ્રી મોહનકુમાર મંગલમ્ તાતા કંપનીની માલિકીની ખાણોને અડ્યા નહીં એટલું જ નહીં બલ્કે, એમણે એવી ઇચ્છા પ્રગટ કરી હતી કે વધારે કુશળતાથી ચલાવાતી તાતાની ખાણો જોઇને રાષ્ટ્રીયકૃત કંપનીઓને ચાનક ચડે! ૧૯૭૮ ના અંતભાગમાં પોલાદના ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાની વાત ચાલતી હતી ત્યારે તાતા વર્કર્સ યુનિયને વડાપ્રધાનને સૌ પહેલો તાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. ૧૯૭૯ ના જાન્યુઆરીમાં કામદારોએ આ અંગે એક ઠરાવ પણ પસાર કર્યો હતો.

તાતા સ્ટીલ ભારતમાં ભારે ઉદ્યોગોની જનની કહેવાય છે, જ્યારે ભારતીય ઉદ્યોગોમાં ટેલ્કોનો વિકાસ દર સૌથી વધારે છે. તાતા એક્સપોર્ટ્સ દ્વારા ભારત ઔદ્યોગિક રીતે એક વિશ્વસપાત્ર દેશ છે એવી છાપ વિદેશમાં ઊભી થઇ છે. આ રીતે કપાસના બીજમાંથી એમ્પ્રેસ મિલનો પહેલો અંકુર ફૂટ્યો અને તેમાંથી તાતાના અનેક ઉદ્યોગોનું વટવૃક્ષ થયું. 'સંપત્તિનું સર્જન' પુસ્તકમાં રસી લાલાએ તાતા ગૃહને 'એક ઘણા ખંડોવાળો મહેલ' કહ્યો છે. અને એ ખંડોની ઓળખ એમણે 'નીરસ આંકડાઓ, શુષ્ક ઠરાવો કે આંખળી અતિપ્રશસ્તિને બદલે રસપ્રદ રીતે સર્વભોગ્ય બને તેવી પ્રવાહી શૈલીમાં આપી છે તે આ પુસ્તકની એક મોટી વિશેષતા ગણાય.

---

* 'સંપત્તિનું સર્જન' લેખક – આર. એમ. લાલા, આલેખન : મારિયો મિરાન્ડા અનુવાદક : ભોળાભાઇ પટેલ, પ્રકાશક : આર. આર. શેઠની કું. મુંબઇ-૨. કિંમત રૂા. ૩૬-૭૫

"દાદુ વાણી"

કે. પી. શાહ

"મેરા વેરી મૈં હુઆ, મુઝે ન મારે કોઇ,
મૈં હી મુઝકો મારતા, મૈં મરજીવા હોઇ."

એક જૂની કથા છે. સમ્રાટને ખબર મળ્યા કે પોતાના વિશાળ રાજ્યમાં દૂરના પ્રદેશમાં, પ્રજા નર્કની જેમ જીવી રહી છે, સબડી રહી છે, સડી રહી છે. સૌ એકબીજાના વિરોધમાં જ છે. સતત કજિયા અને સંઘર્ષ ચાલ્યા કરે છે. માણસો એક જ વાતમાં સુખ સમજ્યા છે કે 'બીજાને કેમ દુઃખ આપવું. જીવન અસંભવ જેવું બની ગયું છે, સમગ્ર વાતાવરણમાં લૂંટ, ખૂન, આત્મહત્યા અને ગ્લાનિ જ ભરેલા છે.

સમ્રાટને થોડાં વર્ષો અગાઉ એક ઉત્તમ જાદુગરે એક દર્પણ ભેટ આપ્યું હતું. રાજાએ વજીરને બોલાવીને કહ્યું કે આ દર્પણ અત્યંત અનોખું છે. ખૂબી એ હતી કે વસ્તુને અને માણસના મનને સાચા પ્રકારે, સચોટ રીતે બતાવવાની શક્તિ દર્પણમાં હતી. કલ્પના, ભ્રમ અને પક્ષપાતથી દૂર, સાચી અને સચોટ વાત બતાવવાની શક્તિ દર્પણમાં હતી. યથાર્થ દર્શન કરાવવાની શક્તિ દર્પણમાં હતી.

યથાર્થનું દર્શન થતાં જ જીવનનું પરિવર્તન શરૂ થઇ જાય છે. આ દર્પણમાં એક વખત જોયા પછી, માણસ જે ગઇ કાલે હતો તે હવે આજે નહિ રહે વજીર આ દર્પણ લઇને એક દૂરના પ્રદેશમાં પહોંચી ગયા. વજીરને ખબર હતી કે સમ્રાટ તો માત્ર મહેલમાં જ રહ્યા છે. દર્પણની ગમે તે ખૂબી હોય, પરંતુ લોકોના માનસને વજીર બરાબર ઓળખતા હતા. પરિણામની વજીરને ખબર હતી છતાં પણ, રાજાની આજ્ઞા એટલે વજીરે ગામની બજારના મુખ્ય ચોકમાં, લોકો બરાબર જોઇ શકે તે રીતે એક સ્ટેન્ડ ઉપર દર્પણ ગોઠવી દીધું અને ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે 'દર્પણમાં પોતાની જાતના, સાચા દર્શન કરવા જરૂર આવે'. દિવાને ઢંઢેરામાં કહ્યું કે આ દર્પણનું રક્ષણ કરજો અને ચિત્તમાં જેટલી અસંતોષ, ઘૃણા પેદા થાય કે તરત જ દર્પણમાં જોવાથી સમાધાન મળી જશે. તમને એમ લાગે કે લોકો તમારું અપમાન કરે છે પરંતુ દર્પણમાં જોશો તે કંઇક જુદું જ માલૂમ પડશે તમારું અપમાન કરવાની કોઇને ઉત્સુકતા નથી. પણ, જરૂર કરતાં વધુ સન્માનની તમે અપેક્ષા રાખી રહ્યા છો અને તેથી તમે અસંતુષ્ટ બની જાઓ છો. દર્પણમાં જોવાથી તમને માલૂમ પડશે કે તમે તમારા અહંકારના કુંગામાં એટલી બધી હવા ભરી છે કે આનંદને બદલે તમને દુઃખ જ મળે છે. તમે જ્યાં જાઓ છો ત્યાં તમારે લોકો સાથે વાંકું પડી જાય છે. ટકરમાં આવી જાઓ છો. દર્પણમાં જોવાથી ખબર પડી જશે કે બીજાને દુઃખ આપવા માટે કોઇને ફુરસદ નથી. પણ હજાર હજાર રીતે તમે જ તમારા દુઃખનું સર્જન કરી રહ્યા છો. જ્યારે કંઇક પીડા, પરેશાની કે મુસીબત ઊભી થાય ત્યારે કે દોષનો ટોપલો બીજા ઉપર ઢોળી દેવાને બદલે તમે પોતે જ તમારા સ્વભાવની ખામી અને અનુભવની ઓછપે એનું વિશ્લેષણ કરો તો ખ્યાલ આવશે કે એ જ આ દુઃખને માટે જવાબદાર છે.

વજીરને પરિણામની ખબર તો હતી જ પરંતુ તેના અનુભવનું થોડું ઊંડાણપૂર્વક રસદર્શન કરી લઇએ:

પોથી પંડિતો અને કહેવાતા જ્ઞાનીઓ બોલી ઉઠ્યા:

'અમે બધું જાણીએ છીએ. અમે તો સત્યના દાર્શનિકો છીએ. અરીસામાં જોવાની વળી અમારે શું જરૂર? શું અમારામાં અકકલ નથી, અનુભવ નથી. અમે શું જ્ઞાન પ્રાપ્ત નથી કર્યું કે વળી અરીસામાં અમે જોવા જઇએ? અરીસામાં તે લોકો જોવા જાય કે જેને પોતાની બુદ્ધિમાં ભરોસો ન હોય. અમે તો ખૂબ પરિપકવ છીએ. અનાદિકાળથી પોથી પંડિતો આમ જ અહંકારની ભાષા બોલતા આવ્યા છે. આ પંડિતો તો ન ગયા પરંતુ ગામમાં હવા ફેલાવી કે આ અરીસા પાસે કોઇએ જવું નહિ. ત્યાં જશે તે મૂર્ખાઓ જ ગણાશે.'

ગામમાં એક બીજો પણ વર્ગ હતો. તે લોકો સાદા-સીધા હતા. પરંતુ બીકણ અને ફોશી હતા. તેમણે કહ્યું 'રાજાએ દર્પણ મોકલાવ્યું છે તો આપણે એનું સન્માન કરવું જોઇએ. તેમણે બાજુમાં સુશોભિત મંડપ ઊભો કર્યો. ધૂપ, દીવા વગેરે કર્યું, પરંતુ શાંતિપૂર્વક સાચી રીતે અરીસામાં પોતાની જાતને જોઇને તપાસવા જેટલી હિંમત આ લોકોમાં ન હતી. એમાંનો મોટો ભાગ એવો હતો કે ભાઇ ચાલવા દો, બધું ઠીક છે. દર્પણમાં બરાબર જોવાથી પુરુષાર્થ માટે નવી દિશા ખોલવી પડે...અંતર ચક્ષુ ખૂલે તો જીવનના નવા પ્રવાહ માટે નવી દ્રષ્ટિ માટે કયાં કકળાટમાં પડવું. અત્યારે તો જીવન ચાલ્યું જાય છે. કાયરને જીવન બદલવાની વાત કોઇ દિવસ ગમતી નથી. એ લોકોએ તો પૂજા અને ભક્તિના મોટા-મોટા રાગડામાં સમય શક્તિ વેડફી નાખ્યા અને સત્યને જોવાને બદલે આંખો જ બંધ રાખી. ઉત્તમ મખમલનો એક પડદો એ લોકોએ ધીરેથી અરીસા ઉપર બિછાવી દીધો અને કહ્યું અમે દર્પણની પૂજા કરી રહ્યા છીએ, સન્માન કરી રહ્યા છીએ.

ગામમાં એક ત્રીજો પણ વર્ગ હતો, જેમણે દર્પણનો વિરોધ તો કર્યો પરંતુ એમ પણ બા-પોકાર જાહેર કર્યું કે આ દર્પણ તો અમારું અપમાન સૂચવે છે. બીજા કોઇ નગરમાં આવા દર્પણની જરૂર છે શું સમ્રાટ એમ માને છે કે આ નગરના અમે સૌ મૂર્ખાઓ અને પાગલ છીએ? આ માટે અમારું અપમાન કરવામાં આવે છે? શું અમે અધિળાઓ છીએ? બીજા કોઇ નગરમાં શા માટે આ દર્પણ મોકલવામાં આવ્યું નહિ? આ દર્પણના ટુકડા કરીને અમે દૂર ખાબમાં ફેંકી આવીશું.

ગામમાં એક ચોથો વર્ગ પણ હતો. એમણે હિંમતથી દર્પણમાં જોવાની શરૂઆત કરી. ઘણા સાચા અને સીધાસાદા માણસોએ પોતાની જાતનું રૂપાંતર કર્યું. સ્વભાવમાં સુધારણા કરી. સત્યને પામ્યા અને આનંદિત થયા. તેમના માટે આળ-સુઓ, પોથી પંડિતો, કહેવાતા દાર્શનિકો અને જલદ વિરો-ધીઓ સૌ એમ કહેવા લાગ્યા કે 'આ લોકો તો દર્પણથી નાહક ખોટા ખોટા અંજાઇ ગયા છે.'

દરેક ધર્મ સાચું દર્પણ લાવે છે. પરંતુ પછી સંપ્રદાયો જન્મે છે, આવા ચારેય પ્રકારના લોકો ઉત્પન્ન થાય અને ધર્મનો સાચી રીતે સ્વીકાર કરી, આનંદિત થનારાઓને આ

બડેખાંઓ પજવે છે, હડધૂત કરે છે અને પોતે મહાન ધર્મનિષ્ઠ છે એવી આત્મવંચનામાં સતત રાચે છે. પૂજા એ તો પોતાની જાતના પરિવર્તનની તૈયારી છે. માત્ર મતાનુગતિક રીતે આવતી પૂજા અને કર્મકાંડ એ તો કાયરોને પોતાની જાતને છુપાવવાનું બહાનું છે. સોનાને અગ્નિમાં નાખવાથી સોનું જેમ નિખરે છે તેમ જાતને આત્મ નિરીક્ષણમાં મૂકી જાતની નિખારવાની ક્રિયા એ સાચી પૂજા છે. ખરેખર જે સત્યને પામ્યો છે તે સદા આનંદિત જ રહે છે. સત્યને પારખવાની આ કસોટી છે. જે ભોજનથી ભૂખની તૃપ્તિ ન થાય એ ભોજન શું કામનું ? જે જ્ઞાન તમને સમગ્ર રીતે આનંદિત ન કરે તે જ્ઞાનમાં કાંઈક ખામી છે. તમે પાકશાસ્ત્ર વિશે બધું જાણતા હો, તેની ચર્ચામાં તમે નિષ્ણાત હો; બીજાઓ ઉપર તમે સુંદર છાપ પાડી શકતા હો, પરંતુ તેથી કંઈ પેટ ભરાતું નથી આપણું વૈદકશાસ્ત્ર, ધર્મશાસ્ત્રો, સૂત્રો એ બધા ખરેખર જ ઉત્તમ છે પણ તે પાકશાસ્ત્ર જેવા છે. સંતની વાણી કે ધર્મની સાચી વાત હંમેશા દર્પણ જેવી જ હોય છે, પરંતુ પછી આ શાસ્ત્ર ઉપર મખમલોના ગલ્લા ચડાવવામાં આવે છે.

'જાના તો જાના, મેં ખતના જાના કે-મેં કુછ નહિ જાના રે' આ ભાવ લઈને દર્પણ પાસે જશો તો જ સત્ય પામશો અને આનંદિત થશો. ખ્યાલો, માન્યતાઓ અને અહંકારના થરો લઈને દર્પણ પાસે ઊભા રહેશો તો તેમાં કશો લાભ થવાનો નથી સંતો અને ધર્મ એટલું જ કહે છે કે આનંદ તો તમને પ્રાપ્ત થયો જ છે. દુઃખના ખ્યાલો છોડી દો. મથુરાનો એક પંડો ખૂબ વધુ પડતું ભોજન લઈને ઓટલા ઉપર પડ્યો છે. પછી યજમાન તેને માંડમાંડ તેના ઘરે પહોંચાડે છે. પછી પત્ની તેને કહે છે કે પાચનની આ ગોળી લઈ લો તો તમને જરા ઠીક લાગશે. પરંતુ પંડો કહે છે કે 'મૂર્ખી', જો ગોળી લેવા જેટલી જગ્યા પેટમાં હોત તો ઓટલો લાડુ જ વધારે ન ખાત ?'

અતિ જ્ઞાનીઓનો અહંકાર આ પ્રકારનો છે. ધ્યાન અને સમાધિ-બીજું કશું જ નથી. તમારી અંદર રહેલા સૂક્ષ્મ અહંકારો, પદ-પ્રતિષ્ઠાના ભેદુઓ ખ્યાલો : આ જ તમારો રોગ છે. ધ્યાન દ્વારા રોગને પારખી લઈ તમે તેને દૂર કરી શકશો.

એક વિચિત્ર સંસ્મરણ

-: યશવંત દોશી

'પ્રબુદ્ધ જીવન' ના તા. ૧-૨-૮૫ ના અંકમાં શ્રી મહાદેવ નારાયણનો લેખ 'ગુરુદેવ ટાગોર : થોડાં સંસ્મરણો' ઉધૃત કરવામાં આવ્યો છે. તેમાં અપાયેલો એક પ્રસંગ થોડીક વિચારણા માગે છે.

પ્રસંગનો સાર એ છે કે શાંતિનિકેતન આવેલા ગાંધીજીની પ્રાર્થનામાં કેટલા માણસો ખરેખર તન્મય હતા એ જાણવા માટે ગુરુદેવે એક ઝુંપડીને આગ લગાડાવી. ઘણાખરા લોકો આગ ઓલવવા દોડ્યા. પરંતુ ગાંધીજીની પ્રાર્થના યથાવત ચાલતી રહી.

મને લાગે છે કે ગાંધીજી, રવીન્દ્રનાથ અને માનવપ્રકૃતિ એ ત્રણે વિષે આ લખાણ ખોટા ખ્યાલ પેદા કરે છે. શ્રી મહાદેવ નારાયણે પ્રત્યક્ષ સાક્ષીરૂપે પ્રસંગો આલેખ્યા છે, એટલે આ પ્રસંગને ખોટો કહેવાનું સાહસ તો આપણાથી ન થાય, પણ એમણે લખ્યું છે કે "પછી સાંભળવા મળ્યું. આ આગ ગુરુદેવે લગાડાવી હતી". એ સાંભળવા મળેલું કે ખોટું હોઈ શકે. ગુરુદેવનાં 'સંસ્મરણો'માં આ પ્રસંગ સામેલ ન થયો હોત તો સારું થાત, કારણ કે ગુરુદેવને એ બહુ સારા રંગમાં રજૂ કરતો નથી.

પહેલાં ગાંધીજીની વાત લઈએ. મનુષ્યના દુઃખને દૂર કરવામાં કશું જ આડે ન આવવું જોઈએ એ સૂત્ર પણ અમને સ્વીકાર્ય હતું. પેલી બળતી ઝુંપડીમાં કોઈ માણસ ચળગી જતો નહિ જ હોય એવી ગાંધીજીને કે એમના સાથીને ખબર નહોતી. વળી અહીં તો તેઓ બીજાને ત્યાં મહેમાન હતા. આવે વખતે યજમાનને થતું નુકસાન, અને કદાચ યજમાનની સંસ્થાના કોઈ માનવીનું ચાતનાભર્યું સંભવિત મોત પણ લક્ષમાં લીધા સિવાય ગાંધીની મંડળી પોતાની પ્રાર્થનામાંથી ઊઠ્યું ન જાય એ માન્યમાં આવે એવું નથી. પણ ગુરુદેવના અંતેવાસીએ લખ્યું છે એટલે સાચું માનવું પડે.

આ પ્રસંગ આ રીતે જ બન્યો હોય તો તે ગાંધીજી પ્રત્યે માન ઉપજાવે તેવો નથી લાગતો, પણ ગાંધીજીનું આથી જુદું વલણ પણ આપણે જોયું છે. રવીન્દ્રનાથ સાથે ગાંધીજીનો જે જાહેર પત્રવ્યવહાર થયેલો (નવજીવન ટ્રસ્ટે તે 'ટ્રુથ કોલ્ડ ધેમ ડિફરન્ટલી' નામના પુસ્તકરૂપે પ્રગટ કર્યો છે.) તેમાં ગાંધીજીએ દેશના કવિઓ, કળાકારો વગેરેએ પણ મુક્તિસંગ્રામમાં ભાગ લેવો જોઈએ એવો આગ્રહ રાખ્યો હતો. રવીન્દ્રનાથનું મંતવ્ય કંઈક એવું જણાતું હતું કે સર્જકોને તેમના સર્જક-કાર્યમાં જ ઓતપ્રોત રહેવા દેવા તે વધુ સારું. ગાંધીજીએ એ વખતે એવા અર્થનું દૃષ્ટાંત આપેલું કે ઘરને આગ લાગી હોય ત્યારે કળાકાર, કવિ, લેખક કે હરકોઈની ફરજ બાલદી લઈને પાણી છાંટવા પહોંચી જવાની છે. એવે વખતે ચિત્રકાર પીંછી મૂકી દે ને કવિ કલમ પણ મૂકી દે. આવું કહેનાર ગાંધીજી યજમાનની ઝુંપડીની આગ ઓલવવા દોડ્યા વિના રહે ખરા ?

આમાં મુખ્ય મુદ્દો તો ગાંધીજી અને તેમના અનુયાયીઓએ શું કર્યું તેનો જ છે તેમ છતાં રવીન્દ્રનાથે પોતે આવી પરીક્ષા કેમ યોજી એવો પ્રશ્ન પણ થાય જ છે. સર્વથી ઉપર મનુષ્ય અને મનુષ્યથી ઉપર કોઈ નહિ એવું પ્રખ્યાત સૂત્ર લખનાર રવીન્દ્રનાથ, મનુષ્યની બળતી ઝુંપડી બચાવવા જનાર કરતાં આંખો મીંચીને બેસી રહેનારને વધુ માર્ક આપવા માટેની પરીક્ષા કરે એ ગળે ઊતરે એવી વાત નથી. રવીન્દ્રનાથ પોતે પણ કોઈની ઝુંપડી બળે છે એમ જાણ્યા પછી એમાંના માણસોને બચાવવા દોડે કે માણસોનું જે બનવું હોય તે થાય એમ વિચારી પ્રાર્થનામાં બેસી રહે ?

ત્રીજી વાત માનવપ્રકૃતિની. કોઈ એવી દલીલ કરવાના જ કે પ્રાર્થના કરનારાઓ તો એવા તન્મય થઈ ગયા હોય કે આગની ઘૂમો એમને કાને પડે જ નહિ. તન્મયતાનો આ આદર્શ છે એ ખરું, પણ વ્યવહારમાં એવી તન્મયતા ભાગ્યે જ

સિદ્ધ થતી હોય છે. દ્રૌપદીના સ્વયંવરમાં મત્સ્યવેધનો પ્રયત્ન કરનારા અનેક હતા પણ માછલીની આંખ સિવાય બીજું કશું નહિ જોનારો તો એક અર્જુન જ હતો. વાસ્તવિકતા એ છે કે દુનિયા અર્જુનોની બનેલી નથી પણ પેલા અન્ય લોકો જેવાઓની બનેલી છે. અર્જુન તો લાખો-કરોડોમાં એકાદ હોય, આસપાસ આગ આગની ધૂમો પડે અને છતાંય એ સંભળાય જ નહિ એવી પ્રાર્થનાલીનતા કોઇ વિરલ વ્યક્તિમાં જ હોય. બાકીના લોકોને આગની ધૂમ સંભળાય જ.

એટલે રવીન્દ્રનાથે જે પરીક્ષા કરેલી કહેવાય છે તે તન્મયતાની નહોતી પણ પસંદગીની, અગ્રતાના ક્રમની હતી. ઝૂંપડીને આગ લાગી, ધૂમો પડી, તમે પ્રાર્થનામાં જેટલાં ધૂમો સાંભળી. હવે તમારે પસંદગી કરવાની છે-આગ ઠારવા દોડી જવું કે પ્રાર્થનામાં બેસી રહેવું? કસોટી તન્મયતાની નથી પણ માનવમૂલ્યોની છે. તમારે મન મનુષ્ય મોટો છે કે પ્રાર્થના મોટી છે તેની છે. પ્રાર્થના આખરે શેને માટે છે? એનો હેતુ શો છે? પ્રાર્થના આપણને અનુકંપા ન શીખવવાની હોય તો તે પ્રાર્થના નિરર્થક છે. પ્રસ્તુત પ્રાર્થનામાં જે લોકો આગ ઓલવવા દોડ્યા એમણે જ ખરી પ્રાર્થના કરી અને બેસી રહેનારાઓએ પ્રાર્થનાની વિકૃતિ કરી એવો મારો મત છે.

* સંઘ સમાચાર *

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા મંગળવાર, તા. ૩૦-૪-'૮૫ના રોજ સાંજના ૫-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. 'સંઘ'ના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષના અંદાજપત્રો રજૂ થયાં હતાં. તે મંજૂર થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓ અને કારોબારીના ૧૫ સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પદાધિકારીઓ :

૧ ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રમુખ
૨ શ્રી રસિકલાલ મો. ઝવેરી, ઉપપ્રમુખ
૩ ,, ચીમનલાલ જે. શાહ, મંત્રી
૪ ,, કે. પી. શાહ, ,,
૫ ,, પ્રવીણચંદ્ર કે. શાહ, કોષાધ્યક્ષ

કારોબારી સમિતિ

૧ શ્રી પન્નાલાલ ૨. શાહ
૨ ડૉ. ધનવંત તિ. શાહ
૩ શ્રીમતી નિરુબેન એસ. શાહ
૪ શ્રી અમર જરીવાલા
૫ શ્રીમતી (પ્રા.) તારાબેન ૨. શાહ
૬ શ્રી સુબોધભાઇ એમ. શાહ
૭ શ્રીમતી કમલબેન પીસપાટી
૮ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
૯ શ્રી ગણપતભાઇ એમ. ઝવેરી
૧૦ ,, એ. જે. શાહ
૧૧ ,, શાંતિલાલ દેવજી નંદુ
૧૨ ,, પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૧૩ ,, રસિકલાલ લહેરચંદ શાહ
૧૪ ,, જયંતીલાલ પી. શાહ
૧૫ ,, મફતલાલ ભીખાચંદ શાહ

તા. ૬-૫-'૮૫ ના રોજ મળેલ કારોબારી સમિતિની સભાએ નીચેની વિગતે સહાયક મંત્રીઓ, કારોબારીમાં કો-ઓપ્ટ સભ્યો, સહયોગ સમિતિ, અને નિમંત્રિત સભ્યોની અને વાચનાલય પુસ્તકાલય સમિતિની નિમણૂક કરવામાં આવી હતી.

સહાયક મંત્રીઓ

૧ શ્રી પન્નાલાલ ૨. શાહ
૨ ડૉ. ધનવંત તિ. શાહ
૩ શ્રીમતી નિરુબેન એસ. શાહ

કો-ઓપ્ટ સભ્યો

૧ શ્રી પન્નાલાલ ખીમજી છેડા
૨ ,, શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી
૩ ,, અરવિંદભાઇ મોહનલાલ ચોકસી
૪ શ્રીમતી જયાબેન ટોકરશી વીરા
૫ શ્રી અરુણભાઇ પરીખ

સહયોગ સમિતિ : (કારોબારી સમિતિના ભૂતપૂર્વ સભ્યો)

૧ શ્રી જયંતીલાલ કુંવરચંદ શાહ
૨ શ્રી રમણભાઇ લાલભાઇ લાકડાવાળા
૩ ,, ધીરજલાલ કુલચંદ શાહ
૪ ,, માણેકલાલ વાડીલાલ સવાણી
૫ ,, વસનજી લખમશી શાહ
૬ ,, ચંપકલાલ એમ. અજમેરા
૭ ,, જોરમલ મંગળજી મહેતા
૮ ,, હુંગરશી રામજી ગાલા
૯ ,, બાબુભાઇ જી. શાહ
૧૦ ,, સી. એન. સંઘવી
૧૧ ,, દામજીભાઇ વેલજી શાહ
૧૨ ,, બસંતલાલ નરસિંહપુરા
૧૩ ,, પ્રવીણભાઇ ટી શાહ

નિમંત્રિત સભ્યો

૧ શ્રી કપૂરચંદભાઇ ચંદેરિયા
૨ ,, બિપિનભાઇ જૈન
૩ શ્રીમતી સરમીબેન પી. ભણસાળી
૪ ,, ઉષાબેન મહેતા
૫ ,, મધુબેન ભાનુભાઇ મેઘાણી
૬ ,, મીરાંબેન રમેશભાઇ મહેતા
૭ શ્રી ચંદ્રકુમાર એસ. શાહ
૮ ,, રસિકભાઇ એસ. શાહ
૯ શ્રીમતી સ્મિતાબેન શિરીષભાઇ કામદાર
૧૦ ,, સુશ્રીબેન અનિલભાઇ હીરાણી
૧૧ પ્રા. ગુલાબ દેઢિયા
૧૨ ,, ગુલાબચંદ કરમચંદ શાહ
૧૩ શ્રીમતી તરુણાબેન બિપિનભાઇ શાહ
૧૪ ,, જ્યોત્સ્નાબેન શેઠ
૧૫ શ્રી હેમાંગ અમર જરીવાલા
૧૬ ,, શિરીષભાઇ કામદાર
૧૭ ,, અનિલભાઇ હીરાણી
૧૮ શ્રીમતી પુષ્પાબેન પરીખ
૧૯ ,, શ્રીમતી વિદ્યાબેન મહાસુખભાઇ શાહ
૨૦ શ્રી રજનીભાઇ એલ. વોરા
૨૧ ,, ચંદુલાલ એમ. ગાંધી
૨૨ શ્રીમતી જ્યોતિબેન પ્રમોદભાઇ શાહ
૨૩ ,, ચંદ્રાબેન હરસુખભાઇ શાહ
૨૪ શ્રીમતી પદ્મલેખાબેન દોશી
૨૫ શ્રી જગમોહનભાઇ દાસાણી
૨૬ ડૉ. અમૂલ શાહ

શ્રી મણિલાલ મોકમચંદ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ

૧ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ, મંત્રી
૨ ,, ગણપતલાલ મ. ઝવેરી
૩ ,, પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૪ ,, શાંતિલાલ દેવજી નંદુ
૫ ,, પન્નાલાલ ૨. શાહ

સંઘ સમાચાર

સંકલન : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી ચીમનલાલ ચ. શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા

'સંઘ'ના ઉપક્રમે ઉપરોક્ત વ્યાખ્યાનમાળા તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મી એપ્રિલ, ૧૯૮૫ એમ ચાર દિવસ માટે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરમાં રોજ સાંજના ૬/૧૫ કલાકે યોજાઇ હતી વિષય હતો 'સમાજ-વાદી સમાજરચનાથી દેશની પ્રગતિ થઇ છે ખરી ?' ચારેય દિવસના વ્યાખ્યાતા અનુક્રમે સંસદસભ્ય પ્રા. મધુ દંડવતે, નહેરુ યુનિવર્સિટી, દિલ્હીના પ્રા. એમ. એલ. સોંધી, મુંબઇ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. પી આર. બ્રહ્માનંદ અને દી. એ વી. કોલેજ, દિલ્હીના વાઇસ પ્રિન્સીપાલ ડો. ભાઇ મહાવીરે આ વિષય ઉપર રસપ્રદ પ્રવચનો આપ્યાં હતાં. આ વર્ષની વ્યાખ્યાનશ્રેણીનું પ્રમુખ સ્થાન શ્રી અમર જરીવાલાએ લીધું હતું.

અધ્યાત્મ-વર્ગનું ઉદ્‌ઘાટન અને ભક્તિ-સંગીત

'સંઘ' ના ઉપક્રમે રવિવાર, તા. ૫-૫-'૮૫ના રોજ ૬-૩૦ કલાકે ભારતીય વિદ્યા ભવનમાં પ્રા. તારાબેન ર. શાહના 'માતૃદેવો ભવ' અને ડો. રમણલાલ ચી. શાહના 'અરિહંતદેવ' એ વિષય પરનાં મનનીય પ્રવચનોથી અધ્યાત્મ વર્ગનો પ્રારંભ થયો. શરૂઆતમાં કુ. ઇન્દુબેન ઘાનકે ભક્તગીતોથી શ્રોતાઓને ડોલાવ્યા હતા શ્રી રજનીભાઇ વોરાના સહયોગથી આ સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું. શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રોતાઓએ સારી એવી સંખ્યામાં હાજરી આપી આ કાર્યક્રમને માણ્યો હતો.

શ્રી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં-ઘરનું ઉદ્‌ઘાટન


'સંઘ' ના ઉપક્રમે બાળકો માટેની આ વિશિષ્ટ પ્રવૃત્તિનો પ્રારંભ થયો, રવિવાર, તા. ૫-૫-'૮૫ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સાંજના ચાર વાગે. શ્રી અક્ષય રાજેન્દ્ર શાહ (ઉ. વ. ૧૦) ના વરદ હસ્તે 'રમકડાં-ઘર'ની પ્રવૃત્તિને ખુલ્લી મુકાઇ હતી. આ સમારોહના પ્રમુખસ્થાને કુ. પ્રાચી ધનવંત શાહ (ઉ. વ. ૧૦) અને અતિથિવિશેષપદે કુ. વિશિતા નીતિનભાઇ શાહ (ઉ. વ. ૮) હતાં.

'સંઘ'ના આ કાર્યક્રમમાં પ્રમુખ, અતિથિવિશેષ અને ઉદ્‌ઘાટક બાળકોએ બાળ શૈલીમાં સુંદર વક્તવ્યો કર્યાં હતા. શ્રીમતી કોકીલાબેન વકાણીએ બાળગીતો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે શ્રી જે. આર. શાહ, શ્રી કે. પી. શાહ, શ્રી શૈલેશભાઇ કોઠારી, પ્રા. તારાબેન શાહ, ડો. અમૂલ શાહ અને ડો. રમણભાઇ શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.


વિદેશના પ્રવાસે જનારાઓને શુભેચ્છા

'સંઘ'ના આશ્રયે જૈન સમાજનાં વિવિધ ક્ષેત્રોની તેજસ્વી વ્યકિતઓને વિદેશના પ્રવાસે મોકલવાનું નક્કી થતાં જૈન સમાજના અગ્રણી શ્રી જે. આર. શાહના પ્રમુખસ્થાને (૧) શ્રી શાંતિલાલ ટી. શેઠ (કાર્યાલય મંત્રી, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ) (૨) શ્રી બચુભાઇ પી. દોશી જૈન કેળવણી ગંડળ) (૩) પ્રા. ચુલાલ દેઢિયા (૪) એડવોકેટ શ્રી નેમચંદ ગાલા (૫) સંગીતકાર શ્રી બંસીભાઇ ખંભાતવાળા અને (૬) પ્રા. કુ ડો. કલાબેન શાહ (૭) જયેન્દ્રભાઇ એમ. શાહને શુભેચ્છા-વિદાય આપવાનો એક સમારંભ સોમવાર, તા. ૬-૫-૮૫ના સાંજના સાત વાગે બિરલા ક્રિડા કેન્દ્રમાં યોજાયો હતો.

'સંઘ'ના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે આ યોજના પાછળનો ઉદ્દેશ સમજાવ્યો હતો અને જણાવ્યું હતું કે આ યોજના હેઠળ સમાજના કેટલાક આગેવાનોએ પ્રવાસ-ખર્ચ આપ્યો છે અને તેમણે જે નામો સૂચવ્યાં છે એ નામોને અમારી સંસ્થાએ મંજૂર કર્યાં બાદ વિદેશ મોકલવામાં આવનાર ઉપરોક્ત વ્યકિતઓની પસંદગી થઇ છે. 'સંઘ'ના મંત્રીશ્રી કે. પી શાહે વિદેશ જનાર વ્યકિતઓનો પરિચય આપ્યો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે વિદેશ પ્રવાસની આ યોજનાની રૂપરેખા આપી હતી પ્રા. તારાબેન શાહ, શ્રી વસનજી લખમશી શાહ શ્રી દેવચંદ ગાલા, શ્રી નાનાલાલ વસા, શ્રી પ્રતાપભાઇ ગાંધી, શ્રી મહીપતભાઇ જાદવજી શાહ અને સમારંભના પ્રમુખ શ્રી જે. આર. શાહે વિદેશ જતી વ્યકિતઓને શુભેચ્છા પાઠવી હતી 'સંઘ'ના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઇ કે. શાહે આભાર માન્યો હતો.



'રમકડાં-ઘર'નાં ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્‌ઘાટક શ્રી અક્ષય રાજેન્દ્ર શાહ (ઉ. વ. ૧૦)નું સન્માન કરતાં 'સંઘ'ના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહ.



'સંઘ'ના ઉપક્રમે ઇંગ્લેન્ડના પ્રવાસે જઇ રહેલાં મહાનુભાવોના શુભેચ્છા વિદાય સમારંભનું એક દૃશ્ય. પ્રા. તારાબેન આ પ્રસંગે ઉદ્‌બોધન કરી રહ્યાં છે.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૩

મુંબઇ તા. ૧-૬-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

'નાસિઓહ'

શનિવાર, તા. ૧૮મી મે એ શ્રી વિજયભાઇ મરચન્ટ અમને મુંબઇમાં ચેમ્બુર ખાતે આવેલી 'નાસિઓહ' (NASEOH – National Society for Equal Opportunities for the Handicapped) સંસ્થાની મુલાકાત માટે લઇ ગયા હતા. એમણે તથા સંસ્થાના કાર્યકર મંત્રી શ્રીમતી નમાએેન ભટ્ટે અમને અપંગો દ્વારા ચાલી રહેલું કાર્ય બતાવ્યું. પત્રિકાઓમાં સંસ્થાઓ વિશે માહિતી વાંચવી અને સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લેવી એ બે વચ્ચે ઘણો ફરક છે. રૂબરૂ મુલાકાતથી સંસ્થાની કાર્યવાહીનો વિગતે યથાર્થ પરિચય થાય છે.

છેલ્લાં ત્રણેક વર્ષથી અમારા જૈન યુવક સંઘને શ્રી વિજયભાઇ મરચન્ટની સમાજસેવાઓની પ્રવૃત્તિઓ સાથે વિશેષ સંલગ્ન થવાનું સદ્‌ભાગ્ય સાંપડયું છે. તેઓ 'નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇન્ડ' નામની સંસ્થાના મુખ્ય સૂત્રધાર છે. અંધજનોને તાલીમ આપીને આજીવિકાની દૃષ્ટિએ પગભર બનાવવાનું બહુ મોટું કાર્ય એ સંસ્થા દ્વારા થઇ રહ્યું છે. પરચુરણ ચીજવસ્તુઓ વેચવા માટેના સ્ટોલ, ટેલિફોન બૂથ, સીવવાના સાંચા કે જુદા જુદા પ્રકારનાં મશિનો આપીને મુંબઇના કેટલાય પ્રજ્ઞાચક્ષુઓને સ્વતંત્ર રોજગારી મેળવતા કરવામાં સફળ થયા છે. એક જણને કાયમને માટે પગભર કરવા માટે રૂા. ૪૫૦૦/- ની યોજના છે. જૈન યુવક સંઘ તરફથી અપીલ થતાં દાતાઓ તરફથી દોઢસોથી વધુ અંધજનોને સ્વનિર્ભર કરવા માટેની રકમ અમને મળી હતી, જેમાંથી ક્રમે ક્રમે એ કાર્ય થઇ રહ્યું છે.

શ્રી વિજયભાઇએ પોતાના આ કાર્યક્ષેત્રને વિસ્તૃત બનાવી 'નાસિઓહ' નામની નવી સંસ્થા ઊભી કરી. માત્ર અંધજનો જ નહિ પણ બહેરા, મોળા, હાથેપગે અપંગ, વિરૂપ, અંદબુદ્ધિના એવાં એવાં સ્ત્રીપુરુષોને આજીવિકા માટે તાલીમ આપવાનું અને ત્યાર પછી તેમને અનુકૂળ નોકરી અપાવવા માટે એક મોટું કેન્દ્ર ઊભું કરવાનું સ્વપ્ન તેમણે સેવ્યું. તેમની સુવાસ એટલી બધી છે કે મહારાષ્ટ્ર સરકારે ચેમ્બુરમાં ભિક્ષુક-ગૃહ (Beggars Home) ની બાજુમાં વિશાળ જગ્યા આ 'નેશનલ સેન્ટર' શરૂ કરવા માટે આપી. કેન્દ્ર સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ માટેના ખાતા તરફથી મકાન બાંધવા માટે દસ લાખ રૂપિયાની આર્થિક સહાય મળી. આ આખું મકાન યોજના પ્રમાણે જ્યારે પૂરું થશે ત્યારે તો ચારપાંચ કરોડનું એ બાંધકામ થશે. લગભગ એક કરોડ રૂપિયાનું કામ હાલ થઇ ગયું છે. એમાં ડેન્માર્ક, જર્મની, નેધરલેન્ડ વગેરે દેશોમાંથી પણ ઘણી મોટી આર્થિક સહાય મળી છે. આ ઉપરાંત મુંબઇ અને મહારાષ્ટ્રમાનાં જુદા જુદા ટ્રસ્ટો, એસોસીએશનો, શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા પણ ઘણી સારી આર્થિક સહાય મળી છે. લગભગ ૨૦૦ અપંગોને અત્યારે જુદા જુદા પ્રકારની તાલીમ આ કેન્દ્રમાં અપાઇ રહી છે. જમીનનો પ્લોટ આપતી વખતે મહારાષ્ટ્ર સરકારે શરત કરી છે કે બાજુમાં આવેલા ભિક્ષુક-ગૃહના અપંગ ભિક્ષુઓને નિશ્ચિત સંખ્યામાં અનુકૂળ તાલીમ આપવી, જેથી ભિક્ષુક-ગૃહમાંથી તેમને છોડવામાં આવે ત્યારે તેઓ ફરી ભીખ ન માંગે પરંતુ નોકરીધંધે લાગી જાય.

આ નેશનલ સેન્ટરમાં સુથારીકામ, દરજીકામ, ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ કામ, ફાઉન્ડરીમાંથી ફાઇલ કે બોલ્ટ બનાવવાનું કામ, વિદ્યાર્થીઓ માટે નોટબુકો બનાવવાનું કામ, પાપડ અને મસાલા બનાવવાનું કામ–આવાં જુદાં જુદાં કામો માટેની સઘન તાલીમ તે તે કામના નિષ્ણાતો દ્વારા અપાય છે. અને તાલીમ પામેલા માણસોને માટે નોકરી શોધી આપવાનું કામ પણ સેન્ટરના અધિકારીઓ કરે છે. નેશનલ સેન્ટરની આ તો હજુ શરૂઆતની જ પ્રવૃત્તિ છે, પરંતુ ઉત્તરોત્તર ઘણા મોટા પાયા ઉપર આ પ્રવૃત્તિ વિકસાવવાની શ્રી વિજયભાઇના ભાવના છે.

શ્રી વિજયભાઇ ૭૩ વર્ષની ઉમરે, હૃદયરોગના ત્રણ મોટા હુમલા આવી ગયા છતાં સામાજિક સેવાના ક્ષેત્રે ભગીરથ કામ કરી રહ્યા છે. તેમનો લગભગ આખો દિવસ આવી સામાજિક પ્રવૃત્તિમાં જાય છે. કોઇ પણ દુઃખી વ્યક્તિ વિજયભાઇ પાસે પોતાનો પ્રશ્ન લઇને જાય તો તેના અચૂક તેની વાત શાંતિથી સાંભળીને તન, મન અને ધનથી બધી જ મદદ કરી છૂટે છે. વિજયભાઇએ અમને કહ્યું કે ભારતમાં અપંગ માણસોને લોકો જલદી નોકરીમાં રાખતા નથી. કેટલાક અપંગ માણસો શારીરિક દૃષ્ટિએ અપંગ હોય છે, પરંતુ તેમને અનુકૂળ એવું કામ કરવામાં તેઓ કોઇ પણ રીતે ઊતરતા નથી. કોઇક વખત તો સારાસાજા માણસ કરતાં પણ તેઓ વધારે કામ કરે છે. આવા અપંગ લોકોને વ્યવસાયની દૃષ્ટિએ સમાજમાં સમાન તક મળી રહે એટલા માટે આ સંસ્થા સ્થાપવામાં આવી છે.

પશ્ચિમના દેશોમાં અપંગો માટે જેટલી સંભાળ લેવાય છે તેટલી આપણે ત્યાં લેવાતી નથી. ભારતમાં સશક્ત માણસો માટે પણ બેકારીનો મોટો પ્રશ્ન છે. તેમની સંભાળ લેવાનું કામ તો દરિયા જેટલું મોટું છે, પરંતુ અપંગોને આવી તાલીમ જો ન આપવામાં આવે તો વર્તમાન પરિસ્થિતિમાં ઘણાને માટે ભીખ માંગવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. કુટુંબના સભ્યો પણ તેને હડધુત કરે છે. અપંગ માણસ સારી રોજગારી મેળવતો થાય તો તેનો આખો દિવસ પ્રવૃત્તિમય જાય, તેનો આત્મવિશ્વાસ વધે, સ્વમાનભેર તે જીવી શકે, કુટુંબના સભ્યો પણ તેને માનથી બોલાવે. પોતાને યોગ્ય પાત્ર મળે તો લગ્નનો પ્રશ્ન પણ ઉકલી જાય અને એકંદરે રાષ્ટ્રને માથેથી તેમની જવાબદારી હળવી થાય, બદલે રાષ્ટ્રની પ્રગતિમાં તેમનું યથાશક્તિ યોગદાન લેખાય. એથી એકંદરે સમાજની શોભા વધે. આવું બહુલક્ષી માનવ-સેવાનું કામ શ્રી વિજયભાઇએ એક મિશનની જેમ ઉપાડયું છે અને વિભિન્ન ટ્રસ્ટો, સંસ્થાઓ, ઉદ્યોગગૃહો ઇત્યાદિ તરફથી તેમને ઘણો સારો સહકાર સાંપડી રહ્યો છે.

ભારતના પ્રત્યેક મોટા નગરમાં આવી સંસ્થાઓ હોય તો ભારતની કેટલી બધી સમસ્યાઓનો ત્વરિત ઉકેલ આવી શકે.

શ્રી વિજયભાઇ મરચન્ટે ક્રિકેટના ક્ષેત્રે જે સિદ્ધિઓ મેળવી એથી પણ વિશેષ સંગીન કાર્ય સમાજસેવાનું તેમના હાથે થઇ રહ્યું છે. એ આપણા સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે.

– રમણલાલ ચી. શાહ

સ્વ. પૂ. કૈલાસસાગરસૂરિ

● રમણલાલ ચી. શાહ

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ કૈલાસસાગરસૂરિજી અમદાવાદમાં શુક્રવાર, તા. ૨૨ મી મે ના રોજ ૭૪ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા. એમના સ્વર્ગવાસથી જૈન સમાજે એક ધ્યાનમગ્ન, આત્મરત, પ્રશાંતમૂર્તિ મહાત્મા ગુમાવ્યા છે.

સ્વ. પૂ. કૈલાસસાગરસૂરિ યોગનિષ્ઠ મહાન જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિના પ્રશિષ્ય હતા. (તેમણે સ્વ. બુદ્ધિ-સાગરસૂરિના પટ્ટશિષ્ય સ્વ. કીર્તિસાગરસૂરિના શિષ્ય શ્રી જિતેન્દ્રસાગર પાસે તા ૨૬-૧-'૩૮ ના રોજ દીક્ષા લીધી હતી.

એમનો જન્મ પંજાબના લુધિયાણા જિલ્લાના જગરાવ ખાતે તા. ૧૯-૧૨-૧૯૧૩ ના રોજ થયો હતો. તેમના માતાનું નામ રાખરખીબાઇ અને પિતાનું નામ રામકૃષ્ણદાસ હતું. તેમનું સાંસારિક નામ કાશીરામ હતું. એમના મોટાભાઇએ પણ દીક્ષા લીધી હતી. તેઓ લાહોરની સનાતન ધર્મ કોલેજ-માંથી બી. એ. થયા હતા, એટલે કે તેઓ એ વખતના સ્નાતક હતા, અને ત્યાર બાદ વૈરાગ્યને પંથે આગળ વધ્યા હતા. એમને આચાર્ય પદવી તા. ૧૬-૨-૧૯૬૬ ના રોજ અમદાવાદ જિલ્લાના સાણંદમાં અને ગચ્છાધિપતિની પદવી તા. ૨૧-૬-૧૯૮૩ ના રોજ મહુડીમાં આપવામાં આવી હતી.

સ્વ. કૈલાસસાગરસૂરિની વિશિષ્ટતા એ હતી કે તેઓ પંજાબના હતા, અને સાધુ તરીકેનું તેમનું વિચરણ ગુજરાત-રાજસ્થાનમાં થયું હતું. તેમનો જન્મ સ્થાનકવાસી કુટુંબમાં થયો હતો અને તેમણે દીક્ષા મૂર્તિપૂજક સમુદાયમાં લીધી હતી. યુવાનવયે તેઓ ઘર અને રૂપવંતી પત્નીને છોડીને સાધુ થવા નીકળી પડયા હતા. કારણ કે તેમના હૃદયમાં સાચો વૈરાગ્ય હતો. દીક્ષા પછી કુટુંબના સભ્યો અને પત્નીના આગ્રહના કારણે દીક્ષા છોડવી પડે એવા સંજોગો ઊભા થયા હતા. ગુરુમહારાજની આજ્ઞા લઇ, દીક્ષા છોડી ગૃહસ્થ જીવનમાં ફરી એમણે પ્રવેશ કર્યો. થોડો સમય ઘરે જઇને રહ્યા. પત્ની અને કુટુંબના સભ્યોને શાંતિથી અને સ્વસ્થતાથી ધર્મનો માર્ગ સમજાવ્યો, તેમને ધર્મપરાયણ બનાવ્યા અને સંજોગો અનુકૂળ થતાં ગુરુમહારાજ પાસે પાછા આવ્યા અને ફરીથી દીક્ષિત થઇ સાધુનો વેશ ધારણ કર્યો. આપણે ધારીએ એટલું આ કાર્ય સરળ નથી. એમની અંતરની શ્રદ્ધા અને સ્વસ્થતા કેટલી બધી હશે અને પોતાના ધર્મમાર્ગમાં દૃઢ રહેવાનું મનોબળ કેટલું મોટું હશે કે સ્વજનોને પ્રતિબોધ પમાડે, ફરી પાછા પોતે સંયમનાં માર્ગે આરૂઢ થાય.

સ્વ. કૈલાસસાગરસૂરિએ મહેસાણામાં સીમંધરસ્વામીનું ભવ્ય અને અદ્વિતીય જિનાલય કરવાની પ્રેરણા આપી એ એમનું મહાન કાર્ય છે. એમના એ કાર્યમાં એમના વિદ્વાન શિષ્ય પૂ. કલ્યાણસાગરસૂરિનો સારો સહકાર સાંપડયો.

સ્વ. કૈલાસસાગરસૂરિની પ્રતિભા અનોખી હતી. તેઓ બહુ ઓછું બોલતા. તેમની એક લાક્ષણિકતા એ હતી કે તેઓ ઉપાશ્રયમાં હોય કે રસ્તામાં જતાંઆવતાં હોય ત્યારે કોઇની પણ સાથે વાત કરતી વખતે તેઓ નીચી દૃષ્ટિ રાખીને બોલતા. વાત કરનાર વ્યક્તિ સામે તેઓ બહુ જ ઓછું જોતા અને નજર તો ભાગ્યે જ મેળવતા. વ્યાખ્યાન આપતી વખતે પણ તેઓ નીચી દૃષ્ટિ રાખીને જ બોલતા. સ્ત્રી-સમુદાય તરફ એમની નજર જતી નહિ. સંયમ અને બ્રહ્મચર્યનાં તેઓ અખંડ આરાધક હતા. તેમની વાણીમાં પણ સંયમ જણાતો. તેઓ ઓછું અને મૃદુતાથી બોલતા. તેઓ પંજાબના હતા પરંતુ ગુજરાતી ભાષા એમની જીભે મધુરતાથી વસી ગઇ હતી.

તેઓ સાધુ તરીકેની પોતાની દિનચર્યામાં ચુસ્ત હતા. જ્યારે પણ એકાન્ત મળે ત્યારે તેઓ ધ્યાનમાં લીન બની જતાં. પોતાના દાદાગુરુ બુદ્ધિસાગરસૂરિના ગ્રન્થોમાંથી એમને યોગસમાધિ માટેની પ્રેરણા મળી હતી. ધ્યાન ધરવા માટે તેઓ ક્યારેક આસપાસના એકાન્ત સ્થળમાં ચાલ્યા જતા.

સ્વ. કૈલાસસાગરસૂરિજીને મળવાનું મારે પ્રમાણમાં ઓછું થયું છે. પાલિતાણા, જામનગર, મહેસાણા, મહુડી, અમદાવાદ, ભાવનગર વગેરે સ્થળે હું એમને વંદન કરવા ગયો હતો ત્યારે બહુધા સ્વ. બુદ્ધિસાગરસૂરિના જીવન કાર્ય વિષે વાતો નીકળતી. સ્વ. કૈલાસસાગરસૂરિજી જ્યારે ભાવનગરમાં હતા ત્યારે એક કામ અંગે મળવા માટે તેમનો પત્ર આવેલો. હું અને મારાં પત્ની તેમને મળવા ભાવનગર ગયાં ત્યારે દાદાવાડીના ઉપાશ્રયમાં તેઓ હતા. ઉપાશ્રયમાં અમે

(વધુ માટે જુઓ પાનું ૩૧ મું)

ગાયોનો પ્રશ્ન :

આપણું ભેટ મંગાવી શકીશું?

© વિજયગુપ્ત મૌર્ય

આપણી ગાયો દૂધ ન આપતી હોય અથવા બહુ ઓછું દૂધ આપતી હોય ત્યારે કતલખાને મોકલવામાં આવે છે. પશ્ચિમ યુરોપમાં ગાયો વધુ પડતું દૂધ આપે છે તેથી દૂધ અને દૂધની બનાવટોનો ભરાવો થઈ જવાથી તેમના ભાવ ઐસી જતા અટકાવવા માટે ત્રણેક લાખ અતિદૂધાળી ગાયોની કતલ કરવામાં આવી રહી છે. પશ્ચિમ યુરોપમાં ધનવાન મૂડીવાદી દેશોનું સમાન આર્થિક મંડળ છે. તેઓ ખેતી અને દૂધના ઉત્પાદકોને ઊંચા ભાવ મળે તેની કાળજી રાખવા જરૂર પડે ત્યારે ઉત્પાદનનો વધારો ઘટાડે છે.

યુરોપ-અમેરિકાની શ્રેષ્ઠ દૂધાળી ગાયો, જોઈને આંખ ઠરે એવી સુંદર અને દૂધની જીવતી ટાંકી જેવી હોય છે. તેમના આઉ એટલા બધા મોટા હોય છે કે તેમને ઊઠવા-બેસવામાં પણ તકલીફ પડે છે. તેમનો આ વિકાસ ત્યાંના ગોપાલકોએ યુક્તિપૂર્વક સુધારેલી ઓલાદ અને ઉદાર પોષણને આભારી હોય છે. ત્યાં બે પ્રકારની ગાયો ઉછેરવામાં આવે છે: વધુ દૂધ માટે અને વધુ માંસ માટે. વધુ માંસ માટેની ગાયોને વધુ અનાજ ખવરાવવામાં આવે છે.

આપણે આપણી દુબળી ગાયોથી અને તેમના દૂધના ઊંગાળ પ્રમાણથી ટેવાયેલા હોવાથી જાપાન, રશિયા, યુરોપ અને અમેરિકાની ગાયો કેટલું બધું દૂધ આપે છે તે કલ્પાય માની શકશું નહિ. વિક્રમરૂપ દૂધ આપનાર ગાયોની કિંમત પણ વિક્રમરૂપ હોય છે. અમેરિકાની હોલ્સ્ટાઇન ઓલાદની એક ગાય તા. ૧ જૂન ૧૯૬૪ના રોજ જન્મી હતી અને તેણે પોતાના જીવનકાળ તા. ૨૨ જૂન ૧૯૮૨ સુધીમાં ૧,૮૨,૬૬૦ કિલોગ્રામ દૂધ આપ્યું હતું તે વિશ્વવિક્રમ છે. અમેરિકામાં ૧૯૭૫ માં એક ગાયે ૩૬૫ દિવસમાં ૨૫,૨૪૭ કિ. ગ્રા. એટલે કે ૫૫,૬૬૧ રતલ દૂધ આપ્યું હતું. તે પણ હોલ્સ્ટાઇન ઓલાદની હતી. આ ઓલાદ યુરોપમાં હોલેન્ડ અને ડેન્માર્કથી આવેલી છે અને તે બે દેશો દુનિયામાં તેમની ગાયો, ગાયના દૂધ (આ બધા દેશો ઠંડા હોવાથી ત્યાં ભેંસ નથી હોતી) અને દૂધની પેદાશો-રબડી, દૂધનો પાવડર, માખણ અને ચીઝ માટે જગતમાં પ્રખ્યાત છે.

ગાયની સમગ્ર જિંદગીનું અને તેના એક વ્યાતર દરમ્યાન એક વર્ષનું વધુમાં વધુ દૂધ જોયા પછી હવે એક દિવસનું બધુમાં વધુ દૂધ એક ગાયે કેટલું આપ્યું છે તે જોઇએ. તારીખ ૨૪ જાન્યુઆરી ૧૯૮૨ના રોજ કચુમામાં ઉછર્યા જંલાક્ષા નામની ગાયે એક દિવસમાં ૧૦૯ કિ. ગ્રા. થી થોડું બધારે (૧૦૯. ૩ કિ. ગ્રા.) દૂધ આપ્યું હતું. આ ત્રણે સત્તાવાર વિક્રમો છે. અલબત્ત, યુરોપી વંશની બધી ગાયો કંઈ આટલું બધું દૂધ નથી આપતી તેમ છતાં યુરોપી ઓલાદોની ગાયો આપે છે તેટલું આપણી ગાય પાસેથી મેળવવાની આશા રાખી શકાય નહિ, કારણ કે આપણે ગોપૂજક હોવાનો ઢોંગ કરીએ છીએ. પણ ટૂંકી બુદ્ધિના સ્વાર્થી છીએ.

દૂધની જીવતી ટાંકી જેવી આવી સુંદર ગાયોની લાખોની સંખ્યામાં કતલ કરી નાંખવામાં આવે એ જાણીને આપણને આઘાત લાગે. પરંતુ આવી લાખોની કતલ કંઈ પહેલીવાર નથી થઈ. આપણા દેશમાં જ્યારે ગરીબ બાળકોને વાટકી દૂધ પણ મળતું નથી અને મધ્યમ વર્ગના માણસોને પણ દૂધના ભાવ અસહ્ય લાગે છે ત્યારે સામાન્ય વાચકને વિચાર આવે કે આવી સરસ ગાયો કાપી નાંખવાને બદલ આપણને શા માટે આપી નથી દેતા? તથી ગયા એપ્રિલમાં 'ઇન્ડિયન એક્સપ્રેસે' એક સમાચારમાં શ્રી બી. કે. તિવારીના એક અહેવાલ છાપ્યો. તેની ઉપરથી એવો આશા મળી કે તેમાંથી મોટી સંખ્યામાં ગાયો ભારતને ભેટ મળશે. યુરોપમા રૂપતની રાજકુમારી ઇરીનને કાંચીપુરમના શંકરાચાર્યના શિષ્યા તરીકે ઓળખાવવામાં આવી છે અને તે આ દિશામા પ્રયત્નો કરે છે એમ કહેવાય છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારત સરકાર તેમાં સૈદ્ધાંતિક સમંતિ આપી છે. યુરોપી આર્થિક સંગઠનના મંત્રીએ જે-તે દેશના સરકાર આ ગાયોની હરફેરના ખર્ચો ભોગવવા તૈયાર હોય તો તેઓ આ ગાયો ભેટ આપવા તૈયારી બતાવી છે. રાજકુમારી ઇરીન સ્પેનના રાણીના બહેન છે. તેને શંકરાચાર્યે લખ્યું છે કે આ ગાયો અમને મળે એવા પ્રયાસો કરો. તેવા રાજકોટના 'કુલછાબે' તેના તંત્રીલેખમાં એવી આશા વ્યકત કરી છે કે ભારતના ગોપ્રેમીઓ ઘણા વખતથી જે માટે ઝુંબેશ કરતા હતા તે સફળ થાય તેવા પાકા મંડાણ છે, અને આ નિર્ણય જાહેર થશે ત્યારે ભારતના ગોપ્રેમીઓ માટે તે દિવસ ઉત્સવના હશે. અઢી લાખ જેટલા ગાયોના, કતલખાને જતા અટકાવી શકાશે અને ભારતમા તેમના દૂધ-ઘીનો વધુ ખાધ પૂરો થશે. પશ્ચિમ યુરોપી દેશોમાં અત્યારે ૮૫ હજાર ટન માખણના અને ૬,૩૬,૦૦૦ ટન દૂધની અન્ય પેદાશોના ભરાવા થયા છે. તેથી વધારાના ગોધનના નિકાલ કરીને તેના નિભાવ ખર્ચ ઓછા કરવામા આવશે.

આપણે હૃદયપૂર્વક ઇચ્છીએ કે આ ગાયો બચે અને તે આપણને મળે. તેમના દૂધ-ઘી વડે આપણા દેશમા આસમાને ગયેલા દૂધ-ઘીના ભાવ નીચે લાવી શકાય તો કેવું સારું! ખાદ્ય તેલ અને વનસ્પતિ 'ઘી' ના ભાવ પણ આપણને ભાગી નાખે છે ત્યારે સાચું ઘી બાદ ધનવાનો સિવાય બીજા કોઇને પાલવતું નથી. તેમ છતાં લાખો યુરોપી ગાયો ભારતને ભેટ મળે અને તેઓ અહીં આવીને તેમના દૂધ-ઘી વડે આપણો ઉદ્ધાર કરે તે આશા કેટલીક વ્યવહારુ છે તે આપણે વિચારીએ :

(૧) લાખો કે હજારો ગાયોને વિમાન મારફત કે આગબોટો મારફત લઇ આવવી શકય છે? (૨) તેના કેટલો ખર્ચ થાય? અને ભારત સરકાર કે આપણા ગોપ્રેમીઓ તે ખર્ચ આપી શકે? (૩) જો આગબોટોમાં આટલી બધી ગાયોને લાવવામાં આવે તો સમુદ્રની લાંબી સફર દરમ્યાન તેમના માટે આગબોટોમાં મીઠા પાણીની અને ઘાસચારાની

જોખવાઈ કરવી જોઈએ. તેમના મળમૂત્રના નિકાલની સમવડ પણ કરવી જોઈએ. આ શક્ય છે ખરું ? (૪) જો વિશાળ ટેન્કર જહાજોમાં તેમને મોટી સંખ્યામાં ચડાવવામાં આવે તો આવાં જહાજો સુએઝની નહેરમાંથી પસાર થઈ શકે નહિ. તેમાંથી, મારી જાણ પ્રમાણે ૫૦ હજાર ટનથી નાનાં જહાજો પસાર થઈ શકે છે મોટા ભાગનાં ટેન્કર જહાજો તેનાથી ઘણાં મોટાં હોય છે તેથી તેમણે આફ્રિકા ખંડને ચક્કરવો મારીને અને ભૂમધ્ય, આટલાંટિક તથા હિંદી મહાસાગર ઓળંગીને આવવું જોઈએ. તે પ્રવાસ મહિનાથી ઘણો વધુ સમય લે. તે દરમ્યાન આટલી બધી ગાયો માટે પાણી અને ખોરાક લઈ જઈ શકાય નહીં. (૫) અમેરિકન ખંડોમાં જ્યારે યુરોપી વસાહતીઓ વસવા જતા હતા ત્યારે ત્યાં ઘોડા, ગાયો વગેરે પાળેલાં પશુ ન હોવાથી તેઓ વહાણોમાં તેમને ભરી જતા હતા. તે વહાણો અઠવાળાં હતાં અને જ્યાં પવન પડી જતો હોય એવા ડોલડ્રમ નામે ઓળખાતા સમુદ્રના વિસ્તારમાં પ્રગતિ વિના કંટાઈ પડતાં હતાં ત્યારે ઘોડાઓને ભૂખે-તરસે રીબાઈને મારવા કરતાં તેમને સમુદ્રમાં ફેંકી દેતા હતા, જ્યાં મધરા (શાર્ક, નામનાં માછલાં) અને બીજા શિકારી માછલાં તેમને ફાડી ખાતાં હતાં). આ અક્ષાંસોને હજી અશ્વ-અક્ષાંસ કહે છે.

(૬) યુરોપમાં આ ગાયો બાંધેપીધે અને રહેઠાણમાં ઘણી સુખી હોય છે. પરંતુ આપણે તેમને શું ખવડાવશું ? આપણે આપણી ગાયોને પૂરતું ખવરાવી શકતા નથી અથવા કેટલેક ઠેકાણે ખવરાવવાની દાનત હોતી નથી. આપણે તેમનું દૂધ દોહી લઈને ગામમાં રખડતી મૂકી દઈએ છીએ, જ્યાં તેઓ આંટાપંખો અને ખાવા કે ન ખાવા જેવો ખોરાક અને લોકોના હાથનો માર પણ ખાય છે. શહેરોમાં અપ્રમાણિક માણસોની જેમ તેમનામાં ચૌર્યવૃત્તિ પણ બીલે છે અને તે દૃશ્ય જોવા જેવું હોય છે. ઘણાં સ્થળો પૈકી એક અંધેરીનો દાખલો આપું તો લૂંટાઓ ગાયોને દોહીને શહેરમાં છોડી મૂકે છે. તેમના રાજકીય નેતા ઉત્તર ભારતી છે અને પોલીસમાં તથા રાજકારણમાં ઘણી લાગવગ ધરાવતા હોવાથી પોલીસ, માણસોની ભારે ગિરદી વચ્ચે પણ ગાયોને રખડવાનો અધિકાર આપે છે. શાકભાજી અને ફૂલો વેચતા ફેરીયાઓની અતિ લાંબી હરોળ પાસેથી ગાયો તેમની સામે પણ જોયા વિના પ્રામાણિક સન્નારીની જેમ ચાલી જાય છે. પરંતુ જે ફેરિયાનું ધ્યાન ન હોય તેના શાકભાજીમાંથી ઝડપથી ગલોકું ભરી લે છે. પછી હડધૂત થઈ માર ખાઈને આગળ વધે છે. જ્યારે ફેરિયાઓની હરોળ પૂરી થાય ત્યારે ફરી જઈને વળતી પીઠ કરે છે. સવારથી નમતા બપોર સુધી ફેરિયાઓ ન હોય ત્યારે તેઓ ટોકટોકાણે જાહેર રસ્તા ઉપર ઉકરડામાં ચરે છે. ઉકરડાનો કચરો રસ્તા ઉપર પાથરી દે છે, અને પછી વાગોળવા માટે ગાયોનું ટોળું આંધેરીમાં સૌથી વધુ વાહનો અને માણસોની ગીરદી ધરાવતા રસ્તા ઉપર બેસી જાય છે. બસો અને બીજાં વાહનોએ ધીમા પડી જઈ ગાયો કચરાઈ ન જાય એવી રીતે નીકળવું પડે છે. આ વર્ણનમાં કશી અતિશયોક્તિ નથી. આપણી 'ગોમાતા' પ્રત્યે આપણે કેવો વર્તાવ રાખીએ છીએ તેનું આ એક દૃષ્ટાંત છે. મુંબઈમાં લાખો લોકો ઝુંપડામાં રહે છે જ્યાં તેમને શૌચ માટે કશી સગવડ ન હોવાથી ખુલ્લામાં ગંદકી કરે છે. ગાયો વિષ્ટા ખાય તેને સૌરાષ્ટ્રમાં ઓખર કરે એમ કહે છે.

(૭) આપણા દેશમાં ગાયોની ઓલાદ આપણી બેદરકારી અને વિજ્ઞાન વિશેની અજ્ઞાનતાને લીધે અત્યંત બગડી ગઈ છે, પણ ગાયોની સંખ્યા જોઈએ તે કરતાં ઘણી વધારે છે. તે સૌને થોડો પણ ખોરાક તો જોઈએ, પણ તે પૂરતો અને સારો ન હોવાથી બળતરરૂપે દૂધ ઘણું ઓછું આપે છે. ખેતી માટે વધુને વધુ જમીન ખેડાતી જાય છે તેથી ઢોર માટેના ચરિયાણ ઘટતાં જાય છે. જમાનાથી જે જમીન ગોચર તરીકે વપરાતી હતી તે જમીન પણ ભૂખ્યા લોભી માણસો ખેડી નાખે છે. જો આપણે આપણી ગાયોને પેટ પૂરતો અને યોગ્ય પોષણવાળો ખોરાક ખવરાવી શકતા નથી તો યુરોપમાંથી મંગાવેલી ગાયોને શું ખવડાવશું ? મેં જોયું હતું કે યુરોપી ગાયો પણ દુબળી બનીને રસ્તા ઉપર રખડતી હતી.

(૮) ભારતમાં ગાયોની સંખ્યા ૧૯૭૬માં, યુનોની ખોરાક અને ખેતીવાડી સંસ્થાના અંદાજ પ્રમાણે ૩૫ કરોડ ૨૦ લાખ જેટલી હતી હવે વધારે હશે, કારણ કે મોટા ભાગનાં રાજ્યોમાં ગોહત્યાની મનાઈ છે. વધુ સંખ્યા અનુક્રમે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, રાજસ્થાન આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, ઓરિસ્સા, કર્ણાટક, ગુજરાત, આસામ અને પંજાબમાં છે. રાજસ્થાન તે પૈકી ચોથી વધુ સૂકી અને અડધા કરતાં વધુ રણપ્રદેશ હોવા છતાં ગાયોની સંખ્યામાં તેનો ચોથો નંબર છે.

(૯) યુરોપી ગાયો ઠંડા પ્રદેશની રહેવાસી છે તેમને આપણું બહુ ગરમ હવામાન ન ફાવે. જો તેમને આપણા હવામાનને અનુકૂળ બનાવવી હોય તો તેમની અને આપણી ઉત્તમ ગાય વચ્ચે સંકર ઓલાદ ઉત્પન્ન કરવી જોઈએ આવી ઓલાદ અડતલ હોય છે અને દૂધ પણ સારું આપે છે આપણા જે પ્રદેશ ઠંડા છે ત્યાં યુરોપી ગાયોને ઉછેરી શકાય. સંકર ઓલાદ માટે વિદેશી ગાયો પસંદ કરવી જોઈએ.

દુનિયામાં વિવિધ પ્રકારની અને વિવિધ આકારની ગાયો હોય છે, પરંતુ તે બધી એકજ કુળની હોવાથી તેમની વચ્ચે સંકર ઓલાદ ઉત્પન્ન થઈ શકે છે. આપણી ગાયોને ડોક અને પીઠ વચ્ચે ખુંધ હોય છે. યુરોપી વંશની ગાયોમાં ઓલાદ જુદી જુદી હોય છે (દા. ત. હોલ્સ્ટાઈન, જર્સી વગેરે) પરંતુ તેમને કોઈને ખુંધ નથી હોતી. તિબેટની યાક (ચમરી ગાય) આમ જોવી લાગે નહીં. અગ્નિ એશિયામાં વળી જુદા આકારની ગાયો થાય છે. આ બધા આકાર પ્રકારની ગાયો વચ્ચે સંકર પ્રજા ઉત્પન્ન થઈ શકે છે. યુરોપમાં સંસ્કૃતિનો ઉદય આપણી કરતાં મોડો થયો તેમ છતાં આશરે ૬,૦૦૦ વર્ષ પહેલાં યુરોપમાં ગાયો અને ભુંડ પાળવાની શરૂઆત થઈ હતી તે પહેલાં ત્યાં પશુઓ જંગલી હતાં. યુરોપ કરતાં ઈરાન અને ઈરાકમાં પણ સંસ્કૃતિનો ઉદય ઘણો વહેલો થયો હતો અને આશરે ૧૦ હજાર વર્ષ પહેલાં ઢોર પાળવાની શરૂઆત બકરીથી થઈ હતી. ભારતમાં જર્સી ગોધા અને આપણી ગાયની સંકર ઓલાદ ઉત્પન્ન કરવામાં આવી છે અને તે અડતલ, ઘણું દૂધ આપનારી નીવડી છે. આપણા દેશમાં પણ કેટલીક ઉત્તમ ઓલાદની ગાયો છે. ઓલાદની દૃષ્ટિએ આપણે ગાયોની (કે બીજાં પાળેલાં પશુઓની) વંશશુદ્ધિ જાળવી નથી, તેમ છતાં પ્રદેશ પ્રમાણે કેટલીક ઓલાદો ઠીક ઠીક સંતોષકારક

રીતે જળવાઈ રહી છે. તેમ છતાં તેઓ પુષ્કળ દૂધ આપે એ દૃષ્ટિએ આપણે ઓલાદ સુધારી અને વિકસાવી નથી. ગિરની ઓલાદ આંખ ઠારે એવી છે. સરકારે પંચવર્ષીય યોજનાઓમાં ગોધનના વિકાસ અને દૂધના વધુ ઉત્પાદન માટે પ્રયત્નો કર્યા છે. કેન્દ્ર સરકારે રાજસ્થાન, ગુજરાત, ઓરિસ્સા, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં ગાયોની ઓલાદ સુધારવાનાં કેન્દ્રો સ્થાપ્યાં છે, જે ચૌદ ઓરિસ્સાના એક કેન્દ્રમાં રાતી સિંધી ઓલાદ અને બીજાં કેન્દ્રમાં યુરોપી જર્સી ઓલાદ પસંદ કરવામાં આવેલ છે. ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં હોલ્સ્ટાઇન ફ્રિજીયન નામની યુરોપી ઓલાદ પસંદ કરવામાં આવી છે. વૈજ્ઞાનિક ધોરણે શ્રેષ્ઠ ગાયો ઉત્પન્ન કરવા દરેક કેન્દ્રમાં ત્રીસ શ્રેષ્ઠ ગોધા અને ૩૦૦ શ્રેષ્ઠ ગાયો રાખવાની યોજના છે. ગોધાની શક્તિનો નિરર્થક વ્યય ન થાય તે માટે ગર્ભાધાન યાંત્રિક સાધન વડે કરાવવામાં આવે છે. આ ગોધને માટે ઉત્તમ પોષણ ધરાવતો ખોરાક આ કેન્દ્રોમાં જ ઉગાડવામાં આવે છે. તેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા અને સ્વિત્ઝરલેન્ડ આપણને સહકાર આપે છે. વિદેશી ઓલાદમાંથી હોલ્સ્ટાઇન ફ્રિજીયન અને જર્સી ઉપરાંત ભૂરી સ્વિસ ઓલાદ પણ પસંદ કરવામાં આવી છે. તે ત્રણે ઓલાદના ઉત્તમ ગોધા રાખવામાં આવ્યા છે. અહીંની ગાયો વધુમાં વધુ દૂધ આપે એટલું જ નહિ પણ શ્રેષ્ઠ પોષક દૂધ આપે એવા પ્રયોગો પણ થાય છે. દેશી ગાયોમાંથી ગીર, હરિયાણા, કાંકરેજ (ઉત્તર ગુજરાત), ઓંગોલ, (આંધ્ર પ્રદેશ) સાહિવાલ (પંજાબ), રાતી સિંધી અને થરપારકરની ગાયોની ઓલાદ પસંદ કરવામાં આવી છે. મુરા અને મુરતી ભેંસોની પણ ઓલાદ સુધારવામાં આવે છે. બેંગ્લોરમાં આ ઉત્તમ યુરોપી ગોધાઓનું વીર્ય એકઠું કરીને થીજાવી રાખવામાં આવે છે અને જ્યાં ગાયો ઋતુમાં આવેલી હોય ત્યાં તે પૂરું પાડવામાં આવે છે. તે માટે ડેન્માર્કની સરકારની સહાયથી પંજાબ, હરિયાણા, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, બિહાર અને ઓરિસ્સામાં પણ ગોધાના થીજાવેલા વીર્યનાં કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે.

કેટલાક યુરોપી દેશો આપણને દૂધનો પાઉડર અને ફાચું ઘી મફતના ભાવે આપે છે. ખરત એ છે કે તેમાંથી મિશ્રદૂધ (ટોન્ડ મિલ્ક) બનાવીને વેચવું અને જે નફો થાય તેના વડે દૂધની ડેરીઓ વૈજ્ઞાનિક ઢબે સ્થાપતાં જવું. સરકારે દૂધના પુષ્કળ ઉત્પાદન રૂપે શ્વેતક્રાંતિ કરવાની મહત્ત્વાકાંક્ષી યોજના હાથ ધરી છે તે બહુ સફળ નથી થઈ. તેમ છતાં કંઈ ન કરવું તેના કરતાં કંઈક થાય તે સારું છે. ભારતમાં શ્રેષ્ઠ અને કદાચ સૌથી મોટી ડેરી અમૂલની સહકારી સંસ્થા છે, જેણે ભારતમાં બેડા જિલ્લાને અને તેના મુખ્ય નગર આણંદને અનુક્રમે દૂધના વતન અને દૂધના નગર તરીકે ખ્યાતિ આપી છે. તેણે ગાયો અને ભેંસોની ઓલાદ ઘણી સુધારીને પુષ્કળ દૂધ દેતી કરી છે. અને તેમના ગ્રામવાસી માલિકોને અમૂલની સહકારી સંસ્થાના સભ્યો બનાવ્યા છે. આ ગોસંવર્ધન અને ગોદોહન વૈજ્ઞાનિક ધોરણે અને ઉત્તમ વ્યવસ્થાપૂર્વક થાય છે. એ ક્રમ થાય છે અને આણંદમાં તેના અદ્યતન કારખાનામાં દૂધ અને દૂધની પેદાશો કેવી રીતે બને છે તે જોવા જેવું છે. તાતાની સંસ્થામાંથી આવેલ કુરિયનને તેનો યશ ઘટે છે, પરંતુ અમૂલની એક મોટી ખામી એ છે કે તેની પેદાશો મધ્યમ વર્ગના માણસોને પણ મોંઘી પડે છે. ભારતના આ સૌથી મોટા 'દૂધવાળા' કુરિયનના પુરુષાર્થથી ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં કેટલીક નાની મોટી ડેરીઓ સ્થપાઈ છે, અને દૂધની અન્ય ચીજો પણ બને છે. ભારતમાં બરફખરું અને ઉત્તમ ચીઝ અમૂલે બનાવ્યું અને તે પણ પહેલી જ વાર ભેંસના દૂધમાંથી બનાવ્યું. ન્યૂઝીલેન્ડથી કેનેડા સુધી અને દક્ષિણ આફ્રિકાથી જાપાન સુધી જ્યાં ચીઝ બને છે ત્યાં બધે ગાયના દૂધમાંથી બને છે. (ક્રમશ:)

પરીક્ષા કરવાની દોષપાત્ર યુક્તિ

રતિલાલ 'અનિલ'

'ગુરુદેવ ટાગોર : થોડાં સંસ્મરણો' લેખમાં આલેખાયેલા એક પ્રસંગ સ્મરણ વિશે શ્રી યશવન્ત દોશીએ કરેલી ચર્ચા સાથે છે. હું આ પ્રશ્ન બીજી રીતે વિચારું છું.

ગુરુદેવ જેવા શિક્ષણાચાર્યે, ગાંધીજી શાન્તિનિકેતન પધાર્યા ત્યારે ગાંધીજીની પ્રાર્થનામાં ખરેખર કેટલા પ્રાર્થીઓ તન્મય થયા છે એ જાણવા માટે એક ઝુંપડીને આગ લગાડાવી એ ન્યાયું હોય તો મને એમાં આપણી શિક્ષણ વ્યવસ્થામાં પરીક્ષાની યુક્તિ જોડવામાં આવેલી છે એનો જ દોષ દેખાય છે દેખીતું છે કે એ વખતે આગ ઠારવા દોડયા તેમનું વર્તન જ યોગ્ય હતું.

ગાંધીજી પ્રાર્થનામાં બેઠેલા તમામ એકાગ્ર ચિત્તે પ્રાર્થના કરે એવા 'આગ્રહી' હતા. સાબરમતી આશ્રમની એમની નિત્ય સમૂહપ્રાર્થનામાં બેઠેલા એક બાળકે આંખ ખુલ્લી રાખી હતી. ગાંધીજીએ ટકોર કરી કે આંખ કેમ ખુલ્લી રાખી ? તો બાળકે સામે કહ્યું કે 'તમે પણ આંખ ખુલ્લી રાખી એટલે જ મને જોયો ને ?' ગાંધીજી એ ટકોર પર હસી પડયા.

બીજો એક પ્રસંગ એ જ સ્થાનનો છે. પ્રાર્થનાસભામાં આશ્રમની એક બાળા પ્રાર્થના શરૂ થવાના સમયે દેખાઈ નહીં. મોડી આવી. ગાંધીજીએ એ હરિજન બાળાએ કહ્યું કે હું માથાના વાળ ઓળતી હતી એટલે મોડું થયું. ગાંધીજીએ કાતર મંગાવીને એ બાળાના લાંબા ગિરકેશ કાપી નાખ્યા... પ્રાર્થનાની આડે આવે તેને દૂર કરવું જોઈએ.

આ પ્રસંગ જાણીતો છે. તે પ્રાર્થના વિશે ગાંધીજી કેટલા આગ્રહી હતા તે સૂચવે છે.

ગુરુદેવે ગાંધીજીનો પ્રાર્થના વિશેનો આગ્રહ જાણીને તો પરીક્ષા નહીં યોજી હોય ? એમ હોય તો યે એ યોગ્ય થયું નહોતું. જે લોકો આગ ઠારવા દોડયા એ સાચા. અને પ્રાર્થનામાં બેસી રહ્યા તેઓ નિયમભંગ હતા. પ્રાર્થના તો આગ ઠાર્યા પછી; વિશેષ કૃતાર્થ ભાવે થઈ શકતી હતી.

ગાંધીજીના અનેક આગ્રહો વિશે વારંવાર વિચાર કરવાનું બનતાં મને એમના આગ્રહો વિશેષ ઐતિહાસિક પરિસ્થિતિના આગ્રહો લાગ્યા છે. યુદ્ધના મોરચે ફરજ બજાવનાર સૈનિક

માટે ખ્રિસ્તનો આગ્રહ કેટલો અનિવાર્ય હોય છે! ગાંધીજીનો સમય બ્રિટિશ સત્તા સામેના યુદ્ધનો હતો અને ગાંધીજી યુદ્ધ મોરચાના સૈનિક પાસે રખાય એવો જ આગ્રહ પોતાને, પોતાના વિચાર સ્વીકારનાર પાસે રાખતા હતા. ક્રાંતિકાળની દૃષ્ટિએ એ આગ્રહોમાં અતિવાદ હતો જ.

ગુરુદેવ અને ગાંધીજી-બંને શિક્ષક નહીં, બલકે આચાર્ય. ગુરુદેવે તેમની પ્રણાલિ કરતાં જુદી રીતે શિક્ષણ પ્રયોજ્યું એ ખરું, પણ પરંપરિત શિક્ષણ પદ્ધતિમાં પરીક્ષાનું જે તત્ત્વ હતું, તેને જ તેઓ, આ પ્રસંગે અનુસર્યા. પરીક્ષા એ અજ્ઞાન દ્વારા જ્ઞાનનું માપ કાઢવાની અવળચંડી પદ્ધતિ છે.

સત્યને જ્ઞાન દ્વારા નહીં પણ યુક્તિ દ્વારા સામાના અજ્ઞાનને જાણવાની પદ્ધતિ છે. પરીક્ષા આવી છે જ યુક્તિવાદમાંથી!

હું મારા ઘરથી થોડે છેટે ઊભો રહી, શેરીમાં રમતાં બાળકોને પૂછું, 'ફલાણાનું (મારું) ઘર કયું?'

કોઈ ઉતાવળિયું બાળક ભળતું જ ઘર બતાવે! હું એની ભૂલ સુધારવા કહું,

'તું જાણતો નથી. મેં પૂછ્યું એ ઘર તો પેલું રહ્યું!'

ત્યારે એ આઘાત પામેલું, છોભીલું પડેલું બાળક ગુસ્સામાં પૂછે નહીં, 'તમે જાણતા હતા તો મને શા માટે પૂછ્યું?'?

હવે કહો, વર્તમાન પરીક્ષા પદ્ધતિ, જે જાણતો હોય તે ઓછું જાણતો હોય તેને પૂછી, પછી તેને તું કેટલું બધું નથી જાણતો એવો ઉપાલંભ આપવા સિવાય બીજું શું કરે છે! પ્રશ્ન પૂછવાની એ યુક્તિ સામાની અલ્પતા પ્રગટ કરી એની અસ્મિતાને આઘાત આપવા જ જાણે નથી યોજાઈ! માનસશાસ્ત્રીય દૃષ્ટિએ વિચારી જુઓ.

ગુરુદેવે પ્રાર્થના કરનારાઓની પરીક્ષા કરવા માટે આગ લગાડવાની યુક્તિ કરી એ પરંપરિત શિક્ષણમાં પ્રચલિત કસોટીનો જ આવિષ્કાર ગણાય.

દુર્વાસા વારંવાર કોઈ ને કોઈ પુણ્યાત્માની કસોટી/પરીક્ષા કરવા માટે ઉપડે છે, અને તપ કરવાથી પ્રાપ્ત થયેલી શ્રેષ્ઠતા શ્રાપ આપવામાં પરિણમે છે! કદાચ આજે પણ શિક્ષણમાં પ્રચલિત પરીક્ષા પદ્ધતિ દુર્વાસાના પંથે જ ચાલે છે! શિક્ષણ પદ્ધતિ શિક્ષકના માનસમાં પરીક્ષાની યુક્તિને દૃઢ કરે છે-એનો જ દોષ ગુરુદેવ આગ લગાડવાની કરેલી યુક્તિમાં દેખાય છે.

ઈસુ ખ્રિસ્તની નજર સામે એક કલંકિની ગણાતી નારી પર પથરા ફેંકવા ઉશ્કેરાયેલા લોકોનું ટોળું છે. પાપીને સંગસાર કરવાનો લોકન્યાય ત્યારે હતો. આજે ય કેટલાંક ઇસ્લામી રાજ્યોમાં સંગસાર માન્ય છે.

ઈસુ ખ્રિસ્તે ટોળાને ઉદ્દેશીને કહ્યું, 'તમારામાં જે કોઈ નિષ્પાપ હોય તે આ સ્ત્રીને પહેલો પથરો મારે.'

ઉશ્કેરાયેલા લોકો ધીરા પડી ગયા. પોતપોતાને વિશે વિચારવા લાગ્યા અને એમના હાથમાંના પથરા એમ જ સરી પડ્યા.

ઈસુ ખ્રિસ્તે યુક્તિ પ્રયોજી નહીં, માત્ર વિચાર આપ્યો. એ કોઈને કહેતા નથી કે પેલી સ્ત્રી તો કલંકિની છે જ, પણ તમે લોકો પણ કંઈ નિષ્પાપ નથી; કયા અધિકારે તમે એને પથરા મારવા નીકળ્યા છો! લોકો પથરા પડતા મૂકીને પોતે જ મૂંગો એકરાર કરે છે કે અમે પણ ઓછાવત્તા અંશે પાપીઓ છીએ. સાચો શિક્ષક શી રીતે વિચારે, કશીયે યુક્તિ પ્રયોજ્યા વિના અવિચારને વશ થયેલા લોકોને સીધો બોધ આપ્યા વિના બોધપાઠ આપે એનું આ પ્રેરક ઉદાહરણ છે.

એવા જ શ્રેષ્ઠ શિક્ષક/આચાર્ય છે ગૌતમ બુદ્ધ. પુત્રમરણથી હાહાકાર કરી ઉઠેલી અતિ વ્યથિત વ્યાકુળ માતા પુત્રને જીવતો કરવાનો બુદ્ધને આગ્રહ કરે છે ત્યારે તેઓ અતિ દુઃખી નારીને સીધું કહેતા નથી કે તને એટલું એ ભાન નથી કે મરેલું પ્રાણી સજીવન ન થાય? એઓ કહે છે કે 'માતા, તું ગામના કોઈ ઘરમાં કયારેય મરણ ન થયું હોય, ત્યાંથી રાઈનો એક દાણો લા, લાવ!' જ્યાં કયારેય મરણ ન થયું હોય એવું ઘર કયાંથી હોય?

દુઃખી માતા શાંત થાય છે અને પુત્રના મરણને સ્વીકારે છે.

આપણી શિક્ષણ પદ્ધતિ, તેણે યોજેલી કસોટીની યુક્તિ, એ યુક્તિઓ ઘડેલા શિક્ષકના માનસમાં કયારેય ઇસુ ખ્રિસ્ત કે ગૌતમ બુદ્ધનો વિચાર જન્મે ખરો? પોતાની પરંપરાના શ્રેષ્ઠ આચાર્યના ચિત્તમાં પણ આવી-સામાના ઉશ્કેરાટ, સામાની વ્યથાને અનાયાસ શાંત કરે એવી કોઈ કળા ઊગે ખરી?

શિક્ષણમાંથી પરીક્ષા નાબૂદ કરવી કે નહીં-એ વિશે વારંવાર ચર્ચાઓ થઈ છે, કારણ કે એની મર્યાદા સ્પષ્ટ છે. તે તરત બુદ્ધિ અને તેજ સ્મરણશક્તિને જ માર્ક આપે છે, એવી શક્તિ નથી તેઓ પાસ થવા માટે જાતજાતની પ્રતિ-યુક્તિઓ પ્રયોજે છે!

અપાર કરુણા સિવાય સાચા શિક્ષક થઈ શકાય કે કેમ? એ કરુણા જ સાચા બોધનો સાચો માર્ગ બતાવી શકે?

'પ્રબુદ્ધ જીવન' અંગે સૂચનાઓ

* 'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીતે કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લેવાતાં નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્રો અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફુલસ્કેપ કાગળ પર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી. તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠ સંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ કયારે પ્રગટ થઈ શકશે તે ચોકકસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં લેખોમાં રજૂ થતા વિચારો તે તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમતી હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનંતિ.

-તંત્રી

ધર્મ, સમાજ અને કૃષ્ણમૂર્તિ

– પ્રો. સાવિત્રી વ્યાસ

અમદાવાદ શહેરના એક વિદ્વાન પ્રોફેસરને ત્યાં હું ગઈ હતી. તેમના ઘરની નજીકમાં આવેલા એક વિશાળ મેદાનમાં, એક જાણીતા કીર્તનકાર મહારાજની કથા ચાલતી હતી. તેઓ માઇક પર બુલન્દ અવાજે 'શ્રીરામ જય રામ, જય જય રામ'ની ધૂન બોલાવી રહ્યા હતા. હજારો કંઠ એનો પ્રતિઘોષ પાડી રહ્યા હતા. આ ઘોંઘાટને લીધે અમને વાત કરવામાં મુશ્કેલી પડી રહી હતી. એક બે વાર તેમણે મને મોટેથી બોલવાનું સૂચન કર્યું. મેં કહ્યું, 'સાહેબ, આ મોટેથી થતા અવાજોથી આપને કંટાળો તો આવતો જ હશે!' એમણે ગુસ્સાભર્યા અવાજે કહ્યું, 'કંટાળો? કે આ આખા દિવસના ઘોંઘાટથી હું ત્રાસી ગયો છું?! અરે! કશું લખી–વાંચી યે શકતો નથી! મારા દીકરાની પરીક્ષા છે. તે ય બિચારો વાંચી શકતો નથી! અને મારી પત્નીના માથામાં તો સણકા મારે છે! પણ આ કથાઓ સામે શું કરી શકાય? કાંઇ બોલીએ તો લોકોની લાગણી દુભાય છે! અને નથી બોલતા તો દિલ દુભાય છે!' મને થયું કે ધર્મને નામે આ કેવો ભયંકર ત્રાસ?!

એક સાંજે હું ફરવા નીકળી હતી. રસ્તામાં મન્દિર આવ્યું. મેં અંદર પ્રવેશીને નમસ્કાર કર્યા. પણ આરતીનો સમય થયો હોવાથી નગારાંની ધમાધમ, ઘંટારવનો ભૈરવનાદ, તાળીઓ અને જોરશોરથી થતો 'શૌરબકોર–આ બધું સાંભળીને જાણે માથું ફાટી જશે એવી વેદના થતાં મારે ભાગવું જ પડ્યું! આવા ભયંકર ઘોંઘાટમાં બિચારા ભગવાનની શી વલે થતી હશે? ભક્તિને નામે આવો ભીષણ શૌરબકોર!

વળી રોજ છાપાં હાથમાં લઈએ છીએ કે પંજાબની સમસ્યા નજરે ચઢે છે. જાણે 'શીખ ધર્મ' ખતરામાં છે.' એવી ભૂમો પાડીને, નિર્દોષ હિન્દુઓની કતલ કરના કે દેશના ભાગલા પાડવા માટે નવલોહિયા શીખોને ઉશ્કેરતા એમના રાજનૈતિક અને ધાર્મિક નેતાઓનાં નિવેદનો અને ઉદ્બોધનો એક પ્રશ્નચિન્હ મૂકી જાય છે. તો સામે પક્ષે શાસકો લશ્કરી પગલાં લઈને, પ્રજાનો કચ્ચરઘાણ રાષ્ટ્રીય એકતાને નામે કાઢે છે. આ ધર્મ અને રાષ્ટ્રીયતાને નામે ચાલતાં નિવેદનો, દલીલો અને સંઘર્ષો મનુષ્ય અને માનવતાને ક્યાં લઈ જશે?

આજના એક વિશ્વવિખ્યાત વિચારક શ્રી જે. કૃષ્ણમૂર્તિએ અગિયારમી, મે, ૧૯૮૫ના દિને નેવું વર્ષ પૂરાં કર્યાં છે. તેમનું ચિંતન આપણને ધર્મ, ભક્તિ અને રાષ્ટ્રીયતા તથા માનવતા પરત્વે એક નવો દૃષ્ટિકોણ પૂરો પાડે છે. મદ્રાસની પાસે મદનપલ્લી (જિ. ચિતુર) નામના શહેરમાં જન્મેલા આ મહાન વિચારક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા છે. નેવું વર્ષની જૈફ વયે તેઓ દેશવિદેશમાં ઘૂમીને, વાર્તાલાપો, વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરી દ્વારા લોકોને વિશ્વના પ્રશ્નો પરત્વે વિચારતા કરી રહ્યા છે. પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે તૈયાર ઉકેલ તો તેઓ સૂચવતા નથી. પરન્તુ વિચાર કરવા માટે એક નવું દૃષ્ટિબિન્દુ તેઓ જરૂર રજૂ કરે છે.

ધર્મ વિશે શ્રી કૃષ્ણમૂર્તિ કહે છે, 'આપણે જેને ધર્મ કહીએ છીએ તે તો પોતાના સિદ્ધાન્તો, ધાર્મિક વિધિઓ, રહસ્યો અને વહેમો સાથે સંગઠિત થયેલા વિશ્વાસો છે. દરેક ધર્મને પોતાનો પવિત્ર ગ્રંથ છે, માધ્યમ છે, પૂજારીઓ છે. અને લોકોને ધર્મગુરુઓ આપવાના અને બાંધી રાખવાના પોતાના રસ્તાઓ છે. આપણામાંના મોટા ભાગના લોકો આ બધાથી પ્રતિબદ્ધ થયેલા છે. જેને ધાર્મિક શિક્ષણ કહેવામાં આવે છે પણ આ પ્રતિબદ્ધતા માણસને માણસની વિરુદ્ધમાં ગોઠવે છે...બધા ધર્મો કહે છે કે તે ભગવાનને પૂજે છે. અને આપણે એકબીજાને પ્રેમ કરવો જોઇએ. પણ પ્રતિસ્પર્ધી સિદ્ધાન્તો દ્વારા શંકાઓ અને વિરોધીઓ ઊભા કરે છે.'

દરેક ધર્મના ગ્રંથો અને નેતાઓ પોતાના અનુયાયીઓને એમ જ કહે છે કે તે શ્રેષ્ઠ છે. પોતાના ધર્મના વાડામાં વધુમાં વધુ ઘેટાંને પૂરવામાં જ, ધર્મગુરુઓની સફળતા ગણાતી હોય છે. વધુમાં વધુ સત્તા, પ્રતિષ્ઠા, સંખ્યાબળ, પૈસા અને વિસ્તાર મેળવવા માટે ધર્મગુરુઓ વચ્ચે હરીફાઇ ચાલતી હોય છે. આને પરિણામે, આજ સુધી ધર્મના નામે કેટલાયે યુદ્ધો, સંઘર્ષો, રમખાણો, ટંટા–ફિસાદો અને કેટલીયે હત્યાઓ થઇ છે! આ જ ધર્મને નામે, ભારતના યે બે ટુકડા પડ્યા! જે સતત ખતરનાક દુશ્મનોની જેમ એકબીજા સાથે શસ્ત્રો સજે છે અને યુદ્ધો પ્રગટાવે છે! એટલું જ નહિ પણ કેટલાક શીખનેતાઓ ફરી એક નવો ટુકડો પાડવા માટે મથે છે! આતંરે દિવસે પંજાબમાં ખૂન થાય છે! આમ ધર્મના નામે પ્રજાનો કચ્ચરઘાણ વાળી દેવાય છે! અહીં કૃષ્ણમૂર્તિ સાચા છે. આજે આ સંગઠન રૂપે રચાયેલા ધર્મો માનવજાત માટે માત્ર હાનિકારક નહિ, બલકે ખતરનાક બની ગયા છે!

તો સવાલ થાય છે કે ખરેખર ધર્મ શું છે? જેના વિશે કૃષ્ણજી સ્પષ્ટ કહે છેઃ "તે એક એવી શાન્ત અવસ્થા છે, જેમાં સત્ય છે, ઈશ્વર છે. આ એક એવી સર્જનાત્મક અવસ્થા છે, જે ત્યારે જ આવી શકે જ્યારે આત્મજ્ઞાન અને સ્વતંત્રતા હોય." અલબત્ત! ધર્મ એક વ્યક્તિગત અનુભૂતિ છે, ચિત્તની અવસ્થા છે. જેને બાહ્ય સંગઠનો, પુસ્તકો, ચર્ચ, મન્દિર વગેરે સાથે કશી લેવાદેવા નથી. ઊલટાની આ જ વસ્તુઓ ઝઘડાનું કારણ બને છે. હમણાં એપ્રિલ માસના 'ચિત્રલેખા' ના અંકમાં એક લેખ હતો કે કેવી રીતે મુંબઇમાં ધડાધડ ગેરકાયદેસર રીતે મંદિરો સ્થાપીને એની આડ હેઠળ કેટલાય ગેરકાયદેસર ધંધાઓ, અનૈતિક કાર્યો અને ધાર્મિક લોકોની લાગણીઓનો લાભ લઇને શોષણ કરવામાં આવે છે. ધર્મને સંગઠનનું રૂપ આપવાથી, એને સામાજિક સંસ્થા બનાવી દેવાથી, એનું પતન થયું. ધર્મને નામે કેટલાં દંભ, પાખંડ અને શોષણ ચાલ્યાં? ધર્મને વ્યક્તિગત, વ્યક્તિગત વસ્તુ રહેવા દેવી જોઇએ.

કોઇ માણસને કારેલાનું શાક ગમે છે કે રીંગણાનું, પીળો રંગ ગમે છે કે લીલો–એને જેમ આપણે એની વ્યક્તિગત પસંદગી ગણી લઇએ છીએ. એને આધારે લોકોનું, સમાજનું વર્ગીકરણ નથી કરતા. તેવી જ રીતે ગીતા ગમે છે કે બાઇબલ, મોહમ્મદ ગમે છે કે કૃષ્ણ, ધ્યાન ગમે છે કે નમાઝ–તેને વ્યક્તિગત પસંદગી માનીને, એને સામાજિક મહત્ત્વ, રાજકીય કે અંધારણીય મહત્ત્વ આપવું જ

ન જોઇએ. એવી જ રીતે વ્યવસાયોને આધારે આપણા સમાજમાં જે રીતે જાતિ વ્યવસ્થા ઊભી થઇ ગઇ. અને એમાંથી ઊંચનીચના ભેદભાવ, સવર્ણ-અસવર્ણ, અનામત જેવા પ્રશ્નો ઊભા થયા, તે એટલા માટે કે વ્યવસાયની વ્યક્તિગત પસંદગીને સામાજિક વર્ગીકરણ તરીકે ગણવામાં આવી. આ વ્યવસ્થાને દૂર કરવી જોઇએ.

આપણે ત્યાં કોઇપણ સાર્વજનિક સંસ્થા જેમ કે શાળા, કોલેજ, યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો હોય, વિદ્યાર્થી તરીકે કે અધ્યાપક તરીકે તો ફોર્મમાં ભરવાનું હોય છે, તેમાં જ્ઞાતિ અને ધર્મ જણાવવા પડે છે, એવા જ રીતે કોઇ પણ સરકારી વિભાગમાં, નોકરીમાં પ્રવેશ મેળવવા, બઢતી મેળવવા પણ ધર્મ અને જ્ઞાતિ પૂછવામાં આવે એની શી જરૂર છે.? એનો સંબંધ કોઇ પણ કામ કે લાયકાત સાથે કયા છે ? ખરેખર તો કોઇ પણ જાહેર જગ્યાએ ધર્મ કે જાતિ પૂછવી ગુનો ગણાવો જોઇએ. જ્ઞાતિ સૂચક અટક, કોઇ પોતાના નામ સાથે ન લખે તેનો કાયદો ઘડાવો જોઇએ. કોઇ પણ ધર્મ કે જ્ઞાતિ માટે વિશેષ કાયદો ન હોવો જોઇએ.' 'હિન્દુ કોડ બીલ' અને 'મુસ્લિમ પર્સનલ લૉ' જુદા જુદા શા માટે હોવા જોઇએ ? બિન સાંપ્રદાયિક દેશમાં આવો કોઇ જ ભેદભાવ હોઇ જ ન શકે. બધા કાયદા દરેક માટે એક સરખા (કોમન સિવિલ કોડ) હોવા જોઇએ.

આપણા દેશમાં વર્ગવિગ્રહ અને જાતિવિગ્રહ, ભાગલા તરફ લઇ જતા ધર્મ અને જાતિના સામાજિક વર્ચસ્વને ખતમ કરવા જોઇએ. અને કૃષ્ણમૂર્તિના મતે, એથી આગળ વધી દુનિયાને વિશ્વશાન્તિ તરફ લઇ જવા માટે સંકુચિત રાષ્ટ્રીયતાને પણ ખતમ કરવી જોઇએ. ભગવાનની પૂજા, જપ, પ્રાર્થના વિશે કૃષ્ણમૂર્તિ કહે છે, 'દુઃખની ક્ષણોમાં આપણે ભગવાનને યાદ કરીએ છીએ. જે આપણી મનની જ કલ્પના છે...તમારી પ્રતિમા, તમારા ધર્મગ્રન્થ, તમારી પ્રાર્થના, તમારી જ પૃષ્ઠભૂમિનું પ્રતિબિમ્બ છે, જે કોઇ બીજા, તમારા માટે નક્કી કરે છે...પ્રતિમા દ્વારા તમે તમારી પોતાની જ પૂજા કરો છો... ભજન, ધૂન યા પવિત્ર શબ્દોનું સતત રટણ મનને સુષુપ્ત અવસ્થામાં કેટલાક અવસ્થામાં લઇ જાય છે. થોડીક ક્ષણો માટે તે ઉત્તેજિત કરે છે. આ સુષુપ્ત અવસ્થામાં કેટલાક અનુભવો, પણ થાય છે. પણ તે સ્વપ્રતિબિંબ, (પોતાના જ અચેતન મનની) કલ્પનાઓ જ હોય છે... શબ્દોનું પ્રાર્થનાનું પુનરાવર્તન સ્વસંમોહક, સ્વબંધક અને વિનાશક હોય છે.' પ્રાર્થના, આત્મદયામાંથી જન્મે છે.'

આ રીતે કૃષ્ણજી નામ-રૂપનું ધ્યાન, જપ, પ્રાર્થના, ધૂન, નામકીર્તન-આ બધાને ધાર્મિક જનવામાં સહાયક નહિ, પણ બાધક માને છે. જો કે આ વિચારો વિશે મતભેદ હોઇ શકે છે. આપણા દેશમાં નામ-રૂપનું ધ્યાન, નામજપ, ભજન, કીર્તન વગેરેનો આશ્રય લઇને, આધ્યાત્મિક રસ્તે આગળ વધનારા અનેક સાધુ-સન્યાસી, સંતો-ભકતો, યોગીઓ થઇ ગયા છે. તુલસીદાસ, સુરદાસ, મીરાં, રામકૃષ્ણ પરમહંસ, કબીર, નાનક, સ્વામી વિવેકાનન્દ, રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ જેવા અનેક મહાપુરુષોએ ઉપરોકતમાંથી પોતાને અનુકૂળ સાધનનો સહારો લઇને, મનોનિગ્રહ કરીને આધ્યાત્મિક પથે પ્રયાણ કર્યું. એ બધા અપ્રામાણિક હતા, અથવા તેમની અનુભૂતિઓ માત્ર, પોતાના મનનું પ્રતિબિમ્બ માત્ર હતી, તેવું કહેવાનું દુઃસાહસ કરી શકાય નહીં. કારણ કે આ બધી વસ્તુઓ સાપેક્ષ છે.

અલબત્ત ! કૃષ્ણમૂર્તિનું ધ્યાન છે-માત્ર વિચારોનું, પોતાનાં કાર્યોનું, પોતાની ભાવનાઓનું તટસ્થ અવલોકન. એને જ એ ધ્યાન ગણે છે. અને બીજા કશાને ધ્યાન ગણવાની તેઓ ના પાડે છે. જ્યારે આપણા દેશમાં ધ્યાન કરવાની અનેક પદ્ધતિઓનો વિકાસ થયો. એ બધી નકલી છે, ભ્રાન્ત છે, મિથ્યા છે, એમ કેમ કહી શકાય ? જેને જે પદ્ધતિ યોગ્ય લાગે, તે રીતે આગળ વધી શકે છે. મારી જ વાત, મારો જ અનુભવ સાચાં એવો દુરાગ્રહ સત્યનો આગ્રહી ન કરી શકે. એકને દૂધ અનુકૂળ હોય, બીજાને દૂધ ન પચતું હોય. એકને માટે છાશ અમૃત હોય, બીજાને પીવાથી તરત અથળી અસર થતી હોય, તેવું બની શકે તેને આધારે સનાતન સત્યો ન તારવી શકાય. પણ એટલી વાત તો સાચી કે પોતાની માન્યતાઓ, પોતાની પસંદગીનું એવી રીતે જાહેર પ્રદર્શન કરવું કે જેથી બીજાનું કામ બગડે, બીજાનું મન બગડે, તે પણ ન હોવું જોઇએ. માઇક પર મોટે મોટેથી ધૂનો, ભજનો કલાકો સુધી બોલાવી-ગવરાવીને આસપાસ રહેનારા લોકોની ઊંઘ ચેન હરામ કરવાં, તે પણ ધાર્મિકતા નથી. જેમને આ બધી ચીજોમાં રસ ન હોય, રસ ન પડતો હોય તે નાસ્તિક હોય, દુષ્ટ હોય એવો અભિગમ પણ નજ હોવો જોઇએ. અને જપ, ભજન, નામરૂપ ઉપર એકાગ્રતા વગેરેની સાથે પોતાની જાતનું એટલે કે પોતાના વિચારો, કાર્યો અને ભાવનાઓનું-તટસ્થ અવલોકન ન હોય, સતત જાગરૂકતા (Continuous Choiceless awareness) ન હોય, તો આ બધી વસ્તુઓ યાંત્રિક (Mechanical) બની જવાની. અને માત્ર અહમને પોષક બની જવાની પૂરેપૂરી સંભાવના છે. એ રીતે કૃષ્ણમૂર્તિના વિચારો સત્યની તરફ નિર્દેશ કરે છે. અને વર્તમાન સમસ્યાઓને ઉકેલવામાં ખૂબ સહાયક નીવડે છે, જે એક હકીકત છે. અસ્તુ.

સંઘ સમાચાર

'સંધ' ના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેનો તાલીમ વર્ગ અંગ્રેજી ભાષામાં સોમવાર, તા. ૧૦-૬-૧૯૮૫ થી પરમાનંદ કાપડિયા સભાગૃહ (૬૮૫, સરદાર વી.પી. રોડ, રહેજારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે, મુંબઇ-૪૦૦૦૦૪) માં શરૂ થશે. તેમાં જોડાવા ઇચ્છતાં ભાઇ-બહેનોએ કાર્યાલયમાં નામ નોંધાવવા વિનંતી છે. આ વર્ગનો સમય દર સોમવારે બપોરના ૨-૦૦ થી ૩-૩૦ સુધી રહેશે.

સાભાર-સ્વીકાર

હૃદયના રોગો : સંપા. ડૉ. એસ. એસ. વરતેજી કિંમત રૂા. ૫-૦૦ વરતેજી આરોગ્ય પ્રકાશન : કાળાનાળા ભાવનગર.

પુસ્તક પરિચય : સંપા. કુમારપાળ વિ. શાહ કિંમત નથી. કુમારપાળ વિ. શાહ ૬૮, ગુલાલ વાડી, ૩, જે માળે, મુંબઇ-૨.

ધર્મ-નીતિનાં પદ : રતિલાલ અન્વયું કિં. ૧-૫૦ રતિલાલ અન્વયું ૩, દત્ત સોસાયટી અમદાવાદ-૭.

જીવન આરસી : „ „ „ „ „ ૧-૨૫

વેદાંત અને સ્યાદ્વાદ દર્શન

❖ પનાલાલ જગજીવનદાસ ગાંધી

વેદાંતના પદાર્થોને સ્યાદ્વાદ દર્શન કક્ષાથી જો ઉકેલતા આવડે તો તે બીજું જૈનદર્શન છે. વેદાંત દર્શનનું અદ્વૈત જૈન દર્શનના કેવલજ્ઞાન અને સિદ્ધત્વમાં ધરે છે.

યોગસૂત્રના ... "અનિત્યાશુચિ દુઃખાનાત્મસુ નિત્યશુચિ સુખ્યાતિર વિદ્યા..." એ શ્લોક દ્વારા અનિત્યમાં નિત્ય બુદ્ધિ, અશુચિમાં શુચિ બુદ્ધિ, દુઃખમાં સુખ બુદ્ધિ અને અનાત્મ (જડ)માં આત્મ (ચેતન) બુદ્ધિ"–ને જે અવિદ્યા–માયા–અનૃત–અજ્ઞાનતમ આદિ શબ્દથી વેદાંતમાં ઓળખાવેલ છે એને જ મિથ્યાત્વ–મોહ–મૂઢતા આદિ શબ્દથી જૈનદર્શને ઓળખાવેલ છે

જૈનદર્શનના ચૌદ ગુણસ્થાનકની સામે વેદાંતે શુભેચ્છા–વિચારણા–તનુમાનસા–સત્ત્વાપત્તિ–આસંસક્તિ–પદાર્થ ભાવિની અને તુરીયા એમ જ્ઞાનની સાત ભૂમિકાઓથી વિકાસનાં પગથિયાં જણાવેલ છે. તુરીયાવસ્થાથી કેવળજ્ઞાન સમજાવેલ છે.

કર્મના રસબંધના જૈન દર્શને ચાર ભેદ સ્પષ્ટ, બહુ નિધટ્ટ અને નિકાચિત પાડયા છે. જ્યારે વેદાંત તેને ત્રણ પ્રકાર નિવાર્ય, દુનિવાર્ય અને અનિવાર્યમાં વિભાજે છે. જૈનદર્શનના ઘાતિકર્મ અને અઘાતિકર્મને અનુક્રમે વાસના અને પ્રારબ્ધકર્મ તરીકે ઓળખાવે છે. ક્ષાયિક સમકિત અને ક્ષાયોપસમિક સામકિતને કૃતોપાસ્તિ અને અકૃતોપાસ્તિથી અનુક્રમે વેદાંત ઓળખાવે છે.

સાધનાનાં ત્રણ સોપાન મળનાશ–વિક્ષેપનાશ–આવરણનાશ જે વેદાંતમાં જણાવેલ છે એની સામે જૈનદર્શનમાં મળનાશને અનંતાનુબંધી કષાય નાશથી; વિક્ષેપનાશને એકાગ્રતા અને આવરણનાશને અજ્ઞાનનાશ–સર્વજ્ઞતાની પ્રાપ્તિની પ્રક્રિયાથી સમજાવેલ છે.

સકલોડસૌ મનોનાશો જીવન્મુક્તસ્ય વિદ્યતે ।
અકલસ્તુ મનોનાશો વૈદેહી મુક્તગો ભવેત ॥
–મુક્તોપનિષદ

આ શ્લોક દ્વારા જીવનમુક્તનો મનોનાશ તે સકલ મનોનાશ કહેવા દ્વારા સયોગી કેવલિપણાની તેરમા ગુણસ્થાનકની અવસ્થાનો નિર્દેષ કરેલ છે અને વિદેહી–વિદેહમુક્તિરૂપ મનોનાશ તે અકલ મનોનાશ કહેવા દ્વારા અયોગી અર્થાત્ કેવલિપણાનો સિદ્ધાવસ્થાનો ચૌદમા ગુણસ્થાનકનો નિર્દેષ કરેલ છે.

'યો વૈ ભૂમા તત્ સુખમ્' બ્રહ્મ છે એ જ સુખરૂપ છે–પૂર્ણ છે એ જ સુખરૂપ છે એ વિધાન દ્વારા વેદાંતદર્શને કેવલજ્ઞાન–સિદ્ધવસ્થા એ જ સુખરૂપ છે એમ જણાવેલ છે.

આત્યંતિક, દેશકાળ અપરિચ્છિન્ન, નિરતિશય સુખના નિર્દેશન દ્વારા વેદાંત જૈન દર્શનના અનંત–અક્ષય–અવ્યાબાધ સુખનો નિર્દેશ કરે છે.

આદિત્યસ્ય ગતાગતૈરહરહઃ સઙ્ક્ષિયતે જીવિતં ।
વ્યાપારૈર્બહુકાર્યભારગુરુભિઃ કાલો ન વૈજ્ઞાયતે ॥
દૃષ્ટવા જન્મજરાવિપત્તિમરણં ત્રાસશ્ચ નોત્પદ્યતે
પીત્વા મોહમયીં પ્રમાદમદિરામુન્મત્તભૂતં જગત ॥
પાષાણ ખણ્ડેષ્વપિ રત્નબુદ્ધિ કાન્તેતિ ધીઃ શોણિતમાંસપિણ્ડે ।
પઞ્ચાત્મકે વર્ષ્માણિ ચાત્મભાવો જયત્યસૌ કાચન મોહલીલા ॥

આવા શ્લોકો દ્વારા વેદાંતે મોહનું સ્વરૂપ સમજાવ્યું છે અને નિર્મોહી થવા ઉપદેશ આપ્યો છે.

કુરંગમાતંગપતંગમૃંગમીના હતાઃ પઞ્ચભિરેવ પઞ્ચ ।
એકઃ પ્રમાદી સ કથં ન હન્યતે યઃ સેવતે પંઞ્ચભિરેવ ॥

એ બીજો જણીતો વિષયત્યાગનો ઉપદેશ આપતો શ્લોક છે.

ન મોક્ષો નભસઃ પૃષ્ટે ન પાતાલે ન ભૂતલે ।
અજ્ઞાનહૃદયગ્રન્થેર્નાશો મોક્ષ ઇતિ સ્મૃતઃ ॥

આકાશમંડળમાં મોક્ષ નથી. પાતાલ કે ભૂતલમાં મોક્ષ નથી. પરંતુ હૃદયમાં અજ્ઞાનરૂપ જે ગ્રંથિ છે તેનો નાશ કરવો એ જ મોક્ષ છે.

એટલે કે દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિ એ જ મોક્ષ છે. અને એથી જીવતાં જ જીવન્મુક્ત થવાય છે. આ વાત દ્વારા વેદાન્ત કેવલજ્ઞાનીની પુષ્ટિ કરે છે.

વેદાન્તના વિવર્તવાદ અને અન્યતવાદ જૈનદર્શનના વિવેક અને વૈરાગ્ય કે અનિત્યતાની ભાવનાથી સમજાવી શકાય અને અદ્વૈતવાદને કેવલજ્ઞાનથી ઘટાવી શકાય.

આવી તો ઘણી વાતો છે. મેળવતાં આવડે તો મેળ મળતો જણાશે. જૈનદર્શનની વાતો સ્પષ્ટ, સરળ, પૂર્ણ અને ચોકકસ છે. કારણ કે તે સર્વજ્ઞની આપેલી વાતો છે. એટલે જ જૈનદર્શનમાં સાધનાની સાથે જગત–વ્યવસ્થા પણ–યથાર્થ સમજાવેલ છે. વેદાંતમાં જગત–વ્યવસ્થાની વાતો તેમ સમજાવાઇ નથી. કેમ કે તે સર્વજ્ઞ પ્રરૂપિત દર્શન નથી. છતાં એ દર્શનનું ખંડન તો કરવા જેવું નથી. કેમ કે તેઓ પણ અદ્વૈત એટલે કે સિદ્ધ થવાની સાધના બતાડે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૨થી ચાલુ)

થાય એ માટે સાંજનું વાળુ સૌની સાથે કર્યા બાદ જીવનને ઉન્નત બનાવે તેવી કથાઓ કહેતાં. વ્યાપક અર્થમાં ધાર્મિક ગ્રંથોનું વાંચન પણ કરવામાં આવતું. સ્વ. મુકુંદરાય પારાશર્યને જીવનનાં પરોઢિયે એવો લાભ તો મળ્યો જ હતો, પરંતુ એથી વિશેષ એમની આસપાસ જીવતી વ્યક્તિઓ એવું ઉન્નત જીવન જીવી જાણે છે એ પણ એમણે નોંધ્યું છે. એવા પર્યાવરણમાંથી એમણે જેટલો સંસ્કારવારસો ગ્રહણ કર્યો તેમાંથી એમણે 'સત્યકથા,' 'મારાં મોટીબા અને બીજી વાતો,' 'આલેખનની ઓળખ' વગેરે આપણી વિવેકદૃષ્ટિ ખુલે એવાં પુસ્તકો આપણને આપ્યાં. આજે તો એવું કૌટુંબિક વાતાવરણ રહ્યું નથી. કવિ વર્ડઝવર્થના શબ્દોમાં થોડો ફેરફાર કરીને એમને માટે કહી શકાય કે 'એ પરોઢે જીવવું એ મહા–આનંદની વાત હતી, પણ એ સમયમાં એ સાક્ષાત્ સ્વર્ગસમ હતું.' પ્રભો! એમના આત્માને શાંતિ આપે!

(પાના ૨૪ થી ચાલુ)

ગયા ત્યારે તેઓ મકાનની અગાશીમાં બેઠા હતા. લોકોની આવરજવર ઓછી રહે અને એકાંતમાં ધ્યાન ધરવાની અનુકૂળતા રહે માટે સમય મળે ત્યારે તેઓ અગાશીમાં બેસવાનું વધુ પસંદ છે તેમ કહ્યું. રાત્રે પણ તેઓ ત્યાંજ સૂવાના હતા. શિયાળાની કડકડતી ઠંડીના દિવસો હતા. સૂવા માટે તેમનો પાતળો સંથારો હતો. ઠંડીમાં એ ઓછો નહિ પડે? એવા પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું કે 'અમારે સાધુઓને વળી ઠંડી શું અને ગરમી શું?' જેમના વચન ઉપર ભક્તો લાખો રૂપિયા ખર્ચવા તૈયાર હોય એવા મહાત્માને પોતાની માટે તો કશું જ જોઇતું નહોતું. એમનાં ત્યાગવૈરાગ્ય સાચાં હતાં. એમની આધ્યાત્મિક સિદ્ધિ ઊંચી કોટિની હતી.

દિવંગત પૂ કૈલાસસાગરસૂરિજીનું જીવન અને કાર્ય અનેકને માટે પ્રેરણારૂપ બની રહો!

સ્વ. મુકુંદરાય વિ. પારાશર્ય

પન્નાલાલ ૨. શાહ

શ્રી લોક વિદ્યાલય, વાળુકડના યુનિટ ગંગોત્રી સંસ્કારતીર્થ, માનપુરના (તા. ગારિયાધાર) વાલી સંમેલનમાં 'પારેવડું' ત્રૈમાસિકના તંત્રી શ્રી મોતીભાઇ પટેલનો તા. ૩૧-૩-૮૫ના રોજ મેળાપ થયો પરસ્પર ઓળખ થઇ. તેમણે કહ્યું : 'આપણે ભલે આજે રૂબરૂ મળ્યાં. પરંતુ આપણે એકબીજાને કેટલાંય સમયથી ઓળખતા હોઇએ એવી અનુભૂત થાય છે.' આ વાત અત્યારે યાદ આવી એનું એક કારણ છે. શ્રી મુકુન્દરાય વિ. પારાશર્યનો તા. ૧૬-૫-૮૫ના રોજ દેહોત્સર્ગ થયો એવા સમાચાર મળ્યા ત્યારે પહેલો વિચાર એ આવ્યો કે આવા સત્ત્વશીલ સર્જકને જિંદગીમાં કદી પણ મળ્યા ન હોઇએ તો પણ આપણે એમને વર્ષોથી ઓળખીએ છીએ–ઓળખતાં હતાં એવું આપણું ભાવજગત સંવેદી શકે. એમની સાત્ત્વિકવૃત્તિ, સત્ત્વશીલ અને હેતુલક્ષી કૃતિઓનું સર્જન, સમાજના ઉન્નતિકરણમાં યોગ્ય જણાય તો જ એનું પ્રકાશન કરવાની એમની ખેવના અને વિવેકને કેન્દ્રસ્થાને રાખી કોઇ પણ કૃતિની મૂલવણી કરવાની એમની ચીવટ : એમના માટેના આવાં સંવેદનની ભૂમિકા છે.

ઇ. સ. ૧૯૭૮ માં મારે એમને સૌ પ્રથમ મળવાનું થયું. નિમિત્ત હતું 'મહુવાની અસ્મિતા'નું સંપાદન. મરતકવિ ત્રિભુવન અને હરગોવિંદ પ્રેમશંકર મહુવાના. આ મરતકવિઓ વિષે (૧) 'મરતકવિના જનેતા' અને (૨) 'કવિદાદા હરગોવિંદ પ્રેમશંકર' એમ એમના બે લેખો 'કુમાર'માં પ્રગટ થયા હતા. એ બન્ને લેખોની વિગતોમાં મને વિસંગતિ જણાઇ હતી. જો કે એ છાપભૂલ હતી. પરંતુ એ નિમિત્તે એમને મળવાનું સૌભાગ્ય મને સાંપડ્યું. પ્રથમ દૃષ્ટિએજ સરળ અને સૌમ્ય વ્યક્તિત્વની મારા પર છાપ પડી. મરતકવિનાં અપ્રગટ લખાણો કોટડા-સાંગાણીના એમના મકાનમાં પડ્યા હોવાનું એમણે મને જણાવ્યું. 'મહુવાની અસ્મિતા'માં પ્રસ્તુત બન્ને લેખોના સમાવેશ કરવાની એમણે સહર્ષ સંમતિ આપી. જો કે મારો આશય એમની પાસે બન્ને મરતકવિઓ વિષે નવું લખાણ તૈયાર કરાવવાનો હતો. પરંતુ મારો એ હેતુ બર આવ્યો નહિ.

ત્યાર બાદ ઇ. સ. ૧૯૭૯-૮૦ માં ફરી વખત મળવાનું બન્યું, ત્યારે કવિ કલાપી વિષે વાત નીકળી. એ અરસામાં પ્રા. રમેશ શુક્લ મારા મિત્ર ડો. ધનવંત શાહને ત્યાં આવેલા. એમણે ડો. ધનવંત શાહને ત્યાં એકઠા થયેલા કેટલાક મિત્રો સમક્ષ પોતે તૈયાર કરી રહેલા કવિ કલાપી વિશેના મહાનિબંધની વાત કરી. કવિ સંચિતની રોજનીશી અને અન્ય અધિકૃત માહિતીના આધારે એમણે એવું પ્રતિપાદન કર્યું કે કવિ કલાપીની કૃતિઓ પૈકી કેટલીક કૃતિઓનું કર્તૃત્વ કવિ સંચિતનું હતું. વિવેચક જટીલનું પણ કયાંક કર્તૃત્વ હતું. ઉપરાંત આ લખનારની પાસે એક એવી માહિતી છે કે કવિ કલાપી મહુવાના બ્રાહ્મણપુત્ર હતા, લાઠીના રાજવી પુત્ર નહિ. આ બન્ને બાબતો અંગે મેં એમને ઇશારો કર્યો, પ્રત્યુત્તરમાં એમણે કહ્યું : 'એથી શો ફરક પડે?

એમનો કહેવાનો આશય એવો હતો કે આવી બાબતો અંગે સંશોધન થાય એ જરૂરી હશે એની ના નહિ. પરંતુ સમાજના ઉન્નતિકરણમાં એ કેટલું ઉપકારક છે તે પણ વિચારવું જોઇએ. એમાં સત્યશોધક અને નિંદાવૃત્તિ વચ્ચે સૂક્ષ્મ ભેદરેખા પાડવી અને પારખવી સામાન્યજનને માટે મુશ્કેલ છે. એમાંથી નિંદામાં કયારે સરી પડાય તે કહી શકાય નહિ. શુદ્ધ કે અશુદ્ધ વિષયનું ચિંતન, ગ્રાહ્ય કે ત્યાજ્ય એમ કોઇ પણ નિમિત્તો, ચાલુ રહે તો તેના સંસ્કાર આપણા ચિત્તમાં કાયમ રહે છે. ત્યાગ અને સત્યશોધન દૃષ્ટિથી થયેલા ચિંતનનું પણ આવું જ પરિણામ આવે છે. ચિત્તમાં પડેલા આ સંસ્કાર આગળ જતાં કયાં, કયારે કયા કારણે અને કેવી સ્થિતિમાં જાગૃત થઇને આપણને સતાવશે તે અંગે કશું કહી શકાય નહિ. સમાજમાં કોઇ નૈતિક દુર્ઘટના બને ત્યારે એની ચર્ચા ધીરે ધીરે શરૂ થાય છે. એ ચર્ચામાં ભાગ લેનાર એક રીતે પોતાની નીતિ-વિષયક નિષ્ઠા અને શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરવાની તક ઝડપી લ્યે છે. ફરી ફરીને એ જ વિષયની આપસમાં ચર્ચા થતી રહે તો પાછળથી એ ચર્ચા બધા માટે મનોરંજનનું સાધન પણ બની રહે છે. એમાં પોતાની પવિત્રતાનો આભાસ અને બીજા વિષે પોતાનામાં રહેલી ઇર્ષ્યાનું શમન થાય એવું માનસિક સમાધાન મળે છે. સ્વ. મુકુંદરાય પારાશર્યે 'એથી શો ફરક પડે?' એવો પ્રશ્ન જ્ઞાત અને નિર્લેપભાવે કર્યો એનું હું અહીં આ રીતે અર્થઘટન કરું છું.

એમના આવા વૈચારિક અભિગમનું પ્રતિબિંબ 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વ દર્શન' પુસ્તકના પ્રાકકથન 'વ્યક્તિત્વ દર્શનની નીતિરીતિ'માં કંઇક અંશે પડે છે. તેમાં તેઓ લખે છે: 'માનવોચિત હીર જેમાં સ્વાભાવિક હોય એવા પાત્રને કયારેક અનિવાર્યપણે, અનિચ્છાએ, અજાણે બીજી વ્યકિત કે વ્યકિતઓ સાથે સંઘર્ષમાં ઊતરવું પડયું હોય.' એવી વ્યકિતના પ્રસંગોના આલેખનમાં આવા સંઘર્ષની ભૂમિકા સાંકળવી નિરૂપણ થાય તો મૂળ પાત્રનું હીર સ્પષ્ટ નિરૂપી શકાય એવી એક માન્યતા છે. આ માન્યતાનો છેદ ઉડાડતાં એમણે લખ્યું છે : સંઘર્ષમાં બંને પક્ષે પોતાનો વત્તોઓછો ચરિતાર્થ હોય અને તેનાં સમાંસમેળી, પ્રશંસકો, અનુયાયીઓની પણ વંશપરંપરા હોય, તેમાંથી કોઇના પૈ દિલમાં ખટરાગ ઊભો થઇ તેની પાસે અયોગ્ય વર્તન ન કરાવી બેસે તે કષ્ટ, વર્તનનું જનક ખટરાગનું બીજ જ ન નંખાય તે વધુ કષ્ટ. એ પ્રકારની દૃષ્ટિ લેખકમાં હોય તો સારું.' આ વાતને આગળ લંબાવતાં એમણે કહ્યું : આવા નિરૂપણને પરિણામે માનવોચિત હીરવાળા પાત્રનું વર્તન કે વ્યકિતત્વ પૂરું સમુજ્જ્વળ ન બને એ સામાજિક હિતમાં ઊણપ છે. તેમ છતાં એ પાત્રનું સમુજ્જ્વળ દર્શન કરાવવા જવામાંથી જો સાચા પાત્રમાં કે તેની વંશપરંપરામાં કે ત્રાહિત તટસ્થ વાચકના મનમાં ખટરાગ બળ કરે કે સમુદ્ભવે તો એકંદર તે સામાજિક હિતની વધારે હાનિ છે. માનવોચિત હીરવાળી વ્યકિત પ્રત્યે સ્નેહ ને આદર વિશેષ હોય તે ખરું, છતાં માનવ એક જાતિ છે અને પ્રત્યેક માનવ સ્વજન છે એ ભાવનાનો લોપ લેખકમાં ન થવો ઘટે.' સ્વ. પારાશર્યનું આ દર્શન સૌને ઉપકારક નીવડશે.

આપણાં કુટુંબોમાં એક પ્રણાલિકા હતી. કુટુંબના અનુભવી વૃદ્ધો બાળકોનું યોગ્ય ઘડતર થાય, એનામાં સંસ્કારનું સિંચન

(વધુ માટે જુઓ પૃષ્ઠ ૩૧મું)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ફ્રેન્ડ્સ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૬-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

કવિનું સન્માન

મુંબઇમાં શનિવાર, તા. ૮ મી જૂને કચ્છના કવિ તેજ (તેજપાલ ધારશી શાહ) ના સન્માનનો કાર્યક્રમ શ્રી નેમચંદ ગાલા, હુંગરશી મોતા, લીલાધર ગડા, ગુલાબ દેઢિયા, મણિલાલ હુંગરશી, ગોવિંદજી લોડાયા વગેરે કવિના ચાહક મિત્રોની સમિતિ તરફથી યોજાયો હતો. શ્રી વસનજી લખમશી શાહના હસ્તે રૂપિયા એક લાખની થેલી કવિને અર્પણ થઇ.

કવિ તેજ કચ્છના નળિયા ગામમાં રહે છે. સાધારણ સ્થિતિના છે, નોકરી કરે છે. પાંચેક ધોરણ સુધીનો જેમ તેમ અભ્યાસ કર્યો છે. પિંગળશાસ્ત્ર કે કવિતા કળાનો અભ્યાસ કર્યો નથી. સાહિત્યગ્રંથોનું ખાસ કંઇ વાંચન-અધ્યયન કર્યું નથી, પણ પોતાની આગવી સૂઝ અને કવિપ્રતિભાને કારણે કચ્છના વર્તમાન કવિઓમાં અગ્રસ્થાન મેળવી લીધું છે. એમની કાવ્ય-રચનાઓ પોતાની કચ્છી ભાષામાં થઇ છે. 'તેજ જો અવાજ' નામના કાવ્ય સંગ્રહના પાંચ ભાગ તથા 'વિલાપજી વાણી' ઇત્યાદિ એમના કાવ્યગ્રંથો છે. નર્મમર્મયુકત વેધક વાણીને લીધે કચ્છી સાહિત્યરસિકોમાં કવિ તેજ માનીતા થયા છે.

કવિ તેજનું આ સન્માન સહજ હતું. કેટલાક સન્માન સમારંભોમાં સન્માનનીય વ્યકિત જ સમગ્ર આયોજનના સંચાલક બળ તરીકે કામ કરતી હોય છે. તેવું અહીં નહોતું. એક લાખ રૂપિયા જેટલી માતબર રકમ કવિને અપાઈ તે એકત્ર કરવામાં કવિનો પોતાનો કોઈ પુરુષાર્થ નહોતો એટલે જ કાર્યક્રમમાં સાહજિકતાની સુવાસ હતી. કચ્છી ભાઈઓએ ખરેખર કરવા જેવું એક અનુમોદનીય અને અભિનંદનીય કાર્ય કર્યું.

સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, સંગીત ઇત્યાદિ કળાઓમાં કવિતાને ઉચ્ચ સ્થાને મૂકવામાં આવી છે. કારણ કે એનું ઉત્પાદન, જે શબ્દ છે તે, ઘણું સૂક્ષ્મ છે. તેની ગોઠવણી કરી આપનાર કે સાંભળનારનું મસ્તક ડોલે એવી રચના કરવા માટે અનોખી પ્રતિભાની, શકિત વિશેષની જરૂર રહે છે. આ શકિત નૈસર્ગિક છે, જન્મજાત સંસ્કારથી પ્રાપ્ત છે. એટલે જ બધા માણસો કવિ ન થઇ શકે, બધા કવિઓ ઉત્તમ કવિ ન થઇ શકે; ઉત્તમ કવિઓની બધી જ કાવ્યકૃતિઓ એક સરખી ઉત્તમ ન હોઇ શકે-અને બહુ ઓછા કવિઓ કાવ્યની સરવાણી ફૂટયા પછી જીવનના અંત સુધી સારી, સાચી કવિતા લખી શકે. જીવનના ઉત્તરાર્ધમાં પોતાની કવિતાકળા અસ્ત પામી હોય એવો અનુભવ ઘણા કવિઓને થાય છે.

કાવ્યસર્જનની શકિત આવી વિરલ હોવાથી જ એના પોષણ-સંવર્ધનની જરૂર રહે છે. એ માટે ફાજલ સમય, નિરાંત, આંતરિક ઊર્મિશીલતાની સાથે બાહ્ય સ્વસ્થતા ઇત્યાદિ પોતાની કવિપ્રતિભાને અનુકૂળ એવી બાહ્ય પરિસ્થિતિ હોય તો કવિ-પ્રતિભા ખીલે છે. આર્થિક કે અન્ય પ્રકારના પ્રશ્નો કવિને સતાવતા હોય તો એની પ્રતિભા અકાળે કરમાઇ જાય છે. એટલા માટે જ કવિઓની કવિતાની કદર કરવાની-એમને આર્થિક દ્રષ્ટિએ નિશ્ચિંત બનાવવાની પ્રણાલિકા પ્રાચીન સમયથી ચાલી આવે છે. રાજ્યના શ્રેષ્ઠ કવિને રાજકવિનું પદ અપાતું, બીજા કેટલાક કવિઓને વર્ષાસન બાંધી આપવામાં આવતું, દુનિયાના કેટલાક દેશોમાં 'રાજકવિ'નું પદ હજુ અપાય છે. માત્ર કવિઓ જ નહિ, બધા જ પ્રકારના ઉત્તમ કલાકારોની યથાશકય કદર કરવાની વિવિધ યોજનાઓ દુનિયાનાં ઘણાં રાજ્યોમાં છે.

લોકશાહીમાં રાજ્ય સરકારની સાથે સાથે સમાજે પોતે પોતાના શ્રેષ્ઠ કવિઓ-કલાકારોના કદર-સન્માનના કાર્યક્રમો ઉપાડી લેવા જોઇએ. કોઇ પણ સમાજ ખાવાપીવાની કે હરવાફરવાની ઇન્દ્રિયાર્થ પ્રવૃત્તિઓ ઉપરાંત ચૈતસિક આનંદોલ્લાસની પ્રવૃત્તિઓ પાછળ કેટલાં નાણાં ખર્ચે છે તે ઉપરથી તેના સંસ્કારનું માપ નીકળી શકે છે. પોતાના કવિઓ-કલાકારોનાં કે શિક્ષકો-પંડિતો કે સાધુસંતોનાં નિઃસ્વાર્થભાવે કરેલાં સન્માન-બહુમાન એ સમાજની સંસ્કારિતાની પારાશીશી છે. એમના ગૌરવ દ્વારા ખુદ સમાજનું ગૌરવ વધે છે. એથી એકંદરે તો સમાજને પોતાને જ લાભ છે. એ દ્વારા નવી પેઢી સમક્ષ સમાજ પોતે પોતાનાં મૂલ્યો રજૂ કરી તેને માટે રાહબર બની શકે છે. કયાંક ખોટાં સન્માનો થતાં હશે અથવા સન્માનનો ગેરલાભ ઉઠાવાતો હશે, પરંતુ એવાં અપવાદરૂપ ટીકાપાત્ર ઉદાહરણોને કારણે યોગ્ય સન્માનની પ્રવૃત્તિ બંધ ન થવી જોઇએ.

કોઇક કાળના, કોઇક દેશના કોઇક કવિએ લખેલી બેચાર ઉત્તમ પંકિતઓ કેટલાંયના જીવનને સુધારી દે છે. કવિતાની ચોટદાર પંકિતઓને ગતિ કરવામાં દેશકાળનાં ભાષા કે વર્ણનાં, ધર્મ કે સંપ્રદાયનાં બંધનો નડતાં નથી. કવિતાની મુકતક જેવી ઉત્તમ રચનાઓ, સુભાષિત જેવી બની, ચિરાયુ થાય છે. કવિનું નામ ભુલાઇ ગયું હોય છે, પણ પંકિતઓ સૈકાઓ સુધી, હજારો વર્ષો સુધી પ્રેરણારૂપ બની રહે છે. એટલે જ કવિઓનો વર્તમાન અને ભાવિ સમાજ ઉપર ઉપકાર ઘણો મોટો હોય છે. કવિ હોય અને વળી સંત હોય એવા મહર્ષિઓની વાણી તો અમર બની જાય છે. કવિનું સન્માન એટલા માટે જ સમાજે કરવું જોઇએ, કરતા રહેવું જોઇએ.

કવિ તેજના સન્માનનો કાર્યક્રમ બીજા અનેકને પ્રેરણારૂપ બની રહો !

-રમણલાલ ચી. શાહ

સ્વ. પ્રો. ઉમેદભાઈ મણિયાર

રમણલાલ ચી. શાહ

મુ. પ્રો. ઉમેદભાઇ મણિયારનું ૭૫ વર્ષની ઉંમરે અવસાન થયું. એમની ચિરવિદાયથી આપણને વિદ્વત્તાપૂર્ણ, કવિતારસિક, સંગીતપ્રિય, તત્ત્વચિંતક, શાંત એવી એક અનોખી પ્રતિભાની ખોટ પડી છે.

પ્રો. ઉમેદભાઇ મણિયાર સાથે એમની નિવૃત્તિનાં વર્ષોમાં મારે વધુ નિકટના પરિચયમાં આવવાનું થયું હતું. આમ તો એમના પ્રથમ પરિચયમાં આવવાનું બન્યું હતું ઇ. સ. ૧૯૪૪ માં, જ્યારે એમને ગીતો ગાવા માટે અમે વિદ્યાર્થીઓએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં નિમંત્રણ આપ્યું હતું. એ દિવસોમાં પ્રો. ઉમેદભાઇ મણિયારની મુંબઇના પ્રતિષ્ઠિત ગુજરાતી ગાયકોમાં ગણના થતી હતી. સ્થળે સ્થળે જુદી જુદી સંસ્થાઓ તરફથી એમનાં મધુર ગીતોનો કાર્યક્રમ યોજાતો અને 'ઓ પ્રેમનગરના રાજા, તારા કયાં આવ્યા દરવાજા,' કે 'મારી પ્રિયાને જઇને કહેજો મારો આટલો સંદેશ' કે 'ઊભા રહો તો કહું વાતડી બિહારીલાલ' જેવાં પ્રેમગીતો સાંભળવા માટે મુંબઇનો યુવાન વર્ગ ઉમેદભાઇ પાછળ ઘેલો બન્યો હતો. રેડિયો ઉપર પણ ઉમેદભાઇનાં ગીતો વખતોવખત રજૂ થતાં. એમનાં ગીતોની રેકર્ડ લાવીને લોકો ઘરે વગાડતા. અમારી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાન માળામાં કોઈ કોઈ વખત ઉમેદભાઈ ભજનો ગાવા પધારતા. ગીત-સંગીત એ ઉમેદભાઇની શોખની પ્રવૃત્તિ હતી. તેમનો વ્યવસાય તો અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકેનો હતો. સાહિત્ય ક્ષેત્રે વાર્તાકાર તરીકે એમણે સ્થાન મેળવ્યું હતું. એમનો વાર્તાસંગ્રહ 'પાંખ વિનાનાં' પ્રગટ થયો હતો.

મુંબઇની કર્વે કોલેજ અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકે તેમણે, નિવૃત્ત થયા ત્યાં સુધી કાર્ય કર્યું. કોલેજમાં તેઓ વાઇસ પ્રિન્સિપાલના પદ સુધી પહોંચ્યા હતા. અને યુનિવર્સિટીની ઘણી મહત્ત્વની સમિતિઓમાં એમણે કામ કર્યું હતું.

ઉમેદભાઇ સાથે મારો વિશેષ પરિચય તો હું સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપક થયો ત્યારથી થયો. મારા પ્રાધ્યાપક મનસુખલાલ ઝવેરીના તેઓ પરમ મિત્ર. બંને એક જ ગામના, જામનગરના. તેઓ મનસુખભાઇને મળવા કોલેજમાં આવતા અથવા મનસુખભાઇ સાથે ઉમેદભાઇને ઘરે મારે જવાનું કોઇ કોઇ વાર થતું.

હું સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં જોડાયો તે પહેલાં કર્વે કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાવા મેં અરજી કરી હતી. ઇન્ટરવ્યૂ આપી આવ્યો હતો. ત્યાર પછી એકાદ અઠવાડિયામાં જ વડોદરા લેખક-મિલનમાં જવાનું થયું. ત્યાં સુંદરજીભાઇ ભેટાઇ અને ઉમેદભાઇએ મને અભિનંદન આપ્યા. અધ્યાપક તરીકે મારી પસંદગી થઇ છે અને 'મુંબઇ પાછા જશો ત્યારે ઘરે નિમણૂકનો પત્ર આવી ગયો હશે' એવા સમાચાર જણાવ્યા. પરંતુ મુંબઇ આવ્યા પછી કેટલાય દિવસ સુધી નિમણૂકનો પત્ર ન આવ્યો, એટલે હું ઉમેદભાઇને ઘરે મળવા ગયો. એમણે કહ્યું, 'ઇન્ટરવ્યૂમાં તમારી પસંદગી થઇ, રિપોર્ટ તૈયાર થયો, નિમણૂક માટેનો પત્ર લખાયો અને તેમાં પ્રિન્સિપાલની સહી પણ થઇ ગઇ. પરંતુ આપણી સંસ્થામાં બને છે તે પ્રમાણે ખટપટ ચાલુ થઇ અને અરજી પણ કરી નથી, ઇન્ટરવ્યૂ પણ આપ્યો નથી એવી એક વ્યક્તિની નિમણૂક કરવાની હિલચાલ થઇ છે. અને એ વ્યક્તિને આજકાલમાં નિમણૂકનો પત્ર મળશે. આ સમાચાર સાંભળી હું પહેલાં તો નિરાશ થયો, પણ પછી લાગ્યું કે જે થયું તે સારું થયું. કારણ કે ત્યાર પછી થોડા જ મહિનામાં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપક તરીકે મારી નિમણૂક થઇ.

ઉમેદભાઇ સાથે આ રીતે મનસુખલાલ ઝવેરીને નિમિત્તે મારો પરિચય વધતો ગયો. પરંતુ તે વધુ ગાઢ થયો છેલ્લાં થોડાં વર્ષોમાં. યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા પછી તેમણે મરીન ડ્રાઇવ પર સવાર-સાંજ ફરવાનું ચાલુ કર્યું. ફરવામાં અમે ઘણીવાર સાથે થઇ જતા. અને સાહિત્ય જગતના, અધ્યાપકીય વ્યવસાયના, મુંબઇના જાહેર જીવનના એમ વિવિધ વિષયોની વાત એમની સાથે નીકળતી. મરીન ડ્રાઇવની પાળ પર બેસીને ઘણી વાર અમે કલાકો સુધી વાતો કરી છે. ઉમેદભાઇને ઘરે જવાનું મોકું થતું નહિ, કેમ કે તેઓ રાત્રે નવ-સાડા નવ પછી જમવા બેસતા. હું અને મારાં પત્ની જમીને ફરવા નીકળ્યાં હોઇએ ત્યારે ઉમેદભાઇ ચા-પાણી લઇને ફરવા આવ્યા હોય. એટલે સમયનું અમને બંનેને બંધન રહેતું નહિ. અમે ચોપાટી પર રહેતાં એટલે મહિને-બે મહિને એકાદ વખત તેઓ અચાનક સાંજે ઘરે આવી ચડ્યા હોય. મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં તેઓ પૂરો રસ લેતાં. 'નવનીત-સમર્પણ'માં પ્રગટ થયેલા 'પાસપોર્ટ'ની પાંખે'ના પ્રવાસ-લેખો હોય કે 'પ્રબુદ્ધ જીવન'નો લેખ હોય, તે વાંચીને તેઓ પોતાનો પ્રતિભાવ કાં તો ફોન પર જણાવતા.

ઉમેદભાઇએ જીવનના ઉત્તરાર્ધમાં 'ગુજરાતી કવિતા ઉપર અંગ્રેજી ભાષાની અસર' એ વિષય ઉપર એક એક વિદ્વત્તાપૂર્ણ શોધ-નિબંધ તૈયાર કર્યો હતો, જે માટે તેમને પી.એચ.ડી.ની ડીગ્રી મળી હતી. આ શોધ-નિબંધમાં એમણે કયા કયા ગુજરાતી કવિએ કઇ કઇ અંગ્રેજી કવિતામાંથી છાયા ઝીલી છે તે સરસ રીતે બતાવ્યું છે. આવો ઉત્તમ શોધ-નિબંધ છતાં ગુજરાતમાં તેને જેટલી પ્રસિદ્ધિ મળવી જોઇએ તેટલી મળી નહિ તેનો તેમના મનમાં રંજ હતો, કારણ કે એક યુનિવર્સિટીએ આ શોધ-નિબંધ છાપ્યો અને યુનિવર્સિટીઓના તંત્રમાં વેચાણની ગરજ ન હોવાથી તથા ભેટ નકલો આપવાની પ્રથા ન હોવાથી સાહિત્ય-જગતમાં એ ગ્રન્થનો જેટલો પ્રચાર થવો જોઇએ તેટલો થયો નહિ. ગુજરાતી વિષય ભણાવતા અડધાથી વધુ અધ્યાપકોને પોતાના આ શોધ-નિબંધની ખબર નહિ હોય એમ તેઓ કયારેક કહેતા.

'Buddhism-an Introduction' નામનું એક નાનકડું પુસ્તક મેં લખ્યું ત્યારે ભાષાની દૃષ્ટિએ તે જોઇ, તપાસી આપવા માટે મેં ઉમેદભાઇને વિનંતી કરી હતી. તેમણે ખૂબ પ્રેમપૂર્વક ઝીણવટથી એ કાર્ય કરી આપ્યું હતું, જે માટે હું એમનો બહુ ઋણી રહીશ.

ઉમેદભાઇના ઘરે જ્યારે મળવા જવાનું થાય ત્યારે મુ. ઉમાશંકરભાઇની વાત અચૂક નીકળે જ. ઉમાશંકરભાઇનું પરિભ્રમણ સતત ચાલતું હોય અને પત્રોના જવાબ તેઓ જવલ્લે જ કોઇકને લખતા હોય એટલે ઉમાશંકરભાઇ કયાં હશે એની છેલ્લામાં

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ પર)

ગાયોનો પ્રશ્ન :

આપણુ ભેટ મંગાવી શકીશું ?

ડૉ. વિજયગુપ્ત મૌર્ય

[ગતાંકથી પૂર્ણ]

જેઓ પશ્ચિમ યુરોપી અઢી લાખ ઉત્તમ ગાયોને બચાવવા માગે છે અને ભારતમાં લાવવા માગે છે તેમના હેતુઓ ઉત્તેજનને પાત્ર છે, પરંતુ ગાય અને દૂધ વિશેના આ બધા પ્રશ્નો વિચારવા જેવા છે. તેમાં જે મુશ્કેલીઓ છે તેની ઉપેક્ષા કરવા જેવી નથી. ગાયનો વિષય ધાર્મિક નથી, આર્થિક છે. દૂધ, ખાતર, બળતણ, ખેતી અને ભારવહન માટે તે અતિ-ઉપયોગી પ્રાણી છે. ધાર્મિક ઉશ્કેરાટ માટે તેનો ઉપયોગ ન કરવો જોઇએ. તેમ છતાં આપણી જનેતાની જેમ તે આપણા સૌના પોષણ માટે ઉત્તમ દૂધ આપે છે. દૂધમાંથી દહીં, છાશ, માખણ, ઘી, પનીર, ચીઝ અનેક જાતની મીઠાઇઓ, લેક્ટોઝ નામની દુગ્ધ શર્કરા, કેસીન નામનું પ્રોટીન વગેરે ઘણી ગુણકારી પેદાશો મળે છે. તેથી ગાયનું માહાત્મ્ય ઘણું છે અને આપણે ગુણગ્રાહી બનીને ગાયને માતા તરીકે વ્હાલ કરીએ તેમાં કશું ખોટું નથી, તે સારું છે; પરંતુ જેઓ ગાયની કતલ કરતાં હોય અને ગોમાંસ ખાતા હોય તેમના પ્રત્યે પણ અસહિષ્ણુ થવું ન જોઇએ. આર્યો યુરોપ અને રશિયામાંથી આવ્યા ત્યારે તેઓ ધંધે ગોપાલક જ હતા અને ભારતમાં ફેલાઇ જઇને ખેતી કરતા થયા, જે ગોપાલન ઉપર આધારિત હતી અને છે. તેઓ માંસાહારી પણ હતા, ગોવધ પણ કરતા હતા અને બલિ પણ અપાતો હતો. આ કથન ઘણાંને નહિ ગમે, કોઇ રોષે પણ ભરાશે, પરંતુ ઇતિહાસ ગમા-અણગમા કે પૂર્વગ્રહો વડે વાંચવો ન જોઇએ. આર્યોના આગમન પહેલાં સિંધુ સંસ્કૃતિથી માંડીને કેટલાંક હજાર વર્ષ સુધી ભરતખંડનું અર્થતંત્ર ગોધન ઉપર આધારિત હતું. જેની પાસે વધુ ગાયો હોય તે વધુ ધનવાન ગણાતો હતો. ગોવધની પ્રથાનો અંત આણવાનો યશ બૌદ્ધ, જૈન અને વૈષ્ણવ સંપ્રદાયોને ઘટે છે. મુસ્લિમો ભારતમાં આવ્યા પછી ગોવધ અને ગોમાંસ ખાવાની પ્રવૃત્તિ પાછી શરૂ થઇ અને બ્રિટીશ શાસનમાં પણ તે ચાલુ રહ્યું. કારણ કે યુરોપી લોકોને પણ ગોમાંસ જોઇતું હતું અને જોઇએ છે. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી શ્રદ્ધાળુ હિન્દુઓ ગોવધ બંધ કરાવવા આંદોલન કરવા લાગ્યા. મુસ્લિમો 'ધાર્મિક' બલિદાન માટે પણ ગોવધ કરે છે. તેથી ગોવધ કોમી કહેવાનું પણ કારણ બન્યો. કેટલાંક રાજ્યોએ ગોવધ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. પણ તેનો અમલ અધકચરો થાય છે. કેરળ અને તમિળનાડુ ગોવધ ઉપર પ્રતિબંધ મૂકવા રાજી નથી, અને કાશ્મીર, મિઝોરમ, નાગપ્રદેશ અને મેઘાલયની પ્રજા તથા કાશ્મીરની મુસ્લીમ પ્રજા ગોમાંસાહારી હોવાથી ગોવધ પર નામનો પ્રતિબંધ મૂકવા પણ કદી સંમત થશે નહિ. દુષ્કાળી, ઘરડી અને વસૂકી ગયેલી ગાયોને નકામી ગણી ગોવધ માટે પસંદ કરવામાં આવે છે એવો બચાવ થાય છે. પરંતુ યુરોપમાં દરેક ગાય વધુમાં વધુ માંસ આપે તે માટે તેને અનાજ અને પૌષ્ટિક ખોરાક ખવરાવીને તગડી બનાવવામાં આવે છે. મહારાષ્ટ્રમાં અને ગુજરાતમાં ગોવધ ઉપર પ્રતિબંધ છે. પરંતુ ઘરડા અને નકામા બળદોના વધની છૂટ આપવામાં આવી છે. ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં એવા બળદો લાવવામાં આવે છે. આમ ગાયના વિષયને અનેક પાસાં છે, અને તે બધાં કોઇ જાતના પક્ષપાત વિના વિચારવા જોઇએ. આપણે ઘણી જાતનાં પ્રાણીઓ પ્રત્યે પ્રેમ રાખીએ છીએ, તો ગાય જેવા ઉપયોગી અને ગરીબ પ્રાણી ઉપર પ્રેમ રાખીએ તેમાં ખોટું શું ? ભારતમાં ગાય શ્રી કૃષ્ણ સાથે ઓતપ્રોત રહેલ છે, તેથી શ્રી કૃષ્ણનું એક નામ ગોપાલ છે અને તેઓ જે ડુંગર ઉપર ગાયો ચરાવતા હતા તેને ગોવર્ધન પર્વત નામ આપવામાં આવ્યું. શ્રી કૃષ્ણના ગોપ્રેમથી અને તેમની ગાયોના શ્રી કૃષ્ણ પ્રત્યેના પ્રેમથી ભાગવત ભરપૂર છે. પણ આપણે તો ગાયનું પૂજકું આંખે અડાડીને કૃતાર્થ થઇએ છીએ.

તેમ છતાં યુરોપી ગાયોને ભારતમાં લાવવાની યોજનાને વ્યવહારુ બનાવી શકાય. થોડા હજાર શ્રેષ્ઠ ગાયોને અને થોડા સો શ્રેષ્ઠ ગોધાને વિમાન દ્વારા લાવીને આપણાં ઠંડા પ્રદેશોમાં તેમનો ઉછેર કરવો અને તેમની સંકર ઓલાદ આપણા ગરમ પ્રદેશો માટે તૈયાર કરવી. આપણી દેશી ગાયોની ઓલાદો એટલી બધી બગડી ગઇ છે, અથવા કહો કે આપણી ટૂંકી બુદ્ધિના સ્વાર્થથી બગડવા દેવામાં આવી છે કે ભારતમાં માથા-દીઠ ગાય વર્ષે સરેરાશ માત્ર ૧૫૭ કિ. ગ્રા. દૂધ આપે છે, ત્યારે અમેરિકામાં ૪૧૫૪, બ્રિટનમાં ૩૯૫૦ અને ડેન્માર્કમાં ૩૯૦૨ કિ. ગ્રા. દૂધ આપે છે. આપણી ભેંસ વાર્ષિક સરેરાશ ૫૦૪ કિ. ગ્રા. દૂધ આપે છે તેથી દૂધનો ધંધો કરતા લોકો ગાય કરતાં ભેંસ વધુ પસંદ કરે છે. બ્રિટીશ જમાનામાં ૧૯૪૦ માં પહેલીવાર સર્વેક્ષણ કરવામાં આવ્યું કે હિંદી પ્રજાને રોજ સરેરાશ માથાદીઠ કેટલું દૂધ મળે છે ? જવાબ હતો માત્ર ૧૩૭ ગ્રામ. પરંતુ તે પછી વસતિવધારો બેફામ વધવા લાગ્યો તેથી લોકોને માથાદીઠ મળતાં સરેરાશ દૂધનો આંકડો ઘટવા લાગ્યો. ૧૯૭૦ માં તે ૧૦૮ ગ્રામ હતો, પરંતુ તે પછી દૂધ ઉત્પાદનની યોજનાઓ અમલમાં મૂકાવા લાગી, તો પણ ૧૯૭૯માં આ આંકડો માત્ર ૧૨૨ ગ્રામ હતો. ૧૯૭૦ માં દુનિયામાં સરેરાશ માથા દીઠ ૨૮૮ ગ્રામ મળતું હતું ત્યારે ભારતમાં આપણે જોયું તેમ માત્ર ૧૦૮ ગ્રામ. દુનિયામાં સૌથી વધુ દૂધ રશિયનો વાપરે છે. તેઓ દૂધ પીવા ઉપરાંત કેટલીક જાતનાં સ્વાદિષ્ટ દહીં, ચીઝ, રબડી, વગેરે અને એશિયાઈ રશિયામાં વધારામાં યોઘર્ત નામના આથો લાવેલા અને તાડી જેવા, પણ સ્વાદમાં ખાટી છાશ જેવા મદિરા સ્વરૂપના પીણાં તરીકે વાપરે છે. રશિયનો દહીં જેવી બનાવટો થીજવેલા સ્વરૂપે બનાવે છે. તે સ્વાદિષ્ટ અને લહેજતદાર હોય છે. આપણે તે અપનાવવા જેવી છે. આપણી પ્રજાને સરેરાશ માથાદીઠ રોજ ૧૨૨ ગ્રામ દૂધ મળે છે, એવા કથનથી કોઇ એમ માની બેસે કે દરેક જણને એટલું દૂધ મળે છે. ના, કરોડો ભારતીઓને-માંદી વ્યક્તિઓને અને અપોષણથી પીડાતાં બાળકોને પણ જરાય દૂધ નથી મળતું અથવા આમાં ચમચી દૂધ મળે છે. બાકીનું દૂધ ધનવાનો અને મધ્યમ વર્ગના માણસો ઉપરાંત

સામાન્ય પ્રજાને ગામમાં અને ખરીદી શકે એવા લોકોને દૂધની મીઠાઈઓ, ચીઝ, પનીર, દહીં, છાશ, માખણ, ઘી, વગેરે રૂપે મળે છે. દિલ્હી જેવા કેટલાક પ્રદેશોમાં જે ઋતુમાં દૂધની તંગી હોય તે ઋતુમાં મીઠાઈ બનાવવાની મનાઈ હોય છે. જેથી લોકોને થોડું દૂધ પણ મળી શકે. દૂધની અનેક પ્રકારની મીઠાઈઓ જેવી કે રસગુલ્લા, રબ્બડી, આઇસક્રીમ બાસુંદી, દૂધપાક, બરફી અને બીજી ડઝનબંધ સ્વાદિષ્ટ અને પોષક મીઠાઈઓ માટે આપણો દેશ, ખાસ કરીને બંગાળથી રાજસ્થાન અને પંજાબ સુધીના ઉત્તર ભારતના રાજ્યો મીઠાઈઓ માટે પ્રખ્યાત છે. હવે આઇસક્રીમ એટલો બધો મોંઘો થઈ ગયો છે કે નીચલા મધ્યમ વર્ગને પણ તે ખાવો પાલવે નહિ. દુનિયામાં વધુમાં વધુ આઇસક્રીમ-પ્રેમી પ્રજા રશિયનો છે જ્યારે શિયાળામાં ઠંડી શૂન્ય નીચે પણ દસ, વીસ, ત્રીસ ડીગ્રી સે. ઊતરી ગઈ હોય ત્યારે પણ રશિયનોને આઇસક્રીમ વિના ન ચાલે.

ભારત સરકારે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની સ્થાપના કરી છે, જેના અધ્યક્ષ ડો. વી. કુરિયન છે. તેઓ ભારતમાં દૂધની 'સફેદ ક્રાંતિ' કરવા માગે છે. તે માટે તેમણે ઘડેલી યોજનાને 'ઓપરેશન ફ્લડ' એટલે 'દૂધના ધોડાપૂર' તરીકે ઓળખાવવામાં આવે છે. પરંતુ શ્વેતક્રાંતિ એટલી શ્વેત નથી, તે ઝાંખી છે અને દૂધના ધોડાપૂરમાં પૂર નથી, તેમાં હજી દૂધની સરવાણીઓ જ છે. દૂધની વિદેશી સહાયથી હાથ ધરવામાં આવેલા ઓપરેશન ફ્લડ પ્રોજેક્ટમાં ૧૫ કરોડ ૩૦ લાખ ડોલરનું રોકાણ થશે. યુનોનો વિશ્વ ખોરાક કાર્યક્રમ (વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ) આ મદદ કરે છે. તેણે માખણ કાઢી લીધેલા દૂધના ૧,૨૬,૦૦૦ ટન દૂધ પાઉડરની અને ૪૨,૦૦૦ ટન કાચા ઘી (બટર ઓઇલ) ની ભારત માટે ભેટ તરીકે જોગવાઈ કરી છે. તેની ગણતરી એવી છે કે તેમાંથી દૂધ બનાવી પ્રજાને વહેંચવાથી રૂપિયા ૧૧ કરોડ ૬૪ લાખ જેટલી મૂડી થશે અને તે 'દૂધના પૂરની' યોજના માટે વાપરવામાં આવશે. તે માટે ઇન્ડિયન ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશનની રચના કરવામાં આવી છે. તે સરકારી કંપની છે અને ઓપરેશન ફ્લડની યોજનાનો અમલ કરે છે. ઇન્ડિયન ડેરી કોર્પોરેશનની સ્થાપના ૧૯૭૦માં થઈ હતી. અને નેશનલ ડેરી ડેવલપમેન્ટની સ્થાપના ૧૯૬૫માં થઈ હતી તે ઇન્ડિયન ડેરી કોર્પોરેશનને ટેકનિકલ સહાય આપે છે.

૧૯૭૦ માં 'ઓપરેશન ફ્લડ' યોજના પહેલી ધામધૂમથી વ્યવહારમાં મૂકવામાં આવી. વર્લ્ડ ફુડ પ્રોગ્રામે આપેલ દૂધના માખણ વિનાના પાઉડર અને બટર ઓઇલ વડે દૂધ બનાવીને પ્રજાને આપવાની શરૂઆત થઇ. ૧૯૭૦ થી ૧૯૮૧ સુધી ૧૧ વર્ષ દરમિયાન પ્રજામાં આ દૂધ વહેંચવામાં આવતું હતું. તેનો લાભ મુંબઇ, કલકત્તા, મદ્રાસ અને દિલ્હીના સામાન્ય લોકોને આપવામાં આવ્યો, કારણ કે ત્યાં દૂધના ભાવ ઘણા ઊંચા રહેતા હતા અને દૂધ પાણીવાળું આવતું હતું. હજી એ પરિસ્થિતિ સુધરી ગઈ નથી.

ઓપરેશન ફ્લડની પહેલી યોજનાથી દૂધનું ઉત્પાદન વધારવામાં બહુ સફળતા નથી મળી. આ યોજનામાં રોજ દૂધ ઉત્પાદકો પાસેથી ૩૦ લાખ લીટર દૂધ પ્રાપ્ત કરવામાં આવતું હતું અને ૮૦ લાખ લીટર દૂધ વિદેશી પાઉડરમાંથી બનાવવામાં આવતું હતું. દેશમાં રોજ ૮૧૦ લાખ લીટર દૂધની જરૂર સામે આ ઉત્પાદન કંગાળ કહેવાય.

પરંતુ કંઈ ન મળે તેના કરતાં આ જૂજ દૂધ મળે તેમાં ખોટું શું ? ૧૯૭૯-૮૦ માં ૩ કરોડ ટન લીટર દૂધ ઉત્પન્ન થયું હતું, જે પૈકી ૧૯૭૦ માં ૨ કરોડ, ૧૦ લાખ ટનનું ઉત્પાદન હતું તેમાં આ યોજનાથી માત્ર ૯૦ લાખ ટનનો વધારો થયો હતો.

ઉપરોકત ચાર મહાનગરો માટે રોજ ૨૯ લાખ લીટર દૂધના ઉત્પાદનની જે હતી તે સિદ્ધ થઇ. ખરેખર તો આ ચાર મહાનગરોને તેથી કયાંય વધુ દૂધ જોઇએ છે પણ તે ઉત્પન્ન કરવા અને પ્રજાને પહોંચાડવા આ સરકારી કોર્પોરેશનોની ગુંજાશ ન હતી અને હજી નથી. આ દૂધ વેચીને કોર્પોરેશનને ૧૧૨ કરોડ, ૭૦ લાખ રૂપિયાનો વકરો કર્યો. આ ડેરી યોજના માટે ૧૧૨ કરોડ, ૨૦ લાખ રૂપિયાના મૂડીરોકાણનું બજેટ હતું તે ખર્ચ આ વકરામાંથી બાદ જતાં ૫૦ લાખ રૂપિયાનો નફો થયો.

ભારતમાં જેટલું દૂધ ઉત્પન્ન થાય છે તેમાંથી માત્ર ૪૦ ટકા દૂધ આ અને પ્રવાહી દૂધ તરીકે પીવાય છે. બાકીનું ૬૦ ટકા દહીં, ઘી, માખણ, મીઠાઇઓ વગેરેમાં વપરાય છે. તમામ ઉત્પાદનના ૩૩ ટકા દૂધ ઘી બનાવવા માટે વપરાય છે. તેમ છતાં બહુ ધનવાનો સિવાય કોઇને હવે સાચું ઘી પાલવે તેમ નથી. અને હવે દૂધની અતિ મોંઘી મીઠાઇઓ પણ કેટલાને પાલવે તેમ છે? ૧૯૭૯-૮૦ માં દૂધમાંથી ૩૨,૬૦૦ ટન પાઉડર બનાવવામાં આવ્યો હતો, ૩૫ હજાર ટન બેબી ફૂડ (બાળકોના માટે ડબ્બાનો દૂધ પાવડર), ૨૨,૫૦૦ ટન મોલ્ટેડ મિલ્ક ચોકલેટવાળા કે ચોકલેટ વિનાના સ્વાદિષ્ટ દૂધના પાવડર રૂપે પીધું, ૫,૬૩૦ ટન ડબ્બામાં પેક કરેલી રબડી (કન્ડેસ્ડ દૂધ) અને ૯૩૦ ટન ચીઝ બનાવવામાં આવ્યાં હતાં. આપણે ત્યાં જેને પનીર તરીકે ઓળખવામાં આવે છે તે ચીઝ નથી, તે દબાવીને પાણી કાઢી નાખેલ દહીં હોય છે. ૧૯૭૯-૮૦ માં જુદી જુદી જાતના દૂધના પાઉડરનું ઉત્પાદન ૬૮,૧૦૦ ટનનું હતું. આ બધા આંકડા ભારત સરકારના કૃષિ મંત્રાલયના વાર્ષિક અહેવાલોમાં છે. આપણાં દેશમાં દૂધના ઉત્પાદનમાં ઢોરના નિભાવ ઉપરાંત બીજો ખર્ચ પણ ઘણો થાય છે. જે પૈકી વચલા માણસોનો નફો પણ ઘણો ચડે છે તેથી માલધારીને-ઢોર ઉછેરનાર ગરીબ ખેડૂતોને પ્રોત્સાહન મળે એવો ભાવ મળતો નથી.

૧૯૭૮ ના જુલાઇમાં ઓપરેશન ફ્લડ-યોજના નંબર ૨ અમલમાં મૂકવામાં આવી. પહેલી યોજનામાં દૂધના વેચાણમાંથી ૧૧૬ કરોડ રૂપિયાનો વકરો થયો હતો ત્યારે નંબર ૨ યોજનામાં ૪૮૫ કરોડ રૂપિયાનો વકરો થયો. નં. ૨ યોજના ૧૯૭૮ થી ૧૯૮૫ ના ૭ વર્ષ સુધી અમલમાં રહી તે દરમિયાન દૂધમાંથી ઘી કાઢી લીધેલા દૂધના પાઉડર અને બટર ઓઇલ અનુક્રમે ૧ લાખ, ૮૬ હજાર ટન અને ૭ લાખ ૬૦ હજાર ટન આયાત કરવામાં આવ્યું. આ વખતે આ માલનો પુરવઠો પશ્ચિમ યુરોપના ધનવાન દેશોના બનેલા અને યુરોપી આર્થિક મંડળના નામે ઓળખાતા દેશોએ આપ્યો. પહેલી યોજનામાં ૧ લાખ ૨૨ હજાર ટન પાઉડર અને ૪૨ હજાર ટન બટર ઓઇલ આયાત કરવામાં આવ્યા હતા. પશ્ચિમ યુરોપી દેશોના આર્થિક મંડળે ભેટ આપેલા પાઉડર અને બટર ઓઇલમાંથી દૂધ બનાવીને તેના વેચાણમાંથી ૨૩૫ કરોડ રૂપિયાની રકમ ઊભી કરવામાં આવી.

૧૯૮૪-૮૫ સુધીમાં આ યોજનામાં આગલા વર્ષના ૩ કરોડ ટન ઉત્પાદનનો વધારો કરીને ૩ કરોડ ૮૦ લાખ ટન દૂધનું ઉત્પાદન કરવાનું છે, જેથી માથા દીઠ સરેરાશ દૈનિક દૂધના ૧૨૬ ગ્રામમાં વધારો થઇ ૧૪૪ ગ્રામ દૂધ મળે. ૧૯૮૮-૮૯ સુધીમાં માથા દીઠ સરેરાશ દૈનિક પુરવઠો વધીને ૧૮૫ ગ્રામ થશે. આ આંકડા બતાવે છે કે માથા દીઠ દૂધના પુરવઠામાં વધારો કેટલો બધો ધીમો થાય છે અને રોજ માથા દીઠ સરેરાશ હજારો ગ્રામ દૂધ વાપરતા દેશોની સરખામણીમાં આપણો ૧૪૪ ગ્રામ દૂધનો પુરવઠો પણ કેટલો કંગાળ છે.

ઓપરેશન ફ્લડ વડે ૧ લાખથી વધુ વસતિ ધરાવનારાં ૧૪૮ નગરોને આવરી લેવાની નેમ છે. તેથી આ બધા નગરોમાં ફેર ફેર યંત્રો સંપન્ન ડેરીઓ બાંધવામાંઆવી રહેલ છે. મુંબઇ જેવાં મહા-નગરમાં વિશાળ માંગને પહોંચી વળવા ચાર ડેરી બાંધવામાં આવી છે અને તે માટે બહારથી દૂધ પણ મંગાવવામાં આવે છે. મુખ્ય ઉત્પાદન ભેટ મળેલા પાઉડર અને બટર વડે કરવામાં આવે છે. ઓપરેશન ફ્લડ યોજના નંબર ૨ ના બીજા તબકકામાં ગામડામાં દૂધ ઉત્પન્ન કરતા ૧ કરોડ માલધારીઓને સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓમાં ૧૯૮૪-૮૫ સુધીમાં આવરી લેવાની નેમ છે.

'ઓપરેશન ફ્લડ'ની બંને યોજનાઓ ગામડાંઓ માટે નહીં પણ મોટાં નગરો માટે છે. ગામડાં નગરો સાથે જોડાઇને દૂધ અને દૂધાળાં પશુઓનો વિકાસ કરશે એમ માની લેવામાં આવ્યું હતું; તેમ બન્યું નથી. અમુલ જેવી ડેરીઓએ પોતાની આસપાસનાં ગામડાંઓને સહકારી પ્રવૃત્તિથી દૂધ અને દૂધાળાં પશુઓનો વિકાસ કર્યો પરંતુ ભારતમાં ૭ લાખ જેટલાં ગામડાં છે. શહેરોમાં દૂધ તો ગામડાંમાંથી જ આવે છે. તેઓ શહેરોને દૂધ આપે અને શહેરો દૂધ ઉપર જરૂરી પ્રક્રિયા કરી, તેને જીવાણુમુકત કરી નગરજનોને પૂરું પાડે. શહેરોની ડેરીઓમાં દૂધનાં કારખાનાં બાંધવામાં વિલંબ ન થાય, પરંતુ ગામડાંમાં દૂધાળાં ઢોરની ઓલાદ સુધારવી અને વધારવી, તેમના માટે પૂરતો પોષક ખોરાક ઉત્પન્ન કરતા રહેવું અને એ રીતે દૂધનું ઉત્પાદન વધારવું તેમાં ઘણાં વર્ષો જોઇએ. પરિણામે ડેરીનાં કારખાનાંઓમાં દૂધ ઉપર પ્રક્રિયા કરવા ગામડાંમાંથી જોઇએ તેટલું દૂધ આવતું નથી.

'ઓપરેશન ફ્લડ-૧'માં દૂધ ઉપર પ્રક્રિયા માટે ૪૦૦ કરોડ અને દૂધના ઉત્પાદન માટે ૪૯૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. પરંતુ ૧૯૭૯ના ઓગસ્ટ સુધીમાં દૂધ પરની પ્રક્રિયાના તંત્રે પોતાના ૪૦૦ કરોડ ઉપરાંત દૂધ ઉત્પાદન તંત્રના પણ ૨૨૮ કરોડ રૂપિયા વાપરી નાખ્યા. આમ પોતાના રૂપિયા અન્યત્ર ચવાઇ જતાં દૂધ ઉત્પાદનના તંત્રમાં ૨૮૦ કરોડ રૂપિયાની અછત જણાઈ. આમ ગામડાં અને શહેરોનાં હિતો વચ્ચે અથડામણ થઇ છે. બધાં રાજ્યોમાં દૂધના ઉત્પાદનનો દર અને માથાદીઠ દૂધની લભ્યતા સરખી નથી.

ભારતનાં ૨૨ રાજ્યો વચ્ચે કદ અને વસતિની સંખ્યામાં સામ્ય નથી, અને દૂધાળાં ઢોરોની સંખ્યામાં પણ સામ્ય નથી, તેમ છતાં માથાદીઠ આંકડા પરથી ખ્યાલ આવશે કે દૂધાળાં ઢોર અને દૂધના વિકાસમાં તેઓ કેટલા આગળ પાછળ છે. નીચે આપેલા આંકડામાં ઉત્પાદનના આંકડા હજાર ટનમાં છે અને દૂધાળાં ઢોરના માથાદીઠ મળતા દૂધનું દૈનિક ઉત્પાદન લિટરમાં છે:

રાજ્યો	૧૯૭૯-૮૦ ઉત્પાદન (હજાર ટનમાં)	માથાદીઠ લભ્યતા (દૈનિક ગ્રામમાં)	૧૯૭૭ દુધાળા ઢોરના માથાદીઠ મળતા દૂધનું દૈનિક ઉત્પા. લીટરમાં
આંધ્રપ્રદેશ	૧૮૦૨ (૬.૧)	૬૬	૧.૬૦
આસામ	૪૬૦ (૧.૫)	૬૬	૧.૧૫
બિહાર	૧૬૨૮ (૬.૫)	૮૩	૨.૦૬
ગુજરાત	૨૧૮૮ (૭.૪)	૧૮૭	૨.૬૬
હરિયાણા	૧૬૫૦ (૬.૬)	૪૪૫	૩.૪૬
હિમાચલપ્રદેશ	૩૦૪ (૧.૦)	૨૦૮	૧.૬૩
કેરળ	૮૫૪ (૨.૯)	૬૪	૨.૬૯
કર્ણાટક	૧૩૭૫ (૪.૬)	૧૧૧	૧.૪૭
મહારાષ્ટ્ર	૧૫૦૬ (૫.૧)	૬૯	૧.૨૩
પંજાબ	૩૦૫૯ (૧૦.૩)	૫૨૪	૪.૧૪
ઓરિસ્સા	૨૫૦ (૦.૮)	૨૬	૦.૪૫
રાજસ્થાન	૨૯૯૫ (૧૦.૧)	૨૬૫	૨.૩૨
તમિળનાડુ	૧૮૬૦ (૬.૩)	૧૦૮	૨.૦૮
ઉત્તર પ્રદેશ	૫૭૮૦ (૧૯.૪)	૧૫૮	૨.૧૩
જમ્મુ-કાશ્મીર	૨૭૯ (૦.૯)	૧૫૩	૧.૪૧
મધ્ય પ્રદેશ	૧૮૫૦ (૬.૨)	૧૦૧	૧.૧૯
પ. બંગાળ	૮૭૦ (૨.૯)	૪૫	૦.૯૮
નાગાલેન્ડ	૩ (—)	૮	૦.૪૬
ત્રિપુરા	૧૫ (૦.૧)	૨૧	૩.૭૬
મેઘાલય	૫૪ (૦.૨)	૧૪૮	૨.૦૮
મણિપુર	૫૮ (૦.૨)	૧૫૬	૪.૪૦
સિકિકમ	૧૬ (૦.૧)	(—)	૧.૩૨
કેન્દ્ર શાસિત પ્રદેશો	૨૬૩ (૦.૯)	૬૦	—
કુલ	૨૯૭૧૬	૧૨૨	૨.૦૬

સાભાર – સ્વીકાર

વૃદ્ધો વિચારે અને વૃદ્ધો શું કરી શકે : પ્રકા. પ્રેમશંકર ન. ભટ્ટ કિંમત ૧-૫૦. પ્રેમશંકર ન. ભટ્ટ કૃષ્ણનગર, શિશુ વિહાર, ભાવનગર.

મુમુક્ષુઓ અને વિપશ્યના : મુનિ. અમરેન્દ્ર વિજયજી કિંમત ૭-૦૦. રતિલાલ સાવલા, ૧૩, લેબરનમ રોડ, મુંબઇ-૭.

વિપશ્યના : સત્યનારાયણ ગોયન્કા કિંમત ૧૦-૦૦ નવીનભાઇ કસ્તુરભાઇ ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદ્રવિહાર સોસાયટી સામે, અટીરા રોડ, અમદાવાદ-૧૫.

સંયમરક્ષા અંગે મારી મનોવ્યથા : મહેતા દીપચંદ વખતચંદ કિંમત નથી. મહેતા દીપચંદ વખતચંદ, કલબ રોડ, ખાંભા-સૌરાષ્ટ્ર.

દલપતરામ ને નહાનાલાલની માનવ ધર્મ દૃષ્ટિ : ચી. ના. પટેલ કિંમત ૨-૦૦. પ્રકા : મહા કવિ શ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ અમદાવાદ. કુમાર કાર્યાલય ૧૪૫૪, રાયપુર અમદાવાદ.

સગાઈ સંબંધ અને મૈત્રી સંબંધ

❖ જયંત કોઠારી

બે નાનકડા અનુભવોએ મને વિચાર કરતો કરી મૂક્યો.

એક મિત્રને સ્કૂટર ચલાવતાં ફ્રેક્ચર થઇ ગયું છે એમ સમાચાર મળ્યા. ફોનથી પણ ખબર પૂછી શકાય એમ હતું પરંતુ રૂબરૂ જવાના ખ્યાલથી ફોન ન કર્યો. દરમ્યાન બેત્રણ દિવસ બહારગામ જવાનું થયું અને પછી વાત વીસરાઈ ગઇ. મિત્રને તો પંદરેક દિવસના આરામ પછી બહાર નીકળવાનું પણ થવા લાગ્યું. એ અરસામાં મારાં પત્નીને હાથ પર દુખાવાની થોડી તકલીફ થયેલી એ સમાચાર કોઇની મારફત એમને મળ્યા એટલે એમણે ખબર પૂછવા માટે ફોન કર્યો. મને એમના ફ્રેક્ચરની વાત યાદ ન આવી અને એ વિશે કશા ખબર ન પૂછ્યા. થોડા દિવસમાં તો મિત્ર મારે ઘેર પણ આવી પહોંચ્યા.–મારાં પત્નીની ખબર પૂછવા. એ વખતે પણ મને એમને ફ્રેક્ચર થયેલું એ હકીકતનું સ્મરણ થયું નહીં. મારો પુત્ર બહારથી આવ્યો અને મિત્રને પગે પાટો જોઇ એણે પૂછ્યું, 'કાકા, શું થયું છે?' આ સાથે જ મને એમના ફ્રેક્ચરની વાત યાદ આવી ગઇ. મેં કહ્યું, 'ભલા માણસ, તમે એક નાની બાબતની ખબર કાઢવા આવો છો ને મને તમારું ફ્રેક્ચર યાદ નથી આવતું ને હું તમારા ખબર પણ પૂછતો નથી. તમેયે એ વિશે કંઇ બોલતા નથી.' મિત્રની સરળતા અને એમનો કશીયે સામી અપેક્ષા વિનાનો મિત્રભાવ બન્ને મને સ્પર્શી ગયા.

બીજો પ્રસંગ તો થોડો વિલક્ષણ લાગે એવો છે. એક મિત્રના પિતાશ્રી અવસાન પામ્યા. મિત્ર અમદાવાદમાં રહે પણ એમના પિતા તથા ભાઇઓ વગેરે સમગ્ર કુટુંબ આવળામાં. મારે આવળા પણ જવું જોઇએ એવો સંબંધ પણ મને સમાચાર મળ્યા પછી મારાથી આવળા જઇ શકાયું નહીં. કેટલીક વિધિઓ માટે અમુક દિવસો એ આવળામાં ન હોય એવી શક્યતા હતી અને અમદાવાદ પણ આવીને જતા રહેતા હતા એટલે કયાં મળવું એની મૂંઝવણ હતી. એમની કોલેજ પર એક દિવસ ગયો પણ ન મળ્યા. ત્યાં તો એક દિવસ એ મિત્ર મારે ઘેર જ આવી પહોંચ્યા–એમને મળવા હું કોશિશ કરું છું તે એમણે જાણ્યું હતું તેથી જ. મારે ઘેર જ મેં એમની પાસે એમના પિતાશ્રીના અવસાન નિમિત્તે શોક પ્રગટ કર્યો! આ મિત્રે તો પોતાની સરળતાથી રૂઢિની બહારનું ગણાય એવું વર્તન કર્યું.

આ બે પ્રસંગોએ સાચી મૈત્રી કેવી ચીજ છે. મૈત્રી સંબંધ કેવો વિલક્ષણ સંબંધ છે એનો વિચાર કરતો મને કરી મૂક્યો સામાન્ય સંયોગોમાં આવા પ્રસંગે શું બન્યું હોય? કોઇ સગાની બાબતમાં આપણાથી આવું વર્તન થયું હોય તો શું પરિણામ આવે? એમને માઠું લાગે અને આપણા વર્તન વિશે એ ફરિયાદ પણ કરે–આમને કંઇ આપણી પડી છે? વ્યવહાર સાચવતાં આવડે છે? આપણાથી એ રિસાય અને આપણી સાથે સામો એવો ઠંડો વ્યવહાર જ કરવા લાગે. આપણાથી વિસ્મરણ થયું હશે કે આપણને કંઇ અગવડ આવી આવી ગઇ હશે એમ માની આપણા સ્નેહ ને આપણી નિર્મળતા પર એ વિશ્વાસ ન મૂકી શકે અને આપણી આ ચૂકને લક્ષમાં જ ન લેવાની ઉદારતા એ બતાવી ન શકે.

મને થયું કે મૈત્રીસંબંધ ને સગાઇસંબંધ એ બે જુદી ચીજ છે. સગાઇસંબંધ કેટલીક અપેક્ષાઓ પર અને સામસામા સરખા વ્યવહાર પર રચાયેલો હોય છે. તમે મારે ત્યાં સારે માઠે પ્રસંગે આવ્યા હો તો હું તમારે ત્યાં આવું. તમે મારું જેટલું સાચવો, એટલું હું તમારું સાચવું, સગાઇ સંબંધોમાં આપણે ત્યાં તો એક શ્રેણી વ્યવસ્થા પણ છે. દીકરી અને દીકરાનાં સાસરિયાં પાસેની અપેક્ષાઓ કેવી જુદી જુદી હોય છે! પ્રસંગ-પ્રસંગના ને લેવાદેવાના એવા અટપટા વ્યવહારો નિશ્ચિત થયેલા છે કે એમાં કોઇનાથી ભૂલ થવી સહજ હોય છે અને એટલે જ સામા પક્ષથી વંકાઇ જવું પણ સહજ હોય છે.

આપણે ત્યાં કોઇ સારો પ્રસંગ હોય ત્યારે હેમખેમ પાર ઊતરે એની ચિંતા આપણને હોય છે. કોને કઇ બાબતમાં ઓછું આવશે એ કહી શકાય નહીં. અરે, મરણના પ્રસંગે પણ, અમને ન કહેવાયું, વહેલું મોડું કહેવડાવ્યું, આ બાબતમાં અમને ન પૂછ્યું એમ કહી માઠું લગાડનારા હોય છે. સંસ્કૃતમાં એક ઉક્તિ છે –ज्ञातिश्चेदनलेन किम् (જ્ઞાતિ હોય પછી અગ્નિની શી જરૂર છે?) એ આવે પ્રસંગે સાચી પડતી લાગે છે. જ્ઞાતિજનો એટલે કે સગાંઓ જાણે આપણને બાળવા–દઝાડવાનું કામ કરે છે.

અગ્નિની કૂંફ હોય છે તેમ જ્ઞાતિની પણ હોય છે, એ સહાયરૂપ પણ થાય છે પણ એનું અનુશાસન જબરું હોય છે. તમારા વૈયક્તિક જીવનની સ્વતંત્રતાનો સ્વીકાર કરી તમને કેવળ સહાયરૂપ થવાનું એનાથી બનતું નથી. તમારા નિર્ણયોમાં એ માથું મારે છે અને પોતાના આગ્રહો રાખે છે. પ્રસંગે તમે કોને બોલાવો છો, કોને નથી બોલાવતા એના નિર્ણય પણ એ તમારા હાથમાં ન રહેવા દે. એકને બોલાવો તે બીજાને ન ગમે એવું પણ બને. તમારાં સગાંઓના રાગદ્વેષના ભાગીદાર તમારે બનવું પડે. એમની શરતે એ તમને મદદરૂપ થાય.

બધાં જ સગાંઓ બધા પ્રસંગે આમ વર્તે છે ને બધા જ મિત્રો બધે પ્રસંગે સરળતાથી વર્તે છે એમ કહેવાનો આશય નથી, પણ બે સંબંધો આપણે અલગ કલ્પી શકીએ છીએ–સગાઈ સંબંધ અને મૈત્રીસંબંધ. સગાઇસંબંધ એ જન્મપ્રાપ્ત સામાજિક રીતે બધાયેલો સંબંધ છે ને તેથી એના કેટલાક નિયમોને વશ વર્તે છે. મૈત્રીસંબંધ આપણી રાજીખુશીથી કેળવાયેલો સંબંધ છે ને એથી એ કોઈ નિયમોને વશ વર્તતો નથી. એ કશી અપેક્ષા વિના પ્રવર્તી શકે છે, એ તમારી સ્વતંત્રતા પર આક્રમણ કરતો નથી કે તમારે વિશે ગેરસમજ કરતો નથી. પ્રેમ અને વિશ્વાસના પાયા પર એ ઊભેલો હોય છે, તેથી એમાં તમારી શરતોએ જ તમને મદદ કરવની તત્પરતા હોય છે.

સગા સાથેના સંબંધમાં આવો મૈત્રીસંબંધ નિપજાવી શકાય ને કહેવાતા મિત્ર સાથે આવો મૈત્રીસંબંધ ન રચી શકાય એવું બની શકે. એટલે સંબંધના આ બે પ્રકારભેદ જ થયા. સાચો મૈત્રીસંબંધ રચાવો એ પરમ સદ્ભાગ્ય છે અને આપણા સંબંધોને જેટલે અંશે આપણે મૈત્રીસંબંધની કક્ષાએ પહોંચાડી શકીએ એટલે અંશે જિંદગી આપણે માટે હળવી ફૂલ ને સુખમય નીવડવાની. મૈત્રીસંબંધ હૃદયની નિર્મળતા વિના શક્ય નથી અને એ નિર્મળતા દુષ્કર છે. પણ મૈત્રીસંબંધના થોડાક અનુભવો પણ જીવનને પ્રસન્નતાથી ભરી દેવા, એને અનેરું બળ અર્પવા સમર્થ હોય છે. જેને આવા મૈત્રીસંબંધનો અલ્પ પણ અનુભવ થયો નથી એ તો કોઇ ભારે દુર્ભાગી જન જ હોવો જોઇએ.

જૈન કવિ, કાવ્ય, રસ

● મુનિ વાત્સલ્યદીપ

યુગે યુગે રચાતી કૃતિઓ માનવમનને બળ આપે છે. સાહિત્યની ગંગોત્રીમાં જૈનકવિઓનું અર્પણ અદ્‌ભુત અને અવિસ્મરણીય રહ્યું છે. એ અર્પણ સૈકે સૈકે નોંધપાત્ર બનતું રહ્યું છે તેમ કહી શકાય; તેમ છતાં ડૉ. કોલ્યુટે પોતાના પ્રસિદ્ધ શોધગ્રંથમાં મેજર મેકેન્ઝીને (૧) પહેલીવાર પત્રરૂપે નિબંધ લખીને જૈન સાહિત્યનો પરિચય આપ્યો અને ત્યારબાદ વિદ્વાનો સાહિત્યને એ મૂલ્યાંકન સુધી દોરી લાવ્યા. અનેક જૈન ગ્રંથકારોએ અસંખ્ય કૃતિઓ રચીને ભાષા અને દેશના સીમાડા ઓળંગ્યા છે. સાહિત્યના ક્ષેત્રમાં આ બળકટ પ્રદાને અદ્‌ભુત લોકપ્રિયતા પણ મેળવી છે. એક માન્યતાનુસાર, અપ્રકટ એવી વીસ લાખ હસ્તપ્રતો હજીય દેશના વિવિધ જૈન ગ્રંથાલયો અને વિદેશમાં કેટલેક સ્થળે ઉપલબ્ધ છે, અને તે તમામ જિજ્ઞાસુ સંશોધકની પ્રતિક્ષા કરે છે! ભારતીય સાહિત્યના સંશોધક ડૉ. જોહન્સ હર્ટલ (૨) માને છે કે આ એક જ એવું વિશાળ સાહિત્ય છે કે તે તમામ પ્રકારનાં જનસમૂહમાં એક સાથે લોકપ્રિય અને ઉપકારક થયું છે.

જૈન કવિઓની ગ્રંથરચનાના બે ઉદ્દેશ મુખ્ય છે: એક જ્ઞાન-સાધના. બે ધર્મ-ભક્તિ. ધર્મ-ભક્તિને જીવન સમર્પિત કરનાર આ કવિઓએ કથા, રૂપકથા તત્ત્વ, ઉપદેશ, ભક્તિ, બોધ-જેવાં તમામ ક્ષેત્રે સફળ ખેડાણ કર્યું છે. મધ્યકાલીન બ્રાહ્મણ કવિઓએ પ્રધાનત: કોઇકને કોઇક રાજા, શ્રેષ્ઠી માટે રચેલા સાહિત્ય કરતાં આ સાહિત્ય તદ્દન ભિન્ન અને ગૌરવપૂર્ણ છે. આથી, ધર્મ, સમાજ કે દેશને જ માત્ર નહિ, પણ સમગ્ર સંસ્કૃતિને જૈન સાહિત્યે ચેતના આપી.

આ સાહિત્યમાં કવિતાનું વિશેષ ખેડાણ થયું છે. જૈન સાહિત્યની કાવ્યકૃતિઓ પ્રચુર સંખ્યામાં હોવા છતાં તે એકાંગી ન બની રહી તેનું કારણ ગ્રંથકારોના વિશાળ દૃષ્ટિબિંદુ અને દીર્ઘદૃષ્ટિ નિમિત્તભૂત છે. આટલી વિશાળ કાવ્યકૃતિઓ બીજા કોઇ ધર્મ કે સાહિત્યમાં ઉપલબ્ધ નથી: આ કાવ્યકૃતિઓમાં તમામ રસ પોષાયાં છે. તેમાં, કથાનો આધાર મુખ્ય છે. વાર્તાનું વિશ્વમાં ત્રૈકાલિક વશીકરણ રહ્યું છે. ડૉ. હર્ટલનાં કહેવા પ્રમાણે 'જૈન પંચાખ્યાન', 'શુકસિત્તરિ' આદિ જૈન કથાગ્રંથો એટલા લોકપ્રિય થયા અને એશિયન ભાષાઓમાં ફેલાયા છે કે તેનાં કર્તા જૈન સાધુઓ છે તે જૈનો ભૂલી ગયા છે! આ સંશોધનમાં, કથાવાર્તા કેટલી લોકપ્રિય હોઈ શકે તેનો પણ નિર્દેશ મળે છે. આજે પણ અનેક વિદેશી વાર્તા અને નાટકોનાં મૂળ ભારતીય અને જૈન કથાઓમાં મળે છે.

જૈન કાવ્યોમાં કથાની જેમ જ કેટલાંક કથાનાયકો પણ મુખ્ય રહ્યા અને તે યુગે યુગે કવિઓને આકર્ષતા રહ્યાં. પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલા રાસા, (૩) સજઝાય, પદ, સ્તવન કે સંસ્કૃત, પ્રાકૃત અથવા માગધી કાવ્યોનાં અનેક ક્ષેત્રોમાં વિચરતી આ રસધારમાં નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી, સ્થૂલિભદ્ર, રાજુલ-રહનેમિ, ગણધર ગૌતમ સ્વામી, સમરાદિત્યનાં કથાનકોનો વિપુલ ઉપયોગ થયો છે. જૈન સંઘનાં આદ્યગુરુ ગણધર ગૌતમ હોવા છતાંય તેમના વિશે ઓછામાં ઓછાં કાવ્યો રચાયાં છે અને વિશેષ લોકપ્રિય પણ તે જ છે.

શૃંગાર રસસભર અનેક કાવ્યોમાં વિરહ અને વૈરાગ્યનું પ્રાબલ્ય સ્થૂલિભદ્ર અને કોશાનાં કથાગીતોમાં જોવા મળે છે. નેમિનાથ અને સ્થૂલિભદ્રનાં વધુ કાવ્યો મળે છે તે માટે એમ કહી શકાય કે તેઓએ કામવિજેતા બનવાનો કરેલો સફળ પુરુષાર્થ નિમિત્ત છે. જૈન કવિઓ જે કોઈ ભાષામાં નેમિનાથ, સ્થૂલિભદ્ર કે સાધ્વી રાજુલ વિશે વર્ણન આપે છે, તેને અલંકારિક રીતે વર્ણવે છે, તે માટે ઉત્તમ પ્રતીકો પણ યોજે છે:

લોક હસે વલી ગુણ સવિ નિકસે,
વિકસે દુર્ગતિ બારી
ધમ જાણીને કહો કુંણ સેવે
પાપ પંક પરનારી,
દેવરિયા મુનિવર છેહો નાંજી...
(જ્ઞાનવિમળસૂરિ / ૧૮મો સૈકો)

એક જ કડીમાં પહાડની ગુફામાં મુનિને વિનવતી એક સતી સ્ત્રી નજર સામે તરી આવે છે. પરનારી સંગથી દુર્ગતિ મળે, લોક હસે. ગુણો ચાલ્યા જાય: ઉત્તમ પ્રતીકો સાથે કવિ રસ પણ જોડે છે. ગૌતમ સ્વામીના વિલાપની એક પંક્તિ આમ છે:

હા, હા, વીરા તેં શું કિયો
જી રે ગૌતમ કરતો વિલાપ રે,
જેતલો કીજે નેહલો
જી રે જીવડા તેતલો હુયે પછતાપ રે...વીરજી, મુજને મૂકયો દૂર રે.
(સમય સુંદર/૧૭ મો સૈકો)

આ પંક્તિમાં ગુરુ ગૌતમસ્વામીને જે મનોવ્યથા થઈ તેનું હૃદયંગમ વર્ણન કવિ કરુણરસ દ્વારા સિદ્ધ કરે છે. મધ્યકાલીન જૈન કવિઓમાં ખ્યાત કવિ ઋષભદાસ, વાનો, સમયસુંદર, યશોવિજયજી વધુમાં વધુ કવિતા રચે છે પણ કોશાનાં કાવ્યોમાં એમણે જે શૃંગારથી વૈરાગ્ય સુધીની યાત્રા કરાવી છે તે અપૂર્વ છે. સત્તરમાં સૈકામાં થયેલા પ્રસિદ્ધ કવિ સહજસુંદરની (૪) એક રચના આમ છે:

એણે આંગણે મેં પીઉ રમીયો, રસ લેઇ ભમર પર ભમીઓ
આજ એકલડો વીસમીયો રે ચાંદલીયા ! ૧
ચાંદલીયા ! તું વેગે આવે, જઇ કરીને સમાચાર લ્યાવે
માહરો રૂડો ના મનાવે રે ચાંદલીયા ! ૨
તું તો વાહન વેગો ચલાવે, સ્થૂલભદ્રને વાત જણાવે
માહરો કામ કરી ઘેર આવે રે, ચાંદલીયા ! ૩
પ્રાંઇ પ્રીત કેહસ્યું ન કરીઇ, કરીઇ તો છેહ ન કરીંઇ
વિણઓલ્યા કિમ વિછડીઇરે, ચાંદલીયા ! ૪
નેહ વિચે હાર ન માતો, વિરહો પિણ ખિણ ન ખમાતો
તેહ વિણ દિસે કાલ જાતો રે, ચાંદલીયા ! ૫
દોઇ માસ દેઇ ગયો તાલી, પાપિયડે વાચ ન પાલી
ધમ જપે કોશ્યા બાલી રે, ચાંદલીયા ! ૬
કવિ સહેજસુંદર ધમ ભાષે, જે શીયલ ગુણે કરી વાસે
તેહની વાટ જોઉં ચોમાસે રે, ચાંદલીયા ! ૭

કવિ કલ્પનાનાના આકાશમાં નથી. એમને કોશાની ભીતર લહેરાતી વેદનાની વાદળીઓ દેખાય છે, તેથી આટલું સચોટ વર્ણન તેઓ કરે છે : જેના વિના રહેવાનું નહોતું, પળ પણ વીતતી નહોતી તેના વિના કાળ વહે છે. જો પ્રીત કરવી તો નિભાવવી : નહીં તો કરવી નહીં. કોશા પૂછે છે : ઝઘડા વિના તડછોડવું શું યોગ્ય છે? એ આક્રન્દમાં કહે છે : 'પાપિયડે વાય ન પાલી!' કવિ પદને ઝડપથી ટૂંકાવે છે, પણ અંતમાં વૈરાગ્યનો ભાવોદ્રેક સુંદર લહેરાવે છે : જે શિયળનો સંગાથી છે તેવાની વાટ ચોમાસે કોશા જુએ છે! માત્ર એક જ કડીમાં સ્થૂલિભદ્ર અને કોશાના જીવનની મહાનતા કવિ વ્યક્ત કરી દે છે. મહાપુરુષોને વર્ણવવા ગ્રંથ જ નહીં, વાક્ય પણ સમર્થ હોય છે.

તો વળી, એ જ સત્તરમાં સૈકાના પૂર્વાર્ધના ખ્યાત કવિ નયસુંદર (૫) કોશા–સ્થૂલિભદ્રના ગીતમાં કોશાની વિનંતી અલગ રીતે રજૂ કરે છે: આ સમગ્ર રચનામાં પણ 'ચંદ્ર' નો જ પ્રતીક તરીકે ઉપયોગ થયો છે તે, શૃંગારના એક અલંકારના ભાગરૂપ હોવા છતાં સહજસુંદર અને નયસુંદર બન્ને સમાન ધોરણે પ્રતીક, પ્રસંગનો વિનિયોગ કરે છે તે નોંધનીય છે. આમ છતાં, આ ગીત સહજસુંદરના વિરહગીત કરતાં વિશેષ સંપૂર્ણ લાગે છે. જુઓ :

કોશા કામિનિ કહે ચંદાને, ચંદા! તું પરઉપગારી રે,
મુઝ પીયુ પાસે જાય જો, ચંદા! વીનતડી સુણજો મારી રે. ૧
ગોદ બિછાઇ પાય પહું, ચંદા! એતલિ કહેજો સાર રે.
વચન કહું તે છઈ કહેજો. ચંદા! પ્રીઅ જો પ્રાણ આધાર રે. ૨
ચાર ઘડી મુનિ કહિ ગયો ચંદા! થુલભદ્ર વહાલો હમારો રે,
ચિત ચોરીને ચાલીયો ચંદા! થુલભદ્ર પ્રાણ આધારો રે. ૩
બાર વરસની પ્રીતડી ચંદા, ક્ષણમાં કીધિ વિસરા લો રે,
એકલડી મેલી ગયો ચંદા, બલતી ન કીધિ સંભાલો રે. ૪
સંજમ નારિયે ભોલવ્યો ચંદા, હું ચિત્તથી ઉતારી રે,
એક સંદેશો ન મોકલ્યો ચંદા, પૂરવ પ્રીત વિસારી રે. ૫
સુણો દેખાડને આપણો ચંદા, કાલજ જોઉ મેલી રે,
પીઉ વિના તે કુણ ઓલવે ચંદા, કસું કરું સાહેલી રે. ૬
સુના મિંદ્ર (મંદિર) માલીયાં ચંદા, સુની ચિત્રસાલી રે,
પીઉ વિણ સુના ઓરડા ચંદા, સુની સેજ સુહાલી રે. ૭
કંચન ત્રોટી કસી કરું ચંદા, ઝાલિ તે ગાલ ન ગમે રે,
હાર તે ભાર કરે ઘણો ચંદા, ઝાંઝરિઓ મને દમે રે. ૮
ખિટલડી ખટકે ઘણું ચંદા, ચાક તે થાક ચઢાવે રે,
કરમેલા મેખલા થઇ, ચંદા વીંછિયડા વિંછી થાવે રે. ૯
ભૂખ તરસ ગઈ વીસરી, ચંદા ભોજન અન્ન ન ભાવે રે,
સાકર કાકર સમ થઇ, ચંદા એક પિઉ દરસન ભાવે રે. ૧૦
મણી માણક મોતી ઘણાં, ચંદા સોવનરૂપ ભંડારો રે,
પીઉ વિના તે સું કીજીએ ચંદા સુનો એ સંસારો રે. ૧૧
જે દેખી મન ઉલસે ચંદા નયણે નેહ જણાવે રે,
સો સજ્જન વહી ગયા, ચંદા અવર ન દો ચિત આ રે. ૧૨
દિવસ દોહિલે નીગમું, ચંદા વેરણ રાતિ ન જાવે રે,
વિરહ દાવાનલ પ્રજલ્યો ચંદા, કંતજી મેહને આવે રે. ૧૩
કામણગારો નાહલો ચંદા, કામણડું મુને કીધું રે,
પરીત ઉતાપો કરિ ઘણો, ચંદા ચંદન ન ગમે દીહું રે. ૧૪
ખડકીએ વાટ જોઉં ઘણી, ચંદા પંથીને પૂછું સંદેશો રે,
પંખ હોય તો આવી મલું ચંદા, એ નિશ ધરતી અંદેશો રે. ૧૫
એ સખી મારી વીનતી, ચંદા થુલભદ્રને જાઉ ભાખો રે,
વાલમ વહેલા આવજો ચંદા જો મુઝને જીવતી રાખો રે. ૧૬
સદ્‌ગુરુને આદેસડે ચંદા થુલભદ્ર ચોમાસું આવે રે,
કોશા હરખી હિયડલે, ચંદા મોતીડે થાલ વધાવે રે. ૧૭
રહિ ચોમાસું બુઝવી ચંદા કોસાને સમકીત દીધો રે,
મયણુ મહાભડે કરી ચંદા, સુરનરમાં જસ લીધો રે. ૧૮
નામ રહાવ્યું આપણું ચંદા ચોરાસી ચોવીસી રે,
નય(ણ) સુંદર પંડિત કહે ચંદા ગુણ ગાવે નિસ દીસો રે. ૧૯

આમ, જૈન કવિઓએ તમામ રસદ્વારા ભારતીય સાહિત્યના ક્ષેત્રમાં જે પ્રદાન કર્યું છે તે નિત્ય સ્મરણીય છે. જૈન કવિઓએ જે સંસ્કૃતિની ધરતી પર સુવર્ણ પગલાં પાડ્યાં છે તેનું આ તો ઉપલક દર્શન છે: એના આત્માને સ્પર્શવા માટે તો જીવન તર્પણ કરવું પડે.

પાદનોંધ :

૧ : Asiatic Researches. ૧૮૦૭.

૨-૩ : ડો. જોહન્સ્ હર્ટલ, જૈનયુગ, ૧૯૮૨

૪ : જૈન રાસમાળા.

૫-૬ : જૈનયુગ, ૧૯૮૨.

આધારગ્રંથ :

● એશિયાટીક રીસર્ચીસ, ડો. કાલ્બ્રુક ● જૈન શ્વે. કોન્ફરન્સની ગ્રંથ સૂચિ, ૧૯૦૯ ● જૈન રાસમાળા.

---

૧. રત્નસિંહસૂરિના શિષ્ય વિનયચંદ્ર ગણિએ 'નેમિનાથ ચતુષ્પદિકા' નામે સં. ૧૩૨૭માં સૌ પ્રથમ ગુજરાતી રાસ રચ્યો. જુઓ 'જૈન રાસમાળા'

અસ્તોદય

● ડા. દિલાવરસિંહ જાડેજા

સૂર્ય ઉદય સમયે રક્તવર્ણો કે લાલ હોય છે. તેવી જ રીતે અસ્ત સમયે પણ સૂર્ય લાલ હોય છે. એ પ્રમાણે મહાન પુરુષો એકરૂપ રહે છે. એટલે કે ચડતીના કાળમાં તેઓ છકી જતા નથી અને અવનતિના સમયમાં તેઓ ભાંગી જતા નથી, અર્થાત્ સમતા રાખે છે. કારણ તેઓ જાણે છે કે ખીલવું, ખરવું અને ફરી ખીલવું એવો સૃષ્ટિક્રમ ચાલ્યા કરે છે. એક બાજુ વૃક્ષ પરથી પાન ખરી રહ્યાં છે અને બીજી બાજુ નવી કૂંપળો ફૂટી રહી છે. પાનનું ખરવું અને કૂંપળનું ફૂટવું, એ બંને આપણા માનવ જીવનમાં સાથે ચાલતો એક વાસ્તવિક ક્રમ છે. તેથી સુખ અને દુઃખમાં, ઉદય તેમ જ અસ્તમાં હચમચી જવું નહિ, સમતા રાખવી. સુખ તથા દુઃખના પ્રસંગો આપણા જીવન ઘડતર માટે આવે છે તેમ સમજવું. પીછેહઠનો પણ જીવન વિકાસમાં સહાયક તત્ત્વરૂપે જોવો.

જીવનના ચડતીના કાળમાં શાંત અને સ્વસ્થ રહેવાનું સહેલું છે. પરંતુ જીવનના વિપત્કાળમાં સ્વસ્થ રહેવાનું સહેલું

નથી. એવા કાળમાં જ આપણી સમતા, શ્રદ્ધા, હિમ્મત તથા તથા ધીરજની કસોટી થતી હોય છે. જીવનની કટોકટીની ક્ષણે મનુષ્ય ઊંડી શ્રદ્ધા રાખે, નિરાશાને પચાવી જાણે, નિષ્ફળતાને પણ કોઈ દિવ્ય શક્તિના આવિષ્કાર રૂપે જુએ એમાં મનુષ્યના ભાવિ ઉદયની ચાવી રહેલી છે. નિષ્ફળ નિવડવાની, નાસીપાસ થવાની આવી ક્ષણોએ ઉદય માટેનો પુરુષાર્થ અલ્પાંશે, છોડી દેવાનો નથી. નિષ્ફળતા શા માટે મળી તેની ખોજ કરી, વિજયની શ્રદ્ધા સાથે ઉદયના શિખર પ્રત્યેનું આરોહણ કરવાનું છે. એવા આરોહણમાં પરમતત્ત્વમાં ઊંડી આસ્થા આપણો મૂળભૂત આધાર બની રહેતી હોય છે.

ઉદય અને અસ્તની પ્રક્રિયા જેવી વ્યક્તિના જીવનમાં તેવી માનવ સમૂહો અને રાષ્ટ્રોના જીવનમાં પણ સમજવી. રાષ્ટ્રના જીવનમાં પણ ઉદયથી અસ્ત અને અસ્તથી ઉદય તરફની ગતિ જોવા મળે છે. જે કે સંપૂર્ણ ઉદય અને સંપૂર્ણ અસ્ત જેવું કાંઈ હોતું નથી. ઉદય તરફની છલાંગમાં ક્યારેક અસ્ત ભણી ઢળવાની છાયા ભળેલી હોય. આપણી એક આંખમાં હર્ષની ચમક દેખાતી હોય ત્યારે જ બીજી આંખમાં શોકની છાલક વાગવાની કરુણ શરૂઆત થઈ ગઈ હોય. પરાજયની ભૂમિમાં વિજયનું બીજ રોપાયેલું હોય છે. છાયા અને પ્રકાશ, આશા અને નિરાશા, સુખ અને દુઃખ, ઉદય અને બીબું, અસ્ત અને ઉદય–આ બધાની જીવનના મહાન ખેલમાં ફૂલગૂંથણી થયેલી હોય છે.

વળી ઉદય અને અસ્ત વિશેના ખ્યાલ વ્યક્તિ–સાપેક્ષ હોઈ શકે. સત્તા અને સંપત્તિ જતી રહે તો ઘણાને મોટી વિપત્તિ લાગે. તો કોઈ ભક્ત–હૃદયને ભગવાનનું વિસ્મરણ થાય તે મોટી વિપત્તિ અને નારાયણનું સ્મરણ તે જ એક માત્ર સંપત્તિ લાગે.

विपदो नैव विपदः सम्पदो नैव सम्पदः ।
विपद विस्मरणं विष्णोः सम्पन्नारायण स्मृतिः ॥

સંસ્કૃત સાહિત્યના કવિ માઘે લખ્યું છે: એક બાજુ સૂર્ય ઊગી રહ્યો છે અને ચન્દ્રનો હિમાલયનાં શિખરો પાછળ અસ્ત થઈ રહ્યો છે. તેથી આ પર્વત જાણે બે બાજુએ લટકાવેલા ઘંટવાળા હાથીની લીલાને ધારણ કરી રહ્યો છે. મનુષ્ય જીવન જાણે અસ્ત ઉદયના ચન્દ્ર-સૂર્યને ધારણ કરતા આ પર્વત જેવું છે. અસ્ત અને ઉદયની ગૂંથણીનું ચિત્રાત્મક વર્ણન એક સંસ્કૃત સુભાષિતમાં થયેલું છે. એમાં સૂર્યોદય પહેલાંના અરુણોદયકાળનો નિર્દેશ થયો છે. એક બાજુ ચંદ્રનો અસ્ત થઈ રહ્યો છે અને બીજી બાજુ અરુણને આગળ કરી સૂર્ય ઉદય પામી રહ્યો છે. એક સાથે આ દુઃખ અને સુખ માટે જાણે લોકોને શીખવતા હોય તેમ આ બે તેજસ્વીઓ (સૂર્ય અને ચંદ્ર) વર્તતા દેખાય છે.

જૈન સાહિત્ય સમારોહ : (પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

આતિથ્ય માણ્યું હતું. ખંભાતના પ્રાચીન જૈન મંદિરો, જ્ઞાન ભંડારો અને અન્ય જોવા લાયક સ્થળોની મુલાકાત નિમંત્રિત સંસ્થાએ ભાગ લેનાર પ્રતિનિધિઓ માટે ગોઠવી હતી. આ બધી વ્યવસ્થામાં ખંભાતની કાયાપલટ કરનાર સામાજિક અને રાજકીય અગ્રણી શ્રી રણજિતરામ શાસ્ત્રી ખડેપગે સતત હાજર રહ્યા હતા. આ અહેવાલ લખાય છે એ દરમિયાન એમનું અચાનક અવસાન થયું. એમની સતત ભાવોદ્રેકતા નજર સમક્ષ તરવરે છે. અને આંખો સહજપણે ભીની થાય છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

ઋણ સ્વીકાર

આ સમારોહની નોંધ મારા મિત્ર પ્રા. ગુલાબ દેઢિયા અને શ્રી ચીમનલાલ 'કલાધર' લીધી હતી જેના આધારે આ અહેવાલ તૈયાર થઈ શક્યો છે. એ બંનેનો ઋણ-સ્વીકાર કરતા મને આનંદ થાય છે.

સ્વ. પ્રો. ઉમેદભાઈ મજિયાર : (પૃષ્ઠ ૩૪ થી ચાલુ)

છેલ્લી માહિતી જોઈતી હોય તો તે ઉમેદભાઈ પાસેથી મળે. ઉમાશંકરભાઈની તમામ પ્રવૃત્તિઓથી તેઓ સતત માહિતગાર હોય. ઉમાશંકરભાઈ અને ઉમેદભાઈ વચ્ચે યુવાન વયે બંધાયેલી સ્નેહની ગાંઠ ઉત્તરોત્તર વધુ ગાઢ થતી રહી હતી. મુંબઈમાં ઘણાં વર્ષો સુધી ઉમાશંકરભાઈને ત્યાં ઊતરતા. બીજા મોટા સગવડતાવાળા ઘરે ઊતરવાનું શક્ય હોય તો પણ ઉમેદભાઈની તારાબાગમાં આવેલી નાની ઓરડીમાં ઊતરવામાં ઉમાશંકરભાઈ વિશેષ આનંદ અનુભવતા. ઉમાશંકરભાઈ મુક્ત મનથી અને નિખાલસતાથી ઉમેદભાઈ સાથે વાતો કરતા. એક વખત ઉમાશંકરભાઈ મુંબઈમાં મારા ઘરે ઊતર્યા હતા. રાતના એમની સાથે એક-બે સ્થળે જઈને અમે પાછા ફરી રહ્યા હતા. અગિયાર વાગવા આવ્યા હતા. ત્યાં રસ્તામાં ઉમાશંકરભાઈએ મને પૂછ્યું, 'આપણે ઘરે જવામાં મોડું નથી થતું ને?'

'ના, કેમ?'

'તો આપણે ઉમેદભાઈના ઘરે જઈ આવીએ.'

'અત્યારે અગિયાર વાગે? તેઓ સૂઈ નહિ ગયા હોય?'

'ના, તેઓ જાગતા જ હશે. નહિ જાગતા હોય તો ઉઠાડીશું.'

અમે ઉમેદભાઈના ઘરે પહોંચ્યાં. તેઓ સૂવાની તૈયારી કરતા હતા. ઉમાશંકરભાઈને જોતાં જ તેઓ આનંદમાં આવી ગયા. તેમનાં પત્ની વિદ્યાબેનને પણ મોડી રાતના મહેમાન ગમ્યાં. વાત નીકળતાં જાણવા મળ્યું કે ઉમાશંકરભાઈ ઉમેદભાઈને ઘરે જ્યારે જમવાના હોય ત્યારે ઘણું ખરું પૂરણપોળી બનાવવાનો કાર્યક્રમ હોય. ઉમાશંકરભાઈને પૂરણપોળી બહુ ભાવે અને તે પણ વિદ્યાબેનના હાથે બનાવેલી.

લગભગ કલાક અમે ઉમેદભાઈના ઘરે બેઠાં. ઘણી વાતો નીકળી. ઉમેદભાઈનાં માર્મિક વાક્યોથી વાતાવરણ પ્રસન્ન, હળવું રહ્યું. પાછા ફરતાં રસ્તામાં ઉમાશંકરભાઈએ કહ્યું, 'આખો દિવસ બધે ગંભીર વાતો જ ચાલે. એટલે ઉમેદભાઈ પાસે જાઉં ત્યારે હું હળવો અને તાજો થઈ જાઉં. આનંદમાં કલાક બે 'કલાક ક્યાં પસાર થઈ જાય તેની ખબર ન પડે.' ઉમાશંકરભાઈ મુંબઈ આવે અને ગમે તેટલો ભરચક કાર્યક્રમ હોય તો પણ ઉમેદભાઈને મળ્યા વગર ન રહે. છેવટે ટેલિફોન ઉપર પણ ઉમેદભાઈ સાથે વાત કર્યા વગર મુંબઈ ન છોડે. ઉમાશંકરભાઈ જેવા બહુશ્રુત વિદ્વાન મૂર્ધન્ય કવિના હૃદયમાં ઉમેદભાઈએ અનોખું ઊંચું સ્થાન મેળવ્યું હતું એ જ ઉમેદભાઈની મહત્તા દર્શાવે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉમેદભાઈ આધ્યાત્મિક જીવન તરફ વળ્યા હતા. તેઓ વજ્રેશ્વરી પાસે ગણેશપુરીમાં મુક્તાનંદ સ્વામી પાસે જઈને રહેતા. યોગ અને ધ્યાનમાં તેઓ ઊંડો રસ લેવા લાગ્યા હતા. એનો પ્રભાવ એમના જીવનમાં દેખાતો હતો. એમની સાથેની વાતચીતમાં ધ્યાનના એમના અનુભવોની વાત નીકળતી.

છેલ્લા કેટલાક સમયથી એમની તબિયત બહુ સારી રહેતી ન હતી. હૃદયરોગની તકલીફ શરૂ થઈ હતી, એટલે બહાર તેઓ બહુ જતા નહિ. વાંચન, મનનમાં તેમનો સમય પસાર થતો. ક્રમે ક્રમે શાંત બનતી તેમની જીવનલીલા હૃદયરોગનો હુમલો થતાં વિરમી ગઈ. એમના અવસાનથી અંગત રીતે મને તો એક મુરબ્બી માર્ગદર્શકની ખોટ પડી છે. એમના આત્માને શાંતિ હો!

જૈન સાહિત્ય સમારોહ

(તા. ૧૬-૩-'૮૫ના અંકથી પૂર્ણ)

સંકલન : પન્નાલાલ ૨. શાહ

શનિવાર, તા. ૧૫-૨-'૮૫ના બપોરના ૩-૦૦ કલાકે જૈન સાહિત્ય, કલા, ઇતિહાસ અને સ્થાપત્યની દ્વિતીય વિભાગીય બેઠકનો ડો. જે. પી. અમીનના પ્રમુખપદે પ્રારંભ થયો હતો.

ઇતિહાસની આરસીમાં ખંભાત

ડો. જે. પી. અમીને 'ઇતિહાસની આરસીમાં જૈન તીર્થધામ ખંભાત' એ વિષય પર નિબંધ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું : "તીર્થોમાં મંદિરોનો સમૂહ હોય છે અને એમનું પોતાનું આગવું વાયુમંડળ કે વાતાવરણ હોય છે, જેમાં પ્રવેશતાંની સાથે જ સાધકનું મન અંતરમુખ થઇ જાય છે અને પરમ શાંતિની અનુભૂતિ કરે છે." ખંભાતને આવું તીર્થસ્થાન ગણાવી એમણે પૌરાણિક ઉલ્લેખ તથા લોક અનુશ્રુતી અનુસાર ખંભાતનાં જુદાં જુદાં ૨૬ નામો ગણાવ્યાં હતાં. પુરાણ પ્રસિદ્ધ અને નારદ મુનિએ વસાવેલું આ નગર પાણિનીના સમયમાં અને મૈત્રકોના સમયમાં એ સારી સ્થિતિમાં હતું.

વિવિધ તીર્થ કલ્પનામાં તેજપાલે સ્થંભતીર્થમાં નેમિનાથની મૂર્તિ અને પૂર્વજોની મૂર્તિઓ અને હસ્તિશાલા કરાવ્યાનું વીરધવલે વસ્તુપાલ-તેજપાલને બોલાવી સ્થંભતીર્થ અને ધવલકકની સત્તા સુપ્રત કર્યાનું એમણે જણાવ્યું હતું. પુરાતન પ્રબંધ સંગ્રહમાં કોઇ એક વેપારી સ્થંભતીર્થ ગયાનું, વસ્તુપાલે સ્થંભતીર્થમાં સરસ્વતી ભાગાર કરાવ્યાનું, કુમારપાળ ગુપ્ત વેષે ખંભાતમાં ગુપ્ત વેષે ઉદયન મંત્રી પાસે ગયાનો નોંધાયું છે એમ એમણે ઉમેર્યું હતું.

ખંભાત તીર્થક્ષેત્ર તરીકે વિશેષ ખ્યાતિ પામ્યું એના ઉલ્લેખો જુદી જુદી કૃતિઓમાં થયા છે. જેમ કે પંડિત મેઘે 'તીર્થમાલા'માં (ઇ. સ. ૧૪૪૩) શ્રી શાંતિકુશળે ગોડી પાર્શ્વનાથ સ્તવનમાં (ઇ. સ. ૧૬૧૧), ઉપાધ્યાય મેઘવિજય કૃત 'પાર્શ્વનાથ નામમાલ'માં (ઇ. સ. ૧૬૬૫) અને ૧૭મી સદીના કવિ ઋષભદાસ (જેઓ ખંભાતના હતા) અને મતિસાગરે તીર્થક્ષેત્ર તરીકે કરેલું ખંભાતનું વર્ણન નોંધપાત્ર હોવાનું તેમણે જણાવ્યું હતું. આ સિવાય સંખ્યાબંધ ગ્રન્થોનો સંદર્ભ આપી આ હકીકતને એમણે સમર્થન આપ્યું હતું.

આ ઉપરાંત આ વિભાગીય બેઠકમાં નીચે પ્રમાણે નિબંધો રજૂ થયા હતા.

(૧) ઋષભદાસકૃત હિતશિક્ષાનો રાસ, ડો. રમણલાલ ચી. શાહ (મુંબઇ)
(૨) સાહિત્ય સમ્રાટ વાચકવર શ્રીમદ્ યશોવિજયજી મહારાજ અને ખંભાત, પં. છબીલદાસ કેસરીચંદ સંઘવી (ખંભાત)
(૩) કુન્દકુન્દાચાર્ય : સમય અને કૃતિ પરિચય, ડો. શેખરચંદ્ર જૈન (ભાવનગર)
(૪) વિનયચંદની વાર્તાનું કર્તૃત્વ, પ્રા. જયંત કોઠારી (અમદાવાદ)
(૫) શ્રાવકધર્મ ઔર સંસ્કાર નિર્માણ, ડો. શાન્તા ભાણાવત (જયપુર)
(૬) જૈન શિક્ષા, સ્વરૂપ ઔર પદ્ધતિ, ડો. નરેન્દ્ર ભાણાવત (જયપુર)
(૭) જૈન સ્તોત્ર સાહિત્યમાં ભક્તામરનું સ્થાન, પં. કનૈયાલાલ કમલ (ઉદયપુર)
(૮) જૈન મુનિઓ કે નામાંત પદ યા નન્દિયા, શ્રી ભંવરલાલ નાહટા (કલકત્તા)
(૯) આચારાંગ કી ભાષા કા પાલિ સુત્ત નિપાત એવમ્ પૂર્વી ભારત કે અશોક કે શિલાલેખોંકી ભાષા કે સાથ તુલના, ડો. કે. આર. ચંદ્રા (અમદાવાદ)
(૧૦) ભારતીય સંસ્કૃતિમાં પ્રભુશ્રી ઋષભદેવની પ્રથમ પૃથ્વીપતિ તરીકેની યથાર્થતા, શ્રી રાજેન્દ્ર સારાભાઇ નવાબ (અમદાવાદ)
(૧૧) પ્રબુદ્ધ રૌહિણેય, પ્રા. આર. પી. મહેતા, (ગાંધીનગર)
(૧૨) રત્નાકર પચ્ચીશી : એક અભ્યાસ, શ્રી ચીમનલાલ એમ. શાહ, 'કલાધર' (મુંબઇ)
(૧૩) ભારતીય ઇતિહાસ અને જૈન ધર્મ, શ્રી દિનેશ જે. ખીમસીયા (મુંબઇ)
(૧૪) શ્રમણ સંસ્કૃતિ, શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા (મુંબઇ)
(૧૫) જયતિહુઅણ સ્તોત્ર, શ્રી જયેન્દ્ર એમ. શાહ (મુંબઇ)
(૧૬) જૈન જ્ઞાન ભંડારો, પ્રા. નલિનાક્ષ પંડ્યા (વલ્લભ-વિદ્યાનગર)

આ ઉપરાંત કેટલાક વિદ્વાનોના સંશોધન અને અભ્યાસપૂર્ણ નિબંધો આવ્યા હતા પરંતુ તે વિદ્વાનો હાજર રહી શકયા ન હતા તેથી તેમના નિબંધો રજૂ થયા ન હતા. તેવા નિબંધોની યાદી નીચે પ્રમાણે છે.

(૧) જૈન કાવ્યની એક ઝલક, પુ. મુનિશ્રી વાત્સલ્યદીપ
(૨) જૈન ધર્મનો ઇતિહાસ, પુ. સાધ્વી શ્રી યુગન્ધરાશ્રીજી
(૩) જૈન રાસગરબા સાહિત્ય ડો. હેમંતકુમાર વૈદ્ય (વડોદરા)
(૪) જૈન ધર્મનો અભ્યુદય અને દિલ્હીના દરબારમાં બાદશાહ અકબરે કરેલ જૈનાચાર્યનું સન્માન, ડો. મોહનલાલ સોલંકી (લીલીયા મોટા)
(૫) જૂનું વેદ અને પ્રાચીન અવશેષો, પ્રા. વસુધા ભટ્ટ અને પ્રા. બંસીધર ભટ્ટ (પતિયાલા)
(૬) વિદેશોમાં જૈનદર્શન કા અધ્યયન, પ્રા. બંસીધર ભટ્ટ (પતિયાલા)
(૭) પ્રતિભાની જૈન પરિભાષા: તુલનાત્મક સમીક્ષા, ડો. અમૃત ઉપાધ્યાય (અમદાવાદ)
(૮) સ્વ. કવિ ડો. નાનાલાલ રામચંદ મહેતા, ડો. રમેશ સી. લાલન (મુંબઇ)
(૯) નમસ્કાર મહામંત્ર, શ્રી જયંતીલાલ ધ. દોશી (મુંબઇ)

રવિવાર, તા. ૧૭-૨-'૮૫ના રોજ સવારના ૯/૦૦ કલાકે ગુજરાત રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશ શ્રી બંસીલાલ કાપડિયાના પ્રમુખસ્થાને સાહિત્ય સંગોષ્ટીનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ વક્તાઓએ જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિના વિકાસ માટે વિવિધ ઉપયોગી સુચનો કર્યાં હતાં. પ્રમુખસ્થાનેથી શ્રી બંસીલાલ કાપડિયાએ શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિને બિરદાવી હતી. છેલ્લે સમાપન સમારોહમાં પણ વિવિધ વક્તાઓએ પ્રવચનો કર્યાં હતાં.

આ સંમારોહમાં ભાગ લેવા પધારેલા સારસ્વતોએ ખંભાતનું

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપર)

Regd. No. MH. By / South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૭-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-


મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. રસિકલાલ મો. ઝવેરી

અમારા જૈન યુવક સંઘના ઉપ પ્રમુખ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીનું મંગળવાર, તા. ૧૮ મી જૂને સવારે ૮૩ વર્ષની ઉંમરે અવસાન થયું. એમના સ્વર્ગવાસથી અમે એક વત્સલ વડીલ, મિત્ર જેવા મુરબ્બી અને સાથી કાર્યકર ગુમાવ્યા છે.

ઉંમરમાં અમારા સૌ કરતાં મોટા અને છતાં યુવાન જેવી સ્ફુર્તિવાળા સ્વ. રસિકભાઇને અમે સૌ 'રસિકકાકા' તરીકે સંબોધતા. અમારા સૌ પ્રત્યે એમને અપાર સ્નેહ અને સદ્‌ભાવ હતો. એમની સાથે સંઘના કાર્યકરોનું મિલન એક કુટુંબમેળા જેવું બની રહેતું.



સ્વ. રસિકભાઇ ઘણાં વર્ષોથી જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય હતા. છેલ્લાં સાતેક વર્ષથી તેઓ 'સંઘ'ના ઉપ પ્રમુખ બન્યા હતા. પદ માટેની એમને કોઇ આકાંક્ષા નહોતી. પરંતુ સ્વ. ચીમનલાલ ચકુભાઇ અને અન્ય સાથીઓના પ્રેમભર્યા આગ્રહને વશ થઇ એમણે ઉપ પ્રમુખનું પદ સ્વીકાર્યું હતું. પોતે કહેતા કે જાહેરમાં ઊભા થઇ લખેલું નિવેદન વાંચવા જેટલી ફાવટ પણ પોતાનામાં નથી, માટે કોઇ પદની અભિલાષા પોતે કયારેય રાખી નથી. આમ છતાં રસિકભાઇને ઉપ-પ્રમુખ બનાવ્યા એથી અમારું પોતાનું ગૌરવ વધ્યું હતું. એમની ચારે બાજુ પ્રસરેલી સુવાસનો લાભ અમને મળ્યો હતો. યુવક સંઘની આર્થિક સદ્ધરતા વધારવામાં એમનો ફાળો નાનોસૂનો નહોતો.

સ્વ. રસિકભાઇનું જીવન શાંત, સરળ અને સાત્વિક હતું. ઇ. સ. ૧૯૦૨ માં અમદાવાદમાં એમનો જન્મ થયો હતો. તેઓ ગર્ભશ્રીમંત હતા. યુવાન વયે, ઇ. સ. ૧૯૨૮ ની આસપાસ તેઓ ઝવેરાતના વ્યવસાય માટે પેરીસમાં જઇને રહ્યા હતા. પેરીસમાં પોતાના એ દિવસોનાં સ્મરણોની વાત કેટલીકવાર તેઓ કરતા. બીજા વિશ્વ યુદ્ધ પહેલાં પેરીસ જેવી નગરીમાં આઠ દસ વર્ષ રહેલા અને પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ નીચે રહેલા યુવાન રસિકભાઇ ભારત કાયમ માટે પાછા ફર્યા ત્યારે તેમના જીવનમાં મોટું પરિવર્તન આવી ગયું. ગાંધીજીની અસર નીચે તેઓ આવ્યા, કોંગ્રેસમાં જોડાયા, ખાદી અપનાવી, પહેરણ, ધોતિયું, બંડી અને ટોપીનો ભારતીય વેશ અપનાવ્યો અને મુંબઇ પ્રદેશ કોંગ્રેસના સક્રિય કાર્યકર્તા બન્યા. એમણે જીવનમાં સાદાઇ આણી. સ્વચ્છતા, સમયની નિયમિતતા, વ્યવસ્થિતતા અને જીવન પ્રત્યેના જીવંત રસિક અભિગમના પશ્ચિમના સગુણોવાળા રસિકભાઇના જીવનમાં આ રીતે એક જબરું સમન્વયકારી પરિવર્તન આવી ગયું.

સાત્વિકતાની એ જ અભિલાષાને પરિણામે ઇ. સ. ૧૯૪૮માં ૪૬ વર્ષની વયે જ્યારે તેઓ વિધુર થયા ત્યારે ફરી ન પરણવાનો એમણે સંકલ્પ કર્યો. એમનાં પત્ની કુસુમબેનની માંદગી લાંબા સમય સુધી ચાલી. એ માંદગી દરમિયાન એમણે કુસુમબેનની ઘણી સારી સુશ્રુષા કરી. રસિકભાઇને કોઇ સંતાન નહોતું અને યુવાનીમાં વિધુર થયા હતા એટલે સગાં-સંબંધીઓ અને મિત્રોએ બીજું લગ્ન માટે ખૂબ આગ્રહ કર્યો, પરંતુ રસિકભાઇએ એકલા રહેવાનું જ સ્વીકાર્યું.

પોતે શ્રીમંત હતા અને હવે એકલા હતા, એટલે એમણે પોતાના જીવનને બહુ વ્યવસ્થિત અને નિયમિત રૂપમાં મૂકી દીધું. રોજ સવારે તેઓ ચાર વાગે ઊઠીને કસરત અને યોગાસનો કરે, ત્યાર પછી જાતે મોટર ચલાવીને ચોપાટીના પોતાના નિવાસસ્થાનેથી હેંગિંગ ગાર્ડનમાં ફરવા જાય. ત્યાં ચાર થી પાંચ રાઉન્ડ મારે. થોડીવાર બેસી, રોજના મિત્રોને મળે. ઘરે આવી સ્નાન વગેરેથી પરવારે. લગભગ સાડા અગિયારે જમી લે. થોડો આરામ કરી દોઢ બે વાગે ઝવેરાતના બજારમાં જાય, પોતાનો વેપાર જરૂર પૂરતો સંભાળે. સાંજે સાડા ચાર પોણા પાંચ વાગે વેપારની ગમે તેવી મોટી વાત હોય તો પણ તે પડતી મૂકીને નીકળી પડે. ઘરે આવે ફરી પાછા હેંગિંગ ગાર્ડન ફરવા જાય. પાંચેક રાઉન્ડ મારે. અને એક નિશ્ચિત જગ્યાએ (મેદીમાંથી હાથીની આકૃતિ કરેલી જગ્યા, જેને તેઓ બધા મિત્રો હાથીપોળ તરીકે ઓળખાવે) બેસે. રોજ ફરવા આવનારાઓ-પોતાના મોટાભાઇ રમણભાઇ, શ્રી દિવાનજી, શ્રીમતી ઇન્દુબેન મુનસફ, શ્રી રણેભાઇ, સૂર્યકાન્તાબેન વગેરે સાથે કલાકેક ગોષ્ઠી ચલાવી સાડા સાતે ઘરે પહોંચી જાય. આઠ વાગે જમે, અને નવ વાગે સૂઇ જાય. છેલ્લાં લગ-

ભગ ચાલીશ વર્ષથી રસિકભાઇનો આ નિયમિત કાર્યક્રમ. અનિવાર્ય કારણ ન હોય ત્યાં સુધી પોતાના આ નિયમિત ક્રમમાં જરા પણ ફેરફાર કરે નહિ. જીવનની અંતિમ ક્ષણ સુધી આ ક્રમને તેઓ વળગી રહ્યા. અવસાનના દિવસે સવારે પણ તેઓ ૮૩ વર્ષની ઉંમરે મોટર ચલાવી સવારે ગાર્ડનમાં ફરવા ગયા હતા. પાછા આવીને દૂધ પીને 'પ્રબુદ્ધ જીવન' વાંચતા હતા ત્યાં એમનું અવસાન થયું.

રસિકભાઇ રોજ સવારે બે માઇલ જેટલું અને સાંજે પણ એટલું અચૂક ચાલતા. ચાલવાના તેઓ ભારે શોખીન અને આગ્રહી. ચાલવાથી આરોગ્ય ઘણું સારું રહે છે એવું અનુભવને આધારે અને એ માટે બીજાને ભલામણ કરતા. માંદા પડવું અને બીજા પાસે ચાકરી કરાવવી એ એમને રુચતી વાત નહોતી. એટલા માટે આરોગ્ય સાચવવાની બાબતમાં તેઓ હંમેશાં પૂરા સભાન રહેતા. માથું દુખ્યું હોય, તાવ આવ્યો કે ક્રોઇ માંદગીમાં પટકાયા હોય એવું એમના જીવનમાં જવલ્લે જ બન્યું હશે!

આ ચાલવાના રોજના મહાવરાને કારણે જ પ્રવાસ એ તેમની એક પ્રિય પ્રવૃત્તિ હતી, જે છેલ્લા બે એક દાયકામાં તેમણે ઘણી ઓછી કરી નાખી હતી. ભારતમાં અને ભારત બહાર તેઓ ઘણું ફર્યા હતા. હિમાલયમાં પણ એમણે પગપાળા લાંબો પ્રવાસ બે દાયકા પૂર્વે કર્યો હતો.

રસિકભાઇ રસોઇઓ અને નોકર રાખીને પોતે ઘરમાં એકલા રહેતા હતા. પરંતુ તેમનું ઘર હંમેશાં ભર્યું રહેતું. જમવા માટે મહેમાનોની વણજાર તેમના ઘરે બારે માસ સતત ચાલુ રહેતી. મહેમાન વગર એકલા જમવાનું જાણે એમને ભાવતું નહિ, ફાવતું નહિ. રોજ સવારે ૯ થી ૧૧ સુધી એમનો ટેલિફોન જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા નિમિત્તે જમવાનું નિમંત્રણ આપવા માટે વપરાતો. સગાંઓ, મિત્રો, સંબંધીઓ, વેપારીઓ સહાકાર્યકર્તાઓ, ઉપરાંત અમારી જૈન યુવક સંઘની સમિતિના સભ્યોને તેમણે અનેકવાર જમવા બોલાવ્યા હશે. સ્વ. પરમાનંદ કાપડિયાના સમયથી એમની આ પ્રવૃત્તિ ચાલુ હતી. કાકા કાલેલકર, જયપ્રકાશ નારાયણ, કાકાસાહેબ વાલેસ, પુરુષોતમ માવળંકર વગેરે અનેક નામાંકિત વ્યક્તિઓ એમના ઘરે ફેરફરીયવાર જમવા પધારી હશે. જૈન યુવક સંઘના ફેરફાર નિર્ણયો રસિકભાઇના ઘરે ભોજન પ્રસંગે લેવાયા હશે. બીજાને પ્રેમથી આગ્રહપૂર્વક જમાડવા એ એમની પ્રિય પ્રવૃત્તિ હતી, પરંતુ પોતે મિતાહારી હતા. ઓછું જમતા અને જમનારનું ચીવટપૂર્વક ધ્યાન રાખતા. રસિકભાઇ પોતે બહાર, રેસ્ટોરાંમાં કે કોઇના ઘરે જમતાં નહિ. બહારનું પાણી સુધ્ધાં તેઓ પીતા નહિ. સંયમ અને આરોગ્યની દ્રષ્ટિએ પોતાના આ નિયમને તેઓ સુરતપણે વળગી રહેતા. ફેરફરીયવાર લગ્ન પ્રસંગે કે બીજી મિજબાનીઓમાં તેઓ હાજર જરૂર રહેતા, પરંતુ કશું લેતા નહી. વારંવાર અનેક મિત્રોને જમાડવાને કારણે કોને શું વધારે ભાવે, કોને કેટલું તીખું-મોળું ફાવે તે બરાબર જાણી લે અને તે પ્રમાણે મહારાજને સૂચના આપતા. જમાડતી વખતે વત્સલ એક માતાની જેમ તેઓ બધાની કાળજી રાખતા.

રસિકભાઇના વડીલ બંધુઓનું કુટુંબ વિશાળ હતું. તેઓ બધા ભાઇઓને ઘરે નિયમિત મળવા જતા. બધાના ખબરઅંતર પૂછતા, સલાહસૂચન આપતા. કંઇ કામકાજ હોય તો તે કરવાની વ્યવસ્થા કરાવી આપતા. જરૂર હોય તેને ગુપ્ત આર્થિક મદદ પણ કરતા.

રસિકભાઇ ઘણા પરગજુ, પરંતુ બીજાની પાસે પોતાનું કામ કરાવવા બહુ રાજી નહિ. પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવવાનું હતું ત્યારે પોતે એકલા ચૂપચાપ હોસ્પિટલમાં પહોંચી ગયા અને ઓપરેશન થઇ ગયા પછી સગાં-સંબંધીઓને સમાચાર જણાવ્યા હતા. એમને એવી હંમેશાં ઇચ્છા રહેતી કે પથારીમાં માંદા પડી બીજાના પાસે ચાકરી કરાવતાં કરાવતાં અવસાન થાય એવો પ્રસંગ પોતાના જીવનમાં ન આવે તો સારું. અને બન્યું પણ એવું જ. એ દિવસે સવારે ગાર્ડનમાં ફરી આવી ઘરે આવી દૂધ પીને 'પ્રબુદ્ધ જીવન'નો નવો અંક વાંચવાનો પોતે ચાલુ કર્યો. સાડા અગિયાર વાગે જમવાનું તૈયાર રાખવાની રોજની જેમ મહારાજને સૂચના આપી અને વાચતાં વાચતાં કોઈ પણ પ્રકારના શારીરિક દર્દ કે વ્યથા વગર, કોઇને અણસાર પણ ન આવે એ રીતે તેઓ કાયમને માટે નિદ્રાધીન થઇ ગયા. જાણે તેમણે ઇચ્છા-મૃત્યુ સાંપડ્યું.

સ્વ. રસિકભાઇનો મને પહેલવહેલો પરિચય ત્રણેક દાયકા પહેલાં થયેલો, 'ગુલામોનો મુક્તિદાતા' નામનું લિંકનના જીવનચરિત્ર વિશેનું મારું પુસ્તક એમણે સ્વ. પરમાનંદભાઇ પાસેથી લઇને વાંચેલું. એમને એ પુસ્તક બહુ ગમેલું અને ત્યારથી મારા લેખનકાર્ય વિશે અવારનવાર પૂછતા અમે ચોપાટી ઘણાં વર્ષ રહ્યાં એટલે રસ્તામાં અને એમને ઘરે વારંવાર મળવાનું થતું. યુવક સંઘના નિમિત્તે અમારો સ્નેહસંબંધ વધુ ગાઢ થયો. પિતા જેવું વાત્સલ્ય અમને એમની પાસે અનુભવવા મળતું.

પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનોની અને 'પ્રબુદ્ધ જીવન'નાં લખાણોની નિખાલસ ચર્ચા એમની સાથે થતી. તેઓ પોતાનો પ્રામાણિક મત પ્રેમથી જણાવતા, કયારેક અન્ય મહત્ત્વના દૃષ્ટિકોણથી એમને સમજાવવામાં આવતું તો તેઓ પોતાનો મત બદલતા; પોતાના મતનો આગ્રહ તો તેઓ કયારેય રાખતા નહિ.

સ્વ. રસિકભાઇને ધાર્મિક ક્રિયાકાંડ તરફ રુચિ નહોતી. સાધુ-ભગવંતોના સંપર્કમાં તેઓ આવેલા નહિ. એક વખત મને કહે, 'મારા એક વેપારી મિત્રે મોટી ઉંમરે દીક્ષા લીધી છે. મુંબઇ આવ્યા છે એમ સાંભળ્યું છે. એ કયાં છે તેની તમે તપાસ કરાવી આપો અને મારી સાથે ચાલો, કારણ કે મને સાધુઓ પાસે કેવી રીતે જવું અને શી વાત કરવી તેની ખબર નથી.' તપાસ કરી રાતને વખતે અમે ગયા. મળ્યા. વંદન કર્યા. જૂનાં સંસ્મરણો તાજાં થયાં. રસિકભાઇએ પૂછ્યું, 'આટલી મોટી ઉંમરે દીક્ષા લીધી તે બરાબર ફાવે છે?'

'ફાવે છે, પણ દીક્ષાપાલન ધાર્યા કરતાં ઘણું કડક છે.'

'કઇ બાબતમાં?'

'બધી જ બાબતમાં. દાખલા તરીકે મને પેટની તકલીફ હતી. એટલે સવારે નિયત સમયગાળામાં કંઇ ન જવાય તો ઉપવાસનો દંડ આવે.'

'આ તો બહુ કઠિન કહેવાય. તમને ન ફાવે તો પાછા આવી જાઓ. વેપારધંધાની કે આજીવિકાની કંઇ ચિંતા નહિ કરતા. એ હું સંભાળી લઇશ.'

'ના, પણ મને હવે બરાબર ફાવી ગયું છે. ઊલટાનું હવે પેટની જરાય તકલીફ રહી નથી. સંયમની આરાધના ઘણી

(અનુસંધાન પૃષ્ઠ ૫૧ પર)

વીતેલાં વર્ષો

© ચી. ના. પટેલ

શેકસ્પિયરની મૃત્યુ વિશે બે જાણીતી ઉક્તિઓ છે, જે મને કાયમની યાદ રહી ગઇ છે: Ripeness is all, અને Readiness is all એટલે કે, "મૃત્યુ દરેકને આવવાનું જ છે, માત્ર તે પાકી ઉંમરે આવે એટલું આપણે ઇચ્છી શકીએ." અને, "મૃત્યુ દરેકને આવવાનું જ છે, તેને માટે માનસિક તૈયારી હોય એટલે બસ." મને આ બેય બાબતનું સદ્‌ભાગ્ય મળ્યું છે: ઉંમરેય પાકી છે અને માનસિક તૈયારી પણ છે. ગયા ડિસેમ્બર માસની ૨૩મી તારીખે મને છાસઠ વર્ષ પૂરાં થયાં, આજની આપણી સામાન્ય આયુષ્યમર્યાદાની અપેક્ષા પ્રમાણે એ પાકી ઉંમર ન ગણાય, પણ મારી પચીસેક વર્ષની ઉંમરથી મારા શરીરની જે સ્થિતિ રહી છે તેનો વિચાર કરતાં તે પાકી કરતાં પણ વધુ ગણાય. હકીકતમાં મારા એક ડોકટર વડીલે મને ૧૯૬૦ની સાલના અરસામાં કહ્યું હતું, 'ચીમનભાઇ, તમારા શરીરના ઘડિયાળની ચાવી ઊતરી ગઇ છે. હવે તમે જેટલું જીવો તેટલી ઇશ્વરની કૃપા.' એ કૃપા પચીસ વર્ષ ચાલી અને હજુ થોડાં વર્ષ ચાલશે એમ લાગે છે. પિતા કોઈક જ્યોતિષ જાણતા તેમણે ૬૩માં વર્ષે મૃત્યુયોગ બતાવ્યો હતો, અને ત્યારે બચ્યું તો ૧૯૮૮ના જાન્યુઆરીથી ઓકટોબર સુધીના ગાળામાં, એટલે હજુ ત્રણ વર્ષ બાકી છે. ગયા વર્ષે બારવા માસમાં પિતાના શ્રાદ્ધના દિવસે મને એક સ્વપ્ન આવ્યું હતું તેનો મેં એવો અર્થ કર્યો હતો કે આ વર્ષની દિવાળી સુધીમાં અંત આવવો જોઇએ. ચાર માસ પછી કે ત્રણ વર્ષ પછી, અથવા તે પછી, જ્યારે આવે ત્યારે હું તૈયાર થઇને બેઠો છું. એટલી જ આશા રાખું છું કે લાંબો સમય પથારીવશ રહી પીડાવું નહિ પડે.

મૃત્યુના વિચારથી સ્વતંત્ર રીતે પણ હું મારા અંતરજીવનની દિશા બદલવાનો પ્રયત્ન કરી રહ્યો છું. વળગણો, અધ્યાસો ને માથા ઉપરનો ભાર ઓછો કરતો જાઉં છું. છાપાં વાંચવાનાં બંધ કર્યાં છે, મનને ગમે તે જ વાંચું છું, નવું જ્ઞાન મેળવવાની દૃષ્ટિએ કંઈ વાંચતો નથી, અને અંગાઉથી વિચાર કરીને તૈયારી કરવી પડે એવું બોલવાનું કે લખવાનું કોઈ આમંત્રણ ન સ્વીકારવાનો સંકલ્પ કર્યો છે. આમ હું વાનપ્રસ્થના માનસિક ભાવમાં પ્રવેશ કરી રહ્યો છું.

પણ મારું વાનપ્રસ્થ આધ્યાત્મિક સાધના માટે વ્યાવહારિક જીવનમાંથી નિવૃત્તિનું નથી. એવી સાધના પ્રત્યે મને આકર્ષણ કે અણગમો એમાંથી એકે ભાવ થતો નથી. મારું વાનપ્રસ્થ એ તો જીવન પૂરું થયું ગણી જે વર્ષ હવે જીવવાનાં મળે તે આરામમાં ગાળવાની ઇચ્છાનો ભાવ છે. છેલ્લાં કેટલાંક વર્ષથી મારા મનમાં એ ઇચ્છા ઊગી રહી છે અને એક વર્ષથી તે પ્રબળ બની છે. ગયા વર્ષના બે માસમાં હાથ ઉપર લખાણનાં કામ હતાં તે બધાં પૂરાં થઇ જતાં મેં, બીજું કંઇ પ્રયત્ન કરવો પડે એવું લખવાનું કામ નહિ સ્વીકારવાનો વિચાર કર્યો હતો. પણ વર્ષ દરમિયાન લખવાની વિનંતીઓ ને બોલવાનાં આમંત્રણ મળતાં રહ્યાં અને હું મારા સંકલ્પને વળગી ન રહી શકયો. એ બધાં કામમાંથી હું ગયા એપ્રિલ માસની ૩૦મી તારીખે છૂટો થયો, અને ૧૯૪૪ના જૂન માસની ૨૦મી તારીખે જોડાયો અને તે સાથે પ્રિન્સિપાલના મદદનીશ (Personal Assistant) તરીકે પણ કામગીરી બજાવવાની આવી ત્યારથી માથા ઉપર સતત કામનો બોજો રહ્યો હતો તે ઊતર્યો હોય એમ લાગ્યું. ૪૧ વર્ષે મેં મનની કંઈક હળવાશ અનુભવી. ફેબ્રુઆરી માસથી ગુજરાત ઉપર વાદળ ઘેરાયું છે તે વિશે કંઈક લખવાની ઇચ્છા થઈ હતી તે પણ મે માસના અંત સુધી લખાઇ ગયું, અને હવે મેં કુટુંબના સભ્યોને જાહેર જીવનના પ્રશ્નોની ચર્ચામાં નહિ પડવાનું વચન આપ્યું છે.

હવે શું ? ઉંમરને કારણે વ્યવસાયી જીવનથી નિવૃત્ત થતી દરેક વ્યકિતને આ પ્રશ્ન મૂંઝવે છે. કોઇ બીજી નોકરી કે કમાણીની પ્રવૃત્તિ શોધી લે છે, કોઇ મંદિરે કથાવાર્તામાં સમય ગાળે છે, કેટલાક નિવૃત્તો દરરોજ સાંજે વૃદ્ધોની બેઠકમાં ભેગા થઇ ચર્ચા-વાર્તાઓમાં આખા દિવસનો કંટાળો ઓછો કરે છે, કોઇ પુત્ર-પુત્રીઓના સંસારના પ્રશ્નોમાં રોકાયેલા રહે છે, અને આમાંથી એકે માર્ગ નહિ ખોળનાર કે ખોળી શકતા વૃદ્ધો એકલતા અનુભવતા ઘરમાં બેસી રહે છે અને 'ઘડપણ કેણે મોકલ્યું' કાવ્યમાં નરસિંહ મહેતાએ વર્ણવી છે એવી દશામાં જીવે છે. હું કોઇ બીજી નોકરી કે કમાણીની પ્રવૃત્તિમાં જોડાઇ શકું એવી સ્થિતિમાં નથી, એમ કરવાની આર્થિક જરૂર પણ નથી, કથાવાર્તાઓમાં સમય ગાળી શકું એવી મારામાં ધર્મશ્રદ્ધા નથી અને મારા સ્વભાવની મર્યાદાને કારણે નિકટના મિત્રો સિવાય બીજાઓ સાથે સામાન્ય ચર્ચાવાર્તાઓમાં બહુ રસ લઈ શકતો નથી. કુટુંબમાં પણ હું ભાગ્યે જ પત્ની કે પુત્ર કે પુત્રી સાથે એવી ચર્ચાઓમાં જોડાઉં છું. મારે ધ્યાન આપવું પડે એવા કોઇ પ્રશ્નો પુત્ર કે પુત્રીને નથી, અને પૌત્રી ને પૌત્ર મોટાં થઇ મારાથી છૂટાં થયાં હોવાથી તેમની સાથે દરરોજ થોડો સમય ગાળતો તે પણ હવે બંધ થયું છે. અને આખો દિવસ મોં ભારે કરી ઘરમાં એકલો બેસી રહું એ મારા સ્વભાવમાં નથી. તો શું ?

નરસિંહરાવ ભોળાનાથે ઉર્વશી ને પુરુરવા વચ્ચે એક સંવાદ કલ્પ્યો છે, તેમાં ઉર્વશી પુરુરવાને વૃદ્ધાવસ્થાનાં નીરસતા ને વિષાદમાંથી બહાર લાવવા માનવીય પ્રેમનું દૈવી રહસ્ય સમજાવે છે. તેનાથી નવો પ્રકાશ અનુભવતો પુરુરવા કહે છે: 'પેલા મૃતવત્ ગુલમોરના ઝાડનાં સૂકાં ડાળાંમાંથી પ્રફુલ્લ, અગ્નિ જેવાં દીપિવાળાં, કુસુમોનો ભાર ફૂટયો છે, તેમ મારા આ જીર્ણ હૃદયમાંથી કંઇક નવીન અંકુરો, પલ્લવો, કુસુમો ફૂટતાં લાગે છે.' ઉર્વશીને એ ઉપમા ખોટી લાગે છે. '...પ્રેમતત્ત્વ જાણનારને', તે કહે છે, 'હૃદયમાં જીર્ણતાનો અનુભવ થાય જ નહિ.' એટલે કે એવી વ્યકિતનું શરીર જીર્ણ થાય ત્યારેય હૃદય જીર્ણ ન થાય. નરસિંહરાવની ઉર્વશીને અભિપ્રેત છે એવા પ્રેમતત્ત્વનો મને અનુભવ થયો નથી, પણ તે કહે છે તેમ મારું શરીર જીર્ણ થયું હોવા છતાં મારું હૃદય જીર્ણ થયું હોય એમ મને લાગતું નથી. દેશમાં ને ગુજરાતમાં જે બની રહ્યું છે તેનાથી મારા મનને ખૂબ ઉદ્વેગ થાય છે, કયારેક વિષાદ પણ અનુભવું છું. થોડો સમય એ વિષાદ એવો ઘેરો હતો કે મારો વાંચવા-લખવાનો રસ પણ ઊડી ગયો હતો. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, **तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च.** એવો મને વાંચવા-લખવા વિશે મનોભાવ થઇ આવ્યો હતો.

એ ભાવ પહેલો થયો તે દિવસે મેં યોગવાસિષ્ઠ વાંચવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં મન સ્થિર થયું નહિ. હકીકતમાં મારો જીવનરસ સુકાયો નહોતો. વિષાદમાંય તે વહેતો રહ્યો છે અને પ્રગટ થવા માટે કોઈ નવી દિશા ખોળી રહ્યો છે. તે તેને જડશે ? અને જડશે તો કેવી હશે ?

ગાંધીજીના વિચારોથી પ્રેરાયેલા, Small is Beautiful પુસ્તકના પ્રખ્યાત જર્મન લેખક શુમાખરે કૃતાર્થતા અનુભવવા માટે માણસને કેવા જીવનની જરૂર છે તે વિશે એક માસિકમાં લખ્યું હતું : 'There are three things healthy people most need to do-to be creatively productive, to render service, and to act in accordance with their moral impulses.' આમાંથી પહેલી ને છેલ્લી બાબત વિશે હું પ્રમાણમાં સદ્‌ભાગી રહ્યો છું. પંદરેક વર્ષ સુધી ત્રણ કોલેજોમાં નોકરી કરી તેમાં અધ્યાપનકાર્યમાં મને પૂરો સંતોષ આપે એવી સફળતા નહોતી મળી, પણ તે કોલેજોની સંચાલન કામગીરીઓમાં હું ઠીક ફાળો આપી શક્યો હતો અને વિદ્યાર્થીઓ તથા બીજા અધ્યાપકો સાથે સદ્‌ભાવપૂર્ણ સંબંધોનો આનંદ મેળવી શક્યો હતો. તે પછી ગાંધીજીનાં લખાણોનાં સંપાદનકાર્યમાં જોડાયો. તેમાં હું ૧૯૬૧ ના સપ્ટેમ્બરથી આ વર્ષના માર્ચ માસ સુધી સાડી ચોવીસ વર્ષ, મારું અંતર પ્રસન્ન થાય એવું કામ કરતો રહ્યો અને નોકરીની ને વ્યવહારની ઘણી મુશ્કેલીઓની વચ્ચેય હું મારા અંતરાત્માને અક્ષત રાખી શક્યો છું.

પણ બીજી બાબત, સેવાની, તે વિશે મને અસંતોષ રહી ગયો છે. પંદર-સોળ વર્ષની ઉંમરે મને સેવાની ભાવના સ્ફુરી હતી. એ ઉંમરે મેં સ્વામી વિવેકાનંદના એક વ્યાખ્યાન કે લેખમાં, નિરહંભાવે કરેલી સેવાની સુંદરતા વિશે વાંચ્યું હતું, તે મારી કલ્પનામાં ઊંડું અંકિત થઈ ગયું હતું. પ્રભાતે પ્રફુલ્લેલું ગુલાબ જોઈ આપણી આંખ પ્રસન્ન થાય છે, પણ તેને પ્રફુલ્લિત કરી વાયુમાં વિલીન થઈ ગયેલાં ઝાકળનાં બિંદુઓને આપણે જોઈ શકતા નથી. આવાં સહજપ્રેરિત સેવાકૃત્યોને અંગ્રેજ પ્રકૃતિકવિ વર્ડઝવર્થે 'Little nameless unremembered acts of kindness and of love' કહ્યાં હતાં. મારી કલ્પનાને એવા અહંરહિત સેવા-ભાવનું ખૂબ આકર્ષણ રહ્યું છે. ગાંધીજી પ્રત્યે મને હૃદયનો સાચો પૂજ્યભાવ થયો છે કારણ કે એમનામાં મેં એવી સેવા-ભાવના પૂર્ણ રૂપે પ્રગટેલી જોઈ છે. એમની બધી સેવા જાહેરમાં થઈ હતી, પણ તેમનું અંતર કીર્તિલોભથી સંપૂર્ણ મુક્ત હતું. દક્ષિણ આફ્રિકામાં સને ૧૯૦૪માં તેમણે ફિનિક્સ આશ્રમ સ્થાપ્યો હતો તેની સ્થાપના અને તેના સંચાલનમાં તેમના મુખ્ય કાર્ય-સાથી તેમના ભત્રીજા મગનલાલ ગાંધી હતા. મગનલાલે ૧૯૦૬માં ગાંધીજીને, આશ્રમના નામની સાથે ગાંધીજીનું નામ જોડવું જોઈએ એવું સૂચન કર્યું હશે, તેના ઉત્તરમાં ગાંધીજીએ લખ્યું હતું : 'ફિનિક્સનું નામ ફિનિક્સ સિવાય કંઈ જ નહીં એ બરાબર છે. મારું નામ ભુલાઈ જાય એમ માગું છું. મારું કાર્ય રહે એમ ઇચ્છું છું : જો નામ ભુલાય તો જ કાર્ય રહે.' (હકીકતમાં થયું ઊલટું : જ-નામ રહ્યું ને કાર્ય ભુલાઈ ગયું. કેવી વિધિવક્રતા !) આવા નિરહં સેવાભાવનો મારામાં એક અંશ પણ પ્રગટ્યો હોત તો હું મારા જીવનને ધન્ય ગણત. પણ હું એવા સદ્‌ભાગ્યને પાત્ર ન નીવડ્યો.

જો હું નિરહં અપ્રત્યક્ષ સેવા ન કરી શક્યો તો કંઈ નહિ, પ્રત્યક્ષ, બધાંને દેખાય અને મને યશ મળે એવી સેવાપ્રવૃત્તિય કંઈ નથી કરી શક્યો એનો મને કયારેક અસંતોષ રહે છે. હવે; જ્યારે અર્થ ને કામની વાસનાઓ મોળી પડી છે, ત્યારે એવી કોઈ સેવાપ્રવૃત્તિમાં જોડાવાની કયારેક ઊર્મિ થઈ આવે છે. પણ આપણા સમાજમાં વૃદ્ધોની જીવતી રહેલી શક્તિઓને સેવાપ્રવૃત્તિઓ દ્વારા અવકાશ આપવાની કોઈ વ્યવસ્થા નથી. પશ્ચિમના જીવનનો મને અનુભવ નથી, પણ કાચ ત્યાંય નથી. 'ઘરડાંનાં ઘર' ચાલે છે, અને આપણા દેશમાં પણ કયાંક શરૂ થયાં છે. પણ એવી રીતે સમાજ ને કુટુંબથી વિખૂટા રહેવાનું કોઈ વૃદ્ધને તૃપ્તિકર ન બની શકે. મને તો એવી રીતે રહેવાનું જ ગમે. કુટુંબ સાથે રહી હું મારા શરીરની મર્યાદામાં કંઈ સેવાપ્રવૃત્તિમાં જોડાઈ શકું તો તેને આવકારું, જોકે શરીર તેમાં કેટલો સહકાર આપે એ એક મોટી શંકા છે. દિવસનો મોટો ભાગ મારે પથારીમાં પડી રહેવું પડે છે, વાંચવા-લખવાનું કામ પણ સૂતોસૂતો કરું છું. છતાં સાહિત્યમાં મેં જે કંઈ વાંચ્યું છે અને તેને વિશે વિચાર્યું છે તેનો કોઈ યુવાન જિજ્ઞાસુઓને લાભ આપી શકું તો શરીરની અગવડ વેઠીને પણ મને તેમ કરવાનું ગમે.

પણ તે શક્ય નથી લાગતું. એવી સક્રિય પ્રવૃત્તિના વિકલ્પે મેં સમય ગાળવા અંતરપ્રેરણા થાય તેમ સ્વાન્તઃસુખાય લખતાં રહેવું એમ વિચાર્યું છે. ગાંધીજીનાં લખાણોના ચોવીસ વર્ષના સતત વાંચન ને અભ્યાસને પરિણામે એમનાં જીવન ને સેવાયજ્ઞ વિશે મેં જે જાણ્યું ને વિચાર્યું છે તે વિશે એક લેખમાળા કરવાની કલ્પના છે. પણ તે પહેલાં મારા વીતેલા જીવનનાં કેટલાંક સ્મરણો વિશે લખવાનું મન છે. તે સ્મરણોના લેખનમાં કોઈ પૂર્વનિશ્ચિત યોજના નહિ હોય, સ્મરણો જેમ જાગ્રત થશે તેમ લખીશ અને તે મારી પૂરી આત્મકથા નહિ હોય. માત્ર જે પ્રસંગો, ઘટનાઓ ને અનુભવો વિશે મને નિકટના મિત્રો સાથે વાતો કરવાનું ગમે તે વિશે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને મિત્ર ગણી તેમની સમક્ષ વિચાર-વિહાર જેવું કંઈક કરીશ. આશા રાખું છું કે તેમાં વાચકોને અરુચિકર લાગે એવા અહંભાવની છાયા નહિ આવે.

સાભાર સ્વીકાર

ચંપો મહોરે ચારે કોર : નેમચંદ ગાલા. કિં. ૩૫-૦૦ લોકપ્રિય પ્રકાશન : ૧૧૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨.

એન. એમ. કૂકકર એન્ડ કું. ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨ નાં પ્રકાશનો લેખક-શ્રી અનુભવાનંદજી **(૧) દીપ દીપે અજવાળાં** કિં. ૧૨-૫૦ **(૨) અનુભવ-વાણી** કિં. ૧૦-૦૦ **(સોક્રેટીસ અને પ્લેટોનાં જીવન-સૂત્રો** કિં. ૧૮-૭૫ **(૪) સંસ્કાર રામાયણ** ભા. ૧-૨ કિં. ૨૫-૦૦ **(૫) અમૃત સંજીવની** કિં. ૧૨-૫૦ **(૬) સાક્ષી ગોપાલ** કિં. ૧૨-૫૦ **(૭) પરસ સત્ય** કિં. ૧૨-૫૦ **(૮) જીવવાની કળા** કિં. ૮-૭૫ **(૯) સોનેરી સૂત્રો** કિં. ૧૨-૫૦

સંતોની સુવાસ લે. રતુભાઈ શેઠ કિં. ૧૦-૦૦

રુકે પાંવ તો મિલે ગાંવ : શ્રી રત્નસુંદરવિજયજી મહારાજ કિં. ૧૦-૦૦ રત્નયજ્ઞ ટ્રસ્ટ C/o કલ્પેશ વી. શાહ, ૩૬, હસમુખ કોલોની, વિજયનગર રોડ, મારણપુરા, અમદાવાદ-૧૩

શ્રદ્ધા નહીં, આત્મશ્રદ્ધા

● ડૉ. સુમન શાહ

આપણી જાણ બહાર ઘણી વસ્તુઓમાં આપણને શ્રદ્ધા પડી હોય છે. પોતે ફરીથી જાગશે જ એવી શ્રદ્ધાથી રાતે માણસ પથારીમાં લંબાવતો હોય છે. આરામની રાત મળવાની છે એવા ભરોસે દિવસભર રઝળતો હોય છે. પ્રકૃતિએ માણસની જ નહીં, જીવમાત્રની બધી જ કાળજી લીધી છે. એના તરફથી જે કંઈ મળવું ઘટે એ આપણને સહજ મળ્યા જ કરે છે: હવા, પાણી, ખોરાક, પુષ્પો, પુષ્પોનાં રૂપ-રંગ-સુગંધ, પંખીઓનો કલરવ, નદીજળનો કલકલતો પ્રવાહ, સાગરનો ઘૂઘવાટ, શીતળ ચાંદનીથી છવાએલી કે તારાઓથી તગતગતી નરી રતબ્ધતાભરી રાત્રિઓ, પ્રકાશની વ્યાપકતા, અંધકારની નિર્ભિડતા, ઘણું.

પથારી પરની છત કે આકાશ સવાર સુધીમાં તૂટી નહીં પડે એવી એને ખાતરી છે, પણ ઑફિસે જવા મળતી ગ્રાપરેકટ ટ્રેન કે ૧૦-૫ ની એકસપ્રેસ બસ મળશે જ એની એને ખાતરી નથી. ન પણ મળે-એવા ભાવ વિશે જ. એને ખાતરી હોય છે. બૉસને આજે પોતાનું કામ કે નિર્ણય રુચશે કે કેમ એ વિશે શ્રદ્ધા તો ઠીક એને નરી ચિંતા છે. આપણું અસ્તિત્વ જ્યાં જ્યાં ગૂંથાયું છે ત્યાં ત્યાં ખાતરી, ભરોસો કે શ્રદ્ધાની ગેરહાજરી છે. પ્રકૃતિથી અલગ પડી આપણે જેટલા કંઈ વ્યવહારો અને વ્યાપારો નિપજાવ્યા છે એ બધા જ 'સાંસ્કૃતિક' પ્રસંગોમાં આપણું જીવન એક ગૂંચ છે. એવી ગૂંચ અનુભવવા ભિખારી હોવું જ જરૂરી, ને તાલેવંત હોઈએ તો બધું સમુંસૂતરું જ હોય એવું નથી. કોઈપણ માનવબાળ ગૂંચ લઈને જ આમરણાંત જીવતો હોય છે. એમાં ફસાયેલો રહીને એક દિવસ મરી જાય છે.

એવું બને કે ગૂંચ શ્રદ્ધાથી ઊકલી જાય. શ્રદ્ધા સેતુથી સામે પાર પહોંચી જવાય. કોઇ ધર્મમાં, સમ્પ્રદાયમાં, વિચાર કે આચારમાં માણસને આમ જ શ્રદ્ધા બેસે. શ્રદ્ધા, બુદ્ધિ અને તર્કની દુશ્મન છે. જાતે વિચારવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. એવી કશી સજ્ઞાનતાનો પ્રવેશ થાય કે તરત એ શ્રદ્ધા ઊડી જાય છે. જેઓ ઈશ્વરના 'જ્ઞાન'નો આગ્રહ રાખે છે તેઓ રવાડે ચડી જાય છે. જ્ઞાનમાર્ગીઓ બહુધા ત્રસ્ત રહે છે અને જીવનને એક જાતની વ્યગ્રતામાં પલટી નાખે છે. જાણવામાં જ એમનું બધું વેડફાઇ જાય છે. જ્ઞાન-વાંછુની એક આખી જિન્દગી પૂરી થઇ જાય. જે ઈશ્વરને એ જાણી રહે તેની ભક્તિ-આરાધનાની એને જવલ્લે જ તક મળે. એટલે સહજપણે જે શ્રદ્ધાળુ થયો તે સુખી થાય. એનામાં નરી ભક્તિ જ વિલસે અને સંભવ છે કે એ જીવનમુક્તિનો અનુભવ પણ કરે.

પણ બધાના ભાગ્યમાં આવું નથી હોતું. સહજ શ્રદ્ધા દુર્લભ વસ્તુ છે, એક પ્રકારની વિરલતા છે. વળી એ પળ-વિપળ માટે હોય છે, સતત નહીં. ઈશ્વરમાં શ્રદ્ધા ઊગે એ એક ક્ષણ હોય છે. એ ક્ષણને ટકાવવા જતાં આપણું અસ્તિત્વ વચમાં આવે છે અને બધું રફેદફે કરી નાખે છે. એટલે તો ધાર્મિક પરમ્પરાઓમાં શ્રદ્ધાને 'ટકાવી રાખવા'નો આગ્રહ મહોર્યો છે. કોઇપણ ધર્મના આચારવિચાર કે ક્રિયાકાંડ, એના વિધિનિષેધો કે એની રીતરસમો પાછળનો હેતુ શ્રદ્ધાને ટકાવી રાખવાનો છે. ધાર્મિકનું પરમ લક્ષણ એ છે કે એણે ધર્મ ધાર્યો છે, પરમને વિશેની શ્રદ્ધા ધારી છે. બહુ જ કઠિન કામ છે આ, માણસ માટે. શ્રદ્ધાની ક્ષણ બરાબર છે, એનું જીવન સાવ જ કપરી વસ્તુ છે. વારે વારે માણસ ધાર્મિક મટી જાય, વરેલા વિચારોથી વિરુદ્ધનું આચરણ કરે, પ્રસ્થાપિત કરેલી નીતિને ફગાવી દે એમ થવું વધારે સંભવિત છે. ઘણીવાર એવું પણ બને કે એ પોતાનાં તમામ સ્વીકૃતોને ફગાવી દે, ગુરુને પોતા-મેલે, ધાર્મિક કે આધ્યાત્મિક નેતાને તિલાંજલિ આપી દે. વિદ્રોહે ચડી જાય. આપણી ગુરુ-શિષ્ય પરમ્પરામાં આનાં અનેક નિદર્શનો મળી આવે છે. શિષ્યો નહીં તો ગુરુ બને ને તેમના શિષ્યો પાછા ગુરુ બને એવો ઉપક્રમ સ્થપાય જ શી રીતે? હંમેશા શિષ્યોને ચરણ-શરણમાં રાખનારી પ્રથા પણ આ પરમ્પરાની જ દેણ છે, તો શિષ્યોને પોતાથી સવાયા જોનારી એક પ્રશસ્ત રસમ પણ એની જ દેણ છે. સદ્ગુરુને ખભે ચડી રહેનારા કે એમની આંગળી પકડી કારકિર્દી પૂરી કરનારા શિષ્યો શિષ્યો જ નથી. કેમ કે ગુરુએ ધારેલી શ્રદ્ધાને વિકસાવવાનું કામ એમનાથી થવાનું જ નથી. એઓ ખાલી રહ્યા છે, વજન વિનાના, નિસ્પૃહ, પોતીકા 'ગૌરવ' વિના એ અન્યના ગુરુ પણ શી રીતે થવાના? વિદ્રોહ, સંશય કે પ્રશ્નવૃત્તિ વડે જ સાચા શિષ્ય કે ગુરુ થવાય છે.

પણ પ્રશ્ન થવો કે શંકા પડવી એ માણસમાત્રને સહજ છે. સહજ શ્રદ્ધાના જેવી જ વસ્તુ સહજ સંશય છે. માણસના બંધારણમાં જ કંઈક એવું છે, જે ગમે તે ક્ષણે એની સરળતાને કે સંવાદિતાને હરી લે. અસ્તિત્વમાં ગમે તે ઘડીએ એક અમળાટ જાગી ઊઠે છે, ઘડી બે ઘડી સોપો પડી જાય છે. જીવનહેતુ વિશે અમૂંઝણ થવા લાગે છે. માનેલા ઈશ્વરમાં કે દેવદેવલામાં રોપેલો વિશ્વાસ બાષ્પ બની જાય છે. બની-બનાવેલી કારકિર્દી અને સમગ્ર અસ્તિત્વની નિરર્થકતાની તીવ્ર લાગણી થવા માંડે છે. અર્જુનને યુદ્ધભૂમિ પર આવી દારુણ ક્ષણો લાધી હતી અને વીર યોદ્ધાને કલૈબ્યનો અનુભવ થયો હતો. પણ એ સમ્પ્રજ્ઞતાની ક્ષણો હતી, જીવનની સાચી ક્ષણો હતી. અર્જુનનો વિષાદયોગ એના અસ્તિત્વની ભોંકામોઢ થવાનો ધન્ય યોગ હતો. ભગવાને એને ખાસ્સો બોધ આપ્યો અને પોતાના વ્યાપક પ્રપંચનું સાધન બનાવ્યો. એમણે જ 'સંશયાત્માનો વિનાશ થાય છે' કહ્યું હતું ને? પણ માણસ મૂળે સંશયાત્મા છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વડે તો એ માણસ છે! સંભ્રમ, સંશય કે સ્મૃતિનાશ મનુષ્યનો વિશેષ છે, મનુષ્યેતરનો નહીં. એ વડે ભલે પ્રણાશ થાય, મનુષ્યને એનો ડર નથી. એની કોઇ પણ ચેષ્ટાનું કેન્દ્ર એનું અસ્તિત્વ છે કોઇ પણ પરિણામને ઝીલનારું પણ એનું અસ્તિત્વ જ છે. એને એના અસ્તિત્વથી કદી છૂટો પાડી શકાતો નથી. માણસને માણસ તરીકે મિટાવી દેનારી કોઇપણ ફિલસૂફી જન્મી નથી, એવી કોઇપણ ધાર્મિકતાનું ઝાઝું ચાલ્યું નથી. અનેક ધર્મો અને દર્શનો ઝડપથી કાલગ્રસ્ત બની ગયાં છે, કેમ કે એમનાં મૂળમાં મનુષ્યના માનવનો સાક્ષાત્કાર કે સ્વીકાર નહોતો બલકે ઉપેક્ષા હતી. સ્વર્ગની લાલચે કે નર્કની બીકે માણસને શરણાર્થી બનાવી શકાય છે. કલ્યાણ કે જીવન સફળતાને લોભે એને દાસ બનાવી શકાય છે. એમાં સ્વાતંત્ર્ય અને દાયિત્વનો લોપ છે. એને બદલે

માનવ્યની સમ્મુખ કરવાનું બની શકતું નથી, એનામાં જાત અંગેની સભાનતા અને સમ્પ્રજ્ઞતા પ્રેરી શકાતી નથી. એ સૌથી વિશેષ તો પોતાને જાણે એવી આત્મઓળખ માટે એને તૈયાર કરી શકાતો નથી. ઈશ્વર, ગુરુ કે નેતાઓ એવું કરે પણ શાના? તો તો બધું ઊથલી પડે. ધર્મો પણ સંસારપ્રપંચની જેમ કયાં નહોતા વિસ્તર્યા? માનવીય માયાને તિરસ્કારીને એમણે જ મોટી માયા વિસ્તારી હતી! જીવનગૂંચ એમણે પણ વધારી હતી!

બુદ્ધ અને મહાવીરે જીવનનો ભરપૂર સાક્ષાત્કાર કર્યો હતો. એની ભાતને પૂરી ઉકેલ્યા પછી જ ઉપદેશના પુરુષાર્થે વળ્યા હતા. મનુષ્યની વાસ્તવિકતાઓના મૂળમાં રહેલી તૃષ્ણાથી એઓ ભાગી ગયેલા નહિ, બલકે એનો મુકાબલો કરનારી કરુણાળુ અને પ્રોત્સાહક વાણી વડે, મનુષ્યને જીવન-જાગ્રત કરી મૂકનારી ધાર્મિકતા એમણે બરાબર પ્રસરાવી હતી. ખ્રિસ્તી ધાર્મિકતામાં પણ મનુષ્યનો જ ભરપૂર સ્વીકાર છે. ઈસુ ક્ષમામૂર્તિ છે. મનુષ્યને માફ કરીને ચાહનારી એ નરી વાસ્તવિક વિચારધારામાં માનવ-પ્રેમ સિવાય બીજું કશું ભલકાતું નથી. માટે એઓ પ્રેમમૂર્તિ-પણ છે. એમનો બધો બોધ માનવીય નીતિમત્તામાં પરિણમે છે, અને માનવ સિવાય એમનું કશું કોઈ સૂત્ર નથી. માર્ક્સ અને નિત્શે બંને માનવીય ઇચ્છા પર પ્રગટેલા સમાજને પોતપોતાની રીતે ઝંખતા હતા, તો ગાંધીએ બધો કર્મયોગ માણસના સંસારને વિશે જ માંડ્યો હતો. સત્ય અને અહિંસા એમના દૃષ્ટાન્તમાં કોરા ધર્મો નથી, કહો કે જીવનસાધનાનાં મહામૂલાં ઉપકરણો છે. આ સૌએ જીવનગૂંચનું સ્વ-રૂપ બરાબર સ્પષ્ટ કરેલું.

એટલે, સહજપણે કોઈ શ્રદ્ધાળુ બની જીવી જાય એ વિરલતા સ્વીકાર્યા પછી પણ, એમ જ કહેવું રહે છે કે શ્રદ્ધા કોઈ મહોરું નથી. મરજી પડે ત્યારે પહેરી-કાઢી શકાય એવી કોઈ સગવડિયા ધાર્મિકતા હોઈ શકે નહીં. ગુરુ-આજ્ઞાથી કે બલાત્ આધ્યાત્મિક થઈ જવાતું નથી. ઈશ્વરને જાણવા કરતાં જાતને જાણવી વધારે જરૂરી તો છે, પણ વધારે સરળ પણ છે. શ્રદ્ધા કરતાં આત્મશ્રદ્ધા વધુ વાસ્તવિક લાગણી છે. એને ખુશીથી ટકાવી શકાય. સામાન્યપણે શ્રદ્ધા આંધળી હોય છે, આત્મશ્રદ્ધા આંધળી હોય તો પણ માર્ગદર્શક છે. જીવ, જગત કે ઈશ્વરનો પાર પામવા કરતાં જાતનો પાર પામવો સુકર છે. અસ્તિત્વની રેખાઓ વડે ઊભી થયેલી પોતાના જીવનની ભાતોને જાણીએ, તો વિશ્વજ્ઞાન ફાલતુ લાગે. એવું આત્મજ્ઞાન જાગ્રતિ પ્રેરે અને સ્વને સતત સંસ્કારવાની પ્રેરણા આપે. આપણે કાળપટ પર નર્યા ભંગુર છીએ અને આપણું જીવન અમરતું જ છે એવો બોધ, નિરાશા કે વૈરાગ્યજનક નથી. એથી જ આપણને આપણા સ્વાતન્ત્ર્યની તેમજ દાયિત્વની પ્રતીતિ મળે છે. આપણો જીવનરાગ એ વડે વિશદ થઈ આવે છે. જીવન માટે સદા આવશ્યક એવી સભાનતા આવા આત્મબોધ વિના અશકય છે. સ્વ-તન્ત્ર વ્યકિત જ અન્યને શ્રદ્ધાળુ રાખી શકે છે. ઈશ્વરની આજે કશી ભાળ મળતી નથી. એટલે, 'મામેકમ્ શરણમ્ વ્રજ' જેવો અવાજ પણ પરાયો અને બોદો ભાસે છે. ત્યારે સ્વના શરણમાં આત્મશ્રદ્ધાવાન બની રહેવું એ જ ઉપાય છે. શ્રદ્ધા નહીં, આત્મશ્રદ્ધા સેતુ છે: સ્વને સ્વ સાથે જોડતો માનવીય અને વાસ્તવિક સેતુ. સદા આપણને આ પાર રાખનારો સેતુ.

તીર્થાટન

© શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસ

યોગીજી મહારાજ એક દૃષ્ટાંત આપતા :

એક ગામમાં એક માણસને જાત્રા કરવાનો બહુ શોખ. તેણે ગામમાં એક શેઠને વાત કરી કે મારે તીર્થ કરવા જવું છે રૂપિયા પાંચસો વ્યાજે આપો. શેઠે સારું કામ માનીને રૂપિયા આપ્યા. પેલો માણસ યાત્રાએ નીકળ્યો. માર્ગમાં ઘોળકા આવ્યું. અહીં ફેરી, કેળાં વગેરે સારાં મળે. આ બધી લાલચમાં તે ત્યાં જ રહી ગયો. દરરોજ ફેરીઓ મંગાવે, કેળાં મંગાવે ને જમે.

એમ કરતાં બે માસમાં તો રૂપિયા પાંચસો ખૂટી રહ્યા. ઘોળકામાં ખૂબ ફેલ કર્યાં ને રૂપિયા પાંચસો ઉડાડી દીધા પછી પાંછા ઘેર આવવા નીકળ્યા. સાબરમતી નદી વચ્ચે આવી, તેનું પાણી ભરી લીધું; ને તેની કાવડ કરીને લાવ્યા.

ગામમાં સૌએ તેનું સામૈયું કર્યું. નાના મોટાં સૌ સામે લેવા ગયા કે આપા કાશીએ યાત્રા કરીને આવે છે. ઘણાં તીર્થો ફરીને આવે છે તેથી ઘણું પુણ્ય ભેગું કરીને આવ્યા હશે. એમનાં દર્શનથી, સન્માનથી આપણને પણ પુણ્ય મળશે એમ માની સૌ આવ્યા. આપાએ સૌને કાવડનું પાણી પાયું. બે માસ સુધી આમ ચાલ્યું. પછી પેલા શેઠ ઉઘરાણીએ આવ્યા અને કહ્યું, 'હવે મારા રૂપિયા પાછા આપો.'

ત્યારે પેલો આપો કહે, 'આપીશ, આપીશ.' એમ વાયદા કરે પણ આપે નહિ. પછી શેઠ કહે; 'તમારે પૈસા ન આપવા હોય તો ગંગાજીનું પુણ્ય દો. તીર્થાટનનું પુણ્ય દો. કંઈક તો આપવું પડશે.' ત્યારે તેના દીકરા કહે; 'પુણ્ય ન દેવાય; માંડ યાત્રા કરી છે. તીર્થનું પુણ્ય એમ આપી દેવાતું હશે?' ત્યારે આપો બોલ્યો, દે રે, દે તે પુણ્ય દીધાં જેવાં છે!' એમ કહીને કાનમાં ઘોળકાની વાત કરી, પછી બ્રાહ્મણોને બોલાવીને સંકલ્પ કરાવ્યો કે, 'આ આપા કાશીએ જઈ આવ્યા છે, તીર્થ કરી આવ્યા છે તે પુણ્ય તમને આપવામાં આવે છે.'

આ દૃષ્ટાંત આપીને યોગીજી મહારાજ કહેતા, 'દુનિયામાં લોકો આવાં તીર્થ કરે છે. તેમાં તીર્થ કરનારનું અને તેનું પુણ્ય સ્વીકારનારનું શું ભલું થાય?'

તીર્યતે અનેન અથવા **તરતિ અનેન** જે વડે તરી જવાય છે, તરી જાય છે. તેનું નામ તીર્થ. તીર્થાટન એ ઉચ્ચ પ્રકારનું તપ છે. તીર્થનાં દર્શનથી ભગવત્ પ્રેમ વધે છે. સ્વૈચ્છિક રીતે બ્રહ્મચર્ય પાળવાનો સુઅવસર પ્રાપ્ત થાય છે. અયોગ્ય આચરણ કરતાં મન પાછું વળે છે. અંતરદૃષ્ટિ થાય છે અને સંતસમાગમનો અલૌકિક આનંદ મળે છે.

શાસ્ત્રકારોએ તીર્થના ચાર વિભાગ કર્યા છે: આર્ષ, દૈવ, માનુષ અને આસુર. ઈશ્વર અને ધર્મને નહિ માનનારા પણ એક યા બીજી રીતે તીર્થની મહત્તા સમજે છે. મોસ્કો એટલે સામ્યવાદીઓનું મક્કા અથવા કાશી, તે લેનિનના મૃતદેહનું સ્થાન ગણાય છે. તેને લેનિનની સમાધિ પણ કહેવામાં આવે છે. હજારો માનવીઓ ત્યાં હાથ જોડીને સ્તુતિ કરે છે. દિલ્હીનો રાજઘાટ તે ગાંધીજીની સમાધિ છે. પોરબંદરનું કીર્તિમંદિર ગાંધીજીનું જન્મસ્થાન છે ત્યાં જવાહરલાલ નહેરુ ૧૫ ઓગસ્ટ તથા ૨ ઓકટોબરે સ્તુતિ કરવા આવતા.

આધ્યાત્મિક ક્ષેત્રે પણ- મહાપુરુષોના સંસર્ગથી કેટલાંક સ્થાનો તીર્થત્વ પામ્યાં છે. હિમાલય પર્વત ભગવાન શિવજીના પ્રતાપે પ્રાસાદિક છે. ગંગાનદીમાં વામનજીએ પગનો અંગૂઠો બોળ્યો તેથી તેનું મહત્વ ઘણું વધી ગયું. અયોધ્યા ભગવાન રામચંદ્રના કારણે તીર્થત્વ પામ્યું. મહાકવિ કાલિદાસે 'મેઘદૂત'માં રામગિરિ આશ્રમનું વર્ણન કરતાં કહ્યું: 'જનક તનયા સ્નાન પુણ્યોદકેષુ' જનકતનયા, સીતાજીએ સ્નાન કર્યાથી જેનાં જળ પવિત્ર થયા. તે પુણ્યશાળી વ્યક્તિઓ તીર્થત્વ સ્થાપિત કરે છે.

પુરાણોમાં સાડાત્રણ કરોડ તીર્થ ગણાવ્યાં છે. પૃથ્વી પર છે તેમાંય કેટલાંક અંતરીક્ષમાં એટલે કે અદશ્ય કહેવાયાં છે. પૃથ્વી પર છે તેમાંય કેટલાંક હજુ ગુપ્ત છે. તેની સંખ્યા ભારતમાં બે હજાર જેટલી છે. ભારત એક એવો દેશ છે જેમાં બધાં તીર્થો છે.

બૌદ્ધતીર્થ સારનાથ, કૌશામ્બી, બુદ્ધ, ગયા વગેરે છે. જૈનતીર્થ સમેતશિખર, ચંપતપુરી, ઋજુવાલુકા, સૌરીપુર છે, શીખતીર્થ અમૃતસર, જ્વાલામુખી, નાંદેડ વગેરે છે. મુસ્લિમ તીર્થ ઊંઝા-મીરાંદાતાર, અજમેર ખ્વાજાપીર વગેરે છે પારસીતીર્થમાં- ઉદવાડા, સંજાણ વગેરે જાણીતાં છે.

ઉપરાંત હિંદુધર્મમાં ઉત્તરે કાશી, દક્ષિણે રામેશ્વર, પુર્વે જગન્નાથપુરી, પશ્ચિમે દ્વારકા જાણીતાં છે. નદીઓમાં ગંગા યમુના, ગોદાવરી, સરસ્વતી, સિંધુ વગેરે પવિત્ર ગણાય છે

શંખ સ્મૃતિમાં કહ્યું છે-'તીર્થાન્યેવ તુ સર્વાણિ પાપઘ્નાનિ સદા નૃણામ્-સર્વતીર્થો મનુષ્યના પાપનો હંમેશા નાશ કરે છે.

अनुगतकिनस्त्वेते महापातकिनो यथा ।
अश्वमेधेन शुद्धायन्ति तीर्थानुसरेण च ॥ विष्णुस्मृति

ઉપપાતકી વગેરે નાના મોટા પાપ કરનારા મનુષ્યો જેમ અશ્વમેધ યજ્ઞથી શુદ્ધ થાય છે તેમજ તીર્થયાત્રા કરવાથી પણ પાપથી મુકત થઈને શુદ્ધ થાય છે.

તીર્થોનાં સામાન્યતઃ ત્રણ પ્રકાર પડે છે:

ભૌમતીર્થ-ભૂમિ પર રહેલું તીર્થ તેમાં પવિત્ર પુરુષોથી પ્રસાદીભૂત થયેલ પર્વત, વૃક્ષ, જંગલ, સરોવર વગેરેનો સમાવેશ થઈ શકે. ભગવાને જે જે સ્થળોએ લીલા ચરિત્રો કર્યાં હોય તે સર્વે ભૌમ તીર્થ ગણી શકાય.

માનસતીર્થ શંકરાચાર્યે કહ્યું તેમ-તીર્થૈઃ પરં કિં સ્વમનોવિશુદ્ધમ્ અર્થાત્ પોતાના મનની શુદ્ધિ એક પરમ તીર્થ છે. મનમાં ભગવાનની મૂર્તિ સંભારવી, માનસી પૂજન કરવી, મંત્ર દ્વારા બ્રહ્મનો સંગ કરવો એ બધું માનસ તીર્થમાં સમાવી શકાય. આ તીર્થ ધન ખર્ચ્યા વિના, પરિશ્રમ વિના થઈ શકે પણ મનનો નિગ્રહ અતિ આવશ્યક અને છે.

જંગમતીર્થ-બ્રહ્મસ્વરૂપ સંત જંગમતીર્થ કહેવાય છે. પદ્મ પુરાણમાં કહ્યું છે 'ગુરુઃ પરંતીર્થ' શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે: 'ભાગવતાઃ તીર્થભુતાઃ સ્વયં...તીર્થી કુર્વન્તિ તીર્થાનિ' અર્થાત્ ભાગવત ધર્મને અનુસરેલા ભગવદ્ભકતો સ્વયં તીર્થ છે. ગંગાજીએ ભાગિરથને કહ્યું: 'તું મને પૃથ્વી પર લઈ જાય છે, લોકો તેમનાં પાપ મારામાં ધોશે, પણ મારે તે પાપ કયાં ધોવા ? ભગિરથે કહ્યું: 'સાધવો ન્યાસનઃ શાન્તા બ્રહ્મનિષ્ઠા લોકપાવનઃ હરન્ત્યઘ...' જેમણે આ લોક અને પરલોકની વાસના ત્યજી દીધી છે એવા બ્રહ્મનિષ્ઠ સાધુપુરુષો, જે સ્વભાવથી પવિત્ર હોય છે તે બારાં પાપને હરી લેશે.' આમ તીર્થોને પણ તીર્થત્વ આપનારા સત્પુરુષો હોય છે.

આમ સત્પુરુષ એ જંગમતીર્થ છે. ભગવાન રામચંદ્રજી, સહજાનંદ સ્વામી, મહાવીર સ્વામી વગેરેએ અવનિ ઉપર વિચરી અનેક સ્થળોને તીર્થત્વ અપ્યું છે.

જૈન આર્યિકા શ્રી જ્ઞાનમતી માતાજી

પ્રો. પ્રતાપકુમાર ટોલિયા

૧૯૮૧ માં શ્રવણબેલ્ગોળામાં મહામસ્તકાભિષેકના સમયથી અને તે પછી સ્વ. ઇંદિરા ગાંધી દ્વારા ઉદ્ઘાટિત 'જ્ઞાનજ્યોતિ' ના પ્રવર્ત્તનથી તેના પ્રેરક જૈન આર્યિકા શ્રી જ્ઞાનમતી માતાજીનું નામ તો સાંભળ્યું હતું, પરંતુ તેથી વિશેષ તેમના કામનો કોઈ પરિચય ન હતો. જૈન શ્વેતાંબર પરંપરામાં જેમ મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજી, કન્યા સંસ્કાર-પ્રદાતા વિદુષી સાધ્વીશ્રી નિર્મળાશ્રીજી વગેરે તેમજ સ્થાનકવાસી પરંપરામાં વિદ્યા, ધ્યાન અને જનસેવામાં રત મહાસતીશ્રી લલિતાબાઇ-તરુલતાબાઇ-ચંદનાબાઇ-પ્રીતિસુધાજી ઇત્યાદિ અને તેરાપંથી પરંપરામાં સાહિત્યસર્જન અને ધ્યાનસાધનમાં પ્રવૃત્ત સાધ્વીશ્રી રાજમતીજી, મંજુલાજી, રાજકુમારીજી, જેવા અનેક જ્ઞાત-અજ્ઞાત સાધ્વીરત્નો, આચાર્ય વિનોબાજીએ મુકતકંઠે બિરદાવ્યા મુજબ, આજે પણ જૈનધર્મનું ગૌરવ વધારી રહ્યા છે, તેમ દિગમ્બર જૈન પરંપરામાં પણ તેજસ્વી, વિદ્યારત, સમાજોપયોગી પ્રવૃત્તિમાં લીન અને પ્રભાવપૂર્ણ શ્રમણીરત્નો કયા કયા, કોણ કોણ છે તે જાણવા માટેની મારી જિજ્ઞાસા હતી-દિગંબર આમ્નાયની, સ્ત્રીમુકિત સબંધે એક પરંપરાગત રૂઢ થઈ ગયેલી માન્યતા છે ત્યારે ખાસ. આ સંદર્ભમાં મને આર્યિકા શ્રી વિશુદ્ધમતિ, વિજ્ઞાનમતિ, સુભાષમતિ, રત્નમતિ અને જ્ઞાનમતિ-જેવાં નામો જાણવા મળ્યાં. દિગંબર પરંપરામાં શ્રમણી-સાધ્વીને 'આર્યિકા' કહે છે. આર્યિકાના પદે પહોંચતાં પહેલાં મુનિઓની જેમ તેમને 'બ્રહ્મચારિણી', 'ક્ષુલ્લિકા', વગેરે ભૂમિકાઓ પાર કરવાની હોય છે. અહીં આ થોડાં આર્યિકારત્નોમાંથી એકના પરિચયમાં આવવાનો આનંદ હતો.

ઇ. સ. ૧૯૩૪ માં ઉત્તર પ્રદેશમાં બારાબંકી પાસેના એક ગામમાં જન્મેલા, ૧૯મા વર્ષે 'ક્ષુલ્લિકા' બની ૨૨મા વર્ષે, ઇ. સ. ૧૯૫૬માં 'આર્યિકારત્ન' બનેલાં શ્રી જ્ઞાનમતી માતાજી આચાર્ય શ્રી. દેશભૂષણજી અને સ્વ. આચાર્ય શ્રી. શાંતિસાગરજીની શિષ્ય પરંપરામાં ઘડાયાં. શ્રમણીજીવનના જૈનાચારના પાલનની સાથે તેમણે જૈનદર્શન, ન્યાય, ભૂગોળ, વ્યાકરણ, કાવ્ય, ઇત્યાદિનું ગહન અધ્યયન કરી એક પછી એક લગભગ સવાસો જેટલાં પુસ્તકો અને ગ્રંથો લખ્યાં જેમાંથી ૬૫ જેટલાં તો પ્રકાશિત થઈ ચૂકયાં છે ! સંસ્કૃત, હિન્દી, કન્નડ અને મરાઠી ભાષાઓ પર તેમનું રચનાઓ પુરતું જ નહીં, ધારાપ્રવાહ પ્રવચનો આપવા જેટલું પ્રભુત્વ છે ! ભારતીય જ્ઞાનપીઠ અને અન્ય સંસ્થાઓ દ્વારા પ્રકાશિત તેમના ગ્રંથોમાં મુખ્ય છે-મૂલાચાર, અષ્ટસહસ્ત્રી, જૈન જ્યોતિર્લોક, ત્રિલોક ભાસ્કર, ન્યાયસાર, દ્રવ્યસંગ્રહ, આત્મા કી ખોજ, સમાધિશતક ઇષ્ટોપદેશ, ૨૪ તીર્થંકર, શિક્ષણ પદ્ધતિ, રત્નકરંડ શ્રાવકાચાર, નારી આલોક,

જૈન જ્ઞાન ભારતી, આગમપ્રભા, તીર્થંકર સ્તોત્ર, નિયમસાર ટીકા, સમયસાર ટીકા વગેરે આટલું વિસ્તૃત અને વૈવિધ્યપૂર્ણ ગ્રંથનિર્માણ કોઈ જૈન શ્રમણીએ, અને તે પણ દિગંબર પરંપરામાં ભાગ્યે જ કર્યું હોવું જોઈએ!

ગ્રંથનિર્માણની જેમ જ તેમણે આજુબાજુનાં સ્વજનોનું તેમજ સમાગમમાં આવતા જનસમાજનું (વ્યસનમુક્તિ અને સદાચાર પ્રચાર દ્વારા) જીવનનિર્માણ પણ કર્યું છે. સંસારાવસ્થાના તેમનાં અનેક ભાઈ-બહેનોને તેમણે સાધક વિદ્વાનો, વિદુષીઓ અને આર્યિકાઓ બનાવ્યાં છે. શ્રી મોતીચંદજી ન્યાયતીર્થ શ્રી રવીન્દ્રકુમાર જૈન શાસ્ત્રી જેવા શાંત, પરિશ્રમસભર, કર્મઠ કાર્યકર્તા વિદ્વાનો આર્યિકા જિનમતી જેવી શ્રમણીઓ અને કુ. ચંપુરી શાસ્ત્રી-માલતી શાસ્ત્રી જેવી બ્રહ્મચારિણી વિદુષીઓ તેમના આ જીવન નિર્માણનાં સાક્ષી છે ઉદાહરણો છે. આવાં અનેક વિદ્વાનો વિદુષીઓનું એક સારું એવું વૃંદ તેમણે તેમની આજુબાજુ ઊભું કર્યું છે. આ સૌની સહાયથી તેમણે તેમના અધ્યયન, ચિંતન અને કલ્પનાના લોકને વર્ષોની જહેમત પછી આજે સફળતાપૂર્વક સાકાર કર્યો છે. હસ્તિનાપુરના 'જંબૂદ્વીપ' ના નિર્માણ દ્વારા આ માટે તેમણે ઇ. સ. ૧૯૭૨ માં સર્વપ્રથમ હસ્તિનાપુર-મેરઠમાં 'દિગંબર જૈન ત્રિલોક શોધ સંસ્થાન' ની સ્થાપના કરવા પ્રેરણા કરી. આ શોધ સંસ્થાનો ઉદ્દેશ છે જૈનસાહિત્યના ગણિતાનુયોગ (કરણાનુયોગ) ની વૈજ્ઞાનિક આજુ પર વિશેષ સંશોધન કરી નવો પ્રકાશ પાડવો અને જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો વ્યાપક પ્રચાર કરવો. આ ઉદ્દેશને પાર પાડવા જૈનદર્શન-ખગોળ-ભૂગોળ-ગણિતની માન્યતાનુસાર તેમણે ત્રિલોકવિજ્ઞાનને સાકાર કરતી, શાસ્ત્રોની ઉદ્ઘોષણાઓને મૂર્ત રૂપ આપતી, 'જંબુદ્વીપ' અને મેરુ પર્વત (સુમેરુ) ની, યથાસંભવ સૂક્ષ્મતાઓ સાથે, કરોડો રૂપિયાના વ્યય અને વર્ષોના પરિશ્રમ પછી એક દર્શનીય સંરચના, લઘુકૃતિ (મોડેલ) હસ્તિનાપુરમાં ઊભી કરાવી. શાસ્ત્રોના જ્ઞાનને વિશેષ સંશોધન માટે પથ્થરો પર કંડારવાનાં તેમનો સુદીર્ઘ પુરુષાર્થ કોઈને 'ઉપાદેય' લાગે કે ન લાગે, 'જ્ઞેય'-જાણવા જેવો તો સર્વને માટે અવશ્ય છે.

આ સ્થળ નિર્માણ પછી તેના પરના સંશોધન, ચિંતન, વિચારણા માટે તેમણે બૃહદ્જગત અને વિદ્વત્ જગતનું ધ્યાન કેન્દ્રિત કરવા ઉપયોગી આંતરરાષ્ટ્રીય સ્તરના સેમિનારો યોજ્યા, ભારતભરમાં જંબુદ્વીપ 'જ્ઞાનજ્યોતિનું' ભ્રમણ કરાવ્યું, જે હમણાં જ હસ્તિનાપુરમાં આવી પૂર્ણ થયું.

'સંઘ'ના નવા ઉપપ્રમુખ અને મંત્રી

"સંઘ"ના ઉપ-પ્રમુખ શ્રી રસિકલાલ મો. ઝવેરીનું અવસાન થવાથી તેમની ખાલી પડેલી જગ્યા પર શ્રી ચીમનલાલ જે. શાહની ઉપપ્રમુખ તરીકે અને શ્રી ચીમનલાલ જે. શાહની ઉપ-પ્રમુખ તરીકે વરણી થતાં તેમની ખાલી પડેલી જગ્યાએ શ્રી ચન્દ્રાલાલ ર. શાહની મંત્રી તરીકે શનિવાર, તા. ૨૨-૬-૮૫ના રોજ મળેલી 'સંઘની કાર્યવાહક સમિતિની સભામાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ડો. રમણલાલ ચી. શાહ, શ્રી જે. પી. શાહ અને શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ અનુક્રમે 'સંઘ'ના પ્રમુખ, મંત્રી અને કોષાધ્યક્ષ તરીકે ચાલુ રહ્યા છે.

એ જ રીતે શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને મુક્તકાલયના ટ્રસ્ટીઓ તરીકે શ્રી કે. પી. શાહ અને શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

લિ. **મંત્રીઓ**

નરરત્ન મુરબ્બી
શ્રી રસિકલાલભાઈ ઝવેરી

● **ગણપત મ. ઝવેરી**

કેટલીક વ્યક્તિઓ પોતાનાં વિશિષ્ટ વક્તવ્ય અથવા લેખનથી શોભે છે. જ્યારે કોઈ કોઈ વ્યક્તિ પોતાના મૌનથી દીપે છે. મુ. શ્રી રસિકલાલભાઈ ઝવેરી આ બીજી કોટિના માણસ હતા. ઓછામાં ઓછા શબ્દોનો વ્યવહાર કરનારા તેઓ અલ્પભાષી હતા. એમનું મૌન એ જ એમની પ્રતિભા હતી.

ઝવેરાતના વેપાર નિમિત્તે એમની સાથેનો મારો સંબંધ છેલ્લાં લગભગ પચાસ વર્ષનો અને જૈન યુવક સંઘમાં જોડાયા પછી આશરે વીસેક વર્ષથી એમનાં ગાઢ સંપર્કમાં આવ્યો એટલે એમને મેં ખૂબ નજીકથી જોયા ને જાણ્યા છે.

દુઃખીજનો માટે એમનું હૃદય દ્રવી જતું. પોતે તો મોટી રકમોનું દાન અવારનવાર આપતા. ઉપરાંત, બીજાઓ પાસે પણ દાન અપાવતા એવા તેઓ પરોપકારી હતા **परोपकाराय सतां विभूतयः** આ સૂત્રને એમણે સાર્થક કર્યું હતું.

જેમની હાજરી માત્રથી સભાખંડની વ્યાસપીઠ શોભી ઊઠતી એવી તપ્ત કાંચનવર્ણવાળી એમની મુખાકૃતિ હતી. મિતાહાર, નિયમિતતા અને સ્ફુર્તિ એમનાં જીવનમાં વણાઈ ગયાં હતાં એ કારણે અપૂર્વ સ્વાસ્થ્ય એમણે છેવટ સુધી જાળવ્યું હતું. એટલે જ ૮૩ ની વયે તેઓ ૬૩ ના લાગતા.

પોતે કોઈને ત્યાં ભાગ્યે જ જમવા જાય પણ એમણે સેંકડો મિત્રોને અને સ્નેહીજનોને સેંકડોવાર પોતાને ઘેર જમવા આમંત્ર્યા હતા. એવા તેઓ-આતિથ્ય સત્કારના ભારે શોખીન હતા.

જીવનભર એમણે બીજાઓને ઘણી રીતે ઘણું આપ્યું. પોતે કશું લીધું નહીં. વાંચનના પણ ઊંડા 'રસિયા'. ઉત્તમ પુસ્તકો એમનાં ટેબલ પર હંમેશા પડ્યાં હોય. પ્રશંસા અને પ્રસિદ્ધિથી હંમેશા વેગળા રહેતા. પોતાને ગમે તેનો સ્વીકાર કરતાં પણ અણગમતાં કામો કે વાતોનો નિઃસંકોચપણે વિરોધ કરનાર તેઓ સત્યવક્તા અને સ્પષ્ટ વક્તા હતા.

એમનું આખું જીવન પારદર્શક અને નિર્મળ હતું અને મૃત્યુ પણ કેવું સરળ અને ઉજ્જવળ બન્યું? મૃત્યુશય્યા પર જાણે ગાઢ સમાધિમાં પોઢ્યા હોય એવો શાન્ત, સૌમ્ય અને વિષાદરહિત ચહેરો! આને જ 'સાધુમરણ' કહેવાય.

ડો. દોલતભાઈ દેસાઈના શબ્દોમાં કહીએ તો...

'જીવન અને મૃત્યુ એ એનું લાંબી યાત્રાના બે અંતિમોનું નામ. મૃત્યુ એ તો પ્રભુમિલનની વેળા છે. જે હર પળે મૃત્યુ માટે તૈયાર રહે એ જ જીવન પામે છે.'

રત્નોના સોદાગર ઝવેરી શ્રી રસિકભાઈ પોતે જ એક નરરત્ન હતા. વાત્સલ્યમૂર્તિ પ્રેમાળ મુરબ્બી હતા. સહૃદયી સજ્જન હતા. એક ગુલાબી માણસ હતા. એમની ખોટ કદી નહીં પુરાય.

ખાદીની કડક કરનીમાં ઢંકાએલી એકવડી કાયાવાળા, સદા સ્મિત વેરતા અને સૌને આવકારતા, તેજસ્વી મુખમુદ્રા ધરાવતા પૂ. રસિકકાકાના દર્શન હવે કયારેય નહીં થાય! પણ એમની સુવાસ હંમેશાં કાયમ રહેશે.

એવા નરરત્ન પુ. રસિકલાલભાઈ ઝવેરીના અમર આત્માને શતશઃ પ્રણામ કરું છું.

વિદ્રોહી કવિ ફૈઝ

(અનુસંધાન પૃ. ૫૨ પરથી ચાલુ)

આવી જ રીતે પ્રેમીકાની યાદનો એમનો એક શેર કેવો લાક્ષણિક છે!:

'રાત યૂં દિલમેં તિરી ખોઈ હુઈ યાદ આઇ
જૈસે વીરાને મેં ચુપકે સે બહાર આ જાયે
જૈસે સહરાઓ મેં હૌલે સે ચલે બાદે-નસીમ
જૈસે બીમાર કો બે વજહ કરાર આ જાયે.'

પ્રિયતમાની યાદ કઈ રીતે આવે છે તેને દર્શાવવા માટે ફૈઝની કલ્પના કેવી મર્મવેધક છે. ફૈઝની કાવ્યભાષાની વિશેષતા જ એ છે કે એના કાવ્યમાં ભાવ અને ભાષા બંને સરળતાથી ગતિ કરતા હોય છે. ફૈઝમાં ક્યાંય ક્લિષ્ટતા કે દુર્બોધતા જોવા નહિ મળે. આનું કારણ એ કે ફૈઝને પ્રજા-જીવન સાથે સીધો સંબંધ હતો, જનતાની જબાનના તેઓ પૂરા જાણકાર હતા. (ક્રમશઃ)

૧ કલમ અને તખ્તી (કાગળ રૂપી નિધિ)
૨ જંજીરની પ્રત્યેક કડીમાં.
૩ ઠંડી હવાના હાથને * ચંદ્રમાની ડોકમાં

સંઘ સમાચાર

રાજકોટમાં હાડકાના દરદોની સારવારનો કેમ્પ

'સંઘ' ના ઉપક્રમે રાજકોટમાં સોમવાર, મંગળવાર, બુધવાર ગુરુવાર, અનુક્રમે તા. ૨૯, ૩૦, ૩૧ જુલાઇ અને ૧લી ઓગસ્ટ, ૧૯૮૫ એમ ચાર દિવસ માટે અસ્થિ ચિકિત્સક **ડૉ. જે. પી. પીઠાવાલા** હાડકાનાં દરદોની વિના મૂલ્ય સારવાર આપશે.

તેઓ હાડકાનાં દરદો જેવાં કે મણકાની તકલીફ, સ્લીપ ડીસ્ક, ગરદનની તકલીફ, ગોઠણ કે ઘુંટણનો દુખાવો, કોણીનો દુખાવો, ખભાનું જામ થઇ જવું કે વારંવાર ઊતરી જવું બાળકોનો શરૂઆતનો પોલિયો, હાડકાનો ટી. બી. વગેરે દરદોની સારવાર આપે છે. દવાની કિંમત દરદીએ આપવાની રહેશે.

રાજકોટના આ નિદાન-કેમ્પનો જરૂરિયાતવાળા દરદીઓ ને લાભ લેવા વિનંતી.

પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ — સંયોજક
કે. પી. શાહ, પન્નાલાલ ૨. શાહ — મંત્રીઓ.

વાર્તાલાપ

'સંઘ'ની સ્પોન્સરશિપ યોજના હેઠળ વિદેશ ગયેલા ભાઈ-બહેનોના અનુભવો વિષે એક વાર્તાલાપ શનિવાર, તા. ૧૩-૭-૧૯૮૫ના રોજ સાંજના ૬-૧૫ કલાકે 'સંઘ'ના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦૦૦૪) **શ્રી જ. આર. શાહના** પ્રમુખસ્થાને રાખવામાં આવેલ છે.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

ધનવંત તિ. શાહ, નિરુબેન એસ. શાહ — સહમંત્રીઓ
કે. પી. શાહ, પન્નાલાલ ૨. શાહ — મંત્રીઓ

સ્વ. રસિકલાલ મો. ઝવેરી

(અનુસંધાન પૃષ્ઠ ૪૮થી ચાલુ)

સારી થાય છે. આખો દિવસ પ્રસન્નતા રહે છે. ધર્મધ્યાન ઘણું સારું થાય છે. સાચો માર્ગ મળી ગયો છે.'

તે દિવસે ઉપાશ્રયમાં જૈન સાધુઓનું કપરું સંયમી જીવન જોઇને એમને એ માટે બહુ માન થયું.

સ્વ. રસિકભાઇ એટલે વિનમ્ર, નિરભિમાની, મિતભાષી, સંયમી, રાષ્ટ્રપ્રેમી, પરહિત ચિંતક એવા એક સંસ્કાર-પુરુષ. આવેગ, આવેશ, દ્વેષ, કટુતા, ઉગ્રતા, એમના જીવનમાં આપણને ક્યાંય જોવા ન મળે. એમની સુવાસ એમના વર્તુળમાં ચારેબાજુ ખૂબ પ્રસરેલી છે. એમના અવસાનથી અમને એક વત્સલ, મુરબ્બી માર્ગદર્શકની મોટી ખોટ પડી છે.

-રમણલાલ ચી. શાહ

સંઘના ઉપ પ્રમુખ શ્રી રસિકલાલ મો. ઝવેરીનું નિધન : શ્રદ્ધાંજલિ સભા

'સંઘ' ના ઉપ-પ્રમુખ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીનું મુંબઇમાં તેમના નિવાસ સ્થાને મંગળવાર, તા. ૧૮-૬-'૮૫ના રોજ અવસાન થતાં 'સંઘ' ને એક સક્રિય, સેવાભાવી સજ્જનની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદ્‌ગતશ્રીને શ્રદ્ધાંજલિ અર્પવા સ્વ. રસિકભાઇનાં સ્વજનો, મિત્રો અને શુભેચ્છકોની એક સભા શનિવાર, તા.૨૨-૬-'૮૫ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સાંજના ૫-૦૦ કલાકે ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને મળી હતી.

આ સભાના પ્રારંભે શ્રીમતી કોકીલાબેન વકાણીએ ભજનો રજૂ કર્યાં હતાં. 'સંઘ'ના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી વાડીભાઇ ડગલી, શ્રી રામુ પંડિત, શ્રી સુબોધભાઇ એમ. શાહ, શ્રી ગણપતભાઇ ઝવેરી, પ્રા. તારાબેન શાહ, શ્રી અમરભાઇ જરીવાલા, શ્રી કે. પી. શાહ, શ્રીમતી નિરુબેન શાહ, શ્રી શૈલેશભાઇ કોઠારી અને ડૉ. રમણભાઇ શાહે સદ્‌ગતશ્રીને અંજલિ આપતા પ્રાસંગિક વક્તવ્યો કર્યાં હતાં. એ પછી શોક પ્રસ્તાવનું વાંચન થયા બાદ બે મિનિટનું મૌન પાળી આ સભાને વિસર્જન કરવામાં આવી હતી.

* * *

સાભાર-સ્વીકાર

પ્રતિબિંબ : પૂ. ચિત્રભાનુ કિંમત નથી ૧ કવીન્સ વ્યુ, વાલકેશ્વર રોડ, મુંબઇ-૬

સંયમરક્ષા અંગે મારી મનોવ્યથા : મહેતા દીપચંદ વખતચંદ કિં નથી. કલબ રોડ ધ્રાંગધ્રા-સૌરાષ્ટ્ર

વીણેલાં ફૂલ ૫ અને ૬-રૂપાંતર હરિશ્ચંદ્ર કિંમત ૫-૦૦ અને ૫-૦૦ યજ્ઞ પ્રકાશન, હુઝરતપાગા, વડોદરા ૩૯૦૦૦૧

પ્રેરક પ્રસંગો : સંકલન કાન્તા-હરવિલાસ કિ. ૬-૦૦. યજ્ઞ પ્રકાશન, હુઝરત પાગા, વડોદરા ૩૯૦૦૦૧

શ્રીપાલ અને મયણાનાં આધ્યાત્મિક જીવન રહસ્યો : સંઘવી બાબુભાઇ ગીરધરલાલ કડીવાળા, કિં. ૧૬-૦૦ ૨૨ મહાવીર નગર, નવસારી-ગુજરાત

વિદ્રોહી કવિ ફૈઝ

કુમારપાળ દેસાઈ

પાકિસ્તાનના ફૈઝ અહમદ ફૈઝ અને ભારતના ફિરાક ગોરખપુરી એ આ સદીના બે મહાન ઉર્દૂ કવિ થઈ ગયા. ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ચાલતું હતું ફિરાક ગોરખપુરી પોતાના મિત્રો સાથે બેસીને રેડિયો પરથી યુદ્ધના છેલ્લામાં છેલ્લા અહેવાલો સાંભળતા હતા. એમણે સાંભળ્યું કે ભારતીય સેના આગળ વધી રહી છે, ત્યારે ફિરાકનું દેશપ્રેમી દિલ એકાએક પોકારી ઊઠયું:

'બસ, આ જ ખરો મોકો છે. ભારતે પાકિસ્તાનનાં શહેરો પર બોમ્બમારો શરૂ કરી દેવો જોઈએ' ફિરાકના એક મિત્રએ જરા વેદનાથી કહ્યું, 'ફિરાક સાહેબ, બોમ્બમારો થાય. પણ એક બોમ્બ ફૈઝ પર પડે તો? બોમ્બને સરનામું હોતું નથી અને એ કોઈને અપવાદ ગણતો નથી.'

આ સાંભળતાં જ ફિરાક ગોરખપુરી બેચેન બની ગયા. પોતાની જાતને નિષ્ઠુર બનીને ઠપકો આપવા લાગ્યા, 'અરે, આ હું શું બોલ્યો? મારે આવું બોલવું જોઈતું નહોતું. યુદ્ધ વિનાશ વેરે છે. સંસ્કૃતિનો નાશ કરે છે.' અને પછી ફિરાક લાંબા સમય સુધી પરેશાન રહ્યા. એમને એમના દોસ્ત ફૈઝ અહમદ ફૈઝની યાદ સતાવવા લાગી.

ફૈઝ અહમદ ફૈઝની વિદાયે ઉર્દૂ કવિતાને ઘણી ગમગીન બનાવી દીધી છે. ફૈઝ ઉર્દૂ સાહિત્યની મહાન હસ્તી હતા. ચાર ચાર દાયકા સુધી ઉર્દૂની પ્રગતિશીલ કવિતામાં એ અગ્રણી રહ્યા. ઇકબાલ ઉર્દૂ શાયરીને વીસમી સદીના વર્તમાન ફલક પર લાવ્યા તો ફૈજે એને એક કદમ આગળ ધપાવી. ઇકબાલ, જોશ, હસરત અને બીજા ઉર્દૂ કવિઓએ રાજકીય વિષય માટે ઉર્દૂની પ્રશિષ્ટ કલાની સૃષ્ટિનો ઉપયોગ કર્યો, પરંતુ ફૈજે એનો સમાજવાદી અને રાષ્ટ્રવાદી વિષયોમાં વિનિયોગ કરીને ઉર્દૂ સાહિત્યને વર્તમાન જગતની વેદના, ઝંખના અને અભીપ્સા સાથે સાંકળી દીધું. જિંદગીના આખરી શ્વાસ સુધી તેઓ સમાજવાદના ચાહક રહ્યા અને ગરીબો, શોષિતો તથા કચડાયેલા માનવીઓનો અવાજ બની રહ્યા.

ફૈજે જીવનભર જુલ્મ અને અન્યાયનો સામનો કર્યો. ક્યારેય સિદ્ધાંતની બાબતમાં કોઈ સમાધાન ન કર્યું. અન્યાયના પ્રતિકાર માટે એમણે માત્ર કલમ જ ચલાવી નથી, પરંતુ ૧૯૩૦ થી ૧૯૪૦ સુધી ટ્રેડ યુનિયનમાં સક્રિય કામગીરી પણ બજાવી. પાકિસ્તાનની સરકારે એમને રાવળપીંડી ષડયંત્ર કેસમાં ભેળવીને કવિનો અવાજ દમનથી ખરીદવાનો પ્રયાસ કર્યો. ૧૯૫૧ ના એપ્રિલથી ૧૯૫૫ સુધી એમને મુકર, કરાંચી અને લાહોરની જેલમાં કારાવાસમાં રાખવામાં આવ્યા. સામે ફાંસીનો ફંદો લટકતો હતો ત્યારે ફૈજે જેલની એકલતા, પોતાની સામે કરાયેલા આરોપોની પોકળતા અને રાજકીય હેતુ માટે ઊભા કરાયેલા બનાવટી ષડયંત્ર વિશે કાવ્યો લખ્યાં. અહીં એમને કુરાન સિવાય કોઈ કિતાબ આપવામાં આવતી નહોતી. અખબાર, સામયિક કે કોઈ પુસ્તકો તો શું, પરંતુ લખવાની કલમ કાપપત્રમાં આવતી નહોતી. પોતે કશું લખી શકતા નહિ અને બહારથી કોઈનો પત્ર કે સંદેશો એમની પાસે આવી શકતો નહિ. આ સ્થિતિની વેદના પ્રગટ કરતાં કવિએ લખ્યું છે:

મતા એ લૌહ-ઓ-કલમ[૧] છિન ગઈ

તો ક્યા ગમ હૈ;
કિ ખૂને-દિલમેં ડુબો લી હૈ ઉંગલિયાં મૈંને!

જુબાં પે મુહર લગી હૈ તો ક્યા;
કિ રખ દી હૈ
હરેક હલકએ જંજીર મેં[૨] જુબાં મૈંને!

ફૈજ પર દેશદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો. રોજ સ્પેશ્યલ ટ્રીબ્યુલ સામે હાજર થવું પડે. અત્યંત ખરાબ ભોજન મળે, આમ છતાં આ ક્રાંતિકારી કવિનો આત્મા દમન, એકલતા કે પ્રલોભન આગળ નમ્યો નહિ. એણે જેલમાં બેઠા બેઠા એકલતા વિશે કાવ્યો લખ્યાં. ઉર્દૂ સાહિત્યમાં તનહાઈનું આલેખન તો ઠેર ઠેર મળે છે, પરંતુ ફૈજની કવિતામાં તનહાઈ કોઈ જુદું જ રૂપ ધારણ કરે છે. એકલતા અકળાવનારી હોય ત્યારે ફૈજને એ એકલતા પ્રેયસીના મુલાયમ સ્પર્શની યાદ આપે છે અને આકાશમાં ચાંદની વકતા જોઈને પ્રેયસી ન હોવા છતાં એના ગળામાં હાથ વીંટાળી દેવાનું કવિને મન થાય છે:

તનહાઈ મેં ક્યા-ક્યા ન તુઝે યાદ કિયા હૈ
ક્યા-ક્યા ન દિલે-જાર ને ઢુંઢી હૈ પનાહેં।

આંખોંમે લગાયા હૈ કભી દસ્તેસબા[૩] કો
ડાલી હૈ કભી ગર્દને-મહતાબ મેં[૪] બાહેં।

ફૈજની એકલતામાં સૌંદર્ય છે, તો એના સૌંદર્ય-દર્શનમાં માનવ અભીપ્સા છે. એમની કવિતામાં પ્રણયની લાલી અને ક્રાંતિનો લાલ રંગ એક બની જાય છે, કવિ બંને મનોભાવને સમાન સાહજિકતાથી અને આગવી છટાથી નિરૂપે છે. એમની ક્રાંતિની આગ પ્રણયના લાવામાં રૂપાંતર પામી છે એક બાજુ ઊર્મિકવિની વેદના અને વ્યથા છે, તો બીજી બાજુ ક્રાંતિકારીનો પોકાર અને પડકાર છે. પ્રણયનું એમનું આલેખન ઘણું નજાકતભર્યું છે. એમની ઉત્તમ કક્ષાની રોમેન્ટિક કવિતાને મહેંદી હસનનો સૂરીલો અવાજ મળતાં બધે જ ફેલાઈ ગઈ. તેઓ ઉર્દૂની ક્લાસિકલ imagery ના ચાહક હતા. એમની કવિતામાં એમણે ઉર્દૂ કવિતાની પરંપરા અને ભાવસૃષ્ટિને આત્મસાત્ કરી છે. ગાલિબ અને ઇકબાલની ભાષાનો સમૃદ્ધ વારસો ફૈજે સાચવ્યો છે. ફૈજની ભાષા એ હિંદુસ્તાની નથી, નથી, બરકે ઉર્દૂના અરબી-ફારસી સાથેના અનુસંધાનને પ્રગટ કરતી ભાષા છે. કવિ પ્રણયની અભિવ્યક્તિ ઉર્દૂ સાહિત્યની પરંપરાની યાદ આપે તેવી છે. તેઓ કહે છે:

'ઔર દુનિયા સે દૂર હો જાયે.
જો જરા તેરે પાસ હો બૈઠે
ન ગઈ તેરી બેરૂખી ન ગઈ
હમ તેરી આરઝુ ભી ખો બૈઠે.'

(અનુસંધાન પૃષ્ઠ પર ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જયન્તીલાલ મંગળ શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

મુંબઇ તા. ૧૬-૭-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

આંદોલનનો બોધપાઠ

પોતે રાજીનામું આપવાના નથી એવું જાહેર નિવેદન કરવા છતાં ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી માધવસિંહ સોલંકીને છેવટે રાજીનામું આપવું પડ્યું છે. રાજીનામું આપવાની સદ્‌બુદ્ધિ સૂઝી એમ કહેવા કરતાં પરિસ્થિતિએ એમને રાજીનામું આપવા માટે લાચાર બનાવી દીધા એમ કહેવું વધારે યોગ્ય ગણાય.

ચાર ચાર મહિના સુધી હિંસક આંદોલન ચાલ્યા પછી રાજીનામું અપાય એમાં લોકશાહીનું ભારે અપમાન છે. વસ્તુત : રાજીનામું ઘણું વહેલું અપાવું જોઇતું હતું, પરંતુ આપણા દેશમાં સત્તાને વળગી રહેવાની લાલસા રાજકારણીઓમાં વિશેષ જોવા મળે છે. ભારતમાં લોકશાહી અને રાજકારણના ઉમદા સિદ્ધાંતોનું જે રીતે વખતો વખત ખંડન થયા કરે છે, તે જોતાં સાચી લોકશાહી ભારતમાં કેટલો સમય ટકશે તે ચિંતાનો વિષય છે. વડા પ્રધાન ઇન્દિરા ગાંધીના સમયથી લોકશાહીની વિશ્વ-માન્ય પરંપરાઓનું ભારતમાં વખતોવખત ઉલ્લંઘન કે ખંડન થયા કર્યું છે એ ઘણી શોચનીય બાબત છે.

ગુજરાતમાં અનામત વિરોધી જે આંદોલન ચાલ્યું તે પરિસ્થિતિને માટે મુખ્યત્વે જવાબદાર ગૃહપ્રધાન શ્રી અમરસિંહ ચૌધરી ગણાય. રાજ્યની આંતરિક પરિસ્થિતિ પોતે સંભાળી ન શકયા એ માટે ગૃહ પ્રધાન અમરસિંહ ચૌધરીએ મુખ્ય પ્રધાન માધવસિંહ સોલંકીને પોતાનું રાજીનામું તરત આપી દેવું જોઇતું હતું. પરંતુ ન તેમણે રાજીનામું આપ્યું કે ન મુખ્ય પ્રધાને તેમની પાસેથી રાજીનામું માગ્યું. એમાં લોકશાહી પરંપરાનું ખંડન થયું. પરિસ્થતિ વધુ ગંભીર બની. હિંસક આંદોલનો વધુ ઉગ્ર બન્યાં. અને છેવટે મુખ્ય પ્રધાનને પોતાને રાજીનામું આપવાનો વખત આવ્યો. માધવસિંહના પદત્યાગ પછી ગૃહ પ્રધાન અમરસિંહ ચૌધરીને મુખ્ય પ્રધાન બનાવાયા એમાં સત્તાનું સગવડિયું રાજકારણ હશે, પણ સાચી લોકશાહી છે એમ નહિ કહી શકાય. રાજ્યની હિંસક પરિસ્થિતિના કારણે, પોતાના ખાતાની નાકામયાબીના કારણે જે વ્યકિતને પોતાના પદ કે સત્તાસ્થાનથી નીચે ઉતારી દેવી જોઇએ તે વ્યકિતને તેને બદલે સત્તાના વધુ ઊંચાં સ્થાને બેસાડવામાં આવે એવી વિસંગત ઘટના ભારતમાં જ બની શકે. ઇંગ્લેન્ડ, ફ્રાંસ, જર્મની, સ્વિટ્ઝરલેન્ડ કે અમેરિકા જેવા દેશોમાં આવી ઘટના બની શકે એવું ભાગ્યે જ કલ્પી શકાય. પોતાની વ્યકિતગત કે ખાતાવાર નાનકડી ભૂલ માટે પોતાનો હોદ્દો છોડી દેનાર લોકશાહી દેશોના એ ઉદાત્ત રાજ-પુરુષો કયાં અને કયાં પ્રતિષ્ઠાનો મોહ બાઇને બોબડા થયેલા અને છતાં ખુરશીને વળગી રહેતા આપણા રાજદ્વારી પુરુષો ? ભારતની મોટા ભાગની પ્રજા જ્યાં સુધી ગરીબ અને અલ્પ-શિક્ષિત છે, અને મોટા ભાગના ભારતના રાજકારણીઓનું ધ્યેય પ્રજાકલ્યાણ કરતાં સત્તાને વળગી રહેવાનું છે, ત્યાં સુધી ભારતમાં સાચી, ઉમદા લોકશાહી કયારે આવશે અને કેટલી ટકશે એ કહી શકાય નહિ.

જે સંજોગોને કારણે માધવસિંહ સોલંકીને સત્તા પરથી ખસવું પડ્યું તે બતાવે છે કે સત્તાનું મદિરાપાન થાય ત્યારે સત્તાધીશો દ્વારા પણ કેવા અવળા નિર્ણયો લેવાઇ જાય છે. પરંતુ પ્રજાનો રોષ એ ઘણી મહત્ત્વની બાબત છે. અલ્પશિક્ષિત ગરીબ પ્રજાનો મત ચૂંટણીમાં સહેલાઇથી ખરીદી શકાય છે, પરંતુ એ જ પ્રજા જ્યારે વિફરે છે ત્યારે તેને જલદી શાંત કરી શકાતી નથી.

ગુજરાતમાં ચૂંટણીમાં જીત મેળવી સત્તા ધારણ કર્યા પછી માધવસિંહ સોલંકીએ જેટલા દિવસ રાજ્ય કર્યું તેટલા દિવસોમાં ૨૦૦ થી વધુ માણસોનો ભોગ લેવાયો, એટલે કે સરેરાશ રોજ એક કરતાં વધુ માણસનો ભોગ લેવાયો. રોજ એક માણસનો ભોગ લેતા લોકવાર્તાના રાક્ષસ કરતાં પણ વધુ વિષમ પરિસ્થિતિ ગુજરાતમાં સર્જાઇ. માનવબલિ ઉપરાંત રાજ્યની કરોડો રૂપિયાની સંપત્તિનો વિનાશ થયો એ જુદી વાત. પરંતુ આ પરિસ્થિતિએ એટલું તો સાબિત કર્યું કે લોકવાર્તાની જેમ ભલે મોડો કે વહેલો દુર્મતિરૂપી દૈત્યનો નાશ તો થાય જ છે.

ભારતનું રાજકારણ ઇન્દિરા ગાંધીના સમયથી કેન્દ્રની સત્તા ઉપર એટલું બધું પરાધીન થઈ ગયું છે કે રાજ્યના સત્તાધીશો પોતાનો સ્વતંત્ર નિર્ણય જલદી લઈ શકતા નથી. વડા પ્રધાન અને સત્તા પરના પક્ષના પ્રમુખ એ બંને જ્યારે એક જ વ્યકિત હોય ત્યારે આખા દેશની બધી ગંભીર બાબતનો આધાર એક જ વ્યકિત ઉપર નિર્ભર રહે છે. પોતાને પૂછ્યા વગર પાણી ન પીવાય એવી જે ટેવ ઇન્દિરા ગાંધીએ માટીપગા, ખુશામતખોર, સત્તાલોલુપ રાજકારણીઓને પાડી દીધી હતી તે આજે પણ ચાલુ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ અને કાર્યક્રમોમાં રોકાયેલી રાષ્ટ્રની સર્વોચ્ચ વ્યકિતને બધી જ બાબતો વિશે વિચારવાની અને નિર્ણય લેવાની કુરસદ ઓછી મળે છે. એથી નિરર્થક વિલંબ થયા કરે છે. ગુજરાતનો

પ્રશ્ન પણ આ રીતે વિલંબમાં પડ્યો, એથી પરિસ્થિતિ વધુ વણસી, નિર્દોષ માણસો માર્યા ગયા, લાખો વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડ્યો અને પ્રજાને કરોડો રૂપિયાનું ખોટું નુકસાન થયું. સાચી પ્રજાપ્રીતિ કે દેશદાઝ હોય તો આવી દુઃખદ પરિસ્થિતિમાં ખાવાનું પણ ન ભાવે, તેને બદલે પ્રસન્ન વદને, છાતી કાઢીને ફરતા અને ઊંચાં સત્તાસ્થાનોનાં સ્વપ્નાં સેવતા આપણા રાજકારણીઓને જોઈએ છીએ ત્યારે ધૂણા છૂટે છે.

કોઈ પણ વિરોધ કે આંદોલન જ્યારે ઉગ્ર બને ત્યારે હિંસક સ્વરૂપ પકડે. વિરોધ પક્ષોની એવી મુરાદ પણ ખરી. ગુજરાતના આંદોલનમાં અમદાવાદના કેટલાક વિસ્તારોમાં આંતરવિગ્રહ જેવી પરિસ્થિતિ સર્જાઈ. ભાડૂતી ગુંડાઓ અને ગેરકાયદે હથિયારોની આયાત મોટા પાયા પર થઈ. કોમવાદ અને વર્ગ વિગ્રહનાં મૂળ ઘણાં ઊંડા ગયાં. પ્રજામાં પરસ્પર વૈરભાવ અને અવિશ્વાસની લાગણી જોરદાર બની ગઈ. પ્રજાનો આ ઘા રુઝાતાં સમય લાગશે. આર્થિક નુકસાન કરતાં પ્રજાની ભાતૃભાવની લાગણીને જે નુકસાન થયું છે તે અમાપ છે.

અનામત વિરોધી આંદોલને કેટલીક સફળતા મેળવી છે, પરંતુ તેની ઘણી ભારે કિંમત ચૂકવવી પડી છે. સત્તાધીશોને અને આંદોલનકારોને બંનેને આ પરિસ્થિતિમાંથી ઘણો સારો બોધપાઠ મળવો જોઈએ. પરંતુ ગુજરાતના ઇતિહાસમાં આ કાળ કાળા અક્ષરે લખાશે એ નિર્વિવાદ છે. લશ્કરી જાસૂસી અને વિદેશી ચલણના કૌભાંડ દ્વારા કલંકિત બનેલા ગુજરાતને અનામત વિરોધી આંદોલન દરમિયાન બનેલી ઘટનાઓએ વધુ કલંકિત કર્યું છે.

કોઈ પણ પ્રજાને યુદ્ધ કે અશાંત પરિસ્થિતિનો છેવટે તો થાક લાગે જ છે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે અમરસિંહ ચૌધરી આવ્યા એ વિચારશીલ માણસોને ગમ્યું નહિ હોય. તેમ છતાં તેમને હટાવવા માટે આંદોલન ચાલુ રાખવું એમાં બહુ ડહાપણ લાગતું નથી. ગુજરાતની પ્રજાએ ઘણું વેઠ્યું છે. પરિસ્થિતિને હવે શાંત બનવા દેવી જોઈએ. આપણે ધારીએ છીએ એટલી ઝડપથી એ શાંત નહિ થાય. પ્રેમ, ભાતૃભાવ અને સહકારનું વાતાવરણ સર્જાતાં હજુ ઠીક ઠીક સમય લાગશે.

ગુજરાતના નવા મુખ્ય પ્રધાન કેટલી સ્વસ્થતાથી, સમભાવથી, પ્રજા-કલ્યાણની સદ્બુદ્ધિથી વર્તમાન પરિસ્થિતિને સંભાળી લે છે એ હવે જોવાનું રહે છે. એક આદિવાસી વ્યક્તિ મુખ્ય પ્રધાન થાય એ ગૌરવની વાત છે; પરંતુ મુખ્ય પ્રધાન પૂર્વગ્રહરહિત, ન્યાયબુદ્ધિવાળા, પ્રજાપ્રિય, પ્રજાવત્સલ અને લોક-કલ્યાણની સાચી દાઝવાળા હોય એ વધુ ગૌરવની વાત છે.

-રમણલાલ ચી. શાહ

ભૂલ-સુધાર

(૧) 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૫-'૮૫ના અંકમાં શ્રી યશવંત દોશીના 'એક વિચિત્ર સંસ્મરણ' લેખમાં 'સર્વથી ઉપર મનુષ્ય અને મનુષ્યથી ઉપર કોઈ નહિ' એવું પ્રખ્યાત સૂત્ર લખનાર રવીન્દ્રનાથ ટાગોર દર્શાવાયા છે. આ સૂત્ર ટાગોરનું નહિ પણ ચંડીદાસનું છે. શ્રી કુન્દનિકાબેન કાપડીઆએ આ ક્ષતિ તરફ અમારું ધ્યાન ખેંચ્યું છે તે માટે તેમનો આભાર.

(૨) 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૭-'૮૫ના અંકમાં પૃષ્ઠ-૪૬ પરની બીજી કોલમની ૧૨ મી પંક્તિમાં 'મને તો એવી રીતે રહેવાનું જ ગમે' એમ છપાયું છે તેને બદલે 'મને તો એવી રીતે રહેવાનું ન જ ગમે' એમ જોઈએ, આ ભૂલ વીતેલાં વર્ષો લેખમાં રહી ગઈ હતી અને તેના લેખક છે પ્રા. ચી. ના. પટેલ.

સંઘ સમાચાર

સહમંત્રી

'સંઘ'ના સહમંત્રી તરીકે **શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી**ની 'સંઘ'ની કારોબારી સમિતિએ સર્વાનુમતે વરણી કરી છે. ડો. ધનવંત તિ. શાહ અને શ્રીમતી નિરુબેન એસ. શાહ સહમંત્રીઓ તરીકે સેવા આપી રહ્યાં છે.

* * *

રાજકોટમાં હાડકાંનાં દરદોની સારવાર માટે શિબિર

'સંઘ'ના ઉપક્રમે રાજકોટમાં સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવાર અનુક્રમે તા. ૨૯, ૩૦, ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટ, ૧૯૮૫ એમ ચાર દિવસ માટે હાડકાંનાં દરદોની સારવાર માટે એક શિબિર યોજવામાં આવી છે. અસ્થિ ચિકિત્સક **ડો. જે. પી. પીઠાવાળા** હાડકાંનાં દરદોની વિના મૂલ્યે સારવાર આપશે.

આ શિબિરનું ઉદ્ઘાટન **શ્રી શશિકાન્ત મહેતા** કરશે.

રાજકોટની આ શિબિરનો જરૂરિયાતવાળા દરદીઓને લાભ લેવા વિનંતી.

પ્રવીણભાઈ મંગળદાસ શાહ **કે. પી. શાહ**
પન્નાલાલ ૨. શાહ
સંયોજક મંત્રીઓ

* * *

'સંઘ'ના આરંભકાળના સભ્યોનું બહુમાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના તા. ૨૫-૧૧-૧૯૨૮ના રોજ બી બોમ્બે જૈન યુથ લીગ (શ્રી મુંબઈ જૈન યુવક સંઘ)ના નામે અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં નામે તા. ૩-૫-૧૯૨૯ના રોજ સ્થાપના થઈ હતી. બંનેના ધ્યેય સમાન હતાં એટલે આ બંને સંસ્થાનું તા. ૮-૭-૧૯૨૯ના રોજ એકીકરણ કરવામાં આવ્યું હતું.

'સંઘ'ના આરંભકાળના સભ્યોનું (ઉપરોકત બંને સંસ્થાના સભ્યો, જેમની આજે ૮૦ વર્ષની ઉંમર હોય) બહુમાન કરવાનું વિચારાયું છે. 'સંઘ'ના આરંભકાળના જેઓ સભ્ય હોય તેઓ તેમનાં સરનામાં સાથેની વિગત 'સંઘ'ના કાર્યાલયમાં મોકલાવે એવી વિનંતી છે, જેથી આરંભકાળના સભ્યોનું ઉચિત રીતે બહુમાન થઈ શકે.

-મંત્રીઓ

ભક્તામર સ્તોત્રમાં પ્રતીક યોજના

(પૃષ્ઠ ૫૯ થી ચાલુ)

સ્મરણ કરે છે તે મુક્ત થાય છે. અર્થાત્ નામમંત્રનાં સ્મરણ વખતે જે સંસારની પીડાને ભૂલીને દૃઢતાથી આત્મપ્રદેશમાં અંતર્મુખી બને છે તે પીડામાંથી મુક્તિ પ્રાપ્ત કરે છે.

આમ તો ભક્તામર સ્તોત્રના લગભગ બધા શ્લોકો કોઈ નવી જ દૃષ્ટિ અર્પે છે. પરંતુ ઉપર વર્ણવ્યા ત્યાં વધુ પ્રતીકાત્મક શૈલીમાં કવિએ ભગવાન આદિનાથનાં ૩૫ ગુણ અતિશયને વર્ણવ્યા છે. સંસાર, મનુષ્યનો ચંચળ સ્વભાવ, આધિ-વ્યાધિ,ઉપાધિ, કષાય, વિષયવાસના, મોહ વગેરે કે જે સંસારમાં ભટકાવનાર છે તેમાંથી મુક્તિનો ઉપાય ભગવાનની આરાધના, ધ્યાન અને આત્મચિંતન છે. આ સ્તોત્રના કવિએ ભક્તિની ઉત્કૃષ્ટતા, તેનો પ્રભાવ અને મિથ્યાત્વનો ત્યાગ કરીને ક્રમશઃ પ્રગતિ કરતા કરતા ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવાના ઉદ્દેશ વર્ણવ્યો છે.

સાંપ્રત સાહિત્યમાં જૈન સંદર્ભ

ગુલાબ દેઢિયા

કોઈ સાહિત્યકૃતિને મૂલવીએ ત્યારે એને કૃતિ તરીકે જ મૂલવવી જોઇએ, કળાના ધોરણે જ મૂલવવી જોઇએ. છતાં આપણે કૃતિમાંથી ઐતિહાસિક સંદર્ભ, યુગચેતના, સામાજિક સંદર્ભ, કોઇ વાદની અસર એવું એવું પણ શોધવા પ્રયત્ન કરીએ છીએ. ક્યારેક એવા અંશ મળી પણ આવે છે, છતાં તેથી કૃતિની ગુણવત્તાનો નિર્ણય ન લઇ શકાય. કારણ કે, સર્જકનો પ્રથમ અને મુખ્ય આશય કલાકૃતિ સર્જવાનો હોય છે.

પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં તો ધર્મ અને સાહિત્યની જુગલબંધી સારી ચાલી. ક્યારેક તો બન્ને એકમેકના પર્યાય જેવા પણ દેખાયા. વર્તમાન સાહિત્યમાં એવું નથી. છતાં રાધાકૃષ્ણ આજે પણ ગીતોમાં નવા નવા સંદર્ભે આવે છે. શ્રીકૃષ્ણનું પાત્ર નવલકથાકારોને આકર્ષે છે. મહાભારતના ઘણા સંદર્ભ આજના સાહિત્યમાં નવી નવી રીતે આવે છે. જૈન ધર્મનાં પાત્રો, પ્રસંગો, કથાઓનું તેમ નથી, ધાર્મિક સાહિત્ય તો એની રીતે સર્જાતું રહ્યું છે. પણ સાહિત્યમાં જૈન સંદર્ભનું પ્રતિબિંબ કેવી રીતે પડે છે, તે જોઇએ.

કુન્દનિકા કાપડીઆએ 'પરોઢ થતાં પહેલાં' નામની નવલકથા ઈ. સ. ૧૯૬૭માં લખ્યી છે. આ કથાની નાયિકા સુનંદા. જે ડાક્ટર છે. કથાનો આરંભ થાય છે ત્યાં ડો. સુનંદા એક અજાણ્યા ગામના મ્યુનિસિપાલિટીના દવાખાનામાં ડાક્ટર બનીને આવે છે. એ ગામમાં સુનંદાને અનેક વ્યક્તિઓનો પરિચય થાય છે, દુઃખી વધારે સુખી ઓછી. જ્યાં સૌથી યાદગાર પાત્ર તો સત્ય નામના માનવીનું છે, પણ અહીં જે વાત કરવી છે તે પાત્ર છે, સાધ્વી અંજનાશ્રીનું. અંજનાશ્રીને લ્યુકેમિયા–લોહીના કેન્સરનો અસાધ્ય વ્યાધિ છે. છતાં એમનો આંતર વૈભવ એમના પરિચયમાં આવતી કોઇ પણ વ્યક્તિને સમૃદ્ધ બનાવી દે એવો છે.

અંજનાશ્રી જૈન સાધ્વી છે. છતાં માત્ર જૈન સાધ્વી જ નથી, સંયમમાત્ર ઉપદેશનો વિષય બન્યા વગર અંજનાશ્રીના જીવનમાં સાકાર દેખાય છે. શારીરિક રોગની પીડા છે, મૃત્યુનો પગરવ સંભળાઇ રહ્યો છે એવાં અંજનાશ્રીને મળ્યા પહેલાં સુનંદાના મનમાં એમને વિશે કેવી અપેક્ષા હતી?

'ક્રિયાકર્મથી જડ બનેલો, વૈરાગ્ય રંગ ઓઢેલો એક ક્ષુદ્ર ચહેરો જોવાની.'

પણ સુનંદાની ધારણાથી વિરુદ્ધ, પહેલી જ મુલાકાતમાં સાધ્વી અંજનાશ્રી સુનંદાને કહે છે, 'મારું જીવન પૂરું થવા આવ્યું છે અને મને મરવાનો આનંદ છે. મને જાણે એમ લાગે છે કે હું ઘેર પાછી ફરી રહી છું. તમે સ્ટીવન્સનની પેલી કવિતા વાંચી છે?– ગ્લેડ આઈ લિવ એન્ડ ગ્લેડલી ડાય, હોમ ઇઝ ધ સેઇલર હોમ ફ્રોમ ધ સી, એન્ડ ધ હન્ટર હોમ ફ્રોમ ધ હિલ.' (હું આનંદથી જીવ્યો છું ને આનંદથી મૃત્યુ પામું છું. દરિયેથી ખલાસી પાછો ફર્યો છે, પહાડીઓમાં રઝળીને શિકારી હવે ઘેર આવ્યો છે.)

થોડીવાર પછી અંજનાશ્રી કહે છે: 'જુઓ, જુઓ. ત્યાં અહાર જુઓ!' તેમણે જમણા હાથ તરફની બારી ભણી હાથ લંબાવ્યો. તેમના મોં પર બાળકના જેવો નિરતિશય આનંદ છવાઇ રહ્યો. સુનંદાએ બારીમાંથી બહાર જોયું.

ગામના છેવાડે આવેલા આ ઉપાશ્રયની પાછળ જરા દૂર લીલાં ખેતરો પથરાયેલાં હતાં.

લીલાં ખેતરોના સેનેરી મોલની ઉપર, નીલ આકાશ નીચે, ધવલ પંખીઓની એક હાર ઊડી જઇ રહી હતી.

લીલા, સોનેરી ને શ્વેત રંગનો એ અદ્‌ભુત સંવાદ સુનંદા મુગ્ધતાથી જોઇ રહી.

'જીવનનાં લીલાં ખેતરોમાં અભીપ્સાનો સુવર્ણમોલ ઊગે છે ત્યારે આપણો આત્મા આ ધવલ પંખીની જેમ અનંતતાના આભ ભણી ઊડવા લાગે છે,' અંજનાશ્રીએ ધીમા સ્વરે કહ્યું.

'પરોઢ થતાં પહેલાં'ના કોઇ પણ વાચકને સાધ્વી અંજનાશ્રીનું પાત્ર વિચારતા કરી દે એવું છે. સાહિત્યકાર કયાંકથી પણ કોઇ પણ પાત્ર ઉપાડે ત્યારે એની મૂળ છબિ એમ જ રહેવા દઇ થોડી રેખાઓમાં ફેરફાર સર્જે છે, તેથી જ અંજનાશ્રીનું પાત્ર કોઇ ગચ્છ, સંપ્રદાય કે માત્ર જૈન સાધ્વીનું જ પ્રતિનિધિત્વ નથી કરતું, પણ એક જીવનને પોતાની રીતે સમજનાર માનવીનો ખ્યાલ આપે છે. સાથોસાથ સર્જકનું કામ ઉપદેશ આપવાનું કે કોઇની ટીકા કરવાનું પણ નથી. તેથી જ અહીં અંજનાશ્રીને મળ્યા પછી એવું લાગે કે ખરેખર કોઇ આપી ચૈતન્યસભર વ્યક્તિને મળવાનું થાય તો કેવું સારું? જૈન સાધુ–સાધ્વીઓ પણ જો અંજનાશ્રીના પાત્ર વિશે વિચાર કરે તો એમને પોતાના જીવનમાં એવો કોઇક અંશ ઉમેરવાની તત્પરતા જરૂર જાગે. ધર્મના પ્રચલિત અર્થના સીમાડા વિસ્તરે.

સુનંદાને અંજનાશ્રી કહે છે: 'જૈન સાધુઓ લોકોને ત્યાગ વૈરાગ્યનો ઉપદેશ આપતા હોય છે. સંસાર અસાર છે તેમ કહેતા હોય છે. દુનિયાનાં બધાં સુખો ક્ષણિક હોય છે તેમ સમજાવતા હોય છે, પણ હું તમને કહું છું, એ ત્યાગને વૈરાગ્યમાંથી જો અંદર અજવાળું ન થતું હોય, જંગલમાં ઉછળતા, વહેતા, ગાતા ઝરણા જેવો બંધનહીન આનંદ ન પ્રગટતો હોય તો એ ત્યાગ ને વૈરાગ્ય ખોટા છે. કશું જ અસાર નથી, બધી જ વસ્તુઓમાં અર્થ રહેલો છે, નાનામાં નાની વસ્તુને પણ પોતાની સાર્થકતા હોય છે પણ આપણે વસ્તુઓ સાથેનો આપણો સંવાદ શોધી લેવાનો હોય છે. આ સંવાદમાંથી જ સભરતા જન્મી શકે, લીલાં ખેતર જેવી સભરતા. સ્વતંત્રતા નહિ, આ સભરતા જીવન જીવવાની પહેલી શરત છે. ...કોઇ આદર્શના બોજ નીચે હૃદયને કચડી નાખવું તે તો હિંસા છે.'

સાધ્વી અંજનાશ્રીને નવલકથાનું એક અન્ય પાત્ર કુમાર આ રીતે ઓળખે છે: 'મને પણ એ ધીરગંભીર આકાશ જેવાં લાગેલાં. વાત્સલ્યમય, પણ બહુ ઊંચાં, વિશાળ, દૂર.'

અંજનાશ્રીના અંતકાળનો પ્રસંગ લેખિકાએ મર્મસ્પર્શી બનાવ્યો છે. અંજનાશ્રીનું છેલ્લું વાક્ય હતું, 'જીવનને સુંદર સાર્થક બનાવવું તે જ ધર્મ.'

'પરોઢ થતાં પહેલાં' નવલકથામાં સાધ્વી અંજનાશ્રીનું પાત્ર, જૈન ધર્મના સંદર્ભને એક આદર્શ સ્થિતિએ રજૂ કરે છે.

ત્યાગમય જીવન પણ કેવું આનંદમય, અભય, ઋજુ હોય તેનો પરિચય આપી જાય છે.

સાંપ્રત સાહિત્યમાં જૈન સંદર્ભનો વિચાર કરીએ ત્યારે, હાલ 'જન્મભૂમિ પ્રવાસી'માં પ્રસિદ્ધ થઈ ગયેલી ધારાવાહી નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-૩ ની તરત યાદ આવે છે. આ નવલકથાના સર્જક શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' છે. આ કૃતિમાં જૈન સાધુ-સાધ્વીઓનાં પાત્રો આવે છે. જેમાં પૂર્ણચન્દ્રજી મહારાજ શાસનસમ્રાટ કહેવાતા હતા. જેઓ પોતે જ્ઞાની આચાર્ય છે. પણ એમને સ્વરૂપચંદ શેઠ સાથે નિકટનો સંબંધ છે. શેઠ ચારસો સાધુ-સાધ્વીઓ અને બે હજાર યાત્રાળુઓના સંઘ કાઢવાના છે. આ સમય દરમ્યાન દેશમાં સ્વાતંત્ર્ય-સંગ્રામ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. દેશનેતાઓની ધરપકડ થઈ રહી છે. છતાં આ સંઘપતિ કે આચાર્ય મીંડાં જમણ રોકવા તૈયાર નથી. બન્નેની દૃષ્ટિ બાહ્યાચાર ઉપર વિશેષ છે.

જ્યારે સંઘપતિ સ્વરૂપચંદ શેઠને તીર્થમાલારોપણની વાત આચાર્ય પૂર્ણચન્દ્ર કરે છે., ત્યારે એક ક્રાંતિમાન યુવાન સાધુ શીલભદ્ર ઉભા થાય છે અને ભરી સભામાં પૂછે છે, 'આપણા સંઘપતિ છૂટે હાથે દાન આપે છે, માથું નમાવીને દાન આપે છે, પણ મારે આપનું ધ્યાન એ દોરવાનું છે કે આ ધન કેવી રીતે કેમ પ્રાપ્ત થાય છે તે આપણે એમને તીર્થમાલારોપણ કરીએ તે પહેલાં જાણવું જરૂરી ખરું ?'

પૂર્ણચન્દ્રજી મહારાજ કહે છે, 'વહેવાર તો શુદ્ધાશુદ્ધ છે. કાંઈક પ્રાણાતિપાત, અદત્તાદાન, અનિચ્છનીય પ્રતિગ્રહ થતો હશે જ. પણ ચોવીસ તીર્થંકરોમાંથી કોઈએ ભિક્ષા ગ્રહણ કરતી વખતે આવું કાંઈ પૂછ્યું નથી-દાન ગ્રહણ કરતી વખતે પણ આવું પૂછવાનું ન હોય. સંસારદ્રવ્ય મલિન છે એટલે તો દાન કરવું પડે છે. પણ આવા સવાલ થાય છે તે જમાનાની તાસીર છે.'

શીલભદ્ર કહે છે, 'આપણા સંઘપતિ મુંબઈમાં સરકારને દારૂગોળામાં જોઈતાં રસાયણો પૂરા પાડવાનું કારખાનું ચલાવે છે તેમ બહાર આવ્યું છે.

સ્વરૂપચંદ પોતે તો કહી દે છે, 'રસાયણનું કારખાનું છે પણ એ દારૂગોળા માટે ખપ લાગે તેની મને ખબર નથી. પૂર્ણચન્દ્ર કહે છે કે શેઠ એ જાણતા નથી તેથી તેનો દોષ તેમને ન લાગે.

સ્વરૂપચંદ અને પૂર્ણચન્દ્ર મહારાજ જેવાં પાત્રો ધર્મની વાતોમાંથી કેવા ખોટા તર્ક ઊભા કરી પોતાની વાત સાચી ઠરાવવાનું વલણ લે છે તે દેખાઈ આવે છે. વિચાર અને આચાર વચ્ચેની ખાઈ કેવા અનર્થ સર્જે છે તે પણ દેખાઈ આવે છે. સર્જકનું કામ ઉપદેશ, પ્રચાર કે સુધારો કરવાનું નથી, એ તો માત્ર નિર્દેશ કરે છે.

જૈન સંદર્ભમાં જોવા જેવું પાત્ર તો સમુદ્રવિજયનું છે, જેમણે સંથારો કર્યો છે. ધર્મની સાથોસાથ જિવાતા જીવનનો અને વ્યવહારનો વિચાર પણ તેઓ કરે છે. એક સમયે તેઓ પોતે ક્રાંતિકારી હતા. દેશને માટે બોમ્બ ફોડ્યા હતા. ગાંધીજીના આદર્શો અને નિર્ભયતા માટેનો પક્ષપાત ધ્યાન ખેંચે એવો છે. સમુદ્રવિજયે કર્મસિદ્ધાંત અને કર્તાપણાની વાત પણ સચોટ રીતે સમજાવી છે. એમની શકિત પવન વિના ખંડમાં ઓલવાતા દીવાની જેમ ઓસરતી જતી હતી, પણ પ્રસન્નતાનું તેજોવર્તુળ તો વધતું જ હતું. એ રૂઢિપરસ્ત ન હતા તેથી તેથી અન્ય સાધુઓ અને શ્રાવકોના શોષનો ભોગ પણ બન્યા હતા.

'દર્શક'ની આ ધારાવાહી નવલકથામાં પૂર્ણચન્દ્રજી મહારાજ અને સમુદ્રવિજયજી તથા અન્ય પાત્રો આવ્યાં કે, થોડા સમયમાં જ 'જન્મભૂમિ-પ્રવાસી'માં અમુક વાચકોએ 'બધા જૈનોએ વાંચવા જેવી, યુવાનોએ ખાસ વાંચવા જેવી નવલકથા' એવું લખ્યું. જ્યારે બીજા વાચકોને આ નહીં પણ રુચ્યું હોય. ધર્મની બાબતમાં આપણી લાગણીઓ ઘણી આળી હોય છે.

તા. ૨૦-૧-'૮૫ના 'જન્મભૂમિ-પ્રવાસી'માં 'દર્શક' વાચકોના પ્રતિભાવો વિશે જે સ્પષ્ટતા કરી છે તે ખરેખર વાંચવા જેવી છે.

એક સર્જક પાત્રો કે સંદર્ભને કઈ રીતે જુએ છે, આલેખે છે તે યોગ્ય રીતે સમજાવ્યું છે. એક તો એમણે કૃતિને પૂરી થવા સુધી રાહ જોવા કહ્યું છે. કારણ કે હજી પાત્રોની ગતિ કેવી હશે. તે અત્યારે કેમ કહી શકાય ? બીજું, વિનોબાજીનો ઉલ્લેખ કરી લખ્યું છે. 'બધા ધર્મો, અર્થ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા આજે કાળગ્રસ્ત થયાં છે, તેને એવાને એવા સ્વરૂપે ટકાવી રાખવાનું શકય નથી. કેટલાક અંશો ગળી જવાના, તજવાના અને એ વખતે મતભેદો રહેવાના.'

આ મુદ્દો ખરેખર વિચારવા જેવો છે, જૈન ધર્મના સંદર્ભને પણ એ લાગુ પડે છે. આજે કોઈ પૂછે કે, જૈન ધર્મના સંદર્ભને આજના વાતાવરણમાં રજૂ કરતી કૃતિઓ કેટલી સર્જાય છે ? નથી સર્જાતી તો શા માટે ? અને જો સર્જાવી હોય અને વાચકો સુધી પહોંચાડવી હોય તો કેવી હોવી જોઈએ ? એનો જવાબ અહીંથી મળે છે. 'પરોઢ થતાં પહેલાં' અને 'ઝેર તો પીધાં જાણી જાણી-ભાગ-૩' મને આ સંદર્ભે સારી કૃતિઓ લાગી છે.

ચુનીલાલ મડિયાએ 'સમ્રાટ શ્રેણિક' નામે એક એકાંકી લખી છે. જે મહારાષ્ટ્ર શિક્ષણ બોર્ડના ૧૧મા ધોરણના પાઠય પુસ્તકમાં છે. શ્રેણિકની કથા જેમને ખબર છે એવા કોઈ જૈન ધર્મી જો આ એકાંકી વાંચે તો ધાર્મિક દૃષ્ટિએ એમને બધું યોગ્ય લાગે અને વાંચવામાં રસ પડે. જ્યારે વિદ્યાર્થીઓ માત્ર સાહિત્યકૃતિ તરીકે આ એકાંકી ભણ્યા તેમને પણ બહુ મજા આવી. એકાંકીમાં શ્રેણિકનું પાત્ર રંગમંચ પર આવતું જ નથી છતાં એકાંકી પર છવાઈ જાય છે. સમ્રાટ શ્રેણિકની પુત્રવત્સલતા, કુણિકને થયેલ ગેરસમજ, ચેલ્લણાનો પસ્તાવો અને એકાંકીનો કરુણ અંત નોંધપાત્ર છે. ધર્મ અને સાહિત્યનો અવિરોધ ઉત્તમ રીતે વ્યકત થયો છે. સાહિત્યકાર તો સાહિત્યકૃતિ સર્જવાની નેમ રાખે છે, ધર્મપ્રચાર કે ધર્મવિરોધ એનો આશય નથી. જૈન ધર્મની કૃતિઓને આજના વાચકો સામે કઈ રીતે મૂકી શકાય એનો એક આદર્શ નમૂનો-સર્જનાત્મક તટસ્થતા સાથેનો 'સમ્રાટ શ્રેણિક' એકાંકી છે.

છેલ્લે એક કાવ્ય વિશે, 'પરબ' ના સપ્ટેમ્બર ૧૯૮૪ના અંકમાં ડો. ચન્દ્રકાન્ત ટોપીવાળાના 'પાંચ કાવ્યો' છે, જેમાં દક્ષિણ ભારતના સ્થળવિશેષોનો સંદર્ભ છે. પાંચમું કાવ્ય 'શ્રવણ બેલગોડા' છે. જૈન સંદર્ભનો ઉત્તમ ઉપયોગ સાહિત્ય કૃતિમાં કઈ રીતે થઈ શકે તેનો આ સુંદર નમૂનો છે. ડો. ચન્દ્રકાન્ત

કાર એમ કહે કે મારું કામ તે માત્ર સાહિત્ય-સૌંદર્યનાં મૂલ્યોનું જતન કરવાનું જ છે અને પ્રવર્તમાન સમાજ સાથે મારે કોઇ સંબંધ નથી તો એ માન્યતાનો ફૈઝ વિરોધ કરે છે. સાહિત્યકારે વ્યક્તિ તરીકે સમાજના વિકાસ અને પરિવર્તનની ખેવના કરવાની હોય છે અને કોઇ પણ પ્રકારનું 'પોએટીક લાયસન્સ' આમાંથી સાહિત્યકારને બાકાત રાખી શકે નહિ. ફૈઝ એ બાબતમાં સ્પષ્ટ હતા કે કવિએ એના એકદંડિયા મહેલમાંથી બહાર આવીને આસપાસની માનવયાતનાનો ખ્યાલ કરવો જોઇએ. જો કે તેઓ માનતા હતા કે એની બીજી પળોજણથી એણે દૂર રહેવું જોઇએ.

આ ઊર્મિકવિની કવિતામાં મંત્રમુગ્ધ કરી દેનારી સંગીતમયતા છે. ફૈઝની કવિતામાં ઉર્દૂની પરંપરાગત પ્રણયકવિતામાં 'રકીબ'ને ખલનાયક તરીકે રજૂ કરવામાં આવતો હતો. એ રકીબ પ્રત્યે ક્રોધ, તિરસ્કાર અને ઘૃણા જેવા ભાવો કવિ પ્રગટ કરતો, પરંતુ ફૈઝે 'રકીબ સે' નામના કાવ્યમાં એક નવો જ પ્રગતિશીલ દૃષ્ટિકોણ આપ્યો. જેમાં કવિ રકીબને કહે છે કે આ પ્રેમથી આપણે બંને શું શું શીખ્યા અને શું શું પામ્યા :

"આજઝી સીખી, ગરીબોં કી હિમાયત સીખી ।
યાસોં હિરમાન કે, દુખ દર્દ કે માની સીખે ॥
ઝેર દસ્તોં કે મસાયબ કે સમઝના સીખા ।
ઝર્દ આહોં કે રુખે ઝર્દ કે માની સીખે ॥

ફૈઝ ઉર્દૂની ક્લાસિકલ કવિતાનો બધો જ અસબાબ અપનાવે છે. ફૈઝ ઇશ્કને પણ બે અર્થમાં પ્રયોજે છે. એની કવિતા 'દો ઇશ્ક'માં પ્રારંભમાં ઇશ્કને વિચારધારા કે સંઘર્ષના પ્રેમ સાથે જોડે છે અને પછી મહબૂબાના ઇશ્ક સાથે જોડે છે. આમ એક પ્રતીક પરંપરાગત અર્થમાં આવે છે, જ્યારે બીજું પ્રતીક નવીન સામાજિક સંદર્ભને રજૂ કરે છે. ફૈઝે એની કવિતામાં આવાં પરંપરાવાદી પ્રતીકોને કલામયતાથી સામાજિક કે રાજકીય પ્રતીક તરીકે પ્રયોજ્યાં છે. એની શૈલીમાં ક્રામળ, મંદ ગતિ છે. એનું શબ્દોનું ચયન સૂઝભર્યું છે. કવિની શ્રદ્ધા સમાજવાદમાં હતી, પરંતુ સર્જન સમયે તો તેઓ પ્રગતિશીલ કવિ લાગવાને બદલે ગાલિબ અને ઇકબાલની ઉચ્ચ કાવ્યપ્રણાલિને નજરમાં રાખીને ગહન તત્ત્વચિંતનમાં ડૂબ્યા હોય એવા કવિ લાગે છે. ફૈઝની કવિતામાં mystic તત્ત્વ પણ જોવા મળે છે. આમ એક બાજુ વ્યક્તિગત આરઝુનો તરફડાટ છે, તો બીજી બાજુ સમાજના બેસહારા લોકોની વેદના છે. એક તરફ માનવીય ભાવોની રંગલીલા છે, તો બીજી તરફ સમાજવાદી વિચારસરણીની પ્રભાવકતા છે. પ્રણય-કવિતા અને કાવ્યભાષામાં ફૈઝ ક્લાસિકલ લાગે છે તો એના કાવ્યવિષય પરત્વે આધુનિક જણાય છે. આમ બે તદ્દન વિરોધી ધ્રુવ ફૈઝમાં એક સાથે અને કયાંક લગોલગ લાગે છે, આથી જ ફૈઝને lyrisist revolutionary જેવા વિરોધી શબ્દોથી ઓળખવામાં આવ્યા હશે. ફૈઝનો અવાજ એ માનવ જાતિનો અવાજ બની રહ્યો. એમની આ વિશ્વજનીનતાને લીધે માત્ર પાકિસ્તાન કે ભારતમાં જ નહિ, બલ્કે રશિયા, અમેરિકા, બ્રિટન અને ફ્રાંસમાં પણ સમાન લોકચાહના પામ્યા. થોડો સમય પાકિસ્તાનના સરમુખત્યારોથી કંટાળીને તેઓ બૈરુતમાં રહેવા ગયા હતા. બૈરુતનો સંહાર ફૈઝના હૃદયને હચમચાવી ગયો અને એમણે એ સમયે લખેલું કાવ્ય 'ફિલીસ્તની બચ્ચે કે લિયે લોરી' અત્યંત હૃદયદ્રાવક કાવ્ય છે. એક રીતે જોઇએ તો ફૈઝે ઇકબાલની ઓજસ્વી કલ્પનાને આત્મસાત્ કરી અને એ એવા લય અને રંગમાં રજૂ કરી જેથી જગતની વ્યાપક વેદના એમાં સમાવેશ પામી શકે.

ફૈઝમાં ઇશ્ક અને ઇન્સાનિયતનો સુમેળ છે. એની ગઝલો ભાવકને એની સૃષ્ટિમાં લીન કરી દે તેવી રસસંતર્પક છે તો એની નઝમ (કાવ્ય) ઉર્દૂની સર્વોત્તમ નઝમની હરોળમાં ઊભી રહે તેવી છે, આથી એ ગઝલ લખવા જાય છે ત્યારે એમની નઝમની વિશેષતા ગઝલમાં સુંદર કાવ્યરૂપ ધારણ કરે છે. ફૈઝે ઉર્દૂ સાહિત્યને ચિંતન અને ભાવાભિવ્યક્તિની નવી ટેકનિક આપી, જે યુગના યથાર્થને પ્રગટ કરવા માટે કારગત નીવડી; ફૈઝના કાવ્યસંગ્રહો 'નક્શે-ફરિયાદી' (૧૯૪૧) 'દસ્તે-સબા' (૧૯૫૨), 'જિન્દાના (૧૯૫૬), 'હસ્તે-તહે-સંગ' (૧૯૬૪), ભરે-વાદિયે-સીના' (૧૯૭૧), 'શામે-શહરે-યારાં' (૧૯૭૮), ભારે સુખુન હમારે' (૧૯૮૨) અને 'નકતા હૈ વફા (૧૯૮૪) મળે છે. ફૈઝ વિચારોત્તેજક નિબંધકાર પણ હતા. એમણે સાહિત્ય, સંસ્કૃતિ અને રાજકારણના આંતરસંબંધો વિશે માર્મિક વિશ્લેષણ કર્યું છે, તેમ જ યુદ્ધ અને શાંતિની સમસ્યાઓ પર ગંભીર પર્યેષણાઓ કરી છે. 'મીઝાન' (૧૯૬૩) એ એમનો લેખસંગ્રહ છે. તો સલીબે મેરે 'દરીચે મેં (૧૯૭૧) એ એમની પત્ની એલિસ ફૈઝને લખેલા પત્રોનો સંગ્રહ છે. 'પાકિસ્તાન ટાઇમ્સ' અને 'ઇમરોઝ' દ્વારા ગંભીર પત્રકારત્વ અને ઉચ્ચ કક્ષાનું સંપાદનકાર્ય કર્યું. વિશ્વબંધુત્વની ભાવનાને દૃઢ કરવા અને શાંતિપ્રયાસોને વેગવાન બનાવવા માટે એમણે અનેક દેશોની યાત્રા કરી.

અગણિત માનવોનાં હૃદયમાં ધરબાયેલી વેદનાને વાચા આપતા કવિ 'તરાના' કાવ્યમાં ક્રાંતિનું એલાન કરે છે:

'દરબારે-વતન મેં જબ ઇક દિન સબ જાને વાલે જાએંગે
કુછ અપની સજા કો પહુંચેંગે, કુછ અપની જઝા[1] લે જાએંગે
એ ખાક-નશીનો[2] ! ઉઠ બૈઠો વો વકત કરીબ આ પહુંચા હૈ
જબ તખ્ત[3] ગિરાએ જાએંગે, જબ તાજ ઉછાલે જાએંગે
અબ ટૂટ ગિરેંગી જંજીરેં, અબ ઝિન્દાનોં કી[4] ખૈર નહીં
જો દરિયા ઝુમ કે ઉઠ્ઠેંગે, તિનકોં સે ન ટાલે જાએંગે
કટતે ભી ચલો બઢતે ભી ચલો, બાજૂ ભી બહુત હૈ સર ભી બહુત
ચલતે ભી ચલો કિ અબ ડેરે મંઝિલ હી પે ડાલે જાએંગે
એ જુલ્મ કે મારો ! લબ ખોલો ચૂપ રહનેવાલો ચૂપ કબ તક
કુછ હશ્ર[5] તો ઇન સે ઉઠેગા, કુછ દૂર તો નાલે[6] જાએંગે'

જ્યાં સુધી પૃથ્વી પર અન્યાય અને આતંક પ્રવર્તે છે ત્યાં સુધી ફૈઝનો અક્ષરદેહ મરજીવાઓને ક્રાંતિ અને વિદ્રોહની પ્રેરણા પૂરી પાડશે.

---

૧ પારિતોષિક ૨ ધૂળ-માટીમાં રહેનારાવાળો ૩ રાજ્ય-સિંહાસન ૪ કારાગારોની ૫ પ્રલય, વિનાશ ૬ આર્તનાદ.

ટોપીવાળા અને 'પરમ' તરફ આભારની લાગણી વ્યક્ત કરી અહીં આખું કાવ્ય ઉતારું છું.

શ્રવણ બેલગોડા

આકાશ જેવા આકાશ સામે મસ્તક ઊંચું રાખ્યું છે.
તો પહાડ કુંગરા તો શા વિસાતમાં?
ઇન્દ્રગિરિ ને ચન્દ્રગિરિ ટેકરીઓને અડખે પડખે
રમાડતો રમાડતો હું આવી રહ્યો છું તારી તરફ
પણ તું દેખાતો નથી.
તોપણ મક્કમ પગલે હું આગળ વધી રહ્યો છું
તું ક્યાંક છે.
કદાચ તું ત્યાં જ છે, જે દિશામાં હું આગળ વધી રહ્યો છું
પણ તું દેખાતો નથી.
વચ્ચે ઊંચી ભીંતો છે. ઊંચાં દ્વારો છે, ઊંચા આડાઅવળા
માર્ગો છે.
તું ત્યાં જ છે.
હું મક્કમ પમલે આગળ વધી રહ્યો છું
પણ તું દેખાતો નથી.
હું હાંફું છું પણ હારતો નથી
સાપની ફણાની જેમ ઊંચી છે
આંખ સામે હજી સોપાનશ્રેણી.
ડંખે છે પણ ડરતો નથી
એનાં હલાહલ પગમાં ધારણ કરતો
મક્કમપણે હું આવી રહ્યો છું તારી તરફ
ટટાર ચરણ, ઊંચે મસ્તક.
તું ત્યાં જ છે જે દિશામાં હું આગળ વધી રહ્યો છું
હવે, હું ત્યાં જ છું જ્યાં તું છે,
તારી સન્મુખ.
હું આદમકદ તું મારું આંતરકદ.
તું ઉન્નત, હું નતમસ્તક.
તું જીવંત
હું જડીભૂત પાષાણ
હે બાહુબલિ,
હું ભરત પરાજિત.

આ કાવ્ય વાંચ્યા પછી હવે શું કહેવાનું હોય!

વિદ્રોહી કવિ ફૈઝ

કુમારપાળ દેસાઈ

(ગતાંકથી પૂર્ણ)

ફૈઝ કાશ્મીર ગયા. એનું સૌંદર્ય જોયું, પણ એમને કુદરતના સૌંદર્ય કરતાં માનવસૌંદર્ય વધુ આકર્ષક લાગ્યું. ફૈઝ માનતા હતા કે અફાટ સાગર કે વેરાન રણ કે પ્રકૃતિનાં અન્ય તત્ત્વોમાં સૌંદર્ય છે પરંતુ એવું જ સૌંદર્ય શહેરનાં ગલી મહોલ્લામાં પણ છે, માત્ર એને જોવા માટે વિશિષ્ટ દૃષ્ટિ જોઇએ. આથી પ્રણય કવિતામાં રોમેન્ટિક ઉદ્રેક દાખવનાર કવિ પ્રણયમાં જ પુરુષાર્થની સમાપ્તિ માનતા નથી, પ્રણય કરતાં પણ બીજાં કર્તવ્યો ઊંચે સ્થાને મૂકે છે. આથી જ ફૈઝ કહે છે, 'મુઝસે પહલી સી મુહબ્બત મિરી મહબૂબ ન માંગ' અને આ કાવ્યમાં કવિ કહે છે કે એમણે તો પ્રેયસીમાં જ બધું જોયું હતું. જીવનનો પ્રકાશ એનામાં જોયો, જગતના આનંદનું સ્થાયીત્વ તેનામાં નીરખ્યું, એની આંખોમાં જ આખું વિશ્વ લાધ્યું. તું મળી જાય તો બધું જ મળી જાય એમ માન્યું હતું, પણ પછી ખ્યાલ આવે છે કે 'ઔર ભી દુવા હૈ જમાને મેં મુહબ્બત કે સિવા' આ કાવ્યમાં ફૈઝે 'પહલી સી' શબ્દ પર ભાર મૂક્યો છે. કવિની નજર પ્રણયની અંગત લાગણીઓ પરથી જગતની વેદના પર ઠરે છે. ફૈઝે એક મિત્ર સમક્ષ પોતાનો મનોભાવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે એમણે રૂપ, જવાની, હોઠ અને આંખો પર પ્રેમ કર્યો, પરંતુ એ પછી એમની નજર સમાજની સાચી વાસ્તવિકતા તરફ વળી; જુલ્મ, અત્યાચાર અને ગરીબી જોઇ. મૃત્યુથી પણ બદતર જીવન જીવનારા હજારો માનવીઓ જોયા અને એ સમયે એમને એવો અનુભવ થયો કે માત્ર હુસ્ન સાથે જ પ્રેમ કરવાનો નથી, પરંતુ આ દલિત અને પતીતને ચાહવાના છે અને એમનાં ગીત ગાવાના છે. ફૈઝે એમની શાયરીમાં એશિયાઇ માનવીના સૌંદર્યનું આલેખન કર્યું. ફૈઝ એક એવા સર્જક હતા કે એમના હૃદય પર હજારો જખ્મ ચમકી રહ્યા હતા. રાવલપીંડીની જેલમાં હતા ત્યારે તેમણે લખ્યું :

'લંબી હૈ ગમકી શામ, મગર શામ હી તો હૈ'

ફૈઝની ખોજ મુક્ત માનવની હતી. એમણે માનવીનાં શોષણ અને વેદનાનો ઉપાય સમાજવાદી વિચારસરણીમાં જોયો. પરંતુ પરંપરાની ભૂમિમાં આ સર્જકનાં મૂળિયાં એટલાં ઊંડાં ગયાં હતાં કે કોઇ રાજકીય પવન એમને હલાવી કે લલચાવી શકયો નહિ, પરંતુ ફૈઝની કવિતાએ ઉર્દૂ સાહિત્યમાં મોટું પરિવર્તન આણ્યું. ફૈઝ એક બાજુ ઊર્મિકવિ તરીકે ઘણું ઊંચું સ્થાન મેળવે છે તો બીજી બાજુ એમણે માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા કરી. માનવી પર થતા દરેક પ્રકારના જુલ્મ, શોષણ, અન્યાય, અત્યાચાર, જોહુકમી અને સરમુખત્યારી સામે ફૈઝે જીવનભર સંઘર્ષ ખેડયો. માશૂકાના ખોળામાં સર્વસ્વ સમર્પણ કરનાર આશિકની માફક સમાજવાદની માશૂકાની તેઓએ શબ્દરૂપે એકનિષ્ઠ ઉપાસના કરી. ક્યારેક વેદનાથી, ક્યારેક છટાથી, તો કવચિત્ ફટકાર વાણીમાં ફૈઝ કહે છે–

'આમ-એ-સરવત કે ખુશનશીનોં સે
અઝમતે-રફ્તે-નમ કી બાત કરો.
જાન જાયેગી જાનેવાલે
'ફૈઝ' ફરહાદ ઔર જમ કી બાત કરો.'

[ઐશ્વર્યની ઉત્તુંગ અટ્ટાલિકાઓમાં પ્રસન્ન આવાસ કરવાવાળાઓની આગળ આંસુભરી-આંખોના ગૌરવની ગરિમાનો પ્રસંગ રચો. સમજદાર સમજી જ જશે ફૈઝ, જરા ફરહાદ જેવા મજૂર અને જમશેદ જેવા બાદશાહની ચર્ચા કરો. અર્થાત્ ફરહાદનો પ્રેમ આજે પણ અમર છે જ્યારે જમશેદની બાદશાહતનું નામનિશાન મળતું નથી.]

ફૈઝ સાહિત્યકારને સમાજની સાથે બે રીતે જોડાયેલો માનતા હતા. એક વ્યકિત તરીકે અને બીજો સાહિત્યકાર તરીકે. સમાજના કોઇ પણ નાગરિક જેવી જવાબદારી તો સાહિત્યકારે અદા કરવાની છે, પણ બીજી વિશિષ્ટ જવાબદારી પણ સાહિત્યકારે બજાવવાની છે, જે સાહિત્યકારની કલા સાથે સંબંધિત છે. આમ સાહિત્યકારને માથે બેવડી જવાબદારી છે. આ બન્ને સંબંધો એકબીજા સાથે ગૂંથાયેલા છે અને તેથી કોઈ સાહિત્ય-

'આયનાને આયનાથી વેર શું
કંઈ નાહક શૂન્યથી ભરમાય છે.'

'રાખે નિગાહ શૂન્યના પ્રત્યેક ધામ પર
સંભવ છે ત્યાં જ કોઈ પણ રીતે ખુદા મળે.'

'શ્વાસ ગોળાકાર કરજો દોરતો એની કબર
આમ દુનિયાથી અલગ છે શૂન્યનાં જીવનભરણ.'

આમિંક, ઐતિહાસિક દૃષ્ટાંતો જુઓ કેટલું સબળ આકર્ષણ છે.

'હરણું સીતાનું તો એક બહાનું છે
બધા જ રાવણો અંતે ઢળે છે રામ તરફ.'

'હૃદય કેરી તૃષ્ણા છે રાધાની ગાગર
કોઈનું સ્મરણ શ્યામની કાંકરી છે.'

'હોય ના કંઈ વાધનખ, દંભી ઉમળકાને પરખ
કળજુગી મૈત્રીના હર્ષાવેશથી ડરવું ભલું.'

'જેટલા હાતમ છે એ પણ આખરે મોહતાજ છે,
એટલો તો હાથ મારો કયાંય લંબાતો નથી.'

'ફકત એક જ નાવ ઊગરશે ઓ દુનિયાવાસીઓ,
ચૂરના તોફાન કેરી છે ઇશારત જિંદગી.'

'ચૂણી તો થઈ ગઇ છે જાગીર મન્સૂરોની
કિન્તુ નથી અનલહક પર કોઇનો ઇજારો.'

'દુનિયાનો માર્યો શૂન્ય કદાપિ નહીં મરે,
શંકર કટોરા ઝેરના પી લે તો શું થયું?'

ગઝલનું પઠન હોય કે ગાન, શૂન્યની રજુઆત બહુધા મેદાન મારી જતી હોય છે. કેટલાય મુશાયરા તેમની ઉપસ્થિતિને કારણે જીવી ગયા છે, ચિરસ્મરણીય બની ગયા છે. ઘણીવાર નિષ્ફળ જતા મુશાયરા તેમના આગમને જમી ગયા હોય તેના અનેક સાક્ષીઓ આપણામાંથી મળી શકે છે. તેમના સર્જને કયાંક કયાંક તેમને ઇર્ષાપ્રેરક ખ્યાતિ પણ પ્રદાની છે. તેમના જ સમકાલીન સહગામી ચૈકી એક માતબર શાયરનો આ શેર તે માટે પૂરતું ઉદાહરણ છે.

'મીંડું સરવાળે છું છતાં ઘાયલ,
શૂન્ય કરતાં તો હું સવાયો છું.'

જ્યારે આ શેરનો જ પ્રતિસાદ હોય તેનો શૂન્ય-ભાઇનો ઝળતો શેર પણ સવોટ સચ્ચાઇનો નખશિખ પુરાવો છે.

'શૂન્ય હું કાંઈ પણ નથી જ્યારે,
કઈ રીતે કહી શકું સવાયો છું.'

ખુમારીના બીજા નમૂનાઓ જુઓ :-

'આવી પહોંચ્યો શૂન્ય સભામાં
સૌના ચહેરા કાં નિસ્તેજ.'

'જાઓ દેખો શૂન્ય તો કે' બોલવા ઊભો નથી
આખરી ટાણે સભામાં આટલો કાં શોર છે.'

'અમોને તો એમ કે રંગત બહુ નહીં જામે
સભામાં શૂન્યને લાવી તમે કમાલ કરી.'

'જમે તેમ જીવી જશું તોયે
અંતે બહુ શાનથી શૂન્ય વિસર્રાઇ જાશું.'

શૂન્યની બધી જ રંગીન અને સુંદર ભાવજગતથી વાચકો સહજ અનાયાસ પ્રફુલ્લ થઇ ઝૂમી ઊઠે છે તેના સુંદર નમૂનો આવા શેર દ્વારા વ્યકત થઇને રહે છે.

'દૈવી પુસ્તક કોણ ન ચૂમે?
લાવ રૂપાળા મુખને આમ.'

પ્રિયાના રૂપાળા મુખ પરનું ચુંબન પ્રેમીને દૈવી પુસ્તક–ધર્મગ્રંથ–ચૂમી લીધાના પરમ શ્રદ્ધેય સંતોષની અનુભૂતિ કરાવે છે. શૂન્ય ઇશ્કમિજાજી છે.

'અમારા જેવો યદિ સૌને પ્યાર થઇ જાએ
દરેક જિંદગી જન્નતનો સાર થઇ જાએ.'

'ગઝલ એટલે પ્રેમભરી વાતચીત' એ કથનમાં ઝળહળતા પ્રેમ-મિજાજને સ્વાભાવિકતામાંથી હકીકત સુધી (ઇશ્કે હકીકત સુધી) પરમ સત્યમાં ગઝલવિકાસને પહોંચાડવાનું સુંદર ગઝલકર્મ શૂન્ય દ્વારા નોંધપાત્ર રીતે કંડારાયું છે તે તેઓની ઉત્કૃષ્ટતા જ નથી પણ નવા આગંતુકો માટે સાચો દિશાનિર્દેશ ધણ છે. ઇશ્કે મિજાજીમાંથી ઇશ્કે હકીકીનું સમર્થન કરતા કેટલાક શેરો (ઉદાહરણ) આંખે વળગે તેવા સબળ છે.

'એટલે તો એણે કીધું આત્મપૂજન રાત દી'
ભકત રૂપે શૂન્ય ખુદ ભગવાન પોતાનો હતો.'

'વાત ઇશ્વરથી કરી મેં રૂબરૂ વર્ષો લગી
પણ પછી જાણ્યું કે સામે તો ફકત દર્પણ હતું.'

'હું અગર ખોવાઇ જાઉં ખુદબખુદ નિજખોજમાં,
છે ફકત એક જ ખુદા જે મને ખોળી શકે.'

'નથી માત્ર બેસી રહ્યો દિલના ખૂણે
હકીકતમાં બ્રહ્માંડ ઘૂમી રહ્યો છું.'

'હો શંકા તો લાવો છબીને મિલાવો
સ્વયં શૂન્ય રૂપે ખુદા રૂબરૂ છે.

There is no end to one's desire. ઇચ્છાનો અંત કદીયે આવતો નથી. અને એ અંગે ફકત બે જ પંકિતમાં કેટલો બધો સુંદર અને સચોટ શેર છે.

'સાધન પૂરાં હોય છતાં જીવનની ઊણપનું શું કહેવું,
ના પ્યાસ છીપે છે અંતરની; ના આંખનાં પાણી ખૂટે છે.'

અંતમાં તો એટલું જ કહેવાનું રહે છે :-

આવા પ્રખર વિદ્વાન શાયર શૂન્ય પાલનપુરી આપણી વચ્ચે ઉપસ્થિત છે. તેમનું સર્વ સર્જન એટલું બધું હૃદયસ્પર્શી છે કે હું તો એટલું જ કહીશ કે :

'શૈલે તદ્દન ઓગળું
શૂન્યનો મહિમા વિરાટ.'

સાભાર સ્વીકાર

તત્ત્વજ્ઞના સીમાસ્તંભો (વા. મો. શાહનું જીવન અને સાહિત્ય) લે. અને પ્રકા. ડૉ. સુધા નિ. પંડ્યા, ૧૦, અધ્યાપક નિવાસ, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦૦૦૨ પ્રથમ આવૃત્તિ કિ. રૂા. ૫૦/૦૦ (પંદર ઑગસ્ટ સુધી રૂા. ૩૦/૦૦)

લેખક : રમણલાલ સોની (૧) કર્મનુબંધ કિં. ૨૫-૦૦ (૨) ઋણાનુબંધ કિં. ૩-૦૦ પ્રકાશન : મનુભાઇ શાહ, ૧ બી, સિદ્ધાર્થ સોસાયટી, પોલિટેકનિક પાસે, આંબાવાડી અમદાવાદ ૩૮૦૦૧૫.

'શૂન્ય'નો મહિમા વિરાટ

● શૈલેશ કોઠારી

શૂન્ય પાલનપુરી એટલે શૂન્ય પાલનપુરી–શૂન્યની પ્રતિભા એટલી બધી સમૃદ્ધ છે કે એમને 'ગુજરાતના ગાલિબ' 'ગુજરાતના મીર' જેવાં વિશેષણોથી નવાજવા કરતાં તેમને માત્ર 'શૂન્ય' પાલનપુરી જ કહેવા ઉચિત છે. શૂન્યનું દ્વિતીય વિકલ્પ નામ પણ શૂન્ય પાલનપુરી જ હોઇ શકે અને એવું છે પણ ખરું. શૂન્ય નામે, કર્મે વિરાટ મહિમા રાખે છે. માત્ર શૂન્યનો શાબ્દિક વ્યાપ જ જેમ સકળ બ્રહ્માંડ સુધી વિસ્તરે છે તેમ તેમની સર્જનશક્તિ પણ તેટલી જ ઉત્કૃષ્ટ છે. શૂન્યનું સમસ્ત સર્જન એટલે અત્યંત ભવ્ય, સશક્ત, પરિપૂર્ણ અને યાદગાર ચિરંજીવી પ્રદાન.

ગુજરાતી ગઝલ-ક્ષેત્રના થોડાક પ્રતિષ્ઠિત ગઝલકારોમાં 'શૂન્ય' પાલનપુરી એક અનિવાર્ય અને નોંધપાત્ર વિભૂતિ છે. લગભગ ચાર દાયકાઓની સર્જનકૃતિમાં એમણે ખૂબ જ પ્રાણવાન શાયરી આપણને અર્પણ કરી છે. 'શૂન્યનું સર્જન', 'શૂન્યનું વિસર્જન', 'શૂન્યનાં અવશેષ', 'શૂન્યનું સ્મારક' અને 'શૂન્યની સ્મૃતિ'–કોઇપણ જાતના ખચકાટ વિના એકધારી સરી આવતી પ્રાણવાન કવિતાસરવાણી એ પુરવાર કરે છે કે તેઓ સદા-બહાર સતત પ્રવૃત્ત સર્જક પ્રતિભા છે, એમના આ સામર્થ્ય પર ગુજરાતી ગઝલને નાઝ છે, ગૌરવ છે.

ગઝલને ગુજરાતણ બનાવવામાં શૂન્ય પાલનપુરીનો ફાળો અત્યંત પ્રશંસનીય રહ્યો છે. ગઝલને પરભાષાના વળગાડથી ઉગારીને એમણે શુદ્ધ તથા પ્રેરણાત્મક પરિવર્તનથી ગઝલનું ગુજરાતીપણું શોભાવ્યું છે. માતૃભાષાથી સુસંગત એવાં પ્રતીકો, ઐતિહાસિક-ધાર્મિક સંદર્ભો અને ગુજરાતી જીવન-શૈલીમાંથી નીતરીને સ્પષ્ટ બની આવતા ભાવ અભિગમનો કલાત્મક સમન્વય સાધી આપીને તેમણે ખૂબ જ જોરદાર, સમૃદ્ધ અણીશુદ્ધ ગઝલો આપણા સાહિત્યને અર્પી છે. ગઝલને પરભાષામાંથી ગુજરાતણનું સાચું સ્વરૂપ કંડારી આપનાર આ શાયરની સેવા નોંધપાત્ર છે. ભાષાકર્મ પ્રત્યેની પોતાની વિચારસરણીના સમર્થનમાં સ્વયં તેમનું સર્જન જ કહે છે.

'ઊર્મિઓને કશું કર્યાય બંધન નથી
લાગણી મુક્ત છે સ્થળ અને કાળથી
બુલબુલોએ રચી ગુલશનોમાં અને,
આમ્રકુંજોમાં ગાઇ મયૂરે ગઝલ.'

'શૂન્ય'ના સમગ્ર સર્જનમાં વહેતો વાણીપ્રવાહ જરાય ઉછાંછળાપણું પ્રગટાવ્યા વિના ધીર-ગંભીર ગતિએ ધરખમ ટોચે પ્રયાણ કરે છે. એમનો પક્ષે આ એક વિશિષ્ટ સિદ્ધિ છે:

'ઉમંગોનું શૈશવ, તમન્નાનું યૌવન
વિચારોનું ધડપણ, કરુણાનું જીવન
કરી ચાર રંગોની સુંદર મિલાવટ
રચે છે કવિતા પ્રતિભા અમારી.'

બીજાં સર્જકો જેઓને જરૂરસે જ પ્રયોજતા હોય એવા શબ્દો મેરુ, કુબેર, મામૂલી, કરુણા, વાહિયાત, ગોબરુ, હંગામી, ત્રિથરી, તાલાવેલી, પથ્થરકોરાં, ઊકળતો ચરુ, કારસ્થાન વગેરે એમનાં સર્જનોનું એક આકર્ષક પ્રકરણ છે. તેઓની હથોટીએ ઘણા સુંદર શેર ગુજરાતી ગઝલને આપ્યા છે. એમનું અનોખાપણું ઊડીને આંખે વળગે એટલું સબળ છે. શૂન્યની આ એક આગવી કલાસિદ્ધિ છે. કોઇપણ શબ્દને તેની પંક્તિમાંથી અલગ ન કરાય તેટલું દૃઢ તેમનું આલેખન છે.

'અંગે થાક, ચરણમાં છાલાં, રહબર ખૂંટલ, મંઝિલ દૂર,
તો ય અમારે તો ભરવાની હરણાં પેઠે લાંબી ફાળ.'

*

'ઘરમાં શિવ, નજરમાં સુંદર, મનમાં સત્યનું અક્ષય ઝરમર,
આજ કોઇના પુણ્યપ્રતાપે તન છે અમારું તીરથધામ.'

*

'નથી માત્ર બેસી રહ્યો દિલના ખૂણે
હકીકતમાં બ્રહ્માંડ ઘૂમી રહ્યો છું.
ફકત એક સચ્ચાઇનો આશરો છે
ખુદાઓની સામે ઝઝુમી રહ્યો છું.'

ગઝલનું પાત્ર એટલે ખુવારીની, દિવાનગીની ખુમારીમાં રાચતો જીવ. શૂન્યની ખુમારી પણ તેમના સદનની પારાશીશીમાં ઊંચે ચડતો ઝળહળાટ માત્ર છે.

'જાઓ દુનિયાની ખબર તો લો કે એને શું થયું?
કેમ તાજો ઘાવ દિલ પર આજ દેખાતો નથી?'

'વાસ્તવમાં છે અમરતા શૂન્ય મૃત્યુની કળા,
જે મરે છે જિંદગીમાં તે મરી શકતા નથી.'

જુઓ તો ખરા કેટલી ઊંચી ખુમારી!

'છું શૂન્ય એ ન ભૂલ હે અસ્તિત્વના પ્રભુ,
તું તો હશે કે કેમ પણ હું તો જરૂર છું.'

માનવ જીવનનું સાચું ઘરેણું તે તેનું સ્વમાન છે. સ્વમાન સાચવવું એનું નામ જ સાચી ખુમારી. ખુમારીનો મહિમા ખૂબ જ ઉચ્ચ તબક્કાએ જીવાય છે ત્યારે

'હાથ લાંબો થઇ શકે છે આપમેળે એ સ્વમાન
કોણ છે દાનેશ્વરી? એ પર બધો આધાર છે.'

'જે દિલમાં ઝુરતી ઇન્સાનિયતનું દર્દ ન રહે
એ દિલને દિલ નહીં અલ્લાહની કિતાબ કહો.'

'હોય છે બળવાનનું તો મૌન પણ હથિયાર સમ
એ જ શસ્ત્રોની કરે છે વાત જે કમજોર છે.'

ખુવારીના ભિન્નભિન્ન પ્રાણે હતાશ થવાની વૃત્તિના તેઓ પ્રખર વિરોધક છે.

"વેરાન મયકદા અને તે પણ બહારમાં
શીશાની ઘોરમાંથી સુરાને જગાડીએ."

શૂન્ય એ તખલ્લુસ (ઉપનામ) કેટલું બધું સુંદર છે. શૂન્યની રચનાઓમાં તખલ્લુસની ગૂંથણી ગઝલસૌંદર્યમાં ચાર ચાંદ લગાડી આપે છે.

'ઓથ લેવી પડે પથ્થરોની મને માન્ય નથી
શૂન્ય છું ઠીક છું ઇચ્છા નથી ઇશ્વર લાગું."
'અમારી સાથે હિસાબી થવામાં સાર નથી
દરેક રીતે અમે શૂન્યનો સુમાર છીએ.'

'અમે કો' એકના થઇને સકળ ત્રિલોક લઇ બેઠાં
તમે પણ શૂન્ય થઇ જાઓ તો આ સૃષ્ટિ તમારી છે."

ભક્તામર સ્તોત્રમાં પ્રતીક યોજના

(પૃષ્ઠ ૬૦ થી ચાલુ)

અરિહંત ભગવાનની જ પ્રસ્તુતિ કરી છે.

ભગવાન જિનેન્દ્રદેવના જે આઠ પ્રાતિહાર્ય માનવામાં આવે છે તે પણ પ્રતીક રૂપે જ પ્રસ્તુત છે અને આ પ્રાતિહાર્ય સદ્‌નો અસદ્ પર વિજય, સંસાર પર વૈરાગ્યની મહત્તા વગેરેને જ સૂચવે છે.

અશોકવૃક્ષ સૂચવે છે કે ભગવાનના સમવસરણ કે ધર્મસભામાં તેઓ તો શોકરહિત છે જ. સંપૂર્ણ વાતાવરણ શોકરહિત બન્યું છે અને તેમાં બેઠેલાં સર્વે જીવો સંસાર તાપથી મુક્ત થઇ અશોકપણામાં શાંતિનો અનુભવ કરી રહ્યા છે. ઉત્તમ આરાધ્યના સાન્નિધ્યમાં મનુષ્ય શોક-દુઃખ ચિંતારહિત બની જાય છે.

સિંહાસન એ તો ઉચ્ચ અને ઉત્કૃષ્ટ આસનના પ્રતીક રૂપે છે. બીજું જેઓએ પંચ જ્ઞાન પ્રાપ્ત કર્યા છે, કર્મમળનો ક્ષય કર્યો છે તેઓ આવા ઉચ્ચાસનને બિરાજે છે બીજું આ આસન સિંહ-આસન છે. જેઓ સંપૂર્ણ નિર્ભય બન્યા છે, જેઓને હવે સંસારની માયા, ભય, સતાવી કે ડરાવી શકતા નથી, જેઓ મૃત્યુંજયી બની ગયા છે, તેઓ જ સિંહ જેવા થઇ સિંહને આસન બનાવી નિર્ભય બને છે અને આવા આરાધ્યનો સમાગમ કરનાર ધર્માચારી વ્યક્તિ સિંહવૃત્તિ અર્થાત્ નિર્ભયવૃત્તિ પ્રાપ્ત કરે છે અને ધર્મારાધનામાં ભયમુક્ત બની સિંહની જેમ દૃઢતાથી આરૂઢ બને છે. ભગવાન ઉપર ઢોળવામાં આવતા ચંમર કે જે ૬૪ પ્રકારના છે, તે વિવિધ ૬૪ કલાના અને ૬૪ રિદ્ધિનાં પ્રતીક છે અર્થાત્ તીર્થંકર ભગવાને આ વિશ્વને જીવન પાવનની ૬૪ કલાઓ શીખવી છે, જ્યારે ત્રણ છત્ર કે જે ઉત્તરોત્તર નાનાથી મોટાં થતા બતાવ્યા છે તે રત્નત્રયનાં પ્રતીક છે. તે સૂચવે છે કે ઉત્તરોત્તર ચારિત્ર્યમાં દૃઢ બની મુક્તિ પંથ પર આગળ વધી શકાય છે અથવા જે રત્નત્રય ગુણોને ધારણ કરે છે, તે સિદ્ધત્વ પ્રાપ્ત કરી શકે છે. દુંદુભિ પ્રાતિહાર્ય જાણે ઉદ્‌ઘોષણા કરે છે હે સંસારના મિતાવથી પીડિતજનો, ધર્મના શરણમાં चत्तारि शरणं માં આશ્રય પ્રાપ્ત કરો, જાગૃત બનો. ધર્મનું શરણ જ સંસારનાં દુઃખોથી મુક્તિ આપી શકે છે. પુષ્પવૃષ્ટિ વસંતની શોભા અને શાંતિનું પ્રતીક છે. જ્યારે આવું વાતાવરણ હોય ત્યારે હૃદયમાં શાંતિ, ધર્મની પ્રભાવના વધે છે. આ દિવ્યપુષ્પોની વૃષ્ટિ એવી રીતે થાય છે કે તેના પાંદડાનો ભાગ નીચે હોય અને દાંડીનો ભાગ ઉપર હોય તે પ્રતીક છે કે ભગવાનના શરણમાં આવનાર તેમના ચરણોમાં શ્રદ્ધાપૂર્વક નમન કરે છે, તો પતિતજન પણ ઉર્ધ્વમુખી બનીને ધર્મની ઊંચાઇઓને કે, મુક્તિને પ્રાપ્ત કરી શકે છે. આવો પતિત જ્યારે ધર્મની ઊંચાઇઓમાં ઉપર ઊઠે છે, ત્યારે તેનું જીવન પુષ્પની જેમ કોમળ અને સુગંધિત બને છે. પ્રભામંડળ કે, આભામંડળ તે શુકલલેશ્યા અર્થાત્ ઉત્તમ શુભ પ્રભાવનું પ્રતીક છે. જ્યારે સંપૂર્ણ મિથ્યાત્વ દૂર થઇ જાય, મનના સમસ્ત વિકારો, શંકાઓ, મિથ્યાત્વ દૂર થઇ જાય, સમ્યકત્વની પ્રાપ્તિ થાય અને તીર્થંકર ભગવાન સ્વયં અરીસા જેવા બને છે. તેમના પરમૌદારિક દિવ્ય દેહમાંથી અલૌકિક કિરણો પ્રતિભા મંડળની રચના કરે છે અને આ દર્પણ કે, આલોકમાં જીવ ત્રિલોકના દર્શન કરે છે. અને તે નિરંતર પોતાને નિર્મળ બનાવવાના પ્રયત્નો કરે છે. અંતિમ પ્રતિહાર્ય દિવ્ય ધ્વનિ છે, જે ધ્વનિ ભગવાન કેવલીમાં વચનામૃતના પ્રતીક છે જે સપ્તતત્ત્વ ષટ્‌દ્રવ્ય વગેરે ધર્મનાં સ્વરૂપોને સત્યરૂપે પ્રકટ કરે છે અને મુમુક્ષુને આનંદ આપે છે.

ભક્તામર સ્તોત્રમાં માનતુંગાચર્યે સર્વપ્રથમ આદિનાથના રૂપ-ચારિત્ર્યનાં પ્રતીકો પ્રસ્તુત કર્યા. તદ્‌ઉપરાંત તેમના પ્રાતિહાર્યોના વર્ણનમાં પ્રતીકો મૂકયાં અને છેલ્લે તેમના મહિમાનો ગુણગાન પ્રતીકોના માધ્યમથી કરે છે.

મદોન્મત્ત હાથી પણ ભગવાનના ભક્તની સામે વશીભૂત થઇ જાય છે. અહીં આ મદોન્મત ક્રોધી હાથી તે મનોવિકારનું પ્રતીક છે. અને ભક્ત તે સમ્યક દૃષ્ટિના પ્રતીકરૂપે છે. અર્થાત્ સમ્યક દૃષ્ટિ, સત્ત્વગુણના ધારકની દૃષ્ટિની સામે વિકારયુક્ત હાથી જેવા શક્તિશાળી પણ પરાજિત થઇ જાય છે. આમ સદ્‌વૃત્તિનો અસદ્‌વૃત્તિ પર વિજય છે. સિંહ કે જે હસ્તીગંડ સ્થળને ક્ષત-વિક્ષત કરી શકે છે તે પણ આરાધનામાં દૃઢ વ્યક્તિની સામે પરાસ્ત થાય છે. અહીં સિંહ તે હિંસાનું પ્રતીક છે અને આરાધક અહિંસા-દૃઢતાના પ્રતીક રૂપે છે. આ શ્લોકમાં હિંસા પર અહિંસાનો વિજય દર્શાવીને અહિંસા ધર્મના મહિમાની સ્થાપના કરી છે. પુનઃ પ્રલયાગ્નિને કવિ ઉગ્રસ્વરૂપે વર્ણવે છે, જેમાં સમસ્ત સંસાર ભસ્મ થાય તેવી તીવ્રતા-ઉષ્ણતા છે. પરંતુ આદિનાથના નામનું સ્મરણ શીતળજળની જેમ કાર્ય કરી આ અગ્નિને ઠારી દે છે, અહીં પ્રલયાગ્નિ ક્રોધના પ્રતીકરૂપે છે અને સ્મરણ તે શીતળ જળ છે અર્થાત્ ક્રોધનું શમન શાંતિ-શીતળતાથી જ થઇ શકે તેમ તેઓ કહેવા માંગે છે. અહીં પરોક્ષ રીતે તો અહિંસાનું સમર્થન છે. મનની શાંતિ જ દૃઢતા બક્ષે છે. સર્પ તેની વિકરાળતા, તેનું ઝેર વગેરે કામ-ક્રોધ કષાયના પ્રતીક છે. અને સત્-ધર્મની શ્રદ્ધા દેવ-શાસ્ત્ર ગુરુની આરાધના જડીબુટ્ટી છે કે જે સર્પદંશના ઝેરને દૂર કરે છે. અરે! સાપના ડરથી નિર્ભય બનાવે છે. અરે! આજે મનમાં બેઠેલા વિવિધ વિષય કષાયોના સાપને દૂર કરવા હશે તો એક માત્ર ઉપાય સદ્‌ધર્મની આરાધના છે. રણક્ષેત્રમાં હાથી, ઘોડા અને ભયંકર શસ્ત્રોથી ઘેરાયેલ પણ ભગવાનના સ્મરણથી વિજય પ્રાપ્ત કરે છે. અહીં રણક્ષેત્ર એટલે સંસાર. સંસારમાં જીવને અનેક પદાર્થો પીડિત કરે છે. આ આત્મપ્રદેશને સંસારના ભ્રમણ, સુખ-દુઃખમાં પરેશાન કરે છે. પરંતુ ભક્તિના પુરુષાર્થથી આત્મપ્રદેશને જાગૃત કરનાર આ સાંસારિક મોહમાયા, કષાયરૂપી હાથી, ઘોડા, અને શસ્ત્રોઓ પર વિજય પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્તિનો વિજેતા બને છે અને આવા સંસારના સાગરમાં જ્યાં મગરમચ્છ અર્થાત પંચપાપ વગેરેથી ઘેરાયેલા છીએ, ત્યાં ભક્તિરૂપી નૌકાથી જ પાર થઇ શકાય. અહીં સંસાર મોહ-માયા લોભ વગેરેને પ્રતિબિંબિત કરે છે, તો ધર્મની નૌકા વગેરે તેને પાર કરવાના પ્રતીકરૂપે છે. મનુષ્ય, શરીરના અનેક રોગોથી ઘેરાયેલો છે જીવનની આશા છૂટી ગઇ છે. તો પણ ભગવાનના નામની ઔષધિથી કામદેવ જેવી સુંદરતા પ્રાપ્ત કરે છે. અહીં બાહ્ય શારીરિક રોગ કે જે માનસિક ત્રાસ અનિયમિતતા સ્વચ્છંદતાના પ્રતીકરૂપે છે; ત્યાં સાચી ભક્તિ ઔષધિનું કામ કરે છે. જ્યાં આરાધના વગેરેની પ્રધાનતા છે અને છેલ્લે તેઓ લોહ શૃંખલાથી જકડાયેલા ઘાયલ શરીરની વાત કરે છે ત્યાં પણ પ્રતીક દ્વારા કહેવા માંગે છે. કે, સંસારના બંધનો આપણને લોહ શૃંખલા (બેડીઓ)માં જકડીને સતત પીડા આપી રહ્યાં છે, આવા સમયે જે પ્રભુના નામ-મંત્રનું

(અનુસંધાન પૃષ્ઠ પર ઉપર)

ભક્તામર સ્તોત્રમાં પ્રતીક યોજના

ડૉ. શેખરચંદ્ર જૈન

ભક્તામર સ્તોત્ર જૈન ધર્મના ચારે ફિરકાને માન્ય અને પ્રચલિત આરાધનાસ્તોત્ર છે. તેમાંય સવિશેષ મૂર્તિપૂજક શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયમાં વધુ માન્ય છે. થોડુંક આગળ વધીને કહીએ તો જૈનસ્તોત્ર સાહિત્યમાંજ નહિ સંસ્કૃત સાહિત્યમાં પણ તેનું અદ્વિતીય સ્થાન છે. આરાધ્યનો ગુણ; સૌન્દર્ય અને મહિમાનો (અતિશય) ત્રિવેણી સંગમ તેમાં અક્ષય રીતે પ્રવાહિત થાય છે. ભાષાનું સૌંદર્ય, પદલાલિત્ય, અલંકારોની છટા એક જ સ્થળે જોવા મળે છે. આ કળાપક્ષનાં સૌન્દર્યનું રહસ્ય પણ તેમાં કવિના હૃદયપક્ષ કે ભાવપક્ષની વિહ્વળતાને લીધે જ છે. આરાધ્યની ભક્તિ, ગુણકથનમાં તન્મય ભક્તકવિ આચાર્ય શ્રી માનતુંગસૂરિ જાણે આદિનાથમય બની જાય છે. ભક્ત અને આરાધ્ય વચ્ચે અદ્વૈત સ્થપાય છે અને જે રીતે ભાવવિભોર થઈ જાય છે. તે અવર્ણનીય છે. આવી ભક્તિની ચરમ અવસ્થાએ જ જે અન્તરના ઉદ્‌ગાર પ્રસ્ફુરિત થાય છે, તે સ્વાભાવિક રીતે જ સૌમુગ્ધકારી જ હોય.

આ સ્તોત્રનો મહિમા તેની અતિશયતા ઋદ્ધિસિદ્ધિને માટે પણ ખૂબ જ પ્રસિદ્ધ છે. અને ધાર્મિક દૃષ્ટિએ આવાં સ્તોત્રોના પાઠ અને સાધના સાધકને શાંતિ, સુખ અને સમૃદ્ધિ આપે છે. તે હેતુથી પણ તેની મહત્તા વધી છે.

અહીં મારો ઉદ્દેશ અતિશયોની મહત્તા સિદ્ધ કરવાનો નથી, પરંતુ આ સ્તોત્રમાં કવિએ જે પ્રતીકો મૂકયાં છે, પ્રતીકોનાં માધ્યમથી જે કથન પ્રસ્તુત કરવાનું છે, તે અંગે મારા વિચારો રજૂ કરવાનો છે.

સર્વ પ્રથમ તો આ સ્તોત્રની સાથે આચાર્યશ્રીની કથા સંકળાયેલી છે. તેમાં ઉલ્લેખ છે કે કેટલાક દરબારીઓની કાન-ભંભેરણીથી રાજા હર્ષદેવે માનતુંગાચાર્યને બેડીઓથી જકડીને ૪૪ કે ૪૮ તાળાની કોલકોઠરીમાં કેદ કરી દીધા હતા અને આદેશ આપેલ કે જો તમારા જૈન ધર્મમાં શક્તિ હોય તો તેનો મહિમા પ્રકટાવો અને મુક્ત થાઓ. આ કેદખાનામાં આચાર્ય શાંતચિત્તે, સ્થિર ભાવથી આદિનાથ પ્રભુના ધ્યાનમાં લીન થઈ આ સ્તોત્રની રચના કરી. એક એક શ્લોકે એક એક તાળું તૂટતું ગયું અને પરમ વીતરાગી મુનિ મહારાજ સમતા-ભાવ ધારણ કરી, આવા રાજા અને દરબારીઓ પ્રત્યે પણ વાત્સલ્યભાવ દર્શાવી 'ધર્મ લાભ' કહીને બહાર આવ્યા.

આ વાર્તાને પણ એક પ્રતીકરૂપે જ લઈ શકાય. મનુષ્યનાં અશુભકર્મો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે મોટા-મોટા મુનિ-જ્ઞાનીને પણ તે ભોગવ્યા વગર છૂટકો થતો નથી. પરંતુ, જે ભેદ-વિજ્ઞાન દૃષ્ટિ પ્રાપ્ત કરી સમ્યકત્વી બન્યા છે તેઓ ગભરાતા નથી કે ચલિત થતા નથી. આવા પ્રસંગોને ઉપસર્ગ માની તપસ્યામાં વધુ લીન બને છે. કર્મોનું ક્ષય કરે છે અને વધુ દૃઢ થઈને બહાર આવે છે. માનતુંગાચાર્ય પણ આવા ઉપસર્ગ વખતે પ્રભુ આરાધનામાં લીન બન્યા. ઉપસર્ગ રૂપી ગ્રહણ પૂર્ણ થતાં જ પુનઃ ધર્મરૂપી ચંદ્ર પ્રકાશિત બન્યો. તાળામાં બંધ કર્યામાં પણ એક જ સંકેત છે કે, મનુષ્ય પોતાનાં શુભાશુભ કર્મોના તાળામાં બંધ હોવાથી ચતુર્ગતિમાં ભ્રમણ કરે છે અને જ્યાં સુધી આત્મપ્રદેશમાં સ્થિર થઈ આ કર્મબંધનને તોડતો નથી ત્યાં સુધી મુક્ત થઈ શકતો નથી. આમ જેલ અને તાળા આ બે શબ્દો સંસાર અને બદ્ધ કર્મોનાં જ પ્રતીક છે અને આરાધના તેમાંથી મુક્ત થવાની પ્રક્રિયા છે.

માનતુંગસૂરિ પ્રારંભ જ આરાધ્યદેવ આદિનાથનાં રૂપ, સૌન્દર્ય અને તેમનો મહિમા ગાઈને કરે છે. ભગવાનનાં ચરણ તે તરી જવાનાં આધાર છે. આ સંસાર પવનોદ્ધતનક્રપક જેવો છે. જ્યાં વિષય, કામવિકારના ઝંઝાવાત સતત સંસાર-સાગરને તોફાની બનાવી રહ્યા છે. વિષયના મગરમચ્છ ગળી જવા તૈયાર છે, તેવા સમયે એકમાત્ર આદિનાથનું નામ સ્મરણ અને આરાધના જ આધારરૂપ બની શકે છે.

આચાર્ય અનેક વખત વીતરાગદેવની તેમના ગુણો અને પ્રભાવની તુલના સરાગી દેવો સાથે કરે છે અને ખૂબ જ સુન્દર પ્રતીક મૂકે છે કે, વીતરાગી દેવ તો ચંદ્રકિરણ જેવા ઉજ્જ્વળ નિર્મલ ક્ષીરોદધિનાં પવિત્ર જળ જેવા છે. અને સરાગી દેવો ક્ષાર જળ જેવા છે. કોણ આવા જળને ત્યજીને ખારા પાણીને પીવા જશે ? આ રીતે તેઓએ મીઠા અને ખારા પાણીનાં પ્રતીકથી વીતરાગી અને રાગીદેવોની ભાવના અને પ્રભાવ સ્પષ્ટ કર્યા છે. સમાધિ કે સામાયિકમાં દૃઢ સાધક સુમેરુ પર્વતનો પ્રતીક છે કે, જેને કામવાસના રૂપી ભૌતિકસૌન્દર્ય ચલિત કરી શકતા નથી કે સંસારના ઝંઝાવાતો એટલે કે આકર્ષણ અસ્થિર બનાવી શકતાં નથી. અને પછીના શ્લોકમાં સ્થિર તપસ્વી એક એવા નિર્ધૂમ દીપકની જેમ સ્થિર જ્ઞાની પ્રાપ્ત (કેવળ જ્ઞાન) છે કે જેની ધવલ જ્યોતિ કોઈ પણ પ્રકારના કષાય વિકારની આંધીમાં પણ ઓલવાતી નથી. બન્ને શ્લોકમાં સુમેરુ અને નિર્ધૂમ જ્યોતિમુક્ત દીપક સાધકની અડગતાનાં પ્રતીક છે અને ઝંઝાવાત વગેરે સંસારની ભૌતિકતાનાં પ્રતીક છે. અહીં સંસાર પર તપસ્યાનો વિજય પ્રગટાવ્યો છે, સાચું પણ છે, ભૌતિક સુખોમાં પણ આત્મા સાથે દૃઢ થઈ શકયા, તેઓ જ મહાવીર બની શકયા, મુક્ત બની શકયા.

કવિએ આદિનાથ ભગવાનને બુદ્ધ, શંકર, બ્રહ્મા, વિષ્ણુ જેવા વિશેષણો આપીને વંદના કરી છે. પરંતુ અહીં તેઓનો આશય અવતારી દેવો નથી. જ્યારે તેઓ બુદ્ધ શબ્દનો પ્રયોગ કરે છે ત્યારે તેમનો અભિપ્રાય કેવળ જ્ઞાનરૂપી બોધિ જેઓને પ્રાપ્ત થઈ છે તેવા અરિહંત ભગવાનના ગુણોનું જ અંકન છે. શંકર શબ્દ શાંતિ કે શિવત્વ કરનાર આત્માને પવિત્ર બનાવ-નારનું પ્રતીક છે, જ્યારે બ્રહ્મા અર્થાત્ મોક્ષમાર્ગ પ્રશસ્ત કરનાર જિનેશ્વરની જ પ્રતિચ્છાયા પ્રસ્તુત કરનાર શબ્દ છે. વિષ્ણુ અર્થાત્ પુરુષોત્તમ. અહીં વિષ્ણુની કલ્પના પણ એવા પુરુષ માટે કરવામાં આવી છે કે, જે સર્વ પુરુષોમાં ઉત્તમ મોક્ષમાર્ગ બતાવનાર દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યથી દૃઢ બનેલો પોતે પોતાના આત્મપ્રદેશને પૂર્ણ રીતે જાણનાર છે. તેવા ઉત્તમ પુરુષ અર્થાત્

અનુસંધાન પૃષ્ઠ ૫૯ ઉપર

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૪૫૦૨૮૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૭

પ્રબુદ્ધ જીવન

મંગળ તા. ૧-૮-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

વિશ્વ પર્યાવરણ દિન

પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિન (World Environment Day) ઊજવાઈ ગયો. વિશ્વની અધિકાંશ વસતિને આ ઊજવણીની ખબર હશે કે કેમ એ પ્રશ્ન છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઊજવાતી કેટલીયે બાબતો પ્રજાના સામાન્ય સ્તર સુધી પહોંચતી નથી. યુરોપ કે અમેરિકા કરતાં એશિયા અને આફ્રિકાના દેશોમાં એનો પ્રચાર ઓછો થાય છે. એટલે 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઊજવણીની ફલશ્રુતિ બહુ મોટી નહિ હોય. તેમ છતાં એ દ્વારા યથાવકાશ લોકજાગૃતિનું કાર્ય થાય છે.

બીજા વિશ્વયુદ્ધ પછી પર્યાવરણની બાબતમાં ઘણા સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો સજ્ઞાન થઈ ગયા છે. વિશ્વમાં કાર્બન વાયુ અને બીજા ઝેરી વાયુઓનું ઉત્પાદન ઘણું જ વધી ગયું છે. પવન, પાણી અને માટી પહેલાં જેવાં નિર્મળ રહ્યાં નથી. દિવસે દિવસે એ વધુ અને વધુ પ્રદૂષિત થતાં ચાલ્યાં છે. માનવજીવન ઉપર એની ઘણી માઠી અસર થવા લાગી છે. પ્રદૂષણો કેવી કેવી જાતનાં થાય છે, એનાં કારણો શાં છે અને એના ઉપાયો કેવા હોવા જોઇએ, એનો પદ્ધતિસર સવિગત અભ્યાસ હવે થવા લાગ્યો છે. પર્યાવરણ (Environment) નું જુદું શાસ્ત્ર થયું છે અને યુનિવર્સિટી-ઓની કક્ષાએ એનો અભ્યાસક્રમ પણ ગોઠવાવા લાગ્યો છે.

ગઇ સદીમાં પર્યાવરણ વિશે આજના જેવા કોઈ પ્રશ્નો નહોતા. કુદરતી વાતાવરણ નિર્મળ જ હોય એમ સ્વીકારીને રહેણીકરણી, જીવન પદ્ધતિ વિચારાતી. મનુષ્યનો પ્રકૃતિપ્રેમ અનોખી કોટિનો હતો. નિસર્ગ સાથે તાદાત્મ્ય સવિશેષ અનુભવાતું. ઇ. સ. ૧૮૫૪ માં અમેરિકાના ત્યારના પ્રમુખ ફ્રેન્કલિન પિયર્સે રેડ ઇન્ડિયન નેતા પાસેથી જમીન ખરીદવા અંગે દરખાસ્ત મૂકી ત્યારે એ નેતાએ આપેલો જવાબ (જુઓ W. I. A. A. ના મુખ પત્રનો જુન માસનો અંક) મનુષ્યનો પ્રકૃતિપ્રેમ કેવો ઉચ્ચ હોઈ શકે એનો દ્યોતક છે. તે નેતા કહે છે, 'આ ધરતીનો ટુકડો તમે વેચાતો માગો છો પણ અમે તે કેવી રીતે વેચી શકીએ? એની સાથેનું આકાશ, વાયુઓ, ઠંડી, ગરમી એ બધું કેવી રીતે તમને વેચી શકાય કે ખરીદી શકાય? અમારા બાંધવો માટે સમગ્ર ધરતી પવિત્ર છે. એના કણકણમાં અમારા પૂર્વજોનાં પરમાણુઓ પડેલાં છે. નદી કે ઝરણાંઓમાં વહેતાં પાણી એ ફક્ત પાણી નથી. એમાં અમારા પિતૃઓનું રક્ત વહે છે. એ તમને કેવી રીતે વેચી શકીએ?'

જેમ શહેરી સંસ્કૃતિનો વિકાસ થતો જાય છે અને જીવન નિર્વાહનો આંક ઊંચો જતો જાય છે, તેમ પ્રકૃતિ સાથે પ્રેમ અનુભવવાનો સમય માણસ ગુમાવતો જાય છે. કુદરત સાથેનો એનો સંબંધ, સંપર્ક ઔપચારિક બનતો જાય છે. નવી નવી વૈજ્ઞાનિક શોધોએ માનવ-જીવનને સુખસગવડમય બનાવ્યું છે અને માનવને કુદરતનાં દૂર દૂરનાં કઠિન સ્થળોએ પહોંચતો કરી દીધો છે એ વાતનો અસ્વીકાર ન થઈ શકે, પરંતુ બીજી બાજુ વિજ્ઞાને જ માનવ-જીવનને વધુ સંકુલ, વ્યગ્ર અને કલુષિત બનાવી દીધું છે એ પણ એટલું જ સાચું છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી વિશ્વના પ્રકૃતિપ્રેમીઓ, સંસ્કૃતિ-રક્ષકો, સમાજશાસ્ત્રીઓ અને ખુદ વૈજ્ઞાનિકો વિશ્વના પર્યાવરણની બાબતમાં સજ્ઞાન બની ગયા છે. બીજા વિશ્વયુદ્ધ પછી નવી નવી વૈજ્ઞાનિક શોધોને કારણે તથા વિકસતા જતા ઉદ્યોગોને કારણે તથા ખૂટતાં જતાં ખનીજ તત્ત્વોને કારણે કુદરતની સમતુલા જે ખોરવાઈ છે તે પ્રત્યે હવે દુર્લક્ષ સેવી શકાય એમ નથી.

માનવજીવનને વધુ સગવડવાળું બનાવવા માટે જીવજંતુઓનો ત્વરિત નાશ કરનારાં રસાયણ તથા વાયુનો ઉપયોગ ઘણો વધ્યો છે. ખેતરોમાં જંતુનાશક દવાઓ પુષ્કળ છંટાય છે. કારખાનાંઓમાંથી નીકળતાં ઝેરી વાયુ કે ઝેરી પાણીની અસર માછલી સુધી માનવજીવનને નુકસાન કરતી રહી છે. માછલી વગેરે જળચરો અને પક્ષીઓની વાત તો વળી જુદી. એવા વાયુઓના કારણે કયાંક એસિડનો વરસાદ પડવાના બનાવો પણ બન્યા છે. એથી સરવાળે માનવ જીવનને ઘણું નુકસાન થાય છે. દર વરસે સરેરાશ સાત હજાર માણસો જંતુનાશક દવાઓના કારણે મૃત્યુ પામે છે અને આઠ દસ લાખ માણસોના આરોગ્યને નુકસાન પહોંચે છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિશ્વ પ્રગતિ કરતું રહ્યું છે. સાથે સાથે નૈતિક અધોગતિ પણ કરતું રહ્યું છે. મલ્ટીનેશનલ કમ્પનીઓ પોતાના મોંઘા પગારદાર વૈજ્ઞાનિકો દ્વારા એવી એવી અનિષ્ટ શોધો કરાવે છે અને મોટો નફો મેળવવા માટે જાહેરખબરો અને એજન્ટો દ્વારા દુનિયાભરમાં એટલો બધો અવળો પ્રચાર કરે છે કે એમાંથી બચવું અઘરું થઈ પડે છે. ખાસ કરીને આફ્રિકા, મધ્ય પૂર્વ અને એશિયાનાં ગરીબ રાષ્ટ્રો બેકારી નિવારણના અર્થે આવા અનિષ્ટ ઉદ્યોગોના વિકાસમાં લાચારીથી સહકાર આપે છે અને આવી મોટી કમ્પનીઓ તે દ્વારા ધૂમ કમાણી કરે છે.

દિવસે દિવસે વધુ ને વધુ ઘાતક શસ્ત્રો શોધાઈ રહ્યાં છે. મોટાં રાષ્ટ્રો સ્વરક્ષણ માટે કે આક્રમણની પૂર્વતૈયારી રૂપે યુદ્ધ માટેનો

શસ્ત્ર સરંજામ ખડકતા જાય છે. વાત ભલે તેઓ શાંતિની કરતા હોય, અમેરિકા હોય કે સોવિયેત યુનિયન, પાકિસ્તાન હોય કે ભારત, ઇરાક હોય કે ઇરાન, દરેક રાષ્ટ્ર પોતાને આધુનિક શસ્ત્રોથી સુસજ્જ બનાવવાની પ્રવૃત્તિમાં સતત મચ્યાં રહે છે. અણુ બોમ્બ અને બીજા પ્રકારના બોમ્બના પ્રયોગો, બીજા વિશ્વ યુદ્ધ પછી નિયમિત થતા રહ્યા છે, વધતા રહ્યા છે. શસ્ત્રોના સરંજામોના પ્રયોગો, ઉત્પાદન અને ઉપયોગને કારણે વિશ્વના પર્યાવરણ પર માઠી અસર થયા કરે છે. શસ્ત્રોના ઉત્પાદનની અસર વિશ્વના અર્થકારણ ઉપર પણ થાય છે અને એથી વિશ્વની પ્રાકૃતિક સફળતાની સાથે આર્થિક સમતુલા પણ ખોરવાય છે. એની માઠી અસર ક્રમે ક્રમે ગરીબ દેશોની નીચલા સ્તરની પ્રજા ઉપર સૌથી વધુ થાય છે.

આખા વિશ્વની હવા પહેલાં જેવી નિર્મળ રહી નથી. નદી, સરોવર કે સાગરના પાણી પ્રતિદિન વધુને વધુ મલિન થવા લાગ્યાં છે. ખેતરોની જમીનમાં સારાં રસાયણોની સાથે માઠાં રસાયણોનું મિશ્રણ થવા લાગ્યું છે. પૃથ્વી, પાણી અને વાયુના ભૌતિક પ્રદૂષણની સાથે પ્રચારાત્મક માધ્યમો દ્વારા થતાં ખોટા પ્રચારોને કારણે વૈચારિક પ્રદૂષણ પણ દુનિયામાં ઘણું વધી ગયું છે.

કીડી, ઇયળ, મધમાખી, ગરોળી, ઉંદર દેડકાથી માંડીને સાપ કે વાઘ જેવાં હિંસક પ્રાણીઓ, એ તમામ જીવસૃષ્ટિ સાથે માનવ સમતોલ જીવન જીવતો આવ્યો છે. જીવસૃષ્ટિમાં એ દરેક જીવનું પોતાનું સ્થાન છે અને પોતાનો ક્રમ છે. અને સ્થાનભ્રષ્ટ કે ક્રમભ્રષ્ટ કરવા જતાં કે સમગ્રપણે એનો નાશ કરવા જતાં કુદરતની સમતુલા ખોરવાય છે. એની માનવજીવન ઉપર શારીરિક તેમ જ માનસિક દૃષ્ટિએ ઘણી અસર લાંબે ગાળે વરતાય છે. એવું માત્ર પ્રકૃતિપ્રેમીઓ નહિ, માનસશાસ્ત્રી અને વૈજ્ઞાનિકો પણ કહે છે.

વિચારવંત મનુષ્યોએ વર્ણ, જાતિ કે રાષ્ટ્રના ભેદ ભૂલીને નિર્મળ પર્યાવરણની દિશામાં એક મતે જાગૃતિ આણી, સંગીન કાર્ય કરવાની જરૂર છે. 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઊજવણી એ દિશાનું એક સ્તુત્ય પગલું છે. ઉત્તરોત્તર એ વધુ સંગીન, સાંકેય અને ફળદાયી બનશે એવી આશા રાખીએ.

રમણલાલ ચી. શાહ

સરતચૂક

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૭-૧૯૮૫ના અંકમાં સ્વ. રસિકલાલ મોહનલાલ ઝવેરી વિશે લખેલા મારા શ્રદ્ધાંજલિ લેખમાં નીચેની કેટલીક સરતચૂક થયેલી જણાય છે તે સુધારી લેવા વાચકોને વિનંતી છે.

(૧) 'રસિકભાઈ રસોઇયો અને નોકર રાખીને પોતે ઘરમાં એકલા રહેતા.' એમ મેં લખ્યું છે પરંતુ તેમની સાથે તેમની ભત્રીજી રાગિણી લગ્ન થયાં ત્યાં સુધી ઘણાં વર્ષ રહી હતી; અને છેલ્લાં કેટલાંક વર્ષથી એમના ભત્રીજા રનેલાઇના પુત્ર શ્રી સમીરભાઇ એમની દેખભાળ રાખવા અને એમને સહવાસ આપવા રહેતા હતા.

(૨) પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવવાનું હતું ત્યારે પોતે એકલા ચૂપચાપ હોસ્પિટલમાં પહોંચી ગયા...એમ મેં લખ્યું છે, પરંતુ પ્રોસ્ટેટનો ઓપરેશન વખતે એમના મોટાભાઈ રમણભાઇ, ભત્રીજા રનેભાઈ, સૂર્યકાન્તાબહેન વગેરે હાજર હતાં.

સ્વ. રસિકકાકા વિશેનો લેખ મેં સાંભળેલી વાતોને આધારે લખ્યો હતો. તેમાં ઉપર જણાવેલી તથા બીજી જે કંઈ સરતચૂક હોય તો તે માટે વાચકોની ક્ષમા ઇચ્છું છું.

-રમણલાલ ચી. શાહ-તંત્રી

'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને ચાહકો, લેખક-મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે-

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં કોઇપણ ધંધાદારી પેઢી કે કોઇપણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઇ પણ જાહેર ખબર (Advertisement) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઇ સંસ્થાના કાર્યક્રમોની વિગતો કે સમાચાર (Announcement) લેવામાં આવતા નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘ' સિવાયની અન્ય કોઈ સંસ્થાઓના થઈ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી.

(૪) અન્ય કોઈ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઇ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક લેખો આપવામાં આવે છે, એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુદ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગશે તો જ સ્વીકારી શકાશે.

લી. મંત્રીઓ.

સાભાર સ્વીકાર

વાયરા વસંતના લૂ વૈશાખની : મુનિ રત્નસુંદરવિજય કિં. ૧૦-૦૦ રત્નત્રયી ટ્રસ્ટ C/o. કલ્પેશ વી. શાહ, ૩૬ હસમુખ કોલોની, વિજયનગર રોડ, નારાયણપુરા અમદાવાદ ૩૮૦૦૧૩

ખીલતાં પારિજાત આપણે : આનંદ : મુનિશ્રી મુનિ ચંદ્રવિજયજી કિં. ૪ ૦૦, પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, શાંતિ નિકેતન, તીથલ (જિ. વલસાડ)

શાંતિપથ-દર્શન : જિનેન્દ્ર વર્ણી અનુ. સુનંદાબેન વોહોરા કિં. ૧૦-૦૦ શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સ્થળ : આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા ૩૮૨૦૦૯ (જિ. ગાંધીનગર)

સ્વ. મનુભાઇ મહેતા

* પ્રદીપ તન્ના

There is a Divinity
That shapes our ends
Rough hew them how we will

Shakespeare

મનુભાઇ મહેતા એક રવિવારે વહેલે પરોઢિયે શ્વાસની લીલા સંકેલીને આપણી વચ્ચેથી વિદાય લઇને મોટે ગામતરે નીકળી પડ્યા એ ઘટના સાવ અચાનક તો આવી નથી. એમની સારવાર કરી રહેલા ડોકટરોએ આ કઠોર નિર્માણનો થોડોક અણસાર સ્વજનોને આપી જ દીધો હતો. અને છતાંય મનુભાઇની આ વિદાય સાથે સમાધાન કરવું વસમું લાગે છે. એમના જવા થકી એમનાં સહધર્મચારિણી જયાબહેનના, પુત્રી મંજરીના ને વિશાળ મિત્ર-સમુદાયના જીવનમાં તો શૂન્યાવકાશ સર્જાયો જ છે, પણ ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રમાંથી પણ એક તેજપૂંજ લોપાઇ ગયાનો ભાવ અનુભવાય છે.

મનુભાઇ, આમ જોઇએ તો, લગભગ એક દાયકાથી 'જન્મભૂમિ' ના તંત્રી તરીકે નિવૃત્ત થઇ ગયા હતા. પણ તેઓ ન કદી 'જન્મભૂમિ' પરિવારના એક પનોતા સભ્ય તરીકે મટ્યા હતા કે ન પત્રકાર તરીકે આથમી ગયા હતા! બલ્કે પત્રકાર તરીકે તો તેઓ છેક સુધી જીવંત જ રહ્યા હતા. ગયા રવિવારના 'પ્રવાસી'માં પ્રગટ થયેલો એમનો વિજ્ઞાન વિષયક લેખ એ એમ છેલ્લે સુધી ધબકતાં રહેલાં પત્રકારનાં સંચાલનોનું એક પ્રતીક છે. નિવૃત્ત થયા પછી પણ છાપાંનો અને સામયિકોનો [એમનો પોતાના ખીસાનો] ખર્ચ ઘણા બધા સક્રિય પત્રકારોના એવા ખર્ચ કરતાં વધારે આવતો હતો એની કદાચ ઘણાને ખબર નહિ હોય!

મનુભાઈ જેવા બહુશ્રુત પત્રકાર આંગળીને વેઢે ગણી શકાય એથી વધારે કદાચ વર્તમાન ગુજરાતી પત્રકારત્વમાં આપણને ન પણ મળે! છેલ્લે છેલ્લે, ગુજરાત યુનિવર્સિટીએ મનુભાઇને ગુજરાતી પત્રકારત્વ વિશે થોડાં ભાષણો આપવા નિમંત્ર્યા હતા. પણ કેટલીક વહીવટી રુકાવટોને કારણે એ યોજના પાર પડી શકી નહોતી. ગુજરાતી પત્રકારત્વની એ મોટી કમનસીબી છે. મનુભાઇએ એ ભાષણની તૈયારી રૂપે દેશ અને દુનિયાના પત્રકારત્વ વિશે અનેક માનસિક ટાંચણ કરી રાખ્યાં હતાં. મનુભાઇ જતાં એ ખજાનોય વિલુપ્ત થઈ ગયો! રહીરહીને આનો વસવસો થયા જ કરે છે: કારણ કે એ ટાંચણોને આધારે થનારાં એ ભાષણો કોઇક વખતે પુસ્તકાકારે પ્રગટ થયાં જ હોત, ને એ પુસ્તક થકી ગુજરાતી પત્રકારત્વની બળકટતાનો ને મર્યાદાઓનો એક દસ્તાવેજી આલેખ આપણને પ્રાપ્ત થઇ શકયો હોત! બીજી એક વાતનો વસવસો પણ રહ્યા જ કર્યો છે: ૧૦ મી જુલાઈ ૧૯૮૫ને દિવસે તેઓ ૭૫ વરસ પૂરાં કરે તે જ દિવસે એમના લેખોનો સંગ્રહ પ્રગટ કરવાનું એક છાનું છપનું પણ અતિ મધુર 'કાવતરું', એમના મિત્રોએ રચ્યું હતું તે પાર પડી શકયું નહિ, એનો અફસોસ પણ કોને ન હોય? આવા કાવતરાની ગંધ એમને આવી ગયેલી ખરી! એટલે કાવતરા પછવાડેનો આપણો સ્નિગ્ધ પ્રેમસંદેશ તેમને પહોંચી શકયો હતો એટલું જ એક આશ્વાસન આપણે હવે લેવાનું રહે છે. આશ્વાસન ભલે લઇએ, પણ તર્પણ હજી બાકી છે એટલું ભુલાય નહિ એ જોવાનું રહે છે.

આવા મનુભાઇને થવું હતું તો ઇજનેર, પણ ગુજરાતી પત્રકારત્વના નસીબે ખાટી જવાપણું લખ્યું હશે, તે થયા પત્રકાર. જીવનના તડકાછાયા જોતાં જોતાં, ઇજનેર થવાનાં સ્વપ્નો વાગોળતાં વાગોળતાં, પ્રથમ પંક્તિના પત્રકાર થવા માટેની આવશ્યક એવી હૃદય-મનની કાચી સામગ્રી વ્યકિતત્વના અંશોમાં એમણે કયારે અને કયા છાને ખૂણે પ્રાપ્ત કરી લીધી હશે, એ સાચે જ એક રહસ્ય છે.

ને પત્રકાર થયા તે પણ કેવા! જેવી કદાવર દેહાકૃતિ એવી જ કદાવર પત્રકાર તરીકેની પ્રતિભા! જેવો ગરવો સ્વભાવ એવો જ ગરવો અને નરવો પત્રકાર તરીકેનો અભિગમ! જેટલું સ્વમાની ચારિત્ર્ય એટલું જ નિર્ભીક પત્રકારત્વ. નવોદિતકાર પત્રકારોને એમની પ્રતિભાના અંશો ઉમેરવામાં મદદ કરવા તત્પર એવા સમભાવી, બેહૂદી અને બુદ્ધિ વિનાની વાતો કરનારાઓ સામે ઉધાડા ઊઠતા શીઘ્રકોપી! ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં જે થોડાંક નામો શ્રેષ્ઠ અને જયેષ્ઠ પત્રકારોની યાદીમાં મૂકી શકાય એમ છે, એમાં મનુભાઈ અને વશેકાઇએ સદાય ઉલ્લેખાતાં રહેશે.

મનુભાઈ 'જન્મભુમિ' જેવા પ્રતિષ્ઠિત અખબારના ૧૩ વરસ સુધી (૧૯૬૧-૧૯૭૪) તંત્રી હતા. એટલા જ એક કારણસર એમની નોંધ લેવાશે એમ કહેવામાં એમને થોડોક અન્યાય થઈ જશે. મનુભાઇએ પત્રકાર તરીકે ગુજરાત અને ગુજરાતીઓને પોતાના ગજનો ગૌરવારપદ અને કોઈ આહ્લાદકર પરિચય કરાવ્યો છે તે તંત્રીના હોવા થકી આવતી આભા વિના પણ એમને પત્રકારત્વના ક્ષેત્રે ઊંચા આસને બેસાડી શકે એમ છે. મનુભાઇ બહુશ્રુત હતા, એમની પ્રતિભાને અનેક પાંખડીઓ હતી. એમની ચાલ ટટ્ટાર હતી, વ્યકિતત્વમાં ટંકારવ હતો. એમના અવાજમાં ગર્જન હતું, પણ મૃદુતા વિનાનું નહિ! પત્રકાર તરીકે કોઇની શેહશરમ એમના લગી પહોંચતી નહિ, પણ એમનું વ્યકિતત્વ સ્નેહાંકિત હતું [એમના મિત્રો અને નાનામોટા સઘળા સહકાર્યકરોનો એ સુખદ અનુભવ છે.]

તંત્રી તરીકે મનુભાઇ એમના સાથીઓમાં પૂર્ણ વિશ્વાસ મૂકતા અને સદાય એમની પડખે ઊગતા. જાહેર જીવનની કોઇ સ્થાપિત હિત ધરાવતી વ્યકિત 'જન્મભૂમિ' સામે ફરિયાદ કરે ત્યારે કહેતા કે અમે જે કર્યું છે તે યોગ્ય જ છે. કોઈ વ્યકિત જાતની ધમકી આપે તો તેઓ ટેલિફોનમાં ગર્જી ઊઠતા! 'જન્મભૂમિ'ને જે યોગ્ય લાગશે, જે સત્ય હશે તે જ પ્રગટ થશે, યુ કેન ડુ યોર વર્સ્ટ!' આવી તો કેટકેટલી ધમકીઓને એમણે ફૂંકીને ઉડાવી દીધી હતી. સ્વમાન સાથે સમાધાનની વાત આવે ત્યારે રાજીનામાની તૈયારી સાથે જ તેઓ પોતાનું દ્રષ્ટિબિંદુ વ્યકત કરતા. એમણે તંત્રી તરીકે કેટકેટલી મોટી ગણાતી વ્યકિતઓના લેખોને 'અસ્વીકાર્ય'નું લેબલ લગાવીને પાછા મોકલ્યા હતા. કેટલીક બાબતો પ્રસિદ્ધ ન કરવા માટે સીધું કે આડકતરું દબાણ આવે ત્યારે તો તેઓ નિશ્ચયાત્મક રીતે કહેતા કે એ પ્રગટ થશે જ! 'હું એક અખબાર ચલાવું છું, આશ્રમ નહિ' સાચા પત્રકારને શોભે એવો, આવો ગર્વિલો અને ટેકીલો

જવાબ 'જન્મભૂમિ'ના આદ્ય તંત્રી સદ્‌ગત શ્રી અમૃતલાલ શેઠે એક વેળા મહાત્મા ગાંધીજીને આપ્યો હતો. આવી ખુમારીનો વારસો મનુભાઈ થકી કેટલો જળવાયો ને કેટલો નહિ એનો ચુકાદો આપવાની આ વેળા નથી. એ યશ-અપયશની ગાંસડીઓ બંધાવી આપવાનું કામ આપણું નહિ. ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ યથા સમયે સૌને સૌના અધિકાર મુજબ એવી ગાંસડીઓ સમતોલપણે વહેંચી આપવાનું કાર્ય કરે ત્યાં લગી એના ચુકાદા માટે આપણે રાહ જોઇશું.

'જન્મભૂમિ'ના તંત્રી તરીકે એમણે એમના પ્રતાપી પૂર્વજોના પેંગડામાં પગ મૂકી બતાવ્યો હતો. 'જન્મભૂમિ'ની પ્રગતિમાં તેઓ નિમિત્ત બન્યા હતા. સંસ્થા પ્રત્યેની વફાદારી એવી કે પ્રલોભનો આવ્યાં ત્યારે પણ તેઓ અવિચળ જ રહ્યા! વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા પછી પણ માનદ્‌ સલાહકાર તરીકે થોડો વખત એમની સેવાઓ લેવાનું સંસ્થાને યોગ્ય લાગ્યું હતું. 'જન્મભૂમિ' સાથેના સુદીર્ઘ સહયોગ દરમિયાન, થોડો વખત સુરતમાંથી પ્રસિદ્ધ થતા સંસ્થાના જ દૈનિક 'પ્રતાપ'ના તંત્રી તરીકે પણ તેમણે કામગીરી બજાવી હતી.

મનુભાઇએ તંત્રી થતાં પહેલાં ઉપતંત્રી, વૃત્તાન્ત નિવેદક, રમતગમતના સમીક્ષક, સાહિત્ય, કલા અને સંગીત વિવેચક, વિજ્ઞાન વિષયક લેખોના લેખક, અગ્રલેખોના લેખક તથા સમાચાર સંપાદક તરીકેની વૈવિધ્યભરી કામગીરી બજાવી હતી. આવી વિવિધ હેસિયતથી લગભગ અડધી સદી સુધી એમણે ખેડેલા પત્રકારત્વને લીધે ગુજરાતી પત્રકારત્વ થોડુંક વધારે ઉજમાળું બન્યું છે. રાષ્ટ્રજીવનનાં બધાં ક્ષેત્રોની રખવાળી કરવાનો પત્રકાર ધર્મ એમણે કોઇ અદ્‌ભુત સામાજિક જાગૃતિપૂર્વક આચરી બતાવ્યો છે, એના પુરાવા આપણને અભ્યાસ, આંતરિક અભિનિવેશ, સમભાવ અને કંઈક આક્રોશ-પૂર્વક લખાયેલા અગ્રલેખોમાંથી મળી રહે છે. મનુભાઇનાં લખાણોના નિયમિત વાચકો, ગરીબીમાં સબડતી પ્રજાની વચ્ચે પ્રજાના સેવકોને વૈભવના ખૂની ભપકા સૂઝે છે, એવો પ્રશ્નાર્થ કરતો અગ્રલેખ 'રિટ્ઝ હોટેલ અને ભંગી કોલોની' આજે પણ યાદ કરે છે!

સમાજકારણ, રાજકારણ, સંગીત, સાહિત્ય, વિજ્ઞાન અને ક્રિકેટ, એમ ભિન્ન પ્રકારના વિષયોમાં એમની પત્રકારી કલમ આસાનીથી વિહરતી, આ તો કલમ વિહારની વાત થઇ, પત્રકારત્વના વ્યવસાયનાં વહીવટી આંટીઘૂંટી અને કસબ-કાકૂ-પણ એમને હસ્તગત હતાં. તેઓ તો નીચલી સપાટીના બધા પ્રકારના 'ઠસરડા' કરતા કરતા ઊંચા સ્થાને આવ્યા હતા ને! વિજ્ઞાનના વિષયોની એમની માવજત તો એક અલાયદા પ્રકરણનો વિષય બની શકે એવી છે. પરદેશથી આવનારા નામાંકિત વિજ્ઞાનીઓને મળવાનું થતું ત્યારે એ વિજ્ઞાનીઓ પણ મનુભાઇની તેજસ્વી વૈજ્ઞાનિક બુદ્ધિથી અભિભૂત થતા હતા. ગુજરાતી વાચકોને વિજ્ઞાનાભિમુખ કરવામાં મનુભાઇનો ફાળો ઘણો મોટો લેખાશે. વિજ્ઞાનનો કોઇ પણ લેખ હોય-મનુભાઇએ જે તે વિષયના છેલ્લામાં છેલ્લા સંશોધનનો મર્મ એમાં આપ્યો જ હોય.

આ લેખો પાછળ તેઓ ઘણો જ પરિશ્રમ ઉઠાવતા. વિજ્ઞાનના કોઈ પણ પાસા વિશે ઇન્ગ્લેન્ડમાં શું થઇ રહ્યું છે, ઓસ્ટ્રેલિયામાં કેવી પ્રગતિ થઇ છે, જર્મની કયાં છે, અમેરિકા કેટલેક આવ્યું છે, રશિયા આગળ છે કે પાછળ આ બધાંનું પગેરું મનુભાઇ અનેક સામયિકો, પુસ્તકો અને રેડિયોના અવિરત સેવનથી રાખતા હતા અને એ બધી સામગ્રી સફળ, રસસિકત બાનીમાં ગુજરાતીઓ માટે વ્યકત કરતા હતા.

એમનો દેહ ઊંચો ને કૈંક સ્થુળ પણ ખરો! પણ એ સ્થુળતાને કારણે પત્રકાર તરીકે કરવા જોઇતા પુરુષાર્થને એમણે કયાંય આંચ આવવા દીધી નહોતી. એમનાં બુદ્ધિસામર્થ્યનો પિંડ શી રીતે બંધાયો? ન્યાયાધીશ પિતાના તેઓ છેલ્લા પુત્ર. મનુભાઇના જન્મ પછી પિતા છ જ વરસમાં નિવૃત્ત થયા હતા. મનુભાઇએ વરસો સુધી ગરીબીમાં તવાવું પડ્યું હતું. એમનો પ્રાથમિક અભ્યાસ ચીખલીમાં. માધ્યમિક થોડોક ચીખલીમાં, થોડોક અમદાવાદમાં, ઉચ્ચ અભ્યાસ વડોદરા, બનારસ અને મુંબઇમાં, વિલ્સન કોલેજમાંથી તેઓ વિજ્ઞાનના સ્નાતક થયા. અભ્યાસમાં તેઓ પહેલેથી જ ભારેના તેજસ્વી. એક વેળા તો વરસમાંથી સાત મહિના ગેરહાજર (માંદગીને લીધે) હતા તો ય પહેલો નંબર તો રાખ્યો જ! નાનપણમાં પણ એક વેળા એક વરસમાં ત્રણ પરીક્ષા આપીને મોટો હનુમાન કૂદકો એમણે મારેલો! ઇજનેર થવાનાં સ્વપ્નોનાં ભાથા સાથે તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ગયા હતા.

અહીં જ આ લેખના આરંભમાં જે Divinityનો ઉલ્લેખ છે તેનો પ્રવેશ થાય છે, ૧૯૩૨ની સ્વરાજ્યની ચળવળ મનુભાઇની કારકિર્દીમાં નવો વળાંક લઇને આવી હતી, સત્યાગ્રહના આંદોલનમાં આખું કુટુંબ ખુવાર થઈ ગયું, બ્રિટિશ સલ્તનતે, એમનાં જમીન, ઘર, ઘરવખરી દેવદેવીની ચાંદીની મૂર્તિઓ, પુસ્તકો બધું જ જપ્ત કરી લીધું હતું. આખું કુટુંબ પહેરેલે કપડે અને અધભૂખ્યા પેટે રસ્તા પર ફેંકાઇ ગયું હતું. કાળમીંઢ ગરીબીનો પડછાયો એમના કુટુંબને ઘેરી વળ્યો! પણ ભવિષ્યમાં જેમનામાં અદ્‌ભુત જ્ઞાનબળ અને આત્મબળ પ્રગટવાનું હતું એ મનુભાઇ હિંમત હારી જાય એ તો નામુમકિન!

મનુભાઈ મોટાભાઈ બાલુભાઇની સાથે મુંબઇ આવ્યા. બાલુભાઇને તો 'હિન્દુસ્તાન પ્રજામિત્ર'માં ઉપતંત્રી તરીકેની નોકરી મળી ગઈ. મનુભાઇને પણ પરચુરણ નોકરીઓ તો મળતી રહી, પણ કોણ જાણે કેમ, એમની બહુમુખી પ્રતિભાને આ નોકરીઓમાં સોરવતું જ નહિ! જેના માથામાં હૃદયમનનાં અનેકવિધ સંચલનો કોચલું ભેદીને બહાર આવું આવું થતાં હોય એને આવા વાણોતરિયાં કામો કયાંથી ફાવે?

શાળા કોલેજમાં અને તે પછીના કાળમાં પણ સંસ્કૃતના પ્રશિષ્ટ ગ્રંથોનું સેવન એમણે અદ્‌ભુત લગનપુર્વક કરેલું. વિજ્ઞાનના પ્રથમ પ્રેમના સંગની વચ્ચે પણ તેઓ અંગ્રેજી તથા ગુજરાતી સાહિત્યના શિષ્ટ ગ્રંથોનું પરિશીલન કરતા જ રહ્યા હતા. સાહિત્યકારો સાથેની ગોષ્ઠિ કરતી વખતે મનુભાઇ ઘણીવાર નમ્રતાપૂર્વક કહેતા કે મને તો સાહિત્યમાં શું સમજણ પડે? પણ મનુભાઈ કાન્ત, કલાપી, ગોવર્ધનરામ, બ. ક. ઠા., મેઘાણી, મુનશી, શેકસ્પિયર અને શેલી તથા કાલિદાસ તથા બાણ ભટ્ટને ટાંકી શકતા એટલું જ નહિ, કેટલીકવાર સહૃદયોમાં કોઇક પાઠ વિશે મતભેદ થતો ત્યારે સાચા પાઠ માટે મનુભાઇના વાંદરાના ઘરનો પડપળ્યપ ટેલિ. નંબર રણકી ઊઠતો હતો. સંસ્કૃતનો આ પ્રેમ એમને વારસામાં મળ્યો હતો. એમના પિતા વલ્લભરામ સંસ્કૃતના વ્યુત્પન્ન પંડિત હતા, એમણે યજુર્વેદી સંહિતાની સમીક્ષાનું એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. વલ્લભરામભાઈ આખી

શેરીના છોકરાઓને ભેગા કરીને સંસ્કૃતના ગ્રન્થોનું પયોપાન કરાવતા. એમનાં માતા દ્વિવકોરબાને પણ સંસ્કૃત ધાર્મિક ગ્રંથો વિશે ઊંડી પ્રીતિ હતી. ૯૩ વર્ષની વયે એમનું અવસાન થયું ત્યાં સુધી આખી ભગવદ્ગીતા એમને કંઠાગ્રે હતી. આવાં માતાપિતાના તેજસ્વી સંતાન મનુભાઈથી કાલિદાસનાં યજ્ઞનેયક્ષિણી, મેઘમાલા અને મદનનાં વણનો તથા બાણભટ્ટના અચ્છોદ સરોવરમાં તરતી હંસીઓ ભૂલી ન જ શકાય તો ! ને મનુભાઈનો જીવ તો પાછો, ખાંસાહેબ અબ્દુલ કરીમખાં, ઉસ્તાદ ફૈયાઝખાં અને કેસરબાઈના સંગીત ભણી પણ ખેંચાતો રહેતો હતો. એમની વિજ્ઞાન બુદ્ધિ બ્રહ્માંડનાં સંચલનો આપવા માટે પણ આતુર બની હતી. મનુભાઈનો જીવ આવો બહુરંગી આંતરચેતના પ્રવાહ લઈને આવેલો વિરલ જીવ હતો.

આખરે એમને પણ 'હિન્દુસ્તાન પ્રજામિત્ર'માં જ નોકરી મળી ગઈ. પણ અભ્યાસી જીવ એટલે કાયમી રાતપાળી કરે અને દિવસે જ્ઞાનોપાસના ! આમ 'ગાડું હળવે હળવે સરાડે પડતું હતું ત્યાં વળી પાછા માઠા દા'ડા આવી લાગ્યા. બેકાર બન્યા, આવે વખતે દાદરથી મુંબઈ આવવા માટે ગાંઠે એકય પૈસો નહિ એટલે ઠેઠ લગણ ચાલતાં ચાલતાં ફોટ પહોંચેલા ! થોડા વખત પછી 'જન્મભૂમિ'માં ઉપરતળે ફેરફાર થયા એમાં આ બન્ને ભાઈઓનો સમાવેશ થઈ ગયો. અહીં એમને સઘળાં કામમાં સફળતા જ વરતી રહી. કામની ધગશ, પુરુષાર્થમાં કમીના નહિ ને સંસ્થા પ્રત્યેની વફાદારી ખાસ તરી આવતાં. પત્રકાર તરીકે ગજું સિદ્ધ થયા પછી બ્રિટનની સરકારના નિમંત્રણથી તેઓ ૧૯૬૦માં ઈન્ગ્લેન્ડના પ્રવાસે પણ જઈ આવ્યા હતા.

મનુભાઈ મહેતાનું 'વિજ્ઞાનમુદ્રા' નામનું પુસ્તક ગુજરાતી સમાજને વિજ્ઞાનાભિમુખ કરવામાં ઘણું મદરૂપ થઈ શકે એવું છે. વિજ્ઞાન વિષયક અનેક પુસ્તકોના અનુવાદ પણ તેમણે કર્યા છે. તેમણે બાર પરિચય પુસ્તિકાઓ લખી છે.

મનુભાઈને સંતાન નથી, પણ એમણે સંતાનપ્રેમ કરીને જાણ્યો હતો. પહેલાં એમણે સાળાની પુત્રી જ્યોતિને દીકરી માની, જ્યોતિ હર્ષદભાઈ ભટ્ટને પરણીને સાસરે ગઈ તે પછી એમની જ દીકરી મંજરીને પણ મનુભાઈ જયાબહેને દીકરી તરીકે અપનાવી લીધી.

મનુભાઈનાં સહધર્મચારિણી જયાબહેન સીધાંસાદા, ધર્મિષ્ઠ ને ઘરરખુ, આર્યસંસ્કૃતિની લાક્ષણિક રત્નેહાળ નારી છે. મનુભાઈ અભ્યાસખંડમા અવકાશવિજ્ઞાનના સીમાડા ઢંઢોળતા હોય ને જયાબહેન હરિસ્મરણમાં મગ્ન હોય એ એમના પત્રકાર નિવાસમાંના ઘરનું ઘણા પત્રકારોને પરિચિત એવું લાક્ષણિક દૃશ્ય છે. મનુભાઈ જતાં એ દૃશ્ય હવે નંદવાઈ ગયું છે. પણ શું ખરેખર એ નંદવાઈ ગયું છે? કદાચ બે વિભાગમાં વહેંચાઈ ગયું છે ! મનુભાઈનો તો આત્મા નકકી બ્રહ્માન્ડનાં રહસ્યો ઢંઢવા નીકળી પડયો હશે ને જયાબહેન આજે પણ હરિસ્મરણમાં જ મગ્ન કલ્પી શકાય છે. મનુભાઈ હયાત હતા તે વેળાનું જ આ દૃશ્ય છે....પણ બે વચ્ચે કેટલું અંતર...!

શહેનશાહ ને શાયર

બહાદુરશાહ ઝફર

✿ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

બાબર જેવા પ્રખર પરાક્રમીને હાથે સ્થપાયેલા અકબર જેવી મહાન વિભૂતિના પુરુષાર્થથી બુલંદીના સર્વોચ્ચ શિખરે પહોંચેલા, જાજવલ્યમાન ને જાહોજલાલીભર્યા મુગલ સામ્રાજ્યનાં ત્રણસો વર્ષના ગાળા દરમિયાન ભારતે કલા કારીગરી, સાહિત્ય, સ્થાપત્ય વગેરે ક્ષેત્રે સારી એવી પ્રગતિ સાધી હતી. પણ પછીના બાદશાહ ઔરંગઝેબની, નીતિરીતિઓ તથા નાદિરશાહ ને અહમદશાહની ચઢાઈઓએ અને માંહોમાંહોનાં લડાઈ-ઝગડાઓએ આ મજબૂત રાજ્યના પાયા હચમચાવી નાખ્યા. રાજ્યની તિજોરી ને તાકાત, બંને ખાલી થઈ ગયાં હતા. તાજમહાલ, મયૂરાસન, કોહિનૂર વગેરે માત્ર આશ્વાસન લેવાની સ્મૃતિઓ થઈ પડયાં હતાં. આટલું ઓછું હોય તેમ, શાહ આલમના વખતમાં બાદશાહત પર મરાઠાઓએ જમાવેલું વર્ચસ વખત જતાં અંગ્રેજોએ આંચકી લીધું હતું.

આથમતા મુગલ સામ્રાજ્યની આવી વિષાદઘેરી સંધ્યામાં, ઔરંગઝેબની ચોથી પેઢીના બાદશાહ આલમના શાસનકાળમાં, એના બીજા પુત્ર મિર્ઝા અકબર શાહને ત્યાં, એની હિન્દુ બેગમ લાલબાઈની કૂખે તા. ૨૪મી ઓકટોબર ૧૭૭૫ને દિને, મુગલ સામ્રાજ્યના છેલ્લા બાદશાહ સિરાજુદ્દીન બહાદુરશાહ ઝફરનો જન્મ થયો. નજૂમીઓએ નક્ષત્રો વગેરેની ગણતરી કરી એમનું નામ 'અબુઝફર' રાખ્યું.

સામ્રાજ્યની આવી કંગાલ હાલતમાં પણ શાહઝાદા અબુઝફરને, મુગલ યુવરાજને છાજે તેવાં લાલન પાલન ને શિક્ષાદીક્ષા પ્રાપ્ત થયાં. મુગલ બાદશાહોની રંગીન જીવનચર્યાઓના વાતાવરણમાં ઊછરેલા હોવા છતાં, સ્વભાવે જ સૂફી જન્મેલા ઝફરના હૈયામાં નાની ઉંમરથી જ કવિતા પ્રત્યે અનુરાગ જાગ્યો હતો, જે શરૂઆતમાં શાહ નસીર અને પાછળથી ઉસ્તાદ ઝૌકના માર્ગદર્શન હેઠળ વિકાસ પામતો રહ્યો.

અનેક વિદ્યાઓમાં પારંગત થયેલા આ સુશીલ, સંસ્કારી ને સાલસ સ્વભાવના શાહઝાદા જોડે વિધિએ જબરી છલના માંડી; શાહઝાદાની આખીએ જિંદગી અનેક દુઃખદ અને આઘાત-જનક પ્રસંગોની પરંપરાથી છવાઈ ગઈ.

એકવાર મહાદજી સિંધિયા કોઈ ઝગડો પતાવવા દિલ્હીની બહાર ગયા હતા ત્યારે રોહિલા સરદાર ગુલામ કાદિર દિલ્હી પર ચઢી આવ્યો. લૂંટફાટ, મારફાડ ને અનેક અત્યાચાર ગુજર્યા. શાહ આલમને જમીન ઉપર પછાડી એ છાતી પર ચઢી બેઠો ને ખંજરની અણી વડે એના બંને ડોળા બહાર કાઢી લીધા. બધાં જોતાં જ રહ્યાં, કોઈ આંગળી સરખી ઊંચી કરી ન શકયું. પાછળથી જો કે સિંધિયાએ દિલ્હી આવી આનું પૂરેપૂરું વેર વાળ્યું, પણ દાદા પર ગુજરેલા આ ક્રૂર સિતમનું દૃશ્ય ઝફર જીવનભર ભૂલી ન શકયા.

મુગલ રાજકુટુંબમાં રાજગાદી માટે ભાઈઓ કે પિતા જોડે લડી લેવાની પરંપરા તો હતી જ. પણ એ બાબતમાં ઝફર અનન્ય અપવાદરૂપ હતા. શાહઆલમના મૃત્યુ પછી ગાદી

પર આવેલા ઝફરના પિતા અકબર શાહે, **ઝફર ગાદી વારસ હોવા છતાં** કૌટુંબિક ખટપટને પરિણામે **બીજા શાહઝાદાને ગાદીવારસ** જાહેર કર્યો અંગ્રેજોએ ઝફરનો પક્ષ લીધો ત્યારે અકબર શાહ એવું પણ કહેવાની હદે ગયો કે અબુ ઝફર મારો દીકરો જ નથી. સૂફી પ્રકૃતિના ઝફર, આ કડવો ઘૂંટડો પણ ગળી ગયા. સંજોગવશાત એ શાહઝાદો અકાળે અવસાન પામ્યો ને સને ૧૮૩૭ની ૩૦ મી ડિસેમ્બરે ૬૨ વર્ષની વયે ઝફર ગાદીનશીન થયા.

પરંતુ આ બાદશાહત પણ કેવી વિડંબના હતી ! એક તરફ શહેનશાહનું ઉચ્ચતમ ગૌરવભર્યું સ્થાન ને બીજી તરફ અસહ્ય લાચારીભરી અર્થહીનતા ! આવી વિષમ આત્યંતિક પરિસ્થિતિમાં મુકાયેલા સૂફી ને શાયર પ્રકૃતિના સંવેદનશીલ હૈયાની અભિવ્યક્તિ સ્વાભાવિક રીતે જ કાવ્યસ્વરૂપે પ્રસ્ફુરિત થવા માંડી.

ચાહતે હૈં કમ નિશાં અપના, વો મિસ્લે નકશે પા,
જો કિ મિટ જાને કા બૈદૂ હૈં ફના કી રાહ પર !

પૂરેપૂરા ફના થવાની રાહ પર ચાલનારા, પાછળ પોતાની સ્મૃતિ રહે એવી અપેક્ષા રાખતા નથી; એમનું જીવન તો માર્ગ પર પડેલાં પદચિહ્નો જેવું–પગલાંની છાપ જેવું હોય છે, જેના નસીબમાં વહેલા મોડા ભૂંસાઈ જવાનું જ લખાયેલું હોય છે.

બહાદુરશાહ આમ જુઓ તો હિન્દુસ્તાનના શહેનશાહ હતા, પરંતુ પ્રકૃતિથી એ સંવેદનશીલ શાયર પણ હતા. તત્કાલીન રાજકારણમાં એમની મુત્સદ્દીગીરી–એમણે બતાવી કરી હોત તોયે–કેટલી કારગત નીવડી શકી હોત, એ એક મૂંઝવે એવો સવાલ છે. આમ છતાં ૧૮૫૭ની ક્રાંતિ પ્રસંગે એમણે એમણે ભારતની પ્રજાજોગ ખબર પાડેલા ઢંઢેરાના શબ્દો, એમને તે સમયના રાજકારણમાં પણ, ઊંડી દેશદાઝવાળી વિશિષ્ટ ને વિરલ વ્યક્તિ તરીકે રજૂ કરે છે. એ ઢંઢેરામાં હતું 'હિન્દુસ્તાન આઝાદ થાય એ મારા દિલની તમન્ના છે... (એ માટે) હું મારા તમામ હકકો–બાદશાહી અધિકારો છોડી દેવા તથા તમે જેને ચૂંટો તેના હાથમાં મારી જાતને સોંપી દેવા તૈયાર છું...'

જબ્બર અન્યાય, અત્યાચાર ને યાતના ભોગવનાર ઝફર બાદશાહ કે મુત્સદ્દી કરતાં એક સહૃદય મનુષ્ય ને ઉચ્ચ કક્ષાના સંવેદનશીલ સજ્જન હતા. હિંદુ–મુસ્લિમ જેવા કોઈ જાતિભેદને એમના દિલમાં સ્થાન જ ન હતું. એમની પંક્તિઓમાં છે:

જો કાબે મેં હૈ શેખ વહી બુતકદે મેં હૈ
નાહકકા તેરે દિલમેં યે ભટકાવ પડ ગયા !

'શેખ, જે કાબામાં છે તે જ મંદિરમાં છે. તારું દિલ, નાહકનું આ ભેદભાવમાં ભળતું રહે છે.' વળી કહ્યું છે

ન દેખા કહીં વો જલ્વા, જો દેખા ખાના – એ – દિલમેં.
બહોત મસ્જિદમેં સર મારા, બહોત સા ઢુંઢા બુતખાના !

'એ પ્રકાશમાન જ્યોતિને શોધવા મંદિર ને મસ્જિદ, બંનેમાં ઘણું ફાંફાં માર્યા પણ કયાંય એ ન મળી. એનાં તો અંતે અંતરમાં જ દર્શન થયા !'

ક્રાંતિકારી સિપાહીઓએ દિલ્હી પહોંચી બાદશાહના આશીર્વાદ લીધા ને બાબાખોરાકીની સહાય મળી.

ગુમાંત મેં અગર આપે–અકાં ભી હો તો ઉસસે,
બહેતર મેરે નઝદીક હૈ ખાકે–વતને–ખુસ્ક !

પરદેશમાં અમૃત મળે એમ હોય તો યે, હું તો મારા વતનની-મારા દેશની મારી પાસે જ રહેવાનું વધુ પસંદ કરું પછી ભલેને મારું વતન વેરાન હોય !

આવી આરઝુવાળા વતનપરસ્ત બાદશાહે, નિર્દોષોની હત્યા, લૂટફાટ તથા કર્યાંય અગ્નિકાંડ ન કરવાની શરતે એમને માટે ખાબાખોરાકીનો પ્રબંધ કરી આપ્યો. માનવતાની આવી વિશાળ ને ઉદાર દૃષ્ટિને લઈને સ્તો ક્રાંતિકારીઓએ જાહેર કર્યું કે સફળ થયે, બહાદુરશાહને જ સાચા અર્થમાં દેશના શહેનશાહપદે સ્થાપીશું–ને ક્રાંતિકારીઓએ તો એમને નામે આદેશો પણ જારી કરવા માંડ્યા ! ૮૨ વર્ષના વૃદ્ધ બહાદુરશાહ પોતે તો કંઈ કરી શકે એમ હતા જ નહીં એ કેવળ જોતા જ રહ્યા !

બળવામાં બાદશાહ પણ સંકળાયેલા છે એની જાણ તો અંગ્રેજોને થઈ જ હતી. એમણે દિલ્હી ફરી કબજે કર્યું ત્યારે બાદશાહ, સપરિવાર, હુમાયૂંના મકબરામાં જઈ છુપાયા. ક્રાંતિકારીઓએ તો એમને વધુ સુરક્ષિત સ્થાને લઈ જવા ઘણો આગ્રહ કર્યો પણ મિર્ઝા ઇલાહીબક્ષની સલાહ માની એ ત્યાં જ રહ્યા. પણ આ ઇલાહીબક્ષ તો અંગ્રેજોનો મળતિયો હતો. એણે વિશ્વાસઘાત કરી બાદશાહને અંગ્રેજોના હાથમાં સોંપી દીધા.

અંગ્રેજ વેપારી કંપનીએ હિન્દુસ્તાનના સમ્રાટ પર, બળવામાં સંકળાયેલા હોવાનો આરોપ મૂકી એમની સામે મુકદ્દમો ચલાવ્યો ને એમને પદભ્રષ્ટ કર્યા તથા આજીવન કેદ ભોગવતા રંગૂન મોકલી દીધા...વતનપરસ્ત શહેનશાહનું હૈયું રડી ઊઠયું.

જલાયા યારને એસાં કિ હમ વતન સે ચલે,
બતૌર શમ્અ કે, રોતે હુએ અંજુમન સે ચલે,
ન બાગબાંને ઈજાઝત દી સૈર કરને કી,
ખુશી સે આયે થે, રોતે હુએ ચમન સે ચલે !

'જેમને દોસ્ત માન્યા, એમણે જ અમને એવા દુભવ્યા, કે ભરસભામાંથી અમારે વિદાય લેવી પડી. વતન છોડવું પડ્યું. અમે જ્યાં ઉલ્લાસભેર આવ્યા હતા. ત્યાં જ, હવે અમારે માટે ફરવા ફરવાની પણ છૂટ ન રહી. આંસુની નીતરતી આંખે અમે બાગમાંથી-અમારા વતનમાંથી વિદાય લીધી.

ઝફરના સમય ને સંજોગો એમને માટે રાજકીય ક્ષેત્રે જેમ કમનસીબ નીવડ્યા તેમ સાહિત્યિક ક્ષેત્રે પણ એટલા જ કમનસીબીભર્યા નીવડ્યા ! ઉર્દૂ શાયરીને ક્ષેત્રે ગાલીબ અને ઝૌક તત્કાલીન સાહિત્ય-વિશ્વ પર એવા છવાઈ ગયા હતા કે ઝફરની વિશિષ્ટ પ્રતિભા પણ એમને મુકાબલે આગળ આવી ન શકી. પરિણામે વર્ષો સુધી એ ઠીક ઠીક ઉપેક્ષિત રહ્યા.

પણ હવે શાયર તરીકેનું એમનું મહત્ત્વ ને એમની શાયરીની વિશિષ્ટતા આપણે પિછાન્યાં છે. તત્કાલીન શાયરીમાં દેખાતી ફારસિયત તથા ભારેખમપણાથી ઝફરની રચનાઓ અળગી રહી છે, ત્યારે ઉર્દૂ શાયરીમાં છલકાતી શૃંગારની પ્રચૂરતાથી પણ ઝફર અળગા રહ્યા છે. આમ છતાં પ્રચલિત પ્રતીકો પ્રયોજીને પણ એમની રચનાઓમાં જે સરળતા સાથે સ-રસતા, પ્રવાહિતા ને પ્રાસાદિકતા, સહૃદયતા ને સચોટતા સધાઈ છે, તે ઝફરને સહેજે તત્કાલીન કાળમાંથી ઉપાડી લઈ વર્તમાન ઉર્દૂ શાયરીની નિકટ મૂકી દે છે.

આમ ઝફર, એમના સમય કરતાં, આ બાબતમાં ઘણા જ

આગળ નીકળી ગયા હતા. ને આને લઈને જ પછીની શાયરી એક નવો જ ઓપ લેતી દેખાય છે.

કોઈ પણ સહૃદયને સ્પર્શી જતી એમની રચનાઓમાં વ્યથા ને વેદના છે, વિષાદ ને વલોપાત છે, હતાશા ને લાચારી છે, ઊંડાણ ને અનુભૂતિની સચ્ચાઈનો રણકો છે. આ જ તો એમનો સાચો પરિચય છે! કેવી સહજ રીતે એ કહે છે–

લગતા નહીં હૈ જી મેરા ઉજડે દયાર મેં;
કિસકી બની હૈ આલમે-નાપાયદાર મેં?

આ બેબુનિયાદ ઉજ્જડ જેવી દુનિયામાં કોઈનું કંઈ ચાલ્યું છે?- થયું છે? આમાં મારું મન શી રીતે લાગે?

એમને ઘેરી વળેલી હતાશા, ને શૂન્યતાની અનુભૂતિ કેવી મુખર થઈ છે?-સાંભળો–

ન કિસીકી આંખ કા નૂર હૂં
ન કિસી કે દિલકા કરાર હૂં
જો કિસી કે કામ ન આ સકે,
મૈં વોહ, એક મુશ્તે-ગુબાર હૂં

'ન કોઈની આંખો માટે હું પ્રકાશરૂપ થઈ શકયો છું. ન કોઈ હૈયા માટે શાતારૂપ બની શકયો છું. હું તો માત્ર મુઠ્ઠી-ભર ધૂળ જેવો છું, જે કોઇને કશાય ઉપયોગમાં આવી શકે એમ નથી!

વેદના ને વલોપાતથી રસાયેલી એમની કેટલીયે હૃદયસ્પર્શી રચનાઓ એમની રંગૂનની નજરકેદના કાળ દરમિયાન થઈ હતી. એમાંની કેટલીક, એમની મુલાકાતે જનારાઓ દ્વારા ભારત સુધી પહોંચી ને બાકી બધી કાળની ઊંડી ગર્તામાં હંમેશને માટે ગરક થઈ ગઇ.

એમાંની એમની એક 'આહ' સાંભળીએ–

જૂં બુ-એ-ગુલ, રફીકે-નસીમે-ચમન હૈં હમ!
અૈ દોસ્તો! વતનમેં ગરીબુલવતન હૈં હમ!

ફૂલની ખુશ્બૂ તો હંમેશા બગીચાની હવા સાથે સંકળાયેલી જ હોય છે પણ દોસ્તો! મારી હાલત તો જુઓ! હું તો મારા દેશમાં-વતનમાં હોવા છતાં અહીં પરદેશી જેવી દશામાં પડયો છું. મારા દેશમાં જ મારા દેશથી વંચિત જેવી દશામાં પડયો છું.

–ને આવી દશામાંથી મુકિત ઝંખતા, હિન્દુસ્તાનના શહેનશાહ સિરાજુદ્દીન ઝફર, વેપારીમાંથી દેશના માલિક બની બેઠેલા અંગ્રેજોની કેદ અને જીવનના બંધનોથી સને ૧૮૬૨ ના નવેમ્બરની ૭મી તારીખે બરોબર મુકત થયા!

આ વતનપરસ્ત, આઝાદીના ચાહક શહેનશાહની આંખો મૃત્યુ સમયે પણ, રંગૂનની ધરતી પરથી, વતન તરફ-હિંદ ભુમિ તરફ-દિલ્હી તરફ મંડાયેલી હતી. મૂક વેદના ગાતી હતી.

અપને મરને કા ગમ નહીં, લેકિન
હાય, તુઝ સે જુદાઈ હોતી હૈ!

યુરોપનો પ્રવાસ ખેડી પાછા ફરેલ જૈન મિત્રો સાથે વાર્તાલાપ

શ્રી ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્પોન્સરશિપ યોજના હેઠળ આપણા સમાજની વિવિધ જાહેર ક્ષેત્રોની આઠ સંનિષ્ઠ વ્યકિતઓને તા. ૧૧મી જૂનથી તા. ૩૦મી જૂન, ૧૯૮૫ સુધી વીસ દિવસના યુરોપના સાંસ્કૃતિક પ્રવાસે મોકલાઇ હતી. તેઓ બધા આ વિદેશયાત્રાઓથી સુખરૂપ મુંબઇ પરત આવી જતાં તેમનું અભિવાદન કરવા અને તેમની વિદેશયાત્રાના અનુભવોને સાંભળવા માટેનો એક કાર્યક્રમ સમાજરત્ન શ્રી જયંતીલાલ રતનચંદ શાહના પ્રમુખસ્થાને શનિવાર તા. ૧૩ ૭ ૮૫ના સાંજના ૬ ૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવેલ હતો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી બંસીભાઈ ખંભાતવાળાની મધુર સ્વરે ગવાયેલ પ્રાર્થનાથી થયો હતો. 'સંઘ'ના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે વિદેશ પ્રવાસની આ યોજનાની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે જૈન યુવક સંઘે સમાજના વિવિધ સ્તરના લોકોને ઉપયોગી અને યોગ્ય વ્યકિતને યોગ્ય તક મળે એવી જે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ આરંભી છે, તેમાં સમાજનાં વિવિધ ક્ષેત્રોની તેજસ્વી વ્યકિતઓને સ્પોન્સરશિપ યોજના હેઠળ વિદેશના પ્રવાસે મોકલવાની આ પ્રવૃત્તિ પણ આ વર્ષે શરૂ કરી છે. આ યોજના હેઠળ આઠ ભાઈ-બહેનોને-શ્રી શાંતિલાલ ટી. શેઠ, શ્રી બચુભાઈ દોશી શ્રી નેમચંદ ગાલા, પ્રો. કલ્યાણબેન શાહ, શ્રી જયેન્દ્ર શાહ, પ્રો. ગુલાબ દેઢિયા તથા શ્રી બંસીભાઈ ખંભાતવાલા-યુરોપના પ્રવાસે મોકલવામાં આવ્યાં હતાં. વિદેશ યાત્રાના તેમના અનુભવો આજે આપણે સાંભળીશું. મહાણીશું.

'સંઘ'ના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે આ વિદેશ-યાત્રા અંગે આનંદ વ્યકત કરતા જણાવ્યું હતું કે ભારતનું આ મેઘધનુષ્ય વિદેશ જઈ આવીને એક નવી દૃષ્ટિ પ્રાપ્ત કરી પરત આવ્યું છે. વિદેશયાત્રાનો તેમનો અનુભવ તેમના પરિવારમાં, મિત્રોમાં, સ્વજનોમાં પ્રેરણાત્મક બની રહેશે. 'સંઘ' દ્વારા આ સ્તુત્ય કાર્ય થયું છે. સમાજની અન્ય સંસ્થાઓએ પણ આ કાર્ય ઉપાડી લેવા જેવું છે.

આ આઠ મહાનુભાવોમાંથી સર્વ પ્રથમ શ્રી શાંતિલાલ ટી. શેઠે પોતાની આ યાદગાર સફરને વર્ણવતાં જણાવ્યું હતું કે આ અદ્‌ભુત, આહલાદક યાત્રાનાં અનેક સ્મરણો અમારા નેત્રપટ પર તરવરે છે. ખાસ કરીને ડો. રમણભાઇના પ્રયાસોથી લંડનમાં અમારી ઊતરવાની જમવાની વગેરે જે સુવિધા થઈ અને અમારો જે આતિથ્ય અને સત્કાર થયો તે બરોબર અમારા જીવનનો અનન્ય લહાવો હતો, મુંબઇમાં ૨૫ અને કચ્છમાં ૧૫ એકયુપ્રેસરનાં તાલીમ કેન્દ્રો સ્થાપનાર શ્રી ચીમનભાઈ દવે આ સમયે લંડનમાં હતા. તેમનો અને તેમની પ્રવૃત્તિનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે શ્રી ચીમનભાઇ દવેના પ્રયાસોથી લંડનમાં એકયુ-પ્રેસરના બે તાલીમ કેન્દ્રનો પ્રારંભ થયો છે. એકયુપ્રેસરની તાલીમ વિનામૂલ્યે આપવી, અને તેનો સારવારનો કશો જ ચાર્જ ન લેવો. તેમની આવી નિઃસ્વાર્થ ભાવનાથી લંડનના લોકો ખૂબ જ પ્રભાવિત થયા છે. લંડનમાં તેમની પ્રવૃત્તિને સારો એવો આવકાર મળી રહ્યો છે. આ વિદેશયાત્રાની એક યાદગાર વાત હતી ડો. પદ્મનાભ જૈન સાથેનું અમારું મિલન. ડો. જૈન કેલિફોર્નિયા યુનિ. માં પ્રોફેસર તરીકે કાર્ય કરે છે. યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં તેઓ વ્યાખ્યાન આપવા આવી ગયાં છે. આ સમયે તેઓ લંડન યુનિ. ની મુલાકાતે આવ્યા હતા અને અમારા યજમાનના ઘરે તેઓ જમવા પધાર્યા હતા.. અહીં

અમારી મુલાકાત થઇ. તેમણે યુવક સંઘ સાથેનાં જૂનાં સ્મરણો તાજાં કર્યાં, ટૂંકું મનનીય પ્રવચન પણ આપ્યું. થોડા સમયમાં જ અમને સૌને જાણે તેમની સાથે પૂરી આત્મીયતા બંધાઇ ગઇ.

ડૉ. કલાબેન શાહે લેસ્ટરના અનુભવો આગે બોલતાં જણાવ્યું કે લંડનથી લેસ્ટર અમે ટ્રેન દ્વારા ગયાં હતાં. ત્યાંની ટ્રેનોમાં જરાય ગિરદી નહિ, જરા પણ ધોંધાટ કે કોલાહલનું કયાંયે નામોનિશાન નહિ. એકદમ શાંતિ જોઇને પ્રભાવિત થઈ જવાય. લેસ્ટરમાં ડૉ. નટુભાઈ શાહ અને તેમની દીકરી કુ. લીના અમારું સ્વાગત કરવા આવ્યાં. લેસ્ટરમાં અમારો ભક્તિ-સંગીતનો અને પ્રવચનોનો કાર્યક્રમ થયો. ત્યાંના લોકો સાથે જૈનધર્મ વિષે વિવિધ પ્રકારની પ્રશ્નોત્તરી અને વાર્તાલાપ કર્યો. અહીંના લોકોમાં અમે ધર્મની લાગણી વિશેષ જોઈ. લેસ્ટરમાં પચાસ હજાર ગુજરાતીઓ રહે છે. લેસ્ટરનો મોટો ભાગનો વેપાર – ધંધો ગુજરાતીઓના હાથમાં છે. અહીંના જૈન સમાજે એક જૂનું ચર્ચ ખરીદીને જૈન સેન્ટરનું નિર્માણ કરવાની યોજના કરી છે. તેમાં શિખરબંધી દેરાસર, વ્યાખ્યાન હોલ વગેરે બનશે. લેસ્ટરના જિન મંદિરમાં પ્રભુજીનાં દર્શન કરતાં અમે સૌ ભાવવિભોર બન્યાં. કારણ કે યુરોપના પ્રવાસ દરમિયાન અમને કયાંય દેરાસરજીનો લાભ નહોતો મળ્યો.

પ્રા. ગુલાબ દેઢિયાએ લંડનના કાર્યક્રમ વિષે બોલતાં જણાવ્યું કે લંડનમાં અમારો શરૂઆતનો ઉતારો રોયલ નેશનલ હોટેલમાં હતો. ત્યાંથી અમે તા. ૨૧ મીએ સાંજે શ્રી નેમુભાઈ ચંદરિયાને ત્યાં પહોંચ્યાં, જ્યાં શ્રી ચીમનભાઈ દવેનું વ્યાખ્યાન હતું. શ્રી બંસીભાઇએ ત્યાં પ્રાર્થના-સ્તવનો રજૂ કર્યાં. શ્રી ચીમનભાઈ દવેએ અમારી આ યાત્રાનો ઉપક્રમ સંભવવાની સાથે દરેકનો ટૂંકો પરિચય આપ્યો. લંડનમાં શ્રી ગુલાબચંદભાઇને ત્યાં પણ કાર્યક્રમો થયા. તેઓ શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ મંડળ ચલાવે છે. લંડનમાં ધર્મ-જાગૃતિ સારી છે. દર બુધ, ગુરુ અને શનિવાર એમ અઠવાડિયામાં ત્રણ વાર અહીં સત્સંગનો કાર્યક્રમ ચાલે છે. બાળકોના ઉછેર વિષે, ખાસ કરીને તેમના ધાર્મિક સંસ્કાર વિષે તેઓ સતત ચિંતિત છે. લંડન જૈન સોશ્યલ ગ્રુપ સાથે પણ અમે મંદિર રેસ્ટોરાંમાં એક મિટિંગ કરી હતી. લંડન સોશ્યલ ગ્રુપની ત્યાંની પ્રવૃત્તિઓ વિકસી રહી છે. અહીં અમે જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં પ્રજાની શિસ્ત, સ્વચ્છતા, પ્રામાણિકતા, સહૃદયતા અને બીજાને ઉપયોગી થવાની ભાવનાના સાનંદ દર્શન થયા. અમારી વિદાય વેળાએ લંડનથી ૪૦ માઇલ દૂર હિથરો એરપોર્ટ પર અમારા યજમાનો તેમ જ શ્રી ચીમનભાઈ દવે વગેરે અમને મૂકવા આવ્યા. શ્રી અભયભાઇ મહેતા, જેઠાભાઇ ગોસરાણી અને ચીમનભાઇ દવેનો આભાર માની અમે તેમને ચંદનના હાર પહેરાવ્યા. તેમનાથી છૂટા પડતી વખતે અમારી સૌની આંખો ભરાઈ આવી. જાણે અમે ફરી પરદેશ જઇ રહ્યાં હોઇએ એવી લાગણી મેં અને મારા સાથી મિત્રોએ અનુભવી!

શ્રી નેમચંદ ગાલાએ યુરોપનાં જોવા લાયક સ્થળો વિષે બોલતાં જણાવ્યું કે યુરોપ અને ઇંગ્લંડમાં અમે જોયું કે સુંદર એવાં ઘરો હોય, ઘરની સામે ફૂલો હોય, ઘરની પાછળ નાનકડો બગીચો પણ હોય. ફ્લોરેન્સમાં અમે પીઝાનો ઢળતો મિનારો જોયો, જેનો ૨૮૪ પગથિયાં છે. દુનિયાની સાતમી અજાયબી તરીકે ઓળખાતી આ ઇમારત અને તેનું બાંધકામ જોઈ અમે દંગ ચકિત બન્યાં. અહીંથી અમે સ્વિટ્ઝરલેન્ડમાં પ્રવેશ કર્યો. અહીં જીનિવા શહેરનું દર્શન કર્યું. અહીં રસ્તાઓ હંમેશા પાણીથી ધોવામાં આવે. ચોખ્ખાઈ તો જોઈને આંખે વળગે તેવી. અહીંથી અમે ફ્રાન્સ જવા રવાના થયાં, રસ્તામાં ૧૦૪ ટનેલ્સ આવી. તેમાં એક ટનેલ્સ તો ૧૨ માઇલ લાંબી, જે ફ્રાંસ અને ઇટાલીના સંયુક્ત સહકારથી બંધાઈ છે. અહીં અમે 'બરફનું ઘર' તરીકે ઓળખાતાં જુંગફ્રાઉના પહાડ પર જવા ઇન્ટરલેકન આવ્યા. આ પર્વત પર ૧૨૦૦૦ ફૂટની ઊંચાઇ સુધી અમારી ટ્રેઇન આવી, અહીં ચારે બાજુ હિમાચ્છાદિત ડુંગરો જોઇને અમે આશ્રર્યમાં ગરકાવ બન્યાં. અહીં પર્વતની ટોચ પર બરફનું ઘર બનાવ્યું છે. તેમાં સીડીનાં પગથિયાં, જમીન, છતનો ભાગ બધું જ બરફનું. અંદર દાખલ થઇને બધું ફરતા ૧૫ મિનિટ લાગે. અહીંથી અમે ફ્રાન્સના પાટનગર પેરિસ ગયા. પેરિસ વિશ્વનું સૌથી વધુ આધુનિક શહેર છે. પરફ્યુમ્સ ઇન્ડસ્ટ્રીઝનું મોટું કેન્દ્ર છે. અહીંનું 'લુવ્ર મ્યુઝિયમ' ખૂબ જ વિખ્યાત છે. અહીં અમે એફિલ ટાવર જોયો. ૧૦૦૦ ફૂટની ઊંચાઈ ધરાવતી એન્જિનિયરિંગ ક્ષેત્રની આ અજાયબી જોઈ અમે સૌ સ્તબ્ધ થઈ ગયાં. પેરિસથી અમે ડોવર અને ત્યાંથી સ્ટીમર દ્વારા લંડન પહોંચ્યા. લંડનમાં બકીંગહામ પેલેસ જોયો. 'મદામ તુશાઉડઝ' મ્યુઝિયમ જોયું. આ મ્યુઝિયમમાં વિશ્વના નેતાઓનાં તેમ જ પ્રખ્યાત વ્યક્તિઓનાં આબેહૂબ મીણનાં પૂતળાં રાખવામાં આવ્યાં છે. કોહીનૂર હીરો જ્યાં રાખવામાં આવ્યો છે તે મકાનની પણ અમે મુલાકાત લીધી. આમ અમારો વિદેશમાં સમય જાણે જલદી પૂરો થઈ ગયો હોય તેમ લાગ્યું.

શ્રી જ્યેન્દ્રભાઇ શાહે 'લંડન અને લેસ્ટરમાં જૈનસમાજનું દર્શન' એ વિષે બોલતાં જણાવ્યું કે લંડનમાં અને લેસ્ટરમાં જૈન પરિવારોમાં ધર્મની ભાવના અને જિજ્ઞાસા ઘણી જોવા મળી. અહીં વિદેશમાં જૈન સાધુ-સાધ્વીનો યોગ મળે નહિ તેથી અહીંના જૈનોમાં ધર્મને જાણવાની ભારે જિજ્ઞાસા જોવા મળી. અહીં નવનાત અને ઓસવાલ એમ બે ગ્રુપો છે. ઘરમાં અંગ્રેજી ગુજરાતી મિશ્ર બોલી બોલાય છે. જામનગરના શ્રી જેઠાભાઈ ગોસરાણી કે જેઓ અમારા યજમાન હતા, તેઓ ખૂબ જ ધર્માનુરાગી છે. તેમણે દ્વિગ્ પરિમાણ વ્રત લીધું છે. શ્રીમદ્ રાજચંદ્રના તેઓ પરમ ભક્ત છે. તેઓ સત્સંગ મંડળ પણ ચલાવે છે.

અહીંના જૈનસમાજમાં લગ્નવિચ્છેદનું પ્રમાણ વધ્યું છે તેમ જાણવા મળ્યું. લગ્ન માટે લોકો લંડનની પ્રથમ પસંદગી કરે છે. અહીં મોટા ભાગે પતિ-પત્ની બંને સર્વિસ અગર વ્યાવસાયિક પ્રવૃત્તિમાં જોડાયેલાં હોય છે. અહીં વેમ્બલી વિસ્તારમાં એક ઘર દેરાસર છે, જેના અમે દર્શન કર્યાં. લંડનમાં ૨૫ હજારથી જૈનોની વસતિ છે. લંડનમાં અમે સહધર્મી ભાઇ-બહેનો સાથે સારો એવો વિચાર-વિનિમય કર્યો.

શ્રી બચુભાઇ દોશીએ લંડન અને યુરોપની સંસ્થાઓ સંસ્થાઓ વિષે બોલતાં જણાવ્યું. લંડનમાં ઓશવાળ અને નવનાત સમાજ એ જામનગર પાસેના બાવન ગામોનો સમૂહ છે. દર શનિવારે અહીંનાં બાળકોને ગુજરાતી શિક્ષણ આપવાનો પ્રબંધ છે. અહીં મોટી ઉંમરની બહેનો પણ નોકરી કરે છે. અહીં અમારો સારો એવો આતિથ્ય સત્કાર

થયો. અમારા યજમાન શ્રી જેઠાલાલ ગોસરાણીએ અમારી વિદાયના દિવસે ૧૦૦ માણસોને જમવાનું નિમંત્રણ આપ્યું હતું. અહીં કામ કરનાર માણસો મળતા નથી તેથી રસોઈ બધી હાથે જ બનાવી બધાને સારી રીતે જમાડ્યા. તેમની ભાવના જોઈને અમે ખરેખર પ્રભાવિત થયા. તેઓ અમને એરપોર્ટ પર મૂકવા આવ્યા ત્યારે તેમની આંખોમાં આંસુ આવ્યાં અને અમને પણ લાગ્યું કે અમે એક એવા મમતાળુ વડીલની વસમી વિદાય લઇ રહ્યા છીએ કે જેમની વત્સલતા, પ્રેમ, સદ્‌ભાવને અમે કદાપિ ભૂલી શકીશું નહિ.

લંડનમાં એક ગામ જેટલાં મોટા સ્ટોર્સ, જે જોઈ સ્તબ્ધ થઇ જવાય. એક જ સ્ટોરમાં એક હજાર જેટલા કર્મચારી કામ કરે. અહીં કોઇ વસ્તુ ભેળસેળ વાળી ન મળે. કાયદો એવો કે તમને ૧૦૦ ટકા શુદ્ધ જ વસ્તુ મળે. વળી વસ્તુનો ભાવ પણ નિયત કરેલો તે જ લેવાય. અહીં માણસ જન્મે અને મૃત્યુ પામે ત્યાં સુધીની બધી જ જવાબદારી સરકાર ઉઠાવે. જન્મ સમયે પ્રસૂતિનો ખર્ચ સરકાર આપે. નોકરી ન હોય તેને ત્રણેક હજાર રૂપિયાનું બેકારી ભથ્થું મળે. માણસ વૃદ્ધ થાય એટલે માસિક છ હજારનું નિવૃત્તિ પેન્શન સરકાર આપે.

શ્રી દેવચંદ ગાલાએ લંડનના નાગરિક પ્રશ્નો અને સુવિધા વિષે બોલતાં જણાવ્યું કે લંડનમાં શિસ્ત એવી કે રસ્તા પર કે ઘરમાં મોટા સાદે બિલકુલ બોલાય નહિ. કોઇ જાતનો અવાજ કરવાનો નહિ. મોટરનું હોર્ન વાગતાં પણ તમે ભાગ્યે જ સાંભળો. કોઈ વાહનને ઓવરટેઇક કરવાનો કયારેય પ્રયત્ન ન થાય. ચાર વ્યક્તિથી વધારે મોટરમાં ન બેસે. અહીં ટ્રાફિકનું જરા પણ પ્રદૂષણ નહિ. ગામડા જેવી શુદ્ધ અને સ્વચ્છ હવા અહીં તમને ભરપેટે માણવા મળે. હાઇવે પર સ્થળે સ્થળે પેટ્રોલ પમ્પ રેસ્ટોરાં વગેરેની તમામ સુવિધા, અહીં રસ્તામાં ક્યાંય કચરો ફેંકાય નહિ. ગલીઓમાં કચરા - પેટી ખરી પરંતુ તમને તે કચરા પેટી ન લાગે એટલી સ્વચ્છ અને ચોખ્ખી ગંદકીનું અહીં નામો - નિશાન નહિ. સ્વચ્છતાની બાબતમાં મ્યુ. કોર્પો. અહીં સતત કાળજી રાખે. નાગરિક જીવનની તંદુરસ્તી માટે સરકારના તમામ પ્રયાસોને અહીં પ્રજા દિલથી ટેકો આપે. અહીં ક્યાંય તમને ભિખારી જોવા ન મળે. રસ્તા પર કે ફૂટપાથ પર એક પણ ફેરિયો જોવા ન મળે. આ દૃષ્ટિએ લંડન અને મુંબઇની સરખામણી કરીએ તો મુંબઇના વધતા જતા પ્રદૂષણની અને જનતાની પારાવાર હાલાકીને જોઈ જરૂર ખેદ થાય. ત્યાંની પ્રજાની જાગૃતિ, સચ્ચાઈ અને જીવનનાં મૂલ્યોની ખેવના જોઇને લાગ્યું કે આ લોકો પાસેથી આપણે હજુ ઘણું શીખવા જેવું છે.

શ્રી બંસીભાઇ ખંભાતવાળાએ ત્યાંના ભક્તિ-સંગીતની વાત કરતાં જણાવ્યું કે સંગીત એ એવું સાધન છે કે જેના દ્વારા માણસ પરમાત્મા સાથે એકતાન થઇ શકે. લંડન અને લેસ્ટરમાં ચાલતા સત્સંગ મંડળોએ જૈન સંસ્કૃતિને ટકાવી રાખવાનું મોટું કામ કર્યું છે. વળી અહીંના લોકોમાં ધર્મ પ્રત્યેની જિજ્ઞાસા એવી પ્રબળ છે કે જે તેમની સાત્ત્વિક ધર્મ-વૃત્તિની દ્યોતક ગણી શકાય. આ વિદેશ યાત્રામાં અમને ખૂબ જ મજા આવી. અમે જ્યાં ગયા ત્યાં ભક્તિ-સંગીત પીરસ્યું. પ્રવચનો આપ્યાં. ત્યાંના લોકો સાથે ધર્મ અંગે અમે વિશદ ચર્ચાઓ કરી.

આ કાર્યક્રમના પ્રમુખ શ્રી જે. આર. શાહે જણાવ્યું કે જેમને વિદેશ જવાની તક મળતી નથી તેવી તેજસ્વી વ્યક્તિ-ઓને યુવક સંઘ દ્વારા વિદેશયાત્રાએ મોકલાઇ તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આ યોજના ચાલુ જ રાખવી જોઇએ. યુવક સંઘ દ્વારા થતી પ્રવૃત્તિની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું કે છેલ્લાં કેટલાં વર્ષોમાં યુવક સંઘ જે રીતે સામાજિક પ્રવૃત્તિ કરી રહ્યું છે તે જોઇને આનંદ થાય છે. 'સંઘ' ઉત્તરોતર તેની આ સેવાની જ્યોત વધુ ને વધુ પ્રજ્વલિત બનાવે તેવી મારી શુભેચ્છા છે. કાર્યક્રમના અંતે 'સંઘ' ના કાર્યાધ્યક્ષ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન 'સંઘ' ના મંત્રીશ્રી કે. પી. શાહે કર્યું હતું.

સ્નેહ, સૌન્દર્ય અને સૌજન્યથી છલકાતી કવિતા

(પૃષ્ઠ ૭૨ થી ચાલુ)

દિલને કવિએ ગમ અને ખુશીના પાણીપત તરીકે ભાળ્યું છે. તે એક નવીનતા છે :

'દિલની હદ પર, સૌ એક મત છે!
ગમને ખુશીનું, દિલ પાણીપત છે!'

આથીયે આગળ વધીને શેખાદમ જીવનને એક સ્વપ્ન તરીકે જુએ છે. તેમ જ સર્જન વિસર્જનને એક આનન્દ ક્રીડા તરીકે આલેખે છે :

'શાયરનું સ્વપ્નું, શાયરની લત છે!...
સર્જન વિસર્જન, જાણે રમત!...'

અમારા અનુસ્નાતક અને સ્નાતક વિદ્યાર્થીઓને માટે મોડાસા કોલેજે યોજેલા 'વિદાય સમારંભ'માં શેખાદમ આવેલા અને શાયરીની અદ્‌ભુત મહેફિલ જમાવેલી. વાતવાતમાં મેં એમને પૂછી પાડ્યું, 'શેખાદમ જીવનનો આ બધો વૈભવ ક્યાંથી પ્રગટે છે? મૃત્યુ અને જન્મને તમે કેવી રીતે જુઓ છો?' એ કહે, 'સા'બ! આકાશ સે આતે હૈં', આકાશ મેં ચલે જાતે હૈં', માનો કિ બસ 'ધિરતે બાદલ, ખૂલતે બાદલ, કયોં?' 'જીવનનો અંત તમે કેવો ઇચ્છો છો?' તો એ હસતા હસતા કહેવા લાગ્યા: 'હમ હસેં, જગ રોય! અરે! હમ તો હંસતે હંસતે ચલે જાયેંગે ઔર હમારી મધુર યાદ મેં દુનિયા રોયેગી ઔર કહેગી, 'કૈસા શેખાદમ થા!' બસ, ઇસ સે ઔર કયા ચાહિયે સાબ!" આ ભાવને એમની જ કવિતામાં મૂર્ત થયેલો જુઓ:

'તુમ આયે જિન્દગી મેં, તો બરસાત કી તરહ;
ઔર ચલ દિયે તો ઐસે, ખાલી રાત કી તરહ?'

વતન પરસ્તી, માતૃપ્રેમ, સ્નેહ, સૌન્દર્ય અને સૌજન્યથી ઉભરાતા શેખાદમ બીજી બાજુએ દર્દદિલીથી ભરેલા હતા, છતાં યે જિન્દાદિલ આદમી હતા. શંકરની જેમ જગતનાં વેરઝેરને પી એ જાણે નીલકંઠ બનીને પી ગયા! માત્ર સત્તાવન વર્ષની યૌવનસભર વયે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા! એ મસ્તીથી ચકરાતી આંખો, વાંકી ટોપી અને વેદનાને હસી નાખતો ચહેરો સદાયે યાદ રહેશે! એમના જીવનની અંતિમ ક્ષણોને આ પંક્તિઓમાં મચલતી જુઓ :

'બહુત હી થક ગયા હૂં, સો ગયા હૂં રાહે મંઝિલ પે;
ઉઠા કર કોઇ લે જાયે, મુઝે ફિર 'તેરી' મહેફિલ મેં!' અસ્તુ.

સ્નેહ, સૌન્દર્ય અને સૌજન્યથી છલકાતી કવિતા

–ડૉ. હરીશ વ્યાસ

કવિતા એ તો સ્વાતિ નક્ષત્રમાં, છીપમાં ઝિલાયેલું પ્રતિભાનું બુંદ છે, જે શુભ્ર મોતી સ્વરૂપે લાધે છે. આદમીના ગૌરવ-ગાનમાં જીવનભર તરબોળ રહેનાર શ્રી શેખાદમ આબુવાલાની કવિતા એ 'સ્નેહ, સૌન્દર્ય' અને સૌજન્યથી છલકાતી કવિતા' છે.

પ્રસ્તુત કવિએ 'તાજમહાલ'માં મુકતક, 'ખુરશી'માં કટાક્ષ કાવ્યો તેમજ 'ચાંદની,' 'સોનેરી લટ,' 'અજંપો,' 'હવાની હવેલી' તથા ઘિરતે બાદલ ઘૂલતે બાદલ' જેવા ગઝલ-સંગ્રહો આપીને સાહિત્યની અદ્‌ભુત સેવા કરી છે. એમની કવિતાનો આસ્વાદ કરતાં કરતાં, એમની પ્રતિભાનો પ્રસાદ માણીએ.

ઇન્સાન અને ઇન્સાનિયતનું ગાન કવિએ ભારતથી માંડીને ઠેઠ યુરોપ અને જર્મની સુધી પ્રસરાવ્યું છે. નમ્રતા એ સમુન્નતિની ગુરુકિલ્લી છે, જ્યારે અક્કડાઈ એ અધઃપતનની મહાચાવી છે. ઇન્સાનની જેમ જીવવા માટે કવિ નમ્રતા અને દુવાને આવશ્યક ગણે છે:

'આદમ ઉઠાકે હાથ દુઆ માંગતે રહો;
શાયદ કભી તો જી સકો, ઇન્સાનકી તરહ!'

એમની કવિતામાં આપણા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ, 'સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે!' પ્રકૃતિપ્રેમી શેખાદમ આગલા જનમમાંયે પતંગિયું બનવા માગે છે, જેથી ઊડવાની ખૂબ મજા પડે! આ ઝંખનાને મૂર્ત કરતાં કવિ ગાય છે:

'આદમ યે સોચતે હૈં કિ અગલે જનમ મેં હમ;
તિતલી બનેં, હવાઓં મેં નાચે, ઉડા કરે!'

યુરોપ અને જર્મનીમાં વર્ષો સુધી ભારત અને ભારતીય સંસ્કૃતિની યશોગાથા ફેલાવનાર શેખાદમ દૂરથી યે વતનને ભૂલતા નથી. એમની એ વતનપરસ્તી કવિતામાં અભિવ્યક્ત થતી જુઓ:

'પરદેશ મેં મનાતે હૈં આદમી દિવાલી હમ;
દીપક વતન કે આંખ મેં, લાખોં મચલ ગયે!'

ભાગીરથ પ્રયત્ને ગંગા આકાશમાંથી ઠેઠ ધરતી સુધી વહી આવી. ગંગાના આ અધઃપતનને ય આ કવિ ગરિમાથી અંકિત કરે છે તે ય ધ્યાનાકર્ષક છે:

'ગંગા ટેઢા હી મિલા હૈ યે કહને કા હક સુનો;
નીચે ગિરી તો દેખિયે, કિતની બુલંદ હૈ!'

આપણી કવિતામાંથી રાધા–કૃષ્ણને બાદ કરી નાખીએ, તો અર્ધી કવિતા ભાગ્યે જ બચે. શેખાદમ પણ એ કૃષ્ણ-ગોપીના ભાવોને એમની અનોખી શૈલીમાં સરસ રજૂ કરે છે! એમને ગોપી અને કૃષ્ણ કયાં દેખાય છે? જે તેમણે અદ્‌ભુત રીતે દર્શાવ્યું છે:

'યે ખ્વાહિશેં હૈં જો મનમેં, હૈં યે મેરી ગોપિયાં;
મેરી જવાની ભી તો, કન્હૈયા કા રાસ હૈ!'

મનની ઇચ્છાએ માં કવિ ગોપીઓ જુએ છે અને પોતાની જવાનીને કન્હૈયાના રાસ રૂપે ભાળે છે. એ જ ભાવને કવિ આગળ નોખી રીતે પ્રગટાવે છે:

'છેડી થી ઉસને જબ લબે–જમુના–એ બાંસુરી;
ભગવાન ભી તભી સે તો, ઇન્સાન હો ગયા.'

કવિને માતા પ્રત્યે ય અપાર મમતા છે. આપણા કવિશ્રી બેટાદકરે ગાયું છે ને? 'જનનીની જોડ જગે નહિ મળે રે લોલ' આના જ સંદર્ભમાં શેખાદમની, માતા પ્રત્યેની મમતા કેવી ઉત્કટ છે!

'મૈં જનમ લૂં તો મેહર બાં હોના,
તૂ મેરી બારબાર માં હોના!'

માતાની ગોદ એ બાળક માટે એક તદ્દન શાન્ત અને સલામત સ્થાન છે. બાળકને બહુ થોડાંક વર્ષો માટે એ ગોદનો લાભ મળે છે. એનાથી દૂર દૂર ફેંકાયેલા શેખાદમની તડપન તો જુઓ!

'તૂ કભી રહતી નહીં હૈ સાથ મેં,
કિસ લિયે આતી હૈ મેરે હાથ મેં?'

કવિની માતા માટેની આ મમતા અને વાત્સલ્ય દિલને સ્પર્શી જાય તેવાં છે.

આ ઉપરાંત 'આવી ગયું હસવું' કાવ્યમાં કલ્પનોની અદ્‌ભુત સૃષ્ટિ પ્રગટ થઈ છે. વેદનાને હસી નાખતા કવિની ઝિંદાદિલી તો જુઓ!

'કિનારે આવીને જ્યારે અચાનક નાવ ડૂબી ગૈ;
ઉછાળા મારતી મઝધાર પર, આવી ગયું હસવું.'

ઉછાળા મારતી મઝધાર પાર કરે અને કિનારે આવીને નાવ ડૂબી જાય એ ખરેખર વિચિત્ર વાત છે! સાથે લઈને ચાલે અને મંઝિલ નજદિક આવી ત્યારે જ છોડી દેવામાં આવે એ કેવી વિચિત્ર બાબત છે!

'મને સાથે લીધો, મંઝિલ મળી, ત્યારે મૂકી દીધો;
તમારા રમ્ય આભાર પર, આવી ગયું હસવું!'

ચરણમાં કોઈ ગુલાલો ધરે છે, પરંતુ કોઈકે તો કંટકો ધરે છે તો યે કવિ એને હસી લે છે!

'જવાની છે અચલતા છે, અડગતા છે. અટલતા છે:
ચરણમાં કંટકો ધરનાર પર, આવી ગયું હસવું!'

સનાતનને મારવાની તાકાત કોઈનામાં નથી. ઊઠેલી જુલ્મની તલવાર પર કવિને હાસ્ય આવી જાય છે!

'સનાતન હોય એને કોઈ પણ મારી નથી શકતું,
ઊઠેલી જુલ્મની તલવાર પર, આવી ગયું હસવું!'

પોતાને જીતી ગયેલી હાર પર કવિને હસવું આવે છે તે જોવા જેવું છે:

'જવાની રૂપ સામે કેટલું ઝુકી શકે બોલો!
મને જીતી ગરેલી હાર પર, આવી ગયું હસવું!'

એ જ રીતે ખાલી ગયેલી વાર પર કવિને હસવું આવી જાય છે તે ય જુઓ:

'ભલે ઠંડો રહ્યો હું, ગર્વ તો તારો થયો ખંડિત.
મને ખાલી ગયેલી વાર પર, આવી ગયું હસવું!'

જીવનને એક લડત રૂપે કવિ આમ જુએ છે:–

'સત્ છે અસત્ છે, સરતું જગત છે'
કેવી લડત છે! હું છું, જગત છે!'

(અનુસંધાન પૃષ્ઠ ૭૧ પર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૨૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૮-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

દા ન ધ મ

પર્યુષણ પર્વ આવે એટલે જૈનોની લક્ષ્મીનો પ્રવાહ દાનના માર્ગે વેગથી વહેવા લાગે. આમ પણ બારે માસ એમની દાનની પ્રવૃત્તિ તો ચાલતી જ હોય. કેટલીક સાર્વજનિક કે સાધર્મિક કાર્યો માટે, તો કેટલીક ધાર્મિક પ્રવૃત્તિઓ માટે આ દાનનો પ્રવાહ સતત વહેતો રહે છે. એકલ દોકલ વ્યકિત જે ન કરી શકે તેવાં મોટા કાર્યો નાની સામુદાયિક દાન પ્રવૃત્તિથી સિદ્ધ થયેલાં જોઇ શકાય છે. એ દરેક કાર્યની ઉપયોગિતા એક સરખી ન હોય, કારણ કે દરેકની પાછળ રહેલું સામાજિક, ધાર્મિક કે આધ્યાત્મિક ધ્યેય એકસરખું ન હોય. એવાં દૂરદર્શી ધ્યેયને સમજવાના અભાવને કારણે કે પૂર્વ ગ્રંથિને કારણે એક યા અન્ય વર્ગ તરફથી વખતોવખત ટીકા થવાનો પણ સંભવ રહે. પરંતુ એકંદરે દાનની પ્રવૃત્તિઓની ઉપયોગિતા સ્વીકૃત છે.

જે સમાજમાં આર્થિક અસમાનતા મોટા પ્રમાણમાં છે ત્યાં દાન પ્રવૃત્તિને ઘણો અવકાશ રહેવાનો. જ્યાં સમાજવાદ, સામ્યવાદ કે કલ્યાણ રાજ્ય (Welfare State) દ્વારા આર્થિક અસમાનતા બહુધા દૂર થઇ છે ત્યાં લક્ષ્મી દ્વારા થતી દાન પ્રવૃત્તિને બહુ અવકાશ નથી. ગરીબોના કલ્યાણ માટે દાન પ્રવૃત્તિ અત્યાવશ્યક છે, ઇષ્ટ છે, પરંતુ એવી પ્રવૃત્તિ જ્યાં પુષ્કળ થતી હોય ત્યાં શોષક-શોષિત વર્ગોનું પ્રમાણ મોટું છે એમ પ્રતીત થાય. સમાજનું એ ભૂષણ નહિ, બલકે દૂષણ ગણાય. આદર્શ સ્થિતિ તો એ ગણાય કે જ્યાં દાતા ઘણા હોય પણ લક્ષ્મીનું દાન લેવાવાળા યાચક કોઈ ન હોય. પરંતુ એવી પરિસ્થિતિનું નિર્માણ ઘણું અઘરું છે; નિર્માણ થયા પછી એવી સ્થિતિ ચિરકાળ ટકાવી રાખવી ઘણી કઠિન છે અને જ્યાં ટકે છે ત્યાં અન્ય પ્રકારનાં સ્થૂલ સૂક્ષ્મ દૂષણો સમાજમાં કે સત્તાધારી વર્ગમાં પ્રગટ થાય છે. મનુષ્ય પ્રકૃતિ એવી છે કે સર્વથા, સંપૂર્ણ અને આદર્શ કહી શકાય એવા સમાજનું નિર્માણ અશકય છે.

ગરીબ કે જરૂરિયાતવાળા માણસોને પૈસાની મદદ કરવી એટલો જ અર્થ દાનનો નથી. વ્યવહારમાં કેટલાંય સામુદાયિક સત્કાર્યો કે યોજનાઓ માટે લોકો પોતાના પૈસા આપે છે. એટલે દાન શબ્દ ઉદારતાથી આપેલી આર્થિક સહાયના અર્થમાં વિશેષ રૂઢ થયેલો છે.

'दीयते इति दानम्' એવી દાનની વ્યાખ્યા આપવામાં આવે છે. પ્રાચીનકાળમાં ગાય, ભેંસ, બકરી, ઘેટું વગેરે ઉપયોગી પાળેલાં પ્રાણીઓ માણસની મોટી સંપત્તિરૂપ ગણાતાં અને એનું દાન બહુ મહત્ત્વનું લેખાતું. વર્તમાન સમયમાં તબીબી વિજ્ઞાનની પ્રગતિ પછી રકતદાન, નેત્રદાન, હૃદયદાન, કિડનીદાન, દેહદાન વગેરે પ્રકારનાં દાનનો મહિમા પણ વધતો ચાલ્યો છે. જીવંત કે મૃત મનુષ્યદેહ કે તેનાં અંગોપાંગની ઉપયોગિતા વધતી ચાલી છે. અને એથી બીજા દુઃખી જીવોને ઉપયોગી થવાની પ્રવૃત્તિનો માનવતાની ભાવનાના વિકાસ સાથે ઉપયોગ વધ્યો છે: દાનની પ્રવૃત્તિનો વ્યાપ આમ વધતો ચાલ્યો છે.

જગતની તમામ પ્રજાઓમાં ધનનું દાન દેવામાં જે કેટલાક લોકો મોખરે છે તેમાં જૈનોનું સ્થાન મહત્ત્વનું છે. જૈન સમાજ સમયે સમયે વ્યકિતગત સહાય રૂપે કે માનવ કલ્યાણની વિવિધ મોટી યોજનાઓ માટે જે દાનનો પ્રવાહ વહેવડાવે છે તે અમાપ છે. દાન એ કોઈ પણ જૈનનો સામાન્ય સદ્‌ગુણ છે. દાન એ જૈનની શોભા છે. જે જીવનમાં કયારેય પણ દાન કરતો નથી તે 'જૈન' શબ્દને પાત્ર ઠરતો નથી.

જૈન ધર્મમાં અપરિગ્રહ અથવા ગૃહસ્થને માટે પરિગ્રહ પરિમાણને વ્રત તરીકે ઓળખાવ્યું છે. સમયે સમયે માણસે પોતાના પરિગ્રહને તપાસી યથાશકય ઓછું કરવા માટે દાન દેવું જોઇએ. કેટલાય સાચા શ્રાવકો એ બાબતમાં બહુ સજાગ અને સચિંત હોય છે. નવી કમાણી ન કરવી અને જે સંપત્તિ હોય તેમાંથી થોડી થોડી ઓછી કરી શુભ કાર્યને માટે આપી દેવાની ભાવના એવા શ્રાવકો સેવતા હોય છે. અલબત્ત એવા કેટલાક માણસો પણ છે જે કાળાધોળાં કે ગોલમાલ કરીને ઘણું ધન એકઠું કરે છે અને પછી સમાજમાં માનપાન માટે દાન કરે છે. હરિભદ્રસૂરિએ કહ્યું છે તેમ તેઓ પ્રથમ કુકર્મ-કીચડમાં પગ ખરડે છે અને પછી સાફ કરે છે.

દાનનો ભાવ ફકત પૈસા પૂરતો સીમિત નથી. આ સંસારમાં કોઈ પણ જીવ અન્ય જીવોના કે કુદરતી તત્ત્વોના સહકાર કે આલંબન વિના પોતાનું જીવન ટકાવી ન શકે. સ્થૂલ દૃષ્ટિએ જોઇએ તો ધરતી પર વસતા માનવીને હવા, પાણી અને પ્રકાશની જરૂર જીવન ટકાવવા માટે પડે છે. પૃથ્વી, વાયુ, તેજ વગેરેમાં પણ તે પ્રકારના સ્થૂલ – સૂક્ષ્મ જીવો છે એમ જે

સ્વીકારીએ તો કોઈપણ જીવને જીવવા માટે બીજા જીવોની જરૂર પડે છે. એ નિર્વિવાદ સત્ય હોવે છે. જીવો વચ્ચે પરસ્પર અનુગ્રહ અને આલંબનની ઘટના સતત, અવિરત ચાલે છે. એટલા માટે જ જ વાચક ઉમાસ્વાતિએ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે 'પરસ્પરોપગ્રહો જીવાનામ્ ।'

વાચક ઉમાસ્વાતિએ તત્ત્વાર્થ સૂત્રમાં દાનની વ્યાખ્યા કરતાં કહ્યું છે:

'અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્ ।'

આમ દાનની પ્રવૃત્તિના ત્રણ મહત્વનાં અંગો છે: (૧) પોતાની માલિકીની કોઇ વસ્તુ હોવી (૨) તેનો ત્યાગ કરવો (૩) એ ત્યાગ બીજાના કલ્યાણ માટે હોવો જોઇએ.

હૃદયની સાચી ઉદારતા વિના દાનની સાચી પ્રવૃત્તિ સંભવી શકે નહિ. મનુષ્યની ચેતનાનો જેટલો વિસ્તાર તેટલો વિસ્તાર તેની દાનની ભાવનાનો થઈ શકે. જે મનુષ્યો સ્વાર્થી કે અહમકેન્દ્રી છે તે માણસ જલદી દાન દઇ શકતો નથી. અને દે તો પણ ગણતરીપૂર્વકનું અને પોતાના સ્વાર્થનું વૃદ્ધિ માટેનું હોવાનું સંભવ છે જ્યાં સુધી 'મારા અને પરાયા' નો ભાવ છે ત્યાં સુધી દાનની પ્રવૃત્તિ મર્યાદિત રહેવાની. સમગ્ર સંસારમાં તમામ જીવ પ્રત્યે મૈત્રીની ઊંચી ભાવના જ્યાં વિકસે છે ત્યાં અન્ય જીવોના લાભાર્થે પોતાની સ્થૂલ કે સૂક્ષ્મ સંપત્તિનું વિસર્જન સતત ચાલ્યા કરે છે. પંચતંત્રમાં કહ્યું છે કે:

अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

સામાન્ય રીતે આપણી આસપાસ દાનની ઘણી પ્રવૃત્તિ જોવા મળશે. પોતાની આજીવિકામાંથી યથાવકાશ થોડું બીજાને આપવાથી માણસને આંચ આવતી નથી. પોતાની વધી પડેલી સંપત્તિમાંથી કિંચિત માત્રામાં દાન કરવું એ જરાય અઘરું નથી. પરંતુ પોતે કષ્ટ વેઠીને પણ બીજાને સહાય કરે એવી વ્યક્તિઓ ઓછી હોય છે. દાન દેવામાં 'શૂર' કે 'વીર' કહી શકાય એવી વ્યક્તિઓ તો જવલ્લે જ જોવા મળે. એટલા માટે જ ભગવાન વેદવ્યાસે કહ્યું છે કે દસ હજાર માણસોમાંથી એકાદ સારો વક્તા મળી શકે પરંતુ એક 'દાનશૂર' મળે કે ન પણ મળે:

'वक्ता दश सहस्रेषु, दाता भवति वा नवा ।'

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારની ધર્મ આરાધનામાં શાસ્ત્રકારોને દાનને પ્રથમસ્થાન આપ્યું છે તે ઘણી દૃષ્ટિએ ઉચિત છે.

દાનની ભાવના સરળ અને સુલભ છે. આબાલવૃદ્ધ સૌ કોઇ તપ, શીલ અને ભાવ કરતાં દાનની પ્રવૃત્તિ સરળતાથી કરી શકે છે. તપની આરાધના દાન કરતાં કઠિન છે. કેટલીક વ્યક્તિઓ સહેલાઈથી તપ કરી શકતી નથી. વૃદ્ધ, અશક્ત, માંદા માણસો દાન આપી શકે, પણ તપશ્ચર્યા કરવી તેમને ફાવે નહિ. શીલ અને ભાવ આત્માને ઉચ્ચ કોટિએ લઈ જાય છે, પરંતુ વિશુદ્ધ ચારિત્ર્ય અને ઉદાત્ત ભાવને જીવનમાં ઉતારવાનું વિરલ ગણાય છે.

દાન સ્વપર કલ્યાણકારી છે. કહ્યું છે: **स्वपरोपकारार्थं वितरणं दानम् ।** શીલ, તપ અને ભાવ મુખ્યતયા સ્વકલ્યાણકારી છે: જ્યાં સુધી અન્ય જીવના કલ્યાણનો ભાવ હૃદયમાં પ્રગટ થતો નથી, ત્યાં સુધી દાનની વૃત્તિ પોતાનામાં જન્મતી નથી. માણસ પરાર્થે દાન આપે છે, પરંતુ એ દ્વારા અનાયાસે આત્મકલ્યાણ પણ સાધે છે.

દ્રવ્યદાન કરતા ભાવદાન ચડિયાતું મનાય છે. દ્રવ્યદાનમાં રોકડનાણું, ચીજ વસ્તુઓ, ઉપકરણ ઇત્યાદિનો સમાવેશ થાય છે. સ્થૂલ દાનધર્મ કરતાં પણ આત્માને માટે અન્ય ધર્મક્રિયાઓ ઉપકારક હોઈ શકે છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે કોઇ માણસ રોજ એક લાખ ખાંડી સુવર્ણનું દાન આપે તો પણ રોજ એક સામાયિક કરનાર માણસની તોલે તે ન આવે.

માણસે ધર્મની આરાધના વિવિધ પ્રકારે કરવાની છે. એમાં સ્થૂલ દ્રવ્યદાન દ્વારા થતી આરાધના નીચી ભૂમિકાએ આવે. સુપાત્રદાન, જ્ઞાનદાન, અભયદાન વગેરે ઊંચા પ્રકારનાં દાન છે, પરંતુ દાન કરતાં પણ તપ, શીલ અને ભાવ દ્વારા થતી ધર્મારાધના ચડિયાતી ગણાવાય છે. અલબત્ત આ દરેકમાં તરતમતાના ભેદ પ્રભેદ હોઈ શકે. દ્રવ્યદાન કરતાં અન્ય પ્રકારની આરાધના ચડિયાતી છે એનો અર્થ એ નથી કે દાનનો નિષેધ કરવામાં આવ્યો છે. એનું તાત્પર્ય એ છે કે મનુષ્યે દાનધર્મમાં જ અટકી ન જતાં એથી ઉચ્ચતર ધર્મારાધનાનું લક્ષ્ય રાખવું ઘટે.

દાન દેનારા બધા એક સરખી કોટિના હોતા નથી, વળી એક જ વ્યક્તિ દરેક વખતે એક જ સરખા ભાવથી દાન આપે એવું હંમેશાં બનતું નથી. સુભાષિતકારોએ દાનના ભૂષણ અને દૂષણ પ્રત્યે નિર્દેશ કર્યો છે. દાનનાં પાંચ ભૂષણ ગણવામાં આવે છે: (૧) દાન આપતી વખતે આનંદનાં આંસુ વહે. (૨) હર્ષથી રોમાંચ થાય. (૩) દાન લેનાર પ્રત્યે બહુમાનનો ભાવ રહે (૪) પ્રિય વચનો બોલાય અને (૫) સત્પાત્રની અનુમોદના કરવામાં આવે. દાનનાં પાંચ દૂષણો આ પ્રમાણે છે : (૧) દાન લેનાર તરફ અનાદરનો ભાવ થાય (૨) આપવામાં વિલંબ થાય (૩) દાન આપતી વખતે વિમુખ થવાય (૪) અપ્રિય વચન બોલાય અને (૫) આપ્યા પછી પશ્ચાતાપ થાય.

દાનનાં આ તો મુખ્ય મુખ્ય પાંચ ભૂષણ કે પાંચ દૂષણ છે. તે ઉપરાંત પણ બીજાં ભૂષણો કે દૂષણો હોઈ શકે.

દાનની જુદી જુદી દૃષ્ટિએ જુદા જુદા પ્રકાર શાસ્ત્રકારોએ ગણાવ્યા છે.

દાનના મુખ્ય બે પ્રકાર છે: દ્રવ્યદાન અને ભાવદાન. બૌદ્ધ ધર્મના ગ્રંથ 'અંગુત્તરનિકાય' માં (૧) આમિસદાન (ભૌતિકદાન) અને (૨) ધર્મદાન એવા બે મુખ્ય પ્રકાર દર્શાવ્યા છે.

જૈન આગમગ્રન્થના સ્થાનાંગ સૂત્રમાં દાનના દશ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે. (૧) અનુકમ્પાદાન (૨) સંગ્રહદાન (૩) ભયદાન (૪) કારુણિકદાન (૫) લજ્જાદાન (૬) ગૌરવદાન (૭) અધર્મદાન (૮) ધર્મદાન (૯) કાહીદાન (૧૦) કર્તવ્યદાન. વળી ધર્મદાનના પેટા પ્રકાર તરીકે (૧) અભયદાન (૨) સુપાત્રદાન અને (૩) જ્ઞાનદાન એમ ત્રણ ગણાવાય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણની દૃષ્ટિએ દાનના સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે. (૧) દેશ, કાળ અને પાત્ર અનુસાર કર્તવ્ય બુદ્ધિથી વગર માગ્યે અને બદલો મેળવવાની ઇચ્છા

(અનુસંધાન પૃષ્ઠ ૮૧ ઉપર)

વીતેલાં વર્ષો

© પ્રા. ચી ના. પરેલ

મારી વીતેલાં વર્ષોની વાર્તામાં (જો એને વાર્તાનું રૂપાળું નામ આપી શકાય તો) મુખ્ય પાત્ર મારું શરીર રહ્યું છે. મધ્યયુગના ઈટાલિયન સાધુપુરુષ સંત ફ્રાન્સિસ પોતાના શરીરને Brother Ass, ગર્દભભાઈ કહેતા. મારું શરીર જન્મથી એવા ગર્દભભાઈની જેમ વર્ત્યું છે અને છેલ્લાં વીસ વર્ષમાં તો આઠ વાર હૉસ્પિટલોની યાત્રાએ જઈ આવ્યું છે. એટલે મારાં સ્મરણો હું એ ગર્દભભાઇના પાત્રથી શરૂ કરીશ.

કુટુંબમાં કહેવાતું કે તું એક વર્ષનો હતો ત્યારે મારો સાત વર્ષનો મોટો ભાઈ અને હું સાથે માંદા પડ્યા હતા. માતાપિતાએ મને એક માંચડીમાં મૂકી રાખ્યો હતો અને બધું ધ્યાન મોટા ભાઇની સેવામાં આપતાં (માતાપિતાનો પ્રેમ બધાં બાળકો ઉપર પોતે માને છે એટલો નિષ્પક્ષપાતી નથી હોતો. મને પોતાને કયારેક લાગે છે કે મને પુત્ર કરતાં પુત્રી વધારે વહાલી છે. એક વાર પુત્ર ને પુત્રી સાથે માંદાં પડ્યાં હતાં ત્યારે પત્નીએ રડતાં રડતાં આક્રોશ કર્યો હતો, છોકરીનું જે થાય તે ખરું, મારા દીકરાને બચાવો, અને પુત્રી મારી છાતી ઉપર પડીને ખૂબ રડી હતી. આજે મા ને દીકરી મારી સામે એક થઇ ગયાં છે. અને પુત્ર મારા પક્ષે લાગે છે. કેવી છે ઈશ્વરની માયા !) પણ અંગ્રેજીમાં કહેવત છે, Man proposes and God disposes માણસ ઇચ્છે છે કંઈ અને ઈશ્વર કરે છે કંઇ. મોટોભાઇ ગયો અને હું જીવી ગયો. માતા પિતાએ માંદગીમાં મારી દરકાર નહોતી કરી તેના બદલામાં પછી મને એમનો ખૂબ પ્રેમ મળ્યો (કેટલો તે આગળ ઉપર બાળપણનાં સ્મરણોમાં આવશે).

કોની કઇ દવાથી હું સારો થયો એ મને કોઇએ કહેલું નહિ, અને મેં તેય વિશે જિજ્ઞાસા બતાવેલી નહિ, આ લખું છું ત્યારે લાગે છે કે પિતા છેક ૧૯૭૦ ની સાલ સુધી જીવ્યા, તેમને પૂછ્યું હોત તો એ વિગતો જાણવા મળત. પણ સંભવ છે કે હું કોઈ દવા વિના મારા શરીરની પ્રતિકાર શક્તિથી જ સારો થઇ ગયો હઇશ. ઘણી ઘણી માંદગીઓ પછી આજ સુધી શરીર ટકી રહ્યું છે તે ઉપરથી મને લાગે છે કે મારી પ્રતિકારશક્તિ ખરેખર સારી હશે. થોડી વિગતોથી વાચકોને પણ એની ખાતરી થશે. મારી દશ વર્ષની ઉંમર સુધી અમે અમારા વતન અસારવામાં રહ્યા (અસારવા અમદાવાદની નવી સિવિલ હૉસ્પિટલ પાસે આવેલું પરું છે. કવિ ન્હાનાલાલને એક વાર મળવાનું થયેલું ત્યારે તેમણે કહેલું કે અસારવા એટલે આશાવલ્લી, આશાભીલનું ગામ.) ત્યાં સુધી ગામમાં એક નાનું મ્યુનિસિપલ દવાખાનું હતું. ત્યાં માત્ર એક જ વાર મને પટી લગાડવા લઇ જવો પડ્યો હતો. દર વર્ષે ભાદરવા માસમાં તાવ આવતો. દવામાં બા નજર બાંધતી, દાદી કરિયાતા ને કુળવી જીરીનો ઉકાળો પાતાં, અને પિતાજી, પોસ્ટ-ઓફિસોમાં ક્વિનિનની ગોળીઓ મળતી તે લાવી રાખેલી હોય તેમાંથી એકબે આપતા. ત્રણમાંથી કયો ઉપાય કામ કરતો એ ખબર નથી, પણ મેલેરિયા અચૂક મટી જતો. મેલેરિયા સિવાય બીજા કોઇ પ્રકારનો તાવ આવ્યો હોય એવું સ્મરણ નથી. જિંદગીમાં કયારેય ન્યૂમોનિયા કે ટાઈફોઇડ થયા નથી.

બાવીસ વર્ષનો થયો તે પહેલાં કોઇ વાર શરદી ખાંસી થયાં નહોતાં. એક વાર ગામની પાસે આવેલા ગંદા પાણીના તળાવમાં ત્રણ કલાક સુધી નાહ્યો હતો, અને કશું થયું નહોતું. ઓગણીસ વર્ષનો હતો ત્યારે એક માસ આખુ રહેલો. ત્યાં સવાર-સાંજ અર્ધો-અર્ધો કલાક નખી તળાવમાં તરતો, અને કોઈ દિવસ શરદી થઇ નહોતી. કયારેક પેટમાં દુખતું તો દાદી મેથી ફકાવતાં તેથી પાંચ મિનિટમાં મટી જતું. કોઈ વાર માથું દુખતું તો કપાળે અમૃતાંજન ઘસતો અને દશ મિનિટમાં મટી જતું. કોઈ વાર ઝાડા થયા હોય એમ યાદ નથી. કોલેજમાં હતો ત્યારે ઓગણીસ વર્ષની ઉંમરે પહેલી વાર થયા. ડોકટર અડવાડિયામાં બે દિવસ આવતા, એટલે તેઓ આવ્યા તે પહેલાં બે દિવસ દવા વિના શ્રી અરવિંદના Essays on the Bhagavad Gita વાંચતો પડી રહ્યો. ડોકટર આવ્યા એટલે તેમની દવાથી એક જ દિવસમાં સારું થઈ ગયેલું. હજુ પણ વર્ષમાં એકાદ વાર મેલેરિયા થાય છે ત્યારે પહેલા દિવસે દોઢ ટીકડી, બીજા દિવસે એક અને ત્રીજા દિવસે અર્ધી એટલી દવાથી મટી જાય છે.

બાળપણમાં રમતાં પડી જતો અને વાગીને લોહી નીકળતું ત્યારે દવામાં કશું નહિ. એની મેળે મટી જતું. એકવાર પતંગ ચગાવતાં પાછળ પગલાં ભરતો હતો ત્યારે પણ રસ્તામાં બેઠેલા કૂતરા ઉપર પડ્યો અને તે કરડ્યું, રડ્યા વિના દાદી પાસે ગયો અને તેમણે ઘામાં છીકણી દાબી દીધી. એક જ દિવસમાં મટી ગયું. એકવાર બિલાડીએ જમણા હાથ ઉપર બે દાંત બેસાડ્યા હતા (તેમાંના એકની નિશાની હજુ દેખાય છે). તેના ઘા વગર દવાએ મટી ગયા હતા. મારી દશ વર્ષની ઉંમરે, ૧૯૨૯ માં, પિતાની ખેડાના કલેકટરની ઓફિસમાં બદલી થઇ ત્યાં બે વાર જખ્મી થયો હતો. એક વાર મારી મોટી બહેન પૂરીઓ તળતી હતી તેની સાથે હુંય તળવા બેઠો ત્યારે જમણા પગની પિંડી ઉપર ઉકળતા તેલનું ટીપું પડતાં મોટો ફોલ્લો થયો હતો. તેની શી દવા કરી હતી તે યાદ નથી, પણ ઘા પાક્યો નહોતો. બીજા એકબે પ્રસંગે પાક્યો હશે ત્યારે અવળીસવળી ના પાંદડાથી મટી ગયેલો. એક દિવસ નિશાળેથી દોડતો ઘેર આવતો હતો ત્યારે પડી ગયેલો અને હાથમાં પતરાની પેટી હતી તેની કિનાર ઉપરના હોઠ ઉપર વાગતાં ઊંડો ઘા પડ્યો અને લોહી તૂટી પડ્યું. ઘેર પહોંચી ઘા ધોઇ મિત્રની સાથે ફરવા ગયો. બીજે દિવસે હોઠ ફૂલીને ટેટા જેવો થઇ ગયો. પિતા સિવિલ સર્જન પાસે લઇ ગયા. તેમણે માત્ર પા પા કલાક પોટેશિયમ પર્મેન્ગેનેટના કોગળા કરવાનું કહ્યું. એકબે દિવસે તાવ રહ્યો, પણ ચારેક દિવસમાં ઘા રુઝાઈ ગયો. એક દિવસ રાત્રે દશ વાગે કાનમાં અતિશય પીડા થઇ આવી. પિતા વૈદ્ય પાસે પાસે લઈ ગયા, તેમણે કાનમાં લીલા રંગની કોઈ પ્રવાહી દવા નાખી અને તત્ક્ષણ પીડા શાંત થઈ ગઈ. તે પછી કયારેય કાનમાં કશું થયું નથી. અસારવામાં હતા ત્યારે ત્રણેક વાર વીંછી કરડ્યો હતો. પણ મને વીંછી ચડતો નહિ, અને એક વાર હું રડ્યો ન હતો. ત્રીજા ને છેલ્લા પ્રસંગે દાદી ગામમાં એક બ્રાહ્મણ બાઈ રહેતી તેની પાસે લઈ ગયાં હતાં, તેમણે જમણા હાથ ઉપર હળવેથી આંગળીઓ ફેરવી કંઇક મંત્ર ભણ્યો અને હું દાદી સાથે હસતો હસતો ઘેર આવ્યો. આવું

હતું નાની ઉંમરે મારું ગર્ભાઇના જેવી જાડી ચામડીનું શરીર.

પણ માત્ર ચામડી જ (શરીર પૂરતા અર્થમાં) જાડી હતી. ગર્ભાઈ પોતે ખૂબ દુબળાપાતળા રહેતા. બા તેમને મનાવી જરા ઠીક દેખાય એવા કરવા વારંવાર પ્રયત્ન કરતી. ચણાના લોટનો મગસ બનાવી કે પિતા પાસે બજારમાંથી લાકડશી મંગાવી બનવડાવતી; પણ ગર્ભાઈ માનતા નહિ. એમની રીસનું ખરું કારણ કદાચ એ હશે કે એમને લીલોતરી શાકનો ચારો મળતો નહિ. બાવાની બાળતમાં હું હઠીલો હતો અને બટાકા સિવાય કોઈ શાકને અડકતો નહિ. લીલોતરી શાકના અભાવથી વિટામિન 'સી'ની ઊણપ રહેતી રહેશે, તેથી નાકમાંથી કયારેક લોહી પડતું. એનું કારણ બાને કે પિતાને સમજાવે એવા કોઈ ડોકટર ગામમાં નહોતા. પિતા પોતે ખોરાકમાં લીંબુ નિયમિત લેતા, પણ તે આગ્રહ કરીને મનેય આપવાનો તેમને વિચાર ન આવ્યો બા મને દવા કરાવવા રાયપુરમાં જાણીતા બહેરા વૈદ્યની પાસે લઇ ગઇ હતી. કોણ જાણે વૈદ્યરાજે મારા શરીરની ગર્ભપ્રકૃતિ વિશે અનુમાન કર્યું હશે, એટલે તેમણે મને ગર્ભીના દૂધ સાથે લેવાની દવા આપી હતી. બા દરરોજ સવારે પાંચ વાગ્યે કુંભારને ત્યાં જઈ તે લઇ આવતી. ગર્ભાઇએ ગર્ભીમાતાનું માન રાખ્યું અને નાકમાંથી લોહી પડતું બંધ થઇ ગયું. આ વાંચીને કોઇ મિત્રો રમૂજ કરે કે મારા સ્વભાવમાં તેમને હઠાગ્રહનો અંશ દેખાય છે તેમાં બાળપણમાં આમ દવા તરીકે પીધેલા ગર્ભી-દૂધનોય ફાળો હશે, તો હું તેનો પ્રતિવાદ નહિ કરું.

વૈદ્યની દવાથી બીજો કશો ફાયદો ન થયો. શરીર હતું તેવું દુબળું-પાતળું જ રહ્યું. દશ-અગિયાર વર્ષની ઉંમરે, ૧૯૨૯-૩૦ માં, મારું વજન ૪૪ રતલ હતું, વજન ઓછું હોવા ઉપરાંત હું પંદર વર્ષની ઉંમર સુધી ટૂંકી ચડ્ડી પહેરતો, એટલે ઉંમરમાં હતો તે કરતાં નાનો દેખાતો. ખેડાથી અવારનવાર મહેમદાવાદ સ્ટેશને ટ્રેઇનમાં બેસી અમદાવાદ આવતો ત્યારે પંદર વર્ષની ઉંમર સુધી અધી ટિકિટ લેતો. એક દિવસ મહેમદાવાદ સ્ટેશને ટિકિટ-કલેકટરે ટકોર કરી હતી કે છોકરા, મૂછનો દોરો ફૂટવા માંડ્યો છે તોય-અધી ટિકિટ લે છે? તે પછી થોડા જ માસમાં પત્નીને પહેલું આણું કરાવ્યું, તે સમયના કડવા પાટીદાર નાતના રિવાજ પ્રમાણે મારું લગ્ન નાની ઉંમરે, હું ચાર વર્ષનો હતો ત્યારે, થયેલું. પત્ની મારાથી દોઢ વર્ષ નાનાં, એટલે હું પંદર વર્ષનો થયો ત્યારે તેઓ એ જમાનાની માન્યતા પ્રમાણે ઉંમરમાં આવ્યાં હતાં. તેમનું શરીર પણ મારાથી ઊલટી પ્રકૃતિનું, નિરોગી ને સશકત; ઉંમર હતી તે કરતાં જરા વધારે દેખાય એવું, એટલે એમના માતાપિતાએ મારી અનિચ્છા છતાં આણું કરાવવાનો આગ્રહ રાખ્યો હતો (આ લગ્નની થોડી વાત આગળા ઉપર આવશે) તે થયા પછી મારી અધી ટિકિટની મુસાફરી બંધ થઇ ગઇ અને ચડ્ડીનું સ્થાન લેંઘાએ લીધું પણ તથી ગર્ભાઇની અવળચંડાઈમાં ફેર ન પડ્યો. પિતાની ૧૯૩૪માં ખેડાથી અંકલેશ્વરના મામલતદાર તરીકે બદલી થઈ હતી ત્યાં હું દરરોજ ત્રણચાર માઈલ ફરવા જતો ને ઝડપથી ચાલતો, કયારેક ફૂટબોલ રમતો, ઋતુ અનુકૂળ હોય ત્યારે ટ્રોટક માઇલ દૂર આવેલા જળકુંડમાં તરવા જતો, તોય ઉંમરના પ્રમાણમાં વજન ન વધ્યું, જોકે ૧૯૨૯-૩૦માં ૪૪ રતલ હતું તે બધીને ૧૯૩૫માં સોળ વર્ષની ઉંમરે ૮૬ જેટલું થયું હતું

શરીર સુધારવાની અધીરાઇમાં હું એ અરસામાં એક મોટી ભૂલ કરી બેઠો, જેનાં પરિણામ આજ સુધી ભોગવી રહ્યો છું. શાળાના એક શિક્ષક સાથે ૧૯૩૫ના ઓકટોબર માસમાં (ત્યારે હું મેટ્રિકના વર્ગમાં, આજના અગિયારમાં ધોરણમાં હતો) આણું ગયો હતો. ત્યાંથી પાછા આવી મેલેરિયામાં પટકાયો. તાવ ૧૦૫ ડિગ્રી પડોંચ્યો હતો અને એક રાતે લવરીએ ચઢેલો. અઠવાડિયે તાવ ઊતર્યો અને ખૂબ અશકિત આવી. ડોકટર પાસે કંઇક ટોનિક અપાવવાનું પિતાને કહ્યું; તે ઉપરથી મ્યુનિસિપલ દવાખાનાના પારસી ડોકટરે લોહ ને દ્રાક્ષાસવના મિશ્રણવાળી દવા હેમોટ્રાક્ષોમોલ્ટ લેવાનું કહ્યું. તે થોડા દિવસ લીધી. પણ મને શ્રદ્ધા ન બેઠી. આજે હવે લાગે છે કે ધીરજ રાખીને ત્રણ ચાર માસ ચાલુ રાખી હોત તો લોહી સુધરીને પાચનશકિત પૂરી ઊઘડત કે અને વજન પણ વધત (આવી સાદી દવાઓ લાંબો સમય લેવાથી કેવો લાભ કરે છે તેનું દૃષ્ટાન્ત મેં પાછળથી અસારવામાં જોયેલું. એક મિત્રનાં પત્ની આઠ સુવાવડ પછી તદ્દન નખાઇ ગયાં હતાં અને ઝીણો તાવ તે ઉધરસ શરૂ થયાં હતાં. મ્યુનિસિપાલિટીના દવાપાનામાં અગેજી પાંચ ચોપડી ભણેલા ને હાઉસ આસિસ્ટન્ટમાંથી ડોકટર થયેલા ગાંધી નામના એક વૃદ્ધ વડીલ હતા. તેમણે એ બહેનને વિટમોલ કમ્પાઉન્ડ નામની એક દવા વર્ષ સુધી આપી હતી અને બહેનનું વજન તે ઓળખાય નહિ એટલું વધ્યું હતું તે પછી એમને એક બીજા બાળકનો જન્મ થયો હતો અને તે વર્ષો સુધી જીવ્યા હતાં) મારી અધીરાઇમાં હું એક યુવાન એમ. બી. બી. એસ. ડોકટર પાસે ગયો. તેમણે મને અમેરિકાની પાર્ક ડેવિસ કંપનીએ બી. બી. સી. અને ડી. વિટામિનોની એક ગોળી નવી નવી વેચવા મૂકી હતી તે આપી, અને સાથે ગ્લેન્ડ્યુલર કમ્પાઉન્ડ નામની એક દવા આપી. આ ગર્ભાઇને ડફણાં મારવા જેવો પ્રયોગ હતો. ગર્ભાઇમાં જરા તેજી આવી ખરી, અને હું મેટ્રિકની પરીક્ષામાં હું ઊંચા નંબરે પાસ થયો પણ દવાઓએ શરીરને કંઇક સૂક્ષ્મ નુકસાન કર્યું. એની વાતા હું હવે પછીના હપ્તામાં લખીશ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં પ્રાણવાન પ્રકાશનો

* **સત્યમ્, શીવમ્, સુંદરમ્**
  લે. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
  કિં. રુ-૦૦
* **ચિંતનયાત્રા**
  લે. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
  કિં. ૭-૦૦
* **અવગાહન** હાલ અપ્રાપ્ય.
  લે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
  કિં. ૨૦-૦૦
* **સમયચિંતન**
  લે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
  કિં. રૂા. ૩૦-૦૦

પુસ્તકો 'સંઘ'ના કાર્યાલયમાંથી મળશે.

લિ. **મંત્રીઓ**

સ્વ. પંડિત ધીરજલાલ ટોકરશી શાહ

● રમણલાલ ચી. શાહ

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું મુંબઈમાં ૮૪ વર્ષની વયે અવસાન થયું. એમના અવસાનથી આપણને એક બહુશ્રુત વિદ્વાન અને કર્મઠ પંડિતની ખોટ પડી છે.

થોડાક મહિના પહેલાં એમનાં પત્નીનું અવસાન થયું. ત્યાર પછી પંડિતજીની પોતાની તબિયત બગડી, અને કેટલાક મંદવાડ પછી એમનો દેહવિલય થયો.

એમનાં પત્ની જ્યારે હોસ્પિટલમાં હતાં ત્યારે એક દિવસ હું મારા મિત્ર શ્રી ગુલાબચંદભાઈ સાથે ચીંચબંદર પંડિતજીના ઘરે મળવા ગયો હતો. ઋષિમંડળ સ્તોત્ર વિષે મારે એમને કેટલુંક પૂછવું હતું. લગભગ દોઢેક કલાક અમે એમના ઘરે બેઠા હતા. ઘણી વાતો નીકળી. પંડિતજીએ ત્યારે કહ્યું હતું, 'એંશી વર્ષની ઉંમરે હજુ હું આખો દિવસ ટટ્ટાર બેસું છું; અઢેલીને બેસવાની મને જરા પણ જરૂર પડતી નથી રોજ સવારે સાડા ત્રણ ચાર વાગે ઊઠી જાઉં છું. પ્રાર્થના સ્તુતિ કરું છું. અને ચાલીસ લોગસ્સનો કાઉસગ્ગ કરું છું. આંખની તકલીફને લીધે બહાર જવાનું ઓછું કરી દીધું છે, પરંતુ બીજી કોઈ વાતની તકલીફ નથી. હવે તો પહેલાંની જેમ પૈસાની પણ ચિંતા નથી.'

પં. ધીરજલાલ ટોકરશી ઘણાં વર્ષોથી ચીંચબંદર ઉપર લધાભાઇ ગણપત બિલ્ડિંગ (સરસ્વતી સદન) માં એક નાનકડી રૂમમાં રહેતા હતા. સો-દોઢસો ચોરસ ફૂટની જગ્યામાં એક ગાદી ઉપર પંડિતજી બેઠા હોય. એક બાજુ પોતાનાં વાંચવાનાં પુસ્તકો ગોઠવ્યાં હોય, બીજી બાજુ પોતાનાં વેચવાનાં પુસ્તકોની થપ્પીઓ હોય. ઘરમાં નહિ જેવું રાચરચીલું હોય. એની વચ્ચે પંડિતજી પોતે મરત બનીને પોતાના વિદ્યાવ્યાસંગની પ્રવૃત્તિ ચલાવતા હોય, એ દૃશ્ય, એમનું ઘણું મોટું નામ સાંભળીને એમને મળવા આવનારને આશ્ચર્યચકિત કરી દે.

પંડિતજીએ વ્યવસાયે લેખન પ્રવૃત્તિ સ્વીકારી હતી. આપણા દેશમાં પંડિત લેખકો લેખનના વ્યવસાયમાંથી પોતાનું ગુજરાન ચલાવે એ પરિસ્થિતિ બહુ કઠિન કહેવાય. પરંતુ છેલ્લાં થોડા વર્ષોમાં, કેટલાક શ્રીમંતોનો સહકાર મળવાના કારણે પંડિતજી આર્થિક દૃષ્ટિએ નિશ્ચિંત બન્યા હતા. વળી ગ્રન્થ પ્રકાશન દ્વારા અર્થપ્રાપ્તિની એમને સારી ફાવટ આવી ગઈ હતી. દર વર્ષે એમના એક, બે કે વધુ પુસ્તકો, ઉદ્ઘાટનના જાહેર કાર્યક્રમ સહિત, પ્રગટ થતાં. સરળ શૈલી તથા લોકપ્રિયતાને કારણે એમનાં પુસ્તકો જલદી ખપી જતાં અને પુનરાવૃત્તિઓ થતી. આ રીતે ગ્રંથપ્રકાશન દ્વારા પંડિતજીના કુટુમ્બની આજીવિકા સારી ચાલતી લતી. અલબત્ત, આટલી જ વિદ્વત્તા સહિત યુરોપ-અમેરિકાના કોઈ લેખક હોય તો તે આટલાં બધાં પ્રકાશનો દ્વારા મોટી ધનાઢ્ય વ્યકિત બની શકે, વળી સન્માન પણ ઘણું પામે પરંતુ આપણા દેશની વાસ્તવિક પરિસ્થિતિ બધા વિદ્વાન લેખકોને ગ્રંથ પ્રકાશનમાંથી આજીવિકા મેળવી આપે એવી હજુ થઈ નથી.

પં. ધીરજલાલ ટોકરશીનાં નાનાં મોટાં મળીને સાડા ત્રણસોથી વધુ પુસ્તકો પ્રગટ થયાં છે. આ કંઈ જેવી તેવી સાહિત્યોપાસના ન કહેવાય. વીસ-બાવીસ વર્ષની વયે એમણે લેખન-પ્રવૃત્તિ આરંભી દીધી હતી અને જીવનના અંત સુધી એમની એ પ્રવૃત્તિ ચાલુ રહી હતી. લેખન માટેનો કેટલો જબરો એમનો પુરુષાર્થ! એમની કેવી અનન્ય સાહિત્ય પ્રીતિ! કેવી ખુમારી અને કેવી ધગશ!

પંડિતજીએ અમદાવાદની ચી. ન. વિદ્યાવિહાર નામની સુપ્રસિદ્ધ શાળામાં ત્યાંની બોર્ડિંગમાં રહીને અભ્યાસ કર્યો હતો. અભ્યાસકાળ પછી તેઓ મુંબઈમાં આવીને વસ્યા હતા. અસાધારણ સ્મરણશકિત અને ગણિતશકિત ધરાવનાર પંડિતજીએ મુંબઈમાં આવ્યા પછી ચી. ન. વિદ્યાવિહારના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે 'ચીમન છાત્ર મંડળ' નામની એક સંસ્થા શરૂ કરી હતી. દર વર્ષે નવા આવતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સતત સંપર્કમાં તેઓ રહેતા. મારા મોટાભાઈ શ્રી જયંતીભાઇએ ચી. ન. વિદ્યાવિહારમાં અભ્યાસ કર્યો હતો. તેઓ મુંબઈમાં આવ્યા કે તરત પંડિતજીએ એમનો સંપર્ક સાધી મંડળના સભ્ય બનાવ્યા હતા. મંડળની પ્રવૃત્તિ નિમિત્તે તેઓને વારંવાર મળવાનું થતું. હું ત્યારે શાળા કોલેજમાં અભ્યાસ કરતો, અને મારા મોટાભાઇ સાથે કોઇ કોઈ વખત પંડિતજીને મળવા જતો. ઈ. સ. ૧૯૪૨-૪૪ની આસપાસ પંડિતજીને પ્રથમ મળવાનું મારે થયું હતું. પંડિતજીએ પોતાની યુવાનીના એ દિવસોમાં લેખનપ્રવૃત્તિ ઉપરાંત 'માનસ ચિકિત્સક' તરીકે કારકિર્દી ચાલુ કરી હતી. પરંતુ એ દિવસોમાં એવો વ્યવસાય બહુ ચાલે તેવો નહોતો. એટલે એ છોડી દઇને પંડિતજીએ લેખનને જ પોતાનો પૂરા સમયનો વ્યવસાય બનાવ્યો હતો. વચમાં કેટલોક વખત જૈન સાહિત્ય વિકાસ મંડળમાં તેમણે કામ કર્યું, પણ પછીથી તો એમણે પોતાની લેખન-પ્રવૃત્તિને સ્વતંત્ર વ્યવસાય તરીકે સારી રીતે વિકસાવી.

પંડિતજી સાથેનો મારો સંપર્ક આ રીતે લગભગ સાડા ચાર દાયકાનો હતો. પંડિતજી પ્રવાસના ખૂબ શોખીન હતા. એમની આયોજનની શકિત પણ ઘણી સારી હતી. ઘણાં વર્ષો પહેલાં કલ્યાણ પાસે રાયતા નામના સ્થળે એમણે 'ચીમન છાત્ર મંડળ'ના સભ્યો માટે પર્યટનનું આયોજન કર્યું હતું. ત્યારે વ્યવસ્થિત પર્યટન કેટલું ઉત્તમ અને આનંદપ્રદ હોઇ શકે તેની પ્રતીતિ થઇ હતી.

પંડિતજીએ પોતાના કેટલાય પુસ્તકોના ઉદ્ઘાટનના સમારંભોનું આયોજન પોતે જ કર્યું હતું. ગણિતવિદ્યાના, શતાવધાનના અને અન્ય પ્રકારના કાર્યક્રમો એમણે મુંબઈમાં અને અન્યત્ર વારંવાર યોજ્યા હતા. એમાં એમની સૂઝ, ચપળતા, દીર્ઘદૃષ્ટિ અને વ્યવસ્થા શકિતનાં દર્શન થતાં. વિવિધ ક્ષેત્રના જૈન-જૈનેતર મહાનુભાવો સાથે એમનો અંગત સંપર્ક કેટલો ગાઢ હતો તેની ત્યારે ખાતરી થતી.

પંડિતજીની અવધાન શકિત આશ્ચર્ય-ચકિત કરી નાખે એવી હતી. સો અવધાનના પ્રયોગ એણે ઘણીવાર કર્યા હતા. કેટલાક સાધુઓ અને ગૃહસ્થોને એમણે આ પ્રકારની અવધાન શકિતની તાલીમ આપી હતી. પંડિતજીની ગણિતશકિત પણ અદ્‌ભુત હતી. અને જાદુકલામાં પણ તેઓ નિષ્ણાત હતા. પોતાના પુસ્તકોના ઉદ્ઘાટન પ્રસંગે શ્રોતાઓને આકર્ષવા આવા પ્રયોગોના કાર્યક્રમો પણ તેઓ કયારેક રાખતા.

પંડિતજીનાં પુસ્તકોમાં 'પ્રતિક્રમણ પ્રબોધ ટીકા' નામના ત્રણ ભાગમાં પ્રગટ થયેલા એમના પુસ્તકનું સ્થાન ઘણું

મહત્ત્વનું છે. એની તોલે આવે એવું પ્રતિક્રમણ વિશેનું પુસ્તક ગુજરાતીમાં હજુ સુધી કોઈ પ્રગટ થયું નથી. નમસ્કાર મહામંત્ર, ભક્તામર સ્તોત્ર, ઋષિ મંડલ સ્તોત્ર, ઉવસગ્ગહરં સ્તોત્ર, લોગસ્સ સૂત્ર વગેરે ઉપરનાં એમનાં પુસ્તકો પણ ઘણાં મહત્ત્વનાં છે. 'મહાવીર વાણી,' 'જિનોપાસના', 'સામાયિક વિજ્ઞાન,' 'સિદ્ધચક્ર,' 'જૈન ધર્મનું પ્રાણી વિજ્ઞાન', 'નવતત્ત્વ દીપિકા' વગેરે સંખ્યાબંધ પુસ્તકો એમના પાંડિત્યનાં દ્યોતક છે.

પંડિતજી મંત્રવિદ્યાના પ્રખર જાણકાર હતા. એ ક્ષેત્રમાં એમની ઉપાસના પણ ઘણી મોટી હતી. યંત્રો સહિત વિવિધ પ્રકારની ક્રિયાઓ સાથે તેઓ અનુષ્ઠાન કરતા કે કોઇને માટે કરાવી પણ આપતા. એના પ્રભાવથી પોતે સંકટ કે આપત્તિમાંથી બચી ગયા હોય એવી સ્વાનુભવની વાતો પંડિતજી પાસેથી તથા બીજા કેટલાકને મોઢેથી સાંભળી પણ છે. એમણે 'મંત્રવિજ્ઞાન' 'મંત્ર-ચિંતામણિ' અને 'મંત્ર-દિવાકર' નામના ત્રણ મૂલ્યવાન ગ્રન્થો આપ્યા છે. તે ઉપરાંત એમના અન્ય ગ્રન્થોમાં મંત્ર, યંત્ર એને તંત્રની ઉપાસના વિષે વિદ્વત્તા પૂર્ણ ઘણી આધારભૂત માહિતી સાંપડી રહે છે.

પંડિતજીનું કૌટુંબિક જીવન સાદું, સંયમી અને સુખી હતું, એમના અનુષ્ઠાનથી જેમને લાભ થયો છે એવા એક ભાઇના નિમંત્રણથી તેઓ બે વખત અનુષ્ઠાન માટે લંડનની સફર પણ કરી આવ્યા હતા. પંડિતજીના ગ્રન્થ પ્રકાશનના કાર્યની વહિવટી જવાબદારી એમના પુત્ર નરેન્દ્રભાઇએ ઉપાડી લીધી હતી. એથી પંડિતજીને ઘણી રાહત થઈ હતી. અને જીવનની ઉત્તરાવસ્થામાં તેઓ આર્થિક દૃષ્ટિએ સાવ નિશ્ચિંત બન્યા હતા, એટલું જ નહિ પોતાના વતનમાં અને અન્યત્ર એમણે દાનમાં સારી રકમ આપી હતી.

પંડિતજીએ નિરામય દીર્ઘાયુ ભોગવ્યું અને સરસ્વતીદેવીના પ્રસાદ વડે પોતાના જીવનને ધન્ય બનાવ્યું. પંડિતજીનું જીવન એટલે વિદ્યાના ક્ષેત્ર પુરુષાર્થની અને પ્રાપ્તિની એક અનોખી ગાથા. એમની બહુશ્રુત વિરલ પ્રતિભાને વંદન હો!

આજે શું ખૂટે છે?

રતિલાલ 'અનિલ'

સદ્‌ગત રસિકલાલ મો. ઝવેરી વિશે શ્રી રમણલાલ ચી. શાહે લખેલા સ્મરણ – લેખમાંની એક માહિતી મને આજના સંદર્ભે ચિંતનક્ષમ લાગી શ્રીમંત કુટુમ્બના યુવાન રસિકલાલ ધંધાની સમજ કેળવવા આઠ દસ વર્ષ પેરિસમાં રહ્યા. પશ્ચિમ યુરોપમાં ફ્રાન્સનું એક આગવું સ્થાન છે. કહેનારા એને 'વિલાસી' પણ કહી શકે, પણ ફ્રાન્સ કળાનુરાગી પણ છે એટલે તો જનરલ દ' ગોલ વિદ્યાર્થી આંદોલનને પ્રેરતા. જ્યાં પોલ સાર્ત્રેની ધરપકડ કરવાની સલાહ મળે છે ત્યારે તેઓ બોલી ઉઠે છે: સાર્ત્રેની ધરપકડ કરવી એટલે ફ્રાંસની કરવી! હિટલર, મુસોલીની, સ્ટેલીન અને જનરલ ટીટો કે પોર્ટુગલના જનરલ સરમુખત્યારે આ સદીના સરમુખત્યારો વિશે એક સમજ, ઇમેજ, અર્થ સર્જ્યા છે તેને જનરલ દ' ગોલ ભૂંસી નાખે છે એવું આ ઉદાહરણ કહે છે. ફ્રાન્સે ભારતમાંનાં પોતાનાં સંસ્થાનો કેવા સહજપણે છોડ્યાં - અંગ્રેજોની સરખામણીમાં, એ વિચારો! કળાનો અનુરાગ, પદાર્થો અને માણસોને સમજવા અને તેમની સાથે વર્તવાની સૌંદર્ય પરક દૃષ્ટિ સંપડાવે છે.

તો, પેરિસમાં આઠ-દસ વર્ષે, પાશ્ચાત્ય સંસ્કૃતિની આબોહવામાં રહી શ્રી ઝવેરી સ્વદેશ આવે છે અને એમના જીવનમાં, ભારતીય સંસ્કૃતિમાં મહાજન પરંપરાએ સદ્‌ગુણોની શક્યતા કેટલાંયે ઉદાહરણોમાં પુરવાર કરી છે તે તો પ્રગટ જ છે, તે છેવટ સુધી રહે પણ છે, પણ લેખક નોંધે છે તેમ તે કાળના સ્વરૂપશી પ્રેરણાપુરુષ ગાંધીજીનું અસ્તિત્વ એમનામાં રાજરસી સાદાઈ અને સેવાર્થે રહેવાનું પરિવર્તન આણે છે. વર્તમાન સંદર્ભમાં એ ઘટના વિશે વિચાર કરતાં ભારતની આજની મુખ્ય ખોટ ઉપસી આવે છે. આજે તો ગ્રીનકાર્ડ લઇને સ્વદેશ આવ્યાની જાહેરખબરો પ્રતિષ્ઠિત અખબારોમાં સતત વંચાય છે. વિદેશ જઇને ફરી અહીં આવનારાઓમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ જ પ્રધાનપણે દેખાય છે. દેખાવ પૂરતા પણ ઘણા તણાય છે. સંસ્કૃતિ ગૌણ અને 'સભ્યતા' એમને માટે મહત્ત્વની બની રહે છે.

નહેરુ કુટુમ્બના માણસોનાં કપડાં પેરિસમાં ધોબી થાય છે. એવી અહોભાવની અફવાઓના સમયમાં પેરિસમાં સાત – આઠ વર્ષ રહી આવેલો યુવાન ખાદીનાં કપડાં પહેરે છે! એમ કહો કે ઐતિહાસિક ખાદીનાં કપડાં! ખુદ સરઘસોમાં ઉલ્લાસભેર ત્યારે ગવાતું :

ખાદી, ખરબચડી
તમે અંગે ધરો!

ત્યારની ખાદી એટલે ખૂબ જાડી અને કોમળ ચામડી થઇ જાય એવી ખરબચડી; મને લાગે છે કે સંગ્રહસ્થાનમાં ત્યારની ખાદીને પણ સ્થાન હોવું જોઇએ-ગાંધીના ઇતિહાસનો એક ભાગ ખાદી પણ છે અને તેનો ય ઇતિહાસ છે.

વર્તમાને આપણને કઈ ખોટ દેખાય? પારસમણિ જેવી પ્રેરક વિભૂતિ વ્યક્તિમાં સદ્‌ અંશો તો રહેલા જ હોય છે, પણ તેને પ્રગટ અને પુષ્ટ કરનાર પ્રેરક વ્યક્તિત્વની પણ જરૂર રહે છે.

વડા પ્રધાન અમેરિકામાં મૂળ ભારતીય વિજ્ઞાનીઓને ભારત પધારવા દેશની વૈજ્ઞાનિક ઉન્નતિમાં ભાગીદાર બનવા આમંત્રે છે! ગાંધીજીએ તો એવી કોઈ હાકલ ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા ત્યારે ય કરી નહોતી! છતાં ખુદ કેટલાયે અંગ્રેજોને પણ ભારતહિતૈષિ બનાવી દીધા હતા. ચર્ચિલે એમને 'નાગો ફકીર' કહ્યા પછી એ ફકીરી પ્રતિભાએ જ નાગાભૂખ્યા પ્રત્યે સંવેદન જગાડ્યું!

પેલા વિજ્ઞાનીઓમાં વર્તમાન ભારતનું રાજકારણ, બીજાની દિશામાં પહોંચતી કોંગ્રેસી પરમ્પરા; નોકરીશાહી અને લાંગવગના રાજકારણને લક્ષમાં લેતાં કેટલોક ક્ષોભ અને થોડી ઘણી શંકા પણ છે.


સદ્‌ગત રસિકલાલનાં સારા સ્વભાવલક્ષણો ઘડવામાં ખાનદાની પરમ્પરાના સંસ્કાર હશે જ, પણ લાંબા સમયના પેરિસમાંના વસવાટ પછી આવેલું પરિવર્તન તે ગાંધીપ્રેરિત જ દેખાય છે.

આપણી આજની ખોટ કોઇક મિશન સાથે જોડનાર સાવ ભૌમ પ્રભાવી ફકીરની છે.

રાજકોટમાં અસ્થિ સારવાર કેમ્પ

સંકલન : પન્નાલાલ ૨. શાહ

વનપ્રવેશ નિમિત્તે અભિનંદન



ડા. જે. પી. પીઠાવાલા

'સંધ'ના ઉપક્રમે ડા. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંનાં દરદોની વિના મૂલ્યે સારવાર માટે સોમવારથી ગુરુવાર, તા. ૨૯-૭-૮૫ થી તા. ૧-૮-૮૫ એમ ચાર દિવસ માટે એક શિબિર યોજવામાં આવી હતી, જેમાં ૬૦૦ ઉપરાંત દરદીઓને સારવાર આપવામાં આવી હતી.

આ કેમ્પનો ઉદ્‌ઘાટન સમારંભ. સોમવાર, તા. ૨૯ ૭-૮૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે શ્રી વીસા શ્રીમાળી જૈન સમાજની નવી વાડી, ૧૧, કરણપરા, રાજકોટ ખાતે જૈન સોશ્યલ ગ્રુપ્સ ફેડરેશનના સ્થાપક પ્રમુખ અને 'સંધ'ની કારોબારી સમિતિના સહયોગી સભ્ય શ્રી સી. એન. સંઘવીના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો, આ કેમ્પનું ઉદ્‌ઘાટન દીપ પ્રગટાવીને રાજકોટના જાણીતા ઉદ્યોગપતિ અને જૈન ધર્મના તત્ત્વજ્ઞ શ્રી શશિકાન્ત-ભાઇ મહેતાએ કર્યું હતું, જ્યારે અતિથિવિશેષ તરીકે મે. કે. એસ. ડિઝલ્સ લિ. ના ચેરમેન શ્રી કે. એસ. ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. ચારેય દિવસ કેમ્પનો સમય ૮-૩૦ થી ૧-૦૦ અને બપોરના ૨-૩૦ થી રાત્રિના ૧૧ ૩૦ સુધીનો રહ્યો હતો. કેમ્પ પણ શ્રી વીસા શ્રીમાળી જૈન સમાજની નવી વાડીમાં જ યોજાયો હતો. દરદીઓનો ધસારો એટલો હતો કે તેર કલાક કામ કરવા છતાં ય પહોંચી શકાય તેમ ન હતું. પરિણામે સવારના ૬-૩૦ કલાકે ઉતારા પર પણ દરદીઓ આવી જતા અને ડા. જે. પી. પીઠાવાલા એ માટે સજ્જ રહેતા હતા.

કેમ્પના ઉદ્‌ઘાટન સમારંભમાં 'સંધ'ના ઉપ-પ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે 'સંધ'ની ૫૭ વર્ષની કારકિર્દીનો આછો ખ્યાલ આપી કહ્યું હતું કે વૈચારિક જાગૃતિ, અને વૈચારિક ક્રાંતિ આ સંસ્થાનું મુખ્ય કર્તવ્ય છે. 'સંધ' તરફથી વ્યાખ્યાન-માળાઓ, સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે નેત્રયજ્ઞો, ધરમપુરના આદિવાસીના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ, હાડકાંનાં દરદોની મુંબઇમાં દર રવિવારે ડા. પીઠાવાલા દ્વારા વિના મૂલ્યે સારવાર આદિ માનવતાવાદી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. તેમણે ઉદ્‌ઘાટક શ્રી શશિકાન્તભાઇ મહેતા, સમારંભના પ્રમુખ શ્રી સી. એન. સંઘવી, અતિથિવિશેષ શ્રી કે એસ. ત્રિવેદી અને ડા. જે. પી. પીઠાવાલાનો સભાને પરિચય કરાવ્યો હતો.

'સંધ'ના પ્રમુખ ડા. રમણભાઇએ આ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે વર્તમાન વિષમ પરિસ્થિતિ અને સામાજિક-આર્થિક વિટંબણાને કારણે આપણને ઘણીવાર નિરાશા ઉપજે છે. પરંતુ ડા. પીઠાવાલા જેવા સેવાભાવી માનવીઓ ભારતની આશા છે. જ્યાં સુધી આવા સેવાના વ્રતધારીઓ ભારતમાં છે ત્યાં સુધી આ દેશનું ભાવિ ઉજ્જવળ છે. વધુમાં તેમણે કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો જો પહેલેથી આરોગ્ય જેવી ઘણી બાબતોમાં રસ લેતી હોય તો ઘણાં કામો આપોઆપ થઈ જાય.

દીપ પ્રગટાવી કેમ્પનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી શશિકાન્તભાઇ મહેતાએ કહ્યું હતું કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પાસે વિવિધ શક્તિ અને વ્યક્તિનો સમન્વય સધાયો છે. આજના દૈનિક 'ફૂલછાબ'માં જણાવ્યું છે તેમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘને માનવ-સેવાની પ્રવૃત્તિની ડાળ ફૂટી છે તો તેને અહીં રોપીને એને વિકસવા દઇએ અને ડા. પીઠાવાલાની એક પીઠ મુંબઇમાં છે તેમ હવે રાજકોટમાં પણ એમની પીઠ સ્થપાય એમ હું ઇચ્છું છું. તેમણે ડા. પીઠાવાલાને બિરદાવતાં વધુમાં કહ્યું હતું કે જ્ઞાની અને તત્ત્વજ્ઞાની કરતાં આચરણ કરનાર વધુ મોટો માણસ છે.

અતિથિવિશેષ શ્રી કાંતિલાલ એસ. ત્રિવેદીએ ટૂંકા વક્તવ્યમાં કહ્યું હતું કે બોલવાને બદલે આપણે કામ કરીએ અને કામ કરનારને આપણે સહાય કરીએ તે આજના સંજોગોમાં વિશેષ જરૂરી છે.

ડા. જે. પી. પીઠાવાલાએ પ્રવચન કરતાં સેવાની પ્રેરણા આપવા માટે જાણીતા ક્રિકેટર અને સમાજસેવક શ્રી વિજય મરચન્ટને યાદ કર્યા હતા. ત્યાર બાદ એક મુસ્લિમ સજ્જને દોઢેક વર્ષ માટે એમનું રહેઠાણ આ સેવા કાર્ય માટે આપ્યું હતું એમ જણાવી મુંબઈ જૈન યુવક સંઘે છેલ્લાં બે વર્ષથી આ કાર્ય માટે સહકાર આપ્યો છે એમ એમણે ઉમેર્યું હતું. અંતમાં એમણે જણાવ્યું હતું કે સેવાના કામમાં સહુ સહકારી થઇએ એવી પ્રાર્થના છે.

પ્રમુખસ્થાનેથી શ્રી સી. એન. સંઘવીએ જણાવ્યું હતું કે 'સંધ'ની પ્રવૃત્તિ અને સેવાનાં નવાં નવાં ક્ષેત્રો ઉમેરાતાં જાય છે તેમ સેવાના સીમાડાઓ પણ વિકસતા જાય છે. હવે 'સંધ' માત્ર મુંબઈનો નથી રહ્યો, પરંતુ સમસ્ત ભારતનો બની રહ્યો છે.

અંતમાં 'સંધ' ના અસ્થિ સારવાર કેન્દ્ર અને આ કેમ્પના સંયોજક શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહે આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે આ સંસ્થા મુંબઇની જ નથી રહી તેમ તે માત્ર જૈનો પૂરતું જ કામ નથી કરતી પરંતુ તે ખરા અર્થમાં માનવ કલ્યાણ સંધ બની રહી છે. આ કેમ્પ માટે જુદી જુદી સંસ્થાઓ, વર્તમાનપત્રો, કાર્યકરો તરફથી મળેલા સહકાર માટે એમણે સૌનો આભાર માન્યો હતો.

ઉદ્‌ઘાટન સમારંભમાં 'ફૂલછાબ'ના તંત્રીશ્રી હરસુખભાઇ સંઘાણી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભાષા વિભાગના અધ્યક્ષ ડા. પ્રભાશંકર તેરૈયા, રીડર ડા. બળવંત જાની, શ્રી નાગરિક સહકારી બેન્કના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વસંતભાઇ ખોખાણી,

વિજયા બેન્ક લિ.ના એજન્ટ અને 'સંદેશ' (સાપ્તાહિક)ની 'ઝબકાર' કટારના લેખક શ્રી રજનીકુમાર પંડ્યા, જૈન સોશ્યલ ગ્રુપના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ પુંજાણી, શ્રી હરસુખભાઈ તંબોળી, 'મંગલયાત્રા'ના તંત્રી શ્રી મનુભાઇ વોરા સહિત રાજકોટ શહેરના અગ્રણી નાગરિકો હાજર રહ્યા હતા.

આભાર

* શ્રી વીસા શ્રીમાળી જૈન સમાજ, રાજકોટના ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોએ ૧૧, કરણપરા પરની એમની નવી વાડી ચારેય દિવસોએ વિના મૂલ્યે આ કેમ્પ માટે આપવાનું ઔદાર્ય દાખવ્યું હતું.

* શ્રી શશિકાન્તભાઈ મહેતા, શ્રી પ્રવીણભાઈ પુંજાણી, શ્રી હરસુખભાઇ તંબોળી વગેરે મિત્રો. કેમ્પનો નિર્ણય કર્યો ત્યારથી પાર પાડવા સુધીની જવાબદારીમાં ખડે પગે ઉભા રહ્યા. તેમાં ય શ્રી શશિકાન્તભાઈની નમ્રતા અને તત્પરતા સ્પર્શી જાય તેવી છે.

* રાજકોટમાંથી ફૂલછાબ, જયહિન્દ, જનસત્તા, નૂતન સૌરાષ્ટ્ર (સવારનાં દૈનિકો) અકિલા અને લોકમાન્ય (સાંજનાં દૈનિકો) દૈનિકો પ્રગટ થાય છે, તદુપરાંત 'સારથિ' નામે સાપ્તાહિક પ્રગટ થાય છે. આ બધાં વર્તમાનપત્રો અને સામાયિકો તેમજ મુંબઇ સમાચાર, જન્મભૂમિ, પ્રવાસી, ગુજરાત સમાચાર, સૌરાષ્ટ્ર સમાચાર, કચ્છ મિત્ર (ભૂજ) વગેરેએ આ કેમ્પ અંગેની માહિતી યથાસમય પ્રગટ કરીને અને તેનું પુનરાવર્તન કરીને તેમ જ 'સંઘ' અને ડો. પીઠાવાલાના પરિચયાત્મક લેખ અને કેમ્પના ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિના સમાચાર પ્રગટ કરીને સંઘને સતત લોક સંપર્ક ઊભો કરી આપ્યો હતો. કેમ્પની સફળતામાં આ બધાં વર્તમાનપત્રોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

* આકાશવાણી, રાજકોટ કેન્દ્રે કેમ્પના ઉદ્‌ઘાટન સમારંભનું રેકોર્ડિંગ કરી, પ્રાદેશિક સમાચારમાં એને પ્રસારિત કર્યા હતા. હતું. ડો. બળવંત જાની આ કામમાં કડીરૂપ બન્યા હતા.

* કેમ્પ દરમિયાન દરદીઓને માર્ગદર્શન આપવા અને ક્રમ વ્યવસ્થા જાળવવામાં શ્રી શીતળભાઈ શશિકાન્ત મહેતા, શ્રી નરેશ સી. ચિનોય, શ્રી મનસુખભાઇ પટેલ, શ્રી મણિલાલ શેઠાણી, ડો. પટેલ વગેરેએ વહેલી સવારથી મોડી રાત સુધી સતત સેવા અર્પી હતી.તદુપરાંત દરદીઓને દવા અને સારવાર અંગે માર્ગદર્શન આપવામાં મુંબઇના વ્યાપારી અને શ્રી ઘોઘારી વીસા શ્રીમાળી જૈન જ્ઞાતિના ટ્રસ્ટી શ્રી પ્રતાપરાય મેચરાજ શેઠ આ કેમ્પ માટે ખાસ રાજકોટ પધાર્યા હતા.

* ડો. જે. પી. પીઠાવાલા અને એમના મદદનીશગણને તો કેમ ભૂલાય ?

* સંઘ સમાચાર *

મરાઠી ચર્ચા સભા : ઘરકુળ માણિ વ્યક્તિત્વ

'સંઘ'ના ઉપક્રમે શનિવાર, તા. ૨૪-૮-'૮૫ ના સાંજના પાંચ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રીમતી મૃણાલિની દેસાઇ 'ઘરકુળ અને વ્યક્તિત્વ' એ વિષય પર મરાઠી ભાષામાં પ્રવચન આપશે. સૌને સમયસર પધારવા વિનંતી છે.

કમલબેન પીલપાણી — સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

'સંઘ'ના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે તા. ૧૧-૯-'૮૫ થી તા. ૧૮-૯-'૮૫ એમ આઠ દિવસ માટે રહેશે. આ દિવસો દરમિયાન સવારના ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી એમ દરરોજ બે વ્યાખ્યાનો ભારતીય વિદ્યાભવન, કાનજી ખેતશી સભાગૃહ, કુલપતિ ક. મા. મુનશી માર્ગ ચોપાટી, મુંબઇ-૪૦૦ ૦૦૭ ખાતે યોજવામાં આવ્યા છે. વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને સંઘના પ્રમુખ **ડો. રમણલાલ ચી. શાહ** બિરાજશે.

વ્યાખ્યાતા તરીકે **પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજી, પૂ. મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી, પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ, પૂ મોરારીબાપુ, પ્રા. ચી. ના. પટેલ, પં. રૂપચંદ ભણશાલી, ડો. રમણલાલ ચી. શાહ, શ્રી શશિકાન્ત મહેતા, ડો. સાગરમલજી જૈન, ડો. રામજી સિંહ, પ્રો. તારાબેન શાહ, ડો. ગુણવંત શાહ, ડો. કાંતિલાલ કાલાણી, ડો. શેખરચંદ્ર જૈન, શ્રી વસંતભાઇ ઓઝાણી,** અને **શ્રી હરિભાઇ કોઠારી** પધારશે.

વ્યાખ્યાનના વિષયો સહિત વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

વ્યાખ્યાનમાળાનો સૌને લાભ લેવા વિનંતી છે.

અમો આભારી છીએ

વિદેશ પ્રવાસ સ્પોન્સરશિપ યોજના હેઠળ નીચેના મહાનુભાવો તરફથી દાન મળેલ હતું. આ પ્રમાણે દસ દાતાઓ તરફથી દાન મળતાં સાત ભાઇઓ અને એક બહેનને વિદેશ પ્રવાસે મોકલવાનું શક્ય બન્યું હતું. દાતાઓ તરફથી દાન મળતા સ્પોન્સરશિપ યોજના સફળતાપૂર્વક હાથ ધરી શકાઇ હતી, જે માટે અમો તેઓના આભારી છીએ.

રૂા. રકમ	દાતા
૧૫૦૦૦-૦૦	શ્રી. દીપચંદભાઈ એસ. ગાંધી
૧૫૦૦૦-૦૦	,, સુપ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ
૧૫૦૦૦-૦૦	,, ચંદેરિયા ફાઉન્ડેશન
૧૫૦૦૦-૦૦	,, બીપિનભાઇ જૈન
૧૫૦૦૦-૦૦	,, શૈલેશભાઈ એચ. કોઠારી અને તેમના પરિવાર તરફથી
૧૨૫૦૦-૦૦	,, વસનજી લખમશી શાહ અને તેમના પરિવાર તરફથી
૧૨૫૦૦-૦૦	,, દામજીભાઈ લાલજીભાઈ શાહ અને પરિવાર તરફથી (એંકરવાળા)
૭૫૦૦-૦૦	,, સી. એન. સંઘવી અને તેમના પરિવાર તરફથી
૭૫૦૦-૦૦	,, રસિકલાલ લહેરચંદ શાહ અને તેમના પરિવાર તરફથી
૫૦૦૦-૦૦	,, વિકાસ પ્રકાશન હ. શ્રી હુંગરશીભાઇ ગાલા
કુલ રૂા. ૧,૨૦,૦૦૦-૦૦	

લિ. મંત્રીઓ

* સંઘ સમાચાર *

અધ્યાત્મ-વર્ગ

'સંઘ' તરફથી **શનિવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૫થી** અધ્યાત્મ-વર્ગ શરૂ કરવામાં આવનાર છે. અધ્યાપક તરીકે તત્ત્વચિંતક **શ્રી પન્નાલાલ જગજીવન ગાંધી** માનાર્હ સેવા આપનાર છે. વર્ગ નીચે પ્રમાણે રહેશે.

* **દર શનિવારે બપોરે ૩-૦૦ થી ૪-૩૦**

સ્થળ : **પરમાનંદ કાપડિયા સભાગૃહ**

૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, મુંબઈ ૪૦૦ ૦૦૪.

* **દર ગુરુવારે રાતના ૮-૦૦ થી ૯-૩૦**

સ્થળ : **શ્રી પન્નાલાલ જગજીવનદાસ ગાંધીના નિવાસસ્થાને**

૩૦૬, શ્રીપાળ નગર, જે. મહેતા રોડ, મુંબઈ-૪૦૦૦૬.

વિષય : **'દ્રવ્યાનુયોગ'**

જે સભ્યો આ અધ્યાત્મ વર્ગમાં જોડાવા ઇચ્છતા હોય તેમને પોતાનું નામ તથા કયા વર્ગમાં તેઓ જોડાવા ઇચ્છે છે તે વિષે 'સંઘ'ના કાર્યાલયમાં તા. ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં લેખિત જણાવવા વિનંતી છે.

લિ. ભવદીય,

તરુણાબેન બિપિનભાઇ શાહ — **કે. પી. શાહ**

સંયોજક — **પન્નાલાલ ૨. શાહ**

મંત્રીઓ

(પૃષ્ઠ ૮૨થી ચાલુ)

ફરજ સમજીને મદદ કરી હોય તો ય એને ઋણ ગણવામાં બધાંને ફાયદો છે–આપણે પણ કયારેક તો કોઇને મદદ કરી જ હશે ને! માત્ર બધાંએ એને ઋણ ગણવું રહ્યું.

જવાબદારીઓ ગણવા જઇશું તો તો એટલી બધી થઈ જશે (ભણવાની, બાળક ઉછેરવાની, કામકાજની, વાંચવા-લખવા બોલવાની.) કે બોજો લાગશે પરંતુ આ જવાબદારીની એ ખૂબી છે કે એને સમજીને નિભાવવાનો પ્રયત્ન પણ કરીશું તો હળવા ફૂલ બની જઇશું. 'મેં મારું બનતું બધું જ કર્યું.' એવું વાકય આપણે હૃદય પર હાથ મૂકીને હમણાં રોજ દિવસને અંતે અને જીવનને અંતે ઉચ્ચારી શકીશું તો એ ઉચ્ચારણનો આનંદ અસીમ હશે અને અર્થસભર હશે. આપણે પોતે તો રાષ્ટ્રના હોદ્દામાં દૂધ જ રેડયું છે એ હકીકતનો આત્મસંતોષ ગજબનો હોય છે દૂધ રેડવામાં મૂર્ખતા જોનારને સ્વયં મૂર્ખ નહીં તે કૃતઘ્ની તો ગણી શકાય.

કવિ નીરજની કેટલીક પંકિતઓ છે,

'सुख न तुम्हारा सुख केवल, जग का भी इस में भाग है,
फूल डाल का पीछे पहले उपवन का शृंगार है'

તમારું સુખ એ માત્ર તમારું નથી. એમાં જગતનો પણ ભાગ છે. ફૂલ ડાળીની તો પછી, પહેલાં એ ઉપવનની શોભા છે.

આપણી પાસેનાં ફૂલોની અંજલિ આપી દેવાની આમાં જરૂરી નથી. સુગંધની લ્હાણ કરવાનો પ્રશ્ન છે, એની શોભા બીજાનો પણ અધિકાર ગણવાની વાત છે.

(પૃષ્ઠ ૭૪થી ચાલુ)

વગર જે દાન અપાય તે સાત્ત્વિક દાન (૨) બદલો મેળવવાની ઇચ્છા સાથે, કલેશપૂર્વક માગનારને જે દાન અપાય તે રાજસ દાન (૩) દેશ, કાળ અને પાત્રની યોગ્યતા ન હોય તેને આદર સત્કાર વિના, અવગણનાપૂર્વક, ઇચ્છા વગર જે દાન આપવું પડે તે દાન તામસ દાન.

જેઓ પોતાના નામ માટે કે પોતાના વડીલો, પૂર્વજો કે સંસ્થા ઇત્યાદિના સ્મરણાર્થે નામ, તકતી, ફોટો, પુતળું વગેરે મૂકવાની શરતે દાન આપે છે તેને કીર્તિદાન કહેવામાં આવે છે. એ દાન રાજસ પ્રકારનું દાન કહેવાય. એ બહુ ઉંચા પ્રકારનું દાન નથી, એમ છતાં એવા પ્રકારના દાનથી અન્ય લોકોમાં પ્રેરણા કે અનુમોદના થાય છે, એટલે વ્યવહારની દૃષ્ટિએ કીર્તિદાનની ઉપયોગિતા અવશ્ય ગણાય છે. કીર્તિદાન કરતાં ગુપ્તદાન ઘણું ચડિયાતું અને મોટું ફળ આપનારું મનાયું છે. તો પણ કીર્તિદાનનો નિષેધ નથી એ લક્ષ્યમાં રાખવું જોઇએ.

દાનના વિષયમાં જૈન ધર્મમાં એક સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. કોઇ વ્યકિત ગરીબ કે દુઃખી હોય તેને સહાય કરવા માટે તેને દાનની રકમ આપવામાં આવે પરંતુ એ રકમથી જો તે માંસાહાર કરવાનો હોય અથવા વ્યસની હોવાને કારણે તે દારૂ, જુગાર કે અન્ય વ્યસનમાં તે રકમ વાપરવાનો હોય તો તેવી વ્યકિતને દાન આપવું કે નહિ એ ઘણો વિવાદાસ્પદ પ્રશ્ન છે. વ્યવહાર અને સિદ્ધાંતની દૃષ્ટિએ, માનવતા અને આત્મધર્મની દૃષ્ટિએ એના જુદા જુદા ઉત્તરો છે. અલબત્ત દાન દેતી વખતે દાન લેનાર વ્યકિતની પરિસ્થિતિ અને ખરાબ વિષે બધી જ માહિતી હોતી નથી એટલે જ્યાં ખબર કે જાણકારી હોય ત્યાં અહિંસાદિ ધર્મની પુષ્ટી થાય એવી રીતે દાન આપવું જોઇએ, પરંતુ જ્યાં કશી માહિતી ન હોય ત્યાં કેવળ અનુકમ્પાના ભાવથી પણ દાન અવશ્ય આપવું જોઇએ. દાતાના હૃદયમાં અનુકંપાનો ભાવ રહ્યા કરે એ ઇષ્ટ છે. એટલા માટે જ 'हदा दानेन वर्तते' એમ કહેવાય છે. દંતકથા પ્રમાણે હેમચંદ્રાચાર્યે રાજા કુમારપાળને કહ્યું હતું કે જ્યાં સુધી તેઓ અનુકમ્પાના ભાવથી અન્ય ધર્મીઓને દાન ન આપે ત્યાં સુધી 'મહા શ્રાવક'ના બિરુદને યોગ્ય તેઓ નગણાય.

જ્યાં સુધી મનુષ્ય જીવન છે ત્યાં સુધી સ્થૂલ કે સૂક્ષ્મ દાનને અવકાશ રહેવાનો!

–રમણલાલ ચી. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

ડો. રમણલાલ ચી. શાહના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા લેખોનું પુસ્તક–

'જિનતત્ત્વ'નું પ્રકાશન.

'સંઘ'ના સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ ગ્રન્થ શ્રેણીના ત્રીજા ગ્રન્થ રૂપે **ડો. રમણલાલ ચી. શાહના** 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા જૈન ધર્મ વિષયક લેખોનો આ ગ્રન્થમાં સંચય કરવામાં આવ્યો છે. સાઇઝ : ક્રાઉન્ન સોળ પેજી, પૃષ્ઠ સંખ્યા ૧૬૪, પાકું બાઇન્ડીંગ, પ્રથમ આવૃત્તિ. મૂલ્ય રૂા. ૨૦-૦૦

મુખ્ય વિક્રેતા **નવભારત સાહિત્ય મંદિર** મુંબઇ–૨ અને અમદાવાદ–૧

'સંઘ'ના પેટ્રન અને આજીવન સભ્યોને સંઘનું આ પ્રકાશન રૂા. ૧૫-૦૦માં આપવામાં આવશે.

લિ. **મંત્રીઓ**

તુમ જિયો હજારોં સાલ....

❖ મનોજ્ઞા દેસાઇ

આ પંદરમી ઓગસ્ટે આપણી આઝાદી-માનવીની ઉંમરનું ચરિમાણુ સ્વીકારીએ તો-પ્રૌઢતા તરફ એક પગલું આગળ વધશે. અલબત્ત રાષ્ટ્રીય ઉંમરની સરખામણી માનવ સાથે ન જ હોય, કારણકે રાષ્ટ્રનું આયુષ્ય માનવની સરખામણીમાં ઘણું ઘણું વધારે છે. તે છતાં આઝાદીને થયેલાં આ આડત્રીસ વર્ષ એવાં ઓછાં ય નથી કે આપણે આપણને, આપણી સરકારને અને આપણી સકળ પ્રજાને દરેક વાતમાં, 'હજી તો આપણે નાનાં છીએ...' કરીને ક્ષમ્ય ગણી કાઢીએ.

થોડા દિવસ પહેલાં હું ઇસ્ત્રી લેવા બજારમાં ગઇ હતી. ઇસ્ત્રીમાં ક્રોટન, રેયોન, નાયલોન વગેરે લખેલો નોંધ જોઈતાં કપડાં માટે શી રીતે ફેરવવો એ દુકાનવાળાભાઇ મને બતાવતા હતા. મેં કહ્યું કે, ક્રોટનનું મુખ્ય બતાવી દો. એની અમારે કદાચ સૌથી વધારે જરૂર પડશે.

'ખાદી પહેરો છો?' મારા કપડાં જોઇને સાશ્ચર્ય પૂછ્યું.

'લગભગ. એંશી ટકા જેટલું...'

'અહ્ સારું. પણ ઘરમાં બધાં?' એમણે પૂછ્યું.

'ખાદીનો વપરાશ બીજાં કરતાં ઘણો વધારે' મેં કહ્યું.

'આજે આવા લોકો જોવા કયાં મળે છે? પણ બહેન સાચું કહું, આઝાદી મળી અને ત્રીજે દિવસથી ભાવ વધારો શરૂ થયો.'

શબ્દો સારા વાપર્યા'તા પણ એમનું કહેવાનું તાત્પર્ય એ હતું કે બ્રિટિશ રાજ સારું હતું, એમાં શું ખોટું હતું? બેશક, અંગ્રેજોએ જે આપ્યું છે તેમાંનું ઘણું આપણે ન કરી શકયા હોત તેમાં ય વળી મુંબઇને તો ખૂબ જ દૂર દૃષ્ટિ વાપરીને વિકસાવેલું. ચર્ચગેટથી વિરાર સુધીની રેલવે લાઇન કે કેટલીક ઇમારતો (જેની જાળવણી પણ આપણે સારી રીતે નથી કરી શકયા) પણ એ રાજ "આપણ" ન હતું. આપણે શાસક ન હતા. આપણે હજી 'આપણી' સરકાર રચી ન હતી. 'બ્રિટિશ રાજ સારું હતું' એ વિધાન કરનાર અનેક લોકોને કયારેય એમ કેમ પ્રશ્ન નહીં થતો હોય કે, 'બ્રિટિશરાજ પારકું હોવા છતાં કેમ હજી પણ એમ થઈ આવે છે કે એ સારું હતું? આપણે રચેલા ભારતમાં એવી તે શી ખોટ છે કે આજે આડત્રીસ વર્ષનાં વહ્યાં વાયા પછી પણ આપણને પારકું રાજ યાદ આવે છે! એ જે ઊણપ, જે ખામી છે એને રાખવામાં કે વધારવામાં મારો પોતાનો કેટલે હિસ્સો છે? એ ઊણપ દૂર કરવાનો મેં કેટલો સક્રિય પ્રયત્ન કર્યો છે?'

આપણે ઘણીવાર 'વિધાન શૂરાં' હોઇએ છીએ. પૂરતું વિચાર્યા વગર આવેશમાં વિધાન આપણે કરી નાંખીએ છીએ. 'ટેલિફોન દસ દિવસથી ચાલતા નથી. આના કરતાં તો ઇમર્જન્સી સારી હતી.' આવાં અનેક વિધાનો આપણે સાંભળીએ છીએ. અહીં ઇમર્જન્સીનો અર્થ માત્ર ટેલિફોન જલદી રિપેર થાય એટલા પૂરતો જ ઘટાવાયો છે. તે વખતે એ વિધાનશૂરાં શ્રીમાનને ઇમર્જન્સીની વિગતો યાદ કરાવવાની કોઈ ભૂલ કરે તો સામો જવાબ મળશે, 'હવે એ બધું ઠીક. વાણી-સ્વાતંત્ર્ય (કટાક્ષમાં બોલાયેલું)ને શું ધોઈ પીવું છે? રોટલો મળી રહે એટલે બસ!' વાણી-સ્વાતંત્ર્ય અને રોટલાને સીધો સંબંધ કેટલો! અમેરિકામાં વાણીસ્વાતંત્ર્ય હોવા છતાં લગભગ બધાંને રોટલો નહીં મળતો હોય? અને વાણી-સ્વાતંત્ર્યના અભાવ છતાં ડામેરી દેશોમાં દરેક દરેક માણસને રોટલો મળતો જ હશે?

જેમ વિધાનોમાં જવાબદારીનો અભાવ હોય છે, તેમ આપણા વર્તનમાં પણ જવાબદારીનો અભાવ છે. ચાર સુધી કામનો સમય હોય છતાં, મોટા જવાબદારીભરી જગ્યાવાળા ભણેલા ગણેલા હોદ્દેદારોને પણ રોજ ત્રણ વાગે ઓફિસમાંથી નિઃસંકોચ નીકળી જતાં મારી જેમ ઘણાંએ જોયાં હશે. આ જોતાં એક સામાન્ય વિધાન ઘણાં કરશે કે, 'હવે ભણેલા ગણેલાં જ જ્યાં આવું કરે તો નીચલા હોદ્દેદારોનો શો વાંક?' વાંક તો ખરો જ પણ જરા ઓછો.

'આપણાંથી આવું તો ન જ કરાય' એવી કોઈ આંતર-સ્ફુરિત જવાબદારી આપણામાં આડત્રીસ વર્ષે પણ ઊગતી કેમ નહીં હોય?

કાળો ચૈસો ભેગો કરીને 'બધાં જ એવું કરે છે...' એમ માનવાથી હૃદય ડંખતું બરોબર બંધ થઇ જતું હશે? કાળાં નાણાંને જીવનની જરૂરિયાત કે જીવનનું એક અનિવાર્ય અંગ ગણનારને પોતે દેશ પ્રત્યેની કોઇ ફરજ ચૂકયો છે એવું કદી લાગતું નહીં હોય? અને ન લાગતું હોય તો લાગવું ન જોઇએ?

જીવનની ઘણી વાતો એવી છે જેમાં આપણે દેશ અને દુનિયા પ્રત્યે આપણી જવાબદારી વિશે સજાગ બની શકીએ.

જમતી વખતે બાળક છાંડે અને મા કહે કે, 'દુનિયામાં ને આપણા દેશમાં કેટલાંય એવાં બાળકો છે કે જેમને ખાવાનું નથી મળતું. આપણને ભગવાને આપ્યું છે તે ન છંડાય...' તો બાળકને પણ થોડું જવાબદારી જેવું લાગે. એ પોતાના સીમિત કુટુંબની બહાર પણ વિચાર કરતું બને. 'એ ન છાંડે તે કંઈ સીધું ભૂખ્યા બાળકના પેટમાં જવાનું છે?' એવી દલીલ પણ થાય છે. પરંતુ આ એક વાકયથી આ સમાજ પ્રત્યે, દેશ પ્રત્યે, દુનિયા પ્રત્યે અને ઇશ્વર પ્રત્યે આપણું પણ કંઇક ઋણ છે. એનો આપણો ખ્યાલ નિશ્ચિત થાય છે અને બાળક પણ એ દિશામાં કંઇક વિચારે છે.

એક પાદરીએ એક ચોરને જોયો. અને એણે કહ્યું કે 'But for the grace of God, I would have been him' 'ઇશ્વરના આશીર્વાદ ન હોત તો આજે હું એની (ચોરની) જગ્યાએ હોત.' આ વાકય આપણને પ્રતીતિ કરાવે છે કે આપણે જે કંઇ છીએ એમાં આપણા પુરુષાર્થ ઉપરાંત ઇશ્વરના આશીર્વાદ પણ છે. વાતે વાતે અંગ્રેજીમાં 'Thank God' બોલતી વખતે કદાચ આપણને ખ્યાલ પણ નહીં હોય કે આપણે ઇશ્વરના આશીર્વાદનો ઉલ્લેખ કરી રહ્યાં છીએ.

દેશના, સમાજના ઘણાં ય લોકોએ જીવનમાં કેટલાય પ્રસંગે આપણને મદદ કરી હશે. એ લોકોએ સ્વાર્થથી પ્રેરાઇને કે

(અનુસંધાન પૃષ્ઠ ૮૧)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. ન. ૩૫૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૯

પ્રબુદ્ધ જીવન

મંબઇ તા. ૧-૯-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સંયમનો મહિમા

ભારતમાં ધાર્મિક પર્વોની ઊજવણી સાથે વ્રત-સંયમ, ત્યાગ-તપશ્ચર્યા અવિનાભાવે સંકળાયેલાં છે.

ભારતીય પરંપરામાં અનેક સંત-મહાત્માઓએ જીવનને સમજવાનો, તેના હેતુને પામવાનો પુરુષાર્થ કર્યો છે, પોતાના તથા અને અન્ય અનેક લોકોના અનુભવોના આધારે જીવનનાં સ્થૂલ તથા સૂક્ષ્મ રહસ્યોની શોધ કરીને માનવ કલ્યાણ માટે જીવન વ્યવસ્થાનો બોધ કર્યો છે.

માનવદેહને સ્પર્શાદિ પાંચ મુખ્ય ઇન્દ્રિયો મળી છે. એ ઇન્દ્રિયોના વ્યાપારને ચલાવનાર સૂક્ષ્મ મન પણ મળેલું છે. અર્થાત્ મનુષ્ય સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણી છે, મનના તમામ વ્યાપારોને, તરંગોને, સ્પંદનોને ક્ષુદ્ર મનુષ્ય પોતે સમજી શકતો નથી, મનના વ્યાપારોને ગતિમાન કરનાર આત્મા છે. એની શક્તિ અપાર અમાપ છે. ઇન્દ્રિયોના કેટલાક વ્યાપારો નજરે જોઈ શકાય છે. ચિત્તના વ્યાપારો દેખાતા કે બતાવાતા નથી, પરંતુ અનુભવાય, સમજાય છે. આત્મતત્ત્વ દૃશ્યમાન નથી, પરંતુ તર્કથી સિદ્ધ છે અને અનુભવથી પ્રતીત છે. આત્મતત્ત્વનો સાક્ષાત્કાર, આત્મ સ્વરૂપનું દર્શન અલ્પ સમયને માટે કયારેક કોઇ વિરલ મહાત્માઓને થાય છે. અહોરાત્ર દેહ અને આત્માની ભિન્નતા સ્પષ્ટ રહ્યા કરે એવી અનુભૂતિ એથી પણ વિરલ છે.

ભારતીય જીવન મીમાંસકોએ ઉપભોગ કરતાં ત્યાગ અને સંયમ ઉપર વધારે ભાર મૂક્યો છે. મનુષ્ય મનુષ્ય વચ્ચેના તથા ઇતર જીવસૃષ્ટિ સાથેના પરસ્પરના વ્યવહારને માટે કેટલાક નિયમોની આવશ્યકતા રહે છે. પોતાના શરીરને તંદુરસ્ત રાખવા માટે જેમ કેટલાક નિયમો જરૂરી છે. તેમ સમાજને તંદુરસ્ત રાખવા માટે પણ કેટલાક નિયમોની જરૂર છે.

આપણે ત્યાં પ્રાચીન સમયથી 'યમ' અને 'નિયમ' એવા બે શબ્દો વપરાતા આવ્યા છે. વ્યવહારમાં પરસ્પરની અનુકૂળતા માટે વ્યકિત, સમાજ કે રાજ્ય દ્વારા નકકી થયેલાં નિયંત્રણોને 'નિયમ' કહી શકાય. કેટલાક નિયમો, નિયંત્રણો કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે અને તેનું ઉલ્લંઘન કરનારને શિક્ષા થાય છે.

મનુષ્ય સ્વેચ્છાએ પોતાના જીવનને માટે કેટલાક નિયંત્રણો સ્વીકારી લે તેને 'યમ' કહેવામાં આવે છે, મનુષ્યનું જીવન જેટલું યમપ્રધાન તેટલા નિયમો ઓછા કરવા પડે. 'The best government is that which governs the least' એ યમપ્રધાન સમાજમાં શકય છે પરંતુ મનુષ્ય જીવન જેમ વધુ યમરહિત તેમ કુટુમ્બ, જ્ઞાતિ, સમાજ કે રાજ્યને વધુ નિયમો ઘડવા પડે. જેમ નિયમો અને કાયદાઓ વધારે તેમ સમાજમાં કુટિલતાનું પ્રમાણ વધે અને ક્રિયા-પ્રતિક્રિયા ઉત્તરોત્તર વધતી ચાલે.

ભારતીય સંસ્કૃતિ ઉપયોગ-પ્રધાન નહિ પરંતુ સંયમ-પ્રધાન રહી છે. ઈશાવાસ્યકથિત तेन त्यक्तेन भुञ्जीथा! એ એનો મંત્ર છે, ત્યાગ અને સંયમ ઉપર દુનિયાના બધા જ ધર્મોમાં ઓછેવત્તો ભાર મૂકવામાં આવ્યો છે, પરંતુ સાંસ્કૃતિક દૃષ્ટિએ જોઇએ તો પાશ્ચાત્ય સંસ્કૃતિ કરતાં પૌરસ્ત્ય સંસ્કૃતિમાં ત્યાગ અને સંયમનો મહિમા વિશેષ છે.

સ્થૂલ ઇન્દ્રિયો દ્વારા ભોગવાતા ભૌતિક સુખમાં જ એકંદરે મોટા ભાગના મનુષ્યો રચ્યાપચ્યા રહે છે. સારું કમાવું, સારું ખાવું પીવું, સુંદર વસ્ત્રો પરિધાન કરવાં, સરસ સજાવેલા ઘરમાં રહેવું, ખૂબ હરવુંફરવું, મહેફિલોની મોજ માણવી, સ્વજનો, મિત્રો, સંબંધીઓ સાથે મળીને વ્યવહારના પ્રસંગો ઊજવવા એમાં જ જીવનનું પરમ ધ્યેય સમાપ્ત થઈ જતું હોય એવું અનેક લોકોના જીવનમાં જોવા મળે છે. પરંતુ ઇન્દ્રિયાર્થ પદાર્થ દ્વારા મળતું સુખ સ્થૂલ અને ક્ષણિક છે, બલ્કે સુખાભાસ છે, એવી પ્રતીતિ થાય અને ત્યાગ અને સંયમમાં રહેલું સુખ વધુ ચડિયાતું છે એવો જેને અનુભવ થયો હોય તે જ એ સુખનું સાચું મૂલ્ય સમજી શકે.

સંયમ એટલે સમ્યક યમ. અર્થાત્ રસ અને રુચિપૂર્વક, સાચી શ્રદ્ધાથી ઉચ્ચતર ધ્યેય માટે સ્વેચ્છાએ સ્વીકારેલું નિયંત્રણ. સંયમ એટલે સમ્યક યમનું પાલન કરવું. અથવા યમનું સમ્યક પ્રકારે પાલન કરવું. જેમના જીવનમાં સંયમનું થોડું પણ પાલન થતું હશે તે અનુભવથી કહી શકશે કે અસંયમિત જીવન કરતાં સંયમિત જીવન કેટલું બધું ચઢિયાતું છે.

સ્વેચ્છાએ સમજણપૂર્વક ભોગોપભોગના સાધનો કે પદાર્થોનો ત્યાગ કરવા રૂપ સંયમનો મહિમા ઘણો મોટો મનાયો છે. સંત મહાત્માઓના પરિચયથી, સત્સંગથી કે ઉત્તમ ગ્રન્થોના પરિશીલનથી સારાસાર વિવેક આવે છે. જીવનમાં શું ગ્રહણ કરવા યોગ્ય છે અને શું ત્યાજ્ય છે એ વિશે પરિપકવ બુદ્ધિ એથી ખીલે છે.

સંયમનું પાલન સહજ અને આનંદપૂર્વક થાય તો એમાં કોઇ કષ્ટ લાગતું નથી, પરંતુ માણસ જો જાગૃત ન રહે તો

સંયમમાંથી એની શ્રદ્ધા ડગી જવા સંભવ છે. કોઈવાર કોઈ આવેશમાં સ્વેચ્છાએ લીધેલા સંયમનું પછીથી પરાણે પાલન કરવું પડે એવું પણ બને છે. ત્યારે સંયમ સંયમ ન રહેતાં નિગ્રહ અથવા ઇન્દ્રિય દમન થઈ જાય છે.

સંયમનો માર્ગ ઘણો કઠિન છે. શાસ્ત્રકારોએ એને ખાંડાની ધાર પર ચાલવા બરાબર જણાવ્યો છે. સંયમનો માર્ગ રેતીના કોળિયા જેવો નિઃસ્વાદ, લોઢાના ચણા ચાવવા જેવો કઠિન અને ભુજા વડે સમુદ્ર તરવા જેવો દુષ્કર છે. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે :

વાલુયા કવલે ચેવ, નિરસ્સાએ ઉ સંજમે ।
અસિધારાગમણં ચેવ, દુક્કરં ચરિઉં તવો ॥

જહા મુયાહિ તરિઉ દુક્કરં રયણાયરો ।
તહા અણુવસંતેણં દુક્કરં દમસાગરો ॥

ધર્મ કે તત્ત્વજ્ઞાનની અપેક્ષા વગર કેવળ વ્યવહાર દૃષ્ટિથી જોઈએ તો પણ મનુષ્ય જીવનમાં સુખ અને શાંતિને માટે સંયમની આવશ્યકતા ઘણી મોટી છે. જો બધા જ માણસો અસંયમી બની જાય તો હિંસા, ચોરી, મારામારી, બળાત્કાર, છેતરપિંડી વગેરેનું પ્રમાણ વધી જતાં મનુષ્ય-જીવનનાં સુખ શાંતિ નષ્ટ થઈ જાય. એટલા માટે જ જીવનમાં સંયમનો આદર થાય છે; સંયમી સ્ત્રી-પુરુષોનાં ગુણગાન ગવાય છે. કુંઠિત ધર્મમાં ન માનનાર કે પોતાની જાતને નાસ્તિક કહેવડાવનાર માણસો પણ અસંયમની નહીં પરંતુ સંયમની જ પ્રસંશા કરે છે.

સંસારમાં માણસ સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર, ધન, મિલકત, નોકરચાકર વગેરેમાં બહુ જ આસકત રહે છે. જીવંત વ્યકિતઓ અને દૃશ્યમાન સ્થૂલ પદાર્થો તરફની તીવ્ર રાગવાળી અભિરુચિ એ ધરાવે છે. વળી મનથી પણ તે ભિન્ન ભિન્ન ઇન્દ્રિયોના મનગમતા વિષયોની કલ્પના કરી રાચે છે, તો વળી કયારેક તેના વિપરીત અનુભવોનો ખ્યાલ કરી તે દ્વેષ પણ કરે છે. એટલે જીવને સંયમમાં રાખવા માટે સર્વ પ્રથમ ઇન્દ્રિયોને સંયમમાં રાખવાની આવશ્યકતા ઊભી થાય છે. ઇન્દ્રિયો તથા મનને સંયમમાં રાખવા માટે ભોગોપભોગનાં પદાર્થોનો ત્યાગ કરવાથી અથવા તેમાંથી રસ કે આસકિત ખેંચી લેવાથી સંયમ તરફ જીવને વાળી શકાય છે. પરંતુ એ વાળવા માટે શ્રદ્ધા સહિત જ્ઞાનની અપેક્ષા રહે છે. ઇન્દ્રિયાર્થ પદાર્થો તુચ્છ અને અનર્થકારી છે, જીવનને સંસારમાં ભમાડનાર છે, એવી આંતર-પ્રતીતિ ન થાય ત્યાં સુધી મન અને ઇન્દ્રિયો એ પદાર્થો તરફ વારંવાર દોડી જાય છે. વૃત્તિઓનું ક્રમે ક્રમે શુભ ભાવમાં ઉર્ધ્વારોહણ કરવાથી અને ચિત્તમાં ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, દયા, સંસારની ક્ષણિકતા અને અનિત્યતા ઇત્યાદિ ભાવોનું વારંવાર સ્મરણ કરવાથી ચિત્ત તથા ઇન્દ્રિયો લૌકિક સુખના પદાર્થોમાંથી નિવૃત્ત થાય છે. પરાણે કરેલું દેહદમન બહુ ઇષ્ટ નથી. કયારેક તેની પ્રતિક્રિયા થાય છે. ત્યારે મન અને ઇન્દ્રિયો બમણા વેગથી ભોગોપભોગ માટે લલચાય છે. આમ છતાં ઇન્દ્રિય દમન અને મનોનિગ્રહનો શાસ્ત્રકારોએ સર્વથા નિષેધ કર્યો નથી. કેટલાક જીવો એવા હોય છે કે જેઓ એક વખત ઇન્દ્રિય દમન કે મનોનિગ્રહ કરીને સંયમ તરફ વળે તો પછી તેઓ સ્વાભાવિક રીતે જ ઉલ્લાસપૂર્વક, શ્રદ્ધા સહિત સંયમમાં રહે છે. બાલજીવોને માટે આ વિશેષ સાચું છે. શિક્ષાના ભયથી માણસ પ્રામાણિક રહે કે ફાંસીની સજાના ભયથી માણસ ખૂન કરતો અટકે તો પણ તે વ્યકિત તથા સમાજને માટે ઇષ્ટ જ છે. એક વખત ભયથી અટકેલો માણસ સમય જતાં સમજણથી પણ અટકતો થઈ જાય. જેમ શાળાનાં બાળકો માટે ફરજિયાત શિસ્તપાલન અંતે ઉપકારક નીવડે છે તેમ બાલજીવોને માટે ઇન્દ્રિયદમન ઉપકારક નીવડે એ અસંભવિત નથી.

સર્વ ઇન્દ્રિયો અને મન ઉપર વિજય મેળવવાથી જીવ સંયમમાં આવી જાય છે. ઇન્દ્રિયોમાં પણ રસેન્દ્રિય એટલે કે જીભવા ઉપર વિજય મેળવવો ઘણો કઠિન મનાયો છે. આંખ, નાક, કાન, જીભ અને સ્પર્શ એ પાંચ ઇન્દ્રિયોમાં રસેન્દ્રિય એવી જીભ ઉપર, સ્વાદ તથા વાચાની દૃષ્ટિએ વિજય મેળવવાનું પ્રમાણમાં દુષ્કર છે એ અનુભવની વાત છે. જીભ ઉપરાંત સ્પર્શેન્દ્રિય, ઉપસ્થ ઇન્દ્રિય ઉપર સંયમ ધરાવવાનું પણ એટલું જ કઠિન શાસ્ત્રકારોએ દર્શાવ્યું છે. કામભોગની લાલસા જીવને વારંવાર થયા કરે છે. તીવ્ર મનોબળ ન હોય તો જીવને અસંયમમાં તે ઘસડી જાય છે. જે માણસ જીભવાને વશ કરી શકે છે, સ્વા: કે રસ ઉપર વિજય મેળવે છે તે માણસ ક્રમે ક્રમે ઉપસ્થ સહિત બધી ઇન્દ્રિયો ઉપર વિજય મેળવે છે.

ઇન્દ્રિયો ઉપર સંયમ મેળવ્યા પછી ચિત્ત પરનો સંયમ સરળ બને છે. કેટલીક વ્યકિતઓની બાબતમાં ચિત્તના સંયમ પછી ઇન્દ્રિયો પરનો સંયમ સરળ બને છે. પહેલાં ઇન્દ્રિયો ઉપરનો સંયમ કે પહેલાં ચિત્ત ઉપરનો સંયમ? એ વિવાદમાં એકાન્તે કોઈ નિયમ નથી, કારણ કે ચિત્ત અને ઇન્દ્રિયોના વ્યાપારો વ્યાપક, ગહન અને કયારેક અકળ હોય છે.

કયારેક નિમિત્ત મળતાં ક્રોધાદિ કષાયો ચિત્તમાં ઊઠે છે. તેવે પ્રસંગે જીવ તેને વશ બની જાય છે. કયારેક જ્ઞાન કે સમજણ હોવા છતાં પણ પ્રસંગવશાત્ પ્રમાદથી કષાયોને વશ બની જવાય છે. પાપરૂપ છે એમ સમજી તરત મિચ્છામિ દુક્કડમ્ કરી લઈને પોતાના ચિત્તને આત્મચિંતનમાં પરમાત્માના ધ્યાનમાં અથવા વૈરાગ્યની ભાવનાઓમાં જોડી દેવું જોઈએ. શાસ્ત્રકારોએ ઉપમા આપી છે કે જે સરોવરનું જળ નિર્મળ અને પારદર્શક હોય છે તેમાં હિંસક જળચરો રહેતાં નથી. તેવી રીતે માણસ જો પોતાના હૃદયને નિર્મળ અને પારદર્શક બનાવે તો તેમાં ક્રોધાદિ કષાયો રૂપી હિંસક જળચરો રહી શકે નહિ.

ક્રોધાદિ કષાયો એક દિવસમાં નિર્મૂળ થતા નથી. શુભ ભાવનાઓનું વારંવાર ભાવન કરવાથી, શુભ ધ્યાનમાં ચિત્તને વખતોવખત પરોવવાથી સંયમનો મહાવરો થતો જાય છે અને એ રીતે કષાય ઉપર ક્રમેક્રમે વિજય મેળવી શકાય છે.

ક્ષમાના ભાવ દ્વારા ક્રોધને, માર્દવ અથવા વિનમ્રતાના ભાવ દ્વારા માનને અને સંતોષ દ્વારા લોભને જીતી શકાય છે. જે માણસ કષાયોને મંદ પાડતો નથી અથવા તેને વધવા દે છે તે માણસના કષાયો અનંતાનુબંધી બનતા જાય છે અને સમય જતાં તેને મિથ્યાત્વમાં ઘસડી જાય છે.

સમિતિ, ગુપ્તિ, વ્રત, તપ, ચારિત્ર્ય, વિરતિ, વૈરાગ્ય, નિગ્રહ, સંયમ વગેરે શબ્દો વિશાળ અર્થમાં એકબીજાના પર્યાય જેવા ગણાય છે, તો પણ દરેકની વિશિષ્ટ પારિભાષિક અર્થચ્છાયા છે. ઉદાહરણ તરીકે મૌનને વાણી ઉપરના સંયમ તરીકે કોઈ ઓળખાવી શકે, પરંતુ વસ્તુત: તેનો વચનગુપ્તિમાં સમાવેશ થઈ જાય છે. શરીરની કેટલીક પ્રવૃત્તિઓ ન કરવી

(અનુસંધાન પૃષ્ઠ ૯૬ ઉપર)

વીતેલાં વર્ષો

❖ ચી. ના. પટેલ

(ગતાંકથી ચાલુ)

મેટ્રિકની પરીક્ષા દરમ્યાન મેં દવાઓ લીધી હતી તેની પહેલી વિપરીત અસર ચાર વર્ષે જણાઇ. બી. એ.ની પરીક્ષાની તૈયારી કરતો હતો ત્યારે, ૧૯૪૦ના માર્ચ માસમાં, પરીક્ષા શરૂ થવાની હતી તેના ત્રણ દિવસ પહેલાં મગજના થાકનાં ચિહ્ન જણાયાં. બી. એ.માં મુખ્ય વિષય અંગ્રેજી સાથે ગૌણ વિષય સંસ્કૃતનો હતો. તેમાં માત્ર પાસ થવા જેટલા, એટલે કે બે પ્રશ્નપત્રોમાં કુલ ૩૦ ટકા, ગુણ મેળવવાના હતા, એટલે વિષયની તૈયારીમાં બહુ ઝાળજી નહોતી રાખી. દરેક સત્રની અંતે કૉલેજની પરીક્ષા થતી તે પહેલાં ત્રણેક દિવસ વાંચી લેતો અને જરૂર કરતાં ઘણા વધારે ગુણ મળી જતા. છેલ્લી યુનિવર્સિટીની પરીક્ષા માટે પણ પરીક્ષા પહેલાંના ત્રણ દિવસ સંસ્કૃત વાંચવા માટે રાખ્યા હતા પણ પરીક્ષા સોમવારે શરૂ થવાની હતી અને શુક્રવારે સવારે સંસ્કૃતનું પુસ્તક હાથમાં લીધું તો એક વાક્ય પણ વંચાય કે યાદ રહે નહિ. મુખ્ય વિષય અંગ્રેજીમાં ગમે તેટલા ગુણ આવે, પણ સંસ્કૃતના બે પ્રશ્નપત્રોમાં ત્રીસ ટકા ન આવે તો નપાસ ગણાય. અત્યાર સુધીની દરેક પરીક્ષામાં ઊંચી સફળતા મેળવી હતી. મેટ્રિકમાં મુંબઇ યુનિવર્સિટીમાં આઠમાં નંબરે પાસ થયો હતો, ગુજરાત કૉલેજની ફર્સ્ટ ઇયરની પરીક્ષામાં હું એકલો જ પ્રથમ વર્ગમાં હતો, અને ઇન્ટરની પરીક્ષામાં પ્રથમ વર્ગ મળવો અઘરો ગણાતો, તેમાંય તર્કશાસ્ત્ર લઇને પ્રથમ વર્ગમાં આવ્યો હતો. હવે છેલ્લી પરીક્ષામાં આવી નામોશી ? હું ખૂબ ગભરાઈ ગયો. વિચાર્યું કે નાહીને સ્વસ્થ થયા પછી વાંચીશ. પણ નહાવાની તૈયારી રૂપે હજામત કરતાં હાથ ધ્રુજે. નાહીને ફરી વાંચવાનું શરૂ કર્યું ત્યારેય મગજની એ જ સ્થિતિ. સદ્‌ભાગ્યે મેં હૉસ્ટેલની મારી રૂમમાં બેડાની શાળાના મારા મિત્ર શ્રી કનુ મચ્છરને, તેઓ એલ. એલ. બી. ની પરીક્ષા માટે વાંચતા હતા તેની સગવડ માટે, રાખ્યા હતા. (કોઇની રજા વિના, કારણ કે કૉલેજની બહારનો કોઇ વિદ્યાર્થી એવી રીતે હૉસ્ટેલમાં રહી ન શકે) શ્રી મચ્છરના કાકા ડૉક્ટર હતા. તેમની પાસેથી તેઓ ન્યૂરો-ફૉસ્ફેટ નામની ટૉનિક દવા લઈ આવ્યા. રોજ તેનાં ચાર પાંચ ટીપાં લઇ મેં ત્રણ દિવસ સુધી દરરોજ બાર કલાક વાંચ્યું અને સંસ્કૃતિમાં ૧૦૦ બદલે ૮૦ ગુણ મેળવ્યા. પણ એ ગભરાટમાં અંગ્રેજીના પ્રશ્નપત્રો જરા ચૂથાઇ ગયા અને પરીક્ષામાં પ્રથમ વર્ગ ન મળ્યો.

ત્રણ વર્ષ પછી, ૧૯૪૩ના એપ્રિલ માસમાં, એમ. એ. ની પરીક્ષા માટે તૈયારી કરતો હતો ત્યારે પરીક્ષાની તારીખ પહેલાં પંદર દિવસ અગાઉ વળી પાછો મગજનો થાક વર્તાયો. (આજે તો, શરીરની તદ્દન નખાઈ ગયેલી સ્થિતિમાંય, પૂરી ઊંઘ આવી હોય તો થાક્યા વિના સળંગ દશ કલાક વાંચી શકું છું.) એ વર્ષે પરીક્ષા આપવાનું બંધ રાખ્યું પણ પછીના વર્ષે શરીર વધુ બગડ્યું. એક ડૉક્ટર વડીલે મને ચેતવ્યો કે કદાચ મને ક્ષય થાય. (એમણે જ મને પાછળથી, ૧૯૫૦માં, કહ્યું હતું કે ચીમનભાઇ, તમારા શરીરના ઘડિયાળની ચાવી ઊતરી ગઈ છે. સ્મરણોના પહેલા હપ્તામાં મેં આનો ઉલ્લેખ કર્યો છે.) એટલે સાવચેતી રૂપે ડૉ. મોહિલેની સલાહથી ગ્લુકોસન નામનાં થોડાં ઇન્જેક્શન લીધાં અને દવાની બાટલી લઇ ૧૯૪૪ના એપ્રિલમાં, એમ. એ.ની પરીક્ષા આપવા મુંબઇ ગયો. મુંબઈ પહોંચ્યો તેના આગલે દિવસે બપોરે શહેરના એક બારામાં સ્ટીમરમાં ભરેલો દારૂગોળો ફૂટતાં ભયંકર ધડાકો થયો હતો. પચાસ વર્ષથી વધુ ઉંમરના બધા મુંબઇવાસીઓને તે યાદ હશે. એ દિવસોમાં રેડિયોનો ઉપયોગ બહુ પ્રચારમાં નહોતો આવ્યો, એટલે હું મુંબઈ જવા સાંજે સાત વાગ્યે ગુજરાત મેઇલમાં બેઠો ત્યાં સુધી એ વિશે અમને કોઇને એ ધડાકા વિશે ખબર નહોતી પડી. પડી હોત તો ? સંભવ છે કે પિતાએ મને મુંબઇ ન જવા દીધો હોત. એમ. એ. ની પરીક્ષાની તૈયારીમાં ચાર વર્ષ નીકળી ગયાં હતાં. વળી એક વર્ષ રાહ જોઇ હું પરીક્ષા આપી શક્યો હોત, કે જીવને કોઇ બીજી જ દિશા લીધી હોત ?

જૂન માસમાં પરીક્ષાનું પરિણામ આવ્યું અને હું પ્રથમ વર્ગમાં પાસ થયો તે પહેલાં ગુજરાત કૉલેજમાં અંગ્રેજીના મદદનીશ અધ્યાપકની જગ્યા ખાલી પડી હતી અને ૨૦ જૂને હું નોકરીએ ચઢી ગયો. શરીરની અશક્તિ વધતી જતી હતી. એટલે મેટ્રિકના વર્ષનો અનુભવ યાદ કરી મેં એ વર્ષે લીધેલી વિટામિનની ગોળીઓ ફરી લેવાનો વિચાર કર્યો. પણ મને વિચિત્ર અનુભવ થયો. જે દિવસે સવારે ગોળી લીધી હોય તે દિવસે કૉલેજમાં પહેલા જ પીરિયડમાં ચકકર આવે, અને સ્વસ્થ રહેવાનો ગમે તેટલો પ્રયત્ન કરું તોય પંદર-વીસ મિનિટમાં વ્યાખ્યાન બંધ કરી વર્ગ છોડી દેવો પડે. થોડા થોડા દિવસને અંતરે મેં ચાર પાંચ વાર ગોળી લેવાનો પ્રયત્ન કર્યો, પણ દરેક વેળા મને અચૂક એવો જ અનુભવ થાય. તે પછી જ્યારે જ્યારે મેં વિટામિન એ. સી. કે ડી. લેવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે દરેક વેળા પરિણામ અવળું આવ્યું છે. સામાન્ય રીતે હું ડૉક્ટરોને આ વાત કરું છું ત્યારે તેઓ તે માનતા નથી. અને તેને મારા મનનો વહેમ ગણી કાઢે છે. એ વર્ષના, એટલે કે ૧૯૪૪ના ડિસેમ્બર માસમાં મને કમળો થયો, તેમાંથી મને તે સમયના જાણીતા ધારાશાસ્ત્રી હિંમતલાલ શુકલના નાનાભાઇ અમુભાઇ શુકલે એક અઠવાડિયામાં જ બેઠો કર્યો, પણ શરીર ઉપર કમળાની કાયમ અસર રહી ગઈ. (અમુભાઇ હજુ જીવતા છે, અને પંદરેક દિવસ ઉપર મારી પુત્રીને લઈ એમને મળવાનું થયું ત્યારે મેં એમને જૂની વાત યાદ દેવડાવી હતી.)

કમળાની બધી અસરની વિગતે કથા લખું તો લાંબી વાર્તા થાય. એટલે હું મુખ્ય હકીકતોનો જ ઉલ્લેખ કરીશ. કમળા પછી ત્રણ વર્ષે મને ચોમાસામાં ને શિયાળામાં રાત્રે સસણી થવા લાગી, તે ભાત ખાવાનું બંધ કરતા અને દરરોજ સાંજે પાંચ વાગ્યે જમી લેવાનો નિયમ રાખતાં કાબૂમાં આવી. તેને પૂરી મટાડવા માટે હોમિયોપથીની દવા કરી તો તેમાંથી hyperacidity થઇ, જે માટે હું મુંબઇના તે સમયના પ્રસિદ્ધ ડૉ. ગ્રોધને મળ્યો હતો. તે માટે તેમણે ફૉલિક ઍસિડનાં ઇન્જેક્શન આપ્યાં હતાં અને તેથી થોડી રાહત થઇ હતી, અને થોડા સમય પછી ફરિયાદ મટી ગઈ હતી. ત્રણ વર્ષ પછી, ૧૯૫૧માં મોંમાં અવાળાં ઉપર ફોલ્લીઓ પાકી.

ડૉક્ટરે પાયોરિયાનું નિદાન કર્યું અને થોડા દાંત પાડી નાખ્યા. એકેક વર્ષ વિટામિન બી કૉમ્પ્લેક્સ લેતાં શરીર સુધર્યું અને વજન લગભગ ૧૦૫ સુધી પહોંચ્યું. પણ ૧૯૫૬ માં મારી, વલ્લભવિદ્યાનગરમાં નવી સરદાર વલ્લભભાઇ યુનિવર્સિટી સ્થપાવાની હતી તેના પહેલા સરકારી રજિસ્ટ્રાર તરીકે બદલી થઇ. ત્યાં મને એક વર્ષમાં જ ઇયોસિનોફિલિયા નામનો, ક્ષયના જેવાં ચિહ્નવાળો રોગ થયો દરરોજ ખાંસી રહે ને ૧૦૦ ડિગ્રી તાવ રહે. લોહીમાં એનો આંક ૩-૪ રહેવો જોઇએ તે ૫૦ જેટલો થયો હતો. વધેલું વજન બધું ઊતરી ગયું અને સાથે થોડું વધારે પણ લેતું ગયું.

ત્રણ વર્ષે મહામહેનતે ઇયોસિનોફિલિયા કાબૂમાં આવ્યો ત્યાં દિલ્હીની 'કલેક્ટેડ વર્ક્સ ઓવ મહાત્મા ગાંધી'ની ઑફિસમાં અનુવાદક તરીકે સારા પગારે જોડાવાનું નિમંત્રણ આવ્યું તે મેં શરીરની સ્થિતિનો વિચાર કર્યા વિના સ્વીકારી લીધું, જતાં પહેલાં બાકી રહેલા વીસ દાંત પડાવી નાખવાનો વિચાર કર્યો. સામાન્ય નિયમ પ્રમાણે ડૉક્ટર અઠવાડિયાના બે પાડે તો અઢાર માસ નીકળી જાય. મારી પાસે એટલો સમય નહોતો એટલે મેં હિંમત કરીને ડૉક્ટરને એક જ બેઠકમાં બધા દાંત પાડી નાખવાનું કહ્યું. ડૉક્ટર મારા જેવા સાહસવીર હતા અને તેમણે એમ કર્યું બોંતેર દાંત સહેલાઇથી પાડી શકયા, પણ છેલ્લા દાંતે હઠ કરી અને તેને ખેંચતાં દશેક મિનિટ નીકળી ગઇ. વિટામિન સીનું ૫૦૦ મિલિગ્રામનું ઇંજેક્શન લઇને ગયો હતો એટલે બહુ લોહી તો ન પડયું, પણ જમણો ગાલ સૂજી ગયો. કુટુંબના ડૉક્ટર જિતેન્દ્ર દેસાઇને બતાવતાં તેમણે પોસનાં ડોડાંનો શેક કરવાનું કહ્યું તેનાથી એક કલાકમાં જ આરામ થઈ ગયો.

દિલ્હીમાં શરીર ઉત્તરોત્તર નબળું પડતું ગયું. ડૉક્ટરોની ને વૈદ્યની દવા કરી જોઈ અને ફાયદો ન જણાતાં છેવટે હોમિયોપથીની કરી. એક અઠવાડિયું તે કરી હશે ત્યાં, એક દિવસ સવારે, ૧૯૬૫ના નવેમ્બરની ૨૩મીએ, મેથીની ભાજીનો સૂપ પીધા પછી લોહીના રંગ જેવી પાતળા પ્રવાહીની ઊલટીઓ શરૂ થઇ. હું એકલો રહેતો હતો એટલે ઘર બંધ કરી પડોશમાં મિત્ર શ્રી આશુતોષ દેસાઈ રહેતા હતા ત્યાં ગયો. ત્યાં બપોરે ચાર વાગ્યે બદ્ધ લોહીની ઊલટી થઇ. ડૉક્ટરની સલાહથી આશુતોષે મને તત્કાલ હોસ્પિટલમાં દાખલ કરાવ્યો, દશેક દિવસ હોસ્પિટલમાં રહ્યા પછી શરીર જરા સારું થયું એટલે અમદાવાદ આવ્યો. એકાદ માસ પછી ચીફ એડિટરે મારી બદલી અમદાવાદમાં નવજીવન પ્રેસમાં 'કલેક્ટેડ વર્ક્સ'ના ગ્રંથો છપાતા હતા તેના મકાનમાં અમારી દિલ્હી ઑફિસની શાખા હતી તેમાં કરી. લોહીની ઊલટી કેમ થઈ એ માટે શરીર સર્જનને બતાવતાં તેમને જરૂરી તપાસ પછી કેન્સરનો વહેમ પડયો. તેમણે પેટ ખોલીને જોયું તો ચાંદુ કે કેન્સર કંઈ જણાયું નહીં થોડા માસ એકલા દૂધ ઉપર રહ્યો હતો એટલે આંતરડાં નબળાં પડી ગયાં હતાં તેમને સુધારવા ડૉક્ટરે મને સામાન્ય ખોરાક ચાલુ રાખવાનો આગ્રહ કર્યો, મેં પ્રયત્ન કરી જોયો, પણ તે સફળ ન થયો. તે પછી બે વર્ષ મારાં બહુ કલેશમાં ગયાં. પહેલાં વર્ષ દરમિયાન દૂઝતા હરસ માટે બે ઑપરેશન કરાવવાં પડયાં, અને બીજા વર્ષે ખોરાકમાં માત્ર પાંચ છ કપ ચહા અને ૧૦૦ ગ્રામ સૂરણનું શાક એટલું રહ્યું. છેવટે કંટાળીને જે થવાનું હશે તે થશે એમ વિચારી હું શ્રી જયંતી ઠાકારની વસંત નેચર ક્યોર હોસ્પિટલમાં દાખલ થયો. ત્યાં અઢી માસ રહ્યો. અને દુધ-દહીં ઉપર રહેતો થઈ ઘેર આવ્યો. એમ સાડા પાંચ વર્ષ ચાલ્યું. પછી ૧૯૭૪માં શરીર ફરી બગડતાં વળી ડૉક્ટરને બતાવ્યું, તેમણે આંતરડાનાં ક્ષયનું નિદાન કર્યું સ્ટ્રેપ્ટોમાયસિનનાં ૯૦ ઇંજેક્શન લીધાં અને તે સાથે દોઢ વર્ષ ઇસોકિમ નામની ટીકડી ચાલુ રાખી તેથી શરીર જરા વળ્યું, જોકે પૂરું નહિ. લગભગ દશ વર્ષ હું રોટલી, મગ ને શાક ખાતો થયો. પણ થોડાં વર્ષોમાં સ્ટ્રેપ્ટોમાયસિનની અસર ઊતરી ગઈ અને હવે મારો ખોરાક દરરોજના માત્ર બે ખાખરા, ૨૦૦ ગ્રામ જેટલા શાકનો સૂપ, ચાર કપ ચહામાં પાશેર જેટલું દૂધ અને આઠ ચમચી જેટલી ખાંડ આવે તે રહ્યો છે. અવારનવાર એક ટંકના ખાખરાને બદલે ૧૦૦ ગ્રામ જેટલા બટાકાનું શાક ખાઈ લઉં છું. કોઈ વાર મગ ને કઢીનો સ્વાદ કરી લઉં છું ખરો, પણ તે બહુ સદતાં નથી. આમ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ખરું.

મારા ગર્ભશ્રીમંત ભાઇએ આમ મને જીવનભર ખૂબ પજવ્યો છે, પણ મને એનો લેશમાત્ર રંજ નથી. તેમના હઠાગ્રહે મને બીજી મૂલ્યવાન કમાણી કરાવી આપી છે. શ્રી નરસિંહરાવ દીવેટિયાએ 'મનોમુકુર'ના બીજા ભાગના પહેલા લેખના મથાળે ઓગણીસમી સદીના એક ઓછા જાણીતા નવલકથાકાર અને કવિ જોજ મેરિડિથની ઉક્તિ ટાંકી છે. There is nothing the body suffers that the soul may not profit by 'શરીરનું એવું કોઇ કષ્ટ નથી જેનો આત્મા પોતાની ઉન્નતિ અર્થે સદુપયોગ ન કરી શકે.' મારા જીવનમાં મેં આ ઉક્તિની યથાર્થતા અનુભવી છે અને મારા ગર્ભશ્રીમંત ભાઇનાં પરાક્રમ મને આશીર્વાદરૂપ લાગ્યાં છે. તેમણે મને ધર્મલાભ જ નહિ, અર્થલાભ પણ કરાવી આપ્યો છે, મારા એ સદ્‌ભાગ્યની વાત હું હવે પછી લખીશ.

હરીન્દ્રભાઇને પત્ર

❖ કુમુદવીર દીક્ષિત

પ્રિય હરીન્દ્રભાઇ

ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહક સમિતિએ ૧૯૮૨ ના વર્ષનો રણજિતરામ સુવર્ણચન્દ્રક તમને અર્પણ કરવાનો નિર્ણય કર્યો છે તે સમાચારથી આ જીવને ઘણો ઘણો આનન્દ થયો. તમને હૃદયપૂર્વકનાં અભિનન્દન. તમને પણ આનન્દ તો થતો હશે, તે સાથે તમારા સ્વભાવ પ્રમાણે તમને એક મૂંઝવણ પણ થતી હશે, કે 'સદ્‌ગત રણજિતરામ જેવા એક મહાન સંસ્કારસેવક, જેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી, આપણી પ્રજાની સાંસ્કૃતિક ચેતનામાં જુવાળ આણવાનું સામર્થ્ય દાખવી શકેલી ગુજરાતના ગૌરવરૂપ સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થા સ્થાપી અને, જેમણે ગુજરાતના પ્રજાજીવનના આર્થિક, સામાજિક અને રાજકીય પ્રશ્નોના પ્રાણ સમા સાહિત્ય અને શિક્ષણના મહા પ્રશ્નોની ગંભીરતાથી મૂળગામી વિચારણા કરી, એ વિભૂતિની સ્મૃતિરૂપ સુવર્ણચન્દ્રક સ્વીકારવાની મારી તે કઇ અને કેટલી પાત્રતા ? આ મૂંઝવણ તમારી સ્વભાવગત વિનમ્રતા સંદર્ભે સમજી શકાય એવી છે.

કિન્તુ ગુજરાતી વાઙ્મય ક્ષેત્રે અને ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે તમે સાડાત્રણ દાયકાથી ઉત્તરોત્તર જે વૈવિધ્યપૂર્ણ, સત્ત્વશાલી, નક્કર અને કેટલુંક તો નિઃશંક ચિરંજીવ રહેવાનું જ છે એવું મૂલ્યવાન અર્પણ કરતા રહ્યા છો, તેની સાથે રણજિતરામ જેવી વિભૂતિની સ્મૃતિ સંલગ્ન રાખવાનું ગુજરાત સાહિત્ય સભાનું પગલું સર્વથા ઉચિત છે જ. તમારા મનમાં એ વિશે કોઇ શંકા છે?! કદાચ હોય તો એ વાઙ્મય ક્ષેત્રગત સિદ્ધિના તમારા આદર્શ સંદર્ભે હશે. 'ક્વ સૂર્ય પ્રભવો વંશ: ક્વ ચાલ્પ વિષયા મતિ' આવી મન: સ્થિતિ આવે પ્રસંગે કોઇ પણ, સિદ્ધિવન્ત વિનમ્ર વ્યક્તિ અનુભવે જ. અમે જાણીએ છીએ કે કવિતા-સર્જન એ તમારી નિર્જાનન્દલક્ષી જ પ્રવૃત્તિ છે, તમે જ તો કહ્યું છે કે : 'મારે મન કવિતા એ જ જીવન છે, શ્વાસ લઉં છું કે હરું ફરું છું ત્યારે નહિ, પણ કૈંક લખી શકું છું ત્યારે જ જીવું છું.' કવિતાને જ જીવનનો એક માત્ર પર્યાય સ્વીકારવો એ કોઈ સામાન્ય બાબત છે ?! કવિતા પદાર્થની આથી અન્યથા વિશેષ ઔચિત્યભરી ઇતર કઈ પ્રાણપ્રતિષ્ઠા સંભવી પણ શકે ? કવિતા દ્વારા તમે અમૃતની જ તો ઉપાસના કરી રહ્યાં છો. ભલે, મૃત્યુ સાથે સંવનન કરવાનું તમને રુચતું હોય, ભલે મૃત્યુને તમે પરમ અધીરતાથી ઝંખતા હો, ભલે મૃત્યુમાં જ તમને લિજ્જત લાગતી હોય, ભલે તે તમારી પ્રિયતમા હોય ! અને તે ન સાંપડતાં કાયાના પિંજરને તોડી ફોડી નાખે એવી પ્રચંડ તાણની તમે માગણી કરતા હો. અમને ખબર છે કે તમારી નવલકથા 'પળનાં પ્રતિબિંબ'માં તમે મૃત્યુની જ વાત કરી છે. તમારી બીજી નવલકથા 'અનાગત'ને પણ તમે મૃત્યુની છાયામાં જ ઉછેરી છે ! તમારી પહેલી નવલકથા 'અગનપંખી' ને તમે બે ઉત્કટ મિલનોત્સુક પ્રણયીઓના ચિર વિરહની કરુણતાથી જ રસી છે. તમારી સર્વ નવલકથાઓમાં સહુથી વિશેષ સફળ, અને લોકપ્રિય નીવડેલી નવલકથા 'માધવ ક્યાંય નથી'ને વિષાદની હવામાં તરબોળ કરી નારદના નિર્વેદ ને રુદનની ક્ષણના બિન્દુ ઉપર જ પૂરી કરી છે ! કેન્દ્રની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મેળવનાર, માનવ સંબંધ સંદર્ભે કૃષ્ણવિષયક ચિંતનાત્મક અને વિશ્લેષણાત્મક એવા ગ્રન્થમાં પણ જો કૃષ્ણમુખે મૃત્યુનો મહિમા ઉચ્ચારાવ્યા વિના તમે રહી શક્યા નહિ ! સમૃદ્ધ જીવન અને શાંત મૃત્યુ એમાંથી પસંદગી કરવાની હોય તો તમે નિઃશંક મૃત્યુ તરફ જ ઝુકો એ પણ અમને માલૂમ છે. મૃત્યુને તમે તમારા જીવન-સંગીતના સ્વર સપ્તકના ષડ્જગ્રામ-સા-તરીકે સ્થાપ્યું છે. મૃત્યુનું તમને ભારે વળગણ છે. અલબત્ત તમારા ચિત્તની કોઈ રોગીષ્ઠ અવસ્થાનું તે નિદર્શક નથી. વિશેષ વિચારતાં અમને લાગ્યું છે કે આ જીવન જે, જગતના અત્યંત મેધાવિની માનવીઓને પણ અદ્યાપિપર્યન્ત ગૂઢ રહસ્યથી આવૃત્ત અને આકલનથી પર લાગ્યું છે, તેની સમજ મૃત્યુ દ્વારા જ, મૃત્યુ સાથેના સંવનન દ્વારા જ પામવાનો તમારો ઉપક્રમ છે. જીવનને મૃત્યુ દ્વારા જ સમજવા પામવાનો તમારો એ પ્રયાસ ઉપનિષત્કાલીન ઋષિઓની ચિંતનપરંપરાને સર્વથા અનુરૂપ છે. પણ અમે તમને પૂછી શકીએ કે મહાકાલની અર્થાત્ ઈશ્વરની જ અકળ ગહન લીલાના એક આવિષ્કારરૂપ મૃત્યુના ચિંતનમાં આટઆટલા રત રહ્યા પછી અને મૃત્યુની છાયામાં કવિતાને ઉછેર્યા પછી પણ આ જીવનને તમે કેટલું સમજી શક્યા છો ? અમને ખાતરી છે કે તમે કહેશો "નહિ, જીવન હજી પણ મને મહાકાળની રહસ્યમય લીલારૂપ જ જણાયું છે. જીવનની કૃતાર્થતા શેમાં તે કદાચ હું જાણી શક્યો છું." અમેરિકી કવયિત્રી સિલ્વિયા પ્લાથની કવિતાની જેમ તમારી કવિતા મૃત્યુની છાયામાં ઊછરી, વિસ્તરી છે પરન્તુ તે સાથે તે પ્રેમના પ્રકાશમાં પણ પાંગરતી રહી છે. નિર્વ્યાજ અને નિરપેક્ષ પ્રેમ સર્વ પ્રતિ વહાવતા રહેવું એ તમારો પ્રકૃતિ વિશેષ છે. પ્રેમ એ જ તમારી પરમશ્રદ્ધા છે, તમારાં વ્યક્તિત્વનું ઐશ્વર્ય છે; તમારી કવિતાનું ઉદ્ભાવક, અવલંબનરૂપ અને વિકાસશીલ બળ છે. તમે જ તો કહ્યું છે: 'પ્રેમ એ મારી કવિતા પ્રવૃત્તિની પ્રથમ અને પરમ નિસ્બત છે.' તમે રચેલી કૃષ્ણ કવિતાનું પ્રેરક બળ પ્રેમ જ છે. તમારી ભૌતિક સંપત્તિ જે હશે તે પણ તમારી પ્રેમની દોલત લખલૂટ અને અખૂટ છે. સર્વજન પ્રતિ તેના નિર્બન્ધ વહનનો તમને જેમ આમોદ છે. તેમ અન્યો તરફથી થતી પ્રેમની યત્ કિંચિત્, પ્રાપ્તિનો પણ તમને ઘણો અધો આનંદ છે. શુદ્ધ પ્રેમની ઉષ્મા અનુભવતાં જ તમે કેવા વીધરી જાઓ છો, પલળી જાઓ છો, એ અમારો સ્વાનુભવ છે. પ્રેમના આદાનપ્રદાનનો આનન્દથી ચડિયાતો ઇતર આનન્દ છે ! 'પરમ પ્રેમ પરબ્રહ્મ' એ કવિશ્રી ન્હાનાલાલની સહજોક્તિ તમારો પ્રત્યય, તમારી શ્રદ્ધા, તમારું સત્ય બની રહે તો એ તો જીવનની ઘણી મોટી લબ્ધિ લેખાય. નિર્વ્યાજ પ્રેમના તમારાં રાધાકૃષ્ણનાં ગીત અને અંતરની વેદનાને વાચા આપતી તમારી ગઝલો એ પ્રેમની ભાવના અને મૃત્યુની ઝંખનાથી રસાયેલી તમારી કવિતાના જેટલા મહત્ત્વના તેટલા જ રમણીય અંશ છે. પ્રેમ અને મૃત્યુ તમારી કાવ્ય-મુદ્રાનાં બે ઝળહળતાં પાસાં છે :

આપણા વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસ સુધ્ધાં જગતભરના ઉત્તમોત્તમ કવિઓ અને મહાન ચિંતકોની કૃતિઓના પરિશીલનથી તમારી પ્રતિભાનો પિંડ પોષાઇને દૃષ્ટ ઘાટ પામ્યો છે. ઇશ્વરદત્ત પ્રતિભાનો યોગ્ય વિનિયોગ તમે કરી જાણ્યો છે. તમે ભાગ્યશાળી પણ કેવા કે મહર્ષિ શ્રી અરવિન્દ અને શ્રી માતાજી એ ઉભય વિભૂતિની કૃપાનું ઝરણ તમારા 'બીઇંગ' ને 'બિકમિંગ' માં વિકસાવવામાં પ્રેરક અને ઉપકારક નીવડ્યું ! તમારી કવિતા ઉપર એ બંને વિભૂતિઓની અસર વિલોકાય છે. તમે એ બંને પ્રતિ આસ્થાથી ઝુક્યા અને તમારી કવિતા ભક્તિ તથા અધ્યાત્મથી સુરભિત થઇ, મૃત્યુ સાથેના તમારા સંવનનથી તે સપ્રાણ થઇ, પ્રેમપદારથથી તે સિદ્ધિવન્ત થઈ અને પ્રતિભાબળે તે સિદ્ધિવન્ત બની.

'આસવ', 'સમય' 'મૌન' 'સુર્યોપનિષદ' 'અર્પણ' અને 'હયાતી' આ સર્વ તમારા કાવ્યસંગ્રહો આપણી કવિતા સમૃદ્ધિના મૂલ્યવાન અંશો છે, તમારા કાવ્યઝરણાને ગીત, ગઝલ, મુક્તક, શ્લોક; સોનેટ, છાંદસ અને અછાંદસ રચનાઓનું વૈવિધ્ય વિલસાવતી કવિતાના પ્રવાહનું પરિમાણ પ્રાપ્ત થયું છે.

નવલકથા પણ તમે ખાસ્સી સંખ્યામાં આપી છે. 'યુગે યુગે' જેવા નાટકમાં આ દેશના મલિન અને ગંધાતા રાજકારણનું ચિત્ર ઉપસાવી કટાક્ષનું શસ્ત્ર વીંઝવાનું કૌશલ તમે દાખવ્યું છે. નિબંધ પ્રકાર ખેડી 'નીરવ સંવાદ'માં તમે સ્વસ્થ અને બુદ્ધિપ્રવણ તથા વાચકની વિચારની ક્ષિતિજને વિસ્તારતું જીવનલક્ષી ચિંતન આપ્યું. તમે જેને સાહિત્યિક પત્રકારત્વની નીપજરૂપે ઓળખાવ્યો છે એ 'કવિ અને કવિતા' ગ્રન્થમાં વેદકાળથી તે અદ્યતનકાળ સુધી વિસ્તરેલી અનેક કવિઓની કવિતાનો મર્મ પ્રગટ કરી તથા તે પ્રત્યેકની રમણીયતાની ઝલક દાખવી આસ્વાદ કરાવ્યો છે. અને એ રીતે તમારી ભાવયિત્રી

પ્રતિભાનો ઉન્મેષ તમે દાખવ્યો છે...'સમર્પણ'ના તંત્રીપદે રહી સંપાદક તરીકેના કૌશલની પ્રતીતિ તમે કરાવી જ છે. અનુવાદ પ્રવૃત્તિ દ્વારા જગતની કેટલીક ઉત્તમ કવિતાનો પરિચય પણ તમે કરાવ્યો છે.

આમ સાહિત્યનાં ઘણાં ક્ષેત્રો તમે ખેડ્યાં છે, ન્યૂનાધિક સફળતાથી ખેડ્યાં છે. પણ અમારા હૃદયમાં તમે એક ઉત્તમ ભૂમિ કવિ તરીકે, સારા ગઝલકાર તરીકે અને અચ્છા ગીતકાર તરીકે વિશેષ ભાવે પ્રતિષ્ઠિત છો તેનો અમને આનન્દ છે અને તેનું અમને ગૌરવ છે. તમે રચેલી નવલકથાઓમાં 'માધવ કયાંય નથી' અને 'પળનાં પ્રતિબિમ્બ' નિઃશંક ઉત્તમ છે. 'ગાંધીની કાવડ' જેવી કરુણરસિક અને કટાક્ષ રસીત લઘુનવલ પણ અમને ગમી છે: પણ નવલકથાકાર કરતાં કવિ અને સામાજિક તથા અધ્યાત્મરાગી વિચારક તેમ જ એક નિર્ભીક અને સ્વધર્મનિષ્ઠ પત્રકાર તરીકે અમારા દિલમાં વિશેષભાવે આસન્ન છો. કવિતા–સર્જનની ક્ષણોમાં જ જીવતા હોવાની લાગણી તમે અનુભવો છો પણ અમારું પ્રામાણિકપણે માનવું છે કે પત્રકારત્વને અપનાવ્યા પછી તમારા જીવનમાં તમે તેને સ્વધર્મવત્ પ્રતિષ્ઠિત કરીને ઉચિત રીતે જીવી રહ્યા છો. પત્રકારત્વના આદર્શને તમે પૂરી નિષ્ઠાથી ને જાગૃતિથી ચરિતાર્થ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. આપણાં ભૂતપૂર્વ વડાંપ્રધાને આ દેશ ઉપર કટોકટી લાદી ત્યારે તમે પૂરી નિર્ભીકતાથી એક નિત્ય જાગ્રત અને સ્વધર્મનિષ્ઠ પત્રકાર તરીકે ઝળકી ઊઠ્યા હતા. 'જન્મભૂમિ' અને 'જન્મભૂમિ પ્રવાસી'માં જ તમે જે અગ્રલેખો લખો છો અને નિબંધના ઘાટમાં જે અધ્યાત્મરાગી ચિંતનાત્મક લખાણો આપો છો તે આપણી પ્રજાના ભાવનાદીપની વિચારવાટને સંકોરવાની ક્ષમતા ધરાવે જ છે. તમે નખશિખ કવિ છો તેટલા જ રોમરોમ પત્રકાર છો. સાહિત્ય–સર્જન અને પત્રકારત્વ એ તમારા વ્યકિતત્વનાં બે પાસાં છે. તે બંને દીપ્તિમંત છે કારણ તે બંને સિદ્ધિવંત છે. સર્જન–વિવેચન પરત્વે તમે કોઇની કંઠી બાંધી નથી. તમારી જાતને કોઇ વાડામાં તમે બાંધી રાખી નથી, તમે આસ્થાના અને શ્રદ્ધાના જીવ છે, પરમયોગેશ્વર શ્રીકૃષ્ણ, શ્રી અરવિન્દ, શ્રી માતાજી અને સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્ય પ્રવર્તક સ્વામી સહજાનન્દ તમારી ભક્તિ અને શ્રદ્ધાના અધિષ્ઠાનભૂત એવી વિભૂતિઓ છે. આ સહુનો તમારા જીવન અને કવન ઉપર ગાઢ પ્રભાવ છે, 'બીઇંગ'માંથી 'બિકમિંગ' ની પ્રક્રિયાને તમે સમજદારીપૂર્વક, સાતત્યપૂર્વક, શ્રદ્ધાથી ને નિષ્ઠાથી ચાલુ રાખી છે. તે સુદીર્ઘકાળ સુધી ચાલુ રહે એમ અમે જરૂર ઇચ્છીએ.

આ વાંચીને તમે રખે ધારવતા કે આ બધું તમારા જીવન કવનના અવલોકન, વિવેચન કે મૂલ્યાંકનરૂપે લખ્યું છે, આ તો આ પ્રસંગ નિમિત્તે, 'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લહાણું" એ કવિઉકિત અનુસાર અને સ્મૃતિદીપ સંકોરાતાં તેના વિશેષ પ્રકાશમાં જે જે સંસ્કાર જાગૃત થયા તેની સહજ ભાવે અને આનન્દાર્થે અભિવ્યકિત છે. અને તે ય 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીશ્રીની વિનંતીને માન આપીને, અલબત્ત હૃદયના હકથી કરી છે. મોકળાશથી જ લખવાની વર્ષોથી પડી ગયેલી આદતને જોરે આટલું બધું લખાઇ ગયું. વધુ પડતું લાગે તો તમે ઉદારદિલ છો એટલે નિભાવી લેશો એવો વિશ્વાસ છે.

સ્નેહાધીન

કૃષ્ણવીર દીક્ષિત

કાર્યાન્વિત કરુણા : બાબા આમટે

© ગુલાબ દેઢિયા

૧૯૮૫નું વર્ષ યુવાવર્ષ છે. યુવાન કેવો હોય? બી સમર્થિંગ, બિલિવ સમર્થિંગ, હુ સમર્થિંગ' કંઇક બનો, કથાકમાં શ્રદ્ધા મૂકો અને કશુંક કરો. યુવાશકિતની ઊજળી આવતી કાલનો આરંભ આવો હશે. ૭૧ વર્ષના ચિર યુવા બાબાસાહેબ આમટેનાં જીવન અને કાર્યોને જોનાર–જાણનાર કહી શકે કે તરુણાઇને વય સાથે નહિ માનસિક અવસ્થા સાથે સંબંધ હોય છે.

આંતરરાષ્ટ્રીય પુરસ્કારો માટેની પસંદગી કયારેક જ એવી રીતે થાય છે કે જે સર્વમાન્ય અને સાફ હોય. બાબાસાહેબ આમટેની આ વર્ષના મેગસેસે એવોર્ડ માટેની પસંદગી આ પ્રકારની હતી. દેશના લાખો કુષ્ઠરોગીઓના પુનર્વસવાટ અને આત્મનિર્ભરતા માટે વર્ષોથી પ્રયત્નશીલ મહાન સમાજસેવક મુરલીધર દેવીદાસ આ માટે એશિયાના નોબેલ પુરસ્કાર તરીકે જેની ગણના થાય છે એવા મેગસેસે એવોર્ડ મેળવનાર દ્વિતીય એશિયાઇ નાગરિક છે. ફિલિપાઇન્સના પ્રમુખ રેમન મેગસેસેનું વિમાન અકસ્માતમાં અવસાન થયું હતું તેમની સ્મૃતિમાં દર વર્ષે સમાજસેવા, પત્રકારત્વ, સાહિત્ય અને આંતરરાષ્ટ્રીય સમજણ માટે આ પુરસ્કાર આપવામાં આવે છે.

મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના વરોરા શહેરમાં શહેર સુધરાઇના સફાઇ કામદારો હડતાલ પર ગયા હતા. સુધરાઇના ઉપપ્રમુખ વરસતા વરસાદમાં શહેરની ગટરો અને સંડાસ સાફ કરવા નીકળી પડ્યા. ઘનઘોર આકાશ, ઘેરો અંધકાર, પાણીથી ઊભરાતી અને દુર્ગંધ ફેલાવતી એક ગટર પાસે એક ફોદિયો પડ્યો હતો. એનામાં ચાલવાની શકિત ન હતી. ખરી પડેલા આંગળાં, સૂજેલું મોઢું, કકરપી શકલ; ધામાંથી નીકળતું પરુ, આવા કમભાગી માનવદેહધારી તરફ કોઇને દયા ન આવી કે એને મદદ કરે. સુધરાઇના ઉપપ્રમુખે એને ઊંચકીને સડકની બાજુએ મૂકયો. ઠંડીથી થરથર કાંપતા દેહ ઉપર એક કંતાનનો ટુકડો ઓઢાડયો વાત પૂરી થઇ ગઇ.

ઉપપ્રમુખસાહેબ ઘરે ગયા, પણ રાતે ઊંઘ ન આવી. કારણ કે તે બાબા આમટે હતા, બંધ આંખો સામે એ રકતપિત્તિયાનું ચિત્ર દેખાયા કરે, માંહ્યલો સતત પૂછયા કરે,–તેં જે કર્યું તે સર્વથા યોગ્ય હતું ને? શું તું આનાથી વિશેષ કશું ન કરી શકત? મનમાં ઉથલપાથલ શરૂ થઈ. શું એ માત્ર દયાને પાત્ર છે કે વિશેષ? પછી તો એ જગાએ પોતાની પત્ની અને પોતાની જાતને કલ્પી જોઇ. સમસંવેદના શરૂ થઈ ગઇ. દયામાંથી દાન જન્મે, કરુણામાંથી મદદ અને સંવેદનામાંથી નવસર્જન.

૧૯૫૧માં બાબા વકીલાતનો વ્યવસાય છોડી, જીવનની સ્થિરતાને અસ્થિર કરી, પેલા સાદની દિશામાં નીકળી પડ્યા. સાથે પોતાનો પરિવાર, છ રકતપિત્તિયા અને એક ગાય. અને હા; પેલા વિચારો તો ખરા જ. મહારાષ્ટ્રના ચન્દ્રપુર જિલ્લાના

વેરાન સ્થળે અવિશ્રાંત મહેનત કરી 'આનંદવન'ની સ્થાપના કરી. આ આનંદવન એ માત્ર મહારોગીઓનું સારવાર કેન્દ્ર જ નથી, એનાથી તો ઘણું વિશેષ છે. અહીં હોસ્પિટલ, અંધબધિર મૂક પ્રશિક્ષણ કેન્દ્ર, વૃદ્ધાશ્રમ, બેંક, ખેડૂતો માટે ગૃહઉદ્યોગ કેન્દ્ર અને રક્તપિત્તિયાઓ માટે પુનર્વસવાટ કેન્દ્ર છે. એમની શારીરિક રોગમુક્તિ એ જ માત્ર બાબાનું લક્ષ્ય નથી. સમાજની દયા ઉપર આ વર્ગ જીવે એ પણ મંજૂર નથી. અહીં તેઓ સ્વમાનથી જીવે છે. એમના હાથ માગવામાં નહિ પણ શ્રમમાં કાર્યરત છે.

બાબા આમટેનું કાર્ય જોતાં આપણને ડૉક્ટર આલ્બર્ટ સ્વાઇત્ઝર જરૂર યાદ આવે. બાબાનાં ધર્મપત્ની, ડૉક્ટર પુત્રો અને ડૉક્ટર પુત્રવધૂઓ પણ આ સેવાકાર્યમાં જ સમર્પિત થયેલાં છે. 'પદ્મશ્રી' એવોર્ડ અને જમનાલાલ બજાજ પુરસ્કારથી સન્માનિત આમટેને મેગસેસે એવોર્ડના સમાચાર આપવામાં આવ્યા ત્યારે એમના ઉદ્‌ગાર હતા: 'હું મારા બધા કુષ્ઠરોગીઓ અને અપંગોના ચહેરા ઉપર હાસ્ય જોવા ઇચ્છું છું તે જ મારે માટે મોટો પુરસ્કાર છે.'

બાબા આમટેના કાર્યથી લોકોના મનમાં કુષ્ઠરોગીઓ વિશેનો દૃષ્ટિકોણ બદલાયો છે. કુષ્ઠરોગીઓ પણ સ્વાવલંબી બની શકે છે એ વાત એમણે સિદ્ધ કરી આપી છે. બાબા આ એક કાર્યથી અટક્યા નથી. ગોદાવરી અને ઇન્દ્રાવતી નદીઓ પર બંધાનાર બે બંધોને લીધે તે વિસ્તારના આદિવાસીઓનું જીવન અસ્તવ્યસ્ત થઇ જશે. એ માટે તેઓ આ ઉંમરે અને પથારીમાંથી ઊભા પણ ન થઇ શકાય એવા શરીરે ચળવળ ચલાવી રહ્યા છે. પર્યાવરણ, વનીકરણ અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સામાજિક પ્રશ્નોના ઉકેલ માટે એમણે યુવા પેઢી માટે નવી દિશા ખોલી આપી છે. યુવાનો આવાં કાર્યો માટે આગળ આવી રહ્યા છે.

લેડી બાર્બરા વાર્ડ, જે ત્રીજા વિશ્વનાં અર્થશાસ્ત્રી અને નહેરૂ એવોર્ડ વિજેતા છે. (એ પુરસ્કાર એમણે બાબાને આપી દીધેલો) એમણે બાબાનું નામ નોબેલ પ્રાઇઝ માટે સૂચવ્યું હતું. ફ્રેરેસ્ટ ફ્રામિંગ વિશેના લેખક રોબર્ટ હાર્ટે કહ્યું હતું, 'કોઇ પણ રાજકીય નેતા કરતાં બાબા આમટેની સિદ્ધિઓ વિશ્વમાં વધુ નોંધપાત્ર છે.' જે કે આપણી સરકારે 'આનંદવન' અને 'તપોવન' માટે આર્થિક મદદ આપવામાં લોકશાહી સરકારને શોભે એવો વ્યવહાર નથી કર્યો, એ જુદી વાત છે.

બાબા આમટેના કાર્યમાં આર્થિક મદદ કરનાર લતા મંગેશકર જેવાં ગાયિકા અને પુ. લ. દેશપાંડે અને વસંત કાનેટકર જેવાં સર્જકો પણ છે. બાબા પોતે ચિંતક છે વિનોબા અને સાને ગુરૂજી એમનાં પ્રેરણા સ્રોત છે. એમના વિચારો 'જવ લા આણિ કુલે', 'શ્રમિક કાર્યકર્તા વિદ્યાપીઠ', 'ભારતી જનગીલ ત્યાલા મત,' અને 'ઉજાડવન ઉદ્યાસાઠી' જેવાં પુસ્તકોમાં સંગ્રહાયેલા છે. બાબા માને છે કે, ભૌતિક સંપન્નતા આવશે તેનાથી દૈન્ય અને દારિદ્ર પર વિજય મેળવી શકાશે. અને તે માર્ગ તે વિજ્ઞાને મોકળો કરી આપ્યો છે.

સત્યની શોધ માટે, શિવની સાધના માટે વિજ્ઞાન અને અધ્યાત્મનો સંયોગ થવો જરૂરી છે. મનનો કોઢ શરીરના કોઢથી અતિ ભયંકર હોય છે. મારું મન સતત મને એ પૂછે છે કે, સડી ગયેલા, ગળી ગયેલા શરીરવાળા કુષ્ઠપીડિતો જ્યારે અભૂતપૂર્વ પરાક્રમ અને પુરુષાર્થ કરી બતાવે છે ત્યારે આ તંદુરસ્ત શરીરવાળા કેમ કરીને પુરુષાર્થહીન બનીને બેઠાં છે!

ક્રાંતિ વિશે બાબા આમટે કહે છે: ક્રાંતિ એ સીતા જેવી છે. તે વનવાસી રામને સાથ આપી શકે છે. પણ મર્યાદા પુરુષોત્તમ જેવા રાજગાદીએ બેસે ત્યારે તે ધરતીમાં સમાઇ જાય છે.

કરુણા જ્યારે કર્મમાં પરિણમે છે ત્યારે કેવા કેવા ચમત્કારો સર્જાય છે તે બાબા આમટે અને ચુનીલાલ મહારાજ જેવા અલગારી ભેખધારીઓએ સિદ્ધ કરી આપ્યું છે.

'ઘરકુલ આણિ વ્યક્તિત્વ'

'સંધ'ના ઉપક્રમે શનિવાર, તા. ૨૪-૮-'૮૫ના સાંજના ૫.૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજાયેલ મરાઠી ચર્ચા સભામાં મૃણાલિની દેસાઇનું 'ઘરકુલ આણિ વ્યક્તિત્વ' એ વિષય પર મરાઠી ભાષામાં મનનીય પ્રવચન થયું હતું.

પ્રારંભમાં આ કાર્યક્રમના સંયોજક શ્રીમતી કમલાબેન પીસપાટીએ મધુરસ્વરે પ્રાર્થના રજૂ કરી હતી.

'સંધ'ના ઉપ-પ્રમુખશ્રી ચીમનલાલ જે. શાહે શ્રીમતી મૃણાલિનીબેન દેસાઇનું ચંદનહારથી સ્વાગત કરવાની સાથે તેમનો પરિચય આપ્યો હતો.

શ્રીમતી મૃણાલિની દેસાઇએ વર્તમાન સમયમાં ગૃહિણી અને તેની ફરજો, આદર્શ ગૃહિણી કોને કહેવાય અને ઘર, કુટુંબ, પરિવારને કેમ સુખી કરી શકાય એ વિષે મનનીય ઉદ્‌બોધન કર્યું હતું. પ્રવચન બાદ પ્રશ્નોત્તરીમાં સર્વશ્રી સુબોધભાઇ એમ. શાહ, ધીરજલાલ કુલચંદ શાહ, શાંતિલાલ ટી. શેઠ, વસંતલાલ નરસિંહપુરા, મન- સુખલાલ ગહેતા વગેરે એ ભાગ લીધો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે આભાર માન્યા બાદ આ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

અધ્યાત્મ-વર્ગ

'સંધ' તરફથી **શનિવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૫થી** અધ્યાત્મ વર્ગ શરૂ કરવામાં આવનાર છે. અધ્યાપક તરીકે તત્ત્વચિંતક **શ્રી પન્નાલાલ જગજીવન ગાંધી** માનાર્હ સેવા આપનાર છે. વર્ગ નીચે પ્રમાણે રહેશે.

* **દર શનિવારે બપોરે ૪-૦૦ થી ૪-૩૦**

સ્થળ : **પરમાનંદ કાપડિયા સભાગૃહ**

૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, મુંબઇ ૪૦૦ ૦૦૪.

* **દર ગુરુવારે રાતના ૮-૦૦ થી ૯-૩૦**

સ્થળ : **શ્રી પન્નાલાલ જગજીવનદાસ ગાંધીના નિવાસસ્થાને**

૩૦૬, શ્રીપાળ નગર, જે. મહેતા રોડ, મુંબઇ-૪૦૦૦૬૬.

વિષય : **'દ્રવ્યાનુયોગ'**

જે સભ્યો આ અધ્યાત્મ વર્ગમાં જોડાવા ઇચ્છતા હોય તેમને પોતાનું નામ તથા કયા વર્ગમાં તેઓ જોડાવા ઇચ્છે છે તે વિષે 'સંધ'ના કાર્યાલયમાં તા. ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં લેખિત જણાવવા વિનંતી છે.

લિ. ભવદીય,

તરુણાબેન બિપિનભાઇ શાહ — **કે. પી. શાહ**

સંયોજક — **પન્નાલાલ ર. શાહ**

મંત્રીઓ

કાળા નાણાંની સમસ્યા અને તેનાં પરિમાણો*

• પ્રતાપભાઈ ભોગીલાલ

ભારત સરકારે 'Aspects of the Black Money in India' એ વિષય પર ૧૦૨ પૃષ્ઠ ધરાવતો એક અહેવાલ પ્રકાશિત કર્યો છે. એ અહેવાલના અંદાજ પ્રમાણે ભારતમાં ૧૯૮૩-૮૪ના વર્ષ દરમિયાન રૂપિયા ૩૧૫૮૪ કરોડથી રૂપિયા ૩૬,૭૮૬ કરોડ સુધી નવી બિનહિસાબી આવક થઈ હતી, જે એ જ વર્ષના ધરગથ્થુ ઉત્પાદનના ૧૮થી ૨૧ ટકા જેટલી હતી. હજુ આશ્ચર્યજનક (અને આઘાતજનક પણ ?) વાત તો એ છે કે વેરો ચાતરીને થતી આવકનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જ જાય છે, જેમ કે ઇ. ૧૯૭૫-૭૬ માં વેરાપાત્ર આવકના ૧૬.૯૫ ટકા આવક બિનહિસાબી હતી તે ૧૯૮૦-૮૧માં વધીને ૭૬.૯૯ ટકા થઈ હતી. આ બધા અંદાજ સાવચેતીભર્યા છે. આ અંદાજ પરથી આપણે કલ્પી શકીએ કે ભૂતકાળનાં વર્ષોમાં બિનહિસાબી મિલકત અને અસ્કયામતોનું કેટલું સર્જન થયું હશે! કાળા નાણાંનો વિસ્તાર અને સ્વરૂપ કેવાં પણ હોય, પરંતુ એની ઉત્પત્તિ અને વૃદ્ધિને કઇ રીતે નાથી શકાય એ મહત્ત્વનું છે.

આપણા દેશમાં ઘણી ગંભીર સમસ્યાઓ છે. પરંતુ તેમાં કાળા નાણાંની સમસ્યા જુદી ભાત પાડે છે. આપણે ગરીબી કે બેકારીની સમસ્યાનો વિચાર કરીએ તો તેમાં સહન કરવાનું ગરીબ કે બેકાર વ્યક્તિને ફાળે આવે છે; કેન્સરની વાત કરીએ તો કેન્સરના દરદીને સહન કરવું પડે છે. પરંતુ કાળા નાણાંની સમસ્યામાં એવું નથી. કાળા નાણાં ધરાવનારની એ સમસ્યા તો છે જ. એટલું જ નહિ પરંતુ જેઓ પાસે કાળા નાણાં નથી તેઓ માટે એટલે કે પ્રામાણિક સામાન્યજન અને સરકાર માટે પણ તેઓ સમસ્યા ઊભી કરે છે.

કાળા નાણાંની અર્થ વ્યવસ્થાને 'સમાંતર અર્થ વ્યવસ્થા' (Parellel Economy) તરીકે ઓળખાવવામાં આવે છે. સામાન્ય હિસાબી પદ્ધતિની મર્યાદા પ્રહાર એનો વહીવટ થાય છે. એટલા પૂરતી આ વાત સાચી છે. વળી, હિસાબી અને બિનહિસાબી નાણાંની વ્યવસ્થા હિસાબી નાણાંનું કાળા નાણામાં અને કાળા નાણાંનું કાયદેસરના નાણાંમાં રૂપાંતરની દૃષ્ટિએ પરસ્પર સંકળાએલી છે. એક પગારદાર જ્યારે રહેઠાણ માટે જ ફલેટ ખરીદી છે ત્યારે તે ફલેટની કિંમત પોતાની બચત, પ્રોવિડન્ટ ફંડ ગ્રેચ્યુઈટી વગેરેમાંથી ચૂકવે છે, જે વેરો ભરેલાં કાયદેસરના નાણાં છે. પરંતુ ફલેટની કુલ કિંમતમાંથી ચોકકસ રકમ માટે તેને રસીદ મળતી નથી. એટલા પૂરતું એની હિસાબી મૂડીનું કાળા નાણાંમાં રૂપાંતર થાય છે, જે બાંધકામનો વ્યવસાય કરનારના હાથમાં જાય છે. બીજી બાજુ એક વ્યકિત પંચતારક હોટેલમાં જાહેર આડેધડ ખર્ચ કરે છે, તેના કાળા નાણાં પંચતારક હોટેલના માલિકના હાથમાં હિસાબી નાણાં તરીકે રૂપાંતર પામે છે, એવી જ સ્થિતિ જ્યારે એક વ્યકિત બેરર બોન્ડ ખરીદે છે ત્યારે થાય છે. કાળા અને સફેદ નાણાંની દુનિયા પરસ્પર સંકળાએલી છે એ આવાં પ્રણાં ઉદાહરણો દ્વારા દર્શાવી શકાય. આવી જુદી જુદી રીતે એકમેકનું એકમેકમાં રૂપાંતર કરવાનો આજે મોટો ધંધો ચાલે છે.

કાળા નાણાંનાં કારણો નોંધતા ઉકત અહેવાલ કરવેરાના ઊંચા દર, કરવેરાના વહીવટી માળખાની શિથિલતા, દરેક પ્રકારના આર્થિક પ્રતિબંધો, સરકાર અને જાહેર ક્ષેત્રમાં જવાબદારીનો અભાવ, ચૂંટણી લડવા માટે રાજકીય પક્ષો દ્વારા થતું કાળા નાણાંનું ભંડોળ, ફુગાવામાં સતત વધારો, કાયદાઓમાં પૂરતી જોગવાઇઓ છતાં વ્યવહારમાં પગલાં લેવાની નબળાઈ અને છેલ્લે શ્રીમંત વર્ગના નૈતિક ધોરણનું સતત થતું રહેલું પતન વગેરેને કાળા નાણાંના ઉત્પાદન અને વૃદ્ધિ માટે જવાબદાર ગણે છે. કાળા નાણાંના સર્જનની ભૂમિકા પૂરી પાડે તેવાં ક્ષેત્રોમાં મિલકતની ફેરબદલી, મોટા પાયા પર ઉત્પાદન, વ્યાપાર, ફિલ્મ ઉદ્યોગ, દાણચોરી, વ્યવસાય, બાંધકામની પ્રવૃત્તિ અને કોન્ટ્રેકટરોનો સમાવેશ થાય છે.

કાળા નાણાંના સર્જનના આ કારણોની લંબાણથી હું અહીં ચર્ચા કરવા માંગતો નથી. આ કારણોમાંના મારી દૃષ્ટિએ એક મુખ્ય કારણ પર હું દૃષ્ટિપાત કરવા માંગું છું, અને તે છે જનજીવનના પ્રતિબંધો. આ પ્રતિબંધોમાં માત્ર ધારાકીય પ્રતિબંધોનો સમાવેશ નથી થતો પરંતુ નોકરશાહી અને વહીવટી પ્રતિબંધો, વહીવટી શિથિલતા અને કાર્યક્ષમતાના અભાવનો પણ તેમાં સમાવેશ થાય છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કાળા નાણાંની સમસ્યાને નાથવા જુદા જુદા પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ પર અંકુશો મૂકવામાં આવ્યા હતા.

આ યુદ્ધની સીધી અસર હેઠળના પશ્ચિમના મોટા ભાગના દેશોએ વિશ્વયુદ્ધ પૂરું થતાં, બને તેટલી ઝડપે આ અંકુશો નાબૂદ કર્યા હતા. પરંતુ ભારત સરકારે આવા અંકુશો ચાલુ રાખ્યા હતા. કાળા નાણાં અને આવા અંકુશોની ભયાનકતાને મહાત્મા ગાંધીજીને ખ્યાલ હતો અને તેમણે એની સામે રાષ્ટ્રને ચેતવણી આપી હતી જેમ કે તા. ૩૧-૧-૧૯૪૭ ની પ્રાર્થના સભામાં એમણે કહ્યું હતું : 'અંકુશોથી છેતરપીંડી, શોષણ, કાળા નાણાનું વિસ્તરણ, સંગ્રહખોરી અને કૃત્રિમ અછત ઊભી થાય છે.' ૩૮ વર્ષ પહેલાંની આ આર્ષવાણીથી આપણને પ્રતીતિ થાય છે કે ગાંધીજી લોકમાનસને સારી પેઠે સમજતા હતા પરંતુ રાષ્ટ્રપિતાએ દાખવેલ દીર્ઘદૃષ્ટિની આપણે ઉપેક્ષા કરી છે.

(ક્રમશ :)

* કાળા નાણાંની સમસ્યા અને તેના પરિમાણો વિષે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં આઈ. એમ. સી. ના પ્રમુખ તરીકે આપેલ સ્વાગત પ્રવચનનો સાર.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

ડૉ. રમણલાલ ચી. શાહના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા લેખોનું પુસ્તક–

'જિનતત્ત્વ'નું પ્રકાશન.

'સંઘ'ના સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ ગ્રન્થ શ્રેણીના ત્રીજા ગ્રન્થ રૂપે **ડૉ. રમણલાલ ચી. શાહના** 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા જૈન ધર્મ વિષયક લેખોનો આ ગ્રન્થમાં સંચય કરવામાં આવ્યો છે. સાઇઝ : ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ સંખ્યા-૧૬૪, પાકું બાઇન્ડીંગ, પ્રથમ આવૃત્તિ. મૂલ્ય રૂા. ૨૦-૦૦

મુખ્ય વિક્રેતા **નવભારત સાહિત્ય મંદિર** મુંબઈ-૨ અને અમદાવાદ-૧

'સંઘ'ના પેટ્રન અને આજીવન સભ્યોને સંઘનું આ પ્રકાશન રૂા. ૧૫-૦૦માં આપવામાં આવશે.

લિ. **મંત્રીઓ**

સંયમનો મહિમા

(પૃષ્ઠ ૮૪ થી ચાલુ)

તેને કાયા ઉપરના સંયમ તરીકે ઓળખાવી શકાય, પરંતુ વસ્તુતઃ તેનો સમાવેશ ઇર્યા સમિતિમાં થઇ જાય છે. જીવોની હિંસા ન કરવી તેને કોઇ સંયમ તરીકે ઓળખાવી શકે, પરંતુ વસ્તુતઃ તેનો સમાવેશ ચારિત્ર્યમાં થઈ જાય છે. પાંચ સમિતિ ધારણ કર્યા વગર અણુવ્રત કે મહાવ્રત ધારણ કર્યા હોય તો તેને માત્ર વિરતિ કહેવામાં આવે છે. પાંચ સમિતિ સહિત અણુવ્રત કે મહાવ્રત ધારણ કરવામાં આવ્યાં હોય તો તેને સંયમ કહેવામાં આવે છે. આમ, બીજા કેટલાક પર્યાયો કરતાં 'સંયમ' વધુ મહત્ત્વનો શબ્દ છે.

સંયમના પ્રકાર જુદી જુદી દૃષ્ટિએ જુદા જુદા ગણવામાં આવે છે. મન, વચન અને કાયાને લક્ષમાં રાખી સંયમના મનઃસંયમ, વચનસંયમ અને કાયસંયમ એમ ત્રણ મુખ્ય પ્રકાર ગણવાય છે. કેટલાક આ ત્રણ પ્રકારોની સાથે ઉપકરણ સંયમને ઉમેરીને સંયમના ચાર પ્રકાર દર્શાવે છે.

સંયમ (અથવા ચારિત્ર) ના સ્થાનાંગ સૂત્રમાં પાંચ પ્રકાર દર્શાવ્યા છે. (૧) સામાયિક સંયમ (૨) છેદોપસ્થાપનીય સંયમ (૩) પરિહાર વિશુદ્ધિ સંયમ (૪) સૂક્ષ્મ સંપરાય સંયમ અને (૫) યથાખ્યાત સંયમ.

સંયમના ઉપર્યુક્ત જુદા જુદા પ્રકારોને સમાવી લેવા સાથે ચાર કષાયો, ઇન્દ્રિય અનુસાર જીવના જુદા જુદા ભેદો તથા ભેદો તથા અજીવ તત્ત્વને લક્ષમાં રાખી સંયમના ૧૭ પ્રકાર પણ બતાવવામાં આવ્યા છે.

સંયમ એટલે જીવન અથવા સંયમ એટલે મહામન્ત્ર. સંયમ એટલે આશ્રવનો નિરોધ. સંયમ એટલે ઇન્દ્રિયો અને ચિત્ત ઉપર વિજય મેળવી આત્મામાં લીન થવાનું અમોઘ સાધન.

આચારાંગ નિર્યુક્તિમાં કહ્યું છે કે સંસારનો સાર ધર્મ છે; ધર્મનો સાર જ્ઞાન છે; જ્ઞાનનો સાર સંયમ છે અને સંયમનો સાર નિર્વાણ છે.

लोगस्स सारं धम्मो धम्मं चि नाणसारियं बिंति ।
नाणं संजमसारं संजमसारं च निव्वाणं ॥

એટલા માટે જ ભગવાન મહાવીરે ઉત્કૃષ્ટ ધર્મમંગલમાં અહિંસા અને તપની સાથે સંયમનો જુદો ઉલ્લેખ કર્યો છે :

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।

—રમણલાલ ચી. શાહ

ગાંધીજી અને ભારતનું બંધારણ

(પૃષ્ઠ ૯૨ થી ચાલુ)

Rights સંબંધિત એક પ્રદીર્ઘ પ્રકરણ છે. સૌ જાણે છે કે આ પ્રકરણ મેગ્નાકાર્ટા, અમેરિકન બીલ ઓફ રાઇટસ, અને આયર્લેન્ડ ગણરાજ્યના બંધારણની ૪૦ થી ૪૪મી કલમો પર આધારિત છે. આપણું બંધારણ ઘડાયું તે વખતે તેમાં મૂળભૂત ફરજો Fundamental Duties નો સમાવેશ કરાયો ન હતો. આ મૂળભુત ફરજો ઉમેરવાનું કામ ૧૯૭૫-૭૬માં થયું.

ગાંધીજીની સમગ્ર વિચારધારાનું કેન્દ્ર ગામડું હતું. વિકેન્દ્રીકરણ દ્વારા ગ્રામપંચાયતોમાં સ્વશાસન અને જોઇતી સત્તા પહોંચે તેની હંમેશ ગાંધીજી તરફેણ કરતા હતા. સત્તાની વહેંચણી કરતી વખતે બંધારણના ઘડવૈયાઓએ ગામડાંની અવગણના કરી છે. આપણું સમવાયતંત્ર બંધારણમાં માત્ર કેન્દ્ર અને રાજ્યો એમ બે જ સ્તરોનો ઉલ્લેખ થયો છે. ગ્રામ પંચાયતના ત્રીજા સ્તરનો ઉલ્લેખ તો ઠીક પણ તેના વિશે યોગ્ય વિચાર પણ થયો હોય તેવું લાગતું નથી. એક વાત સ્પષ્ટ છે કે વિકેન્દ્રીકરણ વિના પાયાની લોકશાહી શક્ય નથી. અને લોકશાહીને જો છેડે સુધી પહોંચાડવી હોય તો ગ્રામ પંચાયતોને બંધારણ દ્વારા પૂરતી સત્તા આપ્યા વિના એ શક્ય બનવાનું નથી. કહે છે કે બંધારણસભામાં કેટલાક સભ્યો આ વિશે બોલ્યા હતા પણ તેમનો અવાજ બહેરા કાને પડયો નહીં.

બંધારણસભામાં તે વખતે દેશમાં પ્રવર્તતી પરિસ્થિતિને અનુલક્ષીને કોઇ કોન્સેન્સન્સ જ એવો ઊભો થયો હતો કે બીજા સ્તરોની સત્તાના ભોગે પણ કેન્દ્ર તો મજબૂત બનવું જ જોઇએ. બંધારણમાં જ્યાં રાજ્યોની જ સત્તાઓ મર્યાદિત કલ્પવામાં આવી છે ત્યાં પછી ગ્રામ પંચાયતની તો વિસાતે જ કયાં? કોમી રમખાણો, નિરાશ્રિતોનો પ્રશ્ન અને અનાજની તંગી જેવા પ્રશ્નોના સંદર્ભમાં બંધારણના ઘડનારાઓ લાંબી દૃષ્ટિથી વિચાર ન કરી શકયા હોય તે શક્ય છે; અલબત્ત એ જુદી વાત છે કે બંધારણના રચયિતાઓએ પ્રવર્તમાન પરિસ્થિતિને જ લક્ષમાં રાખી ટૂંકી દૃષ્ટિના ન થવું જોઇએ; પણ નિરપેક્ષપણે લાંબા ગાળાનો વિચાર કરી બંધારણનો વ્યાપ વધારવો જોઇએ.

મનાય છે કે નીચલા સ્તરમાં સત્તા વિકેન્દ્રિત થાય તે સામે ડો. આંબેડકરનો વિરોધ હતો. તેઓ દૃઢપણે માનતા હતા કે આ સ્તરે સત્તાની સોંપણીનો લાભ માત્ર સ્થાપિત હિતો અને આર્થિક રીતે સધ્ધર એવાં તત્ત્વો જ ઉઠાવી જશે. તેમને નબળા વર્ગના શોષણની દહેશત હતી; અને તેથી જ પછાત અને નબળા વર્ગના રક્ષણ માટે કેન્દ્ર પાસે વધુ સત્તા હોવી જોઇએ તેવું તેમનું માનવું હતું.

ગાંધીજીના વિચારના બીજા બે મહત્ત્વના પાયા તે ગૌરક્ષા અને દારૂબંધી. આ બન્નેને બંધારણમાં સ્થાન મળ્યું ખરું પણ તે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના પ્રકરણમાં. તે દર્શાવાય ખરા પણ તેનો ફરજિયાત અમલ ન થઇ શકે.

ઘણાંને લાગે છે કે આપણા બંધારણમાં ગાંધીજીની વિચારધારા અને આદર્શોનું પ્રતિબિંબ કેમ નથી? એવું કેમ બન્યું કે સર્વોદયનું ગાડું અટકી ગયું અને સમાજવાદનો રથ આગળ દોડી ગયો? ગાંધીજી ત્રણ દસકાઓ સુધી કે કોંગ્રેસમાં નિર્વિરોધ હતા. તે માન્યતા પૂરી નહિ તો પણ થોડીક ભ્રામક છે. ફેબ્રુઆરી ૧૯૨૨માં અસહકાર આંદોલન બંધ કરવામાં આવ્યું ત્યારે તેમની સામે વિરોધના સૂર ઊઠેલા. માર્ચ ૧૯૩૯માં તો સુભાષ બાબુએ તેમની સામે સીધી લડત આપી હતી. દેશના ભાગલા સ્વીકારવાનો નિર્ણય પણ કોંગ્રેસે ગાંધીને પૂછીને લીધો ન હતો. એટલે તો ગાંધીજીએ કહેવું પડયું હતું, 'આજે મને સાંભળે છે કોણ? મને હિમાલયમાં જઈ સંન્યાસ લેવાનું કહેવામાં આવે છે. મારી સલાહને કોઇ અનુસરવા માંગતું નથી. લોકો તેમ જ સત્તાસ્થાને બેઠેલાઓને માટે હું નકામો થઇ ગયો છું.' ગાંધીજીના મનની પરિસ્થિતિ જ કંઇક એવી હતી કે તેમણે બંધારણસભાના કામકાજમાં કે તેની ચર્ચામાં માત્ર ભાગ જ લીધો ન હતો એટલું જ નહિ, તે વિશે ટીપ્પણી કરવામાં પણ રસ દાખવ્યો ન હતો.

એમ કહેવામાં આવે છે કે બંધારણમાં ગાંધી વિચારધારાનું યોગ્ય પ્રતિબિંબ પડયું નથી કારણ તેમના કેટલાક વિચારો માત્ર કલ્પનાના પ્રદેશમાં જ સાર્થક થઇ શકે તેટલા અવ્યવહારુ અને આદર્શમય હતા. અલબત્ત આદર્શ વિનાનો સમાજ જીવવા જેવો હોતો પણ નથી. ગાંધીજી મૂળે સંત હતા અને માનતા હતા કે ધર્મ (નીતિ) વિનાનું રાજકારણ આત્માને હણે છે. પોતાને તેમણે એકવાર કહેલું પણ ખરું, 'જેટલા ધાર્મિક માણસોને હું મળ્યો છું તેમાં મને છુપાયેલા રાજકારણીઓના દર્શન થયા છે. જ્યારે હું તો રાજકારણીનો વેષ પહેરીને ફરું છું, પણ અંતરથી ધાર્મિક માણસ છું.'

પ યુ ર્ષ ણ વ્યા ખ્યા ન મા ળા

સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી **બુધવાર, તા. ૧૧-૯-'૮૫** થી **બુધવાર, તા. ૧૮-૯-'૮૫** એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ **ભારતીય વિદ્યા ભવન, કાનજી ખેતશી સભાગૃહ,** કુલપતિ ક. મા. મુનશી માર્ગ, ચોપાટી મુંબઈ ૪૦૦ ૦૦૭. ખાતે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૨૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

દિવસ		વ્યાખ્યાતા	વિષય
૧૧-૯-'૮૫	બુધવાર	૧. શ્રી શશિકાન્ત મહેતા	કલ્પસૂત્ર
		૨. શ્રી મુનિશ્રી વાત્સલ્યદીપ	આંખનું મૌન
૧૨-૯-'૮૫	ગુરુવાર	૧. પં. રૂપચંદ્રજી ભણશાલી	જૈન આચાર ક્રિયાઓંકા શારીરિક પ્રભાવ
		૨. પૂ. મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી	પશ્ચાતાપ
૧૩-૯-'૮૫	શુક્રવાર	૧. શ્રી. હરિભાઈ કોઠારી	માનવી તો છે ઉભી રેખા !
		૨. ડૉ. સાગરમલ જૈન	જૈન ધર્મ મેં ધાર્મિક સહિષ્ણુતા
૧૪-૯-'૮૫	શનિવાર	૧. ડૉ. રમણલાલ ચી. શાહ	પ્રતિક્રમણ
		૨. ડૉ. કાંતિલાલ કાલાણી	આધ્યાત્મિક માર્ગની ખોજ
૧૫-૯-'૮૫	રવિવાર	૧. ડૉ. રામજી સિંહ	ગાંધી વિચાર પર જૈન ધર્મ કા પ્રભાવ
		૨. ડૉ. ગુણવંત શાહ	શ્રીકૃષ્ણનું જીવન-સંગીત
૧૬-૯-'૮૫	સોમવાર	૧. ડૉ. શેખરચંદ્ર જૈન	ધર્મ : માનવતાકે વિકાસ કા સાધન ।
		૨. પ્રા. ચી. ના. પટેલ	ધર્મ-શ્રદ્ધાની કટોકટી
૧૭-૯-'૮૫	મંગળવાર	૧. શ્રી વસંતભાઈ ખોખાણી	ધાર્મિક જીવનનું અધિષ્ઠાનઃ ત્યાગ અને વૈરાગ્ય
		૨. પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજી	સાધનાકા માપદંડ—સમતા
૧૮-૯-'૮૫	બુધવાર	૧. પ્રા. તારાબેન ર. શાહ	ધર્મનું મૂળ-વિનય
		૨. પૂ. મોરારીબાપુ	રામાયણમાં ભક્તિનો મહિમા

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ પ્રાર્થના અને ભજનો બેરોજ ચેટરજી, શ્રી ગોપીબેન ઉપાધ્યાય, શ્રી વીણાબેન મહેતા, શ્રી કોકીલાબેન વકાણી, શ્રી મનમોહન સાયગલ અને શ્રી શોભાબેન સંઘવી, શ્રી ચંદ્રાબેન કોઠારી, શ્રી આરતીબેન નિર્મળ, શ્રી સોનાલીબેન જલોટા રજૂ કરશે.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે. લિ. મંત્રીઓ

ગાંધીજી અને ભારતનું બંધારણ

કૃષ્ણકાંત જોશી

સામાન્ય છાપ એવી છે કે ૧૯૧૭ થી ૧૯૪૮ સુધીનાં વર્ષો દરમ્યાન ગાંધીજી ભારતના રાજકીય જીવનમાં પૂર્ણપણે છવાઈ ગયા હતા. તેમની રાજકીય, સામાજિક અને આર્થિક વિચારણાની ભારતીય રાજનીતિમાં તેમ જ રાજકારણીઓ ઉપર ઘેરી અસર પડી હતી. એવું કોઈ પણ ક્ષેત્ર ન હતું જેમાં ગાંધીજીના શબ્દનું વજન ન પડ્યું હોય. ખરેખર આ વાત સાચી છે? ના. એવાં પણ કેટલાંક ક્ષેત્રો છે જેમાં ગાંધીજીની વિચારધારાની જોઈએ તેવી અસર થઈ ન હતી. ભારતના બંધારણની જ વાત લઈએ તો વિચાર આવે કે તેની રચનામાં ગાંધી વિચારધારાનું પ્રદાન કેટલું ? તે માટે ગાંધીજીના વિચારોનો પાયો તપાસવો જોઈએ.

એ વાત તો સૌ જાણે છે કે ગાંધીજી રસ્કિન અને થોરોના વિચારોથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેમના આખાયે વિચાર ચિંતનના પાયામાં આ બે મહાનુભાવોનું તત્ત્વજ્ઞાન રહેલું છે. અલબત્ત ગાંધીજીએ તેમાં ભારતની સુગંધ જરૂર મેળવી છે. 'અન ટુ ધ લાસ્ટ' નો ગાંધીજીએ ગુજરાતી અનુવાદ કર્યો અને તેને 'સર્વોદય' સંજ્ઞા આપી. થોરોની જેમ જ ગાંધીજીનું માનવું હતું કે જે સરકાર ઓછામાં ઓછું રાજ કરે તે સરકાર ઉત્તમ. તેમનું લક્ષ્ય પણ રાજ્યવિહીન સમાજનું હતું.

અધિકાર (Right) અને ફરજ (Duty) વિશે ગાંધીજી ચોક્કસ મત ધરાવતા હતા. તેઓ દૃઢપણે માનતા હતા કે ફરજના ભાન વિના માત્ર અધિકારની જ વાત કરવી અનુચિત છે. પોતાનામાં રહેલી શક્તિઓ અને શક્યતાઓને ખીલવવા અધિકારો જરૂરી છે તેવી જ રીતે પોતાની ફરજો બજાવવાથી આ શક્તિઓ અને શક્યતાઓ કંઈક જુદા જ તેજ સાથે ખીલી ઊઠે છે.

આપણા બંધારણમાં મૂળભૂત અધિકારો Fundamental

(અનુસંધાન પૃષ્ઠ ૯૧ ઉપર)

આવિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. ન. ૩૫૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૦

પ્રબુદ્ધ જીવન

મંગળ તા. ૧૬-૯-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

પ્રતિક્રમણ

'પ્રતિક્રમણ' (પડિક્કમણ) એ જૈનોનો વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. પાપમાંથી પાછા હઠવા માટેની ક્રિયા માટે આ શબ્દ વપરાય છે.

પ્રતિક્રમણ શબ્દમાં 'પ્રતિ' ઉપસર્ગ છે. એના જુદા જુદા અર્થ થાય છે. અહીં 'પ્રતિ' એટલે પાછું, પ્રતિકૂળ, ઊલટું; વિપરીત, વિરુદ્ધ ઇત્યાદિ અર્થ છે. 'ક્રમ્' એ ધાતુ છે. તેનો અર્થ થાય છે ગમન, પહોંચવું, પસાર-થવું, ચઢવું, દાખલ થવું, પગલાં ઇત્યાદિ, એ ધાતુને અણ પ્રત્યય લાગતાં 'ક્રમણ' શબ્દ બને છે. ઉપસર્ગ, ધાતુ અને પ્રત્યયથી આ રીતે પ્રતિક્રમણ શબ્દ થાય છે.

આમ 'પ્રતિક્રમણ' શબ્દનો યૌગિક અર્થ થાય છે, 'પાછા ફરવું' અથવા મૂળ સ્થાને પાછા આવવું એનો વિશેષ અર્થ છે: પ્રમાદને વશ થવાને કારણે શુભ યોગથી અશુભ યોગમાં ક્રાંત થયેલા જીવનું શુભ યોગમાં પાછા ફરવું. વિશાળ અર્થમાં પ્રતિક્રમણ એટલે પાપનો પ્રશ્ચાતાપ, અતિચારોની આલોચના, દોષોનું નિવારણ, અશુભની નિવૃત્તિ, અપરાધો માટે ક્ષમાપના.

પ્રતિક્રમણની વ્યાખ્યા આપતાં 'આવશ્યક-વૃત્તિ'માં હરિભદ્રસૂરિએ કહ્યું છે :

स्वस्थानाद्यत्परस्थान, प्रमादस्य वशादतः ।
तत्रैव क्रमणं भूय', प्रतिक्रमणमुच्यते ॥

(પ્રમાદને વશ થવાથી પોતાના સ્થાનથી પરસ્થાને ગયેલાએ મૂળસ્થાને પાછું ફરવું તેનું નામ પ્રતિક્રમણ.)

વળી તેમણે કહ્યું છે :

क्षायोपशमिकाद भावादौदयिकस्य वश गत : ।
तत्रापि च स एवार्थः प्रतिकूलगमात्स्मृतः ॥'

(ક્ષયોપશમિક ભાવ થકી ઔદયિક ભાવને વશ જનાર જીવનું તેને જ વિશે પાછું ગમન થવું એટલે કે ઔદયિક ભાવથી ક્ષાયોપશમિક ભાવમાં આવવું. તે પ્રતિકૂળ ગમન અર્થાત્ પ્રતિક્રમણ.)

પ્રતિક્રમણ શબ્દની શાસ્ત્રગ્રન્થોમાં નીચે પ્રમાણે જુદી જુદી વ્યાખ્યાઓ પણ સાંપડે છે :

(૧) 'प्रतीपं क्रमणं प्रतिक्रमणम् ' ।

પાછા ફરવું (સ્વ-ધર્મમાં, સ્વ સ્વરૂપમાં, સદ્‌ભાવમાં, શુદ્ધોપયોગમાં) એનું નામ પ્રતિક્રમણ. (૨) 'રાજવાર્તિક' તથા 'સર્વાર્થસિદ્ધિ' ગ્રંથમાં કહ્યું છે.

' मिथ्यादुष्कृताभिधानादभिव्यक्त प्रतिक्रियं प्रतिक्रमणम् । '

મારાં દુષ્કૃત્યો મિથ્યા હો એવું નિવેદન કરીને પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરવી તેનું નામ પ્રતિક્રમણ.

(૩) प्रतिक्रम्यते प्रमादकृतदैवसिकादिदोषो निराक्रियते अनेनेति प्रतिक्रमणम ।

પ્રમાદને કારણે થયેલા દૈવસિકાદિ દોષોનું જેના દ્વારા નિરાકરણ કરવામાં આવે છે તેને પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

(૪) 'રાજવાર્તિક' ગ્રન્થમાં કહ્યું છે :

' अतीतदोषनिवर्तनं प्रतिक्रमणम् । '

ભૂતકાળમાં થયેલા દોષોની નિવૃત્તિ એટલે પ્રતિક્રમણ.

(૫) 'ભગવતી આરાધના'માં કહ્યું છે:

' स्वकृतादशुभयोगात्प्रतिनिवृत्तिः प्रतिक्रमणम् । '

પોતાનાથી થયેલા અશુભ યોગોમાંથી પાછા ફરવું તેનું નામ પ્રતિક્રમણ.

(૬) शुभयोगेभ्याऽशुभात् संक्रान्तस्य शुभेष्वेव
प्रतीपं प्रतिकूलं वा क्रमणं प्रतिक्रमणमिति ।

શુભ યોગમાંથી અશુભ યોગમાં સંક્રાંત થયેલા આત્માનું ફરી શુભ યોગમાં પાછું આવવું તેનું નામ પ્રતિક્રમણ.

'સમયસાર'માં કુંદકુંદાચાર્યે કહ્યું છે :

कम्मं न पुव्वकय सुहासुह मणेय वित्थर विसेसं ।
तत्तो णियत्तदे अप्पयं तु जो सो चडिक्कमणं ॥

પૂર્વે બાંધેલાં કર્મોના શુભાશુભ ભાવોથી આત્માને અલગ કરી દેવો તેનું નામ પ્રતિક્રમણ છે.

દુનિયાના તમામ ધર્મોમાં પાપની નિવૃત્તિ માટે કે દોષના નિવારણ માટે કોઇકને કોઇક પ્રકારની ધાર્મિક ક્રિયાનું વિધાન છે. વૈદિક પરંપરામાં સંધ્યા કર્મનો આદેશ છે. યજુર્વેદમાં સંધ્યાકર્મ કરવા માટેનો જે મંત્ર છે તેમાં મન, વાણી અને દેહ દ્વારા થયેલા દુરાચારોના વિસર્જન માટે પ્રાર્થના કરાય છે. પારસીઓના અવેસ્તા ગ્રન્થમાં પણ મન, વાણી અને કાયા દ્વારા જાણતાં કે અજાણતાં થયેલા દોષોને માટે રોજેરોજ પ્રશ્ચાતાપ કરવાનું વિધાન છે. બૌદ્ધધર્મમાં જૈન ધર્મની જેમ 'પાપદેશના' અથવા 'પ્રવારણા' નામની ક્રિયા છે. દિવસ અને રાત્રિ દરમિયાન જુદે જુદે સમયે વ્યક્તિગત રીતે કરવાની 'પાપદેશના' રૂપ ક્રિયા ઉપરાંત ભિક્ષુ અને ભિક્ષુણીઓને માટે સામૂહિક રીતે નિશ્ચિત કરેલે, નિશ્ચિત દિવસે એકત્ર થઇ પોતાનાં પાપોની

આલોચના કરવાની 'પ્રવારણા' નામની ક્રિયા પણ છે. પખવાડિયામાં ઓછામાં ઓછી એકવાર કરાતી આ ક્રિયાને 'પ્રવારણા' કહેવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મમાં કન્ફેશન્સ (Confessions) અને રિટ્રિટ (Retreat) ની ધર્મક્રિયાનું વિધાન છે. રિટ્રિટ શબ્દ 'પ્રતિક્રમણ' શબ્દના પર્યાય જેવો જ છે. ઘણા દિવસ સુધી ચાલતી એની ક્રિયામાં મૌન, ધ્યાન, આત્માવલોકન, પ્રાર્થના ઇત્યાદિ દ્વારા આત્માને નિર્મળ કરવાની ભાવના છે. ઇસ્લામ ધર્મમાં 'તોબાહ' ની ધર્મક્રિયા છે. આમ દુનિયાના જુદા જુદા ધર્મમાં પાપની આલોચના અને વિશુદ્ધિકરણ માટે કોઇકને કોઇક ધર્મક્રિયા ફરમાવવામાં આવેલી છે.

કોઇપણ માણસ પોતાના પૂર્વ જીવનનું અવલોકન કરે તો તેને પોતાની કોઇકને કોઇક ભૂલ જણાયા વગર ન રહે. ઊઠતાં, બેસતાં, ખાતાંપીતાં, બોલતાં ચાલતાં, હરતાં ફરતાં, વિચાર કરતાં, ચિંતન-મનન કરતાં માણસથી સ્થૂલ કે સૂક્ષ્મ પ્રકારની કોઈકને કોઇક ભૂલ જાણતાં અજાણતાં થઈ જાય છે.' જ્યાં સુધી સર્વજ્ઞતા ન આવે ત્યાં સુધી ભૂલ થવા સંભવ છે. જીવન સંપૂર્ણ કે પરિપૂર્ણ સંભવી ન શકે. સર્વજ્ઞતાના અભાવમાં એક જીવનો બીજા જીવો સાથેનો વ્યવહાર પણ સંપૂર્ણ અને સર્વ પક્ષે સર્વથા સંતોષકારક ન હોઇ શકે.

કેટલીક ભૂલો માણસને તરત સમજાય છે, તો કેટલીક ભૂલો સમજાતી નથી. તો કેટલીક સમજાય છે, તો સ્વીકારતી નથી. પોતે ભૂલ કરી છે. એવું માનવાને પણ માણસ કયારેક તૈયાર થતો નથી. એકને જે સાચું લાગે છે તેમાં બીજાને ભૂલ જણાય. પોતાની ભૂલ થઈ હોય અને તેને માટે માણસને જો પશ્ચાત્તાપ થાય તો તેવી ભૂલ ફરી ન થાય તે માટે તે જાગૃત રહેવા પ્રયત્ન કરે છે. જે ભૂલથી પોતાના જીવન વ્યવહારમાં માણસને પૈસા, કૌટુમ્બિક કે વ્યાવહારિક સંબંધોની બાબતમાં નુકસાન થાય છે, તેવી બાબતમાં ભૂલ ફરી ન થાય તે માટે માણસ વિશેષ સજાગ રહે છે.

કેટલીક ભૂલો એવી હોય છે કે જેથી માણસને વ્યવહારમાં નુકસાન થતું નથી, બલકે કયારેક લાભ પણ થાય છે; પરંતુ તેવા દોષથી આત્માને ઘણું નુકસાન થાય છે. કોઇ માણસ દ્રવ્યની ચોરી પકડાયા વગર કરે તો એને દ્રવ્યોનો લાભ થાય છે, પરંતુ તેના આત્માને ચોરીના મલિન સંસ્કારો પડે છે. કોઈ માણસ અસત્ય બોલી લાભ ઉઠાવી જાય છે, પરંતુ તેનો આત્મા એટલો નીચે પડે છે, જે માણસો હિંસા, અસત્ય, ચોરી વગેરે દ્વારા કેટલાક લાભો ઉઠાવી જાય છે તેઓને કયારેક તો તેનાં માઠાં પરિણામ ભોગવવાં જ પડે છે. એમ થાય છે ત્યારે માણસને પોતાની ભૂલ માટે અફસોસ થાય છે.

કોઇપણ વ્યકિત મન, વચન અને કાયાના યોગોની બાબતમાં સતત દોષ રહિત કે નિરતિચાર રહી શકતી નથી. કેટલીકવાર અજાણનાં દોષ થઇ જાય છે. તો કેટલીકવાર શુભાશયથી કરેલી ક્રિયા અન્યને હાનિકર્તા નીવડવાથી દોષરૂપ સિદ્ધ થાય છે. પોતાના દોષોનું સતત અવલોકન કરી ફરી તેવા દોષોથી બચવા માણસ જેમ વધુ ઉદ્યમશીલ બને તેમ તેવા દોષો થવાનો સંભવ ઓછો રહે; પરંતુ તેથી બાબતમાં માણસ જેમ વધુ પ્રમાદ કરે તેમ દોષો રૂપી કચરો ઉત્તરોત્તર એવો વધતો જાય કે તેને સાફ કરવા માટે વધુ પ્રબળ પરિશ્રમ યુકત પુરુષાર્થ કરવો પડે. સવાર સાંજ જો માણસ પોતાની જાતનું અવલોકન કરી આવી વિશુદ્ધિની ક્રિયા કરે તો તેનું જીવન અને તેનો આત્મા વધુ નિર્મળ રહે.

પોતાના દોષો કે અતિચારો માટે પશ્ચાતાપ થાય તો ત્યાંથી પ્રતિક્રમણની ભાવના અને ક્રિયા શરૂ થઇ ગણાય. પોતાના દોષોને માટે પ્રાયશ્ચિત કરવું તથા તેને માટે ગુરુ કે વડીલ દ્વારા અપાતી જે કંઈ શિક્ષા હોય તે ભોગવવા તત્પર રહેવું અથવા પોતાના મનથી પણ પોતે સ્વૈચ્છિક શિક્ષા ભોગવવા પ્રવૃત્ત થવું તેને પણ પ્રતિક્રમણ કહી શકાય.

પ્રાયશ્ચિત દસ પ્રકારનાં બતાવ્યા છે, અને તેમાં પ્રતિક્રમણને પણ પ્રાયશ્ચિતના એક પ્રકાર તરીકે ગણવામાં આવ્યું છે. કહ્યું છે :

आलोयेण पडिक्कमणे मीस विवेगे तहा वि उस्सग्गे ।
तव च्छेय मूल अणवट्ठाय पारंचिए चेव ॥

(૧) આલોચના (૨) પ્રતિક્રમણ (૩) મિશ્ર (૪) વિવેક (૫) કાયોત્સર્ગ (૬) તપ (૭) છેદ (૮) મૂલ (૯) અનવસ્થાપ્ય અને (૧૦) પારાંચિત.

જે માણસ સાચા દિલથી, નિર્મળ ભાવથી પ્રાયશ્ચિત કરે છે તે માણસ એ જ પ્રકારનું પાપ સામાન્ય રીતે ફરીથી કરવા પ્રવૃત્ત થતો નથી. અપવાદરૂપ એવા જીવો અલબત્ત હોય છે કે જે વારંવાર પ્રાયશ્ચિત કરવા છતાં અજ્ઞાન, પ્રમાદ કે મોહદશાના કારણે એવા દોષોનું આચરણ ફરીથી કરે છે. પ્રાયશ્ચિત એ વિશુદ્ધિનો માર્ગ છે. આત્માને લાગેલી મલિનતાનું એના વડે પ્રક્ષાલન થાય છે. એટલા માટે પ્રતિક્રમણ એ પ્રાયશ્ચિતનો એક વિશિષ્ટ પ્રકાર છે.

ધર્મના માર્ગે આરાધના કરનારને માટે જૈન ધર્મમાં છ આવશ્યક કર્તવ્ય બતાવવામાં આવ્યાં છે. (૧) સામાયિક (૨) ચઉવિસત્થો (૩) વંદન (૪) પ્રતિક્રમણ (૫) કાઉસગ્ગ અને (૬) પચ્ચકખાણ. સાચા જૈન આરાધકે આ છ એ ક્રિયાઓ રોજેરોજ અવશ્ય કરવી જોઇએ. એટલા માટે એને આવશ્યક ક્રિયા તરીકે ઓળખવામાં આવી છે. જૈન આગમ ગ્રંથોમાં આ છ યે ક્રિયાઓ ઉપર પુષ્કળ ભાર મૂકવામાં આવ્યો છે. 'આવશ્યક' સૂત્ર ગણધર-રચિત છે અને તેના ઉપર નિર્યુકિત વગેરે પ્રકારની રચનાઓ દ્વારા ઘણો પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રતિક્રમણ એ છ ક્રિયાઓમાંની બરાબર વચ્ચે આવતી એક મહત્ત્વની ક્રિયા છે. વળી તેની મહત્તા એટલી બધી છે કે એક પ્રતિક્રમણની ક્રિયાની અંદર છ એ છ આવશ્યક ક્રિયાઓ આવી જાય છે. સામાયિક લઇને પ્રતિક્રમણની વિધિ કરવામાં આવે છે. અને તેમાં ચતુર્વિંશસ્તવ ગુરુવંદન, કાઉસગ્ગ અને પચ્ચકખાણની વિધિ કરવામાં આવે છે અને તે પૂરી થતાં સામાયિક પારવામાં આવે છે. એટલા માટે પ્રતિક્રમણ ઓછામાં ઓછું બે ઘડીનું (૪૮ મિનિટનું) હોવું જરૂરી છે. પંચ મહાવ્રતધારી સાધુઓએ મહાવ્રતોને ઉદ્દેશીને અને ગૃહસ્થોએ પાંચ અણુવ્રત સહિત બાર વ્રતોને ઉદ્દેશીને પ્રતિક્રમણની વિધિ કરવાની હોય છે. ગૃહસ્થ અને સાધુની વિધિમાં એટલા માટે એ દૃષ્ટિએ થોડો ફરક પણ હોય છે.

સાધુઓએ યાવત્ જીવન સાવદ્ય યોગનાં પચ્ચકખાણ લીધાં હોય છે. એટલે સૈદ્ધાન્તિક દૃષ્ટિએ તેઓ નિરંતર સામાયિકના ભાવમાં હોય છે. હોવા જોઇએ એટલા માટે તેઓને સામાયિકની

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૦ ઉપર)

ગુજરાતી સાહિત્યમાં જૈન સંદર્ભ

–ડૉ. હસમુખ દોશી

થોડાક સમય પહેલાં 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી. ગુલાબ દેઢિયાએ 'સાંપ્રત સાહિત્યમાં જૈન સંદર્ભ' વિશે બહુ ઉત્સાહથી લખ્યું છે પણ તેમાં લેખકની ખૂબ નિર્દોષતા દેખાય છે. શ્રી દેઢિયાએ પોતાના લેખમાં 'સમ્રાટ શ્રેણિક' એકાંકીનો કે 'શ્રવણ બેલગોડા' જેવી કવિતાનો અભિભૂત થઇને નિર્દેશ કર્યો છે. પરંતુ આવાં દૃષ્ટાંતો અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં 'જૈનસમાજ અને ધર્મનું જે પ્રતિબિંબ પડ્યું છે તે ખૂબ ક્લેશકારક છે; અને તે ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું એક કલંકિત કહી શકાય એવું પ્રકરણ છે. ગુજરાતી ભાષાને તેના વ્યાકરણને અને તેના સાહિત્યને ઘડવામાં સમર્થ જૈનાચાર્યોએ માયાનું કામ કર્યું છે. એવું જ્યારે સંભારીએ છીએ. ત્યારે તો આ ઘટના વધારે આઘાત આપે છે.

ખુદ શ્રી દેઢિયાના લેખમાં જેનો ઉલ્લેખ થયો છે એ એ શ્રીમતી કુંદનિકા કાપડિયાની નવલકથાનો નિર્દેશ પણ વક્રદૃષ્ટિનો જ દ્યોતક છે. 'પરોઢ થતાં પહેલાં' નામની નવલકથામાં તેની નાયિકા સુનંદા જૈન સાધુ સંબંધે જે વિચારે છે તે જ તેનું પ્રમાણ છે. સુનંદાની અપેક્ષા પ્રમાણે જૈન સાધુ એટલે 'ક્રિયાકર્મથી જડ બનેલો, વૈરાગ્ય રંગ ઓઢેલો એક ક્ષુદ્ર ચહેરો.' (!) ક્રિયાકર્મથી માણસ જડ બને છે ને વૈરાગ્યથી તેનો ચહેરો ક્ષુદ્ર લાગે છે એવી વિચારણા શ્રી કનૈયાલાલ મુનશીની મંજરીથી માંડીને શ્રીમતી કુંદનિકા કાપડિયાની સુનંદા સુધીનાં ગુજરાતી પાત્રો કરતાં આવ્યાં છે, પણ સાચા જૈન સાધુઓને પૂછશો તો એ જરૂર કહેશે કે 'વિલાસ વૈભવથી છકી ગયેલો ને હિંસક વિચારોથી ભરપૂર એવો સુદ્ધ ચહેરો તો સંસારીઓનો હોય છે, સાધુઓનો નહિ.' જે લેખકો વ્યક્ત-સ્વાતંત્ર્યની લગભગ હિંસક કહી શકાય એવી વિચારણાઓમાં રાચે છે તેઓ જૈનસાધુઓનું સ્વાતંત્ર્ય જાણે સહી શકતાં નથી, સંસારીઓને જે ક્ષુદ્ર લાગે તે વૈરાગીઓને ભવ્ય લાગતું હોવાનો પૂરો સંભવ છે.

ઉક્ત નવલકથાનાં સાધ્વી અંજનાશ્રી કહે છે: 'જૈન સાધુઓ લોકોને ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ આપતા હોય છે. સંસાર અસાર છે તેમ કહેતા હોય છે. દુનિયામાં બધાં સુખો ક્ષણિક હોય છે તેમ સમજાવતા હોય છે, પણ હું તમને કહું છું...કશું જ અસાર નથી, બધી જ વસ્તુઓમાં અર્થ રહેલો છે...'

આવા શબ્દો કોઇ જૈન સાધ્વી બોલે ખરાં? કાં તો એ જૈન સાધ્વીને જૈનદર્શન સમજાયું નથી અથવા તો પછી એ જૈન સાધ્વી જ નથી. કેમ કે જૈનદર્શનનો પાયાનો સિદ્ધાંત સંસારની અસારતાનો છે; જીવનની પ્રત્યેક વસ્તુની વ્યર્થતા સમજાવવાનો છે. બધાં ભૌતિક સુખોને જૈનદર્શન ક્ષણિક માને છે એટલે અંજનાશ્રીની ફિલસૂફી ટકી શકે તેમ નથી. આવો ઉપદેશ આપતાં પહેલાં કેટલાંક જૈન સાધુઓએ સાધુત્વ છોડ્યું છે. અંજનાશ્રીએ તેમનું અનુકરણ કરીને પછી પોતાના ક્રાંતિકારી વિચારો આપ્યા હોત તો જૈન સાધુત્વને અને નવલકથાની કલાને પણ મોટો લાભ થયો હોત. 'આપણે સંસારને ગમે તેટલો સોહામણો માનીએ, તેમાં ખૂબ સાર જોઇએ, જીવનસુખોને ક્ષણભંગુર નહિ પણ શાશ્વત માનીએ પરંતુ તેના ગહન પ્રવાહો જુદા જ હોય છે. જૈન દર્શન જીવનનો તાગ અગાધ ઊંડાણેથી મેળવે છે, સપાટી ઉપરથી નહિ. આપણાં ઉત્તમ મહાકાવ્યોમાંથી પણ શું નિષ્પન્ન થાય છે? પ્રજાપ્રેમ અને લોકકલ્યાણની ભાવનાને વરેલા ભગવાન રામ પોતાનાં સ્વજનો સાથે અંતે સરયૂ નદીમાં સમાધિ લ્યે છે. યુદ્ધની ભયાનકતા અને ભ્રમવાન શ્રીકૃષ્ણના દેહોત્સર્ગ પછી પાંડવો જીવન છોડીને હિમાલયની હિમાચ્છાદિત પહાડીઓમાં પોતાનું જીવન સમાપ્ત કરે છે. કર્મયોગ અને કલ્યાણ મુગ્ધની પ્રભુપ્રેરિત ભવ્ય ગીતા પણ પછી તો અર્જુનને રોકી શકતી નથી. પાશ્ચાત્ય સાહિત્યમાં પણ શેકસ્પિયરથી માંડીને થોમસ હાર્ડી સુધીની સમર્થ પ્રતિભાઓ જીવનની નિષ્ફળતાઓનું વિષાદજન્ય નિરૂપણ કરે છે. ખુદ આજનું સર્જનાત્મક સાહિત્ય તપાસો, અસ્તિત્વવાદી સર્જકો જીવનની નિઃસારતાની ખૂબ નજીક છે. અને Absertના સર્જકો તો જીવનને વ્યર્થ કે નિરર્થક જ માને છે. પણ તેઓ સિદ્ધ કલાસ્વામીઓ છે. એટલે સંસારની વ્યર્થતાને પણ રસભરી વાણીમાં પેશ કરી શકે છે; જૈન કવિઓ અને દાર્શનિકો પ્રચલિત અર્થમાં કલાકારો નથી એટલે તેમનો અભિગમ સૌને શુષ્ક લાગે છે. છતાં જૈન કવિઓ અને દર્શનિકો દૃષ્ટિ કેટલી આધુનિક છે તેનો આજે ખ્યાલ આવે છે.

આપણે ત્યાં સાહિત્યને કેવળ શબ્દોની કલા કે કલાકારની લીલા માનનારા શ્રી સુરેશ જોષી પોતાની એ લીલા દ્વારા જે જીવન વિસ્તારે છે એ કેવું છે? ક્ષુબ્ધ, કંગાળ અને વેદનાઓથી ભરેલું! આ લખનાર સાથે ખૂબ જ પ્રેમભરી વાતો કરતાં તેમણે એકવાર કહેલું 'ખરે, જીવનનો કોઇ અર્થ નથી!' (પણ ત્યારે તેમનો ચહેરો ક્ષુદ્ર નહિ, ચમકતો જ લાગેલો!)

સંસારની અસારતા સમજવા માટે દૂર દૂર અતીતમાં કે નજીકના સમયમાં પણ જવાની જરૂર નથી. આજે આપણે ત્યાં શું ચાલી રહ્યું છે? વિદેશોમાં ભારત 'ફેસ્ટીવલ ઓફ ઇન્ડીયા' ઉજવી રહ્યું હતું ત્યારે ઘર આંગણે તેના પ્રદેશો સળગતા હતા. ગુજરાતનો છેલ્લા પાંચ મહિનાનો ઇતિહાસ, સંસારમાં કેટલો સાર રહેલો છે એ જરૂર દર્શાવે છે! પંજાબમાં અને દિલ્હીમાં નિર્દોષ માનવીઓની થતી હત્યાઓ પાછળ જરૂર કંઇ અર્થ રહેલો હશે! ભૂકંપ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, યુદ્ધો, હુલ્લડો, નિર્દોષોની હત્યાઓ, આંતરિક કલહો અને સંઘર્ષો, ગરીબો ઉપરના અત્યાચારો અને નિર્દોષ નારીઓ ઉપર થતા બળાત્કારો પાછળ જીવનનું જરૂર કોઇ સૌન્દર્ય દહેલું હશે. માણસની સ્વાદેન્દ્રિયને કેવળ પોષવા માટે રોજ અસંખ્ય મૂંગા પશુઓની થતી કતલ જીવનનું કોઇ અલૌકિક સૌન્દર્ય જ દર્શાવે છે!

જીવન વિશે કોઇ પણ લેખક પોતાની રીતે જરૂર વિચારી શકે છે. પણ પોતાના વિચારોનું પ્રાગટ્ય કરવા માટે વીતરાગી જૈન સાધુ સાધ્વીઓનાં પાત્રોનું આલંબન લઇને એક મહાન ધર્મના પાયાના સિદ્ધાંતોની વિડંબના કરવામાં ઔચિત્ય કેટલું?

* * *

શ્રી કનૈયાલાલ મુનશીની પ્રખ્યાત નવલત્રયી 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'માં જૈન સાધુ, જૈન સંપ્રદાય અને જૈનધર્મીઓનું જે નિરૂપણ થયું છે તે માત્ર જૈનો જ સહી શકે, 'પાટણની પ્રભુતા'માં જૈન જતિ આનંદન

સૂરિ આજના ચિત્રપટના કોઇ ખલનાયક જેવા કૃત્યો કરે છે, એ ગજા પ્રપંચો કરે છે, 'કપટયુદ્ધ' ખેલે છે, સશસ્ત્ર સેનાપતિનો પોશાક ધારણ કરીને એ નવલકથાના ઉપનાયક જેવા દેવપ્રસાદની હત્યાનું નિમિત્ત બને છે, 'ગુજરાતનો નાથ'માં ખલનાયકનું પાત્ર બને એક જૈન મંત્રી ઉદા મહેતાને ફાળે ભજવવાનું આવે છે, ઉદા મહેતા ઉક્ત નવલકથાની સોળ વર્ષની સુંદરી મંજરી પાછળ મોહાંધ બનીને બળાત્કારે તેને પરણવા માંગે છે, અને એ શક્ય ન બનતાં અનેક પડયંત્રો રચે છે, જતિ આનંદસૂરિનું પાત્ર કલ્પિત છે એટલે આનંદસૂરિની કુટિલતા લેખકના કૃપણ કલ્પનું કે પછી ફ્રેન્ચ કથાસ્વામી અલેકઝાંડર ડૂમાની નકલનું માત્ર પરિણામ છે. એ જ રીતે મંજરી પણ કલ્પિત છે. એટલે ઉદા મહેતાની શઠતા પણ લેખકનો માત્ર સર્જન પ્રપંચ છે. એક જૈન મુનિએ શ્રદ્ધેય સાધનો દ્વારા લખેલું 'કુમારપાળ ચરિત્ર' થોડા સમય પહેલાં મારા વાંચવામાં આવ્યું. કુમારપાળ ચરિત્રનો આ ઘણો જૂનો ગ્રંથ છે. તેમાં ઉદા મહેતાને એટલો તો ઉદાત્ત, ઉદાર, ખાનદાન અને કરુણાભાવથી છલકાતો કવિએ વર્ણવ્યો છે કે શ્રી મુનશીના ઉદા સાથે તેની તુલના કરવા જતાં અકથ્ય વેદના થઇ આવી.

'સન્ધિરાજ'માં એ જ કલ્પિત સુંદરી મંજરી પાછળ ઉદાર મહેતાના પુત્ર આમ્રભટ્ટને લટટુ થતો અને તેના સૌન્દર્યથી અસ્વસ્થ થતો શ્રી મુનશીએ દર્શાવ્યો છે. આમ મંજરીના સૌન્દર્યની મોહકતા શ્રી મુનશીની ઉક્ત નવલકથાઓમાં બબ્બે પેઢી સુધી જૈન સ્ત્રીઓને મુગ્ધ કરે છે! આ જગતમાં અગણિત સુંદર સ્ત્રીઓ હોવા છતાં સાહિત્યના ઘણા બેવકૂફ સર્જકો કોઈ એવી એકજ સુંદરીની અનવદ્ય કલ્પના હંમેશાં કરતાં આવ્યા છે. એટલે સત્યવાદી અને વાસ્તવલક્ષી ગણાતા શ્રી મુનશી આ બાબતમાં કેટલે અંશે વાસ્તવિક ગણાય એ સમજાતું નથી. તેમની 'વાસ્તવિક કલ્પના'ની પરાકાષ્ઠા તો ત્યારે આવે છે, જ્યારે આચાર્યોના પણ આચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય એ સુંદરીના દર્શને ઝૂરે છે! 'સન્ધિરાજ'ના એ પ્રકરણને લેખકે શીર્ષક આપ્યું છે: 'વાગીશ્વરીના દર્શને!' (આ 'વાગીશ્વરી' કેટલી બધી શકે છે, એ શ્રી મુનશીએ જ 'ગુજરાતનો નાથ'ના કેટલાક અતિ શૃંગારિક પ્રસંગોમાં બતાવ્યું છે.) હેમચંદ્રાચાર્ય મંજરીના સૌન્દર્યથી સહજ પ્રભાવિત થાય છે તેને માનસ-શાસ્ત્રીય નિરૂપણ ગણવામાં આવ્યું છે, પણ અહીં શ્રી મુનશીનો ઉદ્દેશ કેવળ યથાર્થવાદી કલાકારનો નથી; એમને તો એમ બતાવવું છે કે એક મહાન વીતરાગી સાધુ એક સંસારી સુંદરીને ઝંખે છે; એક સમર્થ જૈનાચાર્ય એક સંસારી પંડિતામાં વાગીશ્વરીનાં દર્શન કરે છે! લેખકનો ઉદ્દેશ પોતાનાં પાત્રને એક આધ્યાત્મિક જૈન મનીષીથી વધારે મહાન બતાવવાનો છે, અને આ જ મંજરી 'ગુજરાતનો નાથ'માં એક જગ્યાએ જૈનશ્રાવકો વિશે જે શબ્દો ઉચ્ચારે છે એ પણ નોંધવા જેવા છે: શ્રાવક થવું કે કોઇ ક્ષુદ્ર પ્રાણીને પરણવું–મારે મન બન્ને અધમતાની અવધિ છે,' પ્રભાસમાં પોતાની કોઇ કુટિલ કારવાઇ નિષ્ફળ જતાં ઉક્ત નવલકથાનો નાયક કાકભટ્ટ તેને અપશુકન ગણે છે, અને એ અપશુકનનું કારણ તે પ્રભાતે કોઈ 'જૈનમૂંડા'નું પોતાને દર્શન થયું હતું તે ગણે છે?

કેટલાક સમય પહેલાં ગુજરાત રાજ્યના ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના ગુજરાતી પાઠય પુસ્તકમાં 'નર્મદનો જમાનો' નામે એક પ્રકરણ મૂકાયું હતું. સ્વ. વિશ્વનાથ ભટ્ટ રચિત 'વીર નર્મદ' નામના એક ઉત્તમ નર્મદચરિત્રમાંથી આ પ્રકરણ લેવામાં આવ્યું હતું. તેમાં સ્વ. વિશ્વનાથે વૈષ્ણવ સંપ્રદાયના મહારાજોની, શ્રદ્ધેય સંશોધન દ્વારા પોતાની બળકટ વાણીમાં ટીકા કરી છે. તે પ્રકરણ પાઠયક્રમમાંથી કઢાવી નાંખવા માટે વૈષ્ણવધર્મીઓએ રાજ્યવ્યાપી ઊહાપોહ મચાવ્યો હતો અને અન્તે એ પ્રકરણ રદ થયું હતું એવું કંઇક યાદ છે. પણ શ્રી મુનશીની ઉક્ત નવલકથાઓ જે જૈનધર્મની, જૈનસાધુઓની અને જૈનસંપ્રદાયીઓની નિંદાના દસ્તાવેજ જેવી છે તેને પાઠયપુસ્તકો તરીકે મુંબઈ અને ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ વર્ષો થયાં વારંવાર નિયુક્ત કરતી આવી છે!

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ 'જિગર અને અમી' નામે તેમની અત્યંત લોકપ્રિય નવલકથામાં જૈનસાધુઓનાં માત્ર શિથિલાચરણો જ દર્શાવે છે, અને શ્રી ચુનીલાલ મડિયા 'બાજનો વારસ' નામે તેમની કૃત્રિમ અને લગભગ અસ્વાભાવિક ગણી શકાય એવી નવલકથામાં ગ્રામીણ જૈનસમાજને ખૂબ હલકી કક્ષાનો બતાવે છે, એ જ નવલકથામાં જૈન મુનિ વિમલસૂરિનું પાત્ર આવે છે, નવલકથાનાં લગભગ અધમ ગણી શકાય એમાં પાત્રોની જીવનલીલામાં પોતાને રસ ન લેવો જોઇએ એવું વારંવાર વિમલ સૂરિ કહે છે, છતાં તેમાં રસ લેવાનું ચૂકતા નથી! શ્રી રામનારાયણ પાઠકની ટૂંકી વાર્તા 'બુદ્ધિ વિજય'માં એક યુવાન જૈનમુનિની સાંપ્રદાયિક આકાંક્ષાઓ અને વૈયક્તિક અશુદ્ધિઓ જ દૃષ્ટિએ પડે છે, અલબત્ત, એ જ ટૂંકીવાર્તામાં બુદ્ધિવિજયના ગુરુ તપોવિજયને એક સાચા ઉદાત્ત જૈનમુનિનું ગૌરવ લેખકે સૂક્ષ્મ અભ્યાસ દૃષ્ટિથી આપ્યું છે. નોંધવું જ જોઇએ કે જૈનમુનિનું ગુજરાતી સાહિત્યમાં કદાચ આ સર્વશ્રેષ્ઠ ચિત્ર છે.

આજના વિવેચકો જેમને ખૂબ 'આધુનિક વ્યક્તિત્વ ધરાવતા સર્જક' ગણે છે એવા શ્રી ચન્દ્રકાન્ત બક્ષીની નવલકથા 'એક અને એક'માં કથાનાયક સંજીત આત્મપીડાના ભૂતકાલીન વિચારોમાં ગૂંચવાયેલો હોય છે ત્યારે તેના સ્મૃતિ સાહચર્યમાં 'તગડા જૈન સાધુઓ' ઝબકે છે. અને તેમને માટે તેને ઘૃણા કે દ્વેષ થાય છે. સંજીત પોતે શરાબ પીએ છે, માંસાહાર કરે છે અને વાર્તાની નાયિકા સપના જોડે અલગ્ન સંબંધ રાખે છે, સ્વચ્છંદી કહી શકાય એવું જીવન પણ તેને સુખ આપી શકતું નથી. જ્યારે સાચા જૈન સાધુઓ સંયમી ને નિયમિત જીવન ગાળે છે એટલે તેઓ 'તગડા' હોય તેમાં આશ્ચર્ય શું? ધર્મનો ઉદ્દેશ જ મનુષ્યને વધારે સુખી બનાવવાનો છે અને ધર્મનું ઉલ્લંઘન તેને દુઃખી કરે છે. આવું સત્ય આપણા આવા આધુનિક સર્જકોને કયાંથી સમજાય?

શ્રી દર્શકની નવલકથા 'ઝેરતો પીધાં છે જાણી જાણી'ના ત્રીજા ભાગનો નિર્દેશ જૈન સાધુને કોઇ આવા જ પરિપ્રેક્ષ્યમાં મૂકે છે. દુનિયાનો કોઈ પણ ધનવાન છાતી ઉપર હાથ મૂકીને એમ નહિ કહી શકે કે તેનું ધન તદ્દન પ્રામાણિક છે. મંદિરો, મસ્જિદો, દેવળો અને ગુરુદ્વારાઓ જેવાં ધાર્મિક સ્થાપત્યો બધે બંધાતાં હોય છે. તેની પ્રેરણા લોકોને ધર્મગુરુઓ આપતા હોય છે. કરોડો માણસો ભૂખમરાથી રિબાતા હોય ત્યારે ધર્મગુરુઓનું આવું પંગલું અયોગ્ય જ ગણાવું જોઇએ. પણ એ બધા ધર્મોને અને ધર્મગુરુઓને લાગુ પડે છે. કરોડો રૂપિયાની અનૈતિક આવક આજે ધાર્મિકસ્થાનો બંધાવા પાછળ ખર્ચાય છે અને બધા ધર્મો એ પ્રવૃત્તિ કરે છે. ધર્મોચાર્યો કે શ્રીમંતોની

એ પ્રવૃત્તિ ચોકકસ નિંદ્ય છે. પણ ફકત જૈન મુનિઓને કે જૈન શ્રેષ્ઠીઓને આ માટે દોષિત ગણવાની જાણે કે આપણે ત્યાં ફેશન પડી ગઇ છે.

આ રીતે જૈન ધર્મ કે જૈનધર્મીઓનો ગુજરાતી સાહિત્યમાં જે સંદર્ભ છે એ સુખ ઉપજાવે તેવો નથી. પણ જે કાર્ય ગુજરાતી સર્જકો કરી શકયા નથી એ કાર્ય સાત સમુદ્રો પાર વસતા એક વિરાટ વિદેશી સર્જકે થોડીક જ પંકિતઓમાં કરી બતાવ્યું છે. જ્યોર્જ બર્નાડ શોનું એક નાટક છે : John Bull's other island તેમાં તેમનું એક પાત્ર કહે છે : 'આ દુનિયા ખરેખર વેદના સહન કરવાનું અને પ્રાયશ્ચિત માટેનું સ્થાન છે. જૈનધર્મીઓ એટલે જ માને છે કે મનુષ્યનો અવતાર ભોગવવા માટે નહિ, છોડવા માટે છે...અનેક જન્મોના કર્મોનું પ્રાયશ્ચિત કરવા માટે જ મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે.'

કિશોરાવસ્થા પછી જૈન ધર્મ, તેનાં ક્રિયાકર્મો, તેના મુનિઓ અને તેનાં શિલ્પસ્થાપત્યથી સૌન્દર્યખચિત બનેલાં યાત્રાધામો સાથેનો મારો સંબંધ છેક તૂટી ગયો છે. શ્રી રમણભાઇ શાહ જેવા મારા પરમ સહૃદને આથી દુઃખ થતું મેં જોયું છે. મારું પોતાનું જીવન ખૂબ સુખી અને સૌન્દર્યલક્ષી હોવા છતાં જૈનદર્શન સાથે અસંમત થવા જેવું મને કદી લાગ્યું નથી. કેમકે વૈયકિતક અનુભૂતિ એ વિશ્વચેતનાનો અંશ હોવા છતાં વૈશ્વિક અનુભૂતિનો સરવાળો નથી.

બ્રિટનમાં શાકાહાર આંદોલન

* પ્રવીણ પારેખ

બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન (બી. બી સી.) એ ૨૫ મી જૂન ૧૯૮૪ના સવારના 'સંગમ' કાર્યક્રમમાં 'બ્રિટનમાં શાકાહાર' વિશે આશ્ચર્યજનક વાતો રજૂ કરી હતી.

પહેલાં યુરોપિયનો સામાન્ય રીતે એવી માન્યતા ધરાવતા હતા કે, શાકાહારીઓ પછાત વિચારસરણીવાળા અને રૂઢિવાદી હોય છે. પરંતુ હવે પરિસ્થિતિ તદ્દન જુદી છે. શાકાહારીઓને મોડર્ન, ફોરવર્ડ અને આધુનિક વિચારોવાળા માનવામાં આવે છે. બ્રિટનમાં લગભગ ૧૦ લાખ માણસો હવે સંપૂર્ણ શાકાહારી છે. અને એમની સંખ્યામાં ગયા વર્ષ કરતાં ૬૦ ટકા જેટલી આશ્ચર્યજનક વૃદ્ધિ થઇ છે. શાકહાર પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધુ લોકપ્રિય છે. એક સર્વે અનુસાર ત્યાં ૧૨ મહિલાઓમાંથી એક મહિલા સંપૂર્ણ શાકાહારી હોવાનું માલમ પડયું છે. શાકાહાર આંદોલનમાં બ્રિટનની ખાસ ખાસ વ્યકિતઓ પણ જોડાયેલી છે. જેનાથી આ આંદોલનને વધુ વેગ મળ્યો છે. આ મહાનુભાવોમાં ફેકયુસ, માઇકલ જેકસન, માર્ટિન શાહ વગેરેનો સમાવેશ થાય છે. જેઓ પોતે સંપૂર્ણ શાકાહારી છે.

બી. બી. સી. ના ટેલિવિઝન વિભાગ દ્વારા શાકાહાર પર એક સાપ્તાહિક કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે. જેમાં માંસાહારીઓને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવે છે કે માંસાહારથી તમને ભયંકર બીમારીઓનો સામનો કરવો પડે છે. આ કાર્યક્રમો પૂરેપૂરા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પર આધારિત હોય છે. આ કાર્યક્રમનું પ્રસારણ કરનાર શ્રીમતી શારા બ્રાઉન કહે છે કે, પોતે આ આંદોલનમાં અનાયાસે જ જોડાઈ છે, છ વર્ષ પહેલાં તે એક કતલખાનામાં ગઈ હતી, ત્યાં પશુઓ પર થતા અત્યાચારો અને માંસ મેળવવા માણસોની ક્રૂર પ્રવૃત્તિઓ સગી આંખે જોઇ તે આ આંદોલન સાથે સંકળાઇ, ટેલિવિઝનના આ કાર્યક્રમથી આંદોલનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે.

માંસાહારીઓમાં શાકાહારીઓ કરતાં વધુ જીવલેણ બીમારીઓ જોવામાં આવે છે. આ વાતને ડો. એમ. રોકે પ્રતિપાદિત કરી છે. તેમણે આ અંગે સંશોધન કર્યું છે. તેમનું કહેવું છે કે શાકાહારીઓમાં ઘાતક અને ચેપી બીમારીઓનું પ્રમાણ માંસાહારીઓ કરતાં ઓછું છે. તેઓ માંસાહારીઓ કરતાં સ્વસ્થ, તંદુરસ્ત, શાંત પ્રકૃતિના અને ચિંતનશીલ હોય છે.'

બ્રિટનમાં લગભગ ૧૦૦૩ હેલ્થ ફુડ, શોપ છે. જેમાં માત્ર શાકાહારની વાનગીઓ જ મળે છે. એમાં ૬૨ વર્ષે ૧૦૦ દુકાનોને ઉમેરો થઈ રહ્યો છે. ૬૨ વર્ષે બાર કરોડ દશ લાખ પાઉન્ડ (એક અબજ ત્રાણું કરોડ સાઠ લાખ રૂપિયા)નો વાર્ષિક વ્યાપાર આ શાકાહારની દુકાનોમાં થાય છે.

'જિનવાણી'માંથી સાભાર
અનુવાદ : **ગુલાબ દેઢિયા**

અધ્યાત્મ વર્ગ

[અગાઉની જણાવેલ તારીખ અને સમયમાં ફેરફાર કર્યો છે.]

'સંઘ' તરફથી **શનિવાર, તા. ૫ મી ઓકટોબર ૧૯૮૫ થી** અધ્યાત્મ વર્ગ શરૂ કરવામાં આવનાર છે. અધ્યાપક તરીકે તત્ત્વચિંતક **શ્રી પન્નાલાલ જગજીવન ગાંધી** માનાર્હ સેવા આપનાર છે. વર્ગ નીચે પ્રમાણે રહેશે.

* **દર શનિવારે બપોરે ૪ ૦૦ થી ૫**

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ.
સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે,
મુંબઈ ૪ ૦ ૦૦૪.

* **દર ગુરૂવારે રાતના ૮ ૦૦ થી ૯-૦૦**

સ્થળ : શ્રી પન્નાલાલ જગજીવનદાસ ગાંધીના નિવાસસ્થાને
૩૦૬, શ્રીપાળ નગર જે. મહેતા રોડ,
મુંબઇ-૪૦૦૦૦૧.

વિષય : 'દ્રવ્યાનુયોગ'

જે સભ્યો આ અધ્યાત્મ વર્ગમાં જોડાવા ઇચ્છતા હોય તેમને પોતાનું નામ તથા કયા વર્ગમાં તેઓ જોડાવા ઇચ્છે છે તે વિષે 'સંઘ'ના કાર્યાલયમાં તા. ૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં લેખિત જણાવવા વિનંતી છે.

લિ. ભવદીય,

તરુણભાઈ બિપિનભાઇ શાહ — **કે. પી. શાહ**
સંયોજક — **પન્નાલાલ ર. શાહ**
મંત્રીઓ

વીતેલાં વર્ષો (૪)

● ચી. ના. પટેલ

મારા શરીરની નિર્બળતામાંથી મને શું મળ્યું? તેનો વિચાર કરું છું ત્યારે મને મારી પંદર વર્ષની ઉંમરનો એક પ્રસંગ યાદ આવે છે. ત્યારે હું અંગ્રેજી પાંચમા (આજના નવામાં ધોરણમાં હતો. એક દિવસ પાટલી ઉપર મારી સાથે બેસતાં એક કાઠિયા વિદ્યાર્થીએ મારા વિશે અહોભાવથી વર્ગ શિક્ષકને કહ્યું, 'સાહેબ, આ સી. એન. બી. એ. થવાનો' વર્ગ શિક્ષકે કહ્યું, 'હા, એ બી. એ. ને એમ. એ થવાનો, અને બીએમઘેડી ને એમએેડી (bad અને mad) પણ થવાનો.' શિક્ષકની ભવિષ્યવાણી પૂરી ખરી ન પડી. બિલકુલ ખરી ન પડી. એમ તો હું નહિ કહું) તેનું કારણ હું મારા, શરીરની નિર્બળતાને માનું છું સામાન્ય રીતે હું ડાહ્યો વિદ્યાર્થી દેખાતો, પણ મારામાં ચંચળવૃત્તિઓ પણ હતી જેનો કંઈક અણસાર એ શિક્ષકને આવ્યો હશે. પણ શરીર નિર્બળ હતું એટલે મન પણ ભીરુ હતું. કોઇ વડીલ ઠપકો આપે કે ટીકા કરે એવું કંઇ કરવાની મારી હિંમત ચાલતી નહિ, જો કે ક્યારેક એમ વર્તતો ખરો.

એવી અપલક્ષણવૃત્તિનું એક ઉદાહરણ અહીં આપીશ ગુજરાતી ત્રીજા ધોરણમાં હતો ત્યારે હું ઓધવજી જોશી નામના ગાંધીસેવાદળી વર્ગ શિક્ષકનો માનીતો થઈ પડ્યો હતો. રિસેસમાં તેઓ ક્યારેક મને બોળામાં બેસાડી વહાલ કરતા અને કોઈવાર મારી પાસે સેવમમરા મગાવી મને તેમાંથી આપતા. એ શિક્ષકે મને વર્ગના મોનિટર બનાવ્યો હતો. હું મોનિટરની સત્તાનો ઉપયોગ કરતો અને વાતો કરતા વિદ્યાર્થીઓને એક બે વાર ફૂટપટ્ટીથી માર્યા હતા, અને અપશબ્દો પણ બોલ્યો હતો. ફરિયાદ શિક્ષક પાસે ગઈ એટલે મારું મોનિટરપણું ગયું અને તે સાથે અપશબ્દોનું અપલક્ષણ પણ ત્યાં જ અટકયું. એ વર્ષને અંતે પિતાની બેડા બદલી થઇ. ત્યાં મારા મિત્ર કનુ મચ્છરના મોટાભાઇ સોમનાથ મહાદેવમાં વિદ્યાર્થીઓને કસરત શીખવતા. પાંચ છ વિદ્યાર્થીઓ જતા તેમાં હું પણ હતો. શ્રી મચ્છરે અમારી પાસે ત્રણ પ્રતિજ્ઞાઓ લેવડાવી, અપશબ્દો નહિ બોલવાની, પાન નહિ ખાવાની અને ચહા નહિ પીવાની, (એ વર્ષોમાં ગાંધીજીની પ્રેરણાથી ચારિત્ર્યશુદ્ધિનો પ્રચાર કેવો ચાલતો તેનું આ એક ઉદાહરણ છે,) એ ત્રણ પ્રતિજ્ઞાઓમાંથી છેલ્લી એમ. એ. ના વર્ષમાં તૂટી (કેવી રીતે એ વાત આગળ ઉપર આવશે) બીજી દાંત હતા ત્યાંસુધી કોઇ કોઈ પ્રસંગે આપવાદરૂપે તૂટતી, પણ પડેલી પ્રતિજ્ઞા જીવનભર પળાઇ, અને તે વિનાપ્રયાસે, તેનો યશ હું ઓધવજી માસ્તરને આપું છું. તેમણે મને કોઇ કડક ઠપકો આપ્યા વિના માત્ર એટલું જ કહ્યું, 'ચીમન, એમ ન થાય.' મારા સ્વભાવે એમની વાત જરા શરમાઇને માની લીધી હતી. શરીર સબળ હોત તો મેં એમ કર્યું હોત? અને અપશબ્દોનું એક અપલક્ષણ રહ્યું હોત તો એની સાથે બીજાં કેટલાં આવ્યાં હોત એ કોણ કરી શકે? (ઓધવજી માસ્તરના આગ્રહથી હું બોડાથી તેમને ક્યારેક પત્ર લખતો અને તેઓ ઉત્તર લખતા અમારો આ પત્રવ્યવહાર છએક માસ ચાલ્યો હશે. પછી તો હું એમને ભૂલી ગયો. પણ પંદરેક વર્ષ ઉપર અમે અકસ્માત આશ્રમરોડ ઉપર મળ્યા ત્યારે અમારા બંનેના મોં ઉપર દેખાઇ આવે એવો આનંદ ઊભરાયો હતો. સાંભળ્યું છે કે એ શિક્ષક હજુ જીવે છે અને શરીર ને મન બંનેથી સ્વસ્થ છે.)

મારી ભીરુતાએ (જેનું મૂળ શરીરની નિર્બળતામાં હતું) આમ મને અનેક યુવાનોને લલચાવતા લપસણા માર્ગેથી બચાવી લીધો. જો મારું શરીર સબળ હોત તો હું ચોકકસ માનું છું કે મારા સ્વભાવમાં દુર્વૃત્તિઓનાં બીજ હતાં તે મોટાં વહેલાં ઊગી નીકળ્યાં હોત અને મારા જીવનને અવળી દિશામાં દોરી ગયાં હોત. એનું સૌથી ગંભીર પરિણામ એ આવ્યું હોત કે મારું લગ્નજીવન સ્થિર ન બન્યું હોત અને એ બીલાએ મારા મનને બાંધી ન રાખ્યું હોત. તો ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે વિલયોનો વિચાર કર્યા કરનાર પુરુષનો સ્મૃતિભ્રંશ બુદ્ધિનાશ થાય છે, અને બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ એવી મારી દશા થઇ હોત. ઓધવજી માસ્તરના ઠપકાની બીકે મને અપશબ્દોના ચેપમાંથી બચાવી લીધો. એટલે બીજા સારા સંસ્કાર મારા મન ઉપર પડયા હતા. (કઇ રીતે એ વાત આગળ ઉપર આવશે) અને પડતા જતા હતા તેમને કામ કરવાનો અવકાશ મળ્યો. એવા નવા સંસ્કારમાં પહેલા ૧૯૩૦ની સવિનય કાનુન ભંગની લડત વેળાએ વાતાવરણમાં ફેલાઇ રહેલા ગાંધીજીના નૈતિક આદર્શના હતા, અને બીજા સ્વામી વિવેકાનંદના હતા. ૧૯૩૮–૩૫ના શિયાળામાં મારા સદ્ભાગ્યે સ્વામીજીનાં અંગ્રેજી વ્યાખ્યાનોનું એક પુસ્તક મને વાંચવા મળ્યું હતું તેમાંથી તે મને મળ્યો હતો એ બે સંસ્કારોના બળે મને એક દિવસ સત્સંકલ્પ સ્ફુર્યો. શરીરની બગડતી જતી સ્થિતિને કારણે હું નિરાશાથી ઘેરાતો જતો હતો હતો, તેનો પ્રતિકાર કરી મેં નિશ્ચય કર્યો કે હું નિરાશાને વશ નહિ થાઉં અને જીવનનો બનશે તેટલો સદુપયોગ કરીશ એ સંકલ્પનાં સુખદ પરિણામ આવ્યાં.

પહેલું પરિણામ એ આવ્યું કે મારું લગ્નજીવન સ્થિર થયું. એ ટકયું એટલું જ નહિ, જીવનમાં મને જે કંઈ સફળતા મળી તેમાં મહદંશરૂપ નીવડયું અને મને આંતરિક કમાણી કરાવી આપવામાં નિમિત્ત બન્યું. દુનિયાની દૃષ્ટિએ મારું લગ્ન કજોડું ગણાય એવું હતું. મારી ને પત્ની વચ્ચે શરીર, સ્વભાવ ને શિક્ષણ ત્રણે બાબતો આંગે મોટું અંતર હતું. એમાં શિક્ષણનું અંતર કુટુંબીઓની દૃષ્ટિએ સૌથી મહત્ત્વનું હતું. એ સમયની રીત પ્રમાણે પત્ની ગુજરાતી બે ધોરણ સુધી ભણ્યાં હતાં (હવે તો એ એમને રસ પડે એવાં સાહિત્યનાં પુસ્તકો વાંચવાનાં મારા જેવાં બંધાણી થઈ ગયાં છે અને મારાંય કોઇ કોઇ લખાણો વાંચે છે' 'વીતેલાં વર્ષો'ના આ લેખો તો પૂરા રસથી વાંચે છે.) હું દરેક વર્ષે વર્ગમાં પહેલા સ્થાને પાસ થઇ આગળ વધતો હતો. મેટ્રિકમાં ઊંચા નંબરે પાસ થયો એટલે બે ત્રણ વડીલ સગાંઓને ઇચ્છા થઈ કે હું આઇ. સી. એસ. થવા ઇંગ્લંડ જાઉં (પિતા એ વડીલોમાં નહોતા, જો કે હું માનું છું કે મેં ઇચ્છા કરી હોત તો તેઓ થોડું દેવું કરીને પણ વૈસાની સગવડ કરી આપત.) એવાં એક વડીલ બહેને મને એ સૂચન કર્યું. ગાંધીજીના વિચારોના સંસ્કારને કારણે સરકારી નોકરીમાં જોડવાની મારી ઇચ્છા નહોતી. પણ મેં વડીલ બહેનને એ કારણ ન કહ્યું તેને બદલે મેં ઉત્તર આપ્યો : હું કલેકટર થાઉં તો મારી વહુને ટેનિસ રમતાં શીખવું પડે તેવું

શું ?' બહેને મૂંઝાઈને કહ્યું, 'તો ના, આપણે આઇ. સી. એસ. નથી થવું.' હું માનું છું કે તેમના મનમાં હતું, 'તો આપણે બીજી વહુ લાવવાની', પણ મારું સુધારક માનસ જાણતાં એટલે એમણે એમ કહેવાની હિંમત ન કરી, મારાથી બે વર્ષ મોટી એક મારી બહેન હતી (તેની વધુ વાત આગળ આવશે) તે પણ કદાચ હું ફરી પરણું એમ ઇચ્છતી હશે, પણ મને એવો કયારેય વિચાર નઆવ્યો, ગાંધીજીના સંસ્કારે મારા મનમાં વિચાર દૃઢ થઇ ગયો હતો કે એક પત્નીનો ત્યાગ કરી, અથવા એનો ત્યાગ કર્યા વિનાય, બીજું લગ્ન ન કરાય, અને એ આદર્શવાદને બાજુએ રાખી મેં બીજું લગ્ન કરવાની ઇચ્છા રાખી હોત તોય કઈ છોકરી સંતોષથી મારું ઘર માંડત ? મારું શરીર સબળ હોત તો મને બીજું લગ્ન ન કરાય એવી સદ્‌બુદ્ધિ આવી ન હોત અને બીજું લગ્ન કરવાની ઇચ્છા કરી હોત તો કાંઇ વધુ ભણેલી છોકરી મળી પણ રહેત. પણ એ લગ્ન કેટલું સફળ થાત એ વિશે મને બહુ શંકા છે.

તે જે હો તે, મેં બીજું લગ્ન નહિ જ કરવાનો પાકો નિશ્ચય કર્યો હતો, પત્નીને મેં એ આશ્વાસન આપ્યું અને સમજાવ્યું કે હું બી. એ. થાઉં ત્યાં સુધી આપણે સાથે ન રહેવું. તેમણે એ વાત સ્વીકારી લીધી. સંયોગો એવા ઊભા થયા (એ વાત આગળ આવશે) કે હું બી.એ. થયો તેના એક વર્ષ પહેલાં અમે સાથે રહેતાં થયાં તે દરમિયાન પત્ની મારી સાથે છુટક છુટક થોડાં અઠવાડિયાં જ રહ્યાં હશે. પણ તેમણે તેની કયારેય અધીરાઇ બતાવી હોય એમ મને યાદ નથી. એમની માને અધીરાઇ થતી હશે. મારાં માશી ગામમાં જ રહેતાં તે પણ પત્નીને ધીરજ આપતાં હશે (એ માશીની વાત પણ આગળ આવશે !

પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં સંઘની પ્રવૃત્તિઓ માટે થયેલું અર્થસિંચન

દાતાઓના પ્રેમાળ સહકાર માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. -મંત્રીઓ

સંઘને ભેટ

૫૦૦૦૦ શ્રી કપુરચંદભાઇ ચંદેરીયા ધરમપુરની પ્રવૃત્તિ માટે
૨૫,૦૦૦ શ્રી. વી. જે. મહેતા હ. ઉષાબેન મહેતા
(અનાજ રાહત માટે)
૧૫,૦૦૦ શ્રી. હેમવતીબેન અને રમેશભાઈ શ્રોફ તરફથી ચિ. કાનનની ચિર સ્મૃતિમાં (કેળવણી સહાય માટે)
૩૦૦૧ ,, શૈલેષભાઈ એચ. કોઠારી
૩૦૦૧ ,, વસનજી લખમશી શાહ
૩૦૦૧ ,, હુંગરશી રામજી ગાલા
૨૫૦૦ ,, રાજેન્દ્રભાઈ ઝવેરીના મિત્રો તથા પરિવાર તરફથી
૨૦૦૧ ,, રસિકલાલ લહેરચંદ શાહ
૨૦૦૧ ,, કપૂરચંદભાઇ ચંદેરિયા
૨૦૦૧ ,, રજનીભાઇ વોરા
૨૦૦૧ ,, માણેકલાલભાઇ સવાણી
૨૦૦૧ ,, સી. એન. સંઘવી
૨૦૦૧ ,, મહેન્દ્રભાઇ વોરા
૧૫૦૧ ,, એ. જે. શાહ
૧૫૦૧ ,, જ્યોત્સનાબેન શેઠ
૧૫૦૧ ,, જયંતિલાલ કતેહચંદ શાહ
૧૧૫૧ શ્રી પુષ્પાબેન વી. શાહ
૧૦૦૧ ,, રમણલાલ સી. શાહ
૧૦૦૦ ,, ચીમનલાલ જે. શાહ
૧૦૦૧ ,, કે પી. શાહ
૧૦૦૧ ,, પ્રવીણચંદ્ર કે. શાહ
૧૦૦૧ ડો. ધનવંત ટી. શાહ
૧૦૦૦ ,, સુબોધભાઈ એમ. શાહ
૧૦૦૧ ,, ગણપતભાઇ એમ. ઝવેરી
૧૦૦૦ મે. છેડા ઝવેલરી માર્ટ હા. શ્રી પન્નાલાલ છેડા
૧૦૦૧ ,, બિપીનભાઇ જૈન
૧૦૦૧ ,, શમીબેન ભણશાળી
૧૦૦૧ ,, મીરાબેન મહેતા
૧૦૦૧ શ્રી ચંદ્રકુમાર જે. શાહ
૧૦૦૧ ,, સ્મિતાબેન કામદાર
૧૦૦૧ ,, સુલિબેન હિરાણી
૧૦૦૧ ,, ગુલાબભાઇ કરમચંદ શાહ
૧૦૦૧ ,, ચંદુલાલ એમ. ગાંધી
૧૦૦૧ ,, જ્યોતિબેન પ્રમોદભાઈ
૫૦૧ ,, પન્નાલાલ આર. શાહ
૫૦૧ ,, અમર જરીવાલા
૫૦૧ ,, કમલબેન પીસપાટી
૫૦૧ ,, શાંતિભાઇ દેવજી નન્દુ
૫૦૧ ,, અરવિંદભાઈ ચોકસી
૫૦૧ ,, જયાબેન ટી શાહ
૫૦૧ ,, ઉષાબેન મહેતા
૫૦૧ ,, તરૂણાબેન શાહ
૫૦૧ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૪૦૨ ,, મધુબેન મેઘાણી
૨૫૦ ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૨૫૧ ,, પ્રવીણચંદ્ર એમ. શાહ
૨૫૧ ,, પુષ્પાબેન પરીખ
૨૫૧ ,, પર્ણલેખાબેન દોશી
૨૫૧ ,, ધીરજલાલ કૂલચંદ શાહ
૨૫૧ ,, કાંતાબેન પી. વી. શાહ
૨૫૧ ,, સુવર્ણાબેન દલાલ
૨૫૧ અશોક મેન્યુ ફેક્ચરીંગ કું.
૨૦૧ ,, બસંતલાલ ડી. નરસિંહપુરા
૨૦૧ ,, રસિકલાલ એચ. શાહ
૨૦૧ ,, રમાબેન ઝવેરી
૧૫૧ ,, રમણલાલ લાલભાઇ લાકડાવાળા
૧૫૧ ,, લક્ષ્મીચંદ કે. શાહ
૧૫૧ ,, હસમુખલાલ હરખચંદ દોઢીવાળા
૧૦૦ ,, કુલીન કાંતિલાલ મોદી
૧૦૦ ,, ચંપકલાલ એમ. અજમેરા
૧૦ ,, હેમલતા એલ. શાહ

૨૦૫ શ્રી મહેન્દ્ર એચ. શર્મા
૫૧ ,, સુખલાલ એમ. મહેતા
૫૧ ,, ગુણવંતીબેન ચોકસી
૫૦ ,, જયંતિલાલ ચુનીલાલ શાહ
૨૫ ,, એક બહેન તરફથી

૧,૪૪,૪૮૩

પ્રેમળ જ્યોતિને ભેટ

૫૦૧ જો. કોટક સરકયુલેટીંગ લાયબ્રેરી
૫૦૧ શ્રી રમેશભાઈ વિમલાભાઇ શેઠ
૫૦૧ શ્રી હસમુખલાલ હરખચંદ દોઢીવાળા
૫૦૦ ,, કલાવતીબેન શાંતિલાલ મહેતા
૩૦૩ ,, અનિલ પી. શાહ
૨૫૧ ,, વિનયચંદ્ર ચીમનલાલ પરીખ
૨૫૧ ,, રસિકલાલ નરોત્તમદાસ વોરા
૨૦૦ ,, મનાલી અને નીરીતકુમાર મોદી
૧૦૧ ,, વનિતાબેન શાહ
૧૦૧ ,, ગુણવંતીબેન ચોકસી
૧૦૦ ,, ખેતશી નથુભાઇ શાહ
૨૫ ,, એક બહેન તરફથી
૨૦ ,, જયંતિલાલ ચુનીલાલ શાહ

૩૩૫૬

શ્રી મણિલાલ એમ. શાહ લાયબ્રેરીને ભેટ
૫૦૧ શ્રી રમેશભાઇ વિમળભાઈ શેઠ

પ્રબુદ્ધ જીવનને ભેટ
૧૦૦ શ્રી મોહનલાલ નગીનદાસ જરીવાલા

૬૦૧

પર્યુષણ વિદ્યાર્થીઓને ભેટ
૨૫૧ શ્રી કાંતાબેન પી. વી. શાહ
૧૦૦-૦૦ કુલીન કાંતિલાલ મોદી
૧૦૧-૦૦ ભારતી ભૂપેન્દ્ર શાહ

૪૫૨

(તા. ૧૪-૬-૮૫ સુધીમાં મળેલ દાન. ત્યાર બાદ મળેલ દાનની વિગતો આગામી અંકમાં પ્રગટ થશે.)

પ્રતિક્રમણ

(પૃષ્ઠ ૯૩ થી ચાલુ)

જુદી ક્રિયા કરવાની હોતી નથી. દિગમ્બર પરંપરામાં પ્રતિક્રમણ કરતાં સામાયિકની ક્રિયા ઉપર વધુ ભાર મુકાયો છે. કયારેક પ્રતિક્રમણ અને સામાયિક એ બંનેનું લક્ષ્ય લગભગ એકસરખું જણાયાથી તે એકબીજાના પર્યાય જેવા બની રહે છે. એને લીધે દિગમ્બર મુનિઓ નિશ્ચિત સમયે સવિધિ સામાયિકની ક્રિયા પણ કરે છે.

પ્રતિક્રમણ એટલે પાપમાંથી પાછા હઠવું; થયેલા દોષોને માટે ક્ષમા માગવી. 'મિચ્છામિ દુક્કડમ્'ની ભાવના પ્રતિક્રમણનું હાર્દ છે. અશુભ યોગમાંથી ચિત્તને નિવૃત્ત કરવું એટલું જ પર્યાપ્ત નથી. એને શુભ યોગમાં જોડવું પણ જોઇએ. જે માણસો 'મિચ્છામિ દુક્કડમ્' કર્યા પછી ફરી પાછા તેવા જ પ્રકારના દોષો કર્યા કરે તો તેમનું પ્રતિક્રમણ એ માત્ર દ્રવ્ય પ્રતિક્રમણ બને છે. પાપમાંથી પાછા હઠવાનો જરા પણ ભાવ કે પ્રયત્ન ન હોય તેવી રીતે પ્રતિક્રમણ કરનાર માત્ર દ્રવ્ય પ્રતિક્રમણ કરે છે.

'મૂલપદે પડિક્કમણું ભાખ્યું,
પાપતણું અણુકરવું રે;
શકિત ભાવ તણે અભ્યાસે,
તે જસ અર્થે વરવું રે.'

(૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ બીજી, ગાથા ૧૮ મી)

જાગૃત આત્મા માટે ઉત્તમ અથવા આદર્શ પરિસ્થિતિ એ છે કે દોષ નજરમાં આવે કે તત્ક્ષણ તેનું પ્રતિક્રમણ કરી લેવું અર્થાત્ એ દોષનો સ્વીકાર કરી તેને માટે પ્રાયશ્ચિત સહિત ક્ષમા માગી લેવી અને ફરી તેવો દોષ ન થાય તે માટે અર્થાત્ માયાચાર તે આચરે છે. એટલા માટે કહ્યું છે.

મિચ્છામિ દુક્કડં દેઇ પાતિક તે ભાવે જે સેવે રે,
આવશ્યક સાખે તે પરગટ માયામોસો સેવે રે,

સાચા ભાવથી જેઓ પ્રતિક્રમણ કરે છે, તેમનાથી કદાચ અજ્ઞાન કે પ્રમાદના કારણે ફરીવાર પાપ થઇ જાય તો પણ તેઓ ફરીવાર ભાવથી પ્રતિક્રમણ કરે છે એટલે તેમની ક્રિયા તે સમાચાર નથી. પ્રથમ પ્રયાસે જ પ્રત્યેક જીવ સર્વથા પાપરહિત થઇ જાય એવું સામાન્ય રીતે બનતું નથી. એટલે સર્વથા પાપરહિત થવા માટે દ્રવ્ય અને ભાવ એમ ઉભય પ્રકારે પ્રતિક્રમણનો મહાવરો આવશ્યકરૂપ, કર્તવ્યરૂપ મનાયો છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે સકલ્પપૂર્વક ઉદ્યમશીલ અને અપ્રમત્ત રહેવું. એમ મનાય છે કે બીજા તીર્થંકર ભગવાન અજિતનાથના સમયથી તેવીસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ સુધીના સમયમાં અર્થાત્ ચોથા આરામાં જીવો એટલા સરળ અને પ્રાજ્ઞ હતા કે તેઓને પોતાનો દોષ તરત નજરમાં આવી જતો અને તેઓ તત્ક્ષણ ક્ષમાપનાપૂર્વક પ્રત્યક્ષ કે મનોમન પ્રતિક્રમણ કરી લેતા. વિધિપૂર્વકનું જુદું પ્રતિક્રમણ કરવાની તેમને કોઈ આવશ્યકતા રહેતી નહિ. પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવના વખતના માણસો સરળ છતાં જડ હતા અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના સમયમાં માણસો વક્ર અને જડ હતા. એટલે તેઓ બંનેના શાસનકાળમાં વિધિપૂર્વકનું નિશ્ચિત સમય માટે પ્રતિક્રમણ ફરમાવવામાં આવ્યું છે.

પ્રતિક્રમણના મુખ્ય બે પ્રકાર છે : દૈવસિક (દૈવસી) અને રાત્રિક (રાઇ) દિવસ દરમિયાન જે દોષો થયા હોય તે દોષોને માટે દિવસના અંત ભાગમાં પ્રતિક્રમણ કરવું તે દૈવસિક પ્રતિક્રમણ. રાત્રિ દરમિયાન ગમનાગમન, સ્વપ્નાદિક કે અન્ય પ્રકારના જે કંઈ દોષો થયા હોય તે માટે રાત્રિના અંતભાગમાં પ્રતિક્રમણ કરવું તે રાત્રિક પ્રતિક્રમણ. આમ માણસે રોજે રોજ ચોવીસ કલાકમાં બે વખત પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ. દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણ ઉપરાંત પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ એમ પ્રતિક્રમણના બીજા ત્રણ પ્રકારો પણ બતાવ્યા છે. એ ત્રણે પ્રકારો તે વસ્તુત: દૈવસિક અને (રાત્રિક) પ્રતિક્રમણના વિશિષ્ટ, પ્રકારો છે, અનુક્રમે તેમને વધુ મહત્ત્વના ગણવામાં આવ્યા છે. દર પંદર દિવસે કરાતું પ્રતિક્રમણ તે પાક્ષિક (પખ્ખી), દર ચાર માસે કરાતું પ્રતિક્રમણ તે ચાતુર્માસિક (ચોમાસી) અને દર વર્ષે કરાતું પ્રતિક્રમણ તે સાંવત્સરિક (સંવત્સરી, સમઝરી, છમઝરી) પ્રતિક્રમણ કહેવાય છે. રોજ જો દૈવસિક પ્રતિક્રમણ બરાબર કરાતું હોય તો પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એવા જુદા પ્રકાર ગણવાની જરૂર

શી એવો પ્રશ્ન કોઈકને થાય. તેનો ખુલાસો કરતાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે રોજેરોજ ઘર સાફ કરવામાં આવે છે તો પણ પર્વના દિવસે તે ખુણેખાંચરેથી બરાબર સાફ કરવામાં આવે છે. તેવી રીતે રોજનું પ્રતિક્રમણ કરવા છતાં વિસ્મૃતિ, લજ્જા, ભય, મનની મંદતા, પ્રમાદ ઇત્યાદિના કારણે જે અતિચારોની વિશુદ્ધિ કરવાની બાકી રહી ગઈ હોય તે વિશુદ્ધિ પાક્ષિકાદિ મોટા પ્રતિક્રમણ દ્વારા થઈ જાય છે. કહ્યું છે–

जह गेहं पइदिवसंपि सोहियं तहवि पव्वसंधीसु ।
साहिकाई सविसेसं, एव इहयंपि नायव्वं ॥

[જેમ રોજેરોજ ઘર સાફ કરાય છે, તો પણ પર્વને દિવસે તે વિશેષ સાફ કરાય છે તેવી રીતે આ બાબતમાં (પાક્ષિકાદિ પ્રતિક્રમણની બાબતમાં) જાણવું.]

જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી પ્રતિક્રમણના ભિન્નભિન્ન પ્રકારો શાસ્ત્રગ્રંથોમાં દર્શાવવામાં આવ્યા છે. સ્થાનાંગ સૂત્રમાં ૬ પ્રકાર નીચે પ્રમાણે, વિશેષતઃ સાધુસાધ્વીઓ માટે, બતાવવામાં આવ્યા છે:

छव्विहे पडिक्कमणे पण्णत्ते । तं जहा – उच्चारपडिक्कमणे, पासवण पडिक्कमणे, इत्तरिए, आवकहिए, जं किंचि मिच्छा, सोमणंतिए ।

૧ ઉચ્ચાર પ્રતિક્રમણ-મળ વગેરેના વિસર્જન પછી તે સંબંધી તરત ઇર્યાપથિક (ગમનાગમનને લગતું) પ્રતિક્રમણ કરવું.

૨ પ્રસ્રવણ પ્રતિક્રમણ-લઘુશંકાના નિવારણ પછી તે માટે તરત ઇર્યાપથિક પ્રતિક્રમણ કરવું.

૩ ઇત્વર પ્રતિક્રમણ – સ્વલ્પકાલમાં કંઈ પણ ભૂલ કે દોષ થાય તો તે માટે તરત કરાતું પ્રતિક્રમણ

૪ યાવત્કથિત પ્રતિક્રમણ મહાવ્રતોને વિશે જે કંઈ દોષ લાગે. તો તેમાંથી પાછા હઠવાના સંકલ્પપૂર્વક સમગ્ર જીવનને માટે કરાતું પ્રતિક્રમણ.

૫ યત્કિંચિત મિથ્યા પ્રતિક્રમણ કષાયરૂપ પ્રમાદને કારણે કિંચિત્ અસંયમ થઈ જાય તો તે માટે કરાતું પ્રતિક્રમણ.

૬ સ્વાપ્નાંતિક પ્રતિક્રમણ-ખરાબ સ્વપ્નાં આવે, સ્વપ્નમાં વાસના કે વિકારોનો અનુભવ થાય તો તે માટે કરાતું પ્રતિક્રમણ.

પ્રતિક્રમણના નીચે પ્રમાણે પાંચ પ્રકાર પણ બતાવવામાં આવ્યા છે.

(૧) આશ્રવદ્વાર પ્રતિક્રમણ (૨) મિથ્યાત્વ પ્રતિક્રમણ (૩) કષાય પ્રતિક્રમણ (૪) યોગ પ્રતિક્રમણ અને (૫) ભાવ પ્રતિક્રમણ.

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ પણ પ્રતિક્રમણના પ્રકારો દર્શાવવામાં આવ્યા છે.

પ્રતિક્રમણના આ પ્રકારો ઉપરાંત બીજો એક વિશેષ પ્રકાર પણ દર્શાવવામાં આવે છે. અને તે છે 'ઔત્તમાર્થિક પ્રતિક્રમણ' અથવા ઉત્તમાર્થે એટલે કે ઉત્તમ હેતુ માટે કરાતું પ્રતિક્રમણ અનશન કે સંથારા કરવા માટે, પાપની આલોચન કરવા પૂર્વક જે પ્રતિક્રમણ કરાય છે તે ઔત્તમાર્થિક પ્રતિક્રમણ છે. દૈવસિક આદિ પ્રતિક્રમણને 'વ્યાવહારિક પ્રતિક્રમણ' કહેવામાં આવે છે. અને ઔત્તમાર્થિક પ્રતિક્રમણને નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

पडिक्कमणं देसियं राइयं च इत्तरिअमावकहियं वा ।
पक्खिअ चाउम्मासिअ, संवच्छर उत्तमट्ठे अ ॥

ઔત્તમાર્થિક પ્રતિક્રમણ સંલેખના વ્રત ધારણ કરી આહારનો ત્યાગ કરે છે ત્યારે દેહ ઉપરની તેની મમત્વ બુદ્ધિ ચાલી જાય છે; એની આત્મરમણતા વધવા લાગે છે. પોતે માત્ર આત્મસ્વરૂપ છે. તેનું સતત ભાન રહ્યા કરે છે. એ વખતે દેહ અને આત્માની ભિન્નતાનું ભાન કરાવનાર ઔત્તમાર્થિક પ્રતિક્રમણ જીવાત્મા માટે ભેદવિજ્ઞાનનું અનોખું સાધન બની રહે છે.

'પ્રતિક્રમણ' શબ્દના બીજા સાત પર્યાયો દર્શાવતાં કહેવાયું છે.

पडिक्कमणं पडिअरणा, पडिहरणा वारणा निअत्ति अ ।
निंदा गरहा सोही, पडिक्कमणं अट्ठहा होई ॥

(૧) પ્રતિક્રમણ (૨) પ્રતિચરણ (અથવા પ્રતિચરણા) (૩) પ્રતિહરણા (૪) વારણા (૫) નિવૃત્ત (૬) નિંદા (૭) ગર્હા અને (૮) શુદ્ધિ એ આઠ પ્રકારે પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણ માટેના આ આઠ જુદા જુદા પર્યાયવાચક શબ્દો છે, પરંતુ તે દરેકમાં કોઈક એક તત્ત્વ કે ભાવ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. એ બધાને ક્રમાનુસાર જો સાથે લેવામાં આવે તો પણ પ્રતિક્રમણની ક્રિયા માટે ઇષ્ટ એવા બધાં તત્ત્વોનો તેમાં સુલભ સમન્વય થયેલો જણાશે. પ્રતિક્રમણથી શુદ્ધિ સુધીનો ક્રમ પણ તેમાં રહેલો છે. જયચંદ્રગણિએ 'હેતુગર્ભ પ્રતિક્રમણ-ક્રમવિધિ' નામના પોતાના ગ્રન્થમાં એ દરેકને સમજાવતી જુદી જુદી નાનકડી દૃષ્ટાંત કથા પણ આપી છે.

પ્રતિક્રમણને ભૂતકાળ સાથે સંબંધ છે. ભૂતકાળમાં જે કંઈ દોષ થયા હોય તેને માટે ક્ષમા માગવી તેને 'પ્રતિક્રમણ' કહે છે. વર્તમાન સમયમાં થતા દોષોને અપ્રમત્તભાવે અટકાવવા તેને 'સંવર' કહે છે. ભવિષ્યમાં પોતાનાથી કંઈ પાપ ન થાય તે માટે પ્રતિજ્ઞા લેવી તેને 'પચ્ચક્ખાણ' કહે છે. ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ માટે આમ ત્રણ જુદા જુદા પારિભાષિક શબ્દો જૈનધર્મમાં વપરાયા છે. તેમ છતાં શાસ્ત્રકારો ત્રણે કાળને આશ્રીને 'પ્રતિક્રમણ' શબ્દનો વિશિષ્ટ અર્થ ઘટાવે છે.

કોઈ કોઈ કક્ષાના મનુષ્યથી કોઈ કોઈ બાબતમાં શિથિલાચાર થવાનો સંભવ છે તેનો પરામર્શ કરી વ્રત, આચાર ઇત્યાદિની બાબતમાં જૈન ધર્મમાં સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે.

સાધુ–સાધ્વીઓને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોને વિષે લાગેલા દોષોને માટે પ્રતિક્રમણ કરવાનું હોય છે. ગૃહસ્થો એ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત એમ બાર વ્રતોને વિશે જે કંઈ અતિચાર થયા હોય તેને માટે પ્રતિક્રમણ કરવાનું હોય છે.

સાધુ–સાધ્વી–શ્રાવક અને શ્રાવિકાએ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પંચાચારના પાલનની બાબતમાં જે કંઈ દોષ લાગ્યો હોય તેને માટે પ્રતિક્રમણ કરવાનું હોય છે. તદુપરાંત, પાંચ વ્રત, પાંચ આચાર, પચીસ પ્રકારનાં મિથ્યાત્વની બાબતના દોષો સહિત અઢાર પાપસ્થાનક માટે પ્રતિક્રમણ કરવાનું હોય છે.

સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા સંલેખના વ્રત ધારણ કરે તો તેના પાંચ અતિચારો વિષે પ્રતિક્રમણ કરવાનું હોય છે. પ્રત્યેક દિવસના પ્રતિક્રમણમાં અતિચારોના નામ પ્રકારોના પઠન પછી તેની ક્ષમા માગવાની હોય છે. (અલબત્ત એ અતિચારોમાંના કેટલાક આજે કાલગ્રસ્ત બન્યા છે અને કેટલાક નવા અતિચારો થવા લાગ્યા છે.)

પ્રતિક્રમણનાં મોટા ભાગનાં સૂત્રો અર્ધમાગધી ભાષામાં છે. નવકાર મંત્ર, લોગસ્સ, ઇરિયાવહી, નમુત્થુણં, ઉવસગ્ગહર ઇત્યાદિ અર્ધમાગધી સૂત્રો પરાપૂર્વથી ચીલ્યાં આવે છે. કેટલાક એવો મત દર્શાવે છે કે આવાં સૂત્રોની ભાષા સમજાતી નથી, માટે તેને અર્વાચીન ભાષામાં મૂકવાં જોઈએ. એથી યુવાન વર્ગ પણ પ્રતિક્રમણ તરફ આકર્ષાય અને પોતે શી ક્રિયા કરે છે તેનો સૌને સમજ પડે, કારણ કે સમજ પડે તો ભાવ વધે. આને એક અપેક્ષાએ

આ વાત સાચી છે. પરંતુ બીજી અપેક્ષાએ જોઇએ તો આ સૂત્રોને લીધે જ પંજાબ, રાજસ્થાન, ઉત્તર ભારત, કચ્છ, ગુજરાત કે દક્ષિણ ભારતમાં વસતા કે યુરોપ અમેરિકા કે જાપાનમાં વસતા જૈનોની પ્રતિક્રમણ વિધિમાં સરખાપણું રહ્યું છે અને એથી સંઘની એકતા પણ જળવાઈ છે. વળી આ સૂત્રો ગણધરો કે મહર્ષિ જેવા પૂર્વાચાર્યોએ રચેલાં છે. એમની આર્ષ વાણીમાં મંત્રશક્તિ રહેલી છે. કેટલાંક સૂત્રોનું તો અઢી હજાર વર્ષથી સતત ઉચ્ચારણ થતું આવ્યું છે. એ સૂત્રના શ્રદ્ધાપૂર્વક પઠનથી અનેરો ઉલ્લાસ અનુભવાય છે. એની સ્વાનુભવ પ્રતીતિ અનેકને થયેલી છે. એ સૂત્રોને પોતાની અર્વાચીન ભાષામાં ઉતારવાથી મૂળ કર્તાનો ભાવ કેટલો આવશે તો શંકાસ્પદ છે. વળી સમયે સમયે નવેસરથી અનુવાદ કરવા પડશે. એટલે સૂત્રોનો અર્વાચીન ભાષામાં અનુવાદ કરીને ઉચ્ચારવા કરતાં સૂત્રને મૂળ સ્વરૂપે ઉચ્ચારવાં એજ વધુ હિતાવહ છે. અનુભવીઓ એમ કહે છે કે અર્થ ન જાણવા છતાં પણ જેઓ કંઠસ્થ કરીને એ સૂત્રોને શ્રદ્ધા અને વિધિપૂર્વક ઉચ્ચારે છે. તેનામાં અનેરો ઉલ્લાસ પ્રગટે છે. તેના કષાયો મંદ થાય છે. તેનો આત્મા નિર્મળ થાય છે. સમય જતાં સૂત્રોના અર્થ સમજવાની જિજ્ઞાસા પણ તેનામાં જન્મે છે. આ શ્રદ્ધા અને સ્વાનુભવનો જેટલો વિષય છે, તેટલો તર્ક કે વ્યવહારનો નથી, અને એટલા માટે જ હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી જેવા મહાન જ્ઞાની આત્માઓએ પણ પોતાના સમયમાં આ સૂત્રોને પોતાની ભાષામાં ફેરવવાનું વિચાર્યું નથી. અર્થ ન જાણતાં છતાં યહુદીઓ પોતાની પ્રાર્થના હિબ્રુ ભાષામાં કરે છે; મુસલમાનો અરબીમાં, પારસીઓ અવેસ્તામાં, ચીન, જાપાન, કોરિયા વગેરે દેશના બૌદ્ધધર્મીઓ પાલિ ભાષામાં પોતાની પ્રાર્થના કરે છે. અનેક સૈકાઓથી આવી પરંપરા જગતના તમામ ધર્મોમાં જોવા મળે છે. એનું કારણ એ છે કે જેઓ સાચા ધર્મોભિમુખ છે, અંતરથી ધર્મ તરફ વળેલા છે તેઓને પ્રાચીન ભાષા ક્યારેય અંતરાય રૂપ થઈ નથી, બલ્કે એ ભાષા તરફ તેમના અનુરાગ વધે છે. એટલે પ્રતિક્રમણના સૂત્રોને ગુજરાતી, કચ્છી, રાજસ્થાની, હિન્દી, પંજાબી, કન્નડ, તમિળ, બંગલા-અંગ્રેજી, જર્મન કે જાપાની ભાષામાં ઉતારીને એ પ્રમાણે પ્રતિક્રમણ કરવા કરતાં જરા સરખો પુરુષાર્થ કરીને, અર્થ સમજીને, ગણધરો અને પૂર્વાચાર્યોની ભાષાને પોતાની બનાવવી એમાં વધુ શ્રેય રહેલું છે. વ્યવહાર અને તર્કથી કદાચ આ વાત તરત પ્રતીત નહિ થાય, પરંતુ શ્રદ્ધા અને ભાવ મુકત સ્વાનુભવ જેને થયો હશે તેને આ વાતની પ્રતીતિ અવશ્ય થઇ હશે.

પ્રતિક્રમણની મૂલભૂત ભાવના યુકત પરંપરા જૈનોના તમામ ફિરકાઓમાં અદ્યાપિ પર્યંત જળવાઈ રહી છે, તો પણ તેની ક્રિયાવિધિમાં થોડાક ફેરફારો થયેલા છે, કારણ કે કોઇ પણ સમાચારી સર્વકાલ અને સર્વ સ્થળ વિશે એકસરખી ભાગ્યે જ સમય ટકે નહિ.

શ્વેતાંબર અને દિગમ્બર પરંપરાની ક્રિયાવિધિમાં ફરક છે. શ્વેતામ્બરમાં પણ મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને તેરાપંથીના પ્રતિક્રમણમાં પણ કેટલાંક ફેરફારો થયેલા છે. મૂર્તિપૂજકમાં પણ તપગચ્છ, ખરતરગચ્છ, અચલગચ્છ, પાર્શ્વચંદ્રગચ્છની પ્રતિક્રમણની વિધિમાં પણ થોડો થોડો ફેર છે. સમયે સમયે આવા થોડાં ફેરફારો તો થતા રહ્યા છે અને થતા રહેવાના. તેમ છતાં પ્રતિક્રમણના મૂળભૂત ઉદ્દેશ અને મહત્વની ક્રિયા વિશે જ્યાં સુધી એકતા છે ત્યાં સુધી પ્રતિક્રમણની પરંપરા ચાલ્યા કરશે.

દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણ કરતાં પાક્ષિક ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં વધારે પુરુષાર્થની અપેક્ષા હોવાથી તેમાં કેટલાંક સૂત્રો અને મોટા કાઉસગ્ગનું વિધાન દર્શાવવામાં આવ્યું છે. પાક્ષિકમાં બાર લોગ્ગસ્સ, ચાતુર્માસિકમાં ૨૦ લોગ્ગસ્સ અને સાંવત્સરિકમાં નવકારસહિત ૪૦ લોગ્ગસ્સનો કાઉસગ્ગ કરવાનું ફરમાવવામાં આવ્યું છે. દિગમ્બર પરંપરામાં શ્વાસોચ્છવાસ પ્રમાણ નવકારમંત્રનો કાઉસગ્ગ કરાય છે. દિગમ્બરોમાં દૈવસિક પ્રતિક્રમણમાં ૧૦૮ શ્વાસોશ્વાસ પ્રમાણ, રાત્રિકમાં ૫૪ શ્વાસોશ્વાસ પ્રમાણ, પાક્ષિકમાં ૩૦૦, ચાતુર્માસિકમાં ૪૦૦ અને સાંવત્સરિકમાં ૫૦૦ શ્વાસોશ્વાસ પ્રમાણ નવકાર મંત્રનો કાઉસગ્ગ હોય છે. ગચ્છ અને ફિરકાના ભેદે લોગ્ગસ્સ કે નવકારની સંખ્યામાં કેટલાક ફેરફારો થયેલા છે.

પ્રતિક્રમણ એ જૈનોની ધાર્મિક ક્રિયા છે પર્યુષણ પર્વ આવે એટલે પ્રતિક્રમણની ક્રિયા કરનારાઓની સંખ્યા વધે. સંવત્સરીને દિવસે સાંજે અને જૈન લોકો પોતપોતાના સમુદાયમાં એકત્ર થઇ પ્રતિક્રમણ કરી પરસ્પર ક્ષમાપાનના કરે છે, પોતાનાથી જાણતાં કે અજાણતાં થયેલા દ્વેષોને માટે સંઘની સાક્ષીએ ક્ષમા માગે છે. અને બીજાના જે કંઇ દ્વેષ પોતાના પ્રતિ થયા હોય તેના માટે ક્ષમા આપે છે. લાખો જૈન લોકોની લગભગ એક જ સમયે થતી આ શુદ્ધિકરણની ક્રિયામાં જબરું બળ રહેલું છે. કેટલાય લોકો બધી ય ક્રિયાનો અર્થ ન જાણતાં હોવા છતાં માત્ર દેખાદેખીથી, લજ્જા કે સંકોચથી અથવા ગતાનુગતિક રૂઢ શ્રદ્ધાથી આ ક્રિયા કરતાં હશે તો પણ વિશાળ સમૂહમાં, ગુરુ અને સંઘની સાક્ષીએ શુદ્ધિકરણ માટે થતી આ ક્રિયાનો પ્રભાવ સમુદાયિક ચેતના ઉપર ઘણો મોટો પડે છે. એના ધાર્મિક કે આધ્યાત્મિક મૂલ્યની સાથે સામાજિક દૃષ્ટિએ પણ એનું મૂલ્ય ઘણું મોટું છે. કેટલાક દલીલ કરે છે કે ખરી જરૂર તો હૃદય પરિવર્તનની છે, અને તે તો માણસ ઘરે બેઠાં એકલો સારી રીતે કરી શકે તેમ છે. એ માટે આ બધી દ્રવ્ય ક્રિયા કરવાની, દેખાડો કરવાની કોઇ આવશ્યકતા નથી. આવી દ્રવ્ય ક્રિયા કરનારાઓની, ટીકા, નિંદા, કે હાંસી કરનારો અમુક નિંદક-સમીક્ષક વર્ગ હંમેશાં રહેવાનો, પરંતુ જેમણે એકવાર પણ સમજણપૂર્વક અર્થ ભાવ સહિત આવી ક્રિયા કરી હશે તેઓ પછીથી એ ક્રિયાના ટીકાકાર રહેતા નથી.

શાસ્ત્રકારે કહ્યું છે;

अविहिकयं वरमकयं, उस्सुत्तवयणं वयंति सव्वण्णु ।
यायच्छित्तं जम्हा, अकए गुरुअं कए लहुअं ॥

અવિધિએ કરવા કરતાં નહિ કરવું એ શ્રેષ્ઠ, એ વચનને સર્વજ્ઞો ઉત્સૂત્ર વચન કહે છે; કારણ કે નહિ કરનારને ગુરુ (મોટું) પ્રાયશ્ચિત અને અવિધિએ કરનારને લઘુ (નાનું) પ્રાયશ્ચિત છે.

આમ પ્રતિક્રમણ એ જૈન આચારધર્મનો પાયો છે. આત્માની નિર્મળતા માટેનું અમોઘ સાધન છે. ચારિત્ર ધર્મના પ્રાણ તરીકે તેની ગણના થાય છે. દિવસ કે રાત્રિ દરમિયાન પોતાનાથી કંઇ પણ દ્વેષ ન થયેલો હોય તો પણ વિધિપૂર્વક પ્રતિક્રમણ કરવું એ આવશ્યક કર્તવ્ય મનાયું છે. રોગ હોય તો તેનું નિવારણ કરે અને ન હોય તો શરીરને બળ આપે એવા પ્રકારના ઔષધ તરીકે પ્રતિક્રમણને ગણાવ્યું છે. ભગવાન મહાવીરના સમયથી ચાલી આવેલી આ પ્રતિક્રમણ વિધિએ અનેક જીવાત્માઓ ઉપર અનંત ઉપકાર કર્યો છે. ભાવ પ્રતિક્રમણ તો બે ચાર મિનિટમાં પ્રકટ થઇ શકે છે, પરંતુ દ્રવ્ય પ્રતિક્રમણ એ, એક પ્રકારની યોગક્રિયા યુકત સાધના છે. એના સતત અભ્યાસ વગર ભાવ પ્રતિક્રમણમાં સ્થિર રહેવું ઘણું કઠિન છે.

એટલે જ આત્માર્થીઓ માટે ભાવયુકત દ્રવ્ય પ્રતિક્રમણ અનિવાર્ય મનાયું છે.

-રમણલાલ ચી. શાહ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. રે. નં. ૬૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૧૦-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

જીવ છોડાવવાની પ્રવૃત્તિ

પર્યુષણ પર્વ આવે એટલે જૈનોની અહિંસાની ભાવના પણ સતેજ થવા લાગે. પર્યુષણ પર્વનાં જે વિવિધ કર્તવ્યો પૂર્વાચાર્યોએ દર્શાવ્યાં છે તેમાંનું એક મહત્વનું કર્તવ્ય તે અમારિ પ્રવર્તનનું–જીવોને અભયદાન આપવાનું છે. આ પર્વાધિરાજ દરમિયાન વ્રત, તપ, જપ, પૌષધ, પ્રતિક્રમણ ઇત્યાદિ ક્રિયાઓ તો ઉલ્લાસપૂર્વક યથાશક્તિ ચાલતી હોય છે, પરંતુ જીવ છોડાવવાની પ્રવૃત્તિ પણ આ દિવસોમાં વેગથી ચાલવા લાગે છે. દયાનો અંશ સાચા જૈનના હૃદયમાં કુદરતી રીતે જ રહેલો હોય છે. બીજા જીવોને કષ્ટ ન પડે કે તેમની હત્યા કે હિંસા ન થાય તે માટે તેઓ જાગ્રત રહે છે અને તેને લગતી પ્રવૃત્તિમાં જોડાય છે.

પર્યુષણ પર્વ ઉપરાંત અન્ય પર્વના દિવસોએ અથવા સામૂહિક પૂજનના પ્રસંગે અનેક સ્થળે જીવદયાની ટીપ થાય છે અને કેટલાય લોકો તેમાં પોતાનો યથાશક્તિ ફાળો નોંધાવે છે. આ એક આવકારદાયક અને પ્રશસ્ય પ્રવૃત્તિ છે. પરંતુ એ રીતે એકત્ર થયેલી રકમ યોગ્ય અને વ્યવસ્થિત રીતે વપરાય તે જોવું પણ આવશ્યક છે.

જે લોકો દયા ભાવથી પ્રેરાઇને ગાયો, ઘેટાં, બકરા, વાંદરા, કૂતરાં, પોપટ, કબૂતર, વગેરે જીવોને બચાવવા માટે પ્રવૃત્તિ કરે છે, તેઓ દુઃખી માણસો માટે દયા પ્રેરિત પ્રવૃત્તિઓ પણ કરતા હોય છે, કરવી જોઇએ. જેઓ માનવ સાથેના વ્યવહારમાં નિર્દય કે નિષ્ઠુર હોય અને પ્રાણીઓ માટે અનુકંપાની પ્રવૃત્તિ કરે તો તે એક પ્રકારનો દંભ છે; વિસંવાદ છે; ધર્મની વિડંબના છે. કયારેક તેઓનું માત્ર અજ્ઞાન હોય છે. એટલા માટે તેઓને સાચી સમજણ સાંપડે એવો અભિગમ અપનાવવો જોઇએ. તેઓની પ્રાણી-દયાની પ્રવૃત્તિ અટકાવી દેવાથી તો મનુષ્ય અને પ્રાણીઓ બંને માટેની પ્રવૃત્તિ અટકી જશે. તેમની પ્રવૃત્તિ બંને માટે વિસ્તરે એ આપણું લક્ષ હોવું જોઇએ.

જીવદયાની રકમમાંથી જીવોને છોડાવવાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ આ પ્રવૃત્તિનું પણ મૂળગામી અવલોકન થવું જરૂરી છે. કેટલાક ધંધાદારી માણસો જૈનોના પર્વ અને પ્રવૃત્તિઓને બરાબર જાણી લઇ પર્યુષણ કે અન્ય પર્વ આવતાં પહેલાં જીવોને પકડવાની પ્રવૃત્તિ કરે છે.

પર્યુષણ પર્વ દરમિયાન મુંબઇ અને અન્ય શહેરોમાં કેટલાક લોકો મંદિર, ઉપાશ્રય કે સ્થાનક પાસે પાંજરામાં પોપટ, કબૂતર કે એવાં બીજા ઘણાં પક્ષીઓ લઇને ઊભા હોય છે, જીવ છોડાવનાર વ્યકિત તેને એક કે વધારે પક્ષીની કિંમત ચૂકવી પાંજરામાંથી તે પક્ષીને મુકત કરાવે છે. આ રીતે એક જીવને બંધનમાંથી છોડાવ્યાનો દયાળુ, શ્રદ્ધાળુ જૈન આનંદ અનુભવે છે, પરંતુ પાંજરામાંથી ઊડી ગયા પછી એ પક્ષીની શી દશા થાય છે તે જાણવાની તેને બહુ દરકાર રહેતી નથી. સામાન્ય રીતે આવા પક્ષીઓ પકડનારે એની પાંખો થોડી કાપી નાખેલી હોવાથી કે પગમાં ઝીણા તાર બાંધેલા હોવાથી ઝાઝું ઊડી શકતાં નથી. એને લીધે બિલાડી કે અન્ય પ્રાણીઓ એનો ઝડપથી શિકાર કરી લે છે. પક્ષી પણ એકલું છૂટું પડેલું હોવાથી અજાણ્યા શહેરી વાતાવરણમાં ઘણું હિજરાય છે; એથી લાંબુ જીવી શકતું નથી. કેટલીકવાર તો ધંધો કરનાર પોતે જ એ પક્ષીને પાછું પકડી લે છે. જેમ જેમ જીવ છોડાવવાની પ્રવૃત્તિ વધતી જાય છે તેમ ધંધાદારી માણસો દ્વારા જીવ પકડવાની પ્રવૃત્તિ વધતી જાય છે. એટલે હકીકતમાં તો જીવ છોડાવવા માટે વપરાયેલા પૈસા જીવ પકડવા માટે જ વપરાય છે. દયાને નિમિત્તે નિર્દયતા માટે પૈસા વપરાય છે. જો પક્ષીઓને પકડનાર ધંધાદારી માણસોને પૈસા આપી છોડાવવાની પ્રવૃત્તિ બંધ થાય તો તેને પકડવાની પ્રવૃત્તિ બંધ થાય. આ પ્રશ્નને જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી તપાસવાની તથા અન્ય ઉપાયો વિચારવાની જરૂર છે.

કેટલાક માણસો કતલખાનેથી ગાય, બળદ કે ઘેટાં, બકરાં છોડાવી લાવે છે, પછી એને ગમે ત્યાં છૂટાં, રખડતાં મૂકી દે છે. છોડાવનારની પોતાની પાસે કંઇ વ્યવસ્થા હોતી નથી. એને તો પૈસા આપીને જીવ છોડાવ્યાનો આનંદ હોય છે. પરંતુ છોડાવેલાં પ્રાણીઓ કેટલીકવાર ફરી પાછા કસાઇના હાથમાં જ જતાં હોય છે. વળી જેમ ગાય, બળદ વગેરે પ્રાણીઓ છોડાવાની પ્રવૃત્તિઓ વધે છે તેમ તેને પકડવાની પ્રવૃત્તિ પણ વધે છે. એટલે જીવ છોડાવ્યાનો તાત્કાલિક આનંદ હોય છે, પરંતુ એથી પોષણ તો મળે છે જીવ પકડવાની પ્રવૃત્તિને.

જીવ છોડવાની પ્રવૃત્તિ ઉત્તમ છે, અનુમોદનીય છે, પરંતુ તેમાં વિવેક કે ઉપયોગ રાખવાની આવશ્યકતા છે. એથી પ્રવૃ

સ્તિઓ માટે પ્રેરણા કરનારાઓએ પણ એના વાસ્તવિક, દૂરગામી પરિણામોને વધુ વિચાર અને ઊંડો અભ્યાસ કરવાની જરૂર છે.

જીવને છોડાવ્યા પછી પાળવાની ત્રેવડ ન હોય તો એ પ્રવૃત્તિ મિથ્યા સંતોષ આપવાની નીવડવાનો સંભવ છે. ગામેગામ પાંજરાપોળો હોય છે. એ પાંજરાપોળોમાં જૈનોનું યોગદાન મોટું હોય છે જીવદયાની ઘણી સારી પ્રવૃત્તિ આ પાંજરાપોળો દ્વારા સૈકાઓથી થતી આવી છે. જે પાંજરાપોળોનો વહીવટ વ્યવસ્થિત હોય છે એવી પાંજરાપોળોને જીવદયાની રકમ આપવાથી જીવદયાની પ્રવૃત્તિને વધુ પોષણ મળી શકે. પાંજરાપોળોની પ્રવૃત્તિ વિષે પણ આધારભૂત માહિતી મેળવવી આવશ્યક છે. કેટલીક પાંજરાપોળો તો રસીદબૂકમાં માત્ર નામ છાપવા પૂરતી જ હોય છે. ખરેખર તેનું અસ્તિત્વ હોતું નથી. દયાળુ જૈનો પાસેથી પૈસા લખાવી હજમ કરી જવા માટે કેટલાક લેભાગુ માણસો રસીદબુક છપાવીને ટીપ કરવા નીકળે છે. એટલે આ બાબતમાં જેમને પોતાના નાણાંનો સદ્વ્યય કરવો છે તેમને માટે પૂરી ચકાસણીની આવશ્યકતા રહે છે. કેટલાંક ગામોની પાંજરાપોળોની પ્રવૃત્તિ મોટા પાયા ઉપર નિષ્ઠાપૂર્વક ચાલે છે. પશુ-પંખીઓની સંખ્યા પણ ત્યાં મોટી હોય છે. એવી પાંજરાપોળોનું કામકાજ પ્રસંશાપાત્ર હોય છે. એના કાર્યકર્તાઓ પ્રામાણિક, ઉદારદિલ, સેવાભાવી અને મહાજનની પરંપરાને શોભાવે એવા હોય છે.

જીવદયાની પ્રવૃત્તિ જૈનો દ્વારા ગામેગામ એટલા મોટા પાયા પર થાય છે કે એમાં ઉપર દર્શાવી તેવી કેટલીક ત્રુટિઓ રહેવાની. એ ત્રુટિઓને કરણે જીવદયાની પ્રવૃત્તિને અટકાવવાની જરૂર નથી, બલ્કે તેને વધુ વ્યવસ્થિત અને વધુ ફળદાયી બનાવવાની જરૂર છે. કેવળ ગતાનુગતિકતાથી જેઓ આ પ્રવૃત્તિમાં પૈસા આપી દે છે તેઓ પોતાના પૈસા સદુપયોગ માટે વપરાય છે કે સરવાળે એનો દુરપયોગ થાય છે તે બાબતમાં સચિંત બને એ જ માત્ર આશય છે.

જેઓ દયાભાવથી પ્રેરાઇને જીવ છોડાવવાની પ્રવૃત્તિ આદરે છે તેઓએ પોતાનાં ખાનપાન કે પહેરવેશને નિમિત્તે થતી જીવહિંસાનો વિચાર પણ કરવો જોઇએ. જેમ વિજ્ઞાન વિકસતું જાય છે તેમ મોટી સંખ્યામાં જીવોની કતલ માટેનાં કારખાનાં સ્થપાય છે. તેમાં જોડાઇ પોતે કમાણી ન કરવી એ પણ આવા દયાળુ-શ્રદ્ધાળુ જૈનનું કર્તવ્ય બની રહે છે. પરિસ્થતિ એટલી વિષમ બનતી જાય છે કે વ્યકિત લાચાર બની જાય છે. તો પણ માણસે અપ્રમત્ત ભાવે પોતાની જાતને સાચવી લેવા પ્રવૃત્ત થવું જોઇએ.

-રમણલાલ ચી. શાહ

કીર્તન

● પ્રા. અરુણ જોશી

ઇશ્વરને પ્રાપ્ત કરવા માટે જ્ઞાનયોગ કે કર્મયોગનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ ભક્તિયોગનું પણ છે. ઇશ્વરની ભક્તિ અનેક રીતે થાય છે. ભક્તિનું મહત્ત્વ છેક ઋગ્વેદના સમયથી આપણે ત્યાં અંકાયું છે. महस्ते विष्णो सुमतिं भजामहे અર્થાત્ હે વિષ્ણુ, અમે બધા પરમારાધ્ય એવી આપની ભક્તિ કરીએ છીએ. જેવી પંક્તિઓ ભક્તનો પ્રભુ પ્રત્યેનો પૂજ્ય ભાવ પ્રકટ કરે છે. શ્વેતાશ્વતર ઉપનિષદ, યોગદર્શન, રામાયણ, મહાભારત તથા ભાગવત જેવા ગ્રંથોમાં ભક્તિના ઉન્મેષો જોવા મળે છે. શ્રી અરવિન્દ રચિત 'સાવિત્રી' નામના મહાકાવ્યમાં પણ ભગવતી દિવ્યશકિત પ્રત્યેનો ભકિતભાવ વ્યકત થયેલો છે.

ઇશ્વરનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, પૂજન, વંદન, દાસત્વ, મૈત્રી અને આત્મસમર્પણ કરવાથી એટલે કે નવધા ભક્તિ કરવાથી ઇશ્વરને પ્રાપ્ત કરી શકાય છે. આ બધા પ્રકારોમાં કીર્તનને કલિયુગમાં ખૂબ જ પ્રાધાન્ય પ્રાપ્ત થયેલું છે. સતયુગમાં ધ્યાન, ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં પરિચર્યાને જેટલું મહત્ત્વ અપાતું તેટલું જ મહત્ત્વ આજે કીર્તનને પ્રાપ્ત થયેલું છે.કહેવામાં આવ્યું છે કે मुहूर्तमपि यः कीर्तेत् सः अपि सिद्धिम् अवाप्नोति ભકતને માટે કીર્તનનો આનંદ એક અદ્‌ભુત ચીજ છે. આ આનંદ અન્ય સર્વ આનંદો કરતાં સર્વાનિશાચી ગણાયો છે. લૌકિક લાગણીઓ અને વૃત્તિઓને પ્રભુ તરફ વાળવી હોય તો કીર્તન એ એક સરળ માર્ગ છે.

પુષ્ટિમાર્ગમાં કીર્તનને પાંચમો વેદ કહેવામાં આવેલ છે. વેદ અને ભાગવતમાં જે બાબત અસ્પષ્ટ રહી તે બધી બાબતો કીર્તનોમાં વ્યકત થઇ અને પ્રભુનાં ગુણગાનથી જ અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે એવી અનુભૂતિ થઇ. આત્મનિષ્ઠ શુકદેવજીને પણ જે સુખ ન મળ્યું તે કીર્તનોના ગાન અને શ્રવણથી પ્રાપ્ત થાય છે. અને પરિણામે આપણું હૃદય શુદ્ધ બને છે એમ પુષ્ટિમાર્ગી ભકતો દૃઢ રીતે માને છે.

પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલીમાં આ કારણે કીર્તનને ખૂબ જ અગત્યનું સ્થાન મળ્યું છે. સામાન્ય રીતે તો પ્રભુનામનું સંકીર્તન એ જ કીર્તન કહેવાય પરંતુ; પુષ્ટિમાર્ગમાં અષ્ટછાપ કવિઓની વાણી માટે જ કીર્તન શબ્દનો પ્રયોગ થાય છે. એ અષ્ટછાપ કવિઓમાં શ્રી વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીના વૈષ્ણવો સુરદાસજી, પરમાનંદદાસ ગોવિન્દ સ્વામી વગેરેનો સમાવેશ થાય છે. આ કવિઓએ રચેલાં કીર્તનો એટલાં આદરણીય બનેલાં છે કે તેમના સિવાય પુષ્ટિમાર્ગીય સેવાક્રમ અપૂર્ણ મનાયો છે. આ કીર્તનો જ્યારે સંગીતના સુંદર લય અને તાલનું સામંજસ્ય પ્રાપ્ત કરે છે ત્યારે અવર્ણનીય માધુર્ય પ્રાપ્ત કરે છે અને વાતાવરણને દીવ્યતા અર્પે છે, આ કીર્તનો હવેલીસંગીતના નામે પ્રસિદ્ધ છે.

કીર્તનના આનંદનો અનુભવ કરાવનાર ભકતોમાં ચૈતન્ય મહાપ્રભુ અથવા ગૌરાંગ પ્રભુનો ફાળો અનન્ય છે, તેમણે રચેલાં કીર્તનો ખૂબ જ ભાવપ્રધાન છે અને સંગીતના સાજ સાથે જ્યારે ગવાય છે ત્યારે આનંદની હેલીનો પ્રાદુર્ભાવ થાય છે. પ્રભુ નામના સંકીર્તન અને વાજિંત્રોના નાદથી પ્રાણની ઉત્કટતા શરીરમાં વ્યાપી જાય છે અને ભકત તે ઉત્કટતાને શરીરમાં સમાવી શકતો નથી, એટલો બધો આનંદવિભોર બની જાય છે કે આસપાસના વાતાવરણને સમગ્ર રીતે વિસ્મરી જઇને નાચી ઊઠે છે. આવી આંગિક ભાવભંગિમા વ્યકત કરતા હરે કૃષ્ણ સંપ્રદાયના ભકતો પ્રભાત ફેરી પ્રસંગે જોવા મળે છે.

આવા કીર્તનાનંદને રામકૃષ્ણ પરમહંસે માણ્યો છે, મીરાંએ પ્રમાણ્યો છે અને નરસિંહ મહેતાએ અનુભવ્યો છે.

કીર્તનનો આનંદ સ્થળ અને કાળને ભુલાવી દે છે. સ્વર્ગસ્થ શ્રી કરસનદાસ માણેકનાં કીર્તનો જેમણે સાંભળ્યાં હોય તેઓ આ વાતને અનુમોદન આપશે.

આવાં કીર્તનોમાંથી પ્રાપ્ત થતો આનંદ ભકતને પ્રભુ સમીપ પહોંચવામાં ખૂબ જ સહાયરૂપ થાય છે.

વીતેલાં વર્ષો

❖ ચી. ના. પટેલ

(ગતાંકથી ચાલુ)

અમારાં લગ્નને મેં ક્જોડું કહ્યું છે, પણ મને લાગે છે કે શરૂઆતથી જ અમારા હૃદયમાં એકબીજા માટે પ્રેમનાં ઝરણ ફૂટયાં હતાં, અને વર્ષો સુધી અમે ઝઘડતાં રહ્યાં અને હજુ ય ક્યારેક અકળાઇએ છીએ પણ એ ઝરણ વહેતાં રહ્યાં છે અને ઊંડા ને નિર્મળ બન્યાં છે. અમારો પ્રેમ વાણી દ્વારા પ્રગટ નથી થયો-પટેલ હૃદયનો પ્રેમ ભાગ્યે જ એ રીતે પ્રગટ થાય છે. મારે પક્ષે પ્રેમ પત્નીના શરીરની કાળજી રાખવામાં પ્રગટ થયો છે. અને પત્નીનો પ્રેમ મારા પટેલ સ્વભાવની રુક્ષતા સહતાં સહતાં પણ હૃદયની લેશમાત્ર કડવાશ વિના સહન કરી લેવામાં થયો છે. પટેલની પત્નીનું શરીર બગડે ત્યારે સામાન્ય રીતે પટેલ પતિને બહુ ચિંતા નહોતી નથી (હવે એ સંસ્કાર બદલાયા છે), પણ મને હું માંદો પડતો તે કરતાંય પત્ની માંદા પડતાં ત્યારે વધુ ચિંતા થતી અને હજુ થાય છે. તેમાં કદાચ તે માંદા પડે એટલે ઘરકામ અટકી પડે અને મને અગવડ પડે એવા ભયની સ્વાર્થદૃષ્ટિ જોઇ શકાય પણ હું માનું છું કે મારી ચિંતા હૃદયની રહી છે. એનું એક ઉદાહરણ આપીશ. અમારા બીજા બાળકને લિવર વધવાનો રોગ થયો હતો અને તે ખૂબ સહતો. સંયુક્ત કુટુંબમાં આખો દિવસ કામથી થાકી પત્ની રાત્રે ઊંઘતા હોય ત્યારે તે રડવા ચહે. –એ વર્ષે હું એમ.એ. ની પરીક્ષા માટે વાંચતો એટલે મને રામયની ખેંચ રહેતી. પણ હું એ પુત્રને શાંત રાખવા રાત્રે બેત્રણ કલાક ખભા ઉપર તેડીને ફરતો અને સુવાડી દેતો, અને એમ પત્નીને આરામથી ઊંઘવા દેતો.

પત્નીનું શરીર સારું હોવાથી તેઓ બહુ વાર માંદા નથી પડયાં, પણ જ્યારે પડયાં છે ત્યારે સામાન્ય રીતે જૂના સંસ્કારના પટેલ પતિ કરતા તેમ મેં તેમને પિયેર મોકલવાને કે જવા દેવાને બદલે મારી સાથે રાખી મારી દેખરેખ નીચે ડોકટરની દવા કરાવવાનો આગ્રહ રાખ્યો છે અને એ જેમ બને તેમ જલદી સારાં થઇ જાય એની ચિંતા કરી છે. એક પ્રસંગે એમના શરીરની ચિંતાએ હું કેવો અસ્વસ્થ થઇ ગયો હતો તે આજેય હું યાદ કરી શકું છું. ૧૯૪૫ની સાલના માર્ચ માસમાં પત્નીને મલેરિયા થયો હતો અને મટતો નહોતો. તાવ ઊતરી જાય ને આઠ દશ દિવસે ફરી આવે એવા બે ત્રણ ઊથલા પછી દવા કરનાર ડોકટરે કોઇ મોટા ડોકટરને બતાવવાની સલાહ આપી. હું તેમને ડો. મોહિલે પાસે લઇ ગયો. તેમણે તપાસીને એક્સ-રે લીધો. આના છ વર્ષ પહેલાં મારી મોટી બહેન ક્ષયથી મરી ગઈ હતી, એટલે પત્નીને ક્ષય હોય એ શંકાએ હું ધ્રુજી ઊઠયો. ધોડાગાડી કરીને અમે ઘેર આવ્યાં. ભદ્રથી નવરંગપુરામાં શ્રીમાળી સોસાયટી સુધીના આખા રસ્તે હું ચિંતામાં ડૂબી મૂંગો બેસી રહ્યો. પત્નીએ સાંભળ્યું હશે કે નહિ તે નથી જાણતો, પણ મારું હૃદય ધડકતું હતું. બીજે દિવસે ડોકટર પાસે એક્સ-રે લેવા ગયો ત્યારે મન એટલું જ અધીરું હતું. ડોકટરે કહ્યું ક્ષય નથી, માત્ર ક્રોનિક મલેરિયા છે, ત્યારે જાણે માથા ઉપરથી મોટો ભાર ઊતરી ગયો હોય એમ લાગ્યું. ડો. મોહિલેની દવાથી પણ પત્નીને મેલેરિયા ન મટયો. થોડા દિવસ પછી મારી ઉંમરના એક એલ. સી. પી. એસ. ડોકટર મિત્ર મને મળવા આવ્યા તેમણે એકવીસ દિવસ ક્વરોજની એક ક્વિનાસેલિ ટીકડી લેવાની સલાહ આપી, તેનાથી છેવટે તાવ ગયો.

પત્નીએ મારી કાળજીની કદર કરી છે અને શરીરની બધી નાની મોટી અગવડોમાં તે મારી સલાહ પ્રમાણે ચાલ્યાં છે, છ સાત સુવાવડના પ્રસંગ આવ્યા, તેમાં પહેલાં ત્રણ પછીના પ્રસંગોએ તેઓ મારી સલાહ માની પિયેર જવાને બદલે મારી સાથે જ રહ્યાં હતાં અને જેવી આવડી તેવી મારી સેવાથી સંતોષ માન્યો હતો, મારા અધકચરા ડોકટરી જ્ઞાનમાં તેઓ કેટલો વિશ્વાસ રાખતાં આવ્યાં છે તે બતાવતો એક પ્રસંગ બેત્રણ વર્ષ ઉપર જ બન્યો. તેમને મેલેરિયા થયો હતો અને પુત્રના સસરા ડોકટર છે તેમની દવા ચાલતી હતી. તાવ ઓછો થયો પણ પૂરો ન ઊતર્યો. દરરોજ ૯૯-૧૦૦ રહ્યા કરે. દવા ચાલુ રાખે તો આજની પદ્ધતિ પ્રમાણે મલેરિયાની ટીકડીઓ સાથે પૂરતો ખોરાક લેવો પડે. પણ પત્નીને ખોરાક ઉપર તદ્દન અભાવ થઇ ગયો હતો. મેં તેમને પૂછ્યું, 'બોલો, પરિણામ ગમે તે આવે, ડોકટરની દવા બંધ કરી મારી દવા કરવા છે?' તેઓ તરત તૈયાર થઇ ગયાં. મેં મલેરિયાની ટીકડીઓ બંધ કરી વિટામિન સી ને ફોલિક એસિડની ટીકડીઓ આપવી શરૂ કરી ત્રણ દિવસમાં તાવ પૂરો ઉતરી ગયો અને એક અઠવાડિયામાં ભૂખ પણ ઉઘડી.

પત્નીની માંદગીથી મને ચિંતા થાય છે એમ મારી માંદગીથી એમને ચિંતા થતી હોય એમ મને નથી લાગ્યું (આશા રાખું છું કે હું એમને અન્યાય નથી કરતો.) સને ૧૯૫૫ માં હૃદયહુમલાથી માંદો પડીને આવ્યો પછી બે-અઢી વર્ષ મને એ બાબતનું દુઃખ પણ રહ્યું હતું. પણ પછી સમજ્યો કે ગૃહિણી કુટુંબનાં સભ્યોની માંદગીથી ચિંતાના ભારે દબાઇ જાય તો એવા ગમગીનીભર્યા વાતાવરણમાં મોટાં થતાં સંતાનોનું શું થાય? વળી પત્નીને મારી માંદગીથી ચિંતા નહિ થતી હોય, પણ મારી શ્રમપૂર્વક સેવા કરવામાં તેમણે કયારેય કચાશ નથી રાખી. હું એથી સંતોષ માનતાં શીખ્યો. તેથી મારી જીવનભરની માંદગીઓથી કુટુંબને ઘાત એટલું નુકસાન નથી થયું. પુત્ર-પુત્રી બાળક હતાં ત્યારે હું તેમની કાળજી નહોતો રાખી શકયો (અથવા મેં નહોતી રાખી) તેથી તેમને બેયને નુકસાન થયું છે-પુત્રને અભ્યાસમાં ને કારકિર્દીમાં, પુત્રીને તે સાથે શરીર અંગે પણ. મારા કર્તવ્યપ્રમાદ માટે મેં તેમની ક્ષમા માગી લીધી છે અને તેમને પોતાને થયેલા નુકસાનનો અસંતોષ નથી રહ્યો, જો કે પુત્રી હજુ કયારેક અકળાય છે અને મને સંભળાવે છે અને હું રાખી શકું એટલી ધીરજથી સાંભળી લઉં છું. એવા ક્ષણિક ઊભરા બાદ કરતાં કુટુંબનું વાતાવરણ સ્વસ્થ રહ્યું છે. દશ વર્ષ ઉપર, ૧૯૭૪ના જાન્યુઆરી ફેબ્રુઆરી માસમાં, મારાં આંતરડાંની સ્થિતિ વધુ બગડી ત્યારે મને તપાસવા આવનાર ડોકટર (એન. કે. પરીખ) પહેલે જ દિવસે પુત્ર પુત્રીની મારા માટેની પ્રેમભરી કાળજી જોઇ આશ્ચર્ય પામ્યા હતા અને બીજી વાર આવ્યા ત્યારે મારા એ સદ્ભાગ્ય બદલ તેમણે મને અભિનંદન આપ્યાં હતાં. હું ય મારા પોતાના શરીરની જે સ્થિતિ હોય તે, પણ બીજાં આનંદમાં રહે એમ ઇચ્છતો થયો છું. (એ કયારે અને કેવી રીતે બન્યું તે વાત હવે પછીના હપ્તામાં આવશે. પરિણામે શરીરથી પીડાતો છતાં હજુ મને જીવવાનું ગમે એવું ઘરનું વાતાવરણ જળવાઇ રહ્યું છે. કયારેક મને નાનાં પૌત્રી-પૌત્ર તેમને સંતાકૂકડી રમાડવાનો

આગ્રહ કરે છે ત્યારે પાએક કલાક તેમની આનંદ-કિલકિલારી-ઓથી આખું ઘર ગાજી ઊઠે છે તે સાંભળી કોઇ આગંતુકને ઘરનો વડીલ વર્ષોથી પીડાતો મોટે ભાગે પથારીમાં સૂતો જીવે છે એ માન્યામાં નહિ આવે. આને મેં મારી વૃદ્ધાવસ્થાનું મોટામાં મોટું સદ્‌ભાગ્ય માન્યું છે. મારા શરીરની નિર્બળતાએ તે મને અપાવ્યું.

પત્નીનો જીવનરસ વહેતો રહ્યો તેનું વ્યાવહારિક દૃષ્ટિએ એક બીજું પણ સુખદ પરિણામ આવ્યું છે. મને હમેશાં મિત્રો ને મહેમાનો આવતાં જતાં રહે એ ગમ્યું છે અને હજુય ગમે છે. આ બાબતમાં પત્ની મારાં સાચાં સહધર્મચારિણી રહ્યાં છે. મને ગમે છે ને કંતાંય તેમને મિત્રો ને મહેમાનો-તેમનાં ને મારાં બંનેનાં-વધુ ગમે છે. અને જે કોઈ દિવસ કે રાતના ગમે તે સમયે, આવે તેનો ઉમળકાથી સત્કાર કરે છે, અને આવનાર પીતાં હોય તો આગ્રહ કરીને ચહા કે શરબત આપે છે. કોઇ મિત્ર કે મહેમાન અનિચ્છા બતાવે તો કહે, લો. તમારા નિમિત્તે મનેય મળશે. (તેમને ચહાનો સ્વાદ મેં લગાડ્યો હતો. પણ પછી તે મારા કરતાં આગળ વધી ગયાં.) આ બાબતમાં તેમના સહકારનો એક પ્રસંગ મને બહુ યાદ રહ્યો છે (એમને યાદ છે કે કેમ તે નથી જાણતો). હું ગુજરાત કૉલેજમાં હતો તે વર્ષો દરમિયાન (૧૯૪૯ થી ૧૯૫૫ના ગાળામાં) એક દિવસ શિયાળાની રાત્રે એક મિત્ર (અનંતાં સુધી કૉલેજમાં ઇતિહાસ ને અર્થશાસ્ત્રના અધ્યાપક ડી. એસ. નામજોશી, જેઓ હવે મુંબઇ (વાંદરા) રહે છે અને જેમને હું જ્યારે જ્યારે મુંબઇ જાઉં છું ત્યારે અચૂક મળું છું!) દશ વાગ્યે ફરવા નીકળ્યા. બે વાગ્યા સુધી ફર્યાને ઠંડીથી થીજી ગયા. છૂટાં પડતાં પહેલાં મિત્રને હું ઘરમાં લઇ ગયો અને પત્નીને ઊંઘમાંથી ઊઠાડી ચહા બનાવવાનું કહ્યું. કોઇને આ તદ્દન પટેલશાહી આપખુદી લાગે, પણ હું પત્નીનો સ્વભાવ જાણતો હતો અને મને વિશ્વાસ હતો કે એમને સહેજ પણ રંજ નહિ થાય. એ વર્ષોમાં ગેસ અમદાવાદ સુધી નહોતો આવ્યો (તે આવ્યો તે પછીય અમારા ઘેર દશ વર્ષે આવ્યો). પત્નીએ રાજીખુશીથી કેરોસીન સ્ટવ ઉપર ચહા બનાવી આપી. હું જાણતો નથી, પણ ચોકકસ માનું છું કે તેમણેય પીધી હશે. તેમના આ સ્વભાવને કારણે મારા બધા મિત્રો (અથવા બધાં મિત્રો) તેમનાથી ખુશ રહે છે. કૉલેજમાંથી કોઈ બહેનો આવતી, અને હજુ કોઇ આવે છે, તેમની સાથે ભળી જવા તે આતુર રહે છે. કૉલેજનાં વર્ષોમાં એવી ત્રણ બહેનો સાથે એમણે જીવનભરનાં બહેનપણાં કરી દીધાં જે હજુ ચાલુ છે. થોડાં વર્ષ ઉપર ભાવનગરથી દક્ષા પટણી આવતાં થયાં તેમનેય સ્વજન બનાવી દીધાં છે.

મિત્રને આવકારવાનો એક રમૂજી પ્રસંગ પત્ની, હું અને મિત્ર ત્રણે માટે કાયમની સ્મૃતિ બની રહ્યો છે. સને ૧૯૩૪-૩૬નાં વર્ષોમાં હું પિતા સાથે અંકલેશ્વર રહ્યો (પિતા ત્યાં મામલતદાર હતા) તે દરમિયાન અમે ચારેક માસ એક મકાનમાં ભાડે રહ્યાં તેના માલિકના સુપુત્ર શ્રી કનૈયાલાલ જોશી મારા મિત્ર બની ગયા હતા. (અને હજુ ય છે. અમે જ્યારે મુંબઈ જઇએ છીએ ત્યારે ગ્રાંટ રોડ સ્ટેશન પાસે ગણેશ પ્રાસાદમાં તેમના ફ્લેટમાં ઊતરીએ છીએ.) ૧૯૪૧ની સાલમાં અમે મારા વતન અસારવામાં રહેતાં હતાં ત્યારે એક દિવસ રાત્રે મિત્રના મામાનો તાર આવ્યો, બાબુ ઘર છોડીને જતો રહ્યો છે, તમારે ત્યાં આવ્યો હોય તો ખબર આપો. બીજે દિવસે મામા જાતે જ અમારું ઘર ખોળતા આવી પહોંચ્યા. પણ અમને ભાઇ બાબુ વિશે કશી માહિતી નહોતી. મેં આવા પ્રસંગે છાપામાં આવે છે એમ એક જાહેરખબર આપી જે બીજે દિવસે છપાઇ. ભાઇ બાબુએ ઘર નહોતું છોડ્યું પણ કોઇને કહ્યા વિના તે અમદાવાદ આવ્યા હતા. એક દિવસ કોઇ પરિચિતને ત્યાં રહી બીજે દિવસે સવારે (છાપામાં જાહેરખબર આવી હતી તે વાંચ્યા વિના) હાથ હલાવતા અમારા ઘેર આવ્યા. પત્નીએ તેમને દૂરથી જોયા. એ પહેલાં એમણે કોઇ દિવસ એ મિત્રને જોયા નહોતા, પણ તેઓ સમજી ગયાં કે આગલે દિવસ અંકલેશ્વરથી મામા જેમની તપાસ કરવા આવ્યા હતા તે આ જ ભાઇ બાબુ. હું ઉપર મેડા ઉપર બેઠો હતો. દાદર ઉપર થોડાં પગથિયાં ચઢી તેમણે મને ખુશ-ખબર આપ્યા, અને ભાઇ બાબુને ઉપર મોકલી દાદરના બારણાની બહારની સાંકળ વાસી દીધી, રખે ને હાથમાં આવેલા ભાઇ બાબુ ફરી નાસી જાય! ભાઇ બાબુ પંદરેક દિવસ અમારે ત્યાં રહ્યા, અને મારા હતા તેવા જ, અથવા કહું તો તે કરતાંય વધુ, પત્નીના મિત્ર બની ગયા. હજુ પણ ભાઇ બાબુ કયારેક અમદાવાદ આવે છે ત્યારે તે, પત્ની ને પુત્રી, ત્રણ બાળકોની જેમ એકબીજા સાથે વાતો કરતાં આનંદ કરે છે. અને હું મૂંગો મૂંગો મારી રમમાંથી તે સાંભળ્યાં કરું છું, કયારેક ચિડાઉં છું ખરો. પણ ગૃહિણી ગૃહમુચ્યતે !

લગ્નજીવનની સફળતાના આવા દુન્યવી લાભની સાથે મારું શરીરની નિર્બળતાએ મને આધ્યાત્મિક ગણી શકાય એવો લાભ પણ કરાવ્યો છે. તેની વાત હવે પછીના હપ્તામાં લખીશ.

અધ્યાત્મ વર્ગ

'સંધ' તરફથી **શનિવાર, તા. ૫ મી ઓકટોબર ૧૯૮૫ થી** અધ્યાત્મ વર્ગ શરૂ કરવામાં આવનાર છે. અધ્યાપક તરીકે તત્ત્વચિંતક **શ્રી પન્નાલાલ જગજીવન ગાંધી** માનાર્હ સેવા આપનાર છે. વર્ગ નીચે પ્રમાણે રહેશે.

* **દર શનિવારે બપોરે ૪-૦૦ થી ૫**

સ્થળ : **પરમાનંદ કાપડિયા સભાગૃહ**
૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓ. હાઉસીંગ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, મુંબઈ ૪૦૦ ૦૦૪.

* **દર ગુરુવારે રાતના ૮-૦૦ થી ૯-૦૦**

સ્થળ : **શ્રી પન્નાલાલ જગજીવનદાસ ગાંધીના નિવાસસ્થાને**
૩૦૬, શ્રીપાળનગર, જે. મહેતા રોડ, મુંબઇ-૪૦૦૦૦૬.

વિષય : **'દ્રવ્યાનુયોગ'**

જે સભ્યો આ અધ્યાત્મ વર્ગમાં જોડાવા ઇચ્છતા હોય તેમને પોતાનું નામ તથા કયા વર્ગમાં તેઓ જોડાવા ઇચ્છે છે તે વિષે 'સંધ'ના કાર્યાલયમાં તા. ૪થી ઓકટોબર સુધીમાં લેખિત જણાવવા વિનંતી છે.

લિ. ભવદીય,

તરુણાબેન બિપિનભાઇ શાહ — સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

સાંપ્રત સાહિત્યમાં જૈન સંદર્ભ : સિકકાની બીજી બાજુ

❀ મુનિ શીલચન્દ્રવિજય

તા. ૧૬-૭-૮૫ના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રીયુલાબ્ય દેઢિયાનો લેખ વાંચીને આ લખવા પ્રેરાયો છું. ઘણા વખતથી, 'ઝેર તો પીધાં છે જાણી જાણી'નો ત્રીજો ખંડ 'જન્મભૂમિ-પ્રવાસી'માં ધારાપ્રવાહરૂપે પ્રગટ થતો હતો અને તેનાં કેટલાંક પ્રકરણો વાંચવામાં આવ્યાં ત્યારથી, એ પરત્વે કાંઈક લખવાનું મન હતું, તે આજે અમલમાં આવે છે.

'ઝેર તો પીધાં છે જાણી જાણી'નાં, ત્રીજા ખંડનાં પ્રકરણો વાંચતાં મારા મન પર એવી છાપ પડી કે લેખક (શ્રી મનુભાઇ પંચોળી-દર્શક) ના મનમાં, જાણ્યે અજાણ્યે પણ, જૈન ધર્મ અંગે અમુક પૂર્વગ્રહો પ્રવર્તે છે અને એ પૂર્વગ્રહોથી પ્રેરાઇને જ, તેમણે આ પ્રકરણોમાં, જૈન ધર્મની પ્રતિભા ખંડિત થાય તેવો અભિગમ અપનાવ્યો હોય એમ લાગ્યા કરે છે.

આ બાબત અંગે, તે અરસામાં જ લેખકને તથા 'જન્મભૂમિ' ના તંત્રીને તેમનું ધ્યાન દોરતા પત્ર કે ચર્ચાપત્ર લખવામાં આવ્યા, ત્યારે તેના ઉત્તરમાં તા. ૨૦-૧૨-૮૫ના સાપ્તાહિક-પ્રવાસીમાં લેખકે સ્પષ્ટ કર્યું કે 'જૈન ધર્મ વિશે મને ખૂબ આદર રહ્યો છે. ભારતીય સમાજમાં અહિંસાને અવતારવામાં તેનો અનન્ય ફાળો રહ્યો છે.' આનો અર્થ લેખકના મનમાં જૈન ધર્મ પરત્વે કોઇ પૂર્વગ્રહ નથી-એવો જ થાય. પરંતુ નવલકથામાં આ ધર્મ સાથે સંબંધ ધરાવતાં પાત્રોનાં મોંમાં મુકાયેલા શબ્દો અને સંવાદો વાંચીએ છીએ ત્યારે આ અર્થઘટન મેળ વિનાનું પ્રતીત થયા વિના રહેતું નથી. આ માટે આપણે એમાંના કેટલાક સંવાદો જ જોઇએ ;

તા. ૨૧-૧૦-૮૪ના હપ્તામાં (પ્રકરણ-૨) સત્યકામની વાતના જવાબમાં રેખા કહે છે : 'અમારા ગુરુદેવ તો એમ કહે છે કે, કોઇ કોઇને મદદ કરી શકાતું નથી, અને મહાત્માજી તો જુદું જ કહે છે. તમને શું લાગે છે?' 'કોઇ કોઇને મદદ કરી શકતું નથી'-એ વાત અધ્યાત્મની અમુક વિશિષ્ટ કક્ષાએ પહોંચ્યા પછીની છે; સામાન્યતયા ગમે ત્યારે કે ગમે તેને તેવો ઉપદેશ આપવાનો નથી હોતો: અને ક્યારેક અપાતો હોય તો પણ તે સ્થૂળ મમતા કે આસક્તિ તૂટે એવા ઉદ્દેશ્યથી જ અપાય; આવા ગંભીર આશયવાળી વાતને એકદમ સ્થૂળ અને એથી જ કદાચ વિકૃત રૂપમાં રજૂ કરવામાં લેખકનો શો આશય સંભવે ? કાં તો તેઓ રેખાના પાત્રને 'અણઘડ' ઉપસાવવા ચાહે છે કે જે આવી વાતનો મર્મ સમજ્યા વિના ગમે ત્યાં, ગમે તે રીતે તેનો બંધ બેસાડવા જાય છે; કાં તો 'ગુરુદેવ' ના પાત્રમાં 'જડતા' પ્રગટાવવી છે; અને કાં તો લેખકને ખુદને જ પોતે શું નિરૂપવા માંગે છે તેની સમજણ નથી; આવી છાપ પડે છે. અને એ છાપ દૃઢ તો ત્યારે બને છે કે જ્યારે, પડી ગયેલી રેખાને પાટો બાંધતાં બાંધતાં અચ્યુત તેની મશ્કરી કરે છે : 'કોઇ કોઇની સેવા કરી શકતું નથી, પણ પગ બેસાડી શકે છે.' (પ્ર. ૨). અહીં જ સ્પષ્ટતા કરવી જોઇએ કે, જૈન ધર્મે બીજા જીવોની તેમ જ મનુષ્યની સેવા/સહાય કરવાનો કદી-ક્યાંય નિષેધ કર્યો નથી. અને કક્ષાભેદે પ્રવૃત્તિભેદ કે પદ્ધિયાભેદ તો કયા ધર્મમાં નથી હોતો ?

૨. તા ૨૮-૧૦-૮૪ના હપ્તામાં (પ્ર. ૩), રેખાનું મન દીક્ષાથી પાછું હટે-અને તે પણ તર્કસંગત કે પ્રતીતિકર રીતે-એવી જ ટેક લઇને બેઠેલા લેખકે, પંડિતજી અને રેખાનાં પાત્રો વચ્ચે મૂકેલા સંવાદનો એક અંશ જુઓ: રેખા કહે, 'વ્રત તોડો તોય?' 'જો રેખા, આ ચીર ખાવાની મને ઇચ્છા થઇ નથી, પણ તારી મોટી બહેનની હોંશને ભાંગવી તે દોષ છે, એટલે એ ચીર લીધી. ક્રિયા દોષમય નથી, ભાવ તપાસવાનો હોય છે. નહીંતર અચ્યુત જેવા દાક્તરો કોઇનું સોલું ફ્રેક્ચર કાપી જ ન શકે.' રેખા કહે, 'પણ ક્રિયા કરી એટલે પરિણામ તો આવે, પંડિતજી.' 'ઠીક કહ્યું, પરિણામ બીજાને લાગે, કર્તાને એ સંજોગોમાં નહિ. પડોશીની ટપાલ ભૂલમાં અહીં આવી હોય, તે આપી આવે તેથી તું ટપાલી નથી થઇ જતી, વિચારી જોજે.' કેવી વિચિત્ર અને ગળે ન ઊતરે તેવી છે આ વાત ! એક દાખલાથી સ્પષ્ટતા કરીએ; શ્રી ગાંધીજી દર અઠવાડિયે કે મહિને એક દિવસ મૌન પાળતા હતા એવું મારા ખ્યાલમાં છે. મોટા ચમરબંધી વાઇસરોય જેવી વ્યકિત આવે તો પણ તેઓ તે નિયમમાં ભાંગો પાડતા નહિ, એમ પણ કહેવાય છે. હવે ધારો કે કયારેક અગત્યના કામે આવી કોઇ વ્યકિત આવી ચડે કે પછી કોઇને મૌનના નિયમની જાણ ન હોય તે આવી ચડે, તો શું ગાંધીજી, તે આવનારનું મન ન દુભાય, હિંસા ન લાગે તે ખાતર મૌન તોડતા હતા ? શું તેઓ એમ માનતા કે આવા સંજોગોમાં મૌન તોડું તો વ્રત નહિ તૂટે, દોષ મને નહિ લાગે, હું કોઇ ટપાલી નહિ બની જઉં ? ના, ગાંધીજી ક્યારેય આવી પાંગળી કે વાહિયાત દલીલનો આશ્રય ન જ લે એવું મારું માનવું છે. સત્યકામ પણ-જો તે વાસ્તવમાં પંડિત હોય અને પ્રજ્ઞાચક્ષુ હોય તો-આવી દલીલ કે વિચારક્ષતિ ન જ કરે; પરંતુ છતાં તેના મોંમાં આવી વાતો મૂકી છે તેથી લેખકનું જ માનસ, તેના શબ્દો વાટે છતું થતું હોવાનું લાગે તેમ છે.

૩. તા. ૧૮-૧૧-૮૪ના હપ્તામાં (પ્ર. ૬) તો લેખકે જૈન ધર્મ પ્રત્યેનો પોતાનો પૂર્વગ્રહ તદ્દન ખુલ્લો કરી આપ્યો લાગે છે. ચંપા અને માલિની નામે બે બાળાઓની દીક્ષા, જાણે કે સ્વરૂપચંદ શેઠના પૈસે તે બાળાઓ વેચાણ લેવામાં આવે છે અને થાય છે; અને આગળ જતાં, એ સોદાની રકમ આપવામાં પણ સ્વરૂપચંદ શેઠ દાંગાઇ કરી રહ્યા છે; આવું નિરૂપીને લેખક, જૈન ધર્મના પ્રતિભાખંડન સિવાય બીજું શું કહેવા ચાહે છે, તે જ સમજમાં આવતું નથી. આ વાતો વાંચતાં કોઇ પણ વાચક એમ જ સમજવાનો કે જૈન સાધુ-સાધ્વીઓ તો ગરીબ કે જરૂરતમંદ લોકોનાં સંતાનોને આ રીતે વેચાણ લઇ આવે એટલે કે તે સંતાનોના બદલામાં, તેના મા-બાપ વગેરેને ભેટ કે બહુમાનના રૂપમાં, એ સંતાનોની કિંમત ચુકવાવે, અને એ રીતે પોતાનો પંથ વધારે છે.

૪. આ જ પ્રકરણમાં સ્વયંસેવકો અને પૂર્ણચંદ્રજી મહારાજ વચ્ચેનો લંબાણ સંવાદ (કે વિવાદ) છે તે, અને સ્વરૂપચંદ શેઠ દ્વારા વીસ હજારની રકમ વડીદીક્ષા પહેલાં નહિ આપવાની વાત આ બધું, રેખાના મનને દીક્ષા તરફથી પીછેહઠ કરાવવાના આશયે જ આલેખાયું હોય એમ લાગે. એ તો ઠીક, પરંતુ, પાલીતાણા પહોંચ્યા પછી મળેલી સંઘની મીટીંગમાં, સ્વરૂપચંદ શેઠના દેશદ્રોહી ધંધા તરફ સૌનું ધ્યાન દોરતા શીલભદ્રમુનિના મોંમાં 'આપ સૌ જાણતા જ હશો કે બૌદ્ધ

સંઘમાં કસાઇનો ધંધો, શસ્ત્રોત્પાદનનો ધંધો, બુદ્ધના અનુયાયી માટે વર્જ્ય હતો.' આ વાક્ય મૂકીને પછીથી, પૂર્ણચંદ્રજીના પાત્રના મોંમાં 'બૌદ્ધ સંઘનું અહીં ઉદાહરણ ઉચ્ચારણ ન હોય; સંસારદ્રવ્ય મલિન છે એટલે તો દાન કરવું પડે છે પણ આવા સવાલ થાય છે તે જમાનાની તાસીર છે.'-આવો જવાબ મૂકીને, 'પૂર્ણચંદ્રજી જેવા જૈનાચાર્ય બૌદ્ધ કે ઇતર ધર્મ પ્રત્યે કેટલાં બધા અસહિષ્ણુ છે કે તેનું નામ પણ તે સહન કરી શકતા નથી?' એવું, તથા 'સ્વરૂપચંદના દેશદ્રોહી ધંધા અંગે પોતે જાણ હોવા છતાં, પોતાની કીર્તિ કે પ્રતિષ્ઠાને ખાતર તેને થાબડે છે.'-એવું દર્શાવવાનો જ લેખકે પ્રયત્ન નથી કર્યો?

જૈન ધર્મ પ્રમાણે, પાંચ કર્મ, પાંચ વાણિજ્ય અને પાંચ સામાન્ય એમ પંદર કર્માદાન, જૈન શ્રાવકને માટે નિષિદ્ધ છે એવું જો લેખક જાણતા હોત તો, બૌદ્ધ ધર્મની પ્રણાલિકાની વાત લાવીને તે પ્રત્યે જૈનાચાર્યની અસહિષ્ણુતા વ્યક્ત કરાવવાનું સહેજે ટાળી શકયા હોત. વળી, પોતાના પૈસે ઉપધાન તપ (જૈન ધર્મની એક વિશિષ્ટ ક્રિયાત્મક સાધના) કરાવનાર શ્રાવકને, તે પત્યા પછી, 'જો તમે હવે ધંધો કરો તો જેટલો ખરચ થયો છે તેથી બમણું મેળવવા માટે કાળાંધોળાં કર્યા વિના ન રહો, માટે બે વર્ષ સુધી તમારે નવો કોઇ ધંધો જ નહિ કરવાનો' એવો નિયમ આપનાર જૈનાચાર્યોની વાતોથી લેખક પરિચિત હોત, તો સ્વરૂપચંદ દારૂગોળાનો દેશદ્રોહી ધંધો કરી, પૈસા કમાઇને, તે પૈસે સંઘ કાઢે, ને આચાર્ય તેને જાણવા છતાં બળ આપે, એવી નાલેશીકારી વાતો લેખકે ન લખી હોત, અથવા લખવાથી બચી શકયા હોત. તેમાં યે આ પ્રસંગનો આ ફકરો: 'પણ શીલભદ્રજીની ઇચ્છા પ્રમાણે થયું નહિ. મોટા મહારાજે કહી દીધું કે સિદ્ધાચલના દર્શને નીકળેલ સંઘપતિ કહે તેટલી જ વાત આ સંઘમાં ચર્ચી શકાય; અમારો ધર્મ કાપાકાપીનું સમર્થન ન કરી શકે, પણ શ્રાવક અને સાધુના ધર્મો જુદા છે, સાધુ અનર્થમાં અનુમોદન પણ ન આપી શકે, શ્રાવક માટે અનુમોદનનો બાધ છે પણ તે ક્ષમાપનાથી ટળી જાય. યુદ્ધો તો થતાં આવ્યાં છે ને જ્યાં સુધી રાગ-દ્વેષ છે ત્યાં સુધી થયા કરશે. એ વખતે અનાજ, પાણી, દવાદારૂ, શ્રાવકો પોતપોતાના વ્યવસાયે કરીને આપે, શસ્ત્રો પણ આત્મરક્ષણ માટે કોઇકવાર આપે; હા, પ્રાયશ્ચિત્ત તો કરવું પડે-એટલે તો પ્રતિક્રમણ છે.'-આમાં શ્રીપૂર્ણચંદ્રક જેવા એક જૈનાચાર્યનું માનસ કેટલું દંભી, ધીઠ નિકૃષ્ટ અને વિકૃત નિરૂપ્યું છે? શું આ બધું લેખકના મનમાં પ્રવર્તતા પૂર્વગ્રહની નીપજ નથી?

૫. તા. ૨૫-૧૧-૮૪ના હપ્તામાં (પ્ર. ૭) ઢોરોનાં મૃત્યુનાં કારણ મનાતાં હરિજનોને મારવા ગયેલા સવર્ણોને રોકવા ગયેલી રેખા અને બે નવી સાધ્વીઓને ઠપકો આપતાં અને પ્રાયશ્ચિત્ત કરાવતાં લતાશ્રીજીનું પાત્ર અને આ આખીયે ઘટના દ્વારા, જૈન ધર્મનાં સાધુ-સાધ્વીઓ કેવા વ્યવહાર-બાહ્ય કે વ્યવહારજડ છે, તેમ જ તેમની અહિંસા કેવી પોકળ/પાંગળી છે કે કીડી-મંકોડીને બચાવે ને માણસને મારવા દે-આવું દર્શાવવા સિવાય બીજો શો આશય હોઇ શકે લેખકનો? જૈન સાધુ-સાધ્વીઓની આચાર-મર્યાદા અને તેને લગતા વિધિ-નિષેધો તથા કેવી પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું - તે બધાથી છેક જ અજ્ઞાન એવા લેખકે જૈન સાધ્વીઓનું આવી મનઘડત અને વિકૃત અસર ઉપજાવનાર પાત્રચિત્રણ કે પ્રસંગાલેખન ન કર્યું હોત તો ચાલત. વસ્તુત: રેખાના મનને દીક્ષાથી ઉભરાવવા માટે લેખકે આવું આલેખન કર્યા વિના ચાલે તેમ ન હતું, એ જ આનું ફલિત છે.

૬. આ જ ઘટનાના અનુસંધાનમાં, તા. ૨-૧૨-૮૪ના હપ્તામાં (પ્ર. ૮) રેખા અને આચાર્ય સમુદ્રવિજયજી વચ્ચે થયેલો સંવાદ છે. આમાં કરેલાં વિધાનો : (૧) 'તું ન ગઇ હોત અને માનો કે ગામલોકોએ તેમનો વાસ બાળી નાખ્યો હોત તો બધી સાધ્વીજીઓ લંકાકાંડ જોયા કરત.' સમુદ્રવિજયજી). (૨) 'તેઓ માનત કે-કર્મના પ્રવાહમાં જે બનવાનું હોય તે બને જ છે. એમનાં કર્મ એમને નડયાં.' (રેખા). (૩) (રેખા : 'સાવધ તો રહેવું જોઇએ ને, જીવ જંતુને ય ઈજા ન પહોંચે તેમ ચાલવા-બેસવા-બોલવાની આજ્ઞા છે આપ ભગવંતોની.' એના જવાબમાં સમુદ્રવિજયજી :) 'હા, પણ જો જીવજંતુ હરિજન ન હોય તો, એમ માનવું ને?' (૪) 'વારુ, ઉપાશ્રયમાં પ્લેગના ઉંદરો હોય તો આગ લગાડવી જોઇએ કે નહિ?' (સમુદ્રવિજયજી).- આ બધાં વિધાનો જૈન ધર્મ અને જૈન સાધુઓ પ્રત્યે ગેરસમજ જન્માવવા માટે જ, તે પણ જૈનધર્મી પાત્રોનાં મોમાં જ મૂકીને લેખકે શું હાંસલ કર્યું હશે? વિડંબના તો એ છે કે 'ગાંધીજી કાંઇ ફરતું ફરતું બોલે છે? આ દુનિયા ફરતી બંધ થાય તો ય ગાંધીજી ફરતું ન બોલે' (સમુદ્રવિજયજી પ્ર. ૭); આમ ગાંધીજી પર આવી અટલ આસ્થા દાખવનારા અને કર્મવાદના વિચાર વખતે 'હેગલ' જેવા જર્મન તત્ત્વજ્ઞાનીનો હવાલો આપવા દ્વારા તેની વાતમાં વિશ્વાસ વ્યક્ત કરનારા આ જૈનાચાર્ય, મહાવીર સ્વામીના કર્મવાદનું અર્થઘટન, તેમની ફિલસૂફી પ્રમાણે કરી શકતા નથી, અને રેખાના મનનું ને પોતાનું પણ કદાચ સમાધાન સાધી શકતા નથી! હકીકતમાં તેઓ બન્ને પાત્રો-જેવો ઇચ્છે છે તેવો સાર મહાવીર સ્વામીની પદ્ધતિમાંથી પણ પામી શકયા હોત. અને એમ થયું હોત તો લેખકે મહાવીર સ્વામીના તત્ત્વજ્ઞાનને ન્યાય પણ આપ્યો ગણાત. એને બદલે આ પ્રકરણમાંની કર્મવાદની ઢંગધડા વિનાની વાતો, તે પાત્રોના મોંમાં મૂકીને, લેખક શું નિરૂપવા કે સિદ્ધ કરવા જાય છે તે સંદિગ્ધ બની રહે છે.

૭. તા. ૯-૧૨-૮૪ના હપ્તામાં (પ્ર. ૯) મહારાજશ્રી અને અને ડો. અચ્યુતનો સંવાદ, પ્રસ્તુત પ્રસંગમાં તદ્દન અપ્રાસંગિક છે, એટલું જ નહિ, પણ 'આવા પ્રસંગેય આવી ફિલસૂફી હાંકનારા જૈનાચાર્ય કેટલાં જડ કેટલા અણઘડ છે!' એવી છાપ પણ ઉપસાવે છે. જૈન સાધુ માટેનો લેખકનો મનોગત પૂર્વગ્રહ અચ્યુતના પાત્ર દ્વારા, એટલે કે અચ્યુતના શબ્દો તથા વિચારો દ્વારા બરાબર પ્રગટતો જાય છે, અને એના જવાબમાં તથા પ્રત્યાઘાતમાં મહારાજશ્રીના મનમાં પ્રગટેલા વિચારો ને તેમણે ઉચ્ચારેલા શબ્દો થકી એ પૂર્વગ્રહ દૃઢ થતો જાય છે. વસ્તુત: અહીં કેવળ તબિયત પૂરતો જ સંવાદ કરી શકાયો હોત, અને અચ્યુતના મનમાં ઊગતી શંકાઓ પરત્વે કરવાની ચર્ચા અંગે ડોકટર અને મહારાજશ્રી વચ્ચે અલગ મુલાકાત ગોઠવી શકાઈ હોત; એમાં મહારાજશ્રી નિખાલસ ચિત્તે પોતાની થીયરી વ્યક્ત કરે અને તેમ છતાં તે અચ્યુતને ગળે ન ઊતરે, અને છતાં તેના મનમાં અનાદર કે પૂર્વગ્રહ તો ન જ જાગે કે ન જ વધે, આવી સ્થિતિ અહીં સર્જી શકાઇ હોત.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંકલન : જયેન્દ્ર સચદે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે વનપ્રવેશ કર્યો છે. જ્ઞાનની પરબ જેવી આ વ્યાખ્યાનમાળા શ્રોતાઓ તરફથી હૃદયપૂર્વકનો આવકાર અને આદર પામતી રહી છે. 'સાર્વજનિક સંસ્કાર-પર્વ' સમાન આ વ્યાખ્યાનમાળામાં પચાસ વર્ષ દરમિયાન, કુલ ૩૦૮ જેટલાં પંડિતો, વિદ્વાનો, સાધુ-ભગવંતો, સાધ્વીજીઓ, વિદુષી સન્નારીઓ વગેરેએ આપેલાં ૮૧૩ જેટલાં વ્યાખ્યાનોએ શ્રોતાઓ સમક્ષ 'જિજ્ઞાસા, જ્ઞાન અને વિવિધ વિચારોનું વાતાવરણ' રચ્યું છે. પુષ્કળ મોંઘવારી વચ્ચે વ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા સંઘને સખાવતી ને ઉદારદિલ દાતાઓ તરફથી દાન મળતા રહ્યાં છે. છેલ્લાં ચારેક વર્ષથી શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ તરફથી અઢી લાખનું દાન મળતાં વ્યાખ્યાન-માળા આર્થિક દૃષ્ટિએ નિશ્ચિંત બની છે.

આ વર્ષની વ્યાખ્યાનમાળા બુધવાર, તા. ૧૧ મી સપ્ટેમ્બરથી બુધવાર, તા. ૧૮ મી સપ્ટેમ્બર સુધી એમ આઠ દિવસ માટે ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવી હતી.

વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસના પહેલા વ્યાખ્યાતા હતા શ્રી શશિકાન્ત મહેતા. 'કલ્પસૂત્ર' વિષય ઉપર બોલતાં તેમણે જણાવ્યું કે 'કલ્પસૂત્ર' એ તીર્થંકરોનાં ચરિત્ર તથા સાધુઓની સમાચારીનો ગ્રંથ છે. આ પવિત્ર ગ્રંથના વાચનથી પાપોનું દહન અને પુણ્યનો અભિષેક થાય છે. પોતાનામાં રહેલા સત્ત્વની સત્તાના સામર્થ્યને પ્રગટાવવાનું છે. કલ્પસૂત્રની આરાધના બાદ સાધક મૈત્રી-ક્ષમાપનાની ગંગામાં પોતે તો સ્નાન કરે છે તેમ અન્ય સૌને પણ તેમાં સ્નાન કરાવે છે. ભગવાન મહાવીરના પિતા સિદ્ધાર્થ, માતા ત્રિશલા, બહેન સુદર્શના, ભાઇ નંદીવર્ધન, કાકા સુપાર્શ્વ, પત્ની યશોદા-આ સૌ બાહ્ય રીતે તો ભગવાનનો કૌટુંબિક પરિવાર છે પણ જો આ નામ પાછળ રહેલા સદ્‌ગુણો આપણે અપનાવીએ તો પ્રભુ આપણામાં જરૂર વાસ કરે. મહાવીરના જન્મવેળા જન્મસ્થાન ક્ષત્રિયકુંડને સાફ કરાય છે, કેદીઓને મુક્તિ અપાય છે. ક્ષત્રિયકુંડનો વિસ્તૃત અને સૂક્ષ્મ અર્થ લઇએ તો હૃદયમાંના વિષય-કષાય નાકચરાને સાફ કરવાનો છે, મનમાંના અપરાધરૂપ કેદીઓને મુક્ત કરવાના છે.

બીજા વ્યાખ્યાનનો વિષય હતો : 'આંખનું મૌન' વ્યાખ્યાતા મુનિશ્રી વાત્સલ્યદીપે એ વિષે બોલતાં જણાવ્યું હતું કે બાહ્ય કરતાં આંતરિક આંખનાં મૌનનું જ સાચું મહત્વ છે. આપણી પાસે પુષ્કળ સંપત્તિ અને વૈભવ હોય પણ તેના પ્રત્યેની આસક્તિ, અને પ્રમાદ આપણને પરમાત્માથી દૂર લઈ જાય છે. આપણે ભીતરમાં ઊતરીને જાતને તપાસવાની છે કે આપણામાં, આપણા હૃદયમાં શું ખૂટે છે? આત્મિક સદાચાર અને નિર્મળતા ન હોય તો ભવભ્રમણ ચાલુ રહે છે.

બીજા દિવસના પહેલા વ્યાખ્યાતા હતા પંડિત રૂપચંદ ભણુશાલી, તેમનો વિષય હતો 'જૈન આચાર ક્રિયાઓનો શારીરિક પ્રભાવ'. આપણું શરીર નાશવંત છે એ ખરું, પણ તેને છેક ગૌણ ગણવાનું નથી. જૈન ધર્મમાં ગુરુવંદન, ચૈત્યવંદન, પ્રતિક્રમણ આ સૌ ક્રિયાઓમાં શરીરની સાચવણીની ઉપેક્ષા નથી જ કરાઇ. બલ્કે, તેમાં ધર્મસાધના સાથે જ સૂક્ષ્મ રીતે વિજ્ઞાનને પણ વણી લેવાયું છે. ધર્મધ્યાન, તપ વગેરે ક્રિયાઓ માટે ચિત્તની પ્રસન્નતા આવશ્યક છે અને તે તો જ શક્ય બની શકે જો શરીરની શક્તિનો સદુપયોગ કરીએ, કારણ કે પ્રાથમિક સ્થિતિમાં દ્રવ્ય આરોગ્ય વિના ભાવ આરોગ્ય ન આવે, ન ટકે.

તે દિવસે બીજા વ્યાખ્યાન 'પશ્ચાતાપ' ઉપર બોલતાં પૂ. મુનિશ્રી ધર્મધુરંધરવિજયજીએ કહ્યું હતું કે પૂર્વે કરેલી ભૂલોનો પશ્ચાત્તાપ થાય અને પ્રાયશ્ચિતની ભાવના જાગે તો જ તેનાથી આત્મશુદ્ધિ આવે છે. પણ એ માટે પહેલાં તો પોતાની ભૂલોનો સ્વીકાર કરવો જોઇએ. આપણું મન બાળક જેવું નિર્દોષ અને ઋજુ બનાવવાથી આપણે ભૂલો જોઇ

પરિસંવાદ

'સંઘ'ના ઉપક્રમે **'ક્રાંતિવીરો'** વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો છે.

	તારીખ	સમય	વિષય	વ્યાખ્યાતા
[]	શુક્રવાર	સાંજના	વિશ્વના ક્રાંતિવીરો	પ્રો. વિષ્ણુકાન્ત શાસ્ત્રી
	૧-૧૧-૮૫	૫-૪૫		અધ્યક્ષ, હિન્દી વિભાગ, કલકત્તા યુનિવર્સિટી
[]	શનિવાર	સાંજના	ભારતના ક્રાંતિવીરો	પ્રખર સમાજવાદી શ્રી એન. જી. ગોરે
	૨-૧૧-૮૫	૫-૦૦		
[]	રવિવાર	સવારે	મહારાષ્ટ્ર અને	પ્રો. વિષ્ણુભાઇ પંડ્યા
	૩-૧૧-૮૫	૯-૩૦	ગુજરાતના ક્રાંતિવીરો	એસોસિએટ એડિટર, 'લોકસત્તા', અમદાવાદ
	,,	૧૧-૦૦	સ્વાતંત્ર્ય લડતનાં ગીતો	શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને ફ્રિન્દરી ગ્રુપ]

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સ, ચર્ચગેટ, મુંબઇ ૪૦૦૦૨૦

આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન **જસ્ટીસ ચંદ્રશેખર ધર્માધિકારી**ના વરદ હસ્તે થશે. કાર્યક્રમનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** સંભાળશે.

સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

ધનવંત તિ. શાહ
અમર જરીવાલા
સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ૨ શાહ
મંત્રીઓ

શકીએ છીએ, તેનો સ્વીકાર કરી શકીએ છીએ. જેમ વૈદ્ય પાસે જનાર દર્દી કોઈ પણ અંગ-પ્રત્યંગ બતાવતાં કે રોગ વિશે વાત કરતાં અચકાય નહીં તો જ તેના રોગનું સાચું નિદાન થઈ શકે, તેમ મનની સ્વસ્થતા કેળવવા નિખાલસ થવું પડે, પોતાના દોષો સ્વીકારવા પડે.

ત્રીજા દિવસના પ્રથમ વ્યાખ્યાન 'માનવી તો છે ઊભી રેખા' વિશે બોલતાં વ્યાખ્યાતા શ્રી હરિભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે માનવ સિવાયનાં સૌ પ્રાણીઓનાં શરીર આડાં છે. જ્યારે મનુષ્ય ઊભી રેખા જેવો છે. માણસના શરીરમાં સૌથી નીચે ચરણ છે, દિશાદૃષ્ટિ વિના માત્ર પગ વડે ચાલનાર ઘાણીના બળદની જેમ ફર્યે રાખે છે, જ્યારે હૃદય તથા બુદ્ધિ વડે સમતોલ ગતિ કરનારનો વિકાસ થાય છે. માણસને હૃદય, ભાવજીવન જીવવા માટેનું બળ આપે છે. હૃદય આસપાસના બે હાથ કર્મયોગનાં પ્રતીક સમાન છે. હૃદય ઉપર આવેલા મુખમાંથી નીકળતી વાણી જોડવાનું તેમ તોડવાનું બંને કામ કરે છે. મનુષ્યનું મસ્તિષ્ક સમગ્ર શરીરનું પાવરહાઉસ છે. વિચાર ભલે કોઈનો પણ લો, પરંતુ વિવેક પોતાનો હોવો જોઈએ. ચઢતા ક્રમમાં આવેલાં શરીરનાં આ સૌ અંગોનું યોગ્ય દૃષ્ટિપૂર્વક આવિષ્કરણ થાય તો માનવી ઉર્ધ્વ તરફ ગતિ કરી શકે.

બીજા વ્યાખ્યાતા ડૉ. સાગરમલ જૈને 'જૈન ધર્મમાં ધાર્મિક સહિષ્ણુતા' વિષય ઉપર હિન્દીમાં પ્રવચન કરતાં જણાવ્યું હતું કે ધર્મ મનુષ્ય મનુષ્યને જોડવાનું કામ કરે છે. ભેદની દીવાલ ઊભી કરીએ તે ધર્મ નથી પણ ઝનૂન છે. સામાના ધર્મને, વિચારને ખેલદિલીથી સ્વીકારવો એ સહિષ્ણુતા છે. ધર્મ માટેના અંગ્રેજી શબ્દ રીલિજિયનનો અર્થ પણ થાય છે ફરીથી જોડવું. દરેક ધર્મનું સારતત્ત્વ તો એક જ છે. પરિધ ઉપરના દરેક બિંદુ જો કેન્દ્ર તરફ જાય તો કોઈ એકમેક સાથે ટકરાય નહીં, કારણ કે સૌનું લક્ષ્ય એક જ હોય છે. પણ જો તેઓ કેન્દ્ર તરફ નહીં પણ વર્તુળના અન્ય સ્થળે મળવા જાય તો ઘર્ષણમાં આવે. તે જ રીતે મનુષ્યના સૌ ધર્મનું સમાન લક્ષ્ય તો ઈશ્વર જ છે, સત્ય છે,-પછી ભલે સૌના આચાર, ક્રિયાકાંડો ને વિધિવિધાનો ભિન્ન ભિન્ન હોય.

ચોથા દિવસનું પ્રથમ વ્યાખ્યાન આપતાં વ્યાખ્યાતા ડૉ. રમણલાલ ચી. શાહે કહ્યું હતું કે ભૂતકાળમાં કરેલ અશુભ કર્મમાંથી પાછા હટવું એટલે પ્રતિક્રમણ-પ્રતિ એટલે વિરુદ્ધ ગતિ. ક્રમણ એટલે જવું. જૈન ધર્મના વિવિધ ફિરકાઓમાં પ્રતિક્રમણની રીતો વચ્ચે થોડો ફેરફાર જરૂર છે, પરંતુ ભાવ અને મૂળસૂત્રો બાબત કોઈ ભેદ નથી.

ચિત્તની ચંચળતાને કારણે અશુભ ભાવો, સંકલ્પો અને વિચારો ઊઠ્યા કરે છે પરંતુ આપણા આત્માનાં સૂક્ષ્મ અવલોકન કરવાથી કષાયોના આવરણને ભેદી શકાય છે. ખ્રિસ્તી ધર્મમાં જેમ કન્ફેસન (એકરાર) અને રીટ્રિટની ક્રિયાનો સમાવેશ છે, હિંદુ ધર્મમાં સંધ્યાનું વિધાન છે, મુસ્લિમ ધર્મમાં 'તોબાહ' ની પ્રથા અને બૌદ્ધ ધર્મમાં 'પ્રવારણા' ની ક્રિયા છે. એ સૌ પંથશ્રેયમેનો ભાવ અને જાતનું નિરીક્ષણ કરવાની વૃત્તિ રહેલાં છે.

બીજા વ્યાખ્યાતા હતા ડૉ. કાન્તિલાલ કાલાણી. એમનો વિષય હતો 'આધ્યાત્મિક માર્ગની ખોજ' ડૉ. કાલાણીએ જણાવ્યું કે રાત્રિ ચાલે છે, તો આપણને પ્રભાતનાં કિરણોનાં દર્શન થાય છે, બીજ વિકસે તો જ વૃક્ષનું સર્જન થાય, નહીં તો તે સડી જાય, છોડનો વિકાસ થાય તો જ ફળ અને ફૂલ પ્રાપ્ત થાય, એ રીતે મનુષ્ય પણ જો ટૂંટિયું વાળી બેસી રહે તો તેનું જીવન બંધિયાર અને કુંઠિત થઈ જાય.

દુનિયામાં બીબાંઢાળ વસ્તુઓ કદાચ જોઈએ તેટલી મળી શકે, પણ બીબાંઢાળ જીવન તો ન જ મળી શકે. લોકો જપ-સત્સંગ કરે છે, પણ તેમાંના મોટા ભાગના લોકોને એમ લાગતું હોય છે કે આપણું જીવન સ્થગિત ક્રમ છે, કારણ કે આપણે ગતાનુગતિકતાથી જીવીએ છીએ તેથી અંતરમાં કશું ઊગતું નથી. દરેકનું ચૈતસિક બંધારણ-સાયકિક ક્રાન્સ્ટિટ્યુશન-અલગ અલગ હોય છે. પોતપોતાની શક્તિનુસાર સૌએ જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ કે રાજયોગ પસંદ કરવાનો હોય છે,

પાંચમા દિવસનું પહેલું વ્યાખ્યાન હતું 'ગાંધીજીવિચાર પર જૈન ધર્મકા પ્રભાવ.' વક્તા ડૉ. રામજી સિંહે જણાવ્યું હતું કે ગાંધીજીના જીવન પર જગતનાં તમામ શુભ તત્ત્વોની અસર પડી છે. જૈન ધર્મની પ્રકૃતિ જ અહિંસાની છે. ગાંધીજીએ સત્યાગ્રહની ભાવના સોક્રેટિસ પાસેથી, પ્રેમની ભાવના ઇસુખ્રિસ્ત પાસેથી લીધી, તેમ અસ્પૃશ્યતા નિવારણની દૃષ્ટિ ગાંધીજીને ભગવાન મહાવીર પાસેથી લાધી હતી. શ્રીમદ્ રાજચંદ્રનો ગાંધીજી ઉપર ઘણો મોટો પ્રભાવ હતો.

ગાંધીજીની પ્રતિભા કોઈ જાતિ, સંપ્રદાય યા પ્રાંત કે દેશ પૂરતી મર્યાદિત નથી. તીર્થંકર નેમિનાથે વિવાહની પૂર્વસંધ્યાએ પશુઓની હિંસા કરીને માંસાહાર વડે ઉજવાતી મિજબાની સામે તીવ્ર આક્રોશ પ્રગટ કરીને લગ્ન સાથે જ છેડો ફાડી નાખ્યો હતો. ભગવાન મહાવીરે અવર્ણોને જૈન ધર્મસંઘમાં સામેલ કરીને દીક્ષા આપી હતી. આમ ગાંધીજી ઉપર જૈન ધર્મના સિદ્ધાન્તોનો ઘણો મોટો પ્રભાવ પડ્યો હતો.

બીજા વ્યાખ્યાતા ડૉ. ગુણવંત શાહે 'શ્રીકૃષ્ણનું જીવન-સંગીત' એ વિષય પર બોલતાં કહ્યું હતું કે કૃષ્ણ ગાય સંસ્કૃતિના ઉદ્ઘાટક હતા. શ્રીકૃષ્ણે ગાયોની સેવા કરી, માખણ લૂંટ્યું અને આમ તેઓએ શાકાહારની ભૂમિકા તૈયાર કરી. કૃષ્ણના મુખેથી નીકળેલા વાક્ય 'સંભવામિ યુગે યુગે' નો અર્થ મારા મતે એવો થાય છે કે 'દરેક યુગે મારા સંદેશાના નવાં નવાં અર્થઘટનો થાય એમ શ્રીકૃષ્ણ કહેવા માગે છે' એમ ડૉ. શાહે જણાવ્યું હતું. કૃષ્ણ

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી

'સંઘ'ના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત ઉપરોક્ત વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે :

વ્યાખ્યાતા	વિષય
શ્રી શશિકાન્ત મહેતા	જિન-ભક્તિ
પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજી	સાધર્મિક ભક્તિ

સમય : ગુરુવાર, તા. ૧૦-૧૦-૧૯૮૫ સવારના ૯-૦૦ કલાકે

સ્થળ : ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ ૪૦૦૦૦૭.

આ વ્યાખ્યાનશ્રેણી પૂ. આ. **શ્રી વિજયઇન્દ્રદિન્ન-સૂરીશ્વરજી મ.** તથા પૂ. આ. **શ્રી વિજયજનકચંદ્ર-સૂરીશ્વરજી મ.** આદિની નિશ્રામાં યોજાશે.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.

શૈલેશભાઈ એચ. કોઠારી	**કે. પી. શાહ**
પન્નાલાલ કે. છેડા	**પન્નાલાલ ર. શાહ**
સંયોજકો	મંત્રીઓ

સુદામાના તાંદુળ અને વિદુરજીની ભાજી ખાઇ શકે છે, ગામ બહાર મોકલાતા માખણ પર દાણ માગે છે, કારણ કે ગામના લોકો તેનાથી વંચિત રહે તે તેમને મંજૂર નથી. ગરીબોને પોષાતી ચીજોનો કૃષ્ણે આમ પુરસ્કાર કર્યો છે. શ્રી રામ મર્યાદાપુરુષોત્તમ હતા તેઓ સિદ્ધાંતને અનુસરતા; જ્યારે શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ હતા. તેઓ જે આચરે તે તે સિદ્ધાંત બની જતો.

છઠ્ઠા દિવસના પહેલા વ્યાખ્યાન 'ધર્મ : માનવતા કે વિકાસકા સાધન' વિશે બોલતાં વક્તા ડૉ. શેખરચંદ્ર જૈને જણાવ્યું હતું કે ધર્મ હમેશાં માનવતા સાથે જોડાયેલો છે. સ્થૂળ ને જડપણે ક્રિયાકાંડ આચરવા એ ધર્મ નથી- ક્રિયાઓના મર્મને સમજીને આચરવાથી જ આચરણ સાર્થક થાય.

ક્ષમા, નિરાભિમાન, નિષ્કૃળતા, સત્ય વચનની ભાવના, વ્રત-નિયમ, તપ-ત્યાગ વગેરે મળીને ધર્મ બન્યો છે.

બીજા વક્તા હતા ડૉ. ચી. ના. પટેલ 'ધર્મશ્રદ્ધાની કટોકટી' વિષય પર બોલતાં એમણે જણાવ્યું હતું કે ધર્મઅશ્રધ્ધાની કટોકટી આજે તીવ્રપણે અનુભવાઇ રહી છે. સેંકડો હજારો વર્ષ પૂર્વે ધર્મમાં જે આસ્થા હતી તેનાં દર્શન આજે ઉત્તરોત્તર દુર્લભ બની રહ્યાં છે. ટી. એસ. એલિયટે 'વેસ્ટ લેન્ડ' (મરુભૂમિ) નામક કાવ્યમાં લખ્યા મુજબ આજે શૂન્યતા, નિર્વેદ, વેરઝેર, પ્રેમનો અભાવ વગેરે વ્યાપી રહ્યાની લાગણી અનુભવાય છે.

અમેરિકાએ સામ્યવાદના વિરોધમાં સૂત્ર આપ્યું હતું કે બેટર ડેડ ધેન રેડ (સામ્યવાદી થવા કરતાં મરી જવું સારું) પરંતુ ઇતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બીએ કહ્યું હતું કે બેટર રેડ ધેન ડેડ. જીવતો નર ભદ્રા પામે-જો જીવતા રહીશું તો શક્ય છે કે સામ્યવાદનાં દૂષણો આગળ જતાં નાબૂદ પણ થાય.

સાતમા દિવસે પ્રથમ વ્યાખ્યાતા શ્રી વસંતભાઇ ગોખાણીએ 'ધાર્મિક જીવનનું અધિષ્ઠાન : ત્યાગ અને વૈરાગ્ય' ઉપર બોલતાં કહ્યું હતું કે ભર્તૃહરિએ કહ્યું છે કે સંસારમાં બધી જ વસ્તુઓ ગુમાવવાનો ભય હોય છે, જીવનને મૃત્યુનો ભય હોય છે પણ એક વૈરાગ્ય જ અભય છે. ભારતની આર્થિક સંસ્કૃતિ કૃષિપ્રધાન છે તો આત્મિક સંસ્કૃતિ ઋષિ પ્રધાન છે. ભારતભૂમિમાં ત્યાગને જીવનનો આદર્શ ગણવામાં આવ્યો છે. ચાણક્યે પોતાનું સાદું નિવાસસ્થાન ગંગાના કિનારે વસાવ્યું હતું. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગાંધીજીએ રાષ્ટ્રપતિ ભવનમાં રહેવાને બદલે દિલ્હીની હરિજન કોલોનીમાં રહેવું પ્રસંદ કર્યું હતું. ત્યાગ એ સંસ્કૃતિનું પ્રાણતત્ત્વ છે; ધર્મનો ઘોરીભાર્ગ છે વસ્તુ પ્રત્યે વિધેયાત્મક રીતે ઉદાસીન બનો, ઉપલબ્ધિ છતાં તેના પ્રત્યે મોહભાવ ન રાખો એ જ સાચો ત્યાગ.

બીજા વક્તા હતા પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજી. 'સાધનાકા બાધક સમતા' એ વિષય પર બોલતાં તેમણે જણાવ્યું હતું કે માન-અપમાન, નિંદા-સ્તુતિ, ઉપાસના-ઉપહાસ જેવા દ્વંદ્વો વચ્ચે સમતા, સમભાવ કેળવવાથી જ આપણી માનવતા સાર્થક બને છે. ચિત્તને સમતોલ રાખવાથી કર્મથી આબદ્ધ નથી બનાતું. સમતા છોડી, મમતા અને વિષમતા ગ્રહણ કરીએ તો આપણે સાધનામાર્ગમાં પાછળ પડીએ છીએ.

વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસે પ્રથમ વ્યાખ્યાન 'ધર્મનું મૂળ વિનય' એ વિષય ઉપર બોલતાં વ્યાખ્યાતા પ્રા. તારાબહેન ર. શાહે જણાવ્યું હતું કે જેમાં કર્મનું વિનયન એટલે કે શુદ્ધિકરણ થાય તે વિનય. વિનય એક પ્રકારનું તપ છે. વિનયથી જાગૃતિ આવે, જ્ઞાન મળે અને ચારિત્ર્યશુદ્ધિ થતાં ક્રમે ક્રમે મોક્ષ મળે છે. કૂવામાંથી પાણી કાઢવા માટે ઉતારવામાં આવતો ઘડો જો સીધો રાખશું તો તેમાં પાણી ઢાખલ નહીં થાય પણ જો તેને સહેજ વાળવામાં આવશે તો જ તેમાં પાણી ભરાશે. પગરખાં ક્રમ 'સીવવાં તે એક મોચી પાસેથી શીખતી વેળા ગાંધીજી પોતે નીચે બેસીને મોચીને થોડા ઊંચા આંસને બેસાડ્યો હતો. 'અત્યારે આ મોચી મારો ગુરુ છે.' એવા બાપુના જવાબમાં તેમની નમ્રતા, તેમનો વિનય જણાય છે. વિનયથી વિદ્યા આવે છે, શોભે છે અને સાર્થક થાય છે, બલકે તેમાં વૃદ્ધિ થાય છે. નમે તે પ્રભુને ગમે એ ન્યાયે જીવનમાં વિનયનું સ્થાન અનેરું છે.

બીજા વક્તા હતા પૂ. મોરારીબાપુ. તેમનો વિષય હતો. 'રામાયણમાં ભક્તિનો મહિમા' તેમણે કહ્યું કે જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધ થઇ શકે છે. પણ ભક્તિ કદી વૃદ્ધ થતી નથી. શબરી, મીરાં, રાધા-ભક્તિનાં આ સૌ પ્રતીકો નિત્ય યુવાન જ જોવા મળે છે. ભક્તિ હશે ત્યાં મન અને નયન સદૈવ જાગૃત રહેશે. ભક્તિના શુદ્ધ આચરણ સારુ પાસેનું ધન બને તેટલું ઘટાડતા જાઓ, તન મધ્યમ રાખો, પણ મનને હંમેશાં મોટું એટલે કે ખૂલ્લું રાખો.

વ્યાખ્યાનમાળાના આંઠે ય દિવસ પ્રમુખપદની જવાબદારી ડૉ. રમણભાઇ શાહે સંભાળી હતી.

સમગ્ર વ્યાખ્યાનમાળા દરમિયાન દરરોજ પહેલા વ્યાખ્યાનનો પ્રારંભ થતાં પહેલાં આમંત્રિત વિવિધ ભજનિક બહેનોએ પોતાના ભાવવાહી સ્વરોથી શ્રોતાઓને ભક્તિરસનો સત્સંગ કરાવ્યો હતો. શ્રીમતી મેરોજ ચેટરજી, ગોપીબહેન ઉપાધ્યાય, વીણાબહેન મહેતા, કોકીલાબહેન વકાણી, શોભાબહેન સંઘવી, ચંદ્રાબહેન કોઠારી, શ્રીમતી આરતીબહેન તથા નિર્મળાબાઇ, સોનાલીબહેન જાલોટા, આ સૌ ભજનિકોએ ભક્તિસંગીત પીરસ્યું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન

'સંધ'ના ઉપક્રમે સરદાર વલ્લભભાઇ પટેલની ૧૨૧ મી જન્મ જયંતી નિમિત્તે નીચે મુજબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

વિષય : સરદાર વલ્લભભાઇ પટેલ ભારતની એકતાના વિધાતા

વ્યાખ્યાતા : શ્રી અટલ બિહારી બાજપાઇ

પ્રમુખ : શ્રી અમર જરીવાલા

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦ ૦૨૦

સમય : ગુરુવાર, તા. ૩૧-૧૦-૮૫ સાંજના ૬-૦૦ કલાકે

ક્રાંતિવીરોના ચિત્રોનું પ્રદર્શન

તા. ૩૧ મી ઓકટોબર અને તા. ૧, ૨ અને ૩જી નવેમ્બર, ૧૯૮૫ના રોજ ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સના બીજે માળે ભારતના ક્રાંતિવીરોનું એક ચિત્ર પ્રદર્શન 'જરા યાદ કરો કુરબાની' યોજવામાં આવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન શ્રી અટલ બિહારી બાજપાઇ કરશે. આ ચિત્ર-પ્રદર્શનનો સમય દરરોજ સાંજના ૪-૦૦ થી ૮-૦૦ સુધીનો રહેશે. રસ ધરાવતાં ભાઈ-બહેનોને તેનો લાભ લેવા વિનંતી.

રમણલાલ ચી. શાહ — પ્રમુખ

ચીમનલાલ જે. શાહ — ઉપપ્રમુખ

કે. પી. શાહ

પન્નાલાલ ર. શાહ — મંત્રીઓ

સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે થયેલું અર્થસિંચન

સંઘને ભેટ

૧,૪૪,૪૮૩ તા. ૧૬-૯-૮૫ના અંકમાં પ્રગટ થયેલી રકમો
૫૦૦૦ મે. ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન કેળવણી ફંડમાં હા. શ્રી પ્રતાપભાઇ ભોગીલાલ
૩૫૦૦ શ્રી જસવંતભાઈ અજમેરા (ચિમકેા બાયેા કેમ)
૨૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૨૫૦૦ શ્રી ઉષાબેન એચ. શાહ
૨૫૦૦ શ્રી જે. આર. શાહ
૨૫૦૦ શ્રી ચીનુભાઇ છગનલાલ
૨૫૦૦ શ્રી ચન્દ્રકાન્ત દીપચંદ શાહ
૧૫૦૦ શ્રી રમણીકલાલ મોહનલાલ
૧૫૦૦ સ્વ. બાબુલાલ પ્રેમચંદના સ્મરણાર્થે
૧૫૦૦ શ્રી સુરેશભાઇ સંઘરાજકા
૧૦૦૦ સ્વ. ચંપકલાલ હીરાલાલના સ્મરણાર્થે
૧૦૦૦ સ્વ. શકુંતલાબેન ચંપકલાલના સ્મરણાર્થે
૧૦૦૧ શ્રી એસ. પી. મહેતા
૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ શ્રી લાભુભાઇ મહેતા
૫૦૧ શ્રી ચીનુભાઈ માણેકલાલ
૫૦૧ શ્રીમતી ભુરીબેન લક્ષ્મીચંદ ગોળવાળા
૫૦૧ મે. નીરુ એન્ડ કું.
૫૦૧ શ્રીમતી સરોજબેન એમ. શાહ
૫૦૧ શ્રી એલ. વી. સંઘવી
૫૦૦ શ્રી શાન્તિલાલ ઉજમશી શ્રોફ
૫૦૧ શ્રીમતી રૂક્ષ્મણીબેન લવણપ્રસાદ શાહ
૨૫૧ શ્રી મંગળદાસ તુલસીદાસ શાહ (કેળવણી ફંડમાં)
૨૫૦ એક બહેન તરફથી
૨૫૧ શ્રીકાન્ત સાંકળચંદ વસા
૨૫૧ મે. આરટોન ગ્રીન એન્ડ કું.
૨૫૧ મે. લાઇટ હાઉસ
૨૫૧ શ્રી આર. આર. શ્રોફ
૨૦૧ શ્રીમતી સુશિલાબેન
૨૦૧ શ્રીમતી ઉર્મિલાબેન જોશી
૧૫૦ શ્રીમતી સુષ્માબેન ઠક્કર
૧૦૨ શ્રી ધનેશ બી. ઝવેરી
૧૦૨ શ્રીમતી લીનાબેન શેઠ
૧૦૧ શ્રીમતી કુસુમબેન એસ. શેઠ
૧૦૧ મે. વિપુલ ઇન્ડસ્ટ્રીઝ
૧૦૧ શ્રી રમણીકલાલ એસ. ગોસલીયા.
૧૦૧ ડો. એન. ડી. પરીખ
૧૦૧ શ્રી મહેન્દ્ર શાન્તિલાલ
૧૦૧ શ્રી નીમચંદ ચીમનલાલ કુવાડિયા
૧૦૧ શ્રીમતી રેખાબેન ઝવેરી
૧૦૧ શ્રી કાન્તીલાલ સી. ભંડારી
૧૦૧ શ્રી જયન્તિલાલ ઠક્કર
૧૦૦ સ્વ. દુર્લભજી ઉમેદચંદ પરીખ
૫૧ શ્રી જગમોહનદાસ દાસાણી
૫૧ શ્રી ધરમચંદ નાથુભાઇ
૫૧ શ્રી મોહનલાલ ઠાકોરદાસ કોઠારી
૫૧ શ્રીમતી ચંપાબેન એમ. સંઘવી
૫૧ શ્રીમતી હીરાબેન દીપચંદ સંઘવી
૫૧ શ્રીમતી હિંમતરામ રતનસી ગડા
૫૧ શ્રીમતી રીનાબેન હેમંતકુમાર મહેતા
૫૦ શ્રી જીવણલાલ કે. મહેતા
૫૦ શ્રી જયંતિલાલ તુરખીયા
૫૦ શ્રીમતી જયવંતીબેન નથુભાઇ પારેખ
૫૪ રૂપિયા પચાસથી નીચેની રકમો

૧,૮૧,૩૨૩

પ્રેમળ જ્યોતિને ભેટ

૩૩૫૬ તા. ૧૬-૯-૮૫ ના અંકમાં પ્રગટ થયેલી રકમોનેા સરવાળેા
૨૫૦૧ શ્રીમતી નિર્મળાબેન ઇન્દુલાલ શેઠ
૨૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧૦૦૦ શ્રીમતી કુસુમબેન ગુલાબચંદ શાહ
૧૦૦૦ શ્રી એ. આર. શાહ
૧૦૦૦ શ્રી દેવકુંવરબેન શાહ
૫૦૧ શ્રીમતી ગુણવંતીબેન દયાચંદ ઝવેરી
૫૦૧ મે. કાટક સરક્યુલેટીંગ લાયબ્રેરી
૫૦૦ શ્રી ભરતકુમાર કેશવલાલ શાહ
૫૦૦ શ્રી રમેશભાઇ વિમલભાઇ શેઠ
૨૫૦ શ્રીમતી મોહિનીબેન દલાલ
૨૫૧ શ્રીમતી અનસુયાબેન કેશવજી
૨૫૧ ડો, એન. આર. ભીંડે
૨૫૧ શ્રી એ. આર. ગાંધી
૨૦૧ શ્રી મધુસુદન હીરાલાલ શાહ
૨૦૧ શ્રી આર. કે. જૈન
૧૫૧ શ્રી ચંપકલાલ ચુનિલાલ
૧૧૧ શ્રી જે. જી. માલદે
૧૫૧ 'સાગરતરંગ' સંઘ તરફથી
૧૦૧ શ્રીમતી ઉષાબેન ઝવેરી
૧૦૧ શ્રી હીરજી કારીયા
૧૦૧ શ્રી હીરાલાલ ડગલી
૧૦૧ શ્રી ગજેન્દ્ર આર. કપાસી
૧૦૧ શ્રી ગુણવંતલાલ બી. ધીઆ
૧૦૧ શ્રીમતી સરયુબેન
૫૧ ડો. હસમુખભાઈ કુવાડીયા
૫૧ શ્રીમતી નીલાબેન દ્વારકાદાસ
૫૧ શ્રી બળવંતરાય ભીમજીભાઇ વસીના સ્મરણાર્થે
૫૧ શ્રી હર્ષદ્રરાય તલકચંદ શાહ
૫૧ શ્રીમતી સુશીલા ચન્દ્રકાન્ત મહેતા
૫૦ શ્રીમતી મોના અમિત દમણીઆ
૫૦ શ્રીમતી જયવતીબેન રતનચંદ પરીખ
૫૦ શ્રી રતનચંદ ભોગીલાલ પારેખ
પચાસથી નીચેની રકમો
૪૫ ચંદુલાલ શાહ

૧૫,૭૩૩

સી. યુ. શાહ મેડીકલ એઈડ ફંડમાં

૧૦૦૦૦૦ શ્રી સી. યુ. શાહ ચેરીટીઝ
૨૫૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫૦૦૦ શ્રી કે. એન. શાહ
૫૦૦૦ મે. લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ હા. શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ
૧૫૦૦ શ્રી એ. આર. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૧ શ્રી પ્રકાશ શાન્તિલાલ દોશી
૧૫૧ શ્રી હીમાંશુ રતિલાલ પાલેજવાળા
૧૦૧ શ્રી હીરાલાલ ડગલી

૧,૩૭,૨૫૩

(વધુ નામાવલી આવતા અંકે)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧૦-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

'ભગવાન'ની લીલા અકળ

પુરાણકથિત દેવો કે ભગવાનોની લીલા જેમ અકળ છે તેમ સમાચારપત્ર કથિત વર્તમાન સમયના ભગવાનોની લીલા પણ અકળ હોય છે. એવા ઘણા બધા ભગવાનોમાંના એક તે ભગવાન રજનીશ, હમણાં હમણાં દુનિયાભરનાં છાપાંઓમાં અને સામયિકોમાં ઠીક ઠીક ચમકવા લાગ્યા છે.

આમ પણ ભગવાન રજનીશ આરંભથી જ ચોંકાવનારાં વિધાનો કરવા માટે મશહૂર છે. પરંતુ આ વખતની ઘટનાઓ કંઇક ગંભીર લાગે એવી છે. એમની જ પટ્ટ શિષ્યાએ બીજા કેટલાક શિષ્યો સાથે મળીને રજનીશ અને એમના કેટલાક નિકટના સાથીઓને ઝેર આપીને મારી નાખવાનું કાવતરું કર્યું હતું એવી વિગતો છાપામાં ચમકી છે. પૈસા લઇને રિવ્રઝરલેન્ડ ચાલી ગયેલી પટ્ટશિષ્યા અને બીજા સાથીઓએ રજનીશ ઉપર કેટલાક આક્ષેપો કર્યા છે. રજનીશે પોતાના ગ્રન્થો, કેસેટો અને આપેલા ભગવા વેશની હોળી કરવા માટે પોતાના શિષ્યોને અનુરોધ કર્યો છે. આ બધી બાબતોમાં કેટલું તથ્ય છે અને કેટલું નહિ તેની પૂરી અને આધારભૂત વિગતો આપણી પાસે નથી. એક ભારતીય પત્રકારે રજનીશની મુલાકાત લઇ ઘણા બધા પ્રશ્નો વિષે રજનીશના જવાબો પોતાના સામયિકમાં વિગતે છાપ્યા છે. એમાંથી પણ રજનીશના વ્યક્તિત્વના નવા વળાંકની ઝાંખી થાય છે.

જબલપુર યુનિવર્સિટીના એક પ્રાધ્યાપક તરીકે રજનીશ પહેલીવાર મુંબઇ આવ્યા ત્યારે પ્રાધ્યાપકના નાતે ઋષભદાસ રાંકાને ઘેર હું એમને મળવા ગયો હતો. ત્યારે રજનીશ એક અત્યંત તેજસ્વી, બુદ્ધિશાળી, મેધાવી, બહુશ્રુત પરંતુ સ્વભાવે સ્વકેન્દ્રી, પાકા, આખાબોલા, અને નિંદક મને લાગ્યા હતા. ત્યાર પછી રજનીશના ઘણાં પ્રવચનો સાંભળ્યાં. પરંતુ તુલસીશ્યામની શિબિર વખતે બાજુની જ રૂમમાં ઊતરેલા રજનીશનું જે નયું દંભભર્યું વર્તન જોયું તે પરથી રજનીશ વિષેનો મારો કેટલોક ભ્રમ ભાંગી ગયો હતો. રજનીશ એક સાધક કરતાં બૌદ્ધિક વ્યાયામવીર વિશેષ છે એવી પ્રતીતિ થઇ હતી. અલબત્ત માત્ર કુતૂહલ અને જિજ્ઞાસાવૃત્તિથી ત્યાર પછી પણ રજનીશનાં ઘણાં વ્યાખ્યાનો મેં સાંભળ્યાં છે અને આજ દિવસ સુધી જુદાં જુદાં વ્યાખ્યાનોની કેસેટો પણ સાંભળતો રહ્યો છું. રજનીશની વ્યાખ્યાનશૈલી અને અભિનવ દૃષ્ટિનો હું પ્રશંસક છું.

રજનીશ એક અસાધારણ, અદ્વિતીય કહેવાય એવા મોહક વક્તા છે. એમની વાગમોહિનીનું આકર્ષણ જબરું હોય છે. રજનીશ પાસે મૌલિક દૃષ્ટિ છે અને અસાધારણ તર્કશક્તિ છે. સાચા કે ખોટા તર્ક વડે કોઇ પણ વસ્તુ સિદ્ધ કરવી એ રજનીશને મન સરળ વાત છે. સામાન્ય લોકો એમની વાતથી અંજાઇ જાય છે, પરંતુ વિવિધ ધર્મના જે ઊંડા અભ્યાસીઓ કે જાણકારો છે તે જાણે છે કે રજનીશ કેટલીક વખત શ્રોતાઓના અજ્ઞાનનો લાભ લઇ હાંકે રાખે છે.

અલબત્ત રજનીશનો દુનિયાના જુદા જુદા ધર્મોના અને મહાત્માઓના જીવન અને સાહિત્યનો અભ્યાસ ઘણો ઊંડો છે. એમની વાંચવાની ઝડપ પણ ઘણી મોટી છે. એમની સ્મૃતિ પણ એટલી જ સતેજ છે. (અમેરિકા ગયા પછી સ્મૃતિ થોડી મંદ થઇ હોય એમ જણાય છે.) હજારો ગ્રન્થો એમણે વાંચ્યા હશે. મારા મિત્ર શ્રી ઇન્દુકરભાઇ ઝવેરીએ અનેક ગ્રંથો પોતાને ખર્ચે રજનીશને પૂરા પાડ્યા છે. વાચન, વિચાર, તર્કયુકતતા, સ્વસ્થ અર્થઘટન, અભિનવ દૃષ્ટિકોણ, સૂક્ષ્મ પૃથક્કરણ, પ્રત્યુત્પન્ન બુદ્ધિ-મતિ, મૌલિક કવિત્વમય વાગ્ધારા, સુંદર દૃષ્ટાન્તો ઇત્યાદિના વિચાર કરીએ તો રજનીશ વર્તમાન જગતના એક મોટામાં મોટા 'Genius' છે એની ના નહિ કહી શકાય. અનેક વિષયો ઉપર એમણે પાડેલો પ્રકાશ અદ્‌ભુત છે.

આમ છતાં રજનીશ સર્વથા પવિત્ર 'Genius' છે એમ નહિ કહી શકાય. કદાચ આ 'પવિત્ર' શબ્દ રજનીશ કે એમના ભક્તોને માન્ય ન પણ થાય. ખુદ રજનીશ ધારે તો સિદ્ધ કરી આપે કે પવિત્રતા વગર આ દુનિયા ટકી ન શકે અને પછી એમ પણ સિદ્ધ કરી આપે કે પાવેત્રતા જેવી કોઇ વસ્તુ નથી અને દુનિયામાં એની કોઇ આવશ્યકતા નથી.

એ દૃષ્ટિએ રજનીશ પોતાનાં વક્તવ્યોમાં માત્ર દ્વિમુખ જ નહિ, ત્રિમુખ, ચતુર્મુખ કે પણમુખ પણ રહ્યા છે. પાર્ટ જ કહેલી વાતનો અન્ય પ્રસંગે પોતે જ વિરોધ કરે અને વિસંગતે તે સાંભળનારને જાગૃત રાખવા માટે છે એમ બચાવ પણ કરે અજનબિલની કથા જેવી સુંદર અર્થસભર બીજી કોઇ કથા નથી એમ એક પ્રવચનમાં કહે અને અજનબિલની કથા જેવી મૂર્ખ અને અર્થહીન બીજી કોઇ કથા નથી એમ બીજા એક પ્રવચનમાં પણ કહે.

વિદેશી શિષ્યોના ધસારા પછી પોતે લાઓત્સે, બુદ્ધ,

મહાવીર, બુદ્ધ ખ્રિસ્ત, મહમ્મદ પયગમ્બર વગેરે જેવા જ એક 'બુદ્ધપુરુષ' છે અને આ પોતાનો છેલ્લો જન્મ છે એવું વારંવાર તેમણે ઠસાવ્યું છે. આમ છતાં દુનિયાના કોઈ પણ ધર્મની સાચા ખોટા આક્ષેપો કરી ઝાટકણી કાઢવામાં રજનીશે જરાપણ બાકી રાખ્યું નથી.

લાઓત્સે, ગુર્જિયેફ અને કૃષ્ણમૂર્તિ એ ત્રણ પ્રત્યે રજનીશને વિશેષ આદરભાવ રહ્યો છે અને એ ત્રણ વિષે રજનીશે ભાગ્યે જ હીન વચન ઉચ્ચાર્યાં હશે! એ સિવાય રજનીશે ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ઇશુ ખ્રિસ્ત, મહમદ પયગમ્બર જેવા જગતના મહાન ધર્મપુરુષો સહિત ગાંધીજી, વિનોબા, મહેશ યોગી નિત્યાનંદ સ્વામી, આચાર્ય તુલસી અને નથમલજી, ઇન્દિરા ગાંધી, મોરારજી દેસાઇ, મધર ટેરેસા તથા વર્તમાન સમયના દુનિયાના બીજા અનેક રાજદ્વારી પુરુષો, ધર્માચાર્યો, કેળવણીકારો સમાજનેતાઓ ઉપર આકરા પ્રહારો કર્યા છે. એમની વાણીમાં કેટલુંક સત્ય હશે, પરંતુ એમની દૃષ્ટિ એકાંતિક રહી છે. પોતે જે કહે તે એટલા આવેગથી કહે કે સાંભળનાર વ્યકિત તેમાં ઘસડાયા વગર રહે નહિ. પરંતુ પાછળથી સ્વસ્થતાથી વિચાર કરે તો રજનીશના વકતવ્યમાં કેટલીક ત્રુટિઓ રહેલી છે, કેટલોક ગલત તર્ક રહેલો છે તેની સમજણ પડે. આશ્રમમાં દરેક વ્યકિતને સ્વતંત્રતા હોવી જોઇએ એમ કહી ગાંધીજીએ આશ્રમમાં ચા પીવાની મનાઇ ફરમાવી હતી એ વાતની ઉપહાસપૂર્વક ટીકડી ઉડાવનાર રજનીશના પોતાના આશ્રમમાં સાણથી નાહીને સભામાં જવાની એટલી બધી કડક મનાઇ હતી કે વ્યવસ્થાપકો પ્રવેશ કરનારના કપડાં અને શરીર સૂંઘે. (બુદ્ધ પુરુષને પણ સાબુ અને સેન્ટની કેટલી બધી એલર્જી!) રજનીશનું જીવન, વ્યકિતત્વ અને વકતવ્ય એટલે વિતર્ક, વિસંગતિ અને વિસંવાદનો મહાનિધિ. આજે રજનીશે જે કહ્યું હોય તેનાથી વિપરીત આવતી કાલે તેઓ નહિ કહે તેની ખાતરી નહિ. પાતંજલ યોગસૂત્ર પરનાં વ્યાખ્યાનોમાં બ્રહ્મચર્યનો અપાર મહિમા સમજાવનાર રજનીશ હવે કહે છે કે બ્રહ્મચર્યની કોઇ જરૂર નથી, સંપૂર્ણ બ્રહ્મચર્ય કોઇ પાળી શકે નહિ. વસ્તુત: બ્રહ્મચર્ય અને કામભોગ વિશેના રજનીશના છેલ્લાં કેટલાંક વર્ષોમાં વ્યકત થયેલા વિચારોમાં એમની વિકૃત મનોદશાનો ભાસ થાય છે. છેલ્લાં કેટલાંક અંગ્રેજી પ્રવચનોમાં દૃષ્ટાંત–શોખીન રજનીશે ઘણા અશ્લીલ ટુચકાઓ કહ્યા છે. કેટલીક વખત તો વ્યાખ્યાનના અંતે સમય પસાર કરવા માટે વાંચેલા કે પોતે બનાવેલા પુષ્કળ ગંદા ટુચકાઓ માત્ર કહેવા ખાતર કહ્યા છે. એમના પરમ ભકત એવા કેટલાક મહાનુભાવોને પણ એવા ટુચકાઓ સાંભળી ચીતરી ચઢી છે. રજનીશ પોતે જ જાણે જાતીય વિકૃતિનો ભોગ બન્યા હોય એમ ભાસે છે.

ચોંકવનારાં વિધાનો કરીને પ્રસિદ્ધિ મેળવવી અને જેમ જેમ પ્રસિદ્ધિ વધતી જાય તેમ તેમ દુનિયાભરના મહાપુરુષો ઉપર ચોંકાવનારા ભયંકર પ્રહારો કરી પાછી વધુ પ્રસિદ્ધિ મેળવવી એ રજનીશના જીવનનું આરંભથી જ એક લક્ષ્ય રહ્યું છે. ભાષા અને તર્ક ઉપર અપ્રતિમ પ્રભુત્વ ધરાવનાર અને વિશાળ વાંચન દ્વારા પૌરાણિક વર્તમાન જગતના ઘણું બધું સાહિત્યથી સુપરિચિત એવા રજનીશે પોતાની શકિતઓનો અનેક લોકોને સન્માર્ગે વાળવા કરતાં ભ્રમિત કરવામાં વધુ ઉપયોગ કર્યો છે; મુકત સહચાર અને સંભોગ દ્વારા સમાધિના નામે અનેક દંપતીઓના જીવન બગાડ્યાં છે. કેટલાક એમ માને છે કે સંભોગ દ્વારા સમાધિની વાત રજનીશની મૌલિક વાત છે. વસ્તુત: ભારતીય પરંપરામાં એ પ્રાચીન સમયથી ચાલી આવે છે. તંત્રવાદીઓમાં એ જાણીતી છે. મધ્યકાલમાં પાશુપત મતવાળાઓએ એના પ્રયોગો કર્યા છે. પરંતુ લાખો કરોડો માણસોમાં એકાદ અધિકારી વ્યકિત જ એ સિદ્ધ કરી શકે તો કરી શકે. અન્યથા તો વ્યભિચારમાં જ પરિણમે. આપણે ત્યાં પાશુપતમત પણ છેવટે તો વ્યભિચારના અખાડામાં પરિણમ્યો હતો. રજનીશના આશ્રમની પણ એ જ દશા છે. સમાધિને બદલે ભ્રષ્ટતા, ઉન્માદ, ગાંડપણના ભોગ પણ ઘણાં બન્યા છે. ઘણાંના જીવન એથી પાયમાલ થયાં છે.

ભૂત કે ભવિષ્યનો વિચાર ન કરતાં વર્તમાનમાં પ્રત્યેક ક્ષણે, સાક્ષીભાવે અસ્તિત્વને માણવાનો બોધ આપનાર અને પોતે અહોરાત્ર સતત સાક્ષીભાવમાં રહે છે એવું શ્રોતાઓને અનેકવાર ઠસાવનાર રજનીશને અમેરિકામાં ગ્રીનકાર્ડ મેળવવા માટે અમેરિકન સરકાર સામે પેંતરાઓ રચીને લહ્ત આપવાનું વિચારવું પડે. ટ્રાન્કિવલાઇઝર–દવાઓ દ્વારા મનની શાંતિ મેળવનારા ઉપર આકરા પ્રહારો કરનાર રજનીશને પોતાને ટ્રાન્કિવલાઇઝરનો ઉપયોગ કરવો પડે. બાહ્ય પદાર્થમાં સુખ નથી એમ સમજાવનાર રજનીશને બાહ્ય સુખસગવડો અને મોંઘામાં મોંઘા હીરાથી જડિત ઘ્રેસલેટ પહેર્યા વગર ચેન ન પડે. ઇત્યાદિ ઘટનાઓ એક મહાન વ્યકિતના જીવનમાં પણ કેટલો મોટો વિપર્યાસ આવી શકે છે તે દર્શાવે છે.

રજનીશે દુનિયાના અનેક લોકોને ભાંડવામાં કશું બાકી રાખ્યું નથી, એમની એવડી મોટી નૈતિક હિંમતની કેટલાક પ્રશંસા પણ કરી શકે, તો કેટલાક એની ટીકા પણ કરી શકે. જાણે બુદ્ધિનો ઇજારો માત્ર પોતાનો એક જ હોય એમ રજનીશે પોતાના પ્રવચનમાં 'બેવકૂફ' 'ગધા' કે Stupid Fool અને Idiot જેવા શબ્દો સેંકડો વખત વાપર્યા છે. (પ્રાચીન બુદ્ધ પુરુષોની વાણીમાં કયાંય અપશબ્દ જોવા નહીં મળે. વર્તમાન કહેવાતા 'બુદ્ધ પુરુષ'ની વાણીમાં અપશબ્દો આવ્યા વગર કેવી રીતે ચાલી શકે?)

અવર્ણવાદ એ જાણે કે રજનીશની એક લીલા જ છે, પરંતુ જૈન માન્યતા અનુસાર સ્થૂળ કે સૂક્ષ્મ અશુભ કર્મ કોઇને છોડતાં નથી. વર્તમાન કેટલીક ઘટનાઓ જાણે કે એમનાં અશુભ કર્મનો હવે ઉદય થવા લાગ્યો હોય એવી એંધાણી દર્શાવે છે.

રજનીશનો અંગત પરિચય મને બિલકુલ નથી. તેમ જ એમનાં પ્રવચનોનું શ્રવણ કે સાહિત્યનું વાંચન મેં ઘણું ઓછું કર્યું છે. તેમ છતાં મારા મન ઉપર રજનીશની જે છાપ પડી છે તે મેં અહીં વ્યકત કરી છે. એમાં કેટલીક ત્રુટિઓ પણ હશે અને કેટલુંક અસંમત થવા જેવું પણ હશે, પરંતુ આરંભકાળથી જ રજનીશના પરમ ચાહક થનારાઓ સમય જતાં એમનાથી દૂર ખસતા રહ્યા છે, તથા ઘણાં જેઓ પાસે હતા તેઓએ જ એમનું ખૂન કરવાનો વિચાર કર્યાનું કહેવાય છે એ બતાવે છે કે રજનીશ, રશિયાના રાસપુટીનની જેમ એક સંમોહક પણ વિવાદગ્રસ્ત વ્યકિત છે. દીવો અને પતંગિયા જેવી સ્થિતિ રજનીશ અને એમના ભકતોની રહ્યા કરી છે. આવેથી તે આકર્ષે છે, પાસે જતાં દઝાડે છે અને અડવા જતાં બાળે છે.

ભગવાન રજનીશની વર્તમાન અને ભાવિની લીલાઓ કેવી હશે તે અકળ છે.

રમણલાલ ચી. શાહ

સાંપ્રત સાહિત્યમાં જૈન સંદર્ભ : સિક્કાની બીજી બાજુ

મુનિશ્રી શીલચંદ્રવિજય

(ગતાંકથી પૂર્ણ)

૮. તા. ૧૬-૧૨-૮૪ ના હપ્તામાં (પ્ર. ૧૦) તો મહારાજશ્રીના મોંમાં લેખકે એવી અસંગત વાતો અને અછાજતાં વાક્યો કે શબ્દો મૂક્યા છે કે સમજદાર ભાવક એ વાંચીને છક થઈ ગયા વિના ન રહે! જુઓ : (૧) 'જવાબ તર્કયુક્ત છે, પણ સંતોષકારક નથી. (મહારાજશ્રી)' – 'તમારી કક્ષાએ પહોંચેલાને વળી સંતોષ અને અસંતોષ શું ? (અચ્યુત) 'અમે કઇ કક્ષાએ છીએ તેની તમને કેમ ખબર? (મહારાજશ્રી) (૨) 'મહારાજશ્રીને ભૂગોળ ખેડી નહિ. અનંતમાં તેની શી જરૂર?' આ સંવાદોમાં મહારાજશ્રીની આછકલાઇ, અજ્ઞાન અને અહં-જ પ્રગટ થતાં જોવાય છે. અને આ સંવાદ (કે વિસંવાદ?) જુઓ : (અચ્યુત :) 'મહારાજશ્રી, હું તમારી જોડે ચર્ચામાં નહિ ઊતરું, પણ મને એ સમજાતું નથી-કોઇ કરતું નથી, કરાવતું નથી, તો આ બધાં પ્રવચનો, અનુયાયીઓ શા માટે? ઉપાશ્રયો કેમ બંધાવો છો? પ્રવચનો કેમ આપો છો ગ્રંથો કેમ છપાવો છો, તમારાં વ્યાખ્યાનોની ટેઇપો કેમ વેચાવો છો?' પાસે બેઠેલા આ સીધા હુમલાથી સ્તબ્ધ થઇ ગયા.

'હું ઉતરાવતો નથી-તેમ હું કરાવતો નથી.' બે શેઠિયા કહે, 'મહારાજશ્રી કશું કરાવતા નથી. અમે અમારી મેળે દાન આપીએ છીએ. મહારાજશ્રી તો પૂર્ણ વીતરાગ છે.' મહારાજશ્રી કહે,-'હું કરાવતો નથી, જ્ઞાન દૃષ્ટિએ કોઇ કરતું-કરાવતું નથી, અજ્ઞાની જ આવું માને છે.'

અચ્યુતને આ સાંભળી ઝાંઝ ચડી-'તો તો કોઈ વ્યભિચાર કરીને કહે મેં કાંઈ કર્યું નથી-કરાવ્યું નથી.'

સન્નાટો છવાઇ ગયો. મહારાજશ્રીના મોંની રેખાઓ સહેજ તંગ બની ગઇ. રેખાને તો હૃદયમાં ઉથલપાથલ થઈ ગઇ, તે કાંઇક કહેવા જતી હતી-ત્યાં મહારાજશ્રી કહે-'તમે વિતંડાવાદ કરો છો, તમે આવતે જન્મે પશુ યોનિમાં જશો.'

અચ્યુત તપી જઇને કહે,- 'હું બકરો થાઉં કે કૂતરો થાઉં, તેની મને ચિંતા નથી. પુનર્જન્મ છે તેવું પણ મને ખાતરીબંધ લાગતું નથી, પણ તમે મને પૂછ્યું ત્યારે અહીંના જીવનારમાં, તમારા ઉપદેશમાં જે અસંગતિ દેખાઇ તે કહી, કોઇ કરતું નથી-કરાવતું નથી-તેમ માનતા હોઇએ તો મને બોલાવવાની-દવા લેવાની જરૂર શું ?' કહી તે ઊભો થઈ ગયો. પ્રણામ કરવા પણ ન રોકાયો.

મહારાજશ્રી કહે-'નાસ્તિક છે,'

આ આખોયે સંવાદ શું દર્શાવે છે? આચાર્યની ભૂમિકાએ પહોંચેલ એક વ્યક્તિના મોંમાં, એક ક્ષણે 'સૌને ખમવાની' વાત મૂકવી, ને પછીથી 'તું પશુ થઇશ.' એવી હીન વાણી ઉચ્ચરાવવી-એ લેખકના મનોગત પૂર્વગ્રહ વગર કેમ બની શકે ? આવા મહાન મનાતા જૈનાચાર્યની પાસે 'હું કરતો કરાવતો નથી; જ્ઞાન દૃષ્ટિએ કોઇ કર્તા નથી. એવી અસ્થાનોચિત ફિલસૂફી ઉચ્ચરવાનો દંભ કરાવવા પાછળ લેખકને શું અભિપ્રેત હશે? પ્રતિભાખંડન કે બીજું કાંઇ? એક આચાર્યમાં સામાન્ય વિવેક ભાન પણ ન હોય એ વાત જ કેટલી હાસ્યાસ્પદ છે?

૯. જૈન ધર્મની પદ્ધતિ અને રીતરસમોથી અજાણ એવા લેખકે, આ પ્રકરણોમાં, આ ઉપરાંત પણ, અનેક વિસંગતિઓ અને હકીકતદોષો કર્યા છે, તે પણ જોઇએ :-

(૧) પાલીતાણા-સિદ્ધાચલનો સંઘ કઢાવનાર પૂર્ણચંદ્રજી શ્વે.તાંબર મૂર્તિપૂજક આચાર્ય છે, અને સમુદ્રવિજયજી શ્વે. સ્થાનકવાસી આચાર્ય છે, કે જેઓ મૂર્તિમાં માનતા જ નથી. આ બંને ગુરુઓ (એટલે કે એક જ ગુરુના શિષ્યો) હોવાનું લેખક જણાવે છે. (પ્ર. ૬) એ મોટો હકીકતદોષ છે.

(૨) લતાશ્રીજી પૂર્ણચંદ્રજીના સંઘાડાનાં સાધ્વીજી છે તેથી મૂર્તિપૂજક છે. છતાં એક પ્રસંગે તે એવું બોલે છે કે જેથી તે પોતે સ્થાનકવાસી હોવાનું સમજાય : લતાશ્રીજી કહે-'ના, ન જવાય. વળી સમુદ્રવિજયજીને તો સંઘાડાએ બાલદીક્ષાનો વિરોધ કરવા સોરુ ઠપકો આપ્યો હતો; સ્થાનકવાસી છે, છતાં હજુએ મુહપત્તી બાંધતા નથી.' સાથેની બીજી સાધ્વી કહે-'તો દેરાવાસી થઇ જાય.' (પ્ર. ૭)

(૩) સ્થાનકવાસી પરંપરામાં મૂર્તિ કે મંદિર જેવું કાંઇ હોતું નથી, છતાં સમુદ્રવિજયજીના સ્વર્ગગમન પછી તેમના શિષ્ય શીલભદ્રજી બોલે છે : 'હું તો ગુરુદેવનું સમાધિમંદિર રચાય ત્યાં સુધી અહીંજ છું.' (પૃ. ૮) વળી, આ શીલભદ્રજીને (પ્ર.૬માં), તે સ્થાનકવાસી છતાં, બ્રહ્મે મૂર્તિપૂજક સાધુઓની માદીગમાં ભાગ લેતા, તીર્થયાત્રા કરતા દેખાડ્યા છે. આ પણ વિસંગતિ છે.

(૪) લેખક ભારતને સ્વરાજ્ય મળ્યા પહેલાંના સ્થળ-કાળના પરિપ્રેક્ષ્યમાં કથા આલેખે છે. એ કાળમાં ટેપરેકોર્ડર હશે તોય તે આજની હદે ચલણી નહોતું જ, ને સાધુઓ સુધી તો નહિ જ પહોંચેલું. આમ છતાં લેખક (પ્ર. ૧૦ માં) અચ્યુતના મોઢે બોલાવે છે : 'તમારાં વ્યાખ્યાનોની ટેપો કેમ વેચાવો છો?'-આ ગંભીર હકીકતદોષ નથી? મારે કહેવાની વાત સાથે પ્રસ્તુત નહિ છતાં લેખકે કરેલો આવી જ એક મહત્ત્વની વિસંગતિ નજરે ચડી છે તે નોંધવાની લાલચ રોકી શકાતી નથી. પ્રકરણ ૧૮ માં મસી ઉચ્ચારે છે : નવું મેડિકલ સાયંસ કહે છે કે માનું ધાવણ ન મળે તો છોકરાં પછી અસામાજિક થાય છે.'

પ્રશ્ન એ થાય છે કે લેખક સન્ '૮૫ ના કાળને લક્ષ્યમાં રાખીને કથા લખે છે કે ૪૦ વર્ષ પૂર્વેનો સમય લક્ષ્યમાં રાખીને ?

૧૦. શ્રી દર્શકે કરેલી સ્પષ્ટતામાં જણાવ્યું હતું કે 'લેખનમાં વનવર્ણન આવે એટલે તેને વનઉછેર શાસ્ત્રનું કે વનસ્પતિશાસ્ત્રનું શુદ્ધ જ્ઞાન હોવું જ જોઇએ તે જરૂરી નથી.' આમ કહીને તેમણે જૈન ધર્મવિષયક પોતાના અજાણપણાનો બચાવ કરવાનો પ્રયત્ન કર્યો છે.

એમની આ વાત સો ટકા સ્વીકાર્ય છે. પણ તે સાથે જ એ પણ સમજવું પડશે કે આનો અર્થ એવો નથી થતો કે લેખક ફેરી કડવી હોવાનું કે બાવળના વૃક્ષમાં લીંબોળી હોવાનું નિરૂપે અને વૃક્ષોનાં નામો અને રૂપ-રંગ વગેરેને બદલી નાખે. ના, વનશાસ્ત્રથી અજાણ લેખક પણ આવી વિસંગતિઓ કે હકીકતદોષો ન જ કરી શકે; એમ કરવાની તેને છૂટ જરાય ન જ અપાય. અને જો કોઇ આવું કરે તો તેને-સર્જક પ્રકારનો-લેખક ન જ મનાય.

શ્રી દર્શકે પોતાની નવલકથામાં, જૈન ધર્મને અંગે, ભાવકની પ્રથમ નજરમાં તે હીન જણાય તેવી–આપણે ઉપર જોઇ ગયા તેવી–વિસંગત વિગતો નિરૂપી છે તે જોતાં, 'વનશાસ્ત્રથી અજાણ હોવું એ કાંઇ ખોટું નથી' એવા બચાવની ઓથે ઓથે –ભલે નિર્દોષ ભાવે કે અજ્ઞાતપણે જ હશે, પણ –'પેલી છૂટ' લીધી છે, એવું કોઇ કહે તો તેને તેમણે આક્ષેપ ન માનવો જોઇએ.

૧૧. શ્રી દર્શકે તા. ૫-૧-૮૫ના એક પત્રમાં જણાવે છે કે 'લલિત વાઙ્મયનો સર્જક જે આલેખે છે તે સત્ય નથી હોતું.' એમની આ વાત સ્વીકારી લઇએ તો પણ, એની સાથે જ એ પણ સ્વીકારવું ઘટે કે સામાન્ય ભાવક તો લેખક–સર્જક, નવલકથા જેવા કલાત્મક સાહિત્ય પ્રકારની ઓથ લઇને આ બધાં જે વિધાનો પાત્રોના મોઢે કરાવે છે, અને પાત્રોની જીવન–રચના કરે છે, તે બધું યથાર્થ અથવા તો યથાર્થની વધુમાં વધુ નિકટનું જ હોય; કેમ કે ઊંચા ગજાનો સર્જક યદ્દાતદ્દા તો લખે જ નહિ, એવું જ એ સમજતો હોય છે. અને એટલે જ, રેખા, અચ્યુત, સ્વરૂપચંદ કે પૂર્ણચંદ્ર મહારાજના મોંમાં મુકાયેલી વાતો કે શબ્દો એ પૂર્ણ સત્યાત્મક કે તથ્યાત્મક કે ન હોય તોય તેમની નબળી કે વિકૃત વિચલિત મનોદશાનાં સૂચક તો બને જ છે, ને એથી વાચકના મન પર–કક્ષાભેદે રુચિભેદે–જે રોષ–તોષની લાગણી- છાપ ઉપસે છે, તે અમીટ હોવાની, અને તે માટે જવાબદાર તો લેખક કે લેખકની મનોદશા જ ગણાય ને!

શ્રી દર્શકને જૈન ધર્મ માટે પૂર્વગ્રહ કે અનાદર નથી એમ માની લઇએ તો પણ, તેમનાં પાત્રો અને એ પાત્રોની વાતો, વર્તણૂકો દ્વારા જે છાપ ભાવકના ચિત ઉપર પ્રથમ ઊપસે છે તે તો, 'લેખકને જૈનધર્મ પ્રત્યે પૂર્વગ્રહ છે' એવી જ છે. અને આવી છાપ ઉપસાવવાનો લેખકનો પ્રયત્ન કે ધરાદ્દો તેમના કહેવા પ્રમાણે પણ ન હોય તોય જો આવી છાપ ઉપસતી હોય તો તેની જવાબદારી લેખકે, ખાસ કરીને ગાંધીયુગમાં સર્જાયેલા–સર્જકે–વિના સંકોચે પોતે જ લઇ લેવી જોઇએ.

એક વાત ટાંકું : રોહિણી સત્યકામને સર્વથા સમર્પિત છે. તેનું પાત્રનિરૂપણ લેખકે પહેલેથી જ એવું કર્યું છે કે ભાવકને પછી ક્યારેય તેના પ્રતિ અનાદર થાય જ નહિ, અહોભાવ જ જન્મ્યો રહે. અને આથી જ, રોહિણી પહેલાં હેમંતને ના પાડે છે, અને પછી, હેમંતની, રાતે ઉંઘમાં થતી લવારી સાંભળીને જ 'સાવ બાલિશ કારણ નથી આ?' સવારે તેની સાથે લગ્ન કરવાનો નિર્ણય કરે છે (આ બધું પ્રસ્તુત નવલકથાના આગળના ભાગોમાં છે.) તે આખોયે પ્રસંગ, રોહિણી પ્રતિ ભાવકને જાગેલા સમાદરને ખંડિત કરવા માટે પૂરતો છે, એટલું જ નહિ, પણ મનોવૈજ્ઞાનિક વલણોની સમજ ધરાવતો ભાવક તો રોહિણીની ઉદાત્તતામાંથી પણ વિકૃતિ કે મોહગ્રસ્તતાને ખોળી કાઢ્યા વિના ન જ રહે. અને આ અત્યંત સરળ અને સ્પષ્ટ હોવા છતાં, લેખકે ઘણી ચીવટ રાખીને રોહિણીના લગ્ન સ્વીકારની ઘટનાને પણ તેની ઉદાત્તતા લેખે જ નિરૂપી બતાવ્યું છે અને તેથી સામાન્ય ભાવક રોહિણી માટે તે હેમંતની વિધવા હોવા છતાં, ત્રીજા ખંડના છેડે પુનઃ તે સત્યકામને સમર્પિત બની જાય છે તે જાણવા છતાં પણ-બીજી કોઇ જ કલ્પના કરી શકતો નથી. (કદાચ, આને 'કલા' તરીકે પણ સમજવામાં આવે.)

અને આ પ્રસંગની સામે–પૂર્ણચંદ્રજી મહારાજનું અને સ્વરૂપચંદ શેઠનું પાત્રાલેખન મૂકીએ; એ પાત્રોને નિરૂપતી ઉપર આપણે જોઇ ગયા તે બધી–ઘટનાઓ/વાતો વિચારીએ: હવે એ બધાંના સારાંશરૂપે કોઇ, 'લેખક આ બધી વાતો ને ઘટનાઓના માધ્યમથી જૈન ધર્મનું પ્રતિભા–ખંડન કરવા ચાહે છે' એવું કહે–સમજે, તો તેમાં તેનો શો દોષ? વસ્તુતઃ લેખક આ બધું જ નિવારી શકયા હોત, અને ધર્મ કે તેના સાધુ સમાજ વગેરેમાં, તેમની નજરે જણાતી ક્ષતિઓને વિસંગતતાઓ, બીજી કોઇ, આનાથી વધુ સારી ને કલાત્મક રીતે નિરૂપી શકયા હોત; જેવું તેમણે નવલકથાના મુખ્ય પાત્ર સમી રોહિણી માટે વલણ દાખવ્યું છે. તેવું અહીં અપેક્ષિત–અલબત્ત–નથી જ, છતાં આટલું બધું હીન ચિત્રણ પણ છાજતું તો નથી જ. શ્રી દર્શક પોતે જ પોતાના પત્રમાં લખે છે તેમ, 'લેખકનો પોતાનો અભિપ્રાય એક વિશાળ અભિપ્રાય હોય છે'–આનો અર્થ, મારી સમજ મુજબ એટલો જ કે, લેખકનો 'વિશાળ અભિપ્રાય' 'પાત્રોથી મર્યાદિત' ભલે હોય, આવો હીન તો તે ન જ બની શકે.

૧૨. શ્રી દર્શકે 'સમુદ્રવિજયજીના સંથારાનું ભવ્ય ચિત્રણ પોતે કર્યું હોવાનું' પોતાના વાચકજોગા પ્રત્યુત્તરમાં નિર્દેશ્યું છે. અને એ રીતે, જૈન ધર્મ પ્રતિ પોતાને અનાદર ન હોવાનું પુરવાર કરવા ગયા છે. આ સંબંધે એટલું જ કહેવાનું કે શ્રી સમુદ્રવિજયજીનું પાત્ર લેખકની દૃષ્ટિએ 'ભવ્ય ચિત્રણ પામ્યું છે તે પણ, તે પાત્ર ગાંધીભકત અથવા લેખકના અર્થઘટન મુજબના દેશભકત છે માટે જ. જો તે પાત્રમાં લેખકે તેનું ભકિતતત્ત્વ ન આરોપ્યું હોત, તો તેમનું પાત્ર-ચિત્રણ પણ કદાચ પૂર્ણચંદ્રજી જેવું જ થયું હોત.

આમ બધી દિશાએ ઊંડો વિચાર કરતાં, મારા જેવા ભાવકને ઉત્તમ સર્જકના આ સર્જનની કલા પરત્વે અને

સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન

'સંઘ'ના ઉપક્રમે સરદાર વલ્લભભાઇ પટેલની ૧૨૧ મી જન્મ જયંતી નિમિત્તે નીચે મુજબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

વિષય : સરદાર વલ્લભભાઈ પટેલ : ભારતની એકતાના વિધાતા

વ્યાખ્યાતા : શ્રી અટલ બિહારી બાજપાઈ

પ્રમુખ : શ્રી અમર જરીવાલા

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સ, ચર્ચગેટ, મુંબઈ ૪૦૦ ૦૨૦

સમય : ગુરુવાર, તા. ૩૧-૧૦-૮૫ સાંજના ૬-૦૦ કલાકે

ક્રાંતિવીરોના ચિત્રોનું પ્રદર્શન

તા. ૩૧ મી ઓકટોબર અને તા. ૧, ૨ અને ૩જી નવેમ્બર, ૧૯૮૫ના રોજ ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સના બીજે માળે ભારતના ક્રાંતિવીરોનું એક ચિત્ર પ્રદર્શન **'જરા યાદ કરો, કુરબાની'** યોજવામાં આવ્યું છે, જેનું ઉદ્ઘાટન **શ્રી અટલ બિહારી બાજપાઈ** કરશે. આ ચિત્ર-પ્રદર્શનનો સમય દરરોજ સાંજના ૪-૦૦ થી ૮-૦૦ સુધીનો રહેશે. રસ ધરાવતાં ભાઈ–બહેનોને તેનો લાભ લેવા વિનંતી.

રમણલાલ ચી. શાહ પ્રમુખ
કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ મંત્રીઓ
ચીમનલાલ જે. શાહ ઉપપ્રમુખ

સર્જકની તટસ્થતા પરત્વે શંકા ઉપજ્યા વિના રહેતી નથી, એવું પૂર્વગ્રહમુક્ત નિખાલસભાવે કહેવું જોઇએ.

આટલો વિસ્તૃત લેખ લખીને હું એમ કહેવા નથી ઇચ્છતો કે જૈન ધર્મ કે તેના સાધુઓ વગેરે વિશે કોઇ, પોતાની દૃષ્ટિ કે સમજણ અનુસાર, ટીકા ન જ કરી શકે. પોતાની રુચિ, દૃષ્ટિ, સમજ અને કક્ષા પ્રમાણે કોઇ પણ સર્જક કે લેખક, જૈનધર્મના સિદ્ધાંતોથી પ્રતિકૂળ કે જુદા પોતાના મત મંતવ્ય કે વિચારોને રજૂ કરી શકે છે. તેને તેમ કરતા રોકાય નહિ, રોકવાંય ન જોઇએ. પરંતુ, એનો અર્થ એ તો ન જ થાય કે કોઇ લેખકને, પોતાને ફાવે તેવું, મનઘડંત હીન કે વિકૃત ચિત્રણ નિરૂપણ પણ કરવાની છૂટ મળી જાય છે. બલ્કે આવું કરનાર લેખકનું માનસ મધ્યસ્થતાવિહોણું, પૂર્વગ્રહગ્રહીત અને પક્ષપાતી જ ગણાય, એવી મારી સમજ છે.

આ સંદર્ભમાં બીજી એક વાત પણ નોંધવી ઠીક લાગે છે. જાણીતા નવલકથાકાર શ્રી વિઠ્ઠલ પંડ્યાએ કેટલાંક વર્ષો અગાઉ એક નવલકથા 'હજીયે તું સાંભરે છે' એ નામની લખી હતી. આમાં કથાની નાયિકા વિજ્યા, પોતાના પ્રિય નાયક દેવેન સાથે લગ્ન કરવાનું મન હોવા છતાં તે તેમ નથી કરી શકતી અને કાળાંતરે તે દીક્ષા લઇને જૈન સાધ્વી બની જાય છે. દરમ્યાનમાં, અન્ય પાત્ર સાથે ફરજ પડવાથી પરણેલો દેવેન વિધુર બને છે અને તે પછીથી અનાયાસે સાધ્વી વિજ્યાના પુનઃ સંપર્કમાં આવે છે, એ પછી ભેય વચ્ચેનો સંપર્ક વધતાં વધતાં છેવટે વિજ્યાના દીક્ષાત્યાગમાં અને ભેયના લગ્નમાં પરિણમે છે. આવું કાંઇક નિરૂપણ એ નવલમાં હોવાનું સ્મરણ છે. આ લખતી વખતે એ પુસ્તક મારી સામે નથી, એટલે ચોકકસ સંદર્ભ ટાંકી શકાતા નથી, પરંતુ વાતનો ક્રમ આ પ્રમાણે જ છે એમ સ્મરણ છે.

આવી ઘટના, વિશાળ સમાજમાં ન બને એવું નથી. બને છે—આજે ય બને. એટલે એ સામે મારે કશી ફરિયાદ કરવાની નથી. પણ મારો વાંધો એટલો જ છે કે વિજ્યાને દીક્ષા છોડવાનું સમજાવતી વખતે દેવેન, દીક્ષા છોડતાં ખચકાતી વિજ્યાના મનનું સમાધાન કરવા માટે જે તર્કો અને ઉપાયો યોજે છે, તેમાં તે વિજ્યાનાં ગુરુ સાધ્વીને પણ સંડોવે છે, અને એક અવસરે તે ગુરુ સાધ્વીના મુખે ઉચ્ચારાવે છે કે 'દીક્ષા છોડવી એમાં કાંઇ પાપ નથી. ઘણા ઓએ—મોટા મોટા સાધુઓએ પણ—દીક્ષા છોડી છે. જૈનો તો કર્મમાં માને છે, ને દીક્ષા છોડવી એ પણ કર્મનું જ એક પ્રકારનું પરિણામ છે, એમાં કાંઇ ખોટું નથી.'

આ મતલબના શબ્દો એક સાધ્વીજીના મુખે ઉચ્ચરાવવા, એ કોઇ પણ સમજદાર જૈન વાચકને ખટકે તેવી વાત ગણાય. મેં પહેલાં જ કહ્યું કે દીક્ષા છોડવાના બનાવો બનતાં જ હોય છે; આજેય બને છે; પણ તેથી 'દીક્ષા છોડવી એ કાંઈ પાપ નથી—ખોટું નથી.' એમ કેમ કહેવાય?

જૈન ધર્મના સિદ્ધાંત અનુસાર દીક્ષા છોડવી એ મોટામાં મોટું પાપ છે. જૈન શાસ્ત્રો તો કહે છે કે દીક્ષા લેતાં પહેલાં સો ગળણે ગળવું, પળાશે કે નહિ, પછી છોડવાનું મન તો નહિ થાય ને, હું કોઇ મોહવશ કે બીજા કારણે દીક્ષા લેવા નથી ઇચ્છતો ને—એવા તમામ વિચાર કરીને જ વ્યકિતએ દીક્ષા લેવી ઘટે, પણ એકવાર લીધાં પછી એ છોડવી, અથવા કોઈ કારણે છોડવી પડે, તો તે ઘણું મોટું કલંક છે, પાપ છે અને આત્મા પ્રતિ મોટો અપરાધ છે. અને લેખકે વાતવાતમાં નિરૂપ્યું છે તેમ કોઇ જાતની ક્રાંતિ તો નહીં જ.

જો દીક્ષાત્યાગને પણ ક્રાંતિ માનવાની હોય, તો છૂટાછેડાને કે બહુપત્નીત્વ પ્રતિબંધકધારાના ભંગને પણ શા માટે ક્રાંતિ ન મનાય?

એટલે લેખકે વિજ્યાને મોહવશ દીક્ષાત્યાગ કરાવવો હતો તો ભલે કરાવ્યો, ભલે પુનઃ પરણાવી, પરંતુ તેનો દીક્ષાત્યાગ ક્રાંતિ છે અને તેમાં કોઇ પાપ નથી એવી સાધ્વીજીના મુખ વાટે રજૂઆત કરી છે તે બિલકુલ અજ્ઞાનપ્રેરિત અને ઊંડી સમજ વગરની રજૂઆત છે, જે લેખકને હાથે જાણ્યે—અજાણ્યે જૈન ભાવકની લાગણી દૂભવી જાય છે.

છેવટે, 'મધુરેણ સમાપયેત્' એ ન્યાયે જેમ શ્રી ગુલાબ દેઢિયાએ લેખના છેડે શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાલાની 'શ્રવણ બેલગોડા'ની કવિતા ટાંકી છે તેમ મને શ્રી દા. ખુ. બોટાદકરના નામે સુવિખ્યાત કવિવર્ય શ્રી બોટાદકરની 'શત્રુંજયનો શૌર્ય વૈભવ' નામની શ્રી શત્રુંજય તીર્થને વર્ણવતી અજોડ કવિતા ટાંકવાનું મન થાય છે. છ કડીનું એ આખું કાવ્ય તો નહિ, પણ તેની છેલ્લી કડી ટાંકીશઃ

'સોહંતો શૈલ પુષ્ટે પુનિત ગજપતિ સૂંઢ મંદાકિની શી
અંબાડી ધર્મ કેરી પતિતજનતણાં પાપવિનાશિની શી;
સંકલ્પે ઇન્દ્ર એવું પુનિત ગજ પરે કોણ આવી વિરાજે,
સુણીને પ્રાર્થના એ જિનપતિ ઊતર્યા લોકઉદ્ધાર કાજે.'

પરિસંવાદ

'સંઘ'ના ઉપક્રમે **'ક્રાંતિવીરો'** વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો છે.

	તારીખ	સમય	વિષય	વ્યાખ્યાતા
☐	શુક્રવાર	સાંજના	વિશ્વના ક્રાંતિવીરો	પ્રો વિષ્ણુકાન્ત શાસ્ત્રી
	૧-૧૧-૮૫	૫-૪૫		અધ્યક્ષ, હિન્દી વિભાગ, કલકત્તા યુનિવર્સિટી
☐	શનિવાર	સાંજના	ભારતના ક્રાંતિવીરો	પ્રખર સમાજવાદી શ્રી એન. જી. ગોરે
	૨-૧૧-૮૫	૫-૦૦		
☐	રવિવાર	સવારે	મહારાષ્ટ્ર અને	પ્રો. વિષ્ણુભાઇ પંડ્યા
	૩-૧૧-૮૫	૯-૩૦	ગુજરાતના ક્રાંતિવીરો	એસોસિએટ એડિટર, 'લોકસત્તા', અમદાવાદ
	,,	૧૧-૦૦	સ્વાતંત્ર્ય લડતનાં ગીતો	શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય અને ફ્રિન્નરી ગ્રુપ

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સ, ચર્ચગેટ, મુંબઈ ૪૦૦૦૨૦

આ પરિસંવાદનું ઉદ્ઘાટન **જસ્ટીસ ચંદ્રશેખર ધર્માધિકારી**ના વરદ હસ્તે થશે. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** સંભાળશે.

સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

ધનવંત તિ. શાહ
અમર જરીવાલા
સંયોજકો

કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

વીતેલાં વર્ષો (૫)

ચી. ના. પટેલ

(ગતાંકથી ચાલુ)

આગલા હપ્તામાં મેં મારા શરીરની નિર્બળતાને કારણે અમારું લગ્નજીવન કેવી રીતે સ્થિર બન્યું અને ટકયું એની વાત લખી. આ લેખમાં હું તેમાંથી મને કેવો આધ્યાત્મિક લાભ થયો એની વાત લખીશ.

આધ્યાત્મિક વિકાસ માટે આર્થિક ચિંતાનો અભાવ જરૂરી છે. મને એ સદ્‌ભાગ્ય પણ મળ્યું–પત્નીએ અપાવ્યું. મને કયારેય બહુ કમાવાની આતુરતા નથી થઈ. અનાયાસે જે મળ્યું તેથી સંતોષ રહ્યો છે, જોકે જે મળ્યું તે મારી જરૂરિયાતો માટે પૂરતું મળ્યું છે. કયારેય આર્થિક ભીડ નથી પડી અને કોઇની આગળ હાથ નથી લંબાવવો પડયો. માત્ર એક જ વાર એવી સ્થિતિ આવે એવા સંયોગો ઊભા થયા હતા, પણ હું બચી ગયો. સને ૧૯૪૪ના જૂનમાં હું ગુજરાત કોલેજમાં જોડાયો ત્યારે પગાર રૂ. ૧૩૦ અને મોંઘવારી ૧૮, એમ માસિક રૂ. ૧૪૮ મળતા. તેમાંથી ૪૦ રૂપિયા ઘરભાડું જતું, બાકીની રકમમાંથી અવારનવાર ડોકટરની ફી જતી. થોડી ખેંચ પડતી તે ટયુશનોથી પૂરતો, પણ એમાં બહુ સમય જતો અને શ્રમ પડતો તેથી થાકી જતો (એક વર્ષે માર્ચ માસમાં ૧૦મી એ રજાઓ પડી અને ૨૫મીએ પરીક્ષાઓ શરૂ થઇ તે વચ્ચેના પંદર દિવસ દરમિયાન દરરોજ સવારે ૧૦॥ વાગ્યે ટયુશને કરવા નીકળતો અને રાત્રે ૧૦ વાગ્યા પછી પાછો ઘેર પહોંચતો એ જ અરસામાં પત્નીને કોનિક મલેરિયા થયો હતો. (જેની વાત મેં આગલા હપ્તામાં લખી છે.) આ સ્થિતિથી કંટાળી ૧૯૪૬ ના જૂન માસમાં અમદાવાદની એલ. ડી. આર્ટસ કોલેજમાં રૂા. ૧૦૦ નો વધારે પગાર મળે એવી તક ઊભી થઇ ત્યારે ગુજરાત કોલેજમાંથી રાજીનામું આપી ઓકટોબર માસમાં હું એલ. ડી. આર્ટસ કોલેજમાં જોડાયો પણ નવી કોલેજમાં તો મારી સ્થિતિ પિયર છોડી સાસરે ગયેલી નવી વહુ જેવી થઇ. એટલે અઢી વર્ષ પછી હું ત્યાંથી છૂટાછેડા લઇ પિયર જેવી ગુજરાત કોલેજમાં પાછો આવી ગયો.

સને ૧૯૪૯ ના માર્ચની ૩૧ મીએ હું એલ. ડી. આર્ટસ કોલેજમાંથી છૂટો થયો અને ૨૨ મી જુલાઇએ ગુજરાત કોલેજમાં પાછો જોડાયો તે વચ્ચેના ગાળામાં હું નોકરી વિનાનો અને આવક વિનાનો રહ્યો. વળી એ વર્ષના મે માસમાં પુત્રીનો જન્મ થયો અને પત્નીની સુવાવડનું ખર્ચ આવ્યું. એટલે અઢી વર્ષ એલ. ડી. આર્ટસ કોલેજના વધારે પગારમાંથી જે રકમ બચી હતી તે ખરચાઈ ગઇ, અને પુત્રીના જન્મ પછી ત્રણેક અઠવાડિયે ગુજરાત કોલેજની જગ્યા માટે ઇન્ટરવ્યૂ આપવા મુંબઇ ગયો ત્યારે બેંકમાં મારા ખાતામાં રૂા. ૨૫૦ બચ્યા હતા. તેમાંથી જરૂર પૂરતી રકમ ઉપાડી પત્નીને આપી હું મુંબઇ ગયો. સામાન્ય રીતે સરકારી નોકરીમાં ત્રીજા વર્ગથી ઉપરની જગ્યાઓ માટે ઇન્ટરવ્યૂ આપ્યા પછી નિમણૂંક થતાં ત્રણચાર માસ નીકળી જાય છે. પણ ગુજરાત કોલેજમાં અધ્યાપકની તાત્કાલિક જરૂર હોવાથી મને એક મહિનામાં જ નિમણૂંક મળી ગઇ અને અમે આર્થિક બેંચમાંથી બચી ગયાં. તે પછી ય ડોકટરોની ફીનો ખર્ચ ચાલુ રહ્યો, કોઇ વાર ખૂબ વધારે થયો, પણ ૧૯૪૯ના એ ઉનાળામાં પડી હતી એવી આર્થિક ભીડ ફરી કયારેય ન પડી. ઊલટું કંઇક બચ્યું અને તેમાંથી હું નવરંગપુરાના શાંત વિસ્તારમાં એક નાનું સરખું ઘર બંધાવી શકયો. (આજે એ ઘરની ૫૦૦ વાર જમીનની જ કોણ જાણે કેટલા લાખ રૂપિયા કિંમત થાય!)

આમ હું આર્થિક ચિંતામાંથી મુકત રહ્યો તેમાં પત્નીનો સક્રિય ફાળો રહ્યો છે. પૈસાની બાબતમાં એક રીતે તેઓ મારાં સમાનધર્મા છે, એટલે કે મારી જેમ તેમને ય પૈસાનો બહુ લોભ નથી. પણ બીજી રીતે તેઓ મારાથી વિરુદ્ધ સ્વભાવનાં છે. હું કયારેક બિનજરૂરી કે વગર વિચાર્યે વધારે ખર્ચ કરી નાખું છું. પત્ની કંજૂસાઇ કર્યા વિના કરકસરથી ચલાવે છે. સ્ત્રીઓને બહુ ગમતી વસ્તુઓ, વસ્ત્રો ને ઘરેણાં, તેની પાછળ તેમણે કયારેય અમારી શકિત બહારનું ખર્ચ કર્યું કે કરાવ્યું નથી. ઘરેણામાં પિયરથી મળ્યું હતું તે ઉપરાંત મારી આવકમાંથી ભાગ્યે જ કોઇ વસ્તુ બનાવડાવી હશે; ફકત એક જ બાબતમાં તેમણે મારા કરતાં વધુ છૂટો હાથ રાખ્યો છે. ૧૯૬૧ થી ૧૯૬૫ સુધીનાં ચાર વર્ષ હું એકલો દિલ્હી રહેતો ત્યારે તે અને પુત્રપુત્રી દર વર્ષે બેવાર રજાઓમાં દિલ્હી આવતાં. તે દિવસોમાં હું અમદાવાદના ઘરના ખર્ચનો હિસાબ જોતો અને પત્નીને દૂધ–ઘી માટે વધુ પડતું ખર્ચ કરવા માટે ટોકતો. પણ એ ખર્ચ કોલેજ જતો યુવાન પુત્ર પૂરતા ઘી–દૂધનો આગ્રહ રાખતો તેથી થતો. પત્ની પુત્રનું હિત જોતાં અને મારા વિરોધને અવગણી ઘી–દુધનું પ્રમાણમાં વધુ ખર્ચ ચાલુ રાખતાં. દિલ્હીમાં માંદો પડીને હું ૧૯૬૫ના અંતે અમદાવાદ પાછો આવ્યો તે પછી બે ઘર ચલાવવાનો ભાર રહ્યો નહિ એટલે મેંય એ વધુ પડતા ખર્ચનો વિરોધ છોડી દીધો, ઘરખર્ચનો હિસાબ તપાસવા જેવી મારી સ્થિતિય રહી નહોતી. એટલે ઘરનો આર્થિક કારભાર પત્નીના હાથમાં જ રહ્યો અને તે તેમણે સામાન્ય ગુજરાતી ગૃહિણીની કુશળતાથી ચલાવ્યો. (હવે પત્ની, પુત્રવધૂ ને પુત્રી એમ ત્રણ સ્ત્રીઓને હાથે ઘરખર્ચ થાય છે, પણ પુત્રવધૂ ને પુત્રી પણ પત્ની જેવાં આર્થિક બાબતોમા ગુજરાતી સ્વભાવનાં છે એટલે ઘરખર્ચમાં પુરુષોએ માથું નહીં મારવાની કે તેનો હિસાબ નહિ માગવાની મેં રાખેલી 'રઘુકુલ રીતિ' ચાલુ રહી છે.

આર્થિક બાબતમાં એક બીજી રીતેય પત્નીએ મારી સાથે સહકાર કર્યો છે. તેમના પિતા તરફથી તેમને ૧૯૪૩ની સાલમાં રૂા. ૫૦૦ મળ્યા હતા. તેનો વહીવટ તેમણે મારા ઉપર વિશ્વાસ રાખી મને સોંપી દીધો હતો. મેં એ રકમથી એક નવી નીકળેલી ચહાની કંપનીના શેર લીધા હતા. તેના વ્યાજની રકમ ભેગી થતાં તેમાંથી બીજા શેર લીધા અને એ શેરોના ભાવ વધતાં ૧૯૫૯–૬૦ માં તેમના રૂા. ૫૦૦૦ ઊપજ્યા. પત્નીએ મને એ રકમ ઘર બંધાવવા માટે વાપરવા દીધી. સાતઆઠ વર્ષ પછી મેં એ રકમ થોડા વ્યાજ સાથે આપી બનેવીની પેઢીમાં જમા મૂકી. ત્યા વધીને તે આજે રૂ. ૪૦,૦૦૦જેટલી થઇ છે. પત્ની મારા કરતાં વધુ સહ્રદર ગણાય એવી એમની સ્થિતિ છે. પણ એ પૈસાનો લેશમાત્ર ભાર એમના મન ઉપર નથી, કે નથી તેનો લોભ. એ રકમમાંથી જ્યારે ને જેટલી રકમની જરૂર પડે તેટલી ઉપાડવાની તેમણે મને છૂટ આપી છે. જોકે

હું એ છૂટનો તેમને પૂછ્યા વિના ઉપયોગ નથી કરતો. આપણાં જૂના સમાજે સ્ત્રીઓને બહુ અન્યાય કર્યો છે, પણ કંઈ નહિ તો ભાવનામાં તે ગૃહિણીને ઘરની લક્ષ્મી માનતો. મેં ઘણી જૂની માન્યતાઓ નથી સ્વીકારી, પણ આ સ્વીકારી છે અને તેનો મારી રીતે અર્થ કર્યો છે. મને જે કંઈ દુન્યવી લાભ મળ્યો છે તે હું પત્નીના નસીબનો ગણાવું છું, અને જે કંઈ મુશ્કેલીઓ પડી છે તે મારા દુર્ભાગ્યની માનું છું, એટલે પત્નીના નસીબે જ મારું શરીર અનેક મુસીબતોમાં ટકી રહ્યું છે અને હું આર્થિક ચિંતામાંથી મુકત રહી શકયો છું એમ માની મેં મારું લગ્ન પૂરેપરું સ્વીકારી લીધું છે. કોઇ પૂછે કે મારું શરીર નિર્બળ રહ્યું તે પણ પત્નીના નસીબે? તો હું કહું કે એ પ્રશ્ન એમને પૂછો. હું જાણું છું ત્યાં સુધી તેઓ તેનો ઉત્તર 'હા' જ આપે (હમણાં કુન્દનિકા કાપડીઆની 'સાત પગલાં આકાશમાં' નવલકથા વાંચી એટલે મનમાં પ્રશ્ન થાય છે કે એમના જેવી સુધારક બહેનોને મારા ને મારી પત્નીના જેવી સમાધાન ભાવના ગમે?).

જો પત્ની ઘરની લક્ષ્મી હોય તો પતિને આધ્યાત્મિક લાભ થાય તે પણ પત્નીના ભાગ્યનું જ ફળ ગણાય ને? જૂના સંસ્કારના પુરુષો એમ નથી માનતા. તેઓ સ્ત્રીઓને માયાનું રૂપ ગણી તેને આધ્યાત્મિક વિકાસમાં વિઘ્નરૂપ માને છે, નરસિંહ મહેતાની પત્નીનું મૃત્યુ થયું ત્યારે તેમણે 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ' એમ ગાયાનું મનાય છે, પણ મને મારી 'જંજાળ' ભાંગે એવી બિલકુલ ઇચ્છા નથી. મારા આંતરિક જીવનમાં મને મારી 'જંજાળ' વિઘ્નરૂપ નથી નીવડી અને તેણે મને દુન્યવી સુખની આસકિતથી બાંધ્યો નથી. ઊલટું તેણે મને ઘર ચલાવવાની ચિંતાઓમાંથી ઉપર સમજાવ્યું તેમ મુકત રાખ્યો છે અને મને યથેચ્છ આંતરવિહાર માટે પૂરો અવકાશ કરી આપ્યો છે એવા વિહારમાંથી મને જે કંઈ મળ્યું છે તેને પણ પત્ની પોતાના ભાગ્યનું ફળ માને તો હું એમના દાવાને રાજીખુશીથી સ્વીકારું.

સ્વભાવે હું ગઇ સદીના અંગ્રેજ કવિ ટેનિસને વર્ણવ્યા છે તેવા જાગ્રત સ્વપ્નાવસ્થામાં પડી રહેનારા લોટસ-ઇટર્સના વર્ગનો નથી. હું વાસ્તવિક જીવનનાં કર્તવ્યોમાં પૂરું ધ્યાન આપું છું, મારે કરવાનું દરેક કામ ચીવટથી કરું છું સામાન્ય રીતે સ્ત્રીઓ કરે છે એવાં ઘરકામ પણ કયારેક કરવાનાં આવે તો મને તેનો અણગમો નથી થતો. (હું કાચીપાકી રસોઇ કરી શકું છું, દિલ્હી એકલો રહેતો ત્યારે નિયમિત કરતો પણ ખરો, શાળામાં હતો. ત્યારે ઉનાળામાં નિયમિત નદીએ, નહાવા જતો ત્યાં મારાં કપડાં હાથે ધોઇ લેતો, હજુ પણ શરીર સારું હોય તો ધોઉં, બાળક પુત્ર-પુત્રીને પત્નીની ગેરહાજરીમાં કે તે બીજા કામમાં હોય ત્યારે દૂધ પાઈ લેતો, તેમને સાથે બેસાડી બવડાવતો, ભાગ્યે જ કોઈ પુરુષ કરતો હોય છે એ મળત્યાગ પછી બાળકને સ્વચ્છ કરવાના કામની પણ મને સૂગ નથી અને જરૂર પડયે કરી લઉં, બાળકોને કંઈ વાગ્યું હોય તો તેના પાટાપટ્ટી કરું છું. હમણાં પત્નીને પગે ફ્રેકચર પાકી છે તેને ધોઇ ડ્રેસિંગ કરવામાં મદદ કરું છું.) અનેક મિત્રો સાથે સ્નેહસંબંધ કર્યા છે અને હજુ નવા સંબંધ આવકારું છું, તેમની સાથે કલાકો વાતોમાં ગાળું છું. કોલેજમાં હતો ત્યારે નિયમિત ટેનિસ રમતાં અને દર અઠવાડિયે સિનેમા જોવા જતો. માંદો પડયા પછી, પણ છેલ્લાં વીસ વર્ષમાં અવારનવાર ગયો છું, અને હવે બહુ રસ રહ્યો નથી પડતો પણ જોઉં તો કંટાળો ન આવે. 'શંકરાભરણ' નામનું તેલુગુ ચિત્ર પાંચ-છ વાર જોયું હતું, છતાં મારો જીવનરસ બાળપણથી અંતરમાં જ, બીજાઓને ન દેખાય એવી રીતે, સૌંદર્યનું અમૃત પીતો વહેતો રહ્યો છે વર્ષો સુધી ક્ષીણકાય રહેલું એ ઝરણું ૧૯૬૮ ની સાલ પછી તો કયારેક ઉછાળા મારતા આનંદના પ્રવાહ જેવું બન્યું છે. અને એ પ્રવાહ વારંવાર મને જીવનના વિસ્મયનો અનુભવ કરાવે છે. હું માનું છું કે જેમણે મારાં પુસ્તકો, 'અભિક્રમ', 'ગાંધીજીની સત્યસાધના', 'ટ્રેજિડી. સાહિત્યમાં ને જીવનમાં' ને 'કથાબોધ', ગુજરાતી ગ્રંથકાર શ્રેણીમાં 'ગાંધીજી' ઉપરની પુસ્તિકા અને ૧૯૮૩-૮૪ની સાહિત્ય પરિષદ ના વિવેચન વિભાગના અધ્યક્ષ તરીકેનું મારું વ્યાખ્યાન સહૃદયભાવે વાંચ્યાં છે તેમને મારી આ વાત માનવામાં મુશ્કેલી નહિ આવે.

હૃદયમાં વહેતો આ આનંદપ્રવાહ મારી આંખો ને મારા કર્ણ બંનેને તૃપ્ત કરતો રહ્યો છે. કોઇ પણ સુંદર વસ્તુ જોઇ મારી આંખો પ્રસન્ન થાય છે. તંદુરસ્ત, હસતાંરમતાં બાળકો જોઇને મને તેમને તેડી લેવાનું મન થઇ આવે છે. ઘરમાં મદદ કરવા એક રબારી યુવતી આવે છે તેનો આઠેક માસનો બાળક-પુત્ર મારા હૃદયનો ભાવ સમજતો હોય તેમ મને જોઇને મારી સાથે ગેલ કરવા કૂદાકૂદ કરે છે અને તેની મા એને મારી સાથે એકલો મૂકે તો આનંદથી રમે છે. ઘર બહાર નીકળું છું ત્યારે કોઇવાર પાડોશનાં બાળકો મને પાછળથી 'દાદાજી' કહી બોલાવે છે ત્યારે મન પ્રફુલ્લિત થઇ જાય છે. કોઇ બાળક મારી દાઢી જોઈ 'બાવો' પણ કહે છે. તેની માતા તેને જરા આંખ કહાડવાની ચેષ્ટા કરે છે, પણ હું બાળકની સામે જોઇ હસું છું. એટલે એય હસી પડે છે. ફૂલ જોવાં પણ આંખને ખૂબ ગમે છે. અમારા બગીચામાં ફૂલો તો બહુ નથી થતાં, પણ મકાનની ચારે બાજુ વૃક્ષો છે તેમની હરિયાળી આંખને એવી શીતળ લાગે છે કે હું દરરોજ સવારે ઉઠીને બહાર બેસું છું અને એ શીતળતાને આંખ દ્વારા અંતરમાં ઊતરવા દઉં છું. સ્ત્રી-દેહની સુંદરતા અને કોઇ સ્ત્રીઓમાં અનુભવાતી વ્યકિતત્વની સૌમ્યતા આંખ ને મન બંનેને પ્રસન્ન કરે છે. આ ઉંમરે હું વિકાર ને સૌંદર્યપ્રેમ વચ્ચેનો ભેદ સમજું છું અને વિશ્વાસથી કહી શકું છું કે મારા ભાવમાં વિકારનો અંશ નથી હોતો. મુંબઇ જાઉં છું ત્યાં જ્યારે સમુદ્રનું દર્શન થાય છે., જો કે એવા પ્રસંગ બહુ નથી આવતા, ત્યારે મારી આંખ તેના ઉપર ઠરી જાય છે. મુંબઇમાં કોલાબા પોસ્ટ ઓફિસ પાસે ગુજરાત કોલેજના મારા અંગ્રેજીના અધ્યાપક શ્રી ભાંડારકર રહે છે. તેમના ફ્લેટની દક્ષિણ તરફની મોટી કાચની બારીમાંથી દૂર દૂર ક્ષિતિજ સુધી વિસ્તરતો સમુદ્ર જોઇ શકાય છે મુંબઇ જાઉં છું ત્યારે દરેક વેળા તેમને મળવા જાઉં છું, અને બારી ઉપરનો પડદો ખસેડાવી વાતો કરતાં મારી આંખો અવારનવાર સમુદ્ર ઉપર રમતી રહે એ રીતે દક્ષિણ દિશા તરફ મોં કરીને બેસું છું. મુંબઇ જતાં કે મુંબઇથી અમદાવાદ આવતાં મુસાફરી દિવસની હોય તો ટ્રેન ભરૂચ પાસે નર્મદા નદીના પૂલ ઉપરથી પસાર થાય ત્યારે અચૂક ટ્રેઇનની બારી બહાર નજર નાખી પૂલ પૂરો થાય ત્યાં સુધી નદીના પટને પ્રવાહને જોઇ રહું છું. મેં ગંગાયમુનાનાં 'પુણ્યસ્મૃત્ય' પ્રવાહો જોયા છે, પણ મારા હૃદયને આકર્ષણ નર્મદાના પ્રવાહનું છે. મને એ નદીમાતાની બહુ મધુર સ્મૃતિ રહી છે. અંકલેશ્વરની શાળામાંથી ૧૯૪૬ ના માર્ચ-એપ્રિલમાં મેટ્રિકની પરીક્ષા આપી તે પછીના ઉનાળામાં હું મારા એક

સંગી યુવક સાથે એક અઠવાડિયું માલસર રહ્યો હતો. ત્યાં દરરોજ નર્મદામાં નહાવા જતો. તે ઉપરાંત શાળાના એક શિક્ષક સાથે હું એક દિવસ માટે શુકલતીર્થ ગયો હતો અને ત્યાં હોડીમાં બેસી અમે કમ્પીરવડ જોવા ગયા હતા. એ વેળા જોયેલા નર્મદાના શાંત શીતળ જળપ્રવાહનું સ્મૃતિચિત્ર હજુ મારા હૃદયમાં આનંદની ઊર્મિઓ પ્રેરે છે શાળા ને કૉલેજનાં વર્ષો દરમિયાન ચારપાંચ વાર આબુ ગયો હતો. ત્યાં સનસેટ પોઇન્ટ, વસિષ્ઠાશ્રમ, ગુરુશિખર ને અચળગઢ જોવા જતા એ અનુભવોનાં મીઠાં સ્મરણ રહી ગયાં છે. અમદાવાદ મુંબઈ અને અમદાવાદ-દિલ્હીની ટ્રેઇનમાં કેટલીયવાર લાંબી મુસાફરીઓ કરી છે. એ મુસાફરીઓમાં જ્યારે જ્યારે તક મળી ત્યારે ડબ્બાની બારી પાસે ટ્રેઇનથી ઊંધી દિશામાં દોડતાં ને વૃક્ષોને કલાકોના કલાકો સુધી જોતો રહ્યો છું, હજુ પણ મુંબઈ જાઉં છું ત્યારે દિવસની ગુજરાત એક્સપ્રેસમાં મુસાફરી કરવાનો આગ્રહ રાખું છું મુંબઈથી ઊપડતી ગુજરાત એક્સપ્રેસ સવારે જરા વહેલી ઊપડે છે તે અનુકૂળ નથી રહેતી એટલે રાત્રે ગુજરાત મેઇલમાં આવવું પડે છે, પણ તે મને ગમતું નથી, અમે પાંચ વર્ષ ખેડા રહ્યાં, ત્યાં ત્રણ ચાર ઉનાળાઓ દરમિયાન હું દરરોજ સવારે વાનક નદીમાં નહાવા જતો, એમ. એ. નાં વર્ષો દરમિયાન બે વર્ષ અમારા વતન અસારવામાં રહ્યો ત્યારે ત્યાંય ઉનાળામાં દરરોજ સવારે દોઢેક માઇલ ચાલીને સાબરમતીમાં નહાવા જતો. અંકલેશ્વરમાં રહેતો ત્યારે નિયમિત ભાડૂતી સડક ઉપર કે સ્ટેશનથી ટ્રેઇનના પાટે પાટે ચાલતો ફરવા જતો અને ત્યાં ખેતરો ને વૃક્ષોની જે કંઈ હરિયાળી જોવા મળતી તેથી આંખ ભરતો. આ બધાં અનુભવોનાં સ્મરણો મારા અંતરજીવનની મૂલ્યવાન સંપત્તિ બની રહ્યાં છે.

મારા જીવનરસે આંખ દ્વારા તૃપ્તિ ખોળી છે તેટલી જ, બલકે તેથી પણ વધુ, કર્ણ દ્વારા ખોળી છે. એ તૃપ્તિએ મને કેવી રીતે જીવનના દિવ્ય સંગીતના મૂક સૂર દૂર દૂરથી સંભળાવ્યા તેની વાત હવે પછીના હપ્તામાં આવશે.

વાચન – ભાવ

✍ ડા. બળવંત જાની

આપણા આજના સમયના મહાન વિચારક શ્રી એન. એ. પાલખીવાળાનું પુસ્તક 'વી ધ પીપલ' ખૂબ જ વંચાયું છે. આઠ મહિનામાં તેની ચાર આવૃત્તિઓ થઈ એ સમાચાર જ આપણને આનંદવિભોર કરી મૂકે એવા છે. પણ તેમની આ બેસી હજાર જેટલી નકલોમાંથી ગુજરાતમાં તો માત્ર છસો જ નકલો વેચાઇ છે, એમ તેના પ્રકાશક–પ્રચારકે મને કહેલું, અને પછી એમ પણ કહેલું કે. સૌરાષ્ટ્રમાં તો મારા વિતરકને મે ૨૫ નકલ આપેલી તેમાંથી માત્ર ૧૮ નકલ જ ખરીદાઇ છે.

આપણે ઘણું બધું વાંચીએ છીએ તે મહત્ત્વનું નથી, પરંતુ કેવું વાંચીએ છીએ તે મહત્ત્વનું છે, 'વી ધ પીપલ' નામ જ આકર્ષક છે એવું નથી, એની વિષયસામગ્રી આપણને ઘણું બધું વૈચારિક ભાથું પૂરું પાડે એ કોટિની છે. એનું અર્પણ વાક્ય પણ આપણને વિચારતા કરી મૂકે એ કક્ષાનું છે.

શ્રી પાલખીવાળાએ આ પુસ્તક 'મારા દેશવાસીઓને' અર્પણ કર્યું છે, અને એની નીચે લખ્યું છે કે, **જેમણે પોતાને બંધારણ આપ્યું પણ એને સાચવવાની શક્તિ ન રાખી, અને જેઓને તેજસ્વી વારસો પ્રાપ્ત થયો, પરંતુ તેમને ભોગવવાનું ડહાપણ ન મળ્યું, અને જેઓ સહન કરે છે, તથા શાંતિથી વેઠે છે પરંતુ પોતાની ક્ષમતાઓને ઓળખતા નથી.'**

શ્રી પાલખીવાળાનું આ અર્પણ વાક્ય અમારા એક વિદ્યાર્થિનીને લગ્ન પ્રસંગે લખીને મેં મોકલેલું. પછી ઘણાં સમયે એ વિદ્યાર્થિની તેમના પતિ સાથે મારે ત્યાં આવેલાં. એમના પતિ વ્યવસાયે તબીબ હતા. તેમણે મને પૂછેલું કે શ્રી પાલખીવાળાનું તમે પાઠવેલું એ વિધાન બરાબર છે. પરંતુ અમે અમારી ક્ષમતાથી કે આપણા બંધારણથી અપરિચિત હોઇએ અને અમે પ્રાપ્ત વારસાનું જતન ન કરી શકીએ કે એને ન ભોગવીએ તો શું થઈ ગયું?

એમનો પ્રશ્ન બહુ જ નાજુક હતો, અને તાકીદનો પણ હતો. મને ત્યારે જે સૂઝેલું તે તેમને જણાવતાં કહેલું કે, તમારા આ સવાલને હું ઉચ્ચ કેળવણી લઇ રહેલા યુવાનોના અવાજ તરીકે અને એક બુદ્ધિજીવીના સવાલ તરીકે ઘટાડીને કહું છું કે એમાં ઘણી મોટી બાબત છે. તમે તમારા બંધારણથી અપરિચિત હો, એ કેવી મોટી ઉપેક્ષા છે? તમારામાં પ્રતિકાર કરવાની ક્ષમતા હોવા છતાં તમે બધું વેઠો સહન કરો એનાં કેવા દૂરગામી પરિણામો આવતા હોય છે. તમારું મૌન અને પ્રાપ્ય પરિસ્થિતિ સામેના આંખ મીંચામણાં બહુ ખતરનાક એવી દુર્ઘટનાજનક નીવડે છે. આજે જે અતંત્રતા વ્યાપ્ત છે તે આપણી આ પ્રકારની નીતિ રીતિનું બળવાન ઉદાહરણ છે. આપણે મેળવેલ હકક માટે આપણામાંથી કંઇ કેટલાયના બલિદાન અપાયાં છે. એ બધું આપણાંથી વિસરાઈ ગયું છે એનું મને આ પરિણામ લાગે છે.

અમારો સંવાદ તો ખૂબ લાંબો ચાલેલો. પ્રથમ મુલાકાતથી જ આ પ્રકારનો દોર બંધાઈ 'શકયો એનું કારણ શ્રી પાલખીવાળાનું વિધાન. પણ પછી તો ખૂબ જ નિરાંતે અમે ઘણી બધી ચર્ચા કરેલી. પછી તો એ તબીબભાઇએ એક કલબ સમક્ષ આ મુદ્દા પર વ્યાખ્યાન પણ આપેલું અને એક પ્રકારની જાગૃતિ તેઓ લાવી શકેલા. એમ બીજી વખત મળ્યા ત્યારે તેઓ કહેતા હતા. પછી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના 'સમયચિંતન'ના વિચારપ્રધાન લેખો વાંચવાનું પણ મેં તેમને સૂચવેલું. તેમને એમાંના 'ટેરટયુપ્ત એજી' પરત્વેનો વિચાર તથા અનેક વૈચારિક ક્ષિતિજને વિસ્તારનારા લેખો ખૂબ જ ગમેલા. એને તેઓ અનેક જગ્યાએ એને ઉદ્ધૃત પણ કરતા હતા. આમ એક પ્રકારનું લોકચેતનાને ઘડવાનું કામ વિચારક-સર્જકો કરતા હોય છે. આપણને વિચારતા કરી મૂકે અને આપણે વિચારતા થઇએ એ આજના માંદા દિવસોની એક દુર્લભ ક્ષણ ગણાય. વૈચારિક હાસના આજના આ દિવસોમાં આપણી વૈચારિક શક્તિ પણ જાણે કે કુંઠિત થઈ ગઈ છે. એને ફરીને ધારદાર બનાવવા માટે પણ શ્રી પાલખીવાળાનું તથા ચીમનલાલ ચકુભાઇ શાહના 'અવગાહન' તથા 'સમયચિંતન' પુસ્તકો ખરેખર બહુ મોટું કારણભૂત બને તેમ છે.

આવા વિચારપૂર્ણ અને આપણી ચેતનાને ઢંઢોળી આપણને જાગૃત કરે એવા પુસ્તકો આપણાં વ્યક્તિત્વ ઘડતર માટેનું એક

અનિવાર્ય અંગ છે. આપણી વાચન ટેવ છૂટી નથી ગઇ. પરંતુ પસંદગીનું ઉત્તમ જ વાંચવાની ટેવ આપણામાં પડે એ અત્યંત મહત્ત્વનું છે. આઇન્સ્ટાઇનને એક મિત્રે પુસ્તક ભેટ મોકલેલું. તો આઇન્સ્ટાઇને એ મિત્રને પુસ્તક વાંચતા પહેલા પત્ર લખેલો કે, 'આ પુસ્તક વાંચતા જ મને તેમાંથી કંઈક વૈચારિક ભાથું પ્રાપ્ત થાય તેમ હોય તો જ હું વાંચું. તમે મને તાકીદે જણાવો કે એમાં માત્ર મનોરંજન સામગ્રી છે કે જીવન પરત્વેની કોઇ મોટી ગૂંચ અને એ અંગેનું કોઇ દર્શન.'

આઇન્સ્ટાઇનનો આ પ્રશ્ન સૂચક છે. આપણે એવું જ વાંચીએ કે જેમાંથી કંઇ દર્શન પ્રાપ્ત થતું હોય, માત્ર મનોરંજન નહીં. આપણે માત્ર શબ્દોની સાથે સમય પસાર કરવા માટે ગોષ્ઠિ ન યોજીએ પણ કંઇક નવો આગવો દૃષ્ટિકોણ પ્રાપ્ત કરવા માટે આપણે એના તરફ વળીએ. ટાગોરે તો શબ્દને સ્થિર જ્યોત કહી છે અને એ જ્યોતના પ્રકાશને પથદર્શક ગાયો છે. એ આવા મનોરંજનમૂલક સાહિત્યના શબ્દને નહીં પણ લક્ષ્યાન્વિત એવા અર્થપૂર્ણ અને રસ્પર્શક્ષમ સાહિત્યના શબ્દની ત્યાં વાત છે.

સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે થયેલું અર્થસિંચન

(ગતાંકથી ચાલુ)

પ્રબુદ્ધ જીવનને ભેટ

૧૦૦ ગતાંકમાં પ્રગટ થયેલા.
૫૦૦ શ્રીમતી દેવકુંવરબેન જ. શાહ
૨૫ શ્રીમતી

૬૨૫

રમકડાં ઘરને ભેટ

૧૦૧ શ્રી હીરાલાલ ડગલી
૨૫ શ્રી શોભા ઇન્દુલાલ મહેતા
૨૫ શ્રીમતી રસિલાબેન દિલીપ કાકાબળિયા

૧૫૧,

પર્યુષણ વ્યાખ્યાનમાળાને ભેટ

૪૫૨ ગતાંકમાં પ્રગટ થયેલી રકમો
૫૧૧ શ્રીમતી યશોમતીબેન હીરાલાલ શાહ
૨૫૧ શ્રીમતી ચંપાબેન શેઠ
૨૫૧ શ્રીમતી મોહિનીબેન દલાલ
૧૦૧ શ્રી ચીમનલાલ મહેતા
૫૧ શ્રી ધરમચંદ નાથુભાઈ
૫૧ શ્રી હર્ષદરાય તલકચંદ શાહ
૫૦ શ્રીમતી જયવંતીબેન રતનચંદ પરીખ

૧૭૧૮

નેત્રયજ્ઞમાં મળેલી ભેટ

૧૦૧ શ્રીમતી ઉષાબેન ઝવેરી
૧૦૧ શ્રી હીરાલાલ ડગલી

૨૦૨

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિનીઓને દત્તક લેવા માટે ભેટ

૩૦૦૦ તારાબેન ચંદુલાલ ઝવેરી
૨૦૦૧ કમુદબેન ભેદા
૧૦૫૦ કિશોરચંદ કલ્યાણજી એન્ડ કું.
૧૦૫૦ ધીરજલાલ મોરારજી અજમેરા
૩૫૦ સ્વ. બાબુભાઇ પ્રેમચંદના સ્મરણાર્થે
૩૫૦ બી. આર. મહેતા
૩૫૦ અરુણા મૂળચંદ શાહ
૩૫૦ બચુબેન વાલજી
૩૦૦ તારાબેન શાહ
૩૫૦ એ. આર. શાહ
૨૫૧ આર. કે. ગાંધી
૨૫૧ સુલોચના એન. એમ. શાહ
૩૫૦ નિર્મળાબેન અરવિંદકુમાર
૩૫૦ અરવિંદ મંગળદાસ ગંગર
૩૫૦ ભાનબાઈ મગનલાલ ગંગર
૧૦૦ વનલીલાબેન નટવરલાલ
૧૦૦ વિજયાબેન પરમાનંદ કાપડિયા
૩૫૦ કાનજી એમ. શાહ
૩૫૦ નિહાલ એમ. શાહ
૩૫૦ મિતલ એમ. શાહ
૩૫૦ એક બહેન તરફથી
૨૫૧ હાકારલાલ મોતીલાલ ગાંધી
૩૫૦ ખુશાલચંદ સોજપાલ ગડા

૧૨૬૦૪

ધરમપુર પ્રોજેક્ટને ભેટ

૧૫૦૦ શ્રીમતી સુરેખાબેન એસ. શાહ
૫૦૧ શ્રી રમણીકલાલ એસ. ગોમલીયા
૫૦૧ શ્રી પન્નાલાલ સી. કોઠારી
૫૦૦ મે. અરુણ એન્ડ કું.
૫૦૧ શ્રી કાંતિલાલ ઉમિયાશંકર મહેતા
૨૫૧ ડો. એન. આર. ભાઉ
૧૦૧ શ્રી હીરાલાલ ડગલી
૫૧ શ્રી ચન્દ્રકાન્ત મણિલાલ મહેતા

૩૦૬ (ક્રમશઃ)

નોંધ : ગતાંકમાં રૂા. ૫૦૧ મે. નીરુ એન્ડ કું.ના નામે પ્રગટ થયા છે તે સ્વ. ડાહ્યાભાઈ ભોળાભાઇ ઝવેરીના સ્મરણાર્થે એમ વાંચવું.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

'સંઘ'ના નવા પ્રકાશનો

● **'જિનતત્ત્વ'** (જૈન ધર્મ વિષયક લેખો)
લે. ડો. રમણલાલ ચી. શાહ
કિં. રૂા. ૨૦-૦૦.
આ પુસ્તક સંઘના આજીવન અને પેટ્રન સભ્યોને રૂા. ૧૫/- ની કિંમતે આપવામાં આવશે.

● **'અર્ધી સદીના આરે'**
('સંઘ' આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પચાસ વર્ષની સવિગત માહિતી આપતું પ્રકાશન.)
સંપા. પન્નાલાલ ર. શાહ
કિં. રૂા. ૧૦-૦૦.
સંઘના સભ્યો આજીવન સભ્યો તેમજ પેટ્રન સભ્યોને આ પુસ્તક રૂા. ૮-૦૦ માં મળશે.

ભૂલ સુધાર :

આ અંકમાં પૃષ્ઠ ૧૨૦ પર ડો. બળવંત જાનીના લેખનું શિર્ષક 'વાચન ભપ્રાવ' છપાયું છે તેને બદલે **'વાચન પ્રભાવ'** એમ સુધારીને વાંચવું.

આ અંકમાં 'સંઘ' યોજિત પરિસંવાદનો કાર્યક્રમ અન્યત્ર છપાએલ છે તેમાં છેલ્લે શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને કિન્નરી ગ્રુપ છપાયું છે તેને બદલે **'શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને દક્ષેશ ધ્રુવ ગ્રુપ'** એમ સુધારીને વાંચવું.

કાળાં નાણાંની સમસ્યા અને તેનાં પરિમાણો

પ્રતાપભાઈ ભોગીલાલ

(તા. ૧-૯-૮૫ ના અંકથી પૂર્ણ)

અંકુશો અંગેની ડગલી સમિતિનો અહેવાલ મે, ૧૯૭૯માં પ્રગટ થયો હતો. એ સમિતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાવ નિયમન અને વિતરણ પરનાં અંકુશોથી ભૂતકાળમાં ધ્યાનાકર્ષક ભૂમિકાએ કાળા નાણાંનું સર્જન થયું છે.

વડા પ્રધાનના વિશેષ સલાહકાર શ્રી એલ. કે. ઝાએ જણાવ્યું છે તેમ વિલંબ નીતિ અને વહીવટીતંત્રની રીતરસમ એવી છે કે તેઓ કોઇ પણ યોજના માટે સંમતિ કે અસંમતિ સૂચક પ્રત્યુત્તર પાઠવતા નથી. સ્વાભાવિક રીતે આવી નીતિથી વહીવટીતંત્ર કાળાં નાણાંના સર્જનનું ઉત્તમ કોટિનું સંવાહક બને છે, જે સામાન્ય રીતે Price Money, Speed Money કે Paper Weight ના નામે ઓળખાય છે. વિદેશમાં આવા પ્રકારને Lobbying તરીકે ઓળખવામાં આવે છે.

આ અહેવાલ ભારપૂર્વક નોંધે છે કે ઇ. સ. ૧૯૫૦-૫૧ અને ૧૯૮૨-૮૩ દરમિયાન સરકારી ખર્ચમાં પચાસ ગણો (50 times in absolute terms) વધારો થયો છે, જ્યારે આ અરસામાં રાષ્ટ્રીય ઉત્પાદન ૯ ટકાથી વધીને ૨૭ ટકા થયું છે. સમિતિનો અહેવાલ જણાવે છે કે સરકારી કોન્ટ્રેક્ટસ દ્વારા રાજકીય નિધિ સંચયની (Political Fund raising) વધતી જતી વૃત્તિના કારણે આ પરિસ્થિતિ વિશેષ કથળી છે. ડગલી સમિતિને ચોકકસ એમ લાગે છે કે જાહેર ખર્ચની મોટી રકમ આ પ્રક્રિયામાં વપરાય છે. ખરેખર વપરાતી ચીજ અને કામ પૂરું થાય તેમ જાતજાતના હવાલા નાખવામાં આવે છે.

કાળાં નાણાંના સર્જનની પ્રક્રિયા અટકાવવા કેટલાંક પગલાં લઈ શકાય. જેમ કે, ગંદા વિસ્તારની નાબૂદી, સડકો બાંધવી, ગંદા વસવાટની નાબૂદી વગેરે પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રીય ફંડ ઊભું કરી શકાય; દિન-પ્રતિદિન વધતા જતા સરકારી ખર્ચ પર અંકુશો મૂકવા; સ્વૈચ્છિક જાહેરાતની ફરીથી યોજના દ્વારા છૂપાવેલી સંપત્તિ બહાર લાવવી; અંકુશો રદ કરવા કે હળવા કરવા; કોર્પોરેટ ટેકસ, વ્યકિતગત આવક વેરો, સંપત્તિ વેરો અને સ્ટેમ્પ ડયૂટીમાં ઘટાડો કરવો વગેરે.

એ વાત સાચી છે કે પડી ટેવ ટાળવી અતિ મુશ્કેલ છે. કાળું નાણું કેટલાક લોકોના જીવનનો અંશ બની ગયેલ છે, અને લોકોના જીવનના મૂળમાં પગપેસારો કર્યો છે. ટૂંકા સમયમાં એને સર્વથા નાથી ન શકાય. આમ છતાં એવી મનોવૈજ્ઞાનિક ભૂમિકા તૈયાર કરવામાં આવે અને જુદી જુદી દિશાના ઉપર સૂચવ્યા હોવા પ્રોત્સાહક પગલાં ભરવામાં આવે તો લોકો પોતાની સાચી આવક બતાવે અને જેટલો વેરો ભરવાનો થાય તેટલો વેરો ભરવાની તત્પરતા દાખવે.

આમ તો મનુષ્યની એવી ઇચ્છા હોય છે કે સાહસના પ્રમાણમાં ઓછા નફા માટે જોખમ ન વહોરવું. લોકોને એમ લાગવું જોઇએ કે પોતાની સાચી આવક બતાવવી એ સમગ્રપણે એના હિતમાં છે અને એ પ્રક્રિયામાં તેઓ બહુ મોટો ભોગ આપી દેતા નથી.

એ રાજી થવા જેવી વાત છે કે, નવી સરકાર એક પ્રગતિવાંચ્છુ વડા પ્રધાન શ્રી રાજીવ ગાંધીના નેતૃત્વમાં ચેલાની કમિટીના આધારે એક જાહેર ચર્ચાવિચારણા કાળું નાણું રોકવા અને નવી કરવેરા નીતિ નકકી કરવા વિશે યોજી રહે છે.

વડા પ્રધાને કાળું નાણું દૂર કરવા ઘણી નીતિવિષયક જાહેરાતો કરી છે. અને ઘણાં રચનાત્મક અને વિધાયક પગલાં ભર્યાં છે. કાળું નાણું દેશ માટે ગંભીર પ્રશ્નો ઊભા કરી રહ્યું છે. અમુક લોકોની એવી માન્યતા છે કે, સરકારે જે પણ પગલાં લીધાં છે તે ઘણે અંશે સફળ નથી થયાં. સુધારો ધીમી ગતિએ થઇ રહ્યો છે. પરંતુ આપણે આશાવાદી બની વિચારવું જોઇએ કે, જે રાજકીય અને આર્થિક નીતિવિષયક ઉપાયો સફળ નથી થયા તે ટૂંક સમયમાં જ સારું પરિણામ જરૂર બતાવશે.

વડા પ્રધાન ઇચ્છે છે કે, વ્યાપાર અને ઉદ્યોગોએ એવી ભૂમિકા નભાવવી જોઇએ કે, રાષ્ટ્રીય નિર્માણ તથા એકવીસમી સદી તરફ દેશ ઝડપી પ્રગતિ કરી શકે.

એ આનંદની વાત છે કે, વડા પ્રધાનના આહવાન પર વ્યાપારી વર્ગ પણ રાષ્ટ્રનિર્માણ માટે પૂર્ણ સહયોગ આપવા તૈયાર છે. આપણે એમ ઇચ્છીએ કે, સરકારે સૂચવેલા ઉપાયોનો અમલ કરવા વ્યાપારી વર્ગ આગળ આવે અને અને કાળું નાણું દૂર કરવા પ્રયત્ન કરે.

એવો સમય આવી ગયો છે કે, વ્યાપારી વર્ગમાં સ્વ – અનુશાસન દાખલ કરવામાં આવે. થોડા સમય પહેલાં વર્તમાનપત્રોમાં વાંચવામાં આવ્યું કે એક મોટો વેપારી જે વેપારી એસોસિએશનનો સભ્ય પણ હતો, તે શુદ્ધ ઘીમાં પ્રાણીજ ચરબીની ભેળસેળ કરવા માટે જવાબદાર માનવામાં આવ્યો. તે કલકત્તાના એક મંદિરને ઘી સપ્લાય કરતો હતો. વેપારી એસોસિએશને તેની સામે કડક પગલાં લીધાં અને તેને એક લાખ રૂપિયાનો દંડ કર્યો. અને તેને કહેવામાં આવ્યું કે, તે કાશી જઇ ધાર્મિક, વિધિ કરાવે અને ૩૦૦ બ્રાહ્મણોને દાન દક્ષિણા આપે. તેનો ખર્ચ તેને પાંચ લાખ રૂપિયા જેટલો થાય એમ પણ સૂચવાયું. એસોસિએશને તેને પાયશ્ચિત્ત કરવા બરોબર પાઠ ભણાવ્યો.

આપણે ઇચ્છીએ કે, વેપારી વર્ગના લોકો આવી પ્રશંસનીય પરંપરાને ભારતીય વેપારી-વર્ગમાં કાયમ રાખે.

---

* 'કાળા નાણાંની સમસ્યા અને તેના પરિમાણો' વિષે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના ઉપક્રમે યોજાએલા પરિસંવાદમાં આઈ. એમ.સી.ના પ્રમુખ તરીકે આપેલ સ્વાગત પ્રવચનનો સાર. અનુવાદક પ્રા. ગુલાબ દેઢિયા અને પન્નાલાલ ૨. શાહ.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪, ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવમું સંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૩

ગ્રંથ તા. ૧-૧૧-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

ભાષા – સાહિત્યનું અધ્યયન – અધ્યાપન

મનુષ્ય પાસે ઇતર પ્રાણીઓ કરતાં વિકસિત મન અને વિકસિત વાચા છે. ભાષાના માધ્યમ વડે જ મનુષ્ય-મનુષ્ય વચ્ચેનો વ્યવહાર એની ઉત્તમ કોટિએ પહોંચી શક્યો છે. એના વડે જ મનુષ્ય સ્થૂળ પદાર્થો અને સૂક્ષ્મ તત્ત્વોનું રહસ્ય પામી શકે છે. એના દ્વારા જ સ્થળ અને કાળની મર્યાદા ઓળંગીને મનુષ્ય બીજા મનુષ્ય સાથે સૂક્ષ્મ સંબંધ સ્થાપી શકે છે.

ભાષામાં અપાર શક્તિ રહેલી છે. ભાષાનું મૂલ્ય જે સમજે છે તે જ સમજે છે. સમગ્ર જગતનો વ્યવહાર એટલે વાણીનો વિસ્તાર. અનેક શાસ્ત્રોની ઉત્પત્તિ આ વાણીમાંથી થઈ છે. મનુષ્યનું મનુષ્યપણું વાણી વડે સિદ્ધ થયું છે.

ભાષામાં વિવિધ પ્રકારની શક્તિ છે. પ્રત્યેક શબ્દમાં, પ્રત્યેક વર્ણમાં તે શક્તિ રહેલી છે એમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી. ભાષાના મર્મને સમજનારને આ વાતની તરત પ્રતીતિ થશે. 'एगस्स सु-तस्स अनंतो अत्थो'– (એક સૂત્રના અનંત અર્થ થાય છે.) એમ જૈનશાસ્ત્રોમાં કહેવાયું છે તે યથાર્થ છે.

ભાષાની આ મહત્તાના કારણે જ ઠેઠ પ્રાચીન સમયથી ભાષાના અધ્યયનને શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન અપાતું આવ્યું છે.

દુનિયાની તમામ ભાષાઓમાં સંસ્કૃત ભાષા જેવી કોઈ સઘન, ગહન, વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ભાષા નથી દ્વિવચન તો માત્ર સંસ્કૃત ભાષામાં જ મળે. વ્યાકરણનો વિસ્તાર સંસ્કૃત ભાષામાં જેટલો છે તેટલો બીજી કોઈ ભાષામાં નથી પંડિતો, વિદ્વાનોની ભાષા તે સંસ્કૃત અને આમ જનતાની ભાષા તે પ્રાકૃત. સંસ્કૃત, પ્રાકૃતમાં લખાયેલું સાહિત્ય એ આપણો અમૂલ્ય વારસો છે એટલા માટે જ સંસ્કૃત, પ્રાકૃતના અધ્યયનને દુનિયાની જુદી જુદી યુનિવર્સિટીઓમાં મહત્ત્વનું સ્થાન અપાયું છે. પરંતુ અફસોસની વાત એ છે કે ભારત બહાર જ્યારે યુનિવર્સિટી કક્ષાએ એનો અભ્યાસ વધતો ચાલ્યો છે ત્યારે ખુદ ભારતની યુનિવર્સિટીઓમાં, વિશેષતઃ મહારાષ્ટ્રમાં સંસ્કૃત ભાષાના અધ્યયનને જેટલું મહત્ત્વ અપાવું જોઈએ તેટલું હમણાં અપાતું નથી; યુનિવર્સિટીમાં બધા જ વિષયોને આર્થિક દૃષ્ટિએ પગભર બનાવવાનું સરકારી વલણ કેળવણીની વ્યાપક દૃષ્ટિનો અભાવ સૂચવે છે.

ભાષાના અધ્યયનથી માણસના પોતાના વિચારોને સ્પષ્ટ કરવાની શક્તિ ખીલે છે. એક જ શબ્દના જુદા જુદા અર્થ હોય અથવા નજીક નજીકની અર્થછાયાવાળા જુદા જુદા શબ્દો હોય તેમાંથી કયાં શબ્દની પસંદગી કરવી અને વાક્યમાં તેને કયાં સ્થાન આપવું એના પ્રયોગ કે મહાવરાથી માણસની તર્કશક્તિ અને સૂક્ષ્મ બુદ્ધિ વિકસે છે. ભાષામાં લખાયેલા સાહિત્યના અધ્યયનથી માણસનો બૌદ્ધિક વિકાસ થાય છે, તેના હૃદયની સુકુમારતા વધે છે, તેની પ્રતિભા ઘડાય છે, તેનામાં સંસ્કારનું સિંચન થાય છે, તેની સારાસાર વિવેકની દૃષ્ટિ કેળવાય છે, તેના શીલનું ઘડતર થાય છે. અને ક્રમે ક્રમે મનુષ્યમાં રહેલા પાશવી અંશોનું નિગરણ થતાં તેનું મનુષ્યત્વ શુદ્ધ અને સંસ્કારી બને છે. મનુષ્યમાંથી દેવ બનાવવાની શક્તિ ભાષા-સાહિત્યના પરિશીલનમાં રહેલી છે. વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક શોધ અને ઝડપી અવરજવરને કારણે એક દેશની ઉત્તમ સાહિત્ય કૃતિ બીજા દેશમાં ઝડપથી પહોંચી જઈ શકે છે. એકવીસમી સદીના માણસને દુનિયાની ઉત્તમોત્તમ સાહિત્ય કૃતિઓ-કલાકૃતિઓ ઘેર બેઠાં માણવા મળશે. કેટલાય સાહિત્યકારોનો પરિચય એમના વાસ્તવિક સ્વરૂપમાં, એમના પોતાના જ અવાજમાં મળવા લાગ્યો છે અને વધુ મળશે.

આવતી કાલના માણસને સાહિત્ય મેળવવાની મુશ્કેલી કરતાં પસંદગીની મૂંઝવણનો પ્રશ્ન વધુ સતાવશે. એક જિંદગીમાં વાંચતાં-સાંભળતાં પૂરું ન થાય એટલું ઉત્તમ સાહિત્ય ઉપલબ્ધ થઈ રહ્યું છે. આવા પ્રસંગે એ સાહિત્ય પ્રત્યે પોતાના દિલ-દિમાગની બારી બંધ કરી દેનારના જેવો બીજો કમભાગી કોણ હોઈ શકે ?

છેલ્લા ત્રણેક દાયકામાં ભૌતિક વિજ્ઞાન, અર્થકારણ, વાણિજ્ય, સમાજવિજ્ઞાન ઇત્યાદિ ક્ષેત્રમાં એટલી બધી પ્રગતિ થઈ છે કે દુનિયાભરની યુનિવર્સિટીઓમાં ઉત્તરોત્તર નવા નવા વિષયો દાખલ થતા જાય છે. જ્ઞાન-વિજ્ઞાનની વિભિન્ન શાખાઓ વચ્ચે તુલનાત્મક અધ્યયન પણ વધવા લાગ્યું છે. જેમ વસતિ વધતી જાય છે તેમ યુનિવર્સિટીઓનાં અધ્યયન ક્ષેત્રો પણ વધતાં જાય છે આમાંના ઘણા ખરા વિષયોના અધ્યયન પછી વિદ્યાર્થીઓને આજીવિકાનું બહોળું પ્રગતિશીલ દ્રેશોમાં સાંપડી રહે છે ભારત જેવા દેશમાં અતિ વસતિ અને બેકારીને કારણે વિદ્યાર્થીઓનું લક્ષ્ય સંસ્કારલક્ષી કેળવણી કરતાં ત્વરિત અર્થોપાર્જન કરાવે એવી વ્યવહારલક્ષી કેળવણી લેવા તરફ દિવસે દિવસે વધતું જાય છે. ભાષા સાહિત્યનો વિષય એક એવો વિષય છે કે જેમાં અર્થોપાર્જનને અવકાશ પ્રમાણમાં ઓછો છે. અભ્યાસ પછી શિક્ષણ કે પત્રકારત્વ જેવાં બે ત્રણ ક્ષેત્રમાં સાધારણ આજીવિકા સાંપડે એટલો મર્યાદિત અવકાશ હોવાને કારણે વિદ્યાર્થીઓ તેના તરફ ન

આકર્ષાય તે દેખીતું છે. માતા પિતાને પણ એ બહુ ગમતી વાત ન હોય; જેઓ એ વિષયમાં પડેલા છે તેઓ પણ પોતાનાં સંતાનોને એ વિષયનું અધ્યયન સ્નાતક અનુસ્નાતક કક્ષાએ કરાવવા બહુ રાજી હોતા નથી. ડૉક્ટરનો દીકરો ડૉક્ટર થાય, વકીલનો દીકરો વકીલ થાય, એન્જિનિયરનો દીકરો એન્જિનિયર થાય તો પોતાનો વ્યાવસાયિક વારસો સચવાયાનો સંતોષ એમને થશે, પરંતુ ભાષા-સાહિત્યના અધ્યાપકોમાં તેમ બનતું નથી ગુજરાતી વિષયનો જ વિચાર કરીએ તો પ્રશ્ન થશે કે છેલ્લા ચાર પાંચ વાયકામાં ગુજરાતી વિષયના કેટલા અધ્યાપકોએ પોતાનાં સંતાનો પાસે કૉલેજ અને યુનિવર્સિટીમાં ગુજરાતી વિષય લેવડાવ્યો છે? બે ત્રણ અપવાદ સિવાય કોઈ જ નહિ. એવી જ પરિસ્થિતિ સંસ્કૃત, હિન્દી, મરાઠી. તામિળ કે બંગાળી જેવા વિષયોમાં પણ જોવા મળશે એટલે જ વિદ્યાર્થીઓમાં ભાષાના અધ્યયન પ્રત્યે રસ-રુચિ કેળવાય એ માટે એ ક્ષેત્રમાં આજીવિકાની દૃષ્ટિએ આકર્ષક એવાં સ્થાનો ઊભાં થવા જોઈએ એમ થશે તો જ ભાષા સાહિત્યના અધ્યયન માટે વિદ્યાર્થીમાં આકર્ષણ જન્મશે.

દુનિયાની તમામ સરકારો સંરક્ષણ પછી બીજે નંબરે સૌથી વધુ ખર્ચ કરે છે. શિક્ષણની બાબતમાં ભારત જેવા દેશમાં ઘણી ભાષા , ઘણાં રાજ્યો અને અતિ વસતિના સંકુલ પ્રશ્નોને કારણે શિક્ષણ પાછળ ખર્ચવા માટે પૂરતાં નાણાંના અભાવનો પ્રશ્ન તો સરકારને સતાવે છે, પરંતુ જે નાણાં ખર્ચાય છે તે પણ પૂરાં ઊગી નીકળતાં નથી. કેળવણીના ક્ષેત્રે અનેક પ્રયોગો અને ખોટાં અનુકરણો થાય છે. એથી સમય, શક્તિ અને ધન વેડફાઈ જાય છે. બેકારીનું પ્રમાણ ઘણું મોટું હોવાને કારણે સંસ્કારલક્ષી કેળવણીને બદલે વ્યવહારલક્ષી કેળવણી લેવા તરફ યુવક-યુવતીઓની દોટ સમજાય તેવી છે. પરંતુ તેમ છતાં વ્યવહારલક્ષી કેળવણીમાં ભાષા-સાહિત્ય અને એવા ઇતર વિષયોના અધ્યયનને જો સાંકળી લેવાય તો બંનેનો હેતુ સાચવી શકાય. પરંતુ આપણે ત્યાં શિક્ષણના ક્ષેત્રે પણ રાજદ્વારી તત્ત્વોની અને અશૈક્ષણિક વિચારસરણીઓની દખલગીરી ઘણો ભાગ ભજવે છે, જેનો ભોગ બને છે બિચારા વિદ્યાર્થીઓ. વર્તમાન શિક્ષણનાં કથળેલાં ધોરણોને કારણે રાષ્ટ્રના કરોડો યુવાનોની કારકિર્દી ઝાંખી બની જાય છે. જડમૂળથી કેટલાક ફેરફારો જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી આ અસહ્ય પરિસ્થિતિ લાચારીથી નભાવ્યા વગર છૂટકો નથી.

મુંબઈની કૉલેજોમાં સરકારી આર્થિક નીતિના કારણે છેલ્લાં પાંચ સાત વર્ષમાં ગુજરાતી વિષયના જેટલા ફુલ ટાઇમ અધ્યાપકો નિવૃત્ત થયા છે તેની જગ્યાએ ઘણું ખરું પાર્ટ ટાઇમ અધ્યાપકની નિમણૂંક થઈ છે. પાર્ટ ટાઇમ નોકરી માટે આવનાર વ્યક્તિતની પાત્રતા દેખીતી રીતે જ ઓછી હોવાનો સંભવ રહે છે. જેમને માથે કુટુંબના ભરણ-પોષણની જવાબદારી છે એવો પુરુષ વર્ગ આવી પાર્ટ ટાઇમ નોકરીથી આકર્ષાતો નથી. પરિણામે મહિલા વર્ગ પૂરક કમાણી કરવા આવી નોકરી સ્વીકારે છે. અધ્યાપન કાર્ય માટે પુરુષ જેટલી જ લાયકાત સ્ત્રી ધરાવી શકે એ સૈદ્ધાંતિક દૃષ્ટિએ સાચું હશે તો પણ ગૃહજીવનની જવાબદારીવાળી સ્ત્રીઓની બાબતમાં વ્યવહારદૃષ્ટિએ વર્તમાન સમયમાં ગુજરાતી વિષયમાં એ એટલું સાચું જણાતું નથી. સરકાર માત્ર પૈસા બચાવવાની દૃષ્ટિએ જ વિચારે છે, પરંતુ એથી સરવાળે પ્રજાને પોતાને જે સૂક્ષ્મ નુકસાન થઈ રહ્યું છે તેનું માપ કોણ કાઢી શકે? કેળવણીના ક્ષેત્રે આપણા આવડા મોટા દેશમાં અનેક સમસ્યાઓ છે. યુ. જી. સી. થી માંડીને શાળા-કૉલેજમાં પ્રવેશ મેળવવાની બાબત સુધી કે પરીક્ષાની ગેરરીતિઓ સુધી કેળવણીના ક્ષેત્રે પણ ભ્રષ્ટાચાર વ્યાપક બનતો જાય છે. તેમાં ભાષા – સાહિત્યના અધ્યયન અધ્યાપનનો પ્રશ્ન તો સરકારની દૃષ્ટિએ એક નાનકડો ગૌણ પ્રશ્ન બની રહ્યો છે.

સાહિત્યના વિષયમાં બધાંને કંઈ એકસરખો રસ પડે એવું નથી હોતું. એ માટે વિશિષ્ટ સંસ્કાર અને પ્રતિભાની જરૂર છે. પરંતુ એવી પ્રતિભાવાળા વિદ્યાર્થીઓ બીજા વિષયોમાં ખેંચાય છે, અને જેમને રસરુચિ ન હોય તેવા નબળા વિદ્યાર્થીઓ, બીજા વિષયોમાં પ્રવેશ ન મળવાના કારણે આ વિષયોમાં લાચારીથી આવી ભરાય છે. અને જે બે ચાર ટકા સારા સારા વિદ્યાર્થીઓ હોય તેને પણ મંદોત્સાહ કરી નાખે છે. એથી એકંદરે ભાષા – સાહિત્યના અભ્યાસના વાતાવરણને બહુ નુકસાન પહોંચે છે.

ભારતની બીજી ભાષાઓની સરખામણીમાં ગુજરાતી ભાષાનું શાળા-કૉલેજની કક્ષાએ અધ્યયન-અધ્યાપન વિશેષ કથળ્યું છે. એવો અભિપ્રાય એ ક્ષેત્રમાં કામ કરનારા ઘણા અનુભવીઓનો છે. ગુજરાતી પ્રજા એકંદરે વેપારલક્ષી હોવાને કારણે પોતાનાં સંતાનોને ભાષા-સાહિત્યનો વિષય મુખ્ય વિષય તરીકે સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ ઓછો લેવડાવે છે. વાણિજ્ય અને વિજ્ઞાનની શાખામાં જેટલા વિદ્યાર્થીઓ દાખલ થાય છે તેના પ્રમાણમાં વિનયન શાખામાં વિદ્યાર્થીઓ ઓછા દાખલ થાય છે. જે દાખલ થાય છે. તેમાં પણ વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વધુ હોય છે. અને તેમની સરેરાશ કક્ષા પણ ઓછી તેજસ્વી હોય છે ગુજરાતી પ્રજામાં અંગ્રેજી ભાષા પ્રત્યેનો મોહ વધુ હોવાને કારણે પોતાનાં સંતાનોને ક્રાન્વેન્ટ શાળાઓમાં મોકલવાનું વલણ પણ વધતું જાય છે એના પરિણામે ગુજરાતી ભાષા પ્રત્યેનું આકર્ષણ ઘટતું જાય છે. આજના વિદ્યાર્થીઓમાંથી જ આવતી કાલના શિક્ષકો કે કૉલેજના અધ્યાપકો સાંપડવાના, પરંતુ આજના વિદ્યાર્થીની કક્ષા જો ઊતરતી હશે તો આવતી કાલના અધ્યાપકની કક્ષા પણ એવી જ ઊતરતી રહેવાની.

ભાષા સાહિત્યના અધ્યયનને વધુ રસિક અને ફલદાયી બનાવવું હોય તો સરકારે પોતે તેને અનુકૂળ અને પોષક એવી શિક્ષણ નીતિ અપનાવવી પડશે. યુનિવર્સિટીઓએ ભાષાના વિષયને વિદ્યાર્થીઓ વિકલ્પે કાઢી ન નાખે એવી રીતે અભ્યાસક્રમ ગોઠવવો જોઈએ. તેજસ્વી માણસો અધ્યાપન તરફ આકર્ષાય એ માટે ફુલ ટાઇમ અધ્યાપક તરીકેનું આકર્ષક સ્થાન વધારવાં જોઈશે. મા-બાપોએ ભાષા પ્રત્યેનો પોતાનો અભિગમ બદલવો જોઈશે. સમાજે ભાષા-સાહિત્યનું અધ્યયન કરીને નીકળેલા તેજસ્વી વિદ્યાર્થીઓને આકર્ષે એવી આજીવિકા માટેનાં સ્થાન ઉભા કરવા જોઈશે. વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓએ સાહિત્યને માટે પ્રેરક, પોષક અને પ્રોત્સાહક એવી આબોહવા સર્જાય તેવા વિવિધ સાહિત્યિક કાર્યક્રમો, સ્પર્ધાઓ, મિલનો વખતોવખત યોજવાં જોઈએ. આ અને આવા બીજાં પ્રેરક અને પ્રોત્સાહક પરિબળો કામ કરશે ત્યારે ભાષા-સાહિત્યના અધ્યયનને વેગ મળશે. એમ થશે તો માત્ર ભૌતિક સ્તર પર જીવતી પ્રજાનું સંસ્કારતેજ વધશે. એથી સમાજને કે રાષ્ટ્રને પોતાને પરિસ્થિતિ સંતર્પક લાગશે.

રમણલાલ ચી. શાહ

વીતેલાં વર્ષો (૬)

ચી. ના. પટેલ

ગયા હપ્તામાં મેં મને આંખો દ્વારા મળતી સૌંદર્યતૃપ્તિની વાત કરી હતી. આ લેખમાં હું મારા સંગીતરસની વાત લખીશ. મને સંગીતના શાસ્ત્રનું કશું જ્ઞાન નથી. પણ મારા કાન સુંદર સંગીત સાંભળવા હમેશાં ઉત્સુક રહે છે. ફિલ્મસંગીતે મને એ કમાણી કરાવી હતી. એની શરૂઆત સૂરતથી થઇ. અંકલેશ્વરની શાળામાં ભણતો ત્યાંથી મેટ્રિકની પરીક્ષા આપવા હું ૧૯૩૬ના માર્ચ માસમાં સૂરત ગયો હતો. પરીક્ષા સોમવારે શરૂ થવાની હતી અને હું શનિવારે બપોરે કે સાંજે સૂરત પહોંચેલો. પરીક્ષા માટે ખાસ વધુ વાંચવાની મને જરૂર નહોતી પડતી એટલે સાથે વાંચવાનું લઇ નહિ ગયેલો, રવિવાર આખો આરામમાં ગાળી સાંજે હું શહેરમાં સિનેમા જોવા ગયો તે પહેલાં અમદાવાદમાં ચારેક ચિત્ર જોયાં હતાં, મૂકચિત્ર 'જલતી નિશાની' 'માયા મચ્છિન્દ્ર', 'પુરણ ભકત' અને 'મિસ ૧૯૩૩.' તેમાં મને 'પુરણભકત'નું સંગીત કંઇક ગમેલું, જોકે ચિત્રની વાર્તામાં તો કંઇ સમજ્યો નહોતો. (એ ચિત્રમા કે. સી. દે નામના અંધ ગાયકે બે ગીત ગાયેલાં, 'જાઓ જાઓ મેરે સાધુ રહો ગુરુ કે સંગ' અને 'કયા કારણ હય અબ રાનેકા' તેની રેકર્ડ મને હજૂ સાંભળવી ગમે છે.) સૂરતમાં તે દિવસે 'પુરણભકત' ચિત્ર ઉતારનાર ન્યૂ થિયેટર્સનું જ 'ધૂપછાંવ' ચિત્ર ચાલતું હતું. ત્યારે હું 'ન્યૂ થિયેટર્સ' વિશે કશું જાણતો નહોતો, અને કોઇ સિનેમા જોવાની ઇચ્છાથી જ 'ધૂપછાંવ' જોવા ગયેલો. ચિત્રમાં કે. સી. દે, સાયગલ, પહાડી સન્યાલ અને ઉમા શશીનાં ગીતો હતાં તે મને ખૂબ ગમી ગયાં અને મારું સંગીત માટેનું આકર્ષણ શરૂ થયું.

પરીક્ષાનું પરિણામ આવ્યા પછી હું ગુજરાત કોલેજમાં અભ્યાસ કરવા અમદાવાદ ગયો ત્યાં પણ કૃષ્ણ થિયેટરમાં 'ધૂપ-છાંવ' ચાલતું હતું મેં તે વારેવારે જોયું. (યાદ છે કે કુલ ૭ વાર જોયું હતું.) મને હવે સારાં ગીતોવાળાં ચિત્રો જોવાની લગની લાગી. કોલેજ શરૂ થયા પછી થોડા જ સમયમાં પ્રભાતનું 'અમરજ્યોતિ' આવ્યું, અને વર્ષ દરમિયાન ન્યૂ થિયેટર્સનાં ને પ્રભાતનાં ચિત્રો આવતાં રહ્યાં અને ન્યુ થિયેટર્સનાં ચિત્રોમાં વિશેષ રસ પડયો. એક બે વર્ષ પહેલાંનાં 'ચંડીદાસ' 'વિદ્યાપતિ' અને 'દેવદાસ' આવ્યાં, પ્રભાતનું 'અમૃતમંથન' પણ આવ્યું એ બધાં તે પછી આવ્યાં તે પણ જોયાં, ચિત્રો જોતો ગયો અને ગીતો સાંભળતો ગયો તેમ કાનની ભૂખ વધતી ચાલી. વિશેષે ન્યૂ થિયેટર્સનાં ચિત્રોમાં સાયગલ, કે. સી. દે, પંકજ મલિક ને કાનનબાળાનાં ગીતો આવતાં તે સાંભળવાં ખૂબ ગમતાં (એ ગીતોની લોંગ-પ્લે રેકર્ડો ખરીદી છે અને હજુ પણ તે સાંભળવાં ગમે છે.) ઇન્ટરના વર્ષમાં મારી સંગીતની ભૂખને વધુ ઉત્તેજિત કરે એવો એક બીજા પ્રકારના સંગીતનો ખોરાક મળ્યો. એ વર્ષે રમણલાલ દેસાઇની નવલકથા 'પૂર્ણિમા' ઉપરથી ઉતારેલું ચિત્ર આવ્યું તેમાં મને યાદ છે કે સંગીત નારાયણરાવ વ્યાસનું હતું, એટલે ગીતોમાં શાસ્ત્રીય સંગીતની છાયા હતી. મારા કાનને એ ગીતો બહુ ગમી ગયાં. તેમાંનું એક ગીત મને ખાસ યાદ રહી ગયું. નાયિકા રાજેશ્વરીના પાત્રમાં સરદાર અખ્તરે તે ગાયું હતું. તેના બોલ હતા, 'મુખ મોર મુસ્કાત જાત,' અખ્તર નૃત્ય કરતી જાય અને હાથથી તાલ આપતી ગાતી જાય. ચિત્ર જોયા પછી કેટલાય દિવસો સુધી હું મિત્રો સાથે એ જાતની અધુરતાની વાત કરતો રહ્યો. કોલેજની હોસ્ટેલમાં રહેતો ત્યાં પાસેની રૂમમાં એક મુસલમાન મિત્ર હતા. (તેમનું નામ જી. એમ. (?) પીરઝાદા હતું. બી. એ. પાસ થઇને તેઓ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લશ્કરમાં જોડાયા હતા, અને ૧૯૭૧ ના બંગલા દેશના મુક્તિયુદ્ધ વેળા મેં છાપામાં તેમનું નામ યાહ્યાખાનના ખાનગી મંત્રી તરીકે વાંચ્યું હતું.) તેમણે મને સમજાવ્યું કે એ ગીત શાસ્ત્રીય સંગીતના માલકૌંસ રાગમાં હતું. સામાન્ય ગીતોથી જુદું શાસ્ત્રીય સંગીત હોય છે અને તેમાં રાગોનાં નામ હોય છે તે મેં ત્યારે પહેલી વાર જાણ્યું.

કોલેજ છોડયા પછી ચિત્રો જોવાનો મારો રસ ઓછો થઇ ગયો. પણ સંગીત પ્રેમના સંસ્કાર રહી ગયા. અને સમય જતાં તે મારા જીવનના એક મુખ્ય રસ રૂપે અંકુરિત થયા. ગુજરાત કોલેજમાં મારી સાથે અંગ્રેજીના અધ્યાપક તરીકે શરચ્ચંદ્ર જોગ નામના એક મહારાષ્ટ્રી યુવક હતા, તે શાસ્ત્રીય સંગીત જાણતા. એક બેઠકમાં મેં તેમને સાંભળ્યા, અને મને એવો રસ લાગ્યો કે હું તેમને વારેવારે મારા ઘેર બેઠકો માટે બોલાવતો રહ્યો. એ અરસામાં અમદાવાદના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ વાડીલાલ લલ્લુભાઇ મહેતાનાં સુપુત્રીના લગ્નસમારંભમાં સરસ્વતીબાઇ રાણેની બેઠક યોજાઇ હતી. હું ઉત્સાહપૂર્વક તે સાંભળવા હતો પણ એ સમયે અમદાવાદની ધનપ્રેમી જનતામાં આજે જોવા મળે છે એવો સંગીતનો રસ જામ્યો નહોતો, એટલે સરસ્વતીબાઇ એમનું શાસ્ત્રીય સંગીત ગાતાં રહ્યાં અને શ્રોતાવર્ગમાં સ્ત્રીઓ ને બાળકો એમનું સંગીત ગાતાં રહ્યાં તથા પુરુષવર્ગ શેરબજારનું સંગીત ગાતો રહ્યો) દરરોજ શાસ્ત્રીય સંગીત સાંભળવા મળે તે માટે મેં એક સેકન્ડહેન્ડ રેડિયો ખરીદ્યો. તે વર્ષોમાં દરરોજ રાત્રે ૧૦ થી ૧૧ સળંગ એક કલાક કોઇ એક કલાકારનો શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ આવતો, તે દરરોજ સાંભળવાની ટેવ પડી એટલે સૂઇ જવાનો સમય ૧૦ હતો તે ૧૧નો થયો. હવે તે રાત્રે ૧૨-૩૦ પછીનો થયો છે. ઉર્દૂ સર્વિસ ઉપર દરોજ ૧૧-૩૦થી ૧૨-૩૦ સુધી શાસ્ત્રીય સંગીત આવે છે તે સાંભળવાનો લોભ રહે છે. દશેક વર્ષ ઉપર શહેરમાં ગોઠવાતા શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમોમાં પણ પુત્રી સાથે જવાનો રસ લાગ્યો અને હું શરીરની તકલીફ સહન કરીને રાત્રે બે વાગ્યા સુધી ઉજાગરા કરતો થયો. (એર-કન્ડિશન્ડ ખંડની કૃત્રિમ ઠંડી હવે સહન નહિ થતી હોવાથી ત્રણેક વર્ષ ઉપર મારે એ રસનો ત્યાગ કરવો પડયો, પણ એ મુશ્કેલી ન હોય તો હું હજુ સારું શાસ્ત્રીય સંગીત સાંભળવા આખી રાતનો ઉજાગરો કરવા તૈયાર થાઉં.) સૂરતથી શરૂ થયેલી મારી સંગીતયાત્રા આમ નવી દિશામાં વળી અને તે એટલી આગળ વધી છે કે જે દિવસ એકાદ બે કલાક શાસ્ત્રીય સંગીત સાંભળવા ન મળે તે દિવસ ખાલી ગયેલો લાગે.

આંખ ને કાનનું આવું સૌંદર્યપાન મારે માટે માત્ર ઇન્દ્રિય તૃપ્તિનો અનુભવ નથી બની રહ્યું. પણ અંતરના ઊંડાણને સ્પર્શી તેને નવજીવનના સંસ્કારથી ભરતું રહ્યું છે. તેનો પહેલો અનુભવ મને ૧૯૬૮ ના જૂન માસમાં વસંત નેચર ક્યોર હોસ્પિટલમાં થયો. તેના અઢી વર્ષ અગાઉ દિલ્હીમાં માંદો પડયો ત્યારથી હું આંતરડાંના દર્દથી સતત પીડાતો હતો અને મન એવા વિષાદથી ઘેરાઇ ગયું હતું

કે મારું વાંચવા– લખવાનું કામ ચાલુ હોવા છતાં હું કોઇની સાથે કશા આનંદમાં ભાગ નહોતો લઇ શકતો અને મારા ઉપરનો કાયમનો એ ભાવ જોઇ કુટુંબના સભ્યો, પત્ની, પુત્ર ને પુત્રી, પણ કંઇક ઉદ્વેગમાં રહેતાં. છેવટે મને લાગ્યું કે મારે કારણે તેમનું, વિશેષે યુવાન પુત્ર ને પુત્રીનું જીવન રૂંધાઇ જશે. એટલે છેવટના ઉપાય તરીકે મેં નેચર ક્યોરનો પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો. શરીર સારું થશે તો ઘેર આવીશ, નહિ તો ભલે હોસ્પિટલમાં જ અંત આવે એવો સંકલ્પ કરી જયંતી ઠાકારની વસંત નેચર ક્યોર હોસ્પિટલમાં ગયો, એ વખતની મારા શરીરની સ્થિતિમાં આ નિર્ણય કેટલો ગંભીર હતો. તે મારો નિર્ણય સાંભળી મારા એક મિત્ર શ્રી હર્ષદ મજમુદારે (તેઓ અમદાવાદના એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં અંગ્રેજીના અધ્યાપક હતા) ટકોર કરી હતી તે ઉપરથી અનુમાન કરી શકાશે. હોસ્પિટલમાં જવાના દિવસે તેઓ મળવા આવેલા. તેમણે સંદિગ્ધ શબ્દોમાં કહ્યું, એલોપથીના ડોકટરોએ ન કર્યું તે હવે નેચર ક્યોર ડોકટર કરશે. મેં એમના શબ્દોનો અર્થ કર્યો હશે કે એલોપથીના ડોકટરો મારા રોગને ન મટાડી શકયા તે હવે નેચર ક્યોરના ડોકટર મટાડશે. મને એવો વિશ્વાસ નહોતો એટલે મેં એમના શબ્દો ઉપર ધ્યાન નહિ આપ્યું હોય અને તે મને યાદ નહોતા રહ્યા. પણ વર્ષો પછી તેમણે મને પોતાની ટકોરની યાદ દેવડાવી હતી અને કહ્યું હતું, મેં માનેલું કે એલોપથીના ડોકટરોએ તમારા શરીરને પૂરું નહોતું કર્યું તે હવે નેચર ક્યોરના ડોકટર કરશે. પણ તમે તો જીવી ગયા.'

એ ચમત્કાર આમ બન્યો. ડોકટરે બે શરત કરી હતી, એક ચહા નહિ પીવાની અને બીજી, એક વર્ષથી દરરોજ ઊંઘવાની ટીકડી લેતો હતો તે છોડી દેવાની. મેં બેય શરતો માની હતી. જવાના દિવસે સાંજે છ વાગ્યે ચહાનો છેલ્લો કપ પી લીધો અને કોઇ અનિશ્ચિત યાત્રાએ જતો હોઉં એવા ભાવથી હોસ્પિટલ જવા ઘર છોડયું. ડોકટરે પહેલે જ દિવસે સોડા–બાય–કાર્બ મેળવેલા ગરમ પાણીનું માથાથી પગ સુધી જારણ કરી ટીકડી વિના ઊંઘ અપાવી અને ચાર દિવસ માત્ર પાણી ઉપર રાખી દરરોજ સવાર સાંજ એનિમા આપી આંતરડાંમાં ભરાઇ રહેલો મળ સાફ કર્યો. તેથી કંઇક રાહત થઇ, પણ ખોરાક લઇ શકું અને શરીર સામાન્ય કામ કરતું થાય એવો સુધારો થવાની શ્રદ્ધા ન બેઠી. ડોકટરે એકવીસ દિવસ મૌન પાળવાનું કહ્યું હતું. પણ વાંચવાની રજા આપી હતી. મારા મિત્ર શ્રી ગિરીશચંદ્ર દેસાઇ (એન્જિનિયર) શ્રી અરવિંદના ભકત હતા. તેમણે મને શ્રી સત્યપ્રેમનું ભારતીય નામ અપનાવેલા એક ફ્રેન્ચ લેખકનું શ્રી અરવિંદના પૂર્ણયોગની સમજૂતી આપતું The Adventure of Consciousness નામનું પુસ્તક વાંચવા આપ્યું. મને આધ્યાત્મિક સાધનામાં રસ નહોતો અને આજેય નથી. પણ આધ્યાત્મિક વિષયો ઉપર સારા ગદ્યમાં લખાયેલાં પુસ્તકો વાંચવાનું મને ગમે છે. મેં શ્રી સત્યપ્રેમનું પુસ્તક રસપૂર્વક વાંચવાનું શરૂ કર્યું. તે વાંચવાનું ચાલુ હતું તે દરમિયાન એક રાત્રે બારેક વાગ્યે અર્ધનિદ્રામાં મને વિચાર આવ્યો, શા માટે મારે શરીરની આટલી બધી ચિંતા કરવી? થઇ થઇને શું થશે હું મૃત્યુ પામીશ. તેથી શું? પુત્રપુત્રી મોટાં થઇ ગયાં છે અને પોતાનું સંભાળી લેશે. શરીર પીડામાંથી છૂટશે. એમ વિચારી સંકલ્પ કર્યો કે હવે શરીર વિશે બિલકુલ ચિંતા ન કરવી. તેનું જે થવાનું હશે તે થશે. તે ચાલે ત્યાં સુધી તેનો થાય તે ઉપયોગ કરતા રહેવું એમ સંકલ્પ કરી હું ઊંઘી ગયો અને સવારે મનમાં નિશ્ચિંતતા અનુભવતો ઊઠયો. તે પછી બે ત્રણ દિવસમાં શરીર વળવા માંડયું અને નેચર ક્યોરની સારવાર ઉપર શ્રદ્ધા બેઠી. અઢી મહિના હું હોસ્પિટલમાં રહ્યો. અને પૂરો નિરોગી તો ન બન્યો પણ દૂધ-દહીં ઉપર રહી હરતો ફરતો અને કામ કરતો રહી શકું એવી સ્થિતિમાં ઘેર આવ્યો.

ઘેર આવી કુટુંબનાં સભ્યોને કહ્યું, કોઇએ મને મારું શરીર કેમ છે એમ પૂછ્યું નહિ, મને તકલીફ હશે ત્યારે તમારી જરૂર લાગશે એ મદદ માગીશ. ત્યાં સુધી હું સારો જ છું એમ માની લેવું. કોઇ મિત્ર કે પરિચિત પણ પૂછે કે પટેલ (અથવા ચીમનભાઇ) કેમ છે, તો તેમને પણ એક જ ઉત્તર આપતો, બહુ સારું છે, આનંદથી રહું છું અને મારું કામ કરું છું. મારા આ રીતના સમર્થનમાં હું સત્યનારાયણની કથાનો એક પ્રસંગ, કંઇક ગંભીર ભાવે અને કંઇક રમૂજમાં, યાદ કરતો. સાધુ વાણિયો પરદેશમાં ખુબ ધન કમાઇને લહાણું સ્વદેશ પાછો ફર્યો ત્યારે તેની સત્યપ્રિયતાની કસોટી કરવા વિષ્ણુ ભગવાને સંન્યાસી રૂપે સમુદ્ર કિનારે પ્રત્યક્ષ થઇ પૂછ્યું, 'શ્રેષ્ઠી, વહાણમાં શું ભર્યું છે?' વહાણમાં ધન ભર્યું છે એ હકીકત સંન્યાસી જાણશે તો તેને ભિક્ષા રૂપે માગી લેશે એ ભયે સાધુ વાણિયાએ ઉત્તર આપ્યો, 'મહારાજ, એમાં તો માત્ર ઘાસપાંદડા ભર્યા છે.' વિષ્ણુ ભગવાન 'તથાસ્તુ' કહીને અંતર્ધાન થઇ ગયા. વહિવટે વહાણમાં જોયું તો ધનને બદલે ઘાસપાંદડા જ દેખાયાં. આ વાર્તા ઉપરથી મને તરંગ આવતો-અને હજુ આવે છે. કે આપણે પણ આપણા દુઃખની કથા કર્યા કરવાને બદલે કોઇ પૂછે તો હંમેશાં એમ કહીએ કે કુશળ છું, આનંદમાં રહું છું, ઇશ્વરની કૃપાથી (ઇશ્વરમાં માનતાં હોઇએ તો) સુખી છું, તો ખરેખર દુઃખ મટી સુખ ન બની જાય? (અંગ્રેજીમાં એક કહેવત છે, Count your blessings, એનો પણ આવો જ કંઇક ભાવ છે. તમને શું નથી મળ્યું, એનો વિચાર કરવાને બદલે શું મળ્યું છે તેને કૃતજ્ઞતાભાવે યાદ કરો.). મને લાગે છે મને આ રીતે વર્તવાની પ્રેરણા અંતરમાં ઊંડે ઊંડે સૌંદર્યપાનનો જે આનંદ ભર્યો હતો તેની સ્ફુરણાથી થઈ હશે.

હોસ્પિટલમાંથી ઘેર આવ્યા પછી થોડા મહિને એક બીજો ચમત્કાર બન્યો. જીવનભરના સૌંદર્ય અનુભવે શરીરને અમૃતમય નવજીવન બક્ષ્યું હતું તેના કરતાં ઘણું વધુ આનંદપ્રદ નવજીવન મનને મળ્યું. અંગ્રેજી ગદ્ય લેખકોમાં મારો સૌથી વધુ પ્રિય લેખક આલ્ડસ હકસ્લી નામનો નવલકથાકાર ને ચિંતક છે. કોલેજમાં વર્ષો દરમિયાન મેં તેનાં લગભગ બધાં પુસ્તક વાંચ્યાં હતાં. તેની Island નામની એક નવી નવલકથા મારા હાથમાં આવી. મેં તે રસપૂર્વક વાંચી. તેમાંના એક પ્રસંગે મારું ખાસ ધ્યાન ખેંચ્યું. તેમાં વિચારો ઉપર અંકુશ મેળવવાની એક માનસિક કસરતનું વર્ણન હતું. એક યોગશિક્ષક તાલીમ-અર્થીઓને કોઇ વસ્તુ કે વિષય ઉપર વિચાર કરવાનું કહે, પાંચેક મિનિટ પછી બીજી વસ્તુ કે બીજો વિષય સૂચવે, વળી પછી ત્રીજી કે ત્રીજો એમ સભાન રીતે વિચારનો વિષય બદલવાનો અભ્યાસ કરાવે. સામાન્ય રીતે આપણા વિચારો અજાગ્રત ચેતનાના કોઇ ગૂઢ નિયમને વશવર્તી નિરંકુશ પ્રવાહ રૂપે વહેતા હોય છે, અને આપણે આપણા ચિત્તની 'સ્વતંત્રતા' ભૂલી એ વિચારો સાથે તન્મય બની રહેતા હોઇએ છીએ. હકસ્લીએ વર્ણવેલી કસરત એવી

માનસિક 'પર-તંત્ર'તામાંથી મુક્તિ મેળવવા માટેની હતી તે વાંચીને મેં મારી રીતે તેનો પ્રયોગ કરવાનું વિચાર્યું.

મારો પ્રયોગ આધ્યાત્મિક સાધના રૂપે મારા વિચારો ઉપર અંકુશ મેળવવાનો નહોતો, પણ માત્ર તેમના પ્રવાહની દિશા બદલવાનો હતો. હું દરરોજ સવારે ફરવા જતો, અને ચાલતાં ચાલતાં ભૂતકાળમાં જે કંઈ સુંદર જોયું હોય, અનુભવ્યું હોય અથવા વાંચ્યું હોય તેને પ્રયત્નપૂર્વક પાંચપાંચ મિનિટે વિષય બદલી યાદ કરતો. પ્રયોગ ચમત્કારી રીતે ફળ્યો. જાણે કે મારા સ્મૃતિ સંગ્રહાલયનાં દ્વાર ખૂલી ગયાં અને મારા અંતરના ઊંડાણમાં સૌંદર્યના આનંદના સંસ્કારો સંચિત થઈને પડ્યા હતા તે બધા જાગ્રત થઈને મારા સ્મૃતિપટ ઉપર વારંવાર પ્રત્યક્ષ થવા લાગ્યા. એવાં સ્મૃતિચિત્રોમાં વાલ્મીકિ રામાયણના અરણ્યકાંડનાં અને 'સરસ્વતીચંદ્ર'માંથી સુંદરગિરિ ઉપરનાં દૃશ્યોનાં અને વિશેષે સૌમનસ્યગુફામાં સરસ્વતીચંદ્ર ને કુમુદના સહસ્વપ્નવિહારના દૃશ્યો મુખ્ય હતાં. આ સૌંદર્યસ્મૃતિઓએ અંતરમાં એવું અમૃત પીરસ્યું કે મારા મનમાં શરીરના કે જાગ્રત જીવનના બીજા કલેશો ભુલાવી દે એવી એક કલ્પનાની આનંદસૃષ્ટિ રચાઈ ગઈ, અને નાની ઉંમરથી મારો જીવનરસ આંતરિક સ્તરે વહેતો હતો તેનો પ્રવાહ વધુ વિશાળ, વધુ ઊંડો, અને મને લાગે છે કે આધ્યાત્મિક રંગનો, બન્યો, એની વાત હવે પછીના હપ્તામાં.

ભજન કરે તે જીતે

ગણપતલાલ મ. ઝવેરી

ભજન કરે તે હારે રે મનવા!
ભજન કરે તે જીતે,
તુલસીદલથી તોલ કરો તો,
બને પવન પરપોટો;
અને હિમાલય મૂકો હેમનો,
તો મેરુથી મોટો;
આ ભારે હળવા હરિહરને,
મૂલવવો શી રીતે?.....રે મનવા...
એક ઘડી તને માંડ મળી છે,
આ જીવતરને ઘાટે;
સાચ ખોટના ખાતાં પાડી,
એમાં તું નહી ખાટે;
રહેલીશ તું સાગર મોજે કે,
પડ્યો રહીશ પછીતે?...રે મનવા...
આવ હવે તારા ગજ મૂકી,
વજન મૂકીને વરવા;
નવલખ તારા નીચે બેઠા,
કયા ત્રાજવડે તરવા?
ચૌદ ભુવનનો સ્વામી આવે,
ચપટી ધૂળની પ્રીતે...રે મનવા...

–મકરન્દ દવે

કવિશ્રી મકરન્દ દવેના ઉપરોકત ભકિત – ગીતમાં જિવાતા જીવનનો મર્મ અને પ્રભુ-ભકિતનો મહિમા સરળ છતાં સચોટ વાણીમાં વર્ણવાયો છે.

આદિકાળથી આપણી સંસ્કાર–પરંપરામાં ઋષિમુનિઓથી માંડી અદના કવિઓ સુધી અનેક મનિષિઓએ જીવનથી પર એવા કોઇ તત્ત્વની વિરાટતા અને અલૌકિકતા ભાખી છે. એ જ સંદર્ભમાં શ્રી મકરન્દ દવેનું આ કાવ્ય ભકિત ભાવનું છલકાતું સરોવર છે. મકરન્દભાઈ આપણી ભકિત – કાવ્યની પરંપરાના એક જીવંત ધબકાર સમા છે.

કવિ અહીં જીવનની પળોજણને એક જ શબ્દમાં વ્યકત કરી દે છે–'વજન કરીને' માનવી એની દુનિયામાં વ્યાપારના પોતાના ત્રાજવા માપતોલ લઇને બેઠો છે. ધન, વૈભવ ને પ્રીતિ રળવામાં અને સ્વાર્થની હરીફાઇમાં એનો દૈનિકક્રમ પૂરો થાય છે. જ્યારે લોકોત્તર તત્ત્વને પામવાની ખોજ-યાત્રામાં ભવની જીવનની જીત છે, એટલે જ કવિ કહે છે 'ભજન કરે તે જીતે.'

ઇશ્વર વામન અને વિરાટ બંને સ્વરૂપે છે. ઇશ્વરનું તુલસીપત્રથી વજન કરીએ એટલે કે પુષ્પ જેવા કોમળ ભાવથી ભજીએ તો એ પવનથી એ વધુ હળવો બની જાય, જેમ કે 'તુલસીદલથી તોલ કરો તો બને પવન પરપોટો' અને એ જ ઇશ્વરને આપણે જો સોનારૂપા કે જરઝવેરાતના આભુષણો કે શણગારોના ઢગથી તોળીએ એટલે કે ઢાંકી દઇએ તો એ મેરુ પર્વતથી યે ભારે ને વિરાટ બની જાય અને 'હિમાલય મૂકો હેમનો તો મેરુથી મોટો' એવું એનું સ્વરૂપ અકળ છે, અમાપ છે, અકલ્પ્ય છે. તેથી જ કવિ કેવા સરસ શબ્દોમાં કહે છે, 'આ ભારે હળવા હરિહરને મૂલવવો શી રીતે?' ઇશ્વર સાથે સોદાબાજી ન કરતાં આપણું અંતર એને ધરી દઇએ એ સંકેત જ કવિને અભિપ્રેત છે.

આગળ ચાલતાં કવિ મનુષ્ય દેહની ક્ષણભંગુરતાના શાશ્વત નિયમનો આડકતરો સંકેત કરે છે. અને આયુષ્યની લઘુકતા વર્ણવતા 'ઘડી' શબ્દને અર્થપૂર્ણ રીતે યોજે છે.

'એક ઘડી તને માંડ મળી છે આ જીવતરને ઘાટે,
સાચખોટનાં ખાતાં પાડી એમાં તું નહીં ખાટે.'

કોઈ અન્ય કવિએ આ જ સંદર્ભમાં કહ્યું છે: 'આ તનરંગ પતંગ સરીખો, જતા વાર ન લાગેજી, અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી, તારી નજર્યું આગેજી.'

આ પળ જેટલા જીવનમાં છળનો આશરો લઇને દુષ્કૃત્યો કરવામાં સમયનો દુર્વ્યય કરવાથી કશો લાભ થવાનો નથી. વળી નિષ્ક્રિય પડી રહેવા કરતાં સાગરના ઊછળતાં મોજાં જેવી મસ્તીથી જીવીને પ્રભુભકિતમાં મગ્ન થઇ જવા કવિ આપણને પ્રેરે છે.

આના અનુસંધાનમાં એક બીજા સંત કવિ 'ભાણ'ની થોડી પંકિતઓ જોઇએ.

'નિત નિત નિદ્રા મત કરો નયણે સૂતાનો સાહિબ આધો
સુમિરણ કરી લો સાચા ધણીનું તમે મોજ મુકતાફળ માગો
જાગ્યો સોઇનર સંસારમાં સીધ્યા જેણે ઉજડ મેલ્યો આથો
મારગ ધાયા તે બહુત સુખ પાયા તેનો જરામરણ ભે ભાગ્યો.
સાચો નામ સાહિબકા જાણો ભણે લુહાણો 'ભાણો.'

અર્થાત્ કુંભકર્ણની જેમ ગાઢ નિદ્રામાં પડી રહેનારને અથવા ભોગ વિલાસમાં રચ્યા પચ્યા રહેનારને 'સાહેબ' ઇશ્વર કયાંથી મળે? પ્રમાદથી તો પ્રભુ વેગળો રહે છે. સમુદ્રમાં ડૂબકી મારનાર મરજીવાને જ મુકતાફળ (મોતી) લાધે તેમ

ભક્તિપૂર્વક ઈશ્વર સ્મરણ કરનારને મુક્તિફળ મળે. જે સદા જાગ્રત છે અને જે 'દૃષ્ટિ પૂત ન્યસેત્ પાદમ્' એટલે કે પોતાની દૃષ્ટિરૂપ સાવરણીથી રસ્તો સાફ કરતાં કરતાં પગલાં માંડે છે. અને જે કુપંથ ત્યાગીને જે ખરા અને સીધા (રાજ) માર્ગ પર ચાલતો હોય છે તે જ સિદ્ધિને વરે છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે 'Don't leave the height way for a by way' આવા સિદ્ધ પુરુષને વૃદ્ધત્વ કે મૃત્યુનો ભય કેમ હોઇ શકે?

અને ઇશ્વર એ જ પરમતત્ત્વ અને અંતિમ સત્ય છે તેનો સ્વીકાર કરો એમ 'ભાણો' કવિ વદે છે.

આવા જ ભાવાર્થને સાકાર કરતી ભક્તકવિ નરસિંહ મહેતાના સુવિખ્યાત ભક્તિ-ગીતની નીચેની પંક્તિઓમાં કેટલું બધું સામ્ય છે?

ધ્યાન ધર હરિ તણું અલ્પમતિ આળસુ જે થકી જન્મના દુઃખ નીચે

અવર વેપાર તું મેલ મિથ્યા કરી ઇશનું નામ તું રાખ મોંએ

અટક માયા પરી, અટક ચરણે હરિ, વટકમાં વાત સુણતાં જ સાચી

આશાનું ભવન આકાશ સુધી રચ્યું, મૂઢ! એ મૂળથી ભીંત કાચી

સરસ ગુણ પ્રભુ તણાં જે જનો અનુસર્યા તે તણાં સુજસ તો જગત ખોલે

નરસૈંયા રંકને પ્રીત પ્રભુ શું ધણી અવર વેપાર નહીં ભજન તોલે

અહીં પણ નરસિંહ મહેતા ઉપરના બે કવિઓના વિચાર બોધ સાથે સંમત થતાં આળસ અને પ્રમાદને તિલાંજલિ આપી ઇશ્વર સાથે લય લગાડવાની અનુમોદના કરે છે. સંસ્કૃતમાં પણ આવા જ અર્થને પ્રસ્તુત કરતું એક સુભાષિત છે:

' आलस्यंहि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यम समोबन्धु कृत्वा यं नावसिदति ॥ '

આગળ જતાં સુંદર પ્રાસાનુપ્રાસ અને લયબદ્ધ પંક્તિમાં કવિ આમ ઉપદેશે છે.

'પટક માયા પરી અટક ચરણે હરિ;
વટકમાં વાત સુણતાં જ સાચી'

સંસારની માયાજાળ ત્યાગો. પરમાત્માનું શરણ સ્વીકારો અને સત્યને પામવા કદી પીછેહઠ ના કરો, સદા તત્પર રહો.

જેનું ચણતર પાયાથી જ કાચું હોય તેના પર શેખચલ્લીની જેમ કલ્પના અને ખોટી આશાઓના ગગનચૂંબી મહેલ ચણવાનું સાહસ કરવું એ નરી મૂર્ખતા છે. કારણ, આવા નિરાધાર ચણતરને ધરાશાયી થતાં કેટલી વાર લાગે? અંતે પ્રભુ ભજનના તોલે વધુ શ્રેયસ્કર પ્રવૃત્તિ (વેપાર) આ સંસારમાં બીજી એક નથી. એમ નરસિંહ મહેતા આપણને શીખ આપે છે.

કવિ મકરન્દ પોતાના ભક્તિ ગીતમાં આગળ જતાં કહે છે.

'આવું હવે તારા ગજ મૂકી, વજન મૂકીને વરવા નવલખ
તારા નીચે બેઠો, કયાં ત્રાજવડે તરવા?

દુન્યવી માનવીના પોતાના માપદંડ અને અન્યનું મૂલ્યાંકન કરવાની પોતાની વૃત્તિ ભ્રામક અને મતલબી હોય છે. મોહ માયા, રાગદ્વેષ, અહંભાવ અને સંકુચિતતાના પડળો એની દૃષ્ટિ પર છવાયેલા હોવાથી તે સત્યનું યથાર્થ દર્શન કરી શકતો નથી. કેવળ સ્વાર્થના સોગઠાબાજી કયાં સુધી રમતો રહીશ? આ આંધળી દોટ તને કયાં લઇ જશે? કવિ આમ કહીને ચેતવે છે.

આ સંદર્ભમાં કવિ કલાપીની આ પંક્તિઓ સરખાવીએ.

'રે સંસારી! નિમિષભર તું ફેંકજે દૃષ્ટિ અહીં,
ભોળા! તારી ગડમથલમાં શાંત થા શાંત કંઇ.'

માનવીના પગ નીચે ધરતી, શીર પર નવલખ તારામંડિત આકાશ અને ચોમેર બ્રહ્માંડ પ્રસરેલું છે. માનવી તો આ સકળ બ્રહ્માંડમાં એક બિન્દુ સમાન છે. અની વિસાત શી? એનું મૂલ્ય કેટલું? કવિ એટલે જ મનુષ્ય. એના ગજ ને કાટલાં ત્યજી દઇને પરમેશ્વર સાથે તાદાત્મ્ય સાધવા આહવાન કરે છે.

છેલ્લે કવિ વદે છે તેમ પ્રભુ તો આશુતોષ છે. પળમાત્રમાં પ્રસન્ન થાય તેવા; ધન-દોલત કે ભેટ સોગાદના નહીં પણ એ તો ભક્તિ ભાવના ભૂખ્યા છે. પ્રીતભર્યા એક કણ જેટલા ઉપહારથી પણ એમને રીઝવી શકાય છે.

'ચૌદ ભુવનનો સ્વામી આવે, ચપટી ધૂળની પ્રીતે' એટલે જ કહેવાયું છે કે–

'સબસે ઊંચી પ્રેમ સગાઇ
'દુર્યોધન કે મેવા ત્યાગો, આળા વિદુર ઘર પાઇ.
જૂઠે ફલ સબરી કે ખાયે, બહુવિધિ પ્રેમ લગાઇ.

પ્રભુ ભકતવત્સલ છે. અને પ્રભુભક્તિ જ પ્રભુ પ્રાપ્તિની ગુરુચાવી છે.

કવિ મકરંદભાઇએ આ રીતે 'પરમ'ની ભક્તિમાં લીન થવાનો ઉદ્બોધ કરીને આ મનભવન કાવ્ય કૃતિને સદ્યસંવેદ્ય બનાવી છે.

ભક્તિ માર્ગ

❖ તનસુખ ભટ્ટ

સાકાર પ્રભુ સાથે પ્રેમભર્યો, શ્રદ્ધામય સંબંધ એટલે ભક્તિ. નિરંજન, નિરાકાર પરમાત્માને જેમણે ઊર્મિલ અને ઊષ્માભર્યો આવકાર આપ્યો હોય તેવા મહાન અદ્વૈતવાદીઓ જો કે થઇ ગયા છે ખરા તો પણ સાધારણ માનવી માટે અવ્યક્તની ઉપાસના કઠિન છે. નિર્બળ, નિરક્ષર, નીચલા થરના અને અજ્ઞાનીજનો માટે પ્રભુના ધામના સરળ માર્ગ તરીકે સાકાર પ્રભુની ઉપાસનાની ભલામણ કરવામાં આવી છે, દિવ્ય પરમાત્માના હેતુ સાથે આપણી ઇચ્છાનો તાર મેળવીને ઝણઝણાવવો, કે તપશ્ચર્યાનાં કઠોર અનુશાસનો પાળવાં કે મનન–ચિંતનના માનસિક પરિશ્રમભર્યા પ્રયત્નો કરવા જેટલા કઠણ છે તેટલું કઠણ પ્રેમનું બલિદાન નથી.

ભક્તિમાર્ગનાં મૂળિયાં પ્રાચીન યુગોના ધુમ્મસમાં અદીઠ પડ્યાં છે. ઋગ્વેદની સ્તુતિઓ ને પ્રાર્થનાઓ, ઉપનિષદોની ઉપાસના, તથા ભાગવતધર્મની ઊર્મિશીલ ધર્મભાવનાએ ગીતાકાર ઉપર પ્રભાવ પાડ્યો છે. મુકત અને સ્પષ્ટ શબ્દોમાં ઉપનિષદો જેને ઉચ્ચારવા અસમર્થ હતાં તેવું ધાર્મિક વિચાર-તંત્ર વિકસાવવા ગીતાકાર મથે છે. વેદનાના ભારથી ભારે હૃદયો જ્યારે મદદ માટે પોકારતાં હોય ત્યારે અવ્યક્ત, પ્રશાંત સ્થિતિમાં ઊંઘતા હોય તેવા પ્રભુ એટલે પરમાત્મા, એમ નથી. ભકતજનો જેને ગરુડે ચડીને આવતા ગિરિધારી માને છે તેવા તે પ્રેમાળ, તારણહાર ત્રિવિક્રમજી છે. તેમનામાં જેમને શ્રદ્ધા છે તેમને તે મુક્તિ સમર્પે છે. પ્રભુએ ઢંઢેરો પિટાવ્યો છે કે 'જે મારી ઉપર

પ્રેમ રાખે છે તેનો વિનાશ નહિ થાય એવો મારો ટ્રાલ છે'

ભજ ધાતુનો અર્થ સેવવું થાય છે, તેમાંથી ભક્તિ શબ્દ બન્યો છે, ભક્તિનો અર્થ પ્રભુસેવા થાય છે. શાંડિલ્યમુનિના મતાનુસાર 'ભક્તિ એટલે ભગવાન માટેની હેતુરહિત તીવ્ર તલસાટ.' ભક્તિ પ્રભુના અનુગ્રહ માટેનું શ્રદ્ધાપૂર્ણ આત્મસમર્પણ છે યોગશાસ્ત્રના શબ્દોમાં ભક્તિ એટલે 'ઇશ્વરપ્રણિધાન.' આ શબ્દપ્રયોગ ઉપરની ભોજની ટીકા પ્રમાણે તે 'ઇન્દ્રીયોના ઉપભોગની માગણી જેવા બદલાની આશા રાખ્યા વિના જ જેમાં બધાં કર્મોનું ઇશ્વરને સમર્પણ કરવામાં આવે છે તેવો પ્રેમ એટલે ભક્તિ છે. જેમાં પ્રભુપ્રેમથી હૃદય ભરાઇ જાય છે અને જેમાં તૃષ્ણામાત્રને જાકારો દેવામાં આવે છે એવી તે ગાઢ અનુભૂતિ છે. ભક્તિમાર્ગના આચાર્યો પ્રભુની ઇચ્છાને પૂર્ણપણે આધીન રહેવામાં જેટલો રસ દાખવે છે તેટલો રસ પાર્થિવતાથી પર જઇ જતી મુક્તિમાં દાખવતા નથી. (સરખાવો : 'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે'–અનુવાદક) ભગવાનના ઉદ્ધારપણાનું, ભલાઇનું અને સામર્થ્યનું ચિંતન, ભક્તિપૂર્ણ હૃદય વડે તેનું સતત નામસ્મરણ, પ્રભુના ગુણો વિષે અન્ય ભક્તો સાથે કથાવાર્તા-ભક્તવૃંદમાં તેની સ્તુતિનું ગાન તથા પ્રભુસેવા તરીકે જ થતું સર્વે કર્મોનું આચરણ આ બધાં સાધનો થકી માનવ આત્મા પરમાત્માની સમીપમાં આવે છે. ભક્ત પોતાની જાતને સંપૂર્ણ વ્યક્તિતત્વને, ભગવાન વચ્ચે દ્વૈત ઊભું કરે છે. માનવના જીવભાવનો ઉચ્છેદ થાય ત્યાં સુધી અને તેવો, માનવીય અલ્પતા અને ઇશ્વરીય સર્વ વ્યાપકતાનો અર્થ ધરાવવામાં આવે તો ત્યાં ભક્તિ કે સેવાપૂજનને સ્થાન નથી રહેતું. સરજનહાર અને તેની સરજતરૂપ જીવ સૃષ્ટિ વચ્ચેનો ભેદ જ ભક્તિમાર્ગનો, તત્ત્વ જ્ઞાનની દ્રષ્ટિએ, આધાર છે. હૃદય અને આત્મા જેને શોધે છે, જે વ્યક્તિગત વિશ્વાસ, અનુરાગ, પૂજ્યભાવ અને શરણાગતિ પ્રેરે છે તેવા અનુગ્રહપૂર્ણ ભગવાન તરીકે પરમાત્માનો વિચાર ગીતાએ જેટલો કર્યો છે તેટલો વિચાર કે રસ તત્ત્વજ્ઞાનના ઘોડા દોડાવવામાં લીધો નથી. 'જ્ઞાનના ઉદય પૂર્વે દ્વૈતભાવ આડે રસ્તે ફંટાવે છે. પરંતુ જ્યારે આપણી બુદ્ધિ પ્રકાશ વડે ઝળાંહળાં થાય છે ત્યારે આપણને જણાય છે કે અદ્વૈતભાવ કરતાં દ્વૈતભાવ અતીવ સુંદર છે અને ભજન-સેવાપૂજા થઈ શકે માટે તેને સંધરી રાખવામાં આવે છે.' વળી, 'અદ્વૈતભાવ સત્ય છે, પરંતુ ભાવભક્તિ, સેવાપૂજા કાજે તો દ્વૈતભાવ જ કામનો છે. આમ આ ભક્તિ મુક્તિ કરતાં સોગણી મહાન છે.

ગીતાની ભક્તિ બુદ્ધિનો વિલાસ નથી. બુદ્ધિવિલાસ મનન-ચિંતનમય હોય છે. જ્ઞાન ભક્તિનો આધાર છે ખરો, પણ ભક્તિ સ્વયં જ્ઞાન નથી. તેમાં યોગની પ્રક્રિયાઓ કે દિવ્યતત્ત્વની બૌદ્ધિક ચર્ચા વિચારણા નથી, શાંડિલ્ય મુનિના કથનાનુસાર, જેમ વ્રજબાળાઓની બાબતમાં બનેલું તેમ, ભક્તિ જ્ઞાન વિના પણ આધ્યાત્મિક શાંતિ આપે છે. ભક્તના હૃદયમાં છલોછલ નમ્રતા હોય છે. ઇષ્ટદેવની હાજરીમાં પોતે શૂન્ય છે એમ તે જાણે છે. પ્રભુને નમ્રતા તથા જીવનો સાષ્ટાંગ પ્રણિપાત રુચે છે.

ભક્તિ જ્ઞાન પ્રતિ દોરી જાય છે; રામાનુજાચાર્ય તેને સ્મૃતિસંતાન કહે છે. પ્રપત્તિ પણ એક પ્રકારનું જ્ઞાન જ છે. જ્યારે ભક્તિનો પાવક ભભૂકી ઊઠે છે ત્યારે આત્મામાં રહેલા પ્રભુ અનુગ્રહ કરીને ભક્તની ઉપર પ્રજ્ઞાનો પ્રકાશ વરસાવે છે, જેમાં સર્વે વાદવિવાદો વિલય પામે છે તેવા પરમતત્ત્વ તરીકે ભક્ત ભગવાનને ભાળે છે અને આખરે તે પોતાને પ્રભુમાં પેખે છે, પોતાને પ્રભુમાં અને પોતામાં પ્રભુને નિહાળે છે, બ્રહ્મના અને આત્માના મતનો ગીતા પ્રચાર કરે છે, ધ્યાનયોગ ઉપયોગી છે પરંતુ પરબ્રહ્મ તે યોગના અધિષ્ઠાતાના સ્થાને છે. ગીતા સાંખ્યકથિત પુરુષ-પ્રકૃતિનું દ્વંદ્વ સ્વીકારે છે, પરંતુ પરબ્રહ્મ કે પુરુષોત્તમને એ સ્વરૂપો તરીકે તેમને સ્થાપે છે અને તે દ્વારા તેમનું અદ્વૈત સાધે છે. કેવળ પરબ્રહ્મ જ અનુગ્રહ કરે છે. તે જ ભક્તિનું પરમ પાત્ર છે. તેને અનુલક્ષીને જ બધાં કર્મોનું આચરણ થવું જોઇએ. ભવજ્વલતાહરિણી, ઋતભરા પ્રજ્ઞા હોય તો તે બ્રહ્મની જ છે. ધર્મના પરંપરાગત નિયમોનું પાલન થવું જોઇએ. કારણ કે તેમના પ્રવર્તક પરબ્રહ્મ છે, બ્રહ્મ જે નીતિનિયમોના તંત્રનું સંરક્ષણ કરે છે, નિયમો સ્વયં કાંઈ ધ્યેય નથી, સાધનો જાતે કાંઇ સાધ્ય નથી. તેમનું અંતિમ ધ્યેય તો પરમાત્મદર્શન છે, ઇશ્વરમિલન છે, ગીતાનો ઉપદેશ તે કાળમાં પ્રવર્તતાં વિવિધ શાસ્ત્રોનો સમન્વય સાધે છે, તથા તેમ કરીને સર્વગ્રાહી, સર્વગ્રાહ્ય એવો તત્ત્વાર્થપિંડ તારવી આપે છે, તે નથી પ્રાદેશિક પેદાશ કે નથી અલ્પકાલીન ઉપજ. તે છે સર્વ કાળ અને સર્વે માનવીઓ કાજેનું તત્ત્વનવનીત. બાહ્ય સ્વરૂપો કે સાંપ્રદાયિક સિદ્ધાંતો પર ભાર મૂકવાને બદલે તે જીવનના આદિમ સિધ્ધાંતો તથા માનવ-જાતિનાં ને માનવજીવનનાં મહાન સત્યો પર જ ભાર મૂકે છે,

સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી

● સંકલન : શ્રી રમેશ તાન્નાણકર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન-સભા પ્રેરિત સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી ચોપાટી પરના ભારતીય વિદ્યાભવનમાંના ફાનજી ખેતશી સભાગૃહમાં ગુરુવાર તા. ૧૦મી ઓકટોબર '૮૫ના દિવસે યોજાઇ હતી.

વ્યાખ્યામાનશ્રેણીમાં બે વ્યાખ્યાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 'જિન ભક્તિ' વિષે શ્રી શશિકાન્ત મહેતા અને 'સાધર્મિક ભક્તિ' વિષે પૂ. મુનિશ્રી નિત્યાનંદ વિજયજીએ પ્રવચન આપ્યું હતું.

શશિકાન્ત મહેતાએ 'અન્યથા શરણ નારિત'ની સ્તુતિથી પ્રવચનનો આરંભ કર્યો. હતો તેમણે કહ્યું હતું. 'સ્વ. આચાર્ય વિજયવલ્લભસૂરિ આકૃતિથી આજે આપણી વચ્ચે નથી. પણ તેમની કૃતિ આજે પણ જીવંત છે. તેમની ઉચ્ચ પ્રકારની કૃતિને કારણે જ આપણને ફરીથી તેમની આકૃતિ કરવાનું મન થાય છે.

તેમ છતાં માનવીમાત્રના એકાંતિક સ્વભાવને લીધે કૃતિ પછીની આકૃતિ મૂળ આકૃતિ જેવી આબેહૂબ બની શકતી નથી, અને માત્ર ઔપચારિક આકૃતિ બની રહી છે.

'જિન ભક્તિના' વિષય પર પ્રકાશ પાડતા વ્યાખ્યાતાએ કહ્યું હતું કે જિન ભક્તિનું પહેલું સૂત્ર છે હું નું વિસર્જન, નામ અને રૂપનું વિસર્જન જ્યાં સંસ્થા અને વ્યવસ્થા આવે ત્યાં નામનું વિસર્જન શક્ય બનતું નથી. અને તેથી જ વ્યવ-

સ્થાને સાચવીને ભક્તિ શક્ય નથી.

કર્મ અહંકાર ઉત્પન્ન કરે છે. જ્ઞાન પ્રમાદ લાવે છે, એક ભક્તિ આપણને સુરક્ષિત રાખે છે. તેથી જ કલિકાલસર્વજ્ઞશ્રી હેમચન્દ્રસૂરિજીએ ભક્તિને પાંચમો પુરુષાર્થ કહ્યો છે.

વિજ્ઞાનની પૃષ્ઠભૂમિ પર-ભક્તિનો વ્યાપક અર્થ આજે અહીં મારે આપની સમક્ષ મૂકવો છે એમ જણાવીને શ્રી શશિકાન્તભાઇએ ઉમેર્યું હતું કે મનવીએ અત્યાર સુધીમાં અનેક યુગો જોયા, અનુભવ્યા છે. શ્રદ્ધાનો યુગ, તર્કનો યુગ, બુદ્ધિનો યુગ અને આજે આપણી નજર સામે જે છે. તે ચિંતાનો યુગ.

હવે પછી આપણી સામે બે વિકલ્પો છે. આપણે જ નક્કી કરવાનું છે કે આપણે હવે અંધકાર યુગમાં પ્રવેશ કરવો છે કે ભક્તિ યુગમાં?

માનવીમાં રહેલા વિજ્ઞાનીએ અનેક રહસ્યો શોધી કાઢ્યાં, ડી. એન. એ. શોધાયું, આર. એન. એ.ની શોધ થઇ, પણ તે પૂછી પણ એક પરમ રહસ્ય તો આપણી સમક્ષ ઊભું જ રહ્યું કે ડી એન. એ. અને આર. એન. એ.ની રચના કોણે કરી?

હવે આપણે વિજ્ઞાનના ઉપયોગ દ્વારા પણ સિદ્ધ કરી શકીએ છીએ બ્રહ્માંડને જુદાઇ ખપતી નથી. જુદ્દો રહ્યો એ છૂટો પડ્યો.

જિનભક્તિનું પહેલું તત્ત્વ છે : સમરસ્યાના ઉકેલ માટે પરમકારુણ્યને શરણે જવું. જૈનકુળમાં જન્મેલી વ્યક્તિએ એ સ્વીકારવું રહ્યું કે જગતના જીવોની ઉપેક્ષાથી ભક્તિ પામી શકાય નહિ.

ભક્તિ માટેના ત્રણ વિશિષ્ટ અભિગમ એ છે કે સંસ્થાના માળખામાં પુરાશો નહિ. સંસ્થા હંમેશા ચાલે છે અને ત્યાં સત્ય ધીમે ધીમે વીરમે છે. સંસ્થા ભલે ચાલે, તમે એમાં પુરાઇ ન જતા.

એક ખૂબ સુંદર વાક્ય તમારી સમક્ષ મૂકું છું : યુ મે ઓન ધ ધન એની રીલિજીયન, યુ વોન્ટ ડાય ધ ધન ધેટ રીલિજીયન.

ભક્તિ માટેનો બીજો અભિગમ એ છે કે ભક્તિમાં મિડલમેનોની જરૂર નથી એનો અર્થ એ નથી કે એ માર્ગે જે અધિકૃત વ્યક્તિઓ છે તેમની એટલે કે સાધુ-સંતોની અવગણના કરવી તેમનાં પ્રત્યે અવિનય પણ ન કરવો જોઇએ. પણ તે સાથે જ ભક્તિના માર્ગે કોઇ મિડલમેન પણ આપણી સાથે ન જોઇએ.

ભક્તિ માટેનો ત્રીજો વિશિષ્ટ અભિગમ એ છે કે આપણે માત્ર અનુભૂતિની વાત જ કરવી જોઇએ.

શ્રુતિ અને ધૃતિના પગરખાં પહેરવામાં કશો વાંધો નથી. તેનો એક ફાયદો પણ છે. કે એ પગરખાં પહેરવાથી ભ્રમણાના ક્ષેત્રમાં આપણાં પગ ખરડાતાં નથી. તેમ છતાં અનુભૂતિના મંદિરમાં આપણે શ્રુતિ અને ધૃતિના ચંપલ ઉતારીને જ જઇએ એ પણ એટલું જ જરૂરી છે.

ચોથો અને એટલો જ અગત્યનો મુદ્દો એ છે કે ભક્તિ કરનારે ભગવાન સામે જોવાનું છે. પોતાની પાછળ ઊભેલાં ટોળાં તરફ તેણે લક્ષ આપવાનું નથી.

જિન શાસન પ્રકૃતિનું ટોચનું શાસન છે. જૈન સંઘમાં ગરબડ છે માટે જગતમાં ગડબડ છે એમ આપણે માનવું જોઇએ.

તેમણે પ્રાર્થના, સ્તુતિ અને ઉપાસનાની વિસ્તૃતિ છણાવટ કરી હતી. તેમણે કહ્યું હતું, 'ઇષ્ટ ફળની સિદ્ધિ માટે આપણે પ્રાર્થના કરીએ છીએ સ્તુતિ દ્વારા આપણે ઇશ્વરને સાંભળીએ છીએ. અને ઉપાસના દ્વારા ઇશ્વર આપણને સાંભળે છે, સંવાદ રચાય છે.

વ્યાખ્યાતાએ ભક્તનાં લક્ષણ આ પ્રમાણે ગણાવ્યા હતા : ભક્ત શુભ વિચાર કરે છે. તે કર્મનિયંતાને શરણે જાય છે, ભક્ત કોઇને સુધારવાનો આગ્રહ રાખતો નથી. સાધન અને સાધ્ય વિષેની તેની દૃષ્ટિ સ્પષ્ટ છે. અને તે જગતમાં જ સાચો આનંદ શોધે છે.

અંતમાં તેમણે પોતાના વક્તવ્યનું સમાપન કરતા કહ્યું હતું કે ભક્તિ મુક્તિને ખેંચી લાવે છે. જુદી જ ચેતનાની મહેક ફેલાવે છે; રોગ, રાગ, ભય, દ્વેષ, દ્વન્દ્વ અને આ તમાં જીવનમાંથી પણ મુક્તિ અપાવે છે, આપણે આપણાં નામ-રૂપ ભગવાનને ન ધરીએ ત્યાં સુધી ભગવાનના નામ-રૂપ આપણને મળવાનાં નથી.

પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજીએ 'સાધર્મિક ભક્તિ' વિષે પ્રવચન કર્યું હતું.

તેમણે સાધર્મિક ભક્તિની વ્યાખ્યા આપતાં કહ્યું હતું કે સમાન ધર્મનું આચરણ કરનારાઓ પ્રતિ સન્માન, સત્કાર અને ભક્તિની ભાવના એટલે સાધર્મિક ભક્તિ.

આ વ્યાખ્યાનશ્રેણી દ્વારા આપણે જેમનું સ્મરણ કરી રહ્યા છીએ તે સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિએ સાધર્મિક ઉત્કર્ષ માટે સૌથી વધુ કાર્ય કર્યું છે.

તેમણે સાધર્મિક ભક્તિનો મહિમા વર્ણવતાં કહ્યું હતું કે ત્રાજવાના એક પલ્લામાં ધાર્મિક સાધના મૂકીએ અને બીજામાં સાધર્મિક ભક્તિ મૂકીએ તો બંને પલ્લા સમાન થાય.

પેથડશા હાથી પરથી નીચે ઊતરી સમાન ધર્મવાળાને આવકાર આપતા.

વસ્તુપાળ તેજપાળે પણ સમાનધર્મીઓની અપાર સેવા કરી હતી. સાધર્મિક ભક્તિના સંદર્ભમાં મુનિશ્રીએ લક્ષ્મી મહેતાનું વિગતે ઉદાહરણ આપ્યું હતું,

મારવાડના ઉદા મહેતા પર્યુષણ ચાલતા હતા ત્યારે કુરમાવતીમાં મંદિરના સોપાન પર ઉદાસ ચહેરો લઇ બેઠા. દર્શનાર્થીઓની ભારે ભીડ હોવા છતાં કોઇએ તેમને તેમનાં દુઃખનું કારણ ન પૂછ્યું. બધાએ તેમની અવગણના કરી.

'પણ લક્ષ્મીબેને સાધર્મિક ભક્તિનો ઉચ્ચ માર્ગ આચરણમાં મૂક્યો. તેમણે ઉદા મહેતાને પ્રશ્નો પૂછીને તેમનાં જીવનની વિગતો પૂછી અને પછી પોતાને ત્યાં લઇ ગયા.

લક્ષ્મીબેને ઉદા મહેતાને જમીન આપી. તે ખેડતાં ઉદા મહેતાને સોના મહોરોથી ભરેલો ઘડો મળ્યો.

ઉદા મહેતા લક્ષ્મીબેનને કહે આ ધન તમારું લક્ષ્મીબેન હઠ પકડે કે મેં તો જમીન તમને આપેલી એટલે હવે આ ધન તમારું.

ઉદા મહેતાના આ ગુણો જોઇ તે પછી મહારાજા સિદ્ધરાજે તેમને મહામંત્રીપદ સોપ્યું

પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજીએ કહ્યું હતું કે ભવભ્રમણમાં અનેક સંબંધો બંધાય છે પણ તેમાં નિઃસ્વાર્થ સર્વોત્તમ સંબંધ સાધર્મિક સંબંધ છે.

સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિનું દૃષ્ટાંત આપતાં મુનિશ્રીએ જણાવ્યું હતું કે સૂરિશ્રી મુંબઇ આવ્યા ત્યારે દુઃખીઓનાં

દુઃખ જોઇ તેમનું મન રડી ઊઠયું. તેમણે તેમની સેવા માટે અથાગ પ્રયત્નો કર્યાં.

મુનિશ્રી નિત્યાનંદવિજયજીએ વકતવ્યનું સમાપન કરતા કહ્યું હતું કે સાધર્મિક સેવા ન કરવી તેનો અર્થ છે પરમાત્માનો અનાદર કરવો.

તેમણે સાધર્મિક ભકિતની દિશામાં નાલાસોપારા યોજના દ્વારા જ કદમ ઉપાડવામાં આવ્યું છે તે યોજના પૂરી કરવાનો સૌને અનુરોધ કર્યો હતો.

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે આત્માનંદ જૈન સભા ઉત્તમ કાર્યો કરે છે એમ કહીને સભાને બિરદાવી હતી અને ઉમેર્યું હતું કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ હવે તેની સાથે જોડાયો છે તે ગૌરવભર્યું છે.

તેમણે રાજકોટથી આ વ્યાખ્યાન આપવા આવેલા શ્રી શશિકાન્ત મહેતા અને પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજીનો પરિચય આપ્યો હતો.

આ વ્યાખ્યાનશ્રેણીનું સંયોજન શ્રી પન્નાલાલ છેડાએ કર્યું હતું. પૂ. આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસુરિજી મહારાજે મંગળ આશિર્વચનો ઉચ્ચાર્યાં હતાં. આભારવિધિ શૈલેશભાઈ ઝોઝારીએ કરી હતી.

શારદાબેન ઠક્કરે 'અંગૂઠે અમૃત વસે...' પ્રાર્થનાથી કાર્યક્રમનું મંગળાચરણ કર્યું હતું.

પૂ. આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી તથા પૂ. આચાર્ય શ્રી વિજયજનકચંદ્રસુરીશ્વરજીની નિશ્રામાં આ વ્યાખ્યાનશ્રેણીનું આયોજન થયું હતું.

(એક અનોખું કેલેન્ડર) અનુ. પૃષ્ઠ ૧૩૨ થી ચાલુ

આપણા દેશમાં કદાચ સૌથી વધુ શિલ્પો અને ચિત્રો બુદ્ધ-મહાવીરના થયા હશે. પશ્ચિમમાં તેટલું જ વૈવિધ્ય ઇશુ ખ્રિસ્તના શિલ્પો, ચિત્રોમાં જોવા મળે છે. અહીંના ખુલ્લા મંદિરો કરતાં યે ત્યાંનાં બંધ દેવળોએ આ ચિત્રોની શોભા વધુ સાચવી રાખી દેખાય છે આ બધા કલાકારોએ પોતાના ઇષ્ટ દેવતાને કલાકૃતિમાં ઢાળવા માટે સમસ્ત જીવન સમર્પિત કરી દીધેલું. કહે છે કે ઇલોરાની સોળ નંબરની કૈલાસ ગુફાને કોતરતાં બસો વર્ષ લાગેલાં! એક નક્કર પથ્થરીય પહાડને ઉપરથી કોતરતાં કોતરતાં ત્રણ માળ જેટલા નીચે આવીને ભગવાન શિવનું મહાન્ મંદિર રચ્યું. એની બે બાજુની ભીંતો પર રામાયણ-મહાભારતના બધા મુખ્ય પ્રસંગો ઘડયા અને પાછળ ફરતી ગેલેરીમાં ભગવાન શંકરના જીવનના મુખ્ય મુખ્ય પ્રસંગોની શિલ્પકૃતિઓ આલેખી. કલાકાર એના પુત્રને ટાંકણું આપતો ગયો, એ એના પુત્રને એમ કેટલીયે પેઢીઓએ આ ગુફાઓને સ્થાપત્યથી ભરી દીધી. માઇકલ એન્જેલોએ પણ કાંઇ જેવી તેવી સૃષ્ટિ રચી છે? રોદીને માત્ર નર્કનું દ્વાર ઘડવામાં જીવનનાં ઉત્તમ વર્ષો હજુ હમણાં જ નહોતાં ખર્ચી નાખ્યાં? ઇસ્વીસન ૬૦૦ થી ૭૦૦ ની વચ્ચે જાપાનમાં બંધાયેલા હોરીયુજી પેગોડાની કમનીયતા ચિત્તમાં અનાયાસે પવિત્રતાનો ભાવ ભરી દે છે. ઇટાલીમાં તે વખતે ખ્રિસ્ત અને અન્ય સંતોના ભિત્તિ ચિત્રોનો યુગ વિકસેલો.

હિંદુઓએ શૂન્યની શોધ તો બહુ પહેલાં કરેલી અને છઠ્ઠી શતાબ્દીમાં તો દશાંક પદ્ધતિ પણ વિકસાવેલી. અત્યારે અમેરિકામાં ભારતની વૈજ્ઞાનિક પ્રગતિ અંગેનું એક પ્રદર્શન દેખાડાઇ રહ્યું છે. ઘણાંને આથી નવાઇ લાગશે. આપણી કળા-કારીગરીનું પ્રદર્શન રખાય તે તો ઠીક પણ વિજ્ઞાન ક્ષેત્રે આપણે અમેરિકાને શું બતાડી શકીએ તેમ છીએ? પણ એ પ્રદર્શનમાં એક વિભાગ 'શૂન્યની મહત્તા' વિષે છે અને દિલ્હીના નેશનલ સાયન્સ મ્યુઝિયમના નિયામક શ્રી સરોજ બોઝે અમેરિકન વૈજ્ઞાનિકોને શૂન્યને સમજવા-સમજાવવા માટેનાં અતિ આધુનિક ઉપકરણો બતાવ્યાં ત્યારે એ સૌ પણ મુગ્ધ થઇ ગયા. શિકાગોના નેશનલ સાયન્સ મ્યુઝિયમના નિયામકે તો સૌ અમેરિકનોની મનની વાત ઉત્સાહની એક પળમાં વ્યકત કરી દીધી. એમણે કહ્યું કે 'અમારે મન તો ભારત રાજા-મહારાજા, મંદિર-મસ્જિદ પરંપરિત ધાર્મિક માન્યતાઓને વળગી રહેનાર રૂઢિચૂસ્ત દેશ જ છે, પણ આ પ્રદર્શન જોયા પછી મને લાગે છે કે તમે પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય કરી શકયા છો'. વાસ્તવમાં વિકાસશીલ ત્રીજી દુનિયામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે ભારતે હરણફાળ ભરી છે.

અલબત્ત સાહિત્ય-સંગીત-નૃત્ય-શિલ્પની સાથે પશ્ચિમે જે ઝડપથી વૈજ્ઞાનિક શોધખોળો વિકસાવી તેવું આપણે કરી શકયા નથી. જેમ જેમ અર્વાચીનતા તરફ દુનિયા આવતી ગઇ તેમ તેમ ઇતિહાસના બળોએ ભારતને અંધકાર યુગ તરફ ધકેલ્યો હતો એટલે છેલ્લાં ત્રણસો વર્ષોમાં પશ્ચિમે જે નવી શોધખોળો કરી છે તેના પ્રમાણમાં આપણે ખૂબ પાછળ છીએ છતાં આપણે ખૂબ ઝડપથી આ શોધખોળોને પચાવવા માંડયાં છીએ. હજુ રાષ્ટ્રનું રાજકીય હવામાન સ્વાર્થી જ રહ્યું છે એટલે આપણી યુવાન પેઢીને પૂરતી તક મળતી નથી અને આપણાં વૈજ્ઞાનિકો ઇંગ્લેંડ અમેરિકામાં જઇ વસ્યા છે નહીં તો આ ગ્રન્થમાં કળા કારીગરીની સાથે જ વૈજ્ઞાનિક શોધખોળમાં પણ આપણે પશ્ચિમની બરાબરી કરી શકયા હોત.

આ ગ્રન્થમાં ચિત્રોને પૂરતું સ્થાન અપાયું હોઇને શબ્દોને સંયમમાં રાખવામાં આવ્યા છે. બહુ જ ટૂંકાણમાં કૃતિઓનો પરિચય અપાયો છે. તેમાંયે મૂલ્યાંકનનો ભાગ્યે જ પ્રયત્ન થયો છે. હકીકતો જ વર્ણવી છે. અને તાજમહેલનું ચિત્ર આપવાને બદલે અલીમર્દાનખાને ૧૬૩૦ થી ૧૬૫૩ ની વચ્ચે આરસનું અતિસુંદર ઇસ્લામિક સ્મારક રચ્યું તેવી જ નોંધ આપી છે તે આપણને ખટકે તેવું છે. તેમ છતાં છઠ્ઠીથી વીસમી સદીનાં ઘણાં મંદિરો, ચિત્રશૈલીઓ, ચિત્રકારો, કલાકારો પર ટૂંકી નોંધ અહીં મળે છે ખરી. 'રામચરિતમાનસ' નામના મહાકાવ્યના રચયિતા તુલસીદાસનું ૧૬૨૩ માં મૃત્યુ થયેલું એટલી નોંધ છે. ત્યારે એમના સમકાલીન ઇંગ્લેંડના વિલિયમ શેકસપિયરનાં નાટકો પહેલીવાર તખ્તા પર કયારે ભજવાયાં તેની પણ નોંધ છે જો કે શેકસપિયરનું પણ મૂલ્યાંકન કર્યું નથી માત્ર તવારીખના ઉલ્લેખનીય બનાવો જ આપ્યા છે. માત્ર ભારત વર્ષની સર્જનાત્મક સિદ્ધિઓનું આલેખન કરતું આવું કોઇ કેલેન્ડર બહાર પડે તો રાષ્ટ્રીય એકતાનું કામ વહેલું સિદ્ધ થાય. ઉપરછલ્લાં રાજકીય ભાષણોથી જે કામ કદી થવાનું નથી તે આવા ગ્રન્થોથી થાય. કારણ ભાષણ તો એક કાનમાંથી પ્રવેશી બીજા કાનમાંથી તુરંત નીકળી જાય છે. જયારે સર્જનાત્મક સિદ્ધિઓનાં આલેખનો ચિત્તમાં ઊંડે સુધી કોતરાઇ જાય છે. પણ ભારતીય પ્રકાશકોને આવા ગ્રન્થોની ઉપયોગિતા સમજાઇ નથી. આપણાં મોટા ઉદ્યોગગૃહો રમતગમતને વિકસાવવામાં મદદરૂપ થાય છે. તેમ વર્ષે એકાદ આવો ગ્રન્થ રાષ્ટ્રને સુલભ કરી આપે તો થોડું નક્કર કામ કર્યું કહેવાય.

એક અનોખું કૅલેન્ડર

● જયેન્દ્ર ત્રિવેદી

આજે ભાગ્યે જ કોઇ ઘર હશે જ્યાં તારીખિયું એટલે કે કૅલેન્ડર નહીં હોય. જરૂર તો તારીખ અને તિથિ જાણવાની છે પણ વિવિધ કંપનીઓ અને સંસ્થાઓ રંગબેરંગી ચિત્રો કે નયનરમ્ય ફોટોગ્રાફ વગેરેથી સુશોભિત કૅલેન્ડરો બહાર પાડે છે. કોઈ કયારેક પુષ્પોની જ તસ્વીર આપે છે તો કોઇ કયારેક શિલ્પોની કે નૃત્યભંગિમાઓની તસ્વીરો આપે છે. ચાલુ વર્ષે ઇન્ડિયન એરલાઇન્સે વિવિધ પ્રકારના દરવાજાઓની સુંદર તસ્વીરોવાળું કૅલેન્ડર બહાર પાડયું છે. કેટલાંક કૅલેન્ડરો દેવી-દેવતાઓનાં જ હોય છે જે વધુ લોકપ્રિય થાય છે.

મોટે ભાગે આપણે તારીખવાળાં કૅલેન્ડરની જ જરૂર હોય છે પણ પૂનમ-એકાદશી આઠમ કયારે છે તે જાણવા દેશી તિથિવાળાં અને તારીખ પણ હોય એવાં દદડા ચોડેલા પૂંઠા વાળાં કૅલેન્ડરોની બજારમાં માંગ ઘણી છે. કોઇ પણ શુભ, ધાર્મિક કે સારાં ચોઘડિયાં સિવાય ન થાય તેવાં કામ માટે તિથિ જોવી હજુ આવશ્યક છે એટલે વિક્રમ સંવત અને અને ઇસ્વીસન બન્ને હોય એવા તારીખિયાં પણ લોકો ઘરમાં રાખે છે. હિજરી સંવતની પણ જરૂર પડે છે. બંગાળીઓની પોતાની સંવત પણ છે. વિક્રમ સંવતમાં પણ ગુજરાત મહારાષ્ટ્ર કરતાં ઉત્તરનાં રાજ્યોમાં મહિનાના આરંભમાં વદ ને સુદનો ભેદ છે. અધૂરામાં પૂરું ભારત સરકારને વિસ્મૃત શક સંવત પર કોઇ એક શુભ ચોઘડિયે પ્રેમ ઉભરાઇ ગયો એટલે જીવનમાં કશા ઉપયોગમાં આવે તેમ નથી છતાં સમાચાર બુલેટિનોમાં રોજ રોજ શકસંવત પણ બોલવાની પ્રથા રાખી હતી.

દેશી તિથિ જોવા માટે, ચોઘડિયાં જોવા માટે પંચાંગ વધુ ઉપયોગી થાય છે. આપણાં અગ્રગણ્ય દૈનિકો 'જન્મભૂમિ' અને 'સંદેશ' ના પંચાંગો ખૂબ ખપે છે. જ્યોતિષમાં રસ લેનાર માટે તો પંચાંગ અનિવાર્ય છે. કેટલાક માણસો કૅલેન્ડર અને પંચાંગ વિષે ગેરસમજ ધરાવે છે. આપણાં મૂર્ધન્ય કવિ સુંદરમ્ પણ કૅલેન્ડરને પંચાંગ ગણે છે. તેમની સુપ્રસિદ્ધ કવિતા 'પંચાંગનાં પત્તા' માં ગૃહિણી રોજ એક પત્તું ફાડવાને બહાને સામટાં બે ત્રણ ચાર પત્તાં ફાડી ભવિષ્યને ભૂતમાં ફેરવી નાખે છે. ગૃહજીવનની એક સામાન્ય હકીકતમાંથી કવિ તરત એક મહાન સત્ય તરફ કવિતાને વળાંક આપે છે.

પંચાગની ચોડ બને જ પાતળી,
ને જિન્દગી એમ જ થાતી પાતળી,
ફાટી જશે, ચોડ ખલાસ થૈ જશે,
વર્ષાન્ત ને જીવન અન્ત આવશે,
ને ખાલી કૅલેન્ડર શું શરીર આ
ફા' ટોપલી કે સગડી સુહાવશે.

આ પંક્તિઓમાં કવિએ કૅલેન્ડર શબ્દનો પ્રયોગ પણ કર્યો છે પરંતુ તેઓ પંચાંગ અને કૅલેન્ડરને પર્યાયી શબ્દો માનતા લાગે છે. હકીકતમાં આપણે તારીખિયાંમાંથી રોજ રોજ એક પાનું ફાડીએ છીએ. પંચાંગમાંથી કોઇ રોજ રોજ પત્તું ફાડતું નથી.

પણ આજે વાત કરવી છે એક અનોખા કૅલેન્ડરની! આ એક ડિક્ષનેરી પ્રકારનું કૅલેન્ડર છે માનવીની સર્જનાત્મક શક્તિઓએ સમયના અવકાશ પર જે સુંદર અને સ્થાયી કોતરકામ કર્યું છે એનો સઘળો રેકૉર્ડ વ્યવસ્થિત રીતે અને સંક્ષેપમાં સાચવી રાખવાનો પ્રયત્ન જ્હોન પેક્ષટન અને સૌલા ફ્રેરફિલ્ડે દાયકાઓની જહેમતથી ગ્રન્થાકારે ગોઠવી આપ્યો છે. મેકમિલન કંપનીએ પ્રકાશિત કરેલ આ ગ્રન્થનું નામ છે કૅલેન્ડર ઓફ ક્રિએટિવ મેન. એની દળદાર પેપરબેક આવૃત્તિ પણ એ જ પ્રકાશકે રૂા. ૧૩૦ માં ઉપલબ્ધ કરી આપી છે, જે એની અંદરની માહિતી, ચિત્રો, ડિઝાઇનો, આકૃતિઓ વગેરે જોતાં મફતના ભાવમાં જ ગણાય.

સાહિત્ય, નૃત્ય, નાટય, સંગીત, શિલ્પ અને વાસ્તુકળા, ત્રિપરિમાણીય કળાઓ, દૃશ્ય કળાઓના ક્ષેત્રમાં માનવજાતે મેળવેલી સિદ્ધિઓનો ક્રમિક ઇતિહાસ રોમાંચક અને શિક્ષણપ્રદ છે. દરેક પાના પર આ છ વિષયોની છ કૉલમ ઉપરાંત સાતમી કૉલમમાં વિશિષ્ટ શોધખોળ અંગેનાં તથ્યો આપવામાં આવ્યા છે. છઠ્ઠી સદી પૂર્વેનો ઇતિહાસ ભૂમિકારૂપે પહેલાં સંક્ષેપમાં આપી દીધો છે અને પછી છઠ્ઠી સદીથી માંડીને તે વીસમી સદીના સાત દાયકાઓ સુધીની માનવજાતની સર્જનાત્મક સિદ્ધિઓનો ટૂંકો પણ અત્યંત રસપ્રદ ઇતિહાસ હાથવગો કરી આપવામાં આવ્યો છે. પાને પાને ચિત્રો અને આકૃતિઓથી સુશોભિત આ ગ્રન્થ એક બાજુએ પ્રાચીન ભારતીય સર્જકોએ કલાકારીગરીના ક્ષેત્રે જે બેનમૂન કૃતિઓ સર્જી છે તેનાથી આપણામાં ગૌરવની લાગણી ઉત્પન્ન કરે છે પણ સાથે સાથે જ એ જ યુગમાં જગતની અન્ય સંસ્કૃતિઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલી સિદ્ધિઓ આપણી એ ગૌરવની લાગણીને ગર્વમાં બડલાવા દેતી નથી. અજન્તાની કલાકૃતિથી આનંદ પામનારા આપણે સૌ એ જ પાના પર એ જ જમાનાના ઇઝરાઇલમાં ચણાયેલા ભવ્ય ચર્ચની ઇમારતનું સૌન્દર્ય જોઇને એટલો જ આનંદ પામીએ છીએ અને 'સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા' જેવી આપણી રગરગમાં પેસી ગયેલી પંક્તિઓનું મિથ્યાત્વ મનમાં ને મનમાં કબૂલવા લાગીએ છીએ. આ પૃથ્વીને શણગારવામાં વિવિધ પ્રજાઓએ ઉઠાવેલી જહેમત જોઇ અનાયાસે જ સંકુચિત દેશાભિમાન ઓગળીને માનવકુળની મહત્તામાં તણાઇ જાય છે. માનવપુત્રની અદ્‌ભુત સર્જનપ્રક્રિયાનું સંશ્લિષ્ટ ચિત્ર વાંચનાર-જોનારના ચિત્તને પ્રસન્નતાથી ભરી દે છે. કોઇ પ્રજા કોઇ ક્ષેત્રમાં આગળ હોય તો એજ સદીમાં બીજી કોઇ પ્રજા બીજા કોઇ ક્ષેત્રમાં આગળ હોય જે સ્વાભાવિક છે. આવા ગ્રન્થો આપણી દેશકાળની મર્યાદાઓને ખેરવી નાખીને સંપૂર્ણ શાશ્વત જાગતિક પરિપ્રેક્ષ્યમાં આપણને મૂકી દે છે. આપણી નજર સમક્ષ રહે છે. માત્ર પૃથા-પુત્રોની પરાક્રમ ગાથાઓ. યૂનો અને યુનેસ્કો જે સિદ્ધ કરવા મથે છે તે આવા ગ્રન્થો વધુ સાહજિકતાથી અને સરળાતાથી સિદ્ધ કરી શકે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૧)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૨૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવલ સંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૪

તા. ૧૬-૧૨-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦ મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

ક્રાન્તિનાં પરિમાણ

(અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૧, ૨, ૩ નવેમ્બર ૧૯૮૫ના રોજ 'ક્રાન્તિ અને ક્રાન્તિકારો' વિષે એક પરિસંવાદનું આયોજન શ્રી અમર જરીવાલા અને ડો. ધનવંત શાહે કર્યું હતું. એ પ્રસંગે ત્રણેય દિવસ પ્રમુખ તરીકે ઉપસંહાર રૂપે મેં જે કહ્યું હતું તે વક્તવ્યને વિસ્તારીને અહીં લેખરૂપે રજૂ કરવામાં આવ્યું છે.)

જગત સતત પરિવર્તનશીલ છે. સર્જન અને વિસર્જનની પ્રક્રિયા એમાં નિરંતર ચાલ્યા કરે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય, અથવા ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય એ સૃષ્ટિનું લક્ષણ છે આ પૃથ્વી પર મનુષ્ય કે પશુપંખીઓ ન હોય તો પણ સૂર્ય અને ચંદ્ર, વાયુ અને જળ દ્વારા પ્રાકૃતિક ફેરફારો થાય છે તેમાં કેટલાક ઝડપી હોય છે અને કેટલાક મંદ ગતિના.

પરિવર્તનની કેટલીક પ્રક્રિયા એટલી સૂક્ષ્મ અને મંદ હોય છે કે તરત તે નજરે ન આવે. ઘણાં લાંબા ગાળે તેનું પરિણામ જણાય. કેટલાંક પરિણામો સૈકાઓ પછી કે હજારો વર્ષ પછી મૂર્તરૂપ ધારણ કરે. આવી પ્રક્રિયાને ઉત્ક્રાંતિ કહેવામાં આવે છે.

ડાર્વિને ઉત્ક્રાંતિનો સિદ્ધાંત સમજાવ્યો છે. તેની માન્યતા પ્રમાણે આજના માનવીની ઉત્ક્રાંતિ લાખો વર્ષ પૂર્વે વાનરમાંથી થઇ હતી. એવી જ રીતે બગલાના પગ અને ચાંચ પાણીમાં માછલી પકડવા માટેની હજારો વર્ષની ટેવને કારણે ક્રમે ક્રમે લાંબા થતાં ગયા. ઉત્ક્રાંતિની ગતિ એકસરખી અને સીધી દિશાની હોય છે. એ ગતિનો પ્રતિરોધ કરનારું કોઇ મોટું પરિબળ હોતું નથી અને હોય તો તેની કશી વિસાત હોતી નથી. એટલા માટે જ ઉત્ક્રાંતિમાં પાછા ફરવાપણું નથી.

સામાજિક ક્ષેત્રે કેટલીક પરંપરાઓ સમય જતાં કાળગ્રસ્ત બને છે. એવી અનિષ્ટ પરંપરાઓ સમાજમાં જ્યારે દૃઢ બની જાય છે અને સ્થાપિત હિતો તેને ટકાવી રાખવામાં રસ ધરાવે છે ત્યારે તેને દૂર કરવાનું કામ કપરું બને છે. વર્ણાશ્રમની પ્રથા, જ્ઞાતિના રીતરિવાજો, અસ્પૃશ્યતા, સતી થવાનો રિવાજ, ફરજિયાત વૈધવ્ય, ઘૂમટો કાઢવાની પ્રથા, દહેજ, વાંકડો વગેરેની પ્રથા, જ્ઞાતિ બહિષ્કાર કરવાની સજા વગેરેની સામે વખતોવખત સમાજે બંડ કર્યું છે; સરકાર તરફથી કયારેક કાયદા દ્વારા પગલાં લેવામાં આવ્યાં છે. તેમ છતાં એની કેટલીક અનિષ્ટ અસર લાંબા સમય સુધી ચાલ્યા કરી છે. સંક્ષુબ્ધ યુવાનોનું મોટું જૂથ જ્યારે સહન કરવાની પોતાની તૈયારી અને તાકાત સાથે બંડ પોકારે છે અને એ સફળ થાય છે ત્યારે સામાજિક ક્રાંતિ સર્જાય છે. રાજ્યસત્તાનું પીઠબળ હોય તો સામાજિક ક્રાન્તિ ઝડપી બને છે. શૈક્ષણિક, આર્થિક, ઔદ્યોગિક, વૈજ્ઞાનિક ઇત્યાદિ પ્રકારની ક્રાન્તિમાં પણ પ્રગતિશીલ અને દૂરંદેશીવાળી સરકાર ઘણો ફાળો આપી શકે છે.

ધર્મના ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફાર ઝડપથી થતા નથી, કારણ કે એ ક્ષેત્રમાં શ્રદ્ધા-અંધશ્રદ્ધાનાં પરિબળો ઘણાં મજબૂત અને ઊંડાં હોય છે. વળી એમાં ચર્ચ, મંદિર, મસ્જિદ વગેરેમાં કહેવાતા ધર્માચાર્યોના પોતાનાં હિતો એટલાં સુદૃઢ અને વ્યાપક હોય છે અને એનો શ્રદ્ધાળુ વર્ગ એટલો મોટો હોય છે કે ક્રાંતિ કરવી સરળ નથી હોતી. પ્રાચીન સમયમાં રાજસત્તાની સહાયથી ક્રાંતિકારી પરિબળોને સહેલાઇથી ધર્માચાર્યો તોડી નાખતા. ચારિત્ર્યમાં મહાન એવા દ્રષ્ટાનિકા જો અનુયાયીઓનું મોટું બળ ઊભું કરી શકે તો ધર્મના ક્ષેત્રે ક્રાંતિ કરી શકે.

મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી સમૂહમાં વ્યવસ્થિત રીતે રહેવાનું એને ગમે છે, પરંતુ એ વ્યવસ્થાના કારણે જ તે નિયમોના બંધનમાં જકડાય છે. એ બંધનો જ્યારે એની પ્રગતિને રુંધનારાં બની જાય છે, ત્યારે તેમાંથી મુક્ત થવા તેને સબળ પ્રયત્ન કરવો પડે છે. શક્તિશાળી માણસો જ્યારે એકત્ર થઇ સામુદાયિક બળ અજમાવે છે અને જૂની પરંપરાને તોડી નાખે છે ત્યારે ક્રાંતિ સર્જાય છે.

વર્તમાન પરિસ્થિતિથી અસંતોષ એ ક્રાંતિનું એક મહત્ત્વનું લક્ષણ છે. એ પરિસ્થિતિને બદલવા માટેના વિચાર મનુષ્યના ચિત્તમાં જન્મે ત્યાં જ ક્રાંતિનાં બીજ વવાય છે એ વિચારોનો જેમ જેમ પ્રચાર થાય અને સમાન વિચારવાળા માણસોનો સમુદાય જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ ક્રાંતિ માટેનાં પરિબળો ઊભાં થાય ક્રાંતિ કરનારે લડતનું જે પરિણામ આવે તે સહન કરવા તૈયાર રહેવું પડે. કયારેક પ્રાણનો પણ ભોગ આપવો પડે. કયારેક જીવન-મરણનો સવાલ બની જાય. એક નહિ પણ અનેક લોકોનાં બલિદાન અપાય. કયારેક બે ત્રણ પેઢી સુધી લડત ચાલે. કયારેક એમ છતાં પણ ક્રાંતિ સફળ થાય નહિ, તો કયારેક ક્રાંતિ સફળ થાય અને એક નવા યુગનાં મંડાણ થાય.

કયારેક રૂઢિચુસ્તો કે પરંપરાવાદીઓનું બળ એટલું મોટું

હોય કે વિરોધ કરનારાઓને છેવટે લાચારીથી નમતું આપવું પડે છે. કેવળ સિદ્ધાંત કે દલીલની વાત હોય તો કયો પક્ષ સાચો છે તેનો નિર્ણય જલદી થઇ શકે, પરંતુ વાસ્તવિક જીવનમાં અનેક પ્રશ્નો તેની સાથે સંકળાયેલા હોય છે, જે ક્રાન્તિકારી સ્વભાવના મનુષ્યોને મજબૂર કરી નાખે છે. મહીપતરામ નીલકંઠ જેવા સુધારાવાદીને, સમુદ્રનું ઉલ્લંઘન કરીને ઇંગ્લેન્ડની મુસાફરી કરવા માટે મૂછ મુંડાવી નાખવાની જ્ઞાતિએ કરેલી સજા વાસ્તવિક પરિસ્થિતિને લક્ષમાં લઇ છેવટે સ્વીકારી લેવી પડી હતી.

ક્રાંતિ કરાય છે એમ કહેવા કરતાં ક્રાંતિ થઇ જાય છે એમ કહેવું વધારે સાચું છે. ક્રાંતિ ભારેલા અગ્નિ જેવી હોય છે. ક્યારે અચાનક વિસ્ફોટ થશે તે કહી શકાય નહિ. માઓ ત્સે તુંગે કહ્યું છે તેમ ક્રાંતિ એ ચિત્રકામ કે ભરત ગૂંથણ જેવી મંદ, સુકુમાર પ્રવૃત્તિ નથી. ક્રાંતિકારીઓ ધીમે ધીમે સાચવીને, વ્યવસ્થિત અને ક્રમિક રીતે, ચિત્રકાર કે ગૂંથણ કરનારની જેમ હળવે હાથે પોતાની પ્રવૃત્તિ કરતા નથી. ક્રાંતિ તો અચાનક આવે છે અને નદીના પૂરની જેમ ફેલાઇ જાય છે. એમાં વેગ હોય છે, વ્યાપકતા હોય છે, લક્ષને પહોંચવાની તાકાત હોય છે, પણ જેમ પૂરનાં પાણી નિર્મળ હોતાં નથી તેમ ક્રાંતિમાં બધું જ યોગ્ય વ્યવસ્થિત અને ન્યાયયુકત હોતું નથી. તેમાં કેટલીક વખત સુકકા ભેગું લીલું પણ બળે છે. હિંસક ક્રાંતિઓમાં તેવું વિશેષ બને છે. એમાં જુલ્મીઓની સાથે અનેક માણસો પણ મરાય છે.

દરેક ક્રાંતિ શુભાશયોવાળી કે શુભપરિણામી હોય એવું નથી. કેટલીક ક્રાંતિનું મૂલ્ય તત્કાલ પૂરતું સાચું હોય છે, પરંતુ સમય જતાં એ નિરર્થક કે નુકસાનકારક પુરવાર થાય છે. કેટલીકવાર ક્રાંતિનાં પરિણામો એવાં અનપેક્ષિત કે માઠાં આવે છે કે લોકોને મૂળ સ્થિતિ તરફ પાછા ફરવાની ફરજ પડે છે. આવું અલબત્ત કયારેક જ થાય છે.

કોઇ કોઇ વ્યકિતને પોતાના જીવનમાં પણ ક્રાંતિની અથવા ક્રાંતિ–પ્રતિક્રાંતિની પ્રક્રિયા જોવા, અનુભવવા મળે છે. માણસ એકાએક રૂઢિચુસ્તતામાંથી સુધારાવાદી, નાસ્તિકમાંથી આસ્તિક, મૂડીવાદીમાંથી સામ્યવાદી કે એથી વિપરીત થઇ ગયાના અનેક દાખલા છે. નર્મદે સમાજ–સુધારાના ક્ષેત્રે વિધવાવિવાહ, ભૂત-પ્રેતના વહેમો વગેરેની બાબતમાં પોતાના જમાનામાં મોટી ક્રાંતિ કરી બતાવી. ધર્મક્ષેત્રે પણ અંધશ્રદ્ધાભર્યા અનિષ્ટ રૂઢાચાર સામે એણે માથું ઊંચકયું અને એમાં પણ તે સફળ થયો. પરંતુ યુવાનવયે ભગવાનની પ્રતિમા અને ધાર્મિક ઉપકરણોને ફૂંકવામાં નાખી દેનાર નર્મદે પ્રૌઢાવસ્થામાં ભગવાનની મૂર્તિ પોતાના ઘરમાં વસાવી હતી અને વ્યાઘ્રચર્મ ઉપર બેસી, કપાળમાં તિલક કરી જપમાળા તે ફેરવવા લાગ્યો હતો. ડમસર્ને લખ્યું છે કે પોતે યુવાન હતા ત્યારે તત્ત્વચિંતક રૂપીનોઝાને પિશાચ કે રાક્ષસ તરીકે માનતા હતા, પરંતુ ઉત્તરાવસ્થામાં તેઓ તેને સંત તરીકે સ્વીકારવા લાગ્યા હતા. યૌવનના આવેશમાં જે અંડવૃત્તિ જાગે છે, તેમાં કયારેક કાચી સમજણ હોય છે, પરંતુ પછી જ્યારે પરિપકવ દૃષ્ટિ, અનુભવ તથા ડહાપણને કારણે સાચી સમજ આવે છે ત્યારે સત્યપ્રિય નિખાલસ માણસ પોતાની ભૂલનો એકરાર કરી લે છે. કેટલાક લોકલજ્જાને કારણે ચૂપ રહેવાનું પસંદ કરે છે. કેટલીક વખત યૌવનસહજ કના થવાની ભાવના અને તમન્ના જીવનની નકકર વાસ્તવિકતા આગળ ઠંડી પડી જાય છે. કેટલીક વખત માણસ પોતે એ જ જુસ્સાવાળો રહે છે, પરંતુ સ્વજનો, મિત્રોનો વગેરેનો સહકાર ન મળતાં એકલો પડી જાય છે, લાચાર થઇ જાય છે, હિંમત હારી જાય છે. વ્યકિત-નિષ્ઠ, સમાજનિષ્ઠ કે રાષ્ટ્રનિષ્ઠ જેટલી જેટલી ક્રાન્તિ થાય છે. તે બધી જ સત્યનિષ્ઠ ક્રાન્તિના પાયામાં સત્યનિષ્ઠા, સ્વાર્પણ, ન્યાય, ઇત્યાદિ મૂલ્યોની પુનરર્થાપના માટેનો આગ્રહ હોય છે તો ક્રાન્તિની અસર વ્યાપક, ગહન અને ચિરકાલીન રહે છે.

ક્રાંતિ માટે ઝુંબેશનો આરંભ કરનારાઓ પોતે કેટલીક વખત એ ક્રાંતિનાં ફળ ચાખવા માટે જીવતા રહેતાં નથી. કયારેક એક નહિ પણ બે કે ત્રણ પેઢીનાં બલિદાન અપાયાં પછી ક્રાંતિ સર્જાય છે. એ બલિદાનનાં ફળ ક્રાંતિકારોને નહિ પણ પછીથી આવનાર પેઢીઓને ચાખવા મળે છે. મનુષ્ય સામાજિક કે રાજકીય દૃષ્ટિએ વર્તમાનમાં પોતે જે સ્થાન, દરજ્જો, સગવડો કે સ્વાતંત્ર્ય ભોગવે છે એની પાછળ ભૂતકાળમાં કેટકેટલાંનાં જીવન હોમાયાં છે એની કલ્પના એને આવતી નથી.

અન્ય પક્ષે કોઇકિ બાબતોમાં એવું પણ બને છે કે વર્તમાન સમયમાં બદલાયેલી રાજવ્યવસ્થા કેળવણી, વૈજ્ઞાનિક શોધો કે સુયોગ્ય અર્થતંત્રને કારણે પરિસ્થિતિ સરળતાથી એટલી સ્પષ્ટ અને સુદૃઢ રીતે સ્થાપિત થઇ જાય છે કે પોતાના બાપદાદાઓને કેવી તુચ્છ બાબતો માટે લડત આપવી પડી હતી એ જાણીને તેઓને હસવું આવે છે.

કેટલીક વખત જે પરિવર્તન માટે એક પેઢીને મોટી લડત ચલાવવી પડે અને છતાં સફળ નથી થવાતું, તે પરિવર્તન સમય બદલાતાં અનાયાસે થઇ જાય છે. જીવન અને જગતની ગતિ આમ એકધારી, એક સરખી હોતી નથી, કારણ કે જીવનને ઘડનારાં પરિબળો વિવિધ અને સંકુલ હોય છે.

રાજદ્વારી ક્ષેત્રે ક્રાંતિનું પ્રમાણ ઘણું મોટું હોય છે. સત્તા–ધીશો સત્તાના બળ વડે પ્રજાનું જેમ કલ્યાણ કરી શકે છે તેમ સત્તાના મદમાં પ્રજાને પાયમાલ પણ કરી શકે છે. માથું ઊંચકનાર વ્યકિતને સત્તાના બળ વડે ઘડીકમાં દૂર કરી શકાય છે. એટલે સ્થાપિત રાજદ્વારી સત્તા સામે માથું ઊંચકવાનું સહેલું નથી. વળી જેમ રાજ્યસત્તા વિશાળ અને બંડ કરનાર વર્ગ નાનો તેમ ક્રાંતિનું નિર્માણ લંબાય. કયારેક એવી પ્રવૃત્તિ ત્રણ ચાર પેઢી સુધી ચાલે. ૧૮૫૭માં આરંભાયેલી ભારતની સ્વતંત્રતા માટેની લડત લગભગ એક સૈકા જેટલો સમય ચાલી. લાખોક લોકોના એમાં બલિદાન દેવાયાં.

જ્યારે પ્રજા ઉપર રાજદ્વારી જુલમ વધે છે, યાતનાઓ અસહ્ય બની જાય છે, પ્રજાનું રોજિંદુ જીવન પણ ભયભીત બને છે, યોગ્ય ન્યાય મળતો નથી ત્યારે પ્રજામાં અસંતોષ અને દુઃખની પ્રબળ લાગણી વ્યાપક બને છે. જ્યારે જીવવું તે મરવા બરાબર લાગે છે. અને વિદ્યમાન પરિસ્થિતિમાંથી બચવાની કોઇ આશા જ્યારે જણાતી નથી ત્યારે સત્તા સામે પ્રજા માથું ઊંચકવાનો મરણિયો પ્રયાસ કરે છે. આમ પણ મરવું ને તેમ પણ મરવું એમ પ્રજા પાસે બચવાનો બીજો કોઇ વિકલ્પ જ્યારે રહેતો નથી ત્યારે તે બળવો કરે છે. 'જયુદ્ધે ધ્રુવં મૃત્યુ, યુદ્ધે જીવિત સંશયઃ' એવી સ્થિતિ સર્જાતાં યુદ્ધને–ક્રાંતિને કુદરતી રીતે જ પસંદગી અપાઇ જાય છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૧)

અધિકરણ–ઉપકરણાદિ

● પં. પનાલાલ જગજીવન ગાંધી

જેના વડે ક્રિયા કરાય તેને 'કરણ' કહેવાય છે. કરણ એટલે સાધન. આ સાધન બહારનાં હોય તેમ અંદરનાં પણ હોય.

બહારનાં સાધનોનો ઉત્પાન-વ્યય તેમજ સંયોગ હોય છે. બહારનાં સાધન બે પ્રકારનાં છે. એક પરક્ષેત્રે રહેલ છે. જ્યારે બીજા સ્વક્ષેત્રે રહેલ છે. બહારના તે બધાં ય સાધન પુદ્ગલના (Matter–અર્થાત્ જેને વર્ણ-ગંધ-રૂપ-સ્પર્શ અને શબ્દ છે. તથા જે પરિભ્રમણશીલ અને પરિવર્તનશીલ છે. એવું દ્રવ્ય તે પુદ્ગલ) બનેલ છે. આમાં સ્વક્ષેત્રે એટલે કે આત્માની સાથે જે સાધનો રહેલ છે તેને ફક્ત 'કરણ' કહેવાય છે જે મન વચન અને કાયયોગ છે. આ મનોયોગ, વચનયોગ અને કાયયોગ પરક્ષેત્રે રહેલ સાધનોથી કાર્યાન્વિત થાય છે. આવાં બહારનાં જે સાધનોની સહાયથી કારણ અર્થાત્ યોગ વડે આત્માનો મોક્ષ કરી શકાય, તેવાં તે બહારના સાધનોને 'ઉપકરણ' કહેવાય છે. એથી વિપરીત બહારનાં જે સાધનો વડે ભોગ વિલાસ માણવામાં આવે છે તેવાં સાધનોને 'અધિકરણ' કહેવાય છે. ટૂંકમાં ઉત્થાન કરે અર્થાત્ આત્મા સમીપ લઇ જાય તે ઉપકરણ અને અવનતિ કરે તે અધિકરણ.

ઉપકરણ પુદ્ગલમાંથી ઉત્પન્ન થયેલ હોય પરંતુ તેમાંથી નવા ઉપકરણ કે અધિકરણનું ઉત્પાદન થાય નહિ. ઉપકરણ ફક્ત વાપરી શકાય જ્યારે અધિકરણમાંથી નવી નવી અધિકરણની અન્ય ચીજો ઉત્પન્ન થાય. મંદિર મૂર્તિ–ગુરુ–ગ્રંથ માળા–આસન–ઠવણી–ઓઘા–પાતરા આદિમાંથી નવું કાંઇ ઉત્પન્ન ન થાય, પણ રસોઇનાં વાસણો, કારખાના યંત્રો આદિમાંથી નવનવી ચીજોની ઉત્પત્તિ થયાં જ કરે. ઉપકરણ તો કરણ (યોગ) અને અંતઃકરણ (ઉપયોગ) ઉપર ઉપકાર કરનાર છે જ્યારે અધિકરણ કરણને અધોગતિમાં ધકેલનાર છે અને અંતઃકરણને બગાડનાર (પરિણામ-ભાવને બગાડનાર) છે. અધિકરણ એ સંસારના મોહભાવરૂપ પુદ્ગલ પદાર્થો છે. જ્યારે ઉપકરણ પણ પુદ્ગલમાંથી બનેલ હોવા છતાં ય એ આત્મભાવ પામવા માટેનું સાધન કે અધિકરણથી છૂટાનું નથી પણ એની પરંપરા ચાલુ રહે છે. ઉપકરણથી આત્માની સમીપે જવાય છે. ઉપકરણ એ આરંભ સમારંભના પાપબંધ કરાવનારાં સાધનો નથી. જ્યારે અધિકરણ એ આરંભસમારંભના પાપબંધરૂપ સાધન છે. અધિકરણની સ્થાપના અર્થ અને કામ (ભોગ) માટે હોય છે. જ્યારે ઉપકરણની સ્થાપના ધર્મ અને મોક્ષ માટે હોય છે.

જીવે જે પુરુષાર્થ કરવાનો છે તે વર્તમાનકાળમાં પોતાને મળેલાં મન-વચન-કાયાના યોગ તથા ઉપયોગ વડે કરવાનો હોય છે. જીવને ભૂતકાળ અને ભવિષ્યકાળના યોગનો વર્તમાનમાં અભાવ છે. તેથી તે નષ્ટ અને અનુત્પન્ન યોગ વડે પુરુષાર્થ કરવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. હવે જે યોગ છે અર્થાત્ કે કરણ છે તે ઉપયોગ વડે કામ કરી શકે છે. આ જે ઉપયોગ છે તે જ અંદરનું સાધન છે જે નિત્ય આત્માની સાથે ને સાથે રહેનારું સાધન છે, જેનો અધિકરણ કે ઉપકરણની જેમ સંયોગ કે વિયોગ હોતો નથી. આનું જ નામ 'અંતઃકરણ' અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર ('હું' 'મે'' અને 'મારું' જે પર વસ્તુ સાથે જોડીએ તે સઘળાં અસત્ આકારો એટલે કે અહંકાર છે.)

આમ આ ઉપયોગ જે અંતરંગ સાધન છે તેના બહિરંગ સાધન તરીકે ભોગ માટેનાં જે જે સાધનો છે તે અધિકરણ છે, અને યોગ મોક્ષ માટેનાં જે જે સાધનો છે તે ઉપકરણ છે. અને અંતઃકરણને જે અધિકરણ સાથે કે ઉપકરણ સાથે યોજે-જોડે છે તે કરણ (યોજનાર-યોગ) છે. અર્થાત્ મન-વચન-કાયયોગ છે.

સાધના કરવાની છે તે ઉપયોગની–અંતઃકરણની છે. અને નહિ કે માત્ર યોગ (કરણ) ની. સાધન વડે સાધ્યની સાધના હોય એ વાત નિઃશંક છે. પરંતુ સાધન વડે સાધનની સાધના ન હોય. સાધના એ અંતરંગ તત્ત્વ છે. એ બહિરંગ તત્ત્વ નથી. બહિરંગ તત્ત્વો તો સાધનો છે. અનુભવન, શુદ્ધિકરણ ઉપયોગમાં થવું જોઇએ. જો ભાવમાં પરિવર્તન આવે શુદ્ધિ થાય તો ઉપયોગ ઉપર એની અસર પડે. આમ ઉપયોગથી ઉપયોગ સુધરે તો ભાવ-સાધકપણું આવ્યું કહેવાય; નહિતર દ્રવ્ય-સાધક કહેવાય.

આપણી મુક્તિની સાધનામાં ઉપકરણની સહાયથી કરણ (યોગ) વડે કરાતી ક્રિયાઓ બાહ્યક્રિયા છે, જેના પરિણામરૂપે કરણ (યોગ)થી અંતઃકરણ પૂર્વકની અર્થાત્ ઉપયોગપૂર્વકની, મુક્તિના લક્ષ્ય સાથે અંતરક્રિયા થવી જોઇએ.

યોગ–કરણ સાપેક્ષ બહિરંગ સાધનો જે છે તે બધાં જીવને પરદ્રવ્ય છે, અને ભેદરૂપ છે. ધર્મની શરૂઆત ઉપકરણથી તો માત્ર દ્રશ્યરૂપ છે. પણ ધર્મની વાસ્તવિક શરૂઆત તો મન–વચન–કાયાના યોગની શુભ પ્રવૃત્તિથી થાય છે, જેની અસર આત્માના ઉપયોગ ઉપર અર્થાત્ અંતઃકરણ ઉપર ઊંચી થાય છે.

દેહસુખે આપણે દુઃખી થઇએ છીએ તો દેહાતીત થવાની સાધના જે વ્યવહારથી કરાય છે તે વ્યવહાર–સંમત છે, અને યોગ્ય છે. મોક્ષમાર્ગમાં વ્યવહારમાર્ગે ઉપયોગ (અંતઃકરણ)ને યોગ (કરણ)થી સ્થિત કરવાનો હોય છે. જ્યારે નિશ્ચયમાર્ગે ઉપયોગ (અંતઃકરણ)ને ઉપયોગ દ્વારા સ્થિર કરવાનો હોય છે.

મળેલાં મન–વચન–કાયાના યોગ (કરણ)ને ધર્મમય એટલે કે સંયમ-તપમય; દાન–શીલ–તપ–ભાવથી બનાવવાં જોઇએ.

ઉપયોગ વડે યોગને શુદ્ધ કરી, શુદ્ધ યોગથી સાવરણ અશુદ્ધ ઉપયોગને નિરાવરણ શુદ્ધ ઉપયોગ બનાવવો એટલે કે સ્વરૂપનું નિરાકરણ કરવું. અર્થાત્ ઉઘાડું કરવું. જેનું નામ જ છે 'કેવલજ્ઞાન !'

ઉપયોગ (અંતઃકરણ)માં વેદનતત્ત્વ છે. અને ઉપયોગ વેદે છે. જ્ઞાન–દર્શન ઉપયોગ જ અંતે વીતરાગ થતાં કેવલજ્ઞાનમાં પરિણમે છે દ્રવ્યમન–વચન–કાયયોગ અર્થાત્ કરણ કેવલજ્ઞાનમાં નથી પરિણમતું. દ્રવ્યયોગ સુખ દુઃખ નથી વેદતું. પરમાર્થે તો આત્માનો ઉપયોગ જ દ્રવ્યયોગના માધ્યમથી સુખદુઃખને વેદે છે.

દેહાધ્યાસ જે છોડવાનો છે, તે માત્ર બાહ્ય સંયમ અને તપની ક્રિયાથી નથી છૂટતો, પરંતુ ઉપયોગની શુદ્ધિકરણ–રૂપ ક્રિયાથી દેહાધ્યાસ છૂટે છે.

ઉપયોગ વડે ઉપયોગની શુદ્ધિ થાય છે. પોતાનું મન પોતાના મનને શુદ્ધ કરી શકે છે, અગર અશુદ્ધ કરી શકે છે. આત્મા જ આત્માનો તારક છે. મુનિ પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત આપણી પાસે મોજુદ છે.

ભાવમન (મતિજ્ઞાનનો ઉપયોગ) જ ત્રણે યોગને ભોગની ક્રિયા કરવા હુકમ કરે છે. તેમ ભાવ મન જ યોગની ક્રિયા કરવારૂપ હુકમ કરી શકે છે. યોગને હુકમ કરનાર ઉપયોગ છે. પણ ઉપયોગને હુકમ કરનાર ઉપયોગ સ્વયં જ છે. જો ઉપયોગ ઉપયોગને હુકમ કરે તો ઉપયોગ એટલે કે અંતઃકરણ શુદ્ધ બને, નિરાવરણ થાય અને મુક્ત બને.

'આત્મા (ઉપયોગ) આત્મામાં (ઉપયોગમાં) લીન થાય તો પરમાત્મા બને.'

'બહાર નીકળેલો બહારમાંથી અંદર જુએ, બહિર્મુખી એવો અંતરમુખી થાય અને અંતરલીન બને તો અરિહંત બને.'

યોગને સંયમ અને તપમાં પ્રવર્તાવવા છતાં જો ઉપયોગની અર્થાત્ અંતઃકરણની શુદ્ધિ ન થાય તો કોઇ યોગ (મન-વચન-કાયા) પરમાત્મા નથી બની શકતો. પરમાત્મા તો ઉપયોગ જ બની શકે છે. યોગ એ બહિરંગ સાધન છે. કેવલજ્ઞાન જે સત્તામાં પડેલ (અંતર્ગત રહેલ) છે તે જ નિરાવરણ થઇને બહાર આવે છે. અને તેને બહાર લાવવાનું કામ ઉપયોગ કરે છે. જે અંતરંગ સાધન છે.

ઉપકરણનું વિસર્જન થાય છે.

કરણ (યોગ શરીરની)ની અંતે રાખ થાય છે.

અને

અંતઃકરણ (ઉપયોગ) કેવળજ્ઞાન (પરમાત્મા) બને છે. અહીં ઉપકરણનું વિસર્જન એટલે કે સાધનામાં જેમ જેમ વિકાસ થતો જાય તેમ તેમ ઉપકરણો ઓછાં થતાં જાય. જેમ કે શ્રાવકના ઉપકરણ કરતાં સાધુના ઉપકરણ ઓછાં હોય છે. એથી આગળ જિનકલ્પીને એનાથી ય ઓછાં હોય છે.

મોક્ષ પ્રાપ્ત કરવા માટે.....

૧ ટકાની સાધના ઉપકરણ વડે છે.

૯ ટકાની સાધના કરણ વડે બાહ્ય સંયમ-તપથી છે.

૯૦ ટકાની સાધના અંતઃકરણ-ઉપયોગ વડે ઉપયોગને શુદ્ધ કરવાની છે.

'અઢાર પાપ સ્થાનક' સૂત્રમાં પણ પહેલાં ચાર કે પાંચ પાપ જે ચાર કે પાંચ મહાવ્રતને લગતા છે તે યોગ સંબંધી છે. બાકીનાં ચૌદ ક્રોધથી લઇ મિથ્યાત્વ સુધીનાં પાપો ઉપયોગ (અંતઃકરણ) સંબંધી છે. માટે જ જ્ઞાનીઓ ફરમાવે છે કે શ્રવણ કરતાં દશ ગણું મનન કરવું અને મનન કરતાં દશગણું નિદિધ્યાસન કરવું જોઇએ.

છતાં ય ઉપકરણની કિંમત મોક્ષ-સાધનામાં મોક્ષ પ્રાપ્તિ અંગે ભલે માત્ર ૧ ટકાની હોય પણ અધિકરણ સામે બચાવ તો સો (૧૦૦) ટકા ઉપકરણ જ કરે છે.

અંતઃકરણ એ અંતરંગ સાધન છે, ત્યાં દર્શન-જ્ઞાન અર્થાત્ જોવા-જાણવાની શક્તિ છે. આ દર્શન-જ્ઞાનનો આધાર લઇને જ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, જે બુદ્ધિમાં સત્ અસત્નું સંશોધન અને સારા-નરસાનો વિવેક છે.

એ જ દર્શન-જ્ઞાનનો આધાર લઇને બીજી તરફ ભાવ (હૃદય-લાગણી) ઉત્પન્ન થાય છે.

આમ હૃદય અને બુદ્ધિનું મૂળ દર્શન-જ્ઞાન છે. જ્ઞાન-દર્શન એ લક્ષણ ગુણ છે. જે ચૈતન્યગુણ છે. પ્રદેશપિંડ (અસ્તિકાય)માં જ્ઞાત-દર્શન ગુણના અસ્તિત્વને અંગે જ તે પ્રદેશપિંડ (અસ્તિકાય) તે ચૈતન્ય આત્મા કહેલ છે. જે અસ્તિકાયોમાં જ્ઞાન-દર્શન ઉપયોગ નથી તે અસ્તિકાયરૂપ હોવા છતાં અજીવદ્રવ્ય છે-જડ છે.

કરણ (શરીરાદિ) ના યોગભાવ અને ભોગભાવ પણ અંતઃકરણ (ઉપયોગ) માંથી નીકળે છે. વળી ઉપકરણ તથા અધિકરણનું સર્જન કરનાર પણ ઉપયોગ છે. કરણ અને ઉપકરણ ઉભયને કામ કરાવનાર એનો ચાલક-સંચાલક અંતઃકરણ (ઉપયોગ) છે. વાસ્તવિક નિરાવરણ અવસ્થાની પ્રાપ્તિની સાધના તો ઉપયોગથી ઉપયોગને પૂર્ણતાએ શુદ્ધ કરવા રૂપ છે.

કરણથી ક્રિયા યથાશક્તિ અભ્યાસ વડે થાય છે. જેમાં જબરજસ્તી કરવાની નથી હોતી. જ્યારે ઉપયોગથી ઉપયોગની ક્રિયા કરવામાં (Compulsion-ફરજિયાત) અનિવાર્યતા હોવી જોઇએ. જે ક્રિયા અનિવાર્યપણે ફરજિયાત કરવી જોઇએ તે વિષે આપણું કોઇ ધ્યાન નથી એ મોટા દુર્ભાગ્યની વાત છે.

મોક્ષમાર્ગના ત્રણ તબક્કા છે. જેમાં પ્રથમ નિરૂપાધિક જીવન છે. જેમાં કરણની (મન-વચન-કાયયોગની) શુદ્ધિ સંયમ અને તપથી છે જે અષ્ટાંગયોગના યમ-નિયમ છે. એ બાહ્ય-દ્રવ્યક્રિયા છે જેમાં ઉપકરણની પ્રાધાન્યતા છે.

બીજા તબક્કામાં આશય અને લક્ષ્ય શુદ્ધિ હોય છે, જે યોગથી ઉપયોગની શુદ્ધિની પ્રક્રિયા છે. જેમાં આસન, પ્રાણાયામ અને પ્રત્યાહારનો સમાવેશ થાય છે. એમાં કરણની પ્રાધાન્યતા છે.

જ્યારે અંતિમ ત્રીજા તબક્કામાં નિર્વિકલ્પ જીવન આવે છે, જે ઉપયોગથી ઉપયોગની શુદ્ધિ કરવાની પ્રક્રિયા છે. જેમાં ધારણા-ધ્યાન અને સમાધિનો સમાવેશ થાય છે એ ભાવ અંતરક્રિયા છે. એમાં અંતઃકરણની પ્રાધાન્યતા છે.

ઉપયોગ વડે અધિકરણનું સેવન એ ઉપાધિમય જીવન છે. જે મન-વચન-કાયાના યોગ અર્થાત્ કરણ વડે જિવાતું વિલાસી ભોગ જીવન છે. અને તે અપવિત્ર ઉપાધિમય જીવન છે.

ઉપયોગ વડે ઉપકરણ સેવીને જિવાતું જીવન નિર્દોષ જીવન છે. તે અર્થ-કામ રહિત ધર્મજીવન છે. ઉપકરણ સહિતનું અને અધિકરણ રહિતનું કરણ એ વ્યવહાર મોક્ષ માર્ગ અંતઃકરણથી છે. અધિકરણ વડે કરણની સ્થાપના એટલે સંસારની સ્થાપના. અને ઉપકરણ વડે કરણ એટલે મોક્ષમાર્ગની સ્થાપના.! છતાં કાયયોગ આશ્રિત બાહ્ય સંયમ અને તપને, ઉપયોગથી થતી ઉપયોગશુદ્ધિની સાધનાતુલ્ય ન કહેવાય, કારણ કે જડ-ચેતનનો ભેદ છે છતાં તેને અનુકૂળ સાધન કહેવાય પણ અનુરૂપ સાધન ન કહેવાય. ઉપયોગથી ઉપયોગની શુદ્ધિ કરવી એ શ્રેષ્ઠ સાધના છે, ઉપયોગનું અભેદ આધાર સ્થાન આત્મપ્રદેશો છે અને નહિ કે પુદ્ગલનાં બનેલ કરણ-ઉપકરણ ને અધિકરણરૂપ પદાર્થો કે સાધનો. ઉપયોગ વડે ઉપયોગમાં લીન બનીએ તો નિર્વિકલ્પ બનાય જે ઉપયોગની પરમ શુદ્ધ નિરાવરણ અવસ્થા છે તે પૂર્ણાવસ્થા છે અને એ કેવલજ્ઞાનનું પ્રાગટ્ય છે. માત્ર ઉપકરણ અને કરણની સાધના જે અધ્યાત્મરૂપ માનીને અટકે છે તે મોક્ષને પ્રાપ્ત નથી કરતાં. ઉપયોગ વડે ઉપયોગનું સુખ વેદનાર નિરાવરણ બને છે અને મુક્ત થાય છે. તો પછી પ્રશ્ન ઉદ્ભવે કે કરણ-ઉપકરણની કિંમત શી? અધિકરણ છોડીને નિષ્પાપ-નિરૂપાધિક બનાય કે જે સ્થિતિ ઉપયોગથી ઉપયોગની અર્થાત્ શુદ્ધિ માટે અનુકૂળ છે. એ જ ઉપકરણની કિંમત છે. જ્યારે અર્થ-કામ-ભોગની પ્રવૃત્તિ છોડીને સંયમ-તપ રૂપ ધર્મ-મોક્ષ પુરૂષાર્થમાં પ્રવૃત્ત થવાય તે કરણની કિંમત છે.

જે પણ અંતઃકરણ શુદ્ધિમાં સહાયકબળ છે. ઉપયોગથી ઉપયોગની સાધના ને સમજનાર, ઉપકરણ અને કરણની સાધનામાં અટકીને સંઘર્ષ ને ઝઘડા ઉભા કરે છે. ઉપકરણ અને કરણની સાધનામાં ઘણા ભેદ છે. જ્યારે અંતઃકરણથી અંતઃકરણની (ઉપયોગની) સાધનામાં કોઇ ભેદ નથી. એમાં પરિણામે નિર્વિકલ્પકતારૂપ અભેદતા હોવાથી સાધના ત્રણે કાળ મોક્ષ-માર્ગની એકરૂપ છે. પરદ્રવ્યઆશ્રિત જે કાંઈ સાધના થાય તે નિષેધાત્મક (Negative) સાધના કહેવાય. માટે ઉપકરણ અને કરણ દ્વારા જે જે ધર્મક્રિયા કરીએ છીએ તે નિષેધાત્મક સાધના છે. જેથી કરીને આરંભ-સમારંભ-અવિરતિ આદિથી બચાવ થાય છે. જ્યારે વિધેયાત્મક (Positive) સાધના તો આત્માનો અનુભવ કરવો, આત્મભાવમાં વર્તવું તે છે.

કચ્છી-ભાષા અને સાહિત્ય

● પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

તાજેતરમાં જ કચ્છી અકાદમીની સ્થાપના થઇ છે એટલે આપણે નોંધ લઇએ કે કચ્છી પ્રજામાં ભાષા અંગેની જાગ્રતિ આવી છે. આ અકાદમીને ઉપક્રમે યોજાયેલા 'કચ્છી ભાષા-સાહિત્ય સત્ર'માં કચ્છી ભાષા, તેનાં સાહિત્ય, વ્યાકરણ ને વિકાસ વગેરેની ચર્ચા-વિચારણા થઇ અને ખાસ તો કચ્છી ભાષાને માન્યતા આપવા અંગેનો મહત્ત્વનો ઠરાવ ગુજરાત સાહિત્ય અકાદમીને મોકલવાનો નિર્ણય લેવાયો.

કચ્છીને માન્યતા!

મને નવાઇ લાગે છે કે જ્યારે ગુજરાત રાજ્યની રચના થઇ ત્યારે ત્યાંના શાસકોને ખબર નહોતી કે આ રાજ્યના એક સારા એવા મોટા વિસ્તારમાં કચ્છી ભાષા બોલાય છે? એને માટે હવે આટલાં વર્ષે માન્યતા માગવાની છે? કચ્છીને માન્યતા મળવાનો તો હક છે; એને માન્યતા આપવાની એમની જ જવાબદારી હતી! હજુ માન્યતા નથી અપાઇ એ એમની ગફલત છે આપણે તો એમનું ધ્યાન જ ખેંચવાનું છે કે તમે આ કામ ભૂલી ગયા? માન્યતા માગવાનો સવાલ જ નથી એમણે એ હજુ સુધી કામ નથી આપી, એ સવાલ છે!

વળી આ ઠરાવ માત્ર ગુજરાત સાહિત્ય અકાદમી માટે નથી, આ તો ગુજરાત રાજ્ય ને દિલ્હી સાહિત્ય અકાદમી સુધી પહોંચાડવો જોઇએ! કચ્છી ભાષા અહીં હતી જ-રાજ્યને, રાજ ચલાવનારાઓને પહેલેથી જ એની જાણ હોવી જોઇતી હતી!

બીજી એક વાત. કચ્છી બોલનારા-કચ્છીભાષી કેટલા? કચ્છની પ્રજા કચ્છી બોલે, એ તો સ્વાભાવિક વાત થઇ. પણ હકીકતમાં કચ્છની બહાર પણ કચ્છી બોલાય છે. લોહાણા, ભાટિયા, બોજા, મેમણ વગેરે તો આજે પણ કચ્છી બોલે છે. પરદેશમાં સ્થાયી થયેલા કેટલાંક કુટુંબો આજે પણ ઘરમાં કચ્છી બોલે છે.

મોટા-આધુનિક શહેરોમાં રહેતા કચ્છી પરિવારો માટે મારે એક વાત કહેવી છે. આ કચ્છી પરિવારોમાં છોકરાંઓને અંગ્રેજી ને ગુજરાતીમાં શિક્ષણ અપાય છે, એ તો સમજાય એવું છે! પણ ઘરમાં વાતચીતમાં કેટલાંય પરિવારો કચ્છીમાં કેમ બોલતા નથી?-મને આ બહુ જ દુઃખની વાત લાગે છે. આપણે આપણી માતૃભાષાને જ ભૂંસી નાખવાની પ્રવૃત્તિ આદરી બેઠા છીએ ને! ખુદ ભૂજમાં યે મેં કચ્છી ભાષા હવે ઓછી બોલાય છે એ નોંધ્યું છે.

ન્યાય જ ક્યાં છે?

આપણે ઘણીવાર કહીએ છીએ-સાંભળીએ છીએ કે કચ્છ અને કચ્છીને, કચ્છીઓને અન્યાય થાય છે, મને આ વાત ગમતી નથી. જરા વિચાર તો કરો, ન્યાય કરવા જ કોઇ બેઠું નથી તો અન્યાય ક્યાંથી થાય? કચ્છની ઉપેક્ષા થઇ છે, કચ્છીની ઉપેક્ષા થઇ છે-થાય છે એ હકીકત પ્રત્યે આપણે સૌનું-કચ્છીઓનું ને ગુજરાતના શાસકોનું ખાસ ધ્યાન ખેંચવાનું છે.

કચ્છી 'બોલી' છે? કે ભાષા?

હમણાં એક વકતાએ કહ્યું ને ગુજરાતના કેટલાયે સાક્ષરોએ અનેકવાર કહ્યું છે કે કચ્છી 'બોલી' છે!

બોલી છે? કઇ ભાષાની બોલી છે? ગુજરાતીની? બિલકુલ નહીં. કચ્છી ભાષાનું ઘડતર ગુજરાતી કરતાં ઘણું જુદું પડે છે. કચ્છી ભાષામાં નાન્યતર જાતિ છે જ નહીં!-ગુજરાતીમાં છે! આ પાયાનો તફાવત છે. કચ્છીને થોડેઘણે યે સંબંધ હોય તો તે સિંધી ભાષા સાથે ખરો! ભારતનો વિશાળ વાયવ્ય ભાગ ધ્યાનમાં લો, ત્યાં બોલાતી કચ્છી, સિંધી, હિન્દી, ઉર્દૂ, પંજાબી, લહેંદા આ બધી ભાષાઓમાં નાન્યતર જાતિ નથી, કચ્છી આ સમૂહ જોડે સંકળાયેલી છે. મૂળ તો આ પ્રદેશોના લોકો ચોરણી પહેરનારા, લડાયક કોમના માણસો છે. એમની ભાષામાં નાન્યતર જાતિ નથી, એમાં એ કોમોના ખમીરનું પ્રતિબિંબ પડે છે.

રેડિયો-ટી. વી. પર

ગુજરાતના રેડિયો ટી. વી. કાર્યક્રમોમાં કચ્છી કાર્યક્રમો કેટલા? જો ગુજરાતના સાક્ષરો માનતા હોય કે કચ્છી, ગુજરાતી ભાષાની બોલી છે તો ગુજરાત રાજ્યમાં સારો એવો વિસ્તાર ધરાવતા કચ્છની ભાષાના કેટલા કાર્યક્રમો અમદાવાદથી રજૂ થાય છે? જો એ ગુજરાતીની 'બોલી' હોય તો એની આવી ઘોર ઉપેક્ષા કેમ થાય છે?

કચ્છી લિપિ છે?

એક એવી પણ દલીલ થાય છે કે કચ્છી ભાષાની કોઇ લિપિ નથી. એમને ખબર નહીં હોય કે કચ્છીની પોતાની લિપિ પણ હતી. 'કુમાર' માસિકમાં વર્ષો પહેલાં આ વિશેના લેખો ને લિપિનાં ચિત્રો પ્રકટ થઈ ચૂકયાં છે. મુંબઇમાં યોજાયેલા પ્રદર્શન 'કચ્છ દર્શન'માં કચ્છી લિપિનું નિદર્શન કરાવતા 'ચાટ' વગેરે પણ રજૂ થયા હતા.

આજે એ લિપિ ભુલાઇ ગઇ છે. છોડી દેવાઇ છે પણ તેથી કચ્છી ભાષાની લિપિ જ નથી એવું કેમ કહેવાય? આજે કચ્છી ભાષા ગુજરાતી લિપિમાં લખાય છે માટે એની લિપિ જ નથી એવું કહેવું એ ઇતિહાસની ઉપેક્ષા છે.

ભાષાની પોતાની લિપિ હોય જ એ જ પાયાનો નિયમ હોય તો આ દૃષ્ટિએ મરાઠી ભાષા માટે મારી ચેલેંજ છે! મરાઠી ભાષાની આજે કઇ લિપિ છે? હું મહારાષ્ટ્રમાં ભણ્યો છું. મરાઠીમાં મારો અભ્યાસ શરૂ થયો છે ત્યાં અમારે માટે મોડી લિપિ શીખવાનું ફરજિયાત હતું કેમ કે મરાઠી ભાષાની પહેલાંની એ લિપિ હતી. હવે આજે જે લિપિમાં એ લખાય છે તે તો પછીથી અપનાવાયેલી છે. જો મોડી છોડીને આજે મરાઠી

દેવનાગરી લિપિમાં લખી શકાતી હોય તો કચ્છી ભાષા ગુજરાતી લિપિમાં શા માટે ન લખાય? ને એ અપનાવેલી લિપિમાં લખાય છે માટે ભાષા નથી? તો મરાઠીને માટે શું કહેવું? ને એમ તો હિંદીની પણ કઈ પોતાની લિપિ છે? એય દેવનાગરીમાં લખાય છે!

ઉચ્ચારો ને લિપિ

એક સમસ્યા ઘણીવાર મારી સામે મુકાય છે કે કચ્છી ભાષાના કેટલાક વિશિષ્ટ ઉચ્ચારો ગુજરાતી લિપિમાં દર્શાવી શકાતા નથી, તેનું શું?

એની પણ વ્યવસ્થા થઇ શકે એમ છે. એમ તો ગુજરાતી ભાષામાં યે 'ઝબલા'નો ઝ (JH) અને 'ઝેબ્રા'નો ઝ (Z) એ સ્પષ્ટ ભિન્ન ઉચ્ચારો માટે જુદા અક્ષરો ક્યાં છે? એકલા 'ઝ'થી ચલાવીએ જ છીએ ને? ઉર્દૂમાં ચાર જુદા જુદા 'અ' છે. પણ હિંદીમાં વપરાતા ઉર્દૂ શબ્દો માટે આ બધા જ ઉચ્ચારો માટે એક 'જ' અક્ષરથી જ ચલાવી લેવાય છે. આ તો વ્યવહારુ રસ્તા શોધવાનો પ્રશ્ન છે. આપણે પણ આવી કોઈ વ્યવહારુ વ્યવસ્થા કરી શકીએ.

કચ્છી સાહિત્ય

હવે સાહિત્યની વાત, કચ્છી સાહિત્ય છે-પુષ્કળ છે, પણ સવાલ એ છે કે એ વાંચે છે કેટલા? ખુદ કચ્છી પરિવારોમાં પણ કેટલા કચ્છી સાહિત્ય વાંચે છે, હમણાં શ્રી કોકિલાબહેન વકાણીએ કવિ તેજનાં ગીતો ગાયાં તેમાં એક ગીતની પંક્તિ હતી 'તાકડી, તોજો કરી ગન-તોલ!' કવિ ત્રાજવાને કહે છે કે તું ઘણું બધું તોલે છે પણ જાતને તો તોળી જો! આપણે પણ જાતને જ પૂછીએ કે આપણું કચ્છી સાહિત્ય ખુદ આપણે કેટલું વાંચીએ છીએ?

કચ્છના તો સારા લેખકો પણ ઘણા છે. મોટા ભાગના ગુજરાતીમાં લખે છે. ભલે લખો! પણ કહું છું થોડું કચ્છીમાં પણ લખોને? એમાં તમારે કંઇ જ ગુમાવવાનું નથી!

જરૂર છે કચ્છી સાહિત્યને ઉચ્ચ કક્ષાએ મૂકવાનું-તો જ અન્યોને-ને ખુદ કચ્છીઓને પણ એ વાંચવાનું મન થાય! ટાગોરનું બંગાલી આપણે જાણતા નહોતા; શરદબાબુની નવલ-કથાઓ વિશે આપણે જાણતા નહોતા; પણ જ્યારે એમની રચનાઓના અનુવાદો આપણી પાસે આવ્યા ત્યારે આપણે એવા પ્રભાવિત થયા કે આપણામાંથી ઘણાં બંગાળી શીખવા દોડી ગયા હતા.

કચ્છી સાહિત્ય એવી ઊંચાઇ આંબે ને આના અનુવાદો અન્ય પરિચય અન્યભાષીઓ પાસે રજૂ થાય તો જ કચ્છી પ્રત્યે શિષ્ટ ને સંસ્કારી વર્ગ વળે. કચ્છી જેમની માતૃભાષા હોય તે પણ વિચારતા થાય કે આ વાંચવું જોઇએ! તાજેતરમાં શ્રી ગુલાબભાઇ દેઢિયાએ કવિશ્રી તેજનો પરિચય ને એમની રચનાઓની ઝાંખી મુંબઇના દૈનિક 'પ્રવાસી' દ્વારા ગુજરાતીઓ પાસે રજૂ કર્યો. તે વાંચીને કેટલાએ ગુજરાતીઓ પ્રભાવિત થયા છે. આજે યે એ વાંચીને કેટલાક સાહિત્યકારો અહીં પધાર્યા છે. આપણે, આપણા કચ્છી સાહિત્ય ને સાહિત્યકારોનો અન્ય ભાષીઓને પરિચય કરાવીએ! મુ. કારાણીભાઇએ તો આ કર્યું જ છે. હવે અન્ય કચ્છીપ્રેમી સાહિત્યકારો ને સાહિત્ય રસિકોએ આ કામ ઉપાડી લેવું જોઇએ.

હવે પ્રશ્ન એ છે કે કચ્છી સાહિત્ય કોણ છાપે? છે કોઇ પ્રકાશકો? ને એ છપાય તો કોણ ખરીદશે?-કેટલા ખરીદશે? સદ્ભાગ્યે આપણી પાસે એવા ઘણા સંપન્ન સજ્જનો છે જે આ સાહિત્ય ખરીદશે પણ ખરા! પણ પછી? એ વાંચશે કેટલા?

કચ્છી ભાષા માટે શ્રી ગુલાબભાઇ દેઢિયાએ એક જગ્યાએ કેવું સાચું કહ્યું છે કે આ ભાષા 'ગૂંગી, સુમસામ પડેલી મહોલાત' છે. આ મહોલાતને ફરી ગૂંજતી કરવી હોય તો દિલથી એમાં સક્રિય રસ લઇએ. આ માટે મારી સૌથી પહેલી આગ્રહભરી વિનંતી છે કે બધાં જ કચ્છી કુટુંબોના ઘરમાં-તમારા સૌના ઘરમાં છોકરાંઓ જોડે રોજિંદા વ્યવહારની વાતો કચ્છીમાં જ કરો. ન કરતા હો તો શરૂ કરો; ને એમને ય કચ્છીમાં બોલવા પ્રેરો. આપણી ભાષાનાં મૂળિયાં જીવંત હશે તો એક દિવસ એમાંથી વિશાળ વૃક્ષ કોળી ઊઠશે,

ભાષાનો પ્રેમ!-વાદ નહીં!

એક સ્પષ્ટતા કરી લઉં. આપણને ભાષાનો 'વાદ' નથી, ભાષાનો પ્રેમ છે. એટલે આપણે એ માટે ઝઘડા નથી કરવા. વેપારી કોમ છીએ-શાંતિપ્રિય પ્રજા છીએ. એટલે આની શરૂઆત પ્રેમથી જ કરીએ. આપણી વેપારી કોમને આ માટે બહુ સમય ન મળે એ સમજી શકાય. પણ એ લોકોએ ઘરમાં તો કચ્છીનું પ્રચલન શરૂ કરી શકે ને? ઉપરાંત, કચ્છી ભાષા ને સાહિત્યના ઉત્કર્ષ માટે જે લોકો મથી રહ્યા છે એમને તન, મન અને ધનથી સહકાર આપે તો થોડા જ વખતમાં આપણી ભાષા એના યોગ્ય સ્થાન ને માનને પદે બિરાજમાન થઇ જશે.

કચ્છ યુનિવર્સિટી

એક વાત ધ્યાનમાં આવે છે? ગુજરાતમાં ગુજરાત યુનિવર્સિટી છે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી છે, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પણ છે; કચ્છ યુનિવર્સિટી નથી! કમ એમ?

ઊગતી પેઢીને શિક્ષણ પ્રત્યે વધુ અભિમુખ કરીએ; અભ્યાસને સંશોધનને ક્ષેત્રે પ્રોત્સાહન આપીએ. કચ્છી સાહિત્યને વધુને વધુ સમૃદ્ધ કરતા રહીએ ને વર્તમાન વિશ્વની પ્રત્યેક ગતિવિધિમાં ઊંડો રસ લેવા પ્રેરીએ તો કચ્છ યુનિવર્સિટી ઊભી કરવાનું કામ કંઇ અશક્ય તો ન જ રહે!

કવિ ખબરદારે કહ્યું છે-'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત! પણ કચ્છ માટે તો કહેવું જોઇએ કે દુનિયાનો કોઇ એવો દેશ નથી જ્યાં કચ્છી ન હોય! પણ કચ્છી 'કલ્ચર'-કચ્છી સંસ્કૃતિ આપણે બધે પહોંચાડી શક્યા નથી-કારણ કે આપણે એ પ્રત્યે લક્ષ આપ્યું નથી-ઉપરાંત બધે વેરણ છેરણ છીએ-સંગઠિત નથી.

શ્રી પોમલ એમની તસવીરકલાને, ખાસ તો સુર્ખાબની તસવીરો માટે આજે દુનિયાભરમાં જાણીતા છે. પણ એ કચ્છમાં જ વેગ છે! ને આપણે અહીં બેઠા કહીએ છીએ, 'અમારા કચ્છના પોમલ!' રવીન્દ્રનાથ ટાગોરનું પણ આવું જ થયું હતું, એમને નોબેલ પુરસ્કાર મળ્યો ત્યારે આખું બંગાલ ગાજી ઉઠ્યું. -'આમાર રોબીન્દ્રનાથ ઠાકુર!'

આપણા વ્યવસાય-કામધંધાની બહાર ગયા વગર પણ આ ક્ષેત્રે જે લોકો સક્રિય છે તેમને સહકાર તો આપીએ! ને સહકાર આપવાની વાત કર્યા પછી કવિ તેજે કહ્યું છે ને

ભાઇબંધ તો ત્યાં જ તે
ભીડમેં અસીં વિઠા અયું;
ને જડે ભીડ પે, 'તેજ'!
તડે સચઇ બિસાઅ વિઠા જ વા!

(મિત્રોએ તો સૌએ કહ્યું જ હતું કે જરૂર પડે ત્યારે તમને સાથ આપવા અમે બેઠા જ છીએ! પણ ખરેખર ભીડ પડી-જરૂર પડી-ત્યારે એ સૌ બેઠા જ રહ્યા!)

આપણે આવું ન કરીએ!

કચ્છી સાહિત્યના વિકાસ ને સમૃદ્ધિ માટે પુરુષાર્થ આદરનાર કવિ તેજને હું ગૌરવપૂર્વક આવકારું છું ને એમનો આ પુરુષાર્થ અનેકો માટે પ્રેરણારૂપ બને એમ ઇચ્છું છું. કવિ તેજ ઉત્તરોત્તર વિકાસ સાધે એવી શુભેચ્છા! સાથે જ એક વાત કહી દઉં કે આપણે આજે કવિનું સન્માન નથી કરતા, એમનું ઋણ અદા કરીએ છીએ. આભાર!

(કવિ 'તેજ'ના સન્માન પ્રસંગે કરેલું વક્તવ્ય-ઘટતા ફેરફાર સાથે)

'अहिंसा परमो धर्मः'

● શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસ

બાઇબલ : લ્યુક ૩-૧૪ માં કહ્યું છે: Do violence to no man 'કોઇની પણ હિંસા ન કર.' આ જ વાતને વાસુદેવ મહાત્મ્ય ૨૦-૧૩ માં કહી કે, 'પોતાનો મુખ્ય ધર્મ અને જીવિકા-વૃત્તિના નિમિત્તે પણ મનથી પણ પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો.

આમ છતાં મનુષ્ય અજ્ઞાનતાથી અથવા અન્ય કારણોથી હિંસાના માર્ગે વળી જાય છે. એવાને સમજાવવાનું કાર્ય કર્યું સ્વામી સહજાનંદે.

ભૂજમાં જગજીવન મહેતા નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ભૂજના રામ દેવજીના આઠ દીવાનોમાંનો એક દીવાન હતો. તેણે શક્તિપંથીઓના સંગથી શતચંડી યજ્ઞ કરાવવાનું નક્કી કર્યું. આ યજ્ઞ હિંસામય હતો. દેવીને પ્રસન્ન કરવી હોય તો યજ્ઞમાં ઘેટાંબકરાંનો ભોગ આપવો જોઇએ એમ તેણે માની લીધું હતું.

યજ્ઞનો દિવસ નક્કી કરાયો. યજમાનોને બોલાવવામાં આવ્યા, યજ્ઞકુંડમાં અગ્નિની જ્વાળાઓ ભડભડ બળતી હતી. કપાળમાં ચાંદલા કરીને, ગળામાં હાર પહેરાવીને બકરાંઓને તૈયાર રાખવામાં આવ્યાં હતાં જગજીવન મહેતાએ સ્વામી સહજાનંદને પણ આ યજ્ઞમાં પધારવા આમંત્રણ આપ્યું હતું.

સ્વામી સહજાનંદને આ વાતની ખબર પડી, તેમને નિર્દોષ પ્રાણીઓની દયા આવી, થયું કે આમાં તો વેદના સિદ્ધાંતોનો હ્રાસ થાય છે. દુરાચારીની પ્રવૃત્તિઓમાં વધારો થાય છે. વેદનું સાચું રહસ્ય સમજાય, અહિંસામય યજ્ઞોનું ફરીથી પૃથ્વી પર સ્થાપન થાય અને નિર્દોષ પ્રાણીઓની રક્ષા થાય એવા હેતુથી તેઓ યજ્ઞ મંડપમાં આવ્યા, અહીં આવીને એમણે સાધુઓનાં અને બ્રાહ્મણોનાં લક્ષણોની વાત કરી. પછી શાસ્ત્રોક્ત રીતે અહિંસામય યજ્ઞોનું પ્રતિપાદન કર્યું.

સહજાનંદ સ્વામીએ કહ્યું: **अजेन यजेत**]' એટલે 'બકરાં હોમીને યજ્ઞ કરવો' એમ નહિ; પરંતુ 'અજ' એટલે ચાર પાંચ વર્ષ જૂની, ન ઉગે તેવી ડાંગર હોમી યજ્ઞ કરવો. ઉપરાંત યથાશક્તિ હુત દ્રવ્યો જેવાં કે તલ, શ્રીફળ વગેરે હોમીને સાત્ત્વિક યજ્ઞો કરવા એ વેદનો સિદ્ધાંત છે. યજ્ઞમાં નિર્દોષ પશુઓને હોમવાથી કોઇ દેવદેવી પ્રસન્ન થતાં નથી.'

મહાભારતના મોક્ષધર્મમાં કહ્યું છે કે, 'હે રાજન! લોભી અને સ્વાર્થપરાયણ નાસ્તિકોએ વેદના અર્થો નહિ જાણીને જ સત્યના આભાસરૂપ જૂઠાણું પ્રવર્તાવ્યું છે. જેને મર્યાદાની વ્યવસ્થા નથી, વિમૂઢ અને નાસ્તિક લોકોએ જ હિંસાનું પ્રતિપાદન કર્યું છે. પશુની હિંસા કરવાના મનવાળા બ્રાહ્મણનું મોટું તપ હિંસાથી સ્વર્ગ મળશે એવી ભાવનાથી નાશ પામ્યું.'

ગાંધીજી એક ગામમાં ગયેલા. એ ગામમાં હિંસાનો ઉપદ્રવ વધુ હતો. દરરોજ બકરાંઓ કપાતા. ગાંધીજીએ વિચાર્યું કે નિર્દોષ પ્રાણીઓ વિના કારણે મોતના ખપ્પરમાં હોમાય છે. તેઓ તે સ્થાને પહોંચ્યા. ત્યાંના આગેવાનને કહ્યું: 'બકરીને બદલે મને કાપો, કારણ કે પશુયોનિ કરતાં માનવયોનિ શ્રેષ્ઠ છે.' ગાંધીજીનું આ વાક્ય તેમને સ્પર્શી ગયું. પરિણામે તેઓએ આવું નીચ કાર્ય કરવાનું માંડી વાળ્યું. આમ આવા મહાપુરુષોનું જીવન-ઉપદેશ પ્રેરણા પીયુષ પાય છે.

સર્વશાસ્ત્રનો સાર કાઢીને 'વચનામૃત' ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણે અહિંસાધર્મનું પ્રતિપાદન કરતા કહ્યું: 'જે અહિંસારૂપ ધર્મ છે તે તો કેવળ કલ્યાણને અર્થે છે. માટે ગૃહસ્થ અથવા ત્યાગી એ સર્વેને માટે અહિંસારૂપ જે ધર્મ તે જ કલ્યાણને અર્થે કહ્યો છે. વચનામૃત-ગ. પ્ર. ૬૯.

'અહિંસામય જે ધર્મ છે તે મોક્ષપરાયણ છે' આવા આવા શબ્દો કહીને 'अहिंसा परमो धर्मः' એ શાસ્ત્રોક્ત કથનનું પ્રતિપાદન કર્યું છે.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના દેહોત્સર્ગ બાદ એમની સ્મૃતિ કાયમ રહે એ હેતુથી 'સંઘ' દ્વારા જે સ્મારક નિધિ એકત્ર કરવામાં આવ્યો હતો તેમાંથી નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

(૧) રૂા. ૧,૧૧,૧૧૧/- ગુજરાતી સાહિત્ય પરિષદને હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠની સાથે સ્વ. ચીમનભાઇનું નામ જોડવાની શરતે.

(૨) રૂ. ૧, ૫૧,૦૦૦/-ભારતના શ્રેષ્ઠ ગુજરાતી પત્રકારને પ્રતિવર્ષ રૂ. ૧૧,૦૦૦/-નો 'ચીમનલાલ ચકુભાઇ શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર' આપવા માટે 'સંઘ' હસ્તક અનામત રાખવામાં આવ્યા છે.

(૩) રૂ. ૫૦,૦૦૦/-'નાસિઓહ'ના વેલ્ડિંગ યુનિટ સાથે સ્વ. ચીમનભાઇનું નામ જોડવાની શરતે અને અન્ય સાધનોની ખરીદી માટે.

(૪) રૂા ૫૧,૦૦૦ શ્રી યુસુફ મહેરઅલી સેન્ટરના ટ્રેઇનિંગ હોલની સાથે સ્વ. ચીમનભાઇનું નામ જોડવાની શરતે.

(૫) આશરે રૂા. ૨૫,૦૦૦ સ્વ. ચીમનભાઇના લેખોના પુસ્તક 'સમય ચિંતન'ના પ્રકાશન માટે.

(૬) આશરે રૂ. ૨૫,૦૦૦/- સ્વ. ચીમનભાઇના લેખોના પુસ્તક 'તત્ત્વવિચાર અને અભિવંદના' ના પ્રકાશન માટે.

'સંઘ' હસ્તકના સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિમાંથી બહારની અન્ય સંસ્થાઓને ભેટ સહાય આપવાની રકમ હવે પૂરી થઇ છે તેની નોંધ લેવા વિનંતી.

-મંત્રીઓ

'સંઘ'ના ઉપક્રમે શરૂ થયેલ અધ્યાત્મ વર્ગ

ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા લોકોની સુષુપ્ત અધ્યાત્મ ચેતનાને જાગૃત કરવા માટે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં અધ્યાત્મ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વર્ગના સંચાલક તરીકે જૈન તત્ત્વચિંતક શ્રી પન્નાલાલ જગજીવનભાઇ ગાંધીની સેવા મળી છે તે 'સંઘ'ને માટે મોટું સદ્‌ભાગ્ય ગણી શકાય.

આ અધ્યાત્મ વર્ગનો ઉદ્‌ઘાટન સમારોહ ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શનિવાર, તા. ૫-૧૦-'૮૫ના સાંજના ૪-૦૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે શ્રી ઉષાબેન મહેતાએ પ્રાર્થના રજૂ કરી હતી. અધ્યાત્મ વર્ગના સંચાલક શ્રી પન્નાભાઇ ગાંધીએ દીપ પ્રગટાવીને આ વર્ગનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે બોલતાં તેમણે જણાવ્યું હતું કે જૈન ધર્મમાં નવકાર મંત્રનું સ્થાન અદ્વિતીય છે. બધા મંગલ 'નવકાર મંત્ર' છે. નવકારનું પ્રથમ ચરણ 'નમો અરિહંતાણં' આમાં 'અરિહંત' શબ્દ છે. 'અરિ' એટલે શત્રુ અને 'હંત' હણનાર. રાગદ્વેષરૂપી શત્રુને હણનાર એવા અરિહંત ભગવાનને મારા નમસ્કાર હજો.

આ વિષય પર વિશેષ પ્રકાશ પાડતાં તેમણે જણાવ્યું હતું કે આત્મા અને શરીર પરસ્પર વિરોધી પદાર્થ છે. આત્મા નિત્ય છે તો શરીર અનિત્ય છે, નિત્યમાંથી અનિત્યની ધારા સતત ફૂટ્યા જ કરે છે. આ સંસારમાં શરીરની જડતા અને મનની અનિત્યતા જ દુઃખનું કારણ છે. દેહનું દુઃખ સર્વને અનિવાર્ય જ છે. આ દેહમાં રહેવું એટલે જેલમાં રહેવા બરાબર છે. ભવાંતરને અટકાવવું હોય તો સર્વ પ્રથમ દેહભાન ભૂલવું આવશ્યક છે.

જીવનના લક્ષ્ય અંગે પ્રશ્ન ઉઠાવતાં તેમણે કહ્યું હતું કે જીવનનું લક્ષ્ય એટલે માત્ર પૈસો કમાવો એ જ માત્ર નથી. જીવનમાં થોડી આધ્યાત્મિક પ્રવૃત્તિને પણ સ્થાન આપવાની જરૂર છે. જીવનમાં ધર્મ છે તો બધું જ છે. ધાર્મિક ચેતના જ માનવીને ઊંચા લક્ષ્ય તરફ લઇ જશે. દ્રવ્યાનુયોગની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે આ વિષય પર આપણે ઊંડા ઊતરીએ તો ખરેખર જૈનદર્શનના ખરા તત્ત્વની આપણને જાણ થશે. જગતમાં બે તત્ત્વો છે—જીવ અને પુદ્‌ગલ. જેમાં પાંચ અસ્તિકાય તેનું નામ દ્રવ્યાનુયોગ.

ડૉ. રમણલાલ ચી. શાહે શ્રી પન્નાભાઇ ગાંધીનું ચંદનહારથી સ્વાગત કરતા જણાવ્યું હતું કે 'સંઘ'ની વિવિધ પ્રવૃત્તિઓમાં આજે અધ્યાત્મ વર્ગની એક ચેતનવંતી પ્રવૃત્તિનો ઉમેરો થાય છે. આ અધ્યાત્મ વર્ગ દર શનિવારે બપોરના ૪ થી ૫ના સમયે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ચલાવાશે.

શ્રી પન્નાભાઇ ગાંધી આ અધ્યાત્મ વર્ગનું સરસ સંચાલન કરશે. રસ ધરાવનારી વ્યક્તિઓએ રસ લેવા જેવી આ પ્રવૃત્તિ છે.

'સંઘ'ના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે આ પ્રવૃત્તિની આવશ્યકતા સમજાવવાની સાથે ભાગ લેનારા સૌ સભ્યોનું સ્વાગત કર્યું હતું. આ વર્ગના સંયોજક શ્રીમતી તરુણિકાબેન શાહ સૌનો આભાર માન્યો હતો.

('જો હલાહલ હૈ અમૃત ભી વહી')

પૃષ્ઠ ૧૪૨ થી ચાલુ

કહેવાનો અર્થ એ નથી કે, સંસારમાં ફૂલોની સાથે કાંટા નથી, પ્રકાશની સાથે અંધકાર નથી કે ભલાઇની સાથે બૂરાઇ નથી? પરંતુ કેવળ ફૂલ જ ગ્રાહ્ય છે, કાંટા નહિ, એવું કોણે કહ્યું? કેવળ પ્રકાશના આરાધક રાતના અંધકારમાં નભોમંડળમાં ચમકતા સિતારાની શોભાને કેમ ભૂલી જાય છે? વિજ્ઞાન પણ કહે છે, કે નિતાંત અંધકાર જેવા કોઇ ચીજ નથી, માત્ર પ્રકાશની ગેરહાજરીનું નામ જ અંધકાર છે. એ જ રીતે બૂરાઇમાં પણ કયાંક કોઇ ભલાઇનો અંશ છુપાયેલો હોઇ શકે છે. સજ્જન માનવીમાં પણ જો કોઇ બૂરાઇ હોઇ શકે તો દુર્જનમાં પણ કોઇને કોઇ ભલાઇ હોઇ શકે છે. હરેક વ્યકિતની બૂરાઇ પર નજર કરીને મનમાં ચીઢતા રહેવાના બદલે એ વ્યકિતના કોઇ ખૂણામાં છુપાયેલી ભલાઇને પ્રકાશમાં આણીને જાતે સુખી બનવું અને સંસારમાં પણ સુખની વૃદ્ધિ કરવી ઉત્તમ માર્ગ નથી શું? જે પ્યાલાને 'અર્ધો ખાલી' કહીને ફરિયાદ કરો છો, એને જ 'આખો ભરેલો' કહીને તમારી ઉદારતાનો પણ પરિચય આપી શકો છો. નિરાશ અને પરેશાન શા માટે બનો છો? જીવનનો નિયમ કંઇક આવો છે.

મત બન સાંસ અધીર
સહારા કોઇ ઔર મિલેગા
રો મત મૃદુલ સમીર
દુબારા કોઇ ઔર ખુલેગા
પ્રભુ પૂજા કા દીપ,
દેહ કા ઉપમાન બહુત હૈ
ગંગાજલ કહલાયે આંસૂ
યહ સમ્માન બહુત હૈ
ગા પ્રભાત કે ગીત,
પ્રાતઃ હો અંધિયારા વિધનેગા.

આલ્બેર કામૂએ લખ્યું છે કે, તમે મને કારાગૃહમાં પૂરી શકો છો, મારા હાથમાં બેડીઓ પહેરાવી શકો છો, પણ તમે મને બંદી બનાવી નહિ શકો. બેડીઓ માત્ર મારા હાથમાં જ હશે, મારા પર નહિ.

ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને એ આનંદ સ્વરૂપ આનંદ કંદના ઉપાસક બનીને જીવનમાં દુઃખ, કષ્ટ, નિરાનંદની વાત કરો છો?

તમારા હૃદયમાં પણ જીવનને સુખમય અને આનંદમય બનાવવાનો ઉત્સાહ છે, એ અમે જાણીએ છીએ, તમે પણ જાણો છો, પણ આંખ બંધ કરીને બેઠા છો, એ મિત્રોને મારી વિનંતી છે કે :

એક ચિનગારી કહીં સે
ઢૂંઢ લાઓ દોસ્તો!
તેજસે બીગી હુઇ બાતી
તો બસ દિલમેં હી હૈ.

* * *

(પૃષ્ઠ ૧૩૪ થી ચાલુ)

ક્રાંતિનાં પરિમાણ

સ્વાર્પણ, સંગઠન અને નૈતિક હિંમત ઉપર તેની સફળતાનો આધાર રહે છે. એવી ક્રાંતિ કયારેક સફળ થાય છે, તો કયારેક નિષ્ફળ જાય છે.

પ્રજાવિમુખ, જુલમી સત્તાધીશોને ઉથલાવ્યા પછી જ્યારે નવી સત્તા આવે છે ત્યારે પ્રજા રાહત અનુભવે છે. પરંતુ સમય જતાં કદાચ જો નવા સત્તાધીશો પણ સત્તાના મદમાં જુલમી બને છે તો પ્રજાને ફરી પાછી ક્રાંતિ કરવાની આવશ્યકતા ઊભી થાય છે. રાજદ્વારી ક્રાંતિમાં કયારેક આવું ચક્ર ચાલે છે.

કોઇ પણ એક પરિસ્થિતિની સામે કેટલાક સ્વાર્થી નેતાઓના મનમાં અસંતોષ હોય અને તેઓ તેનો વિરોધ કરી, બળ વાપરી તે પરિસ્થિતિને હટાવે એથી દરેક વખતે ક્રાંતિ થઇ એમ નહિ કહી શકાય. અસંતોષના કારણમાં એવી વ્યક્તિઓની વધુ પડતી અપેક્ષા કે વધુ પડતી મહત્ત્વાકાંક્ષા પણ જવાબદાર હોય છે. લોકમાનસને ઉશ્કેરી, તેની ઓછી સમજનો ક્રાંતિના નામે ગેરલાભ ઉઠાવી, સત્તા કે પ્રતિષ્ઠાના સ્થાને બેસી જનારા તકવાદી માણસો દુનિયામાં ઓછા નથી. પરંતુ એવી રીતે થયેલું પરિવર્તન ઝાઝો સમય ટકતું નથી.

રાજાશાહી કે સરમુખત્યારશાહી કરતાં લોકશાહીમાં રાજદ્વારી ક્ષેત્રે સત્તાકાંક્ષી માણસોની સંખ્યા ઘણી મોટી હોય છે. જે સત્તારૂઢ હોય છે તેને સત્તા ટકાવી રાખવામાં રસ હોય છે. જેની પાસે સત્તા નથી તે સત્તાધીશો પાસેથી સત્તા આંચકી લેવા માટે યોજનાઓ ઘડે છે, તક મળતાં સત્તાધીશો સામે બંડ કરાવે છે. પરંતુ દરેક બંડ સફળ થતું નથી. વળી દરેક બંડને ક્રાંતિ કહી શકાય નહિ. ક્રાંતિ જેવો ગૌરવયુકત શબ્દ બધી ચળવળો કે સત્તાપરિવર્તન માટે વાપરી શકાય નહિ. સંઘર્ષ, વિદ્રોહ, વિપ્લવ, ઝુંબેશ, બંડ, બળવો વગેરે શબ્દો નજીક નજીકના અર્થવાળા છે, પરંતુ તે બધામાં ક્રાંતિ શબ્દ વિશેષ ગૌરવવાળો છે. જે બળવો સફળ થાય તે ક્રાંતિ અને જે ક્રાંતિ નિષ્ફળ જાય તે બળવો એવી વ્યાખ્યા અપાય છે, પરંતુ તે સંપૂર્ણપણે સાચી છે એમ ન કહી શકાય. જેમાં પ્રજાના વિશાળ વર્ગે ન્યાય માટે સ્વાર્પણયુકત લડત ચલાવીને સત્તા પરિવર્તનમાં સફળતા મેળવી હોય તેવી ઘટનાઓ 'ક્રાંતિ' શબ્દને વધુ સાર્થક કરે છે.

જ્યાં રાજદ્વારી સત્તા હોય છે ત્યાં શસ્ત્રબળ હોય છે. વિરોધને મિટાવવા માટે તરત શસ્ત્રોનો ઉપયોગ થાય છે. ન્યાયની વાત બાજુ પર મુકાય છે. સમજાવટને સ્થાન હોતું નથી. સત્તાધીશોને સત્તા છોડવી ગમે નહિ. એવે વખતે સશસ્ત્ર ક્રાંતિથી પરિણામ જલદી આવે, સશસ્ત્ર બંડનો આરંભ ગુપ્ત હિલચાલથી થાય. સત્તાના સૂત્રધારનું અસ્તિત્વ જેટલું વહેલું મટે તેટલી વહેલી સત્તા કબજે કરી શકાય. વર્તમાન સમયમાં ઘાતક શસ્ત્રોનું પ્રમાણ વધ્યું છે અને માણસને મારવાની યુકિત-પ્રયુકિતઓ પણ વધી છે. દૂરથી નિશાન તાકી, ગોળી કે બોમ્બ છોડી ઝડપી વાહનમાં ભાગી જઇ શકાય છે. દુનિયાના ઘણા દેશોમાં ગેરીલા પ્રવૃત્તિ વધી છે. સત્તાધીશોને એનો સતત ડર રહે છે. હમણાં હમણાં આતંકવાદીઓનું જોર પણ વધ્યું છે. અચાનક કયાંક કોઇને મારી નાખી, વિમાનોના અપહરણ કરી, લોકોને કે રાજદ્વારી પુરુષોને બાનમાં રાખી, સત્તાઓને હચમચાવવાનું કામ આ આતંકવાદીઓ કરે છે, પરંતુ એથી જે પરિણામો આવે છે, તે બહુ ચિરંજીવી રહેતાં નથી. એવી દરેક ઘટનાને ક્રાન્તિ કહી શકાય નહીં.

રાજદ્વારી ક્રાંતિ ઘણું ખરું લોહિયાળ હોય છે. કયારેક સશસ્ત્ર પ્રતિકાર ઓછો થાય અથવા ન થાય ત્યારે ઓછી હિંસાએ સત્તાપરિવર્તન થાય છે. સત્તાપરિવર્તન વખતે સ્થાનિક પ્રજાના બળને વિદેશી સત્તાનો કયારેક સીધો કે આડકતરો ટેકો પણ મળે છે. કયારેક વિદેશી સત્તા ધરાદાપૂર્વક બળવો કરાવે છે. રાજદ્વારી ક્રાંતિમાં ન્યાય, નીતિ, સિદ્ધાંતની વાત દરેક વખતે હોય એવું નથી. અસહ્ય યાતનામાંથી મુકત થવું એજ કયારેક પ્રાથમિક ધ્યેય હોય છે. પ્રાચીન સમયમાં રાજાશાહીના જમાનામાં કેટલાક જુલમી રાજાઓનાં પતન એવી રીતે જ થયાં છે.

સામાજિક કે ધાર્મિક ક્રાંતિ અહિંસક હોઇ શકે, પરંતુ રાજદ્વારી ક્રાંતિ પણ અહિંસક રીતે કરી શકાય એવો પ્રયોગ સફળ રીતે ગાંધીજીએ કરી બતાવ્યો. ઇતિહાસના પાને એ સુવર્ણાક્ષરે લખાશે. સત્ય માટેનો આગ્રહ, હસતે મુખે જેલમાં જવાની કે જરૂર પડયે પ્રાણ અર્પણ કરવાની તત્પરતા, સિદ્ધાંત-નિષ્ઠા અને દુશ્મન પ્રત્યે પણ પ્રેમની ભાવના ઇત્યાદિ સાથે, આખી દુનિયામાં પથરાયેલી એક સલ્તનતમાંથી ભારતને મુકત કરવાનું સ્વપ્ન સેવવું એ નાની સૂની વાત નહોતી. આત્મબલિદાનની અને લોકકલ્યાણની સાચી ભાવના સાથે સતત લોકસંપર્ક દ્વારા આખા ભારતમાં નિ:સ્વાર્થ નેતાગીરી ઊભી કરી, રાષ્ટ્રવ્યાપી આંદોલનો દ્વારા ગાંધીજીએ બ્રિટિશ સરકારને હંફાવી અને છેવટે અહિંસક ક્રાંતિનું પોતાનું ધ્યેય સિદ્ધ કર્યું.

આટલા મોટા પાયા ઉપર, આટલાં લાંબાં વર્ષો સુધી ચાલેલી આટલી મોટી અહિંસક રાજદ્વારી ક્રાંતિ ઇતિહાસે ભૂતકાળમાં જોઇ નથી, ભવિષ્યમાં કયારે જોશે તેની ખબર નથી. પરંતુ અહિંસક રીતે પણ રાજદ્વારી ક્રાંતિ થઇ શકે છે એ ગાંધીજીએ જગતને સિદ્ધ કરી બતાવ્યું. સશસ્ત્ર ક્રાંતિ કરતાં અહિંસક ક્રાંતિમાં સમય વધુ લાગે એ દેખીતું છે. પરંતુ પ્રજાના નીચામાં નીચા સ્તર સુધી તે વ્યાપી રહે છે. પ્રજામાં એકતા અને સ્વાર્પણની ઉદાત્ત ભાવના તે જેટલી જન્માવી શકે છે તેટલી હિંસક ક્રાંતિ જન્માવી શકતી નથી. ચારિત્ર્યશીલ, પ્રભાવશાળી, બલિદાન દેવાની તત્પરતાવાળા લોકનેતાઓનું જેમ જૂથ મોટું તેમ અહિંસક ક્રાન્તિનું ઇષ્ટ ફળ વહેલું જોવા મળે.

જે સમાજ કે રાષ્ટ્ર વખતોવખત સામાજિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક, સાંસ્કારિક ઇત્યાદિ ક્ષેત્રોમાં સમયોચિત ફેરફારો કરતાં રહે છે. એ સમાજમાં કે રાષ્ટ્રમાં ક્રાંતિની કોઇ આવશ્યકતા રહેતી નથી. ક્રાંતિનું મૂળ અસંતોષમાં છે, પરંતુ જો પરિસ્થિતિ જ એવી હોય કે અસંતોષને સ્થાન જ ન મળે તો ક્રાંતિને માટે જરા પણ અવકાશ ન રહે. જ્યાં સમયોચિત પરિવર્તન થતાં નથી ત્યાં જૂનવાણી માનસ, કાલગ્રસ્ત પરંપરા કે નિષ્પ્રાણ પ્રણાલિકા જડ થતાં અસંતોષનું વાતાવરણ જન્મે છે અને ક્રાંતિની આવશ્યકતા પેદા થાય છે.

દરેક પ્રજામાં વખતોવખત ભિન્ન ભિન્ન પ્રકારની ક્રાન્તિ તો થતી રહેવાની. પણ આદર્શ સ્થિતિ તો એ જ ગણાય કે ક્રાન્તિની કોઇ આવશ્યકતા જ રહે. થોડાક સમય માટે, થોડાક લોકોમાં એવી સ્થિતિ પ્રવર્તી શકે. પરંતુ હંમેશને માટે એવી સ્થિતિનું નિર્માણ થાય એવી મનુષ્યની પ્રકૃતિ નથી.

—રમણલાલ ચી. શાહ

જો હલાહલ હૈ, અમૃત ભી વહી....

✠ અનવર આગેવાન

'કેમ ઉદાસ બેઠા છો ? આનંદમાં તો છોને ?'

'ક્યાં ! આનંદ કેવો ? જીવનમાં ચારે તરફ દુઃખ-ક્લેશ, વિવશતા, શોષણ અને ભ્રષ્ટાચાર સાથે જ પનારો પડ્યો છે, બધું જોઈ-જોઈને મન ઉદાસ થઈ જાય છે. દેશનું શું થશે, સમાજનું થશે, શાસનનું શું થશે અને આપણું શું થશે. દિવસ-રાત એ ચિંતા કોરી ખાય છે.'

કોઈ પણ ગંભીર પ્રકૃતિની વ્યક્તિ સાથે વાત કરતાં કંઈક આવી જ પ્રતિક્રિયા સાંભળવા મળે છે. કેટલાક ધાર્મિક સંપ્રદાયોનો તો દાર્શનિક આધાર જ દુઃખવાદ છે. 'સર્વં દુઃખમ સર્વં ક્ષણિકમ્' - સર્વ દુઃખમય છે અને સર્વ તાજ્ય છે-આવો ઉપદેશ આપીને નિવૃત્તિ માર્ગની સાર્થકતા સિદ્ધ કરનાર આચાર્ય અનાદીના જીવનમાં નિરાશા અને પલાયનનો પ્રવેશ કરાવી એને મોજ તરફ લઈ જવા ઇચ્છે છે. મોક્ષ માટે પણ કહે છે :-

"તદત્યન્ત વિમોક્ષોઽપવર્ગ :"

-દુઃખથી સર્વથા છુટકારો મેળવવો જ મોક્ષ છે. જે આવાગમનના ચક્રમાં જીવને પરમ દુઃખ અને આ ચક્રમાંથી મુક્તિને પરમ સુખ કહે છે, એ લોકોએ જીવન વિષે નિતાંત એકાંગી દૃષ્ટિકોણ આપ્યો છે.

વાસ્તવમાં સંસાર કે જીવન ન સુખમય છે, ન દુઃખમય, એ તો જેવું છે તેવું જ છે. જે એકને માટે સુખમય છે, એ જ બીજા માટે દુઃખમય છે. એનો સીધો સાદો અર્થ એ છે કે, જીવન કે સંસારને સુખમય કે દુઃખમય બનાવનાર માનવી પોતે છે, એનું મન છે, જીવન કે સંસાર નહિ. જેમ છરી માત્ર છરી છે, અણસમજુ બાળક એનાથી પોતાની આંગળી પણ કાપી શકે છે અને સમજદાર વ્યક્તિ એનાથી ફળ અને શાકભાજી કાપીને એને એક ઉપયોગી સાધન પણ બનાવી શકે છે. ફિરાક ગોરખપુરી ફરમાવે છે :

જો ઝહરે – હલાહલ હૈ
અમૃત ભી વહી લેકિન,
માલૂમ નહીં તુજકો
અંદાજ હી પીને કે.

વિષ પ્રાણઘાતક સિદ્ધ થઈ શકે છે, પરંતુ કુશળ વૈદ્ય એને ઔષધિ રૂપે ઉપયોગ કરી જાણે છે. એ જ રીતે અજ્ઞાન મનથી જીવનદાયી અમૃતને પણ અણસમજમાં પ્રાણઘાતકવિષ બનાવી શકે છે.

જીવતાં જીવવાની પણ એક કલા છે. મોટા ભાગના લોકો આ કળા જાણતા હોતા નથી. આ કળાના મર્મજ્ઞ વિદુરે કહ્યું છે :

યસ્મૈ દેવા : પ્રયચ્છન્તિ
પુરુષાય પરાભવમ,
બુદ્ધિં તસ્યાપકર્ષંતિ
સોઽ વાચી નાનિ પશ્યતિ.

-દેવતા જે માનવીનો પરાભવ ઇચ્છે છે, એની બુદ્ધિનું હરણ કરી લે છે. અને ત્યારે એ વ્યક્તિને સંસારની દરેક ચીજ ખૂરી જણાવા લાગે છે. એ જ પ્રમાણે :

ન દેવા દંડમાદાય
રક્ષન્તિ પશુપાલવત,
યં તુ રક્ષિતુમિચ્છન્તિ,
બુદ્ધ્યા સંયોજયન્તિતમ

-દેવતા પશુપાલકની જેમ ડાંડો હાથમાં લઈ કોઈનું રક્ષણ કરવા આવતા નથી. પરંતુ જેનું રક્ષણ કરવા ઇચ્છે છે, એને બુદ્ધિ આપે છે અને એ બુદ્ધિ વડે જ વ્યક્તિ સંસારમાં સફળતાનાં શિખરો સર કરતી જાય છે.

સંસાર એક સુંદર ઉપવન છે. એમાં વિવિધ પ્રકારનાં સુગંધિત પુષ્પો અને સુમધુર ફળો ભર્યાં પડ્યાં છે જો કોઈ એક ફળ કડવું લાગે તો તેને છોડીને બીજાં રસીલાં ફળ ચૂંટી લો. પણ ઉપવનને છોડીને ભાગી જવાની પ્રવૃત્તિ તો, તમે ઉપવનની મનોરમતાથી સંપૂર્ણ પરિચિત નથી એવું સિદ્ધ કરે છે. નદી, ઝરણાં, તારાઓથી સુશોભિત આકાશ, ઇન્દ્રધનુષી રંગો, ગગનવિહારી પંખીઓ હિમાચ્છાદિત પર્વત શિખરો, હરિયાળાં ખેતરો, રંગબેરંગી ફૂલો, મનને પ્રફુલ્લિત કરનાર પવન, વેરાન રણ અને શહેર તેમ જ ગામના કિલ્લોલ કરતાં લોકો-આ વૈવિધ્યપૂર્ણ વસ્તુઓની સુંદર રચનાથી આ વસુંધરા કેટલી રમણીય બની ગઈ છે ! કયારેય એની રમણીયતાને આંખ ખોલીને જોઈ છે ? કે પછી ક્ષુદ્ર સ્વાર્થમાં જ રચ્યાપચ્યા રહી ને પોતાનું તથા અન્યનું જીવન દુઃખમય અને નિરાનંદમય બનાવી દીધું છે ? સમગ્ર સંસાર પ્રત્યે જેને ફરિયાદ જ છે એના મસ્તિષ્કમાં જરૂર કોઈ વિકાર છે. એક શાયરે યોગ્ય જ કહ્યું છે :-

તુમ્હે શિકાયત હૈ
સારે જહાંસે,
કોઈ નઈ દુનિયા
લાએ કહાંસે ?

-જે વ્યક્તિ પોતાની જાતને બદલી શકતી નથી, એ સમગ્ર સંસારને બદલવાનો ઇજારો લે. એનાથી મોટો દંભ બીજો શું હોઈ શકે ?

જ્યારે દુનિયાને બદલવામાં સફળતા મળતી નથી ત્યારે માનવી ઇશ્વરને અને ભાગ્યને ભાંડે છે, દ્વેષ કે છે પોતાની બુદ્ધિહીનતાથી તે પોતે જ પોતાના જીવન અને દુનિયાને નરક બનાવે છે. જીવનમાં જે કંઈ સરસતા અને મધુરતા છે એના પ્રત્યે આંખો બંધ કરી લે છે. બધી સમસ્યાઓ તે જાતે જ પેદા કરે છે. કેટલાક લોકોનો તો એ ધંધો જ બની ગયો હોય છે. એક ગૂંચવણનો ઉકેલ હજુ આવ્યો ન હોય ત્યાં બીજી ઉભી કરે છે :

મેરી હિમ્મત દેખિએ
મેરા સલીકા દેખિએ,
જબ સુલઝ જાતી હૈ ગુત્થી
ફિરસે ઉલઝા દેતા હૂં મૈં

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૦)

મુદ્રક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૧૨-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

લગ્ન સંસ્થાનું ભાવિ

બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયામાં લગ્નવિચ્છેદ કે છુટાછેડાનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ચાલ્યું છે. આડા વ્યવહારો માટે વધતી જતી સગવડો અને ઘટતી જતી લોકનિંદાને કારણે હવે કે પુરુષના લગ્નબાહ્ય સંબંધોનું પ્રમાણ પણ વધતું જાય છે. સજાતીય સંબંધોની ફેશન પાશ્ચાત્ય દેશોમાં વધવા લાગી છે. (જેને કારણે AIDS-એઇડ્સ નામના રોગે જગતને ચોંકાવી દીધું છે.) મૈત્રીકરારો થવા લાગ્યા છે. ટેસ્ટ ટ્યૂબમાં બાળકોની ઉત્પત્તિ શરૂ થઈ ગઇ છે. લગ્ન બંધન રહિત મુકત પ્રેમનો પ્રચાર વધતો જાય છે.

ભારત પાછા ફરતાં પહેલાં મુકતપ્રેમમાં માનનાર રજનીશે અમેરિકામાં પોતાના સંન્યાસીઓને કહ્યું હતું ;

"We will work, we will do things, but that does not mean that you don't have any time to dance and sing and compose music and Love your woman or somebody else's woman.

If you don't have much time left for yourself, you can at the most love your own woman. To love somebody else's woman takes longer time – to Persuade her to talk all kinds of nonsense. But it is perfectly good just for change – good for you, good for other man's woman, good for the other man, because he will be having a chance with somebody else also."

લગ્નબંધનમાંથી જગતને મુકત કરવાની ભાવનાના નામે કેટલાક મુકતપ્રેમની આવી વાતો કરે છે. પરંતુ આ મુકતપ્રેમનો ઉપદેશ નથી, વ્યભિચારનો કુબોધ છે.

લગ્નની પ્રથાને અર્થાત્ લગ્નસંસ્થાને નબળી પાડે એવી ઘટનાઓનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે એને કારણે કેટલાક વિચારકોને ચિંતા થાય છે કે ભવિષ્યમાં લગ્નસંસ્થા ટકી શકશે કે કેમ?

લગ્નસંસ્થા એ માનવ જાતિએ હજારો વર્ષના અનુભવ અને પ્રયોગોને આધારે વિકસાવેલી એક પવિત્ર વ્યવસ્થા છે. કેટલાક વિચારકોને લગ્નની પ્રથા બંધનરૂપ લાગે છે. દલીલ કરતાં તેઓ કહે છે કે એથી માનવી મુકતપણે હરી ફરી શકતો નથી. પોતાની લાગણી અને ઇચ્છા અનુસાર અન્ય વ્યકિત સાથે પ્રેમ કરી શકતો નથી. લાગણીઓને દબાવવાના પરિણામે એનું વ્યકિતત્વ કચડાઈ જાય છે. એનો વિકાસ અટકી જાય છે. માનવી ગુલામ જેવો નિસ્તેજ બની જાય છે. માનવી ગુલામ જેવો નિસ્તેજ બની જાય છે. લગ્નનું બંધન ન હોય તો માનવી મુકત વિહાર કરી શકે, મુકત સહચાર માણી શકે, યથેચ્છ પ્રેમ, સંબંધ બાંધી શકે. એનામાં રહેલા વ્યકિતત્વને ઉચ્ચતમ કોટિ સુધી તે પહોંચાડી શકે. પતંગિયું કે ભમરો ઇચ્છા મુજબ જુદાજુદા ફૂલ ઉપર બેસીને રસ માણી શકે છે. એના એ કાર્ય માટે નથી ફૂલને વાંધો હોતો કે નથી બીજા પતંગિયા કે ભમરાને વાંધો હોતો. જો પ્રકૃતિમાં આ પ્રમાણે સહજ સ્થિતિ હોય તો પ્રકૃતિના શિખરે બેઠેલા માનવી માટે એવી સ્થિતિ કેમ ન હોવી જોઇએ? વસ્તુત : માનવી તો સૃષ્ટિબાગનું સર્વોત્તમ પુષ્પ છે એટલે એને માટે તો એથી પણ વધુ મુકત અને સહજ સ્થિતિ હોવી જોઇએ. (બંધનરહિત મુકત સહચારમાં માનનારાઓની આવી દલીલો પ્રથમ દૃષ્ટિએ કેટલાકને ગમી જાય એવી હશે, પરંતુ તેમાં માનવ પ્રકૃતિના અભ્યાસની ન્યૂનતા જણાયા વગર નહિ રહે.

પશુ-પંખીઓમાં લગ્નની પ્રથા નથી. અમુક નર પ્રાણી અમુક માદા પ્રાણી સાથે કાયમ રહેવાનું પસંદ કરે અને એ બંનેનો પોતાની જાતિના બીજા કોઇ પ્રાણીઓ સાથે જાતીય સંબંધ ન હોય એવું અપવાદરૂપ કયાંક જોવા મળશે. પરંતુ એકંદરે તો પશુ સૃષ્ટિમાં નિર્બંધ જાતીય જીવન છે. પોતાની ઇચ્છાનુસાર નર કે માદા જુદે જુદે વખતે જુદા જુદા પ્રાણી સાથે જાતીય જીવન માણે છે. ભાઈ બહેન, પિતા પુત્રી, માતા પુત્ર જેવા જાતીય સંબંધો પણ એમાં સંભવી શકે છે. પશુ સૃષ્ટિમાં મુકત સહચાર, મુકત પ્રેમ જોવા મળે છે. પરંતુ મુકત છે. માટે તે ઉત્તમ છે એવા ભ્રમમાં પડવું ન જોઇએ. બલકે મુકત છે માટે તે નિમ્ન કોટિનો છે એમ માનવાને વધારે કારણ છે. પશુપક્ષીઓ પાસે મનુષ્ય જેવો બૌદ્ધિક વિકાસ નથી કે મનુષ્ય જેટલી પ્રજ્ઞારાત્મક શકિત નથી. માટે તેમનું જીવન બાહ્ય દૃષ્ટિએ કલહરહિત, શાંત અને સુખી દેખાય છે. પરંતુ તેમાં વિકાસ નથી. હજારે વર્ષ પછી પણ પશુ જીવન એવું જ પ્રાથમિક કક્ષાનું જીવન રહે છે. સ્ત્રી પુરુષના મુકત જાતીય સંબંધ માટે કુદરત તરફ પાછા ફરવું એનો અર્થ એ કે ધ્યેયવિહીન, અર્થહીન પ્રાથમિક પશુજીવન તરફ પાછા ફરવું.

પશુસૃષ્ટિમાં સંતાનોની સંભાળ ઝાઝો સમય રાખવાની હોતી નથી. અલ્પકાળમાં બચ્ચાંઓ માતા પિતાની જેમ સ્વતંત્ર જીવન જીવતાં થઇ જાય છે. એવું જીવન શરૂ થયા પછી માતૃસ્નેહ, પિતૃસ્નેહ, સંતાનવત્સલતા ઇત્યાદિ ભાવો તેમનામાંથી ઝડપથી ચાલ્યા જાય છે. એ-જ સ્થળે કુટુમ્બ કરીને રહેવાનું પણ પશુસૃષ્ટિમાં બહુ જ ઓછું જોવા મળશે, પ્રેમ, સ્વાર્થત્યાગ, સ્વાપર્ણ, દયા, ન્યાય, નીતિ ઇત્યાદિ ઉચ્ચતમ કોટિના ભાવો મનુષ્ય જીવનમાં જોવા જોવા મળે છે તેવા પશુસૃષ્ટિમાં જવલ્લે જ જોવા મળશે.

માનવ બાળકને ઊછરતાં અને વિકસતાં ઝાઝો સમય લાગે છે. સવા-દોઢ વર્ષ પછી તો માનવશિશુ બોલતાં શીખે છે. પોતાના વિચારને વ્યકત કરતાં ઠીકઠીક વાર લાગે છે. પાંચ સાત કે એથી પણ વધુ વર્ષ સુધી બાળકની સંભાળ લેવાની જરૂર રહે છે. એટલે કે પ્રાણીઓ કરતાં મનુષ્યને-પતિ પત્નીને બાળકના ઉછેરને નિમિત્તે વધુ સમય સાથે રહેવું પડે છે. એને કારણે જ પતિ પત્ની અને સંતાન વચ્ચે કુટુંબભાવ વિકસે છે. એથી જ કુટુંબના નિર્વાહની વ્યવસ્થા માટે પ્રાણીઓ કરતાં મનુષ્યને વધુ સમય અને શકિત આપવા પડે છે. એટલે જ પશુસૃષ્ટિ કરતાં મનુષ્ય જીવન સ્વેચ્છાએ હર્ષથી વ્યવસ્થાના બંધનમાં મુકાવાનું પસંદ કરે છે.

ઘણાંખરાં પ્રાણીઓમાં જાતીય જીવન માટે ઋતુકાળ નિશ્ચિત હોય છે. સંતાનોત્પત્તિનો કાળ પણ નિશ્ચિત હોય છે. મનુષ્યના જાતીય જીવનને પાંગરવાને પશુઓ કરતાં વધુ સમય લાગે છે અને પાંગર્યા પછી ઋતુઓના બંધન વિના સતત ચાલ્યા કરે છે. આથી પણ પ્રાણીઓ કરતાં વસ્ત્રધારી મનુષ્યની સ્થિતિનો અલગ દૃષ્ટિકોણથી વિચાર કરવો આવશ્યક થઇ પડે છે

હજારો કે લાખો વર્ષ પૂર્વે મનુષ્ય જ્યારે પ્રાકૃતિક દશામાં જંગલી જીવન જીવતો હશે ત્યારે પશુ જેવું જ જીવન તે જીવતો હશે. પરંતુ પ્રાણીઓ કરતાં ચડિયાતી પોતાની દૃષ્ટિ શકિતને અનુલક્ષીને તેણે પોતાના જીવનને વિશેષપણે વિકસાવ્યું છે. પશુસૃષ્ટિની જેમ મનુષ્યમાં પણ પુરુષ કે સ્ત્રીને એક કરતાં વધારે વ્યકિત સાથે જાતીય જીવન જોડવાની સંવેદના નથી થતી એમ નહિ. આદિકાળના એ સંસ્કારો છે. પરંતુ એ પ્રાકૃતિક સંસ્કારો ઉપર માનવજાતિ ક્રમે ક્રમે વિજય મેળવતી આવી છે અનેક પેઢીઓએ પોતાની જાતને પોતાની પરિણીત વ્યકિત સાથેના જાતીય જીવનમાં મર્યાદિત રાખવાનું અને પોતાની સ્વૈર વૃત્તિઓને સંયમમાં રાખવાનું કપરું કાર્ય કર્યું છે. પોતાના પૂર્વજોએ ઘણો ભોગ આપ્યો હશે ત્યારે મનુષ્ય આ સંયમિત દશાએ પહોંચ્યો છે. બહુપત્નીવાળી કે બહુપતિવાળી સ્વીકૃત અને અધિકૃત લગ્નપ્રથાનો પણ માનવજાતે ઘણે અંશે ત્યાગ કર્યો છે.

આજનાં પતિપત્ની એકબીજાના સાહચર્યમાં જ જીવન પર્યંત આનંદ અને સંતોષને અનુભવી શકે છે તેની પાછળ હજારો પેઢીઓએ ક્રમે ક્રમે વિકસાવેલું સંયમ અને સંસ્કારનું બળ રહેલું છે. પતિવ્રતાપણું અને સ્વદારા સંતોષ એ લગ્નજીવનનો આદર્શ છે.

ભારતીય સંસ્કૃતિની વાત કરીએ તો આ સંયમ-સંસ્કાર બીજી કેટલીક પ્રજાઓ કરતાં સવિશેષ ચડિયાતા છે. આપણા પૂર્વજોએ સગોત્ર લગ્નનો નિષેધ કરીને માનવજાતિના વિકાસ માટેનું એક દીર્ઘદર્શી પગલું ભર્યું હતું. સામાન્ય ભારતીય હિન્દુ કે જૈન યુવક યુવતીને કાકા-મામાના કે ફોઇ-માસીના દીકરા-દીકરી પ્રત્યે કામવાસના થતી નથી એવી સહજ સ્થિતિ જે પ્રવર્તે છે તેની પાછળ પણ હજારો પેઢીઓએ સ્વેચ્છાએ સ્વીકારેલાં ત્યાગ-સંયમ રહેલાં છે. નવું લોહી ન આવે અને એક જ પેઢીનું લોહી અંદર અંદર ફર્યા કરે તો એ પેઢી સમય જતાં નિસ્તેજ અને શકિતહીન થતી જાય એવું આજના વૈજ્ઞાનિકો પણ કહે છે. ભારતમાં બહારથી આવેલી અથવા વટલાયેલી કેટલીક જાતિઓમાં અથવા દુનિયાની કેટલીક આદિવાસી જાતિઓમાં મોહોમોહે લગ્નને કારણે પ્રજોત્પત્તિનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે. ભગવાન ઋષભદેવના સમયમાં યુગલિક જીવન હતું. ભાઇ બહેન પરસ્પર પરણતાં, પરંતુ માનવ જીવનના વિકાસ માટે તેમ ન કરવા ભગવાન ઋષભદેવે ઉપદેશ આપ્યો હતો. મુકત વિહાર, મુકત સહચાર કે મુકત પ્રેમ એ વ્યભિચારનું જ રૂપાળું નામ છે. જેઓ એકલવિહારી છે, સ્વચ્છંદી છે, વિલાસી છે, લંપટ છે, વકરેલા છે, દામ્પત્ય જીવનના દુઃખી છે તેને માટે મુકત સાહચર્યની વાત મનગમતી છે. પરંતુ જેઓ સ્વસ્થ છે, સ્થિર છે, સંયમી છે, દામ્પત્ય જીવનના સુખી છે તેમને મુકત સાહચર્યની વાત રુચશે નહિ. કેટલાક લોકો Free Sex માને છે, પણ ફકત પોતાને માટે; પોતાની પત્ની, માતા, બહેન કે પુત્રી માટે નહિ. આવા બેવડાં ધોરણોવાળા કેટલાક માણસો સમાજમાં જોવા મળશે. પરંતુ તેમનું કશું મૂલ્ય નથી. વેશ્યાના બજારોમાં કેવળ મુકત સાહચર્ય છે પણ તેનો કયારેય કોઇએ આદર કર્યો નથી.

જેઓ મુકત જીવનનો બોધ આપે છે તેઓ જાતીય જીવન પૂરતી જ કેમ વાત કરે છે? જેની સાથે જ્યારે પણ જાતીય પ્રેમ કરવાની ઇચ્છા થાય ત્યારે તેની સાથે તેમ કરવાની મનુષ્યને સ્વતંત્રતા હોવી જોઇએ એવું જો માનીએ તો પછી જેને જ્યારે ચોરી કે ખૂન કરવાની ઇચ્છા થાય ત્યારે તેને તેમ કરવાની પણ સ્વતંત્રતા હોવી જોઇએ. એમ પણ સ્વીકારવું નહિ પડે? એ બાબતોમાં પણ એને કોઇ બંધન કેમ હોવાં જોઇએ? પરંતુ એવી દલીલ સ્વીકારીએ તો મનુષ્યજીવનની વ્યવસ્થા જ ટકી ન શકે. મનુષ્યે ઘર કરીને, કુટુમ્બ સાથે, સમાજની અંદર રહેવાનું પસંદ કર્યું તેનો અર્થ જ એ કે તેણે સ્વેચ્છાએ, સમજણપૂર્વક, ડહાપણપૂર્વક વ્યવસ્થાનું બંધન સ્વીકાર્યું છે. નિયમો જેમ વિકાસની આડે આવી શકે છે તેમ નિયમો વિકાસમાં મદદરૂપ પણ થઈ શકે છે. મનુષ્ય જાતિએ સ્વેચ્છાએ સ્વીકારેલું લગ્નનું, કુટુમ્બનું અને સમાજની વ્યવસ્થાનું બંધન એના વિકાસમાં અવશ્ય ઉપકારક નીવડયું છે.

લગ્નસંસ્થાનાં અનિષ્ટો ઘણાં હશે. કેટલાંક અનિષ્ટો વિવાદાસ્પદ પણ હશે. એ બધાં અહિતકર અનિષ્ટો દૂર કરવાની બાબતમાં સંમતિ સાધી શકાય. પરંતુ લગ્નસંસ્થા એ અનિષ્ટ બંધન છે એમ વિચારીને એ સંસ્થાનો જ જો ઉચ્છેદ કરવામાં આવે તો તેથી અનેકગણાં બીજાં અનિષ્ટો પ્રવર્તશે. મનુષ્યનાં સુખ શાંતિ અને સ્વસ્થતા ચાલ્યાં જશે. પુરુષોની આક્રમકતા વધશે અને સ્ત્રીઓની સલામતી જોખમાશે.

લગ્ન જીવનનું બંધન એટલું બધું કડક ન હોવું જોઇએ કે જેથી વ્યકિત કચડાઇ જાય અને છતાં એમાંથી બહાર ન

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૦)

વીતેલાં વર્ષો

ચી. ના. પટેલ

મારા જેવા સ્વભાવ ને સંસ્કારની વ્યક્તિએ આધ્યાત્મિક અનુભવનો દાવો કરવો એ ધૃષ્ટતા ગણાય અને હાસ્યાસ્પદ પણ લાગે. પણ તેનું કારણ આપણે આધ્યાત્મિક અનુભવ અને જાગ્રત અવસ્થાના વ્યાવહારિક અનુભવ વચ્ચે મૂળભૂત પ્રકારભેદ હોવાનું માનીએ છીએ તે છે. ઉપનિષદો આધ્યાત્મિક અનુભવને यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह (જેને વાણીને મન પહોંચી નથી શકતાં) એવો કહ્યો છે. ભગવદ્‌ગીતાએ बुद्धिग्राह्यमतीन्द्रियम् (ઇન્દ્રિયોથી પર અને માત્ર અન્તર્મુદ્ધિથી અનુભવી શકાય એવો) કહ્યો છે, અને સ્થિતપ્રજ્ઞ યોગીનું વર्णન કરતાં તે કહે છે કે જે બીજાં પ્રાણીઓની રાત્રી છે તે યોગીનો દિવસ છે,–या निशा सर्व भूतानाम् तस्यां जागर्ति संयमी, પણ સ્થળને કાળના બોધથી અને ભિન્નતાના ભાવથી પર આવી આત્મચેતનાની સ્ફુરણાઓ અને પ્રેરણાઓ આપણે ચેતનાની જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિની અવસ્થાઓમાં પણ અનુભવતા હોઇએ છીએ. અંગ્રેજ કવિ વર્ડ્‌ઝવર્થ એવી સ્ફુરણાઓ અને પ્રેરણાઓને intimations of immortality (અમૃતતત્ત્વના સંકેતો) કહી છે અને એબ્રહેમ મેસ્લો નામના એક આધુનિક અમેરિકન મનોવૈજ્ઞાનિક એમને peak experiences (ઉચ્ચતમ અનુભવક્ષણો) કહી છે.

Peak experiencesનું વર્ણન કરતાં મેસ્લો લખે છે; We are again and again rewarded for good Becoming by transient states of absolute Being ...each of which are absolute delights, which are perfect in themselves, and needing no more than themselves to validate life. This is like rejecting the notion that a Heaven lies someplace beyond the path of life. Heaven, so to speak, lies waiting for us throughout life ...and once we have been in it, we can remember it forever, and feed ourselves on this memory and be sustained in time of stress ('વિવેકપૂર્ણ' જીવન માટે આપણને પરમ સત્‌ની ક્ષણિક ઝાંખી રૂપે વારંવાર પુરસ્કાર મળી રહે છે... જેમાંની પ્રત્યેક ક્ષણ ઉત્કટ, સ્વયંસંપૂર્ણ આનંદના ઉન્મેષ રૂપ હોય છે અને જીવનના મૂલ્યની પ્રતીતિ કરાવવા માટે પર્યાપ્ત હોય છે. અર્થાત્, સ્વર્ગ જીવનનો માર્ગ પૂરો થાય ત્યાર પછી ક્યાંક આવેલું છે એ ખ્યાલ ખોટો છે. સ્વર્ગ તો જાણે કે આખા જીવન દરમિયાન આપણી રાહ જોતું હોય છે...અને એક વાર આપણે અને એમાં જઇ આવ્યા હોઇએ એટલે ગમે ત્યારે તેનું સ્મરણ કરી શકીએ છીએ અને એમાંથી પોષણ મેળવી વિપત્તિના સમયે ટકી રહી છીએ.' (New Knowledge and Human Values, શકીએ Ed. A. H. Maslow–Harper) દરેક વ્યક્તિને ઓછા વધુ પ્રમાણમાં આવી આનંદમય ક્ષણોનો અનુભવ થતો હોય છે, પણ આપણે તેમને ઓળખતાં નથી શીખ્યાં હોતાં. મને એવી ક્ષણોનો પ્રમાણમાં કંઇક વધુ અનુભવ થતો હોવાનું સદ્‌ભાગ્ય મળ્યું અને મને જે કંઇ વાંચવા–વિચારવાનું મળ્યું હતું તે ઉપરથી હું તેમને ઓળખતાં શીખ્યો. હું માનું છું કે મારાં આંખ ને કાન વર્ષોથી જે સૌંદર્યપાન કરતાં આવ્યાં છે તેણે મને આ લાભ અપાવ્યો. એટલે હું મારી આધ્યાત્મિક ઉપલબ્ધિને સૌંદર્યયોગ કહું છું. આ સદીના વિખ્યાત આયરિશ લેખક જેમ્સ જોયસે એવી ક્ષણોને aesthetic arrest ની અનુભૂતિક્ષણો કહી છે તે ઉપરથી મને એ શબ્દ સ્ફુર્યો હશે.

સૌંદર્યયોગની સમાધિનો મને સૌથી વધુ ઉત્કટ અનુભવ સંગીતના આનંદમાં થયો છે, અને હજુ કયારેક થાય છે– બધા સંગીતપ્રેમીઓ એવો અનુભવ જાણે છે પણ બહુ ઓછા તેનું આધ્યાત્મિક મૂલ્ય સમજતા હોય છે. આપણા જાણીતા નવલકથાકાર શ્રી મનુભાઇ પંચોળીનાં પત્ની વિજયાબહેન ઉપરના એક પત્રમાં (૧૧–૭–૩૬ ના) ગાંધીજીએ લખ્યું હતું કે દરેક વ્યક્તિના હૃદયમાં નિરંતર દિવ્ય સંગીત ચાલતું હોય છે, પણ આપણી ઇન્દ્રિયો તે સંગીત સાંભળી શકતી નથી. આત્મા તેનો અનુભવ કરી શકે, અને પોતે પ્રતિક્ષણ આત્માની હાજરી અનુભવતા એટલે એમને અવારનવાર એ દિવ્ય સંગીતના સૂર સંભળાતા. જો ગાંધીજીની વાત ખરી હોય અને દરેક વ્યક્તિના હૃદયમાં નિરંતર દિવ્ય સંગીત ચાલતું હોય (હું માનું છું કે ગાંધીજીની વાત ખરી છે, પણ એ વિષય મારા અધિકારક્ષેત્રની બહારનો છે એટલે તે અંગે હું શ્રદ્ધાપૂર્વક કંઈ કહી શકતી નથી), તો મને લાગે છે કે શાસ્ત્રીય સંગીતના આનંદમાં હું પણ મારા હૃદયમાં ચાલતા દિવ્ય સંગીતના દૂર દૂરથી અતિમંદ સ્વર સાંભળું છું. એ આનંદની ઉત્કટ ક્ષણોમાં હું મારા સાંસારિક રાગદ્વેષ ઓગળી જતા અનુભવું છું. અને મારા હૃદયમાં અહૈતુક પ્રેમનો ઉમળકો ઊભરાય છે. એવી મનઃસ્થિતિમાં પ્રેમ એ જ મનુષ્યજીવનની ધન્યતા છે એ વિશે મને કોઇ શંકા રહેતી નથી. સંગીત પૂરું થતાં તેમનો ઉમળકો શમી જાય છે અને હું પાછો સાંસારિક સ્તર ઉપર આવી જાઉં છું, પણ એ નિર્મળ અનુભવક્ષણોની સ્મૃતિ કલાકો સુધી તાજી રહે છે.

એવા એક પ્રસંગની સ્મૃતિ મારા મનમાં કાયમને માટે અંકિત થઇ ગઇ છે. આનંદની અતિશયતા વેદનારૂપ હોય છે, અને એ પ્રસંગે મને એવી વેદનાનો આશ્ચર્યકારક અનુભવ થયો હતો. હું દરરોજ બપોરે આરામ માટે સૂઇ જાઉં છું. વર્ષો સુધી બપોરે ૧–૪૫ થી ૨–૨૦ સુધી આકાશવાણીના મુંબઈ સ્ટેશનેથી શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ આવતો (હવે તેમાં કંઇક ફેરફાર થયો છે) હું દરરોજ રેડિયો ઉપર એ સ્ટેશન ચાલુ કરી સંગીત સાંભળતો ઊંઘી જતો. એક દિવસ મેં એમ રેડિયો ચાલુ કર્યો અને કોઇ સ્ત્રીગાયિકાના કંઠમાંથી અતિમધુર સંગીતની અમૃતધારા વહેતી સાંભળી. તે સાંભળીને શાંત ચિત્ત નિદ્રામાં પડવાને બદલે હું હૃદયમાં ન સમજાય એવો અજંપો અનુભવી રહ્યો અને અસ્વસ્થ બની ગયો. મારે બદલે બીજી કોઇ વ્યક્તિ હોત તો તેને કદાચ પોતાને હૃદયરોગનો હળવો હુમલો થઇ રહ્યો છે એમ લાગ્યું હોત. પણ મેં અંગ્રેજી સાહિત્યમાં આનંદની અતિશયતાની વેદના વિશે વાંચ્યું હતું. શેક્સપિયરના પુરોગામી નાટકકાર ક્રિસ્ટફર માર્લોના એક નાટકનો ક્રૂર રાક્ષસી સ્વભાવનો નાયક તૈમૂર લંગ કોઇ એક સુંદર સ્ત્રીના દર્શને તેને આનંદ થતો તેનું વર્ણન કરતાં બોલી ઊઠી છે, What is beauty, sayeth my sufferings then ?

એને થાય છે અતિશય આનંદની વેદના પ્રેરે એવું સૌન્દર્યતત્ત્વ શી વસ્તુ હશે? શેક્સ્પિયરે પણ એના 'ઓથેલો' નાટકના નાયકને એક પ્રસંગે આનંદની અતિશયતાની વેદના અનુભવતો નીરખ્યો છે. સંગીત સાંભળી અસ્વસ્થ બનતાં મને માલૅાંની પંક્તિ યાદ આવી ઓગણીસમી સદીના પહેલા ચરણના રોમેન્ટિક કવિ કીટ્સનો અનુભવ પણ મને યાદ આવ્યો. એક ચાંદની રાતે કોઇ વૃક્ષનાં પર્ણોની છાયામાં બેઠી બેઠી મુક્ત કંઠે સંગીતની સરિતા રેલાવતી. ખુલ્લખુલને સાંભળી તેના આનંદના સ્પર્શે કીટ્સ એવો પ્રહર્ષિત થઇ ઊઠ્યો હતો કે તેના હૃદયમાં વેદના થઇ આવી હતી અને જાણે કે પોતે અફીણનું વિષ પીધું હોય એમ એને પોતાની ચેતના ઓગળી જતી હોય એમ લાગ્યું હતું. મને થતી વેદના માલૅાં ને કીટ્સે વર્ણવી હતી તેવી સૌંદર્યાનંદની અતિશયતાની વેદના છે એમ સમજી હું ભય પામ્યા વિના સંગીત સાંભળતો પડી રહ્યો અને વિચારવા લાગ્યો, મારા આ અનુભવનું વર્ણન હું કોને કરું? નિર્ણય કર્યો કે ઊઠીને હું મારા જૂના અધ્યાપક શ્રી ભાંડારકરને મુંબઇ પત્ર લખીશ. સંગીત પૂરું થતાં મારી વેદના શમી ગઇ અને હું ઊંઘી ગયો. બે કલાક પછી જાગીને જોઉં છું તો ટપાલમાં શ્રી ભાંડારકરનો પત્ર આવ્યો હતો. કેવો યોગાનુયોગ!

નિદ્રામાં પણ હું મારા હૃદયમાં નિરંતર વહેતા આનંદ-પ્રવાહનો અનુભવ કરું છું. આંતરડાંના રોગને કારણે મને વીસ વર્ષથી સતત અંદર સોજો હોય એવું દર્દ રહ્યા કરે છે. શરૂઆતમાં એક વર્ષ તો એવું ગયું હતું કે મારે દરરોજ ઊંધની ટીકડી લેવી પડતી. (તે કેવી રીતે છૂટી તેની વાત મેં પહેલી નવેમ્બરના અંકના હપ્તામાં લખી હતી.) પણ હવે કેટલાંય વર્ષોથી, આંતરડાનું દુઃખ સતત ચાલુ રહેતું હોવા છતાં, દરરોજ રાતે શાંતિથી ઊંઘું છું. એ નિદ્રા એવી ઊંડી હોય છે કે તે દરમિયાન કયારેક ઘરમાં કંઈક ખળભળાટ થાય તો પણ મને ખબર નથી પડતી. એક વાર બાળક પૌત્ર અડધી રાતે ખૂબ રડવા ચડવા ચડ્યો હતો અને તેને શાંત કરવા ઘરની બહાર ફેરવવા લઇ જવો પડ્યો હતો. પણ મને તેની કશી ખબર ન પડી. એક બીજા પ્રસંગે રાત્રે બે બિલાડીઓ ખૂબ લડી હતી, પણ તેનીય મને ખબર નહોતી પડી, દરરોજ સવારે જાગું છું ત્યારે રાત્રે ભોગવેલી નિદ્રાના આનંદની તાજગી અનુભવતો હોઉં છું, અને અર્ધો કલાક કે તેથી વધારે સમય ઘરની બહાર બેસી આજુબાજુનાં વૃક્ષોની હરિયાળી જોતો એ આનંદની સ્મૃતિ તાજી રાખું છું.

મારા અંતરમાં વહેતો આનંદપ્રવાહ અવારનવાર આહ્લાદક સ્વપ્નોમાં પણ ઊભરાય છે. કોઇ કોઇ વાર એ ઉભરો એવો તીવ્ર બન્યો છે કે સ્વપ્નમાં મને મારું આખું શરીર આનંદથી પરિપ્લાવિત (Flush) થઇ જતું લાગ્યું છે. આ વર્ષના જાન્યુઆરી માસથી જૂન સુધી હું શરીરની ભારે ઉપાધિમાં હતો અને ગુજરાતમાં ત્યારે ચાલી રહેલાં તોફાનોથી પણ મન ઉદ્વેગમાં હતું. પુત્રીને શરીરની ઉપાધિ થઇ હતી તેની પણ ચિંતા રહેતી. એવા દિવસોમાંય મને ત્રણ ચાર વાર આનંદસ્નાનના સ્વપ્નોનો અનુભવ થયો હતો. ઇન્જેકશન પાકયું હતું તેનું ઓપરેશન કરાવ્યું હતું અને એકાદ માસ અઠવાડિયે એક વાર ડ્રેસિંગ માટે સર્જન પાસે જવું પડતું. તેઓ ઓપરેશનના ઘાની આજુબાજુના રુવાંયુઓ ગંઠાઈ ન જાય તે માટે તેમને એવા મસળતા કે તેની વેદનાથી આંખોમાં આંસુ આવી જતાં. એક વેળા સોમવાર સવારે એમ ડ્રેસિંગ માટે જવાનું હતું. રવિવાર રાત્રે મને સ્વપ્ન આવ્યું તેમાં મેં મારા શરીરને જિંદગીમાં એ કયારેય નહોતું એવી સંપૂર્ણ, આનંદપ્રદ નિરોગી સ્થિતિમાં અનુભવ્યું. સવારે ડ્રેસિંગ માટે ગયો ત્યારે ડ્રેસિંગની તૈયારી કરતા સર્જનને મેં કહ્યું કે ડોકટર, કાલે રાત્રે મને સ્વપ્ન આવ્યું કે મારો ઘા સંપૂર્ણ રુઝાઇ ગયો. સર્જનને રમૂજ થઇ હશે, કારણ કે શરીર એવું નિર્બળ થઈ ગયું હતું ને પાચનતંત્ર એવું મંદ પડી ગયું હતું કે ઘા રુઝાય તે માટે સારા પોષણવાળો ખોરાક લેવાની જરૂર હતી. તે લઇ શકાતો નહોતો-બલકે ઓપરેશન પહેલાં સવાર-સાંજ એક એક ખાખરો ખાઇ શકતો હતો તે પણ હવે મુસ્કેલ બની ગયું હતું-એટલે ઘા રુઝાશે કે કેમ એ વિશે સર્જનને, અંભારા ડોકટર વેવાઇને, મને અને ઘરમાં બધાંને શંકા હતી. પણ અંતરમાં વહેતા અમૃતરસે ચમત્કાર કર્યો. ધીમે ધીમે ધીમે સાડા ત્રણ મહિને ઘા રુઝાયો અને હું શેરડું ફરતોફરતો થયો. તે પછી આજ સુધીમાં મને ચારપાંચ વાર આનંદસ્નાનનાં સ્વપ્ન આવ્યાં છે.

આવી ઉત્કટ આનંદક્ષણો જીવનરસના આનંદનું બોનસ ગણાય. પણ બોનસ નિયમિત કામની કમાણી ઉપર જ મળે. મારા સૌંદર્યપાને મને કર્તવ્યપાલન દ્વારા એવા રોજિંદા આનંદનો અનુભવ પણ કરાવ્યો છે. સોળેક વર્ષની ઉંમરે મારી મૂંઝવણો શરૂ થઇ ત્યારે મેં એક દિવસ સંકલ્પ કર્યો હતો કે હું કદી નિરાશાવશ નહિ થાઉં અને જીવનનો સદુપયોગ કરીશ. હું એ સંકલ્પનું પાલન કરી શકયો છું, હું માનું છું કે જીવનભર મળતા રહેલા સૌંદર્યપાને મને એ શકિત આપી. એ સંકલ્પ કરેલો તે પણ હું અંકલેશ્વર ગામથી ભાડા જતી સડક ઉપર સાંજે ફરવા નીકળેલો ત્યારે સડકની બે બાજુ ઊગેલાં વૃક્ષોની હરિયાળીના પ્રસન્ન વાતાવરણમાં કરેલો, અને એટલે જ મને એની સુખદ સ્મૃતિ રહી છે. સંકલ્પનું પાલન કરતાં મેં કોઇ મોટો ત્યાગ નથી કર્યો. કોઇ પરોપકાર પ્રવૃત્તિઓ કે લોકસેવા દ્વારા નહિ પણ માત્ર પ્રવાહપ્રાપ્ત કર્તવ્યો નિષ્ઠાપૂર્વક કરતા રહી મેં મારા સંકલ્પનું પાલન કર્યું છે તેમ કરતાં મને કયારેક મૂંઝવણો થઇ છે, મનના કલેશ થયા છે, મેં નાનીમોટી ભૂલોય કરી છે, પરંતુ સરવાળે હું જે રીતે જીવ્યો છું તેથી મારું અંતર પ્રસન્ન રહ્યું છે પરિણામે હું ભગવદ્ગીતાના બારમા અધ્યાયમાં ભકતનાં લક્ષણ વર્ણવ્યાં છે તેમાંના तुल्य निंदास्तुतिः समः मानापमानयोः એ બે લક્ષણો કંઇક અંશે કેળવી શકયો છું. નિંદા કે અપમાનનાં કોઇ કોઇ તીર વાગ્યાં હશે, પણ સૌંદર્યના અમૃતરસે પોષાયેલું મન એવાં તીરના દુઃખે કણ્હ્યું નથી થયું કે કર્તવ્યપાલન તેને ભારરૂપ નથી બન્યું.

ગાંધીજીએ ઘણા પ્રસંગે કર્તવ્યપાલનના આનંદ વિશે લખ્યું છે. વિનીત નેતા શ્રીનિવાસ શાસ્ત્રી ઉપર લખેલા એક પત્રમાં (૩૦-૮-૧૯૩૩ના) તેમણે લખ્યું Performance of duty I have held always to be a thing of beauty and a joy for ever 'A thing of beauty is a joy for ever. એ કવિ કીટ્સના Endimion કાવ્યની પહેલી પંક્તિ છે. કર્તવ્યપાલનમાંથી ગાંધીજીને સૌંદર્ય અનુભવના જેવો આનંદ મળતો એટલે તેનું વર્ણન કરતાં એમની સ્મૃતિમાં કીટ્સની એ જાણીતી પંક્તિ સ્ફુરી ગાંધીજીમાં કવિચેતનાનો અંશ હતો અને કવિઓની જેમ તેઓ પણ સૌન્દર્યપ્રેમી હતા. 'ગીતાબોધ'ના 'યજ્ઞ'

ઉપરના લેખમાં તેઓ લખે છે : 'યજ્ઞમય જીવન કળાની પરાકાષ્ઠા છે... તેમાંથી રસનાં નિત્ય નવાં ઝરણાં ફુટે છે. તે પીતાં થાકતો નથી, ઝરણાં કદી સુકાતાં નથી.' મારા હૃદયમાં કર્તવ્ય-પાલનના રસનાં ઝરણાં નથી વહ્યાં પણ વર્ષો સુધી દરરોજ ટીપે ટીપે એક ચમચાથી ચાના એક કપ જેટલું એ અમૃત મને પીવાનું મળ્યું છે. (વીસમી સદીના કૃણિયુગનું ચારપી અમૃત તો હું દરરોજ ચારપાંચ કપ જેટલું પીઉં છું, અને પેટ અસહકાર ન કરતું હોત તો તેથીય વધુ પીવાનું ગમે?

મારા સૌંદર્યપાને મને આમ કર્તવ્યપાલનના આનંદનો અનુભવ કરાવ્યો તેનું પરિણામ એ આવ્યું છે કે હું સૌંદર્યરસની આધ્યાત્મિકતા સમજતો થયો છું. સૌંદર્યને નૈતિક મૂલ્યો સાથે સંબંધ છે કે નહિ એ વિવાદ પ્રાચીન ગ્રીક ચિંતક પ્લેટોના સમયથી ચાલતો આવ્યો છે. સૌંદર્યને લોકવ્યવહારનાં નૈતિક મૂલ્યો સાથે સંબંધ હોય કે ન હોય, પણ મારો અનુભવ મને કહે છે કે સૌંદર્ય એક સ્વતંત્ર મૂલ્ય નથી પણ સત્ય ને પ્રેમ સાથે એકરસ બનતું સમગ્ર ચેતનાનું સંવેદન છે. સત્ય, પ્રેમ ને સૌંદર્યના એવા રસાપનનો આ સ્વાદ એ જ જાગ્રત અવસ્થાના વ્યાવહારિક જીવનના સ્તરની આધ્યાત્મિકતા. માગ સૌંદર્યપાને મને એવી આધ્યાત્મિકતાની પ્રસન્ન ઝાંખી કરાવી છે. વાલ્મીકિ રામાયણ, શેક્સપિયરનાં નાટકો અને ગાંધીજીનાં અંગ્રેજી-ગુજરાતી લખાણોમાંથી પ્રગટ થતી તેમની સેવાસાધનાની પ્રેરણામાં મેં એ રસાયનના ઉત્તમ અમૃતનો આસ્વાદ કર્યો છે. મારાં વ્યાખ્યાનોમાં હું વારેવારે (કોઈ શ્રોતાઓને કંટાળાજનક લાગે એટલી વાર) એ ત્રણનો ઉલ્લેખ કરું છું તેનું કારણ આ છે. એમની અમૃતવાણીએ મને જીવનની અને માણસની ચેતનાની આશ્ચર્યમયતાનું વર્ણન કર્યું છે : आश्चर्यवत् पश्यति कश्चिद् एनम् आश्चर्यवद् वदति तथैव चान्दः । आश्चर्यवत् चैनम् अन्यः शृणोति श्रुत्वाऽपि एवं वेद न चैव कश्चित् ॥ એ શ્લોક વાંચ્યો ત્યારથી તે મારી કલ્પનાને આકર્ષી ગયો હતો. છેલ્લાં પચ્ચીસ વર્ષ દરમિયાન ગાંધીજીનાં લખાણોના અને વાલ્મીકિ રામાયણના વાંચને અને તે પહેલાં કોલેજનાં વર્ષો દરમિયાન શેક્સપિયરનાં નાટકો વાંચ્યાં હતાં તેની સ્મૃતિએ મારી કલ્પનાને એ શ્લોકનો અર્થ વધુ સ્પષ્ટ કર્યો 'ગાંધીજીની સત્યસાધના અને બીજા લેખો' (વિકેતા 'નવજીવન') અને 'વાલ્મીકીય રામકથા' (વિકેતા ગૂર્જર) પુસ્તકોમાં વાચક મારી કલ્પના ઉપર પડેલા એ સંસ્કારની છાયા જોઈ શકશે.

આ રીતે વિસ્મયરાગી બનેલી મારી અંતરદૃષ્ટિને બાળપણથી આજ સુધીનું મારું જીવન પણ વિસ્મયરૂપ દેખાય છે. હવે પછીના હપ્તાઓમાં હું મારી એ વિસ્મયકથાની વાત લખીશ.

અધિકરણ—ઉપકરણાદિ

❖ પં. પનાલાલ જગજીવન ગાંધી

(હપ્તો બીજો)

ભોગ સાધ્ય નથી, યોગ સાધ્ય છે. અહીં યોગ એટલે જોડાણ લેવું. મોક્ષ સાથે આત્માને જોડનાર તે યોગ. અને આત્માનું મોક્ષ સાથેનું જોડાણ ઉપકરણ (બહારના મંદિર-મૂર્તિ-આગમશાસ્ત્રગ્રંથ તથા ગુરુ-ભગવંત આદિ આલંબન)ની સહાયથી કરણ મારફત થાય છે તેથી જ એ કરણને મન વચન કાયાને 'યોગ' કહેલ છે. આત્માને કરણ (શરીરાદિ)ની પ્રાપ્તિ યોગ માટે થઇ છે અને નહિ કે ભોગ ભોગવવા માટે. ભોગમાર્ગે કરણનો વપરાશ એ દુરુપયોગ છે, કે જેના પરિણામે દુઃખ છે. ભોગ ભોગવ્યા બાદ ભોગ સામગ્રી ચાલી જાય છે. પણ યોગ (શરીર) ઊભો રહે છે. જે યોગ (શરીરાદિ)ને ભોગના અતિશયે રોગનું દુઃખ ભોગવવાનો વારો આવે છે અને આત્માને ભવાંતરમાં નરક-તીર્યંચ ગતિનું દુઃખ ભોગવવાના સંયોગ ઊભો થાય છે. રાગ-દ્વેષ અને સુખ-દુઃખથી અતીત થવું એનું નામ યોગ! એવો યોગ દેવ-નારક-તીર્યંચ ગતિમાં નથી હોતો. એવો યોગ તો મનુષ્ય ગતિમાં જ હોય છે. માટે તેનું મહત્ત્વ સમજી મળેલ યોગનો સદુપયોગ કરી લેવો તે બહુ જરૂરી છે.

અધિકરણની અપેક્ષાએ બેશક ઉપકરણ ઊંચા છે. ઉપકરણ આપણી સામે છે. ઉપકરણ, ઉપકરણની સામે નથી. એજ પ્રમાણે આપણે જ આપણી સામે છીએ અથવા તો સાથે છીએ. આત્માને ઉપયોગ (અંતઃકરણ) દૃષ્ટિથી જોવાનો છે. અર્થાત્ સ્વદર્શન કરવાનું છે. આલંબનમાંથી સ્વાલંબનમાં જવાનું છે, સ્વમાં સ્થિર થવાનું છે. અને નિજાનંદની મસ્તી માણતા માણતા સહજાનંદી થવાનું છે. જેવા ભાવે ઉપયોગ પરિણમતો હોય તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક જીવને અંતઃકરણ હોય છે જેમાં કર્તા-ભોક્તા-ભાવ આત્મભાવ આદિ હોય છે. અને સાધન તરીકે જીવને સ્વક્ષેત્રે ત્રણ યોગ રૂપ કરણ હોય છે. તથા પરક્ષેત્રે સંસારભાવ યુકત અંતઃકરણવાળા જીવને અધિકરણો હોય છે જ્યારે ધર્મભાવ-મોક્ષભાવયુકત અંતઃકરણવાળા જીવને ઉપકરણ હોય છે. એમાંય જો તીર્થંકર ભગવંતનો જીવ હોય તો એમને દીક્ષા અંગીકાર કર્યા બાદ અધિકરણ તો ન જ હોય પરંતુ ઉપકરણ પણ નથી હોતા. એઓને કરણરૂપ ત્રણ મન-વચન-કાયયોગ હોય છે.

ઉપકરણની અસર કરણ ઉપર પડે છે. અને કરણની અસર અંતઃકરણ ઉપર પડે છે. ઉપકરણનું ઉપચરિત વિલીનિકરણ છે. કરણનું ઉપચરિત વિલીનિકરણ અંતઃકરણ છે. અને અંતઃકરણ (મન) નું વિલીનિકરણ અમન (નિરિહિ)—અવિનાશી—પરમ આત્મ તત્ત્વ છે. આ આખો ય સાધનાનો ક્રમ છે. ઉપકરણ અને કરણ વડે અંતઃકરણ પરમાત્મા બને છે. ઉપકરણ અને કરણ એ વિજાતિય એવાં જડ પુદ્ગલ-તત્ત્વના બનેલાં છે. જ્યારે અંતઃકરણ સજાતિય એવું ચેતન તત્ત્વ છે. અંતઃકરણ કદિ કરણ ઉપકરણમાં વિલીન ન થાય.

શરીર અને ઇન્દ્રિયોને પુદ્ગલના ભોગ્ય પદાર્થો સાથે જાતિય એકતા છે. કેમકે ઉભય પુદ્ગલના બનેલાં છે. પરંતુ પરમાત્મતત્ત્વ સાથે જાતિ એકતા નથી. આમ કરણ ઉપકરણ સાથે આપણી જાતિ એકતા નથી. જ્યારે અંતઃકરણ અને પરમાત્મા સાથે આપણી જાતિ એકતા છે. માટે જ આત્મા અર્થાત્ અંતઃકરણ પરમાત્મા બની શકે છે.

ઉપકરણ અને અધિકરણ વિજાતીય છે, એટલે પરમાત્મા બની શકતા નથી. અને છતાં પણ અધિકરણ કે ઉપકરણ એ કરણ નહિ બની શકે કારણ કે કરણ એ યોગ છે જેમાં ચૈતન્ય આત્માનો વાસ છે.

શરીર (કરણ) એ પુદ્ગલ વિશ્વનો એક અંશ માત્ર છે કે જે શરીરમાં જીવ (આત્મા) પૂરાયેલ છે અર્થાત્ બંધાયેલ છે. અને તેમ

છતાં એ જ જીવ એ જ શરીર દ્વારા જગતને જાણી શકે છે, ભોગવી શકે છે. અને બનાવી શકે છે. પરંતુ અંદરમાં રહેલ જીવ (આત્મા) પરમાત્માનો સજાતિય હોવાથી એ જ જીવ એજ શરીર (કરણ) દ્વારા પરમાત્માને અને પરમ આત્મ તત્ત્વને જાણીને, પરમાત્માની ભકિત કરી પરમાત્મા સ્વયં બની શકે છે. પરમાત્મા સત્ છે અને સત્ છે તે સ્થિર છે; નિત્ય છે, અવિનાશી છે, અરૂપી છે, અકર્મિક છે, અક્રિય છે. એમાં ગતિ નથી, જે કરણમાં છે. માટે જ સદ્ગતિ અર્થાત્ મનુષ્ય ગતિને પામી સામાયિક, કાઉસગ્ગ, ધ્યાન આદિ સાધના દ્વારા અસ્થિર મટી જઇ સ્થિર બની જવું જોઇએ.

જ્યાં સુધી શરીરમાં ઉપભોગ (ચેતન-આત્મા) છે ત્યાં સુધી શરીરને યોગ કહેવાય છે. યોગમાંથી ઉપયોગ (આત્મા) ચાલી ગયા બાદ અર્થાત્ મરી ગયા બાદ એ જ શરીરને યોગ ન કહેવાતાં શબ કહેવાય છે. જેનો શીઘ્રાતીશીઘ્ર નિકાલ-વિસર્જન કરવું પડે છે. એટલે કે અંતે શરીરની રાખ બને છે.

ઉપર જણાવ્યું તેમ શરીર એ પુદ્ગલ વિશ્વનો અંશ હોવા છતાં એ શરીરમાં આત્મા (ઉપયોગ) ભળવાથી યોગ બને છે. પણ જગત તેનું અંશ બની જાય છે. કારણ કે આત્મા અણોરણીયાન હોવા છતાં મહતોમહિયાન છે. આત્મા પરમાત્મા બનવા શકિતમાન છે. અને આત્મા, પરમાત્મા બનતા આખું ય જગત-બ્રહ્માંડ એના કેવલજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. શરીર-ઇન્દ્રિયોનું સંચાલકબળ મન છે. જે મનની ચાલક, બુદ્ધિ છે. એ બુદ્ધિ આત્માના પ્રકાશમાં જ કામ કરી શકે છે.

શરીર, ઇન્દ્રિયો અને પ્રાણ આ ત્રણ આત્માનાં કરણ (સાધન) છે. છદ્મસ્થ બધાં જીવોને અંતઃકરણયુકત કરણ સાથેનું જીવન છે. અંતઃકરણ અને કરણ સાથે હોય. અંતઃકરણ એટલે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ હોય ત્યાં મતિજ્ઞાનનો ઉપયોગ હોય. જે ઉપયોગ ધ્યાનરૂપ અને જ્ઞાનરૂપ હોય છે. અરિહંત ભગવંતને અને કેવલિભગવંતને ભાવમન રૂપ અંતઃકરણ નથી હોતું. માત્ર કાયા, આદિ યોગ,-કરણ હોય છે. અને કેવલજ્ઞાન હોય છે. એમને ઉપયોગ મૂકવો પડતો નથી. પરંતુ તેઓ સદા સર્વત્ર ઉપયોગવંત હોય છે, એ આત્માનું સ્વરૂપ છે જે જ્ઞાન-ઉપયોગરૂપ હોય છે. જ્યારે સિદ્ધ પરમાત્માને કરણ (શરીરાદિ) પણ હોતું નથી. એઓ નિર્વિકલ્પ, નિરંજન નિરાકાર એટલે કે અરૂપી-અશરીરી હોય છે.

કરણ બાબત વિશેષ વિચાર કરીએ તો તે કરણના પણ બે ભેદ સ્થુળ અને સૂક્ષ્મ છે. ઔદારિક, વૈક્રિય અને આહારક જે શરીર છે તે સ્થૂળ શરીર છે. અર્થાત્ સ્થૂળ કરણ છે. જ્યારે તેજસ-અને કાર્મણ શરીર એ સૂક્ષ્મ શરીર-સૂક્ષ્મ કરણ છે. સ્થૂળ દેહની જ ક્રિયા અને ભોગ કરી શકાય છે, અને જગતનો વ્યવહાર ચલાવી શકાય છે.

તે પ્રમાણે અંતઃકરણ-મનના પણ બે ભેદ છે. દ્રવ્યમન અને ભાવમન. સંજ્ઞી એવાં મનઃપર્યાપ્તિ પામેલા જીવને દ્રવ્યમનમાં મનોવર્ગણાના પુદ્ગલને પકડવાની શકિત છે. જ્યારે ભાવમન એ મતિજ્ઞાનનો ચૈતન્ય ઉપયોગ છે. શરીર અને ઇન્દ્રિયો સ્થુળ છે. પ્રાણ સૂક્ષ્મ છે. અને મન તેથી વિશેષ સૂક્ષ્મ છે. પ્રાણ એટલે શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા સમજવી એથી આગળ બુદ્ધિ, મનથી પણ અધિક સૂક્ષ્મ છે. અને જેના આધારે મન અને બુદ્ધિ રહેલ છે. તે આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં શૂન્ય છે. શૂન્ય એટલે વસ્તુ અભાવ નહિ પરંતુ અસર અભાવ. કાંઇ પણ પર વસ્તુ કે વ્યકિતની ન તો એને અસર પહોંચે છે કે ન તો તે પોતે કોઇને અસર પહોંચાડે છે.

સાધનાનું કેન્દ્ર અંતઃકરણ છે. પ્રથમ જરૂર અંતઃકરણની શુદ્ધિ કરવાની છે. પછી શુદ્ધ અંતઃકરણથી શૂન્ય બનાય છે. જ્યારે જ મનનું અમન કરી મનાતીત, વિકલ્પરહિત એટલે વિકલ્પાતીત-નિર્વિકલ્પ થઇ નિર્વિકલ્પક અને બુદ્ધિથી અતીત થઇ બુદ્ધિ બનાય છે.

પૂર્ણમાંથી, પૂર્ણના આલંબનથી આપણે શુદ્ધ ચૈતન્યતારૂપ વીર્યશકિત પ્રાપ્ત કરી શકીએ. પરંતુ માત્ર બહારના નિમિત્ત કારણરૂપ પદાર્થોથી પરમાત્મા નથી બનાતું. સ્વમાં પરમાત્મા સ્વરૂપ દ્રષ્ટિ કરી જ્ઞાન-ધ્યાન કરીએ તો પરમાત્મા બનાય છે. બહારના દેવ ગુરુ-ધર્મના નિમિત્ત કારણને, અરિહંત-સિદ્ધ પરમાત્માના જ્ઞાન-ધ્યાન-સેવા-ભકિત આદિથી, ગુરુ ભગવંતની સેવા પૂજા, વૈયાવચ્ચ ભકિત આદિથી, અને ધર્માચરણથી તૈયાર કરવા જોઇએ. ધર્મના સાધન અને ક્ષેત્રે મળ્યા છતાં જો પરમાત્મ તત્ત્વ સંબંધી ધર્મભાવ ન આવે તો પરમાત્મા નહિ બની શકાય ઉપકરણ અને કરણ વડે જો અંતઃકરણ તૈયાર નહિ કરીએ તો આપણી ક્રિયા મોક્ષમાર્ગની હોવા છતાં આપણે મોક્ષમાર્ગી નહિ ક્રિયામાંથી ભાવમાં જવાનું છે. ભાવમાંથી ધ્યાનમાં જવાનું છે. અને અંતે ધ્યાનમાંથી જ્ઞાન અર્થાત્ કેવલજ્ઞાનમાં જવાનું છે.

આત્મામાં જેમ જેમ શુદ્ધ ચૈતન્ય રસ ભળે તેમ તેમ જ્ઞાન નિર્વિકારી-શુદ્ધ બનતું જાય છે. ઉપકરણ પુદ્ગલનું છે જે સંયોગ-વિયોગરૂપ છે. અંતઃકરણ એ સ્વરૂપ છે જે નિત્ય પ્રાપ્ત છે ઉપકરણને અંતઃકરણ ન મનાય. ઉપકરણ અંતઃકરણ માટે છે. બાહ્ય અભ્યંતર માટે છે. જેમ દ્રવ્ય વડે ભાવ છે તેમ તેનાથી ય વધારે કિંમતી ભાવ વડે ભાવ છે. ભાવ વિના તો ભાવ છે જ નહિ પછી ભલે દ્રવ્ય વડે ભાવ કરીએ. જે ઉપકરણરૂપ દ્રવ્યો બનાવ્યા છે તે પણ ભાવ તત્વે બનાવ્યા છે.

આત્માનું સ્વરૂપ ઉપર જણાવ્યુ તે પ્રમાણે કેવલજ્ઞાન છે. જે માત્ર જ્ઞાન અને ઉપયોગ રૂપ છે. જ્યારે મતિજ્ઞાન એ ઉપયોગરૂપ-ધ્યાનરૂપ અને જ્ઞાનરૂપ છે. કેવલજ્ઞાનના ધ્યાન વડે આત્માનું મતિજ્ઞાન કેવલજ્ઞાન બને છે. ધ્યાન એ મતિજ્ઞાન અને કેવલજ્ઞાનને જોડનારી માધ્યમિક અવસ્થા છે. જે સાધનારૂપ કડી છે. આમ ધ્યાન એ અંતિમ સ્વરૂપ નથી પણ સાધના છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ એ ધ્યાનથી સિદ્ધ છે. ધ્યાન ચાલ્યું જાય. ધ્યાનાતીત થવાય તે ધ્યાનની સિદ્ધ છે. ધ્યાન છોડવું ય ન જોઇએ અને ધ્યાન બગડવું ય ન જોઇએ પણ ધ્યાન ચાલ્યું જવું જોઇએ અને કેવલજ્ઞાન પ્રગટવું જોઇએ.

જૈનદર્શનમાં ગુણાતીત થવાની સાધનાના ચૌદ સોપાન, ચૌદ ગુણસ્થાનક તરીકે ઓળખાય છે. એમાં ચોથું ગુણ સ્થાનક સમકિત દ્રષ્ટિ અવિરતિ ગુણસ્થાનક છે કે જે તબકકે અંતઃકરણની શુદ્ધિનો પાયો નંખાય છે. વિકાસના એ પગથિયે સદ્પ્રવૃત્તિમાં આશય અને લક્ષ્ય મુકિતનું હોય છે. એ તબકકે સાધકને આત્મગત્ (સ્વગત્-સત્તાગત્) પરમાત્મ તત્વનું જ્ઞાન-ભાન અને લક્ષ્ય હોય છે. આરોહણ કરતાં કરતાં સાધકના અંતઃકરણની જેમ જેમ વધુ ને વધુ શુદ્ધિ થતી જાય છે તેમ તેમ નીચે નીચેના તબકકાનાં ઉપકરણો છૂટતાં જાય છે. અને આઠમાં ગુણસ્થાનકથી તો અંતઃકરણથી (ઉપયોગથી) અંતઃકરણની શુદ્ધિની જ પ્રક્રિયા શરૂ થાય છે. છેવટે બારમા ગુણસ્થાનકના અંતે અંતઃકરણ શુદ્ધ થાય છે. અને

કેવલજ્ઞાનનું પ્રાગટ્ય થાય છે. સમકિતનું અભેદ આધારસ્થાન - આત્મા છે. કાયયોગાદિ કરણ કે ઉપકરણ નથી.

જીવ માત્રની ઇચ્છા અક્ષય, અનંત, અવ્યાબાધ સુખની પ્રાપ્તિની છે. અંતઃકરણ વડે અક્ષય, અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે. ઉપકરણનું મહત્ત્વ માત્ર અધિકરણની સામે છે જે પણ શુદ્ધ અંતઃકરણની અપેક્ષા રાખીને આંકવાનું છે. કાયોત્સર્ગની ક્રિયા જ્ઞાનીએ ફરમાવેલી છે. તે દેહભાન ભૂલવા અને આત્મામાં લીન થવા માટે છે. જે અંતઃકરણની શુદ્ધિની મહત્તા દર્શાવે છે.

મુહપત્તીની પડિલેહણ વેળા બોલાવવામાં આવતા પચ્ચીસ બોલમાં 'સમકિત-મોહનીય પરિહરું' એવો એક બોલ છે. પ્રથમ તો સમકિતના મહત્વની અને સમકિતની પ્રાપ્તિની જ વાતો હોય છે. એ પ્રાપ્ત સમકિતને જ પછી છોડવાની વાત હોય છે; કે જે ક્ષયોપશમ સમકિત ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકોનો સૂચક ભાવ છે. એજ આપણને સાધતા માર્ગે સૂચવે છે કે સાધનામાં જેમ જેમ આગળ વધતાં જઈએ તેમ તેમ લક્ષ્ય સિદ્ધિનું તથા વૃત્તિ અને પ્રવૃતિ આગળ આગળના તબકકા (સ્ટેજ)ની પ્રાપ્તિની હોવી જોઇએ. 'સમકિત મોહનીય પરિહરું' એટલે કે 'ક્ષાયોપશમિક સમકિત' જે આવવા જવાના સ્વભાવવાળું સમકિત છે એને ત્યજીને આગળના તબકકાનું 'ક્ષાયિક સમકિત' છે કે જે કર્મના ક્ષયથી પ્રાપ્ત થનાર છે અને આવ્યા બાદ જનાર નથી તેની પ્રાપ્તિ થાઓ. આમ જ્યાં ક્ષાયોપશમિક સમકિત જે અંતરના સમ્યગ ભાવો છે-સમ્યગ વૃત્તિ છે તેને પણ જો પરિહરવાની વાત અને વિધાન હોય તો બહારના ઉપકરણ અને કરણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવને ક્યાંથી દુરાગ્રહી બની પકડી રાખવાનાં હોય ? એમાં એટકી જઇ એનો આગ્રહ કેમ રખાય? તેમાં અંતિમ સત્ય અને સિદ્ધાંત શુદ્ધ કેમ કરાય ?

ક્ષપકશ્રેણિ મંડાય, આઠમા-નવમા દશમા બારમા ગુણ સ્થાનકે આરોહણ થાય ત્યારે નામ-લિંગ વેશનો આગ્રહ નથી કે મહત્ત્વ નથી. તો પછી ઉપકરણ અર્થાત્ સાધનનું મહત્ત્વ ક્યાંથી રહે? એ વખતે સાધકને ચોકકસ કયા ઉપકરણના ભેદો હોય?

ક્ષપકશ્રેણિ વખતે અસાધારણ કારણ અર્થાત્ ગુણ અને ઉપાદાન કારણ અર્થાત્ ગુણી અભેદ હોય છે. તે દ્રવ્યના ગુણ-પર્યાયરૂપ છે. જ્યારે અપેક્ષા કારણ અને નિમિત્ત કારણ એ પર દ્રવ્ય રૂપ છે. જે ભેદરુપ છે. અને જુદાં જુદાં છે એટલે કે ભિન્ન છે.

ઉપકરણ અને કરણને સાધનાના નિષેધાત્મક (Negative) અને અંતઃકરણને વિધેયાત્મક (Positive) સાધન સમજી તે અનુસાર તેનું મૂલ્યાંકન કરી સાધના કરવી જોઇએ. ઉપકરણ અને કરણ સુધી તો વ્યવહાર સાધના હોય હોય છે. નિશ્ચય સાધનાની શરૂઆત તો અંતઃકરણથી જ થાય છે. અને તેની શરૂઆત વીર્યશકિતના ક્ષયોપશમથી થાય છે.

મોહનો સર્વથા નાશ અને પૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ એ મોક્ષમાર્ગની નિશ્ચયરૂપ સાધના છે. જેનો પ્રધાન સંબંધ અંતઃકરણથી છે. પંદર પદે જે સિદ્ધના ભેદો રહ્યાં છે તે નિર્વાણ પ્રાપ્તિની પૂર્વાવસ્થાના કરણ-ઉપકરણ અનુલક્ષી ભેદો છે. એ સ્વરૂપ આશ્રિત ભેદો નથી. નિર્વાણપદમાં ભેદ નથી.

સાધનના બધા ભાવો દર્શન-જ્ઞાન-ચરિત્ર ઉપયોગમાં છે. કરણ-ઉપકરણમાં નથી, એકથી દશ સુધીનાં ગુણસ્થાનકો જેમ મોહનીય ભાવના છે તેમ ઉપયોગના પણ છે.

સંઘ સમાચાર

'સંઘ' અને શ્રી વિશ્વ વત્સલ ઔષધાલય સર્વોદય આશ્રમ, ગુંદીના સંયુકત ઉપક્રમે રવિવાર, તા. ૧-૧૨ ૮૫ ના રોજ ધંધુકા તાલુકાના ગાંફ ગામે એક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને શ્રી જૈન સોશ્યલ ગ્રુપ, મહારાષ્ટ્ર રીજીઓનલ કમિટીના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ છે. ઉદ્ઘાટન ડો. રમણલાલ ચી. શાહ કરશે 'સંઘ' દ્વારા આ બીજો નેત્રયજ્ઞ છે. અગાઉ રાણપુર આને નેત્રયજ્ઞ યોજવામાં આવેલ હતો.

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

વિદ્યાસત્ર

'સંઘ'ના ઉપક્રમે તા. ૮, ૯ અને ૧૦ મી જાન્યુઆરી ૧૯૮૬ના રોજ ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ગુજરાતી સાહિત્ય પરિષદના વરાયેલા પ્રમુખ પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીનાં પ્રવચનો થશે. વિગતવાર કાર્યક્રમ હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

સાભાર સ્વીકાર

☼ સિ-નેર ગુજરાતી કવયિત્રીઓ

(૧૯૬૦ થી ૧૯૮૨)

લેખિકા-પ્રકાશિકા : ગીતા પરીખ, એ/૨, મનાલી એપાર્ટમેન્ટસ, વિક્રમ સારાભાઇ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

પૃષ્ઠ સંખ્યા ૨૪૦... કિ. રૂ. ૨૫/-

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને આ પુસ્તક પચીસ ટકા કમિશનથી આપવામાં આવશે. એ માટે લેખિકાનો સંપર્ક સાધવો.)

☼ ધર્મ સ્વરૂપ-દર્શન

(પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં પ્રવચનોનો સંગ્રહ અને તેની સાથે પૂ. મુનિશ્રી કીર્તિયશ-વિજયજી કૃત તત્ત્વાવલોકન)

પૃષ્ઠ : ૬૬૪, પાકુ બાઇન્ડીંગ

☼ મહામાનવ મહાવીર

લે. ગુણવંત શાહ

પૃષ્ઠ : ૧૪૫ મૂલ્ય : ૧૪-૫૦

પ્રકાશક : મે. આર. આર. શેઠની કું. મુંબઇ અને અમદાવાદ

ધીરજબેન દીપચંદ રમકડાં-ઘર

છેલ્લા સાતેક મહિનાથી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ચાલતા ધીરજબેન દીપચંદ રમકડાં-ઘરમાં દર રવિવારે બપોરના ૩ થી ૫ સુધીમાં ૩ થી ૧૪ વર્ષના બાળકોને નજીવી ફી લઇને રમકડાં ઘરે રમવા આપવામાં આવે છે. જે દર અઠવાડિયે બદલાવી બીજું રમકડું ઘરે લઇ જઇ શકાય છે. આપણી પાસે રૂ. ૬૦૦૦/- નાં રમકડાં છે, તેમાં હજુ હમણાં જ નવા રૂ. ૧૫૦. - નાં રમકડાં ઉમેર્યાં છે. તો આપ જરૂરથી આપના બાળકને આ યોજનાનો લાભ આપો અને આજુબાજુનાં બાળકોને જાણ કરો.

જયાબેન વીરા — કે. પી. શાહ

અમૂલ શાહ — પન્નાલાલ ર. શાહ

સંયોજકો — મંત્રીઓ

લગ્ન સંસ્થાનું ભાવિ

(પાના ૧૪૪થી ચાલુ)

નીકળી શકે. તો બીજી બાજુએ બંધન એટલું ઢીલું પણ ન હોવું જોઇએ કે નજીવી વાતે, જરાક પ્રયત્ને વ્યકિત તેમાંથી બહાર નીકળી જઇ શકે. અતિશય કડક લગ્ન બંધનને કારણે ભારતમાં કે અન્યત્ર કેટલાય લોકોની, વિશેષત સ્ત્રીઓની જિંદગી વેડફાઇ ગઇ હોય એવું બન્યું છે કડક લગ્ન બંધનની સમસ્યાઓ પણ પણ ઘણી છે. બીજી બાજુ શિથિલ લગ્ન અને સરળતાથી મળતાં છૂટાછેડાને કારણે અનેક કુટુમ્બો ભાંગી પડયાં હોય, સંતાનો રઝળી પડયાં હોય કે ગુનાહિત માનસવાળાં થઇ ગય હોયાં એવા પણ દાખલા ઘણા છે. વસ્તુત : કાયદાની દૃષ્ટિએ લગ્નજીવનનો મહિમા એવો ગૌરવવાળો હોવો જોઇએ કે જેથી વ્યકિતને સ્વેચ્છાએ એ બંધન સ્વીકારવું ગમે. લગ્ન-બંધન મનુષ્યના સર્વાંગી વિકાસમાં નિમિત્તરૂપ બનવું જોઇએ.

લગ્નજીવન એટલે માત્ર જાતીય જીવન એવો મર્યાદિત અર્થ ન કરી શકાય. વસ્તુત; અશારીર દામ્પત્ય પ્રેમનો મહિમા ભારતમાં જેટલો દર્શાવાયો છે તેવો અન્યત્ર જોવા નહિ મળે. લગ્નજીવન એટલે જીવનને એના વ્યાપક સ્વરૂપમાં જાણવા-સમજવાની વિદ્યાશાળા. લગ્નજીવન એટલે વિભિન્ન પ્રકૃતિની, વિભિન્ન રુચિભેદવાળી વ્યકિતઓ પણ સહકાર અને સામંજસ્યપૂર્વક એક સાથે રહી શકે એવું સિદ્ધ કરી બતાવતી એક પ્રયોગશાળા. લગ્નજીવન એટલે એકાન્તવાદ નહિ પણ અનેકાન્તવાદ. લગ્નજીવન એટલે પશુ સહજ સ્થૂલ વાસનાઓ કે વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ. લગ્નજીવન એટલે સ્વાર્થત્યાગ અને સંયમ. એટલા માટે જ લગ્નજીવન એ બંધન નથી પણ સ્વેચ્છાએ સ્વીકારેલી સીમા છે. હજારો વર્ષના અનુભવ પછી માનવજાતિએ વિકસાવેલી એ દૃઢમૂલ વ્યવસ્થા ઉપર વખતે વખતે ઘણા પ્રહારો થયા છે, પરંતુ માનવજાતિ પાસે જ્યાં સુધી અનુભવ છે, ડહાપણ છે, સ્વહિત વિચારણા છે, દીર્ઘદૃષ્ટિ છે, પરસ્પર પ્રેમ છે, સહાનુભૂતિ છે ત્યાં સુધી લગ્નસંસ્થા નિર્મૂળ થવાની નથી

-રમણલાલ ચી. શાહ

સાભાર સ્વીકાર

ગુરુદેવની આરતી - એક પરિચય : લે. નલિન પંડયા, કીંમત રૂા. ૧૧-૫૦ બી. ઠક્કર, રૂપાલી પબ્લિકેશન, વીરમહમદ શાહ મેન્શન રિલિફ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૧

ડિવાઇન નોલેજ સોસાયટી, ૨૮-૩૦ વાલકેશ્વર રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૬ નાં પ્રકાશનો. (૧) Gurudev Shree Chitrabhanu, A Man with a vision (૨) Reflections (૩) પ્રતિબિંબ. દરેકના લે. : પૂ. ચિત્રભાનુજી કીંમત જણાવેલ નથી.

હર્ષ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ.

(૧) ઘરથી કબર સુધી : લે. : યશવંત મહેતા કીંમત રૂા. ૨૨-૦૦ **(૨) બબ્બારક** લેખક યશવંત મહેતા કીંમત રૂા. ૩૫-૦૦ **(૩) લીચી** લે. : માલતી દેસાઇ કીંમત રૂા. ૩૫-૦૦ **(૪) સિંદૂરી સમણાનાં લીલા ડંખ :** લે. ભવાની શંકર કીંમત રૂા. ૩૬-૦૦

(પાના ૧૫૧થી ચાલુ)

ભાષાના વિનિયોગ અને પરિવર્તનો

બીજી વ્યકિત પરત્વેનું વર્તન, એના આવેગો પર આધારિત છે. એની પાછળ થોડા પ્રાસંગિક અનુભવો પણ હોય. એમની રીત-ભાત અને વર્તન પણ હોય. એક વ્યકિતનાં અવળાં પાસાં પણ સીધાં પડે અને સફળ થાય તો માનવી આનંદ વ્યકત કરે, પરંતુ એના પરત્વેની ધર્ષા, એની સાથેના સફળ વ્યકિતના વર્તન વગેરે દ્વારા નિષ્પન્ન થતો તિરસ્કાર અજ્ઞાત મનમાં ધકેલાઇ જાય છે. એ બહાર આવવાની તક શોધે છે અને જેવો એનો વ્યવહાર અપેક્ષિત ધોરણ અનુસાર ન થાય એટલે અજ્ઞાત મનમાં સંગ્રહાયેલાં આવેગો જુદા સ્વરૂપમાં બહાર આવે છે, અને 'વેપાર'ને બદલે 'વેપલો' શબ્દ દ્વારા, શબ્દોની પ્રતિષ્ઠાની પશ્ચાદ્‌ભૂમિકામાં એ વ્યકિત પરત્વેનો તિરસ્કાર વ્યકત થાય છે. અહીં બે બાબત બને છે: 'વેપાર' શબ્દ દ્વારા રૂઢ કે પ્રતિષ્ઠિત અર્થ વ્યકત થતો નથી એટલે 'વેપાર'નું 'વેપલો' થાય છે અને એ દ્વારા તિરસ્કારના મનોભાવની અભિવ્યકિત થાય છે. આ બધી બાબતોમાં ધ્વનિ, પરિવર્તનો, અર્થ પરિવર્તનો કે શબ્દોની વિકૃતિ વ્યકિતગત ધોરણે થાય છે અને ધીમે ધીમે એ રીતે પરિવર્તન પામેલ શબ્દો રૂઢ થાય છે.

એક પ્રશ્ન તપાસવા જેવો છે : શિષ્ટ ભાષાના અતિરેકથી ભાષાના પ્રવાહને નુકસાન થાય છે ખરું? આપણે ઉપર જોયું તેમ શિષ્ટ ભાષાથી ભાષકને સામાજિક પ્રતિષ્ઠા (Social Recognition) મળે છે. શિષ્ટ ભાષાના વિનિયોગનું આ એક પ્રેરકબળ છે, એમ ભાષાના પ્રવાહને લુપ્ત કરવાનું જોખમ પણ એમાં છે. આપણો સામાજિક દરજ્જો વધારવા આપણે આપણી ભાષામાં કેટલાંક શબ્દો હોવા છતાં અંગ્રેજી કે અન્ય ભાષાના શબ્દોનો છૂટથી ઉપયોગ કરીએ છીએ. અલબત્ત, એવા શબ્દ-વિનિમયથી આપણી ભાષાની શબ્દ સમૃદ્ધિ વધે પણ છે. પરંતુ અંગ્રેજી પ્રત્યેના મોહને કારણે આપણાં બાળકોને અંગ્રેજી માધ્યમવાળી શાળામાં આપણે મૂકીએ છીએ એ પણ સામાજિક પ્રતિષ્ઠાનું પ્રતીક છે ત્યારે અંગ્રેજી માધ્યમવાળી શાળામાં ભણેલી આપણી ભાવિ પ્રજામાંથી આપણી માતૃભાષા લુપ્ત નહિ થાય? એ રીતે કદાચ એવું પણ બન્યું હોય કે શિષ્ટ ભાષાના આગ્રહના અતિરેકને કારણે સંસ્કૃત ભાષા માત્ર વિદ્વાનોની ભાષા જ રહી હોય અને પરિણામે સંસ્કૃત ભાષા વ્યવહારમાંથી બિલકુલ લુપ્ત થઇ હોય. ભાષાના ક્રમિક વિકાસના ઇતિહાસમાં આ પ્રશ્ન તપાસવા જેવો છે.

(૧) : 'કુમાર' વર્ષ ૫૬ : અંક ૮, સળંગ અંક ૬૬૮ : ઓગસ્ટ, ૧૯૭૯, વિષય અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ લે. પ્રા. ડૉ. મધુસૂદન પારેખ પૃષ્ઠ ૨૪૨.

(૨) જુઓ: ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક એપ્રિલ-જૂન, ૧૯૭૯, પુસ્તક ૪૪, અંક ૨, પૃષ્ઠ ૧૦૪-૧૦૭ વિષય : ભાષાનાં પરિવર્તનોની મનોવૈજ્ઞાનિક ભૂમિકા.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૧ના પ્રકાશનો. **(૧) આજની ક્ષણ :** લે. મોહમ્મદ માકંડ કીંમત રૂા. ૩૧-૦૦ **(૨) બુધિયાનાં પરાક્રમો :** ભા. ૧, ૨, ૩ લેખક : પ્રિયદર્શી, દરેક ભાગની કીંમત રૂા. ૮-૦૦ **(૩) અડવાના પરાક્રમો :** ભા. ૧-૨ લે. પ્રિયદર્શી : દરેક ભાગના કીંમત રૂા. ૮-૦૦

[પૃષ્ઠ ૧૫૨ થી ચાલુ]

ભાષાનાં વિનિયોગ અને પરિવર્તનો

વિદ્વાન સાથેની ઓળખાણથી પ્રતિષ્ઠા મળવા સંભવ હોય ત્યાં એવા વિદ્વાન સાથે પોતાને વ્યક્તિગત ઘનિષ્ઠ સંબંધો છે એ વાત માનવી હોંશથી કરવાનું ચૂકતો નથી. પરંતુ વ્યવહારિક સંબંધો અને ખાસ કરીને રોટી બેટીનાં વ્યવહારની બાબતમાં એવા વિદ્વાનોનાં સંતાનોની વાત આવે તો એ જ વિદ્વાન પરત્વેનો આદર લુપ્ત થઇ જાય છે અને નાકનું ટેરવું ચડાવી માનવી કહે છે: "પે'લા પંતુજી કે 'વેદિયા'ની વાત કરો છો ને" વગેરે બન્ને વખત સંદર્ભ જુદો છે. એક વખત આદરનો ભાવ છે, પ્રતિષ્ઠાના પ્રતીકની વાત છે અને બીજી વખત અવગણનાનો, તુચ્છકારનો મનોભાવ છે. એની ભૂમિકામાં આર્થિક સંપન્નતા, વ્યાવહારિક અને સામાજિક પ્રતિષ્ઠાનો માપદંડ છે. આર્થિક સંપન્નતા પ્રમાણે વ્યક્તિના મૂલ્યાંકનની કહેવત અહીં યાદ આવે છે:

'નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ.'

જુદા જુદા સંદર્ભમાં કેવાં જુદા જુદા અર્થો અભિપ્રેત હોય છે એ જોઇએ. સામાન્ય રીતે વણિકો વ્યાપારી કુનેહ ધરાવે છે. પરંતુ કોઇ વ્યક્તિ વધારે હોશિયાર હોય ત્યારે એનાથી સાવધ રહેવા વાતવાતમાં એમ કહેવાય છે: 'એ વાણિયો છે. એની સાથે કામ પાડતાં સંભાળજો.' અહીં 'વાણિયો' શબ્દ દ્વારા એની હોંશિયારી કે લુચ્ચાઇનો અર્થ અભિપ્રેત છે. એ જ રીતે વૈશ્યો સાથે મતભેદ પડે અને કજિયાનું સ્વરૂપ પકડે તો એમ કહેવાય; 'એ તો વાણિયો છે. એનાથી શું થવાનું છે?' મતલબ કે વણિકો શાંતિપ્રિય છે, ઝઘડાથી કાયર છે શારીરિક સૌષ્ઠવની દૃષ્ટિએ સુધ્ધાં એની કાયરતા આવા પ્રસંગે છતી થતી હોય છે. અહીં 'વાણિયો' શબ્દ એની કાયરતાનો સૂચક છે.

આપણે અત્યાર સુધી અવલોકન કર્યું એમાં શબ્દોના પરિવર્તન દ્વારા, શબ્દોના માધુર્યને લુપ્ત કરવામાં કે અર્થોમાં પરિવર્તન દ્વારા કે ભાષાનાં વિનિયોગ દ્વારા વ્યક્તિ શું સૂચવે છે એની થોડીક મનોવૈજ્ઞાનિક ભૂમિકા જોઇ. એનું મનોવિશ્લેષણ કર્યું નથી. વિખ્યાત માનસશાસ્ત્રી ફ્રોઇડની મનોવિશ્લેષણ પદ્ધતિના ઉપયોગનો થોડોક વિચાર આપણે ત્યાં થયો છે તેની થોડી છણાવટ હવે આપણે કરશું.

શ્રી મધુ ડાકોરીએ આ અંગે વિશદ છણાવટ કરી છે. મનના બે ભાગ છે: (૧) જ્ઞાત મન (Conscious mind) અને (૨) અજ્ઞાત મન (Unconsious Mind), એ પૈકી જ્ઞાત મન સતત ચોકીદારનું કામ કરે છે અને મનમાં ઊઠતા આવેગોનું, આસપાસના વાતાવરણ અને સમાજના પરિપ્રેક્ષ્યમાં, નિયંત્રણ જ્ઞાત મન કરે છે. એ પૈકી કેટલાક આવેગો જ્ઞાત મનની જાણ બહાર વ્યક્તિના વર્તન દ્વારા જુદા સ્વરૂપે બહાર આવે છે. આવેગોના સ્વરૂપોમાં પરિવર્તન થવાથી વ્યક્તિને એવા આવેગોની જાણ થતી નથી.

ભાષા પણ માનવીનું એક પ્રકારનું વર્તન છે અને એ વર્તન દ્વારા (Linguistic Behaviour) માનવી પોતાના ગમા-અણગમા, આદર, પ્રેમ, તિરસ્કાર અને પૂર્વગ્રહ વ્યકત કરે જ છે. પણ આવી અભિવ્યકિત પાછળ મનોવૈજ્ઞાનિક કારણો વિષે વિચારીએ ત્યારે એના અજ્ઞાત મનમાં ધકેલાઇ ગયેલા આવેગોનો અભ્યાસ જરૂરી લાગે છે. આ બાબત અંગે શ્રી મધુ ડાકોરી નોંધે છે તેમ, 'નિમ્ન સ્તરના લોકોમાં દમન (Repression) ની ક્રિયા થતી હોવી જોઇએ. એટલે કે વિરોધી લાગણીઓ પ્રગટ રીતે દર્શાવી શકાય નહીં અને તેથી ચેતન મનમાં ઊઠતી આ લાગણીઓ અચેતન મનમાં ધકેલી દેવી પડતી હોય અને એ રીતે આવી લાગણીનું દમન થતું હોય. હવે ફ્રોઇડના મનોવિશ્લેષણવાદ પ્રમાણે આવી દમિત લાગણીઓ અચેતન મનમાંથી બહાર આવવા પ્રયત્ન કરે છે, પણ જો તેઓ મૂળ સ્વરૂપમાં આવે તો ચેતન મનને ખબર પડે અને તેનો વિરોધ થાય. તેથી આવી લાગણીઓ સ્વરૂપ બદલીને ચેતન મનમાં આવે છે' વધુમાં તેમણે નોંધ્યું છે તેમ, 'અહીં ભાષાનાં પરિવર્તનનું મૂળ જોઇ શકાય. દમિત લાગણીઓ ચેતન મનમાં આવવા પ્રયત્ન કરે અને સ્વરૂપ બદલીને આવે તો કદાચ તે વ્યક્તિની ભાષાને પણ પોતાનું માધ્યમ બનાવે; ધ્વનિ કે શબ્દ પરિવર્તન એ દમિત લાગણીનું રૂપાંતરિત સ્વરૂપ કહી શકાય એ રીતે નિમ્નસ્તર ઉચ્ચસ્તર તરફ એક પ્રકારનો વિદ્રોહ (Revolt) કરે અથવા બદલાની ભાવનાને અસંપ્રજ્ઞાત રીતે પોષતી હોય, શિષ્ટ ભાષામાં આવા કોઇ મનોવૈજ્ઞાનિક કારણને લીધે પરિવર્તન આવતું હશે એમ માની શકાય. ઉચ્ચ વાણી વ્યવસ્થાને તોડી પાડવાનો પણ આશય હોય.' એમના આ અનુમાનના સંદર્ભમાં એમણે લુપ્ત થયેલાં ધ્વનિ માધુર્ય અને શબ્દ પરિવર્તનોનાં ઉદાહરણો આપ્યાં છે. જેમ કે, ધટક > ઘરો; માતા > માડી; કરપત્રમ્ > કરવત; હર્ષ > હરખ; સંમુખમ્ > સામુ; યોગક્ષેત્ર > જોખમ; અન્યપક્ષકમ્ > અનોખું; ઉત્સવ > ઓચ્છવ વગેરે.

ફ્રોઇડની મનોવિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરીને ધ્વનિ કે શબ્દ પરિવર્તનો, અલબત્ત, સમજી શકાય. પરંતુ શ્રી મધુ ડાકોરીએ આર્થિક દૃષ્ટિએ ઉચ્ચ અને નિમ્ન સ્તરની અને વર્ગ અંતર દ્વારા વર્ગવિગ્રહની વાત આલેખી છે એ ભાષાકીય વર્તનમાં કેટલે અંશે લાગુ પડી શકે એ તપાસવું જોઇએ. એમણે એમના અનુમાનના સંદર્ભમાં અને સમર્થનમાં મૂળ શબ્દોમાં ખ્યાલ ન આવે એ રીતના પરિવર્તનનાં ઉદાહરણો આપ્યાં છે. પરંતુ એવું ભાષાકીય પરિવર્તન નિમ્ન સ્તર દ્વારા જ થાય છે એવું ધારી ન શકીએ વ્યવહારમાં શિષ્ટ વર્ગ પણ ધટકને બદલે ઘરો કે ઉત્સવને બદલે ઓચ્છવ કે હર્ષને બદલે હરખ એવો શબ્દપ્રયોગ કરે છે અને એ પરિવર્તન ઉચ્ચારોની સરળતા ખાતર પણ થતું હોય છે.

શબ્દોના ઘડતર અને ભાષાના ક્રમિક ઇતિહાસ વિષે વિચારીએ તો જંગલી અવસ્થામાં (Primitive Stage) જીવતાં માનવીએ વાણી વ્યવહાર પ્રસ્થાપિત કર્યો ત્યારે શિષ્ટ પ્રયોગથી જ શરૂઆત થઇ હોય એવું માનવાને કારણ નથી. ક્રમિક વિકાસ દ્વારા ભાષા શુદ્ધ થતી ગઈ હોય અને ભાષાનું આજનું સ્વરૂપ સ્થપાયું હોય, એમાં પણ અનેક પરિબળોએ ભાગ ભજવ્યો હોય. ભાષાના વિકાસના વિવિધ તબકકે પ્રયોજાતાં તળપદાં કે અશિષ્ટ શબ્દો ભાષામાં રહ્યા હોય એ વધુ સંભવિત છે. શ્રી મધુ ડાકોરી કહે છે તેમ ભાષાની વિકૃતિ વર્ગભેદને લીધે આવવાની સંભાવના પ્રમાણમાં નહિવત્ છે. હા, એમણે નોંધ્યું છે તેમ, સામાજિક પ્રતિષ્ઠા (Social Recognition) તરીકે ભાષાનો વિનિયોગ થાય છે અને ભાષાના ક્રમિક વિકાસમાં આવી મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ ચોકકસ ભાગ ભજવ્યો હશે એમ કહી શકાય. એમાં સમૂહ માનસનો અભ્યાસ પરિવર્તનની પ્રક્રિયા સમજાવી શકે એટલું ઉમેરી શકાય.

ફ્રોઇડની મનોવિશ્લેષણ પદ્ધતિથી વિચારીએ તો એક વ્યક્તિનું

(વધુ સામે પાને ચાલુ)

ભાષાનાં વિનિયોગ અને પરિવર્તનો

● પન્નાલાલ ૨. શાહ

એમ કહેવાય છે કે ભાષામાં થતાં ધ્વનિ પરિવર્તનો, અર્થ પરિવર્તનો, શબ્દોનાં ઘડતર અને વિકૃતિનો આપણે ત્યાં અભ્યાસ થયો નથી. અહીં મનોવૈજ્ઞાનિક અભ્યાસ અભિપ્રેત છે.

માનવી સામાજિક પ્રાણી છે એમ એ વૈચારિક પ્રાણી છે. એ સામાજિક કરતાં પહેલાં એ વૈચારિક પ્રાણી છે. એના વિચારોની અને મનોભાવની અભિવ્યક્તિ માટે એણે ભાષાનો વિનિયોગ કર્યો પરંતુ ભાષાના એ માધ્યમ દ્વારા એના મનોભાવો, એના મનોવ્યાપારો યથાર્થપણે સ્ફુટ થતાં નથી, પરિવહન થતાં નથી, વળી, જુદા જુદા સંદર્ભમાં એક જ શબ્દ દ્વારા માનવી જુદા જુદા પ્રતિભાવો વ્યક્ત કરે છે. આમ કરવામાં શબ્દોની તોડફોડ, નવા અર્થ-ઘટનો, નવા શબ્દોનું ઘડતર, એના અર્થમાં પરિવર્તન, જુદો પ્રતિભાવ વ્યક્ત કરવામાં મનના આવેગને કારણે ઉચ્ચારણમાં ભાર કે હળવાશ અને પરિણામે ધ્વનિ પરિવર્તન થાય છે. એ દ્વારા આપણને એનું માનસ, એની અભિવ્યક્તિમાં શબ્દમાં રહેલ અર્થ ઉપરાંતનો ભાવ અને એની મનોવૈજ્ઞાનિક ભૂમિકા સમજાય છે. એવું ન હોત તો શબ્દાર્થ ઉપરાંતનો અપ્રગટ અને મનોભાવના પરિવહન માટે યોગ્ય માધ્યમ તરીકે ભાષાનો વિકાસ થાત નહીં. ભાષાનાં વિનિયોગ દ્વારા વ્યક્તિનાં મનોવ્યાપારો જેમ કે, ગમા-અણગમા, પૂર્વગ્રહ, આદર, લાગણી, લાડકોડ, અને તિરસ્કાર વગેરે ભાવો વ્યક્ત થાય છે. આવો વિનિયોગ શ્વાસોચ્છ્વાસની માફક આપણા જીવનમાં સંકળાયેલો છે અને એ ઝીલનાર વ્યક્તિ એવા પ્રતિભાવો ગ્રહણ કરવાની ક્ષમતા ધરાવે છે એવું ગૃહિત છે. પરંતુ એવા મનોવ્યાપારનાં વિશ્લેષણનો તર્કસંગત ન્યાયયુક્ત અભ્યાસ આપણે ત્યાં થયો નથી. એટલા પૂરતું ભાષામાં થતાં ધ્વનિ અને અર્થ પરિવર્તનો કે શબ્દોના ઘડતર, વિકાસ અને વિકૃતિનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ થયો નથી એમ કહી શકાય.

વ્યવહારમાં શબ્દની ચોકકસ પ્રતિષ્ઠા (Image) હોય છે, એનો અર્થ પણ રૂઢ હોય છે, જેમ કે, વ્યાપાર કે વેપાર. આ શબ્દ દ્વારા વ્યાપારિક આદાનપ્રદાન કે વિનિમયનો અને એના ચોકકસ ધોરણ અનુસારનો વ્યવહાર નિર્દિષ્ટ છે. આ રીતે વ્યાપાર શબ્દ ચોકકસ ધોરણ, વ્યવહાર, અપેક્ષા અને મનોભાવનો સૂચક બન્યો. વ્યાપારમાં નફો કે નુકસાન એ પરિણામ છે. આમ છતાં વ્યાપારમાં નુકસાન થાય, ખોટ થાય, વેપારી નાદાર ઠરે, અપેક્ષિત વ્યવહાર જળવાય નહિ ત્યારે એ અંગેના પ્રત્યાઘાતો 'વ્યાપાર' શબ્દ દ્વારા યોગ્ય રીતે નહીં થઈ શકે. એ શબ્દની ચોકકસ પ્રતિષ્ઠાનો ભંગ છે એટલે એનો ઉપયોગ યોગ્ય નથી અને મનના આવેગને તિરસ્કાર કે હતાશાના આવેગનું વહન એમાં યોગ્ય રીતે; ભાષકને સંતોષ થાય એ રીતે થતું નથી. એટલે એ શબ્દમાં અને એના ઉચ્ચારણ-ધ્વનિમાં પરિવર્તન થાય છે. અપેક્ષિત વ્યવહાર ન જાળવનાર કે નાદાર કરનાર વેપારી પરત્વે તિરસ્કાર કે ગુસ્સાના આવેગની અભિવ્યક્તિ કયારેક આ રીતે થાય છે: 'જોયો મોટો "વેપલો" માંડ્યો.' અહીં 'વેપલો' શબ્દ દ્વારા આપણા આવા મનોભાવો વ્યક્ત થાય છે. વ્યક્તિની વ્યાપારમાં નિષ્ફળતાનો કે ગૌણ વ્યવહારના અભાવનો એ સૂચક પર્યાય બને છે. આ રીતે શબ્દમાં અને ધ્વનિમાં પણ પરિવર્તન થાય છે. એ જ રીતે 'તપસ્વી' શબ્દ લઇએ. તપશ્ચર્યા કરનાર વ્યક્તિ એ એનો શબ્દાર્થ, પરંતુ એ શબ્દ પાછળ તપસ્વી કેવો હોય એની કલ્પના ગૂંથાયેલી છે. એ કલ્પના પ્રમાણે તપ કરનાર માટે તપસ્વી શબ્દ વપરાય. પરંતુ એવા અપેક્ષિત વ્યવહાર કે વર્તણૂકના અભાવમાં તપસ્વીના બદલે તપિયો થયું. તપસ્વીમાં સમતા હોય, ક્રોધ ના હોય. પરંતુ તપની સાથે ક્રોધ હોય ત્યાં એવી વ્યક્તિ માટે તપસ્વી વિશેષણ ઉચિત નથી. મુનિશ્રી ઉદયરત્નને ક્રોધની સજ્ઝાયમાં તપસ્વીની જગ્યાએ તપિયો શબ્દ આ રીતે વાપર્યો છે :

સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ્ય.

આ રીતે પરિવર્તન પામેલા ઘણા શબ્દો મળી આવે. જેમ કે

વેપાર	> વેપલો	વણિક	> વાણિયો	વેદ-વેદી	> વેદિયો
શેઠ	> શેઠિયો	કાણો	> કાણિયો	ભંગી	> ભંગિયો
તપસ્વી	> તપિયો	કાળો	> કાળિયા	સ્વાદ	> સવાદ

ઉપર જોયું તેમ 'વેપલો' શબ્દ માત્ર નિષ્ફળતાસૂચક નથી, કયારેક વ્યાપારમાં લીધેલાં જોખમનાં પ્રમાણમાં એનું વળતર કે નફો ન મળે ત્યારે ખુદ વ્યાપારી કહે છે: 'કર્યો મોટો વેપલો!' અહીં અપેક્ષિત નફા અંગેની નિરાશા વ્યકત થાય છે. એ જ રીતે શ્રી વિશ્વનાથ ભટ્ટે 'વીર નર્મદ' (પૃષ્ઠ ૧૦-૧૧), 'દુર્ગારામ ચરિત્ર (મહીપતરામ કૃત), અને 'નવલ ગ્રંથાવલિ' (નવલરામ કૃત)માંથી અવતરણો ટાંકીને એ યુગનું ચિત્ર આલેખ્યું છે, તેમાં એક અંગ્રેજ કલેકટરે હાઇસ્કૂલની પરીક્ષા લેવા માંડી. તે વખતે મુખ્ય શિક્ષકે વ્યાકરણ અને ભૂગોળના પ્રશ્નો પૂછવા તેને વિનંતી કરી. એટલે એ નાકનું ટેરવું ચડાવી બોલી ઉઠ્યો : 'What! Grammer and Geography to the Blacks ?' (એ કાળિયાઓને વળી વ્યાકરણ અને ભૂગોળ કેવાં?' અહીં રંગભેદનાં કારણે ગોરાઓનો કાળાઓ પરત્વેનો તિરસ્કાર વ્યકત થાય છે. અહીં એ નોંધવું રસપ્રદ થશે કે કાળાઓ માટે અંગ્રેજી ભાષાનો શબ્દ પરિવર્તન થયા વિના વપરાયો છે. એ શબ્દના ઉચ્ચારણમાં Black ધ્વનિમાં પરિવર્તન દ્વારા તિરસ્કાર વ્યકત થાય, જ્યારે આપણે ત્યાં કાળાંનું કાળિયાઓ થયું. સ્વાદમાંથી સવાદ થાય, જેમ કે, એમાં શું સવાદ કાઢ્યો? આ દૃષ્ટિએ ઘડતર ભાષાનાં શબ્દ અને ધ્વનિ પરિવર્તન અને ભાષાનાં વિનિયોગનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઇએ.

જુદા જુદા સંદર્ભમાં શબ્દો કેવી રીતે વપરાય છે, એનું અર્થઘટન કેવું હોય છે, એની પાછળ ભાષકોની મનોવૈજ્ઞાનિક ભૂમિકા કેવી હોય છે તેનો વિચાર થવો જોઇએ. તત્ત્વજ્ઞાની કે કેળવણીની વાતો થતી હોય ત્યારે વિદ્વાનને આદર અને ભાવથી આવકારવામાં આવે છે. પોતાના વતુંળમાં આવા

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૧)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૯૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૨૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જયનાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧૨-૮૫ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

ગૌતમસ્વામીનું ૨૫૦૦મું નિર્વાણ વર્ષ

ભગવાન મહાવીર સ્વામીનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ થોડાંક વર્ષ પહેલાં આખા વિશ્વમાં મોટા પાયા ઉપર ઊજવાઇ ગયો. એમના મુખ્ય ગણધર ગૌતમસ્વામીના નિર્વાણને આ વર્ષે ૨૫૦૦ વર્ષ પૂરાં થાય છે.

જૈન માન્યતા પ્રમાણે તીર્થંકર પરમાત્મા જે દેશના આપે છે તે અર્થથી આપે છે અને તેમના ગણધરો એ દેશનાને સૂત્રમાં ગૂંથી લે છે. લોકો સુધી તીર્થંકર પરમાત્માનો ઉપદેશ પહોંચાડવામાં ગણધર ભગવંતોનું કાર્ય અતિ મોટું અને મહત્ત્વનું હોય છે. ગણધર ભગવંત ન હોય તો ભગવાનનો ઉપદેશ બધા લોકો સુધી પહોંચી ન શકે. તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ઉપદેશ આપવો ચાલુ કરે. ગણધર ભગવંતોએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી રાહ જોવાની હોતી નથી. કારણ કે તેઓએ તીર્થંકર કથિત ઉપદેશનો પ્રસાર કરવાનો હોય છે. મતિ અને શ્રુતજ્ઞાન ઉપરાંત અવધિ અને મનઃપર્યવ જ્ઞાન પણ એમને હોઇ શકે, અને એ જ જન્મમાં તેઓને કેવળજ્ઞાન પણ અચૂક થાય જ એટલે કે બધા ગણધરો મુક્તિના અધિકારી અવશ્ય બને છે. પરંતુ તીર્થંકર ભગવાનની અનુપસ્થિતિમાં એમના ઉપદેશની જ્ઞાન-ગંગા વહાવવાનું ભગીરથ કાર્ય કર્તવ્યરૂપે ગણધર ભગવંતો કરતા હોય છે. એમનો ઉપકાર એ દૃષ્ટિએ લોકો ઉપર અમાપ છે.

ગૌતમસ્વામીને આપણે ગુરુ તરીકે પૂજીએ છીએ. પરંતુ મહાવીરના તો તેઓ શિષ્ય હતા. એટલે ગૌતમસ્વામી એક વિશિષ્ટના અને એક ગુરુના એમ બંને પ્રકારના ઉત્તમોત્તમ લક્ષણો હતાં. એ દૃષ્ટિએ ગૌતમસ્વામી એટલે ગુરુ-શિષ્ય પરંપરાનો ભારતીય આદર્શ એમ કહી શકાય.

ભગવાન મહાવીર જાતે ક્ષત્રિય હતા. ગૌતમસ્વામી જાતે બ્રાહ્મણ હતા. એમનું નામ ઇન્દ્રભૂતિ હતું. ગોબ્બર નામના ગામમાં રહેતા વસુભૂતિના અને એમની પત્ની પૃથ્વીના તેઓ પુત્ર હતા. એમનું ગોત્ર નામ ગૌતમ હતું એટલા માટે ગૌતમસ્વામી તરીકે તેઓ સુપ્રચલિત છે.

મહાવીરસ્વામી કરતાં આઠ વર્ષ ઉંમરે મોટા, વૈદિક ધર્મના અભ્યાસી, યજ્ઞાદિ ક્રિયાઓ કરનાર કર્મકાંડી એવા ઇન્દ્રભૂતિ ગૌતમનું ભગવાન મહાવીર સાથે પાવાપુરીમાં કેવી રીતે પ્રથમવાર મિલન થાય છે. અને ભગવાન પોતાના જ્ઞાન અને વાત્સલ્ય વડે ઇન્દ્રભૂતિ ગૌતમની શંકાઓનું, વેદનાં જ વચનો દ્વારા નિવારણ કરીને કેવી રીતે એમનો પ્રેમ જીતી લે છે તે પ્રસંગ ઘણો રસિક છે. ભગવાન આગળ સ્વેચ્છાએ હર્ષપૂર્વક શરણાગતિ સ્વીકારી ઇન્દ્રભૂતિ ગૌતમ પોતાના બીજા ભાઇઓ સાથે ભગવાન મહાવીર સ્વામીનું શિષ્યપણું સ્વીકારે છે. એ જૈન પરંપરાની એક મહત્ત્વની ઘટના છે.

મહાવીરસ્વામીનું ગૌતમસ્વામી પ્રત્યેનું વાત્સલ્ય કેટલું બધું હતું તે તો ભગવતીસૂત્રમાં ભગવાનના મુખે છત્રીસ હજાર વાર 'गोयमा' (ગૌતમ) શબ્દ બોલાય છે તે પરથી જોઇ શકાય છે.

ગૌતમસ્વામી ભગવાનની સાથે જ બધે વિચરે છે. ભગવાનની અમૃતમય ઉપદેશવાણીનું સતત પાન કરવાથી એમને પોતાને તો ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું છે, પરંતુ અનેક લોકોની શંકાઓનું સમાધાન કરાવવાના આશયથી સમવસરણમાં તેઓ હંમેશા ભગવાનને પ્રશ્નો પૂછતા જ રહ્યા હતા.

ગૌતમસ્વામીમાં વિનય અને સરળતાના ગુણ એટલા મોટા હતા કે ભગવાન જ્યારે એમને આનંદ શ્રાવક પાસે જઇને અવધિ જ્ઞાન વિશેની પોતાની ભૂલ માટે ક્ષમા માગવાનું કહે છે. ત્યારે જરા પણ આનાકાની વગર તેઓ આનંદ શ્રાવકની પાસે જઇને ક્ષમા માંગે છે. તીર્થંકર ભગવંતના મુખ્ય ગણધર એક ગૃહસ્થની પાસે જઇ ક્ષમા માંગે એ પણ કેવી મોટી ઘટના. ક્ષમા, વિનય અને આર્જવનું કેવું પ્રેરક દૃષ્ટાંત !

ગૌતમસ્વામીને મહાવીરસ્વામી પ્રત્યે તીવ્ર અનુરાગ હતો. એ અનુરાગને કારણે જ એમને કેવળજ્ઞાન થતું ન હતું. નિર્વાણ સમયે ભગવાને ગૌતમસ્વામીને મોકલ્યા દેવશર્માને પ્રતિબોધ પમાડવા માટે. નિર્વાણ સમયના એ વિયોગે જ ગૌતમસ્વામીના જ્ઞાનચક્ષુ ખોલ્યાં. એમનો ભગવાન પ્રત્યેનો રાગ પ્રશસ્ત રાગ હતો. પરંતુ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં એટલે રાગ પણ અંતરાય રૂપ બને. જૈનદર્શનની આ સૂક્ષ્મ, તાત્ત્વિક વાત બધાને કદાચ તરત ન પણ સમજાય. રાગ અને દ્વેષ ઉભયથી રહિત આત્મદશા જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય એમ જૈનદર્શન કહે છે.

ગૌતમસ્વામીનો આત્મા નિર્મળ હતો. તપ, સંયમ અને શુભ ભાવ વડે એમણે કેટલી બધી લબ્ધિઓ અને સિદ્ધિઓ મેળવી હતી ! એમના હાથે દીક્ષિત થનાર સાધુઓ કેટલી ઝડપથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરતા. ગૌતમસ્વામીએ પોતાની લબ્ધિ-સિદ્ધિની

બાબતમાં કે પોતાના કરતાં શિષ્યોને વહેલા થતા કેવળજ્ઞાનની બાબતમાં કયારેય સ્વાર્થયુકત દુર્ભાવ સેવ્યો નથી. આવી મહાન વિભૂતિને પણ ભગવાન વારંવાર ઉપદેશે છે કે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર! 'समयं गोयं मा पमायए'-એ ભગવાનની ઉદ્ધિત માત્ર ગૌતમસ્વામીએ જ નહિ સૌએ જીવનમંત્ર તરીકે સ્વીકારવા જેવી છે.

દિવાળીના દિવસે ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા. બેસતા વર્ષના દિવસે પરોઢિયે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ પાવાપુરીમાં દિવાળીના દિવસે આખી રાત લોકો મહાવીરસ્વામી અને ગૌતમસ્વામીનો જાપ કરે છે. કેટલાક સૈકાથી બેસતા વર્ષના દિવસે વિનયપ્રભ મહારાજે લખેલો ગૌતમસ્વામીનો રાસ વાંચવાની પરંપરા આજ દિવસ સુધી ચાલી આવી છે. ગૌતમસ્વામીનો મહિમા કેટલો મોટો છે એ તે દર્શાવે છે.

ગૌતમસ્વામીએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી બાર વર્ષ સુધી ગામેગામ વિચરી ભગવાનના ઉપદેશનો પ્રચાર કર્યો. અનેક લોકોને ધર્મના માર્ગે વાળ્યા, અનેક આત્માઓને મુકિતપથગામિ બનાવ્યા. ૯૨ વર્ષની ઉંમરે રાજગૃહીમાં વૈભારગિરિ પર્વત ઉપર એક માસનું અનશન કરીને તેઓ નિર્વાણ પામ્યા. (એમની ચોકકસ નિર્વાણ તિથિનો નિર્દેશ કયાંય મળતો હોય એવું જાણવામાં નથી.) એ વિશે આંતર-બાહ્ય પ્રમાણો દ્વારા સંશોધન થવાની જરૂર છે.

ગૌતમસ્વામીનું આ ૨૫૦૦ નું નિર્વાણ વર્ષ છે. ગુરુ-શિષ્યની પરંપરાના મહિમાની દૃષ્ટિએ આ નિર્વાણ વર્ષની ઊજવણી ઘણે સ્થળે થશે અને થવી પણ જોઇએ. લોકોને એમનો સવિશેષ પરિચય થાય એવા કાર્યક્રમો થવા જોઇએ. પરંતુ એકલા સમારંભી કાર્યક્રમોથી સંતોષ ન માનવો જોઇએ. ગૌતમસ્વામી વિષે આગમ સાહિત્યમાં અનેક સંદર્ભો મળે છે. નવા નવા દૃષ્ટિકોણથી ગૌતમસ્વામીના જીવન અને કાર્યનો સંશોધનાત્મક, સંગીન અભ્યાસ પણ થવો જોઇએ. તો જ એમનું ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવની ઊજવણી સાર્થક ગણાય.

-રમણલાલ ચી. શાહ

'સ્વર્ગની લગોલગ' ? 'હા.'

* ગુલાબ દેઢિયા *

'આ વિષય ઉપર મને લખતો જોઇ ઘણાંને સકારણ આશ્ચર્ય થશે. મારા જ્ઞાનનો કે અનુભવનો આ વિષય નથી.' આ શબ્દો સાથે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે એક 'લેખ'ની શરૂઆત કરી હતી. લેખનું શીર્ષક હતું 'પ્રેમ.' જેમાં એમણે બે પુસ્તકો વિશે લખ્યું હતું. એક પુસ્તક મણિલાલ નભુભાઇ દ્વિવેદીનું આત્મવૃત્તાંત અને બીજું મૈત્રેયી દેવીનું 'न हन्यते.' પ્રથમ પુસ્તકથી ખેદ અને બીજા પુસ્તકના વાચનથી એમણે પ્રસન્નતાની લાગણી અનુભવી હતી.

બંગાળી લેખિકા મૈત્રેયી દેવીની નવલકથા 'न हन्यते' (જે હણી શકતો નથી તે-પ્રેમ) એક કરતાં વધુ વખત વાંચવા જેવી નવલકથા છે. જેનો ગુજરાતી અનુવાદ રવીન્દ્રતત્ત્વાચાર્યની ઉપાધિથી વિભૂષિત આપણાં પ્રવર અનુવાદક શ્રી નગીનદાસ પારેખે કર્યો હતો. આ નવલકથા યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસ-ક્રમમાં છે અને એની ચર્ચાઓ સાહિત્યરસિક વર્ગમાં થતી નથી ત્યાં જ મૈત્રેયી દેવીના બીજા એક પુસ્તક 'સ્વર્ગની કાછાકાછિ'નો નગીનદાસ પારેખે અનુવાદ કર્યો છે, 'સ્વર્ગની લગોલગ.' આ નવલકથા નથી, રવીન્દ્રનાથે મૈત્રેયી દેવીને લખેલ પત્રોનું પુસ્તક છે. અને તેમ છતાં નવલકથા જેટલું જ રસપ્રદ છે. હાથમાં લીધા પછી પૂરું કર્યા વગર મૂકવાનું મન ન થાય એવું છે. આ પત્રો એક અસ્તોન્મુખ વિરાટ પ્રતિભાના અંતરાત્માનાં સાક્ષી છે. પ્રેમ આપવા અને સ્વીકારવામાં રવીન્દ્રનાથ કેવા અદ્વિતીય હતા એની ઝાંખી આ પુસ્તક દ્વારા થાય છે.

તત્ત્વજ્ઞાનના સમર્થ અભ્યાસી સુરેન્દ્રનાથ દાસગુપ્ત સાથે રવીન્દ્રનાથને પરિચય હતો, તે સુરેન્દ્રનાથની પુત્રી મૈત્રેયી દેવી સાથે વિકાસ પામી એની પરમ કક્ષાએ પહોંચ્યો.

લગભગ ચૌદ વર્ષ સુધી રવીન્દ્રનાથે લખેલ અનેક પત્રો અહીં છે. છતાં આ માત્ર રવીન્દ્ર પત્ર-સંચયનો સંગ્રહ નથી. કારણ કે, દરેક પત્રને એમ ને એમ નથી મૂકવામાં આવ્યો. મોટા ભાગના પત્રો પછી લેખિકાએ પોતે એને અનુરૂપ તે પત્ર લખાયો ત્યારનું વાતાવરણ, પોતાની મનોસ્થિતિ, રવીન્દ્રનાથનું વ્યકિતત્વ, તેમની સર્વગામી અસર એ બધા વિશે એટલી તો સુંદર રીતે લખ્યું છે કે, પત્રોની આસપાસ એક ધબકતું જીવંત વાતાવરણ રચાઇ જાય છે. વિતી ગયેલી પળો ફરી સ્મૃતિવિશેષ બની રહે છે. આ પુસ્તકમાં જો પૂરા તલ્લીન થઇ જઇએ તો એવું લાગે કે આપણે પોતે જ મૈત્રેયી દેવીની ભૂમિકા ભજવી રહ્યા છીએ અને વત્સલ રવીન્દ્રનાથ આપણને સંબોધીને પત્રધારા વરસાવી રહ્યા છે.

રવીન્દ્રનાથ જેવા મહામાનવને કેટકેટલી નોખનોખી બાજુએ હશે! એમની વિચારધારા તો એમના સાહિત્ય-સર્જન દ્વારા આપણી સામે આવે છે, છતાં વ્યકિત રવીન્દ્રનાથનો સ્વભાવ, ટેવો, દિનચર્યા, વૃદ્ધાવસ્થાના વિચારો, નિતાંત પ્રેમ, આંતરબાહ્ય જરૂરિયાતો વગેરે અહીં પત્રોમાં ઝીલાઇ છે. રવીન્દ્રનાથને નિકટથી જોનાર જાણનાર, એમનો અખૂટ સ્નેહ પામનાર ભાવક મૈત્રેયી દેવીનો એમના પ્રત્યે જે અહોભાવ અને ભકિત એવાં તો ઉદાત્ત છે કે તે આપણને પુલકિત કરી દે છે.

તેર વર્ષની કવિમાનસ ધરાવતી બાલિકા મૈત્રેયી ઉપર ૧૯૨૭ માં રવીન્દ્રનાથનો પ્રથમ પત્ર આવે છે. પછી તો પત્ર વ્યવહાર ચાલ્યા જ કરે છે. છેક ૧૯૪૧ સુધી જે રવીન્દ્રનાથનો અંતકાળ છે એ ચૌદ વર્ષની વાતો આ પુસ્તકમાં છે. જ્યારે મૈત્રેયી દેવી હજી ત્રીસ વર્ષની ઉંમરે પહોંચ્યા નહોતા. અને આ પુસ્તક તો લખાયું છે ૧૯૮૦ ની આસપાસ, જ્યારે લેખિકા પોતે પાંસઠ વર્ષ વટાવી ગયાં છે. રવીન્દ્રનાથ સદેહે નથી એને ચાળીસ વર્ષ થઇ ગયાં છે. છતાં અહીં એક એવી બાલિકા, કિશોરી અને યુવતીની કથા છે જે રવીન્દ્રનાથનું વાત્સલ્ય પામીને ધન્ય થઇ છે, અને પોતાની ભકિત અને અનુરાગ પણ કેટલી ઊંચી સપાટીએ આત્મસાત કર્યો છે તે જાણી શકાય છે.

મૈત્રેયી દેવી શાંતિનિકેતનનાં વિદ્યાર્થીની નહોતાં કે

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૧ મું)

અધિકરણ–ઉપકરણાદિ

પં. પનાલાલ જગજીવન ગાંધી

(ગતાંકથી પૂર્ણ)

ધર્મશાસ્ત્ર સમજવા હોય તો સ્વરૂપથી સમજવા જોઇએ. માત્ર બાહ્ય સાધનાથી ધર્મશાસ્ત્ર સમજવાં ન જોઇએ, કેમ કે સાધન તો પરિવર્તનશીલ છે, અનિત્ય છે. સામાયિક આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપયોગથી થાય છે. બહારનું અનુકૂળ સાધન તો કટાસણું-ચરવળો-સ્થાપનાજી આદિ છે; જે ઉપકરણો છે. તે અંદરના આત્માના-અંતઃકરણના સામાયિક ભાવનું અર્થાત્ સમભાવનું બાહ્ય પ્રતીક છે. એ પ્રતીકના કારણે અન્ય એના સાધકભાવને સમજી-સન્માનીને ખલેલ પહોંચાડતા નથી. પોતાના રૂપમાં પોતે જાય તે માટેનું અનુરૂપ જે કારણ છે તે અસાધારણ કારણ છે. અને એ પોતાનો ઉપયોગ છે. અર્થાત્ સાધક વ્યક્તિનું સ્વયંનું અંતઃકરણ છે. જ્યારે નિમિત્તકારણ એવું ઉપકરણ એટલે કે દેવ ગુરૂ-મંદિર-મૂર્તિ-આગમ ગ્રંથાદિ સ્વરૂપમાં જવનું અનુકૂળ સાધન છે. જ્યારે અધિકરણ એ તો સ્વરૂપથી વિમુખ બનાવનાર એવું વિભાવમાં લઇ જનારું આત્માને પ્રતિકૂળ સાધન છે. ધર્મ અંતઃકરણને સામેલ રાખીને કરણ દ્વારા કરવાનો છે. ઉપકરણ તો અધિકરણથી બચવા રૂપ સાધન માત્ર છે.

અધિકરણનું ઉત્પાદન કરીને એ ઉત્પાદિત સામગ્રીનો ભોગ પણ નિદ્રામાં નથી કરી શકાતા. જાગૃતાવસ્થામાં જ એ ઉત્પાદિત સામગ્રીનો ભોગ કરી શકાય છે. એ આપણા સહુના અનુભવની વાત છે.

–જેના પરથી સાધકે વિચાર કરવાનો છે કે – ઉપકરણયુક્ત કરણ વડે અંતઃકરણની જાગૃતિ સિવાય આત્મસુખ શી રીતે પ્રાપ્ત થશે? આત્મા તો ત્યારે જ મળે જ્યારે આત્માને સંભાળીએ. શાસ્ત્રો ભણવા છતાં જો આત્માને સંભાળવામાં ન આવે તો આત્માને નિરાવરણ નથી કરી શકતો. એથી વિપરીત, શાસ્ત્ર નહિ ભણવા છતાં ય જો આત્મા પ્રત્યે જાગૃતિ રાખીશું તો સકામ નિર્જરા કરી શકીશું. માસુષ, માતુષ મુનિનું દૃષ્ટાંત આપણી પાસે મોજુદ છે.

અધિકરણની અપેક્ષાએ ઉપકરણ અને કરણની ખૂબ કિંમત છે. એમાં સાધકે જાગૃત રહેવાનું છે. અધિકરણ અગર ઉપકરણ પુદ્ગલના બનેલા હોય છે જે નાશવંત હોય છે. એનાં શાસ્ત્રો પણ બદલાતાં રહે છે. નિત્ય નથી. ઉપકરણ (સાધન), સાધકને સાધનામાં આવશ્યક છે અને અનુકૂળ છે પરંતુ ઉપકરણ અમુક જ જોઇએ અગર અમુક ઉપકરણ હોય તો જ સિદ્ધિ વરે એવો આગ્રહ ન હોવો જોઇએ. આની સામે અંતઃકરણ અર્થાત્ આત્મા અર્થાત્ ઉપયોગ એ નિત્ય છે-શાશ્વત છે-અવિનાશી છે. આત્મા અંતઃકરણ જ સાધનાની સિદ્ધિ રૂપે પરમાત્મા બને છે. સાચા સાધકો અને જ્ઞાની પુરુષો કદી બહારનાં ઉપકરણોના ઝઘડા કરે નહિ. જો કરે તો જ્ઞાની નહિ. જેનું ઉપકરણ હોય તેનું તેને સોંપી દેવું જોઇએ. આપણે આપણું ઉપકરણ સાધના માટે બનાવી લઈ તેની મદદથી સાધ્યની પ્રાપ્તિ કરી લેવી જોઇએ.

મનુષ્ય ભવની કિંમત કરી છે તે એટલા જ માટે કે અપેક્ષા અને નિમિત્ત કારણને પામીને મનુષ્યનો જીવ જ મોક્ષના કારણરૂપ અંતરંગ અસાધારણ કારણ (ગુણ) અને ઉપાદાન કારણ (ગુણી સ્વયં)ને પામી શકે છે.

જેમ જેમ ઉપકરણો (સાધનો) ઓછાં થતાં જાય તેમ તેમ સાધકની સાધના ઊંચી અને ઊંચી થતી જાય છે. આગળ આગળની સાધના થાય છે. સાધનથી સિદ્ધિ મેળવી તેનાથી પર થવું તે સાધના છે.

ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાનકની સાધનામાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને ઉપકરણો હોય છે. સાતમા ગુણસ્થાનકે અને ત્યાર બાદ ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિ માંડે છે એમાં જે સાધના છે તે કેવળ અંતઃકરણની સાધના છે. એ ગુણસ્થાનકોની ઉપકરણ અનુલક્ષીને વ્યવહારુ વાતો પણ નથી. (૮ થી ૧૨ ગુણસ્થાનકો)

યોગ સ્થૈર્યતા આવવી જોઇએ. સ્વાવલંબી બનવું જોઇએ. સાધનામાં ઓછામાં ઓછા સાધન કરતાં જવું જોઇએ. સાધન ખોટાં નથી પણ સાધન પ્રાપ્ત કરી સાધકે જે સાધકભાવો કરવાં જોઇએ અગર તો થવા જોઇએ તે થતાં નથી. એની ઊણપ છે. સાધન પામીને સાધક જો સાચા સાધકભાવો કરે તો સિદ્ધિ પામે. સાધક સાચો ત્યારે કે જ્યારે એની સાધનામાં એ સાધનોથી પર થતો જાય એટલે કે ઉપર ચઢતો જાય.

જ્યાં કરણ અને ઉપકરણની પ્રધાનતા માટે આગ્રહ હોય ત્યાં સંપ્રદાયવાદ હોય છે. આધ્યાત્મની મૂળદૃષ્ટિ સ્વયંની જિજ્ઞાસા અને વિવેકદૃષ્ટિ હોય છે, જે અંતઃકરણનું તત્ત્વ છે.

અધ્યાત્મમાં પુણ્ય અને પાપકર્મ ઉપર દૃષ્ટિ ન કરતાં એથી પર પરમાત્મત્વ ઉપર દૃષ્ટિ કરવાની હોય છે, જિજ્ઞાસામાં સતતત્ત્વની શોધ માટે વિવેકનો ઉપયોગ હોય છે. અને સત્ય ન સાંપડે ત્યાં સુધી અજંપો અને પીડા હોય છે. વિવેક અને જિજ્ઞાસા એ મોક્ષમાર્ગમાં અભ્યંતર પ્રાપ્ત સાધન છે, જેનાથી તરાય છે ભવપાર ઉતરાય છે.

બાહ્ય પંચાચારના સાધનના સેવનથી અને પાલનથી વિવેક જિજ્ઞાસા આદિ જે અસાધારણ કારણ છે અર્થાત્ નિશ્ચય કારણ છે એને પામી શકાય છે એને તરી શકાય છે. સામાયિક આદિની આપણી સાધકની ક્રિયા પૂરી થયેલી ત્યારે જ લેખાય જ્યારે કેવલજ્ઞાન પ્રાપ્ત થાય. કૃતકૃત્ય થઇએ ત્યારે પૂરું થયું કહેવાય. ત્યાર પછી ક્રિયા કરવાની જ ન હોય.

ઉપકરણ અને કરણ વડે જીવ અંતઃકરણમાં પ્રવેશ કરે તેની જવાબદારી ગુરુની, શાસ્ત્રની અને શાસ્ત્રના પ્રવક્તાની છે. અંતઃકરણમાં મોક્ષને યોગ્ય સાત્ત્વિક ભાવ હોય તો સમકિત વર્તી શકે છે. પછી કરણ-ઉપકરણ ગમે તે ભેદે હોય. સિદ્ધના પંદર ભેદનો પાઠ આ વિધાનને પુષ્ટિ આપનાર છે. માટે જ સાધકે સ્વયં માટે તો સાધનનો આગ્રહ અંતઃકરણમાં રાખવાનો છે. પ્રત્યેક સાધકે સ્વયંનું નિરીક્ષણ કરવાનું છે, કે અનુકૂળ ઉપકરણ-કરણને પામીને અંતઃકરણની શુદ્ધિ થઇ કે નહિ? મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ-ચાર અંતઃકરણના ભેદ છે. મનમાં ઇચ્છાના તરંગો શાંત થયાં કે નહિ? બુદ્ધિ સદ્‌બુદ્ધિ થઇ કે નહિ? ચિત્તમાંથી બિનજરૂરી સ્મૃતિનો સંગ્રહ રૂપી કચરો નીકળી જઇ ચિત્ત ચોખ્ખું થયું કે નહિ? પર પૌદ્‌ગલિક વસ્તુ પ્રત્યેનો મારાપણાનો ભાવ, હુંકાર ભાવ તે અહંકાર. એ અહંકાર ઓછો થયો કે નહિ તેનું સાધકે આંતરદર્શન કરવું જોઇએ.

અંતઃકરણમાં આશય અને લક્ષ્ય મોક્ષનો હોય તો તે આત્મા સમ્યગ્‌ભાવમાં વર્તતો હોય છે. પરંતુ જો આશય અને લક્ષ્ય મોક્ષના ન હોય તો તેવો આત્મા પહેલાં ગુણસ્થાનકે હોય છે.

પ્રથમ ઉપકરણથી ધર્મ થાય અને પછી આગળ કરણથી ધર્મ થાય. ઉભય બાહ્યધર્મ છે. એથી આગળ ખરો ધર્મ અંતઃકરણથી થાય છે. દાન-શીલ-તપ-ભાવ ધર્મના ક્રમમાં પણ સહેજે આ વાત સમજાય એમ છે ઘાતિકર્મ ખપે છે અંતઃકરણથી કરેલ ધર્મ વડે. યમ, નિયમ એટલે કે ઉપકરણ-કરણમાં ન અટકતાં સાધકે અંતઃકરણમાં આગળ વધવું જોઇએ. બાહ્ય તપનો કરણ ધર્મમાં સમાવેશ થાય જ્યારે અભ્યંતરધર્મનો પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, કાઉસગ્ગનો અંતઃકરણમાં સમાવેશ થાય.

યમ-નિયમ એટલે પાંચ મહાવ્રત કે બાર અણુ વ્રતથી ન્યાય – નીતિ – પ્રામાણિકતા આદિ પૂર્વકનું જિવાતું નિર્દોષ, નિરુપદ્રવી વિવેકી જીવન.

ત્યારબાદ આસન બતાડેલ છે. જે આસનનું વિધાન જૈન-દર્શનમાં સંલીનતા તપથી બતાડેલ છે કે અંગોપાંગ સંકેલીને રાખ્યા નહિ. આસનથી શરીર રોગી ન થતાં યોગી બની રહે છે જેની અંતઃકરણ ઉપર અસર થાય છે.

એથી આગળ પ્રાણાયામ અને પ્રત્યાહાર બતાડેલ છે. જેનાથી મનોનિગ્રહ અને ઇન્દ્રિયનિગ્રહ અનુક્રમે કરવાનો હોય છે. એની પણ અસર અંતઃકરણ ઉપર થાય છે માટે ઉપયોગી છે. આ કરણ (શરીર)થી થતી સંયમ અને તપની સાધના છે.

ત્યાર પછીના અંતિમ તબક્કામાં શુદ્ધ ને સ્થિર થયેલ શરીર ઇન્દ્રિય પ્રાણ-મન અને બુદ્ધિને પરમાત્માના સ્વરૂપની વિચારણાના ચિંતનથી ધારણા-ધ્યાન અને સમાધિમાં પ્રવેશવાનું છે જે અંતઃકરણની સાધના છે.

પરક્ષેત્રી, પરસાધન એવાં ઉપકરણ અને સ્વક્ષેત્રી અભિન્ન સાધન એવાં કરણ દ્વારા સાધકે અંતઃકરણ અર્થાત્ અસાધારણ ને ઉપાદાનકારણમાં પ્રવેશ કરીને ત્યાં અંતરક્રિયા કરી મોક્ષ-પુરુષાર્થ કરવાનો છે. કરણ અને ઉપકરણ દ્વારા જે સાધના થાય છે તે નિષેધાત્મક (Negative) સાધના છે જે અધિકરણ સામે બચાવ (Defence) સંરક્ષણરૂપ છે જ્યારે અંતઃકરણમાં ઉપાદાન, અસાધારણ કરણની શુદ્ધિ કરવારૂપ સાધના કરવી તે મોક્ષમાર્ગમાં વિધેયાત્મક (Positive) સાધના છે, જે કર્મ ઉપરનું સીધું આક્રમણ (Attack) અર્થાત હુમલો.

ઉપકરણ અને કરણથી અતીત થવું જોઇએ અને ભાવ આશ્રિત ભાવ કરવા જોઇએ. અર્થાત્ અંતઃકરણ અંતરાત્માને ખીલવવો-કેળવવો-વિકસાવવો (Develop) કરવો જોઇએ.

તપ દરમિયાન મનને કરણ (શરીર) થી જુદું પાડવું જોઇએ. દેહાધ્યાસ છોડી દેવો જોઇએ. માત્ર કરણ-ઉપકરણ સુધીની જ સાધના કરવાને અંગે અભવિ જીવો નવગ્રૈવેયકના સ્વર્ગસુખ સુધી જ પહોંચી શકે છે. અપવર્ગના મોક્ષ સુખને તેઓ પ્રાપ્ત કરી શકતા નથી કેમ કે અંતઃકરણની તથા પ્રકારની અભ્યંતર સાધના થતી હોતી નથી.

રસ-રુધિર-માંસ-મેદ-મજ્જા-અસ્થિ અને શુક્ર (વીર્ય) જેમ શરીરની સાત ધાતુ છે. તેમ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય એ પાંચ આત્માની ધાતુ છે. એ પાંચ જીવના સ્વરૂપ લક્ષણો છે. અને તે અંતઃકરણમાં રહેલ છે. એના દ્વારા પરમાત્મા સાથે સંબંધિત થઇ સ્વરૂપને અનુરૂપ જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર એ પંચાચાર તરીકે ઓળખાતાં પાંચ આચારનું પાલન-સેવન કરી સાધકે સ્વરૂપથી તદ્રૂપથી થવું જોઇએ.

સામાયિક લેવાની ક્રિયામાં માંગવામાં આવતા આદેશથી પણ સ્પષ્ટ થાય છે કે ઉપકરણ-કરણમાંથી અંતઃકરણમાં જવા ઉપકરણ-કરણની મદદથી અંતઃકરણમાં ધર્મ કરવાનો છે.

'સામાયિક મુહપત્તી પડિલેહું' એ આદેશ ઉપકરણ વિષયક છે. 'બેસણે સંદિસાહુ' અને 'બેસણે ઠાઉ' એ કરણવિષયક આદેશ છે. અને અંતે 'સઝાય સંદિસાહુ' ને 'સઝાય કરું' એ અંતઃકરણને લગતો આદેશ છે.

એ જ પ્રમાણે સામાયિક પારવાના સામયિય વયજુત્તો સૂત્રમાં 'સામાયિય વયજુત્તો' એ ઉપકરણ વિષયક છે જ્યારે 'જાવ મણે હોઇ નિયમ સંજુત્તો છિન્નહિ અસુહં કમ્મ' એ અંતઃકરણ સૂચક સૂત્રવાક્યો છે.

જિન પડિમા જિન સારિખી કંચનના કરે જેહ
બ્રહ્મવ્રતથી બહું ફળ લહે તમો નમો શિવળ સુદેહ...

વીસ સ્થાનક પૂજાનો આ દુહો ઉપકરણ ઉપર કરણની પ્રધાનતા દર્શાવે છે.

જે ઉપાય બહુવિધની રચના યોગ, માયા તે જાણો રે,
શુદ્ધ દ્રવ્યગુણ પર્યાય ધ્યાને શિવ દીયે સપરાણો રે,
કોડિ તપ કરી જે ફળ લહિયે તે જિનધ્યાને લહશું,
જિનવર ધ્યાઇએ રે મોક્ષમાર્ગનો દાતાર...

મૌન એકાદશી સ્તવનમાં

કોઇ પતિ રંજન અતિ રંજન અતિ ઘણો તપ કરે,
પતિ રંજન તન તાપ
એ પતિ રંજન મે નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ

–આનંદઘનજી.

ધ્યાકાજિનેશ! ભવતો ભવિન : ક્ષણેન, !
દેહં વિહાય પરમાત્મ-દશાં વ્રજન્તિ...

કલ્યાણમંદિર સ્તોત્ર.

ઉપરોક્ત આ ત્રણે વિધાન જે શાસ્ત્રીય છે એ કરણ ઉપર અંતઃકરણની પ્રધાનતા પુષ્ટિ આપે છે.

અંતે એટલું જ જણાવવાનું કે આપણે સહુ ઉપકરણ દ્વારા, અધિકરણ અને એથી થતાં પાપથી બચતાં રહીને, કરણને શુદ્ધ કરી અંતઃકરણમાં પ્રવેશ કરી અંતઃકરણની શુદ્ધિ રૂપ પ્રથમ સાધના કરી સ્વરૂપને નિરાવરણ કરી સ્વયં પરમાત્મા બનીએ.

ટૂંકમાં સ્થૂલમાંથી સૂક્ષ્મ દ્વારા શૂન્યમાં જઇ શૂન્ય બનીએ અર્થાત્ પૂર્ણ થઇએ.

સાભાર – સ્વીકાર

લેખક : રમેશ ર. દવે, ૫, પલિયડ નગર, નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩ ના પ્રકાશનો ગુજરાતી નવલકથામાં પાત્રનિરૂપણ ભા. ૧. કીંમત ૩૦-૦૦ તથા ભા. ૨ કીંમત રૂ. ૩૭-૦૦

મધ્ય કાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન : લેખક જયંત કોઠારી; કીંમત રૂ. ૫-૦૦ મંગલા કોઠારી : શુભ મંગળ, ૨૪, સત્યકામ સોસાયટી, અમદાવાદ – ૩૮૦૦૧૫.

Vidya : Prakit Jain Vidya Vikas Fund, 375, Saraswati Nagar Ahmedabad-380015.

નવાં મૂલ્યોની શોધમાં : લેખક ભૂવનેશ ઓઝા, કીંમત રૂ. ૬-૦૦ વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ : વડોદરા-૫.

ચોથા પ્રકારનો સંબંધ

★ મનોજ્ઞા દેસાઈ

હમણાં થોડાં વર્ષોથી ecology અથવા 'પર્યાવરણશાસ્ત્ર' નું મહત્ત્વ વધ્યું છે. રઘુવીરભાઈ ચૌધરીએ 'પર્યાવરણશાસ્ત્ર' શબ્દને અપર્યાપ્ત ઠેરવ્યો છે. એમના સૂચવ્યા પ્રમાણે 'જીવજગતના સંબંધનું શાસ્ત્ર' કહી શકાય. ઘણાં જંગલો કપાઈ ગયાં-લગભગ ચાલીસ ટકા જેટલાં, ત્યારે માનવને ખ્યાલ આવ્યો કે વડ ને પીપળો શા માટે પૂજવાં જોઈએ. ટૂંકમાં-હમણાં લોકોને પોતાના આજુબાજુના સજીવ-નિર્જીવ પદાર્થો સાથેના સંબંધો વિષે જાગૃતિ આવી છે.

આ જીવજગતશાસ્ત્રમાં બે જીવોના એકબીજા સાથેના સંબંધો દર્શાવ્યા છે.

અમરવેલને પોતાને પાન કે મૂળ કશું જ નથી. તેથી એ ખોરાક પણ નથી બનાવી શકતી કે નથી પાણી મેળવી શકતી. આમ એ પોતાના જીવનનો સંપૂર્ણ આધાર બીજી વનસ્પતિ પર રાખે છે. એનો બનાવેલો ખોરાક અને એણે મેળવેલું પાણી શોષે છે. અમરવેલને ફાયદો છે તો એ જેના પર જીવે છે તેને નુકસાન છે.

પ્રાણીમાત્ર ખોરાકની બાબતમાં તો પરોપજીવી છે. સીધી રીતે અથવા આડકતરી રીતે ખોરાક બનાવી શકવાવાળી તો માત્ર લીલી વનસ્પતિ છે. શાકાહારી પ્રાણીઓ વનસ્પતિનો સીધો ઉપયોગ કરે છે, જ્યારે માંસાહારી પ્રાણીઓ શાકાહારી પ્રાણીઓને ખાઈને એનો ઉપયોગ કરે છે.

આમાં પણ દેખીતી રીતે એકને ફાયદો છે, બીજાને નુકસાન.

એક જાતની માછલી હોય છે, જે હંમેશા બીજી મોટી માછલીને વળગીને રહે છે. એની સાથે જ્યાં જાય ત્યાં ફરે છે. મોટી માછલીના ખોરાકમાંથી વધેલું જે એ છોડી દે છે તે આ નાની માછલી ખાય છે.

આમાં નાની માછલીને ફાયદો છે અને મોટીને ખાસ નુકસાન નથી.

વળી એક ત્રીજા પ્રકારનો સંબંધ પણ જોવા મળે છે. તે છે સહજીવન.

વાલ-વટાણા જેવા છોડવાનાં મૂળ પર નાની-મોટી ગાંઠો જોવા મળે છે, એમાં બેક્ટેરિયા હોય છે. બેક્ટેરિયાને રહેવાને ઘર મળે છે અને એના બદલામાં એ બેક્ટેરિયા એ છોડને હવામાંનો નાઇટ્રોજન શોષી આપે છે.

આમ ત્રણ પ્રકારના આ સંબંધો થયા. એકને ફાયદો અને બીજાને નુકસાન, એકને ફાયદો તથા બીજાને નહીં ફાયદો-નહીં નુકસાન અને બન્નેને ફાયદો.

વળી આ બધાં ઉદાહરણો આપણને કુદરતમાં જ જોવા મળે છે. એના પર કુદરતનો જ મુખ્ય અંકુશ છે. અમરવેલને પાન કે મૂળ નથી. એમાં એનો વાંક નથી. તેથી સ્વાભાવિક-પણે એ બીજા છોડમાંથી જ પોતાનો જીવનરસ ચૂસશે. બેક્ટેરિયાને રહેવા માટે વટાણાનો છોડ ભાડું માંગતો નથી. બન્નેને માટે સહજીવન એ સાહજિક પ્રક્રિયા છે.

માનવ પણ બીજાં પ્રાણીઓની જેમ પોતાનો ખોરાક બનાવી શકતો નથી અને ખોરાક માટે વનસ્પતિ-પ્રાણીઓ પર આધાર રાખે છે. વનસ્પતિ પર આધાર રાખે એ સ્વાભાવિક છે પણ એ વિચારતું પ્રાણી છે. એટલે કુદરતના ક્રમને સાહજિકતાની સ્વીકારી લીધો નથી એણે પોતાની જરૂરિયાત જેટલું અન્ન ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો. માંસાહાર છોડીને વિચારપૂર્વક કેટલાકે શાકાહાર ગ્રહણ કર્યો. પોતાના સમાજમાં ઘણી ઘણી જગ્યાએ સહજીવનના સિદ્ધાંતને વિકસાવવાનો પ્રયત્ન કર્યો. અર્થશાસ્ત્રમાં ઠેકઠેકાણે સાથે રહેનાર, ફરનાર, કામ કરનાર બન્ને પક્ષે ફાયદો થાય એવી રીતો શોધી કાઢી.

પણ આ ત્રણ પ્રકારના સંબંધો ઉપરાંત એક ચોથા પ્રકારનો સંબંધ છે જેમાં બન્નેને નુકસાન છે, ફાયદો કોઇને નથી. આ સંબંધ પણ માનવે જ વિકસાવ્યો ને તે પણ પોતાની જ જાતિની અંદર.

લગભગ દર વર્ષે છાપામાં આવે છે કે એસ. એસ. સી.ના પેપર ફૂટ્યા, બારમા ધોરણના પેપર્સ પાંચ હજારમાં વેચાયા, 'ઓન' આપ્યા સિવાય મોટર કે ફ્રોન મળવા એ બહુ જ અઘરા છે, ત્યાં ઘસની કયાં વાત માંડો છો?

એકે આપ્યા, બીજાએ લીધા. દેખીતી રીતે લેનારને ફાયદો, આપનારને નુકસાન, પણ સમાજની દૃષ્ટિએ જોઇએ તો બન્નેને નુકસાન, આપનારને તો દેખીતું નુકસાન ખરું જ! લેનારને પોતાનું પાપ ઢાંકવું પડે અને એ સિવાય સમાજમાં ભ્રષ્ટાચારનો કીડો ફરી સળવળતો થાય એનું નુકસાન. એને પોતાને કદાચ મોટર લેવા માટે 'ઓન' આપવા પડે એ હિસાબે એ અત્યારે વધારે મેળવી લે. પણ જો માનવ ખરેખર વિચારવંત હોય તો એ ન વિચારે કે આ કયાં અટકશે? ડગલેને પગલે એને પોતાનેય પ્રસંગો આવશે, જેમાં અનધિકૃત રીતે કોઇ બીજું એની પાસે 'કંઈ' માંગશે અને વધેલા અને વધતા જતા ભ્રષ્ટાચારની પરિસીમા અર્થવ્યવસ્થાને કેવી કંગાળ હાલતમાં મૂકી દે છે એ જોવા માટે આપણે કયાંય બહાર જવું પડે એવું નથી. પોતાના તત્કાળ અને દેખીતા ફાયદાને કારણે પોતાને, બીજાને અને આખી સમાજવ્યવસ્થાને એ કેટલું નુકસાન કરે છે. એનો એને ખ્યાલ રહેતો નથી.

'અમે ઘર લીધું ત્યારે પણ પચીસ હજાર તો બ્લેકના આપેલા એટલે આટલાં વર્ષ પછી એના ચાળીસ હજાર તો થાય જને!' એક 'સજ્જને' તર્ક કર્યો. એમની પાસેથી ખરીદનાર સજ્જન થોડાં વર્ષો પછી આ જ દલીલ કરીને આથીય વધારે 'બ્લેક' લેશે આમ આ વિષચક્ર અનંત કાળ સુધી ચાલ્યા જ કરશે.

માનો કે મોટી બાબતોમાં ઘર કે મોટરકાર જેવી બાબતોમાં સમાધાન કરવું આ તબક્કે અઘરું ગણી લઇએ. ઘર એ એક જરૂરિયાત છે. એમાં બ્લેક આપ્યા વિના ચાલે એમ ન હોય તો ય એ બ્લેક આપવાની ક્રિયાને સ્વાભાવિક રીતે કે અનિવાર્યતા તરીકે સ્વીકારવાને બદલે જરાક ખેદ સાથે, 'આ સમાજવ્યવસ્થામાં કયાંક ઊણપ તો છે, પણ શું થાય!'-'એ વિષે પણ વિચારવા જેવું છે.' વગેરે ભૂમિકા સાથે સ્વીકારાય તો ય લાંબે ગાળે કદાચ આવી વ્યવસ્થામાં ફેરફાર થવાની આછીપાતળી સંભાવના રહે ખરી!

અને નાની નાની બાબતોમાં તો આપણે આ ચોથા પ્રકારનો સંબંધ જરૂર વિકસતો રોકી શકીએ. ફિલ્મ જોવા જઈએ, ટિકિટ ખલાસ થઈ જાય આપણે સરળતાથી 'બ્લેક'માં લઇ લઈએ.

'હું કોઈ દિવસ થિયેટર સુધી ગયા પછી પાછો તો આવું જ નહીં ને!' એવું અભિમાનથી કરેલું વિધાન 'બ્લેક'માં લેવાના કારણ તરીકે હોય, સ્વભાવમાં નહીં, કારણ કે 'બ્લેક'માં ટિકિટો લેવી એને 'બચાવ' કરવા જેવું કાર્ય છે એમ આપણામાંથી ઘણાંખરાં લોકો માનતા જ નથી.

સમજી શકાય એવી વસ્તુ છે. નોકરિયાતને માંડ રજા મળે. તેમાં ઉત્સાહભેર સહકુટુંબ જવાનું નક્કી કરે. બાળકોને સરસ કપડાં પહેરાવે પોતે સરસ તૈયાર થાય. બાળકોએ પણ મિત્રોમાં કહ્યું હોય કે, 'આજે અમે પિકચરમાં જવાનાં!'–એવે વખતે ૬ મહિને એકવાર ટેકસી કરીને થિયેટર પર જાય અને House Full' નું બોર્ડ દેખાય તો થાય કે આ તે કંઈ રીત છે! ભલે ટિકિટ દીઠ બે રૂપિયા વધારે ખર્ચી નાંખીએ. ફરી આમ કયારે નીકળાવાનું છે?

આમાં બાળકો પર પણ છાપ પડે છે કે 'કોઈકિ વાર' 'આસ સંજોગો' માં બોટું કામ કરવાનો વાંધો નહીં.

પણ આ જ પ્રસંગ છે. પપ્પા (અથવા મમ્મી) કહે છે કે 'ના ના બ્લેકમાં તો નથી જ લેવી – ચાલો આજે ન મળે તો કાંઈ નહીં. દરિયે ફરવા જઈશું. હવેથી 'બુક' કરાવીને જ આવીશું" તો શરૂઆતમાં પત્ની કે બાળકો જ કહેશે કે 'હવે લાવ લોને પપ્પા, આઠ રૂપિયામાં શું?' આમાં રૂપિયાનો સવાલ નથી. પણ આપણે એવું તો પિકચર જોયા વિનાના શું રહી ગયાં' તાં? એમ સમજાવટથી કામ લેવાય તો બાળકને પણ જીવનનાં સાચાં મૂલ્યો શકય ત્યાં સુધી ટકાવી રાખવાં જોઈએ એમ સમજાય. પોતાના ઉત્સાહના પ્રવાહની દિશા પોતાના જ મનથી શી રીતે બદલવી એ પણ બાળક શીખી જાય–શીખવાનો પ્રયત્ન તો જરૂર કરે.

આવા એક નહીં, જીવનમાં તો અનેક પ્રસંગો આવે છે, જ્યાં આપણાં મૂલ્યો સાથે આપણે બોટી રીતે બાંધછોડ કરીએ છીએ. આ બાંધછોડમાંથી જ આપણે ધીરેધીરે આ ચોથા પ્રકારનો લેનાર–આપનાર બન્નેને દેખીતી રીતે ફાયદો અને છતાં ઘણું નુકસાન થાય છે.

આપણે બુદ્ધિશાળી જીવો છીએ. બુદ્ધિથી, તર્કથી આપણે ઘણું ઘણું પામ્યા છીએ. આપણને બધી જ રીતે ફાયદો થાય એવા જરા અઘરા લાગે એવા સંબંધો આપણે ધીરે ધીરે, વિચારીને, નહીં વિકસાવી શકીએ?

'ગુપ્ત ગંગા'

● પ્રા. અરુણ જોષી

ગંગા શબ્દ સાંભળતાં જ તેના આહ્લાદકારી અને પાવનકારી વ્યકિતત્વનો ખ્યાલ આવે છે. પ્રત્યક્ષ ગંગા ઉપરાંત જમીનમાં સરવાણી રૂપે વહેતી ગંગા આપણે માટે અપ્રત્યક્ષ છે, નજરે જોઈ શકાતી નથી. તેથી તેને ગુપ્તગંગા કહેવાય. લક્ષણાથી આ ગુપ્તગંગા શબ્દનો પ્રયોગ જે કંઈ અપ્રત્યક્ષ છે તેને માટે કરવામાં આવે છે.

શસ્ત્રક્રિયાથી આંતરિક રીતે શરીરનું દર્શન કરનારને કયાંય આત્મા જોવા મળશે નહીં, સુખદુઃખને જન્માવતી વૃત્તિઓ જોવા મળશે નહિ છતાં પણ આત્મા, વૃત્તિઓ વગેરેનો દેહમાં અભાવ છે એમ કોણ કહી શકે? રતિ, હાસ, શોક વગેરે સ્થાયી ભાવો પણ આ જ રીતે શરીરમાં રહેલ છે અને યોગ્ય વાતાવરણ સર્જાતાં રસરૂપે પરિણમે છે ત્યારે અનુભવગમ્ય બને છે. આ સ્થાયીભાવો અપ્રત્યક્ષ હોવાથી ગુપ્તગંગા તરીકે રહેલા ગણી શકાય.

'હઠયોગ પ્રદીપિકા' અનુસાર, આપણા દેહમાં રહેલી અનેક નાડીઓમાં ઇડા, પિંગલા અને સુષુમણા મુખ્ય છે. આ ત્રણમાં પણ સુષુમણા મુખ્ય હોઈને પરમપદને પ્રાપ્ત કરાવી આપનાર છે. વળી, આ જ ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે ગુપ્ત નિદ્રિત એવી કુંડલી ગુરુના કૃપા પ્રસાદથી જ્યારે જાગૃત થાય છે ત્યારે હૃદયનાં સર્વ ચક્રો અને ગ્રંથિઓ અનેરું પરિવર્તન પામે છે. આ કુંડલિની સુષુમણા વગેરે પ્રત્યક્ષ નથી.

ભારતીય તત્ત્વજ્ઞાનની માન્યતા મુજબ, બ્રહ્માના દિવસના પ્રભાતે આ નામરૂપાત્મક જગત વ્યકતમાંથી પ્રકટ થયું છે અને બ્રહ્માનો દિવસ પૂરો થતાં પાછું અવ્યકતમાં લીન થઈ જાય છે. આ નામરૂપાત્મક જગતનાં સર્વ બીજો અવ્યકતમાં સંગ્રહાયેલાં છે. આ અવ્યકતની પાછળ બીજું એક સનાતન અવ્યકત રહેલું છે જેને વેદોમાં અક્ષર તરીકે ઓળખવામાં આવેલ છે. એ અક્ષર જ પરમપુરુષ અથવા પરમગુરુ છે. આ પરમ પુરુષ પોતાની કરુણાથી પ્રેરાઈને જગતના બધા પદાર્થો અને વ્યકિતઓને પોતાના તરફ લોહચુંબકની જેમ આકર્ષે છે. પરંતુ જે વ્યકિત ક્રોધ લોભાદિ આસુરી વૃત્તિઓ અથવા કષાયોથી ઘેરાયેલ છે તેને એ કારુણ્ય અનુભવવા મળતું નથી. આ કારુણ્યની સરવાણી અથવા ગુપ્તગંગા ઈશ્વરાભિમુખ હૃદયની અંદર જ ઝિલાય છે.

જડજગતના અંધારા તમસની અંદર પણ કોઈ જ્યોતિનો રકુલિંગ ઝળહળે છે. તેને આપણે ચેતના કહીશું. જડમાં રહેલી આ ચેતના જડમાંથી વનસ્પતિ સૃષ્ટિનું નિર્માણ કરે છે એટલે કે વનસ્પતિની અંદર રહેલી ચેતના જડમાં અંતર્નિહિત છે. તેજ પ્રમાણે ઉત્ક્રાંતિના ક્રમમાં આગળ વધતાં આપણે કહી શકીએ કે વનસ્પતિ સૃષ્ટિની અંદર પશુચેતના અંતર્હિત છે. પશુચેતનામાં માનવીની ચેતના અંતર્ગૂઢ છે અને માનવીની ચેતનામાં અતિમાનવની ચેતના રહેલી છે. આ ચેતનાને પણ આપણે ગુપ્ત ગંગા ગણી શકીએ.

શ્રી રમણ મહર્ષિના દર્શન અનુસાર 'હું' નો ભાવ હૃદયમાં જે સ્થળમાંથી ઉદ્ભવે છે તે સ્થાન પરમાત્માનું છે અને આ સ્થાન માટે પણ ગુપ્તગંગા શબ્દનો પ્રયોગ કરી શકાય છે.

શ્રી અરવિન્દનું દર્શન કહે છે તેમ અતિમનસ જે, પૃથ્વી પર આવિર્ભાવ પામી ચૂકયું છે તેનો પ્રકાશ કેટલીક વિરલ વ્યકિતઓના હૃદયમાં અનુભવનાર છે. આ અનુભૂતિની સરવાણીને પણ ગુપ્તગંગા જ કહેવાય.

ભગવદ્‌ગીતા અનુસાર બધા ભૂતપાત્રમાં રહેલ જીવન અથવા ચેતનાને પણ ગુપ્ત ગંગા કહેવાય.

માનવીના હૃદયમાં વહેતું શ્રદ્ધાનું ઝરણું પણ ગુપ્તગંગા જ છે.

આપણે માત્ર પ્રત્યક્ષને જ જોઈને વિરમીએ નહીં પણ તેની પાર રહેલ ગુપ્તગંગા સ્વરૂપે રહેલ પરમ તત્ત્વની પણ ઝાંખી કરીએ તો જ આપણું જીવ્યું ધન્ય ગણાય.

સ્વ. વાડીલાલ ડગલી અને સ્વ. રતિલાલ દીપચંદ દેસાઇ

● રમણલાલ ચી. શાહ

મારા મિત્ર શ્રી વાડીલાલ જેચંદ ડગલીનું ૫૬ વર્ષની વયે હૃદયરોગની બીમારીના કારણે અકાળ અવસાન થયું. એમના અવસાનથી આપણે એક તેજસ્વી સાહિત્યકાર, પ્રખર અર્થશાસ્ત્રી અને નીડર પત્રકાર ગુમાવ્યા છે. કેટલાયને એક વત્સલ મિત્રની ખોટ પડી છે.

સ્વ. ડગલીનો વિચાર કરું છું ત્યારે મને અમારા કોલેજના દિવસો યાદ આવે છે. ડગલી અને હું ૧૯૪૪ માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં સાથે દાખલ થયા હતા. તેઓ અમદાવાદની સી. એન. વિદ્યાવિહારના વિદ્યાર્થી. હું મુંબઇમાં બાબુ પન્નાલાલ હાઇસ્કૂલનો વિદ્યાર્થી. ડગલી વિલ્સન કોલેજના (અને ત્યાર પછી સિદ્ધાર્થ કોલેજના) વિદ્યાર્થી, હું સેન્ટ ઝેવિયર્સ કોલેજનો વિદ્યાર્થી. મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને અભ્યાસ કરતા લગભગ બધા જ કોલેજિયનો સાયન્સ કે કોમર્સના વિદ્યાર્થીઓ હતા. મેટ્રિકની પરીક્ષામાં સારા ટકા મેળવ્યા પછી આર્ટ્સમાં જવાનું સાહસ કોણ કરે? અમે એવું સાહસ કરેલું. અમારા વર્ષમાં આર્ટ્સમાં જનારા અમે માત્ર બે ત્રણ વિદ્યાર્થીઓ, પણ અમને એનો આનંદ હતો. વાંચન અને ઇતર પ્રવૃત્તિ માટે સમય પુષ્કળ મળતો.

ડગલીએ પ્રથમ વર્ષે જ એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે વિદ્યાલયના બધા વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચેલું. બીજા-ત્રીજા વર્ષે તો ડગલીની ખ્યાતિ આંતરકોલેજ સ્પર્ધાઓ સુધી પહોંચેલી. ડગલી સારા વક્તા હતા. સેન્ટ ઝેવિયર્સ કોલેજ તરફથી અને પ્રવૃત્તિ સંઘ તરફથી ચાલતી આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધામાં ડગલી પહેલું બીજું ઇનામ જીતી જતા એથી વિદ્યાલયના અમે વિદ્યાર્થીઓ એમના માટે ગૌરવ અનુભવતા. કોલેજના એ દિવસોમાં જ ડગલીએ કવિતાઓ અને નાટકો લખવા શરૂ કરેલાં. 'શબ્દોના સાથિયા' નામનું એમનું નાટક અમે વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઘણીવાર ભજવેલું. ભારતની પાર્લામેન્ટ વિષેનું એમનું એક નાટક પણ અમે વાર્ષિક ઉત્સવ પ્રસંગે ભજવેલું. ડગલીની કવિતાઓ જુદાં-જુદાં સામયિકોમાં છપાતી. હિન્દુ-મુસ્લમાનનાં રમખાણો દરમિયાન ગોવાલિયા ટેન્ક વિસ્તારના સ્વયંસેવક તરીકે અમે વિદ્યાલયની આસપાસ રાતના દસથી સવારના ચાર વાગ્યા સુધી ચોકીપહેરો ભરતા. એ સમયનો સદુપયોગ ડગલી નવી કવિતાઓ લખવામાં કે રચેલી કવિતાઓ લલકારવામાં કરતા.

ડગલીને છાપાં વાચવાનો શોખ ઘણો હતો. તેઓ મહત્ત્વાકાંક્ષી હતા. એટલે મુંબઇના મોટા મોટા પત્રકારો અને લેખકોને મળવા જતા અને એમની સાથે સાહિત્ય, કેળવણી કે રાજકારણની ચર્ચા કરતા. કરસનદાસ માણેક ત્યારે 'સારથિ' નામનું પત્ર ચલાવતા. ડગલી એમની ઓફિસે જઇને રોજ બેસતા. પં. સુખલાલજી સાથેનો એમનો સંબંધ વિદ્યાભ્યાસના આ દિવસો દરમિયાન ગાઢ થયો હતો. તેઓ રોજ નિયમિત પંડિતજી પાસે ભારતીય વિદ્યા ભવનમાં જતા. રોજ સાંજે ડગલી વિદ્યાલયમાં આવે એટલે દિવસ દરમિયાન પોતે કોને કોને મળ્યા અને શી શી વાતો થઇ તેનું રસિક બયાન અમને સાંભળવા મળે.

ડગલી તેજસ્વી વિદ્યાર્થી હતા, પરંતુ કોલેજ કે યુનિવર્સિટીની પરીક્ષામાં ઊંચા માર્ક્સ મેળવવાનું તેમનું ધ્યેય રહેતું નહિ. જીવનને વિકસાવવા અને સમૃદ્ધ બનાવવા તરફ તેમનું લક્ષ વિશેષ હતું. એટલે ઘણીવાર તેઓ કોલેજમાં શું ચાલે છે તેની બહુ ફિકર કરતા નહિ, પિરિયડ પણ નિયમિત ભરતા નહિ' પરંતુ પરીક્ષાના થોડા દિવસ બાકી રહે એટલે વિદ્યાલયની અગાસીમાં જઇને અમે બે ને બેસતા. એક પછી એક પાઠ્ય પુસ્તક લેવાતું જાય. દરેક પાઠમાં શું શું આવે છે તે હું એમને કહેતો જાઉં. તેઓ યાદ રાખી લે અને પૂછવા જેવું હોય તે પછી લે. આવી સ્મરણ શક્તિને આધારે ડગલી છમાસિક કે વાર્ષિક, કોલેજની કે યુનિવર્સિટીની પરીક્ષામાં પાસ થવા જેટલી સફળતા મેળવી લેતા.

બી. એ. ના અભ્યાસ વખતે મેં ગુજરાતી અને સંસ્કૃત એ બે વિષયો પસંદ કર્યા અને ડગલીએ અર્થશાસ્ત્રનો વિષય લીધો. એટલે અંગ્રેજીનાં પાઠ્યપુસ્તકો જેટલી જ અમારી સમાનતા રહી. પોતાના વિષયને માટે તેમણે બીજા મિત્રો શોધી લીધા. છેલ્લા વર્ષમાં તેઓ કારણવશાત્ વિદ્યાલય છોડી આર. એલ. ટ્રસ્ટ હોસ્ટેલમાં રહેવા ગયા હતા. પરંતુ વિદ્યાલયમાં વારંવાર આવતા અને અમારી મંડળી જામતી.

બી. એ. થઇને અમેરિકા અભ્યાસ કરવા માટે જવાની ડગલીને ઘણી હોંશ હતી. એ માટે એમણે આર્થિક સહાયની વ્યવસ્થા પણ કરી દીધી. ત્યાં સારી રીતે અભ્યાસ કરી ઘણા અમેરિકન મિત્રો બનાવ્યા અને પ્રતિષ્ઠા જમાવી. વિદેશગમન દરમિયાન ડગલીનો અને મારો પત્ર દ્વારા સંપર્ક ઓછો થતો ગયો. એમના ભારતના આગમન પછી વ્યવસાયનાં ક્ષેત્રો જુદાં થવાને લીધે અમારા સમાન રસના વિષયો ઓછા થયા. આમ છતાં અમે જ્યારે પણ મળીએ ત્યારે જૂનાં સ્મરણો અને સ્નેહ તાજાં થતાં. પરિચય પુસ્તિકાને નિમિત્તે 'ગ્રન્થ'ને નિમિત્તે કે અન્ય કોઈ સામાજિક પ્રસંગે ડગલીને મળવાનું થતું ત્યારે કોઇક વખત હું એમને કહેતો કે તમે જો અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં ન ગયા હોત તો ગુજરાતી સાહિત્યનો પ્રથમ પંક્તિના એક સમર્થ, તેજસ્વી કવિ, નાટકકાર, નિબંધકાર, 'ચિંતક સાંપડયા હોત.' આમ છતાં થોડું લખીને પણ ડગલીએ ગુજરાતી સાહિત્યનો 'નર્મદ ચંદ્રક' મેળવવા જેટલું સામર્થ્ય દર્શાવ્યું.

ડગલી સાથે વાત કરીએ ત્યારે પં. સુખલાલજી, મોરારજીભાઇ, ઉમાશંકરભાઇ વગેરેનો નિર્દેશ અચૂક થાય. 'કોમર્સ'ના તંત્રી તરીકે એમણે ઘણું સારું કાર્ય. કર્યું પોતાના ક્ષેત્રમાં નિયમિત લેખન રૂપે ઘણા વિષયો ઉપર એમણે પોતાનાં સ્વતંત્ર, મૌલિક, નિર્ભીક મંતવ્યો રજૂ કર્યાં છે. એમના અભિપ્રાયની નોંધ રાજ્યકક્ષાએ અને કેન્દ્ર કક્ષાએ કેટલીયવાર લેવાઇ છે. ભારતની ગરીબ પ્રજા માટે ડગલીને ઘણી હમદર્દી હતી, કારણ કે એમણે પોતે ગરીબીના ઘણા કપરા દિવસો જોયા હતા.

ડગલીના અવસાનથી મને એક વત્સલ મિત્રની ખોટ પડી છે, મારામાં રહેલા જૈન ધર્મના રૂઢિચુસ્ત આંશા અને ક્રિયાકાંડ ડગલીને ગમતાં નહિ. ક્યારેક તેઓ એ વિશે મને ટકોર પણ કરતા. હું એમને વગર અભ્યાસે સૂત્ર ધરાવવા કરતાં ઝીણવટથી જૈન ધર્મનો અભ્યાસ કરવા ભલામણ કરતો. નવકાર મંત્રમાં પોતાની શ્રદ્ધા કેવી રીતે વધી છે તેની

તેઓ ક્યારેક મને વાત કરતા. અમારા કાર્યક્ષેત્ર અને જીવનલક્ષ્યમાં કેટલોક ફરક હતો. એમ છતાં અમારી મૈત્રીમાં વિદ્યાલયના એ દિવસોની નિકટતાનો રણકો હતો.

ડગલીના અવસાનથી ગુજરાતને એક સમર્થ લેખકની ખોટ પડી છે.

સ્વ. વાડીલાલ ડગલીના આત્માને શાંતિ હો!

* * *

જૈન સમાજના પ્રખર ચિંતક, સત્યોપાસક, નીડર પત્રકાર, વિદ્વાન લેખક શ્રી રતિલાલ દીપચંદ દેસાઇનું ૭૬ વર્ષની ઉંમરે અમદાવાદમાં શનિવાર, તા. ૭-૧૨-'૮૫ના રોજ અવસાન થયું. છેલ્લા કેટલાક સમયથી, પક્ષઘાતની અસર પછી તેમની તબિયત અસ્વસ્થ રહેતી હતી, પરંતુ જીવનના અંતિમ સમય સુધી તેઓ સતત વિચારરત અને કાર્યરત રહ્યા હતા. પોતાનો અંતકાળ આવી રહ્યો છે એમ સમજી હાથ પર લીધેલાં બધાં કામો એમણે આટોપી લીધાં હતાં અને મૃત્યુ માટે મનથી સ્વસ્થ અને સજ્જ થઇ ગયા હતાં.

સ્વ. રતિભાઇ સાથેનો મારો સંબંધ છેલ્લાં ત્રીશેક વર્ષથી હતો. ૧૯૫૫માં એક વર્ષ માટે મારે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ભણાવવાનું થયું હતું ત્યારે હું પ્રજ્ઞાચક્ષુ પૂ. પં. સુખલાલજી પાસે વાંચવા માટે જતો હતો. તે વખતે રતિભાઇ પણ ત્યાં આવતા. તેઓ જ્ઞાનોદય ટ્રસ્ટ તરફથી પંડિતજીના લેખન-પ્રકાશનનું કાર્ય સંભાળતા. પંડિતજીના સાંનિધ્યમાં આ રીતે અમારો સંબંધ ગાઢ થયો હતો.

ત્યાર પછી અનેકવાર રતિભાઇને મુંબઇ કે અમદાવાદમાં મળવાનું થયું હતું. તેઓ અત્યંત નિખાલસ, સત્યનિષ્ઠ અને લાગણીશીલ હતા. એમની પાસે જઇએ તો એમના ઉમળકાનો અને ઉષ્માભર્યા આતિથ્યનો અનોખો અનુભવ થતો.

સ્વ. રતિભાઇ સૌરાષ્ટ્રના વતની. તેમનું વતન સાયલા. તેમનો જન્મ ખેરાળી ગામે ઇ. સ. ૧૯૦૭ માં. એમના પિતા દીપચંદભાઇ 'દીપચંદ ભગત' તરીકે ઓળખાતા. તેઓ સૌરાષ્ટ્ર છોડી મહારાષ્ટ્રમાં યેવલા ગામે નોકરી કરવા ગયા હતા. એથી રતિભાઇના શિક્ષણનો કેટલોક સમય મહારાષ્ટ્રમાં પસાર થયો હતો. ત્યાર પછી વઢવાણ, સાયલા, સુરેન્દ્રનગર, મુંબઇ, બનારસ, શિવપુરી એમ જુદે જુદે સ્થળે સંજોગ અનુસાર રતિભાઇને વિદ્યાભ્યાસ માટે જવું પડ્યું હતું. એમના પિતાશ્રી કાશીવાળા સ્વ. શ્રી વિજયધર્મસૂરિના પરમ ભક્ત હતા. એટલે શિવપુરીની એમની વિદ્યાસંસ્થાનાં રતિભાઇને ધર્માભ્યાસ અને વ્યવહારલક્ષી કેળવણીના સારા સંસ્કાર સાંપડ્યા હતા. એમના પિતરાઇ ભાઇ 'શ્રી જયભિક્ષુ' પણ વિદ્યાભ્યાસ માટે શિવપુરીમાં તેમની સાથે જોડાયા હતા. રતિભાઇના જીવન ઘડતરમાં શિવપુરીની વિદ્યાસંસ્થાએ અને પૂ. વિજયધર્મસૂરિજીએ ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો. 'ન્યાયતીર્થ' અને 'તર્ક ભૂષણ' જેવી પદવીઓ રતિભાઇને મળી હતી.

સ્વ. રતિભાઇએ જ્ઞાન મંદિરના ક્યુરેટર, 'જૈન સત્ય પ્રકાશ'ના સંપાદક, જ્ઞાનોદય ટ્રસ્ટના સેક્રેટરી, 'જૈન' સાપ્તાહિકના અગ્રલેખના લેખક, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ્ શિક્ષક, આણંદજી કલ્યાણજીની પેઢીનાં કેટલાંક પ્રકાશનોના લેખક સંપાદક-એમ ભિન્ન-ભિન્ન સંસ્થાઓમાં એમણે વ્યવસાય તરીકે કે માનાર્હ સેવક તરીકે જે ભિન્ન ભિન્ન કોટિનું કાર્ય નિષ્ઠાથી કર્યું એમાંથી એમના વ્યક્તિત્વની સુરેખ ઝાંખી સાંપડે છે.

અનેકવિધ પ્રવૃત્તિઓના કારણે ઘણા બધાં સાધુ-ભગવંતોના અને સમાજ નેતાઓના ઘનિષ્ઠ સંપર્કમાં આવવાનું રતિભાઇને બન્યું હતું. પરંતુ તેઓ ક્યારેય કોઇથી અકારણ અંજાઇ ગયા નહોતા. રતિભાઇ એટલે 'સાચા માણસ' એવી છાપ દરેકના મનમાં પડે. અયોગ્ય કશું પોતાને ખપે નહિ. અને અયોગ્ય થતું હોય તો તેમને ગમે પણ નહિ. એ માટે ક્યારેક એમનો સ્ફોટક આવેશ પણ પ્રગટ થાય. અનેક લોકો પ્રત્યે તેમની હમદર્દી ઘણી. પૈસો, પદ, સત્તા કે પ્રસિદ્ધિની આકાંક્ષા જરા પણ નહિ. બલ્કે તેનાથી આઘા જ રહે.

રતિભાઇએ જૈન સાહિત્યના ક્ષેત્રે ઘણું કાર્ય કર્યું છે. એ માટે એમને ૧૯૭૫ માં અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી તથા ૧૯૮૩ માં શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા તરફથી એમ બે સુવર્ણચંદ્રક અર્પણ થયા હતા. રતિભાઇએ 'અભિષેક', 'રાગ અને વિરાગ' વગેરે નવ જેટલા વાર્તાસંગ્રહો, 'સમયદર્શી' આચાર્ય,' 'ઐષ્ટિવર્ય' શ્રી કસ્તુરભાઇ લાલભાઇ' અને 'ગુરુ ગૌતમસ્વામી' એ ત્રણ ચરિત્રો લખ્યા છે. આણંદજી કલ્યાણજી પેઢીનો અને શત્રુંજય તીર્થનો સવિસ્તર, આધારભૂત ઇતિહાસ એમણે લખ્યો છે. આ ઉપરાંત એમણે સંખ્યાબંધ પુસ્તકોનું સંપાદન કર્યું છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં ઘણાં પ્રકાશનોની જવાબદારી જીવનના અંત સુધી એમણે સંભાળી હતી. એક વખત રતિભાઇને કામ સોંપાય એટલે પછી કશું જ જોવાનું બાકી ન રહે. શબ્દેશબ્દ ઝીણવટથી ચીવટપૂર્વક તપાસે પોતે હાથ પર લીધેલાં કામોની રાત દિવસ ચિંતા કર્યા કરે. જ્ઞાનોદય ટ્રસ્ટના એક ટ્રસ્ટી તરીકે મારે એમની સાથે કેટલીકવાર પત્રવ્યવહાર થયેલો. રૂબરૂ પણ મળવાનું ઘણીવાર બન્યું હતું. તેઓ દરેક બાબતમાં કેટલા બધા ચોકકસ હતા તેની ત્યારે પ્રતીતિ થતી.

રતિભાઇનું સ્મરણ થતાં એમની સાથેના મિલનના અનેક પ્રસંગોની સ્પષ્ટ છબી નજર સામે તરવરે છે. સ્વ. રતિભાઇના સ્વર્ગવાસથી આપણે એક ખમીરવંતા, સત્યનિષ્ઠ, કર્તવ્યપરાયણ નિસ્પૃહ સાથી અને સાહિત્યકાર ગુમાવ્યા છે. ચક્ષુદાન અને દેહદાનની ઉત્તમ ભાવના સેવનાર એ મહાજનને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ હો!

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

વિદ્યાસત્ર (વર્ષ ૧૦ મું)

વ્યાખ્યાતા : પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી

વિષય : પ્રાચીન અમેરિકન સંસ્કૃતિ પર ભારતીય સંસ્કારનો પ્રભાવ

ઉપરોક્ત વિષય પર ત્રણ વ્યાખ્યાનો.

સમય : બુધ, ગુરુ, શુક્ર; ૮, ૯, ૧૦ જાન્યુઆરી, ૧૯૮૬

રોજ સાંજના ૬-૦૦ વાગે.

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ

ઇન્ડિયન મરચન્ટસ, ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ-૨૦.

પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ

સૌને સમયસર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

તારાચંદ ર. શાહ — કે. પી. શાહ

સંયોજક — પન્નાલાલ ર. શાહ

મંત્રીઓ

વિચાર ક્રાંતિના પ્રવર્તક અને પ્રબુદ્ધ જીવનના ઉપાસક

(પૃષ્ઠ ૧૬૨ થી ચાલુ)

મામિક વાત સૌને સ્પર્શી ગઇ, જેણે સૌને વિચારતા કરી દીધા !

ત્યાંથી આગળ વધ્યા પુસ્તકાલયનું દર્શન કરાવવા ! ગ્રંથપાલને કહે, 'બહુ સુન્દર પુસ્તકાલય છે. હજારોની સંખ્યામાં પુસ્તકો આવે છે ને મુક્ષય છે, તમે એમાંથી કેટલાં પુસ્તકો વાંચ્યાં છે?' ગ્રંથપાલે કહ્યું, 'જૂજ.' આચાર્યએ કહ્યું કે 'વહીવટી કામો એટલાં બધાં રહે છે કે વાંચવાનો પૂરતો સમય નથી મળતો. તો યે કોઇક કોઇક જોઇ જાઉં છું !' ગ્રંથપાલને કહે. 'તમે ગ્રંથપાલ-ગ્રંથોના પાલક છો, રક્ષક છો, અભ્યાસી ક્યારે બનશો? એની સંક્ષિપ્ત સમીક્ષા કરીને છાત્રોમાં વાંચવાનો રસ ક્યારે જગાડશો? પુસ્તકોના ઘોડાઓ saddled-ચિક્કાર ભરેલા છે!... તે બતાવે છે કે વાંચનારાઓ જૂજ છે! આ ઘોડાઓને ક્યારે ખાલી કરશો? અને સૌમાં, વાંચવા માટે પુસ્તકોને ફરતાં કરશો?' ગ્રંથપાલ, આચાર્ય અને અધ્યાપકો પુસ્તકોનો પરિચય કરશે, તો જ છાત્રોને ય કહી શકાશે, જોજો રંગ તેમને ય લાગશે! માટે પુસ્તકોનો પરિચય કરો અને અન્યને પરિચય કરાવો. ગ્રંથાલયની એ મહત્ત્વની પ્રવૃત્તિ અહીં થાય છે ખરી?' અને બધા ચૂપ થઈ ગયા! જાણે કર્તવ્ય પ્રત્યે સૌ સભાન બન્યા!

જમવા માટે પાછા ફરતા હતા. ત્યાં જ તેમણે પાંચ દશ છાત્રોની વચ્ચે પહોંચતાં પૂછ્યું, 'અહીં રહીને તમે શું કરો છો?' જવાબ મળ્યો. 'કોલેજમાં ભણીએ છીએ' દાદાએ પૂછ્યું, 'હોસ્ટેલમાં રહીને કોઇ કોઇ કામ કરો છો ખરા? પાણી ભરવું, સફાઇ કરવી કપડાં ધોવા, ધરતી કરવી, રસોડામાં મદદ કરવી વગેરે?' પેલાઓએ કહ્યું, એ બધું કરવાનો સમય હોતો નથી. ભણવામાંથી જ ઉંચા આવતા નથી! 'દાદા કહે,' પુસ્તકો વાંચવાં અને વ્યાખ્યાનો સાંભળવા એટલું જ શિક્ષણ છે? પોતાનાં કામ જાતે કરી લેતાં શીખવું એ શું શિક્ષણ નથી? Self Help અર્થાત્ જાત મહેનતની આદત આજે નહિ પાડો, તો મોટી ઉંમરે શું થશે? જાત મહેનતથી ચૈત્યા તો બચશે જ પણ સાથોસાથ શરીર-મન તંદુરસ્ત બનશે!' એક વિદ્યાર્થીનું મોં ગમ્મત હતું. દાદા કહે. 'બીડી-સિગારેટ પીઓ છો?' ક્રિયાપ્રતિક્રિયા સાથે પેલાએ કબુલ કર્યું. છાનો માનો પી લઉં છું, વાત પડે, 'એ સિગારેટમાં કયું ઝેર છે?' પેલાએ જવાબ દીધો, 'નિકોટિન.' 'એમાંથી કયો રોગ થાય છે?' પેલો કહે, 'ટી. બી. કેન્સર, દમ, ઉધરસ વગેરે!' દાદા હસતાં હસતાં કહે 'આ બધું તમે જાણો છો તો યે સિગારેટ પીઓ છો? વિદ્યાર્થી કહે, આદત પડી ગઇ છે!' દાદા કહે. 'એ આદત કોણે પાડી છે?' જવાબ– 'મેં.' 'તમે જ આદત પાડી છે તો તમે સમજપૂર્વક છોડી શકો કે નહિ?' પેલો વિદ્યાર્થી કહે, 'આજથી હવે નહીં પીઉં!' અને હસતા-હસતા એ ચાલ્યા જમવા માટે' એક પ્રાધ્યાપકને કહે; 'આવી સહ-ચર્યા છાત્રો સાથે કરો છો ખરા?' જવાબ-'ના. કુરસદ મળતી નથી?' દાદા કહે. 'સપ્તાહમાં એક કલાક ના મળી શકે? સહ-ચર્યા, સહજીવન અને સહવાસ સિવાય શિક્ષણ કેવી રીતે સંપન્ન બનશે.?' જવાબ- 'વિચારીશ.' દાદા કહે 'માત્ર વિચારીશ એટલું જ નહિ, અલક કરીશ એવું યે સ્વને કહેજો!' બધા મિત્રો ખુશખુશાલ થઇ ગયાં. પત્રપેટ અને ડગલે-ડગલે એમની વાતો, ચર્ચાઓ અને પ્રશ્નોત્તરીમાંથી શિક્ષણ ફોરતું હતું

સત્યાશી વર્ષે સેવાગ્રામમાં એમનું અવસાન તા. ૧-૧૨-૮૫ ના રોજ દમના હુમલાથી થયું છે. એમના છેલ્લા શબ્દો યાદ આવે છે: 'ન હિ કલ્યાણકૃત્ કશ્ચિત દુર્ગતિમ્ તાત ગચ્છતિ ।'– કલ્યાણકાર્ય કરનારની કદીએ દુર્ગતિ થતી નથી. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને આપણને એમના અધૂરાં-કાર્યો પુરા કરવાનું બળ આપે.

(પૃષ્ઠ ૧૫૪ થી ચાલુ)

'સ્વર્ગની લગોલગ'? 'હા'

રવીન્દ્રનાથનું સાનિધ્ય સહજ રીતે જ પ્રાપ્ત થઇ જાય. એમણે પોતે નોંધ્યું છે, મારે સાધના કરવી પડી છે રીતસર તપસ્યા અને તે આજે પણ પૂરી થઇ નથી.

'ન હન્યતે' નવલકથાની નાયિકા અમૃતાને રવીન્દ્રનાથની કેવી મોટી ઓથ હતી, તેનું આલેખન છે. એ નવલકથા પહેલાં, 'મંગપુતે રવીન્દ્રનાથ' (ગુરુદેવ અમારે આંગણે અનુવાદક શ્રી રમણીક મેઘાણી) માં પણ મૈત્રેયી દેવી પોતાના પરિવાર સાથે દાર્જિલિંગના પહાડ ઉપરના મંગપુ ગામમાં રહેતાં હતાં, જ્યાં રવીન્દ્રનાથ ત્રણ વખત થોડો-થોડો સમય રહી આવ્યા હતા. તેની વાતો લખી છે. રવીન્દ્રનાથને મૈત્રેયી દેવીની નજરે નિહાળવા આ ત્રણે પુસ્તકો એકમેકનાં પૂરક છે.

'અત્યારે તો ખૂબ જ કામમાં છું આ વાક્ય કોઈ નગરજનના મોઢે શોભે (!) એવું છે. પણ રવીન્દ્રનાથે ઘણાં પત્રોમાં પોતાના ગંજ વિશે લખ્યું છે. એ વાંચતાં થાય છે કે, મુક્ત અને આનંદી દેખાતા કવિ કેવા કર્મશીલ હશે.

નિંદા, અવમાનના, વ્યાધિ નિષ્ફળતા આ બધાએ ગુરુદેવને થોડે અંશે પજવ્યાં તો હતાં જ છતાં મજાક મશ્કરી કરવાનો સ્વભાવ એમણે કાયમ રાખ્યો હતો.

રવીન્દ્રનાથને 'કવિ સાર્વભૌમ'ની ઉપાધિ આપવાના પ્રસંગે મૈત્રેયી દેવી જોડાસાંકોના ઘરે એમને લેવા ગયાં. કવિ રેશમી ધોતિયું અને ચાદર પહેરીને તૈયાર હતા. એમની આસપાસ ત્રણ ચાર જણ બેઠેલા હતા. મૈત્રેયી દેવીને જોતાં જ કવિ ખૂબ જ નિર્વિકાર ભાવે બોલ્યા, તું એકાએક કયખતે ક્યાંથી?' 'આપને લેવા આવી છું.' 'અરે, હું તો બિલકુલ ભૂલી જ ગયો હતો. આ જો ને, આ બધા મને ચંદ્રનનગર લઇ જવા આવ્યા છે.' હવે આયોજિત કાર્યક્રમનું શું થશે એવા વિચાર સાથે મૈત્રેયી દેવીની આંખમાં આંસુ આવી ગયાં. કવિ બોલ્યા તને છેતરવી એ બહુ સહેલું છે, છેતરવામાં મજા નથી જોતી નથી તારી રાહ જોતો કેટલો બનીઠનીને બેઠો છું.' આ હતા માણસ રવીન્દ્રનાથ. વાતવાતમાં ગમ્મત કરવી, છેતરવું, ડોકને મૂંઝવણમાં નાખવું, ભૂતનો ભય દેખાડવો–એ બધામાં નાની ઉંમરનાંને પણ હરાવી દેતા.

બંગાળી અને બીજી ઘણી ભાષાઓના મર્મજ્ઞ શ્રી ભોળાભાઇ પટેલે 'કવિ રવીન્દ્રનાથની એક અંતરંગ છબિ' નામે પ્રસ્તાવના લખી છે, તે પણ પુસ્તકને માણવામાં માર્ગદર્શક થાય એવી છે.

૪૨૫ પૃષ્ઠોમાં રવીન્દ્રનાથના ઢળતી ઉંમરના સ્મરણો અહીં ઝીલાયાં છે. પુસ્તકમાંથી વિશેષ અવતરણો લઇને કશું કહેવા કરતાં એટલું જ કહેવું રહ્યું કે. રવીન્દ્રનાથના ચાહકો રવીન્દ્રનાથ નામના અક્ષય સ્વર્ગની લગોલગ પહોંચ્યાનો ભાવ અનુભવશે.

આ પુસ્તક વાંચતાં એક લાગણી સતત થતી રહી કે, આપણાં ગુજરાતના સર્જકો, ચિંતકો, તંત્રી-સંપાદકો, સમાજ કે શિક્ષણના વિચારવંતોના પત્રો આવી રીતે ગ્રંથસ્થ થાય તો એ પત્રલેખકને જાણવાની-માણવાની વિશેષ મજા આવે. કારણ કે પત્રમાં લખનાર વ્યકિત આપણી નજીક આવી વાત કરવી હોય છે.

રવીન્દ્રનાથને ગુજરાતીમાં 'સ્વર્ગની લગોલગ'ના અનુવાદ દ્વારા વધુ એક વખત સુલભ કરી આપવા માટે શ્રી નગીનદાસ પારેખને ધન્યવાદ પાઠવીએ.

[સ્વર્ગની લગોલગ–લે. મૈત્રેયી દેવી. અનુવાદક : નગીનદાસ પારેખ, પ્રકા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ગાંધી રોડ અમદાવાદ કિંમત રૂા. સિત્તેર.]

વિચાર – ક્રાંતિના પ્રવર્તક અને પ્રબુદ્ધ જીવનના ઉપાસક

● ડૉ. હરીશ વ્યાસ

નિહારિકા પ્રત્યે નજર કરીએ છીએ ત્યારે અસીમ, અનંત અને અનહદની લીલાનો થોડોક ખ્યાલ આવે છે. કંઈક રાશિઓ અને નક્ષત્રોનાં મંડલો આકાશને શોભાવે છે. સમૂહ આખ્યે એ ઊગે છે અને સમય થયે આથમી જાય છે પરંતુ તેના તેજનો લીસોટો અને પ્રકાશની આભા વિશ્વને અજવાળે છે. ગાંધી નક્ષત્ર મંડલના ઊજ્જવળ તારક, વિચારક્રાંતિના પ્રવર્તક, પ્રબુદ્ધ જીવનના ઉપાસક અને પ્રખર ગાંધીવાદી વિચારક દાદા ધર્માધિકારીનો પદયાત્રા અને વિચારયાત્રા દ્વારા સર્વોદયી ક્રાંતિ પ્રગટાવવામાં જબરજસ્ત ફાળો આપણને અજવાળતો રહેશે.

એમનું નામ તો શંકર પણ સર્વત્ર એ દાદાના નામથી જ ઓળખાતા અને સંબોધાતા રહ્યા. વૈચારિક અને વિદ્વાકીય દૃષ્ટિએ તેઓ 'દાદા' હતા, બલ્કે વાદવિવાદ, તર્કબદ્ધતા અને ચર્ચાવિચારણામાં પ્રખર, પીઢ અને સૂક્ષ્મદર્શી હતા.

ગાંધીજી તાત્ત્વિક ચર્ચા અને કસોટી માટે બે વ્યક્તિઓને પ્રમાણભૂત માનતા : આચાર્ય વિનોબા ભાવે અને કિશોરલાલ ધ. મશરુવાળા. જ્યારે વિનોબાજીના જમણા અને ડાબા હાથ સમાન હતા : દાદા ધર્માધિકારી અને જયપ્રકાશ નારાયણ. કોઇ પણ નવું પગલું ભરતાં તે હંમેશા એમને પૂછતા અને એમના અભિપ્રાયને ગંભીરતાથી વિચારતા. ભારેમાં ભારે વિચારના નિરૂપણ દરમિયાન પણ તાર્કિકતા, સૂક્ષ્મતા અને તાત્ત્વિકતા સાથે તેઓ ઉદાહરણો આપતા જાય, હસાવતા જાય, રમૂજ કટાક્ષ કરતા જાય અને કડવી ઝેર જેવી કિનાઇનની Sugar-Coated-શર્કરા આવરિત ગોળીઓ ગળાવતા જાય, જે ભાવકના રોગ વિકારને સહજ, સરળભાવે વિસર્જન કરી દે. આપણા દેશમાં ધર્મ તત્ત્વજ્ઞાનના નિરૂપણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ ગણાતા પ્રવક્તાઓમાં ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણન, સ્વામી રંગનાથાનંદ, આચાર્ય વિનોબા ભાવેની સાથે દાદા ધર્માધિકારીનું નામ સારા ય દેશમાં સુવિખ્યાત બનેલું છે.

ઇ. સ. ૧૯૫૨માં સર્વોદય આંદોલ શરૂ થયું ત્યારથી પૂ. વિનોબાજીની ભૂમિદાન, ગ્રામદાન, સંપત્તિદાન, શાંતિસેના, આચાર્યકુળ, લોકનીતિ અને ગ્રામસ્વરાજ્યની પ્રવૃત્તિઓમાં સ્નેહભાવે દાદા એક નિષ્ણાવાન લોકસેવક, ચિંતક, માર્ગદર્શક અને ભાષ્યકાર તરીકે ખિદમત કરતા રહ્યા છે. શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક પરિભાષામાં 'સર્વોદય વિચાર'ને પ્રસ્તુત કરવાનું કાર્ય દાદાએ જીવન પર્યંત કર્યું છે. 'સર્વોદય જગત'માં એમના પેગડામાં પગ ઘાલે તેવું કોઇ વ્યક્તિત્વ ન હતું.

'હિન્દુ-મુસ્લિમ એકતા', 'કોમીય એકતા' અને 'રાષ્ટ્રીય એકતા' ઉપર નાગપુરમાં જાહેર પ્રવચનો કરતાં, વિચારની રજુઆત દરમ્યાન કયાંક માર્મિક કટાક્ષ-પ્રહારો થઇ ગયેલા. જેનાથી ત્યાંના એક માથાભારે ગુંડાએ શહેરની બહાર એકાન્ત સ્થાને એકલા આવવા માટે અને મુકાબલો કરવા માટે ધમકી આપેલા. દાદા લવલેશ ડર્યા સિવાય અંધારી આલમના એ એકાન્ત સ્થાને નિઃશસ્ત્ર અને એકલા પહોંચી ગયેલા. એમની નિર્ભયતા અને નિઃશસ્ત્ર વીરતા જોઇને પેલો ગુંડો એમને પગે પડી ગયો અને માફી માગેલી. એટલું જ નહિ, એ એમનો ભારે પ્રશંસક બની ગયેલો. આ રીતે ગુંડાઓથી યે ન ડરે તેવા એ નિર્ભીક 'દાદા' હતા.

બનારસના 'વિચાર શિબિર'માં અમે બધા શિબિરાર્થીઓ સાંજે ઘૂમવા જતા. તેમાં હિમાલય પ્રદેશની લોકસેવિકા ઇન્દુ નામે એક બહેન એકવાર સાંજે થોડુંક વધુ દૂર ચાલતી ગઇ, અને મોડી પડી, અંધારું થઇ ગયેલું હતું. દાદા ભારે ચિંતાતુર હતા. ત્યાં તો તે એક ફ્રોલેજિયન જુવાનને પકડીને આવી પહોંચી. કામવિહવળ એ જુવાનને જોઇને, દાદા કહે, 'બેટી, એ તો તારો 'ભાઇ' છે, કેટલા પ્રેમથી એ તારી પાછળ પાછળ આવી પહોંચ્યો છે? નહિ કે તને હેરાન કરવા બલ્કે તને 'બહેન' બનાવવા! 'ભાઇ' તારે ઘેર જ આવ્યો છે, તો કુંકુમ-અર્ચા પુષ્પ અને પેંડાથી એનું સ્વાગત તો કર! અને 'રક્ષાબંધન' કરવાનું લેશ ભૂલીશ મા!' ઇન્દુએ દાદાની આજ્ઞા પ્રમાણે તેને રક્ષા બાંધી, કુંકુમ અર્ચા, ફૂલ અને પેંડાથી એનું સ્વાગત કર્યું! પેલો જુવાન દાદાને પગે પડ્યો, અને રડી પડ્યો.' 'તારી કોઇ ભૂલ નથી બેટા! લેશ દુઃખી થઇશ મા! ઇન્દુ આજથી તારી બહેન જ છે...શિબિરમાં દરરોજ ભાગ લેવા જરૂર આવજે... એણે 'ભાઇબહેન' ને મારા દિલથી આશીર્વાદ છે.' એમ કહીને એણને પિતૃવત્સલ વાત્સલ્યથી ભેટ્યા અને પ્રેમથી પરિપ્લાવિત કરી દીધાં. ઇન્દુની ખરેખર તો છેડતી કરવા માટે તે જુવાન પાછળ પડેલો અને તેને પકડીને ઇન્દુ ભારે હિંમતથી લાવેલી. પાછળથી દાદા કહે, 'જુઓ, મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે...મનુષ્યને નીચે પાડવાને બદલે એને ઉદાત્ત ભાવના પ્રત્યે જ પ્રેરવો જોઇએ...Sublimation of instincts is a great remedy for attacks from opposite sex... અર્થાત્ વિજાતીય છેડતી-હુમલા માટે વૃત્તિઓનું ઉદાત્તીકરણ એ ભારે મોટો ઉપાય છે.' આ ઊર્ધ્વીભૂત થયેલા યુવાને એકાદ માસ સુધી શિબિરનો લાભ લીધો. અને તેણે ઇન્દુને પોતાની 'પ્રિય બહેન' જ બનાવી દીધેલી! છેડતી સામે દાદાનો આ છે અદ્‌ભુત કીમિયો!

પૂ. દાદા છેલ્લા વ્યાખ્યાન-પ્રવાસમાં મોડાસા આવેલા ત્યારે ફરતા ફરતા અમે Language Laboratory-ભાષા વિજ્ઞાનની પ્રયોગશાળામાં પહોંચ્યા. નિયામક બધું યે યંત્રસામગ્રીના ઉપયોગ સાથે સમજાવ્યું. પાછા ફરતાં દાદા કહે, 'આ મશીનરી દ્વારા ભાષાવિજ્ઞાન શીખવવાનો પ્રયોગ થાય છે, જેની પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થાય છે, એના શો લાભ થાય છે?' નિયામક કહે, 'છાત્રો શુદ્ધ રીતે ભાષા બોલતાં શીખશે!' અટકીને દાદાએ પૂછ્યું, 'છાત્રો શુદ્ધ રીતે ભાષા બોલતાં શીખશે, પણ એ ભાષા શીખનારે અને શીખવનાર શુદ્ધ ભાષાની સાથે સત્યમય ભાષા બોલશે ખરા?...ભાષા બોલવામાં શુદ્ધિની સાથોસાથ સચ્ચાઇ પણ આવશ્યક છે. શુદ્ધ ભાષાની સાથે સચ્ચાઇ નહિ આવે તો, વિદ્યા ભ્રષ્ટ થશે. એ સચ્ચાઇની લેબોરેટરી અહીંયાં કયાં ય છે ખરી?' એમની

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૧ નું)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૨